ॐ

स्वामी विवेकानंद

ग्रंथ पहेलो

भाग १, २, ३



४३५१
१०५

सस्तुं साहित्य वर्धक कार्यालय

स्वामी विवेकानंद

ગ્રંથ ૧ લો - ભાગ ૧ થી ૩

सस्तु साहित्य वर्धक कार्यालय
अमदावाद अने मुंबाई

* ओ३म् *

पुस्तक की संख्या.................. ८३ग / १०क

पुस्तकालय-पञ्जिका-संख्या.........

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

४३म
१०५

20682

LIBRARY

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

ॐ

स्वामी विवेकानंद

एमना सदुपदेश-ग्रंथ १ लो

भाग १-२-३

અનુવાદકો: ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કુર, કાંદાવાડી–મુંબઈ;
ભીમજી હરજીવન પરીખ, મુકામ સઢડા–કાઠિયાવાડ
તથા વસનજી દયાળજી ગણાત્રા—અમદાવાદ.

सस्तुं साहित्य वर्धक कार्यालय तरफथी
સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ–અખંડાનંદ
અમદાવાદ અને મુંબઈ નં. ૨

આવૃત્તિ બીજી, પ્રત ૪૧૦૦, સં. ૧૯૭૯, કુલ પ્રત ૯૧૦૦
મૂલ્ય મુંબઈ તથા અમદાવાદમાં રૂ. સવાબે
અન્ય સર્વ સ્થળે અઢી રૂપીયા

અમદાવાદમાં “ શ્રી સસ્તું સાહિત્ય મુદ્રણાલય ” માં
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત. ઈ. સ. ૧૯૨૩

आ संस्थामां मळता अन्य भागो

સ્વામી વિવેકાનંદના સદુપદેશ–ગ્રંથ પહેલો–ભાગ ૧–૨–૩; આજ પુસ્તક.

સ્વામી વિવેકાનંદના સદુપદેશ–ગ્રંથ બીજો–ભાગ ૪–૫; આ પુસ્તકનું કદ અને મૂલ્ય પહેલા ગ્રંથના જેવુંજ હોઇ એમાં આવેલા વિષયો:–વેદાન્તનું મહાન કાર્ય. મારા યુદ્ધની વ્યૂહરચના. ભરતખંડના મહાન પુરુષો. ભરતખંડનું ભવિષ્ય. હિંદુધર્મનાં સામાન્ય મૂળતત્ત્વો. સંન્યાસનો આદર્શ અને તેનું વ્યાવહારિક સ્વરૂપ. હું શું શીખ્યો છું ? વર્તમાન હિંદના મહાન્ પ્રશ્નનું નિરાકરણ. પવહારી બાબાનું વૃત્તાન્ત. કર્મ અને માનવ સ્વભાવનો સંબંધ. પરોપકાર કર્મબંધનને તોડી શકે છે. પરોપકાર પોતાના કલ્યાણ માટેજ કરવાનો છે. કર્મયોગનો આદર્શ. મનની શક્તિઓ.

સ્વામી વિવેકાનંદના સદુપદેશ–ભાગ ૬ તથા ૭. રોયલ ૧૬ પેજી પૃષ્ઠ ૪૨૦, મૂલ્ય રૂ. ૧). આમાં સ્વામીજીના અનેક ઓજસ્વી પત્રો ઉપરાન્ત તેઓનાં અનેક મનુષ્યો સાથેનાં સંભાષણો. મુલાકાતો તથા સંવાદોના રૂપમાં અનેક મહત્ત્વપૂર્ણ વિષયો સમાયલા છે. જેમકે:–બાળકમાં જન્મથી ખોડ કોના પાપથી આવે છે ? મૃત્યુ પછીની દશા. બાળલગ્ન નિષેધ. દુષ્કાળોનો ગહન સવાલ. સ્વાત્માર્પણ કરનારા કાર્યકર્તાઓ. દરેક જણ વિવેકાનંદ થઈ શકે. અખંડ બ્રહ્મચર્ય એજ બળની ચાવી. પૂર્વ જન્મોનું જ્ઞાન. ગુરૂકુલની પ્રાચીન પ્રથા. રાષ્ટ્રીય શિક્ષણની અગત્ય. સત્યકામની વાર્તા. ત્યાગીઓના હાથ તળેનું શિક્ષણ. પાઠ્ય પુસ્તકો કેવી રીતે તૈયાર કરવાં ? જાપાનની મહત્તાનું રહસ્ય. અધિકારીવાદના અનર્થો.

સ્વામી વિવેકાનંદના સદુપદેશ–ભાગ ૮ મો. રોયલ ૧૬ પેજી પૃષ્ઠ ૫૮૦, મૂલ્ય રૂ. ૨) આમાંના થોડા વિષયોનાં નામ:–પૂર્વ અને પશ્ચિમ. ભક્તિયોગ. ભક્તિ અને મૂર્તિપૂજા. વૈદિક ધર્મના આદર્શો. થિયોસોફી વિષે વિચારો. જડભરતની વાર્તા. પ્રહ્લાદની વાર્તા. જગતના મહાન આચાર્યો.

સ્વામીશ્રી વિવેકાનંદજીનું સંપૂર્ણ જીવનચરિત્ર–રોયલ ૧૬ પેજી પૃષ્ઠ ૭૪૦, મૂલ્ય ૨, પાકું પૂંઠુ રૂ. ૨ાા. અનેક ગ્રંથોને આધારે રચાયલા આ પુસ્તકમાં સ્વામીજીના જીવનની તમામ જાણવા જેવી બાબતો સમાઇ જાય છે. કેટલીક બાબતોનાં નામ:–કુલવૃત્તાન્ત. બાલ્યાવસ્થા અને વિદ્યાર્થી અવસ્થા. આવી પડેલી વિપત્તિઓ. જાગ્રત થએલી સત્યની જીજ્ઞાસા. શ્રીરામકૃષ્ણ પરમહંસ સાથે સમાગમ. સાધક દશા. નિર્વિકલ્પ સમાધિ. હિમાલયમાં અને દેશના જુદા જુદા ભાગોમાં પ્રવાસી સાધુ તરીકેનું જીવન. અમેરિકાનો પ્રવાસ અને મુશ્કેલીઓ. સર્વ ધર્મપરિષદ્‌ના સર્વોપરિ ધર્મવક્તા અને વેદાન્તના અદ્‌ભુત ઉપદેશક. પ્રો. ડ્યુસન અને પ્રો. મેક્સમુલરની મુલાકાતો. બેલૂર મઠ અને રામકૃષ્ણ મિશનની સ્થાપના. ભગિની નિવેદિતા વગેરે સાથેની ચર્ચાઓ. મરકી, દુષ્કાળ વગેરે પ્રસંગોમાં તેમની સેવાઓ. અનાથાશ્રમો, સેવાશ્રમો વગેરેની સ્થાપના. ફરીથી અમેરિકા જવું. બેલૂર મઠમાં જીવન. મહા સમાધિ. ઉપસંહાર.

જ્ઞાનયજ્ઞની યોજના અને ફંડ

ગુજરાતી ભાષામાં અત્યારે સારાં સારાં પુસ્તકો અનેક નીકળે છે અને લખી વાંચી જાણે એવાં માણસો પણ લાખો છે; પરંતુ તેઓમાં પૈસા ખર્ચીને તેનો લાભ લેવાની રુચી તથા શક્તિવાળા તો બહુજ થોડા હોઇને બાકીનો મોટો ભાગ તો તેનાથી બેનશીબજ રહે છે.

અક્ષરબોધરૂપી છતી આંખોએ અજ્ઞાનના અંધકારમાં અથડાઇ રહેલા એ અસંખ્યાત માનવબંધુઓના જીવનપંથને પ્રકાશવામાટે સદ્ગ્રંથરૂપી જ્ઞાનદીપકો કેટલા બધા ઉપકારક અને આવશ્યક છે; એ સમજાવવું પડે તેમ નથી.

એ અંધકારનાં કારણોમાં સદ્ગ્રંથોના અસ્તિત્વનું અથવા તેના સદુપયોગના ફાયદાઓનું તે વર્ગનું અજ્ઞાન, પૈસા ખર્ચવાની તેમની અરુચિ કે અશક્તિ, માત્ર સમાચારપત્રો કે વિલાસી વાર્તાઓમાંજ તેમનું પડયા રહેવું, વગેરે અનેક કારણો હશે; પરંતુ જેમ ઘરમાંનાં મોટાં માણસો બાળકોને બોલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, લખતાં, વાંચતાં વગેરે શિખવવાની અને સર્વ આવશ્યક વસ્તુઓ પૂરી પાડવાની પોતાની ફરજ સમજે છે; તેમ દેશરૂપી કુટુંબમાંના બાળવર્ગ સમાન એ અતિ વિશાળ માનવસમાજ પ્રત્યે પણ તેમના વડીલ બંધુઓ તરીકે સમજુ સજ્જનોને માથે આ બાબતમાં જે અતિ અગત્યની ફરજ રહેલી છે; અને તે ફરજ તેઓ રૂડે પ્રકારે નથી બજાવતા; એ કારણ સર્વથી મોટું છે. માટે સામાન્ય જનસમૂહમાં ચડતા વર્ગવાળાઓએ વખતો વખત નાનાંમોટાં જ્ઞાનચારિત્ર્યવર્ધક ચોપડીચોપાનીઆં મોટી સંખ્યામાં ફેલાવતા રહી પોતાની પેઠે તેમને પણ ઉત્તમ જ્ઞાનનું આસ્વાદન મળે અને તેમનો જીવનમાર્ગ સરલ તથા સુખાવહ બને તેમ કરવું એ તેમની ખાસ ફરજ છે.

તેમના વડીલ બંધુઓ તરીકેજ નહિ, પણ તેમની મહેનતનો અનેક પ્રકારે લાભ ઉઠાવનારાઓ તરીકેની પણ ફરજ બજાવવામાટે; પરમ કૃપાળુ પરમાત્માપ્રત્યે કાંઇ પણ સક્રિય કૃતજ્ઞતા દર્શાવવા માટે; તથા તેની અધિક કૃપા મેળવી અધિકાધિક સુખસંપત્તિ અથવા મોક્ષપદ પ્રાપ્ત કરવામાટે પણ સમજુઓએ તે બહુસંખ્યક માનવબંધુઓમાં જ્ઞાનચારિત્ર્યનો પ્રચાર ખૂબ છૂટથી થાય તેમ કરવું જોઇએ.

આ પ્રકારનું કાર્ય એક સ્વતંત્ર યોજનાના રૂપમાં ઉપાડી લઇ તેની પાછળ સર્વભાવે મંડી પડનાર કોઇ એક નિઃસ્વાર્થી, ચારિત્ર્યવાન્ અને વ્યવહારકુશળ વ્યક્તિ ગુજરાતને માટે નીકળી આવે તો તે બહુજ અગત્યની લોકસેવા બજાવી શકે. ધર્મ, નીતિ, આરોગ્ય, ઘરગથુ ઉપાયો, સ્વચ્છતા, ગૃહવ્યવસ્થા, બાળઉછેર, માંદાંની માવજત, પરોપકાર, સારા રીતરિવાજ, ખરાબ રૂઢિબંધન, જનસેવાના દરેકથી બની શકે તેવા સાદા સીધા પ્રકારો, વગેરે અનેક બાબતોને લગતા નાના નાના અને અસરકારક નિબંધો તથા વાર્તાઓ આવા કામને માટે વખતો વખત યોજી શકાય; અને ગુજરાતી ઉપરાંત હિન્દી તથા મરાઠી ભાષામાં પણ વખતોવખત આવાં ચોપડીચોપાનીઆં મેળાઓ-

દ્વારા, ગામડાંઓમાં લોકસેવાનાં કામો બજાવનારાઓદ્વારા, તેમજ ગ્રંથમાળાઓ અને માસિકપત્રો વગેરેના સંસ્કારી વાચકવર્ગદ્વારા ઘણા મોટા પ્રમાણમાં ફેલાવી શકાય.

ખ્રિસ્તી લોકો ભારતવાસીઓને પોતાની જાળમાં વિશેષ સપડાવવા સારૂ અનેક પ્રકારનાં પુસ્તકપુસ્તિકાઓ ફેલાવવા પાછળ તનમનથી અથાક્ શ્રમ લેવાની સાથે ધનથી પણ લાખો કરોડોનો ખર્ચ કર્યા કરે છે; તો પછી આપણા પોતાનાજ દેશના અને પોતાનાજ ધર્મના લોકોની આવા પ્રકારની સેવાઓ તરફ આપણાજ દેશના અને આપણાજ ધર્મના સમજુ સજ્જનોએ લક્ષ આપવાની કેટલી બધી જરૂર છે?

જ્યાંસુધી આવાં કામો એવા સ્થાયી અને મોટા પાયા ઉપર ઉપાડીને પાર પાડનારા નીકળી આવે નહિ; ત્યાંસુધી એ દિશામાં પણ થોડુંઘણું થાય તે કરવાના હેતુથી આ સંસ્થા તરફથી આ "જ્ઞાનયજ્ઞ"ની યોજના અને ફંડ ચાલુ કરવામાં આવ્યાં છે.

આ જ્ઞાનયજ્ઞની પ્રથમ આહુતિ તરીકે શ્રીમદ્ ભગવદ્‌ગીતાના સારાંશરૂપ ૧૮ મા અધ્યાયની એટલે કે "એકાધ્યાયી ગીતા" ની સવાલક્ષ પ્રત છપાવીને ૧૯૭૯ના ચાતુર્માસમાં તેનો ઉપયોગ કરી શકે એવાઓમાં કાળજીપૂર્વક ફેલાવવામાં આવી છે.

દરેક વર્ષના ચાતુર્માસમાં તેમજ અનુકૂળતા આવે ત્યારે ત્યારે આ "એકાધ્યાયી ગીતા" બીજાં વધારે માણસોમાં તથા બીજી ભાષાઓમાં ફેલાવી શકાય; તથા બીજાં પણ જુદી જુદી ઉપયોગી બાબતોને લગતાં નાનાં નાનાં ચોપડીચોપાનીઆં વખતો વખત મોટી સંખ્યામાં ફેલાવી શકાય; તેટલા સારૂ આ જ્ઞાનયજ્ઞ ફંડ સદાને માટે ખુલ્લું રાખ્યું છે.

આ ફંડમાં કમમાં કમ ચાર આના સુધીની રકમ લેવાશે અને વખતો વખત જે રકમ ભેગી થશે, તેમાંથી જ્ઞાનચારિત્ર્યને વધારનારાં લોકોપયોગી ચોપડીચોપાનીઆં તે તે વર્ષના ચાતુર્માસમાં અથવા અન્ય અનુકૂળ સમયે ફેલાવાતાં રહેશે.

આ ખાતે મોકલાતી દરેક રકમ સાથે "જ્ઞાનયજ્ઞફંડમાટે" એટલું અવશ્ય જણાવવું. મ. ઓ. દ્વારા મોકલનારને તો ટપાલ રસ્તે તેની પાવતી મળે છેજ. કાર્યાલયમાં વ્યવસ્થાપકને રૂબરૂ આપનારને રૂબરૂમાંજ પાવતી મળશે.

એ ઉપરાન્ત આ કોષના વહિવટનો હિસાબ વિવિધ ગ્રંથમાળાદ્વારા નીકળશે; તેમાં પણ મદદની દરેક રકમ તે આપનારના નામ સાથે છપાશે.

આ કોષમાં આર્થિક સહાય આપનારા જે સજ્જનો, આ યોજનાદ્વારા નીકળતાં ચોપડીચોપાનીઆં ફેલાવવાનું કાર્ય પણ બજાવવાની રુચિ જણાવશે; તેઓની તેવી સહાય પણ ધન્યવાદની સાથે લેવાશે; અને કમમાં કમ તેમણે આપેલી રકમમાંથી તૈયાર થઇ શકે એટલી પુસ્તિકાઓ તો તેમને અવશ્યજ મોકલી અપાશે.

આશા છે કે જ્ઞાનપ્રચારનો મહિમા સમજનારા સજ્જનો આ શુભ કાર્યમાં વખતોવખત ઉપયોગી થવાની અને શુભાશુભ પ્રસંગે આ ફંડને યાદ કરવાની ફરજ સમજશે.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય–અમદાવાદ અને મુંબઈ.

बीजी आवृत्तिविषे प्रकाशकना बे बोल

સ્વામી વિવેકાનંદના સદુપદેશના નવ ભાગ અત્યારસુધીમાં વિવિધ ગ્રંથમાળા-દ્વારા બહાર પડી ચૂકયા છે. એમાંના ૧ થી ૫ સુધીના ભાગો કેટલીક મુદતથી મળતા નહતા. આ ભાગોની ચાલુ માગણીને લઇને તેની બીજી આવૃત્તિ બે મોટાં પુસ્તકોના આકારમાં બહાર પાડવાની ગોઠવણ કરવામાં આવી છે; તેમાંનું આ પહેલું પુસ્તક છે. બીજો ગ્રંથ પણ બને તેમ તરતમાંજ બહાર પડશે.

આ આવૃત્તિમાં કાગળો ગ્લેજ કરતાં પણ મજબૂત, મોંઘા અને છપાવવા તથા બંધાવવામાં પણ મુશ્કેલ પડે એવા (એન્ટીક જાતના)વપરાયા છે. આ કાગળો ઘુંટયા વગરનાજ આવતા હોવાથી કેટલાકો તેને રફ કાગળ (કે જે આના કરતાં અરધો અરધ સસ્તા હોય છે) ધારી લે છે; એ તેમની ભૂલજ છે.ભાદ્રપદ સુદ ૧૫–૧૯૭૯

आ आवृत्तिना मूल्यादिनी गणना

૧૭૬૦	ફરમા ૩૬। અને પ્રત ૪૧૦૦ માટે કાગળ (૪૮૦ ના બાંધાના) રીમ ૧૬૦
૧૭૭૬।	છપાઇ, કંપોઝ, વળાઇ, સંશોધન, પ્રૂફ, વીમો તથા બીજી વ્યવસ્થા મળીને દર ફરમે રૂ. ૪૯ પ્રમાણે.
૧૭૫૦	પૂઠાં, કવર, છબી તથા સામાન્ય પેકીંગ ખર્ચ મળીને.
૫૨૮૬।	કુલ.

આ પુસ્તકનું મૂલ્ય રૂા. સવાએ ગણીને તેમાંથી સંસ્થાના ચાલુ ધોરણ મુજબ પુસ્તક વેચાઇ રહેતાં સુધીના તમામ ખર્ચ (પગાર, ભાડાં, જાહેરાત, કમીશન, વીમો, વગેરે) બદલ દર રૂપીએ છ આના કપાત કરતાં જે રકમ રહે; તેને (બીગાડ ભેટ તથા સ્થાયી ફંડખાતાની મળીને પ્રત ૩૦૦ બાદ થતાં) ચોકખી પ્રત ૩૮૦૦ સાથે ગુણવાથી ઉપલા કુલ આંકડાને મળતી રકમ થવા જશે.

તત્કાળમાં લેનારમાટે ખર્ચ ઓછો ગણવાના ધોરણને લઇને અમુક સમય સુધી દર પ્રતે ચાર આના ઓછા લેવાશે.

आ संस्थानां पुस्तको मळवानां ठेकाणां

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { કા. દેવી, હાથીબિલ્ડીંગ મુંબઇ.
સેશનકોર્ટ પાસે–અમદાવાદ.

સુરત–પ્રભુશંકર નરભેરામ વ્યાસ.
,, નવયુગ કાર્યાલય.
ભરૂચ–બુ. દેશાઇ બ્રધર્સ. કતોપોર.
વડોદરા–બુ. મોહનલાલ મનસુખરામ.
ડાકોર–બુ. જેઠાલાલ મનસુખરામ.
નડીઆદ–ચુનીલાલ બોઘાભાઇ.
ભાવનગર–બુ. અબદુલહુસેન આદમજી.
રાજકોટ–બુ. બહેચર મેઘજી. પરાબજાર.
અમરેલી–કાઠીઆવાડ ખાદી કાર્યાલય.
કરાંચી–કરાંચી બુકસ્ટોલ.

શુદ્ધિપત્ર.

પુસ્તકમાં જ્યાં ભૌતિકનું ભાતિક, સર્વનું સવ, અર્થનું અથ, યથાર્થનું યથાય, તેતું ત, ગૌણનું ગાણુ, લૌકિકનું લાકિક, વગેરે કાનો માત્ર છાપતાં ઉડીજવાની ભુલો જણાય તે તો વાંચનારે પોતેજ સ્વબુદ્ધિથી સુધારી લેવાની છે. અન્ય ભુલો નીચે આપી છે.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૩	૨૯	એજ	એમ
૫૬	૧૦	જેમં	જેમ
૬૪	૨૮	ધર્મનો	ધર્મનો નાશ
૭૧	૨૪	ભ તિકશાસ્ત્રે	એમ ભૌતિકશાસ્ત્રે
૭૨	૮	આત્માસ	આત્મામાં
૭૬	૧૫	આપ્રય	અપ્રિય
૮૧	૧૭	મત્ત્વ માં	મહત્વમાં
૮૪	૨૨	શરાર	શરીર
૮૪	૨૯	વિસજમાન	વિરાજમાન
૧૧૨	૯	ઈંદ્રેય	ઈંદ્રિય
૧૨૭	૧૦	ઉપાંધિ	ઉપાધિ
૧૨૮	૧૮	મતભેદ	મતભેદને
૧૨૮	૨૧	જ એને	એને
૧૩૨	૨૬	અમૂત	અમૂર્ત
૧૩૪	૨૪	ઉપયુક્ત	ઉપર્યુક્ત
૧૪૫	૩૦	સંપ્રદાયે	સંપ્રદાયો
૧૪૫	૩૦	।અને	અને
૧૫૮	૨૪	બહુવા થવું	બહુવા
૧૫૯	૨૬	અલકૃત	અલંકૃત
૧૬૬	૧૯	પ્રશ્નાકર	પ્રશ્નકાર
૧૭૧	૫	રીતે	રીતે મારે
૧૮૩	૨૧	અચૂક	અમૂક
૧૮૭	૨૭	તેમયજ	તે મયજ
૧૮૯.	૧૯	જર	જરા

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૯૨	૨	એમ	એ
૧૯૬	૧૯	એલાઇસ	"એલાઇસ
૧૯૯	૨૪	રૂદન	રૂઠન
૨૨૨	૩૩	યા	જગ્યા
૨૩૬	૨૨	છે છે	છે
૨૩૬	૨૭	ભીષ્યકાર	ભાષ્યકાર
૨૪૯	૩૦	શારરચ્ચંદ્ર	શારચ્ચંદ્ર
૨૬૧	૨૬	"જય કે	કે "જય
૨૭૭	૧૮	બોલ્ય	બોલ્યા
૨૭૯	૧૭	ભત	ભૂત
૨૯૩	૨૧	નિશ્ચત	નિશ્ચય
૩૦૧	૩૨	તેં	તે
૩૨૫	૨૭	ત્રિગુણાતીને	ત્રિગુણાતીતે
૩૩૬	૫	વિષેજ	તે વિષેજ
૩૩૮	૨૦	સ્થાપાશે	સ્થપાશે
૩૪૧	૨	તેને	તને
૩૪૧	૧૧	યાય	થાય
૩૫૩	૧૯	વકાર	વિકાર
૩૬૧	૯	કેત,	કેમ,
૩૭૨	૨૪	છુટકા	છૂટકો
૩૭૨	૨૬	શક	શકે
૪૦૪	૨૪	જીવનનો	જીવનને
૪૬૪	૧૬	અસપાસ	આસપાસ
૪૭૮	૧૧	આકાશમાં	આકાશમાંથી
૪૭૮	૧૩	ચિતન	ચિંતન
૪૯૮	૨૪	નિમાયક	નિયામક
૫૧૧	૧૧	ગારવ	ગૌરવ
૫૪૨	૩૨	अमेध्यादपि	अमेध्यात्
૫૫૧	૯	આધકારનો	અધિકારનો

अनुक्रमणिका.

વિષય. ... પૃષ્ઠાંક.
૧ ધર્મ એટલે શું ? ... ૩૩
૨ વેદાન્તમતનું સામાન્ય નિરીક્ષણ ... ૫૪
૩ વિવેકબુદ્ધિ અને ધર્મ ... ૬૩
૪ વેદાન્ત અને સુધારો ... ૮૬
૫ વેદાન્તમતની પ્રતિભા અને સુપરિણામ ... ૯૨
૬ આર્યતત્ત્વજ્ઞાનનાં પગથીયાં ... ૯૮
૭ અનુભવનો માર્ગ ... ૧૧૨
૮ અમેરિકામાં સર્વધર્મોની પરિષદ્‌માં અપાયેલાં વ્યાખ્યાનો ... ૧૨૮
૯ મુક્ત આત્મા ... ૧૭૪
૧૦ એકજ બ્રહ્મ અનેકરૂપે દેખાય છે ... ૧૯૧
પૂર્વના પ્રદેશોમાં પ્રથમ વ્યાખ્યાન. ... ૪૭૧
વેદાન્તવાદ. ... ૪૯૫
ભારતમાં પદાર્પણ.... ૫૧૯
પામ્બાનના માનપત્રનો પ્રત્યુત્તર. ... ૫૨૧
ભક્તિનું ખરૂં સ્વરૂપ ... ૫૨૬
સ્વામીજીનો સ્મરણસ્તંભ. ... ૫૨૯
રામનાદનું માનપત્ર અને તેનો ઉત્તર. ... ૫૩૧
પરમકુડિનું માનપત્ર. ... ૫૪૭
પરમકુડિના માનપત્રનો પ્રત્યુત્તર. ... ૫૪૮
શિવગંગા અને મનમાદુરાના માનપત્રનો ઉત્તર. ... ૫૫૮
મદુરાનું માનપત્ર. ... ૫૬૩
મદુરાના માનપત્રનો પ્રત્યુત્તર. ... ૫૬૫
કુંભકોણમને માર્ગે–ત્રિચિનાપલ્લી અને તાંજોર. ... ૫૭૩
કુંભકોણમનું માનપત્ર. ... ૫૭૪

शिष्यो इत्यादि साथे प्रश्नोत्तरनी अनुक्रमणिका.

પ્રસંગ ૧ લો—(પૃષ્ઠ ૨૦૪ થી ૨૧૦) સ્વામીજી સાથે શિષ્યનો પ્રથમ પરિચય. નાગ મહાશયની સ્તુતિ. " મીરર " પત્રના સંપાદક શ્રી નરેંદ્રનાથ સેન સાથે વાર્તાલાપ. ઈંગ્લાંડ તથા અમેરિકાની સરખામણી. યૂરોપમાં ધર્મપ્રચાર કરવાનું ભાવી ફળ. રાજનીતિની ચર્ચા કરતાં ધર્મચર્ચાથી ભારતનું ભાવી કલ્યાણ.

ગોરક્ષાના ઉપદેશક સાથે વાર્તાલાપ. પ્રથમ મનુષ્યોને બચાવો. સ્વામીજીનો મનુષ્યપ્રેમ.

પ્રસંગ ૨ જો—(પૃષ્ઠ ૨૧૦ થી ૨૧૭) ચેતનનું લક્ષણ–જીવનસંગ્રામમાં વિજય મેળવવો. ભારતની જડતાનું કારણ–આત્માપ્રતિ અવિશ્વાસ. તમારા પોતાનામાં અનંત સામર્થ્ય છે. ખોટી આશંકાઓ ત્યજી દ્યો. ધર્મનો અનુભવ કરો. તીવ્ર વ્યાકુળતા એજ ધર્મપ્રાપ્તિનો ઉપાય. વર્તમાનકાળે ગીતામાં કહેલા ધર્મની આવશ્યક્તા–મહાભારતના કૃષ્ણની પૂજા. રજોગુણ ઉદ્દીપન કરવાની જરૂર.

પ્રસંગ ૩ જો—(પૃષ્ઠ ૨૧૭ થી ૨૨૨) સ્વામીજીની નિર્મળ યોગદષ્ટિ. સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ–સ્વામીજીની ભૂલ. સ્વામીજી પ્રત્યે તેમના ગુરુભાઈઓની ભક્તિ. સુધારો કોને કહેવાય ? ભારતની પ્રાચીન સભ્યતાની એક વિશેષતા. ભાવસમાધિ અને નિર્વિકલ્પસમાધિ. બ્રહ્મજ્ઞ પુરુષોજ ગુરુપદને યોગ્ય છે. કુલગુરુના રીવાજથી હાનિ.

પ્રસંગ ૪ થો—(પૃષ્ઠ ૨૨૨ થી ૨૨૫) ગુરુપ્રતિમાની પ્રતિષ્ઠા. સ્વામીજીનું નિરભિમાનપણું. હાજર જવાબ.

પ્રસંગ ૫ મો—(પૃષ્ઠ ૨૨૫ થી ૨૩૧) ગુરુદેવનો જન્મોત્સવ. મહાકવિ ગિરીશબાબુની સ્વામીજી પ્રત્યે દૃઢ શ્રદ્ધા. ધાર્મિક ઉત્સવોની આવશ્યક્તા. ધર્મપ્રચારનો ઉદ્દેશ–કોઈપણ પ્રકારનો સંપ્રદાય નહિ જોઈએ.

પ્રસંગ ૬ ઠ્ઠો—(પૃષ્ઠ ૨૩૧ થી ૨૩૭) શિષ્યનો દીક્ષાપ્રસંગ. દીક્ષા દેવી એટલે બલિદાન દેવું. દીક્ષાપૂર્વેનો ઉપદેશ. ગુરુ કેવા હોવા જોઈએ ? જનોઈની ઉત્પત્તિ. પાપ–પુણ્યનો પ્રાદુર્ભાવ કેવી રીતે થયો ? આત્મપ્રકાશમાટે અહંભાવના. ત્યાગની આવશ્યકતા–યથાર્થ “ હું પણું ”.

પ્રસંગ ૭ મો—(પૃષ્ઠ ૨૩૭ થી ૨૪૩) મહાકાલી કન્યાશાળાની મુલાકાત–સ્ત્રીકેળવણીવિષે ચર્ચા. સ્ત્રીકેળવણીની પદ્ધતિવિષે પોતાના આંતરિક વિચારો. બાળલગ્નથી હાનિ. સ્ત્રીકેળવણીની રૂપરેખા.

પ્રસંગ ૮ મો—(પૃષ્ઠ ૨૪૩ થી ૨૪૭) શિષ્યના હાથની રસોઈ જમવાની સ્વામીજીની ઇચ્છા. સારૂં રાંધી શકે તેજ સાચો સાધુ બની શકે. શિષ્યોની વક્તૃત્વશક્તિ કેળવવાનો પ્રયત્ન. ધ્યાનનું સ્વરૂપ. બહિરાવલંબનવિષે ચર્ચા. યોગાભ્યાસમાં ભયના પ્રસંગો એ માત્ર કલ્પનાજ છે.

પ્રસંગ ૯ મો—(પૃષ્ઠ ૨૪૮ થી ૨૫૭) સંઘશકિત એજ મહાશકિત. શ્રી રામકૃષ્ણ મિશનની સ્થાપના. ગુરૂદેવનું યથાર્થ સ્વરૂપ. ગુરુદેવની સહાયતાઓ. સ્વામીજીમાટેનો ગુરુદેવનો અભિપ્રાય. ગુરુકૃપાનું સ્વરૂપ. નૂતન સંપ્રદાય થવાનો ભય.

પ્રસંગ ૧૦ મો—(પૃષ્ઠ ૨૫૭ થી ૨૬૫) સાયણાચાર્યના ભાષ્યનું વાચન. મેક્ષમુલર એ સાયણાચાર્યનોજ અવતાર છે. સાયણાચાર્ય મ્લેચ્છ પ્રદેશમાં કેમ જન્મે ? વેદ અનાદિ કેવી રીતે ? નાદમાંથી શબ્દ અને શબ્દમાંથી સ્થૂલ જગતની ઉત્પત્તિ કેવી રીતે સંભવે ? સંકલ્પસિદ્ધ ઋષિઓનું સામર્થ્ય. સમાધિભૂમિકાની

શ્રેણી. અવતારી પુરુષોનો અનુભવ. સ્વામીજીની સહૃદયતા–કરુણાની અશ્રુધાર. જ્ઞાન અને પ્રેમનો અવિચ્છેદ્ય સંબંધ. ગુરુભક્તિથી સત્યસિદ્ધાંતની પ્રાપ્તિ સહજ છે. બુદ્ધિપૂર્વકની શ્રદ્ધાજ શ્રેયસ્કર છે. સેવાશ્રમ સ્થાપવાની ભલામણ. સેવાધર્મની ઉત્તમતા–સેવા અર્થે એક હજારવાર જન્મવા તૈયાર છું.

પ્રસંગ ૧૧ મો—(પૃષ્ઠ ૨૬૫ થી ૨૭૪) શિષ્યોને દીક્ષા અને સંન્યાસધર્મનો ઉપદેશ. દીક્ષાવિધિ. સંન્યાસવ્રતની કઠોરતા જોઇ શિષ્યનું ગભરાવું–સ્વામીજીનો બોધ. ભોગ અને યોગ સાથે બનેજ નહિ. બ્રહ્મજ્ઞાન પાસે ઋદ્ધિ–સિદ્ધિ નિર્જીવ છે. ચાર પ્રકારના સંન્યાસ. બુદ્ધદેવની હિંદુધર્મ ઉપર જ્વલંત અસર. બુદ્ધદેવ પહેલાં હિંદની ધાર્મિક સ્થિતિ. સંન્યાસીઓ દેશને ભારરૂપ છે–તે સામે સ્વામીજીનો વિરોધ. દેશની શક્તિ તથા જાગ્રતિ સંન્યાસીઓનેજ આભારી છે. સંન્યાસાશ્રમની ઉપયોગિતા. સંન્યાસાશ્રમનો મહિમા. સંન્યાસીઓનાં કર્તવ્ય.

પ્રસંગ ૧૨ મો—(પૃષ્ઠ ૨૭૪ થી ૨૮૦) ગુરુગોવિંદવિષે ચર્ચા. ગુરુગોવિંદના વખતમાં સંજોગો કેવા હતા ? હિંદુ–મુસલમાનમાં તે કાળે ઐક્ય થવાનું કારણ. ઋદ્ધિ–સિદ્ધિવિષે વાર્તાલાપ. સ્વામીજીનો અંગત અનુભવ. સિદ્ધિઓ ધર્મના માર્ગમાં અંતરાયરૂપ છે. પિશાચસિદ્ધ બાવાનો અનુભવ. મનુષ્ય ભૂતના વિચારથી ભૂત અને બ્રહ્મની ભાવનાથી બ્રહ્મરૂપ બને છે.

પ્રસંગ ૧૩ મો—(પૃષ્ઠ ૨૮૦ થી ૨૮૭) શ્રી રામકૃષ્ણદેવની જન્મતિથિ–ઉત્સવ. જનોઇ પહેરવાનો કોને અધિકાર છે ? બંધુભાવ સ્થાપવાની જરૂર. સ્વામીજી મહાદેવના રૂપમાં. સ્વામીજી ભજનની ધૂનમાં. ભૈરવના અવતારરૂપ ગિરીશબાબુ. તપસ્યાનો વ્યાપકભાવ. પરહિત તે પોતાનુંજ હિત છે. સર્વ ભૂતમાં આત્મબુદ્ધિ એજ આત્મદર્શન. કર્મયોગથી જીવન્મુક્તિ થવાનો સંભવ.

પ્રસંગ ૧૪ મો—(પૃષ્ઠ ૨૮૮ થી ૨૯૫) ગુરુદેવની પ્રતિષ્ઠા. શ્રી રામકૃષ્ણ પરમહંસનો સ્વામીજી પ્રત્યે પ્રેમ–“ તું ત્યાં હું. ” મત–મતાંતરો અને પક્ષો બંધાવાનું કારણ. મઠની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ. સાંપ્રદાયિક સીમાઓ દૂર કરવી. મઠસંબંધી સ્વામીજીની ઉદાર ભાવના. સિદ્ધાંતો નહિ જોઇએ. વ્યવહારના ક્ષેત્રમાં કામ કરો. શંકરાચાર્યપ્રસંગ–શ્રી શંકરાચાર્યની અનુદારતા. બુદ્ધદેવમાં ધર્મઘેલછા હતી ? બુદ્ધધર્મની દુર્દશાનું કારણ–હદ કરતાં વધારે દર્શનચર્ચા. તીર્થમાહાત્મ્ય. રૂપકના આધ્યાત્મિક અર્થો. મૂર્ખના અને બુદ્ધિમાનના પૃથક્ પૃથક્ ધર્મો. ઈશ્વરોપાસના.

પ્રસંગ ૧૫ મો—(પૃષ્ઠ ૨૯૫ થી ૩૦૨) સ્વામીજીનો બાલ્યાવસ્થાનો તથા યુવાવસ્થાનો થોડો અહેવાલ. યુવાવસ્થામાં એક દિવ્યદર્શન. શુદ્ધ હૃદય અનેક દિવ્યદર્શનો કરી શકે છે. અમેરિકાની વિજય કથા. સૂક્ષ્મ મનનું સામર્થ્ય. ભાષણો માટે વિષય પસંદ કરવાની મુંઝવણ. અમેરિકાની પ્રજાના ગુણાવગુણ. ક્રીશ્ચીયન પાદરીઓનો ઉપદ્રવ. દૈવવાદ મૃત્યુનીજ નિશાની છે. નાગમહાશય સંબંધે વાર્તાલાપ.

પ્રસંગ ૧૬ મો—(પૃષ્ઠ ૩૦૨ થી ૩૦૬) કાશ્મીરમાંના અમરનાથનાં દર્શનની અસર. ભવાનીના મંદિરમાં દેવવાણી. સ્વામીજીનો સંકલ્પ. ત્યાગ કરવાનો ઠરાવ. પ્રેતયોનિનું અસ્તિત્વ. પ્રેતદર્શનની વાસના દૂર કરો. એક પ્રેતાત્માનો ઉદ્ધાર.

પ્રસંગ ૧૭ મો—(પૃષ્ઠ ૩૦૬ થી ૩૧૨) સ્વામીજીની સંસ્કૃત રચના. વર્તમાન ભાષાનો એક દોષ–બહુ ક્રિયાપદોથી જણાતી નિર્બળતા. ભાવનાઓને કેળવો. શાસ્ત્રીય જ્ઞાનપ્રત્યે સ્વામીજીની લાગણી–એક અનુભવ. અદ્ભુત જેવી કોઈ વસ્તુ નથી–લોકોનું અજ્ઞાન દૂરો.

પ્રસંગ ૧૮ મો—(પૃષ્ઠ ૩૧૩ થી ૩૧૮) ધ્યાનકાળનો અનુભવ. નિર્વિકલ્પ સમાધિમાંથી અવતારી મહાપુરુષોનું પુનઃ સંસારમાં આવવું. સૃષ્ટિની ઉત્પત્તિ તથા પ્રલય. અવતારી પુરુષોની સમાધિ તથા વ્યુત્થાન. “ મન ” વિષે સ્પષ્ટીકરણ.

પ્રસંગ ૧૯ મો—(પૃષ્ઠ ૩૧૮ થી ૩૨૫) સ્વતંત્ર વ્યાપાર કરવાનો ઉપદેશ. આત્મશ્રદ્ધાજ ક્યાં છે ? નોકરીથી હાનિ. અમેરિકામાં જઈ ધંધો શું કરવો ? ઈંગ્લાંડમાં નોકરી કરનારાઓને છેલ્લું સ્થાન મળે છે. નીચ ગણાતો વર્ગજ દેશના આધારરૂપ છે. એક સમયે હકની લડાઈ જાગશે. આપણા દેશબંધુઓ પ્રત્યેની ફરજ. તમારી સભ્યતા નીચ ગણાતી કોમને આભારી છે.

પ્રસંગ ૨૦ મો—(પૃષ્ઠ ૩૨૫ થી ૩૩૦) વર્તમાનપત્ર કહાડવાની હીલચાલ. ઉદ્બોધન પત્રનો ઉદ્દેશ. ઉદ્બોધનની લેખનશૈલી. ધર્મ પ્રચાર અર્થે સહનશીલ બનવું જોઈએ. નિષેધાત્મક ઉપદેશોનું પરિણામ. શરીરબળ પ્રાપ્ત કરો.

પ્રસંગ ૨૧ મો—(પૃષ્ઠ ૩૩૧ થી ૩૩૭) ડારવીનના સિદ્ધાંતવિષે ચર્ચા. ડારવીનનો સિદ્ધાંત નિર્ણયાત્મક નથી. “ ઇવોલ્યુશન ” સંબંધે સ્વામીજીના વિચારો. મનની સાથે સંગ્રામ કરી શકે તેજ મનુષ્ય. શરીર મજબૂત ન હોય તો મનની સાથે, સંગ્રામ કોણ કરે ? “ બળહીન ”નો અર્થ.

પ્રસંગ ૨૨ મો—(પૃષ્ઠ ૩૩૭ થી ૩૪૬) બેલુડમઠને અદ્વિતીય ધર્મક્ષેત્ર બનાવવાની ભાવના. બ્રહ્મચારીઓને કેવું શિક્ષણ આપવું ? બ્રહ્મચારીઓ દીન અને દુઃખીઓની સેવા કરશે. અન્નદાનની ઉપયોગિતા. પરાર્થે કર્મો કરવાં એજ કર્મબંધન ટાળવાનો ઉપાય છે. સેવાશ્રમોની વ્યવસ્થા કેવી રીતે થવી જોઈએ ? મઠને મતભેદોનું નિર્ણાયક ક્ષેત્ર બનાવવાની ભાવના. આત્માના અનુભવમાં નિરંતર તલ્લીન રહેવું તે પણ એક સ્વાર્થજ છે. વસ્તુતઃ અજ્ઞાન છેજ ક્યાં ?

પ્રસંગ ૨૩ મો—(પૃષ્ઠ ૩૪૬ થી ૩૫૧) ભારતવર્ષમાં ભાષણો નહિ આપવાનું કારણ. કૂર્માવતારની પૂજા–કૂર્મ એટલે પેટ. જોઈએ છીએ–થોડા આત્મભોગી યુવકો. દેશજનોને જાગ્રત કરો–કર્તવ્યપરાયણ બનાવો. શક્તિ ખીલવવાનો રાજમાર્ગ. દરિદ્રવેશધારી નારાયણની સેવા કરો. પરાર્થે પ્રયત્ન કરતે કરતેજ

બહાદૂરીથી મરતાં શીખો. મારા જેવા સેંકડો વિવેકાનંદો ક્યારે જન્મશે ?

પ્રસંગ ૨૪ મો—(પૃષ્ઠ ૩૫૧ થી ૩૫૬) સૃષ્ટિનાં વૈચિત્ર્યોનું કારણ. વૈચિત્ર્યના લોપનો અનુભવ. સર્વ કોઇ એક વખત બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકશે. તીવ્ર વ્યાકુળતા પ્રકટશે એટલે સાંસારિક ઉપાધિઓ ટળીજ સમજો. વૈરાગ્યરહિત શાસ્ત્રોને એક બાજુએ રહેવા દે. લોકખ્યાતિથી ડરતા રહેવું.

પ્રસંગ ૨૫ મો—(પૃષ્ઠ ૩૫૭ થી ૩૬૨) શુદ્ધજ્ઞાન અને શુદ્ધભક્તિમાં કાંઇજ ભેદ નથી. પ્રેમ અને પરમજ્ઞાન એકજ છે. અજ્ઞાનીઓજ કલેશ-કંકાસ કરે છે. સત્યોનો પુનરુદ્ધાર કરો. શ્રીકૃષ્ણ અને શ્રીરામચંદ્ર વગેરે મહાવીરોની પૂજાનો પ્રચાર કરો. આ કાળે વૃંદાવનલીલાનું રહસ્ય ઉપયોગી નથી. અવતારી પુરુષોનો પ્રવાહ સતત વહ્યાજ કરે છે.

પ્રસંગ ૨૬ મો—(પૃષ્ઠ ૩૬૨ થી ૩૬૫) કામ-કાંચનાસક્ત ગૃહસ્થોનો ધર્મ. સંન્યાસી અને ગૃહસ્થ વચ્ચે ભેદ. ભોગોપભોગોથી મનની મલિનતામાં વૃદ્ધિ થાય છે. શિથિલાચારી સંન્યાસી પણ ત્યાગમાર્ગ ઉપર છેજ. ઈશ્વરના કૃપાપાત્ર કેમ બનાય ? પૂર્વકાળે મહાપાપીઓ પણ પ્રભુદર્શન પામતા, એ કેમ સંભવે ? ઈશ્વરકૃપામાટે કોઇ નિયમ હશે કે નહિ ?

પ્રસંગ ૨૭ મો—(પૃષ્ઠ ૩૬૬ થી ૩૭૦) વર્તમાન દુર્દશાસંબંધી ચર્ચા. બ્રાહ્મણોના તિરસ્કારનું ફળ. શાસ્ત્રીય સંસ્કારોજ ક્યાં છે ? અત્યારે પણ મનુ અને યાજ્ઞવલ્કય ઉપજાવી શકાય. પ્રાચીન તત્વોને સમયોપયોગી બનાવો. બહાદૂરની માફક કામ કરતા કરતાજ મરો. “જગતના કલ્યાણની કામના એજ મારૂં જીવનવ્રત.”

પ્રસંગ ૨૮ મો—(પૃષ્ઠ ૩૭૧ થી ૩૭૬) બિલ્વવૃક્ષનો મહિમા. સ્થાનાસ્થાન તથા કાળાકાળ ક્યાં સુધી જોવા પડે છે ? સાધનાઓનું સામર્થ્ય. કર્મો આત્મદર્શનમાં કારણભૂત ગણાય ? ફળની આશા વિના કર્મો થાયજ કેવી રીતે ? જ્ઞાનાતીત ભૂમિકામાં રહેલા પુરુષોથી જગતનું હિતજ થાય છે. યથાર્થ કર્મયોગી બનો-કર્મ કરો-રજોગુણ ઉદ્દીપ્ત કરો.

પ્રસંગ ૨૯ મો—(પૃષ્ઠ ૩૭૬ થી ૩૭૯) સંન્યાસીઓમાટે નિયમો. સંયમરહિત ગૃહસ્થોમાટે તિરસ્કાર. “ અમારો સંન્યાસધર્મ નવી પદ્ધતિનો છે.” ધ્યાનસ્થ થઇને બેસી રહેવાથી શું દિ વળે ?

પ્રસંગ ૩૦ મો—(પૃષ્ઠ ૩૭૯ થી ૩૮૩) નાગમહાશયનો અપૂર્વ ભક્તિભાવ. સ્વામીજીની આશીર્વાદ-યાચના. નાગમહાશયની ઈશ્વરદર્શન સંબંધી વ્યાકુળતા.

પ્રસંગ ૩૧ મો—(પૃષ્ઠ ૩૮૪ થી ૩૯૩) બ્રહ્મ, ઈશ્વર, માયા અને જીવનું સ્વરૂપ. સર્વેશ્વર વ્યક્તિવિશેષ હોઇ શકે નહિ. વ્યક્તિવિશેષને ઈશ્વર માનવાનું કારણ. ત્યાગવૃત્તિ આવ્યાવિના આત્મજ્ઞાન અસંભવિત છે. સાચો તૃષાતુર પાણીની

આશામાં શું બેસી રહે? મનને વશીભૂત કરવાનો માર્ગ. વીરપુરુષો માટે અસાધ્ય જેવું છેજ શું? ધ્યાનનું સર્વોત્તમ અવલંબન. હુંજ સર્વજ્ઞ છું-સર્વ મિથ્યા છે. માનવજીવનનો પરમ પુરુષાર્થ શું? ભક્તિયોગ અને રાજયોગની ઉપયોગિતા. સત્પુરુષનો પરિચય. **अहं**નો અર્થ આત્મનિષ્ઠ. આત્મજ્ઞાન પછી કર્મો રહી શકે?

પ્રસંગ ૩૨ મો—(પૃષ્ઠ ૩૯૩ થી ૩૯૯) શિલ્પસંબંધી ચર્ચા. બૌદ્ધ યુગમાં શિલ્પોન્નતિ. મનોભાવ પ્રકટ કરવા એજ શિલ્પશાસ્ત્રનો ઉદ્દેશ છે. યથાર્થ કળાની ગમે ત્યારે પણ કદર થયા વિના રહેતી નથી. પૂર્વ અને પશ્ચિમની શિલ્પકળામાં ભિન્નતા. કાળીમાતાની ભયંકર મૂર્તિ આંકવાની ભલામણ. શ્રી રામકૃષ્ણ મિશનની મ્હોરનો અર્થ. ભાવી મઠના સંબંધમાં અદ્‌ભુત યોજના.

પ્રસંગ ૩૩ મો—(પૃષ્ઠ ૩૯૯ થી ૪૦૩) ગુરુભાઇઓ પ્રત્યે સ્વામીજીની લાગણી. સ્વામીજીની સ્મરણશક્તિનો વિશેષ પૂરાવો. બ્રહ્મચર્યનો પ્રભાવ. શિષ્યો મારા પુત્ર છે-તેમની ખાતર મરવામાં પણ મને આનંદ થશે. બંગાળી સાહિત્યની ચર્ચા. મેઘનાદવધ કાવ્યની પ્રશંસા. કાવ્યની સર્વોત્તમ કલ્પનાનું સ્પષ્ટીકરણ.

પ્રસંગ ૩૪ મો—(પૃષ્ઠ ૪૦૪ થી ૪૦૭) આત્મદર્શન સહજ સાધ્ય કેમ નથી? સૃષ્ટિ એ શું છે? દેહબુદ્ધિ છે ત્યાંસુધીજ જગત છે. સ્વામીજીનું ભયાનક સ્વરૂપ. આપણા રુધિરથી કાલીમાતાની પૂજા કરીશું.

પ્રસંગ ૩૫ મો—(પૃષ્ઠ ૪૦૭ થી ૪૧૫) બંગાળી યુવકોનું એક સૈન્ય જોઇએ છીએ. યશની આકાંક્ષા પણ માનસિક દુર્બળતા છે. મહાવીરના આદર્શનું સ્પષ્ટીકરણ. દઢ સાહસિક બનવાનો ઉપાય. બ્રહ્મદર્શનની ઝાંખી. લોકોપકારક કર્મ કરો. જગતની મુક્તિ થાય તોજ જીવની મુક્તિ થાય. કોઇ ક્રિયા નિષ્ફળ નથી.

પ્રસંગ ૩૬ મો—(પૃષ્ઠ ૪૧૫ થી ૪૨૧) સ્વામીજીની સહનશીલતા-લોકનિંદા પણ ઉદ્દેશની સિદ્ધિમાં હેતુરૂપ છે. ક્રિયાકાંડો સર્વદા એકરૂપે રહી શકતા નથી. મઠમાં દુર્ગોત્સવ. દુર્ગાપૂજાનો મુખ્ય ઉદ્દેશ. કાલીપૂજામાટે સ્વામીજીની માતુશ્રીનો આગ્રહ. કાલીઘાટઉપર હજી પણ ઉદારભાવ સચવાઇ રહ્યો છે.

પ્રસંગ ૩૭ મો—(પૃષ્ઠ ૪૨૧ થી ૪૨૯) સ્વામીજીની અનારોગ્ય અવસ્થા. પાણી વિના કેમ ચાલશે? દેશોદ્ધારનો આધાર સ્ત્રીઓઉપરજ છે. તંત્રની નિંદા કરવાનું કારણ. નારીમઠની શરૂઆત કેવી રીતે કરવી? ભોગ તો આપવોજ પડશે. સ્ત્રી-ઉપયોગી મઠની રૂપરેખા. કન્યાઓના વિવાહમાટે નિયમ. વિઘ્નરહિત કર્મ મૃત્યુના માર્ગમાં લઇ જાય છે. બ્રહ્મજ્ઞાનના અધિકારમાં ભેદભાવ નથી. ધર્મહીન શિક્ષણનું પરિણામ. આપણું કર્તવ્ય. નિર્દોષ કાર્ય કયું? કર્મ જ્ઞાનનું વિરોધી નથી.

પ્રસંગ ૩૮ મો—(પૃષ્ઠ ૪૩૦ થી ૪૩૬) કામ કરતાં કરતાંજ મરવું મને પસંદ છે. સ્વામીજીના શરીરમાં કાલી-શક્તિનો પ્રવેશ. પૂર્વબંગાળનું વર્ણન.

જેવે તેવે સ્થળે અવતારી પુરુષો જન્મતા નથી. નાગમહાશયને ત્યાં આનંદવાસ. ચીફ કમિશનરની સ્વામીજી પ્રત્યે લાગણી. “હુંકર” નામના દેવની માનતા. પ્રત્યેક આચારવિચારનું લક્ષ એકજ છે. જનકવિદેહી બનવાનો દંભ છોડી દો. મનને સાધ્ય વસ્તુ પ્રતિ દઢ કરવું તેનુંજ નામ પુરુષાર્થ.

પ્રસંગ ૩૯ મો—(પૃષ્ઠ ૪૩૭ થી ૪૪૩) સ્વામીજીની માંદગી. “ત્યાગ” એજ એક મૂળમંત્ર. ગુરુદેવના જન્મોત્સવમાં ફેરફાર કરવાની જરૂર. ગુરુદેવની લીલામાં અભિનેતા પાત્રો. આત્મજ્ઞાનમાં અન્યની સહાય નિષ્ફળ છે. ગુરુકૃપાનો અર્થ. ગુરુદેવનાં દિવ્ય દર્શન. સીસ્ટર નિવેદિતા સ્વામીજીનાં દર્શને.

પ્રસંગ ૪૦ મો—(પૃષ્ઠ ૪૪૩ થી ૪૪૮) સ્વામીજીની સાદાઇ. સ્વામીજીનો પશુપ્રેમ. સદ્‌ગૃહસ્થોની ઉપેક્ષા કરી ગરીબો સાથે સંભાષણ. એક મજુરનો સ્વામીજીપ્રતિ નિર્દોષ ઠપકો. મજુરોને ભોજન કિંવા દરિદ્રનારાયણની સેવા. ગરીબ વર્ગ તરફ સ્વામીજીની સહાનુભૂતિ. મુક્તિ અને વિદ્વત્તાને એક બાજુએ મૂકી દો—સેવા કરો. સાંત્વના કે સહાનુભૂતિ જેવું છેજ ક્યાં ? તમે તમારૂં કર્તવ્ય કરો.

પ્રસંગ ૪૧ મો—(પૃષ્ઠ ૪૪૮ થી ૪૫૧) મઠમાં જપ-તપની ધામધૂમ. સંસારનું સ્વાર્થી સ્વરૂપ. મઠની પૂર્વાવસ્થા. અન્નના સાંસા. નિંદા તરફ બેદરકાર રહો.

પ્રસંગ ૪૨ મો—(પૃષ્ઠ ૪૫૨ થી ૪૫૬) ધ્યાનનો અભ્યાસ. સ્વામીજીનું ધ્યાન-ચિત્ર. ઇડા-પિંગલા નાડીનું દર્શન. ધ્યાનનો વિધિ. ગુરુપરંપરાનું મહત્ત્વ. કર્મવીર બનો.

પ્રસંગ ૪૩ મો—(પૃષ્ઠ ૪૫૬ થી ૪૬૦) ધ્યાનસાથે જ્ઞાનચર્ચાનો આરંભ. સ્વામીજી સંબંધે ગુરુદેવના ઉદ્‌ગાર. શાસ્ત્રજ્ઞાનના પ્રચારમાટે સ્વામીજીની ઉત્કંઠા. વિવાહ પછીનું કર્તવ્ય. ચિત્તશુદ્ધિનો સરલ માર્ગ. સ્વામીજીના સાથીઓનો સંક્ષિપ્ત પરિચય.

પ્રસંગ ૪૪ મો—(૪૬૧ થી ૪૬૬) સ્વામીજીની નિરભિમાનવૃત્તિ. ગરીબો સાથે ભાવ ઠરાવવાની જરૂર નથી. શ્રીરામકૃષ્ણ પરમહંસના ગૃહસ્થ ભક્તોવિષે સ્પષ્ટીકરણ. ગૃહસ્થ અને સંન્યાસી ભક્તોનો મુકાબલો. ગુરુકૃપા સફળ ક્યારે લેખાય ? સ્વામીજીની ભાવી આશાઓ. ગુરુદર્શન કરવાં હોય તો તેમનાં સંતાનની સેવા કરો.

પ્રસંગ ૪૫ મો—(પૃષ્ઠ ૪૬૬ થી ૪૭૦) અંતિમદર્શન-અંગ્રેજી તથા દેશી પોશાકવિષે ચર્ચા.

पहेली आवृत्तिनां निवेदनादिनो सारांश.

પહેલા ભાગના નિવેદનમાંથી.

સ્વામી વિવેકાનંદ કોણ અને કેવા હતા, એ વાત વિવિધ ગ્રંથમાળાના વાચકો માટે નવીન નથી. પૂર્વમાં ઉદય થઇ પશ્ચિમ તરફ પ્રવર્તતા સૂર્યપ્રકાશની પેઠે, વર્તમાન ભારતમાં અનેકવિધ નવજાગ્રતિનાં આંદોલનો જે પૂર્વ પ્રદેશ(બંગભૂમિ)માં ઉદ્ભવી અન્ય પ્રદેશોમાં પ્રસરતાં રહ્યાં છે; જે પ્રદેશે પ્રસૂત કરેલા રામકૃષ્ણ પરમહંસ, ઇશ્વરચંદ્ર, રામમોહનરાય, કેશવચંદ્ર, દેવેન્દ્રનાથ, ઇ૦ અસામાન્ય માનવ-તનુઓએ ભારતમાતાના અંકને શોભાવ્યો છે; જે પ્રદેશે રાજપ્રકરણમાં, ધર્મ-શોધનમાં, સામાજિક વિષયમાં, દેશહિતસ્વિતામાં, સાહિત્યોન્નતિમાં અને જનસેવાના અનેક પ્રકારોમાં પહેલ કરી તેના પુણ્યપાઠ અન્ય પ્રાન્તોને પૂરા પાડ્યા છે; બહાર બકુમકાટથી બડેખાં બની બેસનારા (અને અંદરથી લોકોનું લોહી અને ધન ચૂસી ગબ્બર બન્યે જનારા) નહિ, પણ પોતાનું સર્વસ્વ માનવસેવાના મહાયજ્ઞમાં હોમી દઇને સ્વાર્થપ્રિય ધનિકો, ધર્માચાર્યો અને વિદ્વાનો પ્રત્યે 'સંતુષ્ટ અને ઉદાર જીવન' નો આદર્શ તાજો કરી બતાવનારા ડૉ. પલીત+ અને ઘોષ જેવાં આદર્શરત્નો જે ભૂમિએ પ્રસવ્યાં છે; આશાપૂર્ણ જીવનનો મોહ ત્યજી, પોતાના યૌવનપૂર્ણ સુંદર તનુને અગ્નિદેવનાં ચરણોમાં અર્પણ કરીને, તથા જળોની પેઠે કન્યાપક્ષનું લોહી પીવા ઇચ્છનાર ગજવાના ભૂખ્યા અસંખ્યાત નરાધમોનાં હૃદયોને કંપાવી મૂકીને એ અધમતા ત્યજવાની અપીલ કરનાર દેવી 'સ્નેહલતા' જેવી વીર કુમારિકાઓ અત્યારે પણ જે પ્રદેશમાં જન્મે છે; એવા પ્રભાવપૂર્ણ બંગપ્રદેશમાં સ્વામી વિવેકાનંદ એક ખાનદાન કુટુંબમાં અને એક અસામાન્ય પ્રતિભાવાન આર્ય માતાને પેટે અવતર્યા હતા.

જે સમયે દેશમાંનો પાશ્ચાત્ય સંસ્કાર પામેલો વર્ગ પોતાના પ્રાચીન આર્યધર્મતત્ત્વને જાણ્યાવિના—માત્ર ધર્મઠગોનાં ધતીંગો જોઇનેજ—"બધું ધતીંગ" માની બેસી ક્રિશ્ચીયાનિટિ અને નાસ્તિકતા તરફ વલણ લઇ રહ્યો હતો; જે સમયે જૂના ધોરણવાળાઓ પણ ગૂઢ ધર્મરહસ્યોથી અજ્ઞાત રહીને માત્ર વગર સમજણના બાહ્યાચારો અને કનિષ્ઠ રૂઢિઓ સાથેજ મડાગાંઠ પાડી બેઠા હતા; કંઇક અભ્યાસી સુધારક વર્ગ પણ જે સમયે અસંખ્ય બાળજીવોનાં અતિ આવશ્યક તીર્થ, પ્રતિમાદિ બાહ્ય ધાર્મિક અંગોમાં પ્રવેશેલા સડાને દૂર કરવાને બદલે તે આખાં અંગોનેજ કાપી કહાડવાને મથી રહ્યો હતો; જે સમયે પાદરી બાપલીયાઓ એવા ધામિક અને રૂઢિના સડાઓનેજ હિંદુધર્મના સર્વસ્વરૂપે દેખાડવાનું રમખાણ

+ હાલના ગાંધીયુગમાં બીજાં અનેક નામ આમાં ઉમેરી શકાય, પણ આ તો તેની પહેલાંનું લખાણ છે.

મચાવી,સમગ્ર ભારત સંતાનોને ક્રિશ્ચીઅન બનાવી દેવાની ધૂનમાં આવી ગયા હતા; અને અંત્યજાદિ અજ્ઞ દીન વર્ગોનાં ટોળાંઓને આકર્ષવાની સાથે કંઇએક ભણેલાં ભૂતોને પણ વિલાયતી ફેશનોના ભપકામાં આંજી, તેમનાં હૃદયચક્રોને ક્રિશ્ચીઆનિટિ તરફ ફેરવી રહ્યા હતા; જે સમયે વિલાયતી ધર્મવિચાર અને પ્રાર્થનામંદિરોની ફાંકડી ફેશનો દેશાભિમાનીઓનાં અંતરોને પણ ડગમગાવી દઇ તેવી ફેશનવાળી નવીન સંસ્થાઓને સ્થપાવી રહી હતી; જે સમયે યૂરોપ અને અમેરિકામાં ભારતવાસીઓ અને તેમના ધર્મના નામપર 'અધમ' અને 'જંગલી' પણાના ઇલકાબોરૂપી ઉપાન વર્ષી રહ્યાં હતાં; જે સમયે 'બહારનું નવીન બધું સારૂં અને અહીંનું પુરાતન બધું ખોટું' એમ જોઇ રહેલાઓને સત્ય વિવેકનો પ્રકાશ દેખાડી ઉભયમાં રહેલા ગ્રાહ્યત્યાજ્ય અંશોનું અને ધર્મનાં અંતિમ રહસ્યોનું ભાન, તેમને તાન આપનારી મહાન અંગ્રેજી જબાનમાંજ આપવાની અત્યંત આવશ્યકતા હતી; એવા સમયમાં, તે સમયની અદ્ભુત વ્યક્તિઓમાં એકનો ઉમેરો થવાને માટે વિવેકાનંદરૂપ વિવેકસૂર્યનો ઉદય થયો હતો.

પોતાની પ્રભાવપૂર્ણ વાણી અને લેખિનીદ્વારા ઉક્ત સર્વ ભારતીય વર્ગો પ્રત્યેજ નહિ, પણ યૂરોપ અમેરિકા જેવા દૂર દેશવર્તી સત્ય જિજ્ઞાસુઓ પ્રત્યે પણ પોતાના વિવેકપ્રકાશનાં દિવ્યકિરણોને પ્રસરાવી તેમનાં હૃદયચક્ષુઓને સારાસાર જોઇ શકવાને તેમણે શક્તિમાન કર્યાં હતાં.

જુસ્સાદાર અંગ્રેજી ભાષાદ્વારાજ આર્યધર્મનાં ઉંડાં તત્ત્વોનું પ્રદર્શન તેમનાં હૃદયચક્ષુઓને કરાવવામાટે જે મહાન પ્રયાસ આ ધર્મવીરે કર્યો અને તેમાં જે વિજય પ્રાપ્ત કર્યો, તે વિષયનો કેટલોક ખ્યાલ આ પછી આપેલા 'ભગિની નિવેદિતા' ના ઉપોદ્ઘાત ઉપરથી આવી શકે તેમ છે.

આ વિવેકસૂર્યનો પ્રકાશ માત્ર ધર્મની દિશામાંજ નહિ; પણ દેશાભિમાન, જનસેવા, આર્થિક દુર્દશા, અયોગ્ય રૂઢિબંધનો, રાજપ્રકરણ, કેળવણી, ઇ૦ સર્વ દિશાઓમાં પડી ચૂકયો હતો. નવયુગના ભારતીય અગ્રગણ્યોમાંના અનેકોનાં હૃદય એ વિવેકસૂર્યના અસામાન્ય પ્રકાશવડેજ ઝબકી ઉઠી ખરી વસ્તુસ્થિતિને અને તેની સુધારણાના અનેકવિધ ઉન્નતિપંથોને નિહાળી શકયાં છે.

ત્રિગુણાત્મક મૂળ પ્રકૃતિમાંથી સ્વભાવથીજ ત્રિગુણમિશ્ર રચાયલા આ સંસારમાંના પ્રત્યેક પદાર્થની પેઠે, પ્રત્યેક મહાપુરુષના વર્તનમાં પણ વિશેષ સત્ત્વાંશની સાથે થોડાઘણા રજસ્ તમસ્‌ના અંશો રહેલા હોય એ સ્વાભાવિકજ છે. પછી ભલે તે ન્યૂનતા માનવપ્રકૃતિના કોઇ એક પડદામાં છૂપીને રહેલી હોય કે સરળતાનાં ખુલ્લાં બારણાંઓદ્વારા પ્રકટ થઇ ચૂકી હોય, શુભ સંસર્ગથી દબાઇ રહેલી હોય કે અવસરની અપ્રાપ્તિને લઇને અપ્રકટ રહી હોય; પણ હોય તો ખરીજ !

કોઇપણ ઉપકારક વ્યક્તિમાંના એવા રાજસતામસ અંશોથી ચમકી ઉઠી તે વ્યક્તિના વર્તન અને ઉપદેશમાં પુષ્કળ પ્રમાણમાં રહેલાં ઉપકારક, અબાધિત, સત્યોથી વિમુખ રહેવું એ તો ઉપલા અબાધ્ય પ્રકૃતિનિયમ તરફ જોતાં ભૂલભરેલુંજ છે.

માત્ર અમુક કનિષ્ઠ અંશને લીધે આખી વસ્તુનેજ ત્યાજય માનનાર પ્રાણીઓને માટે તો, ગટરોને લીધે સુંદર સુગંધપૂર્ણ દિવાનખાનાંવાળાં મહાલયો અને ભૂમિતળપર આવેલાં મળસ્થાનોને લીધે સમસ્ત પૃથ્વી પણ ત્યાજ્યજ ગણાવાં જોઇએ ! વળી શરીરમાં સદાય રહેતા મળમૂત્રના અંશોને લીધે આખું શરીર પણ ત્યાજ્યજ મનાવું જોઇએ ! આમ આ ભૂલભરી માન્યતાવાળાને માટે તો ભૂમિતળપર જીવવાનુંજ અશક્ય થઇ પડે તેમ છે. “ જેના વિચાર અને વર્તનમાં ગ્રાહ્ય સત્ત્વો વિશેષ હોઇ રજસ્ તમસ્ ગૌણ—ન્યૂન હોય તે મહાત્મા; અને સત્ત્વ ગૌણ હોઇ રજસ્ તમસ્ અધિક હોય તે મધ્યમ અથવા કનિષ્ઠ; એ વ્યાખ્યા એટલા માટેજ સત્ય અને ઉપકારક મનાતી આવી છે. ” ઉન્નતિના સાધકો એટલામાટે હંસવૃત્તિથી જ્યાં ત્યાંથી સત્ત્વનેજ શોધી ગ્રહણ કરે છે; ત્યારે અધોગતિના અધિકારીઓ પોતાની દોઢડાહી કાકદૃષ્ટિનેજ પ્રાધાન્ય આપી જ્યાં ત્યાં ‘ દોષ ’નાંજ દર્શન કરતા રહી સ્વહૃદયમાં તેનોજ ભંડાર ભર્યા કરે છે !

આટલા અપ્રાસંગિક જેવા ઉલ્લેખનો ઉદ્દેશ એજ કે—બંગાળાના હિંદુઓમાં વંશપરંપરાથી ચાલ્યા આવતા માંસાહારના સ્વભાવને અનુસરીને વિવેકાનંદનું ધોરણ પણ જન્મથીજ તેવું હોય, અને તે વિષયનાં નુકશાનોથી અજ્ઞાત હોવાને લીધે, દુરાગ્રહને લીધે કે ગમે તે કારણને લીધે તે વાતનો પક્ષ પણ તેમણે ખેંચ્યો હોય; તો તેટલામાટે તેમના અતિ ઉપકારક ઉપદેશોની અને અનુકરણીય લોકસેવાની પણ ઉપેક્ષા કરવી, એ તો ઉપરના જેવુંજ ભૂલભરેલું અને સ્વહિતમાં નુકશાન કરનારૂં છે. મહાત્મા તુલસીદાસજી કથી ગયા છે કેઃ—

જડ ચેતન ગુણ દોષમય, વિશ્વ કીન કિર્તાર;
સંત હંસ ગુણ ગહહિં પય, પરિહરિ વારિ વિકાર.

વિવેકાનંદજીના વિચારોમાં રહેલું હિત અને બળ તેમના પત્રોવાળા÷ પુસ્તકપરથી વાચકો જોઇ ચૂકેલા હોવાથી અહીં તેવિષે એટલુંજ જણાવીશું કે આ ભાગ તેમજ હવે પછી ગ્રંથમાળાદ્વારા નીકળનાર તેમના ઉપદેશોના અન્ય ભાગો પણ એટલી અથવા એથી પણ અધિક અસરથી અને હિતથી ભરેલા છે, એમ તે વાંચ્યાથી વિવેકી વાચકોને જણાયા વિના રહેશે નહિ.

આવા મહાત્માઓના ઉપદેશો અંગ્રેજી જાણનાર સ્વર્ગમાટે તો ઉપકારક છેજ;

÷ એ પત્રોવાળો ભાગ જુદો હોઇને તે પણ ફરીવાર છપાશેજ.

પરંતુ તે ભાષાથી અપરિચિત એવાં કોટચવધિ ભારતસંતાનોમાટે તો તે એથીએ અધિક ઉપકારક થઇ પડે તેમ છે. આથી ખુદ અંગ્રેજી આવૃત્તિઓ કરતાં પણ દેશની ભિન્ન ભિન્ન ભાષાઓમાં તે પ્રકટ થવાની આવશ્યક્તા અધિક છે.

ગુજરાતીમાં કેટલાંક વર્ષપર આ વિષયની પ્રથમ શરૂઆત કરવાનું માન રા. ભગુભાઇ ફતેહચંદ કારભારીએ મેળવેલું હોઇ, અત્યાર સુધીમાં કેટલાક નાના વિભાગો તેઓ પ્રકટ કરી ચૂકયા છે. તેમના પછી ગુજરાતી પ્રેસ તરફથી એ દિશામાં યત્ન ચાલુ થઇ ઉપલા કરતાં અધિક યોગ્ય ભાષાંતરવાળાં 'વિવેકાનંદ વિચારમાળા'નાં ત્રણ પુષ્પ અત્યાર અગાઉ નીકળી ચૂકયાં છે; જે બદલ એ ઉભય પ્રકાશકો ગુર્જર પ્રજાના ધન્યવાદને પાત્ર છે.

ઉપલી હકીકત જોતાં એ દિશામાં હવે આ ત્રીજો પ્રયત્ન છે. એ પૈકી ભાષાંતર કોનું સારૂં ને કોનું ઉતરતું, એ ખાતે અમે કાંઇપણ લખવા ઇચ્છતા નથી. રોટલાના ખડ્યા બારોટની પેઠે કોઇ વ્યાપારી, લેખક કે પ્રકાશક પ્રકટ રીતે કે પડદે રહીને એ ખાતે કાંઇ બડબડાટ કે હાયવોય કરાવવા મંડી પડે, તો તે જુદી વાત છે. અમે તો વખતો વખત કહેતા આવ્યા છીયે તેજ અહીં પણ કહીશું, કે પ્રાપ્ત સંયોગોનો બનતો સદુપયોગ કરીને આ પહેલા ભાગનું ભાષાંતર સરળ અને સ્પષ્ટ થાય તેને માટે યથાશકય યત્ન કરવામાં આવ્યો છે. વળી હવે પછીના ભાગોમાટે જે સંયોગ પ્રાપ્ત થયેલા છે, તે જોતાં આ ભાગ કરતાં પણ તેમાં વિશેષતા આવવા સંભવ છે.

આ ભાગનું ભાષાંતર શબ્દશઃ નહિ પણ મૂળના ભાવાર્થને બને તેટલા સરળ રૂપમાં રજુ કરવાના ઉદ્દેશથી તૈયાર કરાયલું છે. આ કાર્યમાં કર્નાટક પ્રેસમાંથી છપાયલા મરાઠી ભાષાંતરનો ઠીક આધાર મળેલો હોવાથી તેના લેખક અને પ્રકાશક મહાશયોનો આભાર માનીએ છીએ.

આ ભાગના અનુવાદનું કાર્ય શ્રીયુત ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કુરે જે પરિશ્રમથી કર્યું છે તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

અન્ય કોઇપણ સ્થળેથી નીકળેલા આ વિષયના ગ્રંથોનું કદ, કાગળ, પૃષ્ઠ, પૂઠાં, પોસ્ટેજ, ઇ૦ પ્રત્યેક અંગ; આ ખાતાના પાકાં પૂઠાંવાળા (૨૦૦૦ પૃષ્ઠના પો. સાથે રૂ ૩ ના) વર્ગની સાથે સરખાવી જોવાથી સ્પષ્ટ થશે કે, વિવિધ ગ્રંથમાળાનાં નિયમિત ગ્રાહકોને મળનારા આ ભાગોના મૂલ્યનું પ્રમાણ અર્ધ કરતાં પણ ઓછું છે. વળી વધુ પૈસા ન ખર્ચી શકનાર વર્ગમાટે નીકળતાં સાદા પૂઠાંનાં પુસ્તકોનું મૂલ્ય તો માત્ર તેથી ત્રીજા કે ચોથા ભાગ જેટલુંજ પડી રહે છે.

લોકહિતનું જો એ તત્ત્વ ન રહેલું હોત તો વિવેકાનંદ સ્વામીના ઉપદેશોની યોજના વિવિધ ગ્રંથમાળામાં ભાગ્યેજ થાત.

સં ૧૯૭૦ વિજયાદશમી. સપ્ટેંબર ૧૯૧૪.

ભિક્ષુ—અખંડાનંદ.

બીજા ભાગમાંથી.

નિવેદનનો સાર-સ્વામી વિવેકાનંદજીના એક પરમભક્તિમાન શિષ્ય આ ગ્રંથના મૂળ (બંગાળીમાં) લેખક છે. સ્વામીજીને તેમની સાથે તેમજ અન્ય સજ્જનો સાથે થએલી વાતચિત ઇ૦ ની તેમણે જે નોંધ રાખેલી, તે ઉપરથી 'સ્વામી-શિષ્ય સંવાદ' એ નામ આપીને એ ગ્રંથની યોજના તેમણે કરી હતી. એ મૂળ ગ્રંથમાં પ્રસ્તાવના ઇ૦ રૂપે આવેલા તેના લેખક અને પ્રકાશક મહાશયોના ટુંક ઉલ્લેખોનો ભાવાર્થ આ નિવેદન પછી અપાયો છે, તેમાં આ ગ્રન્થની યોજના ઇ૦ વિષે કેટલીક વધુ હકીકત આવેલી જણાશે.

મૂળ ગ્રંથમાં લેખકે પોતાનું નામ આપેલું નહિ હોવાથી અત્ર તે જણાવી શકાતું નથી; પરંતુ આ સાથે આપેલા ચિત્રમાં સ્વામીજીની આસપાસ જે મંડળ બેઠેલું જણાય છે, તેમાં તેમનાથી ડાબે હાથે સર્વથી છેટે બેઠેલી મૂર્તિ લેખક પોતે હોવા અનુમાન છે.

આ ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ કરનાર શ્રીયુત ભીમજી હરજીવન પરીખ છે. 'સુશીલ' નામથી પણ તેઓ ઓળખાય છે. વિવિધ ગ્રંથમાળાના પાઠકો આગળ તેમનું નામ આજે પહેલીવારજ રજુ થાય છે. પરંતુ સારા લેખો પ્રત્યેનો તેમનો ઉત્સાહ જોતાં હવે પણ ગુર્જર પાઠકો આગળ વારંવાર તે રજુ થવા સંભવ છે.

મૂળમાંનું એક પ્રકરણ કે જેમાં શરીરબળમાટે માંસાહારની ભલામણ ભાર દઇને કરવામાં આવી હતી, તેને અહિતાવહ માનીને આમાં લીધું નથી. અન્યત્ર સ્વામીજી પોતે પણ આ બાબતની વિરુદ્ધ બોલી-લખી ચૂક્યા છે.

બાહ્ય ત્યાગમાટે સ્વામીજીનું કથન આમાં વારંવાર આગ્રહપૂર્વક થએલું જણાશે. એક સ્થળે તો એવા ભાવનું કથન છે કે આંતર ત્યાગ સાથે બાહ્ય ત્યાગ વિના મોક્ષજ નથી; પરંતુ અન્ય પ્રકરણમાં નાગ મહાશય જેવા ગૃહસ્થ મહાત્માના ઉન્નત જીવનની તેમણે મુક્તકંઠે કરેલી પ્રશંસા જોતાં, એ વાતનું નિરસન આપોઆપજ થઇ જાય છે.

વિચારશીલ વાચકને આ સિવાય પણ આમાં કોઇ કોઇ સ્થળે વિલક્ષણતા અને શંકાનું ભાન થવાનું ખરૂં; પરંતુ ભરતીનાં મોજાંઓની પેઠે આખા ગ્રંથમાં સર્વત્ર પ્રબળતાથી ઉછળી રહેલા સ્વામીજીના હિતાવહ ઉદ્દગારો તરફ જોતાં એવા જૂજ પ્રસંગ ક્યાંના ક્યાંય દબાઇ જતા જણાશે.

ગ્રંથની ઉપકારકતામાટે એટલુંજ લખવાનું કે 'હાથ કંકણને આરસીની શી જરૂર?' જ્યાં ત્યાં જોસદાર ભાષામાં ઉભરાઇ જતા સ્વામી વિવેકાનંદજીના દેશસેવાના, તત્વજ્ઞાનના, ભક્તિના, દેશની દુર્દશાના અને એવા અનેક પ્રકારના હૃદયગ્રાહી બોધપ્રદ વિચારોથી આખો ગ્રંથ ભરપૂર જણાશે. પ્રત્યેક યોગ્ય વ્યક્તિને આ ગ્રંથમાંથી વિચારવા અને આચરવા જેવું, તથા પ્રોત્સાહન અને દૃઢતા મેળવવા

જેવું સત્ત્વ, સારી પેઠે મળી આવે તેમ છે. આ સાથે જોડાયલી લંબાણ અનુક્રમણિકા વાંચવાથી પણ ગ્રંથમાં આવેલા આકર્ષક વિચારો વાંચવા તરફ હરકોઇ સહૃદય માનવને આકર્ષાવું પડે તેમ છે. પ્રત્યેક વાચક બંધુનું હૃદય આવાં હિતાવહ સાધનોવડે સત્યહિતને સમજીને દિન દિન સ્વ–પરની અધિકાધિક ઉન્નતિ સાધવાને શક્તિમાન્ બનો. એ ભાવનાપૂર્વક ૐ तत् सत् ।

વિ. સં. ૧૯૭૧ અષાઢ. ઇ. સ. ૧૯૧૫ જુલાઇ. ભિક્ષુ–અખંડાનંદ.

બંગાળી લેખકના બે બોલઃ—આ "સ્વામી–શિષ્યસંવાદ" સાત વર્ષ સુધી "ઉદ્બોધન" નામક માસિક પત્રમાં પ્રકટ થયો હતો. તે આજે પુસ્તકના રૂપમાં પાઠકવગને અર્પણ કરવા અમે શક્તિમાન્ થયા છીએ.

સ્વામી શ્રીવિવેકાનંદજી યૂરોપની પહેલી યાત્રા કરી હિંદમાં પાછા ફર્યા ત્યારે તેઓ મોટે ભાગે કલકત્તા ખાતે બાગબજારમાં સ્વ. બલરામ બસુને ત્યાંજ રહેતા. તે વખતે શિષ્યને સ્વામીજી સાથે અનેક પ્રકારની ચર્ચાઓ તથા શાસ્ત્રવાર્તાઓ થતી. પૂજનીય મહેંદ્રનાથ ગુપ્ત મહાશય એક વખતે ત્યાં હાજર હતા. તેમણે તે દિવસે શિષ્યને કહ્યું કે સ્વામીજીની સાથે જે ચર્ચા થાય તે સમસ્ત પ્રસંગ કાગળ ઉપર લિપિબદ્ધ કરતો રહે, તો બહુ ઉપયોગી થાય. માસ્તર મહાશયની સૂચના પ્રમાણે શિષ્યે તે સર્વ પ્રસંગો લખી રાખવાનો સ્વીકાર કર્યો અને તે પ્રમાણે પ્રસંગોપાત લખતો રહ્યો. તેજ લખાણના આધારે આજે આ પુસ્તક પ્રકટ થાય છે. અહીં એટલું જણાવવું જોઇએ કે બેલુડમઠવાળા શ્રીયુત નિર્મલાનંદ સ્વામી મહારાજ પણ ઉક્ત સર્વ પ્રસંગો લખવામાટે શિષ્યને અનેક સમયે ઉત્સાહ આપતા રહ્યા હતા; એથી કરીને એ બન્ને મહાપુરુષોનો આ લેખક–શિષ્ય ઉપકાર માને છે.

આ પુસ્તકમાંના સર્વ પ્રસંગોનો ઘણોખરો ભાગ ડાયરીમાંથીજ લેવામાં આવ્યો છે. જે ભાગો યાદ કરીને લખવા પડ્યા છે તે સર્વ ભાગો, સ્વામીજીના ગુરુભાઇઓ અને તેમના શિષ્યો–કે જેમની હાજરીમાં સ્વામીજીએ ઉક્ત વાર્તાલાપ કર્યો હતો–તેમને પ્રથમ એકવાર બતાવીને અને તે વિષયની સત્યતાવિષે ખાત્રી કરીને આ પુસ્તકમાં પ્રકાશિત કર્યા છે. મતલબ કે આ ગ્રંથમાં આવેલા પ્રસંગોમાં ક્યાંઇ ભ્રમ કે પ્રમાદ થયો હોય એમ શિષ્યના માનવામાં નથી. આ પ્રસંગોના પઠન–પાઠનથી જો કોઇનું પણ કલ્યાણ થશે તો શિષ્ય પોતાને કૃતાર્થ થયો સમજશે.

બંગાળી ગ્રંથના પ્રકાશકનું વિજ્ઞાપનઃ—"સ્વામી–શિષ્યસંવાદ" આજે વાચકવર્ગના કરકમળમાં મૂકાય છે. દેશ, સમાજ, આચાર, નીતિ અને ધર્મ વિગેરે વિષયો એવા તો ગંભીર છે કે તત્ સંબંધી કર્તવ્ય–અકર્તવ્યનો નિર્ણય કરવા જતાં માનવ–મન અનેકવાર સંશયના વમળમાં ગુંચવાઇ જાય છે; અને તેથી યોગ્ય દિશાનો નિર્ણય કરતાં ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડે છે. ઉક્ત સર્વ વિષયો સંબંધે પૂજ્યપાદ આચાર્ય શ્રીવિવેકાનંદ સ્વામીએ પોતાની અલૌકિક દીર્ઘદૃષ્ટિથી

તેમજ અસાધારણ જ્ઞાનબળથી જે જે નિર્ણયો કર્યા હતા તેનો સહેજસાજ પરિચય કરાવવાનો ગ્રન્થકારે આ પુસ્તકમાં પ્રયત્ન કર્યો છે. તે ઉપરાંત પ્રાચ્ય અને પાશ્ચાત્ય એ ઉભય જગતના વિદ્વાન્ પુરુષોએ જે શકિતમાન્ પુરુષની અદ્‌ભુત પ્રતિભા અને દિવ્ય ચારત્ર્યબળથી આશ્ચર્યચકિત થઇને તેમને ઉચ્ચાસન પ્રદાન કર્યું હતું તેઓ, અર્થાત્ મહા મહિમાવાન્ સ્વામી શ્રી વિવેકાનંદ, લોકદષ્ટિથી બહાર મઠમાં રહીને કેવી ઉચ્ચ ભાવનાઓમાં સમય ગાળતા; કેવા સ્નેહથી પોતાના શિષ્યોને શિક્ષણ વગેરે આપતા; તેમજ કેવી રીતે પોતાના ગુરુભાઇઓનું બહુમાન કરતા; એટલુંજ નહિ પણ પોતાના ગુરુદેવ શ્રી રામકૃષ્ણ પરમહંસ પ્રત્યે તેઓ કેવી અપૂર્વ ભકિત ધરાવતા હતા; ઇત્યાદિ વિષયોનો પણ પ્રસંગોપાત આ પુસ્તકમાં કેટલોક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્વામીજીના વિચારો પ્રકટ કરવામાં જે ગંભીર જવાબદારી રહેલી છે, તેને લક્ષમાં લઇ ગ્રંથકારે સમસ્ત ગ્રંથ બેલુડમઠમાં રહેતા સ્વામીજીના ગુરુભાઇઓને બતાવી સંશોધિત કર્યો છે. આ ગ્રંથમાં પ્રકટ થયેલા પ્રસંગોના સ્થાન તથા કાળ સંબંધી યથાશક્તિ નિર્ણય કરી પુસ્તકને બે ભાગમાં વહેંચી નાખ્યું છે. તે સિવાય પુસ્તકના વિસ્તૃત સૂચીપત્ર સાથે પ્રસંગને મથાળે પણ વિષયોનું ટુંકામાં સૂચન કર્યું છે; જેથી પાઠકવર્ગને ઘણી સરળતા થશે એ નિર્વિવાદ છે. મતલબ કે જેમ બને તેમ ગ્રંથને સર્વાંગસંપૂર્ણ બનાવવાની ખાસ કાળજી રાખવામાં આવી છે.

વિનીત નિવેદક **શ્રી શારદાનંદ.**

ભાગ ૩ જા ના નિવેદનમાંથી.

અમેરિકાની સર્વધર્મપરિષદ્‌ને તથા ત્યાંનાં જુદાં જુદાં શહેરોને ભારતની સર્વોત્કૃષ્ટ બ્રહ્મવિદ્યાનો મહિમા સિંહગર્જનાથી સમજાવીને સ્વામીજી જન્મભૂમિ તરફ પાછા ફર્યા હતા. પ્રથમ તેઓ સિંહલદ્વીપ લંકામાં ઉતરી ત્યાંથી રામેશ્વર થઇને ભારતનાં અનેક સ્થળોમાં વિચરતા વિચરતા હિમાલયના આલ્મોરા સ્થાને પહોંચ્યા હતા. એ પ્રવાસ દરમ્યાન જુદાં જુદાં સ્થળોમાં તેમને અપાએલાં માનપત્રો તથા તેના તેમણે આપેલા પ્રભાવપૂર્ણ પ્રત્યુત્તરોમાંનો, સ્વામીજીએ મદ્રાસ પહોંચીને ત્યાં બે વ્યાખ્યાન આપ્યાં ત્યાં સુધીનો ભાગ આ પુસ્તકમાં છે.+

સ્વામીજીને અપાયલાં માનપત્રોમાં ધર્મપ્રિય હિંદુસંતાનોની તેમનાપ્રત્યે વખાણ તથા આભારની લાગણીઓ ઉભરાઇ જતી જણાઇ આવે છે. સ્વામીજી તેના પ્રત્યુત્તરો પણ તેટલીજ નમ્રતા અને નિરભિમાનથી આપે છે. એ ઉત્તરોમાં તેઓ ભારતવર્ષના પ્રાચીન ગારવનું, ધર્મપ્રધાન ઉચ્ચ આદર્શનું તથા સર્વશ્રેષ્ઠ બ્રહ્મવિદ્યાના માહાત્મ્યનું શ્રોતાઓને ભાન કરાવવા સાથે, ભારતની વર્તમાન દુર્દશા, તેનાં ઉંડાં કારણો અને તેને દૂર કરવામાટે આર્યસંતાનોએ જે જે ભાવનાઓ તથા સદ્‌ગુણોને ખીલવી આચારમાં મૂકવાની જરૂર છે, તે બાબતો પણ તેઓ સારી

+ બીજી આવૃત્તિરૂપ આ ગ્રંથમાં આ ત્રીજા ભાગ પૈકીનો અર્ધ ભાગજ આપેલો હોઇ બાકીનો અર્ધભાગ બીજા ગ્રંથમાં આવશે.

રીતે દર્શાવતા ચાલે છે. તેઓ ઉપદેશે છે કે, ધાર્મિક બાબતોમાં તો પાશ્ચાત્યો ભારતવાસીઓના ગુરુ બની શકે તેમ નથી; ઊલટું તેમણેજ અહીંની બ્રહ્મવિદ્યાના શિષ્ય થવું જોઇશે; છતાં ભારતવાસીઓએ પોતાની ગુમાઇ ગએલી ઉચ્ચ વ્યાવહારિકતા પ્રાપ્ત કરવામાટે તેઓ પાસેથી કંઇએક સદ્ગુણો અવશ્ય શિખવા જોઇએ; અને પોતા ઉપર અમલ ચલાવી રહેલા નિકૃષ્ટ વ્યવહાર, ખરાબ રૂઢિઓ, તથા નુકસાનકારક અવગુણોને અને દુઃખ દારિદ્રને તેમણે દૂર કરવાં જોઇએ.

જુદે જુદે સ્થળેથી સ્વામીજીને અપાએલાં માનપત્રોમાં કેટલીક બાબતો એકની એક મતલબની આવે એ સ્વાભાવિક હોવાથી તેવી બાબતો કેટલેક સ્થળે ટુંકમાં આપી છે. સ્વામીજીએ તેના પ્રત્યુત્તરોમાં જુદે જુદે સ્થળે આપેલાં વ્યાખ્યાનો એક પછી એક વંચાતા ચાલે છે તેમ તેમ વિષયોમાં વિવિધતા આવવા સાથે તેમના આદેશોનો પ્રભાવ પણ ખીલતો ચાલે છે. વળતો આભાર માનવો, ભારતની ધર્મપ્રિયતા, ઇત્યાદિ શરૂઆતની થોડી ઘણી હકીકત તેઓશ્રીનાં ભિન્ન ભિન્ન સ્થળનાં વ્યાખ્યાનોમાં એક મતલબની આવે એ સ્વાભાવિકજ છે. વાચકોને કોઇ કોઇ પ્રસંગે કોઇ કોઇ બાબતમાં શંકા કે મતભેદ જેવું લાગે એ પણ સ્વાભાવિક છે; પરંતુ વિષયને આગળ વાંચતાં તરતમાં અથવા છેવટસુધીમાં ઘણેભાગે એવી બાબતોનું સ્પષ્ટીકરણ કે સમાધાન પણ મળી જતું જણાશે. એકંદરે સ્વામીજીના કથનમાં દેશની દુર્દશાવિષે સ્થળે સ્થળે જે લાગણી ઉભરાઇ જાય છે; અને ખરો વિવેક, ખરી ધાર્મિકતા તથા શુદ્ધ વ્યાવહારિકતા તરફ ભારતવાસીઓનું જે હૃદયગ્રાહી ભાષામાં તેઓ ધ્યાન ખેંચે છે, તેની શુભ અસરો ગ્રહણ કરીને ઉન્નતિના વિચારો તથા આચારોમાં આગળ વધવું એજ આવાં પુસ્તકોનો ખરો ઉપયોગ છે.

હિમાલયના આલ્મોરા સ્થાનમાં સ્વામીજીએ સ્થાપેલા આશ્રમ તરફથી તેમનાં તમામ વ્યાખ્યાનો તથા પત્રો ઇત્યાદિનો સંગ્રહ જુદા જુદા ભાગોરૂપે અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતો ચાલે છે; તેમાંનો એક ભાગ કે જે “કોલંબો ટુ આલ્મોરા” એ નામથી ઓળખાય છે તે ઉપરથી, તેમજ તેજ વિષયનાં બંગાળીમાં પ્રસિદ્ધ થએલાં “ભારતેર વિવેકાનંદ” એ પુસ્તકો ઉપરથી અનુવાદરૂપે આ પુસ્તક તૈયાર થએલું છે; જેથી એ ગ્રંથોના યોજક તેમજ પ્રકાશક સજ્જનો પ્રત્યે હૃદયપૂર્વક કૃતજ્ઞતા દર્શાવવામાં આવે છે.

આ ગ્રંથનું ભાષાન્તર ગુજરાતના સુપ્રસિદ્ધ લેખક અને વક્તા શ્રીયુત વસનજી દયાળજી ગણાત્રા પાસે તૈયાર કરાવવામાં આવ્યું છે. આ કાર્ય કરવા સમયે તેમની શરીરપ્રકૃતિ જોઇએ તેવી નહિ છતાં શ્રમ લઇને તેમણે આ ભાગ તૈયાર કરી આપ્યો, તેને માટે તેઓને સપ્રેમ ધન્યવાદ આપવામાં આવે છે.

મદ્રાસથી આલ્મોરા સુધીનાં સર્વ વ્યાખ્યાનો હવે પછીના ભાગમાં પ્રસિદ્ધ થશે. સ્વામીજીનાં વ્યાખ્યાનોનો ઉત્તરોત્તર વધતો જતો પ્રભાવ હજી એ ભાગમાં પાઠકો વિશેષ અનુભવશે. માગશર વદી ૧૧ સં. ૧૯૭૩. ડીસેમ્બર ૧૯૧૬. ભિક્ષુ—અખંડાનંદ.

स्वामी विवेकानंदनो संदेशो

(ભગિની નિવેદિતાના "મારા ગુરૂનો સંદેશો" એ અંગ્રેજી લેખ ઉપરથી.)

સ્વામી વિવેકાનંદનાં ધાર્મિક વ્યાખ્યાનોએ જો કે સમસ્ત જગતને સત્યધર્મનું એક શાસ્ત્ર આપ્યું છે; છતાં સ્વામીજીના સ્વદેશનાં બાળકોને તો એ વ્યાખ્યાનોએ ધર્મનું આદર્શ સ્વરૂપ સમજાવ્યું છે. હિન્દુસ્તાન અને હિન્દીપ્રજાની આધુનિક અધોગત અવસ્થામાં જ્યારે તેના ઉપર ચારે તરફથી વિદેશીય સંસ્કારોનાં આક્રમણ થતાં હતાં, ત્યારે તેને ખરેખર એવા સમર્થ આલંબનની જરૂર હતી કે જેનો તે આશ્રય લઇ શકે. કોઇ એવા દૃઢ અને પ્રમાણભૂત કથનની જરૂર હતી કે જેના ઉપર તે પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક વિશ્વાસ રાખી શકે. સ્વામી વિવેકાનંદના તેજ પ્રકારના સત્ય અને આગ્રહયુક્ત ઉપદેશોમાં હિન્દુપ્રજાને પોતાના ધર્મનું યથાર્થ દર્શન કરવાનું સાધન પ્રાપ્ત થયું છે.

હિન્દુસ્તાનમાં–હિન્દુજાતિમાં જન્મી સંસ્કૃતિના ઉચ્ચતમ શિખરેથી એક હિન્દુ મહાત્મા હિન્દુધર્મનો પ્રચાર કરતો સમસ્ત જગતમાં વિચરે, એ બનાવ ઇતિહાસમાં પ્રથમજ બન્યો છે. પોતાના ધર્મનું શું કથન છે ? એવી જિજ્ઞાસા રાખનાર હિન્દુને અને પોતાનાં બાળકોને પોતાના ધર્મનું ખરૂં રહસ્ય સમજાવવા ઇચ્છનાર માતાપતાઓને સ્વામી વિવેકાનંદના ગ્રન્થો તરફ નિઃસંશય વળવું પડશે. કદાચ હિન્દુસ્તાનમાંથી ઇંગ્રેજી ભાષાનો લોપ પણ થઇ જાય, તથાપિ એ ભાષામાં અપાએલા સ્વામીજીના ઉપદેશો તો પૂર્વને તેમજ પશ્ચિમને જ્ઞાનશિક્ષણના ઉત્તમોત્તમ સાધનરૂપેજ સદા રહેશે એ નિર્વિવાદ છે. સાંપ્રતકાળમાં હિન્દુધર્મનાં આમતેમ વેરાએલાં રત્નોનો યથાસ્થિત સંગ્રહ કરી એક માળા ગુંથવાની આવશ્યકતા હતી; તેમજ ભૌતિકશાસ્ત્રોરૂપી મિશ્ર સોનું ભઠ્ઠીમાં ખૂબ તપાવતાં તેમાંથી પણ સાચું સોનું નીકળે છે એવું દર્શન કરાવનાર એક ધર્મની જગતને જરૂર હતી. આ ઉભય લક્ષ્ય સ્વામીજીના પ્રખર અભ્યાસ અને વિવેકસંપન્ન યોજનાથી સિદ્ધ થયું છે. સ્વામીજીના ઉપદેશોમાં અને એમના દૃઢ જીવનમાં જે સનાતનધર્મને તેઓ માનતા હતા તેની દૃઢતા પ્રત્યક્ષ જણાય છે. જે ધર્મશ્રદ્ધાને પ્રભાવે સત્યના વિકટ પ્રસંગોમાં પણ વીરતાપૂર્વક કર્તવ્યભાન જાગ્રત રહેવા દઇ સમસ્ત જગતમાં સનાતન ધર્મની ધ્વજા ફરકાવી છે, તે ધર્મમાં–તે ધર્મ ઉપરની શ્રદ્ધામાં ચિરકાળ ટકી રહેવાનું સામર્થ્ય છે, એમ કહેવામાં જરા પણ વાંધો નથી.

"માનવજીવનનું સાચું રહસ્ય અન્યને કહેવામાં પોતાનું પણ હિત સમાયલું છે." આ પ્રેમસૂત્ર ભારતભૂમિમાં અનાદિ કાળથી વ્યવહારમાં મૂકાયલું છે. આપણે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તે અન્ય દેશોના લોકોને કહી તેમનાં જીવન પ્રેમમય અને સુખરૂપ કરવાં, એ પણ આર્યભૂમિનું પરાપૂર્વનું બિરદ છે.

પ્રથમ શ્રીબુદ્ધભગવાને પોતાના શિષ્યોને અજ્ઞાનનિદ્રાને આધિન થયેલી

પ્રજાઓને જ્ઞાનના પ્રકાશથી જાગ્રત કરવા વિવિધ દેશોમાં મોકલ્યા હતા; અને એમની નિર્વાણપ્રાપ્તિ પછી પણ આ કાર્ય શતકો પર્યન્ત ચાલુ રહ્યું હતું. પોતાનું જ્ઞાન અન્યને આપવાથી તે ઉલટું વધે છે; એ વાત આર્યદેશના લક્ષમાં આવી, તેને શતકોનાં શતકો થઇ ગયાં છે. પોતાના જ્ઞાનનો અનેક દેશ દેશાન્તરોમાં પ્રચાર કરવાથીજ હિંદુધર્મ એક 'અમોઘ' સ્વરૂપ ધારણ કરી શક્યો છે. વિદેશમાં પોતાના એક વ્યાખ્યાનમાં સ્વામીજીએ કહ્યું હતું કે, "જો એક ધર્મ ખરો છે તો બીજા ધર્મો પણ ખરાજ હોવા જોઇએ. **સર્વ ધર્મોનું લક્ષ્ય એકજ હોઈ વાસ્તવિક રીતે સમસ્ત જગત એકજ** ધર્મપરાયણ છે; અને એ રીતે હિન્દુધર્મ જેટલો મારો છે તેટલોજ તે તમારો સર્વનો પણ છે." પોતાના શિષ્યોને દેશાન્તરમાં મોકલવામાં ભગવાન બુદ્ધને જે પ્રેમ ઉત્પન્ન થતો હતો તેજ પ્રેમ સ્વામીજીનાં ઉપરોક્ત વાક્યોમાં આપણે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ. બીજા એક વ્યાખ્યાનમાં સ્વામીજીએ કહ્યું હતું કે "અમે હિન્દુલોકો કોઇપણ ધર્મનો વિરોધ કરતા નથી; એટલુંજ નહિ પણ પ્રેમપૂર્વક અમે માનીએ છીએ કે સર્વ ધર્મોનો હેતુ પ્રભુને પામવાનો હોઇ અમે પણ ધર્મના એ મૂળતત્ત્વથી ભિન્ન નથી. ધર્મને નામે પ્રચલિત તત્ત્વ ભલે મહમદ પયગંબર તરફથી પ્રાપ્ત થયું હોય, ઝોરાસ્ટરે ઉપદેશ્યું હોય કે ઇસુખ્રિસ્ત પાસેથી મળ્યું હોય; પણ તેનો સાર ગ્રહણ કરવા અમે તૈયારજ છીએ. એક સાધારણ–જંગલી પ્રજાના મન્તવ્યથી તે અત્યુચ્ચ ધર્મભાવના પર્યન્તના સર્વ ધર્મ પ્રભુપ્રાપ્તિના–અનંતની સાથે ઐક્ય પામવાના ભિન્ન ભિન્ન માર્ગજ છે, એ ભાવનાનો અમે કોઇવાર પણ ત્યાગ કર્યો નથી. સર્વ ધર્મરૂપી પુષ્પો પ્રેમસૂત્રમાં ગુંથી એક અનંતના ચરણમાં અર્પણ કરવાં એજ અમારો પૂજાવિધિ છે." અમુક મનુષ્ય પરદેશીય અથવા પારકો છે એવો વિચાર સ્વામીજીના મનમાં એકવાર પણ આવ્યો નથી. સમગ્ર મનુષ્યજાતિમાટે એમના ઉદાર ચિત્તમાં આત્મભાવનાનું સ્થાન હતું. સત્યધર્મનો એમણે સર્વને સમાન રીતે સદુપદેશ કર્યો છે.

અમેરિકાની "સર્વધર્મપરિષદ્" માં એમણે "હિન્દુધર્મની કલ્પના" એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં એમનો ઉદ્દેશ માત્ર હિન્દુધર્મની સામાન્ય રૂપરેખા દોરવાનો હતો; પરંતુ વ્યાખ્યાન શરૂ થતાંજ પ્રેમ અને પવિત્રતાની એમની વાક્ધારા ચાલી અને એજ વ્યાખ્યાનમાં હિન્દુધર્મનું ઉત્તમોત્તમ સ્વરૂપ પૂર્ણ પ્રકાશથી પ્રકાશ્યું એમ જણાઇ આવે છે. એ કેવો પ્રસંગ ! મિશીગન સરોવરને કાંઠે આવેલું ચિકાગો શહેર આ મહાન કાર્યને માટે પસંદ કરવામાં આવ્યું હતું. ચિકાગોની વસ્તી મુખ્યત્વે યૂરોપિયન છે, પણ સંસ્કૃતિ અને પ્રગતિમાં યૂરોપના કરતાં તેમનામાં અનેક વિશેષ તત્ત્વો છે. યૂરોપની દરેક પ્રજાએ અમેરિકાની પ્રજાને પોતાનો હિસ્સો આપ્યો છે, તેનું યથાર્થ દર્શન ચિકા-

ગોમાં થાય છે. ત્યાં અનેક પ્રજાઓના—અનેક જાતિઓના—અનેક ધર્મોના લોકો વસે છે. ચિકાગોમાં જેવી રીતે યૂરોપિયન સંસ્કૃતિના કેટલાક શુભ અંશો જણાય છે, તેવીજ રીતે એ સંસ્કૃતિની કાળી બાજુનું પણ ત્યાં યથાર્થ દર્શન થાય છે. આ ભવ્ય નગર જગતનું એક બજાર કિંવા મનુષ્યોનું પ્રદર્શન હોય તેવું જણાય છે. યૂરોપના સઘળા વર્ગના અને ધર્મોના મનુષ્યો આ શહેરમાં નિવાસ કરે છે. આવા વિવિધ પ્રવૃત્તિઓ અને વિવિધ વૃત્તિઓવાળા, બાહ્ય દૃષ્ટિથી કોલાહલ ભર્યા બજાર જેવા જણાતા પણ અંતરમાં એ ઘોંઘાટના ગર્ભમાં શાંતિયુક્ત એવા—ચિકાગો નગરમાં આ મહારાજ્યો અને મહાપ્રજાઓને એકત્ર કરવાની પ્રવૃત્તિનો પ્રારંભ થયો એ બહુ શુભ ચિન્હ છે. મનુષ્યસમાજ એક થાય અને વિવિધ પ્રજાઓ પ્રેમ અને મમતાનાં બંધનોથી બંધાય; એવો સમય લાવવાનાં કારણ ઉત્પન્ન કરવાનું માન ચિકાગો શહેરને ઘટે છે.

સ્વામી વિવેકાનંદનો "સર્વધર્મપરિષદ્‌નો" શ્રોતાવર્ગ કેવા પ્રકારનો હશે તેનું અનુમાન ઉપરના વિવેચન ઉપરથી થઇ શકે છે. પોતાના ધર્મથી અન્ય કોઇ ઉચ્ચ ધર્મ હોઇ શકેજ નહિ, પોતાની સંસ્કૃતિથી અન્ય કોઇ ઉચ્ચ સંસ્કૃતિ છેજ નહિ, એવો એ શ્રોતાવર્ગનો દૃઢ નિશ્ચય થઇ ગયો જણાતો હતો; અને તેથીજ આ હિન્દુ—મૂર્તિપૂજક ધર્મના સાધુ તેમને શું નવું કહેવાના હતા તે એમને આશ્ચર્યજનક લાગતું હતું. જેમ સ્વામીજીની આગળ આવો વિદેશી શ્રોતાસમૂહ હતો તેવીજ રીતે એમની પાછળ પ્રાચીન વૈદિક ઋષિઓનો સમર્થ અને શ્રદ્ધાપાત્ર જ્ઞાનભંડાર પણ હતો. એમની પાછળ યુગોના યુગોથી ઉછળતો તત્ત્વસાગર વિજયધ્વનિથી ઉછાળા મારી રહ્યો હતો. વેદોના પ્રાચીનમાં પ્રાચીનકાળથી, ઉપનિષદોના પ્રકાશથી પ્રકાશમાન દેખાતા જે ધર્મના ગર્ભમાં અનેક મત, અનેક પંથ અને અનેક સંપ્રદાયો તથા પેટા સંપ્રદાયોનો સમાવેશ થતો હતો; જે ધર્મના પવિત્ર જ્ઞાનપ્રકાશથી ઉજ્જવલ બનીને અનેક સાધુ—સંતો અને ઋષિ—મુનિઓએ જગતને પ્રકાશમાન્ કર્યું હતું; જે ધર્મની અપેક્ષાએ બૌદ્ધધર્મ પણ કેવળ પ્રાકૃત જેવો હતો; એવા મહાન ધર્મ અને તત્ત્વજ્ઞાનનો ઉદધિ એમની પૂંઠે ઉભરાઇ રહ્યો હતો. સ્વામીજીની સામે પશ્ચિમ હતું અને પાછળ પૂર્વ—હિન્દુસ્તાન હતું. જે દેશે હજારો વર્ષોથી—હજારો પ્રકારની ભિન્ન જાતિઓ અને ધર્મોનો સમાગમ સેવ્યો હતો; જેણે સાંસારિક અને વ્યાવહારિક પ્રસંગોમાંથી પ્રાપ્ત થએલા અનુભવોમાંથી પોતાને માટે અનેક પ્રકારનો છતાં એક સમભાવનો ધર્મ સાચવી રાખ્યો હતો; સ્થળ, કાળ કે ઉપાધિથી અતીત રહી સાર્વત્રિક અને વિશ્વવ્યાપી થવાની જે ભૂમિમાં યોગ્યતા હતી; એ ભૂમિની—હિંદની પ્રજાને વારસામાં મળેલો ધર્મ, એ સ્વામીજીનું સમર્થ પ્રોત્સાહન હતું.

ચિકાગોની સર્વધર્મપરિષદ્‌માં જાણે બે પ્રકારના ચૈતન્યસાગર પરસ્પર

ભેટવાની તૈયારીમાં આવી ગયા હોય એમ લાગતું હતું. પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિનો સંયોગ થવાનો આ અપૂર્વ પ્રસંગ હતો; અને એ મંગળકાર્ય સ્વામીજીના પ્રયત્નથી થવા પામ્યું છે. ચિકાગોની ધર્મપરિષદ્‌માં એક નવાજ પ્રકારનો સનાતનધર્મ ઉત્પન્ન થયો છે, એમ કહેવામાં ખોટું નથી. સ્વામીજીએ પોતાના સંબંધી કે પોતાના અનુભવ સંબંધી કશું પણ ત્યાં કહ્યું નથી, તેમજ પોતાના ગુરુ સંબંધી પણ એમણે ત્યાં કશો ઉલ્લેખ કર્યો નથી; પરન્તુ પોતાના રાષ્ટ્રીય સનાતનધર્મ–આર્યાવર્તના અનેક અનુભવજન્ય અદ્વૈત–પ્રેમધર્મની જયઘોષણાથી એમણે પશ્ચિમની પ્રજાને નિદ્રામાંથી જાગ્રત કરવાનો પ્રયત્ન કર્યો હતો. સ્વામીજી પશ્ચિમના સુધારા અને સંસ્કૃતિના મધ્યસ્થાનમાં પોતાનો જયઘોષ કરતા હતા અને ચિકાગોમાંથી ઉભરાતો એ પ્રેમસાગર આખા પાશ્ચાત્ય જગતમાં પ્રસરી પાશ્ચાત્ય બન્ધુઓને નિદ્રામાંથી જગાડીને કહેતો હોય કે તમારૂં તેજ પૂર્વનું અને પૂર્વનું તે તમારૂંજ છે; અને જેમ તમારા ધર્મમાં મહત્તા અને સામર્થ્ય હતું તેમ સર્વ ધર્મો મહાન અને સમર્થ છે; એમ જણાતું હતું.

અનેક ધર્મો તથા સંપ્રદાયોના વિદ્વાનો અને પ્રતિનિધિઓ "સર્વધર્મપરિષદ્" ના ઉચ્ચાસન ઉપર સ્વામીજીની સાથેજ વિરાજમાન હતા; પરંતુ સાર્વજનિક ધર્મનું રહસ્ય સમજાવવાની યોગ્યતા તો સ્વામીજીનેજ પ્રાપ્ત થયેલી હતી. સ્વામીજીનો ધર્મ એક વિસ્તૃત મહાસાગર સમાન હોઇ અન્ય સર્વ ધર્મો અને સંપ્રદાયો તેમાં નાના નાના નદ અને નદીઓ જેવા જણાતા હતા. સ્વામીજીએ ત્યાં કહ્યું હતું કે જુદાં જુદાં નદીનાળાં માર્ગે જવા છતાં પણ છેવટે સાગરમાંજ પહોંચે છે; તેમ સર્વ ભિન્ન ભિન્ન ધર્મો પણ માત્ર એકજ પરમાત્માને પહોંચવાનાં ભિન્ન ભિન્ન સાધનોરૂપ છે. **मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव** । તેમજ **यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा । तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥**

અર્થાત્—જ્યાં જ્યાં ધર્મ છે, જ્યાં જ્યાં પ્રેમ છે, જ્યાં જ્યાં વિભૂતિ છે ત્યાં ત્યાં પરમાત્માનો વાસ છે, એ વાક્યનું કથન કરી સ્વામીજીએ તત્ત્વદૃષ્ટિથી સર્વ ધર્મોની એકવાક્યતા કરી છે. મનુષ્ય પાપમાંથી પુણ્યમાં જાય છે તેમ નથી; દુઃખમાંથી સુખમાં જાય છે તેમ નથી; તેમજ તે અસત્યમાંથી સત્યમાં પ્રવેશ કરે છે તેમ પણ નથી. દુઃખ, અસત્ય કે પાપ વાસ્તવમાં છેજ નહિ; પરન્તુ મનુષ્ય ન્યૂન પુણ્યમાંથી અધિક પુણ્યમાં, ન્યૂન સુખમાંથી અધિક સુખમાં, ન્યૂન સત્યમાંથી અધિક સત્યમાં પ્રવેશ કરે છે. જ્યાં અસત્યજ ન હોય ત્યાં કોઇ ધર્મને અસત્ય કેમ કહેવાય ? આ હિન્દુધર્મનું રહસ્ય એમણે ત્યાં દર્શાવ્યું હતું. સનાતનધર્મનો આ મુક્તિમંત્ર એમણે ત્યા ઉપદેશ્યો હતો. ન્યૂનમાંથી અધિક પ્રાપ્ત કરતાં મનુષ્યે ચૈતન્યનો અનુભવ કરી, પૂર્ણ ચૈતન્યસ્વરૂપ પ્રાપ્ત કરવું જોઇએ. મનુષ્યપ્રય-

ત્નનો એ અવધિ છે. મનુષ્યે છેવટે સચ્ચિદાનંદસ્વરૂપ થવું જોઇએ. આ વિશ્વ કે જ્યાં વસ્તુમાત્ર નાશવંત જણાય છે, અને સર્વ કાંઇ મૃત્યુવશ પ્રતીત થાય છે, તેમાં અવિનાશીની ઓળખ કરવી, એજ મનુષ્યનો ખરેખરો ધર્મ છે. જે જગતનું સ્વરૂપ પ્રતિક્ષણે વિકારવશ છે તેમાં અવિકારી તત્ત્વનો સાક્ષાત્કાર કરવો અને અસ્થિરતામાં સ્થિરતાનું દર્શન કરવું, એજ મનુષ્યના પુરુષાર્થનો હેતુ છે.

સર્વ જગતને ધર્મ શિખવવાનો અધિકાર તો આર્યભૂમિનેજ છે; એ કથનને સ્વામીજીએ સીલ-સિક્કાથી મજબૂત કર્યું છે. સ્વામીજી સમસ્ત હિન્દુપ્રજાના ધર્મની ઇમારત વેદો ઉપર ચણાએલી માને છે; પણ વેદ શબ્દની વ્યાખ્યા એમણે પોતાના વિશ્વવ્યાપી ધર્મને અનુલક્ષીને કરી છે. જ્યાં સત્ય છે ત્યાં વેદ છે. સર્વ સત્યનો સમાવેશ વેદમાં થાય છે એમ નથી, પણ જે જે ધર્મમાં કે વાણીમાં સત્ય છે તે સર્વ વેદના નામને પાત્ર થાય છે. વેદો એક પુસ્તક નથી. ભિન્ન ભિન્ન કાળના ઋષિ-મુનિઓએ જે સત્યનું કથન કર્યું છે તેનો સમુચ્ચય વેદ છે. સનાતનધર્મના સંબંધમાં પણ, વેદાંતના ઉચ્ચતમ તત્ત્વજ્ઞાનથી તે પૌરાણિક વિવિધ મૂર્તિપૂજાઓ પર્યન્તના સર્વ સંપ્રદાયોનો, બુદ્ધના શૂન્યવાદ અને જૈનોના નિરીશ્વરવાદનો પણ સનાતનધર્મમાં સમાવેશ થાય છે. હિન્દુપ્રજામાં આજે અનેક મતમતાંતર, સંપ્રદાયો કે પંથો દેખાય છે, પણ એથી કદાચ વધારે સંપ્રદાયો હોય તોપણ તે સર્વ ભિન્ન ભિન્ન દેશ-કાલ અને સંયોગોને લીધે ઉત્પન્ન થએલાં એકજ ધર્મનાં અનેક સ્વરૂપો છે. પ્રત્યેકનો ઇષ્ટદેવતા ભિન્ન હોય તેથી ધર્મ કાંઇ ભિન્ન થઇ શકતો નથી, એમ સ્વામીજીનો અભિપ્રાય હતો. પ્રત્યેકને પોતાનો ઇષ્ટદેવતા અને ઇષ્ટમાર્ગ શોધવાનો સંપૂર્ણ હક્ક છે. સનાતનધર્મની આ વ્યાખ્યા માન્ય કરતાં હિન્દુધર્મનો વિસ્તાર જગતના કોઇ પણ ધર્મથી વધી જાય છે. તત્ત્વની દૃષ્ટિથી જોતાં એજ ધર્મ વિશ્વવ્યાપી ધર્મ છે, એમ સ્પષ્ટ સમજાય છે. પરમાત્મા સાથે યોગ કરવો, તેનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરવો, એ સનાતનધર્મનું અંતિમ લક્ષ્ય છે; અને તે હરકોઇ પ્રકારે સધાય-પરમાત્માની સાથે ગમે તે રીતે યોગ થાય તેમાં ધર્મ જવાબદાર નથી. ધર્મમાં આવું સ્વાતંત્ર્ય એજ ધર્મનું અંતિમ સ્થાન કહી શકાય.

સનાતનધર્મની ખૂબી આ વ્યાવહારિક ધર્મસ્વાતંત્ર્યમાંજ સમાયલી છે એમ નથી. હિન્દુ સનાતનધર્મની મહત્તા કંઇક ઓરજ છે. સનાતનધર્મ દરેક મનુષ્યને ત્રિકાલાબાધ્ય મુક્ત માને છે. સનાતનધર્મ કહે છે કે “ તમે સચ્ચિદાનંદ છો! તમારા વ્યવહારથી પર જે પરમપુરુષ તે અંધકાર અને મોહથી પર હોઇને સ્વયંપ્રકાશરૂપ છે, તેને જાણવાથીજ મનુષ્ય અમૃતત્વનો ભોક્તા થાય છે. તેને માટેજ-તેને લીધેજ સર્વ જગત છે. આ એકજ સચ્ચિદાનંદ શબ્દમાં અનેક ધર્મો અને અનેક પંથો અંતર્ભાવ પામે છે. આ એકજ શબ્દાન્તર્ગત અનુભવ-

માટે બધા ધર્મો, પંથો કે સંપ્રદાયો અનેક પ્રકારના પ્રયત્ન કરી રહ્યા છે." સ્વામીજીએ એક વ્યાખ્યાનમાં કહ્યું હતું કે "ધર્મનું એક નવું મંદિર બાંધવાનું મહત્ કાર્ય આપણે સર્વેએ સાથે મળીને કરવાનો સમય હવે સમીપ આવ્યો છે. એ મંદિરમાં પ્રવેશવાનો સર્વને અધિકાર છે. તેના મુખમાં અને હૃદયમાં ૐનો કર્ણપ્રિય-પ્રાણપ્રિય ધ્વનિ ભરપૂર હોવો જોઇએ. આ કાર્યમાં તમારી સર્વની સહાયતાની હું યાચના કરૂં છું." અને જેઓ એમના એ વ્યાખ્યાનમાં હાજર હતા તેમને એ મંદિર બાંધવામાટે હિન્દુસ્તાન એ એક સુરમ્ય સ્થાન જણાયું હતું; અને એ મંદિરમાં માત્ર હિન્દના વિવિધ ધર્મો અને પંથોના પૂજકોજ પ્રવેશ કરે એમ નહિ, પણ સમસ્ત જગતના ધર્મો અને સંપ્રદાયોના અનુયાયીઓ એ મંદિરના પ્રેમદ્વારમાં પ્રવેશ કરશે; એમ એમને તે વખતે અનુમાન થયું હતું. હિન્દુસ્તાન જગતના સર્વ ધર્મોની માતૃભૂમિ છે અને ભવિષ્યમાં પણ સર્વ ધર્મોને પ્રેમપૂર્વક પોતાની ગોદમાં લેવાને એજ ભૂમિ સમર્થ થશે. આપણે અનેક માર્ગોપર ચાલનારા હોઇએ, અનેક ગલીકુંચીઓમાં ફરતા હોઇએ, તથાપિ સર્વને ભેટવાનું-મળવાનું એકત્ર થવાનું સ્થાન, નામ અને રૂપથી પર એવો જે પરમાત્મા તે તો હિંદુસ્તાનના સનાતન ધર્મમંદિરમાંજ છે. દૃશ્યમાંથી અદૃશ્યમાં પ્રવેશ કરવો, આકારમાંથી બહાર આવી નિરાકારમાં લય પામવું, અને અનેકરૂપે દેખાતા આ વ્યવહારમાં એકતાનો અનુભવ કરવો, એજ સર્વ ધર્મોનો ઉદ્દેશ છે. આ તત્ત્વથી વિરુદ્ધ હોય એવો એકે ધર્મમાર્ગ નથી, એમ સનાતનધર્મ મુક્ત કંઠે કહે છે. અને આમ કહેનાર ધર્મ સાથે કયો ઉચ્ચાશયી ધર્મ વિરોધ રાખી શકે તેમ છે? સર્વનો ઉદ્દેશ એકજ છે અને તે સર્વને માન્ય હોવો જોઇએ, એમ સનાતનધર્મનું કથન છે. અન્ય મહાન ધર્મો અને સનાતનધર્મમાં એકબીજે પણ ભેદ છે. અન્ય ધર્મો ઉપર્યુક્ત લક્ષ્યને પામવા જ્યારે અમુક એક અથવા અન્ય અનેક માર્ગોનો ઉપદેશ કરે છે અને તે તેના અનુયાયીઓને ફરતો માને છે, ત્યારે સનાતનધર્મ એ લક્ષ્યને પામવામાટે ગમે તે માર્ગ ગ્રહણ કરવાની પ્રત્યેક વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. આ ઉન્નતિના વિકાસક્રમનું ચડતું પગથીયું છે.

સ્વામીજીનાં સનાતનધર્મવિષયક વ્યાખ્યાનોમાં એમણે અમુક સિદ્ધાન્તો પોતાના તરફથી કહ્યા હોત તો તે એટલા માન અને સત્કારને પાત્ર કદાચ ન પણ થાત. શ્રીમદ્ભગવદ્ગીતાના ગાનાર શ્રીકૃષ્ણ ભગવાન અને ભગવાન શંકરાચાર્યની પેઠે એમણે પ્રત્યેક વાક્ય, એકે એક શબ્દ શ્રુતિ-ઉપનિષદ્‌ના આધાર ઉપર ઉચ્ચાર્યો છે. એમણે હિન્દુસ્તાનને નવું કશુંજ કહ્યું નથી. તેનું પોતાનુંજ તત્ત્વજ્ઞાન ભૌતિકશાસ્ત્ર અને સંસ્કૃતિને અનુકૂળ છે, એમ સિદ્ધ કરી બતાવ્યું છે. સત્ય તે સત્યજ છે. ન્યૂટને શોધ કર્યા પહેલાં પણ ગુરુત્વાકર્ષણનો નિયમ પ્રવૃત્તિમાં હતો. આત્મા અને પરમાત્માનો સંબંધ તથા આત્મા અને જગતનો સંબંધ પ્રય-

મથી જે છે તેજ છે; પણ સ્વામીજીના પ્રભાવ, જ્ઞાન અને અનુભવથી આપણે એ સંબંધને પાશ્ચાત્ય સંસ્કૃતિની દ્રષ્ટિથી શ્રદ્ધાપૂર્વક જોઇ શક્યા છીએ. સ્પષ્ટ અને વ્યાવહારિક ભાષામાં એમણે વેદાન્તના ઉચ્ચ રહસ્યને પ્રતિપાદન કર્યું છે, તે સાધારણ માણસ પણ સમજી શકે છે. એમના વિના એ વેદાન્ત પંડિતો વગેરેના વાદવિવાદના વિષયરૂપેજ રહે તેમ હતું. સ્વામીજીએ તત્ત્વનો ઉપદેશ એક વાક્પટુ વિદ્વાનની પેઠે નહિ પણ અનુભવી બ્રહ્મનિષ્ઠ પ્રમાણે કર્યો છે. સ્વામીજી શ્રોત્રીય હોઇ બ્રહ્મનિષ્ઠ હતા. આત્માનંદસાગરના ગુહ્યતમ ભાગમાં એમણે ડૂબકી મારી હતી. ત્યાંનો પ્રેમભંડાર હાથ કરી, કૃપા કરી એમણે આપણા જેવા પામર જીવોના ઉદ્ધારમાટે એ માર્ગ અમુક આપ્ત, અમુક પરકીય, અમુક બ્રાહ્મણ અને અમુક ચાંડાલ એવો લેશમાત્ર પણ ભેદભાવ રાખ્યા વિના સર્વ અધિકારીઓને સમાન રીતે દર્શાવ્યો છે.

આપણે ઉપર કહી ગયા છીએ કે સ્વામીજીએ નવું લાગે એવું કશું કહ્યું નથી; તથાપિ પ્રાચીનની અર્વાચીન સાથે એકવાક્યતા કરતાં એમણે કંઇજ નવીન નથી કહ્યું, એમ પણ કહેવા જેવું નથી. અદ્વૈત સિદ્ધાન્તની તત્ત્વદ્રષ્ટિથી મનુષ્યનું જે અંતિમ લક્ષ્ય છે, ત્યાં પૂજક અને પૂજ્ય, જ્ઞાતા અને જ્ઞેયનો અભાવ થઇ જાય છે; એ સ્થિતિ અંતિમ છતાં દ્વૈત અને વિશિષ્ટાદ્વૈત પણ એજ મંદિરનાં પગથીયાં છે. પ્રથમ દ્વૈતનો, પછી વિશિષ્ટાદ્વૈતનો અને અંતે અદ્વૈતનો અનુભવ થતાં મનુષ્ય મુક્ત થાય છે. આ ત્રણ ભાવનાઓમાં ઐક્ય પ્રવર્તાવવાનું સત્ય કથન સ્વામીશ્રીએ નવીનજ કર્યું છે. એજ ઐક્યને વધારે વિસ્તૃત ભાવવાળું સ્વામીજીએ જણાવ્યું છે. સ્વામીજી કહે છે કે એ ઐક્યમાં ભેદનો વિચાર માત્ર પણ સંભવિત નથી. ભિન્ન ભિન્ન અધિકારની ભૂમિકાને લીધે એ ઐક્ય ન્યૂનાધિક જણાય છે. એજ સત્યને શ્રીરામકૃષ્ણ વધારે વ્યાવહારિક ભાષામાં ફેરવીને કહે છે કે "એકજ સત્ય સાકાર અને નિરાકાર ઉભય પ્રકારે દૃશ્ય થાય છે. એકજ પરમાત્મા દૃશ્ય તેમજ અદૃશ્યરૂપે રહેલો છે."

એમનું એ કથન ખરેખર મહાનજ છે; કારણકે આ કથનથી પૂર્વ પશ્ચિમ અને ભૂત ભવિષ્યનો ભેદભાવ ભસ્મીભૂત થઇ જાય છે. પ્રેમના ધર્મમંદિરના શિખર ઉપર સ્વામીજીએ આ એક સત્યનો નવીન–કળશ ચડાવ્યો છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. જો **एकमेवाद्वितीयम्** વાસ્તવિક હોય–સર્વત્ર અદ્વૈતજ હોય તો સર્વ પ્રકારના પૂજાવિધિ સાચા છે. એટલુંજ નહિ પણ આપણો જીવનક્રમ, આપણાં પ્રત્યેક ઇચ્છા, આશા અને કર્મ એ પણ પૂજાવિધિજ છે. અમુક કર્મ ઐહિક અને અમુક પારલૌકિક એવો ભેદ પણ પછી વાસ્તવિક દૃષ્ટિથી રહેતો નથી. કર્મ કરવાં એ પૂજાવિધિ છે; અને ઇષ્ટનો જપ કરવો એ યજ્ઞ છે. સર્વ

મનુષ્યોનું જીવન એ ધર્મની ઉપાસનાજ છે. સદૈવ કાર્યનિમગ્ન રહેવું એ જેટલું દુર્ઘટ છે, તેટલુંજ સર્વનો ત્યાગ કરવો એ પણ દુર્ઘટ છે.

આ રીતે સ્વામી વિવેકાનંદને કર્મના એક મહાન ઉપદેશક કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી; પણ એમનો કર્મમાર્ગ જેમ જ્ઞાન અને ભક્તિથી ભિન્ન માનવામાં આવે છે તેમ ભિન્ન નહોતો. પરમાત્માનો સાક્ષાત્કાર પામવા એક ત્યાગીની પર્ણકુટિ કે પવિત્ર દેવાલય સાધનરૂપ છે, તેજ પ્રમાણે એક દુકાન, શાળા, ખેતર કે કારખાનું પણ સાધનરૂપ છે; એમ સ્વામીજીનું મન્તવ્ય હતું. તેમની દૃષ્ટિમાં માનવજાતની સેવા અને પરમાત્માની પૂજામાં, અસત્ય સામે યુદ્ધ કરતાં દેખાડેલી વીરતામાં અને પરાજય પામેલાની અખંડ શ્રદ્ધામાં, સત્ય વ્યવહારપરાયણતામાં અને આત્મજ્ઞાનના ઉન્માદમાં જરા પણ ભેદ નહોતો. આ લક્ષ્ય–કર્મમાર્ગનું આ દૃષ્ટિબિન્દુ એઓશ્રી પોતાના કોઇ પણ ઉપદેશક લેખમાં ચૂકયા નથી. એકવાર એમણે કહ્યું હતું કે સર્વ ભૌતિકશાસ્ત્ર, વિદ્યા અને ધર્મશાસ્ત્ર એકજ સત્યની શોધમાં પ્રવૃત્ત છે; પણ એ ઐક્ય બરાબર સમજવામાટે આપણે અદ્વૈત સિદ્ધાન્ત પ્રથમ સમજવો જોઇએ. એકજ તત્ત્વનિર્દેશ એમનાં સર્વ વ્યાખ્યાનોનો સારાંશ છે, એમ કહીએ તો ખોટું નથી.

સ્વામી વિવેકાનંદે પાશ્ચાત્ય ઇંગ્રેજી અને પૌર્વાત્ય પ્રાચીન ભાષા સંસ્કૃતનો સારો અભ્યાસ કર્યો હતો. ઉભય દિશાગામી સંસ્કૃતિનું પરિણામ સ્વામીજીના મન ઉપર કંઇક ઓરજ થયું. એમને એ ઉભય સંસ્કૃતિઓમાં પરસ્પર વિરોધ જણાયો. પશ્ચિમનો નવીન સુધારો અને પૂર્વનો પ્રાચીન સુધારો એમને પરસ્પર ભિન્ન જણાયા. સ્વદેશમાં પણ પશ્ચિમના નવીન સુધારાનો પવન વાતો જોઇને એમનું મન વધારે વ્યગ્ર થયું. આમાં સત્ય શું ? ખરૂં સુખ કયાં ? મનુષ્યનું જીવન શું ? એવા પ્રશ્નોની પરંપરા જાગ્રત થતાં એમની સંસ્કારી ધાર્મિક બુદ્ધિ જાગ્રત થઇ. એમની વિચારમાળાની ત્યારથી શરૂઆત થઇ. વિવેક અને યુક્તિથી સમાધાન થાય ત્યાંસુધી જરા પણ વિશ્રાંતિ લીધા વિના શાસ્ત્રીય પદ્ધતિથી એમણે એ ઉભય સંસ્કૃતિનો અભ્યાસ કર્યો; અને અદ્વૈતમતનું ખરૂં રહસ્ય સમજાયું એટલે એમનો અભ્યાસ શાન્ત થયો. પૂર્વ કાળના મૂળ અદ્વૈતતત્ત્વનું કથન કરનાર અનેક ઋષિમુનિઓને જેમ દૈવગતિથી ચમત્કારિક રીતે એ જ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી, તેમ સ્વામીજીને થઇ નહોતી.એમને તો બુદ્ધિસાગરને ખૂબ વલોવતાં આ જ્ઞાનરત્ન પ્રાપ્ત થયું હતું.

અદ્વૈતસિદ્ધિનો મૂળ મંત્ર નરેન્દ્ર (સ્વામીજીનું પૂર્વાશ્રમનું નામ)ને દક્ષિણેશ્વર મંદિરના નાના બગીચામાં પ્રથમ પ્રાપ્ત થયો હતો. અહીંથીજ એમને જ્ઞાનની લગની લાગી હતી. અહીંથીજ એમનો હૃદયજન્ય માર્ગ જણાયો હતો. સ્વામીશ્રી એક ધનવાન વૈભવી સદ્‌ગૃહસ્થ થવાને માટે નહિ, પણ પ્રાચીન ઋષિઓના સનાતન સત્યનો જગતમાં પુનઃ વિસ્તાર કરવા–એક સન્યાસી–

ત્યાગી થવાને માટે સંસારમાં જન્મ્યા હતા, એમ ત્યારથીજ જણાઇ આવ્યું હતું.

નરેન્દ્રને ખાત્રી થઇ કે ઋષિ મુનિઓએ જે કલ્યાણકારી વિભૂતિની સ્તુતિ કરી છે, તે વિભૂતિ શ્રી રામકૃષ્ણમાં સંપૂર્ણ પ્રકાશમાન છે. પુસ્તકો જે સત્યનું દૂરથી છિન્નભિન્ન વર્ણન માત્ર કરે છે તે પરમસત્ય શ્રી રામકૃષ્ણમાં પૂર્ણ વ્યક્ત થયું હતું. એમનું મન અનેકમાંથી એકમાં ઉછળવા લાગ્યું. બુદ્ધિ ઉંચે ને ઉંચે ઉડવા લાગી. જેની પ્રત્યેક સ્થિતિ સમાધિરૂપ જણાતી હતી, જેનું પ્રત્યેક વાક્ય જ્ઞાનનું વ્યક્ત સ્વરૂપ લાગતું, એવા શ્રી રામકૃષ્ણનાં દર્શન થતાં એમને ઈશ્વરીજ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રબળ આંતરપ્રેરણા થઇ. જેમનાં મનવચનકાયામાં ઈશ્વરજ રમી રહ્યા હતા, એવા સદ્ગુરુ પાસે તેમણે શ્રદ્ધાપૂર્વક શિર મૂક્યું અને ત્યાંથીજ તેઓ નરેન્દ્ર મટીને વિવેકાનંદ થયા; ત્યાંથીજ એમને જ્ઞાનમંત્રની પ્રાપ્તિ થઇ.

પરંતુ એટલાથીજ એમના મહાન કાર્યની તૈયારી થઇ રહી એમ નથી. એમણે ઉત્તરમાં હિમાલયથી તે દક્ષિણે કન્યાકુમારી સુધી અનેક સંત મહંત અને શ્રોત્રિય જનોનો સત્સંગ કર્યો હતો; એ પ્રવાસમાં સામાન્ય મનુષ્યોને પણ તેઓ આત્મભાવથી ભેટતા, સર્વ પાસેથી શિક્ષણ મેળવતા ને સર્વને શિક્ષણ આપતા. સર્વની સાથે હળતામળતા; હિન્દુસ્તાનના આંતર અને બાહ્ય જીવનનો, ભૂતકાળના સંસ્કારો અને અર્વાચીનકાળની સંસ્કૃતિની અસરનો અભ્યાસ કરતા; અને આર્યદેશના સમસ્ત જીવનને પોતાના હૃદયમાં બરાબર બેસાડતા હતા. રામકૃષ્ણ પરમહંસમાં જે તત્ત્વ એમને સાક્ષાત્ જણાયું હતું, તેજ તત્ત્વ અને તેજ જ્ઞાનનું લક્ષ્ય તેમના જોવામાં જ્યાં ત્યાં આવ્યું હતું.

આ પ્રમાણે સ્વામી વિવેકાનંદજીના જ્ઞાનસંગીતનો ઝરો ધર્મશાસ્ત્રો, સદ્ગુરુ અને ભારત દેશના અનુભવમાંથી નીકળ્યો છે. જ્ઞાનની આ ત્રિવિધ છાયા એમના પ્રત્યેક ભાષણમાં જણાઇ રહે છે. આ ત્રિવિધ જ્ઞાનમાંથી જગતના ત્રિવિધ તાપને શમાવનારી દૈવી ઔષધિ એમણે નિર્માણ કરી છે. આ પ્રમાણે ત્રણ પ્રકારના પુનીત પ્રકાશથી તેજોમય થએલો દીપક હિન્દુસ્તાનને સ્વહસ્તેજ પ્રજ્વલિત થઇ, કેવળ હિન્દનાં બાળકોનેજ નહિ, પણ સમસ્ત જગતનાં બાળકોને પ્રકાશમાન માર્ગ દર્શાવવાને શક્તિમાન થયો છે. ઇ. સ. ૧૮૯૩ ના સપ્ટેમ્બરની ૧૯ મીથી લઇ ઇ૦ સ. ૧૯૦૨ ના જુલાઇ માસની ૪થી તારીખસુધી સ્વામીજીએ પોતાનું ધર્મકાર્ય કર્યું હતું. આપણે એમના આ મહત્કાર્યને પૂજીએ છીએ; એમના આ પ્રકાશમાન જ્ઞાનદીપકને નમસ્કાર કરીએ છીએ; જે પુનીત ભૂમિએ એમના જેવા નરરત્નને ઉત્પન્ન કર્યા, તેનો વિજય ઇચ્છીએ છીએ; અને જે ઉદાર હૃદયોના આશ્રયથી એઓ વિદેશોમાં પધાર્યા તે હૃદયોને ધન્ય માનીએ છીએ. વિવેકાનંદનાં શિષ્યા—

૪ થી જુલાઇ ૧૯૦૭ **બહેન નિવેદિતા.**

ॐ

स्वामी विवेकानंद

एमना सदुपदेश.

ग्रंथ १ लो.

१--धर्म एटले शुं ?

આગગાડીના પાટા ઉપરથી એક પ્રચંડ ઍન્જીન ઝડપથી દોડી આવતું જણાય છે. એમાંના એક પાટા ઉપર એક છેક નાનો જંતુ બેઠેલો છે. ઍન્જીનને સમીપ આવેલું જોઇને તે જંતુ પાટાની બાજુપર ખસી જઇ પોતાના જીવનું રક્ષણ કરે છે. આવા પ્રકારના અનેક બનાવો આપણે જોઇએ છીએ. તે જંતુ ઘણોજ નાનો અને ઍન્જીન તેની સાથે સરખાવતાં ઘણુંજ મોટું જણાય છે. એકાદ નાનો આઘાત પણ તે જંતુને મરણ શરણ કરવાને પુરતો છે—ઍન્જીનનો સ્પર્શ માત્ર પણ તેને જીવરહિત કરવાને બસ છે. અનન્ત હીલચાલ ઇત્યાદિ ચેષ્ટાઓ તે જંતુ પણ કરે છે અને ઍન્જીન પણ કરે છે; પરંતુ ઍન્જીન ગમે તેટલું મોટું અને સમર્થ છતાં જડ છે અને જંતુ ગમે તેટલો નાનો છતાં જીવન્ત પ્રાણી છે. ઍન્જીન ગમે તેટલી હીલચાલ કરે તથાપિ તે સર્વ મર્યાદિત છે. ઍન્જીન બનાવનારે તેમાં જે મર્યાદા મૂકી હોય તેનું ઉલ્લંઘન કોઇ કાળે તે કરી શકતું નથી; ત્યારે જીવન્ત પ્રાણી ગમે ત્યારે અને ગમે તે પ્રમાણે હીલચાલ કરવા સ્વતંત્ર છે. તેણે અમુક મર્યાદામાં રહેવું જોઇએ, એવો નિયમ કે પ્રતિબંધ કોઇથી કરી શકાતો નથી. જીવન્ત પ્રાણીમાં બુદ્ધિ તથા શક્તિ છે અને તેનો ઉપયોગ કરવાનો તેને સંપૂર્ણ અધિકાર

છે. ઍન્જીન ગમે તેટલું મોટું છતાં બુદ્ધિના અભાવે તે કેવળ પરતંત્ર છે અને જીવન્ત પ્રાણી ગમે તેટલું નાનું છતાં તે સ્વતંત્ર છે. આ સ્વતંત્રતા કિંવા મુક્તિને માટેજ આપણો સર્વ પ્રયત્ન છે. આપણી જે ચાલુ સ્થિતિ હોય તેથી અધિક સ્વતંત્રતાની સ્થિતિ કેમ પ્રાપ્ત થાય એજ આપણા દરેકના વિચારનો વિષય છે અને આપણા સર્વ પ્રયત્નો પણ સ્વતંત્રતાની પ્રાપ્તિને અર્થેજ છે; કારણ કે સંપૂર્ણ સ્વતંત્રતાજ ખરી સંપૂર્ણતા છે. સમસ્ત વિશ્વમાં પૂજનના જે જે વિધિ અને આચાર દ્રષ્ટિગોચર થાય છે તે સર્વના મૂળમાં એજ ઇચ્છા રહેલી જણાય છે. આપણી સર્વ સાધનાઓ એ મુક્તિ માટેજ છે એવું કેટલાકો જાણતા હોય એ સંભવિત છે; પણ સર્વનો પ્રયત્ન—સર્વનું લક્ષ્ય તો એજ દિશામાં છે.

જગતમાં ચાલતા સર્વ પ્રકારના પૂજન વિધિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં જણાઇ આવે છે કે જંગલીમાં જંગલી માણસો પણ ભૂત, પ્રેત, રાક્ષસો કે પિતૃઓના આત્માની પૂજા કરે છે. સિવાય સર્પોની પૂજા, જાતિય કે કુળ દેવતાની પૂજા અને મૃત્યુ પામેલા પિતૃઓની પૂજા, એ સર્વ શા માટે? માણસ જાતમાંનો તે તે ભાગ એમ માને છે કે એ સર્વ—ભૂતપિશાચો વગેરે તેમનાથી વધારે શક્તિવાન હોઇ તેમની સ્વતંત્રતામાં પ્રતિબંધકર્તા છે; તેથી જો તેમને સંતુષ્ટ કર્યા હોય તોપછી તેમના તરફથી કોઇ પ્રકારની અડચણ નડતી નથી. તેમજ જો ભૂત પ્રેતાદિની મદદ હોય તો શ્રમ કર્યા વિના જરૂરી વસ્તુ મળે છે. આપણા શ્રમ વિના કોઈ વસ્તુ આપણને મળે અને આપણી ઇચ્છામાં આવે તે વસ્તુ થવામાં કોઈ પ્રતિબંધ કર્તા રહે નહિ, એ ભાવનાના તત્ત્વનું પૃથક્કરણ કરતાં જણાય છે કે આ સર્વ પ્રયત્ન વધારે સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટેજ છે.

કોઈ સમર્થ દેવતા વગેરેની પૂજા કરવામાં મનુષ્યની એવી ધારણા હોય છે કે, તેનો ઉપાસ્ય તે પોતે ન કરી શકે એવું કંઇક કરશે. સ્વલ્પમાં કહીએ તો તે કંઇ ચમત્કારની આશા રાખે છે. સમસ્ત મનુષ્ય જાત કંઇક આવીજ ધારણા રાખતી જણાય છે. આપણે દુઃખ કે વિપત્તિના પ્રસંગમાં કિંવા અનેક એવી બાબતમાં બહારની મદદની આશા રાખીએ છીએ. જગતમાં ગમે તેટલો સુધારો થાય તથાપિ આ ભાવના તો કોઇ ને કોઇ સ્વરૂપમાં રહેશેજ. કદાચ કોઇ એમ કહેશે કે આવી ભાવના માત્ર જંગલી લોકોમાંજ અધિક પ્રતીત થાય છે; પણ અમારો તેને પ્રતિપ્રશ્ન છે કે એ જંગલી લોકોમાં પણ એ ભાવના ક્યાંથી આવી? હિંદુ લોકો ઇચ્છતા હતા કે તેમના પ્રભુ તેમની પાસે આવે અને સ્વર્ગ કે જેને એક રમ્ય દુનિયા કલ્પેલી છે, તેનાં સુખોનો તેઓને ઉપભોગ કરવા આપે; અર્થાત્ પ્રભુ તેમને વધારે સ્વતંત્ર કરે. આજે એ વાતને સેંકડો—હજારો વર્ષ વીતી ગયાં છે, તોપણ લોકોની એજ ઇચ્છા છે. બીજી રીતે વિચાર કરીએ તોપણ એમજ માલૂમ

પડે છે. જગતના પ્રારંભથી તે આજ પર્યન્ત તે અસંતુષ્ટ જણાયું છે. અમુક ફળસિદ્ધિ થતાં આપણે સંતોષ પામીશું એમ વિચારી આપણે અમુક ઉદ્યોગની શરૂઆત કરીએ છીએ; પરંતુ તે કાર્યમાં હજી તો આપણે અર્ધેજ રસ્તે પહોંચીએ એટલામાં તો એક બીજીજ ઇચ્છા આપણામાં ઉત્પન્ન થાય છે અને પાછી અતૃપ્તિ-જિજ્ઞાસા--અસંતોષની લાગણીઓ પહેલાં જેટલીજ તાજી અને તીવ્ર બને છે. આપણો આગલો કરેલો ઉદ્યોગ વ્યર્થ થાય છે અને પુનઃ નવીન ઉદ્યોગનો પ્રારંભ કરવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. આપણે કોઇક લક્ષ્ય બિંદુને પહોંચવા સખ્ત પ્રયત્ન કરીએ છીએ પણ તે લક્ષ્ય બિંદુને માર્ગે થોડાક આગળ વધ્યા કે તેનો મોહ ઉતરી જાય છે, આપણને તે નિરસ ભાસે છે અને આપણું મન પાછું કોઈ જૂદીજ ઇચ્છાને શોધવા લાગે છે. આમ આપણા આખા જીવનનો વિચાર કરવામાં આવે તો અસંતોષ અને અતૃપ્તિ સિવાય આપણે તેમાં બીજું કશું જોઈ શકીશું નહિ. આપણને કશાની પણ જરૂર નથી, એવી ભાવના થઇ હોય એવી એક પણ ક્ષણ આપણા આખા જીવનમાં જણાશે નહિ. કોઇ વખતે આ અતૃપ્તિની ભાવના વિશેષપણે પ્રકટ થાય છે, તો કોઇવાર તે અંતરના ઉંડાણમાં સંચાર કરતી જણાય છે. જગત સમસ્તમાં આવી વસ્તુસ્થિતિ હોવાનું કારણ શું ? આ સંસાર કે જેમાં માનવ જાતિને તૃપ્તિ શોધવાનો સ્વભાવ પડી ગયો છે, તે સંસારથી પર જવાની જિજ્ઞાસાજ આ અતૃપ્તિનું કારણ છે. આ સંસાર તેને તૃપ્ત કરવા અસમર્થ છે એજ આ અસંતોષનું રહસ્ય છે. મનુષ્ય સંતોષને ઇચ્છે છે; પરંતુ સંસાર તેને સંતોષ આપવા અસમર્થ છે અને તે માટેજ મનુષ્ય અસંતોષથી ભરપૂર તથા સ્વતંત્રતાને માટે ફાંફાં મારતો જણાય છે.

બાળક જન્મતાંજ રૂદન કરી જણાવે છે કે, સંસારનું બંધન તેને પ્રિય નથી. એક તરફ તેને દેહનું ભાન થાય છે અને બીજી તરફ તે રૂદન કરે છે. આ પ્રમાણે જો સંસાર બંધનરૂપજ જણાતો હોય તોપછી, તેનાથી અધિકતાવાળી કોઇ સંપૂર્ણ સ્વતંત્ર વસ્તુ અસ્તિત્વમાં હોવી જોઇએ એમ સ્વાભાવિક રીતેજ અનુમાન કરવાને કારણ મળે છે. એ અંધકાર પ્રિય ન લાગતો હોય તો પ્રકાશ જેવી કોઇ વસ્તુ અવશ્ય પ્રિય હોવી ઘટે છે. જો દુઃખ પ્રિય નજ હોય તો સુખનું અસ્તિત્વ અવશ્ય નક્કી થાય છે; તેજ પ્રમાણે જો અસંતોષનો અનુભવ થાય છે એ વાત નક્કીજ છે, અને જો બંધનનો અનુભવ પણ સત્યજ છે: તોપછી એ પણ સત્ય જ હોવું જોઇએ કે કોઈ એક એવી પણ વસ્તુ અથવા સ્થિતિ અસ્તિત્વમાં હોવીજ જોઇએ કે જે સર્વથા મુક્ત અને સંતુષ્ટ હોય. આ કલ્પનામાંથીજ પરમાત્માના અસ્તિત્વની કલ્પના ઉદ્ભવ પામી છે અને તે મનુષ્યના અંતઃકરણમાં ઓતપ્રોત થઇ રહેલી જણાય છે. આ પ્રમાણે પ્રતિબંધ અને અસંતોષની ભાવનાઓ એ કારણ

છે **અને પરમાત્માના અસ્તિત્વની ભાવના એ** તેનું કાર્ય અથવા પરિણામ છે.

વેદાન્તના મત પ્રમાણે પરમાત્માની ભાવના **सच्चिदानंद**-સત્ ચિત્ અને આનંદમાં સમાવી દેવામાં આવી છે. પરમાત્મભાવનાની આ ઉચ્ચતમ દશા છે. પરમાત્મા સંબંધી આપણે જે કંઇ કલ્પના કરી શકીએ-તેમાં આપણે જે કંઈ ગુણારોપણ કરી શકીએ તે સર્વનો સમાવેશ આ **सच्चिदानंद**માં થઇ જાય છે. વેદાન્ત કહે છે કે ઈશ્વર સંબંધી ખૂબ વિચાર કરો-ગમે તેટલી હદ સુધી તેની કલ્પનાને લઈ જાઓ; તથાપિ તે **सच्चिदानंद**ની કલ્પનાથી આગળ જઇ શકશો નહિ. **सच्चिदानंद** એજ સર્વ જ્ઞાનનું અંતિમ લક્ષ્યબિંદુ છે અને તેને પામવાથી જ મનુષ્ય નિરામય પદને-જેમાં અસંતોષ કે બંધન નહિ હોય એવા આનંદને પ્રાપ્ત કરે છે. આ સૃષ્ટિ કારણ કાર્યપરંપરાથીજ ચાલે છે. દરેક વસ્તુમાં કારણ અને કાર્યની સંકલના દૃશ્ય થાય છે અને મનુષ્યે પણ એમ માની લીધું છે કે, એ કાર્ય કારણને જાણીને તેને અનુસરતા નિયમમાં વર્તવામાંજ મનુષ્યનું હિત જળવાય છે. આમ માની લઈ મનુષ્યે પોતાના સુરક્ષિતપણાને અર્થે કેટલાક નિયમો યોજી લીધા છે; જે અનંતકાળથી રૂઢ થતા જઇ તેમાંથી મનુષ્યનો સ્વભાવ પણ તે નિયમોને આધીન થઈ ગયો છે; અને આમ હોવાથીજ મુક્તિની જિજ્ઞાસા દઢતર થાય છે; કારણ કે એ નિયમોથી સંતોષ ન પામતાં આપણો આત્મા વારંવાર સ્વતંત્રતા માટે પોકાર કરી ઉઠે છે. આપણો આત્મા વારંવાર તીવ્ર જિજ્ઞાસાયુક્ત આગ્રહથી સંસાર અને તેનાં બંધનોથી પર એવા નિરામય, સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુને પામવા પ્રયત્ન કરે છે. ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે અને ભલે સમસ્ત જગતના રાજ્યની પ્રાપ્તિ થાઓ, તથાપિ આ જિજ્ઞાસા તૃપ્ત થતી નથી. **જ્યાં સુધી સચ્ચિદાનંદરૂપી લક્ષ્યબિંદુને આપણે પામતા નથી, ત્યાં સુધી બંધન તરફ લઈ જતી સ્વાભાવિકી મનુષ્યબુદ્ધિ, અને પ્રભુ તરફ આકર્ષણ કરતી દૈવી પ્રેરણાની વચ્ચે તુમુલ વિગ્રહ ચાલુજ રહે છે;** અને જ્યાં સુધી આ વિગ્રહની શાન્તિ થઇ નથી ત્યાં સુધીજ મનુષ્યનું અસ્તિત્વ પૃથક્ રહે છે. આવી સ્થિતિમાં આપણે જ્યાં સુધી હોઇએ ત્યાં સુધી એમજ માનીએ છીએ કે, આપણે પ્રત્યેક મનુષ્ય એક બીજાથી ભિન્ન છીએ અને આપણા સ્વાર્થ એકમેકથી જુદા છે. અનેક ટેવોથી ટેવાએલી બુદ્ધિ આપણને જગત તરફ ખેંચે છે અને દૈવી બુદ્ધિ તેનાથી પર સચ્ચિદાનંદ રૂપ તરફ લઇ જવા મથન કરે છે; અને આ ઉભયનો વિગ્રહ એજ આપણાં બંધન અને અસંતોષનું કારણ છે. આ વિગ્રહ જ્યાં સુધી માણસ ઉપર કોઇપણ નિયમ કે ઇચ્છાનું બંધન છે ત્યાં સુધી શાન્ત પામતો નથી અને તેથીજ અસંતોષ અને દુઃખ પણ રહે છે.

આ જગતમાં પ્રવેશ કરતાંજ બાળક રૂદન કરે છે, તેનો એજ અર્થ થાય

છે કે હું નિયમથી બંધાવાની ઇચ્છા રાખતો નથી મારો સ્વભાવ આ નિયમો—જગત કૃત નિયમો—થી પર છે. **જ્યાં સુધી આપણે આ જગતના નિયમોથી બંધાએલા છીએ ત્યાં સુધી એક જડ ઍન્જીન અને આપણામાં કશો ભેદ નથી.** જેમ નિર્જીવ યંત્રથી સર્વ હીલચાલ તેનાં કર્તાને આધીન છે; તેજ પ્રમાણે આપણી સર્વ હીલચાલ જગતને આધીન છે અને આ આધીનતાનો સ્વભાવ પડી જતાં—આધીનતા સાથે લાંબા સમયનો પરિચય થઈ જતાં એ આધીનતા ઇષ્ટ છે એમજ આપણે માની લઇએ છીએ; તથા તેમ કરીને તેની પેલી પાર જોવાનું સામર્થ્ય આવૃત્ત કરી દઇએ છીએ; પરંતુ બુદ્ધિને અંતર્મુખ કરતાં, આત્મા સાથે પરિચય પાડતાં આપણને જણાય છે કે અંતરમાં એક ભિન્ન બુદ્ધિ છે તેનો સ્વભાવ કંઇક જૂદોજ છે. આ બુદ્ધિનો પરિચય વધતાં મનુષ્યની સંસારમાં રમતી વ્યાવહારિક બુદ્ધિ ક્ષુદ્ર જણાય છે. અંતર બુદ્ધિથી આપણો સંબંધ દઢતર થતાં તે જાગૃત થવા માંડે છે. સૃષ્ટિનાં બંધનો તરફની તેની વૃત્તિ વધારે સબળ થઇ મુક્તિની જિજ્ઞાસાને વધારે સતેજ કરે છે. મુક્તિની ભાવનાજ એ અંતર બુદ્ધિનો નિરંતરનો જાપ હોય છે. આ બુદ્ધિમાં આરૂઢ થએલા જીવાત્માને એજ રટન હોય છે; મુક્તિ એજ તેની ઇચ્છા હોય છે. સાંસારિક ડહાપણ તેને પોતાના પ્રતિ ખેંચે છે અને વારંવાર તેને જગતના બંધનમાં બાંધવા પ્રયત્ન કરે છે. હવે પ્રશ્ન એ થાય છે કે, જગતના નિયમોથી નિરંતર બંધાએલા રહેવું એજ શું જીવાત્માનું નિર્માણ છે?

નાગપૂજા, ભૂતપૂજા, પિતૃપૂજા ઇત્યાદિ પૂજાના વિવિધ પ્રકારો હસ્તીમાં શી રીતે આવ્યા? આપણે બહારથી દૈવી મદદની આશા રાખીએ છીએ તેનું કારણ શું? આપણા જીવિતનો—આપણા હુંપણાનો આપણે વારંવાર ઉચ્ચાર કરીએ છીએ તેનો શો અર્થ હોઇ શકે? આ સર્વ આપણા પ્રયત્નો, આપણાં બંધન અને અસંતોષમાંથી મુક્ત થવાના પ્રયત્નોનું પરિણામ શું! એ ખરેખર વિચાર કરવા જેવા પ્રશ્નો છે. આ સર્વ પ્રયત્નો અર્થશૂન્ય તો નજ હોય! આ સર્વ દોડાદોડ અને પ્રશ્નપરંપરાનો એજ અર્થ હોઇ શકે કે, પ્રત્યેક જીવાત્મા પ્રત્યેક ક્ષણે મુક્તિ કિંવા સ્વતંત્રતાને માટે પ્રયત્ન કરે છે. ભૌતિકશાસ્ત્રો અનેક શોધો કરી આજે આ સ્થિતિએ પહોંચ્યાં છે એ પણ જીવાત્માના હજારો વર્ષના સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના પ્રયત્નનુંજ ફળ છે. પૂર્ણતા પ્રાપ્ત કરવી એજ આ સર્વ શાસ્ત્રોનો હેતુ છે અને જીવાત્માના દરેકે દરેક પ્રયત્નનું, સર્વ દોડાદોડનું લક્ષ્યબિંદુ પણ એજ છે. માત્ર જડ જગતનોજ વિચાર કરવામાં આવે તો તો મુક્તિ છેજ નહિ. વિશ્વ ચારે તરફથી નિયમોમાં બંધાએલું છે. આ નિયમો રૂપી બંધનમાં જકડાઇ રહેનારને મુક્તિનો માર્ગ ક્યાંથી દેખાય? જ્યાં પણ દ્રષ્ટિ જાય, જેનો પણ વિચાર

થાય તે સર્વ બંધનમાં છે અને સર્વ દશ્ય જગત બંધનથી જકડાએલું જણાય છે; માટેજ જીવાત્માનો પ્રયત્ન પણ આ બંધનથી પર જવાને સતત્ ચાલુ છે. સૂર્ય ચંદ્રથી લઇને તે નાનામાં નાના અણુ સુધીના સૃષ્ટ પદાર્થ માત્ર કોઈ ને કોઇ પ્રકારના નિયમને આધીન છે; અને આમ હોય તો બિચારૂં મનુષ્ય પણ નિયમને આધીન થાય તેમાં નવાઇ જેવું શું છે? પણ હા! મનુષ્યને એ બંધન રૂચિકારક નથી. મનુષ્ય એ બંધનથી જકડાએલો છે, છતાં તે બંધનને ઇચ્છતો નથી એટલો મનુષ્ય અને અન્ય પદાર્થોમાં ભેદ છે. મનુષ્યના આત્માએ સૃષ્ટિજન્ય કાયદાઓનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે; તથાપિ એ કાયદાથી બંધાએલા રહેવું એ તેણે પસંદ કર્યું નથીં અને કોઈ કાળે પસંદ કરનાર પણ નથી. જગતના પ્રારંભથીજ તે મુક્તિની યાચના કરતો રહ્યો છે. “ મુક્તિ ” એજ મનુષ્ય આત્માનો અવિરત ધ્વનિ છે. આ મુક્તિના ચિંત્વનમાંથીજ તેને એમ જણાય છે કે, આપણે બંધનમાં છીએ; માટે એવું કંઈક અસ્તિત્વ હોવું જોઇએ કે જે મુક્ત હોય! ઈશ્વરવિષયક કલ્પનાનો અહીંથીજ પ્રારંભ થાય છે. આપણે જો બંધનથી પર જઇએ–મુક્તિને પ્રાપ્ત કરીએ તો આપણા માટે બીજી કોઇ પણ ઇચ્છા કે આશા અવશેષ રહેતી નથી. અર્થાત્ મુક્તિજ માનવ પુરૂષાર્થનો અવધિ છે. મુક્ત થવા માટે મનુષ્ય જે પરિશ્રમ કરે છે અને જે કષ્ટ સહન કરે છે, તેનો વિચાર કરવાથી માલૂમ પડે છે કે મુક્તિની જિજ્ઞાસા તેના અંત.કરણમાં કેટલી તીવ્ર છે! બીજા કોઇ કાર્ય માટે તે આટલો પ્રયત્ન કદિ પણ ન કરે એ વાત ચોક્કસ છે. મનુષ્યનું અંતઃકરણ વારંવાર જાણે તેને કહેતું હોય કે તું સંયોગોનોજ ગુલામ છે. બંધનની બેડીઓ તારા પગમાં ખડખડાટ કરે છે. અંતઃકરણની આ પ્રેરણા તેને એવી કલ્પના તરફ દોરી જાય છે કે, આ બંધન અને નિયમથી મુક્ત હોય એવું કોઇ અસ્તિત્વ જરૂર હશે. જગતનાં બંધનોનું દુઃખ જેમ જેમ પ્રત્યક્ષ થતું જાય છે; અંતઃકરણની નિરાશા વધતી જાય છે; તેમ તેમ મુક્ત સ્વરૂપ પરમાત્માની કલ્પના સુદૃઢ થતી જાય છે. એથી સૃષ્ટિના નિયમોનું જ્ઞાન સૃષ્ટિના નિયમથી બાધિત છે, એવું જ્ઞાન જીવાત્માને જેમ એક બાજુથી થાય છે તેમજ બીજી બાજુથી આ સૃષ્ટિબંધનોથી પર અને મુક્ત એક પરમાત્મા છે એ કલ્પના ઉદ્‌ભૂત થાય છે. પ્રથમ કલ્પના અવાસ્તવિક નથી, એમ જે માને છે તેને બીજી કલ્પનાની સત્યતા પણ સ્વીકારવીજ પડશે. મુક્તિને માટે જીવાત્માની દોડાદોડમાંથીજ ઉપર્યુક્ત ઉભય ભાવનાઓનો જન્મ થયો છે. સૃષ્ટિની દરેક સજીવ વસ્તુમાં વત્તાઓછા પ્રમાણમાં આ કલ્પનાઓનો ઉદય થએલો જણાય છે. એવી કોઈ વનસ્પતિ પણ નહિ દેખાય કે જેમાં એ કલ્પના પ્રાદુર્ભાવ ન પામી હોય! વૃક્ષ, પાન પત્થર અને નાના સરખા જંતુમાં પણ આ કલ્પનાનો ઉદય થએલો સ્પષ્ટ જણાય છે. આપણે ઉપર જોઈ ગયા છીએ

કે મનુષ્યમાં મનુષ્ય બુદ્ધિ તેમજ દૈવી બુદ્ધિ એ ઉભયનું સામ્રાજ્ય છે, અને તેમનો સતત્ વિગ્રહ ચાલતો હોવાથીજ મનુષ્યની એ કલ્પના વિશિષ્ટ જણાઇ આવે છે. બુદ્ધિની આ દ્વિવિધ દશા અલ્પ પ્રમાણમાં વૃક્ષ, પાન, કીટ, પતંગ, પાષાણ ઇત્યાદિ સર્વમાં હોય છે અને તેના પ્રમાણમાં મુક્તિને માટે પ્રયત્ન, અને આમ દોડાદોડમાં પોતાનું વ્યક્તિગત જીવન સુરક્ષિત રાખવાની પ્રવૃત્તિ આપણે વસ્તુ માત્રમાં જોઇએ છીએ. એક નાનો જંતુ પણ બંધનની પાર જવાને ઉત્સુક હોય છે એ આપણે જોઈ ગયા છીએ. આપણી દ્રષ્ટિમાં એક જંતુનું શરીર તદન ક્ષુદ્ર અને નિરૂપયોગી જણાય છે તથાપિ તેની દ્રષ્ટિમાં તેમ નથી. તે તેને પ્રિય ગણે છે અને સુરક્ષિત રાખવા પ્રયત્ન કરે છે. સ્વતંત્રતાને માટે તેના જીવાત્માની ઇચ્છા હોવાથીજ તે શરીરરક્ષણને માટે ઉત્સુક જણાય છે. તેનામાં પણ શરીરરક્ષણની ઇચ્છા ઉત્પન્ન કરનારી દેહબુદ્ધિ અને બંધનથી પર એવી ઉન્નતિના માર્ગ માટે જિજ્ઞાસા ઉત્પન્ન કરનારી દૈવી બુદ્ધિનો થોડા પ્રમાણમાં ઉદય થએલો હોય છે. આ ઉભય શક્તિઓના વિગ્રહમાં જે શક્તિ વધારે વિજયવાન થાય છે, તેટલા પ્રમાણમાં તે જીવાત્માને પોતા પ્રતિ ખેંચે છે; અને આ પ્રમાણપરથીજ માણસની ઉન્નતિ કિંવા અવનતિનું માપ થાય છે. જડ વિશ્વ જીવાત્માની સાંસારિક બુદ્ધિને પોષણ આપે છે અને ઈશ્વરની કલ્પના તેને પોતા તરફ ખેંચે છે. આવો વિગ્રહ મનુષ્યના આત્મામાં જગતના પ્રારંભકાળથીજ શરૂ થયો છે અને તે કોઇ કાળે અટકે તેમ નથી. માનવ જાતિમાં નાના પ્રકારના ધર્મ અને પંથ ઉપસ્થિત થએલા આપણે જોઇએ છીએ. એ મત મતાંતરોને જોઇ કોઈકવાર આપણે ઘૃણાપૂર્વક કહીએ છીએ કે, આ ધર્મનો ઝઘડો શા માટે? આપણને સ્વાભાવિક રીતેજ એમ થાય છે; પણ વસ્તુતઃ એમાં શોક કરવા જેવું કશુંજ નથી. મનુષ્ય જાતિની ઉન્નતિને માટે આ મત મતાંતરોની પણ આવશ્યક્તા છે. અનેક મતમતાંતર ઉપસ્થિત થાય એ કેવળ સ્વાભાવિક છે, તથાપિ વિચાર કરતાં તે સર્વનો હેતુ એકજ જણાય છે અને આ વાતનો જો નિશ્ચય થયો તો ધર્મોમાં વિગ્રહ થવાનો જરા પણ સંભવ નથી. જેને લીધે આ સમસ્ત વિશ્વ ભાસમાન થાય છે અને જે સર્વદા મુક્ત છે, તેને આપણે ઈશ્વરના નામથી ઓળખીએ છીએ. મુક્તિની કલ્પના ઈશ્વરની કલ્પનાની સાથેજ જોડાએલી છે. જો મુક્તિ છે તો ઈશ્વર છે, જો મુક્તિની કલ્પનાનો, એટલે કે સંસારબંધનથી મુક્ત થવાની જીવાત્માની જિજ્ઞાસાનો નાશ થાય, તો મનુષ્યનું જીવનજ ટકવું કઠિન છે; કારણ કે આ કલ્પનાને અનુભવસિદ્ધ કરવાને માટેજ આ સઘળી દોડાદોડ છે. જો એ કલ્પના નાશ પામે તો દોડાદોડને માટે અવકાશ નથી અને મુક્તિ માટેના પ્રયત્નરૂપી આ દોડાદોડને જો અવકાશ ન હોય તો પછી જીવન ક્યાંથી ટકી શકે? આ પ્રયત્નોના વ્યક્ત સ્વરૂપનું નામજ જીવન છે. જો

એ પ્રયત્નો નથી તો જીવન પણ નથીજ; અર્થાત્ મુકિતની કલ્પનાનો તમારાથી કોઇ પણ રીતે ત્યાગ થઇ શકે તેમ નથી, અને જો મુકિતની કલ્પનાને તમે માન્ય કરી તો તેની સાથેજ ઇશ્વરની કલ્પનાને પણ તમારે અવશ્ય માન્ય કરવી પડશે. સ્વતંત્રતા અથવા બંધનથી મુકત થવાની કલ્પના જેટલા પ્રમાણમાં અમુક વ્યક્તિમાં જાગૃત હોય છે, તેટલાજ પ્રમાણમાં એનું ક્રિયાત્મક જીવન રચાય છે. તમે જ્યારે એમ કલ્પના કરો છો કે 'અમુક સ્થળે જવું છે,' 'અમુક કામ કરવું છે,' ત્યારે તેની સાથેજ તમને એવો વિચાર પણ નથી આવતો કે તમે એ કામ કરવાને સ્વતંત્ર છો? અથવા તમને એમ કરવાનો કે જવાનો અધિકાર છે? ક્રિયાના વિચારની સાથેજ અધિકારનો વિચાર પણ ઉદ્ભવે છેજ. આ ઉપરથી તમારા ધ્યાનમાં આવી શકશે કે દરેક ક્રિયાના વિચારની સાથેજ સ્વતંત્રતાનો વિચાર પણ જોડાએલો છે. ભલે કોઇ માનસશાસ્ત્રી આપણી સર્વ દશ્ય પ્રવૃત્તિની મીમાંસા કરી, તેનો ભળતોજ અર્થ ગોઠવવા પ્રયત્ન કરે; પરંતુ તેની સર્વ વાત કબૂલ કર્યા છતાં પણ આપણામાં મુકિતની જે એક અતૃપ્ત ઇચ્છા સદા જાગૃત છે, એ વાતનો એનાથી અસ્વીકાર થઇ શકશે નહિ. જગતનાં બંધનોથી આપણે જકડાએલા છીએ એ વાત જેટલે અંશે પ્રત્યક્ષ છે, તેટલેજ અંશે મુકિતની કલ્પના હોવી એ સિદ્ધાંત પણ પ્રત્યક્ષજ છે.

બંધ અને મુકિત, જ્ઞાન અને અજ્ઞાન, પુણ્ય અને પાપ એ સર્વ વસ્તુઓની કલ્પના સાથે સાથેજ રહેનારી છે. એક વિના બીજી ટકી શકતી નથી. આ પૈકી એક વસ્તુની જો કલ્પના થાય તો તેની સહચારી વસ્તુની કલ્પના પણ તેની સાથે થવાનીજ. જે સૃષ્ટિનિયમો આપણને બંધનકર્તા જણાય છે, તે સર્વ નિયમોમાં એ મુકિતની ભાવનાનો ગુપ્ત નિવાસ છે. આ ઉભય કલ્પનાઓપૈકી જેટલા પ્રમાણમાં એક વાસ્તવિક છે તેટલાજ પ્રમાણમાં બીજી પણ વાસ્તવિક છે. **સાધારણ સ્થિતિના મનુષ્યોમાં મુક્તિની ઇચ્છા વિશેષ જાગૃત થએલી જણાતી નથી તેનું કારણ એજ છે કે, "આપણે સાંસારિક બંધનોથી જકડાએલા છીએ, આપણે પરતંત્ર છીએ" એ ભાવના તેમનામાં વિશેષ જાગૃત થએલી હોતી નથી.** જે પ્રમાણમાં મુકિતને માટે આપણે ન્યૂનાધિક પ્રયત્ન કરીએ છીએ, તેટલાજ પ્રમાણમાં જગતનાં બંધનોની ન્યૂનાધિકતા આપણને પ્રત્યક્ષ થએલી હોય છે. "આપણે પાપી છીએ, આપણે અપવિત્ર છીએ" એ કલ્પના સંસ્કારી માનવ સમાજમાં જે પ્રમાણમાં જણાય છે, તે પ્રમાણમાં અજ્ઞાન વર્ગમાં જણાતી નથી; એટલુંજ નહિ પણ પાપ એટલે શું તેની કલ્પના જ સામાન્ય મનુષ્યોના અંતરમાં ઉપજી શકતી નથી. તેમના જ્ઞાનની ભૂમિકા પશુની જ્ઞાનભૂમિકા કરતાં વિશેષ ઉચ્ચ હોતી નથી. પશુના અંતરમાં તો આ કલ્પનાને જાગ-

વાનો અવકાશજ નથી; કારણકે બુદ્ધિનું જે તત્ત્વ માનવ અંતઃકરણમાં જાગૃત થએલું હોય છે તે પશુમાં અત્યન્ત અલ્પ પ્રમાણમાં હોય છે. પશુવર્ગની સર્વ ઇચ્છાઓનું નિરીક્ષણ કરવામાં આવે તો તે માત્ર જડ દેહ અને તેને પોષવાની લાલસાઓ સુધીજ હોય છે. જડ દેહ અને તેનો સંબંધ જો સુખમય હોય તો પશુને તેથી વિશેષની આવશ્યકતા રહેતી નથી. તેજ પ્રમાણે માણસ જાતનો છેક સાધારણ વર્ગ પણ દેહ અને તે સંબંધી ઇચ્છાઓમાંજ રચ્યો પચ્યો રહે છે. જેમ જેમ તેનું માનસિક અને બુદ્ધિવિષયક ક્ષેત્ર વિશાળ થાય છે, તેમ તેમ તે દેહ અને તજ્જન્ય ઇચ્છાઓના બંધનમાંથી આગળ વધે છે. દેહ અને તજ્જન્ય સંજોગો ગમે તેવા હોય તથાપિ 'હું પૂર્ણ સુખી છું' એવો અનુભવ સાધારણ મનુષ્યને થઈ શકે તેમ નથી. કોઇવાર તેનું આરોગ્ય બગડે છે ત્યારે તે પાછું મેળવવું તેની શકિત બહારનું થઇ જાય છે. આપણે અસ્વસ્થ હોઇએ અને સ્વાસ્થ્યનો કોઈ પણ ઉપાય જ્યારે ન જણાય, ત્યારે સ્વાભાવિક રીતેજ એવી કલ્પના થાય છે કે આપણે દુઃખી અને પરતંત્ર છીએ; અને આપણને જણાય છે કે શારીરિક સુખ એ નિત્યનું, સર્વોત્તમ અને નિરામય સુખ નથી. આ પ્રમાણે શારીરિક સુખોમાં વિરામ ન મળવાથી માણસ માનસિક સુખની કલ્પનામાં રમવા માંડે છે. માનસિક કલ્પના સાથેજ સાચું શું અને સારૂં શું, સુખ શું અને કલ્યાણ શું ? ઇત્યાદિ વિચાર થાય છે અને છેવટે એ બંધનની પરંપરા પર દ્રષ્ટિ જઇ આ સર્વ બંધન તૂટી જઇ સ્વતંત્ર થવાનો એટલે કે સર્વથા મુકત થવાનો કોઇ માર્ગ છે કે નહિ એ પ્રશ્નનો ઉદ્ભવ થાય છે. આ અવસ્થાને જિજ્ઞાસાની સ્થિતિ કહે છે અને તે પ્રાપ્ત થતાંજ આપણા આત્મા ઉપરનો અજ્ઞાનનો પડદો કે જે અત્યન્ત ઘટ છે તે ધીમે ધીમે પાતળો થવા માંડે છે, અને જ્ઞાનરૂપી બાળસૂર્યનો ઉદય થવા લાગે છે. છતાં પણ હજુ એ પડદો એટલો બધો ઘટ હોય છે કે જ્ઞાનના આ બાળસૂર્યનાં મનોહર દર્શન કરવાનો ભાગ્યેજ અવકાશ મળે છે. જ્ઞાનનો ઉદય પ્રત્યક્ષ ન પણ જણાતો હોય તથાપિ તે ઉદય થઇ ચૂકયો છે એ વાત તો ચોક્કસજ હોય છે. આ બાળસૂર્યનાજ સંપૂર્ણ કળાયુકત સ્વરૂપને આપણે એક, અદ્વિતીય, પરમાત્મા, વગેરે નામોથી સંબોધીએ છીએ. આ સ્થિતિમાં જિજ્ઞાસુને જગત અને પરમાત્મા ભિન્ન જણાય છે. વિશ્વ તેની દ્રષ્ટિમાં પ્રત્યક્ષ દેખી શકાય છે તેથી તેની સત્યતા માટે તો શંકાજ હોતી તથી. તેમજ જ્ઞાનસૂર્યની જે કલ્પના થાય છે તે પણ અદ્રસ્ય છતાં તેના અસ્તિત્વમાં પણ એને શ્રદ્ધા થવા માંડે છે. આ પ્રમાણે આ જિજ્ઞાસાની ભૂમિકામાં મનુષ્યને બે ભિન્ન ભિન્ન અસ્તિત્વનો અનુભવ થાય છે. વસ્તુતાએ એ ઉભય તત્ત્વો એકજ છે, પરંતુ તેની તેને હજુ પ્રતીતિ થતી નથી. એકજ વસ્તુનાં બે ભિન્ન સ્વરૂપ જણાવાં, એ તેની પોતાની દ્રષ્ટિનોજ દોષ છે

એમ તેને જણાતું નથી. છેવટે આ દૃષ્ટિદોષ નાશ પામતાં તેને ખાત્રીપૂર્વક જણાય છે કે, આ સમસ્ત વિશ્વ એક રૂપજ છે. ઉપાધિની વિવિધતા અને ભેદોને લઇનેજ તે ભિન્ન ભિન્ન ભાસે છે. મનુષ્યમાં તેમજ પશુમાં તે જ્ઞાનસ્વરૂપ, એક સરખુંજ વ્યાપક હોવા છતાં શરીર અને ઉપાધિને લઇનેજ તેની ન્યૂનાધિકતા પ્રતીત થાય છે. મનુષ્ય અને પશુમાં એજ ભેદ છે, નહિ તો વસ્તુતાએ તેઓ એક અભિન્ન સ્વરૂપનાજ ભિન્ન ભિન્ન અંશો છે.

અનંત નામરૂપમાં વિહાર કરતા આ વિશ્વ તરફ દૃષ્ટિ કરતાં આપણને જણાય છે કે, પ્રત્યેક મનુષ્ય એક વા બીજા પ્રકારે ઈશ્વરપૂજનમાં નિમગ્ન છે અને તેના સર્વ પ્રયત્નોનો હેતુ પ્રભુપ્રતિ આગળ વધવાનો છે. જ્યાં જ્યાં સજીવપણું છે ત્યાં મુક્તિની ઇચ્છા પણ છે. આપણે જો મુક્ત થઇએ, આપણે જો સ્વતંત્ર હોઇએ તો આપણે પણ આ સર્વ વિશ્વના સ્વામીજ છીએ. વિશ્વનાં બંધનો મુક્ત પુરુષને બાંધવા અસમર્થ છે; પરંતુ જ્ઞાન વિના મુક્તિ દુર્લભ છે. જેટલા પ્રમાણમાં અજ્ઞાનનો ઘટ પડદો પાતળો થતો જાય છે તેટલા પ્રમાણમાં જ્ઞાનસૂર્યનો પ્રકાશ વધતો જાય છે. આ વિશ્વપતિની પ્રતીતિ જેમ જેમ થવા માંડે છે તેમ તેમ આપણું બળ વૃદ્ધિ પામતું જણાય છે. જો કોઇ પણ પ્રાણી સર્વથા મુક્ત હોય તો તે સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને સર્વાન્તર્યામી હોવોજ જોઇએ એ સ્પષ્ટ છે. સર્વ શક્તિ, સર્વ સામર્થ્ય મુક્તિમાંજ છે; અર્થાત્ મુક્તાત્માને સમસ્ત વિશ્વ પોતાનુંજ જણાય છે અને જેણે જગતપર સ્વામિત્વ મેળવ્યું, જેણે સર્વ જગતમાં પોતાને જોયો; તે પુનઃ વિશ્વનાં બંધનોનો ગુલામ થાય એ કદિ પણ બની શકે તેમ નથી.

મુક્તિ એજ ચિર શાન્તિનું સ્વરૂપ છે અને તેને પામવાનોજ સર્વ ધર્મોનો ઉદ્દેશ છે. કોઈ પણ સ્થિતિમાં અને કોઇ પણ કાળમાં જેનાથી ભિન્ન ન થવાય, આવું સ્વાતંત્ર્ય કે જેમાં સુખ દુઃખનો આઘાત પરિવર્તન કરી શકે નહિ એવી પૂર્ણાવસ્થા પ્રાપ્ત કરવી એજ દરેક ધર્મનો ઉપદેશ છે. આ પૂર્ણાવસ્થા આપણને એકમાંથી લઇને અનેકમાં સ્થિત કરે છે; અર્થાત્ **આપણે એક નહિ પણ સર્વ છીએ એજ મુક્તિની ભાવના છે.**

પરમાત્મા સદા મુક્ત છે અને તેની સમીપ જવા માટે, તેનામાં એકરૂપ થઈ જવા માટેજ સર્વ પ્રયત્નો છે. **પ્રભુની સાથે એકતાનો અનુભવ કરવો એજ આપણા જીવનનો ઉદ્દેશ છે;** પરંતુ આપણો સ્વભાવ, આપણી દેહબુદ્ધિ પોતાની ભ્રમણાથી અનેક અવનવા રસ્તા જોઇને તેમાં દોડાદોડ કરે છે અને મૂળ લક્ષ્ય ચૂકી જાય છે. **કીર્તિ, ધન, સ્ત્રી એ સૌ આપણને આપણા લક્ષ્યથી ચૂકાવનારાં વિઘ્નો છે;** કારણ કે તેમાંજ આપણે તલ્લીન થઇને વાસ્તવિક લક્ષ્યને

ભૂલી જઇએ છીએ. જેવી રીતે રાજમાર્ગમાં ચાલનાર કોઈ મુસાફર તે માર્ગને મૂકીને એકાદ સાંકડી ગલીમાં પેસી જઇ ગલીઓમાં ભટકતો ભટકતો તે રાજમાર્ગને ચૂકી જાય છે એવીજ આપણી સ્થિતિ છે. આપણે એ રાજમાર્ગને શોધવાના પ્રયત્નમાં છીએ, પણ ખરે રસ્તે ન જઇ શકતાં ઉલટા આપણે બીજા નવનવા માર્ગોમાં ફસાઇ પડી વધારે ને વધારે ભ્રમણામાં પડતા જઇએ છીએ; છતાં આ સંસારની ભ્રમણામાં પણ જે કાંઇ તેજ કે મનોહરતા જણાય છે, તે મુક્ત સ્વરૂપ પરમાત્માના તેજનુંજ પ્રતિબિમ્બ છે. સૂર્ય, ચંદ્ર અને તારાગણનું તેજ પણ તેવુંજ છે. **यच्चंद्रमासि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ।** ભગવાન શ્રીકૃષ્ણનું એ વચન છે. સૂર્ય અને ચંદ્રના પ્રકાશની તેમજ આપણા અંતરાત્મામાં પ્રકાશતા જ્ઞાન સૂર્યના પ્રકાશની ઉત્પત્તિ તે પરમાત્મામાંથીજ થઇ છે. **सर्वस्य चाहं हृदि संनिविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ॥** તે પરમાત્માના પ્રકાશથીજ આ સમસ્ત વિશ્વ પ્રકાશિત જણાય છે.

અહીં સુધીના વિવેચન ઉપરથી પરમાત્માના સંબંધમાં આપણે એક સુંદર કલ્પનાની સમીપ આવી શક્યા છીએ. તે સ્વયંભૂ, નિરાકાર, સર્વાન્તર્યામી, સર્વજ્ઞ અને સર્વ વિશ્વના અધિષ્ઠાનરૂપ છે, એ વાત હવે આપણા લક્ષમાં આવી શકે તેમ છે અને સમસ્ત વિશ્વ એક પ્રકારે કહીએ તો તેના પૂજનમાંજ નિમગ્ન છે. આપણી સર્વ ક્રિયા તેને લક્ષીનેજ છે. જગતમાં જે જે શુભ અને સુંદર દેખાય છે તે સર્વ તેના વ્યક્ત સ્વરૂપનુંજ તત્વ છે; તેમજ જે અશુભ અને અરમ્ય જણાય છે તે પણ તેનાજ સ્વરૂપની છાયા છે. કોઈ માણસ પાપ અથવા દુરાચાર કરે છે તો આપણે તેનો તિરસ્કાર કરીએ છીએ, પણ તેમ કરવાનો તેનો હેતુ શું છે તે આપણે વિચારવાની પ્રથમ જરૂર છે. પાપાચરણ પણ પ્રભુનો એક પૂજાવિધિ છે. આ વાત તમને આશ્ચર્ય ઉત્પન્ન કરશે પણ તે જરાએ અવાસ્તવિક નથી. **અત્યંત પાપી મનુષ્યનો પ્રયત્ન પણ મુક્તિને માટેજ** છે. તેના અંતરની ઇચ્છા તો એજ છે. જેને આપણે પાપાચરણ કહીએ છીએ તે પણ મુક્તિની પ્રેરણાથીજ કરવામાં આવે છે. અલબત્ત એ માર્ગ ખરો તો નથીજ અને એ પાપી મનુષ્ય ખરા રાજમાર્ગથી બહુજ દૂર છે એ વાત પણ ખરી; પરંતુ તેનો પ્રયત્ન એ માર્ગ ઉપર જવાનો, ભ્રમણાને ત્યજવાનો, બંધનને દૂર કરવાનોજ હોય છે એ વાત તો આપણે અવશ્યજ માન્ય કરવી પડશે. જો એજ છે તોપછી તેનાં કૃત્યો પણ માત્ર ઇશ્વરપૂજન એટલે ઇશ્વરની સમીપ જવાના પ્રયત્નો નહિ તો બીજું શું છે ? મુક્તિની ઇચ્છા વિના મનુષ્યની કોઇ પણ ક્રિયા થઈ શકતીજ નથી અને ક્રિયા વિના જીવન પણ અશક્ય છે, એ આપણે જોઇ ગયા છીએ. **જ્યાં જ્યાં રંચ પણ ક્રિયા થતી જોવામાં આવે છે ત્યાં ત્યાં સર્વત્ર મુક્તિની ઇચ્છાજ**

કારણભૂત છે. અને મુક્તિની ઇચ્છાને લઇને થતા પ્રયત્નો એ પ્રભુપૂજાજ છે. મુક્તિને માટેજ સર્વનો પ્રયત્ન છે અને તેમાં માર્ગભેદ જણાય છે તેનું કારણ માત્ર બહારના ઉપાધિભેદજ છે. આ ઇચ્છા ફળીભૂત કરવા માટેનાં શરીરાદિ સાધનોમાં જે દશ્ય ભેદ જણાય છે, તે ભેદજ સત્ય વસ્તુમાં ભેદ જણાવાના કારણરૂપ છે. જો વસ્તુ માત્રના આંતર સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો વિવિધ રૂપે, વિવિધ રંગે દેખાતું આ સમસ્ત વિશ્વ મૂળમાં એકજ વસ્તુરૂપ છે એ વાત લક્ષમાં આવી શકે તેમ છે. આ ભાવના ઉપનિષદોમાં ઓતપ્રોત જણાય છે. આપણે અને ઇશ્વર મૂળમાં એકજ છીએ આ ભાવના કદાચ કેટલાકને આશ્ચર્ય કે ભય ઉત્પન્ન કરશે અને તેઓ કહેશે કે, પરમેશ્વર તો મહા પવિત્ર અને આપણે તો અત્યન્ત પાપી છીએ તો પછી આપણે એકજ છીએ એમ કહેવું એ પાપ છે. આમ કહેનારા લોકો ઘણા હશે પણ જો તત્વની દ્રષ્ટિથી જોવામાં આવે તો એવી દલીલમાં જરા પણ વાસ્તવિકતા નથી એમ જણાઇ આવે છે. ગુલાબના પુષ્પમાં રમી રહેલો સુંદર ગંધ અને પુષ્પના શરીરમાં દેખાતા ચિત્રવિચિત્ર રંગ એ સર્વ તેનાંજ સ્વરૂપ છે. આપણામાં પ્રકાશ પામતો જ્ઞાનપ્રકાશ એ પણ તેનાજ સ્વરૂપનું વ્યક્તરૂપ છે. આ જગતનું અસ્તિત્વ માત્ર તેને લીધેજ છે અને **कालोस्मि लोकक्षयकृत् प्रवृद्धः ।** આમ કહેનાર આ જગતનો સંહારકર્તા પણ તેજ છે. તે જેમ સંહારકર્તા કાળ છે તેમ ચરાચરમાં વાસ કરનાર ચૈતન્ય પણ તેજ છે. જેમ પારધીને જોઈ સસલાં ઝાડીમાં સંતાઇ જાય છે તેવીજ રીતે તેને મહાન અને કાળરૂપ માનીને આપણે દૂર નાસીએ છીએ, અને કંઇક સુખનો આશ્રય મળતાં આપણા જીવને ઠંડક વળે છે તથા આપણે એ સાહજિક સુખને બાઝી પડીએ છીએ. કોઇ સમયે કોઈ સ્થળે તેનું ઉગ્ર સ્વરૂપ દેખાતાં જગત ત્રાહે ત્રાહે પોકારતું નાસવા માંડે છે; પણ જો જગતના અંત પર્યન્ત પણ આપણા ભાગ્યમાં આ નાસભાગજ લખી હોય તો પછી જવુંજ ક્યાં ? એક વાર હું કાશીના એક રસ્તામાંથી પસાર થતો હતો. આ રસ્તામાં એક બાજુએ એક તળાવ અને બીજી બાજુ ઉંચી દિવાલ હતી, ત્યાં કેટલાંક વાંદરાં બેઠાં હતાં. કાશીનાં વાંદરાં બડાં મસ્ત અને તોફાની હોવાથી કેટલીકવાર લોકોને સતાવવાનું તેમને મન થઈ જાય છે. મને આ રસ્તા ઉપર જતો જોઇને કેટલાંક વાંદરાં મારી પાછળ પડયાં. કેટલાંક મારા પગને કરડવા દોડયાં અને કેટલાંક દાંત પીસવા લાગ્યાં. તેમને જેમ તેમ દૂર કરી હું જોરથી નાઠો પણ તેઓ વધારે ચંચળ હોવાથી મને એક સપાટામાંજ પકડી પાડયો. હું વધારે દોડવાની તૈયારીમાં હતો તેવામાં સામેથી આવનારા એક અજાણ્યા માણસે મને કહ્યું કે " તેની સામે થા ! પાછો ના હઠ.! " હું પાછો વળ્યો અને વાંદરા તરફ માત્ર નજરજ ફેરવીને જોતાં તેઓ સઘળાં નાસી ગયાં. આપણા જીવનમાં

અડચણના અનેક પ્રસંગો આવે છે અને તેનાથી ભડકી આપણે દોડવાજ મંડીએ છીએ; પણ પાછા હઠવાથી કાંઇ દુઃખ દૂર થઇ જાય એમ નથી. **અડચણના પ્રસંગોની સામે થવામાંજ ખરૂં મનુષ્યપણું છે. અનેક આપત્તિઓ અને સંકટો સહન કર્યા સિવાય મુક્તિનો રાજમાર્ગ મળનાર નથી.** જો આપણે નાસીશું તો ઉલટા વધારે ને વધારે ભ્રમણામાં પડી વધારેજ બંધાઇશું.

આ પ્રમાણે **આપણા કાયરપણાથી તો આપણાં સંકટો ઉલટાં વધારે સમર્થ** થાય છે. ભીરૂને કોઇ વાર પણ યશપ્રાપ્તિ થતી નથી.

“ નહિ જો ખાર[1] સે ડરતે, વોહી ઉસ ગુલ[2] કો પાતે હય. ”

આ એક હિન્દી સાધુનું કથન અત્યન્ત અર્થપૂર્ણ છે. **ભય, દુઃખ અને અજ્ઞાનની સાથે યુદ્ધ કર્યા સિવાય તે આપણાથી દૂર જાય એ અશક્ય છે.**

આપણે જે મૃત્યુનું નામ સાંભળીનેજ કંપી ઉઠીએ છીએ તે ભય શું છે? પાપ અને ભયથી દૂર નાસતાં ઉલટાં તે અવશ્ય આપણી પાછળ આવે છે; પરંતુ હિંમતથી તેની સામે થતાં તે પ્રભુની સમીપ લઇ જવામાં માર્ગદર્શક થાય છે. આ જગતમાં સુખ અને સમૃદ્ધિની આરાધના કરનારા ઘણા જણાશે, પણ દુઃખને પ્રેમપૂર્વક ભેટી લેનારા થોડાજ મનુષ્યો હોય છે. આ સુખ અને દુઃખ ઉભયને એક દૃષ્ટિથી જોવાં અને તેમાંના કોઇની પણ આરાધના ન કરવી એજ મુક્તિ છે. **दुःखेष्वनुद्विग्नमनः सुखेषु विगतस्पृहः ।** દુઃખમાં જેને ઉદ્વેગ નથી તેમ સુખની પણ જેને સ્પૃહા નથી તેજ મુક્ત છે. આવી રીતે મનને આ સમાનતાની, દ્વન્દ્વ-વિમુક્ત ભાવનાની ભૂમિકામાં સ્થિત કર્યા સિવાય મુક્તિનો ઉપભોગ કરી શકાતો નથી. મુક્તિ એ વીરપુરૂષનીજ સહચારિણી છે. સુખ, દુઃખ, રાગ, દ્વેષ, માયા, મમતા, માન, અપમાન ઇત્યાદિ અનેક દ્વારોમાં થઇનેજ મોક્ષનો માર્ગ નીકળે છે. આ દ્વારોને ઉઘાડવા વીર હૃદય અને વીર બાહુનીજ જરૂર છે. પરમાત્માના દર્શનની ઇચ્છા રાખનાર જિજ્ઞાસુને તે માર્ગમાં પ્રવેશ કરતાં પ્રથમ તેનું શરીરજ ઉપાધિરૂપે આવીને ખડું થાય છે. પ્રથમ તો સૃષ્ટિના શરીર સંબંધી નિયમોજ એ માર્ગમાં અંતરાયરૂપ નીવડે છે. ઇંદ્રિયો પોતપોતાના વિષયો તરફ જીવને ખેંચી જઇને પ્રભુ તરફ જતાં અટકાવે છે અને જો આપણે તેને આધીન થયા તો પ્રભુનો માર્ગ ખોઈ બેસીએ છીએ. ભ્રમણામાં આપણે દોરીને સર્પ માની ભય પામીએ છીએ અને જ્યાં સુધી એ ભયનું સામ્રાજ્ય આપણા અંતઃકરણમાં છે, ત્યાં સુધી પ્રભુના પ્રકાશને આપણે જોઇ શકતા નથી. આ ભ્રમણાનો પડદો તૂટી જાય તોજ જીવ અને શિવ એકરૂપ જણાય છે. પાપ અને પુણ્યનાં બંધન રહેતાં નથી. ભય નાશ પામતાં અને ભ્રમણા દૂર થતાંજ આપણે વીર બનીએ છીએ અને ઇંદ્રિયોનાં

---

[1] ખાર=કાંટો. [2] ગુલ=ફૂલ.

મોહ રૂપી દ્વારને ઉઘાડી નાખવા આપણા હાથ સમર્થ થાય છે.

સદ્ગુણમાંજ પરમાત્માનો વાસ છે એમ માનનારા લોકો આ જગતમાં અનેક છે; પરંતુ હું તમને કહું છું કે, જે પરમેશ્વરનો વાસ સદ્ગુણમાં છે તેજ પરમેશ્વર પાપ, દુરાચાર અને દુર્ગુણમાં પણ નિવાસ કરે છે. પાપને જે પ્રેમથી ભેટી શકતો નથી તે કાયર છે અને કાયર પુરૂષ મુક્તિનો લાભ પ્રાપ્ત કરી શકતો નથી. આવું ધૈર્ય જ્યારે નિરંતર અંતરમાં વસી રહે; અપાર દુઃખ, વેદના અને સત્યની સુખપ્રદ ઘટનામાં પણ જ્યારે એકજ પરમાત્માની ઇચ્છાનાં દર્શન થવા લાગે, ત્યારેજ મનુષ્ય મુક્ત કહેવાય છે. આ સ્થિતિમાં સર્વત્ર સમભાવ હોય છે. જેટલા પ્રમાણમાં મોક્ષના માર્ગમાં આપણે આગળ વધીશું તેટલા પ્રમાણમાં દુઃખ આપણી દૃષ્ટિમાંથી ઓછું થઈ જશે. દુઃખ દુઃખરૂપજ નહિ ભાસે. જ્યાં સ્વર્ગ અને નરક બન્ને સમાન છે ત્યાં ભેદદૃષ્ટિ નાશ પામતાં નાના મોટાનો કશો ભેદજ નહિ રહે. જો સર્વત્ર પ્રભુનોજ વાસ હોય તો પછી નાનું કોણ અને મોટું કોણ ? એ દૃષ્ટિથી તો સર્વ સમાનજ ભાસે છે.

"**રામ સભામેં હરિજન બૈઠે કોન બડા કો છોટા હૈ?**" આપણી સમતાની ભાવના આટલે દરજ્જે વિસ્તૃત થતાં જગતમાં જે જે સ્થળેથી જે જે ધર્મમાં સત્ય આપણને જણાશે, તે કોઇ પણ ભેદ વગર ગ્રહણ કરવા આપણે શક્તિવાન થઈશું. સમતા ન હોવાથીજ અને પ્રભુથી દૂર હોવાથીજ આ જગતમાં આપણને મોટા છોટા જણાય છે. સમતાના અભાવેજ આપણી દ્રષ્ટિ અંધ થઈ ગઇ છે અને સ્થળે સ્થળે તથા પળે પળે અનેક નામરૂપમાં વિહાર કરતા પ્રભુને આપણે જોઇ શકતા નથી.

એક વૃક્ષની જૂદી જૂદી ડાળોપર સુંદર પાંખોવાળાં બે પક્ષીઓ બેઠાં હતાં. એક છેક ઉપરની ડાળ ઉપર અને બીજું નીચેની ડાળ ઉપર હતું. નીચેની ડાળ ઉપર બેઠેલું પક્ષી તે વૃક્ષનાં ફળ ખાતું હતું. આ વૃક્ષ ઉપર કેટલાંક મીઠાં અને અને કેટલાંક કડવાં ફળ પણ હતાં; પેલું પક્ષી તે બંને પ્રકારનાં ફળ ખાતું. એક ક્ષણે તે મીઠું ફળ ખાતું તો બીજીજ ક્ષણે તેને કડવું ફળ ચાખવાનો સમય આવતો. એવા એક કડવા ફળનો સ્વાદ મળતાં તેણે મુખ ફેરવી લીધું અને ક્ષણ પછી બીજામાં ચાંચ મારી તો તે પ્રથમના ફળથી પણ વધારે કડવું જણાયું. હવે તે શોક કરવા લાગ્યું. એવામાં તેની દ્રષ્ટિ પોતાના જોડીદાર (ઉપલી ડાળે બેઠેલા બીજા પક્ષી) તરફ ગઇ, તો તેને જણાયું કે તે તો શાન્ત બેઠું હતું, તે ફળ ખાતું નહોતું. એક ક્ષણભર આ પ્રશાન્ત પક્ષી તરફ દ્રષ્ટિ કરી ખરી, પણ બીજીજ પળે તેણે પુનઃ માઠાં કડવાં ફળ ખાવાના પોતાના ઉદ્યોગનો આરંભ કર્યો. એક ફળમાં ચાંચ મારીને તેનો જરા સ્વાદ લીધો; પરંતુ તે ફળ તો વળી એટલું બધું

કડવું નીકળ્યું કે જેથી તેને અત્યન્ત દુઃખ થયું. હવે ફરીથી એક વાર તેણે પોતાની દૃષ્ટિને તે સુંદર પક્ષી તરફ ફેરવી. એ પક્ષી તો પ્રથમની પેઠેજ પોતાની નિઃસીમ શાન્તિમાં સ્થિત હતું. આ સ્થિતિ જોઇ નીચેના પક્ષીને કૌતુક લાગ્યું અને ધીમે ધીમે તેની ઇચ્છા ઉપરના પક્ષીની સમીપ જવાની થઇ. તે ઉપરના પક્ષીની થોડુંક સમીપ આવ્યું કે પ્રકાશનાં સુંદર કિરણો તેના શરીરપર પડવા લાગ્યાં. તેને જણાયું કે તે પક્ષીની આસપાસ સર્વત્ર પ્રકાશનાં કિરણો પ્રસરેલાં છે. આ પ્રકાશમાં સ્નાન કરી પ્રકાશમય થઇ તેણે પોતાનાં નેત્રો ઉઘાડયાં એટલે તેને જણાયું કે, ઉપરનું પક્ષી તેનાથી ભિન્ન નહિ પણ તેનું મૂળ સ્વરૂપજ હતું. તેને સમજાઇ ગયું કે તે પોતેજ પોતાના મૂળરૂપથી પોતાને ભિન્ન માનતું હતું. વાસ્તવિકમાં ઉપરનું પક્ષી તેના મૂળ બિંબરૂપજ હતું અને આ વાતનું જ્ઞાન થતાં તેની ભ્રમણાનો સર્વથા નાશ થઇ ગયો તથા તે પણ શાન્ત અને સુખી થયું.[1] એ પક્ષીઓ પ્રમાણે આપણે પણ સંસારનાં કડવાં મીઠાં ફળો રૂપી સુખ દુઃખનાં બંધનોથી મુક્ત, શાન્ત અને નિર્વિકાર પરમાત્માથી ભિન્ન નથી. પ્રતિબિંબરૂપેજ આપણે ભિન્ન અને અનેક જણાઇએ છીએ. જેવી રીતે એકજ સૂર્યનો પ્રકાશ ઝાકળનાં હજારો બિંદુઓ ઉપર પડતાં હજારો નાના નાના સૂર્યો હોવાનો આભાસ થાય છે; તેજ રીતે એકજ

---

[1] ઉપર્યુક્ત શ્રુતિકથાનક સ્વ. શ્રીયુત ગોવર્ધનરામભાઈએ કાવ્યમાં એમના સુપ્રસિદ્ધ સરસ્વતીચંદ્રના ૩ જા ભાગમાં લીધું છે; જે અર્થવાહક અને રસિક હોઇ કેટલાક ફેરફાર સાથે અમે ઉતારી લઇએ છીએ.

છે ઉડવા ઉત્તમ પાંખ, જૂવે દૂર આંખ પંખી એ એવાં,
બહુ બેશ ઘડયો એ સંગ મિત્ર પ્રીતિ રંગ ચ્હડાવી રહેલાં.
તે સમાન તરૂની ડાળે
વળગી લટકેલાં લાગે;
પણ પિપ્પલ ખાતું એક, બીજું ન કંઈ ખાતું ચળકતું પ્રભાએ.
છે ઉડવા૦

એક સમાન તરૂમાં પડ્યું ભોગમાં, એક અનીશ મૂઢ રોતું;
એ સમાન તરૂપર વસ્યું પ્રકાશતું બીજું ઈશ થઈ જોતું.
એ બ્રહ્મયોનિ કર્તાર !
એ જનકતેજ ધરનાર !
એ પરમ નિરંજન નાથ !
એ ઉપર અનીશની આંખ પડેને ભજે મહિમા એ જ્યાં,
તરછોડી પુણ્યને પાપ, છોડી જડઝાંડ, તરે એ શોક.
અનીશ ઈશ સમ ત્યાં ! છે ઉડવા૦

પરમાત્મા હજારો ભિન્ન ભિન્ન વસ્તુઓમાં આભાસરૂપે ભિન્ન ભિન્ન હોય તેમ જણાય છે. જો આપણને આપણા મૂળરૂપ પરમાત્મા તરફ વળવાની ઇચ્છા હોય તો પ્રતિબિંબની એ ભ્રમણા અવશ્ય ત્યજી દેવી જોઇએ. બંધનોદ્વારાજ બંધનોને તરી જવાય, સાંસારિક વાસનાઓજ આપણને વાસનાઓથી પર લઇ જાય એ શક્ય નથી. કદાચ જગતની બધી સમૃદ્ધિયોનો ઉપભોગ કરવાનો આપણને યોગ મળે તોપણ આપણે સંતોષ પામીએ એ સંભવિત નથી.

આપણે જોઇ ગયા છીએ કે દરેકે દરેક વ્યક્તિ કે વસ્તુ ગમે તે માર્ગે પણ મુક્તિના રાજમાર્ગ તરફજ પ્રવૃત્તિમાન છે. લોભી મનુષ્ય કોડી કોડી કરીને ધન સંગ્રહ કરે છે, પાપી પાપાચરણ કરે છે, ચોર ચોરી કરે છે અને આપણે તત્ત્વચિંતન કરીએ છીએ તે સર્વ એજ હેતુને લક્ષીને છે. આ સર્વના મૂળમાં બંધનથી પર જવાની ઇચ્છા સિવાય બીજી કોઇ પણ ઇચ્છા રહેલી નથી. જાણે અજાણે પણ સર્વનો પ્રયત્ન એ એકજ દિશામાં છે. પૂર્ણત્વને પામવા, પરમાત્માને ભેટવાને માટેજ આ સઘળી દોડાદોડ અને મારામારી છે; માટે કોઇને કોઈ દિવસ એવો વખત અવશ્ય આવવોજ જોઇએ.

એક અત્યન્ત પાતકી મનુષ્ય કે જેનાં ઇચ્છાઓ, વિચાર અને કર્મ સર્વ પાપમયજ હોય તે પણ એકવાર અવશ્ય એ મોંઘા મૂલ્યની મુક્તિને મેળવવા શક્તિવાન થશેજ. અલબત્ત એ પરમ પદને પહોંચવા માટે તેને બહુ સમયની જરૂર છે. આવી કોઇ વ્યક્તિને તેના પાપના માર્ગમાંથી પાછો વાળવા આપણે પ્રયત્ન કરીએ તો તેનો કંઇ પણ ઉપયોગ થાય તેમ નથી. એ તો અનેક ધક્કા ધાબા ખાઇને, સંસારનાં સંકટો અને લાલચોથી ઘડાતો ઘડાતોજ પ્રભુ પ્રત્યે વળશે. પ્રત્યેક મનુષ્ય પવિત્ર, સદ્ગુણી, પરોપકારી અને એવા અનેક દૈવી ગુણોથી જ અલંકૃત હોય એ સંભવિત નથી. આપણે શા માટે જીવીએ છીએ અને શા માટે દોડાદોડ કરીએ છીએ એ ઘણા લોકો સમજી શકતા નથી; પણ તે સમજીને પાળવાથીજ જીવન સફળ થાય છે. સંત પૉલે એકવાર કહ્યું હતું કે **જે દેવને તમે જાણ્યા વિનાજ પૂજો છો, તે દેવ તમારા પોતામાંજ છે, એમ હું તમને કહું છું.** સંત પૉલનું આ વાક્ય બધાએ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જે

ઈશ સાથ સામ્ય એ થાય !
રહે જૉઈ ઐક્ય એ આંખ !
ખંખેરી પૂણ્યને પાપ !
તરી શોક રહે ઉડી પાંખ !

એ આંખ પાંખ ધરનાર પંખી વિદ્વાન અમૃત બની આવું,
ફરી આવર્તતું નહિં, ફરી ન આવર્તતું, ઈશતું મન માન્યું !

લક્ષ્ય પ્રતિ આપણે સર્વ આગળ વધીએ છીએ તે લક્ષ્ય પ્રતિ સત્વર જવાય એ દર્શાવવાનોજ પ્રત્યેક ધર્મશાસ્ત્રનો જો હેતુ ન હોય તો એ ધર્મશાસ્ત્રજ શા કામનું ? સર્વ ચરાચરમાં વ્યાપક, નિત્ય, મુક્ત જે મૂળ તત્વ તે આપણાથી પર નથી. એ તત્વનો અનુભવ કરવો એજ આપણા જીવનનો સાધ્ય હેતુ છે. ધર્મની સંકુચિત ભાવનામાં પ્રભુ નથી. મતમતાંતરોના ગ્રંથોમાં પ્રભુ નથી, તે તો તેથી પર અને પરમ પ્રેમમય છે. શ્રી ભગવાન કહે છે કે:—

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।

જો ‘ પરમેશ્વર ’ છે. એવી માન્યતા તમારા અંતઃકરણને માન્ય હશે તો તમને એ પણ માન્ય થશે કે, તે સમસ્ત જગતમાં વ્યાપક છે તથા જગત તેના તરફજ, પોતાના આદિસ્થાન તરફજ આકર્ષાય છે અને એ મૂળ પુરૂષ પરમાત્માનીજ પૂજા કરે છે.

આપણે આપણું સંકુચિતપણું ટાળી, પ્રત્યેક મનુષ્ય પરમાત્માનો પ્રકટ અંશ છે એવું જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર છે. પ્રત્યેકના અંતરમાં તેનો વાસ છે. પ્રત્યેકના મનમાં વિચારની પ્રેરણા કરનાર તેજ છે. તે બાહ્ય સાધનોને લઇને નથી, પણ બાહ્ય સાધનો તેને લીધે છે. આવો અનુભવ થવો તેનું નામજ ધર્મભાવના છે. એજ ખરી શ્રદ્ધા છે અને એવી શ્રદ્ધા આપણા સઘળાના અંતઃકરણમાં ઉદય પામો એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે. જ્યારે આપણે શ્રદ્ધાપૂર્વક માનીશું કે તે સર્વવ્યાપી છે અને તેનાં સર્વત્ર દર્શન કરીશું, ત્યારેજ આપણે પોતાને અમર માની શકીશું; તથા ત્યારેજ આપણે અનુભવી શકીશુ કે આપણા અંતરમાં “ હું ” નો શબ્દ કરનાર આત્મા આપણા શરીરથી પર છે. “ હું ” કાંઇ આ શરીરમાં દેખાતો એક ક્ષુદ્ર પ્રાણી નથી પણ સર્વત્ર છું. સર્વત્ર છું, એટલુંજ નહિ પણ સર્વદા છું. હું ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છું અને ભવિષ્યમાં પણ મારૂં અસ્તિત્વ અમર છે. મારોજ આત્મા બુદ્ધમાં હતો, ઇસુ અને મહમદમાં પણ મારા એજ આત્માનો દિવ્ય પ્રકાશ હતો. હુંજ બુદ્ધ છું, ઇસુ છું અને મહમદ પણ હુંજ છું. જેટલા જેટલા ધર્મપ્રવર્તકો આ ભૂતલપર થયા છે તે સર્વમાં હું જ હતો. તે સર્વ મારાજ સ્વરૂપ હતા. વળી ચોરી કરનારા અને ફાંસીને લાકડે ચઢનારા પણ મારા સ્વરૂપજ હતા, તેઓમાં પણ હુંજ હતો. જ્યાં હું ન હોઉં એવું એક પણ સ્થળ આ વિશાળ વિશ્વમાં મને નજરે પડતું નથી. પ્રિય બંધુઓ! જાગૃત થાઓ! ઉત્થાન પામો! પોતાના બાંધી લીધેલા નાના નાના વાડામાંથી બહાર આવો અને આ વિશાળ મેદાનમાં ઉભા રહો તથા આ સર્વોત્તમ ઉપાસનામાં પ્રવૃત્ત થાઓ! તમે તો અનંત છો, અમર છો. તમારી પોતાની ઇચ્છાથીજ આ દેહનાં બંધન સ્વીકારી તેમાં બંધાઇ ગયા છો. બ્રહ્મથી તે તૃણપર્યન્ત વસ્તુ માત્રમાં પોતાની આત્મસત્તા

જેવી એજ ખરેખરી દીનતા છે. આંખો મીંચીને કહેવું કે “ઓ પ્રભુ ! અમે પાપી છીએ, અમે દીન છીએ” એ ખરી દીનતા નથી. એ તો દીનતાનું હાસ્ય છે, નાટક છે, દેખાવ માત્ર છે. આપણાં નેત્રોનો પડદો, આપણી ભ્રમણાનો પડદો દૂર ખસેડી સર્વત્ર પરમાત્માનું દર્શન કરવું એજ આપણી ઉચ્ચત્તમ સંસ્કૃતિ અને એજ મનુષ્ય જીવનમાં ઉત્ક્રાન્તિની અંતિમ ભૂમિકા છે. સર્વત્ર એકરૂપતાનું દર્શન કરવું એજ ખરો ધર્મ છે. “ હું ” નો અર્થ અમુક દેહધારી કરવામાં “ હું ” ની ખરી મર્યાદા નથી. “ હું ” સર્વવ્યાપી, સર્વ ભૂતનો અંતરાત્મા છું એવી ભાવનાને અનુભવમાં મૂકવી તેજ ખરી ઈશ્વરપૂજા છે. બાહ્ય પૂજાવિધિ મનુષ્યની નીચેની ભૂમિકા દર્શાવનાર છે. આ જડ વિધિનો ત્યાગ કરી સર્વત્ર એકજ ચૈતન્યનાં દર્શન કરવાં એજ ઉચ્ચત્તમ પૂજાવિધિ છે. અંતઃકરણ જેમ જેમ શુદ્ધ થતું જાય છે, તેમ તેમ બાહ્ય પૂજાનો વિધિ ન્યૂન થતો જઈ અંતરનો પૂજાવિધિ વધવા માંડે છે; અને અંતઃકરણની સ્થિતિ એવા વિધિદ્વારા શુદ્ધ થતાં છેવટે એકજ પરમાત્માનું સર્વત્ર દર્શન કરવું એજ ખરી પૂજા છે એમ તેને અપરોક્ષાનુભવ થાય છે. આ વિશ્વમાં જે જડ પદાર્થો છે, તે સર્વ મર્યાદિત છે અને મર્યાદાના પ્રમાણમાં તે સર્વ બંધનોથી જકડાએલા છે. ફક્ત ચૈતન્યજ અમર્યાદ અને નિઃસીમ છે. પરમાત્મા ચૈતન્ય હોઇ તે અમર્યાદિત, નિઃસીમ છે. મનુષ્યનું જીવન પણ ચૈતન્ય છે અને તેથી તે અમર્યાદ પણ છે. મર્યાદિત વસ્તુ અમર્યાદિત વસ્તુને જાણી શકવા કે તેનું પૂજન કરવા અસમર્થ છે. અમર્યાદ વસ્તુજ અમર્યાદ વસ્તુને જાણી કે તેનું પૂજન કરી શકે છે. આપણે અમર્યાદ છીએ અને પોતાને અમર્યાદ સમજી અમર્યાદ પરમાત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો એજ આપણા કર્તવ્યની ઉચ્ચત્તમ ભાવના છે. ઈશ્વરપૂજાનો આજ એક ખરો માર્ગ છે. પૂજ્ય-ઉપાસ્યને પોતામાં જોનાર મુક્ત પુરૂષની સ્થિતિનું વર્ણન થવું અશક્ય છે. તેનું વર્ણન કરવાનું સામર્થ્ય ભાષામાં નથી. **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।** જ્યાં વાણી શાન્ત થઇ જાય છે અને તે મનથી પ્રાપ્ય નથી; તેની પ્રાપ્તિ થવી તેટલીજ દુર્લભ છે. વાચા બિચારી વિલાસ કરે છે પણ અનુભવનો માર્ગ તો અત્યંત કઠિન છે. મુખથી હું પણ મોટી મોટી વાતો કરૂં છું, માગ મુખમાંથી તત્વજ્ઞાનનો ઝરો વહ્યા કરે છે; પણ જરા કંઇક ક્રોધનું કારણ ઉપસ્થિત થતાંજ હું ક્રોધાયમાન થઇ જાઉં છું અને અહંકાર ઉભરાઇ જાય છે. આ પ્રમાણે જ્યારે અમર્યાદિત ચૈતન્યનો અંશ અહંકારરૂપે આ શરીરમાં આવે છે, શરીરને પોતાનું માની તે સિવાય બીજું કશું નથી એમ માને છે; ત્યારે “ હું કેવળ ચૈતન્ય છું, ” “ હું નિઃસીમ છું, ” “ હું વિશ્વવ્યાપી છું, ” ઇત્યાદિ આત્માની પવિત્ર ભાવનાઓ સ્વપ્નવત્ થઇ જાય છે.

આવી પરા પૂજાનો માર્ગ તરવારની ધાર જેવો તીક્ષ્ણ અને અત્યન્ત અગમ્ય છે. આજ દિવસ પર્યન્ત થઇ ગએલા સાધુ મહાત્માઓએ વારંવાર અનેક રીતે આપણને આ વાત કહી છે. ભૂતકાળના સાધુ પુરૂષોએ પોકારી પોકારીને કહ્યું છે કે આ માર્ગ ભયંકર છે. આ સૂચનારૂપી અર્થાત્ સાધુ પુરૂષોના જીવનરૂપી સીગ્નલ આપણી સામે છે અને તેનો ઉપયોગ કરવો એ આપણું કર્ત્તવ્ય છે. **उत्तिष्ठत जागृत प्राप्यवरान्निबोधत** । ઉપનિષદો કહે છે કે ઉત્થાન પામ ! જાગૃત થા ! અને જ્યાં સુધી લક્ષ્યસ્થાનપર પહોંચે નહિ ત્યાં સુધી શાન્ત ના થા ! કામ, ક્રોધાદિ રૂપી પહાડ જે આપણી અને આપણા ઇષ્ટ પરમાત્માની વચ્ચે છે તે અભેદ્ય અને અગમ્ય છે; તથાપિ તેની પેલી બાજુજ આપણા પ્રિય પ્રભુનો વાસ છે એવી આશાથી પ્રેરાઇએ તો એ પહાડ પણ તોડી શકીએ. શું આ ભયંકરતાથી ડરી જઈ આપણે આપણા પ્રિયતમ પ્રભુના સમાગમરૂપી વૈભવના લાભનો અનાદર કરીશું ? નહિ, નહિ. જરાયે નહિ ! આપણે વિશ્વવિજયી વીર છીએ. જો આ પહાડ અભેદ્ય અને ભયંકર હોય તો આપણું પરાક્રમ કરવાનું સામર્થ્ય પણ તેવુંજ છે, આપણું કાર્ય કરવાનું ધૈર્ય પણ તેવુંજ અડગ છે. આપણે દેવો અને દૈત્યોના સ્વામી થવાને માટે યોગ્ય છીએ. આવી પાત્રતાવાળું મનુષ્ય પોતાને પાપી અને દરિદ્રી માની દ્વારે દ્વારે ભીખ માગતું ફરે એ શું યોગ્ય છે ? અમૃતના ભોક્તા, અમરપણું જેનો સ્વભાવ છે એવા મનુષ્યને સતત દુઃખરૂપી વિષમાં સબડાવાનુંજ નિર્માણ છે એમ શું તમે માની શકશો ? ખરા અંતઃકરણથી તેની શોધ કરો, પરમ જીજ્ઞાસાથી તે પ્રભુનાં અમર દ્વાર ખખડાવો એટલે તમને જણાશે કે, અમૃતનો અખૂટ ઝરો તો તમારી સમીપથી પણ સમીપ છે. **सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच** ।। આ શ્રીમુખનાં વાક્ય છે. સર્વ ધર્મગ્રન્થોદ્વારા પરમાત્માએ આ અભય વચન આપ્યું છે; " હે પ્રભુ ! અમે અમારૂં સર્વસ્વ તને અર્પણ કર્યું છે. અમારાં સારાં કે માઠાં કૃત્યો સર્વ અમે તનેજ અર્પણ કરીએ છીએ. અમારાં પુણ્યકર્મ તેમજ પાપકર્મ સર્વ તનેજ અર્પણ છે. અમારૂં દુઃખ, શોક કે આનંદ અમે તારા ચરણોમાં ધરીએ છીએ." આવી પ્રાર્થના આપણે સતત આપણા અંતરમાં કરવી જોઇએ. પણ આપણાં મનુષ્યોનાં મન અત્યન્ત ચપળ છે. એક ક્ષણે આપણે આપણો સર્વભાર તેના શિરપર મૂકીએ છીએ; પરંતુ બીજીજ ક્ષણે " હું " ની ભાવના જોસબંધ આપણા મગજમાં ધસી આવે છે.

" સર્વ ધર્મોનું લક્ષ્ય એકજ છે. તમારા ક્ષુદ્ર અહંકારનો નાશ કરી, અહંકારના ઘટ્ટ પડદાને ચીરી તમે સર્વત્ર, સર્વમાં સર્વમય છો એવી ભાવનાનું શિક્ષણ આપવું એજ સર્વ ધર્મોનો હેતુ છે. આ એકજ લક્ષ્યને માટે સવ ધર્મની કલ્પ-

નાઓ ઉદ્‌ભવ પામી છે. હિન્દુ લોકોના ધર્મગ્રંથો કહે છે કે “ હું પરમેશ્વર મારા જેવા બીજાને મારા સ્થાનમાં જોતાં ઇર્ષ્યા કરનારો છું. તું મારી સાથે બીજાને જોઇશ નહિ. ” આનો અર્થ એજ થાય છે કે જ્યાં સુધી અહંકાર તારો ઉપાસ્ય દેવ છે, જ્યાં સુધી તારૂં જીવન અહંકારજન્ય છે, ત્યાં સુધી મારો વાસ તારા અંતરમાં થવો અશકય છે. જો અંતઃકરણમાં પ્રભુનો વાસ કરવાની જિજ્ઞાસા હોય તો તેના આસનપર બેસનાર અહંતા, મમતા, લોભ, મોહ ઇત્યાદિને દૂર કરવાની અત્યન્ત આવશ્યકતા છે. પોતાના સ્થાનપર બીજાને બેઠેલો જોઇ પરમાત્મા ત્યાં આવતા નથી. **હું નહિ પણ તુંજ એવી ભાવનાથી આપણાં અંતઃકરણો ભરપૂર થવાં જોઇએ.** પ્રભુનો માર્ગ કઠિન અને તરવારની ધાર જેવો છે. ઘણા પ્રયત્નો કર્યાં છતાં પણ પગ લપસી જાય છે. અનેકવાર આપણી ભૂલ થવાનો સંભવ છે. છેવટના લક્ષ્ય સ્થાને પહોંચતાં માર્ગમાં અનેક સ્થળે આપણને અટકી જવાની જરૂર પડે છે. અનેક દુઃખો અને લાલચોના પ્રસંગ આવી કનડે છે, ત્યારે તારી મરજી, હરિ ઇચ્છારૂપી ધર્મશાળાનો આશ્રય લેવો જોઇએ. સર્વ તેની ઇચ્છાને સોંપી દેવું એ સ્થિતિજ, એ મુક્તિની સીડીનું એક પગથીયું છે. પણ એ પગથીઆપર ચડતાં ચડતાં તો મર્કટ જેવું મન કંઈક ધમપછાડા મારી રહે છે.

જ્યોં મર્કટ તરૂપર ચઢકર ડાર ડાર પર લટકત હય, ચંચળ મનં
નિશદિન ભટકત હૈ; બ્રહ્માનંદ સમીપ છોડકર, તુચ્છ વિષય રસ ગટકત હૈ.

મનની સ્થિતિ આવી ચંચળ છે. આવી વસ્તુસ્થિતિ હોવાથી ક્ષણે ક્ષણે અને શ્વાસે શ્વાસે આ ભાવનાનું સ્મરણ કરવાને આપણે પ્રયત્ન કરવો જોઇએ, એ ભાવનાને આપણી પોતાની કરી લેવી જોઇએ અને તેમ ન થાય ત્યાં સુધી મન આપણા તાબામાં રહે એ અશકય છે. મન અત્યન્ત વિશ્વાસઘાતી છે. તેનાપર સહજ વિશ્વાસ કરતાંજ તે છટકી જાય છે અને પોતાના પ્રિય વિષયોમાં ભટકવા મંડી મનુષ્યને કોઇવાર એવો ખાડામાં ધકેલી દે છે કે જ્યાંથી નીકળવું પણ મુશ્કેલ થઈ પડે છે. **જેથી મનને તાબે થવું, તરંગી અને ભટકતા મનને આપણો દોરનાર બનાવવું એ પોતાને હાથેજ પોતાનું ગળું કાપી આપવા જેવું અશકય છે.**

આલસ એક ભગવાન ભરોંસે, તન મન કયોં નહિ છોડ દીયા ?

અરે મૂર્ખ ! આ નિઃસાર સંસારને ભરોંસે ભટકી તારૂં આયુષ્ય પુરૂં કરે છે તે કરતાં એકચિત્ત થઇ તે સમર્થ પ્રભુનો ભરોંસો કરી આ તનમન તેનેજ કેમ અર્પણ કરતો નથી ? આ પ્રશ્ન મહાપુરૂષોએ વારંવાર આપણને પૂછ્યો છે. તેનો ઉત્તર આપણી પાસે શું છે ? બંધુઓ ! આ તુચ્છ શરીર અને વિશ્વાસઘાતી

અનના નાદમાં ન રમતાં ચાલો આપણે આપણી વિશ્વજનની મૈયાની ગોદમાં સંતાઇએ ! તેનેજ સર્વસ્વ માની આપણું સર્વસ્વ તેના ચરણોમાં અર્પણ કરી દઇએ. એક હિન્દુ તત્ત્વવેત્તાએ કહ્યું છે કે "પ્રભુ ! તારી મરજી" એ વાક્યનો બીજી વાર ઉચ્ચાર કરવામાં પણ પાપ છે. તારી ઇચ્છા અનુસાર થવા દે ! એ પ્રમાણે એક વાર માન્યા પછી શા માટે બીજી વાર તેવો ઉચ્ચારજ કરવો જોઇએ ? જે શુભ છે તે શુભજ છે. એક વાર જે માન્યતાને આપણી કરી લીધી તેને બીજી વાર કહી બતાવી આપણે તેની સત્યતામાં શા માટે શંકા કરવી જોઇએ ? આપણે એકજ વાર ઉચ્ચાર કરીએ કે, ઓ પ્રભુ ! તારી ઇચ્છા જેમ સ્વર્ગમાં પ્રવર્તે છે તેમજ આ અમારા જગતપર પણ પ્રવર્તો. તે પછી બીજી વાર એવો ઉચ્ચાર કરવો તે પાપ જ છે.

२--वेदान्तमतनुं सामान्य निरीक्षण.

સાંપ્રતકાળમાં યદ્યપિ વેદાન્ત એટલે અદ્વૈત સિદ્ધાન્ત આવી સમજણ વ્યાપેલી છે, તથાપિ વેદાન્ત શબ્દમાં માત્ર અદ્વૈત મતનોજ સમાવેશ થતો હોય તેમ નથી. તેમાં આર્યાવર્તમાં પ્રવર્તી રહેલા સર્વ મત અને સંપ્રદાયોનો સમાવેશ થાય છે. હિંદુસ્તાનમાં અનેક મત અને સંપ્રદાયો પ્રવૃત્ત છે; તેમાં પ્રથમ દ્વૈત સિદ્ધાન્ત છે અને પરિણામે અદ્વૈત સિદ્ધાન્ત છે. આર્યોએ બાંધેલી તત્વજ્ઞાનની ઇમારતમાં “દ્વૈત” એ પાયો અને “અદ્વૈત” એ શિખરપરનો કળશ છે, એમ કહીએ તો તે અયોગ્ય નથી.

વેદાન્ત એ શબ્દોનો અક્ષરશઃ અર્થ વેદનો અન્ત એવો થાય છે. વેદ આર્યોના ધર્મ ગ્રંથ છે અને તેમાં કર્મકાંડ તથા જ્ઞાનકાંડ એવા બે ભાગ છે. આ પૈકી કર્મકાંડમાં યજ્ઞયાગ વગેરેની ક્રિયાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જ્યારે જ્ઞાનકાંડમાં તત્ત્વજ્ઞાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્ઞાનકાંડમાં ઉપનિષદોનો સમાવેશ થાય છે તથાપિ સર્વ ઉપનિષદો કર્મકાંડથી ભિન્ન વિભાગમાંજ લખાયાં છે એમ નથી. કર્મકાંડ વિભાગમાં પણ કેટલાંક ઉપનિષદો ઉપલબ્ધ થાય છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા યદ્યપિ એક સ્વતંત્ર ગ્રંથ છે તથાપિ તેની ગણના પણ ઉપનિષદોમાં કરવાની પૃથા પડી ગઇ છે. સર્વ ઉપનિષદો અને ગીતાને વેદાન્ત ગ્રંથોની સંજ્ઞા આપવામાં આવે છે. પાશ્ચાત્ય વિદ્વાનોમાં વેદોનો અર્થ માત્ર કર્મકાંડ અને તજ્જન્ય કેટલાક મંત્રો પરત્વેજ થાય છે, પણ સાંપ્રત સમયમાં યજ્ઞયાગાદિ ક્રિયાઓનો બહુધા લોપ થઇ ગયો હોવાથી વેદોનો અર્થ વેદાન્તજ થાય છે. વળી હમણાં દર્શનના કે તત્ત્વજ્ઞાનના ગ્રંથોપર ટીકા લખનારાઓ પોતાના અભિપ્રાયના સમર્થન માટે જ્ઞાનકાંડમાંથી જ્યારે અમુક અવતરણ આપે છે ત્યારે વેદોને માટે “શ્રુતિ” એવો શબ્દ યોજે છે. “શ્રુતિ” નો અર્થ સાંભળવામાં આવેલું એવો થાય છે અને તે આખા વૈદિક સાહિત્યને લાગુ પડે છે; પણ ટીકાકારો એ શબ્દ માત્ર ઉપનિષદને અર્થેજ

વાપરે છે. વેદાન્ત શબ્દવડે જે ઉપનિષદોનો બોધ થાય છે તે સર્વ સંહિતા ગ્રંથોની પછીજ લખવામાં આવ્યાં છે એમ નથી. દાખલા તરીકે ઇશોપનિષદ્ યજુર્વેદના ચાળીસમા ખંડમાં છે, જે ભાગ વેદોનો એક પ્રાચીન ભાગ મનાયો છે. વળી કેટલાંક ઉપનિષદો વેદોના બ્રાહ્મણ વિભાગના ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. તે સિવાય કેટલાંક સ્વતંત્ર પણ લખવામાં આવ્યાં છે. તથાપિ તે સર્વથા સ્વતંત્ર હોય એમ માનવાને સબળ કારણો નથી. કારણ કે વેદોના બ્રાહ્મણ વિભાગના કેટલાક ગ્રંથો કાળના ઉદરમાં સમાઈ ગયા છે; અને એમ હોઈ શકે કે બ્રાહ્મણ ગ્રંથોનો ઉપયોગ ન થવાથી તેનો નાશ થઇને તે પૈકી ઉપનિષદો રહી જવા પામ્યાં હોય. વળી કેટલાંક સ્વતંત્ર ઉપનિષદો પણ નાશ પામી ગયાં હોય એ પણ સંભવિત છે. ઉપનિષદોનું બીજું નામ આરણ્યક પણ છે.

વેદાન્ત એ આર્યોના ધર્મગ્રંથોના સમૂહના એક સમૂહનો પોતાનામાં સમાવેશ કરે છે; અને આર્ય તત્વજ્ઞાનની દરેક શાખાનો પાયો વેદાન્ત ઉપરજ રચાય છે. બુદ્ધ અને જૈનલોકો પણ જો પોતાના અભિપ્રાયને સબળ કરનારાં જણાય તો વેદાન્તનાં વચનોને પ્રમાણ તરીકે ટાંકે છે. આર્યતત્વજ્ઞાનની દરેક શાખા જોકે પોતાના મતનો આધાર વેદો ઉપર હોવાનું જણાવે છે તથાપિ તે પૃથક્ પૃથક્ નામો ધારણ કરે છે. આ સર્વ પૈકી શ્રી વ્યાસ પ્રણીત છેલ્લી શાખાએ તેના પૂર્વે પ્રચાર પામેલી તત્વજ્ઞાનની સર્વ શાખાઓ કરતાં પોતાનો આધાર વેદોમાંથી વધારે પ્રમાણમાં લીધો છે; અને સાંખ્ય અને ન્યાય વગેરે પૂર્વેની શાખાઓનો વેદાન્ત સાથે એકવાક્યતા કરવાનો પ્રયત્ન કર્યો છે, તેથીજ એ શાખાને વેદાન્તનું ખાસ નામ આપવામાં આવે છે; અર્થાત્ સાંપ્રતકાળમાં વ્યાસનાં સૂત્રોનેજ વેદાન્તમતનું મૂળ માનવામાં આવે છે. વળી વ્યાસનાં આ સૂત્રો જૂદા જૂદા ટીકાકારોએ જૂદી જૂદી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. સામાન્ય રીતે સાંપ્રત આર્યાવર્તમાં વેદાન્ત સંબંધી ત્રણ મત વિશેષ પ્રચલિત જણાય છે. એ ત્રણે મતના પ્રવર્તક આચાર્યોએ પોતાના મતને અનુકૂળ થાય તેવી તેવી શ્રી વ્યાસ સૂત્રોપર ટીકા લખી છે. આ ત્રણ મતોનાં, દ્વૈત, વિશિષ્ટાદ્વૈત અને અદ્વૈત એવાં ત્રણ નામ છે. દ્વૈત અને વિશિષ્ટાદ્વૈત એ ઉભય સંપ્રદાયોને માનનારા લોક અદ્વૈત મતના અનુયાયીઓના કરતાં પ્રમાણમાં વિશેષ છે. હવે એ ત્રણે મતનો વિચાર આપણે કરવાનો છે. યદ્યપિ એ ત્રણે મત ભિન્ન છે, તથાપિ તે સર્વના પાયારૂપ સાંખ્યદર્શનજ છે, એ વાત લક્ષમાં રાખવા જેવી છે. ન્યાય અને વૈશેષિક દર્શનો સાંખ્યદર્શન સાથે કોઇક સ્થળે સ્વલ્પ મતભેદ સિવાય અનેક અંશોમાં સમાન છે.

એ ત્રણે સંપ્રદાયોમાં ત્રણ બાબતોમાં મતભેદ નથી. પરમેશ્વરનું અસ્તિત્વ, વેદગ્રંથો અપૌરૂષેય હોવાની માન્યતા અને કલ્પ તથા યુગોની કાળકલ્પના, એ

ત્રણ ભાવનાઓ એ ત્રણે સંપ્રદાયોને માન્ય છે. કલ્પ અને યુગની માન્યતાનું સ્પષ્ટીકરણ અત્રે આવશ્યકીય જણાય છે. સૃષ્ટિમાં દૃશ્ય થતી સર્વ વસ્તુઓ એક મૂળ વસ્તુ 'આકાશ'માંથીજ ઉદ્‌ભવ પામી છે, અને ગુરૂત્વાકર્ષણ, આકર્ષણ, લાગણી અને ચૈતન્યના રૂપમાં જે કંઇ શકિત દૃષ્ટિગોચર થાય છે તે સર્વ પ્રકારની શકિતનું મૂળ અધિષ્ઠાન પ્રાણ છે. પ્રાણ અને આકાશના સંયોગ તથા આઘાત પ્રત્યાઘાતથી આ દૃશ્ય વિશ્વ પ્રતીત થાય છે. તમારી ભાષામાં જેને સૃષ્ટિની ઉત્પત્તિ કહે છે તેને આર્ય ગ્રંથોમાં અવ્યકતમાંથી વ્યકતમાં આવવાની ક્રિયા માને છે. આર્યોનો એવો કોઈ પણ મત કે સંપ્રદાય નથી કે જે વિશ્વની ઉત્પત્તિ પશ્ચિમ જેમ 'શૂન્ય' માંથી થએલી માને છે તેમ માનતો હોય! વિશ્વ રચાય છે એમ અમે નથી માનતા, પણ તે નિર્માણ થાય છે એમ માનીએ છીએ. અર્થાત્ પૂર્વે જે અવ્યકત રૂપમાં હતું તે વિશ્વરૂપે વ્યકત થાય છે. કલ્પના પ્રારંભ પૂર્વે આકાશ અદૃશ્ય અને અક્રિય હોય છે. એ સ્થિતિમાં પ્રાણનો તેની સાથે સંયોગ થઇ ક્રિયા થવા માંડે છે, અને એક પછી એક રચનાઓ વૃક્ષો, પ્રાણીઓ, મનુષ્યો, ચંદ્ર, તારા વગેરેની ઉત્પત્તિ થાય છે. આ વ્યકત સ્થિતિમાં ઘણો કાળ વ્યતીત થયા પછી પુનઃ સૃષ્ટિ પોતાની અવ્યકત સ્થિતિ તરફ પ્રયાણ કરે છે. જે ક્રમથી પ્રથમ વિશ્વની ઉત્ક્રાન્તિ થઇ હતી તેજ ક્રમથી હવે અપક્રાન્તિ થાય છે. દરેક વસ્તુ સૂક્ષ્મ અને સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરતી જઈ પોતાના મૂળ તત્વરૂપ આકાશ અને પ્રાણમાં લય પામે છે. આ રીતે પુનઃ આકાશ અને પ્રાણનો સંયોગ થઇ સૂક્ષ્મ અને ઘટ પ્રાણીઓનો પૂર્વે જણાવેલા નિયમ પ્રમાણે ઉદ્‌ભવ થઇ નવીન કલ્પનો પ્રારંભ થાય છે. હવે વિશ્વનાં મૂળભૂત જે બે દ્રવ્યો આકાશ અને પ્રાણ દર્શાવ્યાં, તેનું પણ અધિષ્ઠાન એક ત્રીજું દ્રવ્ય 'મહતત્વ' છે. એ મહતત્વજ આકાશ અને પ્રાણનું અધિષ્ઠાન હોઇ પ્રાણ અને આકાશરૂપે આવિર્ભાવ પામે છે.

હવે મન, આત્મા અને પરમાત્માના સંબંધમાં જે ભાવનાઓ અમારામાં માન્ય છે તે સંબંધી વિચાર કરીશું. આ ત્રણ ભાવનાઓના સંબંધમાં જગતમાં જેટલા મતમતાંતર છે તે સર્વેએ થોડા કે વધારે પ્રમાણમાં સાંખ્યદર્શનનો આધાર લીધેલો જણાય છે. આ પ્રમાણે સાંખ્યદર્શનની મહત્તા તત્વચિંતનની બહુધા સર્વ દિશાઓમાં સ્વીકારાએલી હોવાથી આપણે એ સંબંધી યત્કિંચિત્ જાણવાનો પ્રયત્ન કરીશું.

આપણી ઇંદ્રિયોદ્વારા આપણને બાહ્ય જગતનું જ્ઞાન થાય છે, પણ એ પ્રત્યેક ઇંદ્રિયની ક્રિયામાં ભિન્ન ભિન્ન ત્રણ પ્રકારની ક્રિયાઓનો સમાવેશ થાય છે, એમ સાંખ્યનો અભિપ્રાય છે. જેવી રીતે નેત્રદ્વારા આપણે જોવાની ક્રિયા

કરીએ છીએ ત્યારે બાહ્ય વસ્તુનું ચિત્ર પ્રથમ આપણાં નેત્રો ઉપર ચિત્રિત થાય છે. આ બાહ્ય નેત્રોને કરણ (સાધન) કહેવામાં આવે છે; એ બાહ્ય આંખોથી પર ચક્ષુ ઇંદ્રિયનું ગોલક હોય છે; જે બાહ્ય નેત્રની સમીપસ્થ હોય છે. આ ગોલક અને જ્ઞાનતંતુને સાંખ્યમત પ્રમાણે ઇંદ્રિય કહે છે. બાહ્ય વસ્તુનું જ્ઞાન થવા માટે કરણ અને ઇંદ્રિયનો સંયોગ થવાની જરૂર છે. તે પૈકી એકાદ સાધન ન હોય તોપણ બાહ્ય વસ્તુનું જ્ઞાન થતું નથી; પરંતુ તે સિવાય પણ એક તૃતીય ક્રિયાની આવશ્યકતા છે. મનનો આ ઇંદ્રિય સાથે સંયોગ થવો જોઇએ. તે ઉપરાંત ઇન્દ્રિયદ્વારા થએલા બાહ્ય દર્શનની લાગણીને એ મનજ બુદ્ધિની સમીપ પહોંચાડે છે. બુદ્ધિ એ મનનુંજ નિશ્ચયાત્મક સ્વરૂપ છે. બાહ્ય વસ્તુના દર્શનથી તેની તૂલના કરીને તે અમુક વસ્તુ છે, એમ તેનું સ્વરૂપ સમજવું, એ બુદ્ધિનું કાર્ય છે. જ્યારે બુદ્ધિ તરફથી અમુક વસ્તુનું સ્વરૂપ અમુક છે, એવો પ્રતિધ્વનિ પાછો મનપર પડે છે ત્યારેજ પુરૂષ કે આત્મા અહંકાર સ્વરૂપે મનમાં પ્રકાશે છે, અહંકારરૂપે દેખાય છે. આટલી ક્રિયા થાય ત્યારે આપણે એમ કહીએ છીએ કે અમુક વસ્તુનું મને જ્ઞાન થયું. જેવી રીતે ભિન્ન ભિન્ન રંગ અને રૂપરેખાથી એક ચિત્રની રચના થાય છે, પણ અમુક વસ્તુ (તે ચિત્ર જે કાગળ, વસ્ત્ર કે બીજી વસ્તુપર કહાડવામાં આવે છે તે) એવી હોવી જોઇએ કે જેનાપર તે સર્વ રંગો ને આકારો એકત્ર થાય અને એક સમગ્ર ચિત્ર તરીકે દેખાય. તેવીજ રીતે ઇંદ્રિયોદ્વારા થતા જ્ઞાનના રંગ અને છાયા વગેરે જે વસ્તુ ઉપર એકત્ર થાય છે તે જીવાત્મા કિંવા પુરૂષ છે. આ રીતે મનુષ્યનું જીવનરૂપી ચિત્ર રચાય છે.

વિશ્વમાં દરેક વસ્તુ પ્રત્યેક ક્ષણે બદલાતી જાય છે. કંઇક વધઘટ નિરંતર થયા કરે છે. આખું વિશ્વ અસ્થિર છે, આવો સિદ્ધાન્ત સાંપ્રત ભૌતિકશાસ્ત્રે સિદ્ધ કર્યો છે. આ બાબતમાં પ્રાચીન આર્યતત્વશાસ્ત્ર અને સાંપ્રત ભૌતિકશાસ્ત્રની એકવાક્યતા છે. જે પ્રમાણે બાહ્ય જગતની દરેક વસ્તુ અસ્થિર અને વિકારી સ્વભાવવાળી છે, તેજ પ્રમાણે આપણું શરીર, મન અને બુદ્ધિ પણ અસ્થિર હોઈ એમાં પણ પ્રત્યેક ક્ષણે વિકાર અર્થાત્ પરિવર્તન ચાલુ હોય છે. જે બાહ્ય પદાર્થનું જ્ઞાન આપણી ઇંદ્રિયોદ્વારા થાય છે તે બાહ્ય વસ્તુ જો અસ્થિર હોય તો તે વસ્તુ અમુક છે, એમ આપણે નિશ્ચયજ કરી શકતા નથી; કારણ કે એમાં જેનો નિશ્ચય કરવાનો છે તે અસ્થિર હોવા સાથે નિશ્ચય કરનારૂં મન પણ અસ્થિર હોય છે. આથી એમ સાબીત એ થાય છે કે આપણા અંતરમાં કોઇ એવી શક્તિ હોવી જોઇએ કે જે સ્થિર હોય. જો તેમ ન હોય તો આ અસ્થિર છે, એવું જ્ઞાન પણ આપણને નજ થાય. આ સ્થિર અધિષ્ઠાનને જ સાંખ્યમતમાં પુરૂષ, આત્મા ઇત્યાદિ નામો આપવામાં આવ્યાં છે.

સાંખ્યદર્શન પ્રમાણે મનનું પ્રતિધ્વન્યાત્મકતત્ત્વ જેને બુદ્ધિ કહે છે તે મહત્તત્વનું રૂપાંતર છે. મહતત્વ જ્યારે અસ્થિર સ્વરૂપ ધારણ કરે અર્થાત્ આન્દોલન ઉત્પન્ન કરે ત્યારે એમાંથી ઇંદ્રિયોનાં સૂક્ષ્મ સ્વરૂપ રચાય છે, અને કેટલાંક આન્દોલનમાંથી જડતત્વોના સૂક્ષ્મ પરમાણુઓનો આવિર્ભાવ થાય છે. આ મહતત્વની સર્વ ક્રિયામાંથીજ સમસ્ત વિશ્વનો આવિર્ભાવ થાય છે. સાંખ્યમત પ્રમાણે આ મહતત્વથી પણ પર એક એવી સ્થિતિ છે કે જેને તે અવ્યક્ત કહે છે. અહીં મનનું અસ્તિત્વ નથી. માત્ર કારણતત્વ ત્યાં હોય છે. આ કારણતત્વમાંથી મહત્તત્વ અને મહત્વમાંથી વિશ્વ ઉદ્ભવે છે. તે કારણતત્વને સાંખ્યવાળા પ્રકૃતિનું નામ આપે છે. આ પ્રકૃતિથી પર અને તેનાથી વિભિન્ન પુરૂષ કિંવા આત્મા છે, જે નિર્ગુણ અને સર્વવ્યાપક છે, એમ સાંખ્યમતનો અભિપ્રાય છે. આ પુરૂષ કર્તા નહિ પણ નિરંતર સાક્ષીરૂપે રહે છે. પુરૂષતત્વને સ્પષ્ટ કરવા સ્ફટિકમણીનું ઉદાહરણ આપવામાં આવે છે. સ્ફટિકમણીની આસપાસ વિવિધ રંગની વસ્તુઓ ગોઠવી હોય તો, જાણે સ્ફટિકમાં જ જૂદા જૂદા રંગો હોય એવો ભાસ થાય છે; પણ વાસ્તવિક રીતે તે તેનાથી રહિત છે, તેવીજ રીતે પુરૂષમાં પણ પ્રકૃતિની ક્રિયાઓનું માત્ર આરોપણ કરવામાં આવે છે, વાસ્તવિકમાં તો તે નિષ્ક્રિય સાક્ષી રૂપજ છે. પ્રકૃતિ અને પુરૂષના સંબંધમાં સાંખ્યની આવી માન્યતા વેદાન્તને માન્ય નથી. સાંખ્યમત પ્રકૃતિ પર્યંત વસ્તુસ્થિતિનો વિચાર કરી પછી એકદમ પુરૂષનો વિચાર કરે છે અને પુરૂષને પ્રકૃતિથી સર્વથા ભિન્ન જણાવે છે. હવે વેદાન્તનો એ પ્રશ્ન છે કે:-

સ્ફટિકના ઉદાહરણમાં જો સ્ફટિક પોતે રંગ વિનાનો હોય તો તે ભિન્ન ભિન્ન રંગોને શી રીતે ગ્રહણ કરી શકે ? જો પુરૂષ અને પ્રકૃતિનો સ્વભાવ ભિન્ન હોય તો જગતરૂપે તેનું એકીકરણ શી રીતે થાય ? અને આમ આભાસ પણ શી રીતે ઉત્પન્ન થાય ! આ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર મળતો નથી, તેથી પ્રકૃતિ અને પુરૂષ, કિંવા વિશ્વ અને પરમાત્મા, વસ્તુતઃ એકજ રૂપ છે, આમ વેદાન્તની માન્યતા છે. વેદાન્તમતનોજ એક વિભાગ દ્વૈતમત જો કે પુરૂષ અને પ્રકૃતિને ભિન્ન માને છે, તથાપિ તે એમ તો માને છે કે પુરૂષ કે પરમાત્મા, આ વિશ્વનું ફક્ત નિમિત્ત કારણજ નહિ પણ ઉપાદાન કારણ પણ છે. અર્થાત્ પરમાત્મા સમસ્ત વિશ્વથી ભિન્ન નહિ પણ તેના અણુઅણુમાં ઓતપ્રોત થએલો છે. આ પ્રમાણે દ્વૈતવાદીઓ પણ પુરૂષ અને પ્રકૃતિની અભિન્નતા સ્વીકારે છે. પણ પુનઃ દ્વૈતભાવ સિદ્ધ કરવા માટે તેઓ એમ માને છે કે આ વિશ્વમાં ત્રણ તત્વો છે. પુરૂષ, જીવાત્મા અને પ્રકૃતિ. આત્મા અને પ્રકૃતિ પુરૂષના શરીરરૂપ છે, પણ પ્રકૃતિ અને આ ભિન્ન ભિન્ન જીવાત્માઓ અન્યોન્યથી અનાદિ કાળથીજ વિભક્ત છે. કલ્પના પ્રારંભમાં

તેઓ ભિન્ન સ્થિતિમાં દૃશ્ય થાય છે અને જ્યારે કલ્પનો અંત આવે છે ત્યારે પાછા તે દરેક સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરી તેજ સ્થિતિમાં રહે છે.

વેદાન્તનો અદ્વૈતમત ઉપનિષદોનો આધાર લે છે. બહુધા બધાં ઉપનિષદો અદ્વૈતભાવનાનુંજ સમર્થન કરે છે અને અદ્વૈતવેદાન્તની ઈમારત તેના ઉપરજ ચણાઇ છે. ઉપનિષદોને નામે વ્યવહારાતા સર્વ ગ્રંથોનો એકજ વિષય છે, એકજ વાત તેમને સિદ્ધ કરવાની છે. જેમ માટીના એક ઢેફાનું જ્ઞાન થવાથી સમસ્ત પૃથ્વીનું જ્ઞાન થઇ શકે છે, તેમ એવી કોઇ વસ્તુ છે કે જેને જાણવાથી સમસ્ત વિશ્વનું જ્ઞાન થઇ શકે ? ઉપનિષદોનો પ્રયત્ન એ વિષયમાં છે; અને અદ્વૈતમતવાળા વેદાન્તીઓ પણ આ વિશ્વને એકજ સ્વરૂપમાં જોવાનો પ્રયત્ન કરે છે. તેઓ માને છે કે આ સમગ્ર વિશ્વ એકજ વસ્તુ છે, એકજ મૂળતત્વ આ ભિન્ન ભિન્ન નામરૂપમાં દેખાય છે. સાંખ્યવાળા પ્રકૃતિનું જે સ્વરૂપ કલ્પે છે તે વેદાન્તને માન્ય છે; પણ વેદાન્ત કહે છે કે એ પ્રકૃતિ પણ પુરૂષ કે પરમાત્મા પોતેજ છે. જેથી આ એકજ તત્વ સત્ છે કે જે આ સર્વ વિશ્વ, મનુષ્ય, આત્મા અને પ્રાણીરૂપે દ્રશ્ય થાય છે. મહત્ અને મન એ આ સત્તત્વનાંજ દૃશ્ય સ્વરૂપો છે. પણ પુરૂષને જો નિર્વિકારી માનીએ અને તેમાંથીજ આ વિકારી એટલે વધઘટ પામતા જગતની ઉત્પત્તિ માનીએ તો વદતોવ્યાઘાતનો દોષ ઉત્પન્ન થશે. જે તત્વમાં કોઇ પણ પ્રકારના ગુણ કે રૂપ ન હોય તેમાંથી નાના પ્રકારનાં ગુણરૂપયુક્ત પ્રાણીઓ ઉત્પન્ન થાય એ શી રીતે સ્વાભાવિક હોઇ શકે ? આ પ્રશ્નનો ઉત્તર અદ્વૈતવાદી વેદાન્તીઓએ વિવર્તવાદ રૂપે આપ્યો છે. વિવર્ત એટલે દ્રશ્યાભાસ, અર્થાત્ દ્રષ્ટિના ભ્રમથી, હોય તે કરતાં જૂદાજ રૂપનો ભાસ થવો. આને વેદાન્તની પરિભાષામાં વિવર્ત કહે છે. આમ દ્વૈતવાદીઓ અને સાંખ્યમતવાળાના અભિપ્રાય પ્રમાણે આ દ્રશ્ય વિશ્વ મૂળ પ્રકૃતિમાંથી ઉદ્ભવ પામ્યું છે. કેટલાક અદ્વૈતવાદીઓ અને કોઇ કોઈ દ્વૈતવાદીઓના મત પ્રમાણે આ ચરાચર સૃષ્ટિ પરમાત્મામાંથીજ ઉત્ક્રાન્તિના નિયમ પ્રમાણે ઉત્પન્ન થઇ છે. શંકરાચાર્યના મતવાળા ખરા અદ્વૈતવાદીઓના મત પ્રમાણે આ ચરાચર વિશ્વ પરમાત્મામાંથીજ ઉદ્ભવ્યું છે અને પરમાત્મસ્વરૂપેજ દેખાય છે. પરમાત્માજ આ વિશ્વનું ઉપાદાન કારણ છે, પણ તે માત્ર વિવર્તરૂપેજ એટલે કે આભાસ માત્રજ; વાસ્તવિક રીતે નહિ. હવે આ સિદ્ધાન્તમાં શંકા એ થાય છે કે જો આ સકળ વિશ્વ કેવળ ભાસમાત્રજ હોય તો તેનો પ્રત્યક્ષ અનુભવ કેમ થાય છે ? આને માટે સર્પ અને રજ્જુ (દોરડી)નું સુપ્રસિદ્ધ ઉદાહરણ લેવામાં આવે છે. જેમ અર્ધ અંધકારવાળી જગ્યામાં પડેલા રજ્જુના એકાદ કડકાને જોતાં તે સર્પ હોવાનો ભાસ થાય છે અને તેથી ભય લાગે છે. આ ઉલટું અર્થાત્ વિપરીત જ્ઞાન થવામાં જો કે અંધારૂંજ કારણભૂત છે, તથાપિ એ અંધ-

કારને લીધે મૂળ વસ્તુ દોરડી કાંઇ ખરેખરો સર્પ બની ગઇ હોય એમ નથી; પણ માત્ર ભ્રમણાથીજ રજ્જુમાં સર્પનો ભાસ થાય છે. એજ પ્રમાણે કૈવલ્યરૂપ બ્રહ્મમાં આ વિશ્વના આવિર્ભાવનો મિથ્યા ભાસ થાય છે. દેશ, કાળ અને નિમિત્ત અથવા નામ અને રૂપની ઉપાધિને લઇનેજ આ વિકારો દેખાય છે. નામ અને રૂપની ઉપાધિને લીધેજ આવી ભેદદ્રષ્ટિ ઉત્પન્ન થઈ છે; માટે નામ અને રૂપ એજ ભેદનાં કારણ છે. નામ અને રૂપની ઉપાધિ નષ્ટ થતાંજ ભેદદ્રષ્ટિનો નાશ થાય છે અને સર્વત્ર એકજ પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ પ્રતીત થાય છે. જે ભ્રમણાથી રજ્જુમાં સર્પની પ્રતીતિ થાય છે, તે ભ્રમણાનો નાશ થતાં રજ્જુ તે રજ્જુરૂપેજ જણાય છે. આ સ્થળે સર્પની ઉત્પત્તિનું કારણ કેવળ ભ્રમણા છે. વાસ્તવિક રીતે એ ભ્રમણા થઇ તે વખતે કાંઇ રજ્જુએ સર્પનું સ્વરૂપ ધારણ કર્યું નહોતું કે જેથી ભ્રમણાનો નાશ થતાં તે સર્પ મરી જાય. અર્થાત્ સર્પ દેખાવાની અને નષ્ટ થવાની બંને ભાવનાઓ માત્ર આભાસરૂપજ છે, ભ્રમણા માત્રજ છે. તે પ્રમાણે અજ્ઞાની મનુષ્યનેજ આ જગતરૂપ આભાસની પ્રતીતિ થાય છે અને સત્યરૂપ પ્રભુને તે જોઇ શકતો નથી. જ્ઞાનદ્રષ્ટિથી પ્રભુ પ્રત્યક્ષ થતાંજ આ જગત રૂપી આ સર્વ મિથ્યાભાસ તેની દ્રષ્ટિથી દૂર થઇ જાય છે. આ અજ્ઞાન અથવા માયાજ આ જગતરૂપી આભાસ કે જે વાસ્તવિક રીતે કૈવલ્યરૂપજ છે તેની પ્રતીતિ થવામાં કારણ રૂપ છે.

અહીં હવે એ માયાનું અર્થાત્ અજ્ઞાનનું સ્વરૂપ શું એ પ્રશ્ન ઉભો થાય છે. માયાનું સત્ય કિંવા અસત્ એવું કોઇ નિર્ણીત સ્વરૂપજ નથી. જો નિશ્ચયાત્મક સ્વરૂપ હોય તો તે નષ્ટ થઈ શકેજ નહિ, સત્માંથી અસત્ થાયજ નહિ. સત્નું રૂપાંતર થાય ખરૂં પણ નાશ તો થાયજ નહિ; તેમજ જો ભ્રમણા મનુષ્યને શિંગડાની પેઠે હોયજ નહિ તો તેની પ્રતીતિ થાય નહિ અને એટલાજ કારણથી માયાને વેદાન્તની ભાષામાં અનિર્વચનીય કહે છે. આ માયાજ આ વિશ્વરૂપ આભાસનું કારણ છે. આ પ્રમાણે એકજ ઉપાદાન કારણ સત્ પરમાત્મા કે બ્રહ્મજ માયાના સંયોગથી અનેક નામ અને રૂપથી ભાસે છે. અદ્વૈતમત પ્રમાણે જીવોના અનેકપણાની અને ભેદભાવની ભાવના પણ માત્ર આભાસજ છે એ હવે આપણે સમજી શકીશું. ભેદભાવનું કારણ માયાજ છે. એ માયાનું આવરણ દૂર થઈ જાય અને જો સર્વત્ર એકજ પરમાત્મા દેખાય, તોપછી હું અમુક છું, તે અમુક છે, આ તૃતીય છે, વગેરે માન્યતાઓ ટકીજ શી રીતે શકે? આપણે સર્વ એકજ છીએ; દ્વૈતભાવના, ભેદભાવના એજ પાપ અને દુઃખનું કારણ છે. હું આ વિશ્વથી ભિન્ન છું, એ ભાવનાજ ભય અને દુઃખને ઉત્પન્ન કરનારી છે. હું, આ, તે વગેરે ભાવનાઓ ક્ષુદ્ર અને સંકુચિત છે. જે ભાવનાથી આ દ્વંદ્વ, દ્વૈતભાવનો નાશ

થાય છે તે ભાવનાજ વિસ્તૃત, વ્યાપક અને પરમાત્મા પ્રતિ લઇ જનારી છે. ઉદારતામાંજ સુખ છે. સંકુચિતતાજ દુઃખનું કારણ છે.

વેદાન્ત પ્રમાણે આ વિશાળ વિશ્વમાં જે વિવિધ વસ્તુઓ અને પ્રાણીઓ દૃશ્ય થાય છે તે સર્વ ક્ષણભંગુર હોઇ અવિનાશી સ્વરૂપ તેની આડે ઢંકાએલું છે. પણ એ અવિનાશી સ્વરૂપ ગમે તેવા રંગ અને આકારમાં દેખાય પણ તે અવિકારી અને એકજ છે. તેમાં વિકાર થતો નથી. એક નાના સરખા કીડામાં તેમજ મનુષ્ય પ્રાણીઓ પૈકી પ્રતિભાસંપન્ન મનુષ્યમાં પણ એ દૈવી તત્વજ પ્રકાશે છે. માત્ર એ કીડાનું રૂપ કનિષ્ઠ ભૂમિકામાં હોઈ તેનામાં રહેલા એ અવિનાશી સ્વરૂપ ઉપરનું માયાનું આચ્છાદન વધારે ઘટ્ટ હોય છે અને જેના ઉપર એ માયિક આવરણ વધારે સૂક્ષ્મ હોય તે ઉચ્ચત્તમ જીવાત્મા હોય છે; સવ જડ અને ચેતનથી પર એ અવિનાશી દિવ્યતા સ્થિત છે અને આ ભાવનામાંથીજ નીતિના મૂળનો ઉદ્ભવ થાય છે. અન્યને દુઃખ કરો નહિ. દરેકપર પોતાના જેટલો પ્રેમ કરો; કારણ કે આ વિશ્વ એકજ અભિન્ન પરમાત્માનું સ્વરૂપ છે. અન્યને ઇજા કરતાં હું મને પોતાનેજ ઇજા કરૂં છું, અન્ય પ્રત્યે પ્યાર કરતાં હું મારા પોતાના પરજ પ્યાર કરૂં છું.

અદ્વૈત સિદ્ધાન્તનો સારાંશ ફક્ત એકજ શબ્દમાં સમાવી શકાય કે અહંકારની વિસ્મૃતિ. અદ્વૈતવાદી એમજ કહે છે કે આ હુંપણાની સંકુચિત ભાવનાજ મારા દુઃખનું કારણ છે. સ્વાર્થી અહંકારની ભાવનાજ મને મારા મહાન સ્વરૂપનું વિસ્મરણ કરાવી મને આ વિશ્વમાં એક ભિન્ન પ્રાણી દર્શાવે છે. ભિન્નતાની એ ભાવના દૃઢ થતાં, ઇર્ષ્યા, વૈર, વિરોધ અને અન્ય પાપમય ભાવનાઓ ઉદ્ભવે છે. આ અહંકારની ભાવનાનો નાશ થતાં, વ્યવહારના કલહ અને કંકાસ પણ નાશ પામે છે અને તજ્જન્ય દુઃખનો અનુભવ કરવો પડતો નથી. તે માટે અહંકારની ભાવનાનો ત્યાગ કરવો જોઇએ. નાનામાં નાના પ્રાણીના કલ્યાણને માટે પણ આપણો દેહ વિસર્જન કરવાને આપણે તૈયાર રહેવું જોઇએ. મનુષ્ય જ્યારે એક કીડીને માટે પણ દુઃખી થઇ આત્માવસર્જન પર્યન્ત સ્વાર્થત્યાગ કરવાને તૈયાર હોય છે ત્યારે તે સંપૂર્ણતાને પહોંચે છે; અર્થાત્ ઐક્ય કિંવા સમાધિનો અનુભવ કરે છે. આજ વેદાન્તીનું લક્ષ્યબિંદુ છે. આ લક્ષ્યબિંદુને પહોંચતાં અજ્ઞાનનો પડદો કટકે કટકા થઇ પડી જાય છે અને નિરતિશય સુખ કે જે મનુષ્યની સ્વાભાવિક સ્થિતિ છે તેને પ્રાપ્ત કરે છે. સદેહ એટલે આ જીવનમાંજ તેને સમસ્ત વિશ્વની સાથે અભેદાનુભવ થાય છે. જગતનો આભાસ તેની દૃષ્ટિથી દૂર થાય છે. તે સર્વત્ર હરિદર્શન કરે છે. આજ મનુષ્યની સ્વાભાવિક સ્થિતિ છે. અહીં એક વાત સ્મરણમાં રાખવી જોઇએ કે પ્રારબ્ધ અનુસાર જ્યાં સુધી તેનાં શારીરિક કર્મો હોય

ત્યાં સુધી તે જીવે છે. અજ્ઞાનનું આવરણ દૂર થયા પછીના એ જીવનને વેદાન્તીઓ જીવનમુક્તિ કહે છે. આ જીવનમુક્ત પુરૂષ સંસારીઓની પેઠે આહાર વિહારમાં પ્રવૃત્ત હોય છે, પણ તે સર્વને તે આભાસરૂપ માને છે અને આભાસના પારદર્શક પડદામાંથી સદાસર્વદા પરમાત્માનુંજ દર્શન કરે છે. જેવી રીતે મૃગજળ જોઇને કોઇ મનુષ્ય પ્રથમ તેને વાસ્તવિક જળ માની ઠગાય છે, પણ તે મૃગજળ છે, એમ જણાતાં પુનઃ તરતમાં કે ભવિષ્યમાં મૃગજળ જણાતાં તે તેને વાસ્તવિક જળ માનતો નથી. પ્રથમ જ્યારે તેને મૃગજળનાં દર્શન થયાં ત્યારે તેનામાં વિવેકશક્તિનો અભાવ હતો, તે વાસ્તવિક જળ અને મૃગજળનો ભેદ સમજી શકતો નહોતો; પરંતુ એક વાર જો તેને જ્ઞાન થયું તો તે જીવન પર્યન્ત મૃગજળરૂપી જળના આભાસથી ઠગાતો નથી. તે વાસ્તવિક જળને ઓળખી શકયો છે. હવે મૃગજળ પોતાના આભાસથી તેનામાં ભ્રમણા ઉત્પન્ન કરવાને અસમર્થ છે. તેવીજ રીતે જ્યારે એક વેદાન્તી પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણી તેમાં સ્થિત થાય છે ત્યારે સમસ્ત વિશ્વ તેની દ્રષ્ટિથી દૂર થઇ જાય છે, આભાસ રૂપ ભાસે છે. આ જગત હવે તેનો વિલાસ છે. તેને માટે હવે પૂર્વનું દુઃખમય અને પાપમય જગત નથી; એ દુઃખરૂપ બંધીખાનું આ અદ્વૈતવાદીની દ્રષ્ટિથી હવે સત્, ચિદ્ અને આનંદનું નિવાસસ્થાન છે. આ સમાધિ, આ અંતિમ લક્ષ્યબિન્દુને પહોંચવું એજ અદ્વૈત તત્વજ્ઞાનનો સર્વોત્તમ ઉદ્દેશ છે.

(આ વ્યાખ્યાન ઇ. સ. ૧૮૯૬ ના માર્ચ માસની ૨૫ મી તારીખે હાવર્ડ વિશ્વ વિદ્યાલયની ગ્રેજ્યુએટ ફીલોસૉફીકલ સોસાયટી પાસે આપવામાં આવ્યું હતું.)

३--विवेकबुद्धि अने धर्म.

(સ્વામીજીએ આ વ્યાખ્યાન ઇંગ્લૅંડમાં આપ્યું હતું.)

એક વખતે શ્રી નારદભગવાન સનત્કુમાર પાસે ગયા અને પોતાને સત્યનું શિક્ષણ આપવાની પ્રાર્થના કરી. શ્રી સનત્કુમારે એમને પૂછ્યું કે "તમે કયી કયી વિદ્યાઓ ભણ્યા છો ?" નારદ ભગવાને ઉત્તર આપ્યો કે "વેદોનો મેં અભ્યાસ કર્યો છે, ખગોળવિદ્યા તથા બીજી અનેક વિદ્યાઓ હું શિખ્યો છું, પણ તેથી મારા ચિત્તને શાન્તિ થતી નથી." " એ સંબંધી આ બંને સાધુ પુરૂષો વચ્ચે કંઇક ચર્ચા થયા પછી ભગવાન સનત્કુમાર બોલ્યા કે, વેદાભ્યાસ, તત્ત્વજ્ઞાન અને ખગોળવિદ્યા ઇત્યાદિ વિદ્યાઓ ખરા મહત્વની નથી. જે વિદ્યા પ્રાપ્ત કરવાથી બ્રહ્માનુભવ થાય છે તેજ ખરી રીતે 'વિદ્યા' નામને પાત્ર છે.

આ ભાવના સર્વ ધર્મોમાં પ્રવર્તે છે અને તેથીજ ધર્મનું જ્ઞાન ઉચ્ચતમ જ્ઞાન મનાતું આવ્યું છે. પદાર્થવિજ્ઞાન ઇત્યાદિ લૌકિક વિદ્યાઓ આપણા વ્યવહાર કે શરીર પરત્વેની હોઇ ધર્મવિદ્યાના પ્રમાણમાં ઓછા મહત્વની હોવાથી તે વિદ્યા બીજી વિદ્યાઓથી અલગ રહેવા પામી છે; એટલુંજ નહિ પણ બીજી વિદ્યાઓ ધર્મની દૃષ્ટિથી નિર્માલ્યવત્ હોઇ ધર્મવિદ્યાની સાથે તેની તુલના કરવી પણ અયોગ્ય છે, એવી માન્યતા ઠસી ગઇ છે. દુર્ભાગ્યવશાત્ ધર્મવિદ્યાએ અન્ય વિદ્યાઓને હલકી માની તે વિદ્યાઓદ્વારા પોતાનો ન્યાય કે તૂલના થવામાં હીણપદ માની લીધું છે; અને તેથી પરિણામ એ આવ્યું છે કે સર્વત્ર લૌકિક અને ધાર્મિકવિદ્યા વચ્ચે વિગ્રહ થયાના દાખલા બન્યા છે. એક વિદ્યા જ્યારે પોતાની સર્વોપરી સત્તા ઠરાવે છે અને પોતાની વિરૂદ્ધ બીજાને બોલવાનો અધિકારજ નથી એમ કહે છે, ત્યારે લૌકિકવિદ્યા પોતાના બુદ્ધિરૂપ શસ્ત્રથી ધર્મની માન્યતાનુંજ છેદન કરવા મથન કરે છે, આવાં દૃષ્ટાન્તો પણ ઇતિહાસદ્વારા દેખાય છે. આવા વિગ્રહો ભૂતકાળમાં અનેક થયા છે અને સાંપ્રતકાળમાં પણ દરેક દેશોમાં કંઇ

ને કંઈ ચર્ચાજ કરે છે. આમાં વારંવાર ધર્મપક્ષનો પરાજય થાય છે અને ધર્મભાવના શુષ્ક અર્થહીન થઈ ગઇ છે. ફ્રાન્સના વિપ્લવ સમયમાં આપણે વિવેકબુદ્ધિની પૂજા અને શ્રદ્ધાના પરિત્યાગની વાતો વાંચીએ છીએ, પણ માનવ જાતના ઇતિહાસમાં આ પ્રકારની ભાવનાનો આ સમયેજ પ્રારંભ થયો છે એમ નથી; પૂર્વકાળમાં પણ શ્રદ્ધાની વિરૂદ્ધ લોકલાગણી અને વિવેક બુદ્ધિનો વિગ્રહ થયાના દાખલા બન્યા છે. ફ્રાન્સના વિપ્લવકાળમાં એ ભાવના વધારે સબળ થઈ હતી. સાંપ્રતકાળમાં ભૌતિકશાસ્ત્ર સંબંધમાં વધારે ને વધારે શોધખોળ થતી હોવાથી તે બળવાન થાય છે, અને તેના પ્રહાર ધર્મ ઉપર પડવાથી ધર્મવિદ્યા વિશેષ નિર્બળ થાય છે. ધર્મવિદ્યાના પાયા ભૂતકાળની ભૂમિમાં દટાઇ ગયા છે. ધર્મભાવનાનો ડોળ કરનારા ઘણા મનુષ્યો જણાય છે, પણ તેમના અંતઃકરણની પરીક્ષા કરી હોય તો તેઓ નાસ્તિક હોય છે. અમુક ધર્મોપદેશકે કહ્યું માટે શ્રદ્ધા રાખવી, અમુક ગ્રંથમાં લખેલું છે માટે શ્રદ્ધા રાખવી! લોકો એવી શ્રદ્ધા રાખવાનું ઇચ્છે છે માટે શ્રદ્ધા રાખવી! પણ ખરૂં જોતાં એમાંની એક પણ બાબત શ્રદ્ધાને યોગ્ય નથી અને એવી રીતે અન્યપર શ્રદ્ધા ટકી શકતી નથી. કેટલાક લોકો એવા પણ હશે કે જેઓ લૌકિકધર્મ પ્રમાણે ચાલતા હશે, તેને માન્ય રાખતા હશે; પરંતુ તેમના પરિચયમાં આવતાં જણાય છે કે તેઓ વિચાર કરતા નથી. તેમની શ્રદ્ધાની ભાવના બીજું કાંઇજ નહિ, પણ માત્ર વિવેક શૂન્ય પ્રમાદ જ હોય છે. આવો વિગ્રહ જો વધારે વખત લંબાય તો પરિણામે ધર્મની ઈમારતના ચૂરેચૂરા થાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે આ વિગ્રહનો અંત આવે એવો કોઇ ઉપાય છે? જેવી રીતે અન્ય ભૌતિક વિદ્યાઓ વિવેકબુદ્ધિને આશ્રયે ઉભી રહી શકે છે તેવી રીતે ધાર્મિક વિદ્યા પણ બુદ્ધિથી ટકી શકે એવો કોઇ માર્ગ છે? જે જે યુક્તિઓ અને પ્રમાણોથી ભૌતિકશાસ્ત્રની શોધો થઇ છે અને જેને આધારે તે શાસ્ત્ર સબળ બનતું જાય છે, તેવીજ રીતે ધાર્મિક બળને ટકાવવા માટે કોઇ યુક્તિઓ કે પ્રમાણોનો ઉપયોગ થઈ શકે તેમ છે? મારા અભિપ્રાય પ્રમાણે એવો માર્ગ છે અને હું એમ પણ કહું છું કે તેવો માર્ગ જેમ સત્વર લેવાય તેમ સારૂં છે. જો યુક્તિ અને બુદ્ધિથી નાશ થઇ શકે તેવો કોઇ ધર્મ હોય તો તેનો સત્વર નાશ થવો જોઇએ. એવા વિવેક હીન ધર્મનો થવામાંજ મનુષ્યોનું કલ્યાણ છે, કારણ કે તે ધર્મ આટલો વખત ટકી શક્યો એજ સંશય અને અજ્ઞાનતાનું ફળ છે. હું ફરીથી પણ કહું છું કે એવા ધર્મનો નાશ થાય એજ ઉત્તમ છે. ધર્મશાસ્ત્રમાં જે ખરૂં સત્ય છે તેનો તો કોઇ કાળે, કોઈનાથી નાશ થવાનોજ નથી. જો તેનામાં કાળ અને સંયોગોએ કંઇ મલ અથવા અંધ શ્રદ્ધા ભેળવી હશે તો વિવેકબુદ્ધિમાં તપાવતાં તે તરત બળી જશે અને શુદ્ધધર્મનું

સ્વરૂપ ઉલટું વધારે ઉજ્જ્વળ થશે. જેમ પદાર્થવિજ્ઞાન તથા રસાયનશાસ્ત્રની સિદ્ધિ પ્રત્યક્ષ પ્રમાણથી થાય છે તેમ ધર્મ પણ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થશે; એટલુંજ નહિ પણ ધર્મશાસ્ત્રની યોગ્યતા ભૌતિકશાસ્ત્રોથી વિશેષ ઠરશે. કર્મેંદ્રિયો કરતાં જેમ જ્ઞાનેંદ્રિયોની યોગ્યતા વિશેષ છે, તેજ પ્રમાણે ભૌતિકવિદ્યા સ્થૂળ છે, જ્યારે ધર્મવિદ્યા જ્ઞાનપ્રધાન હોવાથી તેનાથી પણ શ્રેષ્ઠ છે. ભૌતિકશાસ્ત્રોની સિદ્ધિ ઇંદ્રિયોનેજ સ્પર્શ કરે છે, જ્યારે ધર્મશાસ્ત્રની સિદ્ધિ આપણા આત્માને ભેદે છે; અને તેથી તેટલાજ પ્રમાણમાં તેની યોગ્યતા અધિક છે.

'વિવેકબુદ્ધિના ત્રાજવામાં ધર્મની તુલના કરવી એ મૂર્ખાઈ છે એમ કહી બુદ્ધિવાદને ધર્મથી અલાહેદો રાખવા ઇચ્છનારા લોકો પોતે જે જે કાંઇ કહે છે, તેનો ભાવાર્થ સમજતા હોય એમ જણાતું નથી. ધારો કે એક ખ્રિસ્તી અને એક મુસલમાન ધર્મની શ્રેષ્ઠતા માટે વાદવિવાદ કરે છે. ખ્રિસ્તી કહે છે કે, "મારો ધર્મ ખુદ પરમેશ્વરે ઈસુખ્રિસ્તને આપ્યો છે." મુસલમાન કહે છે: "મારો ધર્મ પણ ઈશ્વરપ્રણીત છે." ખ્રિસ્તી કહે છે કે, "તારા ધર્મપુસ્તકમાં કેટલીક ખોટી વાતો લખી છે. દાખલા તરીકે તેમાં જણાવ્યું છે કે મુસલમાન ન હોય તેવાને જોર જુલમથી મુસલમાન કરવો અતે તે મુસલમાન ન થાય તો તેને ઠાર મારી નાખવો. આમ ધર્મને નામે વિધર્મીને મારી નાખનાર મુસલમાને ગમે તેટલા પાપ કર્યા હોય તોપણ તે સ્વર્ગમા જાય છે." મુસલમાન કહે છે કે, "મારા ધર્મગ્રંથમાં લખ્યું છે તે ખરૂં છે અને મારે તે પ્રમાણે કરવુંજ જોઇએ." ખ્રિસ્તી કહે છે: "પણ મારા ધર્મગ્રંથમાં એમ કહ્યું નથી." મુસલમાન જવાબ આપે છે: "હું તે નથી જાણતો. મારે તારા ધર્મગ્રંથનાં પ્રમાણ માનવાની શું જરૂર છે? મારા ધર્મપુસ્તકમાં કહ્યું છે કે, "કાફરો મારી નાખવા યોગ્ય છે અને તેજ મને માન્ય છે!" ખ્રિસ્તી પૂછે છે કે, "આ બેમાં સત્ય શું છે?" મુસલમાન ઉત્તર આપશે જે "મારા ધર્મ પુસ્તકમાં લખ્યું છે તેજ ખરૂં છે અને તારા ધર્મગ્રંથમાં કોઇની હિંસા કરીશ નહિ એ અયોગ્ય છે! શું તું પણ એમ નથી કહેતો મારા મિત્ર, કે બાઇબલમાં યહોવાએ મૂસાને કરેલી આજ્ઞાઓજ યોગ્ય છે અને તેણે જે વાતોની મનાઇ કરી છે તે વાતો અયોગ્ય છે? તેવીજ રીતે મારા ધર્મગ્રંથમાં પણ મારા ખુદાએ અમુક આજ્ઞાઓ કરી છે અને અમુક મનાઇઓ કરી છે. તેની આજ્ઞા પ્રમાણે વર્તવું તે યોગ્ય છે અને તેનો અનાદર કરવો તે અયોગ્ય છે." ખ્રિસ્તી આ ખુલાસાથી સંતોષ ન પામતાં ખ્રિસ્તે પહાડ ઉપર કરેલા ધર્મોપદેશની નીતિ સાથે કુરાનમાં દર્શાવેલી નીતિની સરખામણી કરે છે; પણ આનો ન્યાય શી રીતે થાય? જે ધર્મગ્રંથો પોતેજ એકમત થઇ શકતા નથી તે અન્યોન્યને ન્યાય આપવા અસમર્થ છે અને આ વાદવિવાદનો નિર્ણય

ત્યારેજ થઈ શકે કે, જ્યારે કોઇ ત્રીજી શક્તિ આ ઉભયનું સમાધાન કરવાને સમર્થ હોય; અને જો એ શક્તિ એ ધર્મગ્રંથોની સરખામણીમાં વિશેષ સમર્થ હોય તોજ તેનો ન્યાય માન્ય થઈ શકે તેમ છે. આ તૃતીય શક્તિ તે વિવેકબુદ્ધિ છે. ભલે આપણે ધર્મપુસ્તક તરફ માન અને શ્રદ્ધાથી પણ જોતા હોઇએ તથાપિ વિવેકબુદ્ધિની આવશ્યકતા જણાય છે. એવું બને છે કે અમુક ગ્રંથ વિધર્મી પણ હોય, તે સર્વથા આપણને માન્ય પણ ન હોય, તથાપિ તેમાં કોઇ બાબત જો આપણી વિવેકબુદ્ધિને માન્ય હોય તો તે આપણે માની લઇએ છીએ. અર્થાત્ જે કંઇ વસ્તુ આપણને શ્રદ્ધાપાત્ર જણાય છે તે વિવેકબુદ્ધિની સંમતિથીજ જણાય છે. હવે આ એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બે મહાત્માઓનાં વચનોમાં વિરોધ જણાતો હોય તો તે વિરોધ ટાળવા જેટલી–તેના સત્યાસત્યનો નિર્ણય કરવા જેટલી શક્તિ આપણી વિવેકબુદ્ધિમાં છે કે નહિ? જો આ શક્તિ આપણી વિવેકબુદ્ધિમાં ન હોય તો એવી બુદ્ધિથી આ ધર્મની ભાંજગડમાં છેવટનો નિર્ણય કરવાનું કામ અશક્ય થઇ પડે છે. આવી અશક્ત વિવેકબુદ્ધિ આ પૃથક્ પૃથક્ ધર્મમાર્ગોની એકવાક્યતા કરે એ આશાજ આકાશકુસુમવત્ છે. જો ધર્મગ્રંથો આપણી વિવેકબુદ્ધિની કસોટીપર ન આવી શકે, અર્થાત્ આપણી વિવેકબુદ્ધિ તેમને પોતાની કસોટીપર ચડાવવા અશક્ત હોય, તો પછી ધર્મશાસ્ત્રોને બીજું કશુંજ નહિ પણ માત્ર ગપાટા અને સમય પસાર કરવાનાં સાધનો સિવાય બીજી કઇ ઉપમા આપી શકાય?

ધર્મ એ મનુષ્યના અંતઃકરણના વિકાસનું ફળ છે. જે પ્રમાણમાં અંતઃકરણ વિકાસ પામે છે તે પ્રમાણમાં ધર્મનો માર્ગ નિર્ણીત થાય છે. અર્થાત્ મનુષ્યના અંતઃકરણનો સત્યની માન્યતા પરત્વે જેવો વિકાસ હોય છે તેવીજ તેના અંતઃકરણમાં ધર્મભાવના રચાય છે, અને એ ન્યાયથી ધર્મગ્રંથોને સપ્રમાણ ઠરાવનારાં મનુષ્યનાં અંતઃકરણોજ છે. મનુષ્યના અંતઃકરણનો વિકાસ પુસ્તકોને અનુસરીને થાય છે એમ નથી; પરંતુ મનુષ્યના અંતઃકરણના વિકાસને અનુસરીનેજ પુસ્તકો નિર્માણ થયાં છે. મનુષ્યના અંતઃકરણની ઇચ્છા એ કારણ અને ગ્રંથો એ કાર્ય છે. જે પ્રમાણે ગ્રંથો મનુષ્યના અંતઃકરણના વિકાસનાં કાર્ય છે તેજ રીતે વિવેકબુદ્ધિ પણ મનુષ્ય–અંતઃકરણના વિકાસનુંજ કાર્ય છે. આપણે સમજી શકીએ કે નહિ પણ આપણા અંતઃકરણની ઇચ્છા હંમેશાં આપણી વિવેકબુદ્ધિનેજ, અનુસરવાની હોય છે, તેથી ધર્મબુદ્ધિ પણ આપણી વિવેકબુદ્ધિને અનુસરતી હોય એજ ઇષ્ટ અને યોગ્ય છે.

વિવેકબુદ્ધિ એટલે શું એ આપણે પ્રથમ જોવાનું છે. સાંપ્રતકાળના સુશિક્ષિત જનસમાજમાં વિવેકબુદ્ધિનો અર્થ એવો સમજાતો જાય છે કે, ભૌતિકશાસ્ત્રના પ્રયોગોથી વ્યવહારમાં જે પ્રત્યક્ષ અનુભવ થાય તેના પ્રમાણથીજ ધર્મના સિદ્ધા-

ન્તોને પ્રમાણુ ગણુવા. એજ અર્થને માન્ય રાખી આપણે આગળ વિચાર કરીએ. કોઇ પણ અમુક બાબતને આપણે લઇએ. અમુક બનાવ આપણે જોઇએ છીએ કે તરતજ તે ‘ શાથી અને કેવી રીતે બન્યો ’ એવો આપણુને પ્રશ્ન થાય છે; પણ જો આપણે એમ જાણીએ કે તે અમુક નિયમ પ્રમાણેજ થાય છે તો આપણી બુદ્ધિ સંતોષ પામે છે. આ ઉપરથી એમ સમજાય છે કે જે બનાવ આપણે જોયો તે તેવા બનાવોના સમૂહ પૈકીનો એક છે. આ રીતે અમુક બનાવ ઉપર ઠરેલ બુદ્ધિ જ્યારે તેવાજ બીજા અનેક બનાવોને જુએ છે ત્યારે સંતોષ પામે છે. આ ન્યાયથી વિવેકબુદ્ધિની રૂપરેખા એ હોઇ શકે કે અમુક કારણુનો એના જેવાજ કારણુસમૂહમાં લય થવો. કારણુસમૂહ પુનઃ પોતાના કેન્દ્રમાં સમાય અને આ રીતે અમુક કારણુ જ્યારે વિશ્વમય જણાય ત્યારેજ તે સત્ય છે એવી પ્રતીતિ થાય છે. આવા અનેક પ્રકારની કાર્યપરંપરાનું પુનઃ પુનઃ નિરીક્ષણુ કર્યા પછી આપણા મનમાં અમુક પ્રકારના નિયમ બંધાઇ જાય છે. આ નિયમ પ્રમાણે જ્યારે અમુક બનાવ જોઇએ છીએ ત્યારે આપણુને અસંતોષ થતો નથી; પણ કોઇવાર એક બનાવ એવો જોવામાં આવે કે જે આપણા અંતઃકરણુમાં નક્કી થએલા નિયમોથી વિરૂદ્ધ છે એમ આપણુને જણાય તો તેથી આપણુને અસંતોષ થાય છે; અને વળી એજ બનાવને માટે કોઈ એમ બતાવી આપે કે તે આપણા અંતઃકરણુના સંસ્કારોથી વિરૂદ્ધ નથી તો આપણો અસંતોષ દૂર થાય છે. વૃક્ષ ઉપરથી એક ફળ નીચે પડતું જોઇ ન્યુટનના મનમાં ક્ષોભ થયો હતો, પરંતુ જ્યારે તેને એમ જણાયું કે આમ થવામાં ગુરૂત્વાકર્ષણુનો નિયમ પ્રવર્તે છે; અને તે નિયમ તે સર્વત્ર જોઈ શક્યો ત્યારે તેના મનનું સમાધાન થયું. મનુષ્યના જ્ઞાનપરત્વે આ એક સિદ્ધાન્તજ છે. હું રસ્તામાં કોઇ મનુષ્યને જોઉં છું, હું તેને મનુષ્યની જાતિ સાથે સમાન જોઉં છું; અને આમ જાતિની સાથે સમતા જોઇ હું નિશ્ચય કરૂં છું કે તે પણ મનુષ્ય છે. આ ક્રિયાઓ આપણા દૈનિક જીવનની છે, અને આપણી વિચારશક્તિ સાથે તે એટલે દરજ્જે ભળી ગઇ છે કે, તેમાં થતું બુદ્ધિનું ઉપર્યુક્ત કાર્ય આપણે સમજી શકતા નથી; પરંતુ આપણે કોઇ અત્યન્ત ઠીંગણા કે બહુજ ઉંચા માણુસને જોઇએ ત્યારે આશ્ચર્ય થાય છે; અને તે આશ્ચર્ય ત્યારેજ શમે છે કે જ્યારે આપણે એવાં અનેક દૃષ્ટાન્તો જોઈ કે વિચારી લઇએ. આ પ્રમાણે એક વાતની તુલના અને વિચારથી આપણે અનેક વાતોની તુલના કે વિચાર કરી શકીએ છીએ. અનેક બાબતોની તુલના કે વિચારથી આપણે તેથી અધિક અનેક અંશોમાં અધિક વાતોનો વિચાર કરી શકીએ, અને એ રીતે છેવટે આપણે વિશ્વવ્યાપી નિયમો રચી કે વિચારી શકીએ છીએ. આ ક્રિયા આપણા મનમાં સદા સર્વદા ચાલુજ હોય છે, અને આ રીતેજ અનેક વસ્તુઓના અસ્તિત્વની કલ્પના

આપણા મનમાં ઉદ્ભવ પામી છે. આપણે એક મનુષ્યનો વિચાર કર્યો કે તેની સાથેજ આપણને એવો વિચાર થાય છે કે તે મનુષ્ય સમસ્ત મનુષ્યસૃષ્ટિ પૈકીનીજ એક વ્યક્તિ છે. તેમજ શ્વાન કે માંજરનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણી પહેલાંની કલ્પના વિસ્તૃત થઇ તેમાં શ્વાન, માંજર વગેરેનો સમાવેશ થાય છે અને આપણી કલ્પના મનુષ્યસૃષ્ટિથી પર પ્રાણીસૃષ્ટિને પહોંચે છે. હવે મનુષ્ય, શ્વાન, માંજર, વૃક્ષ એ વિષયનો વિચાર આવતાં આપણી પ્રાણીસૃષ્ટિની કલ્પના પણ વિસ્તાર પામે છે અને આપણે જડ ચેતન સર્વ પ્રાણીઓની સૃષ્ટિની કલ્પના કરી શકીએ છીએ. આ સર્વ પ્રાણીઓ અને એવા ઇતર જડચેતન પદાર્થોની કલ્પનાથી આપણી સમષ્ટિની કલ્પના ઘણીજ વિસ્તાર પામતી જાય છે અને આપણી કલ્પના વિશ્વરૂપ ધારણ કરે છે. આ બધાનો સાર એજ કે જ્યારે આપણે અમુક વસ્તુનો વિચાર કરીએ છીએ ત્યારે તેની જાતિની સમાન બીજી અનેક વસ્તુઓનો આપણે વિચાર કરીએ છીએ. જેવી રીતે એક મોટા કબાટમાં અનેક નાના નાના ખંડ હોય અને તેમાં જૂદી જૂદી જાતની વસ્તુઓ ગોઠવી રાખી હોય, તેમ આપણું મન પણ એક વિશ્વવ્યાપી કબાટ જેવું છે. તેમાં અનેક નાના મોટા ખંડ છે અને અનેક પ્રકારની વસ્તુઓ તેમાં આપણે ગોઠવી રાખી છે. બાહ્ય જગતમાં એકાદ વાત પર દૃષ્ટિ પડતાંજ આપણને તેનો બિચાર આવે છે. તે વાતને અનુકુળ હોય એવા ખંડનાં દ્વાર ઉઘડી જાય છે અને પ્રાપ્ત વાતની તુલનાનું કામ શરૂ થાય છે; અને તેજ પ્રકારની વસ્તુ સાથે તેની તુલના સંતોષકારક રીતે થતાં આપણા મનનું સમાધાન થાય છે અને આપણે કહીએ છીએ કે પ્રાપ્ત વસ્તુ અમુક છે; પરંતુ તેની તુલના થઇ શકે એવી વસ્તુ જો આપણા મનમાંથી ન મળે તો આપણે વિચારમાં કે આશ્ચર્યમાં પડીએ છીએ, અને જ્યાં સુધી એવી તુલનાત્મક વસ્તુ આપણી વિવેકબુદ્ધિ શોધી કાઢે નહિ ત્યાં સુધી આપણા મનને સંતોષ થતો નથી. આવા અસમાધાનના સમયમાં આપણી વૃત્તિ ઉશ્કેરાય છે, અને ગમે ત્યાંથી પણ તુલનાત્મક વસ્તુ શોધવાની ઇચ્છા થાય છે. જ્યારે એ વસ્તુ મળે ત્યારેજ સંતોષ થાય છે. બાહ્ય વસ્તુનું સ્વરૂપ જોઇ આપણા અંતઃકરણથી તુલના કરી તેની સંમાન વસ્તુ આપણા અંતરમાં જોવી એનું નામજ જ્ઞાન છે. ચોમાસાની ઋતુમાં આકાશ વાદળાંથી ઘેરાઇને ગર્જવા માંડે છે, ત્યારે બાળકો કહે છે કે ડોશી દળે છે, કિંવા રાક્ષસો યુદ્ધમાં પરસ્પર ગદાપ્રહાર કરે છે; પણ આવા પ્રકારનું સમાધાન બાળકોનેજ સંતોષ આપી શકે છે. કોઈ પણ ક્રિયાને માટે શંકા થતાં તેનું સમાધાન બાહ્ય પદાર્થોથી કરવામાં ન આવે તો બાળકની બુદ્ધિ સંતોષ પામતી નથી. કારણ કે બાળકની બુદ્ધિરૂપી કબાટમાં વિશેષ ખંડ હોતા નથી. તેનો અધિકાર આટલાથીજ

અટકે છે; પણ જેમ જેમ બુદ્ધિ ગંભીર અને વિચારશીલ થતી જાય છે તેમ તેમ તેને કાર્ય કારણનો આવો સંબંધ સંતોષ આપી શકતો નથી. દરેક વસ્તુનું કારણ બાહ્ય જગતમાં નથી પરંતુ તે વસ્તુના અંતરમાંજ છે, અને તે કારણ ન જણાય ત્યાંસુધી ગંભીર બુદ્ધિ સંતુષ્ટ થતી નથી. વૃક્ષ ઉપરથી છૂટું થએલું ફળ શા માટે નીચે પડયું એવો પ્રશ્ન જ્યારે ન્યુટનને થયો ત્યારે કોઇએ એમ કહ્યું હોત કે, અદૃશ્ય રાક્ષસોએ તે નીચે ફેંકયું; તો ન્યુટનની ઉત્તમ બુદ્ધિને નથી કોઇ પણ રીતે સંતોષ થાત નહિ. પણ તેનું કારણ તે ફળમાંજ હોવું જોઇએ અને જ્યારે તે ફળમાંજ એ કારણ તેને જણાયું ત્યારે તેની વૃત્તિ આપોઆપજ શાન્ત થઈ. જ્ઞાન એટલે વસ્તુનું આંતરિક કારણ શોધી કાઢવું. સાંપ્રત વિજ્ઞાનવિદ્યા પણ એજ માન્યતા સ્વીકારીને એમ કહે છે કે, વસ્તુની તુલના તેના પોતાના આંતરિક કારણ કે સ્વભાવ ઉપરથીજ થવા જોઇએ. આ વિશ્વમાં જે જે વ્યવહાર થાય છે તેને માટે વિશ્વ અને તેમાંની દૃશ્ય વસ્તુઓજ જવાબદાર છે. રાક્ષસો કે બાહ્ય શક્તિઓને વચ્ચે લાવવાની કશી જરૂર નથી. કોઇ પણ વિજ્ઞાનવેત્તા, પદાર્થવિજ્ઞાનશાસ્ત્રી કે ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રીને તેનું તત્ત્વ સમજવા કે સમજાવવા માટે બાહ્ય શકિતઓ કે રાક્ષસોની અપેક્ષા હોતી નથી. એ વસ્તુ અને તેનાં કારણો શોધવામાંજ તેના કાર્યની પૂર્ણાહુતિ અને વિજ્ઞાનની પરાકાષ્ટા છે. તેને બહાર જવાની કે બહારનાં કારણો શોધવાની કશી જરૂર નથી. આવીજ કસોટી ઉપર ધર્મને ચડાવી જો તે તેમાં સલામત જણાય તોજ તે પ્રમાણભૂત ગણાય; અને એજ ધર્મ માન્ય થઈ શકે એમ આજનું જગત ઇચ્છે છે. ધર્મશાસ્ત્રોએ આ કસોટીનો સ્વીકાર કરવો જોઇએ; પણ આજના ધર્મોએ અત્યાર સુધી આ કસોટીનો અનાદર કર્યો છે તેથી ધર્મની આવી દુર્દશા થવા પામી છે. ભૌતિકશાસ્ત્રના તોપખાનાના ગોળાએ પોતાના પ્રહારોથી ધર્મરૂપી કિલ્લામાં અનેક સ્થળે મોટાં મોટાં ગાબડાં પાડયાં છે, અને તેથીજ ધર્મનો કિલ્લો આજે જર્જરીભૂત જણાય છે. ક્રિયાગત કે પદાર્થગત કારણોને શોધી તે કારણોથીજ તે પદાર્થ કે ક્રિયાની ફળસિદ્ધિ કરવી એ પદાર્થવિજ્ઞાનના મહા નિયમનો ધર્મશાસ્ત્રોએ અનાદર કર્યો છે. ધર્મોની પડતીનું કારણ એજ છે. ઘણાજ પ્રાચીનકાળથી, બહુધા ધર્મશાસ્ત્રની શરૂઆતથીજ, તેની એવી માન્યતા થઈ ગઈ છે કે વિશ્વનો કર્તા કોઇ અમુક પ્રાણી છે કે જે વિશ્વથી સર્વથા નિરાળો છે; અને વિશ્વથી નિરાળો રહી તે પોતાની ઇચ્છા પ્રમાણે આ જગતનું રાજ્ય ચલાવે છે. આ સિદ્ધાન્તને ધર્મશાસ્ત્રોએ અનેક રીતે અને પુનઃ પુનઃ પ્રદર્શિત કર્યો છે; પણ જગતનું શાસન કરનાર જગતની બહાર હોય એ માન્યતાથી અનેક શંકાઓ થવાનો સંભવ રહે છે. ઇશ્વર એક બાહ્ય પ્રાણી હોવા છતાં ધર્મશાસ્ત્રો તેને સર્વશકિતમાન અને દયાળુ પણ કહે છે. હવે પ્રશ્ન એ થાય છે કે જો પરમાત્મા

દયાળુ હોય અને વસ્તુમાત્ર તેની કૃતિ હોય તો આ દુઃખ અને દર્દ શા માટે? એક બીજા મનુષ્યની સ્થિતિમાં આમ ભેદભાવ શા માટે? તત્ત્વજ્ઞાન આ ભેદભાવનો ખુલાસો યથાર્થ કરી શકે છે પણ તત્ત્વજ્ઞાનીમાં પણ ઈશ્વર એક બાહ્ય પ્રાણી છે એ ધર્મનો સંસ્કાર દૃઢ થઇ ગયો હોવાથી તે એમ કહે છે કે, કર્તા તો નિરાળો છે, પણ તેને વસ્તુની કૃતિ સાથે સંબંધ છે, સ્થિતિ સાથે નહિ; અને તેથી આ અસમાનતા તથા દુઃખ વગેરેનું કારણ વસ્તુ પોતેજ છે; પણ દરેક વસ્તુ જો પર- માત્માએ નિર્માણ કરી હોય, અને તે પરમ દયાળુ હોય તો અસમાનતા અને તજ્જન્ય દુઃખ કેમ સંભવે? આ પ્રશ્નનું નિરાકરણ થતું નથી. સ્વાભાવિક રીતેજ તેને એવો ઉત્તર આપવો પડશે કે ઈશ્વરેચ્છા. પણ ઈશ્વરની મરજી માનતાંયે સર્વત્ર અવ્યવસ્થાજ થાય છે અને પરિણામે પરમેશ્વરને માટે પણ શંકા ઉત્પન્ન થવાનું કારણ ઉપસ્થિત થાય છે. જગતથી પર, નિરાળો રહેનાર પરમાત્મા આ જગતના અંતરમાં વ્યવસ્થા રાખી શકે એ અશક્ય છે. જેમ વૃક્ષ ઉપરથી ફળ નીચે પડવાનું કારણ અદૃશ્ય રાક્ષસો છે એ વાત માન્ય ન કરતાં તેનું આંતરિક કારણ શોધવાથીજ વિજ્ઞાનશાસ્ત્રની ઉન્નતિ થઇ; તેજ ન્યાયથી ધર્મશાસ્ત્રોએ પ્રભુની કૃતિમાં અસમાનતા અને દુઃખનું કારણ, વિશ્વથી બહાર છે એમ માનવાથીજ ધર્મની અવનતિ થઇ છે.

બીજો એક સિદ્ધાન્ત જે ઉપર્યુક્ત માન્યતા સાથે સંબંધ ધરાવે છે, અને જેનાથી ઉપર્યુકત માન્યતા વધારે સ્પષ્ટ થાય છે તે ઉત્ક્રાન્તિવાદ છે. ઉત્ક્રાન્તિવાદની ભાવના "દરેક વસ્તુની ઉન્નતિ અને પ્રગતિનું કારણ તે દરેક વસ્તુના ગર્ભમાં છે" એ માન્યતા ઉપર અવલંબે છે. ઉત્ક્રાન્તિવાદના સમગ્ર તત્ત્વનો અર્થ એજ છે કે વસ્તુનો આંતરિક ભાગ, વસ્તુ પોતેજ પ્રગતિમાન છે, અર્થાત્ કાર્ય એ કારણનુંજ એક ભિન્ન સ્વરૂપ છે, વૃક્ષ એ બીજનુંજ એક દૃશ્ય સ્વરૂપ છે અને વૃક્ષની સઘળી શકિતઓ બીજમાં હોય છે. આ સમસ્ત વિશ્વ એક રચના કે કાર્ય કરતાં અમુક વસ્તુની ઉત્ક્રાન્તિ કહેવાવાને વધારે યોગ્ય છે. ટુંકામાં કહીએ તો દરેક કાર્ય સંયોગો અનુસાર ઉદ્ભવેલા કારણનું પુનઃ ઉદ્ભવેલું સ્વરૂપ છે, અને આજ ન્યાયે આ સમસ્ત વિશ્વમાં વિહાર કરતી દરેક વસ્તુ, દરેક પ્રાણી, દરેક મનુષ્ય, કાર્ય કારણની પરંપરાથી ઉત્ક્રાન્તિના માર્ગમાં ગતિમાન છે. તેના કર્તા કે કારણને માટે તેમંજ તેમાં થતા ફેરફારો માટે આપણે કારણ કોઇ ઠેકાણે બહાર શોધવાની જરૂર નથી. કોઇ પણ વસ્તુનું કારણ બહાર કે નિરાળું નથી, પણ તે વસ્તુના અંતરમાંજ છે. આ ઉત્ક્રાન્તિવાદની ભાવના પણ ધર્મની દિવાલોમાં ગાબડાં પડવાનું કારણ છે. જે ધર્મોએ ઇશ્વરને એક મહાન પ્રાણીમાંજ સમાવી દીધો છે, જે ધર્મો એથી વધારે આગળ નથી વધી શકયા તે ઉત્ક્રાન્તિના બુદ્ધિવાદની સામે

ટકવાને અસમર્થ છે, અને તેમના કિલ્લાની દીવાલો ભાગી જાય એ પણ અસ્વાભાવિક નથી.

કોઇ એવો ધર્મ પણ હોઇ શકે કે જે ભૌતિકશાસ્ત્રજન્ય ઉપર્યુક્ત ઉભય તત્ત્વોની દ્રષ્ટિથી આપણી જિજ્ઞાસાને તૃપ્ત કરી શકે ? હું માનું છું કે એવો ધર્મ હોઇ શકે. આપણે ઉપર તુલનાવાદ અર્થાત્ એકજ વસ્તુ કે ક્રિયાને જોઈ તેવાજ પ્રકારની ક્રિયા કે વસ્તુ જે આપણા મનરૂપી કબાટમાં હોય તેની સાથે તુલના કરી આપણી વિવેકબુદ્ધિને સંતુષ્ટ કરવાની પ્રવૃત્તિનો વિચાર કરી ગયા છીએ. ધર્મ એવો હોવો જોઇએ કે જે આ પ્રવૃત્તિને સંતુષ્ટ કરે. આની સાથેજ ઉત્ક્રાન્તિવાદની દ્રષ્ટિથી પણ આપણા મનનું સમાધાન થવું જોઇએ. ધર્મની ભાવના એવી હોવી જોઇએ કે જે સમતાના અમુક ક્ષેત્રમાં સમાઇ ન જાય અને વિશ્વવ્યાપક સમતાથી પણ વિશાળ થઇને એક એવા તત્ત્વને એ ભાવના સ્પર્શ કરવી જોઈએ કે, જે આ સમસ્ત વિશ્વનું મૂળ આદિ કારણ હોય. એ કારણ એવું હોવું જોઇએ કે જેનો સ્વભાવ સાધારણમાં સાધારણ કાર્ય સાથે પણ બંધબેસ્તો થાય. આ ઉચ્ચતમ, અદ્વિતીય અને મૂળ કારણ એવું હોવું જોઇએ કે, દૂરથી દૂર આવેલી વસ્તુમાં કે પ્રાણીમાં પણ વ્યાપક હોઇ શકે. જે પ્રાણી કે વસ્તુમાં તે ન્યૂન અંશમાં પ્રકાશમાન હોય તે વસ્તુ પણ જેમ જેમ સૂક્ષ્મ થતી જાય, તેમ તેમ તે કારણ વધારે પ્રકાશમાન થતું જાય એનું નામ ઉત્ક્રાન્તિવાદ છે. વેદાન્તની બ્રહ્મભાવના આપણી આ વ્યાખ્યાને વાસ્તવિક રીતે અનુકૂળ છે. એ બ્રહ્મભાવનાને ઓળંગી જવા મનુષ્યની બુદ્ધિ અસમર્થ છે. તે બ્રહ્મ નિર્ગુણ છતાં પણ સત, ચિદ્ અને આનંદ રૂપ છે; તે સચ્ચિદાનંદ છે. 'સત્' એટલે સર્વકાળ એક સરખી સ્થિતિમાં અસ્તિત્વમાં રહે તે, ચિદ્ એટલે જ્ઞાન–ચૈતન્ય, અને આનંદ એટલે નિરતિશય સુખ. જગતમાં દ્રશ્ય થતી વસ્તુઓમાં જે નામ અને રૂપ રહેલાં છે તે નામ અને રૂપ નાશ પામે તોપણ એ સચ્ચિદાનંદનું અસ્તિત્વ રહે છે, એમ ભૌતિકશાસ્ત્રે સિદ્ધ કર્યું છે. કોઇ વસ્તુનો કોઇ પણ કાળે સર્વથા નાશ થતો નથી, ફક્ત રૂપાંતરજ થાય છે; અને દ્રશ્ય નામ રૂપનો નાશ થાય તોપણ કોઈને કોઈ પ્રકારનું અસ્તિત્વ તો રહે છેજ. પરંતુ આ અસ્તિત્વને અમુક પ્રકારનું અસ્તિત્વ છે એમ ન. કહેવાય, તેમજ તેની તુલના સમતાપરત્વે પણ આગળ જઇ શકે તેમ નથી અર્થાત્ તે સર્વમાં સમાન છે. અસ્તિત્વની કલ્પનામાં આ છેવટની પાયરી છે. બ્રહ્મનું બીજું સ્વરૂપ જ્ઞાન છે. અત્રે જ્ઞાનનો અર્થ આપણે વ્યવહાર પરત્વે કરીએ છીએ તેવો સમજવાનો નથી. જ્ઞાન એટલે અસ્તિત્વની ઓળખાણ. જેવી રીતે અંતિમ સ્વરૂપનું અસ્તિત્વ નામ કે રૂપથી અતીત છે, તેજ પ્રમાણે તેનું જ્ઞાન પણ કલ્પનાતીત છે. વસ્તુનું નામ કે રૂપ નાશ થતાં પણ અસ્તિત્વ વિદ્યમાન છે આવું જે જ્ઞાન,

તેજ બ્રહ્મનું સ્વરૂપ છે. જેટલા પ્રમાણમાં આપણે સમજી શકીએ કે નામરૂપ નાશ થતાં પણ અસ્તિત્વ રહે છે, તેટલાજ પ્રમાણમાં આપણું જ્ઞાન ખીલેલું છે. જેમ જેમ આ જ્ઞાનના માર્ગમાં આપણે આગળ વધીએ છીએ તેમ તેમ આપણને આ વિશ્વના ઐક્યની પ્રતીતિ વધારે ને વધારે થતી જાય છે. સાંપ્રત ભૌતિકશાસ્ત્રનો સર્વ પ્રયત્ન છેવટે એજ નિર્ણય કરે છે કે, આપણે ભૌતિક રીતે, માનસિક રીતે અને આધ્યાત્મિક રીતે એકજ છીએ. નામ અને રૂપથી પર એવા મન અને આત્મામાં આપણે કદાચ એક હોઇએ તોપણ આપણાં શરીરો તો પ્રત્યક્ષ ભિન્ન ભિન્ન દેખાય છે એમ શંકા થવાનો સંભવ રહે છે. છતાં આપણે શરીરથી પણ એકજ છીએ એ વાત નિર્વિવાદ છે. ચર્ચાને ખાતર આપણે માની લઇએ કે આપણે સર્વ જડવાદી છીએ, તો આપણે એવા અભિપ્રાય ઉપર આવવું પડશે કે આ સમગ્ર વિશ્વ અણુઓ અને પરમાણુઓનો એક સાગર છે; અને આપણે તેના તરંગ (મોજાં) જેવા છીએ. જ્યારે વાયુ વહેતો બંધ પડે છે ત્યારે આ વમળનું રૂપ નાશ પામે છે અને તે સાગરરૂપમાં ફેરવાઇ જાય છે. આજે જે પરમાણુઓ મારા શરીરમાં છે તે થોડા વરસ પહેલાં તમારા શરીરમાં, સર્પમાં, પત્થરમાં કે કોઇ વૃક્ષમાં પણ હોય! પરમાણુઓની આ અદલાબદલી એક નિયમરૂપજ છે અને તમારા અને મારા શરીરમાં એકતાનો નિયમ પ્રવર્તતો હોઇ તે એક છે એમ સાબીત કરે છે. તેજ રીતે વિચારો પરત્વે પણ સમજવાનું છે. વિશ્વમાં વિચારોના મૂળ તત્ત્વરૂપ એક મહાસાગર છે જેમાં તમારાં અને મારાં મન જળના વમળરૂપ છે. શું તમે હમણાંજ તેનો પ્રત્યક્ષ અનુભવ લઇ શકતા નથી? તમારા વિચારો મારા વિચારોમાં પ્રવેશે છે અને મારા વિચારો તમારા મનમાં પ્રવેશ પામે છે. આ રીતે વિચારમાં પણ આપણે એકજ છીએ એમ નિઃસંદેહ ઠરે છે. એજ રીતે આત્માનો વિચાર કરતાં પણ આપણે એકજ છીએ. આત્માજ શરીર અને મનનું, જડ અને ચેતનનું કારણ છે, અને શરીર તથા મન જો એકજ હોય તો આત્મા પણ એકજ છે. જેને 'આત્મા છે' એવો વિશ્વાસ નથી તેને માટે તત્ત્વચિન્તનનો આ પ્રસંગ નથી; પણ જેઓ આત્માનું અસ્તિત્વ માનતા હશે તેમને તો હવે નિઃસંશયપણે જણાશે કે આપણે શરીરમાં, મનમાં અને આત્મામાં એક અને એકજ છીએ. આ ઐક્યતા, વિશ્વસ્વરૂપની એકતા, સાધવાનેજ વિવિધ પ્રયોગોદ્વારા આજે ભૌતિકશાસ્ત્ર મંથન કરે છે. અભિમાનથી જેનું મસ્તક ઉંચું છે એવો એક મનુષ્ય અને રેતીમાં એક પેટે ચાલતું જંતુ ઉભય સમાનજ છે. એ બન્નેમાં મહાન ભેદ છે એવી સમજણ તે ભ્રમણાજ છે. એ અભિમાની મનુષ્ય પણ એકવાર એ જંતુની સ્થિતિમાં હશે; અને તેમાંથી અનેક જન્મો ધારણ કરી, જ્ઞાન અને અનુભવ મેળવી તે આ સ્થિતિને પ્રાપ્ત થયું છે

આ પ્રમાણે જગતમાં સમસ્ત દૃશ્ય પ્રપંચમાં એકજ સ્વરૂપનું દર્શન કરવું અને એ રીતે આપણે પોતે પણ એ અનંત સ્વરૂપના અંશ છીએ એવો અનુભવ કરવો એ મનુષ્યના આત્મજ્ઞાનનો પરમાવધિ છે. આપણે જે કંઇ શીખવાનું છે તે એજ છે. આપણેજ ઉચ્ચતર તત્ત્વ સાથે એક છીએ એમ નથી; કીટ, પતંગ અને જંતુઓના જીવનમાં પણ એજ તત્ત્વનો પ્રવાહ વહે છે અને વાસ્તવિકમાં તેમની સાથે પણ આપણું ઐક્ય છે. સાંપ્રત કાળમાં ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રોના મંથનથી જે સત્ય સમજાવા લાગ્યું છે, તેથી ધર્મને એક મહદ્ લાભ થયો છે. વેદાન્તશાસ્ત્રનું શિક્ષણ ભૌતિકશાસ્ત્રના શિક્ષણ કે પ્રયોગોથી વિરૂદ્ધ નથી. વેદાન્ત કહે છે કે આત્માજ આ અનંત વિશ્વનું આદિ કારણ છે; આત્માજ આત્માનું કારણ છે. તમારા જીવનનું આદિ કારણ પણ તેજ છે, વેદાન્ત કહે છે કે **तत्त्वमासि** તે તું છે, અર્થાત્ તે પરમાત્મા અને તમે (જીવાત્મા) ભિન્ન નથી, આ વિશ્વરૂપથી આપણે ભિન્ન નથી. જે આ સિદ્ધાન્ત જાણે છે અને આ અભેદભાવનો અનુભવ કરી શકે છે, તે મનુષ્યજ વાસ્તવિક આનંદનો ભોકતા થઈ શકે છે.

વેદાન્તતત્ત્વ વિવેકબુદ્ધિને સમતાવાદની ઉચ્ચત્તમ દૃષ્ટિથી તેમજ ઉત્ક્રાન્તિવાદના નિયમથી, ભૌતિકશાસ્ત્રવાદીઓની ભાવનાઓને સંતુષ્ટ કરી શકે છે. વેદાન્તનું તત્ત્વજ્ઞાન સ્પષ્ટ રીતે સમજાવી શકે છે કે દરેક વસ્તુનું કારણ તેના પોતાનામાંજ છે, અને પોતાની તુલના પણ તે વસ્તુ પોતેજ કરી શકે છે. વેદાન્તના પરમાત્મા સર્વને પોતામાં સમાવી શકે છે. તેનાથી પર (બાહ્ય) હોય એવું કશુંજ નથી. તે સર્વત્ર છે, સર્વવ્યાપક છે એટલુંજ નહિ પણ તે સર્વમય છે. પુરુષમાં, સ્ત્રીમાં અને જુવાનીના જોરમાં ઉંચું મસ્તક રાખી ચાલતા યુવાન પુરૂષમાં પણ તેનોજ નિવાસ છે. આપણે તેનોજ અનુભવ કરીએ છીએ. તેનામાંજ આપણે જીવીએ છીએ-હરીએ ફરીએ છીએ અને તેજ આપણું અસ્તિત્વ છે. બાઈબલના જુના ગ્રંથમાં એજ ભાવનાનું નિરૂપણ છે. બાઇબલનો એ ભાગ પરમાત્માને વિશ્વનું અને પ્રાણી પદાર્થ માત્રનું આદિ કારણ દર્શાવે છે. પરમાત્મા પોતેજ આ વિશ્વરૂપ થઇ વિહાર કરે છે. તમે, હું અને સર્વ પ્રાણીઓ સત્, ચિત્ અને આનંદના મહાસાગરરૂપ પરમાત્મામાં નાનાં બિંદુઓરૂપે, પાણીનાં અણુઓરૂપે કે પાણીના તરંગોરૂપે છીએ. આમ છે તો પછી ભેદ ક્યાં રહ્યો ? મનુષ્ય અને મનુષ્યનો, દેવ અને દાનવનો, મનુષ્ય અને ઇતર પ્રાણીઓનો, પ્રાણીઓ અને વૃક્ષાદિ વનસ્પતિ સૃષ્ટિનો, વનસ્પતિ સૃષ્ટિ અને પાષાણ આદિ જડ સૃષ્ટિનો ભેદ તેમના મૂળતત્ત્વમાં નથી. તેમના આદિ સ્વભાવનો વિચાર કરવામાં આવે તો તે એકજ છે. દેવથી તે જડ પદાર્થના એક પરમાણુ પર્યન્ત સર્વ પ્રાણી પદાર્થ પ્રભુરૂપી અનન્તસાગરના ઉચ્છ્વાસરૂપજ છે. ઉત્ક્રાન્તિમાં સ્થિતિ પરત્વે માત્ર બાહ્ય આભાસનોજ ભેદ

છે. અમુક મનુષ્ય ઉચ્ચ જણાય, અમુક નીચ મનાય; પણ તેનું મૂળ તપાસવા જઇએ તો તેઓ એકજ છે. જે એકમાં છે તેજ અન્યમાં છે. એકમાં તે વધારે પ્રકાશે છે, બીજામાં અજ્ઞાનથી આવૃત છે. જેને પાશ્ચાત્ય દેશમાં જન્મનો હક્ક કહે છે તે ઉભયને સમાન છે.

જે સ્થિતિમાં તે વધારે પ્રકાશે છે તે સ્થિતિ સચ્ચિદાનંદની સમીપ છે. જે સ્થિતિમાં તે તદ્દન આવૃત્ત દશામાં છે તે સ્થિતિ સચ્ચિદાનંદથી બહુજ દૂર છે પણ સમીપ જવાનો તેનો હક્ક કોઇથી લૂંટી શકાતો નથી. તે ચાહે તો હમણાંજ સચ્ચિદાનંદની સમીપ છે, એમાં બહારના પ્રમાણુની આવશ્યકતા નથી. બહાર જવાની જરૂર નથી. આ વિશ્વમાં જે જે વસ્તુ આપણી દૃષ્ટિએ પડે તે સર્વ તેનું પોતાનુંજ સ્વરૂપ છે. અત્રે ફરી કોઈ શંકા કરશે કે ત્યારે શું જડ પરમાણુઓનો સમૂહ એજ તમારો પરમાત્મા છે ? નહિ તેમ નથી. જડ વિશ્વમાં પણ પરમાત્મા છે ખરો, પણ તે જડરૂપ છે એમ સમજવામાં ભૂલ છે. આપણે જે ઇંદ્રિયોથી જડ જગતને જોઇએ છીએ તે ઇંદ્રિયોના સ્વભાવથીજ પરમાત્મામાં જડ જગતનું આરોપણ થાય છે. પરમાત્મા સર્વત્ર ઓતપ્રોત ભરપૂર છે. એ સર્વત્ર પ્રકટ છે. ઇંદ્રિયોમાં તેને જોવાની શક્તિ નથી તેથીજ તે તેનું વાસ્તવિક રૂપ જોઈ શકતી નથી. ઇંદ્રિયોની બાહ્ય ક્રિયાને શાન્ત કરી મનદ્વારા તેનાં દર્શન કરતાં તે મનોમય ભાસે છે. મનથી પણ પર જઇ ચૈતન્યમાં તેના દર્શન માટે પ્રયત્ન કરવામાં આવે તો તે કેવળ ચૈતન્ય રૂપ ભાસે છે. કહેવાનું તાત્પર્ય એજ છે કે પરમાત્મા જડ-પદાર્થ રૂપ નથી પણ જડમાં જે સત્યનો અંશ છે તે તેજ છે. દાખલા તરીકે હું અંધકારમાં ઉભો હઉં અને મને એવો ભાસ થાય કે મારી સમીપમાં કંઇક છે; પણ દિવો પ્રકટાવી જોતાં મને નિશ્ચય થયો કે તે તો એક ખુરસી છે. આ ઉદાહરણમાં ખુરસી છે તેનો અનુભવ કરવા માટે બે સાધનોની અપેક્ષા છે, અહીં કંઇક છે એ એક સાધન છે, અને પ્રકાશથી આ અમુક પદાર્થ છે આમ નિશ્ચય કરવો તે બીજું સાધન. પ્રથમ સાધનદ્વારા પદાર્થના અસ્તિત્વનો બોધ થાય છે; બીજા સાધનદ્વારા તેના સ્વરૂપ, ગુણ વગેરેનો નિશ્ચય થાય છે. આ નિશ્ચય ઇંદ્રિયોદ્વારા થાય છે, અને ઇંદ્રિયોનો એક એવો સ્વભાવ છે કે કોઇ પણ વસ્તુમાં નામ અને રૂપનું આરોપણ કર્યા વિના તેને તેની ઓળખાણ પડી શકતી નથી. એજ પ્રમાણે પરમાત્માના સ્વરૂપમાં પણ અનેક પ્રકારનાં આરોપણ કરી આપણે ખુરસી, ઘર, ચંદ્ર, સૂર્ય અને તારા વગેરે પદાર્થો ઉત્પન્ન કરીએ છીએ.

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि पश्य मे योगमैश्वरम् ॥
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ।

આવી પરમાત્માના સ્વરૂપની વ્યાપ્તિ છે. અહીં એક પ્રશ્ન થવાનો સંભવ છે કે, આપણને પદાર્થોનો બોધ એકજ રીતે થાય છે; જેમકે અમુક ખુરસી, અમુક ઘર, અમુક ચંદ્ર. તેનું કારણ શું ? આનો પ્રત્યુત્તર આ પ્રમાણે છે. આપણને ચંદ્ર, ઘર, ખુરસી વગેરે એકજ પ્રકારે દેખાય છે તેનું કારણ આપણો અધિકાર છે. જેમ મનુષ્યને આપણે મનુષ્યરૂપે જોઇએ છીએ તેવીજ રીતે આપણા અધિકારને લઇ ખુરસી ઇત્યાદિ વસ્તુઓને પણ આપણે તેમના દૃશ્ય સ્વરૂપમાં જોઇએ છીએ; પણ એજ વસ્તુઓમાં આપણે જોઈ શકીએ તે કરતાં કંઇક વિશેષ જોનારા મનુષ્યો છે, અને તેમને જે દેખાય છે તે આપણે જોઇ શકતા નથી. જે સાગર આપણને એક અણુ, પરમાણુ કે તરંગના સમૂહરૂપ જણાય છે તેજ સાગર બાણભટ્ટ જેવા કવિને રસિકતાના કેન્દ્રરૂપ જણાય છે. એક સ્ત્રીનું મુખ આપણને પંચભૂતાત્મક જણાય છે પણ તેના પ્રિયતમને તેમાં કંઇક ઓરજ અલૌકિકતાનો ભાસ થાય છે, અને એજ રીતે આપણો અધિકાર ઉચ્ચ થતાં એકજ વસ્તુ જે આપણે સામાન્ય જોતા હતા તેમાં પછી કંઇક ઓરજ તેજ જણાય છે. જેને આપણે હમણાં જડ પત્થર તરીકે જોઇએ છીએ તેનેજ જ્ઞાન થતાં આપણે પરમ ચૈતન્યની મૂર્તિરૂપ જોઇએ છીએ. પદાર્થવિજ્ઞાનશાસ્ત્રે પણ એમ સિદ્ધ કરી આપ્યું છે કે વસ્તુનું સ્વરૂપ જડ નહિ પણ ચૈતન્ય છે. આ સર્વ વિવેચનનો ભાવાર્થ એજ છે કે ભૌતિકશાસ્ત્રની ભઠ્ઠીમાં તપાવતાં સો ટચનું સોનું સાબીત થઇ શકે એવો જો કોઇ પણ ધર્મ હોય તો તે વેદાન્ત ધર્મ છે. તમે ગમે તે રીતે વિવેચક બુદ્ધિથી તેની પરીક્ષા કરો, તોપણ તે તમને શુદ્ધ સુવર્ણરૂપજ જણાશે. સર્વવ્યાપી પરમ તત્ત્વનો શોધ અમારા અદ્વૈતમતેજ કર્યો છે. પદાર્થમાં નિવાસ કરતા અને જગતમાં વિહાર કરતા સર્વવ્યાપી તત્ત્વનો નિર્ણય સર્વાંશમાં સ્પષ્ટ બીજા કોઈ પણ ધર્મે કર્યો નથી. વિશ્વનો કર્તા વિશ્વથી બહાર કે વિશ્વથી ભિન્ન હોય એ માન્યતા પ્રખરબુદ્ધિ કોઇ પણ કાળે માન્ય કરી શકશે નહિ. જો પરમાત્માને વિશ્વથી ભિન્ન માનશો તો તેમાં અનેક ગુણારોપણ કરવાની આવશ્યકતા ઉભી થશે; કારણ કે ગુણો સિવાય ઉત્પત્તિ કરવાથી તેની શક્તિની સંભાવના ઘટી શકતી નથી. પરમાત્માને પવિત્ર અને દયાળુ માનીને પણ આપણે આ જગતમાં પુણ્ય અને પાપ, સુખ અને દુઃખ, માન અને અપમાન આવાં દ્વન્દ્વ જોઇએ છીએ, આ સર્વ આશ્ચર્યકારક છે. વિશ્વથી ભિન્ન પરમાત્માનો અર્થ આપણે એવોજ કરી શકીએ કે આ વિશ્વમાં સદ્ગુણું, સદાચાર, સુખ ઇત્યાદિનો જે સમૂહ છે તેજ આપણો પરમાત્મા છે. તે દુર્ગુણી નથી, ચોર નથી, વિશ્વાસઘાતી નથી, એમ આપણે કહેવું પડશે. જેમ સદ્ગુણ પરમાત્મામાંથીજ ઉદ્ભવે છે અને સદ્ગુણી પરમાત્માને પ્રિય છે એ વાત માની લેવામાં હરકત નથી; તેમજ દુર્ગુણ કે જે જગતમાં વિશેષ કરીને જણાય છે તેનો ઉદ્ભવ

ક્યાંથી થયો, એ પણ એક આવશ્યકીય પ્રશ્ન છે; અને આ પ્રશ્નનો ઉત્તર પણ પરમેશ્વરને વિશ્વથી ભિન્ન માનનારા લોકો આપે છે. તેઓ સેતાન નામની એક બીજી શકિતને ઉપસ્થિત કરી તેને દુર્ગુણોત્પાદક શક્તિરૂપે બતાવે છે. સદ્‌ગુણ અને દુર્ગુણ બન્નેનું અસ્તિત્વ છે અને પરમાત્મા તો પવિત્ર છે. તેમાં દુર્ગુણ ન હોઇ શકે એવી માન્યતાથી પરમેશ્વરની સાથેજ આ પ્રમાણે સેતાનની કલ્પના ઉભી કરવામાં આવી છે; પણ તે વાસ્તવિક નથી. આમ માનતાં દયાળુ અને પવિત્ર પરમાત્માનું સામર્થ્ય મર્યાદિત, બંધનયુક્ત અને પરતંત્ર થઈ જાય છે. પરમાત્માને તેના ખરા સ્વરૂપમાં જોવા માટે આ ઉભય પ્રકારના ગુણોની દ્રષ્ટિરૂપી ભ્રમણાનો ત્યાગ કરવાની જરૂર છે; અને આવી ભાવનાથી વિચાર કરતાં આપણે જાણી શકીશું કે સત્ અને અસત્ એ પૃથક્ શક્તિઓ નથી પણ વસ્તુતાએ એકજ શકિતનાં બે ભિન્ન ભિન્ન દ્રશ્ય સ્વરૂપો છે.

ખરી રીતે સત્ અને અસતનું દર્શન થવું એજ ભ્રમણા છે. આ ભેદ વાસ્તવિક રીતે નથીજ. આપણી દ્રષ્ટિના દોષથીજ તે ઉત્પન્ન થવા પામ્યો છે. અમુક સારૂં અને અમુક નરસું, અમુક પ્રિય અને અમુક અપ્રિય; આ ભાવના રૂઢ થવાથી માનવસમાજને ભયંકર નુકશાન ખમવું પડયું છે. શુભ અને અશુભ તથા સત્ અને અસત્ એ ભિન્ન છે અને નિરંતર ભિન્નજ રહેવાનાં, અગર રહેવાં જોઇએ એ કલ્પનાજ આપણામાં અનેક પ્રકારના ભેદની કારણભૂત થઈ છે. અમુક વસ્તુ અનંતકાળ પર્યન્ત સારી અને અમુક વસ્તુ હમ્મેશાં ખરાબજ રહેશે એમ જો કોઈ મને સાબીત કરી આપે, તો હું તેને હજારોવાર પ્રણામ કરૂં. શું અમુક વસ્તુ કિંવા પરિસ્થિતિ હંમેશાં તેવી ને તેવીજ રહેશે, એમ છાતી ઠોકીને કોઈ કહી શકે તેમ છે? આજે જે વસ્તુ આપણને પ્રિય અને સારી લાગે છે તેજ કાલે પરિસ્થિતિમાં પરિવર્તન થતાં આપણને અપ્રિય અને અશુભ જણાય એ શું સ્વાભાવિક નથી? તેમજ આજે જે અપ્રિય અને અશુભ દેખાય છે તેજ કાલે શુભ અને પ્રિય દેખાવાનો પૂરેપૂરો સંભવ નથી? તમે જેને ખરાબ કે અનીતિમાન કહો છો તેમની પરિસ્થિતિ મારી અપેક્ષામાં કંઈક ભિન્ન પ્રકારની હોવાથીજ હું તેમને સારા જોઈ શકું છું અને સારા કહું છું. આ સર્વ વિવેચનનો ભાવાર્થ એજ છે કે જેવી રીતે જગતની આપણે ઉત્ક્રાન્તિ જોઈ શકીએ છીએ તેવીજ રીતે શુભ અને અશુભ વ્યકિત કે પરિસ્થિતિની પણ ઉત્ક્રાન્તિ થાય છે. ઉત્ક્રાતિના નિયમને અનુસરીને પ્રત્યેક વસ્તુનું પ્રત્યેક ક્ષણે રૂપાન્તર થવાનું કાર્ય શરૂ છે; અને એ રીતે એકજ વસ્તુને તેના અમુક વિશિષ્ટ ગુણને લઇને આપણે સારી માનીએ છીએ, તેજ વસ્તુને તેના બીજા કોઇ ગુણને લીધે આપણે ખરાબ પણ કહીએ છીએ. પવનના ઝપાટાથી કોઇ વૃક્ષ ધસડાઈ આવી મારા અમુક મિત્રને લાગે અને

તે મરી જાય તો તે પવન મને અશુભ લાગે છે; પણ એજ પવનના ઝપાટાથી હવામાં રહેતા અનેક ઝેરી જંતુઓનો નાશ થાય છે અને અનેક જણને તે ગુણકારી હોવાથી એ પવન તેમને શુભ જણાય છે. આ પ્રમાણે એકની દ્રષ્ટિમાં જે શુભ જણાય છે તેજ અન્યની દ્રષ્ટિમાં અશુભ માલૂમ પડે છે. એક વસ્તુ જે અમુકને ખોરાકરૂપ છે તેજ વસ્તુ બીજાની પ્રાણહારક થાય છે. આથી એમ નિઃસંશય જણાય છે કે સારૂં અને નરસું, સુખ અને દુઃખ, પુણ્ય અને પાપ, એ વસ્તુમાં રહેલાં નથી પણ આપણી દ્રષ્ટિથીજ ઉત્પન્ન થએલાં છે. જગતમાં જે કંઇ શુભ છે તેની સાથે પરમાત્માનો સંબંધ હોય અને અશુભ સાથે દ્વેષ હોય, આવું પરમાત્માનું દ્વિધા સ્વરૂપ કલ્પતા તે સાકાર ઠરે છે. વેદાન્તના નિર્ગુણ અને નિરાકાર પરમાત્માને આકારની અપેક્ષાજ રહેતી નથી. તે શુભ પણ નથી તેમ અશુભ પણ નથી. તે ગુણ અને સ્વભાવથી પર છે. માત્ર સમજવાને ખાતર આપણે એટલું કહી શકીએ કે જે શુભ છે તે પરમાત્માની સમીપ છે અને અશુભ છે તે તેનાથી દૂર છે.

પરંતુ નિર્ગુણ અને નિરાકાર પરમાત્માને વસ્તુ માત્રમાં વ્યાપ્ત માનવાથી આપણને શું વિશેષ લાભ થવાનો સંભવ છે? આપણે વિવિધ તાપથી તપનારા, માયાના પ્રપંચમાં ભટકનારાને આ માન્યતાથી શો લાભ થાય તેમ છે? શું અમારા દુઃખની નિવૃત્તિનો કોઇ ઉપાય એ ભાવનામાંથી મળે તેમ છે? અમે નિર્બળ અંતઃકરણના છીએ અને તેથી જ્યારે જ્યારે દુઃખ કે વિપત્તિનો પ્રસંગ ઉત્પન્ન થાય છે, ત્યારે મદદ માટે રડીએ છીએ એ વાત ખરી; પણ આવે પ્રસંગે તમારા નિર્ગુણ અને નિરાકાર પરમાત્મા અમને શક્તિ આપવા કે અમારાં દુઃખ કાપવાને સમર્થ છે? સંકટ વખતે મદદ માગવાની જે અમારી ટેવ છે તે તમારા બ્રહ્મને જાણવાથી શાન્ત થઈ શકશે? આવા આવા અનેક પ્રશ્નો ઉદ્ભવવાનો સંભવ છે. આ પ્રશ્નોનો ઉત્તર એ છે કે જ્યાં સુધી મનુષ્યનું મન દુર્બળ અને અજ્ઞાનાવૃત હોય ત્યાં સુધી તેનામાં સગુણ અને સાકાર પરમાત્માની ભાવના અવશ્ય રહેશે; પરંતુ તે ભાવનાપરત્વે આપણા હાલના જનસમાજમાં જે ભોળપણ જણાય છે તે ટળી જશે; અને તે વધારે સશાસ્ત્ર અને યુક્તિપૂર્વક થશે. પરમાત્માને નિઃસીમ અને સચ્ચિદાનદરૂપ માનવાથી સાકાર અને સગુણ માનનારો જનસમાજ નાસ્તિક થઈ જશે એવો ભય રાખવાની જરૂર નથી. તે સચ્ચિદાનંદની ભાવનામાં સ્થિત થઇ સાકાર અને સગુણ પરમાત્માની ભાવનાને વધારે શુદ્ધ અને તેથી વધારે દૃઢ સ્વરૂપમાં જોઇ શકશે. આપણે જોઇ ગયા છીએ કે પરમાત્માનું સ્વરૂપ વિશ્વથી ભિન્ન કેવળ સગુણ અને સાકાર માનવાથી વિવેકની કસોટીપર ચડવાને અસમર્થ નીવડે છે. પરમાત્માને નિર્ગુણ અને નિરાકાર માન્યા સિવાય

સગુણ અને સાકાર પરમાત્માની સંભાવના પણ અયુક્ત થઇ જાય છે. આપણે ઉપર જોઇ ગયા છીએ કે વિશ્વની બહાર, વિશ્વથી ભિન્ન રહી સાકાર ઈશ્વર આ દૃશ્ય જગતની ઉત્પત્તિ કરે એ ભાવના વાસ્તવિક નથી; પરંતુ આ વિશ્વનો ઉત્પાદક તેનાથી ભિન્ન નહિ પણ તેના અણુ અણુમાં વ્યાપક છે એ માન્યતા કબૂલ કરતાં તેના પેટામાં સગુણ અને સાકાર ઈશ્વરની માન્યતાનો સમાવેશ કરી શકાય તેમ છે. વિશ્વ સંજ્ઞાથી જે કંઈ વસ્તુ કે વસ્તુઓનો આપણને બોધ થાય છે તે સર્વ એકજ નિરાકાર વસ્તુનાંજ અનેક રૂપો છે. આપણી પાંચ જ્ઞાનેંદ્રિયોથી તેનાં જે રૂપો દેખાય છે તેને આપણે જડ જગતની ઉપાધિ કહીએ છીએ. મારી પાંચ ઇંદ્રિયોથી મને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોનો બોધ થાય છે. અમુક જડ વસ્તુ જોતાં તેમાં ઉપર્યુક્ત પાંચ વિષયોનો મારી પાંચ ઇંદ્રિયોદ્વારા હું અનુભવ કરૂં છું અને તે અમુક વસ્તુ છે એમ માનું છું; અગર કોઇને એ પાંચ ઇંદ્રિયો ઉપરાંત કોઇ વિશેષ ઇંદ્રિય હોય તો તેજ વસ્તુમાં તેને કંઈક વિશેષતા જણાય એ વાત પણ સ્પષ્ટ છે. આપણા પૈકી એકાદને વિદ્યુત્ નામની ઇંદ્રિયની પ્રાપ્તિ થાય તો આ વિશાળ વિશ્વ તેને કોઇ બીજાજ રૂપમાં પ્રતીત થાય એ વાત પણ સ્પષ્ટ છે. વસ્તુ એકજ છે પણ જ્ઞાનભેદને લીધે તે અનેક પ્રકારે ભાસે છે. અમુક વસ્તુનું ઉચ્ચતમ સ્વરૂપ જોવું એજ સગુણ અને સાકાર પરમાત્માની ભાવના છે. સાકાર ઈશ્વરની ભાવના મનુષ્યબુદ્ધિમાં વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિની ઉચ્ચતમ ભૂમિકાનું પરિણામ છે, અને મન તથા બુદ્ધિનું સામ્રાજ્ય જ્યાં સુધી મનુષ્યમાં છે ત્યાંસુધી જેમ આપણને આ ખુરસી અથવા આ દૃશ્ય જગતના વાસ્તવિકપણાની પ્રતીતિ થાય છે તેમજ સાકાર અને સગુણ ઈશ્વરની પ્રતીતિ પણ થવાનીજ; પરંતુ મન શાન્તિના સાગરમાં ડૂબી જતાં, બુદ્ધિ તેમાં લીન થતાં અને અહંકારની ભાવના નીકળી જતાં આ ખુરસીનું ખુરસીપણું અને જગતનું જગતપણું રહેવાનું નથી. તેજ પ્રમાણે સાકાર પ્રભુની સાકારતા કે સગુણતા પણ તેમાં લીન થઇ જઇ કેવળ સચ્ચિદાનંદરૂપ અવશેષ રહેશે. જે ઇંદ્રિયોને લઇને આ જગતની પ્રતીતિ થાય છે તે ઇંદ્રિયો પોતાની સ્થિતિમાંથી મુક્ત થઇ જ્ઞાનરૂપ આત્મામાં લય પામતાં "આ વિશ્વ છે" એમ પ્રતીતિ થવાનો પણ સંભવ નથી ત્યાં સાકાર અને સગુણ પરમાત્માની પ્રતીતિ ક્યાંથી થઇ શકે? જ્યાં મૂળમાંથીજ આ સંસારવૃક્ષની પ્રતીતિ પત્ર, પુષ્પ, ફળસહ આપોઆપ જ્ઞાનમય આત્મામાં અદૃશ્ય થાય ત્યાં તેના કારણનો કે કર્તાનો વિચારજ ક્યાં ટકી શકે? એ ન્યાયે સાકાર અને સગુણ પરમાત્માની ભાવના જો કે સત્યની ઉચ્ચ પ્રકારની ભાવના છે તથાપિ તે એક ભાવનામાત્રજ છે; તે કાંઇ શુદ્ધ સત્ય નથી. આ ભાવના નિર્ગુણ નિરાકાર પરમાત્માની ભાવનાને અંગેજ ટકી શકે છે;

અને નિરાકાર ભાવનાને લઇનેજ સાકાર પરમાત્માની ભાવનામાં સત્યની પ્રતીતિ થાય છે. સાકાર ભાવનાનું સત્ય પોતાનાજ આધારપર ટકી શકતું નથી પણ નિરાકાર ભાવનાથીજ ટકી શકે છે. 'હું માનવ પ્રાણી છું' એ ભાવના જેટલા પ્રમાણમાં સત્ય છે તેટલાજ પ્રમાણમાં સાકાર પરમાત્માનું અસ્તિત્વ પણ સત્ય છે; પરંતુ મનુષ્યનું અસ્તિત્વ સત્ય છે તેમ અસત્ય પણ છે એ પણ સ્મરણમાં રાખવું જોઈએ. મારા આ કથનમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. આપણને તેની અનુભવથી ખાત્રી થઇ શકે તેમ છે. હમણાં જે મારાં રૂપરંગ દેખાય છે તે મારા હાલના સંજોગો અને વાતાવરણને લઇને છે. એજ મારૂં શરીર જૂદા પ્રકારના વાતાવરણમાં રાખી, પ્રકાશ અંધકારનો ભેદ રાખી તેની છબી પાડવામાં આવે તો હમણાં હું જેવો જણાઉં તેવો તે વખતે નહિ જણાઉં; કદાચ ઓળખાઇ પણ નહિ શકું. તેમજ હમણાં તમને હું જેવો જણાઉં છું તેવો જો તમારી નેત્ર ઇંદ્રિયમાં કંઈક ફેરફાર થાય તોપણ હું નહિ દેખાઉં. દાખલા તરીકે કમળાના રોગીને સર્વ પીળુંજ દેખાય છે. ટુંકામાં એટલું વાતાવરણ અને જોનારની ઇંદ્રિયજન્ય પ્રતીતિના જ્ઞાનપરજ અમુક વસ્તુના રૂપ અને રંગની પ્રતીતિનો આધાર છે. આ બેમાં કંઇક ન્યૂનાધિકતા થતાં મારા ચહેરામાં તમને ભેદ જણાયા વિના નહિ રહે. ત્યારે એટલું તો સાબીત થાય છે કે હમણાં મારો જે ચહેરો તમે જુઓ છો, તે તેવો છે કે નહિ તેની ખાત્રી નથી, પરંતુ મારા આ વિકારમય, આ સંશયયુક્ત બાહ્ય રૂપરંગમાં એક અવિકારી તત્ત્વનો નિવાસ છે એ વાત નિશ્ચિત છે. તે નિરાકાર છે અને તેથીજ તે સત્ય છે, કારણ કે જે વિકારમય છે તે આજે એક રૂપે અને કાલે બીજે રૂપે દેખાશે; તેમાં સ્થિરતા નથી અને તેથી તે અસત્ય છે. આ મારૂં સત્ય સ્વરૂપ અનેક વેળા સંજોગો અને પ્રતિભેદને લઇ પૃથક્ પૃથક્ ભાસે છે.' અર્થાત્ 'હું' જે સત્ય સ્વરૂપ નિવિકાર અને એકરૂપજ છું, તેમાંજ વિકારવશ ભિન્ન ભિન્ન દેખાતા અનેક સગુણ અને સાકાર 'હું'નો તરંગરૂપે ભાસ થાય છે. પારણામાં પડી રૂદન કરનારો "હું", બાળકની ચેષ્ટા કરનારો "હું," તારૂણ્યના મદમાં છકી થઈ જગતને તુચ્છ અને અર્થશૂન્ય સમજનાર 'હું", અને વૃદ્ધાવસ્થામાં અન્યની મદદ માગનાર પણ 'હું," "હું"નાં આ સર્વ સ્વરૂપો માત્ર એકજ, નિરાકાર અને સત્ય "હું" ના સાકાર, વિકારી અને માત્ર ભ્રમણાથી જણાતા અસત્ય તરંગો છે. મારૂં શરીર પ્રતિક્ષણે બદલાય છે, તેમજ મારા વિચારોમાં પણ અનેક વિકારો ઉત્પન્ન થાય છે. આ પ્રકારે શરીર અને મનના પરમાણુઓ હમ્મેશાં અસ્થિરજ હોય છે. આ સર્વનો વિચાર કરતાં હું એવા દઢ અનુમાન ઉપર આવી શકું કે એ સર્વ બદલનારાં, વિકારી અને અસ્થિર સ્વરૂપોના અંતરમાં એકજ સ્થિર, અવિકારી તત્ત્વ હોવુંજ જોઇએ. હું આવું અવિકારી અને અવિનાશી તત્ત્વ

હોવાને લીધેજ અનેક શરીર ધારણ કરૂં છું અને અનેક વિકારોનો અનુભવ કરૂં છું. એજ પ્રમાણે અનેક રીતે અનેક રૂપોમાં દેખાતા આ વિશ્વના ગર્ભમાં પણ એકજ અવિનાશી તત્ત્વનો નિવાસ સિદ્ધ થાય છે. આ વિશ્વ તરફ દૃષ્ટિ કરતાં આપણને પ્રતીત થાય છે કે તેમાં દૃષ્ટિગોચર થતી વસ્તુઓ પ્રત્યેક ક્ષણે રૂપાંતર પામે છે, અને આ રીતે સમસ્ત વિશ્વ રૂપાન્તર પામે છે; પરંતુ આ રૂપાન્તર અમુક વસ્તુની તુલના કરવાથીજ જણાય છે. આ વિશ્વને જો એકરૂપજ માનીએ તો તેમાં રૂપાંતર જણાવાનો સંભવ નથી; કારણ કે તેની સાથે તુલના થઈ શકે એવી વસ્તુ નથી. દાખલા તરીકે ‘ગતિ છે’ એમ માની લઇએ તો તેની સાથે એમ પણ માનવુંજ પડશે કે ‘સ્થિર’ હોય એવું પણ કંઇક તત્ત્વ હોવુંજ જોઈએ કે જે ગતિથી મુક્ત હોય. જેવી રીતે આ ખુરસી સ્થિર છે તેનું કારણ એજ કે તે ગતિમાન છે, તેમજ ખુરસીને સ્થિર જોઇનેજ હું મારી ગતિને જોઈ શકું છું. ભૂમિપર પડેલા કોઇ સ્થિર પદાર્થને જોવાથીજ મારામાં અને તેનામાં ભેદ હોવાની પ્રતીતિ થાય છે અને મને તેનાથી પૃથક્ ગતિમાન માનું છું. એ રીતે વિશ્વને એક પદાર્થ માનતાં તે ગતિમાન કે અસ્થિર છે એમ આપણે જોઇ શકીશું નહિ. તેને અસ્થિર સાબીત કરવા કોઇ સ્થિર પદાર્થની અપેક્ષા છે, તે સિવાય તે ચળ છે એમ આપણાથી કહેવાશે નહિ; અને જો વિશ્વમાં પદાર્થ માત્ર ચલિત છે એ આપણે જોઇ શકીએ છીએ તો એ પદાર્થસમૂહ જેને વિશ્વની ઉપાધિ આપવામાં આવે છે, તે અચળ હોય એ ન બનવાજોગ છે; અને જો વિશ્વ ચલિત હોય તો જેમ અંધકાર હોવાથીજ પ્રકાશના અસ્તિત્વનું અનુમાન થાય છે તેમ વિશ્વના અંતરમાં પણ કોઇ અચળ—નિરાકાર શક્તિ છેજ એમ સિદ્ધ થાય છે; અને તેથી પરિણામે આપણે એવાજ અભિપ્રાય ઉપર આવીએ છીએ કે સમષ્ટિરૂપે વિશ્વ અચળ હોઇ, તેજ વિશ્વ વ્યષ્ટિરૂપે પૃથક્ પૃથક્ આકારમાં ચલાયમાન ભાસે છે; અર્થાત્ તે અચળ વસ્તુમાંજ તૃણાદિ ક્ષુદ્ર પદાર્થોથી તે સગુણ પરમાત્મા પર્યન્તના સર્વ પદાર્થોના ભાવનાઓનો સમાવેશ થાય છે. આ દૃશ્ય વિશ્વમાં સગુણ પરમાત્મા સર્વશ્રેષ્ઠ શક્તિ હોવાથી તેનેજ આપણે રક્ષક, શાસનકર્તા અને ઉત્પન્નકર્તા માનીએ છીએ, તેનીજ પ્રાર્થના કરીએ છીએ અને તેની પાસે મસ્તક નમાવીએ છીએ; પરંતુ એ સગુણ પરમાત્માનું રૂપ બુદ્ધિના અસ્તિત્વ સુધીજ છે. દૃષ્ટ પદાર્થોનું જ્ઞાન થાય ત્યાં સુધીજ મનુષ્ય સગુણ પરમાત્માને જોઇ શકે છે; તેથી તે પણ નિરાકાર તત્ત્વનાજ એક દૃશ્ય તરંગરૂપ છે. આ તરંગની ભૂમિકા ઉચ્ચ છે એ વાત આપણે માની શકીશું છતાં પણ તરંગ તે તરંગજ છે એ વાત ભૂલી જવા જેવી નથી. બુદ્ધિના અસ્તિત્વ પર્યન્ત તેનું અસ્તિત્વ પણ અવશ્ય રહેવાનુંજ, પણ બુદ્ધિનું શમન થતાં તે પણ શમી જશે એ નિશ્ચય છે. તમારા

આપણા જેવા મનુષ્યો નિરાકાર પરમાત્મારૂપી સાગરના અતિ ક્ષુદ્ર તરંગો છીએ અને તેની સાથે સરખાવતાં સાકાર ઈશ્વર એ એક પરમાત્માનો અધિક મહત્ત્વવાળો તરંગ છે. વેદાન્તમત પ્રમાણે સર્વ મનુષ્યો પરમાત્માનાંજ રૂપ છે, પણ તે પરમાત્માને સાકાર અને સગુણ સમજવો નહિ. દાખલા તરીકે એક માટીના ઢગલામાંથી એક મોટો હાથી બનાવવામાં આવે છે અને બાકીની થોડી માટીમાંથી એક નાનું સરખું ઉંદરડું બનાવવામાં આવે છે. તે ઉંદર કોઈ કાળે પણ હાથીના રૂપને પ્રાપ્ત થઈ શકે એ સંભાવત નથી, પણ એ બંને આકારને પાણીમાં નાખતાં ઉભય પોતાના મૂળ રૂપને પ્રાપ્ત થતાં એકજ માટીરૂપે જણાય છે. કેવળ મૂળનો વિચાર કરતાં અર્થાત્ ઉપાદાન કારણનો વિચાર કરતાં તે ઉભય માટીનાંજ હોવાથી એકજ છે; પરંતુ તેના આકારમાં આવતાં તે પૈકી એક હાથી અને એક ઉંદર દેખાય છે અને તે ભેદ કાયમજ રહેવાનો. તેજ રીતે અચળ પરમાત્મા અથવા 'બ્રહ્મ' ઉદાહરણમાં જણાવેલ માટીની જગ્યાએ છે. સગુણ પરમાત્મા અને આપણે સર્વ તેમાંથી ઉત્પન્ન થયા છીએ. સગુણ પરમાત્માની શક્તિ આપણી શક્તિના પ્રમાણ કરતાં અનન્તગણી વિશેષ છે: તેથી તે શાસનકર્તા અને રક્ષક થાય છે અને આપણે તેના દાસ થઈએ છીએ. જેવી રીતે માટીનાં હાથી અને ઉંદર ફરી માટીરૂપ ન થાય ત્યાં સુધી તેમના મહત્વમાં ભેદ રહે છે, તેમજ જ્યાંસુધી આપણે દેહધારી મનુષ્ય છીએ ત્યાં સુધી સગુણ પરમાત્માનો આપણા સ્વામી તરીકે અને આપણો મનુષ્યોનો તેના દાસ તરીકેનો સંબંધ કાયમ રહેશે. આ સર્વ વિવેચન ઉપરથી તમારા લક્ષમાં આવી શક્યું હશે કે, જ્યાં સુધી આ વિશ્વનું અસ્તિત્વ છે ત્યાં સુધી સગુણ પરમાત્માનું અસ્તિત્વ પણ રહેશેજ. વેદાન્ત મતના પ્રચારથી તેની પૂર્વેના ધર્મને કોઈ પણ પ્રકારે હાની થવાનો સંભવ નથી. એથી તો જગત અને પરમાત્માનો સંબંધ મૂળમાં વધારે શુદ્ધ થઈ દઢ થશે. આપણી પોતાની બુદ્ધિને સંતુષ્ટ કરવા પણ વેદાન્તમતનો સારી રીતે અભ્યાસ કરવો અવશ્યનો છે. આપણે જોઈ ગયા છીએ કે અનેક વસ્તુઓના કાર્યકારણભાવ તપાસી કોઈ પણ કાર્ય અને તેના કારણની અન્વેષણા કરવી એ વિવેકબુદ્ધિનો સ્વભાવજ છે; અને તેથી આ બુદ્ધિને સંતુષ્ટ કરવા માટે પણ નિર્ગુણ બ્રહ્મના સિદ્ધાન્તનું અવલોકન ખૂબ બારિકીથી કરવાની જરૂર છે આ પ્રમાણે આપણે નિર્ગુણ બ્રહ્મને સમજવાથી સગુણ બ્રહ્મની ઉપાસનાનો ત્યાગ કરી દઈશું એમ નહિ, પણ ઉલટું એ ઉપાસનામાં આપણે વધારે શુદ્ધ અને વધારે દઢ થઈશું. આપણી સાંપ્રત ઉપાસનાપદ્ધતિ કેટલી દોષવાળી છે તેનો વિચાર કરતાં આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. આપણે કેટલીવાર દયાળુ અને પવિત્ર પરમાત્માની ઉપાસના કેવળ આપણી ક્ષુદ્ર વાસનાઓની તૃપ્તિને માટેજ કરીએ છીએ; એ બધા માત્ર શાબ્દિક આડંબર હોય છે. પ્રાર્થના,

ઉપાસના ઇત્યાદિ સુંદર શબ્દો આપણે એ યાચનાને માટે વાપરીએ છીએ, પણ તેના ઉંડાણમાં ઘૂમી રહેલી વાસનાઓને પ્રકટ કર્યા સિવાય આપણે બીજું કશું પણ કરતા નથી. પ્રાર્થના કે ઉપાસનાનાં સુંદર નામો આપવાથી કંઇ આપણી વાસનાજન્ય યાચનામાં રૂપાન્તર થતું નથી. વેદાન્તના પરમાત્માને જાણવાથી આપણે પ્રાર્થનાને નામે યાચના કરવાના મૂર્ખ કાર્યથી વિમુક્તજ રહીશું. વેદાન્ત-મત પ્રમાણે બ્રહ્મની ભાવનામાં ઉપાસક અને ઉપાસ્યનો ભેદજ રહેતો નથી. અન્ય ધર્મોનો વિચાર કરતાં તે પૈકી કેટલાકોએ પરમાત્માની વિભૂતિની પૂજા કરવાનો ઉપદેશ કર્યો છે તે પણ અવાસ્તવિક નથી. વળી કેટલાક પંથોમાં સંત પુરૂષોની પૂજા કરવાનું જણાવ્યું છે, તે પણ યોગ્યજ છે; પણ પરમાત્માની પ્રાર્થના કરવી એ એક પ્રકારે મૂર્ખાઇજ છે. સર્વસામર્થ્યવાન પરમાત્મા પાસે જઇને કહેવું કે, “ઓ પ્રભુ ! વરસાદ સારો થાય તેમ કરજે,” “શુદ્ધ પવન આપ,” કિંવા “મારા બગીચામાં સારાં ફળ ફળાદિ થાય તેમ કર,” આ કેટલી ક્ષુદ્ર ભાવના છે? આના કરતાં તો સંતજનોની ઉપાસના કરવી એજ બહેતર છે; કારણ કે સંતો આપણા જેવાજ દેહધારી હોવાથી તેમની મદદ માગવી એ વધારે લજ્જાસ્પદ નથી; પરંતુ વિશ્વના શાસનકર્તા મહાન અને ન્યાયી પ્રભુની પાસે જઇને કહેવું કે, “ઓ પ્રભુ ! મારૂં ગળું દુઃખતું બંધ કરો” એ પ્રલાપ કેવળ હાસ્યાસ્પદ છે. અનેક સંત પુરૂષોનાં જીવન પણ તમારા જેવાંજ હતાં, તમારા જેવાજ વાતાવરણમાં તેઓ ઉછરેલા હતા, જેથી તેમની મદદ માગવામાં હરકત નથી; પરંતુ સર્વેશ્વરની પાસે જઇને પછી આવી ક્ષુદ્ર સહાય માગવી, જે પરમાત્મા આપણો પોતાનોજ છે અને આપણને એવી વસ્તુઓ આપી શકે તેમ છે કે જે ઘણીજ ઉત્તમ હોય છે, તેની પાસે જઇને પાઇ કે પૈસાની યાચના કરવી એ આપણી શોભા નથી શાન્તિદાયક ભાગીરથીને કિનારે બેસી કૂવો ખોદવાની ચેષ્ટા કરવા સરખુંજ આ કાર્ય છે. રત્નની ખાણના માલેક અથવા એ માલેકના પુત્ર થઇને “અરે મને કોઇ કાચનો કડકો આપો !” એમ પ્રલાપ કરવો તેને કોણ ડહાપણ કહેશે ?

લૌકિક વસ્તુની આશા રાખી પરમાત્માની પ્રાર્થના કરવી એના જેવી મૂર્ખાઇ બીજી કોઇજ નથી. સર્વેશ્વર પાસે જઇને તો આપણે જ્ઞાન જેવી મહત્ વસ્તુની યાચના કરવી જોઇએ, નિષ્કામ પ્રેમની યાચના કરવી જોઇએ. જ્યારે તે પોતેજ આપણા ઉપર પ્રસન્ન થાય ત્યારે પછી બીજી શી વસ્તુની અપેક્ષા રહે ? તેની પાસે તો દૃઢ શ્રદ્ધાની યાચના કરવી જોઇએ અમુક વસ્તુ સિવાય મને નહિ ચાલે અથવા અમુક વસ્તુથી મને લાભ થશે અથવા તમુક વસ્તુ મળવાથી મને સુખ મળશે, એ સર્વ મનુષ્ય હૃદયની નિર્બળતા અને વિષયલાલસાજ દર્શાવે છે. આવી નિર્બળતા અને વિષયલાલસા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી ક્ષુદ્ર વસ્તુઓ માટે

ઈશ્વરની પ્રાર્થના કરવાની તેની વૃત્તિ પણ રહેશેજ; પરંતુ યથાર્થ વિવેકથી જેનામાં શુદ્ધ શ્રદ્ધા ઉદય પામી છે તેને આવાં ક્ષુદ્ર લૌકિક સુખોની ઇચ્છા થતી નથી; અને જેને વાસનાજ નથી રહી તેને તો આવા પ્રકારની પ્રાર્થના કરવાનુંજ શું પ્રયોજન ? જે જ્ઞાનીનો મિથ્યા અહંભાવ નાશ પામીને બુદ્ધિમાં જ્ઞાનનો ઉદય થયો હોય છે તેજ જ્ઞાનની દૃઢતાને માટે, નિરાકાર ઉપાસનાને માટે યોગ્ય છે. નિરાકારની ઉપાસના સ્વામી અને સેવકના સંબંધ જેવી નથી. “ હું પાપી છું ” “ હું દુર્બળ છું ” અને “ તું સમર્થ છે, પુણ્યાત્મા છે ” એવી પ્રાર્થના નિરાકારની ઉપાસનામાં ગ્રાહ્ય નથી. નિરાકારનાં ઉપાસનાનો માર્ગ આવા પ્રાર્થનાવિધિથી કેવળ ભિન્ન છે. “ હું તો **રહ્યોજ નથી**, માત્ર તુંજ છે ” તો હવે પાપી કોણ અને પુણ્યવાન કોણ ? ફારસી ભાષામાં એક કવિતા છે જેનું ઈંગ્રેજી રૂપાન્તર તમારા પૈકી કેટલાકે વાંચ્યું હશે. એક વાર કોઇ પુરૂષ પોતાની પ્રિયાને મળવા માટે તેને ઘેર ગયો. દ્વાર બંધ હતાં, તેણે બહારથી ખખડાવ્યાં. અંદરથી તેને પ્રશ્ન થયોઃ “ કોણ છે ? ” તેણે ઉત્તર આપ્યોઃ “ હું અમુક તારો પ્રેમી છું. ” તે આશા રાખતો હતો કે તેને ઉત્તર મળશે અને દ્વાર ઉઘડશે પણ તેમ થયું નહિ. કેટલાક દિવસ રહી આ આશક ફરી ત્યાં ગયો. ત્યારે પણ માશુકનો દરવાજો બંધ હતો. તેણે પહેલાંની પેઠે અવાજ કર્યો. અંદરથી તેજ પ્રશ્ન પૂછવામાં આવ્યો. તેણે પુનઃ પણ પૂર્વવતજ ઉત્તર આપ્યો અને દરવાજો બંધજ રહ્યો. વળી ત્રીજી વાર તે ગયો અને અવાજ કર્યો. અંદરથી પ્રશ્ન થયો તું કોણ છે ? આ વખતે તેણે ઉત્તર આપ્યોઃ “ મારી પ્રિયા ! હું અને તું એકજ છીએ ” અને આ ઉત્તરથી તરતજ દ્વાર ઉઘડી ગયું. નિરાકારની પૂજા કેવળ સત્ય પ્રેમથીજ કરવાની આવશ્યકતા છે; અને સત્ય એટલે શું ? હું અને તું એકજ છીએ. હું તેજ છું—**अहं ब्रह्मास्मि ।** એજ સત્ય છે. હું તેનાથી ભિન્ન છું, હું તે નથી એમ કહેવું એ અસત્ય છે, ભયંકર અસત્ય છે. આ વિશ્વ સમસ્ત તારી મૂર્તિજ છે, તુંજ છે; તેજ પ્રમાણે હું અને તું પણ ભિન્ન નથી. આવું ચિંતન સતત કરવું એજ નિરાકાર પરમાત્માની ઉપાસના છે. મારી ઇંદ્રિયોદ્વારા દૃશ્ય થતું સમસ્ત વિશ્વ હું જ છું. મારી આસપાસનું વાતાવરણ હું જ છું. સૂર્ય અને ચંદ્રનો પ્રકાશ, ઉષ્ણતા અને શાન્તિ હું જ છું. જેને અન્ય લોકો ભ્રમણાથી અનેક રૂપે જુએ છે, પણ જે વાસ્તવિક રીતે એક અને એકજ છે તે બ્રહ્મ પણ હું જ છું અને અનંતકાળથી પ્રાણીઓના અંતઃકરણમાં ધ્વનિ કરનાર જે આત્મા તે પણ હું જ છું. મને મૃત્યુ નથી તેમજ નિદ્રા પણ નથી હું નિરંતર જાગૃત છું. હું અમર છું. મારૂં સામર્થ્ય કોઇવાર પણ ન્યૂન થતું નથી. આ પ્રકારનું ચિંતન નિરંતર કર્યા કરવું. માત્ર ક્ષણભરજ નહિ, એ સિવાય કાંઇ પણ ભાવના

કે વાસના હૃદયમાં રહી ન શકે તેજ પરબ્રહ્મની ઉપાસના છે. આવું ચિંતન નિરંતર કરતાં તમારા જીવનનો માર્ગજ બદલાઇ જશે. આપણને કોઇ પણ વસ્તુની જરૂર હોય તો તે આવા પ્રકારની દૃઢ શ્રદ્ધાની છે.

આપણે શ્રદ્ધાની અનિવાર્ય જરૂર છે. શ્રદ્ધાહીન અંતઃકરણજ દુર્બળ છે. મનુષ્યના અંતઃકરણમાં દેખાતી દુર્બળતા શ્રદ્ધાને અભાવેજ જન્મે છે. શથ્થ જગ રૂઠા રૂઠન દે, મેરા રામ રૂઠો ના ચાહિયે, ભલે સમસ્ત જગત વૈરી હોય પણ જો એક રામમાં શ્રદ્ધા હોય તો ડરવાનું જરા પણ પ્રયોજન નથી. આવાં વાક્યો શ્રદ્ધાહીન હૃદયમાંથી નીકળી શકતાં નથી. બ્રહ્મની ઉપાસનાથી આપણા અંતઃકરણુની દુર્બળતા સમૂળગી નાશ પામશે. આ ઉપાસના દૃઢ અને સ્વાભાવિક થઇ જતાં તમારા ઉપર આકાશ તૂટી પડે તોપણ તમારા અખૂટ આનંદમાં ઉણપ આવવાનો સંભવ નથી. સર્પ અને વ્યાઘ્ર, જેનાથી મનુષ્યોને ભય થાય છે તે પણ તમારી પાસે વહાલથી આવશે. તમે તેને નિર્ભયતાથી જોઇ શકશો, તે તમને આત્મરૂપેજ ભાસશે. આવી રીતે જેણે **એકરૂપતાની સમાધિનો લાભ પ્રાપ્ત કર્યો છે તેજ ખરો કર્મવીર** છે. તેનું અંતઃકરણજ વાસ્તવિક રીતે નિર્ભય છે. તેના સિવાય નિર્ભયતાની વાતો કરનારા બીજાઓ ખરી રીતે નિર્ભય નથી. ઇસુખ્રિસ્તને વિશ્વાસઘાતથી જેણે ઠાર કરવાનો પ્રયત્ન કર્યો હતો, તેનેજ તેમણે આશીર્વાદ આપ્યો હતો. આમ કરવું એ એક ખરા નિર્ભય અંતઃકરણથીજ બની શકે છે. “ હું અને મારો પિતા એકજ છીએ ” એ ભાવના જ્યાં દૃઢ થએલી હતી ત્યાં ભયને અવકાશજ ક્યાંથી હોય? એજ ખરી ઉપાસના છે. સર્વ વિશ્વને એકરૂપે જોવું એજ આપણા કર્તવ્યની અંતિમ ભૂમિકા છે. આ સમજવાને માટે બાહ્ય પ્રમાણુની જરા પણ જરૂર નથી. આપણું શરીર, આપણું મન અને આપણા વિચાર કરતાં પણ પ્રભુ આપણા વિશેષ સમીપ છે. તેના અસ્તિત્વને લીધેજ વિચારને ગતિ મળે છે અને મનમાં સંકલ્પ વિકલ્પની પ્રાપ્તિ થાય છે. કોઇ પણ વસ્તુનું તેના યથાર્થ સ્વરૂપમાં જ્ઞાન થવું એ બ્રહ્મજ્ઞાનવિના બની શકે તેમ નથી. આપણા અંતઃકરણની ગુહ્યમાં ગુહ્ય ગુફામાં તે પ્રિયતમનો વાસ છે. શરીર આવે છે, જાય છે, સુખ દુઃખ છાયાની પેઠે આવે છે, ઉડી જાય છે; અને યુગોના યુગો પસાર થઈ જાય છે, પણ આપણા અંતરનો પ્રિયતમ તો સદા અમર અને એકરસજ વિરાજમાન છે. “ **अहं ब्रह्मास्मि** ” એ સત્ય કાળ અને દેશથી અબાધિત છે. તે સત્ય હોવાને લીધેજ ઇતર જગત માત્રનો આભાસ જણાય છે. તેનો આધાર હોવાથીજ આપણે જોઇ શકીએ છીએ, ઇચ્છા કરી શકીએ છીએ; વિચારી શકીએ છીએ. આ તત્ત્વ માત્ર તમારા કે મારાજ અંતઃકરણમાં છે તેમ નથી. તે તો એક નાનામાં નાનો જંતુ, વનસ્પતિ તથા ખનીજ સૃષ્ટિ પર્યન્ત ઓત-

પ્રીત ભરપૂર છે. જેમ સત્પુરૂષોના અંતઃકરણમાં તેનો વાસ છે, તેમ ચોર અને લુંટારાઓના અંતઃકરણમાં પણ તે નિવાસ કરે છે. જે દિવસે આપણે આ અનુભવ કરીશું તે દિવસે સંશયનો પડદો તુટી જશે અને પછી કોઇ પણ સંશયને અવકાશ નહિ રહે. જે વિશ્વ આજે આપણને વિચિત્ર અને અગોચર દેખાય છે, તેજ વિશ્વ **सर्वं खल्विदं ब्रह्म ।** રૂપજ જણાશે. આ તત્ત્વ એકવાર સમજ્યા કે બીજું કાંઇ પણ સમજવાનું બાકી રહેતું નથી. આજે ભૌતિકશાસ્ત્રોએ જે જ્ઞાનનો સંગ્રહ કર્યો છે તે ખરૂં જ્ઞાન નથી પણ ખરૂં જ્ઞાન તો તેથી પર છે, તેની બીજી બાજુમાં છે. ભૌતિકશાસ્ત્રનું જ્ઞાન તો આ જ્ઞાનમંદિરના એક પગથીયા રૂપજ છે. આ મંદિરમાં પ્રવેશ કરતાંજ જણાય છે કે, **सर्वं खल्विदं ब्रह्म**, અને આ અનુભવજ માણસના જીવનનો એક ખરો અનુભવ છે.



४–वेदान्त अने सुधारो.

જે અને ફક્ત ઉપરચોટિયું તત્ત્વ જોઇ અભિપ્રાય બાંધવાની ટેવ પડી ગઇ હોય છે એવા લોકોજ હિન્દુસ્તાનના જન સમાજને એક જીતાએલો અને દુઃખથી પીડાતો સમાજ માને છે. હિન્દી રાષ્ટ્ર એટલે તો માત્ર તરંગી, આદર્શ-સેવી અને તત્ત્વજ્ઞાનમાં વિહાર કરનારા લોકોનો એક સમૂહ. ઐહિક દ્રષ્ટિથી જોતાં હિન્દી પ્રજા એક જીતાએલી અને કષ્ટપીડિત પ્રજા છે, પણ ધર્મજ્ઞાનની દ્રષ્ટિથી જોવામાં આવે તો એ પ્રજા એક સાર્વભૌમ પ્રજા છે; એ વાત એવો અભિપ્રાય બાંધનારા લોકોના લક્ષમાં આવતી નથી. હવે એક બીજી દ્રષ્ટિથી વિચાર કરવામાં આવે તો પાશ્ચાત્યો અને પૌર્વાત્યોનો સહવાસ પરસ્પર લાભપ્રદ થાય તેમ છે. પાશ્ચાત્યોમાં રજોગુણ વિશેષ પ્રમાણમાં હોવાથી તેઓ વિશેષ ઉદ્યમશીલ અને ચપળ છે. આ ગુણમાં પાર્વાત્યોની વિચારશીલતા અને આત્મા પ્રતિ અંતર્મુખ વૃત્તિનો સહવાસ થાય તો તે પાશ્ચાત્યોને હિતકારી થાય તેમ છે. તેજ પ્રમાણે પાશ્ચાત્યોની રજોગુણમૂલક પ્રવૃત્તિ પૌર્વાત્યોને લાભ કરે તેમ છે. આ વિચારને ક્ષણભર બાજુએ મૂકી આપણે બીજા એક મહત્ત્વના પ્રશ્નની ચર્ચા કરીએ. હિન્દુ અને યાહુદી એ બે પ્રજાઓ એકવાર મહાન હતી. એ ઉભય પ્રજાઓએ આખા જગતને ધર્મનું દાન કર્યું છે. આજે બીજી એમની સમયવર્તી પ્રજાઓનાં નામ નિશાન પણ ભાગ્યેજ જણાય છે. ત્યારે એ પ્રજાઓ ટકી રહી છે તેનું કારણ શું ? હિંદુસ્તાનની વયોવૃદ્ધ પ્રજાની તુલનામાં બીજી અનેક પ્રજાઓ ઉત્પન્ન થઈ છે. એકવાર એ બીજી પ્રજાઓ અવશ્ય મહાન કહેવાઇ છે પણ તે હતી નહતી થઈ ગઇ છે; તેમનાં નામ નિશાન પણ રહ્યાં નથી, ત્યારે હિન્દી પ્રજા મરતાં મરતાં અને અનેક સંકટો સહન કરતાં પણ જીવી છે. યાહુદી પ્રજા ક્રાઈસ્ટના સમયમાં એકલા પેલેસ્ટાઇનમાં હતી તેના કરતાં આજે વિશેષ છે, એનું કારણ અવશ્ય વિચાર કરવા જેવું છે. આ ઉભય મહાન પ્રજાઓનું જીવન ટકી રહેવાનું કારણ તેમના જીવનમાં ગુંથાએલું ધર્મતત્ત્વ છે.

હિન્દુઓના તત્ત્વજ્ઞાનનો પ્રસાર સમસ્ત જગતમાં થયો છે. દેશકાળ પ્રમાણે

તેના સ્વરૂપમાં રૂપાન્તર થવાના પ્રસંગો આવ્યા હશે. તથાપિ જગત સમસ્તમાં, સર્વ દેશોમાં અને લોકોના અંતરમાં તે ગુંથાઇ ગયું છે, એ વાત નિશ્ચિત છે. પૂર્વકાળમાં હિંદુસ્તાનનો વ્યાપાર આફ્રિકા પર્યન્ત પ્રસાર પામ્યો હતો એ વાત સિદ્ધ થઇ ચૂકી છે. જે સમયે યૂરોપખંડનું નામ પણ કોઇના જાણવામાં નહોતું તે સમયે હિન્દુ લોકોએ પોતાનો સંબંધ આખા જગત સાથે જોડી દીધો હતો. પણ જણાય છે કે હિંદુઓ વિદેશગમન નહોતા કરતા એવો જે કેટલાકોનો અભિપ્રાય છે તે વાસ્તવિક નથી. એક વાત બીજી પણ લક્ષમાં રાખવા જેવી છે કે હિન્દુસ્તાનમાં વિજય મેળવી જે જે પ્રજાઓ દાખલ થઇ છે, તેમને રાજ્ય સાથે ધર્મનો પણ અલભ્ય લાભ થયો છે. તેમને જેમ ઐહિક સંપત્તિનો લાભ થયો છે તેમ ધર્મજ્ઞાનમાં પણ અનુપમ તત્ત્વરત્નોની પ્રાપ્તિ થઈ છે.

પાશ્ચાત્ય લોકોની બુદ્ધિવિષયક કળા બહુધા ઐહિક સુખ તરફ વળી છે. વિલાસનાં સાધનો કેમ વધારે પ્રાપ્ત થાય અને તેનો ઉપભોગ કેમ વિશેષ કરી શકાય, એજ વિચારે આજના પાશ્ચાત્ય સમાજને ઘેરી લીધો છે; પરંતુ એક હિંદુની મનોભૂમિકા એથી ભિન્ન પ્રકારની હોય છે. આપણી ઇચ્છાઓ, આપણી વાસનાઓ, આપણી જરૂરીઆતો ઓછી કેમ થાય એજ તેના વિચારનો ખાસ વિષય હોય છે.

વેદકાળથીજ હિન્દુઓ ઇશ્વરની શોધમાં ગુંથાએલા રહ્યા છે એ વાત આપણે તરત સમજી શકીએ છીએ. વૈદિક અને અન્ય ધર્મગ્રંથો હિન્દુઓની અતૃપ્ત શોધનો પૂરાવો છે. આ શોધ કરતાં તેઓ અનેક વિષયો ઉપર, અનેક ભાવનાઓપર આરૂઢ થતા ગયા એ પણ દેખાઇ આવે છે. પિતૃયજ્ઞ એ આ ઇશ્વરભાવનાનું પ્રથમ પગથીયું છે. તે પછી અગ્નિ, ઇન્દ્ર અને વરૂણની વૈશ્વદેવ પૂજા ઉત્પન્ન થાય છે. હિન્દુઓએ વરૂણને સર્વ દેવોથી શ્રેષ્ઠ માનેલા છે. પ્રથમ અનેક દેવતાઓની કલ્પના જન્મ પામીને પછી તે વિસ્તાર પામતી ચાલી. અને એકજ પરમાત્મા જેને એ બધા દેવો પૈકી મુખ્ય કહી શકાય તેમાં પરિણામ પામતી આપણે જગતના સર્વ ધર્મોમાં જોઇએ છીએ. મનુષ્યો સમાજ બાંધીને રહેવા લાગ્યા ત્યારે પ્રથમ તેઓ નાના નાના ટોળામાં રહેતા હતાં. આ પ્રત્યેક ટોળું ભિન્ન ભિન્ન પરમેશ્વરને માનતું. દરેક પોતાના ઇશ્વરને સર્વશક્તિમાન, જગતના ઉત્પન્નકર્તા, શાસનકર્તા માનતા. પરસ્પર પરિચય વધતો ગયો તેમ તેમ આ કલ્પના વિસ્તાર પામી; અનેકમાંથી એક ઇશ્વરની ભાવના દૃઢ થઇ. પરંતુ આવી એકેશ્વરની ભાવનાથી હિન્દુ વિચારકને તૃપ્તિ થઇ નથી. તેમને માટે આ ભાવના પણ સાધારણ હતી; તેમને હજી વધારે ઉચ્ચભાવનાની જીજ્ઞાસા હતી. કોઇ સાધારણ બુદ્ધિને આ ભાવનાથી સંતોષ થાત પણ જેમનું જીવન પ્રભુની જિજ્ઞાસામયજ હતું એવા આર્ય ઋષિ મુનિઓને તે સર્વથા સંતુષ્ટ કરી શકી નહિ.

આર્ય વિચારકોને જણાયું કે બાહ્ય જગતમાં ભટકવાથી પ્રભુની શોધ થઇ શકવાની નથી, તે તો અંતરથી પણ અંતરમાં વિરાજે છે. આ વિચારથી તેઓ આંતર સૃષ્ટિમાં શોધ કરવા લાગ્યા. આંતર સૃષ્ટિમાં પ્રવેશ કરતાંજ તેમને પ્રશ્ન થયો કે આ આંતરસૃષ્ટિનું સ્વરૂપ કેવું હશે ? એ આંતર સૃષ્ટિનું અસ્તિત્વ કેમ જાણી શકાય ? જેમ બાહ્ય સૃષ્ટિનો પ્રત્યક્ષ અનુભવ થાય છે તેમ આંતર સૃષ્ટિનો થઇ શકે ખરો ? આ પ્રશ્નપરંપરાનો વિચાર કરતાં તેમને જણાયું કે “ હું છું ” એમ કહેનાર જે જીવાત્મા છે, તેજ મનુષ્યનું સ્વત્વ (હુંપણું) છે. બાહ્ય જગતની પેઠેજ આત્મા પણ અનુભવથી જાણી શકાય તેવો છે અને આત્માને જાણવાથીજ મનુષ્ય જગતને જાણી શકે છે. આત્માનો પ્રકાશ થવાથી જગત પ્રકાશિત થાય છે. આ શોધ આર્ય વિચારકોએ પાછલા કાળમાં કરી એમ નથી, છેક ઋગ્વેદમાં પણ એ શોધ થએલી જણાય છે. આ જગતના પ્રારંભ પહેલાં શું હતું ? આ પ્રશ્નની ચર્ચા થતાં છેવટે આત્માની શોધ થઇ છે. આત્મા આ જગતના પ્રારંભ પહેલાં હતો, મધ્યમાં છે અને પછી પણ રહેશેજ. આ સ્વયંભૂ આત્મામાંથીજ આ જગતનો ઉદ્‌ભવ થયો છે, તેમાંજ તેની સ્થિતિ છે અને રહેશે. તેમાંથી તે ઉદ્‌ભવ પામે છે અને જ્યાં સુધી આ વિશ્વ છે ત્યાં સુધી તેનું ઉદ્‌ભવ-સ્થાન એજ રહેશે.

આત્મા શું છે, આંતર સૃષ્ટિ શું છે ઇત્યાદિ પ્રશ્નોનો વિચાર કરતાં વેદાન્તતત્ત્વવાદીઓએ નીતિતત્ત્વનું મૂળ શું છે એ પ્રશ્નનો ઉત્તર પણ આપી દીધો છે. “ હિંસા ન કરો ! અન્યને પીડા કરવી એ પાપ છે, ” “ ચોરી કરવી નહિ, ” “ જેટલો પોતાના તરફ પ્રેમ હોય તેટલોજ પોતાના પાડોસી પ્રતિ રાખવો, ” આ નીતિતત્ત્વના સિદ્ધાન્તો સર્વ ધર્મોમાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે; પણ આમ અમારે શા માટે કરવું જોઇએ ? પારકાને શા માટે પીડા ન કરવી ? આ પ્રશ્નોનો કદાચ વિચાર થયો હશે, તથાપિ કોઇ પણ ધર્મે તેનો સમાધાનકારક ઉત્તર આપ્યો નથી. જડ અને બાહ્ય સૃષ્ટિને ભૂલી જઇ આંતર સૃષ્ટિમાં વિહાર કરનાર આર્ય વિચારકોએજ આ પ્રશ્નોનો ખરો ઉત્તર આપ્યો છે. અમુક કરવું અને અમુક ન કરવું, અમુક વિધિ અને અમુક નિષેધ, આવી આવી આજ્ઞાઓથી આર્ય તત્ત્વજ્ઞોને કદિ પણ સંતોષ થયો નથી.

આત્મા કૈવલ્યરૂપ, અનંત, સર્વવ્યાપી અને સર્વાન્તરાત્મા છે, આવો આત્મવિષયક હિન્દુઓનો અભિપ્રાય છે. જે વસ્તુ અનન્ત હોય તે એકજ હોઈ શકે; કારણકે જો એકથી વિશેષ હોય તો પરસ્પરની મર્યાદામાં બાધકર્તા થાય; અને મર્યાદાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં તેનું અનન્તપણું રહી શકે નહિ. જો અનન્ત હોય તો તે એકજ હોવો જોઇએ. આ એકજ આત્માનું પૃથક્ પૃથક્ ભાસ્યમાન સ્વરૂપ તેજ મનુષ્યનો આત્મા ! મનુષ્યનો આત્મા સ્વભાવમાં અનન્ત આત્માથી ભિન્ન

નથી; તેમજ વાસ્તવમાં પણ અભિન્ન છે. ભ્રમણાત્મક દ્રષ્ટિથી શરીરાદિ ઉપાધિને લઇનેજ તે ભિન્ન દેખાય છે. હવે સ્પષ્ટ થઇ જાય છે કે પારકાને દુઃખ દેવું તે પોતાનેજ દુઃખ દેવા બરાબર છે. નીતિશાસ્ત્રના મૂળમાં આ એકજ સિદ્ધાન્ત ગૂંથેલો છે.

અનેક લોકોની એવી માન્યતા છે કે મનુષ્ય પોતાના જીવનક્રમમાં અનેક પ્રકારની ભૂલો કરે છે અને એ ભૂલમાંથીજ તેને સત્ય સમજાય છે. મનુષ્યજીવનનો માર્ગ આમ અસત્યમાંથી સત્ય પ્રતિ જાય છે; કારણ કે એક વસ્તુનો સ્વીકાર કરતાં તેણે બીજીનો અસ્વીકાર કરવોજ જોઇએ આવો નિયમ છે. એક કલ્પનાનો ઉદય થતાં બીજીનો ત્યાગ થઈ જાય છે, આમ તેઓ દલીલ કરે છે પણ તેમાં વાસ્તવિકતા નથી. અસત્ય, સત્ય પ્રતિ લઇ જાય એ અસંભવિત છે. અસત્ય તો અસત્યજ છે. સત્યજ સત્ય પ્રતિ લઇ જવાને શક્તિવાન છે. જીવાત્મા પોતાના મૂળ રૂપમાંથી એક પ્રવાસીની પેઠે આ સંસારમાર્ગ ઉપરથી પસાર થાય છે. તેને અનેક સ્થળે અટકવાની જરૂર પડે છે. અનેક સ્થળે મુકામ કરવાની જરૂર પડે છે. દરેક સ્થળે થોડો વખત વિશ્રાન્તિ લઇને તે પોતાના પ્રવાસમાં આગળ વધે છે. આ પૈકી એક મુકામ વાસ્તવિક અને અન્ય અવાસ્તવિક માનવામાંજ ભૂલ રહેલી છે. પ્રવાસીને માટે આ સર્વ સ્થાનો ઉપયોગી છે અને તેથી તે સર્વ વાસ્તવિક અને સત્ય છે. મનુષ્ય અસત્યમાંથી સત્ય પ્રતિ નહિ પણ સત્યમાંથી સત્ય પ્રતિ આગળ વધે છે. એક પ્રકારના સત્યમાંથી બીજા પ્રકારના સત્ય તરફ જાય છે એજ ખરી સમજણ છે. દાખલા તરીકે આપણે માનીએ કે કોઈ મનુષ્ય સૂર્ય તરફ પ્રયાણ કરે છે અને જૂદા જૂદા સ્થાનોમાંથી તે સૂર્યના બિંબનો ફોટો લે છે. છેવટ સુધીમાં અનેક ફોટો તેની પાસે એકઠા થાય છે; હવે આ ચિત્રો બધાં સાથે રાખી જો તેની તુલના કરી હોય તો તે એક એકથી ભિન્ન ભિન્ન જણાશે, એક બીજાથી સારા નરસાં પણ જણાશે; તથાપિ આપણે એમ તો નહિ કહી શકીએ કે તેમાંથી અમુકજ ચિત્ર સૂર્યનાં છે અને અમુક નથી. ભિન્ન છતાં તે એકજ વસ્તુનાં હોઇ સત્ય અને સમાન છે. તેમાં દેખાતી અસમાનતા દેશકાળની ભિન્નતાને લીધે છે. એજ પ્રમાણે સત્ય એકજ છે, પણ તે ભિન્ન ભિન્ન દેશ અને સંજોગોને લઈ ભિન્ન ભિન્ન નામ અને રૂપમાં દ્રશ્ય થાય છે. હિન્દુ ધર્મે આ સત્યની સાચી ઓળખાણ કરી લીધી છે અને તેથીજ તે માને છે અને કહે છે કે સર્વ ધર્મોમાં સત્ય રહેલું છે. એક સાધારણ જંગલી લોકના ધર્મના સિદ્ધાન્તથી લઇને તે વેદાન્તના અદ્વૈતસિદ્ધાન્ત પર્યન્ત સર્વ ધર્મો એક હિન્દુને મન સાચા જણાય છે. આ સિદ્ધાન્તને લઇનેજ ધર્મના કારણથી ભિન્ન ધર્મો સાથે વૈર અને ઇર્ષ્યાની ભાવના હિન્દુઓમાં કોઈ પણ વખત ઉત્પન્ન થઇ નથી. આ પૃથ્વીની સપાટી પર જો કોઇ પણ પ્રજા એવી હોય કે જે અન્ય ધર્મો તરફ પણ

માન અને પૂજ્યભાવ રાખી શકે, તો તે માત્ર હિન્દુ પ્રજાજ છે. એક મુસલમાન પીર કે જેની કબરને આજે મુસલમાનો ભૂલી ગયા હોય, ત્યાગ કરી દીધો હોય તેને પણ હિન્દુઓ પૂજતા જણાશે. આવા પ્રકારનાં અનેક ઉદાહરણો અદ્યાપિ પર્યંત ભારતવર્ષમાં મળી શકે છે.

જે એકની શોધમાં, જે ઐક્યને શોધવા આખું જગત ફાંફાં મારે છે, તેને શોધવાની અમારા વિચારકોએ જાણે પ્રતિજ્ઞાજ લીધી હોય, તેમ જ્યાં સુધી તેઓ સર્વ આધારના આધાર રૂપી એક આત્મા છે તેની શોધ કરી શક્યા નહિ ત્યાં સુધી તેઓ જંપ્યા નહોતા. ભૌતિકશાસ્ત્રીઓ આ ઐક્યને અણુ કે પરમાણુ સુધીજ લઇ જાય છે. તેઓ માને છે કે અણુ અને પરમાણુ પરત્વે જગતમાં ઐક્ય છે અને ત્યાંજ તે સંતોષ પામે છે. તેવીજ રીતે “ અનેકધા ભાસમાન થતા જીવાત્માઓ એકજ પરમાત્મામાંથી ઉત્પન્ન થયા છે. ” આવો ઐક્ય અનુભવ કરી ધર્મની સંશોધન વૃત્તિ પણ શાન્ત પામે છે. આ પ્રમાણે ઐક્યનો સિદ્ધાન્ત ફલિત થતાં આપણે સ્પષ્ટ સમજી શકીએ છીએ કે, વિવિધ પ્રકારે અને વિવિધરૂપે ભાસતા આ સર્વ જીવો એકજ પરમાત્માના અંશરૂપ છે. આપણે એ પણ સમજી શકીએ છીએ કે જે ઐક્ય શોધવાને ભૌતિકશાસ્ત્ર માત્ર અણુ પરમાણુના જડસમૂહમાં ફાંફાં મારે છે, તે ઐક્ય ખરી રીતે અધ્યાત્મવિદ્યાજ શોધી શકી છે; કારણ કે અધ્યાત્મવિદ્યાની મદદ સિવાય ભૌતિકતત્ત્વ ઉભું રહી શકવાને અસમર્થ છે. ભૌતિકશાસ્ત્ર માન્ય કરે છે કે અણુ પરમાણુ જડ છે, છતાં બે પરમાણુના સંયોગથી ચૈતન્યની ઉત્પત્તિ થાય છે. અહીં પ્રશ્ન એ થાય છે કે જો ઉભય પરમાણુઓ ‘ જડ ’ જ હોય તો ચૈતન્ય શકિત ક્યાંથી આવી ? કદાચ સંયોગ એ ચૈતન્યનું કારણ હોય પણ જડ પરમાણુના જડ સંયોગથી ચૈતન્ય ઉત્પન્ન થાય એ અસંભવિત છે. જેથી અવશ્ય ચૈતન્ય જેવી કોઇ ત્રીજી વસ્તુ માનવીજ પડશે. ફરી પ્રશ્ન એ થાય છે કે આ બે પરમાણુઓ ત્રીજી ચૈતન્ય શક્તિ સાથે યોગ કેવી રીતે પામે છે ? ક્યા નિયમથી જડ વસ્તુ ચૈતન્યને આકર્ષી શકે છે. આ રીતે જડ પરમાણુઓનો ચૈતન્ય સાથેનો યોગ વદતોવ્યાઘાત જેવો છે. આવીજ અઘટિત ઘટના બહુધા ભૌતિકશાસ્ત્રની દરેક શાખામાં જણાય છે. ભૂમિતિશાસ્ત્ર બિંદુની એવી વ્યાખ્યા કરે છે કે જેને લંબાઇ પહોળાઇ નથી, અર્થાત્ જેની સ્થિતિજ નથી; અને લીટી તે છે કે જેની લંબાઇ છે પણ પહોળાઇ નથી. આ શું બતાવે છે ? જે વસ્તુને લંબાઇ હોય છતાં પહોળાઇ ન હોય કિંવા જે વસ્તુ દૃશ્ય હોય છતાં તેની સ્થિતિ ન હોય; એ વાત શું સત્ય તરીકે સ્વીકારી શકાય તેમ છે ? આ તર્ક ઇંદ્રિયજન્ય તો નથી. ઇંદ્રિયો પોતાના દૈનિક વ્યાપારમાં જે નિયમોથી પરિમિત હોય છે, તેની સાથે આ ભાવના ઐક્ય કરી શકવાને અસમર્થ છે. માત્ર

સમજવાને ખાતર કે એક નિયમ બનાવવાને ખાતરજ આ ભાવના મનોકલ્પિત યોજાએલી છે, એમ સમજાઇ આવશે. આ પ્રમાણે જડ ભૌતિકશાસ્ત્રને પણ મનનો આશ્રય લેવાની જરૂર પડે છે. આ ન્યાયથી હરેક વસ્તુનો વિચાર કરવામાં આવે તો જણાઈ આવે કે તે વસ્તુને આપણે પોતેજ પોતાની અનુકુળતાને ખાતર અમુક સ્વરૂપ આપેલું છે. આપણે આજે એક વસ્તુ એક સ્વરૂપમાં જોઇએ છીએ, પણ કાલેજ જો કોઇ બીજી ઇંદ્રિય પ્રાપ્ત થાય તો તેજ વસ્તુ કોઇ જૂદાજ સ્વરૂપમાં જણાય એ અસ્વભાવિક નથી. દ્રષ્ટાંત તરીકે હમણાં મારી સમક્ષ આ ખુરસી પડેલી છે અને હું તેને તેના વિશિષ્ટ સ્વરૂપમાં જોઉં છું; પણ જો થોડા સમય પછી કોઈ કારણવશાત્ મારી ઇંદ્રિયોમાં કંઇક ન્યૂનાધિકતા થાય તો એજ ખુરસી મને જૂદા રૂપમાં જણાવાનો પૂર્ણ સંભવ છે. આ પ્રમાણે દ્રશ્ય પદાર્થોનું સ્વરૂપ બેરીતે સિદ્ધ થાય છે. એક તેનું અસ્તિત્વ અને બીજુ તેના વિષે આપણી કલ્પના. આ પ્રમાણે કેવળ જડ પદાર્થોના વિચારમાં પણ છેવટ આધ્યાત્મિકતાની મદદ લેવાની જરૂર પડે છે એ આપણે સમજી શકીએ છીએ; અને આપણે ખાત્રીપૂર્વક જોઈ શકીએ છીએ કે પદાર્થવિજ્ઞાનનું અને અધ્યાત્મવિદ્યાનું અંતિમ લક્ષ મૂળમાં એકજ છે.

५--वेदान्तमतनी प्रतिभा अने सुपरिणाम.

(અમેરિકા–બૉસ્ટનની ટ્વેન્ટીએથ સેન્ચરી ક્લબ સન્મુખ આપેલું ભાષણ.)

આજના વિષયનો પ્રારંભ કર્યા પહેલાં મારે આપ સર્વેનો ઉપકાર માનવાની તક જવા દેવી જોઇએ નહિ. હું તમારી વચ્ચે ત્રણ વર્ષ રહ્યો છું. મેં લગભગ આખા અમેરિકામાં પ્રવાસ કર્યો છે, અને હવે જ્યારે મને મારા સ્વદેશમાં પાછા જવાનો સમય પ્રાપ્ત થાય છે ત્યારે તમારા સર્વના માટે મારા અંતઃકરણમાં જે ભાવ અને આદર ભરેલાં છે તે વ્યક્ત કરૂં, એ આ પ્રસંગે મને યોગ્ય જણાય છે. જ્યારે પ્રથમ મેં આ દેશમાં પ્રવેશ કર્યો ત્યારે થોડા દિવસ પછી મને તમારા દેશ સંબંધમાં એક પુસ્તક લખવાની ઇચ્છા થઇ હતી; પણ ત્રણ વર્ષ અત્રે રહ્યા પછી મને એમ જણાય છે કે એ સંબંધમાં હું એક પણ પૃષ્ઠ લખવા શક્તિવાન નથી, ત્યારે પુસ્તકની તો વાતજ શી? જૂદા જૂદા દેશોમાં પ્રવાસ કરવાથી મને અનુભવ થયો છે કે ખાનપાન અને પોષાકાદિના સહજ ભેદ સિવાય, તેમજ રીતભાતમાં રહેલી સાધારણ ભિન્નતાને બાદ કરતાં, સર્વત્ર મનુષ્યની પ્રકૃતિ બહુધા સમાનજ છે. મનુષ્ય તે મનુષ્યજ છે અને એ તેની વિચિત્ર મનુષ્યતા સર્વત્ર જણાઇ આવે છે. છતાં પ્રજાઓમાં કંઇક વિશિષ્ટ સદ્ગુણો પણ હોય છે; અને એવા સદ્ગુણોનો મને તમારા દેશમાં જે અનુભવ થયો છે તે હું થોડાજ શબ્દોમાં જણાવીશ. તમારા આ પ્રતાપી દેશમાં અમુક વ્યક્તિની જાતિ કે બાહ્ય રૂપરંગાદિ ઠાઠ કે આચારવિચાર તરફ જોવામાં આંવતું નથી એમ મને અનુભવથી જણાયું છે. અમુક મનુષ્ય શું ખાય છે, શું પીએ છે, એ પ્રશ્નો તમારી દૃષ્ટિમાં અતિ સાધારણ છે. ગમે તે મનુષ્ય હોય પણ તે સાચો મનુષ્ય હોવો જોઇએ અને તેમ હોય તો તે તમારો પ્રેમપાત્ર થઇ શકે છે, તમારા પ્રેમી હૃદયોમાં સ્થાન લઇ શકે છે. આ બાબતમાં દુનિયાના બીજા કોઇ પણ દેશ સાથે તમારી સરખામણી થાય તેમ નથી.

હું તમારા દેશમાં તમને અમારા વેદાન્તધર્મનું રહસ્ય સમજાવવા આવ્યો

હતો. વેદાન્ત ધર્મ એક અત્યન્ત પ્રાચીન ધર્મ છે. વેદોના નામે પ્રચલિત જગતના આદ્ય સાહિત્યમાંથી આ વેદાન્તધર્મનો ઉદ્ભવ થયો છે. ' વેદાન્ત ' એ વેદશ્રુતિના વિસ્તૃત સાહિત્યરૂપ વૃક્ષનું મહા મનોહર પુષ્પ છે. વેદાન્તમતના કેટલાક વિશિષ્ટ ગુણો છે તે પૈકી પ્રથમ એક એ છે કે, એ મત અમુક વ્યક્તિગત મત નથી. પ્રભુના અમુક અવતારે કે પેગંબરે આવીને અમુક ધર્મ આપ્યો એમ વેદાન્તના સંબંધમાં કહી શકાય તેમ નથી. કેટલાક ધર્મોમાં જેમ તેમના કેન્દ્રભૂતરૂપે અમુક મહાત્મા ધર્મપ્રવર્તક હોય છે, તેમ વેદાન્તમાં નથી. તથાપિ એવા મહાપુરૂષોએ પ્રવર્તાવેલા મતો કે તત્ત્વો વેદાન્તવિરૂદ્ધ છે એમ પણ સમજવાનું નથી હિન્દુસ્તાનમાં પણ પાછલા સમયમાં પ્રવર્તકોએ સ્થાપેલા ધર્મો ઉત્પન્ન થયા છે. બૌદ્ધ ધર્મ અને તે પછી જે જે ધર્મો, સંપ્રદાયો અને પેટા સંપ્રદાયો ઉત્પન્ન થયા છે તે સર્વ એકાદ પ્રવર્તકને આશ્રયે છે. તેજ પ્રમાણે ખ્રિસ્તી અને મુસલમાની ધર્મ પણ એકેક મહાત્માદ્વારા પ્રવૃત્ત થએલા છે. પ્રત્યેક ધર્મમાં એકેક પૂજનીય વ્યક્તિ પ્રવર્તક તરીકે વિદ્યમાન હોય છે, અને તેના તરફનો પૂજ્યભાવ, તેના ઉપદેશ પ્રતિ આદરભાવ એ સંપ્રદાય કે ધર્મનો આત્મા હોય છે. વેદાન્તના સંપ્રદાયમાં તેમ નથી. તેમજ વેદાન્તમત કોઇનો વિરોધી કે દ્વેષી પણ નથી. તેને જગતના કોઇ પણ ધર્મ સાથે દ્વેષજન્ય ભેદ નથી; એટલુંજ નહિ પણ એ સર્વ ધર્મોને ઓછાવત્તા પ્રમાણમાં ઉપયોગી થયો છે.

વેદાન્ત કહે છે કે મનુષ્ય પ્રભુનો અંશ છે. વેદાન્ત માને છે કે આપણી આસપાસ જાગૃત તેમજ સ્વપ્નમાં દેખાતી દરેક નાની મોટી વસ્તુ, વનસ્પતિ કે પ્રાણિજવર્ગ બધું એને લીધેજ દૃષ્ટિગોચર થાય છે. આ તત્ત્વ સર્વ ધર્મોએ એક કે બીજા સ્વરૂપમાં સ્વીકાર્યું છે. મનુષ્યમાં દૃશ્ય થતા સર્વ સદ્ગુણો અને સર્વ સામર્થ્ય આપણી આસપાસ ભરેલા વિશ્વરૂપી ચૈતન્યસાગરનાજ ભાગ હોઇ મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદ નથી. ચૈતન્યસ્વરૂપનો વિચાર કરતાં મનુષ્ય મૂળમાં એકજ છે એમ સમજાય છે. અપાર સમુદ્રમાં જેવી રીતે અનેક સ્થળે નાનાં મોટાં મોજાં પ્રત્યક્ષ થાય છે તે પ્રમાણે મનુષ્ય પણ ચૈતન્યસાગરમાં મોજારૂપ છે. આપણે પ્રત્યેક જણ વસ્તુતઃ એ સાગરના અંશ હોઇને આપણો પુરૂષાર્થ સમુદ્ર સાથેનો પોતાનો સ્વાભાવિક યોગ અનુભવસિદ્ધ કરવાને માટેજ છે. આપણે પ્રત્યેક સચ્ચિદાનંદના અંશરૂપજ છીએ. બહારનો દેખાતો નામાદિ ભેદ ન્યૂનાધિક ઉપાધિને લીધેજ દૃશ્યમાન થાય છે. આ સિદ્ધાન્તને લક્ષમાં રાખી વેદાન્ત કહે છે કે, કોઇ મૂર્ખ હોય કિંવા કોઇના શરીરાદિમાં કંઇ ન્યૂનતા હોય તેથી તેની કિંમત ઓછી ન સમજતાં તેનામાં પણ ચૈતન્યસ્વરૂપ આત્મા છે એ વાત લક્ષમાં લેવાની જરૂર છે. વેદાન્ત કહે છે કે, અમુક વ્યક્તિને ' તું પાપી છે ' એમ કહી તિરસ્કાર ન

કરતાં તેનું ચૈતન્યસ્વરૂપ પૂર્ણપણે પ્રકાશે એવા પ્રયત્નમાં સહાયતા કરવી એજ ધર્મ છે; અને આવો પ્રયત્ન કરવો એજ ધર્મોપદેશકોનું એક આવશ્યકીય કર્તવ્ય છે.

વેદાન્ત શીખવે છે કે સમાજના સર્વ ક્ષેત્રમાં ભિન્ન ભિન્ન જણાઇ આવતી લોકોત્તર બુદ્ધિશક્તિ એ માત્ર મનુષ્યના હૃદયમાં નિવાસ કરતી ચૈતન્યશક્તિનુંજ દૃષ્ટ ફળ છે. તેનું આદિસ્વરૂપ મનુષ્યના મનમાંજ રચાય છે. મનુષ્યનું મન વસ્તુતઃ જ્ઞાનસ્વરૂપ છે. પોતપોતાના ધર્મપ્રવર્તકને ધર્મોપદેશ પરમાત્મા પાસેથી મળ્યો એવી માન્યતા ઇતર ધર્માવલંબીઓ સ્વીકારે છે; પણ વેદાન્તને આ અભિપ્રાય માન્ય નથી; વેદાન્ત માને છે કે મનુષ્યના મનમાં નિવાસ કરતું નિઃસીમ ચૈતન્ય-જ્ઞાનતત્ત્વજ આ મહાત્માઓરૂપે પ્રકટ થયું છે. વેદાન્ત કહે છે કે દરેક મનુષ્ય પોતામાં ભરેલું નિઃસીમ ચૈતન્ય સિદ્ધ કરવા અનેકાનેક પ્રયત્ન કરે છે અને મહાત્માઓ એ આ પ્રયત્નનું દૃષ્ટ ફળ છે. મનુષ્ય પરમાત્માથી ભિન્ન નથી એ તત્ત્વ જેને માન્ય નથી એવા ધર્મો સાથે વાદવિવાદ કરવો એ વેદાન્તને અનુચિત છે; કારણ કે વેદાન્ત શ્રદ્ધાપૂર્વક માને છે કે પ્રત્યેક વ્યક્તિ કે સમાજની પ્રવૃત્તિ જાણ્યે અજાણ્યે પણ એ તત્ત્વને પામવા માટેજ થાય છે. આ તત્ત્વ કદાચ આજે કોઇ નહિ સમજતું હોય તો કાલે અવશ્ય સમજશેજ. વાદવિવાદથી શું લાભ થઇ શકે તેમ છે?

મનુષ્ય પ્રાણી એ એક નાની સરખી ડબીમાં ભરાઇ રહેલી એક સ્થિતિ-સ્થાપક કમાન જેવું છે. યદ્યપિ આ ડબી છેક નાની દેખાય છે તથાપિ તેમાં રહેલી ચૈતન્યરૂપી કમાન અનંત છે અને તે એવી રીતે મૂકાએલી છે કે તેને આ ડબીમાંથી વારંવાર છટકી જવાની ઇચ્છા થાય છે. આ ઇચ્છા અને તજ્જન્ય પ્રવૃત્તિમાંથીજ જગતનો વ્યવહાર નિર્માણ થયો જણાય છે; પરંતુ એ વાત ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે વ્યવહારમાં સર્વત્ર દેખાઇ આવતી સ્વાર્થાન્ધતા, દુષ્ટપણું અને અન્ય દુર્ગુણો એ પ્રવૃત્તિને લઇને નથી. તેમજ વ્યવહારમાં અનેક સ્થળે અને પ્રસંગોમાં જણાતી દુષ્ટતા કાંઇ આ પ્રવૃત્તિનું કાર્ય કે કારણ નથી. એક આર્ય ઋષિએ કહ્યું છે કેઃ—જાણે કે એક પહાડ ઉપર જળનું મોટું કેન્દ્ર છે. આ કેન્દ્રમાંથી નીચેનાં ખેતરોને પાણી આપવા માટે એકજ દ્વાર છે. જળને પસાર થવાનો માર્ગ માટી અને કચરાથી ભરેલો છે. હવે એ દ્વાર ઉઘડતાં જળ ધસારાબંધ પસાર થાય છે; તેથી માર્ગનો કચરો જળમાં ભેળાઇને તે ડોળું થઇ જાય છે, પરંતુ આ ધૂળ કે કચરો તે કાંઇ જળનું કારણ કે કાર્ય નથી. જળમાં તો તે દેશકાળને લઇનેજ મિશ્રિત થયો છે, અને દેશકાળને લઇનેજ દેખાય છે. એ પ્રમાણે મનુષ્યના અંતરમાં રહેલું ઈશ્વરરૂપી જળ સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત કરતાં દુર્ગુણોરૂપી કચરો નાશ પામે છે. આ પરસ્પર વિરુદ્ધ સ્થિતિ અનાદિ છે, એમાં કોઇ કોઇનું કારણ નથી.

આ ભાવના પરત્વે દુનિયામાં પ્રવર્તતા સર્વ ધર્મો અને સંપ્રદાયો પછી તે હિન્દુસ્તાનમાં ઉત્પન્ન થયા હોય કે બીજા દેશોમાં, પણ વેદાન્તમત તેમનો ઉપકારક છે. આ ભાવના સર્વ ધર્મોએ, કોઇએ પૌરાણિક કથારૂપે તો કોઇએ કંઇ તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિથી પણ અવશ્ય સ્વીકારી છે. કોઇ ખાસ વ્યક્તિના ચિત્તમાં આવિર્ભાવ પામી પરમાત્માએ તેને ધર્મ શીખવ્યો અને તે વ્યક્તિદ્વારા ધર્મ પ્રસિદ્ધિને પામ્યો, આવી માન્યતા વેદાન્તને માન્ય નથી. એકજ તત્ત્વ અસંખ્ય માનવીઓના અંતઃકરણમાં વ્યક્ત થઈ એ સર્વના સમવાય, ચિંતનરૂપ એકજ તત્ત્વ, ધર્મ અને ધર્મપ્રવર્તકને નિર્માણ કરે છે; અર્થાત્ કાળ અને સયોગોજ વસ્તુનાં કારણ છે, મનુષ્ય નહિ, આવો વેદાન્તનો અભિપ્રાય છે. તેજ પ્રમાણે પરોપકાર, બીજાનું ભલું કરવાની ઇચ્છા તેમજ નીતિના બીજા સિદ્ધાન્તો પણ મનુષ્ય મનુષ્યની પ્રકૃતિમાં નિવાસ કરતી ઐક્યતાને પ્રભાવે જ ઉદય પામે છે. આ શરીરમાં બોલનાર " હું " માત્ર આ ક્ષુદ્ર શરીરની સાથેજ સંબંધ ધરાવે છે તેમ નથી, પણ તેનું મૂળ અનન્ત ચૈતન્ય સાથે સંબંધ ધરાવે છે. આ તત્ત્વનો અનુભવ કેટલીકવાર સામાન્ય કોટિના મનુષ્યને પણ થઇ શકે છે. બીજાના દુઃખ અને વેદનાને જોઇને જ્યારે આંખમાં અશ્રુ વહે છે, તે સમયે તે મનુષ્યે પોતાને ભૂલી જંઇને પોતાપણું એ દેખાતા દુઃખી પ્રાણીમાં આરોપેલું હોય છે. તે અન્યની સાથે એક થઇ ગયું હોય છે, તે ક્ષણે તે બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજે છે. જો સર્વ મનુષ્યોના મનની એકસુરતા ન થતી હોય કિંવા થવી અશક્ય હોય, તો અન્યને માટે સહાનુભૂતિ કિંવા પરોપકારની ભાવનાનો ઉદ્ભવ પણ અશક્ય થઇ જાય. સહાનુભૂતિ, પરોપકાર અને પ્રેમ એજ સર્વ નૈતિક અંશોના પાયારૂપ છે. સર્વ નૈતિક અંશોનો સાર વેદાન્તના **तत्त्वमसि**—તે તું છે, તારા અને પરમાત્મા વચ્ચે ભેદ નથી એ એકજ ભાવનામાં વેદાન્તનો સમાવેશ થાય છે.

વેદાન્ત દરેક વ્યક્તિને કહે છે કે **तत्त्वमसि**—તે તું છે. તું સર્વ વિશ્વના કારણથી અભિન્ન છે અને તેથી ભાસમાન થતા આ પૃથક્ પૃથક્ આત્મા વાસ્તવિક રીતે તારા પોતાના આત્માથી ભિન્ન નથી. આત્માજ શરીરની બાહ્ય ઉપાધિનું કારણ છે તેથી સર્વ મનુષ્યોનાં શરીરાદિ પણ તારાથી ભિન્ન નથી. તું કોઇને પણ દુઃખી કરવા જતાં પ્રથમ પોતાનેજ દુઃખી કરીશ. તેમજ તું જો બીજાપર પ્રેમ રાખીશ તો પ્રથમ એ પ્રેમાનંદનો અનુભવ તનેજ મળશે. કોઇના દ્વેષનો વિચાર તારા મનમાં ઉદ્ભવ પામતાં તે જેટલો તેને હાનિકારક છે, તેટલોજ તને પોતાને પણ હાનિકારક થશે. બીજાપર કરેલો પ્રેમ તને પ્રેમસ્વરૂપે પાછો મળશે. તું પોતેજ વિશ્વ છે, તું પોતેજ અનંત છે. જો કે હમણાં તું તારી અનંતતા વિસરી ગયો હોય, તને તારા પ્રભુથી દૂર સમજતો હોય; તથાપિ એ

નિસ્સરણ કે દૂરત્વ હમ્મેશાંજ રહેશે એમ નથી. એવો સમય આવશે કે જ્યારે તું તારું પોતાપણું, તારું પૂર્ણ સ્વરૂપ જોઇ શકીશ અને તે વખતે તું એકમાં નથી પણ અનેકમાં છે, અનેકમાંજ નહિ પણ સમસ્ત બ્રહ્માંડ સાથે તું એકજ છે એમ તને પ્રત્યક્ષ જણાશે અને અનુભવ થશે.

વેદાન્તની બીજી એક વિશિષ્ટ ભાવના એ છે કે જગતમાં અનેક ધર્મમાર્ગો પ્રવર્તતા આપણે જોઇએ છીએ, તે બધા ઇષ્ટ હોઈ મનુષ્યોની ઉન્નતિ માટે આવશ્યકીય છે. સર્વ એકજ ધર્મના અનુયાયી થાય એ ઠીક નથી. પોતાના ધર્મમાં રહીને તેના ઉચ્ચતમ તત્ત્વનો અનુભવ કરવાનો પ્રયત્ન કરવો, એજ દરેક વ્યક્તિને માટે હિતાવહ માર્ગ છે. સર્વ એકજ લક્ષ્યબિંદુ તરફ આગળ વધે છે, સર્વ પૂર્ણત્વ પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરે છે. તેમના માર્ગ ભિન્ન હોય તેથી શું હાનિ છે? વેદાન્ત પોતાની કવિતામય ભાષામાં કહે છે કે:—

आकाशात् पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्व देवे नमस्कारः केशवं प्रतिगच्छति ॥

"જેમ જૂદી જૂદી નદીઓ જૂદાં જૂદા સ્થાનોમાંથી નીકળી જૂદે જૂદે માર્ગે વહી છેવટે સાગરને મળે છે, તેવી જ રીતે બધા ધર્મો—સંપ્રદાયો જૂદા જૂદા લક્ષ્ય બિંદુઓમાંથી ઉદ્ભવ પામી સીધે કે આડે માર્ગે થઇને છેવટે ઓ પ્રભુ! તનેજ મળે છે."

આ અત્યંત પ્રાચીન ધર્મમાંથી બૌદ્ધ ધર્મનો ઉદ્ભવ થયો છે. એ ધર્મે પ્રથમવાર પોતાના ઉપદેશકો મોકલી નિદ્રાધીન જગતને જાગૃત થવાનું પુણ્ય કાર્ય કર્યું છે; અને આડકતરી રીતે તેણે ખ્રિસ્તી ધર્મ ઉપર પણ ગ્રીસના વિદ્વાનો અને મધ્યકાળના યૂરોપિય તત્ત્વજ્ઞોદ્વારા અસર કરી છે. છેવટે જર્મનીના વિચારકોપર વેદાન્તની અદ્વિતીય અસર થઈ, તત્ત્વજ્ઞાનની વિચારશ્રેણીમાં એક અદ્ભુત ક્રાન્તિ થવા પામી છે. આ રીતે વેદાન્તમતનો સીધી કે આડકતરી રીતે સમસ્ત જગતમાં પ્રસાર થયો છે; છતાં એ પ્રસાર શાંતિપૂર્વક જરા પણ આડંબર કે દ્વેષની ભાવના વિના થયો છે. રાત્રિને સમયે વનસ્પતિમાં વિહાર કરતી ઝાકળ, જેટલી શાન્તિથી અને નિઃશબ્દતાથી વનસ્પતિનું હિત બજાવે છે, તેટલીજ શાન્તિ અને નિઃશબ્દતાપૂર્વક વેદાન્તના સિદ્ધાન્તોનો પ્રસાર મનુષ્યજાતિના ભલાને માટે જગતમાં થયો છે. અશોક રાજાના સમયના કેટલાક સ્તંભો અને શિલાલેખો ઉપરથી, તે વખતે બૌદ્ધ ધર્મના પ્રસારનું કામ કેવી રીતે થતું હતું તેનું અનુમાન કરી શકાય છે. તે વખતે ઇરાન, ચીન, ગ્રીસ, ઇજીપ્ત ઇત્યાદિ દૂરના દેશોમાં ધર્મોપદેશકો મોકલવામાં આવતા હતા. આ ઘટના ખ્રિસ્તના જન્મ પૂર્વે ત્રણસો વરસની છે; અને તે સમયે પણ બૌદ્ધ ધર્મોપદેશકોને બોધ શીખવવામાં આવતું કે "અનાદર બુદ્ધિથી

બીજા ધર્મોનું અવલોકન કરવું નહિ, સર્વ ધર્મોનું મૂળ એકજ છે. તેમને તમારાથી બને તેટલી મદદ કરો. તમારી જાણમાં હોય તે અવશ્ય તેમને શીખવો, પણ તેમને હાનિ થાય એવું જરા પણ વર્તન રાખશો નહિ. ”

વેદાન્તધર્મના પ્રસારને લીધેજ હિન્દુસ્તાનમાં ધર્મને નામે કે ધર્મને માટે કોઇ વાર પણ યુદ્ધ કે મારામારી થવાના પ્રસંગો ઉપસ્થિત થયા નથી. ઉલટો હિન્દુના મનમાં સર્વ ધર્મોને માટે પૂજ્યભાવ હોય છે. પોતાના દેશમાંથી બહિષ્કાર પામેલા હિબ્રુ લોકોને હિન્દુઓએ આશ્રય આપ્યો છે; અને આજપર્યન્ત પણ તેમના વંશજ મલબાર કિનારાપર રહે છે. ઇરાનની પ્રાચીન પ્રજાને જ્યારે તેમના સ્વદેશનો ધાર્મિક વિપત્તિને લઇ ત્યાગ કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે તેમણે પણ હિન્દુસ્તાનનો આશ્રય શોધ્યો, જે તેમને પ્રેમપૂર્વક આપવામાં આવ્યો છે. અદ્યાપિ પર્યન્ત એમના વંશજ એટલે મુંબઇ ઇલાકાના અમારા પારસી ભાઇઓ પ્રતિ અમે એવોજ પ્રેમ અને મમતા રાખીએ છીએ. સંત ટૉમસ સાથે કેટલાક ખ્રિસ્તીઓ પણ હિન્દુસ્તાનમાં આવ્યા હતા એમ કહેવાય છે. સંત ટૉમસ ખ્રિસ્તના પોતાના શિષ્યો પૈકીના એક હતા. એમને પણ હિન્દુસ્તાને આશ્રય આપ્યો છે અને તેમના વંશજ અદ્યાપિ પર્યન્ત ભારતવર્ષમાં રહે છે. અન્ય ધર્મોને માટેની આદરબુદ્ધિ અત્યાર સુધી હિન્દુસ્તાનમાંથી નાશ પામી નથી; અને તે કોઇ પણ કાળે નાશ થવાનો સંભવ પણ નથી.

વેદાન્તધર્મ આ આદરબુદ્ધિનો આગ્રહપૂર્વક બોધ કરે છે. આપણે જાણ્યે અજાણ્યે પણ આદિ કારણ પરમાત્મા તરફ આગળ વધીએ છીએ અને કદાચ માર્ગ ભિન્ન હોય તોપણ તેને માટે કોઇનો અનાદર કરવાનું શું કારણ છે? કદાચ કોઇ માણસની ગતિ મંદ હોય, તેનો આધ્યાત્મિક અધિકાર નીચેની ભૂમિકાનો હોય, તથાપિ તેને માટે તેનો તિરસ્કાર કરવો, તેને તુચ્છ માનવો એ યોગ્ય નથી. આપણા નેત્ર ઉપરના મોહના પડદાને લીધેજ આપણને આમ ભેદભાવ દેખાય છે. એ પડદો દૂર થતાંજ, આપણું અંતઃકરણરૂપી દર્પણ શુદ્ધ થતાંજ સ્પષ્ટ દેખાય છે કે મનુષ્ય મનુષ્યમાં કંઇ પણ ભેદ નથી. વાસ્તવિક રીતે બધા એકજ છે.

મનુષ્ય જ્યારે વેદાન્તના અનુભવની આ ઉચ્ચતમ દશાને પ્રાપ્ત કરે છે ત્યારે તેને સ્ત્રી અને પુરૂષમાં ભેદ દેખાતો નથી. જાતજાતમાં, રંગમાં કે જન્મના હક્કમાં તેને જરા પણ મહત્તા જેવું દેખાતું નથી. એ સર્વ તેને આભાસરૂપજ પ્રતીત થાય છે. તે આ સર્વ ભેદભાવથી પર અને સર્વના મૂળમાં વ્યાપી રહેલા પરમાત્માનેજ જુએ છે. મનુષ્ય માત્ર તેને પ્રભુસ્વરૂપ જણાય છે, તેને સમસ્ત જગત પોતાનું જણાય છે. આ સ્થિતિજ ખરા વેદાન્તીની સ્થિતિ છે.

* * *

६–आर्य तत्त्वज्ञाननां पगथीयां.

કોઈ પણ ધર્મના પ્રારંભના સમયનો વિચાર કરવામાં આવે તો “ઈશ્વરી પ્રેરણા” કે “ઈશ્વરે આપેલ ગ્રંથ” એવી કોઈ કલ્પનાનો તેમાં અવશ્ય ઉદ્ભવ થયો હોવો જોઇએ. સાધારણ વર્ગના કિંવા જેને આપણે જંગલી કહીએ છીએ તેવા લોકોમાં ધર્મને નામે પ્રવર્તતી ભાવનાઓ સંબંધી આપણે વિશેષ વિચારવાની જરૂર નથી, કારણ કે એવી ભાવનાને તો ધર્મનું નામ આપવું પણ યોગ્ય નથી; પણ જેને વાસ્તવિક રીતે ધર્મની સંજ્ઞા આપી શકાય, એવા ધર્મો તરફ દ્રષ્ટિ કરવામાં આવે તો જણાઇ આવશે કે ઉપર્યુક્ત ભાવનાઓ તેના મૂળ રૂપે હોય છે. આપણને દેખાતા આ વિશાળ વિશ્વનો કોઇ પણ કર્તા હોવો જોઇએ. આ કલ્પના ધર્મની કલ્પનાના પાયા જેવી છે; અને સર્વ ભાવનાઓરૂપી દિવાલો એ પાયા ઉપરજ ચણાઇ છે. તે પછી આત્માની કલ્પના ઉદ્ભવ પામી છે. શરીર જડ છે એવું જણાતાં તેમાં “હું છું” એમ બોલનાર આત્મા જેવું કંઇક ચૈતન્યતત્ત્વ હોવું જોઇએ એમ જણાયું; અને સાથે એવી કલ્પના થઈ કે એ આત્મા શરીરથી ભિન્ન હોવો જોઇએ.

આ ભાવના ધર્મભાવના સાથે સંબંધ ધરાવતી પ્રાચીનમાં પ્રાચીન ભાવના છે. ભારતવર્ષમાં પણ એવી ભાવનાઓ જન્મ પામી હતી, પણ આર્યવિચારકોએ તરતજ તેનો ત્યાગ કર્યો જણાય છે. સાંપ્રત હિન્દુ ધર્મને એ કલ્પનાની સાથે જાણે સંબંધજ ન હોય એટલું બધું પરિવર્તન તેમાં થઇ ગયું છે. સાંપ્રત આર્યધર્મનું સ્વરૂપ કંઈક જૂદાજ પ્રકારનું છે. હિન્દુ ધર્મનું સ્વરૂપ મૂળની ઈશ્વર અને આત્મા વિષયક કલ્પનામાંથી નહિ પણ એ કલ્પનામાંથી ઉપજેલી ઇતર કલ્પનાઓમાંથી યોજાયું છે. સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં પણ પ્રથમ કલ્પના એવીજ છે કે શૂન્યમાંથી પરમેશ્વરે ઉત્પન્ન કરી છે. સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે સર્વ શૂન્ય હતું અને પોતાની ઇચ્છા માત્રથી પરમાત્માએ આ જગત નિર્માણ કર્યું છે. ઉત્પત્તિની આ ભાવના શંકાથી વિમુક્ત રહી શકની નથી. જો આરંભમાં કંઇ પણ ન હોય તો તેમાંથી જગતની ઉત્પત્તિ થાયજ કેમ, એવી શંકા ઉપસ્થિત થાય છે. આજ વેદાન્તમતનો આરંભ કાળ છે. જો આ ‘વિશ્વ છે’ એમ માનીએ તો અવશ્યજ

તેનું કોઇ કારણ હોવું જોઇએ કે જેમાંથી તે ઉદ્‌ભવ પામ્યું હોય. અસત્‌માંથી સત્‌નો, અભાવમાંથી ભાવનો ઉદ્‌ભવ થવો એ અશક્ય છે; એમ આપણે સહજ સમજી શકીએ છીએ. આપણે કંઈ પણ વસ્તુ નિર્માણ કરવાની હોય ત્યારે તેને માટે વિવિધ પ્રકારનાં સાધનો એકત્ર કરવાની પ્રથમ જરૂર પડે છે. એકાદ ઘર બાંધવા કે કોઇ વહાણ બનાવવા પહેલાં તે માટે જોઇતી પત્થર. લોહ, લાકડકામ, ઇત્યાદિ સામગ્રીની તેમજ બાંધવા માટે જોઇતાં હથિયારની પણ જરૂર છે. આ પ્રમાણે કાર્યરૂપ વસ્તુની શરૂઆત પહેલાંજ કારણરૂપ વસ્તુનું અસ્તિત્વ હોવું જોઇએ, એ સિદ્ધાન્ત આપણા અનેક અનુભવોમાં આવે છે. આમ હોવાને લીધે 'જગત શૂન્યમાંથી થયું' એ કલ્પના વિવેકબુદ્ધિની કસોટીપર ચડવાને અશક્ત જણાયાથી તેનો ત્યાગ કરવામાં આવ્યો અને જગત જે કાર્યરૂપ વસ્તુ છે તેના કારણરૂપ વસ્તુ શું હોવી જોઇએ, તે શોધવાનો પ્રયત્ન આગળ ચાલ્યો. જો ધર્મોના ઇતિહાસનો સૂક્ષ્મ અભ્યાસ કરવામાં આવે તો જણાઇ આવે કે, વસ્તુતઃ આ મૂળવસ્તુની શોધના પ્રયત્નમાંજ સર્વ ધર્મો ગુંથાએલા છે. આ જગતને પરમાત્માએ નિર્માણ કર્યું, એ વાત આપણે ઘડીભર માની લઇએ, તોપણ તે શામાંથી ઉત્પન્ન કર્યું, એ પ્રશ્ન તો રહે છેજ. અનેક તત્ત્વશાસ્ત્રીઓએ આ એકજ પ્રશ્નની વારંવાર અને અનેક પ્રકારે ચર્ચા કરી છે. કોઈ એમ માને છે કે સૃષ્ટિ, પરમેશ્વર અને જીવ એ ત્રણે સત્યસ્વરૂપ હોઈ અનાદિ છે. એ પૈકી કોઇની પણ આદિ નથી, સૃષ્ટિ અને જીવ એ બે પરમાત્માને આધીન છે અને માત્ર પરમાત્માનું અસ્તિત્વજ સ્વતંત્ર છે. જે પ્રમાણે જડ પરમાણુનો આધાર પરમાત્માની ઇચ્છા ઉપર છે, એ પ્રમાણે જીવનું અસ્તિત્વ પણ પરમાત્માની ઇચ્છા ઉપરજ આધાર રાખે છે. આ એક પક્ષની માન્યતા છે. આમાં હમણાં આપણે ફક્ત જીવ વિષયનોજ વિચાર કરીએ. આર્યાવર્તમાં જો કે અનેક ધર્મો અને સંપ્રદાયો પ્રચલિત છે, તથાપિ તે સર્વને સાંખ્યદર્શન સમાન રીતે માન્ય છે. સર્વ ધર્મોની ઇમારત સાંખ્યના પાયાપરજ ચણાઇ છે એમ કહીએ તોપણ ખોટું નથી. આપણને કોઇ પણ વસ્તુનો બોધ પ્રથમ બાહ્યેંદ્રિયોદ્વારા થાય છે અને યાર પછી એ વસ્તુબોધ તે તે ઇંદ્રિયોના ગોલક કિંવા અંતરેંદ્રિયો પ્રતિ લઇ જવામાં આવે છે. આ અંતરેંદ્રિય મનને તેની સૂચના કરે છે અને મન તેનો બુદ્ધિ ઉપર સંસ્કાર પાડે છે. આટલી પરંપરા ચાલ્યા પછીજ આપણે કહી શકીએ છીએ કે અમુક વસ્તુનું આપણને જ્ઞાન થયું છે. જે જે ઇંદ્રિયોદ્વારા પદાર્થોનો બોધ થાય છે તે પ્રત્યેક ઇંદ્રિયોનાં ગોલક હોય છે, એ વાત અર્વાચીન શાસ્ત્રોએ પણ માન્ય કરી છે. અર્વાચીન શાસ્ત્રોએ એમ જણાવ્યું છે કે આ ગોલકના બે વિભાગ છે, જેનું પણ સાંખ્યના આંતરેંદ્રિય અને મન એ ઇંદ્રિયો સાથે સામ્ય થવા જાય કે. પણ આ

ઉભયના સંચાલક એવા કોઇ મધ્યવર્તી પદાર્થનું જ્ઞાન અર્વાચીન શાસ્ત્રોને અદ્યાપિ પર્યન્ત થયું નથી. વસ્તુસ્થિતિનો વિચાર કરતાં પ્રથમ ગોલકનું જ્ઞાન થાય એ સ્વાભાવિક છે; પરતુ આ સર્વ ગોલકોનાં સ્થાન ભિન્ન ભિન્ન હોઈ કોઈ પણ એક સ્થળે તેઓ એકત્ર થાય છે; અગર અમુક ગોલક એવું છે કે જેને અનુલક્ષી ઇતર સર્વ ઇંદ્રિયો પોતાનું કાર્ય કરે છે, એમ પણ એ શાસ્ત્રોએ જણાવેલું નથી. આર્ય તત્ત્વજ્ઞાનીઓએ જે તત્ત્વ શોધી કાઢ્યું છે ત્યાં સુધી પહોંચવાનાં સાધનો ભૌતિકશાસ્ત્રકારો અદ્યાપિ પર્યન્ત શોધી શક્યા નથી એ આ ઉપરથી આપણે કબૂલ કરવું પડશે. ઇંદ્રિયોની આ ભિન્ન ભિન્ન શક્તિઓનો કોઇ ચાલક અવશ્ય હોવો જોઇએ, એમ માનવુંજ પડશે. જો તેમ ન હોય તો આ સર્વ શક્તિઓમાં ફાટફૂટ થઇ જાય અને શરીરનો વ્યવહાર અશક્ય થઇ પડે. જો આવો ચાલક આપણા શરીરમાં ન હોય તો અમુકને " અમુક જોઉં છું " " તે અમુક છે " એમ કોણ કહે છે? " આ મિત્ર " " પેલો મનુષ્ય " આમ નિશ્ચય કરનાર કોઇ પણ મધ્યવર્તી ચાલક અવશ્ય હોવો જોઇએ. જો આપણી દરેક અંતરેંદ્રિય સ્વતંત્ર હોય તો એકજ વેળા બે ઇંદ્રિયો કામ કરી શકવાનો સંભવ પણ ન રહે. નેત્રો જોઇ શકે છે, કાન સાંભળી શકે છે, પ્રાણ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે, ઇત્યાદિ સર્વ ક્રિયા એકજ વેળાયે થાય છે. જો દરેક અંતરેંદ્રિય સ્વતંત્ર હોય તો આમ થઇ શકે નહિ. દરેક અંતરેંદ્રિયમાં શક્તિ છે, અને જો એ દરેક ગોલકો કે અંતરેંદ્રિયોની શક્તિઓ ભિન્ન ભિન્ન હોય તો, પ્રથમ દેખાવું, વળી થોડો વખત રહી સંભળાવું વળી સ્પર્શ થવો, આમ અસરો પણ ભિન્ન ભિન્ન થાય, પણ તેમ થતું નથી; તેથી પણ સિદ્ધ થાય છે કે ઇંદ્રિયોની શક્તિઓને નિયમન કરનાર કોઇક મધ્યસ્થ તત્ત્વ હોવું જોઇએ.

આપણું શરીર જડ અને અક્રિય પરમાણુઓનું બનેલું છે. આ સ્થૂલ શરીરની અંદર એક સૂક્ષ્મ શરીર છે એમ વેદાન્તીઓ માને છે. એ સૂક્ષ્મ શરીર પણ જો કે પારદર્શી તત્ત્વોનું બનેલું છે તથાપિ તે પણ જડ છે. તે અત્યન્ત સૂક્ષ્મ (તથાપિ જડ) પરમાણુઓનું બનેલું છે; અને સ્થૂલ શરીર ઘન પરમાણુઓનું રચાએલું છે, એટલોજ આમાં ભેદ છે. આ સૂક્ષ્મ શરીર એટલું બધું સૂક્ષ્મ છે કે તે સૂક્ષ્મદર્શક યંત્રથી દેખાવું પણ અશક્ય છે. ત્યારે તમે પ્રશ્ન કરશો કે એ શરીરનું કાર્ય શું છે? જે પ્રમાણે સ્થૂલ દેહ જડ અને દૃશ્ય શક્તિઓદ્વારા કાર્ય કરી શકે છે, તેમ સૂક્ષ્મ દેહ પણ સૂક્ષ્મ શક્તિઓદ્વારા કાર્ય કરે છે. સ્થૂલ શરીર સ્થૂલ પદાર્થોનું આશ્રય સ્થાન છે, અને સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ તરંગોને આશ્રય આપે છે, જે સૂક્ષ્મ તરંગોને આપણે ' વિચાર ' કહીએ છીએ. સ્થૂલ શરીર જડ પરમાણુઓનું રચાએલું છે અને તેથી તેની શક્તિઓ પણ જડ છે. શક્તિને કાર્ય

કરવાને સ્થૂલ પદાર્થની આવશ્યકતા છે અર્થાત્ શક્તિ પદાર્થાશ્રિત છે. હવે આપણે ઉપર કહી ગયા છીએ કે જેમ સ્થૂલ દેહમાં ઘન જડ પરમાણુઓ હોય છે તેમ સૂક્ષ્મ દેહમાં સૂક્ષ્મ જડ પરમાણુઓ હોય છે; જે શક્તિ સ્થૂલ શરીરમાં સ્થૂલરૂપે પ્રતીત થાય છે તેજ શક્તિ સૂક્ષ્મ શરીરમાં સૂક્ષ્મરૂપમાં જણાય છે; માત્ર સ્થિતિમાં ભેદ છે સ્વભાવમાં નહિ. એકજ વસ્તુ જ્યારે તે સૂક્ષ્મ સ્વરૂપમાં હોય છે ત્યારે આપણે તેને વિચાર કહીએ છીએ અને તેજ વસ્તુને સ્થૂલરૂપમાં આપણે ‘ ક્રિયા ’ કહીએ છીએ. કોઇને મારવો, આમ પ્રથમ મારા મનમાં વિચાર થાય છે, અને તેજ વિચારશક્તિનું સ્થૂલ રૂપાંતર થતાં તે આઘાતરૂપે દૃશ્ય થઇ ક્રિયા બને છે. મૂળ શક્તિ સૂક્ષ્મ સ્થિતિમાં હોય છે તેને આપણે તરંગ કે વિચાર કહીએ છીએ. એજ શક્તિ જ્યારે સ્થૂલ ઇંદ્રિયોદ્વારા દેખાય છે ત્યારે તેને ક્રિયા કહેવાય છે. શક્તિને સ્થૂલ કિંવા સૂક્ષ્મ કાર્યો કરવા માટે સ્થૂલ અથવા સૂક્ષ્મ પદાર્થોનો આશ્રય શોધવો પડે છે; કારણ કે પદાર્થના આશ્રય વિના શક્તિ કાર્ય કરી શકતી નથી. જેમ સ્થૂલ અને સૂક્ષ્મ શરીર ઉભય જડ પરમાણુઓનાં બનેલાં હોઈ તેની સ્થિતિમાંજ ભેદ છે, સ્વભાવમાં ભેદ નથી: તેજ રીતે શક્તિ પણ તેના આશ્રયને લીધે સ્થૂલ અથવા સૂક્ષ્મ દેખાય છે. છતાં સ્વભાવમાં તે એકજ છે. વળી એ બંને શક્તિ અને પદાર્થ, જે પદાર્થનાં બનેલાં છે તે પદાર્થ પણ તેમનાથી ભિન્ન સ્વભાવનો ન હોઇ શકે. તેમાં તફાવત માત્ર એજ છે કે એ પદાર્થનું એક રૂપ અતિ સૂક્ષ્મ હોવાથી સ્થૂલ ઇંદ્રિયગોચર નથી, જ્યારે બીજું ઘટ્ટ હોઇ જોઇ શકાય તેવું ઇંદ્રિયગોચર હોય છે. ગુણધર્મનો વિચાર કરતાં આ ઉભય શરીરોમાં ભેદ નથી; ભેદ માત્ર દૃષ્ટિમાં છે. હવે પ્રશ્ન એ થય છે કે આ ઉભય શરીરોમાં વિચારાત્મક અને ક્રિયાત્મક જે શક્તિઓ પ્રતીત થાય છે તે ક્યાંથી ઉત્પન્ન થઇ? વેદાન્તમત પ્રમાણે સૃષ્ટિમાં એકંદર બે પદાર્થો છે: આકાશ અને પ્રાણ. આ પૈકી આકાશ એક અત્યન્ત સૂક્ષ્મ તત્ત્વ છે (જો કે તેનો સ્વભાવ પણ જડ છે) જે પદાર્થ છે; અને પ્રાણ શક્તિ છે. આપણે જે કંઇ જોઇએ છીએ, સાંભળીએ છીએ અને સ્પર્શ કરીએ છીએ, તે વાયુ, પૃથ્વી આદિ સર્વ પદાર્થો પણ જડ હોઇને આકાશમાંથીજ ઉત્પન્ન થયા છે. ચૈતન્ય જેમ જેમ શક્તિની પ્રેરણા કરે છે તેમ તેમ આકાશ સ્થૂલ કિંવા સૂક્ષ્મ સ્વરૂપો ધારણ કરી સ્થૂલ કિંવા સૂક્ષ્મ સ્વરૂપમાં પ્રતીત થાય છે. આકાશ સર્વવ્યાપી છે. તે ન હોય એવું કોઇ સ્થાન નથી. તેજ પ્રમાણે પ્રાણ પણ સર્વવ્યાપી છે. દાખલા તરીકે આકાશને પાણીની ઉપમા આપીએ તો સર્વ દૃશ્ય પદાર્થોને બરફના નાના મોટા કકડાની ઉપમા આપી શકાય. આકાશરૂપી પાણીમાં તે તરે છે, નાના મોટા થાય છે અને ઓગળી જાય છે. આકાશરૂપી જળમાંથી આ સર્વ નાના મોટા પદાર્થ બનાવનાર

ચૈતન્યશક્તિ છે. તે શક્તિ ન હોય તો જડ આકાશથી બરફ બનાવવાનું કાર્ય થઇ શકે નહિ. સ્થૂલ શરીર આકાશના સ્થૂલ રૂપમાંથી ઉત્પન્ન થાય છે; અને ચૈતન્ય તેમાં બોલવા, બેસવા, ઉઠવા, હીલચાલ કરવારૂપે પ્રતીત થાય છે. તેજ પ્રમાણે સૂક્ષ્મ શરીર પણ આકાશતત્ત્વમાંથી યોજાએલું છે. સૂક્ષ્મ શરીરમાં આકાશતત્ત્વ અત્યન્ત સૂક્ષ્મ સ્વરૂપમાં હોય છે; અને તે સ્થૂલ શરીરમાં ચૈતન્ય સૂક્ષ્મ વિચારશક્તિરૂપે પ્રતીત થાય છે. સ્થૂલ શરીર બાહ્ય છે; સ્થૂલ દૃષ્ટિથી જોઇ શકાય છે, સૂક્ષ્મદેહ તેના અંદર છે; અને એ સૂક્ષ્મ દેહથી જે પર છે તેને આપણે 'જીવ' અથવા 'આત્મા' કહીએ છીએ. તેજ કહે છે કે "હું છું" તેજ ખરો બોલનાર છે. તેજ મધ્યવર્તી અને ચાલક છે. આપણા નખ આપણે વારંવાર કાઢી નાખીએ છતાં તે વધ્યે જાય છે અને જેમ તે આપણા સ્થૂલ દેહના એક અંગરૂપ છે, તેજ પ્રમાણે આ સ્થૂલ દેહ આપણા સૂક્ષ્મ શરીરનું એક અંગ છે. જેમ અનેકવાર આપણે નખ કાપી નાખીએ છતાં તે પુનઃ થાય છે, તેમજ આ સ્થૂલ શરીર પણ અનેક વાર મૃત્યુ પામવા છતાં પુનઃ નવીન રૂપ ધારણ કરે છે. સ્થૂલ દેહના મરણ સાથે સૂક્ષ્મ દેહનું મરણ થતું નથી; તેમજ મનુષ્યને સ્થૂલ અને સૂક્ષ્મ શરીર છે, એમ કહેવાથી તે બંને ભિન્ન છે, અન્યોન્યથી જૂદાં છે, એમ પણ સમજવાનું નથી. સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીરના અણુઅણુમાં ઓતપ્રોત રહેલું છે; તેમજ જીવાત્મા પણ આ ઉભય શરીરોથી ભિન્ન નહિ પણ તે ઉભયના અણુઅણુમાં ઓતપ્રોત વાસ કરી રહેલો છે. આ પ્રમાણે જીવ, સૂક્ષ્મ શરીર અને સ્થૂલ શરીરની ત્રિપુટી સાથેજ રહે છે. આ પૈકી સ્થૂલ દેહ ક્ષણભંગુર હોઇ વારંવાર નાશ પામનારો છે, જ્યારે સૂક્ષ્મ દેહ અતિ દીર્ઘ સમય રહે છે અને જીવાત્મા અમર છે. વેદાન્ત માને છે કે જેમ પરમાત્મા અનાદિ અને અનંત છે તેમ જીવાત્મા પણ અનાદિ અને અનંત છે. આ દૃશ્યસૃષ્ટિ પણ અનાદિ અને અનંત છે, પણ તેના રૂપમાં ફેરફાર થવાનું કાર્ય ચાલુ રહે છે. તે પ્રતિ ક્ષણે બદલાયા કરે છે, તેજ પ્રમાણે જે બે તત્ત્વો આકાશ અને પ્રાણ, કે જેમાંથી આ સૃષ્ટિ ઉત્પન્ન થઇ છે તે પણ યદ્યપિ અનાદિ-અનંત છે, તથાપિ તેમાં પણ ફેરફાર થવાનું કાર્ય પ્રતિ ક્ષણે ચાલુજ છે. પણ જીવાત્મા ઉભય તત્ત્વોથી ભિન્ન છે. તે કેવળ ચૈતન્યસ્વરૂપ છે, તેથી તે અનાદિ અને અનંત છે. જીવાત્મા આકાશ અને પ્રાણના સંયોગનું પરિણામ નથી માટેજ તે અનાદ્યનંત છે. આકાશ અને પ્રાણના સંયોગજન્ય પદાર્થો બદલાય છે અને છેવટે પોતાના કારણમાં લય પામે છે. પદાર્થ માત્ર રૂપાન્તરને પાત્ર છે, આ નિયમ અબાધિત છે. સ્થૂલ શરીર કોઇ પણ કાળે અવશ્ય નાશ પામવાનુંજ; એમાં જરા પણ સંશય નથી. તે પ્રમાણે સૂક્ષ્મ શરીર પણ કાળે કરીને કાળનો ગ્રાસ થવાનુંજ. માત્ર જીવાત્મા જે ચૈતન્ય છે, જે આકાશ અને

પ્રાણતત્ત્વોથી પર (સૂક્ષ્મ-શ્રેષ્ઠ) છે, તેનો કોઇ પણ કાળે, કોઇથી પણ નાશ થવાનો નથી. એજ કારણથી જીવ અજન્મા કહેવાય છે. જે કૈવલ્યરૂપ છે તેનો જન્મ સંભવતો નથી અને તેથી તે મરનાર પણ નથી. જન્મ મરણનો સંભવ તો સૃષ્ટ (કરેલા—બનાવેલા) પદાર્થનેજ હોઇ શકે. કારણ તો નિરાળુંજ છે.

દ્વૈતવાદીઓ કહે છે કે આ સમસ્ત પ્રકૃતિ કે જેમાં અનેકાનેક કોટયવધિ જીવોનો સમાવેશ થાય છે તે એક પરમાત્માના તાબામાં છે. પરમાત્મા સર્વવ્યાપક, સર્વજ્ઞ, નિરાકાર અને સર્વને જાણનાર છે. પ્રકૃતિ તેનું કાર્ય અને તેના પ્રભવ અને પ્રલયના કાર્યમાં પરમાત્મા રાત્રિ દિવસ નિમગ્ન રહે છે. આ પ્રકૃતિપર તેનું સ્વામિત્વ છે. હવે પ્રશ્ન એ થાય છે કે જો પરમાત્માજ આ પ્રકૃતિનો સ્વામી હોય તો જગતમાં આ દુષ્ટતા ક્યાંથી આવી? આપણે આપણી આસપાસ દુઃખ ફેલાયલું જોઇએ છીએ તેનું કારણ શું? આનો ઉત્તર દ્વૈતવાદી એવો આપે છે કે, આમાં ઈશ્વરનો અપરાધ નથી; આપણે પોતેજ આપણા દુઃખના કારણરૂપ છીએ. “જેવું વાવો તેવું લણો” એ ન્યાય છે. પરમાત્માની એવી ઇચ્છા નથી કે મનુષ્યો-પર સંકટો આવે. પૂર્વજન્મનાં કર્મોને અનુસાર તેને આ જન્મ મળ્યો છે. જીવ તો અજન્મા છે. તેને કોઇએ ઉત્પન્ન કર્યો નથી. તે જે કર્મ કરે છે તેનાં સારાં કે માઠાં ફળ તેને ભોગવવાં પડે છે. અનંતકાળથી અનંત પ્રકારના કર્મોનો ભાર તે વહન કરતો આવે છે; અને તે પ્રમાણે તેનો સાંપ્રત જીવનવ્યવહાર યોજાય છે. જો સારાં કર્મ કર્યાં હોય તો તેને સુખ પ્રાપ્ત થાય છે; અને ખોટાં કર્મો (પાપ) કર્યાં હોય તો તેને પરિણામે દુઃખ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે અનંતકાળથી તેનો પ્રવાસ સુખ અને દુઃખના અનુભવરૂપ થઇ ગયો છે.

ત્યારે મૃત્યુ પશ્ચાત્ જીવનું શું થાય છે? વેદાન્તની સર્વ શાખાઓ કબૂલ કરે છે કે જીવ સ્વભાવથી શુદ્ધ છે, પણ અજ્ઞાનથી તેની સ્વચ્છતા, તેનો સ્વભાવ આવૃત્ત થઇ જાય છે. અજ્ઞાનનું પરિણામ કુકર્મો છે અર્થાત્ જીવાત્માની શુદ્ધતા કુકર્મોને લઇને આવૃત્ત થાય છે; તેમજ સત્કર્મોથી તે શુદ્ધ થાય છે, અને શુદ્ધ થતાં તેને પોતાના ખરા સ્વભાવનું જ્ઞાન થાય છે. સ્વભાવથી તે અશુદ્ધ નથી. કોઇ પણ મનુષ્ય મૂળમાં અશુદ્ધ કે અજ્ઞાનાવૃત્ત નથી.

સત્કર્મોના પ્રભાવથી જ્યારે તેનાં સર્વ પાપો, અને અનાચારી કૃત્યો ધોવાઇ જાય છે ત્યારે જીવ પુનઃ શુદ્ધ થાય છે અને શુદ્ધ થઇ તે દેવયાનમાં પ્રવેશ કરે છે. તેની વાણી મનમાં લીન થઈ જાય છે. વાણીની સાથે વિચાર પણ લીન થઇ જાય છે; કારણ કે વાણીના વ્યાપાર વિના વિચારનો વ્યાપાર ચાલી શકતો નથી. વિચારમાં પણ વાણીનો ઉપયોગ થાય છે એ આપણી અનુભવસિદ્ધ વાત છે. વાણી અને વિચારને પોતાની સાથે રાખી મન પ્રાણોમાં સમાઇ જાય છે

અને પ્રાણ જીવમાં લીન થાય છે. આવી સ્થિતિને પ્રાપ્ત કરી જીવાત્મા સ્થૂલશરીરનો શીઘ્રજ ત્યાગ કરી સૂર્યલોકમાં જાય છે. આ સૃષ્ટિમાં અનેક લોકોનો સમાવેશ થાય છે. આ આપણું જગત મૃત્યુલોક છે, તેનાથી પર સૂર્યલોક અને તેનાથી પર ચંદ્રલોક છે. તેનાથી જે પર તેને વિદ્યુત્‌લોક કહે છે. જીવ જ્યારે આ લોક સુધી પહોંચી શકે છે ત્યારે તેને એક પૂર્ણ અને મુક્ત જીવાત્મા ભેટે છે અને તેને અન્ય લોકમાં લઇ જાય છે, જે બ્રહ્મલોક કહેવાય છે. બ્રહ્મલોકમાં જીવાત્મા જન્મ અને મરણના બંધનથી મુક્ત થઇ અનંતકાળ પર્યન્ત રહે છે. તે અનંતકાળ પર્યન્ત આ બ્રહ્મલોકમાં આનંદનો ઉપભોગ કરે છે. સર્વ પ્રકારનાં માનુષી કે દૈવી સામર્થ્યો તેને સિદ્ધ થાય છે. માત્ર સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય તેને પ્રાપ્ત થતું નથી; કારણકે સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કામ પરમાત્માનું છે અને પરમાત્મા એકજ છે. એ શક્તિને જીવાત્મા તેની કોઈ પણ ભૂમિકામાં પ્રાપ્ત કરી શકવા અસમર્થ છે. આ દ્વૈતવાદીઓનો મત છે. તેઓ કહે છે કે, “ કોઈ પણ જીવાત્મા પરમાત્મા થઇ શકતો નથી; ” જે કોઈ એમ કહે છે કે “ હું બ્રહ્મ છું ” તે પાપી છે. જીવાત્માને સર્વ પ્રકારનાં સામર્થ્ય ભલે પ્રાપ્ત થાય, પણ તે પરમાત્માનું ઉત્પત્તિકાર્ય કરવાને અસમર્થ છે. તે જૂદાં જૂદાં શરીરો ધારણ કરી જૂદા જૂદા લોકમાં ચાહે તે કાર્ય કરી શકે છે. તે ચાહે તો પોતાની આજ્ઞાથી સર્વ દેવો અને પોતાના પિતૃઓને પોતાની પાસે બોલાવી શકે છે. તેને એટલી બધી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે કે કોઇ વાર પણ તેને દુઃખનો અનુભવ થતો નથી અને તેની ઇચ્છા પ્રમાણે તે અનંતકાળ સુધી બ્રહ્મલોકમાં સ્વતંત્ર રહે છે. મનુષ્યના આત્માની (જીવાત્માની) આ ઉચ્ચતમ ભૂમિકા છે. જેણે પરમાત્માની પ્રીતિમાં તાદાત્મ્ય પ્રાપ્ત કર્યું છે, જેને કોઇ પણ પ્રકારનો સ્વાર્થ નથી, જે સર્વથા શુદ્ધ છે, વાસનાઓનો જેણે ત્યાગ કર્યો છે અને પ્રભુ અને પ્રભુની ભક્તિ સિવાય જેને કાંઇ કર્તવ્ય કર્મ નથી એવો મનુષ્ય આ ભૂમિકા સુધી પહોંચી શકે છે. આ ભૂમિકા સુધી ન પહોંચ્યા હોય એવા મનુષ્યો પણ હોય છે; જેઓ સત્કર્મ કરે છે, પણ તેના બદલામાં કંઇક ફળની આશા રાખે છે. તેઓ નિર્ધન અને નિરાધારને મદદ કરે છે, પણ બદલામાં સ્વર્ગમાં જવાની ઇચ્છા કરે છે. તેમના મૃત્યુ વખતે વાણી મનમાં પ્રવેશ કરે છે, મન પ્રાણોમાં પ્રવેશ કરે છે, પ્રાણ જીવાત્મામાં સમાઇ જાય છે અને કર્મફળની આશાયુક્ત વિચારવાળો જીવાત્મા ચંદ્રલોકમાં પ્રવેશ કરે છે. જ્યાં તે ઘણો વખત સુખોપભોગ કરે છે. જ્યાં સુધી તેનાં સત્કર્મોનાં ફળ અવશેષ રહે છે ત્યાં સુધી તે ચંદ્રલોકમાં રહી તે સુખ ભોગવે છે; પણ **क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति** । તેના પુણ્યોનો ક્ષય થતાં તે પાછો પોતાની ઇચ્છાઓ અને કર્મો અનુસાર આ લોકમાં શરીર ધારણ કરે છે. ચંદ્રલોકમાં

ગએલા જીવાત્માને અમે દેવની સંજ્ઞા આપીએ છીએ. ખ્રિસ્તી અને મુસલમાન લોકો તેને દેવદૂત કહે છે. હિન્દુઓના પરાણોમાં દેવોનું વર્ણન છે, તેમાં જે નામો છે તે દેવોની અમુક પદ્વીઓનાં છે. ઇન્દ્ર એ નામથી અમુક પદ્વીનો બોધ થાય છે; અને તે પદ્વી પ્રાપ્ત થવામાં આવશ્યકીય કર્મો કરવાથી કોઇ પણ મનુષ્ય ઇન્દ્રની પદ્વી પ્રાપ્ત કરી શકે છે. વેદોમાં દર્શાવેલ અમુક વિશિષ્ટ યજ્ઞયાગાદિ કર્મ કરવાથી મનુષ્ય ઇન્દ્રની પદ્વીને માટે યોગ્ય થાય છે; અને પૂર્વના ઇન્દ્રનાં શુભ કર્મફળોનો ક્ષય થતાં તે મનુષ્યલોકમાં અવતાર ધારણ કરે છે. જેમ આ લોકમાં રાજાની અદલાબદલી થવાનો નિયમ છે તેમ દેવલોકમાં પણ રાજા અને અન્ય પદ્વીના લોકોમાં પણ વારંવાર ફેરફાર થયા કરે છે. ચંદ્રલોકમાં પણ મરણ અને નાશ તો હોય છેજ. ચંદ્રલોકમાં કિંવા સ્વર્ગલોકમાં પણ મૃત્યુ તો બધાને માટે નિમાએલુંજ છે. જ્યાં મૃત્યુ પ્રવેશી શકાતું નથી અને જ્યાં જન્મ પણ નથી, એવો લોક તો માત્ર બ્રહ્મલોકજ છે. દેવલોક અને મૃત્યુલોકના જીવનમાં બહુ મોટો તફાવત નથી, એમ પુરાણોની કથાઓમાંથી જણાય છે. દેવોનો વારંવાર દૈત્યોદ્વારા પરાભવ થાય છે, તથાપિ દેવો સ્થિતિભ્રષ્ટ થતા નથી. દેવ અને દાનવોની કથાઓમાં કોઇ વાર તો દેવોએ દૈત્યો કરતાં પણ દુષ્ટ કાર્યો કરવાના દાખલાઓ મળી આવે છે. તેઓ સ્ત્રીઓને માટે વારંવાર યુદ્ધ કરે છે, રાગદ્વેષમાં સપડાએલા જણાય છે. આમ ત્યાં જઇને પણ માયિક વ્યવહારમાં ફસાએલા એ આત્માઓ પુણ્યનો ક્ષય થતાં "પર્જન્ય" (વૃષ્ટિ) દ્વારા ભૂમિમાં પ્રવેશી અન્નમાં જાય છે; અને તેમાંથી આહારદ્વારા વીર્યમાં અને ગર્ભમાં પ્રવેશીને મૃત્યુલોકમાં અવતરે છે. પોતપોતાનાં કર્મ પ્રમાણે તેઓ હલકી અને પાપ કરનારી જાતિઓમાં પણ અવતાર લે છે અને ત્યાં પાપકર્મો કરી ક્ષુદ્ર પ્રાણીઓ, ખનીજ કે વનસ્પતિના શરીરોમાં પણ પ્રવેશ કરે છે.

દેવયોનિ જો કે મનુષ્યયોનિના પ્રમાણમાં ઉચ્ચ છે, તથાપિ તે માત્ર ભોગયોનિ છે; કર્મયોનિ નથી. કર્મ તો ફક્ત મનુષ્યજ કરી શકે છે. "કર્મ એટલે એવું કાર્ય કે જેનું પરિણામ આ જન્મ કે જન્માન્તરમાં ભોગવવાનું હોય!" સત્કર્મ કરનારો મનુષ્ય શરીર છુટયા પછી દેવયોનિને પ્રાપ્ત થાય છે, ત્યાં તેને અમુક સમયને માટે તેનાં કર્મના ફળ રૂપે સુખોપભોગજ કરવાનો હોય છે. તે સમયમાં તે કર્મ કરી શકતો નથી. જ્યારે સત્કર્મોનો ક્ષય થાય છે ત્યારે દુષ્કર્મોજ બાકી રહે છે, જે તેને જગતમાં ખેંચી લાવે છે. ત્યાં જો તે પુનઃ નિસ્વાર્થી અને પ્રભુપરાયણ રહી સત્કર્મ કરે તો તેને બ્રહ્મલોકના પ્રાપ્તિ થાય છે; પરંતુ દેવયોનિમાંથી બ્રહ્મલોકની પ્રાપ્તિ થવી અશક્ય છે.

મનુષ્યોનિને પ્રાપ્ત થવા અગાઉ જીવાત્માને પશુયોનિમાંથી પસાર થવું

પડે છે. કાળે કરીને ઉન્નતિ પ્રાપ્ત કરતાં કરતાં પશુ મનુષ્યશરીર પ્રાપ્ત કરે છે. આ વાત લક્ષમાં રાખવા સરખી છે કે જેમ જેમ મનુષ્યની વસ્તીની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ પશુઓની વસ્તી ઘટે છે. આનું કારણ પશુઓનો આત્મા ધીરે ધીરે મનુષ્યયોનિમાં પ્રવેશ કરે છે એજ છે. પશુઓની કેટલીક જાતિઓનાં નામ નિશાન પણ નથી રહ્યાં ! તે સઘળી જાતિઓ ક્યાં ગઈ ? તેમનો પ્રવેશ મનુષ્ય શરીરમાં થયો છે.

વેદોમાં કોઇ પણ સ્થળે નરકનું વર્ણન નથી, પણ પુરાણોએ અનેક પ્રકારનાં નરકોનું વર્ણન કર્યું છે. પુરાણકારોને એમ જણાયું છે કે નરકની ભાવના વિના કોઈ પણ ધર્મ સંપૂર્ણ હોઇ શકે નહિ. એ ગ્રંથોમાં એવું વર્ણન છે કે કેટલાંક નરકોમાં મનુષ્યના કટકા કરવામાં આવે છે; કેટલેક ઠેકાણે તેના શરીરને પછાડવામાં આવે છે; પરંતુ ગમે તેટલી યાતના છતાં જીવાત્માનું મરણ થતું નથી. આ યાતના ગમે તેવી અસહ્ય હોય તથાપિ કોઇક વખતે તેમાંથી પણ મુક્તિ તો થાય છેજ, એમ પુરાણોએ જણાવ્યું છે. આ પ્રમાણે દુઃખો ભોગવતાં પાપકર્મોનો ક્ષય થઇ જાય છે; અને ફરી એકવાર શુભ કર્મો કરવાનો અવકાશ મેળવવા જીવાત્મા મનુષ્યરૂપે મૃત્યુલોકમાં જન્મ ધારણ કરે છે. મૃત્યુલોકમાંજ ઉન્નતિકારક અને બ્રહ્મલોકમાં લઈ જઇ શકે એવાં કર્મો થાય છે. આ કર્મભૂમિ અને કર્મયોનિમાંજ ઉન્નતિસાધક કર્મો થઇ શકે છે, આ કર્મભૂમિમાંજ આપણું પ્રારબ્ધ નિર્ણીત થઇ શકે છે. માયારૂપી વિશાળ ચક્રમાં આ આપણો પ્રવાસમાર્ગ છે અને માનવજીવન તેનું મધ્યબિંદુ છે. અહીંથીજ નક્કી થઇ શકે છે કે આપણે કયી દિશામાં જવું ? અને તેથીજ માનવયોનિ દેવયોનિથી પણ ઉચ્ચ મનાએલી છે.

અહીં સુધી આપણે દ્વૈતમતની દ્રષ્ટિથી વસ્તુસ્થિતિનું અવલોકન કર્યું છે. વેદાન્તમત આ અભિપ્રાય વિવેકબુદ્ધિને નથી અનુસરતો એમ કહે છે. વેદાન્ત ઈશ્વરને વિશ્વવ્યાપક માને છે. દ્વૈતવાદીઓ કહે છે કે ઈશ્વર અનન્ત છે, તેમજ જીવ પણ તેનાથી સ્વતંત્ર અને અનંત છે; તેજ રીતે પ્રકૃતિ પણ ભિન્ન અને અનંત છે. આમ ત્રણ તત્ત્વોને ભિન્ન અને અનંત માનતાં બીજાં પણ અનેક તત્ત્વોને અનંત અને પૃથક્ માનવાની જરૂર પડશે; અને તેથી તે યુક્તિસંમત નહિ થાય. આથી વિશ્વ અને વિશ્વકર્તા એકજ છે, વિશ્વના અધિષ્ઠાતા તેનાથી ભિન્ન નથી, એમ માનવું એજ વધારે યોગ્ય થશે. અત્રે એક શંકા થવાનો સંભવ છે. કોઈ પ્રશ્ન કરશે કે ટેબલ, ખુરસી, ચોર, ડુક્કર ઇત્યાદિ સર્વ તમારો પરમાત્મા છે કે ? પરમાત્મામાં દુર્ગુણનો વાસ પણ હોઇ શકે કે ? આપણે તો પરમાત્માને પવિત્ર માનીએ છીએ તો આ સર્વ દુષ્ટતા પણ તેનીજ કે ? આનો ઉત્તર અમે વેદાન્તીઓ એવો આપીએ છીએ કે, જેમ હું આત્મા છું, અને મને શરીર છે,

અને એ શરીર મારાથી ભિન્ન નથી, તથાપિ હું શુદ્ધ આત્મા શરીર પણ નથી; દાખલા તરીકે હું કહું છું કે હું બાળક છું, યુવાન છું, વૃદ્ધ છું, પણ આ બાહ્ય પરિવર્તનની જરા પણ અસર મારા આત્માને થતી નથી. આત્મા તો બાળપણમાં, યુવાનીમાં કે વૃદ્ધાવસ્થામાં એકની એકજ સ્થિતિમાં રહે છે. તેવીજ રીતે આ સમસ્ત વિશ્વ સર્વ જડ ચેતન પદાર્થના સમૂહ અને અસંખ્ય જીવો સહિત પરમાત્માનું શરીર છે. એ આખા શરીરના અણુ અણુમાં તે પ્રભુનો વાસ છે; અને શરીર બદલાતાં એટલે કે શરીરનું મૃત્યુ થતાં પરમાત્માના સ્વરૂપમાં જરા પણ ફેરફાર થતો નથી. જીવ અને સૃષ્ટિનું રૂપાન્તર કે સ્થિત્યન્તર થતાં પરમાત્માના સ્વરૂપમાં જરા પણ ન્યૂનાધિકતા થતી નથી. અત્રે એક વાત સ્પષ્ટ થવાની જરૂર છે. આપણામાં એમ કહેવાની પૃથા પડી ગઈ છે કે સૃષ્ટિમાં સ્થિત્યન્તર કે રૂપાન્તર થાય છે. આનો અર્થ એજ થાય છે કે તે એક સ્વરૂપનો ત્યાગ કરી બીજું ધારણ કરે છે; કોઈ પણ વસ્તુ નાશ પામે છે તેમ નથી, તેમજ તેમાં નિવાસ કરતા આત્માનું રૂપાન્તર થાય છે તેમ પણ નથી. અજ્ઞાનથી આવૃત્ત સ્વરૂપમાં આત્મા સંકુચિત જણાય છે અને જ્ઞાનનો પ્રકાશ પડતાં તે વિસ્તાર પામે છે. આત્માના વિષયમાં કંઇ પણ સ્થિત્યન્તરની ભાવના હોય તો તે આટલીજ છે. દુષ્કર્મોદ્વારા આત્મા અજ્ઞાનથી આવૃત્ત થઇ સંકુચિત થાય છે; અને જે જે કર્મોથી આત્મા સંકુચિત થાય છે તેવાં સર્વ કર્મોનું નામ 'પાપ' છે. જે કર્મોથી આત્મા પ્રકાશિત થાય છે, પૂર્ણ થાય છે, ઉદાર થાય છે, તે સઘળાં પુણ્યકર્મો છે. પ્રારંભમાં સર્વ જીવો સ્વભાવતઃ પવિત્ર હોય છે, પણ પશ્ચાત્ પાપકર્મોના આશ્રયથી તે સંકુચિત અને અનુદાર થવા લાગે છે; પરંતુ સત્કર્મોથી ખરા જ્ઞાનના પ્રભાવથી જીવો પુનઃ પરમાત્મકૃપા સંપાદન કરી પ્રકાશમાન, પવિત્ર અને ઉદાર થઇ શકે છે. દરેકને આમ કરવા સંપૂર્ણ અવકાશ છે અને ઘડાતાં ઘડાતાં, સંસારનો અનુભવ લેતાં લેતાં છેવટે દરેકને સત્કર્મો તરફ વળવું પડે છે. પણ તેથી એમ સમજવાનું નથી કે આ સર્વ જીવો પવિત્ર થઇ જતાં જગતનું કાર્ય અટકી પડશે કે તેનો અંત આવશે. કારણ કે જગત અનાદિ અને અનંત છે, એવી વેદાન્તની ભાવના છે. પ્રથમ આપણે દ્વૈતમતનું નિરીક્ષણ કર્યું, પશ્ચાત્ વિશિષ્ટાદ્વૈતમતનો વિચાર કર્યો. વિશિષ્ટાદ્વૈતવાળા માને છે કે જીવ, પ્રકૃતિ અને પરમાત્મા અનાદિ છે, પણ તે અન્યોઅન્યથી ભિન્ન નથી. જીવ અને પ્રકૃતિ પરમાત્માના શરીરરૂપ છે, અને પરમાત્મા શરીરી (શરીરમાં રહેવાવાળો) છે, છતાં આ ત્રિપુટી એકજ છે. આ મત દ્વૈતમતથી ઉચ્ચ છે, ધર્મભાવનાની ઉચ્ચતર ભૂમિકાને દર્શાવનારો છે. સારાંશ કે દ્વૈતમત પ્રમાણે આ સૃષ્ટિ એક યંત્ર છે અને પરમાત્મા તેના ચાલક છે, વિશિષ્ટાદ્વૈતમત પ્રમાણે પરમાત્મા અને આ સૃષ્ટિ

અન્યોન્યથી ભિન્ન નથી પણ સૃષ્ટિના અણુઅણુમાં પરમાત્માભરપૂર છે.

અદ્વૈતમત એ ઉભય મતોથી પર છે. પરમાત્મા વિશ્વમાં ભરપૂર છે. પરમાત્મા અને વિશ્વ ભિન્ન નથી; એ વિશિષ્ટાદ્વૈતનો સિદ્ધાન્ત અદ્વૈતમતને માન્ય છે; પરંતુ સૃષ્ટિ અને જીવાત્મા એ શરીરી પરમાત્માના શરીરરૂપ હોઇને તેમાં રૂપાન્તર થાય છે, જ્યારે પરમાત્મા નિર્વિકાર અર્થાત્ રૂપાન્તરના ધર્મથી મુક્ત છે, એ વિશિષ્ટાદ્વૈતમતની માન્યતા અદ્વૈતવાદીઓ કબૂલ કરતા નથી. આમાં અદ્વૈતમતવાદીઓ એવી શંકા કરે છે કે જો પરમાત્માજ આ વિશ્વના કારણરૂપ હોય તો કારણ અને કાર્યના સ્વભાવમાં ભેદ કયા કારણથી ઉત્પન્ન થયો ? કારણ અને કાર્ય રૂપરંગમાં ભિન્ન હોઇ શકે, પણ તેઓના સ્વભાવમાં ભિન્નતા સંભવતી નથી. કારણનું કાર્યમાં રૂપાન્તર થાય એજ વસ્તુસ્વભાવ છે. વિશિષ્ટાદ્વૈતમત પ્રમાણે પરમાત્મા અને પ્રકૃતિ વચ્ચે શરીર અને શરીરીનો સંબંધ હોવા છતાં તે અન્યોન્યથી ભિન્ન નથી. જો તેમ હોય તો પરમાત્મા જગતનું કારણ છે; અને કારણજ જો કાર્ય બનતું હોય તો જીવ અને પરમાત્મામાં વિશિષ્ટાદ્વૈતવાદીઓ જે સ્વભાવતઃ ભેદ માને છે તે ભેદ રહી શકશે નહિ. આ ભેદ જો ટળી જાય તો અમારો અદ્વૈતમતજ કહે છે કે 'કાર્ય કારણથી ભિન્ન નથી.' અદ્વૈતમત કહે છે કે સૃષ્ટિ પરમાત્માનું શરીર નથી પણ તેનું દૃશ્ય સ્વરૂપ છે. આમ વસ્તુસ્થિતિ હોય તો તમે, હું અને જડ-ચેતન જગત સર્વ પરમાત્મસ્વરૂપજ છે. મારા હાથમાંનું આ પુસ્તક, મારૂં શરીર, મારૂં મન અને મારો આત્મા સર્વ પરમાત્મસ્વરૂપજ છે. ત્યારે આટલા બધા અસંખ્ય જીવો શા માટે અને આ સર્વ જીવો અન્યોન્યથી ભિન્ન શા માટે ? એક અનંત અને અખંડ પરમાત્માના આટલા બધા ટુકડા થઇ આ જીવો ઉત્પન્ન થયા એ શું યુક્તિસંમત છે ? કે એકજ પરમેશ્વર અનંતરૂપ ધારણ કરે છે ? આવી વસ્તુસ્થિતિનું કારણ શું ? એકજ વિશ્વનિયામકશક્તિના આટલા ટુકડા કેમ થયા અને તે ટુકડા થાય એ શું સંભવિત છે ? વળી પવિત્ર પરમાત્માને આ વિશ્વરૂપ ધારણ કરવાનું શું પ્રયોજન હતું ? જો આજે તે વિશ્વરૂપ છે એમ માન્યું, તો કાલે તે કંઇ ઇતર સ્વરૂપ ધારણ નહિ કરે તેનો શું ભરોસો ? અને જો આ પ્રમાણે તેમાં રૂપાન્તર અને ન્યૂનાધિકતા પણ થાય, તો જેમ ન્યૂનાધિક થયા કરનારા પદાર્થોનો અન્ત આવે છે તેમ તેનો પણ એકવાર અન્ત શા માટે ન આવે ? વળી પરમાત્મા પોતાના સમસ્ત સામર્થ્યથી વિશ્વરૂપ થયા છે કે તેનો અમુક ભાગજ આ વિશ્વસ્વરૂપ છે ? ઇત્યાદિ અનેક પ્રકારની શંકાઓ અદ્વૈતમતવાદી પ્રતિ થાય છે. તેનો ઉત્તર એજ છે કે આ દૃશ્ય વિશ્વ વસ્તુતાએ કંઈજ નથી, પણ માત્ર એક ઇન્દ્રજાલ છે. જેમ ઇન્દ્રજાલમાં અનેક પ્રકારની આકૃતિઓ અને કૃતિઓ દેખાય છે, જેમ સ્વપ્નમાં અનેક પ્રકારના સાપ-

ત્તિક કે વિપત્તિક આભાસો થાય છે, પણ જાગૃતમાં તેમાંનું કશું પણ જણાતું નથી; તેમજ આ વિશ્વમાં અનેક ચિત્રો દેખાય છે, પણ જાગૃત થતાં, જ્ઞાનારૂઢ થતાં તે ભ્રમણા માત્ર ભાસે છે અને તે છેજ નહિ એવું ભાન થાય છે. જીવ જેવો પદાર્થજ કોઇ નથી તો વળી અનંત જીવોની તો વાત જ શું કરવી? તે એકજ "અનંત" સર્વત્ર વિહાર કરે છે. પ્રાતઃકાળે સૂર્યનો પ્રકાશ થતાં વૃક્ષોનાં પત્રોપર પડેલાં હજારો ઝાકળનાં બિંદુઓ નાના નાના હજારો સૂર્યો જેવાં જણાય છે; પરંતુ ખરો સૂર્ય એકજ છે. તેવીજ રીતે હજારો મનમાં હજારોરૂપે દેખાતો પરમાત્મા વાસ્તવિક રીતે એકજ છે. હજારો મન હજારો ઝાકળ બિંદુઓ જેવાં છે અને તેમાં પ્રકાશ પાડનાર પરમાત્મા હજારો સૂર્યો જેવો દેખાય છે, પણ તે ભ્રમથીજ દેખાય છે. સૂર્ય તરફ દ્રષ્ટિ જતાં એમ જણાય છે કે હજારો સૂર્યોની ભાવના ભ્રમણારૂપ છે; તેજ પ્રમાણે આ સસાર પણ ભ્રમણારૂપ છે, પરંતુ જ્ઞાન થયા પછીજ આ સર્વ ભ્રમણારૂપ દેખાય છે, એ વાત ખરી છે; અને એ ન્યાયથી, એ ભ્રમણાથી પર પરમાત્માના અસ્તિત્વની વાત પણ ખરી છે. જેવી રીતે સ્વપ્નમાં આપણે હાથી જોઇએ તેમાં સ્વપ્નગત હાથી જો કે સત્ય નથી પણ હાથીરૂપે દેખાતો કોઇક પદાર્થ છે એજ સત્ય છે; તેજ પ્રમાણે આ સંસાર સત્ય નથી, પણ સંસાર જેવી દેખાતી મૂળ વસ્તુ સત્ય છે. શરીર, મન કે જીવ રૂપે ભ્રમણા કે સ્વપ્નરૂપ છે, પણ "હું છું" એવી ભાવના રૂપે, જ્ઞાન સત્ય હોઈ, સચ્ચિદાનંદથી ભિન્ન નથી. આ સ્વરૂપમાં તું પરમાત્માજ છે. તેંજ આ સમસ્ત વિશ્વ નિર્માણ કર્યું છે અને તુંજ તેનું અધિષ્ઠાન છે. મરણ, જન્મ, સંસાર અને તજ્જન્ય વ્યવહાર એ સર્વ ઇન્દ્રજાલનો ખેલ છે. તું અનંત છે. તારા ચૈતન્યના, આત્માના તેજ પાસે સૂર્ય, ચંદ્ર અને તારાંનું તેજ ઉડતા પતંગીયા સમાન છે. અનાદિ અનન્ત ચૈતન્યનો વિચાર પણ કેટલો વિશાળ છે! તને જન્મ નથી તેમ મરણ પણ નથી. જન્મજ ન હોય ત્યાં મૃત્યુ ક્યાંથી? **न मृत्युर्न शंका न मे जातिभेदः पिता नैव मे नैव माता न जन्म। न बंधुर्न मित्रं गुरुर्नैव शिष्यः चिदानंदरूपः शिवोहं शिवोहम्॥** આ વાક્યો કેટલાં પ્રતિભાસંપન્ન છે! એજ વેદાન્તનું કથન છે. વેદાન્ત સર્વને કહે છે કે તમે માયારચિત પુતળાં નહિ, પણ સર્વને પોતામાં સમાવી શકો એવા ચૈતન્યરૂપ છો. અદ્વૈતમત પ્રમાણે સ્વર્ગલોક, દેવલોક અને બ્રહ્મલોક એ સર્વ સ્વપ્નજ છે. સ્વપ્ન દૂર થઇ જતાં જેમ સ્વપ્નજન્ય સુખ અને દુઃખ બન્ને સરખાં લાગે છે તેવીજ રીતે આ સંસારસ્વપ્નમાંથી જાગૃત થતાં, જ્ઞાનીને બ્રહ્મલોક પણ તૃણસમાન નિર્માલ્ય ભાસે છે. જીવાત્મા આ સંસારની જાળથી મુક્ત થઇ પોતાના સચ્ચિદાનંદ પદમાં આરૂઢ થાય એજ અદ્વૈતમતનું લક્ષ્યસ્થાન છે. આવા આત્મસુખનો જેને અનુભવ થયો

હોય તેને સંસારનાં સુખો શું મોહ ઉપજાવી શકે? આપણે આ ક્ષુદ્ર શરીરમાં સુખ સાધવા મથીએ છીએ, પણ આત્માનંદના સુખનો અનુભવ થતાં જણાય છે કે દેહનાં સુખો એ વાસ્તવિક સુખોજ નથી. આ સમસ્ત વિશ્વ જ્યારે પોતાનું જણાય એવા પોતાપણાનો આનંદ અવર્ણનીય છે. જો એક શરીરવડે પણ સુખ જણાતું હોય તો અનેકાનેક શરીરોવડે તો કેટલું સુખ હોઇ શકે? આ સ્થિતિજ સુખનો અવધિ છે. એજ અદ્વૈતમતના સિદ્ધાન્તનું અંતિમ લક્ષ્ય છે.

વેદાન્તમતનાં ત્રણ પગથીયાં છે અને અદ્વૈત તેમાં છેલ્લું છે. તેનાથી પર જવા મનુષ્યબુદ્ધિ અસમર્થ છે. ઐક્યથી પર જવું અશક્ય છે. સર્વ સૃષ્ટિ કે બ્રહ્માંડના મૂળની ઉપર પછી ક્યાં જવાનું બાકી રહે? એકજ પદાર્થમાંથી આ સર્વ પદાર્થો નિર્માણ થયા છે, થાય છે અને થશે; એમ જાણ્યા પછી વિજ્ઞાનશાસ્ત્રને શોધવાનું શું બાકી રહે? એજ પ્રમાણે વિશ્વમાં ભરપૂર સર્વ ચૈતન્ય આત્માની એકાત્મતા સિદ્ધ થયા પછી તત્ત્વજ્ઞાન આગળ વધીને ક્યાં જઇ શકે તેમ છે?

આ અદ્વૈતતત્ત્વજ્ઞાન સર્વસાધારણ મનુષ્યવર્ગને ગ્રાહ્ય કે ગમ્ય થઈ શકે તેમ નથી. પ્રથમ તો બુદ્ધિજ તેને ગ્રહણ કરી કે સમજી શકે એ કઠિન છે. અત્યન્ત સૂક્ષ્મ અને નિર્ભય વિવેકબુદ્ધિજ તેને ગ્રહણ કરવા સમર્થ થાય છે. વળી સામાન્ય જનસમાજના વ્યવહારપરત્વે પણ તે અગમ્ય છે. વેદાન્તતત્ત્વજ્ઞાન સમજવા અને સફળ કરવા માટે ઉચ્ચ આધ્યાત્મિક અધિકારની જરૂર છે. "સિંહણ કેરૂં દૂધ હોય તે કનકપાત્રમાં ઠરે," એ ન્યાય અહીં પણ લાગુ પડે છે; તેથી પ્રથમ દ્વૈતથીજ શરૂઆત કરવાની જરૂર છે. દ્વૈતમતને સમજવા જેટલી ઝીણવટ બુદ્ધિને પ્રાપ્ત થતાં આપોઆપજ વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાન્તોની સમજણ પડવા લાગે છે. જેમ ધીરે ધીરે અનુભવ અને શિક્ષણ લેતાં એક પ્રજા ઉન્નતિના માર્ગમાં આગળ વધે છે; તેજ પ્રમાણે એક વ્યક્તિ પણ વરસો પર્યન્ત વિચાર કરી કરીને અનુભવના પ્રમાણમાં ઉન્નાત પામે છે. જેમ મનુષ્ય જાતિએ ધીરે પણ મક્કમપણે પ્રગતિમાં અને સંસ્કૃતિમાં આગળ વધવાનું કાર્ય કર્યું છે, તેમજ દરેક વ્યક્તિને પણ કરવું પડે છે. હા, પ્રજાઓ અને મનુષ્ય જાતને જે સ્થાને પહોંચતાં યુગોનો સમય જોઇએ; તે કાર્ય એક વ્યક્તિ જો ચાહે તો પોતાના એકજ આયુષ્યના સમયમાં કરી શકે ખરી. સંસારના અનુભવો આપણને આગળજ ધકેલે છે; જેનો આપણે પ્રતિકાર કરવા અસમર્થ છીએ.

આજે જે મનુષ્ય અદ્વૈતવાદી છે, તે પોતાના જીવનનો વિચાર કરે તો તેને અવશ્ય જણાઇ આવશે કે એકવાર તે પક્કો દ્વૈતવાદી હતો. દ્વૈતની દ્રષ્ટિથી મનુષ્ય જો એમ માને કે હું શરીરરૂપ છું; (અર્થાત્ શરીરથી તેની બુદ્ધિ પર ન ગઇ

હોય) ત્યાં સુધી તેને જગત પણ સત્ય છે; સ્વમરૂપ નથી, એમ માનવુંજ પડશે. જો જગતના એક વિભાગરૂપ શરીરને સત્ય માનો તો સમસ્ત જગતને પણ સત્ય માનવુંજ પડશે; અને જગત જ્યાં સત્ય માન્યું ત્યાં પરમાત્માના સ્વરૂપને પણ સાકર માનવું પડશે; કારણકે જગતનું અસ્તિત્વ છે તો તેના કર્તાનું અસ્તિત્વ પણ હોવુંજ. જોઇએ. આ કર્તાને પરમેશ્વર એવું નામ આપવું પડશે. કાર્યને માનતાં કારણની માન્યતા કબૂલ કરવીજ પડશે. જ્યાં સુધી જગત સત્ય છે, ત્યાં સુધી પરમાત્મા સાકાર છે; અને જગત સ્વપ્ન સમાન જણાતાં, જ્ઞાનથી જગતની ભાવનાજ ઉડી જતાં, પરમાત્માનું સાકાર સ્વરૂપ પણ ઉડી જશે; જગત, જીવ અને પરમાત્માની ભિન્નતા પણ ઉડી જશે. તમે પોતેજ પ્રભુરૂપ થઇ જશો અને આ જગત તમને ઇન્દ્રજાલવત્ દેખાશે. જ્યાં સુધી સ્વપ્ન છે ત્યાં સુધીજ જન્મ છે, મરણ છે, જગત છે અને વ્યવહાર છે; સ્વમ ઉડી જતાં જન્મ પણ નથી, મરણ પણ નથી, જગત પણ નથી અને વ્યવહાર પણ નથી. જેને હમણાં આપણે વિશ્વરૂપે જોઇએ છીએ તેજ આપણને સચ્ચિદાનંદ રૂપે જણાશે અને જે સચ્ચિદાનંદ આપણે આટલો વખત આપણાથી ભિન્ન અને દૂર જોતા હતા; તેજ આપણને સમીપમાં સમીપ, આપણા આંતર મંદિરમા વિરાજમાન દેખાશે.

७--अनुभवनो मार्ग.

(અમેરિકામાં અપાયલું એક વ્યાખ્યાન.)

જ્ઞાનના જિજ્ઞાસુએ પ્રથમ શમ અને દમ એ બે ગુણો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. શમ અને દમ જો કે ભિન્ન ગુણો કહેવામાં આવ્યા છે; તથાપિ તેમનો અભ્યાસ સાથેજ થાય એ શ્રેયસ્કર છે. શમ-દમનો અર્થ એવો થાય છે કે ઇંદ્રિયો અને તજ્જન્ય વિકારોને પોતાના સ્થાનથી બહાર જવા ન દેવા અર્થાત્ વિકારો ઉત્પન્નજ ન થવા દેવા. અત્રે ઇંદ્રિય શબ્દનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર છે. દાખલા તરીકે આપણે નેત્રો લઇએ. નેત્રોથી આપણે વસ્તુ જોઇ શકીએ છીએ અને હું નેત્રથી જોઉં છું એમ આપણે કહીએ છીએ; પણ બહાર દેખાતાં નેત્રો એ ખરી ઇંદ્રિય નથી. એ તો માત્ર સાધનજ છે. અંતસ્થ ગોલક કિંવા ઇંદ્રિયનું તો એ નેત્રો દ્વારજ છે. જો ગોલક ન હોય કિંવા ઇંદ્રિય પોતાના સ્થાનમાં ન હોય, તો આ બહારનાં નેત્રોવડેજ મારાથી જોઈ શકાશે નહિ; તેમજ આ બાહ્ય સાધન અને અંતસ્થ ઇંદ્રિય પોતાને સ્થાને હોય છતાં મનની મદદ તેમને ન મળે તોપણ નેત્રોદ્વારા જે વસ્તુનું જ્ઞાન થાય છે, તે થવું અશક્ય છે. કોઇ વાર આપણું મન કોઇ ગંભીર વિચારમાં ગુંથાએલું હોય ત્યારે કોઈ હાથી જેવો પદાર્થ આપણી દ્રષ્ટિ પાસેથી પસાર થઈ જાય તોપણ આપણે તેને જોઇ શકતા નથી. આવા પ્રકારનો અનુભવ આપણુ દરેકને થાય છે. મનની મદદ અંતસ્થ ઇંદ્રિયને અને અંતસ્થ ઇંદ્રિયની મદદ બાહ્ય ગોલકને મળે ત્યારેજ આપણે જોવાની અને જોઇને વસ્તુજ્ઞાન પ્રાપ્ત કરવાની ક્રિયા કરી શકીએ છીએ. આ પ્રમાણે આપણી દરેક ક્રિયાના સંબંધમાં સમજી લેવાનું છે. પ્રત્યેક ક્રિયામાં આ ત્રણેની મદદ આવશ્યકીય છે; અને તે મદદ એ ત્રણે પોતપોતાના સ્થાનમાં હોય તોજ કરી શકે છે. તેમાં પણ કંઇક વિશેષ વિચાર કરીએ તો મન ચલાવનાર છે અને ઇંદ્રિય તથા ગોલક ચાલનાર છે. મન એ સાધનોદ્વારા કાર્ય કરે

છે. આ સાધનો પૈકી એક બાહ્ય છે અને એક અંતસ્થ છે. મન કોઈ વાર એ બાહ્ય ઇંદ્રિયમાં પ્રવેશી બાહ્ય વસ્તુ જોઇ તેમાં તદાકાર થઇ તે વસ્તુમય થઇ જાય છે; અને પુનઃ પ્રસંગવશાત્ એ વસ્તુ પરથી ખસી જતાં અર્થાત્ બાહ્ય ઇંદ્રિયની ક્રિયા બંધ થતાં, અંતસ્થ ઇંદ્રિયમાં ભળી જઇ તે વસ્તુ સંબંધી વિચારમાં તદાકાર થાય છે. બાહ્ય વસ્તુ તરફ જવાનાં સાધનો ન હોય ત્યારે તે અંતસ્થ ઇંદ્રિયોદ્વારા વિહાર કરે છે, અને કદાચ બાહ્ય વસ્તુનું સ્મરણ ન હોય તો પછી કલ્પનાવડેજ વસ્તુઓ યોજી લઇને તે પોતાની ક્રિયા નિરન્તર ચાલુજ રાખે છે. આ પ્રમાણે આપણે સમજી શકીએ તેમ છે કે મન એક નિરન્તર કાર્ય કરનારી શક્તિ છે. હું અમુક વસ્તુને જોતાં તે સંબંધી વિચાર કરતો હોઉં ત્યારે અંતસ્થ ઇંદ્રિય અને બાહ્ય ગોલક ઉભય સાધનો કાર્યમાં ગુંથાએલાં હોય છે; પરંતુ જોવાનું બંધ કરી વિચાર કરતાં તો માત્ર અંતસ્થ ઇંદ્રિયજ કામમાં હોય છે. અંતસ્થ ઇંદ્રિયનું કાર્ય બાહ્ય ઇંદ્રિય કિંવા ગોલકદ્વારા જોએલી વસ્તુના રૂપ, રંગ, આકાર સંબંધે વિચાર કરવાનું સાધન મનને પૂરૂં પાડવાનું છે. જો અંતસ્થ ઇંદ્રિય ક્રિયારહિત થાય તો પછી વિચારને અવકાશજ નથી રહેતો. અમુક વસ્તુ સંબંધી વિચાર કરવો હોય તો પ્રથમ તે વસ્તુનું ચિત્ર મન પાસે ખડું કરવું પડે છે, તે સિવાય વિચાર થઇ શકતોજ નથી. ચક્ષુમાં કોઇ ને કોઇ પ્રકારનું ચિત્ર આલેખેલું હોવુંજ જોઇએ; તેમ ન હોય તો મનને તે સાધન આપી શકશે નહિ અને સાધન વિના મન વિચાર કરવાને અસમર્થ રહેશે. આપણે અંધ મનુષ્યોને વિચાર કરતા જોઇએ છીએ તેમાં પણ શ્રવણદ્વારા તેમણે કોઇ ને કોઇ પ્રકારની કલ્પના યોજેલીજ હોય છે. સર્વ ઇંદ્રિયોમાં નેત્રો અને કાન અત્યન્ત ચપળ છે, તેજ પ્રમાણે એ સાધનોના ગોલક પણ બહુજ ચપળ છે. આપણે ઉપર જોઇ ગયા છીએ કે સાધન, ઇંદ્રિય અને મન એ ત્રણેનો અન્યોન્ય સાથે સંબંધ છે; અને એક વિના બીજું કંઇ પણ કાર્ય કરી શકવાને અસમર્થ છે. કાન, નેત્ર કે ત્વચા આદિ ઇંદ્રિય હોવા છતાં પણ જો ગોલકનો નાશ કરવામાં આવે તો એ ઇંદ્રિયો ક્રિયાશૂન્ય થઇ જશે; અને મન જો અનિયમિત કે ઉચ્છૃંખલ હોય તો ઇંદ્રિય અને ગોલક ઉભયને તે ક્રિયાભ્રષ્ટ કરી શકશે. આ પ્રમાણે મનને નિયમમાં રાખવા માટે અને મનની ક્રિયા યોગ્ય માર્ગે વાળવા આપણે પ્રથમ બાહ્ય સાધન અને અંતસ્થ ઇંદ્રિયને નિયમમાં રાખવાની જરૂર છે. મનને અંતસ્થ ઇંદ્રિયોના વિષયમાં, ઇંદ્રિય કે બાહ્ય ગોલકોથી દેખાતા પદાર્થોમાં ભટકવા ન દેતાં, અંતસ્થ ઇંદ્રિયોને પોતાના સ્થાનમાંજ રાખવી એને શમ કહે છે; અને બાહ્ય ગોલકોને નિયમમાં રાખવાં તેને દમ કહેવામાં આવે છે. જ્ઞાનમંદિરમાં પ્રવેશવા માટેનાં આ બંને સાધનોને પ્રથમ પગથીયું કહે છે.

બીજું પગથીયું તિતિક્ષા છે. એમ કહેવાય છે કે બ્રહ્મજ્ઞાનનો માર્ગ કઠિન

છે અને તે સત્યજ છે. તિતિક્ષાનો સદ્‌ગુણ પ્રાપ્ત કરવો એ એક અત્યન્ત કઠિન વાત છે. તિતિક્ષા એટલે ક્ષમા અથવા સહનશીલતા છે. ક્ષમાનું નિઃસીમ સામર્થ્ય પ્રાપ્ત કરવું એ તિતિક્ષા છે. આ તત્ત્વ કષ્ટસાધ્ય છે એમ અભ્યાસ શરૂ કર્યા પછીજ આપણને સમજાય છે. કોઈ પણ મનુષ્ય આપણું ગમે તેટલું બુરૂં કરે તથાપિ તેના પ્રતિ જરા પણ ક્રોધ ન કરવો એ ક્ષમાવૃત્તિનો પ્રકાર છે. અમુક માણસ મારી નિન્દા કરે અને અપશબ્દો કહે તોપણ બહારથી કદાચ હું તેનો પ્રતિકાર કે તિરસ્કાર ન કરૂં; એટલુંજ નહિ પરન્તુ મનમાં પણ તેના પ્રતિ જરા પણ ક્રોધ કે તિરસ્કારનો ભાવ ન થાય; તેને માટે મને જરા અભાવનો વિચાર ન થાય; એ કાર્ય કેટલું કઠિન છે ! જો મારા મનમાં જરા પણ અભાવ કે તિરસ્કારભાવ થાય તો તિતિક્ષાના ધર્મથી હું દૂર થાઉં છું. મને એ સંબંધે જરા વિચાર પણ ન થવો જોઇએ, જાણે કંઇ થયુંજ ન હોય એવી મારા મનની સ્થિતિ રહેવી જોઇએ. મનની આવી સ્થિતિ તેજ ક્ષમાવૃત્તિની પૂર્ણ સ્થિતિ છે. મને ગમે તેવું દુઃખ થાય, ગમે તેવાં સંકટો કે મહાન આપત્તિઓનો હું ભોગ થયો હોઉં છતાં એ દુઃખ, સંકટો કે આપત્તિઓને દૂર કરવાનો કે તેનાથી દૂર નાસવાનો વિચાર પણ ન થવો એજ સંપૂર્ણ તિતિક્ષા છે. સમજો કે અમુક બાબતનો પ્રતિકાર ન કરવાથી મારા ઉપર કંઈ મહાન આપત્તિ આવી પડે; તથાપિ તે આપત્તિના વખતમાં પણ અમુક બાબતનો પ્રતિકાર ન કરવાથી મારા ઉપર આ આપત્તિ આવી એવો વિચાર માત્ર પણ થવો જોઇએ નહિ. મનની જ્યારે આવી સ્થિતિ થાય ત્યારેજ તે મનુષ્ય તિતિક્ષામાં સ્થિત થયો કહેવાય છે. રાગ અને દ્વેષ ઉભયથી મુક્ત થઇ મન પરમ શાન્તિમાં વિરામ પામે એજ તિતિક્ષા છે. તિતિક્ષાનો અભ્યાસ કરવા હિન્દુસ્તાનના લોકો જે કેટલીક ક્રિયાઓ કરે છે તે સાંભળી તમે આશ્ચર્ય પામશો. મન જરા પણ ચલિત ન થાય, મનમાં જરા પણ અશાન્તિ ન થાય, તેવો મનને નિયમમાં રાખવાનો અભ્યાસ કરવા સૂર્ય અને અગ્નિનો પ્રચંડ તાપ સહન કરવાના પ્રયોગ કરે છે. અત્યન્ત ઠંડી તેઓ જરા પણ દરકાર કર્યા વિના સહન કરે છે. શરીરને માટે તેઓ વધારે ને વધારે બેદરકાર થતાં શીખે છે. જાણે શરીર પોતાનાથી કોઇ ભિન્ન પદાર્થ હોય, તેનું ગમે તેમ થાઓ એવા અભ્યાસમાં તેઓ પોતાના આત્માને સ્થિત રાખે છે.

તિતિક્ષા પછીનું ત્રીજું પગથીયું ઉપરતિ છે. ઉપરતિનો અર્થ એવો થાય છે કે ઇંદ્રિયજન્ય વ્યવહારનો વિચાર ન કરવો. આપણા સમયનો ઘણો ભાગ ઇંદ્રિયજન્ય પદાર્થોના વિચારમાં વ્યતીત થાય છે. આપણે અમુક વસ્તુ જોઇ છે: અમુક જોવાની છે; અમુક વાત સાંભળી છે: અમુક સાંભળવાની છે; અમુક પદાર્થનો સ્વાદ લીધો છે; અમુકનો સ્વાદ લેવા યોગ્ય છે; અમુક સ્થળ સુંદર રહેવા યોગ્ય

છે; અમુકમાં રહીશું; વગેરે વ્યવહાર સર્વ ઇંદ્રિયજન્ય છે અને તત્સંબંધી વાતો કરવામાં અને વિચારવામાંજ આપણો ઘણો વખત વ્યતીત થાય છે. આ પણ એક ટેવ છે અને એક ખરા વેદાન્તીએ આ ટેવનો પણ ત્યાગ કરવો જોઇએ.

ઉપરતિ પછીનું ચોથું પગથીયું શ્રદ્ધા કિંવા વિશ્વાસ છે. પરમેશ્વર અને ધર્મ ઉપર અચલ અને અત્યન્ત શ્રદ્ધા હોય તોજ જ્ઞાનના માર્ગમાં વિચરવા સમર્થ થઇ શકાય છે. શ્રદ્ધા વિના કોઇ મનુષ્ય કોઈ પણ ઉપાયે જ્ઞાની થઇ શકતો નથી. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કેઃ-**श्रद्धावांल्लभते ज्ञानम्** । વાસ્તવિકરીતે જોઇએ તો કરોડો મનુષ્યો પૈકિ કોઇકનેજ પરમેશ્વરમાં ખરો વિશ્વાસ હોય છે. આમ કોઇ સાધુ મહાત્માએ મને કહ્યું ત્યારે મેં તેમને પૂછયું કે;-" આમ કેમ મહારાજ? પરમેશ્વરમાં અમારો સંપૂર્ણ વિશ્વાસ છે એમ કહેનારા તો ઘણા લોકો છે." મહારાજ બોલ્યાઃ " માનો કે એક કોટડીમાં કોઇ ચોર બેઠો છે અને તેની બાજુનીજ કોટડીમાં દ્રવ્યનો અખૂટ ભંડાર છે. આ ઉભય કોટડીઓ વચ્ચે એક સહજ તૂટી જાય એવી દિવાલ છે એમ તે ચોર જાણે છે. હવે વિચાર કે તે ચોરની શું સ્થિતિ થશે?"

મેં જવાબ આપ્યોઃ " તેના વિચારો એ ભંડારમય થઇ જશે. તેને બીજો કોઇ પણ વિચાર નહિ આવે ત્યારે નિદ્રાની તો વાતજ શી કરવી? કેવી રીતે, કયા ઉપાયોથી એ ધન મારી પાસે આવે એજ તેના વિચારનો વિષય રહેશે." ત્યારે તે સાધુ બોલ્યાઃ " શું તું એમ સમજે છે કે પરમેશ્વરને શ્રદ્ધાથી જાણનાર મનુષ્ય તેને પામવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકે? જો મનુષ્ય એમ માને કે તેની સમીપજ, તેના અંતરમાંજ અનન્ત સુખ અને પરમાનંદનું કેન્દ્ર સ્થાન છે, અને તે પ્રાપ્ત કરી શકાય તેમ છે, એ પણ તે જાણે તો તેને મેળવ્યાવિના તે શાન્ત રહી શકે એ શું સ્વાભાવિક છે? પ્રભુમાં દૃઢ વિશ્વાસ અને તેને પ્રાપ્ત કરવા માટે અતૃપ્ત આગ્રહ, એજ શ્રદ્ધાનું લક્ષ્ય છે.

શ્રદ્ધા પછીની પાયરી સમાધાન છે. સમાધાનનો અર્થ એવો થાય છે કે સદા સર્વદા આપણા મનને પરમાત્મામાં અને પરમાત્માના પ્રેમમાં લીન રાખવું. તેને ક્ષણભર પણ મલિન ન થવા દેવું. કદાચ અત્યન્ત સુખનો પ્રસંગ ઉપસ્થિત થાય તોપણ મન તો ત્યાંજ રહે અને મહાન દુઃખ વખતે પણ ત્યાંથી દૂર ન થાય એ સમાધાનનું લક્ષણ છે. ધર્મનો માર્ગ કઠિન છે. તે એકાદ દિવસમાં સાધ્ય થઇ જાય એવો સરળ નથી. ધર્મ કંઇ ઔષધની ગોળી નથી કે જે ક્ષણભરમાં ગળી જવાય. અતૃપ્ત શ્રદ્ધા અને અથાગ શ્રમ કર્યાથીજ તે પ્રાપ્ત કરી શકાય છે. મન અત્યંત ચંચળ છે. તેની ચંચળતાના વેગનું માપ થવું પણ મુશ્કેલ છે. તેને સહજમાં વશ કરી શકાય તેમ નથી, તથાપિ પ્રયત્નથી તે સાધી શકાય છે. શ્રી

કૃષ્ણ ભગવાન કહે છે કેઃ—'**असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् । अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥** હે મહાબાહો! મન ચંચળ છે, તેનો નિગ્રહ કરવો કઠિન છે; તથાપિ વારંવાર તેને ખેંચી ખેંચીને પરમાત્મામાં સ્થિત કરવારૂપી અભ્યાસ અને સાંસારિક માયામાં વૈરાગ્યવૃત્તિ રાખવાથી તેને જીતી શકાય છે.

સમાધાન પછીની પાયરી મુમુક્ષુત્વ છે. મુમુક્ષુત્વ એટલે મુક્ત થવાની ઇચ્છા. તમારા પૈકી જેમણે સર એડવીન આર્નલ્ડ કૃત લાઈટ ઑફ એશિયા (બુદ્ધ ચરિત્ર) વાંચ્યું હશે, તેમને બુદ્ધના પ્રથમ ઉપદેશમાંનો એક ભાગ લક્ષ્યમાં હશે. બુદ્ધ કહે છેઃ "તમેજ તમારા શત્રુ થઇને પોતેજ પોતાનું દુઃખ ઉપજાવી લ્યો છો. તમે જન્મ ધારણ કરો અને મરણને શરણ થાઓ એ તમારી પોતાનીજ કૃતિનું પરિણામ છે. બીજા કોઇની પણ તમારાપર સત્તા નથી. સંસારચક્રમાં ભમ્યા કરવું, પળવાર સુખ જોઇ ફુલાઇ જવું ને પળવાર દુઃખ જોઇ રડવું કે દુઃખી થવું એ સર્વ તમારાંજ કર્મનું ફળ છે. આટલી ધમાલ અને દોડાદોડમાં પણ પરિણામે તો એ વિના બીજું કંઇજ દેખાતું નથી."

આપણાપર જે જે દુઃખ અને આપત્તિઓ આવી પડે છે તે આપણી પોતાનીજ ઇચ્છાથી વ્હોરી લીધેલી છે. આવી ઇચ્છાઓનું સેવન કરતાં કરતાં આપણો સ્વભાવજ એવો થઇ ગયો છે કે એ ઇચ્છાઓજ જાણે આપણું જીવન હોય એમ આપણે માનીએ છીએ. એક ચીનના કેદીને સાઠ વર્ષ પર્યન્ત જેલખાનામાં રાખવામાં આવ્યો હતો. નવો રાજા ગાદીપર આવતાં કેટલાક કેદીઓને છૂટા કરવામાં આવ્યા તેમાં તેને પણ છૂટો કરવામાં આવ્યો. કેદખાનામાંથી છૂટો થતાંજ તે બોલી ઉઠ્યો કે;—"મારાથી આ જગતમાં કેવી રીતે રહી શકાશે? આ પ્રકાશ મારાથી કેમ સહન થઈ શકશે? મને ફરી મારી અંધારી કોટડીમાં ઉંદરો અને છુંદરડીઓ વચ્ચે જવા દો! અહીં મારાથી રહેવાનું શી રીતે બની શકે?" અને જ્યારે તેની કોટડીમાં તેને પાછો મોકલવામાં આવ્યો ત્યારેજ તે શાન્ત થયો. આપણી સર્વ મનુષ્યોની સ્થિતિ પણ આવીજ છે. દુઃખ, ઇચ્છા, રાગ, દ્વેષ અને તજ્જન્ય કલહાદિનો આપણને અભ્યાસ પડી ગયો છે; અને એ અભ્યાસ એટલો દૃઢ થઈ ગયો છે કે તેનાથી છૂટા થવું આપણને મુશ્કેલ જણાય છે. માયિક બંધનમાં આપણે એવા તો સજ્જડ જકડાઇ ગયા છીએ કે તેમાંથી છૂટાતું હશે કે કેમ એ પણ આપણને સંશયાત્મક લાગે છે. સુખ, સુખ ને સુખનેજ શોધતાં, તેને માટે આમતેમ ફાંફાં મારતાંજ; ફલાણી વસ્તુ પ્રાપ્ત થતાં આનંદ થશે; આ સ્થિતિને પહોંચતાં સુખ થશે; આ પદવી કે કીર્તિના ઉપભોગથી આપણે કૃતકૃત્ય થઇશું; આવી આવી ઇચ્છાઓને વશ થઈ આપણે સુખની પાછળ દોડીએ છીએ;

પણ સમય આવતાં, આપણી ઇચ્છાઓનું લક્ષ્ય પાસે આવી પહોંચતાં, એ સુખ, આનંદ કે કૃતકૃત્યતા આપણા હાથમાંથી લપસી જતી જણાય છે અને આપણે જેવા ને તેવાજ રહીએ છીએ; છતાં એ દિવાની આશા આપણને ઝાંઝવાના જળ તરફ દોડવાનીજ પ્રેરણા કરે છે! આપણે નિશામાં ઘેરાએલા મૂર્ખ મનુષ્યોની માફક રખડવામાંજ જીવન સાફલ્ય માનીએ છીએ!

હિન્દુસ્તાનમાં તેલ પીલવાની ઘાણીઓમાં બળદ જોડવામાં આવે છે. એ બળદની ખાંધ ઉપર ઝુસરી રાખવામાં આવે છે. બળદ ઝડપથી ચાલે તેટલા માટે એ ઝુસરીની આગલી બાજુએ ઘાસ બાંધી રાખવામાં આવે છે. આ ઘાસ બળદની દૃષ્ટિથી વહેંતેક દૂર હોય છે તેથી તે ખાઇ શકતો નથી; પણ તેને જોઇને ખાવાની લાલચમાં ને લાલચમાં બળદ ઝડપથી ચાલે છે અને આથી ઘાણીવાળાને લાભ થાય છે. આપણી મનુષ્યોની સ્થિતિ પણ એવીજ છે. ઇંદ્રિયજન્ય સુખોના ગુલામ બની આપણે અનંતકાળથી કનક અને કામિની, ધન અને કીર્તિને માટે દોડી રહ્યા છીએ. અનંત જન્મો ધરી આપણે એજ સુખની પાછળ ફરતા ફરી ત્યાં ને ત્યાંજ રખડીએ છીએ. સુખ અને આપણી વચ્ચે એટલું ને એટલુંજ છેટું છે. પ્રેમ અને સુખને નામે ભ્રમિત થઇ આપણે ભવાટવીમાં ભટકીએ છીએ. પ્રેમને નામે પુત્રપૌત્રાદિપર આપણે મોહ રાખીએ છીએ; અને તે પ્રેમને નામે પુનઃ તેમના તરફથી પ્રેમની આશા રાખીએ છીએ. આ પ્રમાણે મોહને પ્રેમ કે સુખ માની આપણે ગાંડા કે ઠગાએલા મનુષ્યની પેઠે ભટકયા કરીએ છીએ; પણ જેમ જેમ આપણી ઝડપ વધતી જાય છે તેમ તેમ સુખની ગતિ પણ ઉતાવળી થતી જાય છે અને છેવટે આપણે તો ત્યાંના ત્યાંજ હોઇએ છીએ.

આપણે એમ ઇચ્છીએ છીએ કે આપણે હમ્મેશાં સુખેજ રહીએ અને દુઃખ આપણાથી દૂર રહે; આવી ઇચ્છામાં આપણે રાત્રિ દિવસ ભટકયા કરીએ છીએ. અહીં સુખ હશે એમ જણાતાં તરત આપણે ત્યાં દોડી જઇએ છીએ, પણ ત્યાં જતાં તો આપણે માત્ર દુઃખના કાંટાનોજ અનુભવ કરીએ છીએ. અનંતકાળથી આ જગત એજ રીતે ચાલતું આવ્યું છે. આપણે આપણા જીવનના એકે એક પ્રસંગનો વિચાર કરીએ તો સુખનું માત્ર સ્વપ્નજ જણાશે અને આ સ્વપ્ન જેવા સુખને માટે આપણે શું શું નથી કર્યું ? આપણા પ્રયત્નના પ્રમાણમાં પ્રાપ્તિ કેટલી નજીવી છે ?

સોલન નામે એક તત્ત્વવેત્તા થઇ ગયો છે. તેને ક્રિસસ રાજાએ એક દિવસ કહ્યું: “ સમસ્ત જગતમાં એશિયા માઇનોર (મારો દેશ) એજ એક સુખભૂમિ છે.” સોલને પૂછ્યું; “ મહારાજ, આ સુખભૂમિમાં સુખી કોણ છે ! મેં તો કોઇ માણસને અત્યન્ત સુખી જોયો નથી. ” ક્રિસસે કહ્યું: “ હુંજ જગતમાં સૌથી સુખી

માણુસ છું." સાધુ પુરૂષ સોલને કહ્યું: "મહારાજ! ધીરજ ધરો; તમારા જીવનના અંત સમયેજ આ વાતનો નિર્ણય થઇ શકે તેમ છે." આમ કહી તે ચાલ્યો ગયો. સમય જતાં ઇરાની લોકોએ રાજા ક્રિસસના દેશ પર ચઢાઈ કરી. ક્રિસસ હારી ગયો અને કેદ પકડાયો. ઇરાનના રાજાએ તેને જીવતો બાળી નાખવાનો હુકમ કર્યો. ચિતા સળગાવવામાં આવી. આ વખતે ક્રિસસને સોલનના શબ્દો યાદ આવ્યા અને તે "સોલન! ઓ સોલન!" એમ પોકારી ઉઠયો. આમ પોકાર કરવાનું કારણ તેને પૂછવામાં આવતાં તેણે આપવીતી અથથી ઇતિ પર્યન્ત કહી સંભળાવી. આથી ઇરાનના રાજાને દયા આવી અને તેનો જીવ બચાવ્યો.

એજ પ્રમાણે આપણી દરેકની સ્થિતિ છે. આપણે અનેક દુઃખો, અનેક સંકટોનો અનુભવ કર્યો છે. જીવનને જાણવાનો આપણને અનેકવાર અવકાશ મળ્યો છે, પણ પૂર્વનો દેહાધ્યાસ એટલો બધો દૃઢ થઇ ગયો છે કે જાણ્યા જોયા છતાં પણ વારંવાર આપણે તેમાંજ ફસાઇએ છીએ. આપણે સુખ સમજી દોડીએ છીએ અને જેટલી આપણી ઝડપ છે તેટલાજ જોરથી કુદરત લાત મારી આપણને પાડી દે છે; આપણી સુખની સર્વ યોજનાને ધૂળધાણી કરી નાખે છે; પણ હાર્યો જુગારી બમણું રમે એ પ્રમાણે આપણે ગાંડાની પેઠે આશાના પ્રવાહમાં ખેંચાતાજ જઇએ છીએ. આવી રીતે વારંવાર નિરાશાનો અનુભવ કરવા છતાં પણ આપણે આશાના મોટા મોટા કિલ્લાઓ બાંધીએ છીએ. અહા! મનુષ્યની આ દશા કેટલી દયાપાત્ર છે!

પૂર્વ કાળમાં હિન્દુસ્તાનમાં એક મોટા રાજાને કોઇએ ચાર પ્રશ્નો પૂછ્યા, તેમાં એક આ પ્રમાણે હતો. "રાજા, આ જગતમાં સૌથી આશ્ચર્યકારક વસ્તુ કઇ છે?" તેણે જવાબ આપ્યો: "આશા." આશાજ સૌથી અજબ વસ્તુ છે. રાત્રિ અને દિવસ સેંકડો માણસોને આપણી આસપાસ મરણ પામતાં અને દુઃખમાં રીબાતા આપણે જોઇએ છીએ, છતાં આપણે તો જાણે કોઈ દિવસ મરવાના કે દુઃખના પંજામાં સપડાવાના નજ હોઇએ એવી રીતે વર્તીએ છીએ! દુઃખને જોયા છતાં દરેક માણસ એમજ માને છે કે તેને તો સુખજ મળશે! કોઇ તેને એમ સિદ્ધ કરી આપે કે તેની આશાજ નિરાશાનું મૂળ છે, જગતમાં સુખ અને દુઃખ ઉભય છે ખરાં, પણ તેમાં સુખ તો માત્ર ભાવનામાંજ હોય છે, બાકી અનુભવમાં તો દુઃખજ જોવામાં આવે છે; છતાં આશાના પાસમાં બંધાયલો જીવ સુખ, સુખ અને સુખનીજ ઝંખના કરે છે. કોઈ પણ માણસ બધી રીતે સુખી હોય તેમ નથી. "કાચા તંતુ તણો તાણો સંસાર છે, સાત સાંધું ત્યારે તેર તૂટે" એવીજ સંસારની સ્થિતિ છે. કોઇ માણસ પાસે પુષ્કળ ધન હોઇ, ખાવાને પૂરતું મળતું હોય તો તેને અજીર્ણનો રોગ થાય છે; અને આ રીતે ખાવાનું પુષ્કળ હોવા છતાં પણ તે ખાઇ શકતો નથી; અને જે ગરીબની ખાવાની જિજ્ઞાસા પુષ્કળ હોય

તેને અન્નના સાંસા હોય છે. વળી કોઇ ધનવાન હોય તો તેને સંતતિ હોતી નથી અને દુકાળીઆ અને ગરીબને ત્યાં છોકરાં છૈયાંનું એક નાનું સરખું લશ્કર હોય છે; તેથી તેમનાં ખાવાપીવાનાં સાધનો માટે પણ બિચારાને ચિન્તા કરવી પડે છે. આમ થવાનું કારણ શું ? એમ કોઇ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર એજ છે કે આ સંસારમાં સુખ અને દુઃખને છૂટાં કરી શકાતાં નથી. તે ઉભય એકજ શિક્કાની બે બાજુ છે. જ્યાં સુધી એ શિક્કાની હસ્તી છે ત્યાં સુધી એ બાજુઓની હસ્તી પણ હોવાનીજ. જે સુખને શોધે છે તેણે દુઃખને ભેટવા તૈયારજ રહેવું જોઇએ. આ સંસારમાં જ્યારે સુખ અને દુઃખ બંનેનું અસ્તિત્વ છે, ત્યારે માત્ર સુખજ આપણને મળે એમ ઇચ્છવું એ કેટલું ખોટું છે ? આ ઇચ્છાજ આપણા દુઃખનું મૂળ છે. સુખની ઇચ્છા અર્થાત્ સુખની આશાથી આપણે એટલા બધા પરાધીન થઇ ગયા છીએ કે આપણી ઇંદ્રિયો પણ આપણા તાબામાં રહેતી નથી.

હું બોસ્ટન શહેરમાં હતો ત્યારે એક તરૂણ પુરૂષ મને મળ્યો. તેણે મારા હાથમાં એક લખેલા કાગળનો કટકો આપ્યો; તેમાં લખ્યું હતું કે,–“જગતમાં સર્વ સંપત્તિ અને ધન તમારાંજ હોવાથી તે પ્રાપ્ત કરવાની કળા શીખનારે મારી પાસે આવવું. ફી રૂપીઆ પંદર.” તેણે આ કાગળ મને આપીને કહ્યું: “ કેમ તમારો શો વિચાર છે ?” મેં તેને કહ્યું: “ ભલા માણસ, આ કાગળ છપાવવાના પૈસા તો તું પહેલાં મેળવી લે. પછી જગતની સંપત્તિ મેળવવાનું બીજાને શીખવજે.” તે મારા કહેવાનો ભાવાર્થ સમજી શક્યો નહિ. તેના મનમાં એજ વિચાર ઘર કરીને બેઠો હતો કે ‘ધન અને સુખ કંઈ પણ મહેનત કે માથાકુટ કર્યા સિવાય મેળવી શકાય છે;’ અને ઘણા મનુષ્યોની સ્થિતિ એવીજ હોય છે. માણસો બે પ્રકારનાં હોય છે, એક આશાવાદી જે જગતને રમ્ય સુખ અને સંપત્તિનું સ્થાન જુએ છે. બીજા નિરાશાવાદી જેમને સર્વત્ર દુઃખ અને નિરાશાનુંજ ભાન થાય છે. કરોડો મનુષ્યોમાંથી કોઇકનેજ જગતને તેના ખરા સ્વરૂપમાં જોવા જેટલી બુદ્ધિ હોય છે. બાકીના તો કોઇ કલ્પનામાં તો કોઇ માત્ર વિષયવાસનાના ક્ષેત્રમાં ભટકનારા હોય છે. ‘ આપણે જે વસ્તુને માટે પ્રયત્ન કરીએ છીએ તે કોઇ પણ કાળે મળનાર નથી ’ એમ કદિ પણ તેમને જણાતું નથી; તેથી રાત્રિ દિવસ સંસારના આડા અવળા ધક્કા અને પ્રહારો સહન કરતા તેઓ એટલા બધા વિવેકશૂન્ય થઇ જાય છે કે અંત પર્યંત જગતમાં દુષ્ટપણા સિવાય તેમને કંઇ દેખાતુંજ નથી. વૃદ્ધ છતાં યુવાનોના જેવા પ્રયત્નોમાં તેઓ કંઈ કંઇ પ્રકારની માથાફોડ કરતા હોય છે. થોડકજ એવા મનુષ્યો હોય છે કે જેઓ વિવેકથી જાણે છે કે, ‘ ગુલાબ છે ત્યાં કાંટા હોય છે; ’ અને કાંટાને સહી શકે તેજ ગુલાબની ગંધનો ભોક્તા થઈ શકે છે. દુઃખની સાથે સુખ અને સુખની સાથે દુઃખ

ગુંથાએલું છે. જેમ દુઃખથી દૂર ખસવા યોગ્ય છે તેમ સુખને પણ નમસ્કાર કરવા યોગ્ય છે; કારણ કે તે બંને એકજ માના પુત્રો છે. જેમ દુઃખની પાછળ ભટકવું એ મનુષ્યની મહત્તાને લાંછનરૂપ છે, તેમજ સુખની પાછળ ભટકવું એ પણ તેની મહત્તાને કલંકરૂપ છે. બુદ્ધિશાળી મનુષ્યે સુખ તેમજ દુઃખ ઉભયને સમાન માની ઉભય તરફ ઉપેક્ષા વૃત્તિ કરવી જોઇએ. મનુષ્ય મુક્તિને ઇચ્છે છે, મુક્તિજ તેના દરેક કાર્યમાં હેતુરૂપ હોવા છતાં મનુષ્ય સુખ દુઃખની પાછળ ભટક્યા કરે છે તેનું કારણ શું? આમ પ્રશ્ન થવાનો સંભવ છે. આમ થવામાં મનુષ્યની વિવેકદૃષ્ટિનો અભાવજ કારણરૂપ છે. સત્ય શું અને સુખ શું? શ્રેય શું અને પ્રેય શું? એની પરીક્ષા કરવામાંજ મનુષ્ય ભૂલથાપ ખાય છે. એજ તેની ભ્રમણાનું કારણ છે અને તેથીજ તેને સખત ફટકા લાગે છે. જ્યારે દુઃખ કે આપત્તિથી તે ઘેરાય છે ત્યારે દુઃખી થઇ રડે છે. કુદરત તેને કંઇક લાલચ આપે છે અને તે પોતાનું દુઃખ વિસરી જાય છે. પુનઃ તે દુઃખનો અનુભવ કરે છે. કુદરત પુનઃ તેને કંઇક સુખની આશા આપે છે અને મૂર્ખ મનુષ્ય હસવા માંડે છે.

સાધુ પુરૂષો સુખ કિંવા દુઃખ એ ઉભય સ્થિતિમાં સંતોષ પામતા નથી. તેઓ દૃઢતાથી પોતાના મનમાં ઠસાવી રાખે છે કે ગમે તેટલાં સુખો હોવા છતાં તેમાંથી સંતોષ થવાનો સંભવ નથી; અને ગમે એવાં અસહ્ય દુઃખો હોય છતાં તે નિરંતર રહેવાનાં નથી. આપણે અનેક સંપત્તિવાન મનુષ્યોને રાત અને દિવસ સુખની પાછળ ભટકતા જોઇએ છીએ તેઓ અનેક પ્રકારના વૈભવો ભોગવે છે છતાં પ્રતિ પળે તેઓ કંઇક ને કંઇક નવીન વૈભવની ઇચ્છા રાખે છે. સર્વ વૈભવો જીર્ણ થઇ જાય છે અને કંઇક નવીન. કંઇક વધારે રમ્ય મળવાની ઇચ્છા હંમેશાં જાગૃતજ રહે છે. આપણે જોઇ શકીએ છીએ કે દરરોજ અનેકાનેક નવીન શોધો મનુષ્યને સુખ આપવાના હેતુથી થાય છે. એક ક્ષણભરનાં સુખ માટે કેટલાંયે મગજો અને કેટલાએ હાથો કામ કરે છે; પણ એ ક્ષણભરનો સમય જતાં એ વસ્તુ કે વૈભવ જીર્ણ થઇ જાય છે અને જેટલા પ્રમાણમાં સુખ ભોગવવાની જિજ્ઞાસા તીવ્ર હોય તેટલાજ પ્રમાણમાં તેના ઉપભોગ પછી નવીન સુખોપભોગની લાલસા પણ તીવ્ર થાય છે. મનુષ્યોનો મોટો ભાગ ગાડરીઆ પ્રવાહ જેવો છે. જો આગળનું એક ઘેટું કુવામાં પડે તો બીજાં પણ તેની પાછળ ઝંપલાવે છે. એજ રીતે સમાજમાં પણ કોઇ આગેવાન જે કંઇ કરે છે તે પ્રમાણે બીજાઓ આંખ મીચીને કર્યાં જાય છે. જો એકાગ્ર ચિત્તથી સંસારનાં સુખો, વૈભવો અને મોજમજાઓનો વિચાર કરવામાં આવે તો તરતજ એમ જણાય કે એ સુખ વાસ્તવિક નથી, એ તો ગુલામગીરી છે. કોઇના તરફથી બે વખાણના શબ્દો કહેવામાં આવે તો આપણે એકદમ ખુશી થઇ જઇએ અને કોઇ બે કડવાં વચનો કહે તો

આપણે દુઃખી થઇએ; એ ગુલામગીરી નહિ તો બીજું શું છે? એક રોટલીના કકડા ને પાણીના પ્યાલા માટે, પોષાક કે બાહ્ય ઠાઠને માટે, સ્વદેશવાત્સલ્ય કે કીર્તિને માટે આપણે આપણું સ્વત્વ કે જેની મહત્તા પાસે ગમે તેવી લાલચો તૃણવત્ છે તેને વેચી નાખીએ છીએ. આ ગુલામગીરીમાં સપડાએલા મનુષ્યો પોતાનું સ્વત્વ ખોઇ બેસે છે; અને તેમનો પવિત્રાત્મા લાલસાજન્ય અહંકારના પડદામાં છૂપાઇ જાય છે. આમ જેને આપણે માણસ કહીએ છીએ તે વાસ્તવિક રીતે એક ગુલામ છે. જ્યારે વિવેકબુદ્ધિથી તમને પોતાની આ બંધનવાળી સ્થિતિનું ભાન થાય છે, અને એ ભાન દૃઢ થાય છે ત્યારેજ તેમાંથી મુક્ત થવાની જિજ્ઞાસા જાગૃત થાય છે અને તીવ્ર થાય છે. જેમ એક મનુષ્યના માથા ઉપર બળતા અંગારાનો કટકો મૂકતાં તે તેને ફેંકી દેવા આકુળ વ્યાકુળ થઇ જાય છે; તેજ પ્રમાણે જે મનુષ્ય જ્ઞાનની દૃષ્ટિથી સમજી શકયો છે કે તે પ્રકૃતિનો ગુલામ છે, તે એવી ગુલામગીરીની સ્થિતિમાંથી મુક્ત થવા આકુળ વ્યાકુળ થઇ જાય છે.

મુમુક્ષુતા પછીનું પગથીયું નિત્યાનિત્યવિવેક છે. આ જગતમાં નિત્ય વસ્તુ કઇ અને અનિત્ય કઈ છે, ચિરકાળ ટકી રહે તેવી અને ક્ષણભંગુર કઇ, આનો નિત્ય વિચાર કરવો જોઇએ. પરમેશ્વર સિવાય વસ્તુ માત્ર અનિત્ય અને ક્ષણભંગુર છે, એ વાત મુમુક્ષુએ પોતાના મનમાં વારંવાર ઠસાવવી જોઇએ. વિશ્વમાં દેખાતી દરેક વસ્તુ અને સ્થિતિ અંતવાળી છે. પશુ પક્ષી અને મનુષ્યો બધાં મરણશીલ છે. સૂર્ય, ચંદ્ર અને અન્ય વિવિધ ગ્રહો તથા ઉપગ્રહોનો પણ અંત આવવાનો છે. વળી દરેક વસ્તુની સ્થિતિ પણ એકની એક રહેતી નથી. આજે જ્યાં આપણે એક પર્વત જોઇએ છીએ ત્યાં કેટલાક વખત પછી એક સમુદ્ર થઇ જાય છે! કોઇ પણ વસ્તુ એવી નહિ હોય કે જે એક ક્ષણ ભર પણ પોતાની સ્થિતિને ટકાવી શકવા સમર્થ હોય. જે કોઇ પણ સમયે બદલાય નહિ, જેની સ્થિતિમાં કોઇ વાર પણ રૂપાન્તર થાય નહિ એવો તો માત્ર એક પરમાત્માજ છે. આપણે પ્રત્યેક ક્ષણે રૂપાન્તરને પાત્ર હોઇએ છીએ. કંઇક આપણામાં આવે છે ને કંઇક જાય છે, પણ જેમ જેમ આપણે પ્રભુની સમીપ જતા જઇએ છીએ તેમ તેમ એ રૂપાન્તર ઓછા પ્રમાણમાં થાય છે; અને જે સૃષ્ટિનિયમો, માન, અપમાન, રાગ; દ્વેષ-ઇત્યાદિથી આપણે બંધાએલા છીએ તેનાં બંધનો શિથિલ થતાં જાય છે; અને આ પ્રમાણે ઉન્નતિ થતી જઇ- પરમાત્માની સાથે એકરૂપતાનો અનુભવ થતાં પરિણામે એ સૃષ્ટિના નિયમો, એ ગુલામગીરીની સ્થિતિનો નાશ થાય છે. પરિણામે આપણે એ નિયમોના સ્વામી થઇએ છીએ. સૃષ્ટિના નિયમો આપણે વશ વર્તે છે. ગુલામગીરીમાંથી સ્વામિત્વ પ્રાપ્ત કરવાનો આજ એક રાજમાર્ગ છે.

ઉપર્યુક્ત સાધનોની પરંપરાથી પરમાત્મા અને આત્માના ઐક્યનો સાક્ષા-

ત્કાર થતાં, આ જગતમાં આપણને બીજી કોઇ પણ વસ્તુની આવશ્યકતા રહેતી નથી. આપણો આત્મા કે જે સર્વજ્ઞ અને સંપૂર્ણ છે, તેને જાણ્યા પછી બીજું કશુંજ જાણવાનું રહેતું નથી. આત્મા પોતે તો એવો પવિત્ર અને પૂર્ણ છે કે તેને પવિત્ર કરવા માટે આપણે કંઇ પણ કરવાનું નથી. અહંકારજન્ય માયાના અનેક આવરણોનો એ પવિત્ર આત્માની આડો પડદો થઇ ગયો છે, તેનેજ માત્ર આપણે દૂર કરવાનો છે. અહંકારના પડદાને ચીરી નાખવો એજ આપણું કર્તવ્ય છે. તે કર્તવ્ય બજાવતાંજ આત્મા પોતાની સ્વભાવસિદ્ધ પવિત્રતા, અમર્યાદ ઉદારતા અને સંપૂર્ણ સ્વતંત્રતા પ્રદર્શિત કરે છે.

હવે કોઇ પ્રશ્ન કરશે કે આત્મજ્ઞાનને માટે આવી સાધનની પરંપરાની માથાફોડ શા માટે? તેનો ઉત્તર એજ કે પરમેશ્વરપ્રાપ્તિનો માર્ગ અનુભવગમ્ય છે, બુદ્ધિગમ્ય નથી. એ માર્ગ આંખોથી દેખાય કે કાનોથી સંભળાય કિંવા માત્ર મનવડે અનુમાનગમ્ય થાય તેમ નથી. ભલે જગતમાં અસ્તિત્વ ધરાવતા દરેક ધર્મગ્રંથો આપણે વાંચી જઇએ; પણ તેથી ધર્મના કક્કાનું પણ જ્ઞાન થવું અસંભવિત છે. ભલે આપણે ઇશ્વર અને આત્માના સંબંધમાં આખા જીવન સુધી વાતો કર્યા કરીએ; ભલે જગતમાં આપણે અત્યન્ત અને અદ્વિતીય બુદ્ધિસંપન્ન મનાતા હોઇએ; તથાપિ તે બુદ્ધિ પરમેશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરાવવાને સમર્થ થાય, કિંવા તેથી આપણે ઇશ્વરને જાણી શકીએ એ સંભવિત નથી. એટલુંજ નહિ પણ ઘણીવાર મહા બુદ્ધિશાળી પુરૂષોને પણ નાસ્તિક અને ધર્મમાં અશ્રદ્ધાળુ થઇ જતા આપણે જોઇએ છીએ. મારે અત્રે એમ પણ કહેવું જોઇએ કે પરમાત્મા અને અંતઃકરણના સંબંધમાં વિચાર કર્યા વિના કેવળ બુદ્ધિવિષયક શિક્ષણની પાછળ પડવામાં પાશ્ચાત્ય સુધારાની એક ભ્રમણા છે. માત્ર બુદ્ધિને કેળવવાથીજ, માત્ર બુદ્ધિશાળી થવાથી મનુષ્ય દશગણો સ્વાર્થી થાય છે અને એ કેળવણી અવશ્ય તમારા પાશ્ચાત્ય દેશોને હાનિકર્તા થશે. આપણા અંતઃકરણની સાત્વિક વૃત્તિ નિરન્તર જાગૃત રહે એ આપણી કેળવણીનો ઉદ્દેશ હોવો જોઇએ, એજ આપણો સુધારો હોવો જોઇએ. જ્યાં બુદ્ધિ અને અંતઃકરણમાં મતભેદ થવાનો પ્રસંગ ઉત્પન્ન થાય ત્યાં અંતઃકરણ કહે તે માર્ગે વળવું એ વિશેષ હિતાવહ છે. એકાદ સત્કર્મ કરવાની ઇચ્છા થતાં બુદ્ધિ તરતજ તેના સારાસારનો વિવેક કરવા માંડે છે; અને સારાસારમાં સ્વાર્થનો ભાગ પ્રબળ થતાં સત્કર્મની ઇચ્છાને શાન્ત કરી દે છે. દાખલા તરીકે કોઇ દુર્બળ મનુષ્યને મદદ કરવાની ઇચ્છા ઉત્પન્ન થતાં મન ઝટ કહે છે કે, આ લુચ્ચો તો નહિ હોય? શા માટે ઉદ્યોગ નથી કરતો? આવાને મદદ કરવી એ તો આળસને ઉત્તેજન આપવા બરાબર છે. આ પ્રમાણે બુદ્ધિ નિશ્ચય કરી લે છે કે તે મદદને પાત્ર નથી, અને તેમ થતાં તે દુર્બળ મનુ-

અને જોઇ અંતઃકરણમાં ઉત્પન્ન થએલી દયાની ભાવનાનો ધ્વંસ થાય છે. આ પ્રમાણે બુદ્ધિના આશ્રયથી આપણે એક પવિત્ર ભાવનાનો નાશ કરી નાખીએ છીએ. બુદ્ધિજન્ય વિચારની પરંપરાથી આપણી સ્વાર્થભાવના જાગૃત થાય છે અને નિઃસ્વાર્થ વૃત્તિ, ઉદારતા, પ્રેમ આદિ અંતઃકરણના ગુણોની આપણે ઉપેક્ષા કરીએ છીએ. અત્યન્ત બુદ્ધિશાળી મનુષ્યને જેનું સ્વપ્ન પણ નહિ આવી શકે એવી પ્રેમની ગુહ્ય ગુફાઓમાં જવાને તો અંતઃકરણજ શક્તિવાન છે. જ્યાં પ્રભુ અને મનુષ્યનો ભેટો થાય છે એવા પવિત્ર સ્થાનમાં તો અંતઃકરણજ જઇ શકે છે. બુદ્ધિ ગમે તેટલા પ્રયત્નો કરે પણ એ પ્રદેશમાં જવાને તે અસમર્થ છે.

અલ્લાકુ મિલા ચાહે તો તું “ મંય ” કું વિસરજન !
ગર ઇશ્ક કીયા ચાહે તો તું ‘ શીર ’ કું વિસરજા !

પ્રેમથીજ પ્રભુને ભેટી શકાય છે. ઇશ્કથીજ તેના દર્શનનો લાભ લઇ શકાય છે. શુષ્ક અને પ્રેમ વિનાની બુદ્ધિ પ્રેમના માર્ગમાં પ્રવેશી શકતી નથી. આપણામાં પ્રેમનો ઉભરો લાવનાર, પ્રેમની મસ્તીમાં આ દુનિયાને પણ ભૂલાવી દેનાર માત્ર અંતઃકરણજ છે. અંતઃકરણવાળો મનુષ્યજ પ્રેમનો અનુભવ કરી શકે છે. બીજાને પ્રેમવશ કરી શકે એવો જુસ્સો માત્ર તે મનુષ્યજ દર્શાવી શકે છે કે જેનું અંતઃકરણ જાગૃત હોય. બુદ્ધિ એ જ્ઞાનનું સાધન છે, અંતઃકરણ એ લાગણીનું સાધન છે. અહીં કોઇ પ્રશ્ન કરશે કે બુદ્ધિનું તેજ આપણે પ્રત્યક્ષ કરી શકીએ છીએ, જ્યારે અંતઃકરણનું તેજ દેખાતું નથી. બુદ્ધિનું તેજ અને બુદ્ધિનું સામર્થ્ય તરતજ અને વિશેષ દેખાય છે એ વાત ખરી; પરંતુ અંતઃકરણનો પ્રકાશ થતાં, પ્રેમની જાગૃતિ થતાં બુદ્ધિનું સામર્થ્ય તેની પાસે શૂન્યવત્ ભાસે છે. જગતમાં જે જે સાધુ પુરૂષો થયા છે, જેમના નામથી આજે આપણે પોતાને પવિત્ર થએલા માનીએ છીએ, જેમની કૃપાથી મનુષ્યને ખરા મનુષ્યપણાનો માર્ગ મળ્યો છે, તે બધા અંતઃકરણની જાગૃતિથીજ પવિત્ર થઈ પૂજ્ય થયા છે. આપણે સાધારણ કોટીના મનુષ્યોમાં અંતઃકરણની જાગૃતિ ઘણાજ થોડા પ્રમાણમાં જોઇએ છીએ. એક પ્રૉફેસરની સાથે એક સાધારણ માણસની સરખામણી કરવામાં આવે તો તેનું જ્ઞાન દયાને પાત્ર જણાય છે અને તેનું અંતઃકરણ થોડુંજ જાગૃત હોય છે; તથાપિ એજ પ્રૉફેસર જ્યારે સેતાનને પણ લજ્જામાં નાખે એવાં નીચ અને પ્રાપંચિક કાર્યો કરી શકે છે, ત્યારે પેલાં અજ્ઞાન માણસને તેમ કરવાનો વિચાર પણ આવી શકતો નથી. લાગણીવાળા કે જાગૃત અંતઃકરણના મનુષ્યે કોઈ વાર પણ સેતાન જેવાં કામો કર્યાં હોય એમ બન્યું નથી. આપણે જો પ્રભુપ્રાપ્તિની, આત્મસાક્ષાત્કારની જિજ્ઞાસા હોય તો બુદ્ધિથી પર જઈ અંતઃકરણને જાગૃત કરવા આપણે પ્રયત્નવાન થવું જોઇએ. જે સ્થિતિને પામવા માટે આપણો જીવનભરનો

પ્રયત્ન છે તે સ્થિતિ અંતઃકરણથીજ પ્રાપ્ત થઈ શકે તેમ છે. માણસનું જ્ઞાન, વિવેકબુદ્ધિ, તારતમ્યજ્ઞાન અને અંતઃકરણ એ સર્વ આ વિશ્વરૂપી સાગરમાં મંથન કરે છે. આ વિશ્વનું મંથન કરતાં કરતાં છેવટે માખણ મળે છે. જેમનું અંતઃકરણ જાગૃત છે, જેમણે લાગણી સંસ્કારી કરી છે એવા સાધુ પુરૂષો આ માખણનોજ ઉપભોગ કરે છે અને છાશ બુદ્ધિશાળી મનુષ્યોના ભાગ્યમાં રહે છે.

આજના વિવેચનમાં જે જે સાધનો પ્રાપ્ત કરવાનું કહેવામાં આવ્યું તે સર્વ આ માખણ, આ પ્રેમ, ઉદારતા, વિશ્વવ્યાપી સમભાવ, પ્રાપ્ત કરવા માટે છે. પરમેશ્વરને પામવા માટે, હરિને ભેટવા માટે બુદ્ધિનું બળ સર્વથા નિરર્થક છે. એક સાધુ પુરૂષે એક વેળા મને કહ્યું હતું કે, “બીજાઓને મારવાની ઇચ્છા રાખનારને તલવાર અને ઢાલ તથા એવાં બીજાં શસ્ત્રોની જરૂર છે: પણ જેણે આત્મઘાત કરવાનો હોય તેને તો એક સોય પણ બસ છે.” તેજ રીતે બીજાઓને શિક્ષણ આપવું, જગતની દ્રષ્ટિમાં પોતાને બુદ્ધિમાન જણાવવો હોય તો વિશાળ જ્ઞાન અને અભ્યાસની જરૂર છે, પણ જ્યાં પોતાનેજ સમજાવવાનું હોય ત્યાં એમાંના કશાની જરૂર નથી. એકજ પ્રશ્નથી આપણા અધિકારનો નિર્ણય થઇ જાય છે. આપણાં અંતઃકરણ નિર્મળ છે ? આપણાં કૃત્ય લાગણી યુક્ત છે ? જો તેમ હોય તો પ્રભુને ભેટવાના આપણે સંપૂર્ણ અધિકારી છીએ. બાઇબલ પણ કહે છે કે વિશુદ્ધ અંતઃકરણવાળાજ ભાગ્યશાળી છે; કારણ કે તેઓ પ્રભુને મળવાના અધિકારી થઇ ચૂક્યા છે: અને જો આપણું અંતઃકરણ જાગૃત ન હોય તો ભલે દુનિયાના સર્વ ધર્મગ્રંથો આપણે મુખે હોય, છતાં તે નિર્માલ્યજ છે. એ પણ એક જાતની ઉપાધિ જ છે અને એ ઉપાધિથી ઉપાધિની પાર જઇ શકાય એ સંભવિત નથી. ઉપાધિથી મુક્ત નિર્મળ અંતઃકરણથીજ લક્ષ્ય સ્થાને પહોંચી શકાય છે. નિર્મળ અંતઃકરણજ બુદ્ધિથી પર જોઇ શકે છે અને જઇ શકે છે; તેવો મનુષ્ય પ્રેમના ઉભરામાં મસ્ત બની જાય છે. મસ્તીનો અનુભવ બુદ્ધિ માટે દુર્લભ છે. ઘણીવાર નિર્મળ અંતઃકરણની પ્રેરણા થતાં બુદ્ધિ તેની સામે થાય છે, પણ આવા પ્રસંગમાં કદાચ અંતઃકરણની લાગણી અવિવેકયુક્ત જણાતી હોય તોપણ તેને શરણે જવું વધારે સારૂં છે. અંતઃકરણ દયા, મમતા, ઉદારતાથી ઉભરાઇ બીજાઓનું ભલું કરવા પ્રેરાય છે ત્યારે બુદ્ધિ તેમાં કંઇક તર્ક વિતર્કો કરે છે, પણ અંતઃકરણનેજ પૂછો. અંતઃકરણની સલાહ પ્રમાણેજ કરો અને તેમ કરતાં કદાચ ભૂલ પણ થતી હશે; તોપણ બુદ્ધિનેજ આશ્રયે રહી સત્કર્મ ન કરવા કરતાં ભૂલભર્યું પણ ભલું કરવાથી તમને પરિણામે લાભજ છે. સત્યનું પ્રતિબિંબ શુદ્ધ અંતઃકરણમાંજ સ્પષ્ટ પડે છે. અને ઉપર જણાવેલાં શમદમાદિ સાધનો પણ સર્વ અંતઃકરણની શુદ્ધિ માટેજ છે. અંતઃકરણ શુદ્ધ થતાં સર્વ સત્ય તેમાં પ્રત્યક્ષ થાય છે અને મનુષ્ય

નિર્ભય, અસંશય થઇ સત્યની પ્રતીતિ કરી શકે છે.

અણુઓ, પરમાણુઓ અને જગતનાં તત્ત્વોની અવનવી શોધોની વાતો આપણે આજે સાંભળીએ છીએ, પણ તેની શોધ તો હજારો વર્ષ પહેલાં એવા મનુષ્યોએ કરી છે કે જેમને સૂક્ષ્મદર્શક યંત્ર કે દુર્બીન જેવા પદાર્થોનું જ્ઞાન પણ નહિ હોય! તેમણે પોતાના અંતઃકરણરૂપી યંત્રથીજ એ બધી શોધ કરી છે; અને તેને અસત્ય ઠરાવવા કે તેમાં કંઇ ન્યૂનાધિકતા દર્શાવવાને આપણાં જડ યંત્રો સમર્થ નથી. અંતઃકરણ નિર્મળ કરો એટલે સત્યનું પ્રતિબિંબ તેમાં અવશ્ય પડશેજ. આજે પણ અંતઃકરણને જાગૃત કરી આપણે સત્યનું દર્શન કરી શકીએ છીએ. અંતઃકરણની જાગૃતિથી, પ્રેમના વિકાસથી, લાગણીના ઉત્તેજનથીજ જગતનું દુઃખ, જગતના કલહ અને કંકાસ ઓછા થવાનો સંભવ છે; બુદ્ધિની ઉન્નતિથી તેમ થવાનો સંભવ નથી.

આજે જગતમાં બુદ્ધિનો ખૂબ વિકાસ થયો છે, પણ તેનું પરિણામ શું આવ્યું છે? સેંકડો પ્રકારની વિદ્યાની શાળાઓ ઉત્પન્ન થઇ છે, અનેકાનેક યાંત્રિક શોધો થઇ છે અને પરિણામે કેટલાક પૈસાદાર થયા છે; પણ બીજા અનેક તેમને લીધે ગુલામગીરીની સાંકળમાં બંધાયા છે. દાખલા તરીકે મીલ ચલાવવા જેટલાં સાધનો કોઇનેજ હોય છે, બાકી તેમાં કામ કરનાર હજારોના નસીબમાં તો ગુલામગીરીજ લખાએલી છે. એ શોધોને પરિણામે માણસની કૃત્રિમ જરૂરીઆતો વધી ગઇ છે, મોજ શોખનાં સાધનો વૃદ્ધિ પામ્યાં છે; અને માણસ ગમે તેટલો ગરીબ હોય તોપણ એ જરૂરીઆતોને પહોંચી વળવા લલચાય છે. નિર્ધન મનુષ્યનો ધન મેળવવા અવિશ્રાન્ત પ્રયત્ન કરવો પડે છે અને અંતે એમાંજ તેના જીવનની સમાપ્તિ થઈ જાય છે. મને કહેશો કે બુદ્ધિની ઉન્નતિથી આના સિવાય બીજો શું લાભ થયો છે? જગતનું દુઃખ બુદ્ધિજન્ય પ્રવૃત્તિથી, નવા નવા કાયદાઓ કરવાથી કે વિવિધ શોધોથી ઓછું થવાનું નથી. અંતઃકરણથીજ, પ્રેમની જાગૃતિથીજ જગતનું દુઃખ દૂર થઈ શકશે. જે બુદ્ધિ યાંત્રિક બળોની શોધમાં, શુષ્ક અભ્યાસનાં ચુંથણાંમાં અને આંટી ઘુંટીવાળા વાદવિવાદોમાં વપરાય છે, તે બુદ્ધિનો જો જગતને વધારે વિશુદ્ધ, વધારે સરળ, વધારે માયાળુ, વધારે ક્ષમાવાન કરવામાં ઉપયોગ થયો હોત તો આજે જગતમાં જે સુખ છે તેના કરતાં હજારગણું વિશેષ હોત! હૃદયમાંજ હરિ વસે છે, હૃદયને સંસ્કારી બનાવો એટલે તેમાંથી હરિ બોલશે, બુદ્ધિને જાગૃત કરો એટલે તેમાંથી અહંકાર બોલશે.

જૂના બાઈબલના એક પ્રકરણમાંની એક વાત તમારા સ્મરણમાં હશે કે જ્યારે મુસાને કહેવામાં આવ્યું હતું, કે તું તારા પગમાંથી ઉપાન કહાડી નાખ; કારણ કે જે સ્થળે તું ઉભો છે તે સ્થાન પવિત્ર છે. કહેવાનો ભાવાર્થ એજ કે

ધર્મનો અભ્યાસ આપણે માનપૂર્વક કરવો જોઇએ. જે મનુષ્ય પવિત્ર અંતઃકરણથી, માનની લાગણીથી ધર્મનો અભ્યાસ કરવા જિજ્ઞાસુ થાય છે, તેજ પોતાનું અંતઃકરણ જાગૃત કરી શકે છે; તેવા મનુષ્યજ અંતઃકરણનાં દ્વાર ઉઘાડી પરમપવિત્ર સનાતન સત્યનું દર્શન કરી શકે છે.

કેવળ બુદ્ધિના બળથી કે બુદ્ધિની જિજ્ઞાસાથી જ્ઞાનમંદિરનું દ્વાર ઉઘાડતા પરિણામ શું આવશે? તમારી બુદ્ધિને કસરત થશે. તમે તમારાં છટાદાર અને લાલિત્યવાળાં ભાષણોથી સભારંજન કરી શકશો, લોકોની વાહ વાહ મેળવી શકશો; પણ તેથી આગળ તમે વધી શકશો નહિ; તમે સત્યને મળી શકશો નહિ! સત્યને મળવા માટે તો બુદ્ધિજન્ય ખટપટની જરૂરજ નથી. સત્ય તો સ્વતઃસિદ્ધજ છે. સૂર્યના દર્શન માટે મસાલનો ઉપયોગ શું યોગ્ય છે? સૂર્યના અસ્તિત્વને માટે વળી વાદવિવાદની પણ જરૂર હોઈ શકે કે? સૂર્યને બતાવવા તો ફક્ત અંગુલિનિર્દેશનીજ જરૂર છે. વાદવિવાદ કે બૌદ્ધિક પ્રયત્નોની તેમાં જરા પણ આવશ્યકતા નથી. એજ પ્રમાણે સત્ય પણ સ્વતઃસિદ્ધ છે. તેની પ્રત્યક્ષ ભેટ થાય એજ સત્યની, સત્યતાની પ્રતીતિ છે. સત્યની સત્યતા માટે પણ જો સાક્ષી પૂરાવાની જરૂર પડે, તો પ્રથમ તો એજ શંકા થાય કે એ પૂરાવા સત્ય છે કે નહિ? એ સાક્ષા સત્ય કહે છે તેને માટે શું ખાત્રી? બુદ્ધિજન્ય પદાર્થોનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટેજ આવાં સાધનોની જરૂર છે. સત્યને માટે સાક્ષી પૂરાવાની જરૂરજ નથી. શુદ્ધ અને લીન અંતઃકરણથી ઉત્કટ પ્રેમ રાખી તમે સત્યને માર્ગે પડયા કે અવશ્ય સત્ય પોતેજ તમારૂં માર્ગદર્શક થશે અને છેવટે પરમ સત્ય સાથે તમારો ભેટો થશે.

ઈશ્વર, આપણી ઇંદ્રિયોના પ્રભાવથી કે આપણી વિશાળ કલ્પનાશક્તિથી પ્રત્યક્ષ થાય તેમ નથી. ઇંદ્રિયોથી તેની ભેટ થવી અશક્ય છે. આપણી મનઃશક્તિ, આપણી કલ્પનાશક્તિ ગમે તેટલી વિશાળ કરવામાં આવે, તથાપિ તે જગતથી દૂર જઇ શકવાને અસમર્થ છે; અને જ્યાં જગત છે ત્યાં પ્રભુ નથી. કોઇ પણ મનુષ્ય પરમાત્માની કલ્પના કરી શંકે એ અશક્ય છે. પ્રભુ ઇંદ્રિયાતીત અને કલ્પનાતીત છે. જેમ ઇંદ્રિયોદ્વારા આપણે બાહ્ય કર્મ કરીએ છીએ તેજ પ્રમાણે અંતરની ઇંદ્રિયોદ્વારા આપણે વિચારાદ કર્મોમાં પ્રવૃત્ત થઇએ છીએ. પણ પરમેશ્વર તો કર્મોથી પર હોઇ, આ શરીર અને મનોમય કોશદ્વારા પણ તેનો અનુભવ થવો સંભવિત નથી. પરમેશ્વરને ભેટવાને માટે તો ઇંદ્રિયો અને મનનાં કર્મોથી ક્રમે ક્રમે પર જવાની જરૂર છે અને જેમ જેમ તમે એ ઉપાધિથી દૂર જતા જશો તેમ તેમ તમારા પોતાના મધ્યબિંદુ આત્માની સમીપ આવશો; અને આત્માની સમીપ આવતા જશો તેમ તેમ પ્રભુનો પુણ્ય સમાગમ લાભ પ્રાપ્ત કરી શકશો.

પરમાત્માના અનુભવને માટે કંઇ પ્રમાણની આવશ્યકતા છે? તે પ્રત્યક્ષજ છે, તે સમીપજ છે. કોઇ મને પૂછે કે આ દિવાલના અસ્તિત્વ માટે પ્રમાણ શું? તો હું એમજ કહું કે હું જોઉં છું એજ પ્રમાણ છે. એ રીતે શમદમાદિ સાધનોથી અને અંતઃકરણને શુદ્ધ કરવાથી હજારોએ પ્રભુનાં દર્શન કર્યાં છે અને આજે પણ જો ચાહો તો તે તમારી સમીપજ છે, પણ એ સમીપના સંબંધીને મળવા તમારાં નેત્રાદિ ઇંદ્રિયો કે મનોમય કોષ એમાં ઉપયોગમાં આવે તેમ નથી. કર્મ-ભૂમિકાની પાર ગયા વિના પ્રભુને મળી શકાય તેમ નથી. અવિશ્રાન્ત પ્રયત્ન કરો અને નિરન્તર આ એકજ વાતનું સ્મરણ કરો! એક બે દિવસ અથવા બે ચાર માસના પ્રયત્નથી આ આપણા અનેક જન્મોનાં કર્મોથી પ્રાપ્ત થએલી ઉપાધિ દૂર થઈ જાય તેમ નથી. દૃઢતાપૂર્વક અને શ્રદ્ધાથી શમદમાદિનું પાલન કરતાં ધીરે ધીરે એ પાશ, એ ઉપાધિની ઘટ્ટતા ન્યૂન થાય છે અને છેવટે એ પડદો સર્વથા ફાટી જતાં આપણે પ્રભુને પ્રત્યક્ષ કરી શકીએ છીએ. પ્રભુનું પ્રેમમંદિર આપણે જાણી શકીએ, આપણે વિચારી શકીએ, આપણે સ્વપ્નમાં કલ્પી શકીએ તેથી પણ પર છે. આ સ્થિતિને પ્રાપ્ત થતાં આપણી ભાષા પણ કંઇ ઓર થઈ જાય છે. આપણી ભાષામાં કંઇક અજબ ખુમારીનું ભાન થાય છે. જગત તેને ગાંડપણ કહે છે, પણ ખરી રીતે ગાંડપણજ ‘ડહાપણ’ છે. કલ્પનાથી જે વસ્તુ પર છે તેને કલ્પનામાં રમનાર જગત શી રીતે જાણી શકે? તથાપિ જેણે જન્મ ધારણ કર્યો છે તેને વહેલું મોડું કોઇ કાળે પણ આ સ્થિતિને પામવાની જરૂર છે. કોઈ પણ કાર્ય—કોઇ પણ જીવન વ્યર્થ જશે કે વ્યર્થ છે એમ માનવું એ ભ્રમણા છે. જગતમાં વ્યર્થ કે નિરાશાજનક જેવું કશું નથી. માણસ સેંકડો વખત પડે છે, હજારો વાર આખડે છે, અનેકવાર સંસારસાગરમાં ડૂબી જઇ તે પોતાના સૃજનહાર અને પોતાના આત્માને ભુલી જાય છે; પણ એક વખત એવો અવશ્ય આવશેજ કે જ્યારે તે જોઈ શકશે કે તેનામાં અને પ્રભુમાં ભિન્નતા નથી, તે તેજ છે. સીધા ચાલવાથી ઉંચે જવાતું નથી. આપણો માર્ગ મંડલાકાર છે. જે સ્થિતિમાં આપણું મૂળ છે તે સ્થિતિને પુનઃ પહોંચવું એ આપણો સ્વાભાવિક ધર્મ છે. દરેક જીવાત્મા ભલે ગમે તેટલો નીચે જાય, છતાં સમય એવો પણ આવશે કે જ્યારે તેને ઉંચે જવુંજ પડશે. કોઇ પણ વસ્તુ કે પ્રાણીનો નાશ થતો નથી. આપણી સર્વની ઉત્પત્તિ એકજ મધ્ય બિંદુમાંથી થઈ છે અને તે પરમાત્મા છે. ઉચ્ચતમ કે અધમતમ જીવન પણ તેનુંજ છે અને તેના પ્રેમ પ્રતિ એ ઉભયનું વળણ થવું એજ સ્વાભાવિક છે. જેમાંથી સર્વ જીવો વ્યક્ત થયા છે, જેમાં તેમનું અસ્તિત્વ ભાસે છે અને જ્યાં તેઓ પુનઃ જાય છે તે એજ પરમાત્માનું સ્વરૂપ છે.

८--अमेरिकामां सर्व धर्मोनी परिषद्मां अपाएलां व्याख्यानो.

અમેરિકામાં થએલા સ્વાગતનો ઉત્તર.

તા. ૧૧ મી સપ્ટેમ્બર ૧૮૯૩.

મારા અમેરિકાવાસી બંધુઓ અને ભગિનીઓ,

અત્ર સર્વ ધર્મોના પ્રતિનિધિઓનો તમારા તરફથી અંતઃકરણપૂર્વક સત્કાર કરવામાં આવ્યો છે, તેને માટે તમારો સર્વનો આભાર માનતાં મને અત્યાનંદ પ્રાપ્ત થાય છે. ફરી સંન્યસ્ત વૃત્તિને પોતાના ઉદાહરણથી સિદ્ધ કરનાર પ્રાચીનમતના સાધુજનો તરફથી, જગતના સર્વ ધર્મોની જનનીરૂપ પ્રાચીન હિન્દુધર્મ અને તેને માનનારા હજારો જાતિના કરોડો લોકો તરફથી હું તમારો સર્વનો આભાર માનું છું.

આ વ્યાખ્યાનપીઠ ઉપરથી જે જે સભ્યવક્તાઓએ પૂર્વના ધર્મોના આવેલ પ્રતિનિધિઓ માટે સત્કારના શબ્દો ઉચ્ચાર્યા છે અને તેમના દેશમાં પૂર્વના દેશો માટે સ્નેહભાવ વૃદ્ધિ પામે એવા પ્રયત્નો કરવા કહ્યું છે, તે સર્વ સજ્જનોનો હું ઉપકાર માનું છું. જે ધર્મે જગતને સમભાવનો અને વિશ્વવ્યાપી બંધુતાનો પ્રથમ બોધ આપ્યો છે, તેવા ધર્મમાં જન્મ થવા માટે મને અભિમાન છે. અમે માત્ર સમભાવનેજ માન્ય રાખતા નથી, પણ સર્વ ધર્મોને સત્ય માનીએ છીએ. જેમને પોતાના સ્વદેશમાંથી ધર્મના મતભેદ લઈ કહાડી મૂકવામાં આવ્યા હતા, અને જેમનાં સંપત્તિ તથા જીવન સુરક્ષિત નહોતાં એવા સર્વ જાતિના સર્ર લોકોને જે ભૂમિએ પ્રેમથી પોતાની છાતીપર રમાડયા છે, તેજ મારી જન્મભૂમિ છે, જ એને મટે મને અભિમાન છે. રોમન લોકોના આક્રમણથી જે હીબ્રુ પ્રજાનો ધર્મ નામશેષ થવાની તૈયારીમાં હતો, તે ધર્મના શુદ્ધ સંતાનોને જે વર્ષમાં રોમનોએ તેમનું મોટું મંદિર તોડી નાખ્યું હતું તેજ વર્ષમાં જે ભૂમિએ પોતાની ગોદમાં લીધા હતા, તેજ મારી જન્મભૂમિ

છે તેને માટે મને અભિમાન છે. તેમજ મહાન જરથોસ્તની સ્થાનભ્રષ્ટ થએલી પ્રજાને જે ધર્મે પ્રેમપૂર્વક પોતાની કરી લીધી હતી અને હજી પણ પોતાની માને છે, તે ધર્મમાં ઉત્પન્ન થવા માટે મને અભિમાન છે. એક શ્લોક હું તમને કહી સંભળાવીશ. આ શ્લોક બાળપણથીજ મને કંઠાગ્ર થઇ ગયો છે અને લાખો હિન્દુ લોકો તેનો દરરોજ પાઠ કરે છે:—

आकाशात् पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवे नमस्कारः केशवं प्रति गच्छति ॥
येऽप्यन्यदेवताभक्ता यजंते श्रद्धयान्विताः ।
तेऽपि मामेव कौंतेय यजंत्यविधिपूर्वकम् ॥

ભગવાન શ્રીકૃષ્ણનાં આ વચનનો જાણે સાક્ષાત્કાર થતો હોય, એ પરમ સત્ય જગતને જાણવાનો સમય હવે છેક સમીપ આવ્યો હોય એમ આ સર્વ ધર્મોની પરિષદ્ જોતાં કલ્પના થાય છે. ધર્મના મતભેદ, જાતીય દ્વેષ અને સંકુચિત ભાવનાએ આ પૃથ્વીપર લાંબા કાળથી પોતાનું સામ્રાજ્ય જમાવ્યું છે. આ સંકુચિત ભાવનાના સમયમાં કેવા ભયંકર બનાવો બન્યા છે, કેટલા રક્તપાત થયા છે, કેટલા સાધુ પુરૂષોને અસહ્ય દુઃખ સહન કરવાં પડયાં છે, માનવ પ્રગતિને કેટલો ધક્કો લાગ્યો છે અને કેટલી પ્રજાઓ નિરાશાના સાગરમાં ડૂબી ગઇ છે, એનું સ્મરણ કરવાની જરૂર નથી. ધર્મની આવી મારામારીઓ ન હોત, અરે કદાચ ધર્મ પણ નહોત તો આજે જગતને આપણે જે સ્થિતિમાં જોઇએ છીએ તેના કરતાં કંઇક વિશેષ સારી સ્થિતિમાં જોઈ શકત; પણ હવે ધર્મના એ કંકાસ અને કલહનો અંત આવ્યાનાં શુભ ચિહ્નો દ્રષ્ટિગોચર થાય છે. મને જણાય છે કે આજની આ મહાસભાના પ્રારંભમાં થએલો ઘંટાનાદ જાણે જગતને એમજ કહેતો હોય કે હવે એ કલહ કંકાસોનો અંત આવ્યો છે. એ ઘંટાનાદે જગતને સૂચના કરી છે કે જગતમાં ભિન્ન ભિન્ન ધર્મમાર્ગો છે છતાં સર્વ એકજ લક્ષ્ય પ્રતિ ગતિમાન છે. આજના ઘંટાનાદે જગતને જણાવ્યું છે કે હવે ધર્મને નામે વૈર અને દ્વેષનો સમય રહ્યો નથી; તલવારથી ધર્મ ફેલાવવાનો સમય વ્યતીત થઈ ગયો છે; હવે ધર્મને નામે યુદ્ધ કરવાનો સમય રહ્યો નથી.

તા. ૧૫ મી સપ્ટેમ્બર ૧૮૯૩.

મતભેદ શા માટે થાય છે?

મારી પહેલાંના એક બોલનારે ધર્મને નામે જગતમાં દેખાતા મતભેદને માટે દિલગીરી દર્શાવી છે અને “ હવે એનો અંત આવે તો ઠીક ” એમ વિનંતિ કરી છે. જગતમાં મતભેદ શા માટે થાય છે, એ પ્રશ્નને સ્પષ્ટ કરવા મારા બાલ્ય-

કાળમાં સાંભળેલી એક વાત હું તમને કહીશ. એક કુવામાં એક દેડકું રહેતું હતું. તે એજ કુવામાં જન્મ્યું હતું, ત્યાંજ પોષણ પામ્યું હતું અને તેમાંજ મોટું થયું હતું. ઉત્ક્રાન્તિવાદીઓ એમ માને છે કે અમુક ઇંદ્રિયને ખોરાક ન મળે તો નિરૂપયોગી થઇ જાય છે; તેમ આ દેડકાનાં નેત્રોને દરરોજ એકને એકજ વસ્તુ જોવાની હોવાથી, તેનાં નેત્રોને બહારનો બીજો ખોરાક ન મળતો હોવાથી તે જોઇ શકતું હતું કે નહિ તે આપણે શાસ્ત્રીય દ્રષ્ટિથી કહી શકીએ નહિ; પણ એ વાર્તામાં એમ જણાવેલું છે કે તે જોઇ શકતું હતું; અને આપણા જંતુશાસ્ત્રીઓ માને છે તે પ્રમાણે, જે અનેક નાના જીવ જંતુઓ પાણીને ખરાબ કરે છે તેમને આ દેડકું ખાઈ જઇ પાણીને સ્વચ્છ રાખવાનું કામ કરતુ હતું; અને કાળે કરીને તે શરીરમાં પણ બળવાન અને પુષ્ટ થયું હતું. કર્મવશાત્ એક દિવસે સમુદ્રમાં નિવાસ કરનારૂં એક બીજું દેડકું એ કુવામાં આવ્યું અને આ બંને દેડકાંઓ વચ્ચે આ પ્રમાણે વાર્તાલાપ થયો.

“ભાઈ, તું કયાંથી આવ્યો ?”

“હું સમુદ્રમાંથી આવ્યો છું.”

“વારૂ, પણ તારો સમુદ્ર કેટલોક મોટો છે ? આ કુવા જેટલો હશે ?” આમ કહેતાં કુવામાં રહેનાર દેડકાએ એક છેડાથી તે બીજા છેડા સુધી એક છલંગ મારી.

સમુદ્રના દેડકાએ કહ્યું: “અરે ભાઇ, તારા આ નાના સરખા કુવાની સરખામણી વિશાળ સમુદ્ર સાથે શી રીતે થઇ શકે ?” પેલા દેડકાએ ફરી એકવાર પાણીમાં ડૂબકી મારી કુવાના એક છેડાથી બીજા છેડા સુધીનો પટ માપી લઈ કહ્યું: “હું ધારૂં છું કે આનાથી મોટો તારો સમુદ્ર નહિ હોય !”

“અરે અક્કલના ખાં ! તારા આ નાના સરખા કૂપ અને મારા અનંત વિસ્તૃત સાગરની તુલનાજ થઇ શકે તેમ નથી.”

કુવામાં નિવાસ કરતું દેડકું મોટેથી પોકારીને બોલ્યું: “ચોક્કસ, તું જૂઠું બોલે છે. મારા કુવાથી વિસ્તારમાં વધારે હોય એવું કોઈ સ્થાન જ નથી.”

આવોજ વ્યવહાર આપણે મનુષ્યોમાં પણ જોઇએ છીએ. એક હિન્દુ પોતાના નાના સરખા ખાબોચીઆમાં રહી તે ખાબોચીઆમાંજ આખું જગત માને છે; તેજ પ્રમાણે ખ્રિસ્ત કે મુસલમાન પણ પોતાના ખાબોચીઆમાંજ આખા વિશ્વને જુએ છે. મારા અમેરીકાનિવાસી બંધુઓ ! આ ખાબોચીઆની દિવાલો તોડી નાખી વિશાળ મેદાનમાં આવીને તમે જે આ સ્તુતિપાત્ર પ્રયાસનો પ્રારંભ કર્યો છે, તેને માટે હું તમારો કેટલો આભાર માનું ? આ તમારા પવિત્ર પ્રયાસના ઉદ્દેશમાં અવશ્ય પ્રભુ તમને સહાયતા આપશે.

તા. ૧૯ મી સપ્ટેમ્બર ૧૮૯૩

હિંદુ ધર્મનું સ્વરૂપ.

ઇતિહાસ કાળના પૂર્વથી ચાલતા આવેલા ધર્મો પૈકી હાલ અસ્તિત્વ ધરાવતા ધર્મો ત્રણ છે. હિન્દુધર્મ, જરથોસ્તીધર્મ અને યાહુદીધર્મ. આ ત્રણે ધર્મોને સખત આઘાતો થયા છે છતાં તેઓ ટકી રહ્યા છે; તેનું કારણ તેના સિદ્ધાંતની દૃઢતા છે. યાહુદી ધર્મને હિન્દુધર્મમાંથી ઉત્પન્ન થએલા ખ્રિસ્તીધર્મેજ છિન્નભિન્ન કરી નાખી તેની જન્મભૂમિમાંથી હદપાર કર્યો છે. જરથોસ્તના ધર્મની પણ લગભગ એજ સ્થિતિ થઈ છે. પૂર્વે જરથોસ્તી ધર્મ હતો એમ દર્શાવવા જેટલીજ આજે પારસીઓની સંખ્યા અવશેષ જોવામાં આવે છે. હિન્દુ ધર્મપર પણ અનેક હુમલા થયા છે, અને તેના પોતામાંથીજ ઉત્પન્ન થએલા પંથો અને સંપ્રદાયોએ તેનાપર એવા પ્રહારો કર્યા છે કે; “પ્રાચીન વૈદિકધર્મનું અસ્તિત્વ ટકી શકશે કે કેમ” એવી ભીતિ પણ અનેકવાર થઇ હતી; પરંતુ આવા પ્રહારો થોડો સમયજ રહી શકયા છે. જેમ પવનને લીધે સાગરમાં થોડો સમય અશાંતિ રહે ને મોજાં જોરથી ઉછાળા મારે; પણ છેવટે એ સર્વ ઉછાળા અને અશાંતિ સાગરની શાંતિમાંજ ભળી જાય છે. તેમ એ સંપ્રદાયોના પવનને લઇને હિંદુધર્મમાં અશાંતિ થઇ હતી, પણ થોડા સમયમાંજ એ મોજાં અને ઉછાળાએ સાગરમાં ભળી જઇ સાગરને વધારે શાંત અને સમર્થ કર્યો છે.

આત્મા અને પરમાત્માના તત્ત્વનિર્ણયના અંતિમ સાધનરૂપ વેદાંત કે જેના એક અંશ માત્રનોજ પ્રતિધ્વનિ કરવા સાંપ્રત ભૌતિકશાસ્ત્રો શક્તિવાન થયાં છે; ત્યાંથી લઇને પૌરાણિક કાલની મૂર્તિપૂજા તથા બૌદ્ધોના શૂન્યવાદ અને જૈનોના નિરીશ્વરવાદનો સમાવેશ સાંપ્રત હિન્દુધર્મમાં થાય છે તમે પ્રશ્ન કરશો કે શું હિંદુધર્મ આમ ભિન્ન ભિન્ન સંપ્રદાયો અને મતોનો એક સંગ્રહજ છે કે તેથી કંઈ વિશેષ? હિંદુધર્મમાં કોઇ એવું તત્ત્વ છે કે જેના ઉપર એ સર્વ સાંપ્રદાયિક ભિન્નતાના ઐક્યનો પાયો હોય? કોઇ એવો સર્વમાન્ય સિદ્ધાંત છે કે જે સર્વને માન્ય હોય? આ પ્રશ્નોનો ઉત્તર દેવા હું આજના વ્યાખ્યાનમાં પ્રયત્ન કરીશ.

હિન્દુધર્મની ઉત્પત્તિ વેદોમાંથી થઇ છે. વેદોને હિન્દુઓ અપૌરૂષેય અને આદિ-અંતરહિત માને છે. કોઈ પુસ્તક આદિ અને અંત વિનાનું હોય એ માન્યતા તમને કદાચ હાસ્યાસ્પદ લાગશે; પણ અહીં એ વાત ધ્યાનમાં રાખવા સરખી છે કે વેદમાં કોઇ વિશિષ્ટ ગ્રંથનો સમાવેશ થતો નથી. જૂદા જૂદા મહાત્માઓએ જૂદે જૂદે સમયે વિશ્વવ્યાપી તત્ત્વસિદ્ધાન્તો શોધી કાઢયા છે, એ સિદ્ધાન્તોના સમુચ્ચયને વેદની સંજ્ઞા આપવામાં આવે છે. ગુરૂત્વાકર્ષણનો નિયમ ન્યુટને શોધી કાઢયો ત્યાર પછીજ તે કાર્ય કરે છે અને જગત તેનું વિસ્મરણ કરી

જાય તો ન પોતાનું કાર્ય બંધ કરી દે તેમ નથી. અર્થાત્ જડ જગતને નિયમમાં રાખનાર નિયમો કાલ અને સ્થળને અધીન નથી, તેમજ ચૈતન્ય વિશ્વમાં પ્રવર્તતા નિયમોના સિદ્ધાન્તો પણ અમુક કાલ કે સ્થળને લઇનેજ હોય તેમ નથી. મનુષ્ય અને મનુષ્ય વચ્ચેનો, તેમજ મનુષ્ય અને આત્મા વચ્ચેનો સંબંધ, મનુષ્યો જાણવા લાગ્યાં તે પહેલાં પણ હતો અને આપણે એ સંબંધને વિસરી જઇએ તોપણ રહેશેજ.

આ સિદ્ધાન્તોનું જેમને પ્રથમ જ્ઞાન થયું તેમને અમે ઋષિઓ કહીએ છીએ અને તેઓ પરમેશ્વરસ્વરૂપ છે, એમ સમજી અમે તેમને માન આપીએ છીએ. આ ઋષિઓ પૈકી કેટલીક સ્ત્રીઓ પણ છે એમ જણાવતાં મને અત્યન્ત આનંદ થાય છે.

અહીં કોઇ શંકા કરશે કે એ સિદ્ધાન્તો કદાચ અંતરહિત હોય પણ તેની શરૂઆત તો અવશ્ય થઇ હોવીજ જોઇએ. એક સમાજ અસ્તિત્વમાં આવતાં, તેના નિયમને માટે અમુક કાયદા કાનુનો કરવાની જરૂર પડે છે; અને સમાજનો નાશ થતાં તે કાયદાનો ઉપયોગ પણ બંધ થાય છે. હવે એ કાયદાનાં મૂળ તત્ત્વ કદાચ સર્વ કાલને માટે સત્ય હોય તોપણ જ્યારે સમાજ ન હોય ત્યારે તો તે મૂળતત્ત્વો નિરૂપયોગી હોઇ કેવળ ભાવરૂપજ રહે છે. કાયદા કે નિયમો તો પદાર્થને લઇનેજ છે; જેથી સમાજરૂપી પદાર્થ નાશ પામતાં તે કાયદો કાયદારૂપ રહે નહિ. અર્થાત્ જગતને કદાચ અન્ત ન પણ હોય, તથાપિ તેનો પ્રારંભ તો હોવોજ જોઇએ. ભૌતિકશાસ્ત્રો એમ જણાવે છે કે વિશ્વના બાહ્ય સ્વરૂપમાં ગમે તેટલો ફેરફાર થવા છતાં તેનું ઉત્પાદક મૂળ તત્ત્વ તો ન્યૂનાધિકતા કે રૂપાન્તરથી મુક્તજ રહે છે. હવે જો આ વિશ્વની કોઇ વાર પણ શરૂઆત હોય તો તે પહેલાં એ ઉત્પાદક તત્ત્વ ક્યાં હતુ, કેવી સ્થિતિમાં હતું, એ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. કોઇ એવો ખુલાસો કરે છે કે તે પરમાત્માના અસ્તિત્વમાં નિષ્ક્રિય રૂપમાં હતું. આ કલ્પનાને જો ખરી માની લઇએ તો એમ માનવાની જરૂરજ પડશે કે પરમાત્મા કોઈ વાર અમૂત સ્વરૂપમાં હોય છે; અને કોઇવાર મૂર્ત સ્વરૂપમાં દૃશ્ય થાય છે. બીજી રીતે જોઇએ તો આમાંથી પરમેશ્વર જડ અને ચૈતન્ય એમ બંને ધર્મવાળો છે એવો અર્થ પણ નીકળે છે. ભિન્ન ભિન્ન પદાર્થોના અસ્તિત્વનો સંયોગ કોઇ સંયોગીકરણ પદાર્થથી થાય છ અને જે જે પદાર્થો સંયોગ્ય છે અર્થાત્ સંયોગના ધર્મને પાત્ર છે, તે નાશના ધર્મને પણ પાત્ર હોવા જોઇએ; કારણ કે સંયોગનો વિયોગ થવો એ વિશ્વનો એક સનાતન નિયમ છે. ઇશ્વરમાં જડ ચેતનના ધર્મોનું આરોપણ કરતાં તે પણ નાશના ધર્મને પાત્ર ઠરશે; પણ એમ હોવુ અસંભવિત હોવાથી એમજ માનવું પડશે કે જગત ન હોય એવો સમયજ નથી.

અનંતકાળ પૂર્વે વિશ્વ હતું, આજે છે અને અનંતકાળ પછી પણ હશેજ. તે અનાદિ અનંત છે.

દાખલા તરીકે કર્તા અને તેની કૃતિ બે સીધી લીટીઓની પેઠે છે. તેમને શરૂઆત નથી તેમ અન્ત પણ નથી. સમાન અંતરે તેઓ બન્ને રહે છે. જ્યાં કર્તા હોય ત્યાં કૃતિ પણ હોવી જોઇએ. ચૈતન્યયુક્ત પરમાત્માની ઉત્પાદક શક્તિ નિરંતર આ સૃષ્ટિ રચવાનું, વ્યવસ્થિત રાખવાનું અને સંહારવાનું કાર્ય કરે છે. આ સૃષ્ટિ અવ્યક્તમાંથી વ્યક્તમાં આવે છે, ને ત્યાં કેટલોક સમય રહી પુનઃ અવ્યક્તમાં લીન થઇ જાય છે. પુનઃ નવીન કલ્પનો પ્રારંભ થતાં એજ અવ્યક્તમાંથી વ્યક્તની ઉત્પત્તિ થાય છે. જેથી આ વિશ્વમાં નવીન એવું કશું નથી.

ऋतं च सत्यं चाभीद्धात्तपसोऽध्यजायत ॥
ततो रात्र्यजायत ततः समुद्रो अर्णवः ॥
समुद्रादर्णवादधिसंवत्सरो अजायत ॥
अहोरात्राणि विदधद्विश्वस्य मिषतोवशी ॥
सूर्याचंद्रमसौ धाता यथा पूर्वमकल्पयत् ॥
दिवं च पृथिवीं चांतरिक्षमथोस्वः ॥

આ સંધ્યાનાં વાક્યોમાં પણ એજ ભાવાર્થ છે.

હું અહીં તમારી સમક્ષ ઉભો છું; હું મારાં નેત્ર બંધ કરી “હું પોતે કોણ?” એ તત્ત્વને શોધવાનો પ્રયત્ન કરૂં છું. હું નેત્રો બંધ કરી દઇ જગતને ભૂલી જાઉં છું. અંતરમાં સ્થિત થતાં “હું” “હું” “હું” એવો ધ્વનિ હું સાંભળું છું. “હું” એટલે કોણ? આ પ્રશ્નના ઉત્તરમાં હું પ્રથમ મારા જડ શરીરને જોઉં છું. મને એમ પ્રશ્ન થશે કે આ મારૂં શરીર તેજ “હું છું?” વેદો કહે છેઃ “નહિ હું શરીર નથી, પણ શરીરમાં રહેનારો આત્મા છું.” “હું” શરીર નથી અને શરીરનો નાશ થાય તોપણ “હું” નો નાશ થવાનો નથી. “હું” શરીરમાં રહેનારો છું. શરીરનો નાશ થવા છતાં “હું” જીવવાનો છું. મારૂં જીવન અનન્ત છે. જેમ હમણાં હું છું તેમ આ શરીરની પૂર્વે પણ હતો. આત્માને કોઇએ નિર્માણ કર્યો નથી. આત્મા જો નિર્માણ થએલી વસ્તુ હોય તોજ તેમાં કાંઇ કારણ આદિ મિશ્ર સંબંધ હોવો જોઇએ; અને જ્યાં મિશ્ર સંબંધ છે, જ્યાં નિર્માણ છે ત્યાં નાશ પણ અવશ્ય થવોજ જોઇએ. જો આત્માનો અર્થાત્ એ “હું” નો જન્મ માનવામાં આવે તો તેનું મૃત્યુ પણ અવશ્ય માનવુંજ પડશે. કેટલાકો જન્મથીજ અત્યન્ત સુખી હોય છે, કેટલાકોની શરીરસંપત્તિ જન્મથીજ આરોગ્ય અને સુદૃઢ હોય છે, કેટલાકો જન્મથીજ શ્રીમાન્ હોય છે. તેમને કોઇની જરૂર પડતી નથી. જ્યારે બીજી દિશામાં જોઇએ તો કેટલાક જન્મ-

થીજ દુઃખી અને કષ્ટપીડત હોય છે; કેટલાક લુલા, લંગડા કે આંધળાજ જન્મે છે; કેટલાક તદ્દન મૂર્ખ હોય છે અને દુઃખ તથા દારિદ્ર્યમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. જો એ બધાનું નિર્માણજ થયું હોય અને તે નિર્માણ કરનાર પરમાત્મા ન્યાયી અને દયાળુ હોય તો એકને સુખી અને બીજાને દુઃખી, એકને શ્રીમાન્ અને બીજાને દરિદ્રી કરવાનું કારણ શું ? આમ હોય તો પરમાત્માના ન્યાય અને દયાળુપણા ઉપર પક્ષપાતનો દોષ નથી આવતો ? કદાચ કોઇ એમ કહેશે કે જે હમણાં દુઃખી છે તે ભવિષ્યના જીવનમાં સુખી થશે, પણ તેમ માનવાથી શંકાનો ખુલાસો થતો નથી. હમણાં પણ શા માટે દુઃખી હોય ? કારણ વિના કાર્ય સંભવે નહિ. જો આજનું જીવન પહેલાંના જીવનનું કાર્ય હોય તો તેનું પણ અમુક કારણ હોવું જોઇએ.

આ સર્વ ઈશ્વરે નિર્માણ કર્યું છે એમ માનવાથી અનેક શંકાઓ થવાનો સંભવ છે. એ કલ્પના માત્ર એટલુંજ દર્શાવી શકે છે કે આ વિશ્વની ઉત્પાદક અને ચાલક અમુક કોઇ મહા સમર્થ પણ ક્રૂર શક્તિ છે, પણ તેમ નથી. માણસો સુખી અને દુઃખી, શ્રીમાન્ અને દરિદ્ર જન્મે છે તેનું કારણ તેનાં પૂર્વ જન્મનાં કર્મો છે અને તેને માટે વે પોતેજ જવાબદાર છે.

પ્રત્યેક પ્રાણી પૂર્વ સંસ્કારને લઇ અમુક અમુક સંયોગોમાં જન્મ ધારણ કરે છે એ વાત માની લેતાં, દરેક માણસના મનની ભિન્ન ભિન્ન સ્થિતિ શા માટે છે એ પ્રશ્નનો એની મેળેજ ખુલાસો થઇ જાય છે. પ્રત્યેક પ્રાણીમાં બે ભિન્નધર્મી પદાર્થોનું મિશ્રણ થએલું જોવામાં આવે છે. આ પદાર્થો પૈકી એક જડ શરીર અને બીજું ચૈતન્યાત્મક મન છે. આપણા જીવનના સંબંધમાં જે અનેકાનેક પ્રશ્નો તત્ત્વની દૃષ્ટિથી આપણને થાય છે, તે સર્વનો ખુલાસો જડ શરીર અને મનના ધર્મોથી થઈ શકતો હોત તો આત્મા જેવા પદાર્થને શોધવાની જરૂર પડત નહિ; પરંતુ ઉપર્યુક્ત ઉભય પદાર્થો જડ છે અને જડદ્વારા વિચારનો ઉદ્ભવ થાય એ અશક્ય છે. જેથી વિચાર શું છે એ પ્રશ્નનો ખુલાસો કરતાં આત્મા જેવા પદાર્થની અપેક્ષા રહે છે.

દરેક પ્રાણીના શરીરમાં તેના માતા પિતાનાં રૂપ રંગના કેટલાક સંસ્કારો દેખાય છે. માતાપિતાના રોગ બાળકમાં ઉતરે છે તેમજ તેમના સૌન્દર્ય અને દૃઢતાનો લાભ પણ બાળકોને મળે છે, એ વાત ચોક્કસ છે; તેમજ શરીરને લઇને કેટલાક ગુણ સ્વભાવમાં પણ બાળક તેના માતાપિતા જેવું થાય એ સ્વાભાવિક છે. તથાપિ એ શારીરિક સંસ્કારોથી ભિન્ન એવા આધ્યાત્મિક સંસ્કારો પણ હોય છે, જે તેનાં કાર્ય અને જીવનની ગતિનો નિર્ણય કરે છે. અમુક બાળકમાં તેનાં માતાપિતાના શરીરના ગુણ અને માનસિક સંસ્કાર હોવા છતાં તેનો ઉપયોગ

જૂદીજ દિશામાં થાય છે, તેમજ તેના સંજોગો પણ જૂદા પ્રકારના હોય છે. આને માટે કોને જવાબદાર માની શકાય? તેનું શરીર, મન અને બુદ્ધિને, તે જે સ્વરૂપમાં હોય છે તેમાં લાવનાર તેની પૂર્વ જન્મની ઇચ્છાઓ અને વિચારો છે. અમુક માબાપને ત્યાં અને અમુક સંજોગોમાં જન્મ થવો એ તેની પૂર્વની ઇચ્છાઓનું પરિણામ છે. પૂર્વની ઇચ્છાઓને યોગ્ય ફળ મળવા માટેજ તેને અમુક શરીર અમુક સંયોગોમાં ધારણ કરવાની જરૂર પડે છે. આ માન્યતા સાથે ભૌતિકશાસ્ત્રને પણ વાંધો આવે તેમ નથી. ભૌતિકશાસ્ત્ર દરેક વસ્તુને સ્વભાવથી સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. 'અમુક વસ્તુનો અમુક સ્વભાવ છે માટે તે અમુક છે, આમ ભૌતિકશાસ્ત્રનો ન્યાય છે. ત્યારે એ સ્વભાવ એટલે શું? ફરી ફરી કરેલું એકનું એક કાર્ય સમય જતાં સ્વભાવ થઇ જાય છે. આપણે દરેક મનુષ્યમાં અમુક પ્રકારનો સ્વભાવ જોઇએ છીએ. દરેક નવા જન્મતા બાળકમાં પણ એ ન્યાયે અમુક અમુક સ્વભાવ તો હોય છેજ. આ સ્વભાવ જો આ જન્મમાં રચાયલો ન હોય તો આપણે માનવુંજ પડશે કે, તે તેના પૂર્વજન્મનાં કર્મો, ઇચ્છાઓ, વિચારો અને કાર્યોનુંજ પરિણામ હોવો જોઇએ.

અત્રે એક બીજી ગંભીર શંકા થવાનો સંભવ રહે છે. પૂર્વ જન્મની આ ભાવના આપણે માની લીધી, તથાપિ એ પ્રશ્ન તો રહેશેજ કે આપણા પૂર્વ જન્મોનું કંઈ પણ આપણા સ્મરણમાં નથી તેનું શું કારણ? આ પ્રશ્નનો જવાબ કઠિન નથી. દાખલા તરીકે હું હમણાં ઇંગ્રેજીમાં વાત કરૂં છું તે મારી માતૃભાષા નથી, અને હમણાં મારી કલ્પનામાં મારી માતૃભાષાનો એક પણ શબ્દ નથી; પણ જો હું ચાહું તો હમણાંજ, એક ક્ષણભરમાં મારી માતૃભાષાના શબ્દો મારી કલ્પનામાં આવી જશે. આપણું જીવન કલ્પનામય છે અને કલ્પના એ મનોમય સાગરની સપાટી માત્ર છે. જેમ જેમ એ સમુદ્રમાં ઉંડા ઉતરતા જઇએ તેમ તેમ ભૂતકાળના સર્વ અનુભવો આપણને પ્રત્યક્ષ થાય છે. જો તમે પણ પ્રયત્ન કરીને અંતરના સાગરમાં ડૂબકી મારો, કલ્પનાના ક્ષેત્રની સપાટીથી ઉંડા ઉતરવાનો પ્રયત્ન કરો, તો તમારા પૂર્વ જન્મને જાણી શકશોજ.

કોઇ પણ સિદ્ધાન્તનો અનુભવ થવો એજ તેની ખરેખરી સિદ્ધિ છે. અમુક તત્ત્વવિચાર ખરો ત્યારેજ કહેવાય કે જ્યારે આપણે તેનો અનુભવ કરી શકીએ. અમારા ઋષિઓએ મુક્તકંઠે કહ્યું છે કે અમારી વાતો માત્ર સાંભળવા કે વિચારવા જેવીજ નથી, પણ અનુભવ કરવા જેવી છે. ઋષિઓએ જણાવ્યું છે કે અમારી પાસે એક એવી ચાવી છે કે જેનાથી કલ્પનાનાં દ્વાર ઉઘાડી જઇ મનુષ્ય તેના ઉંડામાં ઉંડા ભાગમાં જઇ તેનું મંથન કરી શકે છે. તમે પણ તેને અજમાવો, અનુભવમાં ઉતારો, એટલે પૂર્વજન્મનું સ્મરણ થવું દુર્ઘટ નથી

આત્માનું તલવારથી છેદન થઇ શકતું નથી, તે અગ્નિથી દહન થઇ શકતો નથી, જળ તેને ભીંજવી શકતું નથી, પવન તેને સુકવી શકતો નથી; આ પ્રમાણે આત્માનું સ્વરૂપ હિંદુઓ માને છે. પ્રત્યેક જીવાત્મા એક એવું વર્તુલ છે કે જેનો અંત નિશ્ચિત નથી. તે આત્માનું મધ્યબિંદુ અમુક સમય માટે અમુક શરીરમાં હોય છે; અને મૃત્યુનો અર્થ એટલોજ થાય છે કે એ મધ્યબિંદુ એક શરીર બદલી બીજા શરીરમાં પ્રવેશ કરે છે. આમ શરીરમાં મધ્યબિંદુ તરીકે રહેવા છતાં આત્મા શરીરથી બંધાએલો છે એમ માનવું વ્યાજબી નથી. તે અત્યન્ત શુદ્ધ, બુદ્ધ, મુકત અને પૂર્ણ છે. માત્ર ભ્રમણાથીજ તે એમ માને છે કે “ હું શરીર છું—હું જડ પદાર્થ છું.”

આત્મા, નિત્ય, શુદ્ધ, બુદ્ધ અને મુકત છતાં તેને જડ પદાર્થ સાથે બંધન હોવાનો અનુભવ થાય છે એનું કારણ શું, એ પ્રશ્ન અત્રે ઉદ્‌ભવે છે. પૂર્ણજ્ઞાનરૂપ આત્માને “ હું અપૂર્ણ છું ” એવી ભ્રમણા શા કારણથી થાય છે? કોઈ લોક એમ કહે છે કે આ પ્રશ્નનો ઉત્તર આપવામાં હિન્દુ તત્ત્વવેત્તાઓ પાછા હઠી જાય છે, અને આવો પ્રશ્નજ ન હોય તો ઠીક એમ કોઈ કહે છે. કેટલાકોએ અદ્વૈતને સ્થાને દ્વૈતાદિની કલ્પના કરીને આ પ્રશ્નને છોડી દેવાનો પ્રયત્ન કર્યો છે; પરંતુ તેનો સમાધાનકારક ઉત્તર કોઇના તરફથી પણ અપાયો નથી. ગમે તેટલાં સૂક્ષ્મદર્શક યંત્રોનો ઉપયોગ થાય, પણ પરમાણુઓના આકારમાં તેથી ફેર થતો નથી. તો પછી શુદ્ધ અને સંપૂર્ણ પરમાત્માનું સ્વરૂપ અપૂર્ણ અને અશુદ્ધ કેમ થાય? આ એક ગંભીર પ્રશ્ન છે. હિંદુ વિચારકો તેને માટે એમ નથી કહેતા કે ‘ ઈશ્વરની મરજી ’ કિંવા તેનું કંઇ બીજું કારણ છે. તેઓ કહે છે કે “ એ તત્ત્વ અજ્ઞાન છે.” તેઓ આમ ઈન્કાર કરવામાં લજ્જા માનતા નથી. આત્મા શુદ્ધ, બુદ્ધ અને મુક્ત છે એ વાત જેમ ખરી છે તેમ તે શરીરમાં પ્રવેશી પોતાને શરીરરૂપ માને છે એ વાત પણ ખરી છે; પણ તેનું કારણ ‘ અજ્ઞાન ’ છે. કોઇ કદાચ એવો જવાબ આપે કે “ પરમેશ્વરની મરજી;” પણ તે ઉત્તર વ્યાજબી નથી. પરમેશ્વરની મરજી એટલે પણ એજ કે “ હું નથી જાણતો—અજ્ઞાન.”

જીવાત્મા નિત્ય અને પૂર્ણ છે અને મૃત્યુનો અર્થ તેનો નિવાસ, સ્થાનના સ્થિત્યન્તર, સિવાય વિશેષ નથી એમ હિન્દુશાસ્ત્રો માને છે. પૂર્વ જન્મમાં કરેલાં કર્મોનાં ફળ પણ આપણે આ જન્મમાં ભોગવીએ છીએ; અને વર્તમાન જન્મનાં કર્મોથી આપણે ભવિષ્યના જીવનની તૈયારી કરીએ છીએ; એવો અમારો સિદ્ધાન્ત છે. આ પ્રમાણે જીવાત્મા પોતાનાં કર્મો પ્રમાણે વધારે ઉત્કૃષ્ટ કિંવા નિકૃષ્ટ સ્થિતિને પામે છે. અત્રે એક પ્રશ્ન થાય છે કે શું મનુષ્ય સર્વથા આમ પરાધીન છે? જેમ એક નિર્બળ નૌકાને પવનનો ઝપાટો મહાસાગરમાં કોઇ પ્રચંડ મોજાંની સાથે

પછાડે છે; અને તેવા પ્રસંગમાં તે નૌકાને જેમ કોઈ પણ આધાર રહેતો નથી તેવીજ શું મનુષ્યની સ્થિતિ છે? આ કાળના ચક્રથી, આ કર્મોનાં કાર્ય કારણની પરંપરાથી છૂટવાને મનુષ્ય શું સર્વથા નિરૂપાયજ છે? આ પ્રચંડ કાળચક્ર કે જે એક નિરાધાર વિધવા કે અનાથ બાલકના રૂદન તરફ જોયા વિના પોતાના પ્રચંડ બળથી રાય અને રંક સૌને ખેંચી જાય છે; તે પ્રચંડ કાળને તાબે થઇ ઇંદ્રિયોના ગુલામની પેઠે ઇચ્છા, વિચાર અને કર્મ કરી ઇંદ્રિયોની પાશમાં વધારે સપડાવું એજ શું મનુષ્યનું નિર્ણીત પ્રારબ્ધ છે? કાળની કરાલતાનો વિચાર કરતાં મનુષ્ય ખરેખર રંક અને નિર્બળ જણાય છે, પણ શું આવો વિચાર કરી આપણે નિરાશ થઈ જવું? શું આ કાળ અને કર્મોથી મુક્તિ પામવાનો કોઈ ઉપાયજ નથી? મનુષ્યનાં દુઃખ અને ઉંડી નિરાશાનું સાન્ત્વન વેદો કરે છે. એક વૈદિક ઋષિ કહે છે કે; "બાપુ તમે ભય ના પામો, નિરાશ ના થાઓ. તમે સચ્ચિદાનંદ રૂપ છો? જે મૂળ સનાતન બ્રહ્મમાંથી તમે ઉત્પન્ન થયા છો તેને જાણો એટલે કાળને તમે જીતી શકશો; અને જન્મ મરણથી તમે નિર્ભય થઈ શકશો. તે સચ્ચિદાનંદ કે જે સર્વ અજ્ઞાનથી, સર્વ મોહ લોભાદિથી પર છે; તેને જાણવાથી મનુષ્ય અમર થાય છે." મારા અમેરિકન બંધુઓ અને ભગિનીઓ! "તમે સચ્ચિદાનંદ છો" એ વાક્ય કેટલું મધુર અને પ્રોત્સાહક છે? બંધુઓ! તમે પાપીઓ નથી, હિન્દુધર્મશાસ્ત્રો તમને પાપી કહેવાની ના કહે છે. તમે સચ્ચિદાનંદનાંજ સ્વરૂપો છો; તમે પોતેજ સચ્ચિદાનંદ છો. તમે પ્રભુનાં બાળકો છો, તેના અનન્ત આનંદ અને અમર શાન્તિના ભોક્તા પવિત્ર આત્માઓ છો. તમો સ્વર્ગીય પવિત્ર બાળકોને પાપી કહેવાં, એ ખરેખર પાપ છે. મનુષ્યને પાપી કહેવો એ એક ગંભીર ગુન્હો અને અપમાન બરાબર છે. તમે સિંહ છો! સિંહ થઇને બહાર આવો અને માત્ર તમારી ભાવનાથી પોતાને રંક ઘેટાં માની બેઠા છો તે ભાવનાનો ધ્વંસ કરો! તમે અજર, અમર, શુદ્ધ, મુક્ત અને શાન્ત આત્મસ્વરૂપ છો. તમે જડ નથી, તમે શરીર નથી. જડ ઇંદ્રિયજન્ય વ્યાપાર તો તમારા દાસરૂપ છે. જડ તમારૂં દાસ છે તમે કાંઇ તેના દાસ નથી.

સંસારના ચક્રથી છૂટવાનો માર્ગજ નથી, તમારે હમ્મેશાં બંધનમાંજ રહેવું પડશે એવો વેદનો ઉપદેશ નથી. વેદો કહે છે કે આ સર્વ નિયમો જેના અનુરોધને લઇ પ્રવર્તે છે, જે સર્વ જડ અને ચેતન પદાર્થોમાં વ્યાપક છે, જેની આજ્ઞાથી પવન વાય છે, અગ્નિ દહન કરવાનું કામ કરે છે અને મૃત્યુ સંહારનું કાર્ય કરે છે; એવું સર્વવ્યાપી, સર્વથી પર એક મહા તત્ત્વ છે. "તુંજ અમારો પિતા છે, તુંજ અમારી માતા છે, તુંજ અમારો સખા છે, તુંજ સર્વ શક્તિનું અધિષ્ઠાન હોઇ હે પ્રભુ! તું અમને સામર્થ્ય આપ એવી અમે યાચના કરીએ છીએ. આ વિશ્વનો

ભાર ઉઠાવનાર તુંજ છે. અમે અમારા જીવનનો ભાર સહન કરી શકીએ એવું અમને સામર્થ્ય આપ." વેદોના ઋષિઓએ આ પ્રમાણે એ તત્ત્વનું વર્ણન કર્યું છે. આ પરમતત્ત્વની ઉપાસના કરવી એટલે શું ? તેના ઉપર પ્રેમ રાખવો, આ જન્મમાં કે જન્માંતરમાં તેનાથી અધિક પ્રિય આપણને બીજું કંઇ પણ ન હોય, એજ પ્રભુની ઉત્તમોત્તમ ઉપાસના છે. વેદોમાં પરમાત્મા અને તેની ઉપાસનાનો વિધિ ઉપર પ્રમાણે કહ્યો છે જેનું સંપૂર્ણ વિવેચન ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કર્યું છે. શ્રીકૃષ્ણ ભગવાનને અમે હિંદુઓ પરમાત્માના અવતારરૂપ માનીએ છીએ. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે જેમ કમળ જળની વચ્ચે રહેવા છતાં નિર્લેપ રહી શકે છે તેમ તમે સંસારની વચ્ચે રહી સંસારજન્ય વાસનાઓથી નિર્લેપ રહો. કમળ જેમ જળમાં રહે છે પણ જળ તેને સ્પર્શી શકતું નથી, તેમજ મનુષ્યે પણ કર્મો કરવાં પણ તેમાંથી ઉદ્ભવતા સુખ દુઃખથી નિર્લેપ રહેવું જોઇએ. હાથથી કે શરીરથી કર્મ થતું રહે પણ હૃદય તો નિરંતર હરિ પાસેજ રહેવું જોઇએ; એનું નામ કર્મયોગ છે.

કંઇક બદલો મેળવવાની લાલસાથી પ્રભુનું પૂજન કરનારા ઘણા હશે; પણ કેવળ પ્રભુને માટે, તેના પ્રેમને માટે, તેની પ્રાપ્તિનેજ માટે તેની ઉપાસના કરવી, એજ ખરી ઉપાસના છે. તેની પ્રાપ્તિ થયા પછી શાની અપેક્ષા રહે ? ઓ પ્રભુ ! મને ધનની અપેક્ષા નથી, સંતતિ કે જ્ઞાનની અપેક્ષાથી પણ હું તારી પાસે આવ્યો નથી, તારી ઇચ્છા હોય તો ભલે હું આ જન્મ મરણની ઘટમાળમાં ભટક્યા કરૂં, પણ ઓ પ્રભુ ! મને તારા પ્રેમથી વિમુખ ના રાખતો ! તારા માટેજ હું તારાપર પ્રેમ રાખતાં શીખું એજ મારી પ્રાર્થના છે. પ્રેમ કરતાં વિશેષ સુખકારક હોય એવી કોઇ વસ્તુ છે ? પાંડવોના જ્યેષ્ઠ બંધુ યુધિષ્ઠિર મહારાજ શ્રીકૃષ્ણના ભક્ત હતા. વનવાસમાં રાણી પણ સાથે હતી; તેણે એક સમયે કહ્યું કે "મહારાજ, આપ પરમાત્માના ભક્ત અને સદ્ગુણની મૂર્તિ છતાં આપ જેવાને આમ અસહ્ય દુઃખ સહન કરવું પડે તેનું શું કારણ ?" યુધિષ્ઠિરે શાન્ત મુખમુદ્રા રાખી ઉત્તર આપ્યો: રાણી, જુઓ આ હિમાલય પર્વત કેવો મહાન અને સુન્દરતાની સાક્ષાત્ મૂર્તિરૂપ જણાય છે ? તેનાથી આપણને કંઇ લાભ નથી છતાં પણ તે સુંદર અને શીતળ હોવાથી આપણે તેને પૂજીએ છીએ. તેજ પ્રમાણે હું પ્રભુને પૂજું છું. તે મહાન છે, તે સુંદર છે, તે અદ્વિતીય છે, તેને હું શા માટે પૂજું છું તે હું જાણતો નથી, છતાં તેને પ્રેમથી ભજું છું. તેને ભજવાનો મારો સ્વભાવજ થઇ ગયો છે. હું તેની પાસેથી શું માગું ? શી વસ્તુ મેળવવા પ્રયત્ન કરૂં ? તેજ જો મારો હોય તો મારે સુખ અને દુઃખ શું હોય ? ભલે મને તે ગમે તે સ્થિતિમાં મૂકે છતાં હું તો તેને પ્રેમથી ભજું છું અને ભજીશજ. રાણી, પ્રેમ

એ કાંઈ વ્યાપારની વસ્તુ નથી."

આત્મા પૂર્ણ ઈશ્વરરૂપ છે. જડ શરીરથી તે બદ્ધ હોય એવો આભાસ થાય છે અને તે આભાસ એજ બંધન છે; જ્ઞાનપ્રાપ્તિ થતાં એ આભાસનો પડદો ફાટી જતાં આત્મા મુક્ત થાય છે. મુક્ત થાય છે, એટલે જન્મ મરણાદિ તેની અપૂર્ણતાથી, આભાસના બંધનમાંથી મુક્ત થઇને પૂર્ણ થાય છે. પરમાત્માની કૃપા વિના મુક્તિની પ્રાપ્તિ દુર્લભ છે; અને આપણું મન અત્યંત પવિત્ર ન થાય ત્યાંસુધી પરમાત્માની કૃપા દુર્લભ છે. અંતઃકરણ પવિત્ર થતાં આપોઆપજ તેમાં પ્રભુનાં પવિત્ર દર્શન થવા માંડે છે; અને પ્રભુનો પ્રકાશ પડતાં શરીર અને મનમાં દિવ્ય તેજ પ્રકાશવા માંડે છે. પહેલાં જે શરીર આપણને જડ અને મૃતપિંડ જેવું લાગતું હતું, તે હવે હરિના મંદિર સમાન જણાય છે. અંતઃકરણમાંના સારા કે માઠા સર્વ પ્રકારના વિકારો લય પામે છે. બુદ્ધિ નિઃશંક થાય છે, હૃદય શ્રદ્ધાવાન થાય છે. જેને પ્રભુનાં દર્શન થાય છે તેને જન્મ મરણની કાર્યકારણની પરંપરા રહેતી નથી. તેને જન્મ પણ નથી તેમ મરણ પણ નથી. આ એકજ કલ્પનામાં સમગ્ર હિંદુધર્મના સારનો સમાવેશ થાય છે એમ કહીએ તો ખોટું નથી. તમે કહેશો કે હિંદુઓ માત્ર સુંદર કલ્પનાઓજ રચી જડ સૃષ્ટિમાંજ આનંદ માનનારા છે, પણ તેમ નથી. દશ ઇંદ્રિયો અને અગિયારમા મનથી પર પરમાત્માને ભેટ્યા સિવાય હિંદુઓ સંતોષ પામી બેસી શકે તેમ નથી. કોઇ ખરા હિન્દુ સાધુને પૂછવામાં આવે કે "બાવાજી, પરમાત્માનું અસ્તિત્વ છે એમ કેમ માની શકાય?" તો તે એજ ઉત્તર આપશે કે; "મારા પુત્ર! મેં પ્રભુને પ્રત્યક્ષ કર્યા છે, મારી અને તેની ભેટ થઇ છે." આમ કહેનાર મનુષ્યજ પરમાત્માને વાસ્તવિક રીતે ઓળખે છે. તેજ ખરો સાધુ છે. અમુકજ મત સત્ય છે, કિંવા અમુક સિદ્ધાન્તને વળગી રહો; એવો ઉપદેશ હિંદુધર્મે કદિ આપ્યો નથી અને આપશે પણ નહિ. હિંદુધર્મ કહે છે કે અમુક મતની કાર્યસિદ્ધિ કેવલ તેની માન્યતામાં નથી, પણ તેના આચરણમાં છે; વિચારમાં નહિ પણ અનુભવમાં છે.

હિંદુ ધર્મની સર્વ પ્રવૃત્તિ, સર્વ તત્ત્વચિન્તન, સર્વ યજ્ઞયાગાદિનું લક્ષ્યબિંદુ એકજ છે કે પૂર્ણ થવું, દિવ્ય થવું, પ્રભુને પામવું, પ્રભુનું દર્શન કરવું, પ્રભુની સમીપ જવું એટલે સંપૂર્ણ થવું. જેમ જેમ તે સંપૂર્ણ, શુદ્ધ, બુદ્ધ, મુક્ત પ્રભુની સમીપ જવાય છે તેમ તેમ માનુષી અપૂર્ણતા દૂર થઇ પરમાત્માના દૈવી ગુણોનો ઉદય થાય છે; એજ હિન્દુધર્મ છે.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે એ પૂર્ણતા પામેલા મનુષ્યની સ્થિતિ કેવી હોય છે? તેઓ અનન્ત આનંદનો ઉપભોગ કરે છે; તે નિરતિશય સુખોપભોગ કરે છે; તેને કંઇ મેળવવાનું રહેતું નથી; તેને કંઇ પામવાનું, જોવાનું કે જાણવાનું બાકી

રહેતું નથી; અને પરમાત્માને પામીને તે તેના સાહચર્ય સુખનો અનુપમ આનંદ ભોગવે છે.

અહીં સુધી હિન્દુધર્મના ભિન્ન ભિન્ન સંપ્રદાયોના આચાર્યોમાં મતભેદ નથી. સર્વ પંથો અને સંપ્રદાયોમાં સામાન્ય હોય એવી બાબતોનુંજ અહીં સુધી નિરૂપણ થયું છે; પરંતુ પૂર્ણત્વની વ્યાખ્યામાં મતભેદ છે. પૂર્ણત્વ બે કે વધારે વસ્તુઓનું ભિન્ન ભિન્ન હોય એ શક્ય નથી. આ પૂર્ણ, તે પૂર્ણ, અમુક પૂર્ણ એમ કહી શકાયજ નહિ. પૂર્ણત્વ તો એકજ હોઇ શકે. તેમજ પૂર્ણત્વની સ્થિતિમાં જીવાત્મામાં કોઈ પણ પ્રકારના ગુણ ધર્મ અવશેષ રહે એ પણ સંભવિત નથી. જેથી જીવાત્મા પૂર્ણત્વને પામે છે એનો અર્થ પરમાત્મા જે પૂર્ણ છે, સચ્ચિદાનંદ છે, તેમાં એક થઇ જઇ તેને સચ્ચિદાનંદનો અનુભવ થાય છે. કેટલાક લોકો એમ કહે છે કે "આપણું વ્યક્તિત્વ ન રહે તો પછી આપણામાં રહેજ શું? અહંતા મમતા ન હોવી એટલે કાષ્ઠ કે પાષાણ જેવી જડ સ્થિતિ પ્રાપ્ત કરવી એજ એનો અર્થ છે;" પણ એ વાત અનુભવશૂન્ય છે. જડ પદાર્થો અને વ્યક્તિત્વ રૂપી જડતા સિવાય ત્રીજી કોઇ પરમાનંદરૂપી સ્થિતિ હોવાનું તેઓ માનતાજ નથી. જેમનાથી રણક્ષેત્ર જોવાનું પણ ન બન્યું હોય એવા કાયરો વીરપુરૂષોના જખમો જોઇ તેમનાપર ટીકા કરે એ અસ્વાભાવિક નથી; પણ એવી ટીકા કરવાથી લાભ તો નથીજ, જે રણક્ષેત્રમાં જતાં પણ ધ્રૂજે છે, તેના કરતાં જે ત્યાં જઇ જખમો સહન કરે છે તેજ વધારે બળવાન છે; અને તેને જે વીરતાનો આનંદ મળે છે તે તેજ જાણે છે. બ્રહ્મજ્ઞાન પામી ઇંદ્રિયોના આભાસમય વ્યવહારથી મુક્ત થવું, વ્યક્તિત્વનું વિસ્મરણ કરવું, એ જડતા ધારણ કર્યા જેવું છે એમ કહેનારાની એ સખ્ત ભ્રમણા છે. આપણા એકજ શરીરમાં ચૈતન્યનો અનુભવ કરતાં, આપણી ઉપાધિ ભૂલી જતાં કેટલો આનંદ થાય છે? એજ પ્રમાણે જો બે ત્રણ શરીરોમાં આપણે ચૈતન્ય જોઇ શકીએ તો આપણો આનંદ કેટલો વિશેષ થઇ શકે? ત્યારે "આ સમસ્ત જડ ચેતન વિશ્વમાં આત્માજ વ્યાપક અને ભરપૂર છે અને તે આત્મા આપણા આત્માથી ભિન્ન નથી" એવો અનુભવ થતાં આપણા આનંદમાં કેટલો વધારો થાય એ તમે પોતેજ વિચારી લ્યો.

પૂર્ણત્વ પામ્યા વિના આનંદ નથી અને પૂર્ણત્વ પામવાની જ્યાં જિજ્ઞાસા છે, જ્યાં સર્વમાં ચૈતન્ય જોવાની જિજ્ઞાસા છે; ત્યાં આ નાના સરખા શરીરનેજ પોતાનું માની લેવાની લાલસાનો અવશ્ય ત્યાગ થવોજ જોઇએ. આ શરીર રૂપી બંધનમાંથી અહંભાવ ગયો ત્યાં પછી મૃત્યુ ક્યાં? સુખ ક્યાં અને દુઃખ ક્યાં? જન્મ કોને? પોતાનું જ્ઞાન થતાં, આત્માને જાણતાં સર્વ વિશ્વનું જ્ઞાન થાય છે; અને વિશ્વને તેના ખરા સ્વરૂપમાં જાણતાં ભ્રમણાનો નાશ થાય છે. આ

ભાવના ન્યાયસંમત છે. તર્ક તેનાથી વિરૂદ્ધ જઈ શકે તેમ નથી. આજે જે શરીર હું ધારણ કરૂં છું તે કાયમ નથી. તે ક્ષણે ક્ષણે બદલાયા કરે છે. અમુક દ્રવ્ય તે બહારથી મેળવે છે અને અમુક દ્રવ્યનો તેને વ્યય કરવો પડે છે, આમ ભૌતિકશાસ્ત્ર પણ જણાવે છે. આ શરીર હમ્મેશાં મારૂં એકલાનુંજ રહે તેમ નથી; તેમજ તેમાં જે ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે તેમાં પણ મારી સત્તા નથી. તેનું અસ્તિત્વ સ્વતંત્ર નથી પણ સંયોગો અને કર્મને આધારે છે; તેથી થોડો વખત આપણા આ જીવનના સમયમાં જે સ્વતંત્રતાનું આપણને ભાન થાય છે, તે વાસ્તવિક સ્વતંત્રતા નથી, પણ એક સ્વપ્ન છે આમ ભૌતિકશાસ્ત્રો કહે છે. હવે જો શરીર સ્વતંત્ર ન હોય તો સ્વતંત્રતાનું ભાન કરનાર આત્મા અવશ્ય સ્વતંત્ર હોવોજ જોઇએ; અને એ આત્મા જો સ્વતંત્ર અને સંપૂર્ણ હોય તો તે પરમાત્માથી ભિન્ન ન હોઇ શકે. આ એકજ વાત વેદાન્તે પ્રતિપાદન કરી છે.

પ્રત્યેક શાસ્ત્રની પ્રવૃત્તિ આ વિશ્વ અને તેનું મૂળ શોધી કાઢવાની છે; પણ મૂળનો પત્તો મળતાં તો તે શાસ્ત્રની પ્રવૃત્તિને આગળ વધવાનો અવકાશજ રહેતો નથી. પૃથ્વીમાંના આ ભિન્ન ભિન્ન પદાર્થો એકજ તત્ત્વમાંથી નિર્માણ થયા છે એમ નિશ્ચય થતાં રસાયનશાસ્ત્રને બીજું શું શોધવાનું રહે છે? તેમજ આ વિશાળ વિશ્વમાં પ્રત્યક્ષ થતી ભિન્ન ભિન્ન શક્તિઓ એકજ મૂળ શક્તિમાંથી ઉદ્‌ભવી છે એનો નિર્ણય થતાં પદાર્થ વિજ્ઞાનને વિશેષ જાણવા કે જણાવવા જેવું શું રહે છે? તેજ રીતે મૃત્યુને વસ્તુમાત્રમાં જાણી, વસ્તુમાત્રને નાશવંત જાણી તેમાં ચૈતન્યનું દર્શન થયું, વિશ્વ સમગ્રમાં ઈશ્વરની પ્રતીતિ થઇ કે પછી ધર્મને શું જણાવવાનું બાકી રહે છે? આ ક્ષણે ક્ષણે બદલાઇ જતા વિશ્વમાં ન બદલાય, નિર્વિકારી રહે એવી વસ્તુનું જ્ઞાન પામવું, અનંત રૂપોમાં દેખાતા જીવાત્માઓ વાસ્તવિકમાં એકજ પરમાત્માનાં ભ્રમણાથી દેખાતાં ભિન્ન ભિન્ન સ્વરૂપો છે એમ અનુમાન અને અનુભવથી સિદ્ધ કરવું; અને આ સર્વ ભિન્ન ભિન્ન જણાવા છતાં જ્ઞાનની દૃષ્ટિથી જોતાં તે એકજ તત્ત્વ છે એમ અનુભવમાં ઉતારવું, એ ધર્મનું અંતિમ સાધ્યબિંદુ છે. એ પ્રાપ્ત થતાં ધર્મશાસ્ત્રને જાણવા જેવું બાકી શું રહે છે? તેથી આગળ વધી ધર્મશાસ્ત્રને શું જણાવવા જેવું છે? કેટલાક ધર્મોએ આ તત્ત્વ જાણ્યું છે અને કેટલાક જાણવાના માર્ગમાં છે. સમય એવો આવશે કે જ્યારે દરેક ધર્મને અવશ્ય આ તત્ત્વ જાણવાની જરૂર પડશે.

કોઇ પણ વસ્તુનો નાશ થતો નથી અને કોઇ પણ વસ્તુ નવીન નિર્માણ થતી નથી. જગતમાં દેખાતું પરિવર્તન એ માત્ર વસ્તુઓનું રૂપાંતરજ છે. આ સિદ્ધાન્તને ભૌતિકશાસ્ત્રો જોરદાર ભાષામાં જૂદા જૂદા સ્વરૂપમાં સિદ્ધ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છે, એ પ્રયત્નો જોઇ અમને અત્યન્ત આનંદ થાય છે; કારણ કે

અમારા ઋષિમુનિઓએ જે હજારો વર્ષો પહેલાં સિદ્ધ કર્યું છે અને હજારો વર્ષોથી અમે હિન્દુઓ માનતા આવ્યા છીએ, તેજ તત્વો ભૌતિકશાસ્ત્ર સ્પષ્ટ અને સમર્થ ભાષામાં પ્રત્યક્ષ પ્રમાણો આપીને જણાવે છે.

આટલા સુધી આપણે ફક્ત હિન્દુધર્મના અત્યન્ત ઉજ્જવલ સ્વરૂપનો વિચાર કર્યો છે. હવે અજ્ઞાન અને સાધારણ વર્ગના ધાર્મિક વિચારોનું આપણે અવલોકન કરીએ. મારે શરૂઆતમાંજ જણાવવું જોઇએ કે કહેવાય છે તેમ હિન્દુસ્તાનમાં અનેકેશ્વરવાદ પ્રચલિત નથી. હિન્દુસ્તાનમાં કોઇ મંદિર પાસે ઉભા રહી ત્યાં થતા દેવપૂજનના વિધિનું લક્ષપૂર્વક અવલોકન કરીએ તો સ્પષ્ટ જણાય છે કે દરેક દેવતાના ભક્તો પોતાના ઇષ્ટ દેવમાં સર્વસાક્ષિત્વ, સર્વવ્યાપકતા ઇત્યાદિ પરમાત્માના ગુણોનું આરોપણ કરે છે. જો આવી સ્થિતિ છે તો પ્રશ્ન એ થશે કે હિંદુસ્તાનમાં અનેક દેવોની પૂજા થાય છે, તેનું શું કારણ? આમ થવામાં માત્ર નામભેદજ છે, ભાવનાભેદ નથી. ગુલાબના પુષ્પને કોઇ ગમે તે નામ આપે તેથી તેની સુવાસમાં જરા પણ ફેર પડવાનો સંભવ નથી, તેમજ એકજ ભાવનાથી પૂજ્ય પરમાત્માને જૂદાં જૂદાં નામો અપાય છતાં તે અનેક નહિ પણ એકજ છે.

હું નાનો હતો ત્યારે એક ખ્રિસ્તી ઉપદેશકને લોકોનાં એક ટોળા પાસે વ્યાખ્યાન આપતાં સાંભળ્યો હતો. તેણે પોતાના વ્યાખ્યાનમાં કહ્યું કે, “ જો તમારી મૂર્તિને હું લાકડીવતી તોડી નાખું તો મને તે મૂર્તિ શું કરી શકે તેમ છે ?” એક સાંભળનારાએ કહ્યું કે, “ આકાશમાં નિવાસ કરતા તમારા પ્રભુને હું ગાળો દઉં અને તેની નિન્દા કરૂં તો તે પણ મને શું કરી શકે તેમ છે ?” પાદરીએ કહ્યું: “એ અધમ કૃત્યને માટે મારો પ્રભુ તારા મૃત્યુ પછી તને સજા કરશે.” તે હિન્દુએ કહ્યું: “મારી મૂર્તિમાં રહેનાર પ્રભુ પણ તારા મૃત્યુ પછી તને તારા અધમ કાર્ય માટે સજા કરશે.”

વૃક્ષની મહત્તા અને મૂલ્ય તેનાં ફળોને લઇનેજ છે? મૂર્તિપૂજકોમાં પણ મેં એવા તો પવિત્ર; નીતિવાન, પ્રમાણિક અને ઉદાર મનુષ્યો જોયા છે કે જેવા મેં અન્યત્ર જોયાજ નથી. અને તેથી મને પ્રશ્ન થાય છે કે જો એઓ પાપજ કરતા હોય તો પવિત્રતા અને પુણ્ય ક્યાથી પ્રાપ્ત કરી શકે?

ધર્મનું ભોળાપણું એ પણ મનુષ્યની ઉન્નતિમા બાધક છે એ વાત ખરી; પરંતુ પોતાના મતને માટે દુરાગ્રહ એ એથી પણ વિશેષ ખરાબ છે. એક ખ્રિસ્તીએ પ્રાર્થના કરવા દેવળમાં જવું, ક્રૉસનેજ પવિત્ર માનવો અને પ્રાર્થના સમયે નેત્રો આકાશ તરફ રાખવા, એનું કંઇ કારણ? કૅથોલીક ધર્મવાળા અનેક પ્રકારની મૂર્તિઓ રાખે છે તેની શી જરૂર છે? તેમજ શું તમે એમ કહેવા માગો છો કે પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તીઓ પણ પોતાની પ્રાર્થના વખતે મૂર્તિના કલ્પનાથી વિમુક્ત

રહી શકે છે? જેમ શ્વાસોચ્છ્વાસ વિના જીવવું અશક્ય છે, તેજ રીતે કોઇને કોઇ રૂપ કે ગુણની મૂર્તિ કલ્પ્યા સિવાય સદ્ગુણોનું ચિંતવન થવું અશક્ય છે. જ્યાં સુધી ચિંત્વનનો વિષય છે ત્યાં સુધી કોઇને કોઈ પ્રકારની મૂર્તિ અવશ્ય આપણી આંતર દ્રષ્ટિ સમક્ષ ખડી રહેવાનીજ. આપણે જડમાંજ જીવીએ છીએ, જડનેજ જોઈએ છીએ અને જડમાંજ વિચાર કરીએ છીએ. એ સર્વ જડ વિષયને એકાએક ભૂલી જઇ ચૈતન્યમાં લીન થઇ જવું, એ શું નેત્રો મીંચી લેવા જેવી સહેલી વાત છે? એજ કારણથી હિન્દુઓએ ગુણનું ચિન્ત્વન કરવા જડ મૂર્તિને ગુણસ્વરૂપે યોજી લીધી છે. ગુણોનું સ્મરણ કરવાને મૂર્તિ એક સાધન છે. પરમાત્માને સગુણ કલ્પી, તેના ચિંત્વનમાં મનને રોકવાથી મન વિષયોમાં ભટકવાથી અટકે છે અને મનને સ્થિર કરવા માટેજ મૂર્તિપૂજા આવશ્યક છે. આ વાત લક્ષ્યમાં રાખવાની છે કે મૂર્તિનેજ તેના પૂજકો પરમાત્મા કહેતા નથી. જેઓ મૂર્તિપૂજાથી વિરૂદ્ધ હોવાનું જણાવે છે તેઓ પણ બીજી રીતે તો મૂર્તિપૂજામાંજ નિમગ્ન છે. આપણે પ્રાર્થના કરતાં કહીએ છીએ કે "ઓ પ્રભુ ! તું સર્વવ્યાપક છે," પણ સર્વવ્યાપક કહેતાં તરતજ વિશાળ આકાશ કે અગાધ સમુદ્રની કલ્પના આપણને આવ્યા વિના રહેતી નથી; અને તે કલ્પનામય વસ્તુ પણ એક પ્રકારે મૂર્તિજ છે.

વાસ્તવિક રીતે વિચાર કરીએ તો એટલું સ્પષ્ટ જણાઇ આવે છે કે, મનુષ્યમાં જ્યાં સુધી સ્વભાવ (પ્રકૃતિ) છે ત્યાં સુધી તેની ધર્મવિષયક ભાવના સાથે કોઇને કોઇ પ્રકારનું જડ રૂપ રહેવાનુંજ. આપણા મનની રચનાજ એવી છે કે કોઇ જડ વસ્તુના યોગ સિવાય ગુણોનું ચિંત્વન તે કરી શકતુંજ નથી. પછી તે જડ પદાર્થ ગમે તો સમુદ્ર હોય કે આકાશ હોય, અગ્નિ હોય કે ખ્રિસ્તનું દેવળ હોય, ક્રૉસ હોય કે મસ્જીદ હોય ! એમાંથી હિન્દુઓએ પોતાની ઈશ્વરવિષયક કલ્પનાને મૂર્તિ સાથે જોડી દીધી છે એટલુંજ. બાકી કાંઇ ઈશ્વરની ઉત્તમ કલ્પના, તેનું સર્વવ્યાપિત્વ, તેની દયા, તેની ઉદારતા આદિ ગુણોનું ચિંત્વન હિન્દુઓ નથી કરતા એમ નથી. ઉલટા જેઓ ઉપરથી મૂર્તિપૂજાને અને પૂજકોને નિન્દનારા અને ધિક્કારનારા છે, તેમના વિચારો કરતાં હિન્દુઓના ઈશ્વરવિષયક વિચારો ઉચ્ચ છે. મૂર્તિનિન્દકો ધર્મને બહુ તો નીતિના એક બંધનરૂપ અને અમુક વર્ગ સુધીના પોતાના ભાઇઓને સહાયતા કરવાના ઉપદેશરૂપેજ જુએ છે, ત્યારે હિંદુઓનો ધર્મ પોતાને જોવમાં, પોતાના આત્માનો અનુભવ કરવામાં છે. પ્રભુને સમજવાથી, પ્રભુનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી મનુષ્ય પ્રભુરૂપ થાય છે અને મૂર્તિ, મંદિર, ધર્મશાસ્ત્રો ઇત્યાદિ તો માત્ર તેમાં ટેકારૂપ છે. બાળપણમાં જેમ બાળકને ટેકાની જરૂર પડે છે પણ બળ આવતાં તે સ્વયં છૂટી જાય છે; તેમજ ઈશ્વરજ્ઞાન પ્રાપ્ત થતાં મંદિર, મૂર્તિ આદિની જરૂર રહેતી નથી. મનુષ્યે પણ સદા બાળકની માફક

મૂર્તિ, મંદિર, ધર્મશાસ્ત્રો આદિ રમકડાંમાં ગુંથાઇ રહેવાનું નથી પણ તેનાથી આગળ વધવાનું છે.

વેદો કહે છે કે મૂર્તિપૂજા એ ધાર્મિક જીવનમાં પ્રથમ પાયરી છે, માનસિક પૂજા એ દ્વિતીય પાયરી છે અને સાયુજ્ય કિંવા પ્રભુમાં ઐક્યાનુભવનું પરમ સુખ એ ધર્મભાવનાની અંતિમ ભૂમિકા છે. એક મૂર્તિપૂજક પણ પોતાની મૂર્તિ પાસે પ્રાર્થના કરે છે કે ઓ પ્રભુ ! સૂર્યનો કે ચંદ્ર કિંવા અગ્નિનો પ્રકાશ પણ તને પ્રકાશવાને અસમર્થ છે. તું તે સર્વથી પર છે, સર્વ પ્રકાશ તારાવડેજ છે. આવી તેની પ્રાર્થના હોય છે. તે મૂર્તિદ્વારા પણ પ્રભુનીજ શક્તિને જુએ છે અને તેનું સર્વત્ર દર્શન કરી સંતોષ પામે છે. તે કોઇ પણ મત કે પૂજાને ધિક્કારતો નથી, તે સમજી શકે છે કે ગમે તે રીતે લીધેલું નારાયણનું નામ વ્યર્થ જતું નથી. માત્ર તે શ્રદ્ધાપૂર્વક લેવાવું જોઇએ. ધર્મની સર્વ ભૂમિકાઓ અધિકારાનુસાર છે, અને તે યોગ્યજ છે. વૃદ્ધ, વૃદ્ધ હોઇને યુવાનને ધિક્કારે અને યુવાન, યુવાન હોઇને બાળકને ધિક્કારે એ જેમ અઘટિત છે, તેમ ધર્મમાં પણ અંતિમ ફળ એકજ હોવાથી ઉંચી પાયરીવાળા નીચી પાયરીવાળાને ધિક્કારે એ અયોગ્ય છે.

જો કોઇ એક મનુષ્યને મૂર્તિદ્વારાજ તેના પવિત્ર આત્માને અથવા પ્રભુને ભેટવાનો માર્ગ મળતો હોય તો તે પૂજાને પાપ કહેવું એ શું યોગ્ય છે ? અને એ ભૂમિકા પસાર કરી તે મનુષ્ય માનસિક પૂજાનો અધિકારી થાય ત્યારે તેણે પોતાના પ્રથમના કાર્યને પાપ માનવું ? જેમ કેટલાકો માને છે કે માણસ અસત્યમાંથી સત્યમાં જાય છે, અસત્યનો અનુભવ કરતો કરતો સત્યને જાણે છે, પણ તેવો અમારો હિંદુઓનો સિદ્ધાન્ત નથી. અમે માનીએ છીએ કે મનુષ્ય સત્યમાંથીજ સત્યમાં જાય છે. તેની સર્વ ભૂમિકાઓ સત્યરૂપ છે. એક ભૂમિકામાં સત્ય કંઇક વિશેષ આવૃત્ત સ્થિતિમાં છે, ને બીજી ભૂમિકામાં તે વધારે સ્પષ્ટ જણાય છે એટલોજ ભેદ છે. સર્વ ધર્મો અને મૂર્તિપૂજાની ભાવનાથી મોક્ષની ભાવના પર્યન્તની સર્વ ભાવનાઓ એ માત્ર સત્યને શોધવા માટેના જીવાત્માના પ્રયત્નોજ છે. દરેક પ્રયત્ન તેના દેશકાળને લઇ ન્યૂનાધિક આવૃત્તિ કે સ્પષ્ટ જણાય છે અને તે ઉપરથીજ જીવાત્માની ઉન્નતિ ક્યાં સુધી થઇ છે તેનું અનુમાન થઈ શકે છે. જેમ ગરૂડ પક્ષીનો અવિશ્રાન્ત પ્રયત્ન સૂર્યને પહોંચવાનો છે, તેમ દરેક જીવાત્માનો અવિશ્રાન્ત પ્રયત્ન એ અવિનાશી પ્રભુને પામવાનો છે. તે વિશેષ બળ અને સાધનો પ્રાપ્ત કરતાં કરતાં સંપૂર્ણ અધિકારી થઇને પોતાના લક્ષ્યને પામે છે ત્યારેજ જંપે છે. આ ભિન્ન ભિન્ન નામરૂપમાં ભાસતા વિશ્વમાં ખરી રીતે ભિન્નતાજ નથી એમ પ્રત્યેક હિન્દુ સમજે છે. જ્યારે બીજા ધર્મોમાં પોતાના અમુક સિદ્ધાન્તો પ્રતિપાદન કરી તે, દરેકે માનવા જોઇએ એવો આગ્રહ કર્યો

જણાય છે. કોઈ ધારે કે એકજ કોટ જેક, જૉન અને હેન્રી ત્રણેને આવી રહેશે, પણ તેમ થતું નથી. એકજ કોટ સર્વને બરાબર થઇ રહે એ અસંભવિત છે. આમ થાય તો કેટલાકોને કોટની જરૂર હોવા છતાં કોટ વિના ચલાવી લેવાની ટેવ પડે છે. હિન્દુઓના ધર્મનો અર્થ 'બંધનકર્તા સત્ત્વ' નથી. તેઓ માને છે કે કૃષ્ણની કે રામની, કાળીની કે ભૈરવની મૂર્તિદ્વારા, વધસ્તંભ કે અર્ધચંદ્ર (બીજનો ચંદ્રમા) દ્વારા પ્રભુના ગુણોનો વિચાર થઇ શકે છે; એ સર્વ તો સાધનો છે, પણ દરેકે એ સાધનોનોજ ઉપયાગ કરવો જોઇએ એવો હિન્દુધર્મનો આગ્રહ નથી. આ સાધનોનો ઉપયોગ નથી કરતા તે બધા મૂર્ખ છે, એમ પણ હિન્દુ ધર્મનું કથન નથી. કેટલાકોને એ બાહ્ય સાધનોની અપેક્ષા છે, કેટલાકોનો અધિકાર તેથી ઉચ્ચ છે; પણ તે ઉભયનો માર્ગ એકજ વસ્તુને પામવાનો છે, અને તેથી કોઇએ કોઇને અસત્ય માર્ગગામી કહેવું એ યોગ્ય નથી.

બીજી એક વાત તરફ પણ મારે તમારૂં લક્ષ ખેંચવાની જરૂર છે. જો કોઇએ તમને એમ સમજાવ્યું હોય કે મૂર્તિપૂજામાં કંઇ ભયંકર વિધિ છે, તો તે વાત સત્ય નથી. બીજા ધર્મની પેઠે હિન્દુઓના ધર્મવિધિમાં પણ દોષ હશે એ હું કબૂલ કરૂં છું; પણ હિન્દુની સદોષ કલ્પના બીજાને ત્રાસ આપવા માટે નથી. કદાચ એથી કોઇને પણ હાનિ હોય તો તેમને પોતાનેજ છે. તેઓ ધર્મને નામે પોતાને દુઃખી કરતા હોય એવી કાશીમાં કરવત મૂકાવવાની અને પતિના શબ સાથે સતી થવાની વાતો આપણે સાંભળીએ છીએ; પણ યૂરોપમાં ધર્મને નામે અનેક સાધુ પુરૂષોને કતલ કરવાના, જીવતા બાળી મૂકવાના, સાધ્વીઓને ડાકણો માની તેમને મારી નાખવાના જે દાખલાઓ ખ્રિસ્તી ધર્મમાં બન્યા છે, તેવા કોઈ પણ વખતે હિન્દુ ધર્મમાં બન્યા નથી. અલબત ઉપલા દોષો માટે ખ્રિસ્તી ધર્મ જવાબદાર છે એમ મારા કહેવાનો ભાવાર્થ નથી; પણ તેજ પ્રમાણે હિન્દુઓની સદોષ ધર્મકલ્પના માટે હિન્દુધર્મ પણ જવાબદાર નથીજ.

સર્વ ધર્મો કે સંપ્રદાયો એકજ લક્ષ્યને પામવાના ભિન્ન ભિન્ન માર્ગોજ છે; અને મતભેદો હોવા છતાં તેમાં પણ સત્યજ જૂદા જૂદા રૂપમાં દેખાય છે એમ હિન્દુઓ માને છે. દરેક ધર્મ, મનુષ્યને, વિષયોમાં અને તજ્જન્ય વ્યવહારમાં બંધાએલા પામર જીવને, પ્રભુ તરફ આકર્ષીને પવિત્ર, ઉદાર અને સર્વ પ્રત્યે પ્રેમી કરવાનોજ પ્રયત્ન કરે છે; અને દરેક ધર્મનો હેતુ પ્રભુ તરફ જવાનો હોવાથી પ્રભુજ પોતે દરેક ધર્મના પ્રોત્સાહક છે. આટલા સંપ્રદાયે અને મતમતાંતરોમાં વિકટ મતભેદ હોવા છતાં, તે મતભેદ માત્ર બાહ્ય છે અને ઇષ્ટ છે એમજ હિંદુઓને લાગે છે. દરેક મનુષ્યનો અધિકાર તેના સન્જોગો અને દેશકાળ પ્રમાણે ભિન્ન હોવાથી મતભેદ સંભવિત છે, પણ દેશકાળાદિ તો માત્ર ઉપાધિભેદ છે; તેનો નાશ થતાં અને

જ્ઞાનની પ્રાપ્તિ થતાં મનુષ્યને સર્વ ધર્મોમાં એકજ સત્ય દેખાય છે. ‘ અમુક મનુષ્ય હિન્દુ છે માટેજ તેને મુક્તિ મળવી જોઇએ ’ એમ કોઇ પણ સંસ્કૃત ધર્મગ્રંથમાંથી શોધી આપવા હું આખા જગતને આહ્‌વાન કરૂં છું. જેમ સૂર્યને જૂદા જૂદા રંગના કાચમાંથી જોવાથી તે જૂદા જૂદા રંગનો દેખાય છે, છતાં તે તેવો ને તેવોજ રહે છે; તેમ સત્ય તે સત્યજ છે. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે “**मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ।**” ‘ જેમ મોતીની માળામાં સૂત્ર પરોવાએલું છે તેમ સર્વ ધર્મોમાં હે ધનંજય ! મારૂં અસ્તિત્વ માન ! ’ તેમજ “**यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा । तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसंभवम् ॥**” જ્યાં તું કંઇ પણ લોકોત્તર પવિત્રતા કે સામર્થ્ય જુએ, કે જે માણસ જાતની શુભ ઉન્નતિ અને પવિત્રતાની વૃદ્ધિને માટે વપરાતાં હોય, ત્યાં તું મારૂંજ અસ્તિત્વ જો ! ગમે તે દેશ કાળમાં થએલા પવિત્ર અને સમર્થ મનુષ્યને અમે હિન્દુઓ પૂજ્ય માનીએ છીએ. વ્યાસ મહારાજ કહે છે કે, “ અમારી જાતિ અને ધર્મથી બહાર પણ ઘણા પૂર્ણતાને પામેલા મનુષ્યો મેં જોયા છે. ” આમ માનનાર હિન્દુઓએ બુદ્ધ ધર્માનુયાયીઓનો કે જૈનોનો પણ કોઇ વાર તિરસ્કાર કર્યો નથી. જે ધર્મોમાં ઇશ્વરની ભાવનાને ગૌણ માનવામાં આવી છે; જે ધર્મોમાં ઇશ્વરની ભાવનાને ઉડાવી દેવામાં આવી છે; તે પણ અન્યથા પ્રભુ તરફજ આગળ વધે છે; તે પણ જીવોને પામરપણામાંથી પ્રભુતા તરફજ લઇ જાય છે; તેથી કોઇ પણ ધર્મ સાથે હિન્દુધર્મને દ્વેષ નથી.

પ્રિય બંધુઓ અને ભગિનીઓ ! આ પ્રમાણે હિન્દુધર્મના સામાન્ય સ્વરૂપની મેં તમને રૂપરેખા આપી છે. હિન્દુ ધર્મે અનેક દોષો પણ કર્યા હશે, હિન્દુધર્મની અનેક ભાવનાઓ માત્ર ભાવના રૂપેજ રહી હશે, તથાપિ જો કોઇ પણ ધર્મ સમસ્ત ભૂમંડળમાં સાર્વત્રિક અને સાર્વજનિક ધર્મ થવાને યોગ્ય હોય તો તે કાળ અને સ્થળની સાથે બંધાએલો ન હોવો જોઇએ; તેના સિદ્ધાન્તો એવા ન હોવા જોઇએ કે તે અમુક સ્થળ કે અમુક કાળને માટેજ સત્ય કે માન્ય હોય ! જાતિ અથવા વર્ણના ભેદ સિવાય કૃષ્ણ અને ક્રાઇસ્ટ, બુદ્ધ કે મહમ્મદના અનુયાયીઓને એકસરખું વાસ્તવિક જ્ઞાન બતાવી શકે એવો તે ધર્મ હોવો જોઇએ. બ્રાહ્મણધર્મ, બુદ્ધધર્મ, ખ્રિસ્તનો ધર્મ કે મહમ્મદનો ધર્મ એ સર્વ ધર્મોનું સ્વરૂપ જ્યાં આત્યંતિક ઐક્યથી જોઇ શકાય, આ સર્વ ધર્મો પ્રત્યે પ્રેમથી જોઇ શકાય, એવું તે ધર્મનું સ્વરૂપ હોવું જોઇએ. એક પાપી અને પશુ પક્ષીથી તે ઠેઠ પ્રભુની સમીપ પહોંચેલા સાધુ પર્યન્તના બધામાં જે ધર્મમાં પોતાને માટે સ્થાન જોઇ શકે, એ સર્વને જે ધર્મ પોતાની વિસ્તૃત ભુજાઓમાં પ્રીતિ અને દયાથી ભેટી શકે, એવું તે ધર્મનું વિશ્વવ્યાપી સ્વરૂપ હોવું જોઇએ. જે ધર્મ પાપી કે અપવિ-

નને પોતાની દયાનું દાન આપી શકતો નથી, જે ધર્મને લીધે સમાજમાં પાપી તિરસ્કારને પાત્ર થાય છે, તે ધર્મ વિશ્વવ્યાપી ધર્મ થવાને યોગ્ય નથી. દરેક મનુષ્ય પછી તે ઉચ્ચ હોય કે અધમ, તોપણ તેનામાં પ્રભુનો વાસ છે એમ તેને સમજાવી તેનો અધિકાર તેને બતાવવો, તેનો અનુભવ કરાવવા પ્રયત્ન કરવો એ ધર્મનું કર્તવ્ય છે. આવો ધર્મ જો આપણે જગતને આપી શકીએ તો અવશ્ય જગત આપણું અનુયાયી બનશે. મહારાજા અશોકે આવો પ્રયત્ન કર્યો હતો, પણ તે માત્ર બુદ્ધધર્મને અંગે હોવાથી ફળીભૂત થયો નથી. મોગલ બાદશાહ અકબરે આવો પ્રયત્ન કર્યો હતો પણ એનો પ્રયત્ન સ્વલ્પ હતો. આજે અમેરિકા એ દિશામાં પ્રયત્નવાન થયું છે; અને મને એવો સંકેત જણાય છે કે તેમાં તેને ફત્તેહ મળશે.

હિન્દુઓનો બ્રહ્મ, જરથુસ્ત લોકોનો અહુરમઝદ, બૌદ્ધોનો બુદ્ધ, યાહુદી લોકોનો યહોવા અને ખ્રિસ્તી લોકોનો આકાશવાસી પિતા તમને તમારા પવિત્ર કાર્યમાં સહાય કરો! ધર્મનો સૂર્ય પૂર્વમાં ઉદય પામી તેનો પ્રવાસ પશ્ચિમ તરફ થયો હતો. કોઈવાર તે અંધકારમાં છૂપાયો તો કોઈવાર પૂર્ણ પ્રકાશમાં પ્રકાશ્યો. હવે પોતાનો પ્રવાસ પૂર્ણ કરી પુનઃ તે પૂર્વ દિશામાં વળતો જણાય છે; અને પહેલાંના કરતાં હજાર ઘણો વિશેષ, રમ્ય નદીના પ્રદેશમાં તે આજે પ્રકાશે છે.

સ્વતંત્રતાની ભૂમિ કોલંબીયાનો જયજયકાર થાઓ! જે કોલંબીયાએ કોઈવાર પણ પોતાના પડોસીના રક્તથી પોતાના પવિત્ર હાથ કલંકિત કર્યા નથી, જેણે પોતાના પડોસીને લૂંટી પૈસાદાર થવાય છે એવી માન્યતાનો માર્ગ કોઈવાર પણ અંગીકાર કર્યો નથી, તે કોલંબીયાને માનવજાતિની અત્યુચ્ચ સંસ્કૃતિ માટેનું પ્રથમ પગલું ભરી ઐક્યની નોબતપર પ્રેમનો ધ્વનિ કરવાનું જે માન મળ્યું છે, તે યોગ્યજ છે. આ પ્રમાણે શાન્તિનાં ચિહ્નદર્શક વાવટો લઈને જે કોલંબીયા આજે સર્વ પ્રજાઓની આગળ ચાલે છે, તે કોલંબીયાનો જયજયકાર થાઓ!

૨૦ મી સપ્ટેમ્બર ૧૮૯૩

હિન્દુઓને ધર્મજ્ઞાનની જરૂર નથી.

ખ્રિસ્તીઓએ પણ જો પોતાના ઉપર યોગ્ય ટીકા થતી હોય તો તેને સહેવા તૈયાર રહેવું જોઈએ. આજે હું તમારા ખ્રિસ્તીઓપર ટીકા કરવા માગું છું અને મને આશા છે કે તેને માટે તમારે વિષાદનું કારણ નહિ રહે. તમો ખ્રિસ્તીઓને કહેવાતા મૂર્તિપૂજકો અને ગરીબ લોકોના આત્મોદ્ધાર માટે ઉપદેશકો મોકલવાનો શોખ છે, પણ તેને બદલે જો એ મૂર્તિપૂજકો અને ગરીબોના શરીરરક્ષણ માટેજ મદદ થતી હોય તો તે વધારે સારું છે. હિન્દુસ્તાનમાં ગયા ભયંકર દુષ્કાળમાં હજારો માણસો અન્ન વિના ટળવળી મરણ પામ્યાં છે, પણ તમે ખ્રિસ્તીઓએ તેમના માટે કશું પણ કર્યું નથી. આખા હિન્દુસ્તાનમાં સ્થળે સ્થળે દેવળો બાંધવામાં

તમે માન સમજો છો; પણ પૂર્વમાં ધર્મજ્ઞાનની જરૂર છે એમ નથી. ધર્મ તેમની પાસે છેજ. હિન્દુસ્તાનમાં કરોડો લોકો દુ:ખથી રડતાં રડતાં આજે રોટલીના કકડાની યાચના કરે છે. તેઓ રોટલીનો કકડો માગે છે તેના બદલામાં આપણે તેમને પત્થર આપીએ છીએ. ભૂખે મરતા માણસને ધર્મનો બોધ આપવો એ તેનું અપમાન નહિ તો બીજું શું છે ? એક ક્ષુધાર્ત મનુષ્ય જ્યારે ક્ષુધાથી પીડાતો હોય ત્યારે તેને પિંડ અને બ્રહ્માંડ, તત્ત્વ અને મહત્તત્ત્વની વાતો કહેવી એ તેનું હિત કરનાર નહિ પણ હાનિકર્તા છે. હિન્દુસ્તાનમાં પૈસાને બદલે જો કોઇ ધર્મોપદેશ કરે તો તેને લાલચુ અને લોભી કહેવામાં આવે છે, તે ખરો ઉપદેશક મનાતો નથી. મારા ભૂખથી પીડાતા બંધુઓ માટે કંઇક મદદની યાચના કરવા માટે હું અહીં આવ્યો હતો; પણ એક ખ્રિસ્તી દેશમાં ખ્રિસ્તીઓ પાસેથી મૂર્તિપૂજકો માટે મદદ મેળવવાનું કામ કેટલું મુસ્કેલીભર્યું છે તેનો મને પૂરો અનુભવ થયો છે.

૨૭ મી સપ્ટેમ્બર ૧૮૯૩

બુદ્ધધર્મ એ હિન્દુધર્મની પૂરવણી છે.

આપને સુવિદિત છે કે હું બૌદ્ધધર્મી નથી; તથાપિ બુદ્ધનો હું ખરો અનુયાયી છું. ચીની, જાપાની અને સીલોની લોકો પોતાને બુદ્ધાનુયાયીજ કહેવડાવે છે, પણ હિન્દુઓ તો બુદ્ધને ઈશ્વરનો અવતાર માની તેની પૂજા કરે છે. આજે મારૂં ભાષણ બુદ્ધધર્મના સંબંધમાં કંઇક ટીકાત્મક થશે; પણ તેમાં બુદ્ધ ઉપર જરા પણ ટીકા કરવાનો મારો ઉદ્દેશ નથી. જેને પરમેશ્વર સમજી હું ભજું છું અને પૂજું છું, તેના ઉપરજ ટીકા કરવી એ કેમ બને ? અમે બુદ્ધને પૂજીએ છીએ પણ એમના શિષ્યો એમનો ઉપદેશ યથાર્થ સમજી શક્યા નથી એમ કહીએ છીએ. યાહુદી ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો જે સંબંધ છે તેવોજ સંબંધ વૈદિક હિન્દુધર્મ અને બૌદ્ધધર્મનો છે. જેમ ઇસુખ્રિસ્ત યાહુદી હતા તેમ શાક્યમુનિ હિન્દુ હતા. યાહુદી લોકોએ ઇસુખ્રિસ્તને ખૂબ પજવી છેવટે તેને વધસ્તંભપર ચડાવી મારી નાખ્યા; પણ હિન્દુઓએ તો શાક્ય મુનિને અવતાર માની તેમનું પૂજન કર્યું છે. શાક્ય મુનિના સંબંધમાં અમે કંઈ પણ કહેતા હોઇએ તો તે એટલુંજ છે કે, તેમણે કંઇ પણ નવું કર્યું નથી. એમણે હિન્દુધર્મના સિદ્ધાન્તો વધારે સ્પષ્ટ કર્યા છે. જેમ ઇસુખ્રિસ્તના જન્મનો હેતુ યાહુદી ધર્મનો નાશ કરવાનો નહિ પણ પોતે એક ખરા યાહુદી તરીકે રહી, યાહુદી ધર્મમાં જ્યાં જ્યાં ઊણપ જણાય તે પૂરી કરવાનો હતો; તેવોજ હેતુ શ્રી શાક્ય મુનિના જીવનનો હતો. ઇસુખ્રિસ્તના ધર્મનાં સિદ્ધાન્તોને જેમ યાહુદી લોકો સમજી શક્યા નથી તેવીજ રીતે બુદ્ધના સિદ્ધાન્તોને તેના પોતાના અનુયાયીઓજ સમજવા અસમર્થ નીવડ્યા છે. ઇસુખ્રિસ્ત બાઇબલ-જુના કરારની પૂરવણી કરવાને અવતર્યા હતા, એ યાહુદી લોકો સમજી

શક્યા નથી; તેવીજ રીતે બુદ્ધના અનુયાયીઓ સમજી શક્યા નથી કે શાક્ય મુનિ એક નવીન મત સ્થાપવાને નહિ, પણ વૈદિક ધર્મના આચાર અને શાસ્ત્રોનું રહસ્ય એ બંનેની એકવાક્યતા સિદ્ધ કરવા અવતર્યા હતા.

હિન્દુ ધર્મમાં મુખ્ય બે ભાગ છે, કર્મકાંડ અને જ્ઞાનકાંડ. તેમાં કર્મકાંડમાં યજ્ઞયાગાદિ ક્રિયાઓનો અને જ્ઞાનકાંડમાં તત્ત્વવિચારનો સમાવેશ થાય છે. જ્ઞાનકાંડનો વિચાર સંન્યસ્ત વૃત્તિથી રહેનારા લોકોજ કરી શકે એવી પ્રથા છે.

તત્ત્વવિચાર પરત્વે જાતિભેદની ગણના કરવામાં આવતી નથી. એક ઉચ્ચ જાતિનો બ્રાહ્મણ અને છેક અધમ જાતિનો શૂદ્ર બંને સંન્યાસી થઇ શકે છે, તત્ત્વવિચાર કરી શકે છે અને એ સ્થિતિમાં ગયા પછી તેમનામાં જરા પણ ભેદ સમજવામાં આવતો નથી. ધર્મમાં જાતિ નથી. જાતિ માત્ર વ્યવહાર પરત્વે સમાજનું રક્ષણ કરવાનેજ છે. શાક્ય મુનિ પોતે ત્યાગી હતા. કાળે કરી વેદોનું સ્ફાટિક જેવું જ્ઞાન ગુપ્ત રહી ગયું હતું તે પુનઃ એમણે ઉજ્જવળ સ્વરૂપમાં જનસમૂહને દર્શાવ્યું. અત્યન્ત કનિષ્ઠ વર્ગમાં પણ એ જ્ઞાનનો પ્રચાર થાય એવી ઉત્તમ ઇચ્છા ભગવાન બુદ્ધની હતી. ભગવાન બુદ્ધેજ જગતમાં ઉપદેશકો મોકલી ધર્મપ્રસાર કરવાની પદ્ધતિની શરૂઆત કરી હતી.

બુદ્ધની મહત્તા તેના પ્રેમ અને અનુપમ દયામાં છે. રંકમાં રંક માણસને માટે એમના અતિ ઉન્નત થએલા અંતરમાં સ્થાન હતું. એમની પ્રેમી છાયામાં હરકોઇ આશ્રય લઈ શકતું હતું. કેટલાક બ્રાહ્મણો પણ એમના શિષ્યો હતા. જ્યારે શ્રી બુદ્ધ ભગવાન ઉપદેશ કરતા હતા ત્યારે હિન્દુસ્તાનમાં સંસ્કૃત ભાષા બોલાતી નહોતી. માત્ર પુસ્તકોમાં તે લખાતી અને વિદ્વાન વર્ગમાં વાદવિવાદાદિ પ્રસંગોમાં તે બોલાતી હતી. પોતાના ગુરૂની મહત્તા વધારવા માટે બ્રાહ્મણ શિષ્યોએ બુદ્ધના ઉપદેશો સંસ્કૃતમાં લખવાની ઇચ્છા દર્શાવી; પરંતુ બુદ્ધને એ મહત્તાની અપેક્ષા નહોતી. તેમણે શાન્તિથી કહ્યું: “ હું રંક અને અજ્ઞાનીને માટે આવ્યો છું. હું લોકોને માટે છું; અને લોકોનો વિચાર કરતાં, મારે તેમની બોલાતી ભાષામાં ઉપદેશ કરવો એજ યોગ્ય છે.” તેથીજ એમના ઉપદેશો વગેરે પાલી ભાષામાં છે, જે તે વખતની બોલચાલની ભાષા હતી.

તત્ત્વજ્ઞાન ભલે ગમે તે કહેતું હોય, માનસશાસ્ત્ર પોતાના સત્યાસત્યના નિર્ણયમાં ગમે તે અભિપ્રાય ઉપર આવતું હોય; પણ જ્યાંસુધી મૃત્યુનું સામ્રાજ્ય આ જગતમાં કાયમ છે, જ્યાંસુધી મનુષ્યના અંતઃકરણમાંથી ભયનો સમૂળો નાશ થયો નથી; જ્યાં સુધી મનુષ્યનું અંતઃકરણ દુર્બળતાથી કંપી ઉઠી મને કંઇક જોઇએ, મને કોઇની મદદની જરૂર છે, આમ વારંવાર પોકારી ઉઠે છે; ત્યાં સુધી પરમાત્માપરનો વિશ્વાસ રહેશે, રહેશે અને રહેશેજ. પરમાત્માપરનો વિશ્વાસ સ્વાભાવિક છે.

જે મનુષ્ય તત્ત્વવિચારથી અને ઈશ્વરવિચારથી વિમુખ રહે છે તે પોતાના સ્વત્વનેજ વિમુખ રાખવા જેવું કરે છે.

બુદ્ધધર્માનુયાયીઓએ પોતાના ધર્મપ્રસારના કાર્યમાં બે ગંભીર ભૂલો કરી. એક તો તેમણે વેદો ઉપર હુમલો કર્યો. વેદોની ઈમારત એટલી બધી મજબૂત હતી, એ જ્ઞાનનો પાયો એટલો બધો ઉંડો હતો કે તેને તોડી પાડવાનું કામ તેમને માટે અશક્ય હતું. તેમની બીજી ભૂલ એ થઇ કે જેમનો સંબંધ વ્યવહાર સાથે છે તેવા સાધારણ લોકોને ઈશ્વરની ભાવનાથી વિમુખ કરવા માંડ્યા. આ બન્ને ભયંકર ભૂલોનું પરિણામ એ આવ્યું કે જે ભૂમિમાં મહાન બુદ્ધ ધર્મનો જન્મ થયો હતો, ત્યાંથી તેનો હમ્મેશને માટે લોપ થયો. આજે હિન્દુસ્તાનની તેત્રીસ કરોડ મનુષ્યોની વસ્તીમાં એક પણ એવી વ્યક્તિ નહિ મળે કે જે પોતાને શુદ્ધ બૌદ્ધ કહી શકે.

બુદ્ધધર્મના ઉદયથી બ્રાહ્મણધર્મને સહજ નુકશાન પણ થયું છે. બુદ્ધના કહેવા પ્રમાણે એમનો ઉપદેશ ગરીબ અને અજ્ઞાન વર્ગ માટે હતો. બુદ્ધના કેટલાક અગ્રેસર શિષ્યો હજામ અને એવી જાતિઓમાંથી હતા; અને એ વર્ગોમાં બુદ્ધધર્મના પ્રભાવથી અનેક પ્રકારની સુધારણા થઇ હતી. બ્રાહ્મણથી લઇ ક્ષુદ્ર પર્યન્તની પ્રજા એટલી તો નીતિમાન અને સંસ્કારી જણાતી હતી કે, તે વખતના એક ગ્રીક ઇતિહાસકારને એમ લખવું પડ્યું છે કે;–' હિન્દુસ્તાનમાં એવો કોઇ હિન્દુ નહિ હોય કે જે અસત્ય બોલવા માટે દૂષિત થયો હોય; અને કોઈ સ્ત્રી એવી નહિ હોય કે જેણે પતિ સિવાય પરપુરૂષની ઇચ્છા પણ કરી હોય !'

આ પ્રમાણે બુદ્ધધર્મે હિન્દુધર્મની પૂરવણીજ કરી છે. બુદ્ધ ધર્મ વિના હિન્દુધર્મ નથી; અને હિન્દુધર્મ વિના બુદ્ધધર્મ નથી. બ્રાહ્મણોના પ્રખર અને અનુભવપૂર્ણ તત્ત્વજ્ઞાન સિવાય બુદ્ધધર્મને ટકવું મુશ્કેલ થાય, અને બુદ્ધનાં પ્રેમ, દયા, ઉદારતા અને અહિંસા આદિ યમનિયમ વિના હિન્દુધર્મને ન ચાલે, એ કેવળ સ્વાભાવિક છે. આ બન્ને ધર્મો બુદ્ધિ અને હૃદયની સંસ્કૃતિનું એકીકરણ હતું. બુદ્ધ અને હિન્દુધર્મ સાથે હતા ત્યાં સુધી હિન્દુસ્તાનની ઉન્નતિ થતી જતી હતી, હિન્દુસ્તાન ઉન્નતિના શિખરપર પહોંચ્યું હતું. જ્યારથી એ તત્ત્વો ભિન્ન થયાં, બુદ્ધધર્મ અને બ્રાહ્મણધર્મ જૂદા પડ્યા, ત્યારથીજ હિન્દુસ્તાનની અવનતિનો પ્રારંભ થયો છે. હિન્દુસ્તાન આજે એકત્રિસ કરોડ ભિખારીઓનું નિવાસસ્થાન થઇ રહ્યું છે, તેનું એજ કારણ છે. તેમજ હજારો વર્ષથી વિદેશી પ્રજાઓએ આક્રમણ કરી હિન્દુસ્તાનને પોતાનો ગ્રાસ કરી લીધું છે તે પણ એ ભિન્નતાને પરિણામેજ. હિન્દુધર્મની વિવેકપૂર્ણ તત્ત્વદૃષ્ટિ અને એ મહાન ઉપદેશકની પ્રેમભાવના, ઉદારતા તથા દયાની ભાવનાઓનો દરેક પ્રાણીએ યોગ કરી લેવો એજ આપણા માટે ઇષ્ટ કર્તવ્ય છે.

૨૭ મી સપ્ટેમ્બર ૧૮૯૩.

સર્વધર્મપરિષદ્‌માં છેવટનું વ્યાખ્યાન.

કલ્પનામાં ઉદય પામેલું સર્વ ધર્મપરિષદનું કાર્ય હવે આપણે પ્રત્યક્ષ જોઇ શક્યા છીએ. નિઃસ્વાર્થી ભાવનાથી જે જે સજ્જનોએ તેને માટે પરિશ્રમ કર્યો છે, તેમના પરિશ્રમનું ફળ દયાળુ પરમાત્માએ દેખાડયું છે. જેમના ઉદાર અંતઃકરણમાં આ પરિષદની ભાવના પ્રથમ ઉદ્‌ભવ પામી અને જેમણે તેને સફળ કરી છે, તેમનો આભાર માનવો એ મારૂં કર્તવ્ય સમજું છું. જેમણે આ પ્લેટફોર્મ ઉપરથી ભાષણો કરી પોતાના અંતઃકરણની ઉદારતા બતાવી છે, તેમનો પણ ઉપકાર માનવો મને કર્તવ્ય સમજાય છે. મારાં ભાષણો શાન્તિથી સાંભળી, એમાં રસ લઇ, જેમણે મને પ્રોત્સાહન આપ્યું છે તે મારા શ્રોતાજનોનો હું આભાર માનું છું. તેમજ આ ઐક્ય, પ્રેમ અને ઉદારતાના મહા મેળામાં કેટલાકોએ વિરોધાત્મક ટીકાઓ કે અભિપ્રાય દર્શાવ્યા છે, તેમનો ઉપકાર માનવો એ પણ મારૂં કર્તવ્ય છે; કારણ કે તેમના વિરોધાત્મક ચટકાથી પ્રેમ અને ઐક્યની ભાવના વધારે મધુર થવા પામી છે.

સર્વ ધર્મોનું એકીકરણ કયાં તત્ત્વોને અનુલક્ષીને કરી શકાય, એ સંબંધમાં પુષ્કળ ઉહાપોહ થઇ ચૂકયો છે. હું કંઇ નવીન ઉપાય સૂચવી શકું તેમ નથી; પણ જો કોઇની એવી ઇચ્છા હોય કે એકજ ધર્મનો પૂર્ણ વિજય થઈ બીજા સર્વ ધર્મો નાશ પામે, તો તેને હું એમજ કહીશ કે ભાઈ, તારી ઇચ્છા આકાશપુષ્પવત્ અશક્ય છે. ખ્રિસ્તી હિન્દુધર્મમાં આવે એવી ઇચ્છામાંથી મને પ્રભુ બચાવે. તેમજ હિન્દુ કે બૌદ્ધ ખ્રિસ્તી થઇ જાય, એવી ઇચ્છા પણ પ્રભુ મારા અંતઃકરણમાં જન્મ ન આપો !

આપણે જમીનમાં બીજ વાવીએ છીએ, તેને જમીન, પાણી અને હવાનો સંયોગ થાય છે; પરંતુ એ બીજ, જમીન, પાણી કે હવા એ પૈકી કોઇનું પણ રૂપ ધારણ કરી શકે છે કે કરવા પ્રયત્ન કરે છે ? નહિજ. તે તો એક વૃક્ષના રૂપમાંજ ઉગી નીકળે છે. એજ તેનો સ્વભાવ છે. પોતાને મોટું અને ફળવાન થવામાં ઉપયોગી હોય તેટલો જમીનનો, પાણીનો અને હવાનો ભાગ લઇને તે સર્વને પોતાના આકારમાં સમાવી દઇ, પોતે પોતાના સ્વભાવમાંજ સ્થિર રહે છે. ધર્મનું પણ એમજ સમજવાનું છે. ખ્રિસ્તી, હિન્દુ કે બૌદ્ધ એકબીજાના ધર્મમાં વટલાય તેથી કોઇને કંઇ લાભ નથી; પરંતુ એકમેકની સાથે પ્રેમ અને સહાનુભૂતિથી વર્તી, દરેક ધર્મમાં જે જે સારૂં દેખાય તે ગ્રહણ કરી તેનું પોતાના સ્વભાવમાં એકીકરણ કરી દેવાથીજ લાભ છે. પોતાનું સ્વત્વ ભૂલી જવામાં કોઇને પણ લાભ થવાનો સંભવ નથી. અંતઃકરણની પવિત્રતા અને મનની ઉદારતા એ અમુક ધર્મે કે સંપ્રદાયે સંગ્રહી રાખ્યાં નથી, એ સિદ્ધાન્ત આ સર્વ

ધર્મોની મહાપરિષદે જગતને જાહેર કર્યો છે. દુનિયાના દરેકે દરેક ધર્મમાં નીતિવાન અને સચ્ચરિત્રશાળી સ્ત્રી પુરૂષો ઉત્પન્ન થયાં છે અને આજે પણ છે. આ એક સિદ્ધ વાત છતાં જો કોઇ એમ આગ્રહ કરે કે તેનો પોતાનો ધર્મજ સાચો અને સાચવી રાખવા જેવો છે અને દુનિયાના બીજા ધર્મો નાશ કરવા જેવા છે, તો તેવા મનુષ્ય માટે મને દયા આવે છે. હું તેને એમજ કહીશ કે દરેક ધર્મનું અસ્તિત્વ કાયમ રહો ! દરેક ધર્મના વાવટા ઉપર શાન્તિ, સહાનુભુતિ અને મિત્રભાવની વૃદ્ધિના સિદ્ધાન્તો લખાઇ જાઓ; અને સર્વ ધર્મોનો વિજય તેમાંજ છે. વિજય નાશમાં નહિ પણ પુનરુદ્ધારમાંજ છે.

આત્મા, ઈશ્વર અને ધર્મ.

શતકોનાં શતકોથી કાળના ઉદરમાં પ્રવાસ કરતો ધર્મનો શબ્દ આપણા સુધી આવી પહોંચ્યો છે. હિમાલયના ઋષિમુનિઓના મુખમાંથી નીકળતો, જંગલોમાં નિવાસ કરતા વિરક્ત જનોના હૃદયમાં ધ્વનિ પામતો, સેમીટીક પ્રજામાં, બુદ્ધ, શંકર અને અનેક એવા અવતારી પુરૂષોના અંતરમાં ઉભરાતો ધર્મનો ધ્વનિ આજે પણ આપણે સાંભળીએ છીએ. જે ધ્વનિ, જે પ્રકાશમય શબ્દ મનુષ્યની સાથેજ આ જગતમાં જન્મ્યો છે, જ્યાં જ્યાં આત્માનો પ્રકાશ થયો છે ત્યાં તે પ્રકાશ પામ્યો છે. જ્યાં જ્યાં મનુષ્ય છે ત્યાં તે સાથેજ છે. આજે પણ એ પ્રકાશમય શબ્દથી આપણે દૂર નથી. એ શબ્દ ઉચ્ચ પર્વત ઉપરથી વહેતા નાનકડા ઝરા જેવો છે. જે પ્રમાણે એ ઝરો કોઇવાર ગુપ્ત થઇ જાય છે, કોઇવાર પુનઃ પ્રકટ થાય છે, કોઇ સ્થળે વચમાં તેનું પાણી ઓછું થઇ ગયું જણાય છે તો કોઇ સ્થળે બીજા ઝરામાં મળી અધિક બળવાન જણાય છે; તેજ પ્રમાણે આ ધર્મનો ધ્વનિ પણ કોઇવાર સૂક્ષ્મ તો કોઇવાર પ્રચંડ, કોઇવાર સામાન્ય રીતે ગુપ્ત તો કોઇકવાર પૂર્ણપણે પ્રસિદ્ધ થયો છે. પર્વતના શિખરપર જન્મ પામેલ ઝરણું જેમ બીજાં નાનાં નાનાં ઝરણોને પોતામાં સમાવી દેતું છેવટે મહા નદીનું સ્વરૂપ ધારણ કરે છે; તેજ પ્રમાણે આ ધર્મના ઝરણામાં પણ વિવિધ કાળના, વિવિધ દેશો અને પ્રજાઓના મહાત્માઓના ઉદ્ગારો અને હૃદયના ભાવો ભળીને આજે એક મહા નદીના સ્વરૂપમાં આપણી દ્રષ્ટિ પાસે દેખાય છે. આજે એ ધ્વનિ આપણને એમજ જણાવે છે કે “ સર્વત્ર મિત્રભાવ પ્રસાર પામો ! સર્વ ધર્મોનો વિજય થાઓ ! સર્વ ધર્મોમાંથી શત્રુભાવનાનો નાશ થઇ તે સર્વ એક થાઓ; ” એજ સૂત્રો આજે આપણને એ ધ્વનિ કહી રહ્યો છે. આપણે એ ધ્વનિનો અર્થ સમજવા પ્રયત્ન કરીએ.

ઓગણીસમા શતકના પ્રારંભમાં ભૌતિકશાસ્ત્રીઓએ અનેક પ્રકારની ઉથલ પાથલ કરી નાખી હતી, અને એવી ભીતિ ઉત્પન્ન થવા લાગી હતી કે, સર્વ ધર્મો રસા-

તળમાં જશે કે શું ? જડવાદના પ્રહારો લુહારના ઘણની પેઠે પડતા હતા અને જુના ધર્મની કલ્પનાઓ કાચનાં વાસણો પેઠે કડકડાટ કરતી ભાગી જવા લાગી હતી. કેટલાક લોકો તો એમજ સમજવા લાગ્યા હતા કે ધર્મ એટલે વ્યર્થ બડબડાટજ છે; અને આ રીતે ધર્મની સૃષ્ટિમાં અંધકારમય રાત્રિનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. જેમ એક મુઠીમાં સપડાએલી કોઇ લીસી વસ્તુને ખૂબ જોરથી દાબતાં તે ઉડી જઈ ખૂબ લાંબે જઇ પડે છે, તેજ પ્રમાણે જડવાદના દબાણથી ધર્મની કલ્પનાઓ લાંબે ઉડવા માંડી હતી. અજ્ઞેયવાદ અને નાસ્તિકતા એટલી હદ સુધી વધવા પામ્યાં હતાં કે, પ્રાચીન ધર્મની ઇમારત ડોલાયમાન થઈ રહી, તે તરતજ જમીનદોસ્ત થઇ જશે એવી ભીતિ થવા લાગી. કેટલાકો પ્રાચીન ધર્મભાવનામાં કંઇક સત્ય જોઇ શકતા હતા, પણ તે બોલી બતાવવા જેટલી તેમની હિંમત ચાલતી નહોતી. હવે ધર્મને જીવવાને અવકાશજ નથી એમ અનેક વિદ્વાનોએ ખાત્રીથી માની લીધું હતું; પણ સમય બદલાયો છે. જૂદા જૂદા ધર્મોનો તુલનાત્મક દ્રષ્ટિથી અભ્યાસ થવા લાગ્યો છે એ એક આનંદજનક વાતો છે. ભિન્ન ભિન્ન ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરવાથી આપણે જાણી શકીએ છીએ કે મૂળમાં તે ભિન્ન નથી. સર્વ ધર્મોનું લક્ષ્ય એકજ છે. જ્યારે હું બાળક હતો ત્યારે મને પણ એવા વિચારો ઉત્પન્ન થતા; અને ધર્મને જાગૃત થવાનો હવે અવકાશજ નથી એમ હું માનતો. મેં ખ્રિસ્તી ધર્મના, મુસલમાન ધર્મના અને બુદ્ધ ધર્મના ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો; અને મને પ્રત્યક્ષ જણાયું કે જે શિક્ષણ મારા ધર્મના ગ્રંથોમાં આપવામાં આવ્યું છે તેજ શિક્ષણ સર્વ ધર્મના ગ્રંથોમાં પ્રધાનપણું ભોગવે છે. મારા અંતઃકરણને એથી બહુ સંતોષ થયો. એ પછી મનમાં મને પ્રશ્ન થયો કે શું આ જગત સત્ય છે ? હા. શા માટે ? કારણ કે હું તેને જોઈ શકું છું. આ હમણાંજ મારા કર્ણદ્વારા રેડાતું સંગીત સત્ય છે ? હા. શા માટે ? કારણ કે હું તે સાંભળું છું. દરેક મનુષ્યને પોતાના શરીરમાં આંખ અને કાન આદિ બાહ્યેંદ્રિયો છે. આ બાહ્ય ઇંદ્રિયોથી તેને બાહ્ય જગતનો અનુભવ થઈ ખરા ખોટાની સમજણ પડે છે. જેમ બાહ્યેંદ્રિય છે તેમ મનુષ્યને અંતર ઇંદ્રિયો પણ છે. આત્મા પણ છે. આત્માની જિજ્ઞાસા રાખી સદાચાર પ્રેમ અને ઉદારતાની દ્રષ્ટિથી જો તે દરેક ધર્મનો અભ્યાસ કરે તો તેને જરૂર જણાઇ આવે કે, અમુક ધર્મતત્ત્વ પછી તે યૂરોપમાં શીખવવામાં આવ્યું હોય કે હિંદુસ્તાનના મંદિરોમાં તેનો ઉપદેશ થયો હોય; ચીન કે ટીબેટના મઠોમાંથી આવતું હોય કે અરબસ્તાનના ધર્મગુરૂઓ તરફથી પ્રાપ્ત થયું હોય; પણ તેનાં મૂળ તત્ત્વ ભિન્ન નથી. માનવસમાજે દરેક દેશ અને દરેક કાળમાં પોતાના કલ્યાણ અને સમાજના સુખને માટે એકજ પ્રકારનો વિચાર કર્યો છે; માટેજ જણાય છે કે એ વિચાર સ્વાભાવિક અને આવશ્યકીય

છે. મનુષ્યને કોઇને કોઇ રૂપમાં ધર્મની આવશ્યકતા રહે છેજ. અમુક ધર્મસિદ્ધાન્તની સિદ્ધિનો આધાર બીજા ધર્મ ઉપર અવલંબી રહે છે. અમુક વાત સત્ય છે, કારણ કે અમુક અમુક ધર્મો તેને સત્ય તરીકે સ્વીકારે છે. દાખલા તરીકે મને છ આંગળીઓ હોય તો બીજાને તેટલી ન હોવાથી તે અસ્વાભાવિક મનાય છે. જો એકજ ધર્મ સત્ય અને બીજાને જૂઠા માનીએ તો એ સત્ય ધર્મજ અસત્ય કે અસ્વાભાવિક થઈ જશે; કારણ કે જેને તે પ્રમાણ માને છે તેને બીજા તરફનું અનુમોદન નથી. જો એક સ્વાભાવક હોય તો બીજા પણ સ્વાભાવિક હોવા જોઇએ. બીજાને પાંચ આંગળી છે એમ બતાવીનેજ આપણી પાંચ આંગળી ઠીક છે એમ આપણે માની કે મનાવી શકીએ છીએ. કેટલીક બાહ્ય ક્રિયાઓ કે આચારવિચારમાં ભિન્નતા હોઇ શકે, પણ મૂળમાં સર્વ ધર્મો અભિન્ન છે.

મનુષ્ય ગમે તે કાળમાં અને ગમે તે સ્થળમાં હોય, પણ કોઇને કોઇ પ્રકારની શ્રદ્ધાની અને આસ્તિકતાની તો તેને જરૂરજ પડશે; અને જ્યાં શ્રદ્ધા છે ત્યાં ધર્મભાવના પણ અવશ્ય યોજાવાનીજ. જગતમાં પ્રચલિત ભિન્ન ભિન્ન ધર્મોનો અભ્યાસ કરતાં બીજી જે વાત મને જણાઇ છે તે એ કે, દરેક ધર્મમાં આત્મા અને પરમાત્માના વિચારપરત્વે ત્રણ ભૂમિકાઓ છે. એમાંની પ્રથમ ભૂમિકા કે જે સાધારણ રીતે દરેક ધર્મમાં છે તે એ કે, આ શરીર જે વિકારી અને નાશવંત છે તેનાથી પર કંઇક તત્ત્વ છે, કે જે વિકારી અને નાશવંત નથી. કેટલાક પાછળથી ઉત્પન્ન થએલા ધર્મો માને છે કે, શરીરથી પર જે તત્ત્વ છે તે અનંત છે પણ અનાદિ નથી. તે કોઇને કોઈ વાર ઉત્પન્ન તો થયું હશેજ, પણ આ સિદ્ધાંત વાસ્તવિક નથી. જેને શરૂઆત હોય તેને અંત હોવોજ જોઈએ એ કેવળ સ્વાભાવિક છે. પ્રારંભની સાથેજ અંતનો વિચાર આપણામાં જન્મે છે; અને શીત, ઉષ્ણ, પ્રકાશ, અંધકાર ઇત્યાદિ દ્વન્દ્વોની પેઠે આદિ ને અંતનું દ્વંદ્વ સાથેજ રહે છે. એક વિના બીજું નથીજ. આપણો ચૈતન્યાંશ, શરીરથી પર તત્ત્વ કે આત્મા, એનો જન્મ નથી તેમ મરણ પણ નથી. આદિ નથી તેમ અંત પણ નથી. શરીરથી પર એવા આ ચૈતન્ય સિવાય એક મહત્ ચૈતન્ય છે જેને પરમેશ્વર અથવા પરમાત્મા કહે છે. આ વાત પણ દરેક ધર્મ સ્વીકારે છે. મનુષ્ય જાતિનો કે સૃષ્ટિનો આરંભ એવા શબ્દો આપણે સાંભળીએ છીએ, પણ ખરી રીતે એવો આરંભ છેજ નહિ. કલ્પની સમાપ્તિ થતાં અવ્યક્તમાં છૂપાએલું જગત પુનઃ વ્યક્ત સ્વરૂપ ધારણ કરે છે; તેનેજ પ્રારંભ શબ્દથી વ્યવહારની ચેષ્ટા થાય છે. જેને પ્રારંભ હોય તેનો અંત અવશ્ય હોવો જોઇએ એ વાત ધ્યાનમાં રાખવા સરખી છે. **न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः । न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥** "હું, તું અગર આ રાજાઓ કોઇ વાર નહોતા એમ નથી તેમજ ભવિષ્યમાં તે કોઇ

નહિ હોય તેમ નથી.” અર્જુનપ્રતિનાં એ વાક્યોમાં શ્રી કૃષ્ણે એજ સિદ્ધાન્ત પ્રતિપાદન કર્યો છે. જ્યાં જ્યાં વિશ્વનો પ્રારંભ કહેવામાં આવ્યો છે ત્યાં કલ્પનોજ પ્રારંભ સમજવાનો છે. વિશ્વને તો પ્રારંભ નથી તેમ અન્ત પણ નથી. એજ ન્યાયે સમજી લેવાનું છે કે શરીર મરણ પામે છે, શરીર રૂપાન્તર પામે છે પણ આત્મા નાશ કે રૂપાન્તરના ધર્મને પાત્ર નથી. તે તો અવિનાશી અને અવિકારી છે.

જીવાત્માના અમરપણાની આ કલ્પના સાથે પૂર્ણપણાની એક બીજી કલ્પના ઉદ્ભવ પામેલી જણાય છે. આત્મા પૂર્ણ છે, એ વાત હિન્દુઓ કે ખ્રિસ્તીઓના નવા કરારમાં પણ માન્ય કરેલી છે. મનુષ્ય આરંભમાં પૂર્ણ હતું, તે પોતાનાં દુષ્કૃત્યોથી પાપી થયું છે; જેથી પુનઃ જો તે સદાચારથી વર્તે તો તે તેની પૂર્ણત્વની પદ્વી પ્રાપ્ત કરી શકે છે. આની આજ વાતને બીજા ધર્મોએ રૂપકમાં, વાર્તામાં કે તત્વની દ્રષ્ટિથી દર્શાવી છે. વર્ણનમાં કવચિત્ ભિન્નતા પણ જણાય છે, પરંતુ વિવેકપૂર્વક તે સર્વનો વિચાર કરતાં એજ સિદ્ધ થાય છે કે, મનુષ્યનો આત્મા મૂળથી પવિત્ર છે અને એ પવિત્રતા પુનઃ પ્રાપ્ત કરવી એ મનુષ્યનો ધર્મ છે, એમ સર્વ ધર્મો માને છે. મનુષ્ય એ પવિત્રતા કેમ પ્રાપ્ત કરી શકે? માત્ર પ્રભુને જાણવાથી, તેને ઓળખવાથીજ માણસ પવિત્ર થઇ શકે છે. બાઇબલ કહે છે કે કોઈ પણ આત્મા પ્રભુના પુત્રને મળ્યા સિવાય પ્રભુને મળી શકતો નથી. આ વાક્યમાં પણ પ્રભુને પ્રાપ્ત કરવામાં, હરિને પામવામાંજ મનુષ્યજીવનની સફળતા છે એવો ધ્વનિતાર્થ છે. પુત્રને મળવું એનો શબ્દાર્થ ખ્રિસ્તને મળવું એવો થાય છે; પણ લક્ષ્યાર્થ એ છે કે તેના પુત્ર થવાને યોગ્ય થવું. પુત્રને ત્યારેજ મળાય કે જ્યારે આપણે તેના સમાગમ માટે લાયક હોઇએ; અને લાયક ત્યારેજ થઇએ કે જ્યારે આપણે તે પુત્રને પ્રિય હોઇએ; એ વાસ્તવિકજ છે. આ વાત પણ લક્ષમાં રાખવાની છે કે માણસ પોતાનાં કર્મોથી, પોતાના પાપ કર્મોથીજ પતિત થયો છે. પોતાની સ્થિતિ માટે તે પોતેજ જવાબદાર છે. જ્યારે જ્યારે આપણે દુઃખનો પ્રસંગ જોઇએ, દુઃખમાં સપડાઇએ ત્યારે એમજ સમજવાનું છે કે તે આપણાં પોતાનાંજ કર્મોનું ફળ છે, અને તેને માટે ઇશ્વર જવાબદાર નથી. આ કર્મ સાથેના મનુષ્યના સંબંધનો વિચાર કરતાં પુનર્જન્મનો વિચાર સ્વયં ઉત્પન્ન થાય છે, અને એક વાર તે સર્વ ધર્મોમાં પ્રચલિત પણ હતો; પરંતુ યૂરોપના ધર્મોએ તેને સ્વીકાર્યો નથી અને તેમાં કાંઇક ઉથલપાથલ કરી નાખી છે.

તમારા પૈકી અનેકને આત્માનો વિચાર કરતાં એ ભાવનાનો વિચાર જરૂર આવ્યો હશે; કારણ કે આત્માને જો અમર માનવામાં આવે તો પુનર્જન્મની ભાવના તેની સાથે અતિ નિકટ સંબંધ ધરાવનારી છે. જે વસ્તુનો એકવાર નાશ થઇ જાય તેનો કોઇને કોઇ વાર પ્રારંભ પણ અવશ્ય થવો જોઇએ; તેમજ કોઇ

વસ્તુનો આરંભ કાળ આપણે સ્વીકાર્યો તો તે વસ્તુ નાશવંત છે એમ પણ સ્વીકારવુંજ પડશે. જો જીવાત્મા નાશવંત નથી તો તેનો આરંભ થાય છે, એ કલ્પના પણ વિવેકયુક્ત નથી. જીવાત્મા પૂર્ણ સ્વતંત્ર છે, એ સિદ્ધાન્ત પુનર્જન્મનો સિદ્ધાન્ત માનવાથીજ ફલિત થઇ શકે છે. જો જીવાત્માની કોઇ વાર પણ ઉત્પત્તિ માનીએ તો તેના પાપ પુણ્ય માટે પરમાત્માજ જવાબદાર રહેશે; કારણ કે પ્રારંભના જન્મ પહેલાં જીવાત્માનાં કર્મો નથી અને તેથી તેને પ્રારબ્ધ પણ નથી, એટલે તેના પ્રથમ પ્રારબ્ધનો રચનાર તેનો કર્તાજ હોઇ શકે; અને પરમાત્માને અત્યંત પવિત્ર માનીએ તો તે પાપી માણસને ઉત્પન્ન કરે, અને તેને પાપ કરવાને પ્રેરે એમ માનવું પણ બંધ બેસતું નથી. એકવાર જેને પવિત્ર માનીએ તેનેજ મનુષ્યના પાપનો ઉત્પાદક માનીએ એ તો પરમાત્માનું અપમાન કર્યા બરાબર છે. તેમજ જો પરમાત્માજ મનુષ્યના પ્રારબ્ધનો કર્તા હોય અને પરમાત્માને આપણે ન્યાયી માનીએ, તો સર્વ મનુષ્યો એક સરખા દુઃખી કે સુખી હોવા જોઇએ; પણ તેમ નથી. ત્યારે ન્યાયી પરમાત્માના રાજ્યમાં તેનાંજ ઉત્પન્ન કરેલાં બાળકોમાં એક વધારે સુખી અને એક વધારે દુઃખી હોય એ પક્ષપાત શું યોગ્ય કહેવાય ? આજે હજારો, લાખો, કરોડો લોકોને આપણે પગતળે ચગદાતા, ગરીબાઇ અને દુઃખમાં રીબાતા જોઇએ છીએ. આ જન્મમાં જેમણે કંઇ પણ પાપ ન કર્યું હોય એવા લાખો લોકો રોટલીના કકડાને માટે ભૂખે મરે છે. આપણે જોઇ શકીએ છીએ કે તેઓ પોતે તેને માટે જવાબદાર નથી. ત્યારે પ્રશ્ન એ છે કે તેને માટે જવાબદાર કોણ છે ? જો તેઓ પોતે જવાબદાર ન હોય તો અવશ્ય તેમનો કર્તા પરમાત્માજ જવાબદાર હોવો જોઇએ. અને જો તેમજ હોય તો પછી ધર્મની કલ્પનાજ નાશ પામી જાય છે; જેથી સંતોષકારક ખુલાસો એજ છે કે, દરેક પોતાનાં સુખ અને દુઃખને માટે પોતેજ જવાબદાર છે. જેમ દુઃખોત્પાદક કર્મો કરવાની મનુષ્યને સત્તા છે તેમજ સુખ ઉત્પન્ન કરે એવાં કલ્યાણકારી કાર્યો કરવાને પણ તે પૂર્ણ સ્વતંત્ર છે. કોઇ પણ કર્મ કરવું અગર નહિ એ મારાજ હાથમાં છે. હુંજ બંધાઉં છું અને હુંજ મુક્ત થાઉં છું. મને કર્મ કરવાની ફરજ પાડે એવી કોઇ પણ શક્તિનું અસ્તિત્વ અશક્ય છે. આપણેજ આપણાં દુઃખ કે સુખ ઉત્પન્ન કરવા સ્વતંત્ર છીએ. પ્રારબ્ધ જેવી કોઈ વસ્તુજ નથી. કોઇ પણ સારૂં અગર બુરૂં ફળ મળે છે તો તે આપણી ઇચ્છાએ નિર્માણ કરેલી આપણી કૃતિનુંજ પરિણામ છે; જેથી દુઃખમાં વધારે સપડાવું અગર તેનાથી મુક્ત થવું એ મારીજ ઇચ્છા ઉપર આધાર રાખે છે.

ઉપર્યુક્ત પુનર્જન્મના સિદ્ધાન્તમાં એક ખાસ બાબત તરફ હું તમારૂં લક્ષ ખેંચવા માગું છું; અને એ બાબત સૂક્ષ્મ છે તેથી તે ખૂબ ધ્યાનપૂર્વક

સાંભળવાની હું તમને વિનંતિ કરૂં છું. આપણને કોઇ પણ પદાર્થનું જે જ્ઞાન થાય છે તે અનુભવથીજ થાય છે; અને જેને આપણે અનુભવ કહીએ છીએ તે અનુભવ સ્મરણક્ષેત્રમાં એક દ્રવ્ય છે. અનુભવ એટલે સ્મરણ. આ સિદ્ધાન્તને સ્પષ્ટ કરવા આપણે એક ઉદાહરણ લઇએ. એક માણસને આપણે સિતાર વગાડતો જોઇએ ત્યારે કયા પડદાપર આંગળી મૂકતાં કયો સ્વર ઉત્પન્ન થશે તેનું તેને સ્મરણ છે એમ આપણે જોઇ શકીએ છીએ; એને આપણે જ્ઞાન કહીએ છીએ. પૂર્વે સાંભળેલા સ્વરનું સ્મરણ થવાથી આંગળીને પ્રોત્સાહન મળી ચાલવાનું જ્ઞાન થવું એજ અનુભવ છે. પ્રથમ શરૂઆતમાં શીખનારને દરેક દરેક પડદા જોવાની, તેના ઉપર આંગળીઓ રાખતાં શીખવાની અને ધીરે ધીરે તે ચલાવવાની જરૂર પડે છે. આમ સ્મરણ વધતાં, પડદા, સ્વર અને આંગળીઓનો વ્યાપાર બરાબર સમજાતાં, તેને એટલો અનુભવ કે જ્ઞાન થઇ જાય છે કે આંગળીઓ ખૂબ ઝડપથી પોતાની મેળે યોગ્ય પડદામાં જાય છે અને સુંદર તથા મધુર સ્વર કહાડી શકે છે. આ ઝડપ વધતાં વધતાં એટલે સુધી વધી જાય છે કે ખુદ વગાડનારને પણ તે વખતે એમ જણાતું નથી કે આ તેનું સ્મરણ કે પૂર્વનાં કર્મનું પરિણામ છે. અનુભવનું પરિણામ કિંવા લક્ષણ, તેનેજ આપણે સ્વભાવ કહીએ છીએ. આપણા સંબંધમાં પણ એમજ છે. કેટલાક ગુણો અને લક્ષણો આપણા સ્મરણ અને સંસ્કારો સાથે એવા તો ભળી ગયા હોય છે કે જેને આપણે આપણો કે અમુક વ્યક્તિનો સ્વભાવ કહીએ છીએ. આ આપણા ગુણો, લક્ષણો અથવા સ્વભાવ, પૂર્વ જન્મના અનુભવનું કે સ્મરણનુંજ પરિણામ છે. એક બાળક જન્મે છે ત્યારે તેનામાં કેટલાક એવા વિશિષ્ટ સ્વભાવ અને લક્ષણો હોય છે, એ વાત આપણે જોઈ શકીએ છીએ. જો તેમ ન હોય તો એકજ માબાપનાં છોકરાં એકજ રીતે શિક્ષણ પામી એકજ રીતે ઉછેરવામાં આવ્યા પછી તેમના સ્વભાવ અને બુદ્ધિમાં ફેર પડવો જોઇએ નહિ. નાનાં બચ્ચાંમાં પણ જો બારિકીથી જોવામાં આવે તો અમુક વિશિષ્ટ ગુણો અને ટેવો હોય છેજ. અમુક શાન્ત, અમુક કજીયાખોર, અમુક ઇર્ષાખોર, અમુક બધા સાથે હસીને ભળી જનાર એમ આપણે જોઇએ છીએ. આમ હોવાનું કારણ શું ? કોઇ પણ બાળક તદ્દન કોરા પાનાની પેઠે કોઇ પણ પ્રકારના સંસ્કાર કે સ્મરણ વિનાજ જન્મે છે એમ નથી. એ પાના ઉપર આગળ કંઇક લખાએલુંજ હોય છે. આ વાત પ્રાચીન ગ્રીક અને ઇજીપ્તના વિચારકોએ પણ સ્વીકારી છે. પૂર્વજન્મમાં તેણે જે જે સારાં કે નરસાં કૃત્યો કર્યાં હોય તેનો પરિપાક થઈ નવીન જન્મમાં તે પ્રમાણેજ તેની વૃત્તિ રચાય છે. પુનર્જન્મને માન્યા સિવાય માણસના સ્વભાવ અને તેની સ્થિતિમાં જે અંતર દેખાય છે તેના કારણનો સમાધાનકારક

ખુલાસો થઇ શકતો નથી. કોઇ માણસ ભલે અત્યન્ત દુરાગ્રહથી ઈશ્વરના અસ્તિત્વને ન માને, પણ પ્રારબ્ધ અને પુનર્જન્મ તો તેને માનવાં જ પડશે. પૂર્વકાળના મહાપુરૂષોએ આ વાત સ્વીકારી છે. ખુદ ઇસુ ખ્રિસ્તે પણ કહ્યું છે કે;—એબ્રાહમથી પણ પૂર્વ હું હતો; અન્યત્ર બાઇબલમાં કથન છે કે;—“ આ એલીઆસનો અવતાર થયો કહેવાય છે. ”

દુનિયાની જૂદી જૂદી પ્રજાઓમાં, જૂદા જૂદા સમય અને સંયોગોમાં ઉત્પન્ન થઇ વૃદ્ધિ પામેલા સર્વ ધર્મો એશિયા ખંડમાં ઉત્પન્ન થયા છે; અને ધર્મની ભાવના એશિયાવાસીઓની રગેરગમાં રમી રહી છે. જૂદા જૂદા ધર્મોનો ભાવાર્થ એશિયાવાસીઓ જેટલે દરજ્જે સમજી શકે, તેટલે દરજ્જે અન્ય લોકોને સમજાશે નહિ. એશિયામાં ઉત્પન્ન થએલા ધર્મો પોતાની માતૃભૂમિમાંથી બહાર આવતાં તે દેશોની વસ્તુસ્થિતિ, હવાપાણી અને લોકવિચાર સાથે ભળતાં બદલાઇ ગયા; અને આ પ્રમાણે શુદ્ધ ધર્મનું સ્વરૂપ ભૂલોથી આવૃત્ત થવા લાગ્યું. બાઇબલમાં જે અત્યન્ત ઉદાર અને ઉચ્ચતમ તત્ત્વોનો ઉપદેશ કરવામાં આવ્યો છે, તેની યૂરોપિયન લોકોને વાસ્તવિક સમજણ પડી નથી. કારણ કે બાઈબલના મૂળ લખનારાઓએ જે કલ્પનાની, જે અર્થ સમજાવવા અમુક વાક્યોની, કથાઓની કે ચિહ્નોની જે યોજના કરી છે, તે યૂરોપિયન લોકોના ધર્મવિચારને અપરિચિત હતી. ઉદાહરણાર્થે આપણે ખ્રિસ્તની માતા મેરીનું યૂરોપમાં પ્રચલિત ચિત્ર જોઇએ. યૂરોપમાં દરેક દેશોમાં મેરીનાં ચિત્રો છે, પણ તે બધાં તે તે દેશની સ્ત્રી જાતિની છાયાને અનુલક્ષી છે; અને તેમાં ભિન્નતા સ્પષ્ટ જણાય છે. તેવીજ રીતે ઇસુ ખ્રિસ્તના છેવટના ભોજન પ્રસંગનાં પણ અનેક ચિત્રો કાઢવામાં આવ્યાં છે. મેં કેટલાંક જોયાં છે તેમાં ક્રાઇસ્ટની પાસે જમવા માટે ટેબલ પણ મૂકી દીધાં છે. ક્રાઇસ્ટના સમયમાં ટેબલ ક્યાંથી આવ્યાં એ એક વિચારવાની વાત છે. કોઇ પણ પ્રજાને બીજી પ્રજાઓની નીતિ રીતિનું યથાર્થ જ્ઞાન થવું બહુધા થવું અશક્ય છે. પ્રાચીન યાહુદી લોકોની નીતિ રીતિ સેંકડો વર્ષ પછી રોમન ગ્રીક આદિ પ્રજાઓના વિચારક્ષેત્રમાં પ્રવાસ કરતી યૂરોપિયનોને પ્રાપ્ત થઇ હતી; એટલે તે તેઓ ન સમજી શકે એમાં કશું આશ્ચર્ય જેવું નથી. આ રીતે ઇસુખ્રિસ્તની અનેક દંતકથાઓ, અનેક દૃષ્ટાન્તો, અનેક વાક્યો કે જે સુંદર તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે; તેને યૂરોપિયન પ્રજાઓ સમજી શકી નથી; અને પરિણામે પોતાના ધર્મને એક દુકાનદારીના ધર્મનું સ્વરૂપ આપી દીધું છે. અસ્તુ. હવે આપણે આપણા મૂળ વિષય તરફ વળીએ.

આપણે જોઇ શકીએ છીએ કે દરેક ધર્મે બે વાત કોઇને કોઈ સ્વરૂપમાં સ્વીકારી છે. એક આત્મા અમર છે અને બીજી આત્મામાં જે મલિનતા દેખાય

છે તે તેનાં પોતાનાં કર્મોનુંજ ફલ છે. હવે ઈશ્વર અથવા પરમાત્માના સંબંધમાં ભિન્ન ભિન્ન ધર્મોએ શી કલ્પના કરી છે તે આપણે જોઈએ. અત્યન્ત પ્રાચીન કાળના સાહિત્ય તરફ દ્રષ્ટિ કરીએ તો પરમાત્મા સંબંધી કલ્પના ઘણી અસ્પષ્ટ જણાય છે. પ્રાચીન કાળમાં બહુધા દરેક પ્રજાઓ સૂર્ય, પૃથ્વી, જળ, અગ્નિ આદિ તત્ત્વોને દેવ માનતી હતી. પ્રાચીન યાહુદી લોકોની દંતકથાઓમાં પણ એ દેવોનાં નામ ઉપલબ્ધ થાય છે અને તેઓ વારંવાર અન્યોન્ય સાથે યુદ્ધમાં પણ ઉતરે છે. ઇલોહીમ નામના દેવતાને યાહુદી અને બાબીલોનીઅન લોકો પૂજતા હતા. સમય જતાં આ ભિન્ન ભિન્ન દેવતાઓ કે શક્તિઓની પૂજા ઓછી થતી ગઈ અને તેમાંથી પરિણામે એક સર્વોપરી દેવતાની કલ્પના પ્રબળ થવા લાગી; પરંતુ એ કલ્પના જૂદી જૂદી પ્રજાઓમાં જૂદા જૂદા સ્વરૂપે ઉન્નતિ પામતી હતી. દરેક પ્રજા એમ માનતી કે તેમનો સર્વોપરી દેવ સહુથી શ્રેષ્ઠ છે અને આ શ્રેષ્ઠતા સિદ્ધ કરવા કોઈક વાર યુદ્ધ થવાના પ્રસંગો પણ ઉત્પન્ન થતા. યુદ્ધમાં જે પ્રજાનો જય થાય તેનો દેવ શ્રેષ્ઠ એમ મનાવાના દાખલા પણ ઇતિહાસમાં મળે છે. આ પ્રજાઓ થોડે કે ઘણે અંશે અસંસ્કારી હતી. આ અસંસ્કૃતિ જેમ જેમ ઓછી થતી ગઇ, તેમ તેમ ઈશ્વરવિષયક કલ્પના વધારે ઉચ્ચ થતી ગઇ. એ બાલિશ ભાવનાઓ ધીમે ધીમે અદ્રશ્ય થઈ ગઇ છે અને થતી જાય છે. સાંપ્રત કાળમાં ભિન્ન ભિન્ન ધર્મો એ પ્રમાણે વિકાસ પામતા પામતા આ સ્વરૂપને પામ્યા છે. કોઇ પણ ધર્મ શુદ્ધ અને પૂર્ણ સ્વરૂપમાં આકાશમાંથી સીધો ઉતરી આવ્યો હોય તેમ નથી.

ત્યાર પછી સર્વશક્તિમાન અને સર્વજ્ઞ એવા પરમાત્માની કલ્પના ઉદય પામી. આ સર્વ વિશ્વનો સંચાલક એકજ પરમાત્મા છે, એમ જણાવા લાગ્યું; અને એ પરમાત્મા વિશ્વથી બહાર અંતરિક્ષમાં રહી આ જગતનું નિયમન કરતો હશે એવી કલ્પના પ્રસાર પામી. આ કલ્પનાને ઉત્પન્ન કરનારાઓએ પોતાના અંતરિક્ષમાં રહેનાર પરમાત્માને અનેક આભૂષણો, અલંકારો, શક્તિઓ અને ગુણોથી અલંકૃત કર્યો છે. તે ચતુર્ભુંજ છે, ગરૂડપર બિરાજે છે, તેને ડાબાં જમણાં અંગ છે, હાથમાં એક પક્ષી છે ઇત્યાદિ અનેક કલ્પનાઓ વિશ્વબાહ્ય પરમાત્મા માટે કરવામાં આવી છે. આ કલ્પનાઓમાંથી એક વાત સમજાય છે કે, પ્રથમ જૂદી જૂદી પ્રજાઓએ જે અનેક દેવોની કલ્પના કરી હતી તે નાશ પામી અને એ બધામાંથી એકજ દેવ આ સમસ્ત સૃષ્ટિનો દેવ મનાવા લાગ્યો. એ દેવ વિશ્વથી પર અને બાહ્ય હોવાનું મનાતું. ધીરે ધીરે આ કલ્પના પણ વિશાળ થઇ પરમાત્માનુ અંતર્યામિત્વ અને સર્વવ્યાપપણું પણ મનાવા લાગ્યું.

ખ્રિસ્તી લોકોના નવા કરારમાં “ આપણા પિતા કે જે આકાશમાં રહે છે ”

એવું જે વાક્ય છે તેનો અર્થ એવો થાય છે કે ઈશ્વર માણસથી પર અને દૂર છે. આપણે પૃથ્વી ઉપર છીએ અને તે અંતરિક્ષમાં છે. આમાં ભિન્નતા અને સ્થિત્યન્તરનું સ્વરૂપ પ્રત્યક્ષ છે. આગળ એજ કલ્પનામાં પરમાત્મામાં સર્વવ્યાપકતાનો ગુણ આરોપાઈ તે આ પૃથ્વીમાં આપણી સમીપ પણ છે એવી કલ્પના ઉત્પન્ન થઈ છે. હિન્દુ તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં પણ આ કલ્પના જણાય છે. પરમાત્મા સર્વાન્તર્યામી, સર્વવ્યાપી, સર્વશક્તિમાન, સર્વજ્ઞ છે એમ જણાવેલું છે, પણ હિન્દુ વિચાર ત્યાંજ અટકી ગયો નથી. વેદાંતના અદ્વૈતમત સુધી આ વિચાર આગળ વધ્યો છે અને મનુષ્યને જણાયું છે કે તે અને તેના પૂજ્ય વચ્ચે આકાશ કે પૃથ્વીમાં રહેનાર પિતા જેવો સંબંધ નથી; પણ ખ્રિસ્તે કહ્યું છે તેમ "હું અને મારો પિતા એકજ છીએ" એવો અદ્વૈત સંબંધ છે. વેદાન્તના ખરા ઉપાસકને જણાય છે કે તેનામાં અને તેના પૂજ્યમાં ભિન્નતા નથી. માત્ર ઉપાધિનોજ ભેદ છે. તે અત્યન્ત પવિત્ર છે અને મનુષ્ય પવિત્ર છતાં પાપના ભારથી ભરેલો હોવાથી મલિન દેખાય છે; અને તે પણ માત્ર દેખાય છે એટલુંજ. જો ભારનો પડદો, અહંકાર અને સ્વાર્થનું આવરણ ન હોય તો પૂજ્ય અને પૂજક અભિન્નજ છે. પૂજકને જણાય છે કે મારામાં જે સત્ય છે, જે અસ્તિત્વ છે તે તેજ છે અને તેનામાં જે સત્ય છે તે હુંજ છું. આ પ્રમાણે માણસ અને પ્રભુ વચ્ચેનો સંબંધ દઢ અને નિકટવર્તી થાય છે. આ પ્રમાણેજ બાઈબલનું વાક્ય, '**અંતઃકરણ જેમનું પવિત્ર છે તેઓ ધન્ય છે; કારણ કે તેઓજ પરમાત્માનું દર્શન કરવા ભાગ્યશાળી થશે**' એ સત્ય ઠરે છે. પ્રભુને જાણવાથીજ સ્વર્ગનું રાજ્ય આપણે આપણા આત્મામાં જોઈ શકીએ છીએ અર્થાત્ પરમાત્માને જાણવાથી આપણામાં અંતર્યામીરૂપે તેજ રમી રહ્યો છે; એવો આપણે અનુભવ કરી શકીએ છીએ.

માણસને જ્યાં સુધી આ મધુર ઐક્યનો અનુભવ નથી, જ્યાં સુધી તે દ્વૈત ભાવનામાં સ્થિત છે, પોતાને અને પોતાના પૂજ્યને ભિન્ન માને છે, ત્યાં સુધી તે પોતાને રામદાસ કે માધવદાસ નામની કોઈ પણ વ્યક્તિ માની લે છે અને હમ્મેશાં તે રામદાસ કે માધવદાસજ રહેશે એમ ધારે છે. દેહમાં અને દૈહિક પદાર્થોમાં તેની મમતા એટલી બધી દઢ હોય છે કે આત્મા તરફ તેનું લક્ષજ જતું નથી; અને આ "હું હું" કહેનારનું સ્વરૂપ દેહથી કંઈ ભિન્ન છે કે કેમ એવી શંકા પણ તેને થતી નથી. જાણે ખુની હમ્મેશાં ખુનીજ રહેશે, રંક હમ્મેશાં રંકજ રહેશે અને ધનવાન ધનવાનજ રહેશે, એમ તે માને છે. દેહાધ્યાસમાં તેની વૃત્તિ તદાકાર થઈ હોય છે; પરંતુ કાળે કરીને તેને દેહાધ્યાસનું પરિણામ જણાય છે; દૈહિક સર્વ પદાર્થો નાશરૂપ હોવાથી દુઃખરૂપ છે, એમ ખાત્રી થાય છે; અને એમ ધીરે ધીરે અનુભવ દઢ થતાં રામદાસ કે માધવદાસ મટી જઈ પોતાનું મૂળ

જે રામ (રોમે રોમે રમનાર રામ) તેમાં એકતા પામે છે.

“ હૃદય જેમનાં પવિત્ર છે તેજ કૃતાર્થ છે; કારણ કે તેઓ હરિનાં દર્શન કરશે ” એ ખ્રિસ્તીશાસ્ત્રનું વાક્ય કેટલું મધુર છે ? શું આપણે હરિને જોઇ શકીએ ? કદિ નહિ શું આપણે હરિને જાણી શકીએ ? નહિજ. જોવું અને જાણવું એજ જો આપણું લક્ષ્ય હોય તો તે પરિચિત છે. જો ઈશ્વરને જાણી શકાય તો તેમાં ઈશ્વરપણુંજ રહેતું નથી. હું અને મારો પિતા હરિ એકજ છીએ; હું મારા આત્મામાં સર્વસ્વ જોઉં છું; હું તેમાંજ છું; એજ પરમ સત્ય છે; આ ભાવના દરેક ધર્મમાં છે. કોઇમાં તે સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી છે તો કોઇ ધર્મમાં માત્ર સૂચના રૂપે જણાય છે; અને કોઇમાં એ ભાવના એકવાર સ્પષ્ટ હોવા છતાં હમણાં કેવળ લુપ્તપ્રાય થઇ ગઇ છે. ખ્રિસ્તનો ઉપદેશ યૂરોપાદિ દેશોને સમજાયો નથી એમ કહેવાની લેશ પણ અતિશયોક્તિ નથી. મને ક્ષમા કરશો ! જો સ્પષ્ટ કહું તો ખ્રિસ્તનો ઉપદેશ તમારા લોકોને કોઇ વાર પણ બરાબર સમજાયો નથી.

પરમાત્માનો પોતાના આત્મામાં અનુભવ કરવો, એ મનુષ્યના અધિકારની અંતિમ ભૂમિકા છે. એ ભૂમિકાને પામવા માટે અનેક ભૂમિકાઓ પસાર કરવી પડે છે. ધર્મગ્રંથોમાં જે વિવિધ ધર્મમાર્ગ દર્શાવવામાં આવ્યા છે, તે સર્વનું કારણ મનુષ્યોના ભિન્ન ભિન્ન અધિકાર છે. સર્વ અધિકારના મનુષ્યો એકજ માર્ગપર ચાલી શકે એ સંભવિત નથી. જગતમાં પ્રચલિત ભિન્ન ભિન્ન સંપ્રદાયો, પંથો અથવા ધર્મો સર્વ આવશ્યક છે. ઇસુખ્રિસ્તેજ એક સ્થળે કહ્યુ છે કે, ‘આકાશમાં નિવાસ કરતો આપણો પિતા;’ જ્યારે બીજે કહ્યુ છે કે, ‘ સ્વર્ગનું રાજ્ય તમારા આત્મામાં છે. ’ આ બંને વાકયો ખ્રિસ્તેજ કહ્યાં છે. જો બાહ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો સ્પષ્ટ રીતે એમાં વિરોધ છે; પણ ખરી રીતે એ બન્ને વાકયોની એકતા ઘટાવી શકાય છે. જ્યારે સાધારણ વર્ગના અજ્ઞાન લોકોને ઉપદેશ કરતા ત્યારે પ્રથમ પ્રમાણે કહેવું પડતું; કારણ કે ધર્મના તત્ત્વમાં તેઓ તેમની પોતાની ભાષામાં તેઓ પોતે જે રીતે ઈશ્વરને માનતા હોય તેજ રીતે સમજી શકે છે. જો બીજી રીતે તેમને કહેવામાં આવ્યું હોય, તો તેઓ તેનો અર્થ સમજી શકે નહિ. કેટલીક વાર સંસારના વહેવારમાં અત્યંત કુશળ હોવા છ-ાંયે કેટલાક મનુષ્યો ધર્મની બાબતમાં છેક બાળક જેવા અજ્ઞાન હોય છે. તેઓ ધર્મની સૂક્ષ્મ બાબતો સમજી શકતા નથી. આવાને માટે પૂજા, કર્મકાંડ વગેરેનો સાદો સમજાય એવો પ્રકાર આવશ્યક છે. જ્યારે તેઓ કેટલીક ભૂમિકાઓ અ.મ પસાર કરી ઉચ્ચતમ આધ્યાત્મિક અધિકાર પ્રાપ્ત કરે છે, ત્યારેજ તેઓ સમજી શકે છે કે ઈશ્વરનું રાજ્ય તેમના આત્મામાજ છે; અર્થાત્ તેમનો આત્મા અને પરમાત્મા ભિન્ન

નથી. હવે આપણે જોઇ શકીએ છીએ કે ભિન્ન ભિન્ન ધર્મોમાં આપણે આટલી બધી આંટીઘુંટીઓ, નિરનિરાળા પૂજાવિધિ જોઇએ છીએ તે મનુષ્યના ભિન્ન ભિન્ન અધિકારને લઇનેજ હોઇ આવશ્યક છે; તે મનુષ્યની ઉન્નતિનેજ માટે છે અને તેથી કોઇ પણ ધર્મને ઉચ્ચ કે અધમ કહેવો એ યોગ્ય નથી. મૂર્તિપૂજા, નાગપૂજા કે પિતૃપૂજા એ સર્વ આવશ્યક છે. એ એક એવા પ્રકારની ભાષા છે કે જે તેના અધિકારી જીવાત્માઓ સમજી શકે છે.

એક બીજી વાત પણ આપણા ચિત્તમાં ઠસાવી રાખવાની જરૂર છે. અમુક વિશિષ્ટ સંપ્રાદય આપણે સ્વીકારી લીધો, અગર અમુક ધર્મની પુસ્તકમાં લખ્યા પ્રમાણે બરાબર લશ્કરી કવાયદ કરી લીધી, તેથી કાંઇ આપણે ધાર્મિક થઇ ગયા એમ માની લેવાનું નથી. તમે અમુક પુસ્તક વાંચો છો કિંવા અમુક મત ઉપર વિશ્વાસ રાખો છો એ કાંઇ બહુ મહત્ત્વનું નથી; પણ તમે વાંચો અને વિશ્વાસ રાખો છો તે પૈકી શાનો અનુભવ કરો છો એજ મહત્ત્વની વાત છે. “હૃદય જેમનાં શુદ્ધ છે તે કૃતાર્થ છે કારણ કે તેઓ હરિને જોઇ શકશે” એ બાઇબલના વાકયનું હું પુનઃ સ્મરણ કરૂં છું, એ અનુભવનો ઉદ્‌ગાર છે. અનુભવ એજ મુક્તિ છે; અનુભવ એજ લાભ છે; અનુભવ એજ સુખ છે. કેટલાક એવા ઉપદેશકો પણ છે કે જેઓ મુક્તિને એક શાબ્દિક વ્યાપારજ માને છે; પોપટની પેઠે રામ રામ બોલી ગયા તેજ રામનો અનુભવ છે એમ કહે છે; પણ જગતમાંના ભિન્ન ભિન્ન ધર્મોના કોઇ પણ મહાત્માએ એમ કદિ કહ્યું નથી કે માત્ર બાહ્યક્રિયા, પૂજા કિંવા શાબ્દિક આડંબરથી હરિનો ભેટો થઇ શકે છે. તેને પામવાની શકિત આપણા અંતરમાં છે. અંતરમાં અને બહાર, જાગૃતમાં અને સ્વપ્નમાં એજ ભરપૂર છે. એમાંજ આપણે રહીએ છીએ. તેમાંજ આપણે હરીએ ફરીએ છીએ. તેનો પ્રત્યેક ક્ષણે અનુભવ કરવો એજ આપણા જીવની કૃતકૃત્યતા છે. મારો કહેવાનો ભાવાર્થ એવો નથી કે બાહ્યાચાર કિંવા બાહ્યક્રિયાઓ નિરૂપયોગી છે. ધર્મભાવનાનો આરંભ કરનારને માટે તે બાળકોને રમકડાં જેવી છે. જેમ જેમ મનુષ્ય જ્ઞાનવૃદ્ધ થતું જાય છે, તેમ તેમ એ રમકડાં સાથે વિહાર કરવાની તેની વૃત્તિ આપોઆપ ઓછી થતી જાય છે. ધર્મ કાંઇ પુસ્તકોમાંથી ઉત્પન્ન થયો નથી પણ ધર્મની ભાવનામાંથી પુસ્તકો ઉત્પન્ન થયાં છે એ વાત લક્ષમાં રાખવાની છે. કોઇ પણ ધર્મગ્રંથોએ પરમેશ્વરને ઉત્પન્ન કર્યો નથી.

પરમેશ્વરની પ્રેરણાથીજ ધર્મગ્રંથો ઉત્પન્ન થયા છે. તેમજ આપણા જીવાત્માનું અસ્તિત્વ પણ પુસ્તકોને આધારે નથી એ વાત લક્ષમાં રાખવાની છે. આત્મામાં પરમાત્માનો અનુભવ કરવો એજ જગતના સર્વ ધર્મોનું ધ્યેય—એજ એક વિશ્વવ્યાપી ધર્મ છે. કલ્પના અને માર્ગ ભલે ભિન્ન ભિન્ન હોય તથાપિ તે

સર્વ એકજ મધ્યબિંદુને પામવા માટે છે. જેમ એક વર્તુળમાં મધ્યબિંદુમાંથી પરિધિસુધી હજારો રેખાઓ દોરવામાં આવે પણ તે સર્વ મધ્યબિંદુમાં એકત્ર થાય છે, તેમજ સર્વ ધર્મોએ યદ્યપિ ભિન્ન ભિન્ન માર્ગો દર્શાવ્યા છે, તથાપિ તે સર્વ પરમાત્મારૂપી મધ્યબિંદુ પાસે એકરૂપતા પામે છે. આ જડ ઇંદ્રિયોના વ્યવહારથી પર, ખાનપાન અને મોજમજાઓના આ અનંત સંગ્રહસ્થાનથી દૂર, કૃત્રિમ છાયા અને હળહળતા સ્વાર્થના બજારરૂપી સંસારથી પરોક્ષ એવા મધ્યબિંદુ પરમાત્માનું જ્ઞાન થયું એટલે બસ છે. આ જ્ઞાન શાથી થયું એ મહત્ત્વનો પ્રશ્ન નથી. તમે ગમે તે વિશિષ્ટ સંપ્રદાય માન્ય કરો કે ન કરો; અમુક ધર્માવલંબી થાઓ કે તે ધર્મથી મુક્ત રહો; પરંતુ પરમાત્માનો અનુભવ કરો એટલે તમે એક સાધુ છો. અમુક મનુષ્ય ભલે એમ કહેતો હોય કે હું સર્વ ધર્મો અને સંપ્રદાયોને માનું છું; ભલે તેને સર્વ ધર્મગ્રંથો મોઢે હોય; જગતનાં સર્વ તીર્થોમાં તેણે યાત્રા કરી હોય અને સર્વ પવિત્ર નદીઓમાં સ્નાન કર્યું હોય; છતાં પણ પરમેશ્વરવિષયક ભાવનામાં તો તે એક નાસ્તિક અથવા એક બાળક જેવોજ હોઇ શકે. તેવીજ રીતે કોઇએ ભલે જન્મભર કોઇ મંદિર, મસજીદ કે દેવળનાં દર્શન પણ ન કર્યાં હોય, ધર્મગ્રંથોમાં દર્શાવેલ પૂજાવિધિ પૈકી એકનો પણ અમલ ન કર્યો હોય, તથાપિ જો આત્મામાં, પરમાત્માનો વિચાર અને આચારથી તે અનુભવ કરી શક્યો હોય તો તે, વિદ્વાન કે વાક્ચાતુર્યમાં પ્રજ્ઞાન હોવા છતાં પૂજ્ય અને વન્દનીયજ છે. "હું જે માનું છું તેજ સત્ય અને બાકીનું સર્વ ખોટું " એવું જ્યાં સુધી કોઇ બોલે છે ત્યાં સુધી તે ધર્મના રહસ્યને ન જાણનારો મિથ્યાવાદી છે એમ સમજવું. આમ બોલનાર સમજી શકતો નથી કે તેનો ધર્મ બીજા ધર્મો સત્ય હોવાથીજ સત્ય ઠરી શકે છે. જેની સાથે તેની તુલના થઇ શકે તે સત્ય હોય તોજ તે સત્ય ઠરી શકે છે. સર્વ ધર્મોને માટે, સર્વ ધર્મોના અનુયાયીઓને માટે, જગત સમસ્તને માટે સમભાવની લાગણી અને ઉદારતા એમ ખરી ધાર્મિકતાનાં લક્ષણો છે. 'પરમેશ્વર આપણા પિતા અને આપણે સૌ ભાઇઓ છીએ' એ વિવેકનું વાક્ય બોલી સંતોષ પામવાનું હું કહેતો નથી. હુ કહું છુ કે અંતઃકરણથી અનુભવ કરો. આપણે એકજ છીએ. કોઇ પણ જાતિ કે ધર્મના મનુષ્યને જોતાં આપણા અંતઃકરણમાં સાત્ત્વિક પ્રેમ ઉત્પન્ન થાય એજ સાધુતાનુ લક્ષણ છે. સર્વ ધર્મો, સર્વ સંપ્રદાયો, સર્વ મતમતાંતરોનું તત્ત્વ, જ્યાં સુધી અન્ય ધર્મો કે પથો પ્રતિ દ્વેષ કરતું નથી, ત્યાં સુધી તે સર્વ ધર્મો મારા પોતાનાજ છે એમ હું સમજું છું; અને તે સર્વ મહાન છે. તે બધા માણસને પોતાનો ખરો ધર્મ સમજવામાં, પોતાના લક્ષ્ય પ્રતિ પહેંચવામાં સહાયકર્તા છે. અમુક સંપ્રદાયમાં જન્મવું એ યોગ્ય છે ખરું, પણ મરણ પર્યન્ત તેજ સંપ્રદાયના વાડામાં બંધાઇ રહેવું એ કોઈ

યોગ્ય નથી; અર્થાત્ છેવટ સુધી પણ પોતાના ધર્મનેજ પોતાનો કહી બીજા ધર્મો તરફ ઉપેક્ષાવૃત્તિ કે દ્વેષવૃત્તિ રાખવી એ બાલિશતા છે. બાળકની પેઠે અજ્ઞાનમાં જન્મવું એ ઠીક છે પણ જન્મ્યા પછી જીવન પર્યન્ત અજ્ઞાન રહેવું એ તો મૂર્ખાઇજ છે. સાંપ્રદાયિક ક્રિયાઓ, ઉપાસનાની નીમેલી જગ્યાઓ, અમુક પ્રકારના ચિહ્નો ઇત્યાદિ ચેષ્ટાઓ ધર્મના વિષયમાં જેઓ બાલ્યાવસ્થામાં હોય તેમનેજ માટે છે; અને કોઇ પણ જીવ આખા જીવન પર્યન્ત બાળકજ રહે એ તો દયા ખાવા જેવું છે. આપણે મોટા થવુંજ જોઇએ અને મોટા થઇ આ પ્રકારની બાળચેષ્ટાઓનો ત્યાગ કરી દેવો જોઇએ. હિતાહિતનો વિવેક ન કરતાં જે ધર્મમાં જન્મ્યા તેજ ધર્મ આપણો, એ સિદ્ધાન્તને અંધશ્રદ્ધાથી વળગી રહેવું એ તો બાળકનો ડગલો વૃદ્ધાવસ્થા પર્યન્ત પહેરી રાખવા જેવુંજ હાસ્યાસ્પદ છે. આ ઉપરથી હું એમ કહેવા નથી માગતો કે મનુષ્યે પોતાના ધર્મનો ત્યાગ કરવો અગર દુનિયામાં જે ભિન્ન ભિન્ન સંપ્રદાયો છે તે સર્વ નિરૂપયોગી અને નાશ કરવા જેવા છે. હજી પણ સો બસો સંપ્રદાયો અને પંથો નવીન ઉત્પન્ન થાય તો હું તે સર્વને અભિનંદન કરવા તૈયાર છું. તેમ થતાં મનુષ્યોને પોતાની બુદ્ધિ અનુસાર યોગ્ય ધર્મનો સ્વીકાર કરવાનું સરળતાથી બની આવશે. મારો કહેવાનો ભાવાર્થ એજ છે કે એકજ ધર્મ પરાણે સર્વના ગળામાં ઉતારવો; અને સર્વ એકજ ધર્મમાં વટલી અન્ય ધર્મોનો નાશ થાય એવી માન્યતા અનિષ્ટ છે. જો ધર્મો મુખ્યતઃ એકજ તત્ત્વનો બોધ કરતા હોય અને એકજ તત્ત્વને વધારે સ્પષ્ટ કરવા માટે અથવા ભિન્ન ભિન્ન અધિકારને લઇને ભિન્ન ભિન્ન સંપ્રદાયો અને મતમતાંતરો ઉત્પન્ન થયા હોય તો તેમાં કશું ખોટું નથી. બાહ્ય અંગો અને ક્રિયાઓનો વિચાર કરતાં જણાય છે કે માણસનો અધિકાર એવો છે કે માણસ દીઠ એકએક ધર્મ હોય તો તેમાં પણ હું કશું અયોગ્ય જોતો નથી.

ઘણાં વર્ષ પહેલાં હું મારા દેશના એક સાધુ પુરૂષનાં દર્શન કરવા ગયો હતો. તે એક પવિત્ર મહાત્મા હતા. અમારા વેદ, તમારૂં બાઇબલ અને મુસલમાનોના કુરાન વગેરે પવિત્ર ગ્રંથોના સંબંધમાં અમારી વચ્ચે ઘણી વાતચિત થઇ. વાતચિત સમાપ્ત થયા પછી એ મહાત્માએ પાસે પડેલું એક પુસ્તક મને લઇ આવવા કહ્યું. હું તે લઇ આવ્યો. તેમાં ઘણી વાતો હતી. એ વર્ષમાં કેટલો વરસાદ પડશે એ પણ એમાં લખ્યું હતું. સાધુ મહારાજે મને એ ભાગ વાંચી જવા કહ્યું અને હું કેટલો વરસાદ પડવાનો હતો એ ભવિષ્યકથન વાંચી ગયો. પછી મને કહ્યું: “બેટા, આ પુસ્તકને તું ખૂબ જોરથી દાબ !” મેં તે પ્રમાણે કર્યું. મહારાજ આશ્ચર્યપૂર્વક બોલ્યા: “આમાંથી તો એક ટીપું પણ વરસાદ પડતો નથી ! શા માટે વરસાદ પડતો નથી ? બેટા, આ પુસ્તક એક જડ વસ્તુ છે; તેમાં વૃષ્ટિ કરવાની

જરા પણ શક્તિ નથી. વૃષ્ટિ તો જળધર મેઘમાંથીજ થાય છે. તેજ રીતે ધર્મ તેજ છે કે જે વડે ઈશ્વરનો અનુભવ થાય છે. પુસ્તકોમાં એ સામર્થ્ય નથી.”

પઠ પઠકે પત્થર ભયે, લીખ લીખ ભયે ચોર;
જીસ વિદ્યાસે હરિ મીલે, સો વિદ્યા કછુ ઓર.

હજારો ધર્મગ્રંથો જેમના મગજમાં ભરપૂર છે તેવા મનુષ્યો પણ ઈશ્વરના સંબંધમાં કંકોએ નથી જાણતા એમ પ્રત્યક્ષ દેખાય છે.

“ અમે તારી દયાને પાત્ર અધમ પાપી છીએ ” એવી પ્રાર્થના કરવી એ મનુષ્યના દરજ્જાને માટે શું યોગ્ય છે? નહિ. તેઓ પ્રભુનાજ છે, તેમનો હેતુ પ્રભુ તરફ જવાનો છે, પ્રભુ તેમનાથી ભિન્ન નથી એમ જાણવાથીજ મનુષ્ય ધર્મનો લાભ પ્રાપ્ત કરી શકે છે. આ લક્ષ્યાર્થ સ્પષ્ટ કરવા મેં સાંભળેલી એક વાત હું તમને કહું છું. એક સિંહણ મેંઢાના એક ટોળામાં શીકાર કરવાને કૂદી; પણ તેટલામાં તેણે એક બચ્ચાને જન્મ આપ્યો અને તત્કાલ પોતે મરણ પામી. સિંહનું આ બચ્ચું પેલાં ઘેટાંઓની સાથે રહેવા લાગ્યું. તેમની પેઠેજ ઘાસ ખાવાની અને બેં બેં કરવાની ચેષ્ટાઓ કરવા લાગ્યું. તેને એમ ખબર નહોતી કે તે સિંહ હતું. ઘણા વખત પછી એક સિંહ આ ઘેટાંના ટોળા ઉપર ધસી આવ્યો. ઘેટાંની સાથે બેં બેં કરતું પેલું સિંહનું બચ્ચું પણ નાસવા લાગ્યું, તે જોઇ સિંહ આશ્ચર્ય પામ્યો. તે ત્યાંથી ચાલ્યો ગયો, પણ તે ઘેટાસિંહને એકાન્તમાં મળવાનો લાગ શોધવા માંડયો. એક વખતે તે સૂતું હતું એટલામાં પેલો શિકારી સિંહ ત્યાં આવ્યો અને તેને જગાડી કહ્યું: ‘ ભાઇ, તું તો સિંહ છે.’ પેલા ઘેટાસિંહે કહ્યું: “ નહિ, હું તો ઘેટું છું ” એમ કહેતું તે ધ્રૂજવા તથા બેં બેં કરવા લાગ્યું. શીકારી સિંહ તેને પાણીના એક તળાવ પાસે લઇ ગયો અને ત્યાં પાણીમાં તેણે એનો અને પોતાનો પડછાયો દેખાડયો. બંનેનો ચ્હેરો બરાબર સમાન છે એમ બતાવ્યું. પછી તે શિકારીસિંહે એક ગર્જના કરી અને તે ઘેટાસિંહને પણ તેમ કરવા કહ્યું. થોડા પ્રયત્ન પછી તે પણ ગર્જનાની પેઠે ગાજવા લાગ્યો. હવેજ તેને ખબર પડી કે તે ઘેટું નહિ પણ સિંહ હતું.

મારા પ્રિય બંધુઓ! તમે સિંહનાં બચ્ચાં છતાં માત્ર ભ્રમથી બેં બેં કરતાં શીખ્યાં છો. અંધકારવાળી કોઇ કોટડીમાં જતાં રે અંધકાર, રે અંધકાર, એમ આપણે ભયથી પોકારી ઉઠીએ, તેથી શું લાભ? દિવાસળી સળગાવો એટલે અંધકાર એક ક્ષણભરમાં ઉડી જશે! અંતઃકરણને જાગૃત કરો, અંતઃકરણમાં જ્ઞાનરૂપી દિવાસળી સળગાવો એટલે સર્વત્ર સર્વમાં અંતર બહાર તમને પ્રેમનો પ્રકાશ દેખાશે. જ્ઞાનમાં જે નિમગ્ન છે, પ્રેમમાં જે મસ્ત છે તેને પાપ અને અજ્ઞાન જેવું કશુંજ નથી. પાપ અને અપવિત્રતા તેની સમીપ આવી શકતાં નથી. તમે પ્રભુમય

છો—પ્રભુને પ્રિય છો એ તમારા સ્વરૂપનો વિચાર કરો! "અમે પાપી છીએ, અમે અધમ છીએ" એમ કહેવાથી શો લાભ થાય તેમ છે?

*　　*　　*　　*　　*　　*

(વ્યાખ્યાન સમાપ્ત થયા પછી સ્વામીજી અને શ્રોતાઓ વચ્ચે કેટલાક પ્રશ્નોની ચર્ચા થઇ હતી.)

શ્રોતાઓમાંના એકે કહ્યું:-સ્વામીજી, નરકયાતના વગેરેનાં દુઃખોનું વર્ણન કરી લોકોને ભય ઉત્પન્ન કરવામાં ન આવે તો તેઓ સન્માર્ગપર કેવી રીતે ચાલે? ધર્મનો સમાજ ઉપર પછી દાબ શું રહે?

સ્વામીજી:—એવો દાબ ન હોય એજ શ્રેયકર છે. દાબ પાડી ધર્મને તાબે થવા કરતાં મુક્ત રહેવું એજ વધારે સારૂં છે. મનુષ્ય દૈવી અને માનુષી અંશ છે. તેને તેના દૈવી અંશનું ભાન થવાથી તે આપોઆપજ દિવ્ય અને પવિત્ર થાય છે. ઉપદેશનો એજ માર્ગ ઉત્તમ છે.

પ્રશ્નકાર:—ભગવાન ઇસુખ્રિસ્તે કહ્યું છે કે, સ્વર્ગનું રાજ્ય આ જગતથી પર નથી, તેનો અર્થ શું?

સ્વામીજી:—સ્વર્ગનું રાજ્ય એટલે પરમાત્મા આપણા આત્મામાં છે એમ ખ્રિસ્ત ભગવાનના કહેવાનો ભાવાર્થ છે. ખ્રિસ્તની પહેલાં યાહુદી લોકોની ભાવના એવી હતી કે સ્વર્ગ આ પૃથ્વીથી દૂર છે અને ત્યાં ભોગ અને ઐશ્વર્ય છે. આ સિદ્ધાન્ત સત્ય નથી એવી ગર્ભિત સૂચના ખ્રિસ્તે આ વચનથી કરી છે.

પ્રશ્નાકર:—ઉત્ક્રાન્તિવાદિઓ માને છે કે ઉત્ક્રાન્તિના નિયમ પ્રમાણે આપણે જાનવરોમાંથી મનુષ્યો થયા છીએ, એ વાત આપ માનો છો?

સ્વામીજી:—ઉત્ક્રાન્તિના નિયમ પ્રમાણે અધમ ભૂમિકાનાં પ્રાણીઓ ઉન્નતિ પામી મનુષ્ય થયાં છે એમ હું માનું છું.

પ્રશ્નકાર:—જેને પોતાના પૂર્વજન્મનું સ્મરણ હોય એવા કોઇ સત્પુરૂષો આપે જોયા છે?

સ્વામીજી:—એટલે દરજ્જે માણસની સ્મૃતિ પહોંચી શકે છે. મેં એવા કેટલાક મનુષ્યો જોયા છે કે જેમને પોતાના પૂર્વજન્મોનું સ્મરણ હતું.

પ્રશ્નકાર:—વધસ્થંભ ઉપર ચડાવી યાહુદી લોકોએ ખ્રિસ્તનો વધ કર્યો, એ વાતમાં આપને વિશ્વાસ છે?

સ્વામીજી:—ભગવાન ઇસુખ્રિસ્ત ઇશ્વરના પ્રત્યક્ષ અવતારજ હતા. એમનો વધ થાય એ અશક્ય છે 'આપણે ખ્રિસ્તનો વધ કર્યો' એ યાહુદી લોકોની એક ભ્રમણાજ હતી. એમાં માત્ર ખ્રિસ્તના શરીરનોજ વધ થયો હતો.

પ્રશ્નકાર:—આ વખતે જો ખ્રિસ્ત ભગવાને બે ત્રણ પોતાનાં શરીરો ઉત્પન્ન

કરી ચમત્કારો કર્યા હોત, તો તેની અસર સારી થાત કે નહિ?

સ્વામીજી:—સત્યના માર્ગમાં ચમત્કારોને હું એક વિઘ્ન સમાન માનું છું. “બુદ્ધ ભગવાનના શિષ્યોએ એકવાર એમને કહ્યું કે, “અમુક માણસ ચમત્કાર કરે છે, ખૂબ ઉંચેથી વાસણ જરા પણ સ્પર્શ વિના નીચે ઉતારી શકે છે.” ભગવાન બુદ્ધે તેમને કહ્યું કે; “ચમત્કારોનો મોહ છોડી દઇ સત્યને શોધવાનો પ્રયત્ન કરો ! બુદ્ધિને સૂક્ષ્મ કરો, મોહથી મુક્ત કરો કે તે સત્યની સાથે ચાલવા શક્તિમાન થઇ શકો. ચમત્કારનો પણ મોહ છે અને દરેક મોહની પેઠે એ પણ માણસને ખાડામાં નાખી દે છે.

પ્રશ્નકાર:—ભગવાન ખ્રિસ્તે પર્વત ઉપર પોતાના શિષ્યોને ઉપદેશ કર્યો હતો, એ વાતને આપ માનો છો?

સ્વામીજી:—હા, હું માનું છું. એ પ્રમાણે લખ્યું છે અને મારે તેમ ન માનવાને કંઇ કારણ નથી. જો કે એની ઐતિહાસિક સત્યતાનો આધાર માત્ર ગ્રંથો ઉપરજ છે. ગમે તેમ હો તોપણ એ ઉપદેશમાં જે સત્યનો ઉપદેશ થયો છે તે આપણ સર્વને ગ્રહણ કરવા યોગ્ય છે. આપણા અંતરાત્માને સંતુષ્ટ કરે, આપણા અંતરાત્માને જે યોગ્ય લાગે તે ગ્રહણ કરવું એ આપણું કર્તવ્ય છે. બુદ્ધભગવાને ખ્રિસ્ત પહેલાં પાંચસો વર્ષ અગાઉ ઉપદેશ આપ્યો હતો અને તે કલ્યાણકારી હતો. એક પણ શબ્દ અસત્યને માર્ગે પ્રેરે એવો નહતો. મહાપુરૂષોનો ઉપદેશ સર્વથા આવોજ હોય છે. બુદ્ધ, ખ્રિસ્ત, જરથુસ્ત કે કોન્ફ્યુશીયસે કોઈ વાર પણ અધર્મનો ઉપદેશ કર્યો હોય એમ નથી.

હિન્દુ ધર્મ

(બ્રુકલીન સ્ટૅન્ડર્ડ પત્રમાંથી)

તા. ૩૦ મી ડીસેમ્બર ૧૮૯૪ને દિવસે સ્વામીશ્રી વિવેકાનંદે, બ્રુકલીન એથીકલ સોસાઇટીની વિનંતિને માન આપી એક વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાન સાંભળવા હજારો સ્ત્રી પુરૂષો એકત્ર થયાં હતાં. જેથી સોસાયટીનો હૉલ, બાજુના ઓરડા અને ગેલેરી સુદ્ધાં ચિકાર ભરાઇ ગયું હતું. તેમનું સુમધુર વ્યાખ્યાન, પ્રેમ અને બંધુભાવની તેમાં વહેતી ભાવના હિન્દુસ્તાનના પ્રાચીન વૈદિક ઋષિઓનું સ્મરણ કરાવતી હતી. શ્રોતાઓ એમના વ્યાખ્યાન વખતે ચિત્રની પેઠે તટસ્થ થઇ ગયા હતા.

આ પૂર્વદેશીય સાધુ એક અત્યંત પ્રાચીન તત્ત્વજ્ઞાન અને ધર્મભાવનાના પ્રતિનિધિ તરીકે આ શહેરમાં પહેલાંથી પ્રસિદ્ધજ હોવાથી, જનસમાજના સર્વ અધિકારના અને સર્વ ધંધાના લોકો, જેવા કે સુપ્રસિદ્ધ ડૉક્ટરો, પ્રૉફેસરો, નામાંકિત

વકીલો અને ન્યાયાધીશો વગેરે અનેક સંભાવિત ગૃહસ્થો આ ભાષણનો લાભ લેવા આવ્યા હતા. હિન્દુધર્મ, જેને અત્યાર સુધી લોકો એક અજ્ઞાનમૂલક અને વહેમ ભરેલો ધર્મ માનતા હતા તેનો બચાવ કેવી પ્રતિભાસંપન્ન અને જ્ઞાનપૂર્ણ રીતિથી સ્વામીજીના વ્યાખ્યાનમાં થાય છે એ જિજ્ઞાસાથીજ હજારો સ્ત્રી પુરૂષો એમનું વ્યાખ્યાન સાંભળવા આકર્ષાયાં હતાં. કૃષ્ણ, બુદ્ધ અને બ્રહ્માના સાચા ઉપાસક તરીકે, કૃષ્ણ અને વેદધર્મના પ્રતિનિધિ તરીકે સ્વામીજીએ જે જ્ઞાન અને પ્રતિભા સર્વધર્મપરિષદમાં દર્શાવ્યાં હતાં, તે સંબંધી ઘણી વાતો બ્રુકલીનના લોકોના જાણવામાં આવી હતી. સ્વામીજીનું વ્યાખ્યાન ધર્મપરિષદના સર્વ પ્રતિનિધિઓમાં શ્રેષ્ઠ પંક્તિએ મૂકાયું હતું. કેવળ ધર્મને માટે સ્વામીજીએ પોતાના જીવનને, વ્યવહારમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરાવે એવી સર્વ આશાઓનો ત્યાગ કરી વર્ષોનાં વર્ષ ધર્મના અભ્યાસમાં વ્યતીત કર્યાં છે. પ્રાચીન તત્ત્વજ્ઞાનનો એમનો અભ્યાસ વિશાળ છે, સાથે પાશ્ચાત્ય શાસ્ત્રોના પણ દઢ અભ્યાસી છે અને આ ઉભય અભ્યાસક્રમના પરિણામે પ્રાચીન વેદાન્તના તત્ત્વજ્ઞાનનું અને પશ્ચિમનાં શાસ્ત્રોનું આબાદ સંમિલન કરી બતાવ્યું છે. એમની સંસ્કૃતિ, વિદ્વત્તા, ભાષણ કરવાની છટા અને પવિત્ર વ્રત એ સંબંધી બ્રુકલીનના લોકોએ ઘણી ઘણી વાતો સાંભળી હોવાથી આજે એમના દર્શનથી અલભ્ય લાભ થશે એમ ધારી શ્રોતાઓ ભાષણ સાંભળવા ઉત્સુક થઈ રહ્યા હતા; અને તેમની ઉત્કંઠા જોઈએ તે કરતાં પણ વધારે પ્રમાણમાં સફળ થઈ છે.

ભાષણ શ્રવણ કરતાં શ્રોતાઓને જણાયું કે સ્વામીજીની જે કીર્તિ આપણે સાંભળી હતી તે ઓછીજ હતી. એમના વ્યાખ્યાનથી અંતઃકરણ ઉપર કંઈ ઓરજ અસર થાય છે. કાષાય વસ્ત્ર ધારણ કરી સ્વામીજી ઉભા હતા. ગુલાબી રંગની એમની પૂર્વીય પાઘડીમાંથી કુમળા બાલ એમના લલાટ ઉપર રમી રહ્યા હતા. મુખમંડળ ઉપર જાણે એમના હૃદયમાં વિહાર કરતા તત્ત્વજ્ઞાન અને પ્રેમની પ્રતિછાયા પડી રહી હોય ! કમળ જેવાં પ્રતિભાસંપન્ન નેત્રોમાં અપૂર્વ સાધુવૃત્તિનું તેજ અને સામર્થ્ય ઝળકી રહ્યાં હતાં. એમના મુખમાંથી નીકળતો એકે એક શબ્દ સુમધુર, હૃદયસ્પર્શી, પ્રેમ, બંધુતા અને પવિત્રતાના ભાવને જાગૃત કરતો હતો. તેમનો ઈંગ્રેજી ભાષાપરનો કાબુ વખાણવા યોગ્ય હતો. હિમાલયના પવિત્ર સાધુઓની વાતો આ દેશમાં ઘણીવાર સંભળાય છે, સ્વામીજી તેનું એક પ્રત્યક્ષ ઉદાહરણ જણાતા હતા. ખ્રિસ્તીઓની નીતિ, બુદ્ધધર્મનું જ્ઞાન અને હિન્દુઓની તત્ત્વપ્રણાલિમાં તેઓ અપૂર્વ રીતે એકવાક્યતા ઉપજાવી શકતા હતા. આ વરસ (ઈ. સ. ૧૮૯૪) ના સપ્ટેમ્બર માસની ૫ મી તારીખે કલકત્તામાં એક ગંજાવર સભા ભરી સ્વામીજીના દેશબાંધવોએ, આ દેશમાં હિન્દુધર્મની પ્રતિષ્ઠા અને

માન વધારવાની એમણે કરેલી સેવાઓ માટે એમના પ્રતિ સહાનુભૂતિ અને માનનો જે ઠરાવ પસાર કર્યો હતો તે સર્વથા સકારણ હતો, એમ બ્રુકલીનના એમના શ્રોતાઓ પ્રત્યક્ષ જોઈ શકયા હતા.

સ્વામીજીના વ્યાખ્યાન માટે ઘણું ઘણું લખવામાં આવ્યું છે. તેને ગમે તે દ્રષ્ટિથી જોવામાં આવે તથાપિ એકંદરે એમનું વ્યાખ્યાન અત્યંત ચિત્તાકર્ષક હતું. ડૉકટર લુઇ જેમ્સે શ્રોતાઓને સ્વામીજીની ઓળખાણ કરાવ્યા બાદ એમણે સર્વ શ્રોતાઓનો અંતઃકરણપૂર્વક સત્કાર કરવા માટે આભાર માન્યા બાદ નીચે પ્રમાણે વ્યાખ્યાન કર્યું હતું.

"જગતમાં ઉપલબ્ધ સર્વ ધર્મોનો અભ્યાસ કરવો એજ મારો ધર્મ છે. ખ્રિસ્તીધર્મનો મેં લક્ષપૂર્વક અભ્યાસ કર્યો અને મારા માતૃધર્મમાં ન સમજાતી કેટલીક આંટીઘુંટીઓ મને સમજાઇ. સત્ય સર્વવ્યાપી છે. જેવી રીતે કોઇ છ આંગળીવાળા મનુષ્યને જોઇએ તો આપણને એમજ જણાય કે તે આપણાથી ભિન્ન છે; તેજ પ્રમાણે ધર્મના સંબંધમાં સમજી લેવાનું છે. જો એક ધર્મને આપણે સત્ય માનીએ તો બીજા સર્વને સત્ય માનવાજ પડશે. કોઈ એમ કહે કે અમુક ધર્મ સત્ય અને બાકીના અસત્ય તો જાણવું કે તે ધર્મજ દૂષિત છે. આ પ્રમાણે હિન્દુધર્મ મારો છે તેમ તમારો પણ છે. હિન્દુસ્તાનની ઓગણત્રીસ કરોડ માણસની વસ્તીમાંથી માત્ર વીસ લાખ ખ્રિસ્તી, છ કરોડ મુસલમાન અને બાકીના સર્વ હિન્દુ છે.

હિન્દુધર્મ વેદપ્રણીત છે. વેદો બહુજ પ્રાચીનકાળમાં લખાયા છે અને અમારા મત પ્રમાણે સર્વ ધર્મોનો સાર વેદોમાં છે; તથાપિ સર્વ સત્ય માત્ર વેદોમાં જ છે એવોજ અમારા કથનનો ભાવાર્થ નથી. આત્મા અમર છે એમ વેદો અમને શીખવે છે. જગતના સર્વ દેશોમાં અને સર્વ કાળમાં મનુષ્યવૃત્તિ કંઇક એવું શોધવાને મથન કરી રહી હોય છે કે જ્યાં પહોંચવાથી, જેને પામવાથી તેને અન્ય કંઇ પામવાનું કે પ્રાપ્ત કરવાનું ન રહે. કંઇક એવી વસ્તુ શોધવા મનુષ્યવૃત્તિ પ્રેરાય છે કે જે સુખ અને દુઃખના ધક્કાથી મલીન ન થાય, જે એકવાર એક સ્થિતિમાં અને બીજીવાર બીજી સ્થિતિમાં વિકાર પામે એવી ન હોય. આ વસ્તુ આપણે આ દૃશ્ય વ્યવહારમાંથી પામી શકીએ તેમ નથી; કારણ કે પ્રકૃતિમાં એક પણ વસ્તુ એવી નહિ હોય કે જે વિકાર, વધઘટ, ઉત્પત્તિ અને નાશના ધર્મને પાત્ર ન હોય!

પણ તેની સાથે એમ પણ કહેવું પડશે કે, આવું સ્થાન કે આવી શાન્તિ હોઇજ ન શકે એમ જો કોઇ માનતું હોય તો તે ભ્રમણાજ છે. આવી ભ્રમણામાંથીજ કેટલાક બૌદ્ધોનો શૂન્યવાદ અને ચાર્વાકનો નિરીશ્વરવાદ જન્મ પામ્યા છે. જેમાં ચાર્વાકને છેવટે એમજ માનવું પડયું છે અને એવા અધમ અભિપ્રાયનું અવલંબન

કરવું પડયું છે કે, **भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः** માટે **ऋणं कृत्वा घृतं पिबेत्** અર્થાત્ મન કે આત્મા જેવું કશું છેજ નહિ. નીતિ, અનીતિ અને પાપ પુણ્યની ભાવના વહેમજ છે; ચાર્વાકનો આવો મત છે. પાંચ જ્ઞાનેંદ્રિયોથી આત્મા બદ્ધ નથી એમ વેદાન્તનો અભિપ્રાય છે. એ ઇંદ્રિયોદ્વારા આપણને માત્ર વર્તમાન કાળજન્ય વ્યવહારનોજ અનુભવ થાય છે. ભૂતકાળ કે ભવિષ્યકાળનું જ્ઞાન ઇંદ્રિયોદ્વારા થતું નથી એ વાત આપણે અનુભવી શકીએ છીએ. કાળમાં ભેદ નથી તેમ કાળ વિભકત પણ નથી. માત્ર ઇંદ્રિયજન્ય ભેદજ માનવામાં આવે છે. વર્તમાનમાં ભૂત અને ભવિષ્ય ઉભય છે, તેમજ ભવિષ્યમાં ભૂત અને વર્તમાન ઉભય રહેશે. દાખલા તરીકે જો ભૂતકાળનું જ્ઞાન આપણને વર્તમાનમાં ન હોય કે વર્તમાનકાળનું જ્ઞાન ભવિષ્યમાં ન હોય તો વર્તમાનકાળનું જ્ઞાન અકારણ થઇ પડે છે, પણ તેમ નથી. વસ્તુજ્ઞાનની સાંકળ ત્રણેને જોડે છે. ઇંદ્રિયોમાં એ સામર્થ્ય નથી. ત્રણ કાળના ભેદને જોનાર ઇંદ્રિયોથી અતીત એવી કંઇક વસ્તુ અવશ્ય હોવી જોઇએ.

આ સ્વતંત્ર સાધન **અર્થાત્** ઇંદ્રિયાતીત સાધન શું એ પ્રશ્ન અત્રે ઉપસ્થિત થાય છે. આપણા શરીરનો વિચાર કરીએ તો તે સ્વતંત્ર નથી, કારણ કે તે દેશ-કાળાદિ સંયોગોને આધીન છે. તેના અસ્તિત્વ માટે પ્રકૃતિનાં અનેક તત્ત્વોના અસ્તિત્વની અપેક્ષા રહે છે. તેમજ મનનો વ્યવહાર પણ ઇંદ્રિયોની પર નથી. તેના સર્વ વ્યાપારનું કારણ ઇંદ્રિયજન્ય વ્યવહાર ઉપરજ આધાર રાખે છે. ત્યારે નિઃશંક આપણે એવા અનુમાન ઉપર આવી શકીએ કે એ સ્વતંત્ર સાધન શરીર અને મનથી પર હોવું જોઈએ અને એ આત્માજ છે. વેદો કહે છે કે આ દ્રશ્ય વિશ્વ સ્વતંત્ર અને પરતંત્ર તત્ત્વોનું મિશ્રણ છે. અહંકાર ભાવનામાં તે સ્વતંત્ર ભાસે છે પણ વસ્તુતઃ એ પરતંત્ર છે. તથાપિ આ દ્રશ્ય વ્યવહારમાં પ્રત્યેક ક્રિયા–પ્રતિક્રિયામાં, દરેક જડ–ચેતન વસ્તુમાં, આત્મા પ્રકાશે છે; જે સ્વતંત્ર, અવિનાશી, શુદ્ધ, સંપૂર્ણ અને પવિત્ર છે. જો આત્મા સ્વતંત્ર હોય તો તે અમર પણ હોવો જોઇએ; કારણ કે મરણ એક વિકાર છે અને એનો આધાર અમુક પરિસ્થિતિ ઉપર હોય છે. જો આત્મા સ્વતંત્ર હોય તો તે પૂર્ણ હોવો જોઇએ; કારણ કે અપૂર્ણતાનો આધાર પણ પરિસ્થિતિ ઉપર છે. જે જે વસ્તુ પરિસ્થિતિપર આધાર રાખનારી છે તે પૂર્ણ હોઇ શકે નહિ. આત્મા પૂર્ણ છે, સ્વતંત્ર છે માટેજ તે પરિસ્થિતિને વશ નથી. તેમજ જો આત્મા પરિસ્થિતિથી મુક્ત હોય તો તે ઉચ્ચતમ દેવ કે અધમતમ કીટ પતંગમાં કે દુષ્ટ મનુષ્યમાં પણ સમાન હોવો જોઇએ. દેવતા અને દાનવમાં, ઉત્તમ અને અધમમાં જો કંઇ પણ ભેદ હોય તો તે એજ છે કે એકમાં આત્મા ઉપાધિની ઓછી જડતાને લીધે

ઓછા આવરણવાળો હોવાથી વધારે પ્રકાશે છે, ત્યારે બીજામાં ઉપાધિ અને અહંકારના ઘટ્ટ અંધકારથી આવૃત થઇ તે ઓછો પ્રકાશે છે.

અત્રે એક બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આત્માને શરીરની અપેક્ષા શા માટે હોય ? જેવી રીતે મારૂં મુખ જોવું હોય તો આરસીની જરૂર છે, તેમજ આત્માને જોવાને માટે, એટલે ન્યૂનાધિક પ્રકાશ જોવાને માટે શરીર આવશ્યક છે. આત્મા પરમાત્માથી ભિન્ન નથી. મનુષ્યના શરીરમાં આત્મા અને તે આત્મામાં પરમાત્મા વિરાજે છે. આ સ્વરૂપને, આ પરમાત્માને પામવાની મનુષ્યને વહેલે કે મોડે પણ અવસ્ય જરૂર પડે છે. હું કોઇ અંધારી કોટડીમાં જઇ ત્યાં અજવાળાને માટે બૂમ બરાડા મારૂં, આમ તેમ ફાંફાં મારૂં પણ તેથી પ્રકાશ થવાનો નથી; પ્રકાશ કરવાને તો દિવાસળી સળગાવવાનીજ જરૂર છે. તેજ પ્રમાણે “ અમે પાપી છીએ, અમે અધમ છીએ ” એવા બૂમ બરાડા મારવાથી આત્મસાક્ષાત્કારનો લાભ થવાનો નથી. વેદાન્ત કહે છે કે જ્ઞાન પામો ! પ્રયત્ન કરો એટલે તમે તમારા આત્માને પ્રકાશી શકશો, પરમાત્માને પામી શકશો. તમારાં બાળકોને એવી પ્રાર્થના કરતાં ન શીખવો કે તેઓ પોતાને પાપી કે અધમ સમજે ! પરમાત્માનો માર્ગ શુષ્ક ક્રિયાવાદથી કે પોપટની પેઠે માત્ર મંત્રોચ્ચાર કરવાથી સરળ થતો નથી. પ્રભુપ્રાપ્તિ કરવા માટે તો નિયમિત અને હૃદયપૂર્વક પુરૂષાર્થની આવશ્યકતા છે. કંઇ દુઃખમાં સપડાયા તો, “ ઓ પ્રભુ મારૂં રક્ષણ કરજે ! ” એમ કહેવું એ ધર્મ નથી. આપણે આત્મામાં સ્થાયી રહી શરીરને દુઃખ થાય એ તેનું પ્રારબ્ધ છે, એમ સમજી ધીરજથી તે સહન કરી તેનુ પરિણામ ન ઉપજવા દેવું એજ આપણો ધર્મ છે.

પ્રત્યેક મનુષ્યનું વર્તમાન અને ભાવીજીવન તેનાં પૂર્વનાં કર્મોપર પણ આધાર રાખે છે. જો માત્ર માબાપના સંસ્કારો પર્યંતજ પૂર્વકર્મોની સાંકળ લંબાતી હોય તો ઘણીવાર આપણે એવા દાખલા જોઇએ છીએ કે એકજ માબાપનાં છોકરાંને સમાન રીતે ઉછેરવામાં આવે, સમાન અભ્યાસ કરાવવામાં આવે; તથાપિ એકબીજાથી બાળપણુમાંજ ભિન્ન પ્રકારનાં જણાય છે. વળી એક જીવ સારાં માબાપને ત્યાં જન્મે, સારૂં શિક્ષણ પ્રાપ્ત કરી સારો માણસ થાય; જ્યારે બીજો જીવ દુષ્ટ માબાપને પનારે પડી પાપી અને અધમ થઇ છેવટે ફાંસીના લાકડા ઉપર પોતાનું જીવન સમાપ્ત કરે છે તેનું કારણ શું ? જો ઇશ્વિરજ આપણા કર્તા હોય અને આપણે પૂર્વજન્મના સંસ્કાર વિનાજ જન્મ પામતા હોઇએ તો પરમેશ્વરને દૂષિત અને પક્ષપાતી ઠરાવ્યા સિવાય ઉપર્યુક્ત પ્રશ્નોનું સંતોષકારક સમાધાન થઇ શકતું નથી. એક દયાળુ પિતા પોતાનાં સંતાનોને આવી દયાજનક અને દુઃખદાયક સ્થિતિમાં વિના વાંકે મૂકી દે, એ તેની દયા પણ શું દયા ઉપજાવે એવી

નથી ? ઈશ્વર તેના દુઃખનો સુખમાં બદલો આપશે એમ કોઇ ખુલાસો કરે તો તે યોગ્ય નથી. વિના અપરાધે દુઃખ થયું અને પાછળથી તેનો બદલો મળે એ વ્યવસ્થા યોગ્ય નજ કહેવાય. વળી જો આ મારો પહેલોજ જન્મ હોય તો હું સર્વથા પરતંત્ર છું. અનુભવશૂન્ય હું શું કરી શકું ? બીજાનો માર્ગ એજ મારો માર્ગ થાય અને જો મારા પ્રારબ્ધને રચવા હું સમર્થ ન હોઉં તો મારૂં જીવન સર્વથા પરાધીન છે; પણ તેમ નથી. દયાળુ ઈશ્વરના રાજ્યમાં અવ્યવસ્થા કે અન્યાયને સ્થાન નથી. હુંજ મારો કર્તા અને હુંજ મારાં સુખ અને દુઃખને માટે જવાબદાર છું. મેંજ એવાં કર્મો કર્યાં છે કે જેને પરિણામે મારે દુઃખ ભોગવવું પડે છે; અને હુંજ એવાં કર્મો કરી શકું કે જેથી હું સુખી થઇ શકું. એજ અમારા પુનર્જન્મની મીમાંસા છે. પ્રત્યેક જન્મમાં પવિત્ર સત્કર્મો કરતાં કરતાં આપણે ઉચ્ચતર સ્થિતિ પ્રાપ્ત કરતા જઇ છેવટે પરમાત્મા પાસે પહોંચવાનું છે અને એજ મુક્તિ છે.

અમારા મત પ્રમાણે પરમાત્મા વિશ્વવ્યાપી, અમર્યાદ અને સર્વશક્તિમાન છે; અને જીવાત્મા પણ ઉપાધિમાંથી મુક્ત થઇ પૂર્ણ થાય છે ત્યારે પરમાત્માની અનંતતાનો લાભ પ્રાપ્ત કરે છે. આત્મા અને પરમાત્મા ઉભય અનંત અને અમર હોવા છતાં સદાય ભિન્નજ રહી શકે એ દ્વૈતવાદ અમને માન્ય નથી. 'પરમાત્મા વિશ્વવ્યાપી છે અને આપણે તેના કૃપાપાત્ર જીવો છીએ' એ કલ્પના ધર્મની પ્રથમ પાયરી છે; તે આપણા અંતર્યામી છે, સર્વ જડ ચેતનમાં તેમનો વાસ છે; એ કલ્પના બીજી પાયરી છે; અને આપણે તથા તે એકજ છીએ એ ત્રીજી પાયરી છે. ભિન્ન ભિન્ન ધર્મોમાં ઈશ્વરવિષયક અનેક પ્રકારની કલ્પનાઓ અને પૂજાવિધિ છે, પણ તે ભિન્ન ભિન્ન અધિકારના મનુષ્યોને માટે હોઇ સર્વ ઈશ્વર પ્રતિ લઇ જનારા સત્ય માર્ગો છે. અમે હિન્દુઓ સર્વ ધર્મોને સત્ય અને મનુષ્યને ઈશ્વર પ્રતિ લઇ જવાનાં સાધનો માનીએ છીએ. ક્રૉસની પાસે ઘૂંટણીએ પડનાર ખ્રિસ્તી, મસ્જીદમાં પ્રાર્થના કરનાર મુસલમાન અને અગ્નિપૂજક પારસી એ સર્વ ધાર્મિક છે. એ સર્વની માન્યતા ધર્મને અવલંબી પ્રભુ પ્રતિ લઇ જનારી છે એમ અમે માનીએ છીએ. સર્પપૂજા, પિતૃપૂજા અને પશુપૂજાથી તે ઉચ્ચ તત્ત્વજ્ઞાનની ભાવના સુધી જ્યાં જ્યાં ધર્મ છે ત્યાં ત્યાં ઈશ્વર છે. એ સર્વ જૂદી જૂદી ભૂમિકાઓ દ્વારા મનુષ્ય ઈશ્વર પ્રતિ ગમન કરે છે. આ ભાવના જો બરાબર સમજાય તો ધર્મમાં દ્વેષને જરા પણ અવકાશ મળે તેમ નથી. સર્વ ધર્મોમાં સત્યનાં પુષ્પો છે, તે સુંદર છે. એ સર્વ સુંદર પુષ્પોની એક માળા બનાવી, પ્રેમના સૂત્રથી બાંધી તે પરમાત્માને અર્પણ કરવી જોઇએ.

હવે આપણે મુદ્દાની વાતપર આવીએ. જો હું ખરેખર પરમાત્મા સ્વરૂપ

હોઉં તો મારો આત્મા, મારું શરીર વગેરે સર્વ તે પવિત્ર પ્રભુને નિવાસ કરવા યોગ્ય એક મંદિરરૂપજ છે; એમ મારે નિરંતર સમજવાનું છે. પ્રેમના બદલા તરીકે ખુદ પ્રેમમાંજ એવી મજા છે કે તેને પરિણામની જરૂર નથી. કર્તવ્ય કરવામાંજ એટલું સુખ છે કે તેની પાછળ ફળરૂપે સુખની ઇચ્છા કરવી એજ ભ્રમણા છે. મારો આત્માજ મને સુખરૂપ હોય; મારું એકે એક કર્તવ્ય જો પૂજનરૂપ અને પ્રેમરૂપ હોય; તો મારે સુખની આશા કે દુઃખનો ભય શા માટે રાખવો જોઇએ ?

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।

તારો કર્મમાં અધિકાર છે, તેના પરિણામનો નહિ. ધર્મ એ નિરર્થક ક્રિયા કે અર્થ વગરનો વાદ નહિ પણ ચૈતન્યયુક્ત ભાવના અને પ્રભુના સામીપ્યનો અનુભવ છે. આ અનુભવ નિરંતર મારી દૃષ્ટિ સમક્ષ રહે એજ મારો ધર્મ છે. આપણે સર્વેએ આ એકતાનતા, આ સાયુજ્ય, આ પ્રેમમુક્તિની સ્થિતિ પ્રાપ્ત કરવાની છે અને આ આપણી સ્થિતિને દિનપ્રતિદિન વધારે અનુભવવી એજ આપણા જીવનની ઉન્નતિ છે.

ભાષણમાં વારંવાર શ્રોતાઓ તાળીઓના ગગડાટથી વક્તાને વધાવી લેતા હતા. ભાષણ સમાપ્ત થયા બાદ આશરે પંદર મિનિટ પ્રશ્નોત્તરની ચર્ચા થઇ હતી; અને તે પછી સભાનું કામ વિસર્જન કરવામાં આવ્યું હતું.

९–मुक्त आत्मा.

(આ વ્યાખ્યાન ઇ. સ. ૧૮૯૬ માં અમેરિકાના ન્યૂયોર્ક નગરમાં આપવામાં આવ્યું હતું.)

સાંખ્ય મતના પ્રણેતા શ્રી કપિલમુનિના અભિપ્રાય પ્રમાણે પ્રકૃતિ અને પુરૂષ (આત્મા) આ બે અનંત તત્ત્વો છે. શ્રી કપિલનો મત દ્વૈતવાદમાં ગણાય છે. આત્મા અનેક છે અને તે પ્રકૃતિથી નિર્લેપ છે માટે તેનો અંત નથી. પ્રકૃતિ પોતેજ વિકાર પામી આ અનેક પ્રકારનાં રૂપ ધારણ કરે છે. નામરૂપ ધારણ કરવાની શકિત તેની પ્રકૃતિમાંજ છે. આત્મા સાંખ્યના અભિપ્રાય પ્રમાણે નિષ્ક્રિય છે. પ્રકૃતિ વિકારવાન છે તે અનેક પ્રકારના રૂપાકાર રચે છે તથાપિ તે જડ છે. આત્મા અને પ્રકૃતિનો યોગ એ આ સંસારનું અનાદિ કારણ છે. પ્રકૃતિને આ વિવિધ આકારની ખટપટ કરવાનું શું પ્રયોજન છે ? આ પ્રશ્નના ઉત્તરમાં સાંખ્ય કહે છે કે, **'पुरुषः मोक्षनिमित्तं प्रवृत्तिः प्रधानस्य।'** પુરૂષ અથવા આત્માને જ્ઞાન થાય કે આ પ્રકૃતિ છે અને હું પુરૂષ તેનાથી ભિન્ન છું અર્થાત્ આત્મા મિથ્યા અહંભાવથી મુક્ત થાય, પ્રકૃતિના બંધનથી છૂટે તેટલા માટેજ પ્રકૃતિનો આ સર્વ પ્રયત્ન છે. સાંખ્યવાદી પુરૂષને અમિશ્ર અને તેથી સર્વવ્યાપક માને છે એ આપણે ઉપર જોઇ ગયા છીએ. વળી પુરૂષ કિંવા આત્મા કોઇ પણ બે પદાર્થના યોગથી ઉત્પન્ન ન થએલ હોવાથી, તે અમર્યાદિત અથવા સર્વવ્યાપક છે, કોઇ પણ પદાર્થ દેશ, કાળ અને ઉપાધિથી બાધિત હોય તોજ મર્યાદિત હોઇ શકે છે. પુરૂષ કોઇ પણ પ્રકારની ઉપાધિથી પર છે, તેમજ તેના સ્વરૂપને ઉપાધિ હોય એ સંભવિત પણ નથી; કારણકે ઉપાધિમાં સ્થળ મર્યાદા પહેલાં હોવાની જરૂર છે, સ્થળ મર્યાદા એટલે અમુક આકાર અથવા શરીર એ પ્રકૃતિનું કાર્ય છે. જો પુરૂષને આકાર હોય તો પ્રકૃતિ અને પુરૂષની કાર્યભિન્નતા ઉડી જાય છે.

આકાર આદિની રચના કરવી એ પ્રકૃતિનું કાર્ય છે. અમુક વસ્તુ નિરાકાર છતાં તે અમુક સ્થળે છે, એમ કહેવું યોગ્ય નથી. નિરાકાર વસ્તુ સર્વવ્યાપીજ હોવી જોઇએ. સાંખ્યમત અહીં અટકી જાય છે. આ વસ્તુસ્થિતિથી પર જઇ શકવાને તે અસમર્થ છે. સાંખ્યની વિરૂદ્ધ વેદાન્તમતનો પ્રથમ આક્ષેપ એ છે કે આટલીજ મીમાંસા સંપૂર્ણ નથી. સાંખ્યમત પ્રમાણે પ્રકૃતિ અને આત્મા ઉભય કેવલરૂપ છે. વેદાન્ત કહે છે કે જો પ્રકૃતિ અને પુરૂષ ઉભય કેવલરૂપ હોય તો બે કેવલરૂપ તત્ત્વો થશે, અને એકમાં જે કાર્યારોપણ થશે તે બીજામાં પણ કરવાની જરૂર પડશે. જો આત્મા સર્વવ્યાપક હોય તો પ્રકૃતિને પણ સર્વવ્યાપક માનવાની જરૂર પડશે અને એવી રીતે પ્રકૃતિ પણ દેશકાળ અને વસ્તુના પરિચ્છેદ કે ઉપાધિથી પર થઇ જતાં, તેમાં જે કર્તા અને સંહર્તાપણાનાં કાર્યોનું આરોપણ કરવામાં આવે છે તે અસ્થાને થઇ પડશે; તેમજ જો બે કેવલરૂપ માનીએ તો વ્યવસ્થાજ રહેતી નથી, એકજ છે માટે કેવલરૂપ છે. બે, ચાર, પાંચ, પચાસ, આમ કેવલરૂપને વધારતા જઇએ તો કેવલરૂપ પણ મર્યાદિત થઇ જાય છે. આ વાત સહજ સમજાય તેવી છે.

આ આંટી વેદાન્ત કેવી રીતે ઉકેલે છે તે આપણે જોઇએ. પ્રકૃતિનો સ્વભાવ જડ છે. જડ સ્વભાવમાં ઉત્પાદક અને સંહારક શક્તિનું જે આરોપણ સાંખ્યશાસ્ત્ર કરે છે તે વાસ્તવિક નથી. એ જડ સ્વભાવમાં ગતિ પ્રેરનાર ચૈતન્ય છે. ચૈતન્ય વિના મનુષ્યમાં નામરૂપાદિનો વિચાર થવો અશક્ય છે; તેમજ પ્રકૃતિ એક પાષાણથી તે મહત્તત્ત્વ સુધીની ચૈતન્યની સહાયતા વિના ઉત્પત્તિ કરી શકે એ પણ શક્ય નથી. જે ચૈતન્યના પ્રભાવથી પ્રકૃતિ આ નાના શરીરનાં રૂપ રંગ ઉત્પન્ન કરી રહી છે, તેને વેદાન્ત ઈશ્વર કિંવા પરમાત્માનું નામ આપે છે. જો સમસ્ત જડચેતન વિશ્વ પરમાત્મા કે ચૈતન્યને લઇનેજ હોય અર્થાત પરમાત્માજ વિશ્વના અધિષ્ઠાતા હોય તો તે વિશ્વથી ભિન્ન છે એમ કે ઇથી પણ કહી શકાશે નહિ; એટલે કે પરમાત્મા પોતેજ આ અનેક સ્વરૂપોદ્વારા વ્યક્ત થાય છે. જેમ કુંભાર ઘટનું નિમિત્ત કારણ છે; તેમ વિશ્વના તે માત્ર નિમિત્ત કારણજ નથી, પણ જેમ માટી અને ઘટનો સંબંધ છે તેમ પરમાત્મા વા વિશ્વના ઉપાદાનકારણ પણ છે.

આપણે અનેક દષ્ટાન્તોમાં જોઇ ગયા છીએ કે કારણનો સ્વભાવ તેજ કાર્યનો સ્વભાવ હોઇ શકે છે. કાર્ય એ તો કારણનું એક સ્થૂળ સ્વરૂપ માત્ર છે એ આપણે સહજ સમજી શકીએ તેમ છે. પરમાત્માનું અસ્તિત્વ એજ પ્રકતિનું કારણ છે. દ્વૈતવાદીઓ, વિશિષ્ટાદ્વૈતવાદીઓ, અદ્વૈતવાદીઓ એ સર્વ વેદાન્તની શાખાઓનો મત આ સિદ્ધાન્તના સંબંધમાં સમાન છે. તે સર્વ સ્વીકારે છે કે પરમાત્મા જગતનું માત્ર નિમિત્તકારણ નહિ પણ ઉપાદાનકારણ પણ છે. આ જગતમાં જે જે વસ્તુ, રૂપ, રંગ કે સ્વરની પ્રતીતિ થાય છે તે તેજ છે. વેદાંત બીજી

એક વાત એ કહે છે કે પ્રત્યેક જીવાત્મા, પરમાત્માના અંશરૂપ છે. જેમ સ્ફુલિંગ અગ્નિનો એક અંશ છે, તેમ જીવાત્મા તે અનંત ચૈતન્યનો એક અંશ હોઈ સ્વભાવમાં તેનાથી ભિન્ન નથી. “तदेतत्सत्यं यथा सुदीप्तात्पावकाद्विस्फुलिंगाः सहस्रशः प्रभवंते सरूपाः ॥ तथाक्षराद्विविधाः सौम्यभावाः प्रजायंते तत्र तत्र चैवा पियंति ॥” (મુંડકોપનિષદ્ ૨-૧.) જેવી રીતે મોટા અગ્નિના ભડકામાંથી લક્ષાવધિ તણખા ઉડે છે તેજ પ્રમાણે આ સનાતન એક રૂપમાંથી આ સર્વ આત્માઓ ઉત્પન્ન થયા છે. આ સિદ્ધાન્તને પણ વેદાન્તની સર્વ શાખાઓ માન્ય કરે છે અહીં સુધી ઠીક સમજાય છે, પણ આટલાથી સમાધાન થાય તેમ નથી. આત્માને અનંત તત્ત્વનો એક વિભાગ માનવાથી પ્રશ્ન એ થાય છે કે જો અનંત તત્ત્વ સર્વત્ર અને સર્વમય હોય તો તેના ભાગ કેવી રીતે થઇ શકે ? ત્યારે અનંત તત્ત્વ તે અગ્નિ અને આત્મા એક સ્ફુલિંગ છે એ વેદાન્તના વાક્યનો શો અર્થ હોઇ શકે ? વેદાન્ત આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે; જીવાત્મા પરમાત્માનો અંશભૂત હોવા છતાં એમ માનવાનું નથી કે ઈશ્વરના ખરેખર અસંખ્ય ભાગજ થાય છે. આત્મા પરમાત્માનો એક નાનો ભાગ નથી પણ તે પોતેજ સંપૂર્ણ ઈશ્વરસ્વરૂપ છે, તે પરમાત્મામય છે. અહીં કોઇ શંકા કરશે કે ત્યારે તો જેટલા આત્મા તેટલા પરમાત્મા બ્રહ્મ-ઈશ્વર થઇ ગયા. જીવાત્મા અનંત છે અને વળી પ્રત્યેક જીવાત્મા પૂર્ણ પરમાત્મા છે એમ કહીએ તો ઈશ્વર પણ અનેક થઇ જશે; પણ તેમ નથી. સૂર્યનો ઉદય થતાં ભિન્ન ભિન્ન પડેલાં ઝાકળનાં બિંદુઓ ઉપર તેનો પ્રકાશ પડે છે અને અનેક સૂર્યો હોય એવો આભાસ થાય છે. પ્રત્યેક જળબિન્દુમાં એક નાની પણ આબેહુબ સૂર્યની પ્રતિમા દ્રષ્ટિગોચર થાય છે; એજ રીતે પ્રત્યેક જીવાત્મા પરમાત્માના પ્રતિબિંબરૂપ છે. આ દ્રષ્ટિગોચર થતું સમસ્ત વિશ્વ, જડ-ચેતન પદાર્થો, કીટ, પતંગ, પાષાણ, પશુ કે મનુષ્ય સર્વ તેના પ્રતિબિંબ માત્ર છે. તેના અનેક પ્રતિબિંબરૂપે આ સૃષ્ટિ નિર્માણ થઇ છે. પ્રકૃતિ ઉપર પરમાત્માનું પ્રતિબિંબ પડતાં તે ચૈતન્યમય થઇ વિહાર કરવા લાગી અને તેના આ સર્વ રૂપાકાર થયા છે. એકજ તત્ત્વ અનેકરૂપે પ્રકાશે છે પણ તે પ્રકાશ અને ભાસ દેખવામાત્રજ છે. તે કાંઇ વાસ્તવિક તત્ત્વ નથી, માત્ર પ્રતિબિંબ કિંવા તેના સ્વરૂપની ભ્રમણાજ છે. પરમાત્માના વિભાગ થાય એ અશક્ય છે. તે પ્રકૃતિદ્વારા ભ્રમણારૂપે આમ ભિન્ન ભિન્ન દેખાય છે. પરમાત્મા એક છતાં તે ભિન્ન દેખાય, માણસને આમ ભ્રમણા થાય તેનું શું કારણ હોઇ શકે ? એ પ્રશ્નના ઉત્તરમાં વેદાન્ત કહે છે કે દેશ, કાળ અને ઉપાધિ એ ત્રણને લઇ જે દ્રષ્ટિ રચાય છે તે ભ્રમણાત્મક છે. સ્થળ, કાળ અને ઉપાધિમાં બંધાએલો હું જ્યારે પરમાત્મા તરફ દ્રષ્ટિ કરૂં છું, પરમાત્માનો વિચાર કરૂં છું ત્યારે તે મને જડ વિશ્વરૂપે પ્રતીત થાય છે. મારી

દ્રષ્ટિ તેથી સહજ ઉંચી જતાં પણ એજ દેશકાળમાં રમતી હોય ત્યાં સુધી તે મને પશુ, પક્ષી કે પતંગ, મનુષ્ય, બુદ્ધિમાન મનુષ્ય અને છેવટે દેવતુલ્ય દેખાય છે. તે સર્વત્ર છે. આપણે જોઇએ કે નહિ, આપણી દ્રષ્ટિ તેને જોઇ શકે કે નહિ; તથાપિ તે સર્વમાં સર્વત્ર છે, આપણામાં છે, આપણે અને તે ભિન્ન નથી. હું તે છું અને તમે પણ તેજ છો. આપણે તેના વિભક્ત ભાગ નથી પણ તેમય છીએ, આપણે સર્વમય છીએ. તે અનંત, પૂર્ણ, સર્વવ્યાપક શક્તિ આ સર્વ દશ્ય પ્રપંચની પાછળ પ્રકાશે છે. તેજ આ સર્વ દ્રશ્ય છે. કર્તા પણ તે છે અને કર્મ પણ તે છે.

હવે એક પ્રશ્ન થાય છે કે જો આપણે તેનાં સ્વરૂપજ હોઇએ, તો તેને આપણે કેવી રીતે જાણી શકીએ? જાણનાર પોતાને જાણી શકતો નથી. હું દરેક વસ્તુને જોઇ શકું છું, પણ મને પોતાને, મારા મુખને જોઇ શકતો નથી; તેજ પ્રમાણે આત્મા સર્વના અધિષ્ઠાનરૂપ, સત્યસ્વરૂપ, આ સર્વ દ્રશ્યના મૂળ કારણરૂપ છતાં પોતાને જાણી શકતો નથી. જો પોતાને જાણવાની ઇચ્છા થાય તો પ્રતિબિંબદ્વારાજ તેમ થઈ શકશે. આપણું મુખ જોવાની ઇચ્છા થતાં આપણને આરસીરૂપે એક મધ્યસ્થ વસ્તુની જરૂર પડે છે; તેમાં પ્રતિબિંબ પડતાં આપણે આપણું મુખ જોઇ શકીએ છીએ. તેજ પ્રમાણે જીવાત્માને પણ પોતાનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય, પોતાનું મુખ જોવું હોય તો કોઇ મધ્યવર્તી વસ્તુમાં પ્રતિબિંબ પડવાથીજ તે પોતાના સ્વરૂપને જોઇ શકે છે, અન્યથા નહિજ. જીવાત્માને પોતાના સ્વરૂપના સાક્ષાત્કાર માટે આ વિશ્વ એક વિશાળ આરસી સમાન છે. તેને આત્મદર્શનની ઇચ્છા થતાં પ્રથમ એકાદ સૂક્ષ્મ બીજકોષની યોજના કરી તે દ્વારા તે પોતાને જોવા લાગે છે; અને દ્રષ્ટિ વિશાળ થતી જાય છે તેમ તેમ વધારે વિશાળ આરસીરૂપ વૃક્ષ, રોપા, પાષાણ, પશુપક્ષી ઇત્યાદિ સૃષ્ટિ ઉત્પન્ન કરી, આ આરસી ક્રમશઃ વધારે વધારે ઉન્નત અને શ્રેષ્ઠ થતી જાય છે; અને છેવટે તે ઉત્તમ સંપૂર્ણ મુક્ત મનુષ્યમાં પોતાનું સંપૂર્ણ પ્રતિબિંબ જુએ છે. જેવી રીતે કોઈ માણસને પોતાનું મુખ જોવું હોય અને પ્રથમ તે એકાદ કીચડથી ભરેલા ખાબોચીઆમાં પોતાનું મુખ જુએ તો તેમાં મુખની ઝાંખી રૂપરેષાજ દેખાય છે; આગળ વધી સ્વચ્છ પાણીના ઝરણમાં દ્રષ્ટિ કરતાં તેને પોતાનું મુખ તેથી અધિક સ્પષ્ટ જણાય છે; નિર્મળ જળમાં જોવાથી તે પોતાના મુખનો રંગ અને આકાર વધારે સ્પષ્ટ જોઇ શકે છે; અને બિલોરીકાચના દર્પણમાં તો તે બરાબર તેના ખરા સ્વરૂપમાં જણાય છે. મૂળ જેવું છે તેવુંજ જોવાની જો ઇચ્છા હોય તો બિલોરીકાચની જ અપેક્ષા છે. પૂર્ણત્વ પામેલું મનુષ્ય બિલોરીકાચના સ્વચ્છ આરસા સરખું છે. પૂર્ણ મનુષ્યમાં, મુક્તપુરૂષમાં તે સર્વજ્ઞ અને સર્વવ્યાપક આત્માનું સંપૂર્ણ પ્રતિબિંબ પ્રકાશે છે. વૃક્ષ, પાષાણ, સૂર્ય, ચંદ્ર વગેરે વસ્તુઓ તરફ મનુષ્યો પૂજ્યભાવથી જુએ છે

તેમજ સર્વ દેશોમાં મહાત્માઓ પૂજાય છે તેનું ખરૂં રહસ્ય હવે તમે જાણી શક્યા હશો. તમારી બુદ્ધિ ગમે તેવો લવારો કરે, સુધારો તમારી ભાવનાને ગમે ત્યાં લઈ જાય; પણ સંપૂર્ણ મનુષ્ય કે જેનાં માન અને મદ નાશ પામ્યાં છે, સર્વ તરફ જેનાં અંતઃકરણમાં પ્રેમની ધારા વહે છે એવા મહાત્માઓને પૂજ્યા વિના, એમની પાસે તમારૂં મસ્તક નમાવ્યા વિના તમે રહી શકશો નહિ. બુદ્ધ અને ખ્રિસ્તને લોકો પૂજતા હતા, પૂજે છે અને પૂજશેજ. પરમાત્માના એ મહાત્માઓ સંપૂર્ણ પ્રતિબિંબ જેવા છે. ઈશ્વરની મહત્તાના સંબંધમાં આપણે ગમે તેટલી ઉચ્ચ ભાવના રચીએ, પણ એ ભાવના આ પ્રત્યક્ષ પરમેશ્વર સ્વરૂપ સાધુ પુરૂષો પાસે નમી જાય છે. મુક્ત પુરૂષમાં જિજ્ઞાસાની અને અહંભાવની વૃત્તિ શાન્ત પામી જાય છે. પવન વિનાના સ્થાનમાં રહેલા દીપકની પેઠે તેની મનોવૃત્તિ સ્થિર થઈ જાય છે. માયાની ભ્રમણાનાં સ્વરૂપો અને સંસારના મોહની વાસનાઓ તેના અંતઃકરણને સ્પર્શ કરી શકતી નથી. તેની બુદ્ધિ સ્થિર હોય છે. તે પરમાત્મામાં વિહાર કરે છે. ભૂતકાળમાં હું તેજ હતો, આજે હું તેજ છું અને ભવિષ્યમાં પણ હું તેનાથી ભિન્ન થનાર નથી એવી સ્થિતપ્રજ્ઞા જાગૃત થઇ તે પોતાને હરિરૂપ માને છે. અહીં તમે પ્રશ્ન કરશો કે મુક્તિનાં બંધન શા માટે? જો મનુષ્ય સ્વભાવતઃ ત્રિકાળાબાધિત પરમતત્ત્વમાં સ્થિત હોય તો માયાની જાળમાં તે કેવી રીતે બંધાઇ જાય છે? સંપૂર્ણ મનુષ્ય અસંપૂર્ણ શી રીતે થાય છે? પ્રકૃતિને પોતાની સત્તામાં રાખનાર સ્વામી પ્રકૃતિજન્ય વાસનાઓનો ગુલામ શી રીતે થાય છે? અદ્વૈતવાદી આ પ્રશ્નોનો ઉત્તર આપતાં કહે છે કે, તે બંધનમાં હતોજ નહિ. ભિન્ન ભિન્ન આકારનાં અને રંગનાં વાદળાં આકાશ ઉપર ચડી આવે છે; ક્ષણભર ત્યાં રહે છે અને ઉડી જાય છે; છતાં આકાશમાં જરા પણ ફેરફાર થતો નથી. વિકાર પામનાર અને ગતિ કરનાર માત્ર વાદળજ છે; તેવીજ રીતે તમે મૂળમાં સંપૂર્ણ હતા, હમણાં સંપૂર્ણ છો અને સંપૂર્ણ રહેવાના છો. તમારા એ સ્વભાવમાં રૂપાન્તર કરી શકવા કોઇ વસ્તુ સમર્થ નથી અને થનાર પણ નથી. હું પૂર્ણ છું કે અપૂર્ણ છું, આ મને મળ્યું અને આની મને જરૂર છે, હું પુરૂષ છું કે સ્ત્રી છું, હું પાપી છું કે પવિત્ર છું, હું મન છું કે બુદ્ધિ છું, આ સર્વ આભાસ માત્ર છે. તમે વાસ્તવિક રીતે મન નથી, બુદ્ધિ નથી, સ્ત્રી કે પુરૂષ નથી. તમે અપૂર્ણ નથી, તમને કંઈ મળ્યા જેવું નથી, તેમ તમને કશાની આવશ્યકતા પણ નથી. તમે આ સૃષ્ટિના પાલક છો, નેતા છો, છે અને થશે તે સર્વ ઉપર તમારા આત્માની સત્તા છે. સૂર્ય, તારા, ચંદ્ર અને નાનાવિધ પૃથ્વીઓ એ સર્વ તમારી સત્તાને વશ વર્તે છે. તમારા અસ્તિત્વને લીધેજ આ સૂર્ય પ્રકાશે છે, તારાઓ પોતાનાં શાન્ત કિરણો પ્રસારે છે અને પૃથ્વી સુન્દર અને રમ્ય વસ્તુઓ ઉત્પન્ન કરી

શકે છે. આ સર્વ પ્રકૃતિની રમ્યતા, તારા, સૂર્ય, વનસ્પતિ અન્યોન્ય સાથે એકતાનથી વર્તે છે. નિર્મળ ન્યાય અને નીતિ તેના દરેકે દરેક નિયમમાં પ્રતીત થાય છે એ તમારા આત્માનોજ પ્રભાવ છે. તમે સર્વમાં છો, નહિ ! નહિ ! તમે સર્વમય છો ! હવે હું તમને પ્રશ્ન કરૂં છું કે તમે કોનો આદર કરશો ? અને કોનો અનાદર કરશો ? આ આત્માનું જ્યારે જ્ઞાન થાય છે ત્યારે માયાનો આભાસ, દીપક થતાં અંધકાર નાશ પામે તેમ નાશ પામે છે.

હિન્દુસ્તાનના એક નિર્જન અરણ્યમાં હું એકવાર પ્રવાસ કરતો હતો, એ અરણ્યમાં આશરે એક માસ સુધી મેં પ્રવાસ કર્યો હતો. એ પ્રવાસ દરમ્યાન અત્યંત સુંદર દેખાવો મારા જોવામાં આવ્યા હતા. અનેક સુંદર સરોવરો, હરિયાળી જમીન, સ્ફાટિક જેવા જળમાં પડતું વૃક્ષોનું પ્રતિબંબ વગેરે દેખાવો અત્યંત મનોહર હોય છે. એકવાર મને અત્યન્ત તૃષા લાગી અને એક સરોવર પાસે જઇ મારી તૃષા છીપાવવાની મારી ઇચ્છા થઇ; પણ હું તે સરોવર પાસે પહોંચ્યો કે તે અદૃશ્ય થઇ ગયું. તરતજ મારા મગજમાં એક વિચાર ઉત્પન્ન થયો અને મારી ભૂલ મને સમજાઇ ગઈ. મેં જોએલું જળ અને સરોવર તે વાસ્તવિક જળ કે સરોવર નહોતું, તે તો માત્ર મૃગજળ હતું. મેં મૃગજળના સંબંધમાં પુસ્તકોમાં વાંચ્યું હતું પણ તે જ્ઞાન માત્ર પુસ્તકીય હતું. એક માસ સુધી આ અરણ્યમાં રોજ મૃગજળ મેં જોયા કર્યું હતું; પણ જ્ઞાનપૂર્વક મને તેની ખાત્રી થઇ નહોતી. આગળ પ્રવાસ કરતાં બીજે દિવસેજ મને એક મૃગજળ, સુંદર હરિયાળી ભૂમિ અને વૃક્ષનાં પ્રતિબંબ વગેરેનો દેખાવ નજરે પડયો, પણ હવે હું ભૂલ ખાઉં એમ નહોતું. હું તરતજ સમજી ગયો કે એ મૃગજળ છે. હવે હું એની પાસે જઇ તેમાંથી જળપાન કરી મારી તૃષા ટાળવાનો વિચાર કરૂં એ બનવા જોગ નહોતું. હવે એ અભ્યાસ મને આભાસરૂપેજ જણાતો હતો. તેવીજ રીતે માયાનો આ આભાસ પણ જ્ઞાન અને અનુભવની પ્રજ્ઞા જાગૃત થતાં અંધકારની પેઠે ઉડી જાય છે. દરેક મનુષ્યને એક વખત એવો અવશ્ય આવે છે કે જ્યારે આ સંસાર, આ વિશ્વ અને તેનો વ્યવહાર તેના મનથી મિથ્યા થઈ જાય છે. આપણો આત્મા, આપણું મન, આપણી બુદ્ધિ એ વ્યવહારથી નિવૃત્ત થઇ "તુંહી" "તુંહી" ના પ્રેમગાનમાં મસ્ત થઇ જાય છે. જ્ઞાનની એજ સ્થિતિ છે. તત્ત્વજ્ઞાન કંઇ મિથ્યાવાદ કે કેવળ વાર્તાનો વિષય નથી. ખરૂં તત્ત્વજ્ઞાન થતાં આ શરીર અને શરીરજન્ય વ્યવહાર તેમજ સમસ્ત વિશ્વ આપણી દૃષ્ટિ પાસેથી ઉડી જાય છે. હું શરીરધારી છું, મને મન છે, એ ભાવના પણ ઉડી જાય છે. અત્રે કોઇ શંકા કરશે કે આ પ્રમાણે વ્યવહારથી મુક્તિ થયા પછી મુક્ત પુરૂષનું શરીર રહેવાની પણ શું આવશ્યકતા છે ? ખરી રીતે તેને શરીર પણ નથી તથાપિ કુંભા-

રનું ચક્ર જેમ પાત્ર તૈયાર થઇ ગયા પછી પણ ગતિના બળને લીધે થોડો વખત ચાલ્યા કરે છે; તે પ્રમાણે પ્રારબ્ધકર્મ શેષ હોય ત્યાં સુધી એનું શરીર રહે છે. મુક્તજનને શરીર હોવા છતાં શરીરનાં બંધનો તેને દુઃખ કે શરીરની શાન્તિ તેને સુખ ઉત્પન્ન કરતાં નથી. સંસારની દૃષ્ટિથી તેને સુખ કે દુઃખ, શાન્તિ કે અશાન્તિ દેખાય છતાં તેનું મન તે ઉભય દ્વન્દ્વોમાં સમાન હોય છે. તેને સુખમાં શાન્તિ નથી અને દુઃખમાં શોક નથી. આ પ્રમાણે પ્રારબ્ધકર્મોનો ભોગ કરી મુકત આત્મા સર્વાત્મામાં એકતાનતા અનુભવે છે. પછી તેને જન્મ કે મરણ નથી. મુકતજન સંસારને જુએ છે, સંસારમાં વિહરે છે, પણ તેના બંધનમાં બંધાતો નથી. તે સંસારને તેના ખરા સ્વરૂપમાં મૃગજળરૂપે જુએ છે. સંસારનાં દુઃખ તેના મનથી દુઃખ નથી. સંસારનાં સુખ તેના મનથી સુખ નથી. કોઇવાર દુઃખના પ્રસંગમાં તમારા હૃદયમાંથી પણ એજ ધ્વનિ નીકળતો હશે કે "એ મૃગજળ છે." આ સ્થિતિને પ્રાપ્ત થનારને આપણે જીવનમુકત કહીએ છીએ. તેનું જીવન અને તજ્જન્ય વ્યવહાર છતાં તે નિર્લેપ છે. તે તેનાથી મુકત છે. જિજ્ઞાસુના જીવનનો આ એકજ હેતુ છે કે જીવનમુકિત પ્રાપ્ત કરવી. જરા પણ પ્રલોભન, લોભ કે મોહ વિના જે રહી શકે તેજ ખરો જીવનમુકત કહી શકાય. આ સ્થિતિને શાસ્ત્રકારો જળકમળની સ્થિતિ સાથે સરખાવે છે. જળમાં રહ્યા છતાં જેમ કમળને જળ સ્પર્શ કરી શકતું નથી, તેવીજ રીતે જીવનમુકત સંસારમાં રહ્યા છતાં સંસારના વિષયોથી લેપાતો નથી. મનુષ્યોમાં, નહિ, નહિ, પ્રાણીમાત્રમાં આવા મહાત્માઓનું સ્થાન ઉચ્ચતમ છે; કારણ કે જીવનધારીએ જે પુરૂષાર્થ કરવાનો છે, તેના અંતિમ લક્ષ્યને તેઓ પામ્યા છે. તેઓ પરમાત્માને પામ્યા છે. તેમણે જ્ઞાન અને અનુભવથી જાણ્યું છે કે પરમાત્માથી તેઓ ભિન્ન નથી. જ્યાં સુધી તમે પોતાને તેનાથી ભિન્ન માનો છો ત્યાં સુધીજ ભય તમને સ્પર્શી શકે છે. જ્યાં તમે તેની સાથે એકતાનતા પામ્યા, જે ક્ષણે તમે અનુભવથી જોઈ લીધું કે હરિથી તમે અભિન્ન છો; તેજ ક્ષણે ભય તમારાથી દૂર ખસી જાય છે. ભય તમને સ્પર્શ કરવા અસમર્થ છે, આવી સ્થિતિમાં દૃષ્ટા કોણ અને દૃશ્ય કોણ? પૂજક કોણ અને પૂજ્ય કોણ? વક્તા કોણ અને શ્રોતા કોણ? જ્યાં દ્વૈત છે ત્યાંજ ભેદ છે. **यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति तदितर इतरं जिघ्रति तदितर इतरं रसयते तदितर इतरमभिवदति तदितर इतरं श्रुणोति यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्तत्केन कं जिघ्रेत्केन कं रसयेत्केन कमभिवदेत्केन कं श्रुणुयात्** (બૃહદારણ્યકોપનિષદ્ ૫–૧૪) ઉપનિષદ્ પણ એજ ગાન કરે છે. જ્યાં શ્રોતા અને વકતાનો ભેદ નથી, જ્યાં પૂજક અને પૂજ્યનો ભેદ નથી, એવી અભેદસમાધિ તેજ બ્રહ્મ છે. એકવાર આ સ્થિતિને પામેલો મનુષ્ય

સંસારમાં પુનરાવર્તન પામતો નથી. અત્રે કોઇ પ્રશ્ન કરશે કે ત્યારે આ જગતનું શું થશે ? જગતને આપણે કેવી રીતે ઉપયોગી થઇ શકીશું ? પરંતુ આવા પ્રશ્નને અવકાશજ ઓછો છે. એક બાળક એમ કહે કે, "અરે રે, હું મોટો થઇશ તો આ મારા ઢીંગલાં ઢીંગલીનું શું થશે ? અરે રે, મારી ખાવાની પૂરી શું એમજ પડી રહેશે ! માટે હું તો બાળકને બાળકજ રહું તેમાં શું ખોટું ?" આવી વિચારસંકલના જેમ અસ્થાને છે તેવીજ રીતે જીવનમુક્ત થવાથી દુનિયાને ગેરલાભ થાય એમ માનવું એ પણ અસ્થાને છે. આ જગત ! એ તો હતુંજ નહિ, હશે પણ નહિ અને હમણાં પણ નથી. આત્મસ્વરૂપ જાણતાં, આત્માનો સાક્ષાત્કાર થતાં આપણને **यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः।** તેમ જ્યાં જ્યાં મન જશે ત્યાં ત્યાં પ્રભુનાંજ દર્શન થશે. આત્મા વિના જગતમાં બીજું કંઇ દેખાશેજ નહિ. જ્યાં જગતજ નથી, જગતમાં દેખાતા આ વિવિધ રંગ અને આકાર સ્વપ્નની વસ્તુઓ જેવા નાશવંત છે, જગતના કોઈ પણ પદાર્થને વાસ્તવિક અસ્તિત્વજ નથી; ત્યાં જગતનાં દુઃખો, આપત્તિઓ, દુષ્ટતા કે કપટની સાથે જ્ઞાનીને શું સંબંધ છે ? જ્યાં આ તમારા અનંત વિશ્વનું કે તેના સુધારા અને કુધારાનું અસ્તિત્વજ ઉડી જાય છે, ત્યાં સત્ અને અસત્નો વિવેક વળી કોણે કરવાનો હોય ? જ્ઞાની યોગીઓએ આપણને એજ શિક્ષણ આપ્યું છે. વીરતાથી મુક્તિને માટે પ્રયત્ન કરવો, આપણો આત્મા આપણી બુદ્ધિને જ્યાં લઈ જાય ત્યાં જવા દેવી, વિવેકસંપન્ન બુદ્ધિના કથનનો યથાર્થ અમલ કરવો એ આપણું કર્તવ્ય છે. મુક્ત થવું એ વાત કંઇ સરળ નથી. વૃત્તિઓ, ઇચ્છાઓ અને વાસનાઓનો મૂળમાંથી ક્ષય કરવો, તેનાં પરિણામને ઉત્પન્ન થતાં અટકાવવાં એ સહજ વાત નથી. આ શરીર હું નથી. આ શરીરનો નાશ થાય તેમાં મને શા માટે સ્પૃહા હોવી જોઇએ ? ભલે તે ગમે તેટલાં સુખો અગર દુઃખોનું સાધન હોય, તેથી મને શું ?

હું આ શરીર નથી; એમ ધારી શરીરજન્ય સર્વ વિચારોનો આત્મજ્ઞાનીએ ત્યાગ કરવો જોઇએ. આ પ્રકારની તત્ત્વજ્ઞાનની ભાવના ઉપરથી કેટલાક લોકો ઘણા વિચિત્ર પ્રકારના પ્રશ્નો કરે છે. એક જણ કહે કે, "હું શરીર નથી એટલે મારૂં માથું દુઃખવું ન જોઇએ" આ પ્રશ્ન તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી બાળકની ચેષ્ટા જેવો જણાય છે. જો આ શરીરનું અસ્તિત્વજ આભાસમાત્ર હોય તો માથું શું અને દુઃખવું શું ? એવા હજારો દેહ આવે અને જાય, એવાં હજારો માથાં ઉત્પન્ન થાય અને નાશ પામે, તેની સાથે આત્માને શું સંબંધ છે ? શ્રી શંકરાચાર્ય ભગવાન કહે છે કેઃ—

न मे मृत्युशंका न मे जातिभेदः पिता नैव मे नैव माता न जन्मः ।

न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्यश्चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम् ॥

મને જન્મ નથી તેમ મરણ પણ નથી, મને માતા નથી તેમ પિતા પણ નથી, અને શત્રુ નથી તેમ મિત્ર પણ નથી; સર્વ મારામાંજ છે. હુંજ મારો મિત્ર કે શત્રુ છું. હું સત્ ચિદ્ આનંદરૂપ શિવ છું. આ સર્વ જગત જ્યાં મારૂં હોય, ત્યાં આ એક શરીરની ચિન્તા કરવી એ શું કહેવાય? જો મારાં એક હજાર શરીરો જ્વરાદિથી પીડાતાં હોય તો લાખો અને કરોડો એવાં પણ છે કે જે સંપૂર્ણ નીરોગી અને બળવાન છે. જો એક હજાર શરીરોમાં હું ક્ષુધાતુર રહું છું તો બીજાં લાખોમાં મને મિષ્ટાન્ન પ્રાપ્ત થાય છે. જો હજારો શરીરોમાં હું રંક છું તો હજારો શરીરોમાં હું રાજાના વૈભવનો ભોક્તા છું. મારે કોની પ્રશંસા કરવી? ને કોની ચિન્તા કરવી? જ્યારે હું જાણું છું કે સર્વ શરીર મારાં પોતાનાંજ છે, તો હું કોને ચાહું અને કોને ધિક્કારૂં? જ્યાં જ્યાં મારી દૃષ્ટિ જાય છે ત્યાં ત્યાં સર્વસ્વ મને મારૂં પોતાનુંજ જણાય છે. હું કોઇને ચાહતો નથી તેમ કોઇને ધિક્કારતો નથી. બીજાને વખાણું તો હું પોતાને વખાણું છું અને બીજાને ધિક્કારૂં તોપણ હું મને પોતાનેજ ધિક્કારૂં છું. હું પોતેજ બંધાઉં છું અને પોતેજ મુક્ત થાઉં છું; આવી જેના હૃદયની સ્થિતિ છે તેજ જ્ઞાની છે, તેણેજ હિંમત અને પરાક્રમથી સર્વ પુરૂષાર્થ સિદ્ધ કર્યાં છે. કદાચ સમસ્ત વિશ્વનો નાશ થાય તોપણ તેના મનના અખંડિત આનંદમાં જરા પણ ન્યૂનતા થતી નથી. તે પ્રેમથી હાસ્ય કરે છે. તે જાણે છે કે જેને લોકો નાશ પામેલું માને છે તે વાસ્તવિક રીતે હતુંજ નહિ. આ સર્વ મૃગજળ જેવું આભાસ માત્ર છે. જગત જાય છે, નાશ પામે છે; પણ તે ક્યાં જાય છે?

આ જ્ઞાનમાર્ગના વ્યાવહારિક સ્વરૂપનો વિચાર કર્યા પૂર્વે આપણે એક તાર્કિક પ્રશ્નની ચર્ચા કરીએ. શરૂઆતથી તે હમણાં સુધીના વિવેચન ઉપરથી એટલું સમજાયું હશે કે આ ભાવના ન્યાયથી વિરૂદ્ધ નથી. જો મનુષ્ય વિચાર કરવા બેસે, બુદ્ધિ અને વિવેકપૂર્વક જો તે તર્ક કરે તો અવશ્ય તેને સમજાય કે સર્વત્ર માત્ર એકજ અવિનાશી તત્ત્વ છે. બાકી સમસ્ત સંસાર નાશવંત અને મિથ્યા છે. આ ભાવનાના સ્વીકાર સિવાય તર્કને શાંતિ પામવાનું અન્ય કોઇ સાધન નથી. શ્રદ્ધાથી તમે ગમે તેમ માની લ્યો, પણ તર્ક તો તમને એજ વાત મનાવશે.

હવે અત્રે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જે અનંત, સ્વયંપૂર્ણ અને આનંદમય સચ્ચિદાનંદસ્વરૂપ છે; તેમાં વિશ્વરૂપી ભ્રમણા કે આભાસની ઉત્પત્તિ કેમ થઇ? આ પ્રશ્ન જગતના આરંભથીજ અનેક સ્થળે અનેક રીતે ચર્ચાયો છે. પ્રાકૃત ભાષામાં આ પ્રશ્ન આ શબ્દોમાં પૂછી શકાય કે આ વિશ્વમાં પાપની ઉત્પત્તિ શાથી થઇ? સ્વયંપ્રકાશ પરમાત્મામાં ભ્રમણા ક્યાંથી? એ તાત્ત્વિક પ્રશ્ન છે. સાર

બન્ને પ્રશ્નોનો એકજ છે અને તેનો ઉત્તર પણ એકજ છે. જગતની ઉત્પત્તિ પછી તૈયાર થએલા તાત્ત્વિક ગ્રંથોનું તારતમ્ય જોવામાં આવે તો જણાઈ આવે કે આ પ્રશ્ન વિચારકોને છેક જગતના ધાર્મિક સાહિત્યના આરંભમાં ઉદ્ભવ્યો છે. આ પ્રશ્નનો ઉત્તર બહુધા બધાં ધર્મશાસ્ત્રોએ આપ્યો છે; ખ્રિસ્તી ધર્મશાસ્ત્રમાં આદમ અને ઇવે પાપવૃક્ષનું ફળ સેતાનના ભોળવવાથી ખાધું, જેથી જગતમાં પાપની ઉત્પત્તિ થઇ એવો ખુલાસો છે. આ ખુલાસો બાળકોના મનનું સમાધાન કરી શકે. શ્રદ્ધાળુ અને ધર્મભોળા લોકો કદાચ એક કથા તરીકે તેનો સ્વીકાર કરી લે, પણ વિવેકસંપન્ન બુદ્ધિને તે સંતુષ્ટ કરી શકે તેમ નથી. શાસ્ત્રીય બુદ્ધિને માટે તો શાસ્ત્રીય વિચારનીજ જરૂર છે. શાસ્ત્રીય રીતિથી પ્રશ્ન એ થશે કે,"પૂર્ણ સ્વયંપ્રકાશરૂપ સચ્ચિદાનંદમાં આ ભ્રમણા કિંવા આભાસનો આવિર્ભાવ કયાંથી ?" આ પ્રશ્નને બીજા શબ્દોમાં મૂકવામાં આવે તો કહી શકાય કે, " જે સ્થળ, કાળ અને ઉપાધિથી અબાધિત હોઇ સર્વ કારણોથી પર છે; તેમાં આ કારણુ કાર્યની પરંપરારૂપી પ્રકૃતિનો આવિર્ભાવ કયાંથી ?" આ પ્રશ્નના શબ્દો ઉપર ખાસ ધ્યાન રાખવાનું છે. એક બાજુ આપણે માનીએ છીએ કે તે કારણુથી પર છે, અને બીજી બાજુ આપણો પ્રશ્ન થાય છે કે તેમાં કારણુ કાર્યની પરંપરા કયાંથી ? જો તે કાર્ય કારણુથી પર હોય તો તેમાં કારણુ કાર્ય ઉદ્ભવ એ વદતોવ્યાઘાત અર્થાત્ ભાષાવિરોધજ છે. કારણુ કાર્ય હોય ત્યાં સુધીજ આ પ્રશ્નને અવકાશ છે. જો શાસ્ત્રીય દૃષ્ટિથી એમ સિદ્ધ થતું હોય કે પરમાત્મા કારણુ અને કાર્યથી પર છે, તો તેમાં કારણુ કાર્યની ઉત્પત્તિ હોઇ શકેજ નહિ. એ પ્રશ્નજ અશાસ્ત્રીય ઠરે છે. જ્યાં સુધી કારણુ કાર્યની મર્યાદામાં અચૂક વસ્તુ હોય ત્યાં સુધીજ શાસ્ત્રો તેને વિવેકની કસોટીપર ચઢાવી શકે છે. જ્યાં કાર્ય પણુ નથી અને કારણુ પણુ નથી, ત્યાં તર્ક શાનો ? આપણા આ પ્રશ્નોત્તરનો વ્યવહાર આપણા વ્યવહાર પરત્વે છે, તેનાથી પર જવું હોય એટલે કે કારણુ કાર્યથી પર એવી વસ્તુને સમજવી હોય તો તે વસ્તુમાંજ ડૂબકી મારવાની અને લવણુની પૂતળીની પેટે સાગરમાં સાગરરૂપ થઇ જવાની જરૂર છે. જ્યાં સુધી આપણે એ તત્ત્વનો અનુભવ કર્યો નથી, જ્યાં સુધી આપણે એ રસનો સ્વાદ ચાખ્યો નથી, ત્યાં સુધી સર્વ તર્ક વ્યર્થજ છે. રોગીની અવસ્થામાં તો વ્યાધિ ટાળવાના ઉપાયો કરવા એજ શાણુપણુ છે. તે વખતે વૈદકનો અભ્યાસ કરવા બેસવું એ યોગ્ય નથી.

આ પ્રશ્નને શાસ્ત્રીય પરિભાષાની ખટપટથી મુક્ત કરવામાં આવે તો તેનું સ્વરૂપ કંઇક સમજાય તેવું થઈ શકે છે. વ્યાવહારિક દૃષ્ટિથી આ પ્રશ્નનો વિચાર કરવામાં આવે તો તે પ્રશ્ન એ થશે કે,"આ ભ્રમણા, આ માયા ઉત્પન્ન કરનાર કોણુ છે ? શું આ ભ્રમણા ઉત્પન્ન કરનાર તે પરમ સત્ય પોતે છે ? નહિ, તેમ તો

નજ હોઈ શકે. ભ્રમણા હોય ત્યાંથી ભ્રમણાની ઉત્પત્તિ સંભવે છે; રોગ હોય, અવ્યવસ્થા હોય ત્યાંથીજ રોગની ઉત્પત્તિ થાય છે. આરોગ્યમાંથી રોગ થાય એ કોઇ પણ રીતે સંભવિત નથી. પાણીમાં મોજાંની ઉત્પત્તિ થાય છે; પણ મોજું તે પાણીજ છે. કારણ અને કાર્યમાં ભિન્નતા હોવી અશક્ય છે. જેવું કારણ તેવુંજ કાર્ય હોવું જોઇએ. જો કાર્ય ભ્રમણા હોય, આભાસ હોય તો તેનું કારણ ભ્રમણાત્મક કે આભાસાત્મક હોવું જોઇએ. ત્યારે આ ભ્રમણા ઉત્પન્ન કરનાર કોણ? ઉત્તર મળશે કે ભ્રમણાજ ભ્રમણાને ઉત્પન્ન કરનાર છે; અને તે ભ્રમણાને ઉત્પન્ન કરનાર કોણ? ઉત્તર–ભ્રમણા. આ પ્રમાણે અસંખ્ય પ્રશ્નો કરો પણ ઉત્તર એકનો એક આવશે. છેવટ સુધી એજ ભ્રમણાની સાંકળ લંબાતાં, ભ્રમણા પણ અનાદિસિદ્ધ ઠરશે. હવે એક બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ભ્રમણાને અનાદિ માની લઇએ અને આત્મા પણ અનાદિ છે એમ આપણે સિદ્ધ કરી ગયા છીએ. હવે જો આમ બે અનાદિ તત્ત્વો થતાં હોય તો **एकमेवाद्वितीयम्** આ જે અદ્વૈતમતનું મૂળ સૂત્ર, તે નિષ્ફળ થવા જાય છે? આ સર્વ અવ્યવસ્થાને ટાળવા અમારો ઉત્તર એજ છે કે, જ્યાં ભ્રમણા નામ પડ્યું ત્યાં અસ્તિત્વજ રહેતું નથી. ભ્રમણા એટલે ભ્રમણાજ. આપણે જીવનમાં અનેક પ્રકારનાં અનેક સ્વપ્ન જોઇએ છીએ, પણ તેથી આપણા જાગૃત જીવનમાં કિંચિત્ પણ ફેરફાર થતો નથી. સ્વપ્ન દેખાય છે, આવે છે, જાય છે પણ જીવનની અપેક્ષામાં તેનું અસ્તિત્વ છે એમ આપણે કહી શકીશું નહિ. એક તરફ જેને આપણે ભ્રમણા કહીએ તેનુંજ ફરી અસ્તિત્વ માનીએ એ ન્યાયપુરઃસર ન કહેવાય; જેથી પરમાત્મા, સચ્ચિદાનંદ એજ માત્ર એક પૂર્ણ અસ્તિત્વ ધરાવે છે એમ માનવું વધારે શ્રેયસ્કર અને શાસ્ત્રીય છે અને મનુષ્યનું ખરૂં અને મૂળ સ્વરૂપ એજ છે એમ અદ્વૈત મત જણાવે છે.

હવે વ્યવહારની દૃષ્ટિથી અહીં એક પ્રશ્ન સંભવે છે. જો આ સર્વ એકજ સચ્ચિદાનંદ છે તો આ નાના પ્રકારનાં ધર્મ, નાના પ્રકારનાં પંથ, મતમતાંતર, વિવિધ પ્રકારની પૂજાવિધિ એ બધી ધડમથલ શામાટે? આ સર્વ ગડમથલ પણ રહેવાની જરૂર છે. તર્કની દૃષ્ટિથી આ સર્વ એકજ છે એમ આપણે સમજી શકીએ, તથાપિ આ ગુપ્તતમ, આ ઉચ્ચતમ તત્ત્વનો એકાએક સર્વને સાક્ષાત્કાર થઇ જાય એ શક્ય નથી; અને જ્યાં સુધી એ તત્ત્વનો, પરમાત્માનો, પરમાત્માના દિવ્ય પ્રકાશનો મનુષ્ય અનુભવથી સાક્ષાત્કાર ન કરી શકે; ત્યાં સુધી પ્રકાશ શોધવાને, પ્રકાશ કરવાને અંધકારમાં રખડતા કોઇ મનુષ્યને જેમ ફાંફાં મારવાં પડે તેમ આ વિવિધ પૂજાવિધિરૂપી ફાંફાં મારવાની તેને અવશ્ય જરૂર પડશે. આ સમસ્ત વિશ્વસ્વરૂપને સચ્ચિદાનંદ રૂપે તે જોઇ શકે નહિ ત્યાં સુધી માયાની ભ્રમણાનો અધિકાર તેના ઉપર અવશ્ય રહેશેજ. માયાથી પર જતાં, દેશકાળાદિ ઉપાધિથી મુક્ત થતાં માયાનાં બંધનો

તૂટી જાય છે; ત્યારેજ આ ધર્મ અને કર્મ, આ મતો અને ક્રિયાઓ સર્વ બંધન રૂપ જણાય છે. માયામાં રહી મનુષ્યને મુક્તિનું ગમે તેટલું જ્ઞાન થાય તથાપિ તે માત્ર પુસ્તકીયજ્ઞાન છે, એક પ્રકારનો વ્યર્થવાદ છે. માયાનાં બંધનો અત્યંત દૃઢ હોય છે અને જ્યાં સુધી તેમાં આપણે બંધાએલા રહીએ ત્યાં સુધી કાર્ય કારણની પરંપરાનો ત્યાગ થવો અશક્ય છે. તમારાં પ્રત્યેક ઇચ્છા અને વિચાર કાર્ય અને કારણ સાથે જોડાએલાં છે. ઇચ્છા અને વિચારમાં રમવું અને મુક્તિની વાતો કરવી એ મિથ્યાવાદ છે. કેટલાકો એમ માને છે કે ઇચ્છા સ્વતંત્ર છે પણ વાસ્તવિક તેમ નથી. ઇચ્છા પરતંત્ર છે. સચ્ચિદાનંદનો અંશજ માયાના ઘરમાં પ્રવેશ કરી અહંતાને જાગૃત કરે છે. જેમાંથી ઇચ્છા અને બુદ્ધિ ઉત્પન્ન થાય છે, એ માયાના બંધનમાં સચ્ચિદાનંદનો અંશ બંધાએલો છે. તે સ્વતંત્ર નથી. તેના ઉપાદાનકારણને લઇને તે અસ્તિત્વમાં છે. ટુંકામાં કહેવાનો ભાવાર્થ એજ કે અણુથી તે મહત્ત્વ પર્યન્ત વસ્તુમાત્ર માયાના બંધનથી બંધાએલી છે; અને જ્યાં માયા છે ત્યાં સ્વાતંત્ર્ય નથી.

જેવી રીતે એક પાષાણ કે આ ટેબલ કેવળ પરતંત્ર છે, તેવીજ રીતે તમારો પ્રત્યેક વિચાર, તમારો પ્રત્યેક શબ્દ, તમારી પ્રત્યેક કૃતિ અને તમારૂં મન પણ કેવળ પરતંત્ર છે. હું આ ક્ષણે ભાષણ કરૂં છું અને તમે સાંભળો છો; એ ઉભય કાર્યો દેશકાળ અને ઉપાધિની મર્યાદામાં થાય છે. માયાથી પર ગયા સિવાય, માયાનાં બંધનો તોડયા સિવાય મુક્તિની પ્રાપ્તિ થવી અશક્ય છે. માયાથી સ્વતંત્ર થવામાંજ આત્માની સ્વતંત્રતા છે. અહંકારજન્ય ઇચ્છાઓથી આપણે પોતેજ આપણી આધ્યાત્મિક સ્વતંત્રતાને બંધનોથી બાંધી લીધી છે, આ વાત સૂક્ષ્મબુદ્ધિના મનુષ્યોથી સહજમાં સમજાય તેવી છે. વિચાર અને વિવેકથી એમ નિશ્ચય થાય છે કે આપણે મુક્ત નથી, પણ બંધનમાં છીએ; અને એમ જણાયા છતાં આપણી પ્રત્યેક ઇચ્છામાં એવો ધ્વનિ સંભળાય છે કે આપણે સ્વતંત્ર છીએ. દરેક ક્ષણે આપણી એવીજ ભાવના હોય છે કે આપણે સ્વતંત્ર છીએ, દરેક કામ કરવા આપણે સ્વતંત્ર છીએ. આ ભાવના જો નાશ પામે તો આપણે કંઈ પણ કામ કરવા શક્તિમાન થઇ શકીએ નહિ. કોઇ પણ કાર્યનો વિચાર થવાની સાથેજ આપણે એ કામ કરવા સ્વતંત્ર છીએ એવો વિચાર તેના મૂળમાં રહેલો છે; આપણે એકવાર કહી ગયા કે આપણી ઇચ્છા સ્વતંત્ર નથી. અનુભવ એમ કહે છે કે સ્વતંત્રતાની ભાવના વિના કોઇ પણ કાર્ય શક્ય નથી; ત્યારે ખરી સ્વતંત્રતા કઇ ? આપણી અહંકારજન્ય ઇચ્છામાં જે સ્વતંત્રતા દેખાય છે તે વાસ્તવિક નથી. જેમ વાદળથી ઘેરાએલા આકાશમાં નીલવર્ણું આકાશની માત્ર કલ્પના થાય તેમ અહંકારજન્ય સ્વતંત્રતા એ તો સ્વતંત્રતાનો આભાસ માત્રજ છે. ખરી સ્વતંત્રતા એટલે સ્વચ્છ આકાશ તો

એ વાદળાંની ઘટાથી પર છે. આ માયાની વચ્ચે, આ વ્યવહારજન્ય અથડાઅથડીમાં, આ મૃગજળની ભ્રમણામાં, આ મન ઇન્દ્રિય અને વ્યવહારની મારામારીમાં ખરી સ્વતંત્રતાનું અસ્તિત્વ સંભવિત નથી. સ્વપ્નવત્ આ દૃશ્યો ક્ષણમાં રમતા, ક્ષણમાં હસતા અને ક્ષણમાં રડતા આ ઇન્દ્રજાળના દેખાવો આપણો સંસાર છે. સ્વપ્નમાં આપણે એવો દેખાવ જોઇએ કે વીસ માથાવાળો એક રાક્ષસ આપણને પકડવાને પાછળ પડયો છે અને આપણે ભયથી ધ્રૂજતા નાસીએ છીએ; આ દેખાવ જ્યારે આપણે જોતા હોઇએ તેજ સમયે તે અસત્ય કિંવા આભાસ છે એમ આપણે સમજી શકતા નથી; તેજ પ્રમાણે આ સંસાર પણ એક સ્વપ્ન છે. જેને આપણે નિયમ કહીએ છીએ તે વાસ્તવિક રીતે કાર્યકારણના આઘાત પ્રત્યાઘાત, પરિણામ છે. અજ્ઞાનમાંજ આપણે તેને સ્વતંત્ર માનીએ છીએ. વિશ્વનો સર્વ વ્યવહાર નિયમાનુસાર છે એમ આપણે કહીએ છીએ; કોઇવાર તેને સર્વવ્યાપી નિયમોનું નામ પણ આપીએ છીએ; પરંતુ વાસ્તવિક રીતે તેની સર્વવ્યાપકતા અને નિયમિતતા જ્યાં સુધી આ સ્વપ્ન છે ત્યાં સુધીજ છે. આ પ્રમાણે વિશ્વકલ્પના પણ જો આભાસ માત્રજ હોય, તો પછી તજ્જન્ય નિયમો અને વ્યવહારનું શુંજ પૂછવું? અનેક રૂપે દેખાતું આ વિશ્વ અને તજ્જન્ય વિવિધ ઘટનાઓ કેવળ કાર્ય કારણની પરંપરાનુંજ પરિણામ છે. "કાગનું બેસવું અને ડાળનું પડવું" એ આપણામાં કહેવત છે તેથી કાગના બેસવાથીજ ડાળ પડે છે એમ માનવું વાસ્તવિક નથી; એજ રીતે જગતની અનેક ઘટનાઓની સંભાવના થાય છે. આપણે અનુભવથી એની અવાસ્તવિકતા જાણી શકતા નથી; કારણ કે આપણે પોતે પણ એ જગત ભ્રમમાં ફસાએલા છીએ. દેશ, કાળ અને ઉપાધિ એ માયાનાં બંધનોથી બંધાએલા છતાં જો તર્ક કે વિચારથી આપણે મુક્તિ મુક્તિ પોકાર્યા કરીએ તો આપણે સંસારનું એક પણ કાર્ય કરી શકીએ નહિ. તેને તમે સમજી શક્યા હશો કે આપણાં કર્મ, યજ્ઞયાગ અને ઉપાસના એ સર્વ માયાના બંધનની પરિમિત ક્રિયાઓ છે. જેમ પશુ અને મનુષ્યનું અસ્તિત્વ આપણે માનીએ છીએ અને તેની સાથે માયાજન્ય વ્યવહારમાં પ્રવૃત્ત થઇએ છીએ; તેજ રીતે આપણે પરમાત્માનું અસ્તિત્વ માની તેની સાથે પણ એક માયાજન્ય સંબંધ યોજી લઇએ છીએ. અર્થાત શાસ્ત્રીય દૃષ્ટિથી જોઇએ તો ઇશ્વરની કલ્પના પણ માયાજન્ય અને તેથી કેવળ ભ્રમણારૂપજ છે, એ પણ એક સ્વપ્નજ છે. અત્રે એક વાત ખાસ લક્ષમાં લેવા સરખી છે. હાલમાં નિરીશ્વરવાદનો એક નવો સંપ્રદાય જન્મ પામ્યો છે. તેઓ એમ માને છે કે ઇશ્વરનું અસ્તિત્વ અથવા ઇશ્વરની કલ્પના એ એક મિથ્યા સ્વપ્નવત્ કલ્પના છે; અને તેમ છતાં જગતનું અસ્તિત્વ તેમને વાસ્તવિક જણાય છે. આ સિદ્ધાંત યોગ્ય નથી. જો જગતનું અસ્તિત્વ વાસ્તવિક હોય તો પરમાત્માનું અસ્તિત્વ પણ

વાસ્તવિકજ હોવું જોઇએ; જો નિરીશ્વરવાદીઓ તર્કની દૃષ્ટિથી ઈશ્વરની કલ્પનાને ભ્રમણાત્મક કહેતા હોય તો સમસ્ત જગત પણ સ્વપ્ન છે એમ તેમણે માનવુંજ જોઇએ. જગત અને પરમાત્માને ભિન્ન પ્રકારનાં માનવામાં અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થવાય છે. વિશ્વ અને પરમાત્મા, એ બન્ને તત્ત્વોનો એકજ વિચારશ્રેણીથી વિવેક થઇ શકે છે. જગત છે માટેજ પરમાત્માની કલ્પના જન્મ પામી છે, પરમાત્મા છે માટે જગત અસ્તિત્વમાં છે. જેને ઈશ્વરનું અસ્તિત્વ ભ્રમણારૂપ જણાતું હોય તેને એજ વિચારથી ક્ષણભર રહેનારૂં અને અનેક સ્વરૂપો ધરનારૂં આ જગત તો જરૂર ભ્રમણારૂપજ ભાસવું જોઇએ. તર્કની દૃષ્ટિથી પરમાત્માની કલ્પનાનો આભાસ માનનારની સૂક્ષ્મબુદ્ધિને શરીર અને મન કેમ સત્ય જણાતાં હશે એ સમજી શકાતું નથી. પરમેશ્વરની ભાવના નાશ પામે તો તેની સાથેજ દેહ અને મનની ભાવના નાશ પામવી જોઇએ; અને જો શરીર નથી, મન નથી, જીવ નથી, અર્થાત્ જ્યાં કંઇજ નથી ત્યાં માત્ર નિજાનન્દ કેવળરૂપજ રહે છે, તે અનાદ્યનંત છે, સર્વત્ર છે, સર્વમય છે. **नैव वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा ।** (કઠોપનિષદ્ ૨-૬-૧૨) શબ્દ, વિચાર, મન અને બુદ્ધિ ગમે તેટલો વિસ્તાર કરે, છતાં તે સર્વ માયાની હદમાંજ છે. એ હદથી બહાર જવા તેઓ અસમર્થ છે; અને આપણે જોઇ ગયા છીએ કે જ્યાં માયા છે ત્યાં ભ્રમણા પણ છે. સત્ય તેથી પર છે. વિચાર, મન અને વાણી જ્યાં શાન્ત થઇ જાય છે ત્યાંજ પરમ સત્યનો નિવાસ છે.

“ यतो वाचो निवर्तते अप्राप्य मनसा सह ”

તર્કની દૃષ્ટિથી આ સર્વ ઠીક ઠીક સમજાય છે. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એ વાત તાર્કિકો ઠીક સમજાવી શકે છે, પણ તેને માટે કંઇ વિશેષ પ્રયત્નની જરૂર છે કે નહિ એ એક પ્રશ્ન છે. પરમાત્માની સાથે એકતાનો યોગ કરવા કંઈ અભ્યાસની આવશ્યકતા છે કે આટલા વિચારથીજ બસ થઇ રહે છે, આ એક વાસ્તવિક પ્રશ્ન છે. અમુક અભ્યાસ અને ક્રિયાઓ કર્યાથી તમે બ્રહ્મ થઇ શકો એમ નથી; કારણ કે વાસ્તવિક રીતે તમે તેનાથી ભિન્નજ ક્યાં છો ? તમે તેમયજ છો, તેના રૂપજ છો. આપણે તેનાથી દૂર છીએ, તેનાથી ભિન્ન છીએ, આપણે માધવરાય કે રામદાસ છીએ એવી જે આપણી નિરંતર ભાવના તેજ ભ્રમણા છે. આ ભ્રમણાની નિવૃત્તિ બીજી ભ્રમણાનો આશ્રય લેવાથી થાય છે. આ પ્રકારની ભ્રમણા તે અભ્યાસ કિંવા ક્રિયાઓ છે. જેમ એક કાંટાથી બીજો કાંટો કહાડી શકાય છે તેમ એક પ્રકારની ભ્રમણાથી બીજા પ્રકારની ભ્રમણામાંથી મુકત થઇ શકાય છે. કતકરેણુ નામે ઔષધી જળમાંના મેલને દૂર કરે છે અને દૂર પણ થઈ જાય છે; તેમ અભ્યાસની ભ્રમણાથી બીજી જડ ભ્રમણાને

દૂર કરીને છેવટે પોતે પણ નાશ પામે છે.

આ અભ્યાસના હેતુનો આપણે વિચાર કરીએ. એક વાત આપણે નિરંતર લક્ષમાં રાખવા જેવી એ છે કે આપણે મુક્ત થવાના છીએ. અભ્યાસથી મુક્તિ પામવાની છે એમ નથી, પણ આપણે મુક્તજ છીએ. આ આપણી સ્વાભાવિક સ્થિતિની વિરૂદ્ધ આવનારી દરેક ભાવના ભ્રમણારૂપ છે. “ હું સુખી છું, હું દુઃખી છું” એમ જે વારંવાર કલ્પના થાય છે તે કેવળ ભ્રમણાનુંજ કાર્ય છે. આવી ભ્રમણાને ટાળવા આ ભ્રમણા છે એમ માની તેમાંથી મારે મુક્ત થવું જોઇએ અને તેટલા માટે અભ્યાસ અને ઈશ્વરોપાસના કરવાની જરૂર છે, એવી એક બીજી ભ્રમણા ઉત્પન્ન કરવી જોઇએ. ઈશ્વરભાવના ઉત્પન્ન થતાં સુખ દુઃખની ભ્રમણા નાશ પામશે અને છેવટે તે પોતે પણ શાંત પડી જતાં માત્ર કેવળરૂપજ રહેશે.

મુસલમાન લોકો શિયાળને અપવિત્ર માને છે; તેવીજ રીતે હિન્દુઓ કૂતરાને અપવિત્ર માને છે. ખાવાના કોઈ પદાર્થને શિયાળ સ્પર્શ કરે તો મુસલમાન લોકો તરતજ ફેંકી દે. એક ગરીબ મુસલમાનના ઘરમાં એક વાર શિયાળ ઘુસી ગયું. જમવાની તૈયારી હતી. તે દિવસે જમવાનું પણ હમ્મેશ કરતાં સારૂં કરવામાં આવ્યું હતું. સર્વ પદાર્થો પીરસેલા હતા. શિયાળના મુખનો સ્પર્શ એક વસ્તુને થયો એટલે સર્વ વસ્તુઓ અપવિત્ર થઇ ગઇ, હવે તો તે ફેંકી દેવીજ જોઇએ; પણ આજની ઉત્તમ રસોઈનો એકદમ ત્યાગ કરવો એ મુસલમાનને સારૂં લાગ્યું નહિ, તેથી તે એક મોલવી (ધર્મગુરૂ) પાસે ગયો અને કહ્યું: “શિયાળે મારૂં અન્ન અપવિત્ર કરી નાખ્યું એનો શો ઉપાય કરવો ? મારાં કુટુંબીઓ ભૂખ્યાં બેઠાં છે; અને ઘરમાં બીજું અન્ન પણ નથી. ” મોલવી થોડો વખત તો વિચારમાં પડ્યો પણ છેવટે તેને એક સરળ ઉપાય સૂઝ્યો. તેણે કહ્યું: “ એક કૂતરો પકડી લાવી એ ભોજનમાંથી થોડું તેને ખવરાવો. હમણાં જે ભોજન માત્ર શિયાળનું એઠું છે તે પછી શિયાળ અને કૂતરા બન્નેનું એઠું થશે; શિયાળ તથા કૂતરાં જન્મથી જ દુશ્મન હોય છે તેથી પોતેજ અન્યોઅન્યનું પાપ વ્હેંચી લેશે અને તું પાપમુક્ત થઇશ.” આપણી સ્થિતિ પણ બરાબર એવીજ છે. આપણે આ શરીરરૂપ છીએ એમ ભ્રમણાથી આપણે માની લીધું છે, જેથી “એ ભ્રમણાનો નાશ કરવાનો અભ્યાસ કરવાથી મુક્તિ મળશે ” એવી એક બીજી ભ્રમણાનો અંગીકાર કરવાની આપણને જરૂર છે. કાંટાથીજ કાંટાની નિવૃત્તિ થાય છે. એવા સંસ્કારી આત્માઓ પણ હોય છે કે જેઓ “ આ સર્વ ભ્રમણા છે ” એમ સાંભળતાંજ તેમની સર્વ ભ્રમણા દૂર ખસી જાય છે; પણ એવા સંસ્કારી આત્માઓ થોડા હોય છે. બાકીનાને તો આ ભ્રમણાને ટાળવા અભ્યાસની જરૂરજ છે.

હવે અત્રે એક બીજો સવાલ થાય છે કે જ્ઞાનયોગી થવાને લાયક કોણ ?

અવશ્ય તેણે અનેક સાધનોનો યોગ સાધ્યો હોવો જોઇએ. પ્રથમ તો આ જન્મ કે જન્માંતરમાં કોઇ પણ કર્મની ફળવાસના રહેવી જોઇએ નહિ. આપણે જોઇ ગયા છીએ કે મનુષ્ય પોતેજ પોતાના પ્રારબ્ધનો કર્તા છે, તે પ્રમાણે તે પોતાને માટે ગમે તેવાં સુખસાધનો ઉત્પન્ન કરી શકે છે. અલબત કોઇ ભિખારીને આજને આજ રાજા થવું હોય તો તે અશકય છે, પણ તેનો પ્રયત્ન ચાલુ હોય તો એવો સમય જરૂર આવે કે તે રાજ્યાસન ઉપર આરૂઢ થાય. કેટલીક ઇચ્છાઓ ત્વરિત ફળવાન થાય તેવી હોય છે, કેટલીકમાં આપણા સંસ્કારોજ નડતરરૂપ થાય છે. આ ઇચ્છાઓ પણ આપણી કૃતિનુંજ પરિણામ છે. માત્ર વાસનાઓની તૃપ્તિ માટે આ જીવનનો વ્યય કરવો એ યોગ્ય નથી. આપણી અમુક ઇચ્છાઓ તૃપ્ત થાય તેથી કાંઇ શાશ્વત આનંદ થાય તેમ નથી; તેમજ અમુક ઇચ્છામાં નિરાશ થવાય તેથી કાંઇ નિરંતર દુઃખ પણ થવાનું નથી; માટે એવી ક્ષુદ્ર ઇચ્છાઓને સર્વથા ભૂલી જાઓ ! આ ઐહિક જીવનને પણ ભૂલી જાઓ ! જીવનના વિચાર સાથેજ મૃત્યુનો ભયંકર વિચાર પણ નિવાસ કરે છે. આપણે મનુષ્ય છીએ, આપણું જીવન અને વ્યવહાર છે, એ ભાવનાને મૂળથી ઉખેડી નાખો. જીવન શું છે ? કશું નથી. ખરી રીતે વિચાર કરવામાં આવે તો જીવન એક આભાસમાત્રજ છે અને મૃત્યુ એ આભાસનો સંહારકર્તા છે. મૃત્યુ પણ આભાસથી પર નથી. આનંદ પણ આભાસ છે, તેમ શોક પણ આભાસ છે. તમે કે જે કેવળ ચૈતન્ય રૂપ છો તેને જીવન કે મૃત્યુ કોઇની સાથે સંબંધ નથી. મૃત્યુ કે જન્મ, જરા કે યૌવન, એ સર્વ મનઃકલ્પિત છે. આવા વિચારથી વાસનાઓને ઉત્પન્ન થવા ન દેવી એજ જ્ઞાનયોગી માટે પ્રથમ સાધન છે.

ત્યારપછી તિતિક્ષાનો અભ્યાસ કરવાની જરૂર છે. તિતિક્ષા એટલે ચિત્તને સમાન રાખવાની શક્તિ. ગમે તેટલાં સંકટો આવો, ગમે તેવાં અસહ્ય દુઃખો ઉપસ્થિત થાઓ; છતાં તેમાં આત્મજ્ઞાનનો દીપક જરા પણ ચલિત ન થાય એ તિતિક્ષા છે. કંઇ શારીરિક દુઃખ આવે તેને માટે જરા પણ ચિન્તા ન કરવી. જો કોઇ વાઘ જેવું ભયંકર પ્રાણી આપણી પાસે આવે તોપણ આવવા દ્યો ! શા માટે નાસી જવું જોઇએ ? આ વાતથી તમને આશ્ચર્ય થશે, પણ એવી તિતિક્ષાનો અભ્યાસ કરનારાં માણસો હમણાં પણ છે. એવાં માણસો સખત ઉન્હાળાના દિવસે બરાબર મધ્યાહ્ન વખતે ગંગાના કિનારાપર પડી રહે છે અને સખત શિયાળાની ઠંડીમાં આખો દિવસ શીતળ ગંગાના પ્રવાહમાં રહે છે. ઉઘાડે શરીરે હિમાલયમાં બરફ વરસતો હોય ત્યારે ઠંડીની જરા પણ પરવા કર્યા વિના બેસી રહે એવાં માણસો હાલ પણ છે. શીત અને ઉષ્ણ એ તો શરીરના ધર્મો છે, હું શરીર નથીજ તો પછી મારે શા માટે એ વાતની પરવા રાખવી જોઇએ ? પશ્ચિમના

દેશોમાં આ વાતો ઉપર એકાએક વિશ્વાસ બેસે તેમ નથી; તથાપિ વસ્તુસ્થિતિ આવી છે એમ સમજવામાં ખોટું જરાયે નથી. તમારા પશ્ચિમવાસીઓ યુદ્ધક્ષેત્રમાં જવામાં, તોપના મુખમાં કૂદી પડવામાં નિઃશંક શૂરવીર છે; તેજ પ્રમાણે અમારા લોકો તત્ત્વજ્ઞાનનો વિચાર કરવામાં અને તેને ચરિતાર્થ કરવામાં શૂરવીર છે. ધર્મને માટે, પ્રભુને માટે શિર જાય એમાં આમારા લોકો આનંદ માને છે. **चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम्!** એ વાક્ય અમને વારસામાં મળેલું છે. જેમ તમારા પાશ્ચાત્યો જીવનના દરેકે દરેક સાધનમાં વધારે એશઆરામ કેમ મળે એમ વિચારવામાં નિમગ્ન છે, તેમ અમારા લોકો ધર્મનું ઉચ્ચતમ તત્ત્વ અમારા જીવનમાં કેમ પ્રકાશમાન થાય એ વિચારવામાં નિમગ્ન છે. તેમના મનથી ધર્મ એ શબ્દવાદ નથી, પુસ્તકવાદ નથી પણ પ્રત્યેક ઇચ્છા, કાર્ય અને જીવનના પ્રત્યેક અંશમાં પ્રકાશી શકે એવું એ તત્ત્વ છે. કોઇ પણ સ્થિતિ પ્રાપ્ત થતાં જરા પણ ચિન્તા કર્યા વિના, જરા પણ બડબડાટ કર્યા વિના તેનું પરિણામ સહન કરવું એ તિતિક્ષા છે. મને સુખ નથી, દુઃખ નથી, સદ્ગુણ નથી તેમ દુર્ગુણ નથી, ટાઢ નથી કે તડકો નથી, આ સર્વ દ્વંદ્વોથી હું નિરાળો છું, હું કૃતાર્થ છું, સંસારમાં મારા માટે શું કર્તવ્ય અવશેષ છે ? આવાં માણસો મેં જોયા છે. શરીરસુખનો જરા પણ વિચાર ન કરતાં તેને ભૂલી જવું એનું નામ તિતિક્ષા છે. હમણાંના કહેવાતા ધાર્મિક પુરૂષો શું કહે છે ? તે પ્રાર્થના કરે છે કે, “ઓ પ્રભુ ! મને અમુક આપ ! અને તમુક આપ !” એ શું ધર્મ છે ? નહિજ. ધર્મની એક ભ્રમણાત્મક ભાવનાનેજ ધર્મ સમજવામાં આવે છે. જેઓ પરમેશ્વરની સાથે આવા વ્યાપારી વ્યવહારને ધર્મ સમજે છે તેમને વાસ્તવિક ધર્મની કે પરમાત્માની કલ્પનાજ નથી એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. મારા ગુરૂદેવ કહેતા કે; “ ગીધ પક્ષી આકાશમાં અત્યન્ત ઉંચે ઉડે છે છતાં તેની દૃષ્ટિ નીચે રોટલીના કકડામાંજ રહે છે. ” તેમ તમારા સર્વ ધર્મોનો સરવાળો કર્યો હોય તો તેનો અર્થ એજ થાય કે, “રસ્તા સાફ રાખવા, અચ્છી રીતે ખાવું અને સારાં ભભકાબંધ વસ્ત્રો પહેરવાં.” બસ આટલામાંજ સર્વ સમાવેશ થઇ ગયો ! પણ એ કાંઇ ધર્મ નથી. અન્ન અને વસ્ત્રોની પરવા કરવી એ ધર્મ હોઇ શકે કે ? દરરોજ લાખો રૂપીઆની લેણદેણ થાય છે પણ તેની પાછળ જુઓ તો કશુંજ નથી. ક્ષણભર સુખ આપનારા રૂપીઆની, આ સંસારના એશઆરામોનાં સાધનોની પરવા કરવી એજ શું ધર્મ છે? તેનાથી પર જાઓ ! એ સર્વ આભાસના પડદાને ચીરી નાખો ! વિશ્વ સમસ્તનો નાશ થવા દો ! અને **चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम्।** એ એકતાનતામાં પરમાનંદનો અનુભવ કરો ! !

१०--एकज ब्रह्म अनेक रूपे देखाय छे.

(આ ભાષણ ઈ. સ. ૧૮૯૬માં ન્યૂયૉર્ક શહેરમાં આપવામાં આવ્યું હતું.)

રોગના અનેક પ્રકાર છે પણ તે દરેક વૈરાગ્યની આવશ્યકતા આગ્રહપૂર્વક સ્વીકારે છે. સંસારમાં સાધના કરનાર કર્મયોગી મનુષ્યને કર્મફળનો ત્યાગ કરવો આવશ્યક છે, અર્થાત્ તેને કર્મફળ માટે વૈરાગ્યવૃત્તિ હોવી જોઇએ. ભક્તિયોગ સાધનારને અવ્યભિચારિણી ભક્તિનો ઉપદેશ કરવામાં આવ્યો છે, એ પણ વૈરાગ્યજ છે. સર્વશક્તિમાન અને સર્વવ્યાપી એવા પ્રેમમય હરિનું ચિંતવન નિરન્તર કરવું; ક્ષણભર પણ અન્યથા કે અન્ય વસ્તુનું ચિંતવન થયું કે ભક્તિ વ્યભિચારિણી થઈ જાય છે; અર્થાત્ પોતાના પૂજ્ય પ્રભુને માટે, ભકતે સંસારનો ત્યાગ કરવો જોઇએ. રાજયોગીએ વિશ્વમાં વિવિધ શક્તિઓના અનુભવનો ત્યાગ કરવો જોઇએ એવો તેનો ધર્મ છે. તે પ્રકૃતિ અને પરમાત્મા ઉભયને અનાદિ માને છે, પણ તેને સ્વીકારવું પડે છે કે પ્રકૃતિ કિંવા પ્રકૃતિજન્ય પદાર્થોથી પરમાત્મા ભિન્ન છે. આવા અનુભવ તેના સર્વ અભ્યાસનું લક્ષ હોવાથી પ્રકૃતિથી પર થવા માટે વૈરાગ્ય તેને આવશ્યક છે. જ્ઞાનયોગમાં તો આરંભમાંજ સર્વ વસ્તુઓનો ત્યાગ અર્થાત્ સંન્યાસ આવશ્યક માનવામાં આવ્યો છે. જ્ઞાનયોગી માને છે કે વાસ્તવિક રીતે જ્યાં આ વિશ્વનું અસ્તિત્વજ નથી, ત્યાં તેને રાગદ્વેષ કરવા જેવું કે ઇચ્છા કરવા જેવું શું હોય ?

વર્તમાન કાળમાં ‘ જીવન સુખ ભોગવવા માટે છે,’ એવો વ્યાવહારિક અર્થ થાય છે. જો ધમ નો ઉપયોગ મનુષ્યના સાંસારિક સુખ પરત્વે ન હોય તો તે ધર્મનો ઉપયોગ શું ? આવો પ્રશ્ન પૂછવામાં આવે છે. વિજ્ઞાનશાસ્ત્રની દરેકે દરેક શાખા મનુષ્યને સુખ પ્રાપ્ત થાય તેને માટે પ્રયત્નશીલ છે. મનુષ્ય કેમ વધારે સુખી થાય એજ તેનો હેતુ છે. વધારે સુખ પ્રાપ્ત થતાં ઓછાં સુખવાળી વસ્તુનો ત્યાગ કરવો એ મનુષ્યનો ધર્મ છે. સુખપ્રાપ્તિ એ મનુષ્યની ઉત્કટ ઇચ્છા છે એ વાત ખરી, પણ માત્ર ‘શરીરનાં કે વ્યવહારનાં સુખો’ એટલામાંજ સુખોની

હદ છે એમ માની લેવું એમ ભયંકર ભ્રમણા છે. સુખ જેમ શરીરમાં છે, મનમાં છે, તેમ આત્મામાં પણ છે; એ આપણે જોઇ ગયા છીએ. પશુઓ અથવા અત્યન્ત જંગલી સ્થિતિના માણસો કે જેમનો અધિકાર પણ પશુઓ જેવોજ માની શકાય, તેમને મન શરીરથી પર બીજું સુખ નથી. એક શ્વાન કે વરૂ તેને ખાવાનું મળે કે તેઓ સંતુષ્ટ થાય છે. ખોરાક મળતાં એ પશુઓને જે આનંદ થાય છે તેવો આનંદ માણસ ગમે તેટલો ક્ષુધાતુર હોય છતાં તેને નહિજ થાય. આનું કારણ એજ છે કે પશુઓમાં સુખની હદ માત્ર શરીર સુધીજ પહોંચી હોય છે. ઉચ્ચ કોટિના માણસમાં વિચાર કે કલ્પનાનું સુખ જણાય છે. મનોહર કલ્પનાનું સુખ ઉચ્ચ કોટિનો મનુષ્ય અનુભવી શકે છે. જ્ઞાનીનું સુખ એ સર્વથી પર આત્મામાં છે. જ્ઞાનીને આત્મા એજ તેનું સર્વસ્વ છે; કારણ કે તેનું સર્વ સુખ આત્મામાં છે. તેનો સર્વ આનંદ, તેની સર્વ ઇચ્છા તેના આત્મામાંજ છે. સંસારજન્ય કે ઇંદ્રિયજન્ય સુખોપભોગનાં સાધનો તેને બાળકનાં રમકડાં જેવાં લાગે છે, તે તેને જરા પણ આનંદ આપી શકતાં નથી. તેના મનથી જ્ઞાન એજ સુખ છે, જ્ઞાન એજ પરમાનંદ છે. હવે ન્યાયને ખાતર જો આ વિષયની સમાલોચના કરવામાં આવે તો જરૂર જણાઇ આવે કે વિષયોના ક્ષણિક સુખ કરતાં બુદ્ધિગમ્ય સુખ વધારે ઉંચા પ્રકારનું છે અને તેનાથી આત્મસુખ ઉત્તમ છે. જો ઉચ્ચતમ સુખ પ્રાપ્ત કરવું એજ આપણી ઇચ્છા હોય તો તે ધર્મમાર્ગથી દૂર નથી. આપણે અસંખ્ય ઇન્દ્રિયજન્ય સુખસાધનો એકત્ર કરી શકીએ તથાપિ ન્યાયની દૃષ્ટિથી એમ નહિ કહી શકાય કે તે અત્યન્ત ઉપેયોગી છે. આપણે પોતેજ જ્ઞાનમય થવું એ સિવાય આપણા જીવનનું બીજું લક્ષ હોઇ શકેજ નહિ. અત્યન્ત સુખી થવું હોય તો આત્મસાક્ષાત્કાર વિના અન્ય સાધન નથી. ગાઢ અજ્ઞાનમાં રહી વાસનાજન્ય વ્યવહારમાં ભમતા જે મનુષ્યો કર્મ કરે છે, તેઓ કેવળ કર્માન્ધ છે એમ કહેવામાં હરકત જેવું નથી. હાથ, પગ અને શરીરમાંજ આપણું મનુષ્યપણું હોય એ દયાને પાત્ર છે. યંત્રો રાત્રિ અને દિવસ કાર્ય કરે છે, પણ કાર્યની મજા તેઓ ભોગવી શકતાં નથી; તેવીજ રીતે ઇંદ્રિયો સર્વદા ભોગોમાં રહ્યા છતાં વાસ્તવિક સુખ ભોગવી શકતી નથી. જીવનનો સાચો આનંદ ભોગવનારા તો જ્ઞાનીઓજ છે. અમુક ધનવાન એક લાખ રૂપીઆ ખર્ચી એકાદ ચિત્ર ખરીદ કરે; તે ધન આપે છે પણ ચિત્રનું હાર્દ સમજવાને તે સમર્થ નહિ હોય, એ ચિત્રના દર્શનની ખરી મજા તો રસ્તે ચાલનારા કોઇ મર્મજ્ઞનેજ પડશે. દ્રવ્ય ખર્ચનાર ચિત્રનો માલેક થઈ શકે ખરો, પણ તેનો ભોક્તા થવાને તો જ્ઞાનીજ યોગ્ય છે. તમે જગત સમસ્તમાં પ્રવાસ કરો અને તમને એકજ વાત પ્રત્યક્ષ થશે. સાંસારિક સુખોનો ઉપભોગ પણ શાણા મનુષ્યોજ કરી શકે છે. અજ્ઞાન મૂર્ખ માણસ સુખનો ખરો

ઉપભોગ કરવાને યોગ્યજ નથી.

એકજ આત્મા સર્વત્ર ભરપૂર છે. તે એકજ છે, તેનાથી ભિન્ન બીજું અસ્તિત્વ અશક્ય છે; આ અદ્વૈતમતવાદીઓનું કથન છે. આ એકજ અસ્તિત્વ જોનારના ગુણુને લઇને ભિન્ન ભિન્ન ભાસે છે. ઇન્દ્રિયોદ્વારા જોતાં તે સંસારરૂપે જણાય છે; મનના ચક્ષુથી તેના તરફ દૃષ્ટિ કરતાં તે વિકાર અને કલ્પનામય ભાસે છે. આ બન્ને ભૂમિકાઓથી ઉત્તમ જેનો અધિકાર છે એવા મહાત્માઓજ તેને તેના ખરા સ્વરૂપમાં જોઈ શકે છે. તેમને તે સર્વત્ર સર્વમય કૈવલ્યરૂપ જણાય છે. અહીં એક વાત તમારે લક્ષમાં રાખવાની છે. આપણે સાધારણ રીતે એમ કહીએ છીએ કે દરેક મનુષ્યને આત્મા છે. એનો એવો ફલિતાર્થ નીકળે છે કે દરેક મનુષ્યમાં ભિન્ન ભિન્ન આત્મા છે; પણ તેમ નથી. આમ આપણે બોલીએ છીએ તે માત્ર વ્યવહારપરત્વે સમજવાને માટેજ છે. આત્મા એકજ છે, તે સર્વત્ર અને અભિન્ન છે. ઇન્દ્રિયોની દૃષ્ટિથી દેહરૂપે ભાસે છે, તેજ આત્મા વિચારની દૃષ્ટિથી મનઃસ્વરૂપે ભાસે છે; અને એ ઉભય ઉપાધિઓથી પર જઈ આત્માનાં દર્શન કરવામાં આવે તો તે ચિદાનંદરૂપ છે. આ દેહદૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો સમજવાને ખાતર આપણે તેના શરીર, મન અને આત્મા એવા ત્રણ વિભાગ કરીએ છીએ; પણ વાસ્તવિકમાં તે એક અને એકજ છે, દૃષ્ટ પ્રપંચમાં પરિસ્થિતિ પ્રમાણે કોઈવાર આપણે તેને શરીર, કોઈવાર મન અને કોઇવાર ઉપાધિરહિત આત્મા કહીએ છીએ. જે સર્વત્ર સર્વમય ભરપૂર એક અખંડ સ્વરૂપ છે, તેનેજ અજ્ઞાનથી જગત નામ અપાય છે. અજ્ઞાનવર્ગ તેને જડ જગતરૂપે જુએ છે; તેનાથી ઉચ્ચ પ્રતિના લોકો તેને વિચારના આંદોલનમય જુએ છે. જ્ઞાનપ્રાપ્તિથી ભ્રમણાનો નાશ થઇ આત્મદૃષ્ટિને પ્રાપ્ત થએલા પુરૂષોને તે અખંડ આનંદ સ્વરૂપ જણાય છે. “ **अहं ब्रह्मास्मि**” એ અનુભવનો અંતિમ સિદ્ધાન્ત છે. જગતમાં બે રૂપ નથી. ત્રણ પણ નથી. જ્યાં દૃષ્ટિ કરો ત્યાં તે એકજ સ્વરૂપ ભરપૂર છે. સાધારણ રીતે અંધકારમાં પડેલી દોરી જેમ સર્પરૂપે દેખાય છે તેમ માયાના આવરણથી એકજ સત્તા અનેક રૂપે દૃષ્ટિગોચર થાય છે. દોરીના ટુકડામાંજ સર્પનો ભાસ થાય છે, ભાસમાન દૃષ્ટિને દોરી અને સર્પની ભિન્નતાનું જ્ઞાન તે વખતે થતું નથી; અર્થાત્ જ્યારે દોરીને તે સર્પરૂપે જુએ છે, ત્યારે એમ જણાતું નથી કે તે સર્પ છે. દ્વૈત અને અદ્વૈત એ બે સંપ્રદાયો પણ માત્ર તત્ત્વના નિર્ણયને માટેજ આપણે સ્વીકારીએ છીએ. ખરી રીતે તો દ્વૈત જેવું કંઇ છેજ નહિ, વસ્તુ એકજ છે. સર્પરૂપે જુઓ ત્યારે સર્પ એકજ છે અને દોરીરૂપે જુઓ ત્યારે પણ તે એકજ છે. આપણે સ્વાભાવિક રીતેજ અદ્વૈતને માનનારા છીએ; કારણ કે એક વખતે આપણે એકજ વસ્તુ જોઇ

કે વિચારી શકીએ છીએ. અમુક વસ્તુનાં વાસ્તવિક અને મિથ્યા એમ બન્ને સ્વરૂપો એકજ વખતે આપણે જોઇ શકતા નથી. આપણે જન્મથીજ અદ્વૈત છીએ અને આપણા અદ્વૈત સ્વભાવનો ત્યાગ થઇ શકે તેમ નથી. ધારો કે રસ્તામાં થોડેક દૂરથી તમારો કોઇ સ્નેહી આવે છે; તમે તેને સારી રીતે ઓળખી શકો છો, પણ સાયંકાળના અંધકાર કે પ્રાતઃકાળે ઝાકળના અંધકારને લઇ તમે એમ સમજી લ્યો છો કે એ કોઇ બીજો માણસ છે. હવે જ્યારે તમે એ વાસ્તવિક રીતે તમારા મિત્રને બીજા માણસ તરીકે જુઓ છો ત્યારે તમે તમારા મિત્રને જોઇ શકતા નથી. તે તમારા મનમાં નથી. તમે માત્ર એકજ વસ્તુને જોઇ શકો છો. તમારો મિત્ર શ્રીયુત **अ** છે, પણ શ્રીયુત **ब** ને અંધકારમાં દૂર જોતાં તમે તેને શ્રીયુત **अ** ધારી લ્યો છો. એ વખતે તમે શ્રીયુત **अ** ને જુઓ છો, **ब** ને જોતા નથી. આ સિદ્ધાન્ત સાર્વત્રિક છે. જો તમે તમને પોતાને માત્ર શરીરરૂપ જોશો તો તમે શરીરરૂપજ રહેશો. ટાઢ, તડકો, સુખ, દુઃખ, ક્ષુધા, તૃષા, જે શરીરના ધર્મ છે તે અવશ્ય તમને બંધનકર્તા થવાનાજ. જગતના લોકોમાં મોટા ભાગની માન્યતા એવીજ છે. હા, તેઓ પૈકી કેટલાક આત્મા, બુદ્ધિ, મન વગેરે તત્ત્વોની વાતો કરે છે, પણ વ્યવહારમાં તેમનો રસ **आहार, निद्रा, भय, मैथुन** ઇત્યાદિ માનુષી વૃત્તિઓથી પર ગયો હોતો નથી. કેટલાક મનુષ્યોનો અધિકાર સાધારણ કોટિથી ઉચ્ચ હોય છે. તેઓ જગતને કલ્પનામય જોઇ શકે છે, કલ્પનાનો આનંદ અનુભવી શકે છે. આને માટે હું તમને ઉદાહરણ આપીશ. સર હંફ્રી ડેવીની વાત તમારા પૈકી ઘણાઓએ સાંભળી હશે. એકવાર સર ડેવી પોતાના વિદ્યાર્થીઓ પાસે ગૅસ (વાયુ) સંબંધી કંઇ પ્રયોગ કરતા હતા, તેવામાં વાયુની નળી એકદમ ફૂટી જવાથી ગૅસ તેમના નસકોરામાં પેસી ગયો અને તેમના મગજમાં એક પ્રકારનું ઘેન ચડવાથી થોડો વખત તેઓ બેભાન જેવા પડી રહ્યા. પાછા શુદ્ધિમાં આવતાં તેમણે પોતાના વિદ્યાર્થીઓને કહ્યું કેઃ “ આ બેભાન સ્થિતિમાં મને વિશ્વસમસ્ત કલ્પનાઓની એક અનન્ત જાળ જેવું જણાતું હતું. ” ગૅસના એક પ્રકારના ઘેનથી તેટલો વખત સુધી સર ડેવી આ દેહનું ભાન તદ્દન ભૂલી ગયા હતા; અને તેથીજ તેમનાં ચર્મચક્ષુથી જે જગત તેમને જડ ભાસતું હતું તેજ સ્વરૂપ તેમને મનોમય કલ્પના જેવું ભાસવા માંડયું. એજ પ્રમાણે જો જ્ઞાનદૃષ્ટિ એથી પર જાય તો દેહ તેમજ કલ્પનાની ઉભય કલ્પનાઓ નાશ પામી કેવળ આત્મસ્વરૂપનુંજ દર્શન થાય છે. સર્વ વિશ્વમાં કેવળ સચ્ચિદાનંદ પરમાત્મા સિવાય ઇતર કંઇ પણ દેખાશે નહિ.

किमपि सततबोधं केवलानंदरूपम्
निरुपममतिवेलं नित्यमुक्तं निरीहम् ।

निरवधि गगनाभं निष्फलं निर्विकल्पम्
हृदि फलयति विद्वान् ब्रह्मपूर्ण समाधौ ।।

(વિવેક ચૂડામણિ)

જે સતત જ્ઞાનરૂપ અને કેવલાનંદરૂપ છે, જે નિરૂપમ અને નિત્યમુક્ત છે, જે આકાશ સમાન નિરવધિ અને નિર્વિકાર છે તેવા સંપૂર્ણ બ્રહ્મને સમાધિસ્થ મહાત્માઓ પોતાના હૃદયમાં જુએ છે.

અદ્વૈતવાદીઓને કોઇ એવો પ્રશ્ન કરે છે કે, "સ્વર્ગ, નરક અને એવા પ્રકારના બીજા અનેક લોકોનું વર્ણન બહુધા બધાજ ધર્મોમાં છે તેની વાસ્તવિકતાના સંબંધમાં તમે શું ખુલાસો કરી શકો છો ? અનેક ધર્મગ્રન્થોમાં એવું કથન છે કે મનુષ્ય મૃત્યુ પછી સ્વર્ગ કે નરકલોકમાં જાય છે; ત્યાં તેને બીજો દેહ પ્રાપ્ત થાય છે. જેવડે તે પોતાનાં શુભાશુભ કર્મોનાં ફળ ભોગવે છે. " આ માન્યતાનો અમારો સરળ ઉત્તર તો એજ છે કે એ સર્વ ભ્રમણા છે. વાસ્તવિક રીતે કોઇ જન્મતું નથી તેમ મરતું પણ નથી. સ્વર્ગ, નરક કે આ વિશ્વ પૈકીનું કાંઇ પણ ખરી રીતે અસ્તિત્વમાં નથી. અમુક બાળકનું મગજ ભૂત પ્રેતાદિની વાતોથી ખૂબ ભરીને તેને રાત્રિને વખતે ક્યાંક બહાર મોકલો ! ત્યાં એક ટૂટેલા વૃક્ષનું થડ જોઇને બાળક અંધકારમાં કેવી કલ્પના કરશે ? પકડવાને માટે હાથ પ્રસારી ઉભેલા ભૂતની મૂર્તિજ તેને જણાશે. અમુક માણસ પોતાની પ્રિયતમાને મળવા રાત્રિના અંધકારમાં ત્યાં આવે છે તેને એજ ઠુંઠું એક સ્ત્રી જેવું દેખાય છે; ચોરને એજ વૃક્ષ સિપાહીનું અનુમાન કરાવે છે; અને પહેરેદાર સિપાહીને એ ભાગેલું વૃક્ષ ચોરની કલ્પના કરાવે છે. વાસ્તવિકમાં તો તે વૃક્ષજ છે, પણ ભિન્ન ભિન્ન દૃષ્ટિ અને વસ્તુસ્થિતિથી તેની ભિન્ન ભિન્ન કલ્પનાઓ થાય છે. એમાં વૃક્ષ એ વાસ્તવિક વસ્તુ છે અને ભિન્ન ભિન્ન કલ્પનાઓ ચેતનજન્ય વ્યવહાર છે. એકજ રૂપનાં આ પ્રમાણે અનેકરૂપ કલ્પી શકાય છે. એજ પ્રમાણે બ્રહ્મ એકજરૂપે સર્વદા અને સર્વવ્યાપક છે. તે ક્યાંય જતું નથી તેમજ તે ક્યાંયથી આવતું પણ નથી.

અજ્ઞાન સ્થિતિમાં માણસને પોતાનાં કર્મોનાં ફળની ઇચ્છા હોય છે અને તેને લઇને તે સ્વર્ગની કલ્પના કરે છે. જન્મભર તે એવા સ્વર્ગની કલ્પના કર્યાં કરે છે અને પરિણામે જ્યારે જગતરૂપી સ્વપ્ન અદૃશ્ય થાય છે, ત્યારે તેને બીજું સ્વપ્ન દેખાય છે; જ્યાં તે સર્વત્ર, દેવો, દેવદૂતો અને એવી વસ્તુઓ સ્વર્ગરૂપે જુએ છે ! તે પોતાને દેવો અને દેવાંગનાઓ વચ્ચે જુએ છે. અમુક મનુષ્યને તેના પિતૃઓને જોવાની ઇચ્છા થાય તો તેમાં આદિ પુરૂષ સુધી તે સર્વને જોઇ શકે; કારણ કે પિતૃઓને પણ ઉપજાવનાર તો તે પોતેજ છે.

કોઇ મનુષ્ય સ્વાભાવિકજ ગાઢ અંધકારમાં હોય અને કોઇ તેના મગજમાં રૌ રૌ નરકની વાતો ભરી દે, તો મરણ પછી વિવિધ પ્રકારનાં નરક અને તેની યાતનાઓજ તેને દેખાશે. જે દૃષ્ટિથી તે જગત દેખાતું હતું તેજ દૃષ્ટિથી તેને નરક દેખાશે. જન્મ અને મરણના તત્ત્વનું શોધન કરવામાં આવે તો તેનો અર્થ દૃષ્ટિની દિશા બદલવી એજ થાય છે. આપણે મૃત્યુને લીધે ક્યાંય પણ જતા કે આવતા હોઇએ તેમ નથી. આપણે સર્વ અભિન્ન એકરૂપ હોઇએ, તોપછી જવાનું ક્યાં અને આવવાનું ક્યાંથી ? જવું અને આવવું એ માત્ર વસ્તુસ્થિતિ સમજાવનાર શબ્દો છે, વાસ્તવિક રીતે જવું અને આવવું અસંભવિત છે. સર્વવ્યાપક હોય તેને જવા આવવા જેવું હોઇજ ન શકે. આકાશ સદા સર્વદા સ્થિર છે. વાદળા આવે છે અને પસાર થાય છે. આગમન પ્રતિગમન જોઇ કદાચ કોઇને એમ લાગે કે આકાશ ગતિમાન છે, તો તે ભ્રમણાજ છે. આપણે રેલગાડીમાં બેઠા હોઇએ ત્યારે ભાસ થાય છે કે આસપાસની જમીન ચાલે છે, પણ ખરો અનુભવ થયા પછી આપણે તેમ સમજતા નથી. તેજ પ્રમાણે આપણે સ્થિર છીએ, આ સ્વપ્નમાંજ આ સર્વ સંસાર, સર્વ ખટપટ અને મારામારી જોઇએ છીએ. એક સ્વપ્ન સમાપ્ત થતાં બીજા સ્વપ્નનો પ્રારંભ થાય છે; જીવનસ્વપ્ન સમાપ્ત થતાં મરણસ્વપ્ન શરૂ થાય છે; તેમાં કોઇ પણ પ્રકારનો સંબંધ નથી. એજ પ્રમાણે વિશ્વમાં અમુક સનાતન નિયમો છે કે અમુક કાયદા છે એમ નથી. સ્વપ્નની પરંપરાનેજ આપણે નિયમ કે બંધારણ એવું નામ આપીએ છીએ. એલાઇસ ઇન વન્ડરલૅન્ડ" નામનું નાનાં બાળકોનું પુસ્તક તમારા પૈકી ઘણાઓએ વાંચ્યું હશે. બાળકોને માટેનાં જેટલાં પુસ્તકો મેં વાંચ્યાં છે તે સર્વમાં મને એ ઉત્તમ જણાયું છે. એ પુસ્તક વાચતાં મને બહુજ મજા પડી હતી. નાનાં બાળકો માટે એકાદ એવું પુસ્તક લખવાની ઇચ્છા પણ મને થઇ હતી. એ પુસ્તકમાં જે મુખ્ય ખૂબી મારા જોવામાં આવી છે તે એ છે કે પરસ્પર સબંધ વિનાની વાતોનો તેમાં સંગ્રહ છે. એક કલ્પના કરવામાં આવે છે તે પૂરી થાય નહિ ત્યાં બીજી કલ્પનાનો અડંગો ઉભો કરવામાં આવે છે; અને એ ઉભય કલ્પનાઓનો પરસ્પર જરા પણ સંબંધ હોતો નથી. આ સર્વ કથન અસંબદ્ધ છે એમ આપણે નાના હોઇએ ત્યારે જણાતું નથી. તે વખતે એ સર્વ વાતો બરાબર સત્ય જેવી ભાસે છે. એ પુસ્તકના કર્તાએ પોતાની બાલ્યાવસ્થાની મનોવૃત્તિનો પૂરો વિચાર કરી બાળકોને માટે એ પુસ્તક રચ્યું હોય એમ જણાઇ આવે છે. બાળકોને જે વાત સુસંગત કે વાસ્તવિક લાગે છે તેજ વાત વય અને અનુભવમાં વૃદ્ધ થતાં અસંગત અને અવાસ્તવિક જણાય છે. જ્ઞાનની દૃષ્ટિથી આપણે પણ બાળકો જેવાજ છીએ. ઉપર્યુક્ત પુસ્તકના જેવી આ સંસારની સ્થિતિ છે.

તેમાં સ્વપ્નની પેઠે આપણે અનેક વસ્તુઓ, અનેક ક્રિયાઓ, અનેક ભાવનાઓ વારંવાર જોઈએ છીએ. એકની એક વાત જ્યારે વારંવાર આપણા જોવામાં આવે ત્યારે આપણે એમ માની લઈએ છીએ કે અમુક કારણ છે અને અમુક કાર્ય છે; અને એમ ધારી લઈએ છીએ કે એજ પ્રમાણે વારંવાર બન્યા કરશે. આ સ્વપ્નની સમાપ્તિ થતાં બીજા કંઈક એવાજ નિયમનું આપણે અનુમાન કરી લઈએ છીએ. સ્વપ્નમાં આપણને કાર્ય કારણનો જે ભાવ અને સુસંગતિ જણાય છે, તે મૃગજળ જેવી અવાસ્તવિક છે એવું ભાન આપણને સ્વપ્નમાં થતું નથી; પણ જ્યારે આપણે જાગીએ છીએ ત્યારેજ જણાય છે કે સ્વપ્નગત બનાવો અસંબદ્ધ હતા. તેજ પ્રમાણે આ વિશ્વરૂપ મહાસ્વપ્નમાંથી જાગૃત થતાં, જ્ઞાનની દૃષ્ટિ ઉઘડતાં, સત્યની સાથે આ વિશ્વની દૃષ્ટિથી આપણે માનેલા નિયમો અને મહાનિયમોની તુલના કરતાં આપણને અનેક અસંગત બનાવો, અનેક અઘટિત ઘટનાત્મક ક્રિયાઓ દૃષ્ટિગત થશે. આપણને એમ સ્પષ્ટ જણાશે કે આ પદાર્થો કે ઇચ્છાઓ સર્વ ઉડી જનાર વાદળાંની પેઠે છે. તે ક્યાંથી આવે છે, ક્યાં જાય છે તે આપણે જાણતા નથી; પણ તે ઉડી જાય છે, તે અવાસ્તવિક અને અસંગત છે એમ આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ. એક કીટ (પતંગ) જેવા પ્રાણીથી લઈને તે ચંદ્ર અને સૂર્ય સુધીના સર્વ પદાર્થો વિકારી અને નાશવાન છે. એ બધું માયા છે. અવિકારી સ્થિતિમાં સ્થિર જો કોઈ પણ તત્ત્વ હોય તો તે તમે પોતેજ, તમારો આત્માજ છે. વાદળ આવે છે ને જાય છે, સંસાર આવે છે ને જાય છે, જીવન આવે છે ને જાય છે, પણ તમે તો ત્યાંના ત્યાંજ છો. આ અવિનાશી અજર અને અમર તત્ત્વજ પામવા યોગ્ય છે. ત્યાંજ આનંદનો અવધિ છે. બાહ્ય દૃષ્ટિથી, મનની કે બુદ્ધિની દૃષ્ટિથી જોતાં તે પરમાત્મારૂપ આપણાથી ભિન્ન જણાય છે; અંતરાભિમુખ થઈ તેને જોતાં તે આપણા અંતરમાં આપણાથી અભિન્નજ જણાય છે. તે એકજ છે, તે સર્વમય છે. તે આપણા આત્માથી ભિન્ન નથી. હું અને તું એ એકજ તત્ત્વની બે દિશાઓ છે. જ્ઞાનની દૃષ્ટિથી જોતાં “તુંહિતુ” છે. આપણાથી ભિન્ન પરમાત્મા જેવું કોઈ પણ તત્ત્વ અસ્તિત્વમાં નથી. તેવીજ રીતે તમે જે નિશ્ચલ સ્વરૂપ છો તેનાથી ઉચ્ચ કોઈ તત્ત્વ હોય તેમ પણ નથી. દેવતાઓ અને ગંધર્વો ઇત્યાદિ સર્વ તમે પોતેજ ઉત્પન્ન કરેલી ક્ષુદ્ર શક્તિઓ છે. “આકાશસ્થ પિતા” અને અન્ય દેવો તમારી કલ્પનાએજ ઉત્પન્ન કરેલાં ચિત્રો છે. પરમાત્મા એટલે તમારી પોતાનીજ પ્રતિમા. ખ્રિસ્તી શાસ્ત્રોમાં એવું કથન છે કે પોતાની મૂર્તિ અનુસાર પરમેશ્વરે માણસની રચના કરી છે. આ કથન વાસ્તવિક નથી. ખરૂં તો એ છે કે મનુષ્યેજ પોતાની મૂર્તિને અનુલક્ષી પરમાત્માની ઉત્પત્તિ કરી છે. આ વિશાળ વિશ્વમાં આપણેજ અનેક દેવો ઉત્પન્ન

કરીએ છીએ. પરમાત્માને નિર્માણ કરી, તેની કલ્પના કરી આપણેજ તેને પગે પડીએ છીએ, પૂજા કરીએ છીએ. એ એક સ્વપ્ન છે. જેમ સંસાર સ્વપ્ન છે તેમ પરમાત્માની કલ્પના પણ એક સ્વપ્ન છે.

આજે જે અનેક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે, તે સર્વનો સારાંશ એજ છે કે, અસ્તિત્વ માત્ર એક અને **અભિન્ન** છે. વિવિધ દેશકાળને લઇને આપણે તેનો પૃથ્વી, સ્વર્ગ, નરક, પરમેશ્વર, પિશાચ, મનુષ્ય અને રાક્ષસ વગેરે નામોથી વ્યવહાર કરીએ છીએ. એ સર્વ આપણેજ નિર્માણ કરેલી સૃષ્ટિ છે. તથાપિ

“ नित्योऽनित्यानां चेतनश्चेतनानाम्, एको बहूनां यो विदधाति कामान्।
तमात्मस्थं येऽनुपश्यंति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥ ”

(કઠોપનિષદ્ ૫-૧૩) અનિત્ય એવી આ સર્વ વસ્તુઓમાં જે નિત્ય તત્ત્વને જુએ છે, મૃત્યુવશ આ વિશ્વમાં અમૃતત્વ, ચૈતન્યનો જે અનુભવ કરે છે, અને સચરાચરને શાન્તિ આપનાર સ્વયં પ્રકાશમાન પરમાત્માને જે પોતાના અંતરાત્મામાં જુએ છે, તેજ નિરતિશય શાન્તિનો ઉપભોગ કરી શકે છે. આ એકજ તત્ત્વ પામવા કે અનુભવ કરવા યોગ્ય છે. કોઇ પ્રશ્ન કરશે કે તેનો કેવી રીતે અનુભવ કરવો ? તેનો વિધિ શું છે ? આ સ્વપ્નમાંથી જાગૃત કેવી રીતે થવાય ? આપણે નાના, ક્ષુદ્ર મનુષ્ય છીએ, દેહ છીએ, મન છીએ, એવી ભ્રમણાઓ કેવી રીતે દૂર થઈ શકે ? આપણે આ વિશ્વના અધિષ્ઠાન છીએ; આપણેજ પોતાની કલ્પનાથી જડરૂપ ધારણ કરી આ નાના સરખા દેહને પોતાનું માની તેમાં બંધાઈ જવાનું ઠીક માન્યું છે. આપણે પ્રશંસાના બે શબ્દો સાંભળતાં આનંદથી ઉભરાઇ જઇએ છીએ; અને કોઈ બે અપશબ્દો કહે તો તરતજ ભડકી ઉઠીએ છીએ. આ આપણી સ્થિતિ ખરેખર દયાને પાત્ર છે. ગુલામગીરીનું આના કરતાં દયાપાત્ર સ્વરૂપ બીજું ભાગ્યેજ હશે! સુખ અને દુઃખના દ્વન્દ્વથી નિર્લેપ જે હું, જેનું આ સર્વ વિશ્વ એક પ્રતિબિમ્બ માત્ર છે, સૂર્ય અને ચન્દ્ર એ તો મારા સામર્થ્યના ક્ષુદ્ર અંશ માત્ર છે, એવો હું શું આવી ગુલામગીરીમાં સપડાએલો રહું ? મારા શરીરને જરાક વાગતાં હું દુઃખથી પોકારી ઉઠું છું, તેમજ કોઇ બે મીઠા શબ્દો કહે તો આનંદના શિખરપર જઇ બેસું છું, આ કેટલી દયાજનક સ્થિતિ ! હું આ ક્ષુદ્ર દેહનો દાસ, મનની વાસનાઓનો દાસ, આ જગતની નિંદા સ્તુતિનો દાસ, હું સુખનો દાસ, જીવિતનો દાસ તેમજ મૃત્યુનો પણ દાસ ! એ સર્વ ક્ષુદ્ર પરિસ્થિતિઓનો હું દાસાનુદાસ થઇ રહ્યો છું. ગુલામની પેઠે એ બંધનોમાં હું બંધાઇ ગયો છું. આ ગુલામગીરીમાંથી મારી મુક્તિ કેવી રીતે થાય ! આ અનંત અસંબદ્ધ શૃંખલાની જાળ કેવી રીતે તૂટે ? એનો કોઇ ઉપાય છે ? હા, તેનો ઉપાય છે. **સત્સંગથી આત્મા સંબંધી જ્ઞાન મેળવવું, વિવેકથી એ જ્ઞાન** દૃ

કરવું અને નિરન્તર તેનું ચિંતવન કરવું એજ પરમાનંદ પામવાનો ઉપાય છે–એજ અદ્વૈતવાદનું અંતિમ લક્ષ્ય છે. સત્ય સાંભળો, સત્યનો વિચાર કરો અને સત્યને તમારા આત્મામાં ગુંથી દ્યો! એકજ વિચાર કરો! **अहं ब्रह्मास्मि।** હું તેનાથી અભિન્ન છું એ ચિંતવનને તમારા ચિત્તથી દૂર થવા દ્યો નહિ. એ સિવાયના જે જે વિચારો, જે જે ઇચ્છાઓ અને જે જે ભાવનાઓ છે તે સર્વ તમારા આત્માને બંધન કરનારજ છે. હું અમુક નામરૂપ છું એ ભાવના તદ્દન બાલિશ છે. ખરૂં જોતાં શરીર અને મન એ મનુષ્યના આત્માનાં બંધનોજ છે. પરમેશ્વર, પૂજા, ઉપાસના એ પણ મનુષ્યના આત્માને જડ બંધનોમાંથી છોડાવનાર સૂક્ષ્મ બંધનોજ છે. ફરી ફરી, શ્વાસે શ્વાસે **अहं ब्रह्मास्मि**ની એ ભાવના સિવાય સમસ્ત બ્રહ્માંડને તમારા મગજમાંથી ઉડાવી દ્યો! **यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमाऽथ यत्रान्यत्पश्यत्यन्यच्छृणोत्यन्यद्विजानाति तदल्पं यो वै भूमातदमृतमथ यदल्पं तन्मर्त्यं स भगवः कस्मिनप्रतिष्ठित इतिस्वे महिम्नि यदि वा न महिम्नीति ॥** (છાંદોગ્યોપનિષદ્ ૭–૨૪) જ્યાં એક અન્યને સાંભળે છે, જ્યાં એક અન્યને જુએ છે તે પરિમિત અને અલ્પ છે. જ્યાં એક એકને સાંભળતો નથી, જ્યાં એક એકને જોતો નથી, તે અનંત છે. સર્વથી ઉચ્ચ ધામ એજ છે. જ્યાં પ્રમાણુ અને પ્રમેય એકરૂપ થાય છે, જ્યાં પૂજક અને પૂજ્ય અભિન્ન થાય છે, ત્યાં તેનો વાસ છે. જ્યાં હુંજ ગુરૂ અને હુંજ શિષ્ય છું, જ્યાં હુંજ રાજા અને હુંજ પ્રજા છું, જ્યાં હુંજ વક્તા અને હુંજ શ્રોતા છું તે સ્થાનજ એક નિર્ભય છે. જ્યાં આપણેજ સર્વસ્વ હોઇએ, જ્યાં આપણાથી ભિન્ન એવું કશુંજ નથી ત્યાં ભીતિ રાખવાનું તો પ્રયોજનજ શું હોય? એજ સાંભળવું, એનોજ વિચાર કરવો, એનુંજ ધ્યાન કરવું એજ એક માર્ગ છે.

સબ જગ રૂઠો રૂઠન દે, મેરો રામ રૂઠો ના ચાહીયે.

સમસ્ત જગતને વિસારી તેનુંજ ચિંતવન કરો! સર્વ વિચારોને, સર્વ ઇચ્છાઓ અને સર્વ ભાવનાઓને ફેંકી દ્યો! સર્વનું વિસ્મરણ કરી વારંવાર એનુંજ સ્મરણ કરવું જોઇએ. કર્ણપટપર ફરી ફરી પ્રેમપૂર્વક એજ પ્રેમધારાને હૃદય સુધી પહોંચવા દ્યો. હૃદયની ગુહ્યતમ ગુફા સુધી એ ધ્વનિને પહોંચવા દ્યો! રક્તના એકે એક બિન્દુને, એકે એક નાડીને, મગજની એકે એક શિરાને એ પ્રેમધ્વનિથી ગાજી ઉઠવા દ્યો; એટલે શાન્ત **सोऽहम् सोऽहम्** એવા ધ્વનિનો રણકાર તમારા હૃદયમાં રમી રહેશે. મૃત્યુના મુખમાં જઇને પણ પ્રેમથી ઉચ્ચાર કરો કે **सोऽहम्**–હું તેજ છું. હિન્દુસ્તાનમાં એક સંન્યાસી હતો તે નિરન્તર **शिवोऽहम्**નોજ ઉચ્ચાર કરતો હતો. એકવાર તે એક નિર્જન અરણ્યમાંથી પસાર થતો હતો, ત્યાં એક વાઘે

ઓચિન્તો તેના ઉપર હુમલો કર્યો. તેનો **शिवोऽहम्**નો જાપ તો ચાલુજ હતો. વાઘે પંજાથી તેનું શરીર ચીરી નાખ્યું, ત્યારે પણ તેના મુખમાંથી એજ ઉચ્ચાર થતો હતો. જ્યાંસુધી તેના દેહમાં જીવ હતો ત્યાંસુધી એજ શબ્દ તેના મુખમાંથી નીકળતો હતો. ગમે તેવા ભયંકર સંકટની વચ્ચે, મૃત્યુના મુખમાં જતાં, લડાઇના મધ્યભાગમાં ચારે તરફ શત્રુઓ ઘેરી વળ્યા હોય ત્યારે, સમુદ્રને તળીએ ડૂબી જતાં, કોઇ ઉચ્ચ પર્વતના ભયંકર શિખરપરથી ધકેલાતાં કે અરણ્યમાં નિરાધાર ભટકતાં પણ આપણા મુખમાંથી એજ શબ્દ નીકળવા દો। આપણું હૃદય એજ ભાવનાઓથી ભરેલું રહેવા દો? રાત્રે અને દિવસે જાગૃત અને સ્વપ્નમાં **सोऽहम्**નો જાપ તમારા મુખમાં ચાલુજ રાખો. પ્રેમનામનો પુનરૂચ્ચાર હૃદયમાં બળ અને શ્રદ્ધા ઉત્પન્ન કરે છે. **नायमात्मा बलहीनेन लभ्यः**–બળહીન માણુસ આત્માનો લાભ પ્રાપ્ત કરી શકતો નથી, (મુંડકોપનિષદ્ ૩–૨૪) આ શ્રુતિવાક્ય લક્ષમાં રાખવા જેવું છે. "ઓ પ્રભુ! હું પાપી છું, હું દુઃખાર્ત છું" એવા શબ્દો કદિ પણ ઉચ્ચારો નહિ! શું તમને કોઇ આવીને સહાયતા કરવાનું હતું? તમે પોતેજ આ વિશ્વના ઉત્પન્ન કર્તા છો, તોપછી તમને સહાય કરનાર બીજું કોણ હોય? આ માનવ, દેવ કે દાનવસૃષ્ટિમાં એવો કોઇ પણ મનુષ્ય નહિ હોય કે જે તમારી અપેક્ષાએ તમને સહાય કરવાને અધિક સમર્થ હોય! આ જગતમાં પરમેશ્વરજ તમે હો તો તમે કોની પાસેથી સહાયની યાચના કરો અને કોણ તે તમને આપે તેમ છે? જો તમને કોઇ પણ સહાય કરનાર હોય તો તે તમે પોતેજ છો. આપણે પ્રાર્થના કરીએ છીએ અને કવચિદ્ એ પ્રાર્થના સફળ થઇ કંઇ લાભ જણાય છે તો આપણે માની લઇએ છીએ કે એ પ્રાર્થના સાંભળનાર આપણાથી કોઈ ભિન્ન વ્યક્તિ છે; પણ એ કેવળ ભ્રમણા છે. ખરી રીતે એ પ્રાર્થના સફળ કરનાર તમે પોતેજ છો. યદ્યપિ તમે એ રહસ્ય સમજી શકતા નથી. આપણને એમ લાગે છે કે મદદ બહારથી આવે છે પણ આપણા સિવાય આપણી જાતને મદદ કરનાર અન્ય કોઇ પણ પદાર્થ કે શક્તિ નથી. આપણેજ આપણા કર્તા અને આપણેજ સંહર્તા છીએ. રેશમનો કીડો પોતાના પેટમાંથી તંતુ કાઢી પોતાનાજ શરીરને વીંટાળે છે; અને જ્યારે તેનાથી બરાબર બંધાઇ જાય છે ત્યારે પોકારે છે કે "આમાંથી મને કોણ મુક્ત કરશે?" આપણે સમજી શકીએ છીએ કે તેની એ ચિન્તા વ્યર્થ છે. આવી સ્થિતિમાં તેને કોઇપણ સહાયતા કરી શકે તેમ નથી. તેણે પોતેજ યોજેલી જાળ તેણે પોતેજ તોડવી જોઇએ. એ જાળ પોતે તોડતાં તેનું સુંદર શરીર મુક્ત થઇ ગમે ત્યાં ગમન કરી શકે છે. રેશમના કીડાની પેઠે તમેજ આ શરીરાદિ નિર્માણ કર્યાં છે. આ સુખ દુઃખ આદિનો મોહ, શોક એ પણ તમારા અહંકારને લઇનેજ છે. અહંકારના ઘરમાંથી બહાર આવો એટલે

સત્યની સાથે તમારી ભેટ થશે. તમારા ચંચળ ચિત્તને નિરન્તર "**સોઽહમ્**" નો પાઠ શીખવતા જાઓ ! એ એકજ જાપથી તમારા મનોવિકારો અને અનંત જન્મોની વાસનાઓ ભસ્મીભૂત થશે. જેમ ઘોર નિદ્રામાં સૂતેલ વ્યક્તિને જગાડવા માટે વારંવાર તેનું નામ દઇ બોલાવવાની તથા હલાવવા વગેરેની ક્રિયાઓ કરવી પડે છે; તેવીજ રીતે માયારૂપી ઘોર નિદ્રામાં પડેલી આપણી સ્વરૂપભાવનાને જાગૃત કરવા માટે સતત જાપરૂપી પ્રહારોની જરૂર છે. તે સિવાય બીજો કોઇ ઉપાય સાધ્ય નથી. તમારી સત્યવૃત્તિને જાગૃત કરવામાં વિઘ્નરૂપ થાય એવા સર્વ આહારવિહારનો ત્યાગ કરો ! જ્ઞાનયોગી થવાના જિજ્ઞાસુએ હૃદયની દુર્બળતા અને કાર્યમાં મંદોત્સાહનો સત્વર ત્યાગ કરવો જોઇએ. દુર્બળ કે કાયર મનુષ્ય કોઇ પણ કાળે મુક્તિના માર્ગનો અધિકારી થઈ શકતો નથી.

અભ્યાસનો આરંભ કરતાં પ્રથમ આપણે મનમાંથી સર્વ સંશયોને દૂર કરવા જોઇએ. ખૂબ સંશય કરો ! તર્ક કરો, વિચાર અને વિવેકથી સત્યને તમારા હૃદયમાં ઠસાવો, દઢ કરો અને સત્ય તમારા અંતઃકરણમાં સ્થાપિત થાય કે પછી તરતજ સર્વ તર્કવાદ અને સંશયને હમ્મેશને માટે રજા આપો. મુનિવ્રત ધારણ કરી સત્યનું જ મનન કરો ! તમારા મનમાં સંશય ઉત્પન્ન થવાનું સ્થાન જ ન રહેવા દો, તેમજ બીજાને સમજાવવા માટે પણ તર્ક કરવાનું છોડી દો ! હવે વાદવિવાદ અને તર્કવિતર્ક શા માટે ? તમારા મનનું સમાધાન કરવા માટેજ તર્ક છે. હવે તમારે તર્કવિતર્ક અને વાદવિવાદ મૂકીને કોઇ ઉત્તમ અને ઉચ્ચ અનુભવનો સાક્ષાત્કાર કરવાનો છે; તોપછી શા માટે નકામા વિવાદમાં સમયનો દુરુપયોગ કરવો ? હવે સત્યનો સાક્ષાત્કાર કરવા, નિરન્તર સત્યનું ચિન્તવન કરતા આપણે આપણા પ્રયત્નમાં સહાય થાય એવા દઢતાના વિચારોનો આશ્રય કરીને જરા પણ સંશય કે અદઢતા ઉત્પન્ન કરે એવા વિચારોનો ત્યાગ કરવો જોઇએ. શુદ્ધ ભક્તિમાન સાધુપુરૂષ, પોતાની પ્રિય મૂર્તિ કે અન્ય એવા દશ્ય સાધનદ્વારા પરમાત્માનું નિરન્તર ચિંતવન કરે છે. આ માર્ગ જો કે સરળ છે તથાપિ એ માર્ગ લાંબો છે એમાં તો ખોટું નથી. રાજયોગી મહાત્મા પોતાના હૃદયમાં ચિંતવન કરતો કુંડલિની (મનશક્તિ) ને જાગૃત કરવાના પ્રયત્નમાં નિમગ્ન થાય છે. જ્ઞાનયોગનો માર્ગ આ ઉભયથી ભિન્ન પ્રકારનો છે. જ્ઞાનયોગી, શરીર અથવા મનનું અસ્તિત્વજ નથી એવું ચિંતવન કરે છે. શરીર, મન અને તજ્જન્ય વ્યવહારની કલ્પનાનો સર્વથા લોપ થઈ જવો જોઇએ. જ્યાં શરીર અને મન વાસ્તવિક રીતે અસ્તિત્વમાંજ નથી ત્યાં તેનો વિચાર કરવો એ જ ભ્રમણા છે. જેમ એક રોગનું શમન થતાં બીજા રોગને આમંત્રણ કરવું એ મૂર્ખાઇ છે. તેવીજ રીતે જ્ઞાનીને આવા સર્વ પ્રયત્ન, આ સંસારનો વ્યવહાર મિથ્યા છે અને એ બધું તેની દષ્ટિમાંથી

લોપ થઇ જવા માટે છે. યોગી થયા છતાં જો શરીર અને મનની કલ્પના રહે તો એ યોગ જ નથી. જ્ઞાનયોગનો માર્ગ અત્યન્ત કઠિન અને દુસ્તર છે. જો એકજ શબ્દમાં જ્ઞાનનું રહસ્ય સમજાવવાનું હોય તો તે **नेति** છે. જ્ઞાનયોગી દરેક વસ્તુને **नेति अर्थात्** આ નહિ, આ નહિ એમ કહી તેનાથી દૂર રહે છે. આમ "**नेति, नेति**" કહેતાં છેવટે શું રહે છે ? તે પોતેજ, તેનો આત્માજ. એ આત્માજ પામવા યોગ્ય છે. હું જ્ઞાની છું એમ કહેવું સહેલું છે પણ જ્ઞાનનો માર્ગ અત્યન્ત કઠિન છે. **क्षुरस्य धारा निशिता दुरत्यया । दुर्गपथस्त कवयो वदंति ॥** (કઠોપનિષદ્ ૧-૩-૪) તલવારની ધારપર ચાલવું અને જ્ઞાની થવું એ બે સમાન છે; તથાપિ ભય પામવાનું કારણ નથી, ધીરજ છોડવાનું કારણ નથી. શ્રુતિ પ્રેમ અને શ્રદ્ધાથી કહે છે કે, **उत्तिष्ठत जाग्रत प्राप्यवरान्निबोधत ।** ઉઠ ! જાગૃત થા ! અને જ્યાં સુધી લક્ષ્યને પહોંચાય નહિ ત્યાંસુધી ધીરજથી પ્રયત્ન કર !

આ પ્રમાણે "હું દેહ છું કે હું મન છું" એ ક્ષુદ્ર કલ્પનાઓનો જ્ઞાનીએ સર્વથા ત્યાગ કરવો જોઇએ. "હું સ્વામી છું" એવી ભાવના મારા મનમાં થાય તો તેનો અર્થ એટલોજ કે મને શરીરાદિનો મોહ છે; અને આ મોહને દૂર કરવા જ્ઞાનીએ પોતાના મનને ઉપાલંભ આપી કહેવું જોઇએ કે "તું દેહ નથી." "તું આત્મા છે." "ભલે શરીરને સેંકડો વ્યાધિઓ પોતાનું ઘર બનાવે તેથી તને શું છે ? વિક્રાળ મૃત્યુ પોતાનાં જડબાં ઉઘાડી છેક સામે આવીને ઉભું રહે તેથી પણ તારે શું ભય પામવાનું છે ? નહિજ; કારણ કે મૃત્યુ તને સ્પર્શ કરવાને સમર્થ નથી. જો તું દેહજ ન હોય તો દેહને શૃંગાર સજાવવો, તેને સ્વરૂપવાન બનાવવું, એ શા માટે ? હે મન ! શું તને ફરી માયાના દાસત્વમાં પડવાની ઇચ્છા છે ? શું તૂટેલી જાળ તારે ફરી બાંધવાની છે ? નહિ ! નહિ ! તું એ સ્વપ્નને ભૂલી જા ! તું તેજ છે, એ તારા સ્વરૂપનું ચિંતવન કર !" જ્ઞાનીનો આ માર્ગ છે.

ભક્ત કહે છે કે, "આ શરીર મને ઈશ્વરે આપ્યું છે અને તેના દ્વારા આ સંસારસાગર હું પાર ઉતરી જાઉં એ તેનો ઉદ્દેશ છે; માટે એ સમુદ્ર તરી જવાય ત્યાંસુધી શરીરનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે." યોગી કહે છે કે, "આ શરીર અનેક શક્તિઓનું કેન્દ્ર છે, તે શક્તિઓ પૂર્ણપણે વિકાસ પામે ત્યાંસુધી મારે શરીરનું રક્ષણ કરવું આવશ્યકીય છે." જ્ઞાનીને શક્તિની કે ભવસાગર તરવાની અપેક્ષા નથી. તેને મોહ પમાડી શકે એવી કોઇ પણ વસ્તુ આ જગતમાં નથી. તેને એકજ વસ્તુની અપેક્ષા છે, તેના હૃદયમાં એજ ધ્વનિ થાય છે કે, "હું સદૈવ મુક્ત છું. હું કોઇવાર પણ બદ્ધ નહોતો. હું આ સૃષ્ટિના આત્માનો પણ આત્મા છું. મને પૂર્ણત્વ આપનાર બીજી કઇ શક્તિ અસ્તિત્વમાં છે ? હું પોતેજ પૂર્ણ છું, હું બંધનમુક્ત છું."

મનુષ્ય સ્વતઃ જ્યારે પૂર્ણ થાય છે, પોતે જ્યારે પ્રેમસ્વરૂપ થાય છે, ત્યારે સર્વત્ર તેને પૂર્ણતા અને પ્રેમ જણાય છે. જ્યાંસુધી તે સર્વત્ર અપૂર્ણતા જુએ છે ત્યાંસુધી સમજવું કે તેની પોતાની અપૂર્ણતાનું પ્રતિબિમ્બજ તેને સર્વત્ર જણાય છે. જો તે પોતે અપૂર્ણ ન હોય તો બીજામાં તેને અપૂર્ણતા શી રીતે દેખાય? જ્ઞાનીને પૂર્ણતા કે અપૂર્ણતા કંઈ નથી. તે ઉભય પરિસ્થિતિને માટે નિસ્પૃહી છે. તેની દૃષ્ટિમાં તેના આત્મા સિવાય અન્ય કોઇ વસ્તુનું અસ્તિત્વજ નથી. મુક્ત સ્થિતિમાં તેને કંઇ પ્રિય નથી, તેમજ અપ્રિય પણ નથી. તેને કંઇ સારૂં નથી તેમ નરસું પણ નથી. સારૂં અને નરસું એ ભેદભાવ કોના માટે છે? જેનામાં એ ભેદ છે એને માટે છે. શરીરને કોણ જુએ છે? શરીરની ભાવના કોને બંધનકર્તા છે? જે પોતાને શરીર માને છે તેનેજ. "હું દેહ નથી" એ અનુભવનો સાક્ષાત્કાર થતાંજ જગતની ભાવના હમ્મેશને માટે ઉડી જાય છે. વિચાર અને વિવેકથી શ્રવણ અને મનનથી જ્ઞાનીજન આ સંસારના બંધનને વીરતાથી તોડી નાખી પોતાના પ્રિયતમને મળે છે. એજ તેનો માર્ગ છે. **नेति, नेति** આ નહિ, આ નહિ એમ સંસારની સર્વ મોહજાળથી મુક્ત થઈ જ્ઞાની સત્ય સુખને પામે છે.

स्वामीजीना शिष्यो इत्यादि साथे प्रश्नोत्तर.

प्रसंग १ लो.

(ઈ. સ. ૧૮૯૭, સ્થાન-કલકત્તા, સ્વ. પ્રિયનાથ મુખોપાધ્યાયને ત્યાં-બાગબજાર.)

સ્વામીજી સાથે શિષ્યનો પ્રથમ પરિચય.

સ્વામીજી વિલાયતથી હિંદમાં પાછા ફર્યા પછી ત્રણ ચાર દિવસ થયાં કલકત્તામાં પધાર્યા છે. ઘણા લાંબા કાળે એમનાં પુનઃ દર્શન થવાથી શ્રીરામકૃષ્ણ પરમહંસના ભક્તોને અત્યંત હર્ષ થયો. અનેક ભક્તોએ અત્યંત ઠાઠમાઠથી સ્વામીજીની પોતાને ત્યાં પધરામણીઓ કરીને પોતાની જાતને કૃતાર્થ માની. આજ બપોરે બાગબજારવાળા શ્રીયુત પ્રિયનાથ મુખોપાધ્યાયને ત્યાં સ્વામીજીને નિમંત્રણ હતું; તેથી ભક્તોનાં ટોળેટોળાં ત્યાં એકત્ર થવા લાગ્યાં હતાં. શિષ્યવર્ગ પણ આ સમાચાર સાંભળી લગભગ બપોરે બે વાગે ત્યાં હાજર થયો હતો. સ્વામીજી સાથે મારે આ પહેલાં કોઇ પણ સમયે વાતચીત થઇ નહોતી. મારા જીવનમાં તેઓનાં દર્શન પણ આ પહેલ વહેલાંજ હતાં.

સ્વામી તુરીયાનંદ મને સ્વામીજી પાસે લઈ ગયા અને મારી ઓળખાણ કરાવી. તે પહેલાં મારૂં રચેલું શ્રી રામકૃષ્ણસ્તોત્ર સ્વામીજીએ મઠમાં આવીને સાંભળ્યું હતું; અને શ્રી રામકૃષ્ણદેવના પરમભક્ત નાગમહાશય પાસે મારૂં જવું આવવું થાય છે, તે પણ તેઓ જાણી ચૂક્યા હતા.

નાગમહાશયની પ્રશંસા.

સ્વામીજીને પ્રણામ કરી હું ત્યાં બેઠો, એટલે સ્વામીજીએ સંસ્કૃતમાં વાતચીતનો આરંભ કરતાં નાગમહાશયના કુળના સમાચાર પૂછ્યા; અને તે પછી નાગમહાશયનાં દૈવીત્યાગ, દઢ ભગવત્પ્રેમ તથા નમ્રતા વિષે બોલતાં તેમણે કહ્યું

કેઃ—"वयं तत्त्वान्वेषात् मधुकर हतास्त्वम् खलु कृती" (अभिज्ञान शाकुन्तलम्) અર્થાત્—હે મધુકર, રસની શોધમાં તો તુંજ ખરેખર વિજય પામ્યો છે, બાકી અમે તો કાંઈ લેખામાંજ નથી ! આ વાતનો સારાંશ નાગમહાશયને લખી મોકલવાતું મને સૂચવ્યું. પછી લોકોની બહુ ભીડ થવાથી અને વાતચીત કરવામાં અગવડ પડવાથી સ્વામીજી તુરીયાનંદને તથા મને પશ્ચિમ તરફના એક ઘરમાં લઈ ગયા. ત્યાં પ્રવેશ કરી મને ઉદ્દેશીને વિવેકચૂડામણીનો આ શ્લોક મધુર સ્વરે ઉચ્ચાર્યો:—

मा भैष्ट विद्वन् तव नास्त्यपायः संसारसिन्धोस्तरणेऽस्त्युपायः ।
येनैव याता यतयोऽस्य पारं तमेव मार्गम् तव निर्दिशामि ॥

"હે વિદ્વાન્ ! ભય પામીશ નહિ. તારો વિનાશ નથી. સંસારસાગરને તરવાનો ઉપાય છે. જેના અવલંબનવડે શુદ્ધ અંતરવાળા યોગીઓ સંસાર તરી ગયા છે તે ઉત્કૃષ્ટમાર્ગ હું તને બતાવી દઈશ." ત્યારબાદ શંકરાચાર્યનો વિવેકચૂડામણી નામક ગ્રંથ વાંચવાનો મને આદેશ કર્યો.

આ વાત સાંભળતાં મને વિચાર થયો કે સ્વામીજી આ રીતે મને મંત્રદીક્ષા સ્વીકારવાની સૂચના તો નહિ કરતા હોયને ? હું તે વખતે સાંપ્રદાયિક આચારોને દ્રઢતાથી વળગી રહેનારો હતો. ગુરૂ કરવાની મારી ઇચ્છા જેવી જોઇએ તેવી સ્થિર થઇ નહોતી, તેમજ વર્ણાશ્રમધર્મનો પણ મને બહુ પક્ષપાત રહ્યા કરતો હતો.

ઇંગ્લાંડ તથા અમેરિકાની સરખામણી.

વિવિધ પ્રકારની વાતો ચાલી રહી હતી એટલામાં એક જણે આવીને ખબર આપ્યા કે મીરર પત્રના સંપાદક શ્રીયુત નરેંદ્રનાથસેન સ્વામીજીને મળવા માટે આવ્યા છે. ખબર લાવનારને સ્વામીજીએ કહ્યું કેઃ—"ભલે, તેમને તેડી આવો." નરેંદ્રબાબુ પેલા નાના ઓરડામાં આવી બેઠા અને અમેરિકા તથા ઈંગ્લાંડ સંબંધે સ્વામીજીને અનેક પ્રકારના પ્રશ્નો પૂછવા લાગ્યા. પ્રશ્નના ઉત્તરમાં સ્વામીજી બોલ્યા કેઃ—અમેરિકાવાસીઓના જેવા સહૃદય, ઉદારચિત્ત, અતિથિનો સત્કાર કરવામાં ઉત્સાહવાળા, અને નવા નવા વિચારોને ગ્રહણ કરવાની ઉત્સુકતાવાળા લોકો જગતમાં બીજે ક્યાંઇ મેં જોયા નથી. તેમણે આગળ ચાલતાં કહ્યું કેઃ—"અમેરિકામાં જે કાંઇ કામ થયું છે તે કાંઇ મારી શક્તિથી થયુ નથી. અમેરિકાની પ્રજાજ એવી સહૃદય છે કે વેદાન્તનું રહસ્ય સરળતાથી તેમના હૃદયમાં ઉતરી જાય છે." ઈંગ્લાંડ વિષે બોલતાં જણાવ્યું કે "અંગ્રેજોના જેવા પ્રાચીન રીતિનીતિના પક્ષપાતી દુનિયામાં મેં બીજે ક્યાંઇ જોયા નથી. તેઓ કોઇ પણ જાતનો નવો વિચાર પહેલાં તો સ્વીકારતાજ નથી, પણ જો ખંતપૂર્વક એક વિચાર તેમને સમજાવી દેવામાં આવે તો પછી તેને એકાએક છોડી પણ દેતા નથી. આવી દ્રઢપ્રતિજ્ઞતા

બીજી કોઇ પ્રજામાં ભાગ્યેજ જોવામાં આવશે. એટલાજ માટે અંગ્રેજ જાતિ સુધારામાં અને શક્તિમાં જગતના સર્વશ્રેષ્ઠ સ્થાને પહોંચી છે. ”

જો કોઇ યોગ્ય પ્રચારક હોય તો અમેરિકા કરતાં ઈંગ્લાંડમાં વેદાન્તનું કાર્ય વધારે સ્થાયી થઇ શકે એવો સંભવ દર્શાવતાં સ્વામીજી બોલ્યા કેઃ—“હું તો માત્ર કામની શરૂઆત કરી આવ્યો છું. મારી પાછળના પ્રચારકો જો એ માર્ગે ચાલશે તો વખત જતાં ઘણું કામ થઇ શકશે. ”

યૂરોપમાં ધર્મપ્રચાર કરવાનું ભાવી ફળ.

નરેંદ્રબાબુએ પ્રશ્ન કર્યોઃ—“ એ રીતે ધર્મપ્રચારથી ભવિષ્યમાં આપણને શું લાભ પહોંચી શકે તેમ છે ? ”

સ્વામીજીએ કહ્યુંઃ—“ આપણી પાસે માત્ર વેદાન્તધર્મજ રહ્યો છે. પશ્ચિમના સુધારાઓની સાથે સરખામણી કરતાં આપણી પાસે એના સિવાય બીજું કાંઇ છેજ નહિ એમ કહીએ તો ચાલે. આ સાર્વભૌમિક વેદાન્તવાદ કે જે સર્વ મતના અને સર્વ પંથના લોકોને ધર્મનો એકસમાન અધિકાર આપે છે, તેનો પ્રચાર થવાથી પશ્ચિમની સુધરેલી પ્રજા જોઇ શકશે કે ભારતવર્ષજ આવા અદ્‌ભુત ધર્મભાવને માટે યથાર્થ ગર્વ લઈ શકે તેમ છે, અને એ ધર્મભાવ હજી પણ ભારતમાં સચવાઇ રહ્યો છે. આ પ્રમાણેની ચર્ચાઓથી પાશ્ચાત્ય પ્રજા આપણા પ્રત્યે શ્રદ્ધા અને સહાનુભૂતિ રાખવા લાગશે અને અત્યારથીજ એમ બનવા લાગ્યું છે. આ પ્રમાણે આપણને પાશ્ચાત્ય શ્રદ્ધા અને સહાનુભૂતિ મળતાં આપણે તેઓની પાસેથી ઐહિક જીવન માટે વિજ્ઞાનનું શિક્ષણ લઇ શકીશું, અને તેમ કરીને જીવનસંગ્રામમાં વિશેષ બળવાન થઇ શકીશું. બીજી રીતે કહું તો તેઓ આપણી પાસેથી વેદાન્તમત શીખી પોતાનું પારમાર્થિક કલ્યાણ કરશે અને તેના બદલામાં આપણે સાયન્સ શીખી ઐહિક સફળતા પ્રાપ્ત કરીશું. ”

રાજનીતિની ચર્ચા કરતાં ધર્મચર્ચાથી ભારતનું ભાવી કલ્યાણ.

નરેંદ્રબાબુએ પૂછ્યુંઃ—“ આપ કહો છો તેવી આપ–લેથી આપણી કોઇ પ્રકારની રાજનૈતિક ઉન્નતિ થાય એવી કાંઇ આશા છે ? ”

સ્વમીજીએ કહ્યુંઃ—“તેઓ (પાશ્ચાત્યો) મહાપરાક્રમશાલી વિરોચનના પુત્રો છે. તેઓની સત્તાથી પંચમહાભૂત તો હાથમાંના રમકડાની માફક કાર્ય કરે જાય છે. તમે એમ ધારતા હો કે આપણે પણ સ્થૂળ પંચભૂતની શકિત પ્રાપ્ત કરી તેઓની સાથે સ્પર્ધામાં ઉતરી એક વખત સ્વતંત્ર બનીશું, તો તેમાં બહુ મોટી ભૂલ ખાઓ છો. હિમાલયની પાસે જેમ એક નાનો પથરો કશી બીસાતમાં નથી તેમ આપણે પણ કદાચ સ્થૂળ શકિતઓમાં કુશળતા પ્રાપ્ત કરીએ તોપણ તેમની પાસે કાંઇજ કરી શકીએ નહિ. મારો શું મત છે તે આપ જાણો છો ? મારો

તો એ નિશ્ચય છે કે મેં ઉપર કહ્યું તેમ વેદાન્તમાં કહેલા ધર્મનું ગૂઢ રહસ્ય પાશ્ચાત્ય જગતમાં ફેલાવવાથી, એ મહાશકિતધારી પ્રજાની શ્રદ્ધા તથા સહાનુભૂતિ આપણે આકર્ષી શકીશું. ધર્મના વિષયમાં આપણે તેમના કાયમને માટે ગુરૂ બનીશું અને લૌકિક વિષયોમાં તેઓ આપણા ગુરૂ બનશે. ભારતવાસીઓ જ્યારે ધર્મને પાશ્ચાત્યોના હાથમાં મૂકી દઇ, તેમના ચરણે પડી ધર્મ શીખવા લાગશે ત્યારે નક્કી સમજજો કે આ અધ:પતિત જાતિનું યથાર્થ જાતિત્વ છેક રસાતળે પહોંચી ગએલું હશે. **રાત્રિ દિવસ બરાડા પાડવાથી અને “ અમને અમુક આપો, અમને ફલાણું આપો ” એમ માગવાથી કશું વળે તેમ નથી.** મેં કહ્યું તેમ આપ લેનો વ્યવહાર ચાલુ થશે એટલે ઉભય પક્ષ એકબીજા પ્રત્યે શ્રદ્ધા તથા દિલસોજી ધરાવતા થશે, અને પછી હાહો કરવાની જરૂર રહેશે નહિ. પછી તો ભિક્ષા માગ્યા વિનાજ તેઓ પોતે આપણી જરૂરીયાતો પૂરી પાડશે. મારો તો દ્દઢ સિદ્ધાંત છે કે આ પ્રમાણે ધર્મની ચર્ચાથી તથા વેદાન્તના વિશેષ પ્રચારથી આ દેશને તથા પાશ્ચાત્ય દેશને બન્નેને ખાસ લાભ થશે. ધર્મપ્રચારની સાથે રાજનીતિની ચર્ચાની સરખામણી કરવાથી મને તો લાગે છે કે રાજનૈતિક હીલચાલ એ ગાણ ઉપાય છે. મારો જે વિશ્વાસ બંધાયો છે તેને અમલમાં લાવવા હું મારૂં સમગ્ર જીવન અર્પણ કરવા તૈયાર છું. આપને એમ લાગતું હોય કે કોઇ બીજી રીતે ભારતનું કલ્યાણ થઈ શકે તેમ છે, તો તમે પણ એ પદ્ધતિએ કામ કર્યા કરો. ”

પોતે એ વિચારથી વિરૂદ્ધ નથી એમ જણાવી નરેંદ્રબાબુ થોડીવાર બેસી રહ્યા અને પછી ત્યાંથી ચાલી નીકળ્યા. સ્વામીજીની પૂર્વોકત વાતચીત સાંભળી હુ તો સ્તબ્ધજ બની ગયો હતો. હું તેમની તેજસ્વી મૂર્તિ તરફ એકી નજરે તાકી રહ્યો.

ગોરક્ષાના ઉપદેશક સાથે વાર્તાલાપ-પ્રથમ મનુષ્યોને બચાવો.

નરેંદ્રબાબુના જવા પછી ગોરક્ષિણી સભાનો એક પ્રચારક સ્વામીજીને મળવા માટે ત્યાં આવ્યો. બરાબર તો નહિ પણ કેટલેક અંશે તેનો વેશ સંન્યાસીના જેવો હતો. માથા ઉપર એક ગેરૂઆ રંગનું વસ્ત્ર બાંધ્યું હતું. દેખાવ ઉપરથી કોઇ હિંદુસ્તાની હોય એમ જણાઇ આવતુ હતું. ગોરક્ષાનો ઉપદેશક પોતાને મળવા માંગે છે એમ જાણવામાં આવતાં સ્વામીજી બહાર આવ્યા અને પોતાને આસને બેઠા. પેલા ઉપદેશકે સ્વામીજીને પ્રણામ કરી ગોમાતાની એક છબી સ્વામીજીને ભેટ આપી. સ્વામીજીએ તે છબી હાથમાં લઇ, પોતાની પાસે ઉભેલ એક અન્ય વ્યકિતને આપી, અને નીચે પ્રમાણે વાતચીત કરવી શરૂ કરી:—

સ્વામીજી:—આપની સભાનો ઉદ્દેશ શું છે ?

પ્રચારકઃ—આપણા દેશની ગાયમાતાને કસાઇના હાથમાં જતી બચાવી તેનું રક્ષણ કરવું તે. અનેક સ્થળોએ પાંજરાપોળો સ્થાપી છે અને ત્યાં રોગી, વૃદ્ધ તથા કસાઇના હાથમાંથી બચાવેલી ગાયોનું પાલન પોષણ થાય છે.

સ્વામીજીઃ—ઘણું સરસ. આપની આવકનો મૂળ ઉપાય શું છે ?

પ્રચારકઃ—આપના જેવા મહાપુરૂષો દયાને લીધે જે કાંઇ આપે તે દ્વારા આ સભાનું કામકાજ ચાલ્યું જાય છે.

સ્વામીજીઃ—મધ્ય ભારતમાં હમણાં દુકાળ પડયો છે. હિંદી સરકારે જાહેર કર્યું છે કે ખાવાનું નહિ મળવાથી નવ લાખ માણસો મૃત્યુવશ થયાં છે. તમારી સભાએ આવા દુકાળના વખતમાં તેમને કાંઇ મદદ થઇ શકે એવી હીલચાલ કરી છે કે ?

પ્રચારકઃ-દુકાળીયાઓને અમો મદદ આપતા નથી. માત્ર ગાયમાતાને બચાવવા માટેજ આ સભા સ્થાપિત થઇ છે.

સ્વામીજીઃ-પૈસાની જેવી જોઇએ તેવી સગવડ તમારી પાસે હોવા છતાં, આવા ભયંકર દિવસોમાં, માત્ર અન્નના અભાવે, તમારા લાખો જાતભાઈઓને મૃત્યુના પંજામાં સપડાતા જોઇ સહાયતા આપવાને તમે કેમ તૈયાર થતા નથી ?

પ્રચારકઃ-એમાં અમે શું કરીએ ? લોકોનાં નસીબ એવાં કે દુકાળ પડે અને ભૂખે મરે ! જેવું કર્મ કરે તેવું ફળ મળે ! એમાં અમે શું કરીએ ?

પ્રચારકની આ છેલ્લી વાત સાંભળી સ્વામીજીની આંખમાંથી અગ્નિની ચીણગારીઓ નીકળવા લાગી ! મુખ લાલચોળ થઇ ગયું ! પરંતુ મનના ભાવોને મનમાંજ દાબી દઈ તેઓ બોલ્યા કેઃ—“**જે સભા મનુષ્યો તરફ દીલસોજી વરાવે નહિ, પોતાના ભાઇઓને ભૂખથી તરફડતા જોયા છતાં તેમને બચાવવાને મુઠી અનાજ આપી શકે નહિ, અને પશુ-પક્ષીઓની ખાતર ઢગલાબંધ અનાજ ખરચી નાખે, તેની સાથે હું સહાનુભૂતિ દર્શાવી શકતો નથી.** એવા લોકોથી સમાજને કોઈ ખાસ ઉપકાર થાય એમ હું માનતો નથી. પોતાના કર્મફળથી માણસો મરે છે એવો એકતરફી કર્મવાદ આગળ લાવતા હો તો પછી કોઇને માટે કોઇને કાંઇ કરવા જેવુંજ રહે નહિ. કર્મફળ ઉપરજ આધાર રાખતા હો તો તમારી પશુરક્ષા પણ નકામી છે. અર્થાત્ ગાયોનાં કર્મજ એવાં કે કસાઇના હાથમાં જાય અને મરે, એમ માની લેવાથી તમારે કાંઇ કરવાપણુંજ રહેતું નથી. ”

પ્રચારક જરા ગભરાયો, પણ કહ્યું કેઃ—“ આપ કહો છો તે ખરૂં છે; પરંતુ શાસ્ત્રમાં કહ્યું છે કે ગાય આપણી માતા છે.

સ્વામીજીએ હસતાં હસતાં કહ્યુંઃ—“ હા, હા. ગાય એ આપણી માતા છે,

એ વાત હું બહુ સારી રીતે સમજું છું. જો એમ ન હોય તો આવા (તમારા જેવા) સકર્મી પુત્રોને બીજું કોણ જન્મ આપે ? "

હિંદુસ્તાની પ્રચારક કાંઇ પણ બોલ્યા વિના બેસી રહ્યો. (ઘણું કરીને સ્વામીજીનો કટાક્ષ તે નહિ સમજ્યો હોય.) થોડીવારે તેણે પુનઃ કહ્યું કેઃ—" આ સભામાં આપ કાંઇક નોંધાવો એવી ભિક્ષા માગવા હું આવ્યો છું. "

સ્વામીજીનો મનુષ્યપ્રેમ.

સ્વામીજીઃ—"તમે જુઓ છો કે હું તો સંન્યાસી–ફકીર છું. મારી પાસે પૈસા ક્યાં છે કે હું તમને મદદ આપી શકું ? છતાં કદાચ **મારા હાથમાં પૈસો આવે તોપણ સૌ પહેલાં હું મનુષ્યોને બચાવવામાંજ વાપરૂં**. પહેલવહેલાં મનુષ્યોને બચાવી તેમને અન્નદાન, વિદ્યાદાન અને ધર્મદાન આપવું જોઇએ. આટલું કરવા પછી જો પૈસો બચે તો હું તમારી સભાને આપું." સ્વામીજીના આ વિચારો સાંભળી પ્રચારક પ્રણામ કરી ત્યાંથી બહાર નીકળ્યો. ત્યારબાદ સ્વામીજીએ અમને બધાને ઉદ્દેશીને જણાવ્યું કેઃ—"શું કહ્યું તે સાંભળ્યું ને ? કહે છે કે માણસો પોતાના કર્મથી મરે છે તેથી તેમના ઉપર દયા કરીને શું કરવું છે ? આપણો દેશ કેટલો બધો અધઃપતન પામ્યો છે તેનો આથી વધારે પ્રબળ પુરાવો ભાગ્યેજ મળી આવશે. હિંદુધર્મનો કર્મવાદ ક્યાંનો ક્યાં પહોંચી ગયો છે તે જોયુંને ? મનુષ્યોને રીબાતાં જોઇ જેઓનું અંતઃકરણ કકળી ઉઠે નહિ, તેઓ શું માણસના નામને યોગ્ય છે ? " આ વાત કહેતાં કહેતાં સ્વામીજી ક્ષોભ અને દુઃખથી વચમાં કમકમી ઉઠતા.

ત્યારબાદ સ્વામીજીએ શિષ્યોને કહ્યુંઃ—"પછી મને મળજો. "

શિષ્યઃ—આપ ક્યાં હશો ? જો કોઈ મોટા માણસને ત્યાં હશો તો અમને આવવાની રજાજ નહિ મળે.

સ્વામીજીઃ—હાલમાં તો હું આલમબજારવાળા મઠમાં તથા કાશીપુરમાં ગોપાળલાલ શીલના બગીચાવાળા ઘરમાં રહીશ. ત્યાં તમે ખુશીથી આવી શકશો.

શિષ્યઃ—મહાશય, આપની સાથે એકાંતમાં વાતચીત કરવાની બહુ ઇચ્છા છે.

સ્વામીજીઃ—તે પણ બની રહેશે, એકવાર રાત્રે આવજો. વેદાન્તની ખૂબ ચર્ચા કરીશું.

શિષ્યઃ—મહાશય, સાંભળ્યું છે કે આપની સાથે કેટલાએક અંગ્રેજો તથા અમેરિકનો પણ આવ્યા છે. તેઓ અમારા પહેરવેશ તથા વાતચીતથી નારાજ તો નહિ થાય ને ?

સ્વામીજીઃ—તેઓ બધા મનુષ્યો છે, ખાસ કરીને વેદાન્તધર્મનિષ્ઠ છે. તમારી સાથે વાર્તાલાપ કરવાથી તેઓ બહુ આનંદિત થશે.

શિષ્યઃ—મહાશય, વેદાન્તમાં અધિકારીનાં જે જે લક્ષણો કહ્યાં છે તે બધાં આપના પાશ્ચાત્ય શિષ્યોમાં કેવી રીતે આવ્યાં ? શાસ્ત્રમાં કહ્યું છે કેઃ–" વેદશાસ્ત્ર ભણેલો હોવો જોઇએ, પ્રાયશ્ચિત્ત કરેલું હોવું જોઇએ, નિત્ય–નૈમિત્તિક કર્મોમાં તત્પર હોવો જોઇએ, આહાર-વિહારમાં પરમ સંયમી હોવો જોઇએ, તથા ચાર સાધનસંપન્ન હોવો જોઇએ; તોજ તે વેદાન્તનો અધિકારી થાય." આપના પાશ્ચાત્ય શિષ્યો એક તો અબ્રાહ્મણ છે અને બીજું ખાન–પાનમાં વિવેકરહિત છે; તોપછી તેઓ વેદાન્તવાદને કેવી રીતે સમજી શકે ?

સ્વામીજીઃ—એક વખત તેમની સાથે વાતચીત કરી જોજો એટલે ખબર પડશે કે તેઓ વેદાન્ત સમજી શકયા છે કે નહિ ?

પ્રશ્નકર્તા શિષ્ય એક ધર્મનિષ્ઠ અને આચારપરાયણ હિંદુ છે, એ વાત ઘણું કરીને સ્વામીજી હવે સમજી ગયા હોવા જોઇએ. ત્યાર પછી શ્રી રામકૃષ્ણના કેટલાએક ભકતો સાથે સ્વામીજી બાગબજારમાં શ્રીયુત બલરામ બસુને ત્યાં ગયા. હું પોતે વિવેકચૂડામણિની એક નકલ ખરીદી મારા ઘર તરફ વળ્યો.

प्रसंग २ जो.

(ઇ. સ. ૧૮૯૭. સ્થાન-કલકત્તાથી કાશીપુર જતાં રસ્તામાં; અને સ્વ. ગોપાળલાલ શીલના બગીચામાં.)

ચેતનનું લક્ષણ–જીવનસંગ્રામમાં વિજય મેળવો.

સ્વામીજીએ શ્રીયુત ગિરીશચન્દ્ર ઘોષ મહાશયને ત્યાં આજે બપોરે વિશ્રામ કર્યો હતો. શિષ્ય જ્યારે તેમને મળવા આવ્યો અને પ્રણામ કરીને ઉભો રહ્યો ત્યારે તેને જણાયું કે, સ્વામીજી તે વખતે ગોપાળલાલ શીલના બગીચામાં જવાની તૈયારી કરી રહ્યા હતા. બહાર ગાડી ઉભી છે. શિષ્યને સ્વામીજીએ કહ્યુંઃ–"ચાલો, મારી સાથે આવો." શિષ્ય સમ્મત થયો અને સ્વામીજી સાથે ગાડીમાં બેઠો. ગાડી હંકારવાની રજા મળી એટલે ચિત્પુરરોડ ઉપર થઇને ગાડી ચાલવા માંડી. રસ્તામાં ગંગાનાં દર્શન થતાંજ સ્વામીજી મનમાં સહજ ઉંચા સુરે ગાવા લાગ્યા કેઃ—" **गंगातरंगरमणीयजटाकलापम्।** " શિષ્ય મુગ્ધ થઇ તે અદ્દભુત સ્વરલહરી ચૂપચાપ સાંભળવા લાગ્યો. આ પ્રમાણે થોડી ક્ષણો પસાર થઇ એટલે રેલવેનું એક એન્જીન પાસેના પૂલ ઉપર થઇને પસાર થતું જોવામાં આવ્યું. સ્વામીજીએ તે તરફ શિષ્યનું ધ્યાન ખેંચી કહ્યું કેઃ–" જો, જો, કેવું સિંહની માફક દોડયું જાય છે ? "

શિષ્યે કહ્યું:—“ પણ તે તો જડ છે. તેની પાછળ રહીને મનુષ્યની ચેતનશક્તિ કામ કરે છે ત્યારેજ તે ગતિમાન થઇ શકે છે. એવી રીતે ચાલવું એમાં બહાદુરી જેવું શું છે ? ”

સ્વામીજી:—કહે જોઇએ ચેતનનું લક્ષણ શું ?

શિષ્ય:—એમાં શું ? જે વડે બુદ્ધિપૂર્વક ક્રિયા થતી જોવામાં આવે તે ચેતન.

સ્વામીજી:—પ્રકૃતિની સામે વિરોધ કરે તેજ ચેતન, તે વડેજ ચૈતન્યનો વિકાસ થઈ શકે છે. જો તું એક ક્ષુદ્ર પ્રાણીને મારવા જઇશ તો તે પ્રાણી પણ પોતાની જીવનરક્ષા કરવા તારી સામે વિરોધ કર્યા વિના રહેશે નહિ. જ્યાં પુરૂષાર્થ હોય, જ્યાં સંગ્રામ હોય ત્યાંજ જીવનનું ચિન્હ છે તથા ચૈતન્યનો વિકાસ છે એમ સમજવું જોઇએ.

શિષ્ય:—મનુષ્યોના સંબંધમાં અથવા તો મનુષ્યજાતિના સંબંધમાં પણ શું એજ નિયમ લાગુ પાડી શકાય, મહાશય ?

ભારતની જડતાનું કારણ, આત્માપ્રતિ અવિશ્વાસ.

સ્વામીજી:—કેમ નહીં ? એક વખત જગતનો ઇતિહાસ અવલોકી જા. તને જણાશે કે તમારા સિવાય જગતની તમામ પ્રજાના સંબંધમાં એમજ બન્યું છે. જગતમાં જડવત્ કોઇ પડયું રહ્યું હોય તો માત્ર એક તમેજ છો. તમારા ઉપર કોઇએ જાદુ કરીને તમને મંત્રમુગ્ધ કરી દીધા છે. “ તમે દીન છો, તમે પામર છો, તમે નિર્બળ છો, તમારામાં કાંઇ શકિત નથી. ” એવી હજારો વર્ષથી ચાલી આવતી બીજાની વાતો સાંભળી સાંભળીને તમારા મગજમાં પણ “ હું નિર્બળ છું–હું શકિતહીન છું ” એવા ખોટા ખ્યાલો ભરાઇ બેઠા છે. (સ્વામીજી પોતાનું શરીર બતાવીને) આ દેહ પણ તારા દેશની માટીનોજ બનેલો છે; પણ મેં કોઈ દિવસ એવો નિર્બળતાનો વિચાર સરખો કર્યો નથી. એટલા માટે તું જોઇ શકીશ કે જેઓ આપણને લાંબા વખતથી પામર ગણી તિરસ્કારી કાઢતા હતા, તેઓ પોતેજ ઇશ્વિરકૃપાથી એક દેવતાના જેવું મારૂં સન્માન કરવા લાગ્યા છે. **જો આજથી તમે એમ વિચારવા લાગશો કે તમારામાં પણ અનંતશક્તિ, અપાર જ્ઞાન તથા અદમ્ય ઉત્સાહ રહેલો છે, અને ક્રમે ક્રમે અંતરની તે શક્તિઓને જાગૃત કરતા જશો તો તમે પણ મારા જેવાજ બની જશો.**

શિષ્ય:—પણ એ પ્રમાણે વિચારવાની શકિત ક્યાંથી લાવવી, મહાશય ? નાનપણથીજ એવી વાતો સમજાવે એવા શિક્ષકો તથા ઉપદેશકો ક્યાંથી લાવવા ? આજકાલ તો થોડું–ઘણું ભણ્યા એટલે નોકરીની શોધમાં લાગ્યા રહેવું, તે સિવાય બીજું કાંઇ શિક્ષણ જ ક્યાં મળે છે ?

તમારા પોતાનામાં અનંત સામર્થ્ય છે.

સ્વામીજી:—એટલાજ માટે તમને કાંઈક કહેવા તથા બતાવવા અમારૂં અહીં આવવું થયું છે. અમારી પાસેથી તમે એ તત્ત્વ શીખો, સમજો અને અનુભવ કરો. ત્યારપછી નગરે નગરે, ગામે ગામે અને ઘેરે ઘેર ફરી તમારા વિચારોને ફેલાવો. **લોકોને ઘેર જઇ તેમને કહો કે:—"ઉઠો, જાગો, ઉંઘમાં પડયા રહેવાનો આ સમય નથી." દરેક જાતની દરિદ્રતા તથા દુઃખો દૂર કરવાનું સામર્થ્ય તમારા પોતાનામાંજ** રહેલું છે, એવો લોકોને વિશ્વાસ બેસાડી તેઓની શિથિલ પડી ગએલી શકિતઓને જાગૃત કરો. એની સાથે સરળ ભાષામાં દર્શન, વિજ્ઞાન, ભૂગોળ તથા ઇતિહાસનાં મૂળતત્ત્વો પણ સાધારણ જનસમાજને સમજાવી દો. હું પોતે થોડાએક અવિવાહિત યુવકોને માટે એક શિક્ષાપીડ તૈયાર કરવા માગું છું. પહેલાં તો તેમને ખૂબ ભણાવી ગણાવી તૈયાર કરવા અને ત્યાર પછી ઉપર કહ્યું તેવાં કામમાં તેમને યોજી દેવા; એમ ધારી રાખ્યું છે.

શિષ્ય:—પરંતુ મહાશય, એમ કરવામાં રૂપિયાની પગલે પગલે જરૂર પડે. રૂપિયા કયાથી મેળવવા?

સ્વામીજી:—એ શું કહે છે? રૂપિયા કોણે કર્યા? મનુષ્યે મનુષ્યોને રૂપિયાએ બનાવ્યા હોય એમ કયાંઇ સાંભળ્યું છે? **જો તું પોતે મન-વાણીની એકતા કરી શકીશ તો એકજ શબ્દની સાથે પાણીના પ્રવાહની માફક રૂપિયા આવીને તારા પગ પાસે પડવા માંડશે.**

શિષ્ય:—ભલે, માની લીધું કે રૂપીઆ મળી ગયા અને આપે ધારેલું સત્કાર્ય શરૂ પણ કરી દીધું; પણ તેથી શું વળે તેમ હતું? અત્યાર સુધીમાં કેટલા કેટલા મહાપુરૂષો કેવાં કેવાં સત્કાર્યો કરી ગયા છે? પરંતુ અત્યારે તેનું નામ-નિશાન સુદ્ધાં મળતું નથી. આપ જે કામની પ્રતિષ્ઠા કરવા માગો છો તેની પણ ખરેખર એજ દશા થશે, તો પછી એવા ઉદ્યમની શું જરૂર છે?

ખોટી આશંકાઓ ત્યજી દો.

સ્વામીજી:—"પછી શું થશે?" એ વાતનો જે નિરંતર વિચાર કર્યા કરે તેનાથી કોઇ કામજ બની શકે નહિ. એટલા માટે તું પોતે જેને ઉપયોગી અને કલ્યાણકર સમજતો હોય તે કામ અત્યારથીજ કરવા લાગી જા. પછી શું થશે કે શું નહિ થાય, એનો અત્યારથી વિચાર કરવાની જરૂરજ શું છે? એક તો અલ્પજીવન અને તેમાં પણ જો ફળાફળનો વિચાર કર્યા કરીએ તો પછી કામ કરવાનો વખતજ કયારે મળે? ફળાફળના આપનાર તો એક માત્ર તે (ઇશ્વર) છે. તે ગમે તે કરે. તારે એની સાથે લેવા-દેવા શું? તું તો આસપાસ કયાંઇ

નજર નાખ્યા વિના સીધે માર્ગે કામ કર્યે જા."

વાતચીત ચાલતી હતી તેટલામાં ગાડી બગીચાના દરવાજા પાસે આવીને ઉભી રહી. અનેક માણસો તે વખતે સ્વામીજીનાં દર્શન કરવા કલકત્તાથી પધાર્યા હતા. સ્વામીજી ગાડીમાંથી નીચે ઉતરી અંદર દાખલ થયા અને આવનારાઓની સાથે વાતચીત કરવામાં રોકાયા. સ્વામીજીનો પાશ્ચાત્ય શિષ્ય ગુડવીન સાહેબ સેવાની આબેહૂબ મૂર્તિ જેવો, સ્વામીજીની પાછળ થોડે દૂર ઉભો હતો. શિષ્યને તેની સાથે પૂર્વે ઓળખાણ થઈ ચૂકી હતી, એટલે શિષ્ય સાહેબ પાસે ગયો અને બન્ને જણાએ સ્વામીજીના સંબંધમાં કેટલીક વાતો કરી.

ધર્મનો અનુભવ કરો.

સાયંકાળે શિષ્યને બોલાવી સ્વામીજીએ કહ્યું:—તેં કંઠોપનિષદ્ કંઠસ્થ કર્યું છે કે?

શિષ્ય:—ના, મહાશય! શાંકરભાષ્યની સાથે માત્ર વાંચી ગયો છું.

સ્વામીજી:—ઉપનિષદ્‌માં એના જેવો બીજો સુંદર ગ્રન્થ નથી. ઠીક પડે તો એ ગ્રન્થ કંઠસ્થ કરી રાખવા જેવો છે. નચિકેતાના જેવું સાહસ, તેના જેવી શ્રદ્ધા અને તેના જેવીજ ન્યાયપરાયણતા તથા વૈરાગ્યભાવના તમારામાં આવે એવા પ્રયત્નો કરવા જોઇએ. કેવળ વાંચી જવાથી શું દી વળવાનો હતો?

શિષ્ય:—આપની કૃપાથી સેવકને એવો અનુભવ થાય, એમ પ્રાર્થું છું.

સ્વામીજી:—ગુરૂદેવની પેલી વાત સાંભળી છે ને? તેઓ કહેતા કે:—"કૃપારૂપી વાયુ તો નિરંતર વહ્યાજ કરે છે, તું તારો શઢ ખુલ્લો મૂકી દે." કોઇ કોઇને શું આપી દેવાનું હતું? બાપુ! "આપણું ભાવી આપણાજ હાથમાં છે." ગુરૂ તો માત્ર એટલી વાત સમજાવી દે. બીજમાં શક્તિજ એવી છે કે તે કાળક્રમે વૃક્ષના રૂપમાં પરિણમે. પાણી કે વાયુ તો કેવળ બહારથી મદદ કરે, એટલુંજ.

શિષ્ય:—બહારની સહાય જરૂરની તો છે ને મહાશય?

સ્વામીજી:—તેની કોણ ના પાડે છે? પણ તેની સાથે એટલું જાણવું જોઇએ કે જો અંદર કાંઇ સત્વ ન હોય તો એ સહાય પણ કાંઈજ કરી શકવા સમર્થ નથી. છતાં એક વખતે બધાને આત્માનુભવ તો થશેજ; કારણ કે સર્વ બ્રહ્મ છે. આ બ્રહ્મવિકાસના તારતમ્યને લઇનેજ ઉચ્ચ-નીચ એવા ભેદો પડી શકે છે. બાકી સર્વનો પૂર્ણવિકાસ સંભવિતજ છે. એટલા માટે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે;—"**कालेनात्मनि विन्दति।**"

શિષ્ય:—શાસ્ત્રમાં વારંવાર સાંભળીએ છીએ કે જન્મારા ને જન્મારા આપણે અજ્ઞાનતામાં વીતાવી દીધા છે, તો હવે અમારા જેવાને આત્માનુભવ ક્યારે થશે સ્વામીજી?

તીવ્ર વ્યાકુળતા એજ ધર્મપ્રાપ્તિનો ઉપાય.

સ્વામીજીઃ—ભય જેવું એમાં કશુંજ નથી. આ સ્થિતિએ આવ્યા પછી અનુભવ થવોજ જોઇએ. આત્મા સૂર્યની માફક નિરંતર પ્રકાશી રહ્યો છે. તેની આડેનાં આવરણોને–પ્રતિબન્ધોને દૂર કરી નાખવા અનેક સાધનો તૈયાર છે. અજ્ઞાનરૂપી વાદળાંઓ જ્યારે વીખરાઈ જાય છે ત્યારે આત્મસૂર્યનો પ્રકાશ ઝળહળ્યા વિના રહેતો નથી. **भिद्यते हृदयग्रन्थिः**–હૃદયની ગાંઠ ભેદાય છે, એવો જે અનુભવ સાંભળીએ છીએ તે પણ એજ અવસ્થામાં થાય છે. જેટલા ધર્મપંથો પ્રચલિત છે તે સર્વ, ઉપર કહ્યા તે પ્રતિબન્ધોનેજ દૂર કરવાના ઉપદેશો આપે છે. જેને જે સાધનદ્વારા આત્માનુભવ થયો હોય તે મનુષ્ય તે સાધનનો સર્વને ઉપદેશ કરે એ સ્વાભાવિક છે. એટલું યાદ રાખજે કે સર્વનો ઉદ્દેશ માત્ર એકજ છે, અને તે એજ કે આત્મજ્ઞાન–આત્મદર્શન–આત્માનુભવ. સર્વ દાર્શનિકો, સર્વ પ્રજાઓ અને સર્વ જીવોનો તેને માટે એક સરખો અધિકાર છે.

શિષ્યઃ—મહાશય, શાસ્ત્રની એવી વાતો જ્યારે સાંભળીએ છીએ ત્યારે "હજી સુધી આત્મવસ્તુ પ્રત્યક્ષ ન થઇ" એમ મનમાં થતાં હૃદય ચીરાઇ જાય છે!

સ્વામીજીઃ—એનુંજ નામ વ્યાકુળતા. **એ વ્યાકુળતા જેમ જેમ વૃદ્ધિ પામતી જશે તેમ તેમ પ્રતિબન્ધરૂપ મેઘ વિખરાતા જશે.** શ્રદ્ધાનું સમાધાન પણ તે વખતેજ થાય છે. પ્રતિબન્ધો દૂર થવાથી આત્મા ક્રમે ક્રમે હાથમાંના ફળની પેઠે પ્રત્યક્ષ થતો જાય છે.

અનુભવ એજ ધર્મના પ્રાણસ્વરૂપ છે. તું જુએ છે કે અનેક માણસો બરોબર આચાર પાળવા માટે તનતોડ મહેનત કરે છે, અને વિધિ નિષેધથી એક પગલું પણ આગળ પાછળ ન જવાય તે માટે ખૂબ સાવચેત રહે છે; પરન્તુ અનુભવની ખાતર કોઈના હૃદયમાં વ્યાકુળતા પ્રકટી હોય એવું ક્યાંઈ બતાવી શકીશ? વ્યાકુળતા આવવી, અથવા તો ઇશ્વરપ્રાપ્તિ કે **આત્મજ્ઞાનને માટે એક પ્રકારનો ઉન્માદ થવો તેનુંજ નામ ખરેખરી ધર્મપરાયણતા** છે. ભગવાન શ્રીકૃષ્ણની ખાતર ગોપીઓમાં જેવી ઉદ્દામ ઉન્મત્તતા આવી હતી, તેવીજ વ્યાકુળતા આત્મદર્શન માટે હૃદયમાં જાગૃત થવી જોઇએ. જો કે ગોપીઓના મનમાં તો સ્ત્રી પુરૂષનો પણ થોડો ભેદ રહ્યો હતો; પરન્તુ આત્મજ્ઞાન પાસે લિંગભેદને લેશમાત્ર અવકાશ નથી. આ સ્થળે "ગીતગોવિંદના" સંબંધમાં વાતનો પ્રારંભ કરતાં સ્વામીજીએ જણાવ્યું કે જયદેવ સંસ્કૃત ભાષાનો છેલ્લો કવિ થઇ ગયો છે, પરન્તુ હૃદયભાવ કરતાં કર્ણપ્રિય વાક્યવિન્યાસ યોજવા તરફ તેની વધારે નજર હોય, એમ ઘણે સ્થાને જણાઇ આવે છે. ગીતગોવિન્દના "**पतति पतत्रे**" ઇત્યાદિ શ્લોકોમાં પ્રેમની વ્યાકુળતાને કેવી પરાકાષ્ટાએ પહોંચાડી દીધી છે?

હૃદયની અંદર ઉત્કટ વેદના થવી જોઇએ. વળી વૃંદાવનની રાસલીલાની વાતને એક બાજુએ રહેવા દઈ કુરૂક્ષેત્રનો કૃષ્ણ કેટલો બધો હૃદયગ્રાહી છે તે તરફ પણ એકવાર નજર કર. ભયંકર યુદ્ધના કોલાહલમાં પણ કૃષ્ણ કેવો સ્થિર, ગંભીર અને શાંત જણાય છે! એવે વખતે અર્જુનને એ ગીતા પ્રબોધે છે અને તેને ક્ષત્રિયના સ્વધર્મમાં યોજી યુદ્ધ કરવા તત્પર કરે છે ત્યારેજ રહે છે.

વર્તમાનકાળે ગીતામાં કહેલા કર્મની આવશ્યકતા, મહાભારતના કૃષ્ણની પૂજા.

વળી મહાભારતના ભયંકર યુદ્ધ વખતે પોતેજ તે યુદ્ધના પ્રવર્તક હોવા છતાં સંગ્રામની મધ્યમાં શ્રીકૃષ્ણ કેવા શાંત તથા નિષ્કર્મ છે, તે તરફ ફરીથી દ્રષ્ટિપાત કર! છેવટની ઘડી સુધી પોતે હાથમાં શસ્ત્ર ધારણ કર્યું નહિ! આ પ્રમાણે જ્યાં જોઈશ ત્યાં શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર એ માત્ર એક ચરિત્રજ નથી; પરન્તુ સંપૂર્ણ-જ્ઞાન, કર્મ, ભક્તિ અને યોગની મૂર્તિ કેવી હોય તેનું એક સુંદર ચિત્ર તે રજુ કરે છે. શ્રીકૃષ્ણના આવા ભાવોનીજ અત્યારે ખાસ કરીને ચર્ચા થવી જોઇએ. **વૃંદાવનના વાંસળી વગાડનારા કૃષ્ણનેજ કેવળ જોઈ રહેવાથી હવે ચાલે તેમ નથી, અત્યારે તો ગીતારૂપે સિંહગર્જના કરનાર શ્રીકૃષ્ણની પૂજા થવી જોઇએ.** બીજી બધી પૂજાઓ રહેવા દઇ ધનુર્ધારી રામ, મહાવીર (હનુમાન) તથા કાલીમાતાનું ધ્યાન કરો. આવાં ચરિત્રોની ભાવનાઓ જ્યારે લોકોમાં જાગૃત થશે ત્યારેજ તેઓનામાં કર્મ કે ઉદ્યોગ કરવાની શક્તિ આવવા પામશે. હું બરાબર ધ્યાનપૂર્વક જોતો આવ્યો છું કે આ દેશમાં જેઓ ધર્મની ખાલી બૂમો પાડે છે તેમાંનાજ અનેક પશુઓના જેવી નિર્બળતાવાળા, ભ્રમિત મગજના અથવા ધર્માંધતાવાળા હોય છે. જ્યાંસુધી તમારામાં મહારજોગુણની જ્વાળાઓ ભભૂકી નહિ નીકળે ત્યાંસુધી તમારો વર્તમાન કે ભાવી સુધરે તેમ નથી. આખો દેશ ઘોર તમોગુણથી છવાઇ ગયો છે. એનું પરિણામ પણ કેવું આવ્યું છે તે જુએ છે ને? આ લોકમાં દાસત્વ અને પરલોકમાં નરક, એ સિવાય તમોગુણનું બીજું શું ફળ મળે?

રજોગુણ ઉદ્દીપન કરવાની જરૂર.

શિષ્યઃ—પાશ્ચાત્યોના રજોભાવને જોયા પછી શું તમને એવી આશા છે કે તેઓ ક્રમે ક્રમે સાત્વિકભાવ પ્રાપ્ત કરી શકે?

સ્વામીજીઃ—ખરેખર, તેઓ મહારજોગુણમાં એટલા બધા આગળ વધ્યા છે અને ભોગની એવી છેલ્લી હદે પહોંચ્યા છે કે **જો તેમને સત્વગુણની પ્રાપ્તિ ન થાય તો શું તમારા જેવા પેટ ભરવાની લાલસાવાળાઓને થાય?**

તેઓના ઉત્કૃષ્ટ ભોગોને જોવાથી મેઘદૂતનાં **विद्युत्वन्तः ललितवसनाः** ઇત્યાદિ ચિત્રો નજર આગળ તરી આવે છે. જ્યારે **તમારી પાસે ભોગોમાં શું રહ્યું છે તે કહું ? ભાંગી-તુટી ઝુંપડીમાં, ફાટલાં તુટલાં લુગડાં પહેરી પડયા રહેવું અને ભૂંડની માફક દર વર્ષે છોકરાંઓને જન્મ આપ્યા કરીને ક્ષુધાતુર ભિખારીઓ અને ગુલામોની સંખ્યામાં વૃદ્ધિ કરવી તે !** એટલાજ માટે હું કહ્યા કરૂં છું કે હવે મનુષ્યોને રજોગુણથી ઉત્તેજીત કરી કર્મયોગી બનાવવાના પ્રયત્નો થવા જોઇએ. કર્મ, કર્મ ને કર્મ—અત્યારે તો **नान्यः पन्था विद्यतेऽयनाय**—એના સિવાય ઉદ્ધારનો બીજો કોઇ માર્ગજ નથી.

શિષ્ય:—મહાશય, આપણા પૂર્વપુરૂષો શું રજોગુણવાળા હતા ?

સ્વામીજી:—નહોતા ? ઇતિહાસ તો ખુલ્લી રીતે એની સાબિતી આપી રહ્યો છે. તેઓએ કેટલા દેશો ઉપર વિજય મેળવ્યો હતો અને કેટલે દૂર સુધી સંસ્થાનો વસાવ્યાં હતાં ? ટીબેટ, ચીન, સુમાત્રા અને જાપાન સુધી તો ધર્મોપદેશકો પણ વિચરતા હતા. રજોગુણમાં થઇને પસાર થયા વિના ઉન્નતિનો બીજો માર્ગજ ક્યાં છે ?

વાતમાંને વાતમાં રાત્રિ પડી ગઇ. એજ વખતે મીસ મુલર ત્યાં આવી પહોંચી. તે એક અંગ્રેજ સ્ત્રી હતી. સ્વામીજીના પ્રત્યે તેનામાં બહુજ શ્રદ્ધાભક્તિ હતાં. સ્વામીજીએ તેની સાથે શિષ્યને ઓળખાણ કરાવી દીધી. થોડો વખત વાતચીત કર્યા પછી મીસ મુલર ઉપર ચાલી ગઇ.

સ્વામીજી:—જુઓ છે ને ? કેવી વીરજાતિની કન્યા છે ? ક્યાં ઘરબાર અને ક્યાં સગાં સંબંધી ! મોટા શ્રીમંતની પુત્રી હોવા છતાં ધર્મપ્રાપ્તિની ખાતર ક્યાંની ક્યાં આવી ચડી છે !

શિષ્ય:—હા, મહાશય ! આપની કામ કરવાની ખૂબીજ અદ્ભુત છે. કેટલીએ મેમસાહેબો આપની સેવા કરવા નિરંતર તૈયાર રહ્યા કરે છે ! આ જમાનામાં અમારા માટે તો તે એક આશ્ચર્યનો વિષય થઇ પડયો છે !

સ્વામીજી:—(પોતાનું શરીર બતાવી) આ શરીર વધારે વખત ટકશે તો એવા કેટલાયે દેખાવો જોઇ શકીશ. **જો મને ઉત્સાહી તથા પ્રેમી એવા થોડાક યુવકો મળી જાય તો આખા દેશને એક વખત ફેરવી નાખું.** ખાસ કરીને બંગાળ માટે મને બહુ મોટી આશા છે. બંગાળીઓના જેવાં શુદ્ધ મગજ પ્રાય: બીજે ક્યાંઈ જન્મતાં નથી; પરંતુ તેઓના શરીરમાં તાકાત નથી હોતી. મગજ અને શરીર એક સરખી રીતે ખીલવાં જોઇએ. **મજબૂત શરીર અને બુદ્ધિયુક્ત મગજથી આખા સંસારને ચરણોમાં નમાવી શકાય.**

એટલામાં ભોજન તૈયાર છે એવા સમાચાર આવ્યા. સ્વામીજીએ શિષ્યને

કહ્યું:–"ચાલ, મારો ખોરાક જોવો છે?" ભોજન કરતાં કરતાં સ્વામીજીએ જણાવ્યું કે:–"મલાઇ, તેલ, ઘી, કે ચરબી ખાવી ઠીક નથી. પુરી કરતાં તો રોટલી સારી. મીઠાઇ તો છેક ત્યજી દેવીજ જોઇએ. વિશુદ્ધ વનસ્પતિ ઉપર વધારે આધાર રાખવો." થોડીવાર રહીને ખાતાં ખાતાં પ્રશ્ન કર્યો કે, "અરે કેટલી રોટલીઓ ખવાઇ ગઇ? ક્યાંસુધી ખાધા કરૂં?" વાતો કરવામાં સ્વામીજી એટલા બધા તલ્લીન હતા કે કેટલું ખવાયું છે અને કેટલું બાકી છે તેનું લક્ષ રહ્યું નહિ, શરીર તરફ લક્ષજ હતું નહિ!

થોડું વધારે જમ્યા પછી ભોજન પૂરૂં કર્યું. શિષ્ય પણ તેમની રજા લઇ કલકત્તે પાછો ફર્યો. ગાડી ન મળવાથી પગે ચાલીને જવું પડ્યું. ચાલતાં ચાલતાં એજ વિચાર આવતો હતો કે સ્વામીજીનાં પુનઃ દર્શન ક્યારે થશે?

प्रसंग ३ जो.

(ઇ. સ. ૧૮૯૭, સ્થાન–કાશીપુર, સ્વ. ગોપાળલાલ શીલનો બગીચો.)

સ્વામીજીની નિર્મળ યોગદૃષ્ટિ.

સ્વામીજી વિલાયતથી સૌ પહેલાં પાછા ફર્યા ત્યારે કેટલાએક દિવસ સુધી કાશીપુરમાં સ્વ. ગોપાળલાલ શીલના બગીચામાં રહ્યા હતા. શિષ્ય તે વખતે રોજ તેમની પાસે જતો આવતો. બીજા પણ અનેક પ્રેક્ષકો સ્વામીજીનાં દર્શન કરવા ત્યાં આવતા. મીસ સુલર પણ અહીંઆંજ રહેતી હતી, તેમજ શિષ્યના ગુરૂભાઇ ગુડવીન પણ સ્વામીજીની સાથેજ હતા.

સ્વામીજીની સુખ્યાતિ ભારતના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પ્રસરી ચૂકી હતી; તેથી કોઇ ઉત્સુકતાને લઇને, તો કોઇ જિજ્ઞાસુ તરીકે, તો કોઇ તેમના જ્ઞાનની પરીક્ષા કરવા, એમ અનેક રીતે અનેક માણસો દર્શન કરવા આવતાં હતાં.

સ્વામીજીના મુખથી શાસ્ત્રની વ્યાખ્યાઓ સાંભળી ઘણા પ્રશ્ન કરનારાઓ ચકિતજ થઈ જતા. તેમની પ્રગાઢ પ્રતિભાથી મોટા મોટા દાર્શનિકો તથા યુનીવર્સીટીના પ્રસિદ્ધ પંડિતો પણ દાંતમાં આંગળી નાખી ચૂપ બની જતા. સ્વામીજીના કંઠમાં સદા સરસ્વતી વસતી હતી, એમ કહીએ તોપણ ખોટું નથી. જ્યારે તેઓ આ બગીચામાં રહેતા હતા ત્યારે ઘણીવાર તેમની યોગદૃષ્ટિ કેવી નિર્મળ છે તે જાણવાના પણ પ્રસંગો મળી આવતા હતા.

કલકત્તામાં "બડાબઝાર" નામના મહોલ્લામાં ઘણા પંડિતો વસે છે. શ્રીમંત મારવાડી લોકો આ પંડિતોને અન્ન વસ્ત્ર આપ્યા કરે છે, અને તેથી તેમની આજીવિકા ચાલી જાય છે. આ બધા વેદજ્ઞ અને દાર્શનિક પંડિતો પણ સ્વામીજીની ખ્યાતિ સાંભળી ચૂક્યા હતા. તેમાંના કેટલાએક ખાસ પંડિતો એકવાર સ્વામીજીની સાથે ચર્ચા કરવા ઉક્ત બગીચામાં હાજર થયા. શિષ્ય પણ તે દિવસે ત્યાંજ હતો.

સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ, સ્વામીજીની ભૂલ.

પધારેલા પંડિતો સંસ્કૃત ભાષામાં અસ્ખલિત વેગથી વાત કરે એવા સમર્થ હતા. તેઓ આવતાંનીવારજ સ્વામીજીની આસપાસ ટોળાબંધ બેસી ગયા અને સંસ્કૃતવાણીમાં ચર્ચાની શરૂઆત કરી દીધી. સ્વામીજી પણ સંસ્કૃતમાંજ ઉત્તરો આપવા લાગ્યા. ખાસ કરીને કયા વિષય ઉપર પંડિતોને અને સ્વામીજીને ચર્ચા થઈ તેનું શિષ્યને અત્યારે સ્મરણ નથી; છતાં એટલું તો હજી નજર આગળ તરે છે કે બધા પંડિતો એક સાથે કોલાહલ કરી મૂકી, દાર્શનિક ગૂઢ પ્રશ્નો સ્વામીજી પાસે સંસ્કૃત ભાષામાં રજુ કરતા અને સ્વામીજી ઘણીજ શાંતરીતે ગંભીરતાપૂર્વક ધીમે ધીમે તે સર્વના ઉત્તરમાં પોતાની તરફથી અર્થસૂચક સિદ્ધાંતો પ્રકટ કરતા. શિષ્યને એટલું ,પણ યાદ છે કે પંડિતોની સંસ્કૃત ભાષા કરતાં સ્વામીજીની ભાષા કાનને વિશેષ પ્રિય લાગે તેવી તેમજ લાલિત્યવાળી હતી. પછીથી તો પંડિતોએ પણ એ વાત કબૂલ રાખી હતી.

સ્વામીજીને આ પ્રમાણે છુટથી સંસ્કૃત ભાષામાં બોલતાં જોઇ તેમના ગુરૂભાઇઓને બહુજ આશ્ચર્ય થયું; કારણ કે બધા માનતા હતા કે છેલ્લાં છ વર્ષ અમેરિકા અને યૂરોપમાં ગાળવાથી સ્વામીજીનો સંસ્કૃત ભાષાનો અભ્યાસ ઘણોજ મંદ પડી ગએલો હોવો જોઇએ. પંડિતો સાથેની વાતચીત દરમીયાન સ્વામીજીમાં કોઇ અદ્‌ભુત શક્તિ સ્ફુરતી હોય તેમ પ્રત્યેક શિષ્યને ખુલ્લે ખુલ્લું જણાઈ આવતું હતું. તે દિવસે સભામાં શ્રી રામકૃષ્ણાનંદ, યોગાનંદ, નિર્મલાનંદ, તુરીયાનંદ અને શિવાનંદ સ્વામી વગેરે સ્વામીજીના ગુરૂભાઇઓ હાજર હતા.

સંસ્કૃતભાષામાં ચાલતા શાસ્ત્રાર્થમાં સ્વામીજીએ સિદ્ધાન્તપક્ષ સ્વીકાર્યો હતો અને પંડિતોએ પૂર્વપક્ષ લીધો હતો. શિષ્યને સ્મરણ છે કે ચર્ચાનો નિર્ણય કરતાં સ્વામીજીથી એક સ્થળે "સ્વસ્તિ" ને બદલે "અસ્તિ" શબ્દનો પ્રયોગ થઈ ગયો, અને તેથી બધા પંડિતો ખડખડ હસી પડયા; પરંતુ તેજ ક્ષણે સ્વામીજી બોલી ઉઠયા કેઃ-**पण्डितानां दासोऽहं क्षंतव्यमेतत्स्खलनम्**-હું પંડિતોનો દાસ છું-મારી વ્યાકરણની ભૂલ માટે આપે ક્ષમા કરવી જોઇએ. સ્વામીજીનો આવો નમ્રતાભર્યો વ્યવહાર જોઈ પંડિતો તો સ્તબ્ધજ થઈ ગયા. ચર્ચા ઘણા

વખત સુધી ચાલી. છેવટે સિદ્ધાંત પક્ષનો નિર્ણય વ્યાજબી છે, એમ પંડિતોએ કબૂલ કર્યું અને આનંદપૂર્વક સૌ જૂદા પડયા. એ ચાર પ્રેક્ષકોએ પેલા પંડિતોની પાછળ પાછળ જઇને પૂછ્યું કેઃ–" કેમ, સ્વામીજીના વિષે આપને કેમ લાગ્યું ?" તેના ઉત્તરમાં પંડિતોએ જણાવ્યું કેઃ—"વ્યાકરણના વિષયમાં જો કે ગંભીર પ્રકારની વ્યુત્પત્તિ જોવામાં ન આવી, છતાં શાસ્ત્રના ગૂઢ અર્થોને સ્પષ્ટ કરવામાં એક્કા છે, એટલુંજ નહિ પણ ચર્ચા ચલાવવામાં એવા તો અદ્વિતીય છે કે પ્રતિભાના બળથી સામા પક્ષને તોડવામાં અદ્ભુત પાંડિત્ય બતાવી આપે છે."

સ્વામીજી પ્રત્યે તેમના ગુરૂભાઇઓની ભક્તિ.

સ્વામીજીની ઉપર તેમના ગુરૂભાઇઓનો પણ હમ્મેશાં અદ્ભુત પ્રેમ જોવામાં આવતો. પૂર્વોક્ત પંડિતોની સાથે જ્યારે સ્વામીજીને શાસ્ત્રાર્થ ચાલતો હતો તે વખતે સ્વામી રામકૃષ્ણાનંદને પશ્ચિમ તરફના એક ઓરડામાં બેસી કાંઇક પ્રાર્થના કરતા શિષ્યે જોયા હતા. પંડિતોના જવા પછી શિષ્યે જ્યારે શ્રી રામકૃષ્ણાનંદને પૂછ્યું કે, " એકાંતમાં જઈ શું ધ્યાન કરતા હતા ?" ત્યારે તેના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે " સ્વામીજીને વિજય મળે એટલા માટે એકાન્તમાં બેસી ગુરૂદેવને પ્રાર્થના કરતો હતો."

સભા વીખરાયા પછી સ્વામીજીએ શિષ્યને કહ્યું કેઃ–પૂર્વપક્ષ કરનારા આ પંડિતો પૂર્વમીમાંસા શાસ્ત્રમાં બહુ નિપુણ હતા. સ્વામીજીએ પોતે ઉત્તરમીમાંસાનો પક્ષ લીધો હતો, અને તેથી તેમને જ્ઞાનકાંડની શ્રેષ્ઠતાસિદ્ધ કરવાની હતી; પરંતુ પંડિતોને સ્વામીજીનો સિદ્ધાન્ત સ્વીકાર્યા વિના ચાલ્યું નહિ.

વ્યાકરણની એક નજીવી ભૂલને આગળ ધરી, પંડિતોએ સ્વામીજીનું જે ઉપહાસ્ય કર્યું તે માટે સ્વામીજીએ ખુલાસો કરતાં જણાવ્યું કે ઘણાં વર્ષો સુધી સંસ્કૃતનો અભ્યાસ ન રહેવાથી તેમને એવો ભ્રમ થઇ આવ્યો હતો. પંડિતો તેને માટે જરાયે ઠપકાપાત્ર નથી એમ પણ જણાવ્યું. ત્યારબાદ વાતમાં ને વાતમાં એમ પણ જણાવી દીધું કે **પશ્ચિમના મુલકોમાં જો કોઇ પક્ષકાર મૂળ વિષયને છોડી દઇ ભાષાની સામાન્ય ભૂલને વળગે તો તે તેને માટે કલંકરૂપ ગણાય છે.** સુધરેલો સમાજ સામાન્ય ભૂલ ઉપર લક્ષ ન આપતાં તેના આશય તરફજ દ્રષ્ટિ રાખે છે, ભાષા તરફ તો વિચારેય કરતો નથી; " પરંતુ તારા દેશમાં તો ફોતરાંની ખાતરજ મારામારીઓ થાય છે, અંદરના ધાન્યની તો કોઇ તપાસે કરતું નથી." એટલું કહીને સ્વામીજી શિષ્યની સાથે તે દિવસથી સંસ્કૃતમાંજ બોલવા લાગ્યા. શિષ્ય પણ ભાંગી તુટી ભાષામાં જવાબ આપતો ગયો. શિષ્યના સંસ્કૃતમાં વાત કરવાના ઉત્સાહ માટે સ્વામીજીએ પ્રશંસા કરી. તે દિવસથી શિષ્ય સ્વામીજીની ભલામણથી કવચિત્ કવચિત્ દેવભાષામાંજ વાર્તાલાપ કરતો.

સુધારો કોને કહેવાય? ભારતની પ્રાચીન સભ્યતાની એક વિશેષતા.

“ સુધારો ” કોને કહેવાય, એ પ્રશ્નના ઉત્તરમાં સ્વામીજીએ કહ્યું કે: “ **જે સમાજ અથવા પ્રજા આધ્યાત્મિક ભાવોમાં જેટલી આગળ વધે તેટલે અંશેજ તે સુધરેલી ગણાય. જે પ્રજા સાંસારિક જીવનની સ્વચ્છંદતાઓ અને વિલાસો વધારતી જતી હોય તેને હું સુધરેલી પ્રજાનું નામ આપતો નથી.** અનેક જાતનાં કારખાનાં તથા યંત્રો નિપજાવવાના પશ્ચિમના સુધારાએ તો અત્યારે ત્યાંના લોકોમાં હાહાકાર અને કેર વર્તાવી દીધો છે; હજારો માણસો ભૂખમરો ભોગવી અકાળે મૃત્યુ પામે છે. ભારતની આપણી પ્રાચીન સભ્યતા જનસમાજને આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ દર્શાવી, સાંસારિક જરૂરીયાતોને છેકજ દૂર કરી દે છે, એમ તો હું કહી શકીશ નહિં; પરંતુ અનેક અંશે એવી નકામી જરૂરીયાતોને તે ઓછી કરે છે, એમ તો હું નિઃસંદેહપણે કહી શકીશ. શ્રીરામકૃષ્ણ દેવનો જન્મ આ જમાનામાં એટલાજ માટે થયો હતો કે એ બન્ને જાતના સુધારાઓનો એકત્ર સંયોગ કરી દેવો. અત્યારે એક તરફ મનુષ્યોએ જેમ કર્મપરાયણ થવાની જરૂર છે તેમ બીજી તરફ ગંભીર અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિમાટે પણ તૈયાર રહેવાની જરૂર છે. આ પ્રકારે જ્યારે ભારતીય તથા પાશ્ચાત્ય સુધારાઓ એક બીજા સાથે મળી જશે ત્યારે જગતમાં એક પ્રકારનો નવોજ યુગ પ્રવર્તશે. ”

આ વિષય સ્વામીજીએ આજે બહુજ અસરકારક રીતે શિષ્યને સમજાવી દીધો. તેમાં એક વાત ખાસ કરીને તેમણે જણાવી કે–“ તે લોકો (પાશ્ચાત્યો) એમ ધારે છે કે જેઓ અંતરમાં બહુ ધર્મપરાયણ હોય, તેઓ બહારથી પણ તેટલાજ ગંભીર હોવા જોઇએ, અર્થાત્ તેમના મુખમાંથી ધર્મ સિવાય બીજી કોઈ વાતજ નહિ નીકળતી હોય. મારા પોતાના સંબંધમાં આથી જૂદુંજ હતું. એક તરફ મારા મુખમાંથી નીકળતી ઉદારધર્મની કથા સાંભળીને ત્યાંના ધર્મગુરૂઓ જેમ દિંગ્મૂઢ બની જતા, તેજ પ્રમાણે બીજી તરફ મને મારા મિત્રોમાં અને પરિચિતોમાં હાસ્ય–વિનોદ કરતો જોઈ તેઓ આશ્ચર્યમાં ગરકાવ થઇ જતા. કોઇ કોઈ તો મારી સામે આવીને કહી પણ દેતા કે–‘ સ્વામીજી, આપ એક ધર્મોપદેષ્ટા છો, સાધારણ માણસોની માફક આનંદ–વિનોદ કરવો આપને માટે યોગ્ય ન ગણાય, આપની આવી ચપલતા આપને કોઇ રીતે શોભાસ્પદ નથી. ’ તેના ઉત્તરમાં હું સ્પષ્ટ રીતે કહી દેતો કે:–“ અમે તો આનંદના પુત્રો છીએ, ઉદાસીન શા માટે રહીએ ? મારી આ વાતનો તેઓ યથાર્થ મર્મ ગ્રહણ કરી શકતા હશે કે નહિ તેનો મને શક છે. ”

ભાવસમાધિ અને નિર્વિકલ્પ સમાધિ.

તે દિવસે સ્વામીજીએ ભાવસમાધિ અને નિર્વિકલ્પસમાધિ વિષે પણ કેટલુંક વિવેચન કર્યું હતું. તેમાંથી બની શકયો તેટલો ભાગ નીચે આપ્યો છે:—

“કલ્પના કરો કે એક મનુષ્ય હનુમાનના જેવાજ ભક્તિભાવથી ઇશ્વરની સાધના કરે છે. તેનો ભક્તિભાવ જેમ જેમ દૃઢ અને ગાઢ થતો જાય તેમ તેમ તેની રહેણી કરણી અને ચાલ-ચલણ પણ હનુમાનના જેવાંજ બની જાય, અરે શારીરિક બંધારણ પણ હનુમાનના જેવુંજ થઇ જાય! મતલબ કે જે જે ભાવ હૃદયમાં બળવાન થાય તે તે પ્રમાણે સાધકનો આકાર અને દેખાવ પણ ક્રમે ક્રમે ફેરવાતો જાય. કોઇ પણ પ્રકારના ભાવની છેલ્લી અવસ્થાએ પહોંચવું તેનું નામજ “ભાવસમાધિ;” અને “હું દેહ નથી, હું મન નથી, હું બુદ્ધિ નથી” એ પ્રમાણે “નેતિ-નેતિ” કરતાં જ્ઞાનયોગનો સાધક ચિદાનંદમય અવસ્થાએ પહોંચે તેને નિર્વિકલ્પસમાધિની પ્રાપ્તિ કહેવાય. એક એક ભાવને લઇને સિદ્ધિ પ્રાપ્ત કરતાં પહેલાં, અથવા તો એકજ ભાવનાની છેલ્લી સ્થિતિએ પહોંચતા પહેલાં, અનેક જન્મો વીતાવવા પડે છે. ભાવપ્રદેશના રાજા આપણા ગુરૂદેવ તો અઢાર પ્રકારના ભાવોમાં સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂકયા હતા. જો તેઓ ભાવપ્રધાન ન હોત તો તેઓને શરીર પણ ન હોત, આ વાત ગુરૂદેવ પોતે પણ કહેતા.”

વાતમાંને વાતમાંજ શિષ્યે પ્રશ્ન કર્યો કે:-“મહાશય, આપ તે દેશમાં કેવી જાતનો આહાર લેતા?”

સ્વામીજી:-ત્યાંના દેશકાળ પ્રમાણે અમે તો સંન્યાસી છીએ, એટલે જ્ઞાતિ બહાર થવાનો ભય તો નજ હોય.

આ દેશમાં તેઓ આગળ ઉપર કેવી પદ્ધતિએ કામ કરવા માંગે છે તે વિષે સ્વામીજીએ કહ્યું કે, મદ્રાસ અને કલકત્તાને મુખ્ય સ્થાન બનાવી દરેક જાતનું લોક-કલ્યાણ કરવા માટે તેઓ નવી જાતના સાધુ-સંન્યાસીઓ તૈયાર કરવાના છે. વધારામાં જણાવ્યું કે **પ્રાચીન રીતિ-રિવાજોને તોડી નાખવાથી અને સમાજને છિન્ન ભિન્ન કરી નાખવાથી સમાજ અથવા દેશની ઉન્નતિ થઇ શકતી નથી, પણ એ રીતરિવાજોને નવું સ્વરૂપ આપવાથીજ ઉન્નતિ થાય છે.** ભારતવર્ષના ઉપદેશકોએ એજ રીતે પોતાનું કામ કર્યું છે અને એ રીતથી તેઓ સફળ પણ થઈ ચૂકયા છે. એક માત્ર બુદ્ધદેવનો ધર્મ પ્રાચીન રીતિ-નીતિનો સંહારક હતો; પરંતુ તેમ હોવાથી તે ભારતવર્ષમાં સ્થાયી ટકી શકયો નહિ.

બ્રહ્મજ્ઞ પુરૂષોજ ગુરૂપદને યોગ્ય છે-કુલગુરૂના રિવાજથી થએલી હાનિ.

શિષ્યને બરાબર સ્મરણમાં છે કે સ્વામીજીએ વાતચીત દરમીયાન નીચેની હકીકત પણ જણાવી હતી. માત્ર એકજ જીવમાં જો બ્રહ્મનો વિકાસ થાય તો

પછી હજારો માણસો તેના પ્રકાશનો આધાર લઇ ઉન્નતિના માર્ગમાં પ્રયાણ કરી શકે. **બ્રહ્મજ્ઞાની પુરૂષોજ એક માત્ર લોકગુરૂ હોવા જોઇએ.** એને માટે શાસ્ત્રોનાં પ્રમાણો કે યુક્તિઓ આપવાની જરૂર નથી. અત્યારે વેદ અને શાસ્ત્ર વિરૂદ્ધ કુલગુરૂ માનવાનો જે રીવાજ ચાલે છે, તે સ્વાર્થી લોકોનેજ આભારી છે, અને એટલા માટેજ અનેક સાધનો તથા કર્મો કરવા છતાં મનુષ્યો સિદ્ધ કે બ્રહ્મજ્ઞ બની શકતાં નથી. ધર્મની આવી અંધાધૂંધીઓને દૂર કરવાની ખાતર ભગવાન શ્રી રામકૃષ્ણ પરમહંસે આ જગતમાં જન્મ લીધો હતો. તેઓએ દર્શાવેલા સાર્વભૌમિક ધર્મ જ્યારે જગતમાં પ્રવર્તશે ત્યારેજ જીવ અને જગતનું સાચું કલ્યાણ થશે. આવા અદ્‌ભુત ગુરૂ અને વિવિધ ધર્મોનું સમન્વય કરવામાં અદ્વિતીય આચાર્ય, ઘણાં સૈકાંઓથી આ ભારતવર્ષમાં જન્મ્યા નહોતા.

સ્વામીજીના એક ગુરૂભાઇએ આ વખતે પ્રશ્ન કર્યો કેઃ– " તો પછી આપે યૂરોપની ભૂમિમાં, શ્રી રામકૃષ્ણ પરમહંસ પ્રભુના એક અવતાર હતા એમ કહીને તેનો પ્રચાર કેમ ન કર્યો ? "

સ્વામીજી—તે લોકો દર્શન અને વિજ્ઞાનનો બહુ અહંકાર રાખે છે. તેટલા માટે યુક્તિ, તર્ક અને સાયન્સથી જ્યાં સુધી તેમનો અહંકાર ન તોડી શકીએ ત્યાં સુધી આપણને કોઈ કાંઇ બીસાતમાં ગણતું નથી. તર્ક, યુક્તિથી હારી જાય અને પછી તત્ત્વની શોધમાં જ્યારે મારી પાસે આવે ત્યારેજ હું તેમને ગુરૂદેવની વાત કહેતો. જો એમ ન કરૂં અને ગુરૂનું માહાત્મ્યજ વર્ણવ્યા કરૂં તો તેઓ એમ જ કહી નાખે કે, "જેવા અમારા પ્રભુ ઇસુ, તેવીજ રીતે તમારા પ્રભુ પરમહંસ! એમાં તમે અમને નવું શું કહેવાના હતા ? "

ત્રણ ચાર કલાક આ રીતે અત્યંત આનંદમાં વીતાવ્યા પછી શિષ્ય તે દિવસે બીજાઓની સાથે પોતે પણ કલકત્તે પાછો ફર્યો.

प्रसंग ४ थो.

—×—

(ઇ. સ. ૧૮૯૭-જાન્યુઆરી-ફેબ્રુઆરી-સ્થાન-શ્રી નવગોપાલ ઘોષનું ઘર.
રામકૃષ્ણપુર—હાવડા.)

ગુરૂપ્રતિમાની પ્રતિષ્ઠા, સ્વામીજીનું નિરભિમાનપણું.

શ્રી રામકૃષ્ણ પરમહંસના પરમભક્ત શ્રીયુત બાબુ નવગોપાલ ઘોષ મહાશયે ગંગા નદીના પશ્ચિમ કિનારા ઉપર હાવડામાં આવેલા રામકૃષ્ણપુરમાં એક નવું મકાન રહેવાને માટે તૈયાર કરાવ્યું હતું. મકાનને માટે જ્યારે યા પસંદજ

કરવામાં આવી ત્યારે ગામનું નામ રામકૃષ્ણપુર છે, એમ જાણી ઘોષ મહાશયને બહુજ આનંદ થયો; કારણ કે શ્રી રામકૃષ્ણ પરમહંસનું નામ એજ આ ગામનું નામ હતું. પોતાના ઇષ્ટદેવનું નામ આ રીતે અનાયાસે મળતું આવતું જોઇ કોને આનંદ ન થાય? મકાન તૈયાર થયા પછી કેટલેક દિવસે સ્વામીજી યૂરોપની યાત્રા કરી કલકત્તામાં પધાર્યા હતા. સ્વામીજી પોતે આ નવા મકાનમાં પધારી શ્રીરામકૃષ્ણ પરમહંસની પ્રતિમા મંદિરમાં પ્રતિષ્ઠિત કરે તે જોવાની ઘોષ મહાશયની તથા તેમની ગૃહિણીની તીવ્ર ઇચ્છા હતી; તેથી ઘોષ મહાપયે એક દિવસ મઠમાં આવી સ્વામીજીને વિનંતિ કરી. સ્વામીજીએ પણ પોતાની સમ્મતિ દર્શાવી. નવગોપાલ બાબુને ત્યાં આજે પ્રતિષ્ઠાનો ઉત્સવ હતો અને તેથી મઠધારી સંન્યાસીઓ તથા શ્રી પરમહંસના ગૃહસ્થ ભકતોને આમંત્રણો આપવામાં આવ્યાં હતાં. મકાન આજે વિવિધરંગી ધ્વજા-પતાકાઓથી શણગારવામાં આવ્યું હતું. સિંહદ્વારે કદલીવૃક્ષો રોપવામાં આવ્યાં હતાં તથા સ્થળે સ્થળે અશોકપલ્લવ અને દેવદારૂનાં તોરણો લટકાવવામાં આવ્યાં હતાં. “ જય રામકૃષ્ણ ” ના ધ્વનીઓથી રામકૃષ્ણપુર આજે ગર્જી રહ્યું હતું.

ત્રણ નૌકાઓ ભાડે કરી સ્વામીજી તથા તેમની સાથેના સઘળા સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓ રામકૃષ્ણપુરના ઘાટ ઉપર ઉતર્યા. સ્વામીજીએ તે સમયે ગેરૂઆ રંગનાં વસ્ત્રો પહેર્યાં હતાં, માથે ફેંટો બાંધ્યો હતો અને પગ ખુલ્લા હતા. ઘાટ ઉપરથી રસ્તે થઈને સ્વામીજી નવગોપાલ બાબુને ત્યાં જવાના હતા તે રસ્તા ઉપર બન્ને બાજુએ લોકોનાં ટોળેટોળાં સ્વામીજીનાં દર્શન કરવાની ઉત્સુકતાથી ઉભાં થઇ રહ્યાં હતાં. નૌકામાંથી ઉતરી એક બંગાળી ગીત ગાતા ગાતા, અને સાથે સાથે પોતે મૃદંગ બજાવતા, સ્વામીજી મકાન તરફ આગળ વધવા લાગ્યા. સ્વામીજીના મૃદંગની સાથે બીજાં પણ બે ત્રણ મૃદંગો વાગવા લાગ્યાં; અને સ્વામીજીના ગાનની કડીઓને, એકત્ર થએલા ભકતો પાછળ ઝીલતા ઝીલતા માર્ગમાં ચાલવા લાગ્યા. નૃત્યના કોલાહલથી તથા વાજીંત્રોના ધ્વનિથી આખો રસ્તો ગાજી ઉઠયો. રસ્તામાં જ્યારે બાબુ રામલાલ ડૉકટરનું ઘર આવ્યું ત્યારે સરઘસ થોડીવાર ઉભું રહ્યું. ડૉકટર સાહેબ એકદમ ઘરમાંથી બહાર આવ્યા અને તેઓ પણ સાથે ચાલવા લાગ્યા. લોકોએ ધાર્યું હતું કે સ્વામીજી તો કોણ જાણે કેવાએ મોટા ઠાઠમાઠથી અને કેવાંએ કિંમતી વસ્ત્રો પહેરી આ વરઘોડામાં બહાર નીકળશે; પરંતુ જ્યારે જોયું કે બીજા સાધારણ સંન્યાસીઓ તથા બ્રહ્મચારીઓની માફક તેઓએ સામાન્ય પોષાક પહેર્યો છે, પગ ખુલ્લા છે, તથા હાથથી મૃદંગ બજાવતા ચાલ્યા જાય છે, ત્યારે પ્રથમ તો સૌ લોકો વિચારમાંજ પડી ગયા ! સ્વામીજીને બરાબર નહિ ઓળખી શકવાથી કેટલાએક તો અરસ્પરસ પૂછવા લાગ્યા કેઃ- “ શું

આ જ વિશ્વવિજયી સ્વામી વિવેકાનંદ ?" સ્વામીજીની આવી દૈવી નમ્રતા જોઈ સર્વ કોઇ ખુલ્લા દિલે તેમની સ્તુતિ કરવા લાગ્યા અને "જય રામકૃષ્ણ" ના ઉપરા ઉપરી જયઘોષોથી જવાનો માર્ગ ગાજી ઉઠયો ?

નવગોપાલ બાબુના આનંદની સીમા રહી નહોતી. ગુરૂદેવની સેવા માટે તથા તેમની પ્રતિષ્ઠા કરવા એકત્ર થએલી મંડળીની આગતાસ્વાગતા માટે તેઓ પોતે મોટી તૈયારીઓ કરવામાં ગુંથાયા હતા અને ચોતરફ જાતે ફરી સૌ કોઇને કુશળતા પૂછી પાછા પોતાના કામમાં વળગી જતા. વચમાં વચમાં "જયરામ-જયરામ" ના ઉદ્‌ગારો કહાડી પોતાનો ઉત્સાહ દર્શાવી આપતા.

ક્રમે ક્રમે સરઘસ નવગોપાલ બાબુનાં મકાન પાસે આવી પહોંચ્યું. સ્વામીજી ગૃહના દ્વાર પાસે આવ્યા એટલે ગૃહમાં શંખના ધ્વની સાથે ઝાલર વાગી ! સ્વામીજીએ પોતાના હાથમાંનું મૃદંગ નીચે મૂકી દઇ, દીવાનખાનામાં જઇ થોડી વાર વિશ્રાંતિ લીધી અને પછી ગુરૂમંદિર જોવા માટે ઉપર પધાર્યા. ગુરૂમંદિર આરસ-પથ્થરથી બંધાવવામાં આવ્યું હતું. મધ્યમાં એક સિંહાસન સ્થાપિત કર્યું હતું, અને તેના ઉપર ગુરૂદેવની પોરસિલેનની× પ્રતિમા બેસાડવામાં આવી હતી. દેવ-દેવીઓની પૂજા માટે જે વસ્તુઓ જોઇએ તે બધી વસ્તુઓ આ મંદિરમાં તૈયાર રાખવામાં આવી હતી. આ દેખાવ જોઇ સ્વામીજી બહુ પ્રસન્ન થયા.

નવગોપાલ બાબુની ગૃહિણી બીજી કેટલીએક કુલવધૂઓને સાથે લઈ ત્યાં આવી અને સ્વામીજીને સાષ્ટાંગ પ્રણામ કરી, હાથમાંના પંખાવતી સ્વામીજીને વાયુ નાખવા લાગી.

ગુરૂમંદિર સંબંધી તથા બીજી બધી વ્યવસ્થાઓ સંબંધી સ્વામીજીએ વખાણ કર્યાં ત્યારે ગૃહિણીએ સ્વામીજીને ઉદ્દેશીને કહ્યું કે:-" ગુરૂદેવની યોગ્ય સેવા થઇ શકે એવું અમારી પાસે શું હોય ? સામાન્ય ઘર અને સામાન્ય ધન; એટલું છતાં આપે જાતે પધારી ગુરૂદેવની પ્રતિષ્ઠા કરી, એથી આજે અમારો જન્મ સફળ થયો. "

હાજર જવાબ.

સ્વામીજીએ તેના ઉત્તરમાં મંદહાસ્યપૂર્વક જણાવ્યું કે:-" તે ગમે તેમ હોય પણ તમારા ગુરૂદેવ તો કોઇ દિવસ (વિદ્યમાન હતા ત્યારે) આવા આરસ-પથ્થરના મંદિરમાં નથી રહ્યા. તેમના જીવનચરિત્રની ખબર છે ને ? એક નાનકડા ગામડાના એક ઘરમાં તેમનો જન્મ થયો હતો અને આખું જીવન જે તે ઠેકાણે પૂરૂં કર્યું હતું. તેઓ આવી ઉત્તમ સેવાઓમાં અને સુંદર સ્થાને ન રહે તો બીજે ક્યાં રહે ?" સ્વામીજીની આ વાત સાંભળીને સૌ હસવા લાગ્યા. ત્યારબાદ

×ચીનાઈ માટી જેવો એક જાતનો ચળકાટવાળો પદાર્થ.

સ્વામીજીએ શરીરે ભસ્મ ચોળવાથી તેઓ સાક્ષાત્ મહાદેવની મૂર્તિ જેવા દીસવા લાગ્યા. ભસ્મ ચોળ્યા પછી તેઓ પૂજકના આસન ઉપર બેસી ગુરૂદેવનું સ્મરણ કરવા લાગ્યા.

સ્વામી પ્રકાશાનંદ સ્વામીજીની પાસે બેસી મંત્રોચ્ચાર કરવા લાગ્યા. ધીમે ધીમે જ્યારે પૂજા પૂરી થઈ ત્યારે આરતીનો શંખ અને ઘંટ વાગ્યો.

આરતી પૂરી થયા પછી પૂજાના ઘરમાંજ બેસીને શ્રી રામકૃષ્ણદેવને નમસ્કાર કરતાં કરતાં તેજ વખતે નીચેનો શ્લોક સ્વામીજીએ રચી કાઢયો:–

स्थापकाय च धर्मस्य सर्वधर्मस्वरूपिणे।
अवतारवरिष्ठाय रामकृष्णाय ते नमः ॥

સ્વામીજીની સાથે અન્ય ભક્તોએ પણ પુનઃ પુનઃ તે શ્લોકનો ઉચ્ચાર કરી ગુરૂદેવને પ્રણામ કર્યા. શિષ્યે શ્રી પરમહંસનું સ્તોત્ર વાંચી બતાવ્યું. આ પ્રમાણે પૂજાનું કામ પૂરૂં થયું. ભક્તમંડળીએ નીચે જઇ ભોજન વગેરે લીધું અને પછી કીર્તનનો આરંભ થયો. સ્વામીજી ઉપર રહ્યા. ઘરની બાલિકાઓએ આવીને સ્વામીજીને પ્રણામ કર્યા તથા ધર્મ સંબંધી કેટલાએક પ્રશ્નો પૂછયા. સ્વામીજીએ તેના ઉત્તરો આપ્યા અને છેવટે સ્વામીજીનો આશીર્વાદ લઈ કન્યાઓ નીચે ગઇ. આખા કુટુંબનો આ પ્રમાણે ભક્તિભાવ જોઇ શિષ્ય દિંગ્મૂઢ જેવો જ્યાંનો ત્યાં ઉભો રહ્યો; અને આવું દૈવીદૃશ્ય જોવાને પોતે ભાગ્યશાળી થયો તે માટે પોતાના જીવનને ધન્યવાદ આપવા લાગ્યો.

તે પછી સૌએ થોડો સમય આરામ લીધો. સાંજ પડી એટલે ભક્તસમાજ વિખરાવા લાગ્યો અને નાની નાની ટોળીઓના રૂપમાં સૌ કોઇ પોતપોતાને ઘેર જવા બહાર નીકળ્યા. સ્વામીજીની સાથે શિષ્ય પણ ગાડીમાં બેસી રામકૃષ્ણપુરના ઘાટે ઉતર્યો અને નૌકામાં બેસી આનંદની વાતો કરતા કરતા સ્વામી શિષ્ય બાગબજારવાળા મકાન તરફ ગયા.

प्रसंग ५ मो.

(ઇ. સ. ૧૮૯૭–માર્ચમાસ, સ્થાન–દક્ષિણેશ્વરનું કાળીમંદિર તથા આલમબજાર મઠ.)

સ્વામીજી જે વખતે ઇંગ્લાંડથી પ્રથમવાર હિંદુસ્તાનમાં પાછા ફર્યા તે વખતે આલમબજારમાં રામકૃષ્ણમઠની સ્થાપના થઇ ચૂકી હતી. મઠવાળા મકાન વિષે લોકોને પહેલાં એવો વ્હેમ હતો કે તેમાં ભૂતનો નિવાસ છે; પરંતુ વખત જતાં એ ભૂતનું સ્થાન સંન્યાસીઓના સંસર્ગથી શ્રીરામકૃષ્ણના એક તીર્થરૂપ બની

ગયું હતું. ત્યાં રોજ ભજન, કીર્તન, જપ, તપ, તથા શાસ્ત્રચર્ચાઓ થયા કરતી. કલકત્તામાં પ્રવેશ કરતી વખતે એક રાજાના જેટલું સ્વામીજીનું સન્માન પ્રજા તરફથી થયું હતું; છતાં તેઓએ આવા ભાંગ્યા-તૂટયા મઠમાંજ રહેવાનું પસંદ કર્યું હતું. કલકત્તામાં વસતા ભકતોએ, કલકત્તાની ઉત્તર દિશાએ કાશીપુરમાં ગોપાળલાલશીલના બગીચામાં થોડો વખત રહે તે માટે એક મકાન તૈયાર રાખ્યું હતું. પ્રસંગોપાત સ્વામીજી ત્યાં પધારતા અને દર્શનોત્સુક જિજ્ઞાસુઓ સાથે ધર્મચર્ચા કરી તેઓની આકાંક્ષા પૂર્ણ કરતા.

ગુરૂદેવનો જન્મોત્સવ.

શ્રી રામકૃષ્ણ પરમહંસનો જન્મોત્સવ નજીક આવવાથી દક્ષિણેશ્વરવાળી રાણી રાસમણીના કાલીમંદિરમાં ઉત્સવનિમિત્તે અનેક તૈયારીઓ ચાલી રહી છે. શ્રી પરમહંસના ભકતોની વાતને એક બાજુ રહેવા દઇએ તોપણ બીજા ધર્મ-જિજ્ઞાસુઓના આનંદનો પાર રહ્યો નથી; કારણ કે શ્રી રામકૃષ્ણદેવની ભવિષ્ય-વાણીને સફળ કરી વિશ્વવિજયી સ્વામી વિવેકાનંદ આ વર્ષે હિંદમાં હજી તાજાજ પધાર્યા છે. તેમના ગુરૂભાઇઓ તો જાણે સાક્ષાત્ શ્રી રામકૃષ્ણદેવ જાતે પધાર્યા હોય તેમ માની સ્વામીજીનું બહુ માન કરતા. કાલીમંદિરની દક્ષિણ દિશાએ ઉત્સવની સઘળી તૈયારીઓ થઈ રહી છે. તે તરફ સ્વામીજી પોતે કેટલાએક ગુરૂભાઇઓને સાથે લઇ બહાર નીકળ્યા. લગભગ નવ-દશ વાગ્યા હશે. સ્વામીજીએ ગેરૂઆ વસ્ત્રો પહેર્યાં હતાં, પગ ઉઘાડા હતા. સ્વામીજીને જોઇ સંખ્યાબંધ લોકો તેમની તરફ આવવા લાગ્યા. કોઇ તેમના નિર્દોષ સ્વરૂપનું દર્શન કરવા, કોઇ એમના ચરણનો સ્પર્શ કરવા તો કોઇ તેમના શ્રીમુખની જવલંત અગ્નિની શિખા સરખી વાણી સાંભળવા, એવી એવી અનેક ભાવનાઓથી જનસમૂહ ભરાવા લાગ્યો. સ્વામીજીને આજે ક્ષણવાર પણ અવકાશ મળે તેમ નહોતું. કાલીમંદિરની સામે અસંખ્ય માણસો એકત્ર થઇ ચૂકયા હતા. સ્વામીજીએ જગદંબા (કાલીદેવી) ને દંડવત્ પ્રણામ કર્યા. તેની સાથે હજારો પ્રેક્ષકોનાં માથાં પણ નીચે નમ્યાં. ત્યાર પછી સ્વ૦ રાધાકાન્ત મહાશયને નમન કરી સ્વામીજી મંદિરમાં દાખલ થયા. થોડીવારમાં મનુષ્યોની સંખ્યાથી મંદિર ઉભરાઇ ગયું અને તલ જેટલી પણ જગ્યા રહી નહિ. “ જય રામકૃષ્ણ ” ના અવાજોથી દિશાઓ ગાજી ઉઠી. ટોર્મીલા કંપનીની નૌકાઓ હજારો માણસોને કિનારે મૂકી બીજા પ્રેક્ષકોને: લાવવા દોડાદોડ કરી રહી છે. નોબત, ત્રાસાં અને એવાં બીજાં વાજીંત્રોના આકાશભેદી અવાજો થઇ રહ્યા છે. ઉત્સાહ, આકાંક્ષા અને અનુરાગના દેવતાઓજ જાણે કે મૂર્તિમાન થઇ શ્રી રામકૃષ્ણ પરમહંસના સેવકરૂપે હાજર થયા હોય નહિ ? એવો ભાસ થતો હતો. ટુંકામાં આ ઉત્સવનું વર્ણન સમજવાને હૃદયજ જોઇએ, ભાષાથી

તેનું વર્ણન થઇ શકે તેમ નથી.

સ્વામીજીની સાથે આવેલી બે અંગ્રેજ મહિલાઓ પણ ઉત્સવમાં હાજર હતી. શિષ્યને હજી તેમનો પરિચય થયો નહોતો. એ મહિલાઓને સાથે લઇને સ્વામીજી પવિત્ર પંચવટી અને બિલ્વમૂળ જોવા ગયા. શિષ્યને હજી સ્વામીજી સાથે જેવો જોઇએ તેવો પરિચય નહોતો, તેથી આ ઉત્સવ સંબંધી સંસ્કૃતમાં તૈયાર કરેલું એક સ્તોત્ર સ્વામીજીની પાછળ પાછળ જઇ તેમના હાથમાં મૂક્યું. તે સ્તોત્ર વાંચતા વાંચતા સ્વામીજી પંચવટી તરફ આગળ વધ્યા. જતાં જતાં શિષ્ય તરફ નજર કરી કહ્યું કેઃ—“ ઠીક છે. લખતો રહેજે. ”

મહાકવિ ગિરીશબાબુની સ્વામીજી પ્રત્યે દૃઢ શ્રદ્ધા.

પંચવટીની એક બાજુએ શ્રી પરમહંસના કેટલાએક ગૃહસ્થ ભક્તો એકત્ર થયા હતા. બંગાળાના એક મહાકવિ ગિરીશબાબુ ઉત્તર દિશામાં—ગંગા તરફ દ્રષ્ટિ રાખી ત્યાં બેઠા હતા, અને તેમની આસપાસ બીજા અનેક ગૃહસ્થો શ્રીરામકૃષ્ણ પરમહંસના ગુણગાન કરી રહ્યા હતા. કેટલાકો ગુરૂદેવ સંબંધી વાર્તાલાપમાં તલ્લીન બની ગયા હતા. આ વખતે સ્વામીજી મોટી જનસંખ્યા સાથે ત્યાં ગિરીશબાબુ પાસે આવીને ઉભા રહ્યા, અને “ ઘોષ મહાશય તમેજ ને ? ” એમ કહીને પ્રણામ કર્યાં. ગિરીશબાબુએ પણ હાથ જોડીને નમસ્કાર કર્યાં. ગિરીશબાબુને જૂની વાતોનું સ્મરણ કરાવતાં સ્વામીજી બોલ્યા કેઃ—“ કેમ મહાશય ! તે દિવસો યાદ છે ને ? ” ગિરીશબાબુએ સ્વામીજીની વાતનો સ્વીકાર કરતાં કહ્યુંઃ— “ હજી વિશેષ જોવાની આશા રહ્યા કરે છે. ” આ પ્રમાણે તેમની વચ્ચે જે વાતચીત થઇ તેનો આશય પાસે ઉભેલા કોઇથી સમજી શકાયો નહિ. કેટલીક વાતચીત થયા પછી સ્વામીજી ત્યાંથી બિલ્વવૃક્ષ જોવા આગળ ગયા. સ્વામીજી ચાલ્યા ગયા એટલે ગિરીશબાબુએ ત્યાં હાજર રહેલા ગૃહસ્થોને સંબોધીને જણાવ્યું કેઃ—“ એક દિવસે હરમોહન મિત્ર મારી પાસે એક વર્તમાનપત્ર લઇ આવ્યો અને મને તે બતાવી તેણે કહ્યું કેઃ—સ્વામીજીના નામ ઉપર અમેરિકામાં બહુ નિંદા અને આરોપો મૂકવામાં આવ્યા છે. મેં તેજ વખતે તેને જણાવ્યું કે “ હું મારી પોતાની આંખે નરેંદ્રને કાંઇ અન્યાય કરતો જોઉં તોપણ તે મારી આંખનોજ દોષ છે, એમ માની આંખો ફોડી નાખું ! **નરેંદ્ર તો આ દેશનું માખણ છે, તે કોઇ દિવસ પાણીમાં મળી જાય ખરૂં ?** હું તો કહું છું કે જે કોઇ નરેંદ્રનો દોષ કાઢશે તે ભયંકર નરકનો અધિકારી થશે. ” આ પ્રમાણે વાતચીત થતી હતી એટલામાં સ્વામી નિરંજનાનંદ ગિરીશબાબુ પાસે આવ્યા અને કોલંબોથી કલકત્તા સુધી આવતાં રસ્તામાં સ્વામીજીનો જે આદર—સત્કાર થયો તથા ભિન્ન ભિન્ન પ્રદેશમાં સ્વામીજીને જે બહુ માન મળ્યું તેનું ઉપલક વર્ણન કહી

સંભળાવ્યું; તેમજ સ્વામીજીએ આવકારના બદલામાં જે અમૂલ્ય ઉપદેશ આપ્યો હતો તે પણ કેટલેક અંશે કહી સંભળાવ્યો. ગિરીશબાબુ ધ્યાનપૂર્વક સાંભળતા ત્યાં ને ત્યાંજ બેસી રહ્યા.

તે દિવસે દક્ષિણેશ્વરવાળા મંદિર પાસે સર્વત્ર એક દિવ્યભાવનો પ્રબળ પ્રવાહ વહી રહ્યો હતો. થોડા વખત પછી સ્વામીજીનું ભાષણ સાંભળવાની પ્રેક્ષક-વર્ગે ઉત્કંઠા દર્શાવી અને એકત્ર થએલો જનસમાજ સ્વામીજીની વાણી સાંભળવા અત્યંત આતુરતાપૂર્વક ઉભો થઇ રહ્યો. વિનંતિને માન આપી સ્વામીજીએ ભાષણ આપવાની શરૂઆત કરી, પરંતુ લોકોના કલરવથી વધારે ઉચ્ચસ્વર કહાડવાનો પ્રયત્ન કરવા છતાં તેમ બની શકયું નહિ; તેથી ન છૂટકે ભાષણ આપવાનું કામ બંધ રાખવું પડયું. ત્યારબાદ સ્વામીજી અંગ્રેજમહિલાઓને સાથે લઇ ગુરૂદેવનું સાધનાસ્થાન બતાવવા લાગ્યા, તથા ગુરૂદેવના ખાસ ભકતો તથા સ્નેહીઓની સાથે તેમને પરિચય પણ કરાવ્યો. અંગ્રેજમાહલાઓ માત્ર ધર્મનું શિક્ષણ મેળવવા આટલે દૂર સ્વામીજી સાથે આવી છે એ જોઇ ઘણા પ્રેક્ષકો આશ્ચર્ય પામ્યા અને સ્વામીજીમાં એવી તે શું અદ્ભુત શક્તિ હશે તે વિષે પરસ્પર ચર્ચા કરવા લાગ્યા.

ધાર્મિક ઉત્સવોની આવશ્યક્તા.

ત્રણ વાગ્યા પછી સ્વામીજીએ શિષ્યને કહ્યું:—“ એક ગાડી ભાડે લઈ આવ, મઠમાં જવું છે. ” આલમબજાર સુધી જવાનું બે આના ભાડું ઠરાવી શિષ્ય એક ગાડી લઇ આવ્યો અને તેમાં શ્રી નિરંજનાનંદ, સ્વામીજી તથા શિષ્ય બેસી આનંદપૂર્વક આલમબજાર તરફ વિદાય થયા. રસ્તામાં શિષ્યને ઉદ્દેશીને સ્વામીજીએ કહ્યું કે-**જીવન તથા કાર્યમાં પરિણમે નહિ એવી ભાવનાઓ પાછળ લાગ્યા રહેવાથી શું વળવાનું હતું**? આવા ઉત્સવો **થતા હોય તોજ જનસમાજમાં ધીમે ધીમે ભાવનાઓ ક્રિયામાં મૂકાતી જાય.** હિંદુધર્મમાં જે આટલાં બધાં પર્વો તથા ઉત્સવો કહ્યાં છે તેનો હેતુ માત્ર એજ છે કે ધર્મની મહાન્ ભાવનાઓ લોકો સમજી શકે અને તેને ક્રિયામાં મૂકી શકે. જો કે તેમાં એક દોષ પણ છે: અનેક લોકો ધર્મની યથાર્થ ભાવનાને નહિ સમજી શકવાથી તેને સ્થૂલ રીતે વળગી રહે છે અને ઉત્સવ, આમોદ પૂરો થયો એટલે ભાવનાઓ પણ ભૂલી જાય છે; એટલાજ માટે **ધર્મનું બાહ્ય આવરણ યથાર્થ ધર્મને તથા આત્મજ્ઞાનને ઢાંકી દે છે**, એમ જે કહેવાય છે તે ખરૂં પડે છે.

પરન્તુ જેઓ ‘ ધર્મ શું, આત્મા શું ’ ઇત્યાદિ બાબતોનું લેશ પણ જ્ઞાન સ્વરૂપ સમજ- ધરાવતા નથી તેઓ આવા ઉત્સવોના પ્રતાપે કાંઇક કાંઇક ધર્મનું

વાનો પ્રયત્ન કરે છે. અત્યારેજ આપણે આપણા ગુરૂદેવનો જે જન્મોત્સવ ઉજવ્યો તેમાં જેઓ હાજર હશે તેઓ "શ્રી રામકૃષ્ણ–ગુરૂદેવ" કોણ હતા તે વિષે એકવાર અવશ્ય વિચાર કરશેજ. જેના ઉત્સવમાં આટલા બધા લોકો હાજર થયા તે કોણ હશે? તેનામાં એવો તે શું પ્રભાવ હશે? એવો પ્રશ્ન કોઇ પણ પ્રેક્ષકને થયા વિના નહિ રહે. એમ નહિ તો છેવટે કીર્તન સાંભળવા તથા પ્રસાદી મેળવવાના લોભથી ગુરૂદેવના ભક્તોનાં દર્શન તો તેઓ અવશ્ય કરી જશેજ. એટલાથી પણ લોકોનો ઉપકાર થઇ શકે, નુકશાન જેવું તો કાંઇજ નથી.

શિષ્ય:—પરન્તુ મહાશય, ઉત્સવ–કીર્તનનેજ જો કોઇ સર્વસ્વ માની લે તો પછી તેને માટે આગળ વધવાનો માર્ગજ બંધ થઇ જાય! આપણા દેશમાં ષષ્ઠીપૂજા, ચંડીપૂજા વગેરે રોજ કેટલાયે નૈમિત્તિક ઉત્સવો આવે છે, અને કાંઇ પણ નિશાન રાખ્યા વિના પસાર થઇ જાય છે; તેની માફક આ ઉત્સવનું પણ નહિ થાય એવી શું ખાત્રી? મરણ પર્યંત લોકો અનેક ઉત્સવો અને પર્વો કરે છે; પરંતુ એવા ઉત્સવોથી કોઇને બ્રહ્મજ્ઞાન થયું હોય એમ હજી સુધી જોયું નથી.

સ્વામીજી:—કેમ નહિ? તારા દેશમાં જે જે ધર્મવીરો થઈ ગયા છે તેઓ બધા એને માન આપતા આવ્યા છે, અને ક્રમે ક્રમે મહત્તા પ્રાપ્ત કરી ગયા છે. ઉત્સવો પાળતાં પાળતાં અને વિવિધ સાધનાઓ કરતાં કરતાં જ્યારે આત્મદર્શન થાય ત્યારે પછી એની જરૂર રહેતી નથી. છતાં પરમાત્માના અવતાર જેવા મહાપુરૂષો પણ લોકમર્યાદાની ખાતર અનુસર્યા વિના રહેતા નથી.

શિષ્ય:—લોકમર્યાદાની ખાતર ભલે અનુસરે; પણ આત્મજ્ઞાનીને તો આ સંસારજ ઇન્દ્રજાળ સમાન મિથ્યા જણાય છે, તોપછી લોક વ્યવહારને સત્ય ગણી તેને માન આપે એ બનેજ કેમ?

સ્વામીજી:—કેમ ન બને? આપણે જેને સત્ય કહીએ છીએ તે પણ દેશ–કાળ–પાત્ર ભેદે ભિન્ન ભિન્ન અને સાપેક્ષિત સંબંધવાળું છે. અધિકારભેદે સર્વ વ્યવહારોની અનિવાર્ય જરૂર છે. ગુરૂદેવ કહેતા કે "માતા જેમ એક પુત્રને કડવી દવા ખવરાવે છે, અને બીજાને મિષ્ટાન્ન ખવરાવે છે તેમ દરેક **બાહ્ય આચારનો અધિકારભેદે નિર્ણય કરવો જોઇએ.**"

શિષ્ય આ વાત સાંભળી સ્થિર બેસી રહ્યો. જોતજોતામાં ગાડી આલમબજારમાં મઠ પાસે આવીને ઉભી રહી. શિષ્યે ગાડીભાડું ચૂકવી સ્વામીજીની સાથે મઠમાં પ્રવેશ કર્યો; અને સ્વામીજીને પીવા માટે ઠંડું પાણી લઇ આવ્યો. સ્વામીજીએ પાણી પીધું અને શરીર ઉપરનો ઝભો નીચે મૂકી એક પાટ ઉપર શેતરંજી બિછાવી હતી તેના ઉપર આડે પડખે થયા. સ્વામી નિરંજનાનંદે સ્વામીજી પાસે બેસીને કહ્યું કે, "ઉત્સવમાં આવી ભીડ મેં પૂર્વે કદાપિ જોઇ નહોતી. આખું

કલકત્તા શહેર ઉભરાઇ નીકળ્યું છે !"

સ્વામીજીઃ—એમાં શું ? હજી તો આથીયે વધુ જોઇશ.

ધર્મપ્રચારનો ઉદ્દેશ-કોઇ પણ પ્રકારનો સંપ્રદાય નહિ જોઇએ.

શિષ્યઃ—મહાશય, દરેક ધર્મસંપ્રદાયમાં કોઇને કોઇ બાહ્ય ઉત્સવ-આનંદ હોય છેજ; પરંતુ કોઇ ઉત્સવ એકબીજા સાથે મેળ ખાતો નથી તેનું શું કારણ હશે ? મહંમદી ધર્મમાં પણ શીયા અને સુની વચ્ચે લાકડીઓ ઉડતી મેં ઢાકામાં નજરે જોઇ છે.

સ્વામીજીઃ—જ્યાં સંપ્રદાય બંધાયો ત્યાં થોડે ઘણે અંશે તેમ બનેજ. આપણો ઉદ્દેશ શું છે તે જાણે છે કે ? સંપ્રદાયરહિતતા. આપણા ગુરૂદેવે એજ આવશ્યક રહસ્ય સમજાવવા આ યુગમાં જન્મ લીધો હતો. તેઓ બધું સ્વીકારતા, છતાં એમ પણ કહેતા કે બ્રહ્મજ્ઞાનની દૃષ્ટિયે એ બધુંજ મિથ્યા માયામાત્ર છે.

શિષ્યઃ—આપનું કહેવું હું સમજી શકતો નથી. મને તો ઘણીવાર એમ લાગે છે કે આપ પણ આવા પ્રસંગોનો પ્રચાર કરી આપણા ગુરૂદેવના નામે એક સંપ્રદાય તૈયાર કરવા માગો છો. મેં પોતે નાગમહાશયના મુખથી સાંભળ્યું છે કે ગુરૂદેવ કોઈ પણ એકજ સંપ્રદાયમાં નહોતા. શાકત, વૈષ્ણવ, મુસલમાન, ખ્રિસ્તી તથા વેદાન્ત એ સર્વના સિદ્ધાન્તોને તેઓ બહુ માન આપતા.

સ્વામીજીઃ—અમે એ સઘળા ધર્મોનું સન્માન નથી કરતા એમ તું શા આધારે કહે છે ?

એટલું કહીને સ્વામીજીએ નિરંજન મહારાજ તરફ હસતાં હસતાં પ્રશ્ન કર્યો કે "અરે, આ બંગાળી શું બકે છે ?"

શિષ્યઃ—મહાશય, કૃપા કરીને મને એ વાત સમજાવી દ્યો.

સ્વામીજીઃ—તેં તો મારાં ભાષણો વાંચ્યાં છે. કયાંય મેં ગુરૂદેવનું નામ આપ્યું છે ? કેવલ ઉપનિષદ્દનોજ આ ધર્મ છે, એમ કહી જગતમાં તેનો પ્રચાર નથી કર્યો ?

શિષ્યઃ—તે ખરૂં. પણ આપના પરિચયમાં આવ્યા પછી મને જણાય છે કે શ્રી રામકૃષ્ણ પરમહંસ આપના પરમ શ્રદ્ધાસ્પદ છે. એ પ્રમાણે આપ જો ગુરૂદેવને ઈશ્વરી અવતાર માનો છો તો પછી જનસમાજ પાસે તે પ્રસિદ્ધ કેમ નથી કરતા ?

સ્વામીજીઃ—હું જેટલું સમજ્યો છું તે બધું જાહેર કરી ચૂકયો છું; અગર વેદાન્તના અદ્વૈતમતને તું બરાબર ધર્મ સમજી શકયો છે તો પછી જગતમાં તેનો શા માટે પ્રચાર નથી કરતો ?

શિષ્યઃ—પહેલાં અનુભવ થાય તોજ અન્યને સમજાવી શકાય. એ મત તો

કેવળ અભ્યાસની ખાતર વાંચી ગયો છું, એટલુંજ.

સ્વામીજી:—તો **સૌથી પ્રથમ જાતે અનુભવ કર. તે પછીજ લોકોને સમજાવવાનો પ્રયત્ન કરજે.** અત્યારે જે લોકો પોતપોતાના ધર્મમાં વિશ્વાસ રાખી ચાલતા હોય તેઓને માટે તો બોલવાનો તને કાંઇ અધિકારજ નથી; કારણ કે તું પોતે પણ તેમની માફક એક ધર્મમાં વિશ્વાસ રાખી બેસી રહ્યો છે.

શિષ્ય:—અલબત્ત, એક ધર્મમાં મારો વિશ્વાસ છે પણ મારી પાસે તેનાં પૂરતાં પ્રમાણો છે. શાસ્ત્રનું બળ મારી પાસે છે. શાસ્ત્રના વિરોધી મતોને હું માનતો નથી.

સ્વામીજી:—શાસ્ત્ર એટલે શું ? ઉપનિષદ્ પ્રમાણ ગણાય તો બાઇબલ અને ઝંદ અવસ્તા શા માટે પ્રમાણ ન ગણાય ?

શિષ્ય:—ધારો કે એ ગ્રન્થોને પ્રમાણભૂત માનીએ તો પણ વેદના જેટલા પ્રાચીન તો તે નથીજ. તે સિવાય આત્મા સંબંધી જે સમાધાનો વેદમાં મળી આવે છે એવાં સમાધાનો બીજે ક્યાં છે ?

સ્વામીજી:—ભલે, એક રીતે તારી વાત કબૂલ છે; પરન્તુ વેદ સિવાય બીજે ક્યાંય સત્ય હોઇજ ન શકે એમ કહેવાનો તને શું અધિકાર છે ?

શિષ્ય:—વેદ સિવાયના બીજા ધર્મગ્રન્થો સત્ય હોઇ શકે એ વિષે મારે વિરૂદ્ધમાં બોલવા જેવું કશું નથી; છતાં હું તો ઉપનિષદોના મતનેજ વળગી રહીશ, કારણ કે મને તેમાં દ્રઢ વિશ્વાસ છે.

સ્વામીજી:—ભલે તારી ઇચ્છા; પરંતુ **બીજા કોઇનો બીજા કોઈ ધર્મગ્રન્થમાં તારી પેઠે દ્રઢ વિશ્વાસ હોય તો તેને તેજ માર્ગે જવા દેજે. છેવટે તું જોઇશ કે તું અને તે એક જ જગ્યાએ પહોંચશો.** મહિમ્નસ્તોત્ર વાંચ્યું છે ને ?—“ त्वमसि पयसामर्णव इव ” *

प्रसंग ६ ठ्ठो.

(સ્થાન—આલમબજાર મઠ. ઈ. સ. ૧૮૯૭—મે માસ)

શિષ્યનો દીક્ષાપ્રસંગ.

સ્વામીજી દાર્જીલીંગથી પાછા કલકત્તામાં આવ્યા ત્યારે આલમબજારના

---

* “ પિતા ! પેલો આઘે જગત વિંટતો સાગર રહે,
અને વેગે પાણી સકળ નદીના તેગમ વહે. ”

કવિ ન્હાનાલાલ.

મઠમાંજ રહેતા. ગંગાના કોઇ એક કિનારા ઉપર મઠ લઇ જવાની વાતચીત ચાલતી હતી. શિષ્ય આજકાલ તેમની પાસે મઠમાંજ રહે છે. રાત્રિ પણ ઘણું કરીને ત્યાંજ ગાળે છે. શિષ્યના જીવનમાં જો કોઇએ સૌ પહેલાં માર્ગ દર્શાવ્યો હોય તો તે શ્રી નાગમહાશયજ હતા. તેમણે શિષ્યને હજી મંત્રદીક્ષા આપી નહોતી. જ્યારે જ્યારે શિષ્ય મંત્રદીક્ષા માટે વિનંતિ કરતો ત્યારે નાગમહાશય કહેતા કેઃ—“ સ્વામીજી મહારાજજ દીક્ષા આપવાને યોગ્ય છે, જગતના ગુરૂ બની શકે તેટલી યોગ્યતા તેમનામાંજ છે.” દીક્ષા ગ્રહણ કરવાનો દ્રઢ નિશ્ચય કરી શિષ્યે એક પત્ર સ્વામીજીને દાર્જીલીંગ લખ્યો હતો. સ્વામીજીએ તેના ઉત્તરમાં લખ્યું હતું કેઃ—“ નાગમહાશયને કાંઇ વાંધો નહિ હોય તો હું ઘણા આનંદપૂર્વક તમને દીક્ષા આપીશ.” આ પત્ર શિષ્યની પાસે હજુ પણ છે.

દીક્ષા લેવી એટલે બલિદાન દેવું.

વૈશાખ માસની પૂર્ણિમાનો દિવસ હતો. સ્વામીજીએ આજે શિષ્યને દીક્ષા આપવાનું કબૂલ કર્યું હતું. શિષ્યના જીવનમાં આજનો દિવસ પરમ સૌભાગ્યનો હતો. શિષ્ય આજે પ્રાતઃકાળે વહેલો ઉઠયો અને ગંગાસ્નાન કરી લગભગ નવ વાગ્યે થોડાં ફળફુલ બજારમાંથી ખરીદી આલમબજારના મઠમાં હાજર થઇ ગયો. શિષ્યને જોઇ સ્વામીજીએ મસ્કરીમાં કહ્યું કેઃ—“ આજે તારૂં બલિદાન આપવાનું છે ખરૂં ને ?”

દીક્ષા પહેલાંનો ઉપદેશ.

આ પ્રમાણે કહીને સ્વામીજી હાસ્યપૂર્વક સર્વની પાસે અમેરિકા સંબંધી વિવિધ પ્રસંગોનું વર્ણન કરવા લાગ્યા. ધર્મજીવનને સુદ્રઢ બનાવવા માટે કેવા પ્રકારની એકનિષ્ઠા જોઇએ, ગુરૂમાં કેવા પ્રકારનો અચળ વિશ્વાસ તથા દ્રઢભક્તિ-ભાવ જોઇએ, ગુરૂવાકયમાં કેવી આસ્થા રાખવી જોઇએ, એટલુંજ નહિ પણ ગુરૂની ખાતર પોતાના પ્રાણની પણ આહુતિ આપવા કેટલા તત્પર રહેવું જોઇએ, ઇત્યાદિ વિષયોનું પણ સાથે સાથે સ્પષ્ટીકરણ કર્યું. ત્યારપછી શિષ્યને કેટલાએક પ્રશ્નો પૂછી તેના હૃદયની પરીક્ષા કરવા લાગ્યા. તેમણે પૂછ્યું કેઃ—“ હું તને જે વખતે જે કામ બતાવું તે યથાશક્તિ કરીશ ને ? હું તને ગંગામાં ડૂબવાનું કહું કે અગાસી ઉપરથી પડતું મૂકવાનું કહું તો તે સર્વ તારા કલ્યાણનેજ માટે છે, એમ સમજીને કાંઇ પણ વિચાર કર્યા વિના કરી શકીશને ? હજી પણ એકવાર ફરીથી વિચાર કરી લે; એકદમ સાહસ કરીને કોઇને ગુરૂરૂપે સ્વીકારી લેવાની ઉતાવળ ન કર !” આ પ્રમાણે પ્રશ્નો પૂછી, શિષ્યનું મન વિશ્વાસથી કેટલું દ્રઢ છે તે જાણવાનો સ્વામીજીએ પ્રયત્ન કર્યો. શિષ્યે પણ મસ્તિષ્ક નીચે ઝુકાવી “ કરી શકીશ ” એવો નિઃસંકોચપણે દરેક પ્રશ્નનો ઉત્તર આપ્યો.

ગુરૂ કેવા હોવા જોઈએ ?–જનોઇની ઉત્પત્તિ.

સ્વામીજી બોલવા લાગ્યાઃ—“ જેઓ આ સંસાર–માયાની પેલી તરફ લઇ જાય, જેમના કૃપાકટાક્ષથી બધા આધિ વ્યાધિ નાશ પામે તેજ યથાર્થ ગુરૂ છે. પહેલાં શિષ્યો દર્ભ કાષ્ટ સમેત ગુરૂના આશ્રમમાં જતા. ગુરૂ અધિકારી શિષ્યોની પરીક્ષા કરી, તેમને દીક્ષિત કરતા અને વેદપાઠ કરાવતા. તે ઉપરાંત શિષ્યોએ મન–વચન–કાયાથી વ્રત લીધું છે તેના ચિન્હ સ્વરૂપે ત્રિરાવૃત્ત મૌંજીમેખલા× શિષ્યની કમરે બાંધી દેતા. એની સહાયથી શિષ્યો પોતાની કૌપીન–લંગોટ–બાંધી રાખતા. આ ઉપનયનને બદલે પાછળથી યજ્ઞસૂત્ર યા જનોઇ પહેરવાનો રિવાજ પ્રચલિત થયો.

શિષ્યઃ—“ તો શું મહાશય ! અત્યારે અમે સુતરની જનોઇ પહેરીએ છીએ તે વૈદિક પ્રથા અનુસાર નથી ?

સ્વામીજી—વેદમાં ક્યાંઇ સૂતરના તાંતણાની વાત નથી. સ્માર્ત ભટ્ટાચાર્ય રઘુનંદને લખ્યું છે કેઃ–**अस्मिन्नेव समये यज्ञसूत्रम् परिधारयेत् ।**” સુતરની જનોઇની વાત તો ગોભિલ ગૃહ્યસૂત્રમાં પણ નથી. ગુરૂ પાસે ગયા પછી સૌ પહેલાં જે વૈદિક સંસ્કાર થતો તેને શાસ્ત્રમાં “ઉપનયન” ના નામથી ઓળખવામાં આવ્યો છે; પરન્તુ આજકાલ દેશની કેટલી બધી દુર્દશા થઇ ગઇ છે ? શાસ્ત્રમાર્ગને એક કોરાણે રહેવા દઇ કેટલાક દેશાચાર, લોકાચાર અને સ્ત્રીઆચારનેજ સર્વત્ર વળગી રહેવામાં આવે છે ! એટલાજ માટે હું તમને સર્વને કહૂં છું કે જેમ બને તેમ પ્રાચીનકાળના શાસ્ત્રમાર્ગને માન આપો. તમે પોતે શ્રદ્ધાવાન બનો અને સમસ્ત દેશમાં શ્રદ્ધાનો ફેલાવો કરો. નચિકેતાના જેવી હૃદયમાં શ્રદ્ધા સ્થાપવી જોઇએ. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ખાતર, આત્માના ઉદ્ધારની ખાતર, આ જન્મ–જરા–મરણની જાળમાંથી છુટવાના ઉપાયો જાણવાની ખાતર, નચિકેતાની પેઠે એક વખત યમલોકમાં જવાની જરૂર પડે તો ત્યાં પણ સીધા ચાલ્યા જાઓ. યમના મુખમાં જવાથી પણ જો સત્યની પ્રાપ્તિ થતી હોય તો લેશ પણ ભય પામ્યા વિના તેના મુખમાં પ્રવેશ કરો. મૃત્યુ એજ મોટામાં મોટો ભય છે. આજથી ભયશૂન્ય થાઓ તમારા પોતાના **મોક્ષની ખાતર પરાર્થે દેહાર્પણ કરવું પડે તો તેને માટે સદા તૈયાર રહો !** આ હાડ–માંસ–લોહીનો વ્યર્થ ભાર વહેવાથી શું થવાનું હતું ? ઇશ્વરની ખાતર સર્વસ્વનો ત્યાગ કરી મંત્રદીક્ષા સ્વીકારી દધીચિમુનિની પેઠે પરાર્થે તમારૂં હાડ–માંસ–લોહી સુદ્ધાં અર્પણ કરો ! શાસ્ત્રમાં કહ્યું છે કે જેઓએ વેદ–વેદાન્તમાં અધ્યયન કર્યું હોય, જેઓ બ્રહ્મજ્ઞ હોય, જેઓ બીજાને નિર્ભય સ્થાનમાં લઇ જવાને શકિતમાન હોય, તેઓજ

× મુંજના ઘાસથી બનાવેલું ત્રણ દોરીવાળું કટિસૂત્ર–કંદોરો.

યથાર્થ ગુરૂ હોઈ શકે. આવા ગુરૂની પ્રાપ્તિ થાય તોજ દીક્ષિત થવું–" **नात्र कार्या विचारणा।** " અત્યારે કેવી સ્થિતિ છે, તેની ખબર છે?–**अन्धेनैव नीयमाना यथान्धाः।** આંધળો માણસ બીજા આંધળાને દોરે તેવી છે.

પ્રાયઃ નવ વાગ્યા હશે. ગંગા નદીએ નહિ જતાં આજે સ્વામીજીએ મઠમાંજ સ્નાન કરી લીધું. સ્નાન પૂરૂં થયા પછી એક ભગવું વસ્ત્ર ધારણ કર્યું અને ધીમેપગલે મંદિરમાં પ્રવેશ કરી પૂજાના સ્થાન ઉપર બેઠા. સ્વામીજી સાદ ન કરે ત્યાં સુધી ગુરૂમંદિરમાં જવું નહિ, એમ ધારી શિષ્ય મંદિરના દ્વાર પાસેજ ઉભો ઉભો રાહ જોવા લાગ્યો. સ્વામીજી ધ્યાનસ્થ થયા, મુક્ત પદ્માસન, અર્ધ મીંચાએલાં નેત્રો, જાણે દેહ, મન, પ્રાણ, સર્વ શાંત સ્તબ્ધ સ્પન્દરહિત! જાણે કોઈ દેવમૂર્તિ! ધ્યાનને અંતે સ્વામીજીએ કહ્યું કેઃ–" આવ બાપુ!" સ્વામીજીના સ્નેહપૂર્ણ આવકારને માન આપી શિષ્ય યંત્રવત્ પગલાં ભરતો આગળ વધ્યો. તુરતજ સ્વામીજીએ કહ્યું કેઃ–" બારણાંને સાંકળ ચડાવતો આવ!" શિષ્યે તે પ્રમાણે કર્યું. ત્યાર પછી કહ્યું કેઃ— " સ્થિર થઈને ડાબી બાજુએ બેસી જા." સ્વામીજીની આજ્ઞાને માથે ચઢાવી શિષ્ય આસન ઉપર બેઠો. તેનું હૃદય તે વખતે એક પ્રકારના અનિર્વચનીય અપૂર્વભાવથી ધબકવા લાગ્યું! તે પછી સ્વામીજીએ પોતાનો હસ્તકમળ શિષ્યના મસ્તક ઉપર સ્થાપ્યો અને શિષ્યને કેટલાએક ખાનગી સવાલો પૂછ્યા. શિષ્યે તે બધાના બની શકે તેટલા સ્પષ્ટ ઉત્તર આપ્યા. સ્વામીજીએ મહાબીજ મંત્રનો શિષ્યના કાન પાસે ત્રણ વખત ઉચ્ચાર કર્યો, અને પછી શિષ્યને તેનો ઉચ્ચાર કરવાનું ફરમાવ્યું. ત્યાર બાદ સાધન સંબંધે સામાન્ય ઉપદેશ આપી, સ્થિર થઈને આંખો મીંચ્યા વિના શિષ્યનાં નયનો તરફ તેઓએ થોડી ક્ષણો સુધી નિહાળ્યા કર્યું. શિષ્યનું મન પણ અત્યારે સ્તબ્ધ અને એકાગ્ર થઈ ગયું હતું તેથી, તે અવર્ણનીય ભાવથી ત્યાં સ્થિર બેસી રહ્યો. આ પ્રમાણે કેટલો વખત પસાર થયો, એનું શિષ્યને ભાન રહ્યું નહિ. અંતે સ્વામીજીએ કહ્યુંઃ— "ગુરૂદક્ષિણા આપ!" શિષ્યે પૂછ્યું "શું આપું?" સ્વામીજીએ આજ્ઞા કરી કે– " જા, ભંડારમાંથી એકાદ ફળ લઈ આવ?" શિષ્ય એકદમ દોડતો ગયો અને ભંડારમાંથી ૧૦—૧૫ ફળો લઈ ગુરૂમંદિરમાં દાખલ થયો. તે સર્વ ફળો હાથમાં લઈ સ્વામીજી એક પછી એક ખાવા લાગ્યા. ફળો ખવાઈ રહ્યાં એટલે સ્વામીજીએ કહ્યું કેઃ—" જા, તારી ગુરૂદક્ષિણા અપાઈ ચૂકી!" શિષ્યને ગુરૂમંદિરમાં સ્વામીજી જ્યારે દીક્ષા આપતા હતા તેજ વખતે બીજો એક શિષ્ય દીક્ષા લેવાનો દૃઢ નિશ્ચય કરી મંદિરના બારણા પાસેજ ઉભો હતો. સ્વામી શુદ્ધાનંદજી જો કે બ્રહ્મચારીરૂપે તે વખતે મઠમાંજ રહેતા હતા, તોપણ હજીસુધી તેમણે મંત્રદીક્ષા સ્વીકારી નહોતી. શિષ્યને આ પ્રમાણે દીક્ષિત થતો જોઈ તેઓ ઉત્સાહમાં આવી

ગયા અને શિષ્ય જેવો મંદિરમાંથી દીક્ષા લઇ બહાર નીકળ્યો કે તુરતજ તેઓએ સ્વામીજીની પાસે જઇને પોતાની ઇચ્છા પ્રકટ કરી. શ્રી શુદ્ધાનંદજીનો અત્યંત આગ્રહ જોઇ સ્વામીજીએ પણ સમ્મતિ આપી અને ફરીથી પૂજાના આસન ઉપર વિરાજ્યા.

શુદ્ધાનંદજીને દીક્ષિત કરી થોડી વારે સ્વામીજી બહાર આવ્યા અને આહાર કરી થોડીવાર વિશ્રામ લીધો. સ્વામીજીના પાત્રમાં બાકી રહી ગએલો આહાર શિષ્યે તથા શુદ્ધાનંદજીએ અત્યંત આલ્હાદપૂર્વક ગ્રહણ કર્યો અને પછી સ્વામીજીના પગપાસે બેસી તેમની પાદસેવા કરવા લાગ્યા.

પાપ–પુણ્યનો પ્રાદુર્ભાવ કેવી રીતે થયો ?

નિદ્રામાંથી ઉઠ્યા પછી સ્વામીજી ઉપર બેઠકખાનામાં આવીને બેઠા. શિષ્ય પણ સમય વિચારીને તેમની પાસે ગયો અને થોડીવારે પૂછ્યું કેઃ–સ્વામીજી ! પાપ પુણ્યનો ભાવ ક્યાંથી આવ્યો ?”

સ્વામીજીઃ—“ અનેકપણાની ભાવનામાંથીજ આ બધું નીકળ્યું છે. મનુષ્ય જેમ જેમ એકત્વ તરફ આગળ વધતો જાય છે તેમ તેમ, “હું–તું” ની ભાવના કે જેમાંથી અધર્મરૂપી દ્વંદ્વો નીકળ્યાં છે તે સર્વ ક્ષય પામતાં જાય છે. મારાથી અમુક ભિન્ન છે, એવી ભાવના મનમાં આવે તોજ દ્વંદ્વભાવને વિકાસ પામવાનું કારણ મળે. એકત્વનો સંપૂર્ણ અનુભવ જે મનુષ્યને થાય છે તેને પછી શોક કે મોહ જેવું કાંઇ રહેતું નથી. કહ્યું પણ છે ને ?– “ **तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यत: ?** ”

દુર્બળતાઓ અનેક પ્રકારની છે; અને દુર્બળતાઓનો અનુભવ એજ પાપ. દુર્બળતામાંથીજ હિંસા, દ્વેષ વગેરે જન્મ પામે છે, એટલાજ માટે દુર્બળતાનું બીજું નામ પાપ છે. અંદર જે આત્મા પ્રકાશી રહ્યો છે, તે તરફ દ્રષ્ટિપાત ન કરતાં, આ હાડ–માંસના એક વિચિત્ર પ્રકારનાં પૂતળાંરૂપી જડશરીર તરફજ આખો દિવસ નજર રાખ્યા કરવી, અને આ હું–આ મારૂં. એમ કર્યા કરવું એજ બીજી બધી દુર્બળતાઓનું મૂળ છે. જગતમાં જે વ્યાવહારિક ભાવ છે તે આ અધ્યાસમાંથીજ ઉદ્ભવ્યો છે. દ્વંદ્વોની પાર જવાથી જણાશે કે ખરો પરમાર્થભાવ તો ત્યાંજ છે !

આત્મપ્રકાશ માટે અહંભાવના ત્યાગની આવશ્યકતા.

શિષ્યઃ—જો એમજ હોય તો આ બધી વ્યાવહારિક સત્તાઓ અસત્ય ન કહેવાય ?

સ્વામીજીઃ—જ્યાં સુધી ‘ હુંપણાનું ’ જ્ઞાન છે ત્યાં સુધીજ સત્ય; પણ જ્યારે “ હું આત્મા ” એવો અનુભવ થાય ત્યારે તો આ વ્યાવહારિક સત્તા મિથ્યા

પ્રતીત થયા વિના રહેતી નથી. મેં હમણાંજ કહ્યું છે કે લોકોમાં જે પાપના નામથી ઓળખાય છે તે એક જાતની નિર્બળતાનુંજ ફળ છે; બીજા શબ્દોમાં કહું તો “ હું દેહ ” એ રીતની અહંભાવનાનું રૂપાંતર માત્ર ! “ હું તો આત્મા ” એ ભાવના જ્યારે મનમાં દૃઢ થશે ત્યારે પાપ પુણ્ય કે ધર્મ અધર્મ સર્વ ટળી જશે. ગુરૂદેવ કહેતા કે–“ હુંપણું છૂટયું એટલે જંજાળ છૂટી સમજવી ! ”

શિષ્ય:—“ હુંપણું ” તો કેમે કરતાં મરતું નથી. એને મારવું બહુ મુશ્કેલ છે !

સ્વામીજી:—એક રીતે વિચાર કરતાં બહુ સરળ અને બીજી રીતે કઠિન પણ છે. “ હું ” એ વસ્તુજ ક્યાંથી આવી એ વાત પહેલાં મને સમજાવ ? જે વસ્તુ છેજ નહિ તેની વળી મારામારી કેમ હોઇ શકે ? હુંપણા ” ના એક મિથ્યાભાવથી મનુષ્ય મુંઝાઇ ગયો છે એટલુંજ ! એ ભૂત જેવું દૂર થયું કે તુરતજ આત્મા શુદ્ધરૂપે પ્રકાશવા લાગે છે. પછી તો તેને જાણવો અને પ્રત્યક્ષ કરવોજ બાકી રહે છે. જેટલાં જેટલાં સાધનો અને ભજનો છે તે સર્વ એ એકજ આવરણને દૂર કરવા માટે છે. આવરણ ખસી ગયા પછી તું જોઇ શકીશ કે ચિત્‌–સૂર્ય પોતાનીજ પ્રભાથી પોતાની મેળે પ્રકાશી રહ્યો છે; કારણ કે આત્માજ એક માત્ર સ્વયંજ્યોતિ, સ્વસંવેદ્ય, પોતે પોતાની મેળેજ જાણી શકાય એવો પદાર્થ છે. જે વસ્તુ સ્વસંવેદ્ય (પોતે પોતાની મેળેજ અનુભવી શકાય) એવી છે તેને બીજા સાધનની જરૂરજ શું હોય ? એટલાજ માટે શ્રુતિ કહે છે કે **विज्ञातारमरे केन विजानीयात्।** જાણનાર જે પોતેજ છે તેને બીજાની સહાયથી કેમ જાણી શકાય ? તું અત્યારે જે કાંઇ જાણે છે તે મનરૂપી કરણની સહાયતાથી જાણે છે; પરન્તુ મન તો જડ છે છે, મનની પાછળ શુદ્ધ આત્મા રહેલો છે, તે મનની દ્વારા કામ લે છે. હવે જો તું મનની મદદથી આત્માને જાણવાનો પ્રયત્ન કરે તો તે નિરર્થક જાય એમાં આશ્ચર્ય શું ? છતાં એટલું તો સમજી શકાય તેમ છે કે મન શુદ્ધાત્માની પાસે પહોંચી શકતું નથી, બુદ્ધિ પણ પહોંચી શકવાને અસમર્થ છે. મન જ્યારે વિકલ્પ કે વૃત્તિહીન થાય ત્યારે મનનો લોપ થયો ગણાય છે, અને ત્યારેજ આત્મા પ્રત્યક્ષ થાય છે. આ અવસ્થાને ભીષ્યકાર શ્રી શંકરે “ **अपरोक्षानुभूति** ” નું નામ આપ્યું છે.

યથાર્થ “ હુંપણું. ”

શિષ્ય:—પરન્તુ મહાશય, મન એજ હુંપણું હોવાથી એ મનનો લોપ થાય તો પછી હુંપણું રહેજ નહિ.

સ્વામીજી:—તે વખતની જે અવસ્થા તેજ પદાર્થ “ હુંપણા ” નું સ્વરૂપ છે. તે વખતનું હુંપણું અત્યારના જેવું ક્ષુદ્ર નહિ હોય. યથાર્થ હુંપણું તો સર્વ-

ભૂતસ્થ, સર્વગત, સર્વાન્તરાત્મા જેવું હોય છે. ઘટાકાશ, ઘટના ભાગવાથી મહાકાશમાં મળી જાય છે તેથી કાંઇ એ ઘટાકાશનો વિનાશ થતો નથી; તેમ દેહબદ્ધ ક્ષુદ્ર અહંપણાને લઇને તું મુંઝાઇ રહ્યો છે તે અહંપણું વિસ્તાર પામીને સર્વગત અહંપણાનું અર્થાત્ આત્માનું સ્વરૂપ ધારણ કરે છે. એથી કરીને હવે તુંજ કહે કે મન રહે કે વિનાશ પામે તોપણ તારા યથાર્થ અહંપણાને (આત્માને) હાનિ શું થઇ?

આ માત્ર બોલી જાઉં છું એમ માનીશ નહિં. વખત જતાં તને પણ તે **कालेनात्मनि विन्दति ।** શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરતાં કરતાં ઉપરની વાત તને દૃઢ થઇ જશે અને મનની પેલી તરફ પણ પહોંચી જઇશ. ત્યારપછી કાંઇ પ્રશ્ન કરવા જેવુંજ નહિ રહે.

શિષ્ય આ બધી વાત શાંત રીતે સાંભળતો બેસી રહ્યો. સ્વામીજીએ થોડીવાર રહીને જણાવ્યું કેઃ–"આ એક સામાન્ય વાતને સમજાવવાને માટે કેટલાં બધાં શાસ્ત્રો રચાયાં છે? આટલું આટલું છતાં લોકોને ગળે આ વાત હજી ઉતરતી નથી! કેવળ દેખાવમાત્રમાં રમણીય લાગનારા સોના–રૂપાના ટુકડા અને યુવતીઓના ક્ષણભંગુર સૌંદર્યમાં મુગ્ધ બની કેટલાબધા મનુષ્યો દુર્લભ મનુષ્યજન્મ વ્યર્થ વીતાવી દે છે! ખરેખર મહામાયાનો પ્રભાવજ આશ્ચર્યકારક છે! અરે મા! મા!"

प्रसंग ७ मो.

(સ્થાન કલકત્તા, ઈ. સ. ૧૮૯૭–માર્ચ–એપ્રીલ.)

અમેરિકાથી સ્વામીજી હિંદમાં પાછા પધાર્યા ત્યારે કેટલોક વખત કલકત્તામાંજ રહ્યા હતા. બાગબજારમાં સ્વ૦ બલરામ બસુ મહાશયનું ગૃહ એ તેમનું નિવાસસ્થાન હતું. વચમાં પોતાના પરિચિત ભક્તોને ત્યાં પણ તેઓ થોડો સમય જઇ આવતા. આજે સવારે શિષ્ય સ્વામીજી પાસે હાજર થયો ત્યારે તેને જણાયું કે સ્વામીજી ક્યાંક બહાર જવાની તૈયારી કરી રહ્યા છે. શિષ્યને "ચાલ મારી સાથે આવીશ કે?" એમ કહીને તેમણે નીચે ઉતરવા માંડ્યું. શિષ્ય પણ પાછળ પાછળ ચાલ્યો. એક ભાડાની ગાડીમાં શિષ્ય તથા સ્વામીજી બન્ને બેઠા. ગાડી દક્ષિણ તરફ ચાલવા લાગી.

શિષ્યઃ—મહાશય, ક્યાં જવાનું છે।

સ્વામીજીઃ—તું તારે ચાલને, પોતાની મેળે તને ખબર પડશે!

મહાકાલી કન્યાશાળાની મુલાકાત, સ્ત્રી કેળવણીવિષે ચર્ચા.

આ પ્રમાણે શિષ્યને કાંઇ પણ જણાવ્યા વિના ગાડી બીડનસ્ટ્રીટમાં થઇને ચાલવા લાગી. વાતવાતમાં સ્વામીજીએ કહેવા માંડયું કેઃ—" તારા દેશમાં કન્યાઓને ભણાવવા ગણાવવાનો કાંઇ પ્રયત્ન થતો જોવામાં આવતો નથી. તમે લોકો તો ભણી ગણીને હોશીયાર બનો છો, પરંતુ જે તમારા સુખ દુઃખની ભાગીયણ છે અને જે સદાકાળને માટે પોતાનું સર્વસ્વ તમને અર્પણ કરી રહી છે, તેમને શિક્ષણ આપવા તથા ઉન્નત બનાવવાને માટે તમે શું પ્રયત્ન કરો છો ? "

શિષ્યઃ—કેમ મહાશય ! આજકાલ કન્યાઓ અને સ્ત્રીઓને માટે અનેક સ્કુલો તથા કૉલેજો સ્થાપન થઇ છે. કેટલીક સ્ત્રીઓ તો બી. એ. તથા એમ. એ. પણ પાસ કરી ચૂકી છે.

સ્વામીજીઃ—એ તો બધું વિલાયતનું અનુકરણ માત્ર. **તમારા દેશને અનુકૂળ આવે અને તમારા પોતાના ધર્મશાસ્ત્રનું શિક્ષણ આપી શકે એવી કેટલી શાળાઓ તથા પાઠશાળાઓ તમારા દેશમાં છે ?** પુરૂષોને માટેજ આવી શાળાઓ નથી તો પછી સ્ત્રીઓને માટે તો હોયજ કયાંથી ? તમારા દેશમાં પુરૂષ વર્ગમાં પણ શિક્ષણનો જેવો જોઇએ તેવો વિસ્તાર થયો નથી. ગવર્નમેંટના વસ્તીપત્રકમાં ખુલ્લું જણાવવામાં આવ્યું છે કે હિંદુસ્થાનમાં સેંકડે ૧૦-૧૨ માણસોજ ભણેલા મળી આવે છે. જો પુરૂષોના મોટાભાગની આવી સ્થિતિ છે તો પછી સ્ત્રીવર્ગમાં સેંકડે એક પણ ભણેલી મળી ન હોય તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?

દેશની દુર્દશાનું આજ મોટામાં મોટું કારણ છે. વિચાર કરી જો કે જ્યાંસુધી શિક્ષણનો પ્રચાર ન થાય, જ્ઞાનનો પ્રકાશ ન પડે ત્યાં સુધી દેશની ઉન્નતિ થઇ જ કેમ શક ? તમારા જેવા કેટલાક યુવકો કે જે સારી કેળવણી પામેલા છે અને જેમના ઉપર દેશના ભવિષ્યનો આધાર છે, તેઓ પણ શિક્ષણના પ્રચાર માટે કાંઇ પ્રયત્ન કરતા હોય તેમ જણાતું નથી; પરન્તુ એટલું સ્મરણમાં રાખજે કે જ્યાં સુધી સર્વસાધારણ જનસમાજની અંદર **સ્ત્રી અને પુરૂષ ઉભયમાં કેળવણીનો પ્રચાર નહિ થાય ત્યાંસુધી તમારાથી કશુંજ બની શકવાનું નથી.** એટલાજ માટે મારી એવી ઇચ્છા છે કે થોડાએક બ્રહ્મચારીઓ અને થોડી એક બ્રહ્મચારિણીઓ તૈયાર કરવી. બ્રહ્મચારીઓ વખત જતાં સંન્યાસ ગ્રહણ કરી ગામેગામે અને શહેરેશહેરે ફરી જનસમાજમાં જ્ઞાનનો પ્રચાર કરશે, અને બ્રહ્મચારિણીઓ સ્ત્રીઓમાં જાગ્રતિ ફેલાવશે; પરન્તુ આ બધી વ્યવસ્થા આપણા દેશીય ધોરણ ઉપર થવી જોઇએ. પુરૂષોને માટે જેમ કેટલાંક શિક્ષણકેન્દ્ર સ્થાપિત કરવાં પડશે તેમ સ્ત્રીઓને કેળવણી આપવા માટે પણ કેટલાંએક કેંદ્રોની સ્થાપના કરવી પડશે. આ સર્વ કેંદ્રસ્થાનમાં જઈ સુશિક્ષિત તથા સચ્ચરિત્રવાળી

બ્રહ્મચારિણીઓ સ્ત્રીઓને જ્ઞાન આપશે. તેમને પુરાણ, ઇતિહાસ, ગૃહકાર્ય, શિલ્પ તથા ગૃહવ્યવસ્થાના નિયમો શીખવી આદર્શચરિત્રવાળી તથા નીતિશીલ બનાવવાનો પ્રયત્ન કરશે. ટુંકામાં આર્યસંસારને યોગ્ય ઉત્તમ ગૃહિણીઓ દેશમાં ઉત્પન્ન કરવાને આ બ્રહ્મચારિણીઓ પોતાથી બનતો દરેક પ્રયત્ન કરશે. પછી જ્યારે આવી સુશિક્ષિત અને સચ્ચરિત્ર સ્ત્રીઓને 'પેટે પુત્ર અવતરશે ત્યારે તે યોગ્ય માતાઓના યોગ્ય પુત્રો, માતાથી પણ અધિક ઉન્નત બનવા લાગશે, અને ધીમે ધીમે વિશેષ નીતિપરાયણ તથા ધાર્મિક બની દેશના મહાન્ પુરૂષોની સંખ્યામાં વૃદ્ધિ કરશે. અત્યારે તો તમે સ્ત્રીઓને એક પ્રકારનાં પ્રજોત્પત્તિનાં કારખાનાંનું જ રૂપ આપી દીધું છે ! રામ ! રામ !! તમારી કેળવણીનું આજ ફળ આવ્યું ! પ્રથમજ સ્ત્રીઓને ઉન્નત કરો અને ગરીબમાં ગરીબ જનસમાજને જાગૃત કરો. ત્યારેજ તમારા દેશનું કલ્યાણ થશે.

તે દરમીઆન કૅાર્નવાલીસ સ્ટ્રીટવાળા બ્રાહ્મસમાજ પાસે થઇને ગાડી આગળ વધવા લાગી. સ્વામીજીએ ગાડીવાનને કહ્યું કે:—"ચોરબાગાનના રસ્તા ઉપરથી ચલાવ !" સ્વામીજીના કહેવા પ્રમાણે ગાડી જ્યારે ધારેલા માર્ગ ઉપરથી ચાલવા માંડી ત્યારે સ્વામીજીએ શિષ્યને કહ્યું કે, મહાકાલીપાઠશાળાની સ્થાપનકર્ત્રી તપસ્વિની માતાએ પાઠશાળાની મુલાકાત લેવાનું તેમને આમંત્રણ કર્યું હતું. તેથી આજે ત્યાં જવાનું છે. તે વખતે કન્યાશાળા બે માળવાળા એક ભાડાના મકાનમાં હતી. ગાડી ઉભી રહી એટલે બેચાર ગૃહસ્થો સ્વામીજીને પ્રણામ કરી ઉપર લઇ ગયા. ત્યાં તપસ્વિની માતાએ ઉભાં થઇ સ્વામીજીને આવકાર આપ્યો. થોડીવાર પછી માતાજી સ્વામીજીને સાથે લઇને એક વર્ગ બતાવવા ગયાં. વર્ગમાં બેઠેલી કુમારિકાઓએ ઉભાં થઇ સ્વામીજીનું સ્વાગત કર્યું. પછી માતાજીનો આદેશ થતાં કુમારિકાઓએ ઉચ્ચકંઠે શિવસ્તોત્ર ગાઇ સંભળાવ્યું. ત્યાર પછી પાઠશાળામાં પૂજાદિનું શિક્ષણ કેવી પદ્ધતિએ અપાય છે તે પણ કુમારિકાઓએ બતાવ્યું. સ્વામીજી પ્રસન્નનેત્રે આ સર્વ જોઇ રહ્યા અને પછી બીજા એક વર્ગની કન્યાઓને જોવા માટે આગળ ચાલ્યા. વૃદ્ધા માતાજી સ્વામીજીની સાથે દરેક સ્થળે ફરી શકે તેમ ન હોવાથી માતાજીએ બેચાર શિક્ષકોને બોલાવી સ્વામીજીને દરેક વર્ગ બરાબર બતાવવાની આજ્ઞા કરી. સ્વામીજીએ દરેક વર્ગની મુલાકાત લીધી અને પછી વૃદ્ધા માતાજી પાસે આવી, માતાજીની એક વિદ્યાર્થિની કુમારિકાને ત્યાં આગળ બોલાવી રઘુવંશના તૃતીય સર્ગના પ્રથમ શ્લોકની વ્યાખ્યા કરવાનુ કહ્યું. કુમારિકાએ તે શ્લોકની સંસ્કૃતમાંજ વ્યાખ્યા કરી સંભળાવી. સ્વામીજીએ પોતાનો સંતોષ પ્રકટ કર્યો અને સ્ત્રીશિક્ષાના પ્રચારનું કાર્ય આટલી બધી ખંત તથા મહેનતથી બજાવવામાં આવે છે તે બદલ માતાજીની બહુ પ્રશંસા કરી.

માતાજીએ ઉત્તરમાં વિનીતભાવે માત્ર એટલુંજ જણાવ્યું કેઃ-" કુમારિકાઓને દેવીઓ સમજી બની શકે તેટલી સેવા કરૂં છું; બાકી વિદ્યાલયની સ્થાપના કરી યશલાભ કે કોઇ એવો બીજો લાભ મેળવવાની જરાયે ઇચ્છા કે વાસના નથી."

વિદ્યાલય સંબંધી વાતચીત પૂરી થઇ અને સ્વામીજીએ રજા લેવાની ઇચ્છા બતાવી ત્યારે માતાજીએ પાઠશાળા સંબંધી પોતાનો અભિપ્રાય "વીઝીટબુક" માં નોંધવાનું સ્વામીજીને જણાવ્યું. સ્વામીજીએ આ વીઝીટબુકમાં પોતાનો અભિપ્રાય વિસ્તારપૂર્વક લખ્યો. અભિપ્રાયની છેલ્લી લીટી હજી પણ શિષ્યના સ્મરણમાં છે. તે છેલ્લી લીટી આ પ્રમાણે હતીઃ-હિલચાલ સાચી દિશામાં છે.

સ્ત્રીકેળવણીની પદ્ધતિ વિષે પોતાના આંતરિક વિચારો.

છેવટે માતાજીને ધન્યવાદ આપી સ્વામીજી ગાડીમાં બેઠા; અને શિષ્યની સાથે વાતચીત કરતા બાગબજાર તરફ આગળ વધ્યા. રસ્તામાં જે કાંઇ વાતચીત થઇ તેનો સારાંશ નીચે આપ્યો છેઃ—

સ્વામીજીઃ—" જોયું ને ? ક્યાં એમનો (માતાજીનો) જન્મ! સર્વસ્વનો ત્યાગ કરવા છતાં લોકહિતની ખાતર કેવો ભગીરથ પ્રયત્ન! સ્ત્રી સિવાય કન્યાઓને આવી ખંત અને મહેનતથી બીજું કોણ શિક્ષણ આપી શકે ? બધું સુંદર અને સુયોગ્ય હતું; પણ ત્યાં જે થોડા ઘણા પુરૂષ શિક્ષકો છે તે મને ઠીક નથી લાગતું. સુશિક્ષિતા વિધવાઓ અને બ્રહ્મચારિણીઓની ઉપરજ પાઠશાળાની કેળવણીનો ભાર મૂકવો જોઇએ. આપણા દેશમાં બને ત્યાંસુધી કન્યાશાળાઓમાં કે સ્ત્રીશાળાઓમાં પુરૂષોનો સંભવજ ન રહે એમ કરવું જોઇએ.

શિષ્યઃ—પરન્તુ મહાશય, ગાર્ગી અને લીલાવતી જેવી ગુણવતી તથા શિક્ષિતા સ્ત્રીઓ હવે આ દેશમાં જન્મ લે એમ આપને લાગે છે?

સ્વામીજીઃ—દેશમાં અત્યારે કોઇ એવી સ્ત્રી છેજ નહિ, એમ તું ધારે છે ? તને ખબર છે કે આ દેશ કોનો છે? આ તેજ દેશ છે કે જ્યાં સીતા અને સાવિત્રી જેવી દેવીઓએ જન્મ લઇ જગતને ચકિત કર્યું છે! હજી અત્યારે પણ અહિંની કન્યાઓમાં અને સ્ત્રીઓમાં જેવું ચારિત્ર્ય, સેવાભાવ, સ્નેહ, દયા, સંતોષ તથા ભક્તિ જોવામાં આવે છે, તેવું પૃથ્વીના બીજા કોઇ ભાગમાં મેં જોયું નથી. પશ્ચિમની સ્ત્રીઓને જોવાથી મને તો એમજ લાગતું કે એમને સ્ત્રીઓનું નામજ આપી શકાય નહિ! પુરૂષો અને સ્ત્રીઓમાં કાંઇ ભેદજ ન મળે! ટ્રામો ચલાવવી, ઑફીસોમાં નોકરી કરવી, સ્કૂલમાં જવું, પ્રૉફેસરી કરવી વગેરે કામ પણ ત્યાં સ્ત્રીઓજ કરે છે! એક માત્ર ભારતવર્ષની કન્યાઓને જોવાથીજ આંખો ઠરે છે! તેમનામાં લજ્જા, વિનય આદિ ગુણો હજી પણ જેવા ને તેવાજ રહી ગયા છે! આવાં સરસ સાધનો હોવા છતાં તમે સ્ત્રીજાતિની ઉન્નતિ કરી શકતા નથી!

તેમની અંદર જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનુંજ કાર્ય તમારે કરવાનું છે. યોગ્ય શિક્ષણ **મળે તો તમારા દેશની સ્ત્રીઓ હજી પણ આદર્શ સ્ત્રીઓ બની શકે તેમ છે.**

શિષ્યઃ—મહાશય, માતાજી જે રીતે કન્યાઓને કેળવે છે તે રીત જોતાં આપને એમ લાગે છે કે આપે ધાર્યું તેવી આદર્શસ્ત્રીઓ તૈયાર થઇ શકે? જે કન્યાઓ અત્યારે શિક્ષણ મેળવે છે તે સર્વ મોટી થશે એટલે તુરત વિવાહ કરશે અને પછી અત્યારે જેવી બીજી સ્ત્રીઓ છે તેવીજ તે પણ બની જશે. મને તો એમ લાગે છે કે જો તેઓ બ્રહ્મચર્યવ્રત પાળી શકે તો સમાજ અને દેશની ઉન્નતિને અર્થે પોતાના જીવનનો પણ ભોગ આપી શકે અને શાસ્ત્રમાં કહેલા ઉચ્ચ આદર્શને પણ પ્રાપ્ત કરી શકે.

સ્વામીજીઃ—એ બધું ધીમે ધીમે થાય. **જેઓ સમાજની નિંદા કે દંડની પરવા કર્યા વિના પોતાની કન્યાઓને અવિવાહિતા રાખી શકે એવા પુરૂષોજ આ દેશમાં હજી ક્યાં છે?** જોતો નથી કે છોકરી બાર તેર વરસની થઇ ન થઇ તેટલામાં તો સમાજભય અને લોકભયના માર્યા માબાપો આંખો મીંચીને પરણાવી દે છે! તે દિવસે જ્યારે સમ્મતિવયનો કાયદો થવાનો હતો ત્યારે સમાજના નેતાઓ અને લોકો કેવી બૂમો પાડવા મંડી ગયા હતા? "અમને કાયદો નથી જોઇતો." એ બૂમો શું સૂચવે છે? બીજા દેશમાં જો આવો કોઇ કાયદો પસાર થવાનો હોય તો બૂમો પાડવી તો એક બાજુએ રહી, પણ ઉલટા લોકો શરમાય–બહાર મોં પણ બતાવી ન શકે. સમાજમાંથી હજી અમુક કલંક ગયું નથી, એમ જાણીને બીજા દેશના લોકો શરમાય, તે કલંકને પણ તમે તો ભૂષણરૂપ માની લ્યો છો!

બાળલગ્નથી હાનિ.

શિષ્યઃ—પણ મહાશય! સંહિતાકારે કાંઇ વિચાર કર્યા વિનાજ બાલવિવાહને અનુમોદન આપી દીધું હશે? ખરેખર તેમાં કાંઇક ગુપ્તભેદ અવશ્ય હોવો જોઇએ.

સ્વામીજીઃ—શું રહસ્ય હશે? તુંજ કહે.

શિષ્યઃ—પહેલું તો એ કે વધુ નાની ઉંમરમાં સ્વામીના ઘેર આવી કુલધર્મ શું છે તે શીખવાની નાનપણથીજ શરૂઆત કરે. બીજું સાસુના હાથ નીચે રહી ઘરના કામમાં નિપુણતા મેળવવાનો પ્રયત્ન કરે. વળી પિતાને ત્યાં જો કન્યા લાંબો વખત રહે તો કન્યા ઉચ્છૃંખલ અને ઉદ્ધત બની જાય એવો પણ સંભવ રહે; એટલા માટે જો નાનપણમાંજ વિવાહ કરી દીધો હોય તો કન્યાને ઉદ્ધત બનવાનો પ્રસંગજ ન મળે; અને તે સિવાય સાસરામાં આવી લજ્જા, નમ્રતા, સહનશીલતા તથા શ્રમશીલતા ઇત્યાદિ પ્રાપ્ત કરે તે તો જૂદું. આથી તેનું મન, શરીર અને હૃદય એ સર્વ વિકાસ પામી શકે.

સ્વામીજી:—બીજી તરફથી એમ પણ કહેવાય કે નાનપણમાંજ કન્યાઓનો વિવાહ કરી દેવામાં આવે તો અકાળે પુત્રનો જન્મ આપી સ્રીઓ મોટે ભાગે કમોતે મરણ પામે. બાળલગ્નથી પેદા થએલી પ્રજા અલ્પાયુષી અને નિર્બળ બનીને દેશના ભિખારીઓની સંખ્યામાં ઉમેરો કરે. પિતા–માતાનું શરીર જો સંપૂર્ણ નીરોગી અને બળવાન ન હોય તો નીરોગી અને બળવાન સંતાનો કોઇ કાળે જન્મે નહિ. યોગ્ય કેળવણી લીધા પછી અને વિવાહ યોગ્ય ઉમ્મરમાં આવ્યા પછી કન્યાઓને જો પરણાવવામાં આવે તોજ દેશનું કલ્યાણ કરી શકે એવા પુત્રો ઉત્પન્ન થઇ શકે. અત્યારે ઘેર ઘેર અનેક વિધવાઓ દૃષ્ટિગોચર થાય છે તેનું કારણ આ બાળવિવાહ સિવાય બીજું શું છે? બાળવિવાહમાં ઘટાડો થશે તો વિધવાઓની સંખ્યા પણ ઓછી થઇ જશે.

શિષ્ય:—પણ મહાશય, મને તો એમ લાગે છે કે જો કન્યાઓ મોટી ઉમ્મરમાં આવ્યા પછી પરણે તો તેઓ ગૃહકાર્યમાં બરાબર લક્ષ આપી શકે નહિ. મેં સાંભળ્યું છે કે અત્યારેજ કલકત્તામાં કેટલાંક એવાં ગૃહો છે કે જ્યાં સાસુઓ ઘરનું રસોઇ વગેરે કામકાજ કરે છે; અને સુશિક્ષિતા ગણાતી પુત્રવધૂઓ મોજાંઓ પહેરીને પગ ઉપર પગ ચડાવી બેસી રહે છે! હજી આપણાં ગામડાંઓમાં આવો વા નથી આવ્યો, એટલું ઠીક છે!

સ્વામીજી:—સારૂં અને નરસું એ બે વસ્તુઓ તો દરેક દેશમાં હોયજ. હું એમ માનું છું કે દરેક દેશમાં સમાજ તો પોતેજ પોતાની મેળે તૈયાર થાય છે. એટલા માટે બાળવિવાહને અટકાવવા પાછળ અથવા તો વિધવાઓનું પુર્નલગ્ન કરાવવાના વિષય પાછળ આપણે માથું પકાવવાની જરૂર નથી. આપણું તો કાર્ય માત્ર એટલુંજ છે કે સ્રીપુરૂષ અને સમાજના બધા માણસોને યથાશક્તિ શિક્ષણ આપવું. શિક્ષણ બરાબર મળશે તો સારૂં શું અને નરસું શું, એ તેઓ પોતાની મેળેજ વિચારી લેશે. બુદ્ધિના પ્રકાશમાં જે વસ્તુ ખરાબ લાગશે તેને મનુષ્યો પોતેજ ત્યજી દેશે. જેથી સમાજમાં તેને માટે હોહા કરવાની કે ધડભાંજ કરવાની જરૂરજ નહિ રહે.

સ્રી કેળવણીની રૂપરેખા.

શિષ્ય:-સ્રીઓને માટે અત્યારે કેવા પ્રકારના શિક્ષણની જરૂર છે?

સ્વામીજી:-ધર્મ, શિલ્પ, વિજ્ઞાન, ગૃહવ્યવસ્થા, રાંધણ, શીવણ, આરોગ્ય, વગેરે વિષયોની ઉપલક સમજણ કન્યાઓને આપવી જોઇએ. ઉપન્યાસો અને નાટકોનો સ્પર્શ પણ થવા દેવો ન જોઇએ. મહાકાલીપાઠશાળા બહુ સારી ચાલે છે, છતાં માત્ર પૂજાપદ્ધતિ શીખવવાથીજ બધું પતી જાય તેમ નથી. પ્રત્યેક વિષયનું થોડું ઘણું જ્ઞાન મળવું જોઇએ. જે જે આદર્શ નારીઓ થઇ ગઇ છે

તે બધી પવિત્ર સન્નારીઓનાં જીવનચરિત્રો કન્યાઓની નજર આગળ તરતાં રાખવાં જોઇએ; અને ઉચ્ચપ્રકારનો ત્યાગ કરવાની તેમને વૃત્તિ સ્ફુર્યા કરે એવી વ્યવસ્થા ખાસ કરીને થવી જોઇએ. સીતા, સાવિત્રી, દમયંતી, લીલાવતી, મીરાં વગેરેનાં જીવનચરિત્રો બાલિકાઓને શીખવીને તેમને સમજાવવું જોઇએ કે તમારે પોતે પણ તમારા જીવનને તેવુંજ બનાવવું જોઇએ.

વાત કરતાં કરતાં ગાડી બાગબજારમાં સ્વ૦ બલરામ બસુને ત્યાં આવી પહોંચી. સ્વામીજી ગાડીમાંથી નીચે ઉતર્યા અને ત્યાં આગળ સ્વામીજીની રાહ જોતાં જે દર્શનાભિલાષી ગૃહસ્થો બેઠા હતા, તેમને સર્વને મહાકાલીપાઠશાળા સંબંધી વૃત્તાંત આદ્યોપાન્ત કહી સંભળાવ્યો.

ત્યાર પછી " રામકૃષ્ણ મિશન " નામની એક નવીન સંસ્થાની સ્થાપના કરવાની હતી; તેથી પ્રત્યેક સભાસદે શું શું કામો કરવાં જોઇએ તે સંબંધી વિવેચન કરતાં સ્વામીજીએ " વિદ્યાદાન " અને " જ્ઞાનદાન " નું શ્રેષ્ઠત્વ બહુ અસરકારક રીતે સિદ્ધ કર્યું. શિષ્યને ઉદ્દેશીને સ્વામીજીએ કહ્યું કે;—" **શિક્ષણ આપો, શિક્ષણ આપો. नान्यः पन्था विद्यतेऽयनाय । એ સિવાય બીજો ઉપાય નથી.** કેળવણી આપવાના મતથી જેઓ વિરૂદ્ધ હતા તેમના તરફ કટાક્ષ કરતાં સ્વામીજીએ કહ્યું કે:—" જોજે, ભૂલેચૂકે આ પ્રહ્લાદ ટોળામાં ભળી જતો નહિ. " સ્વામીજી શું કહેવા માગે છે તે બરાબર નહિ સમજી શકવાથી શિષ્યે સ્પષ્ટીકરણ કરવાને વિનંતિ કરી. સ્વામીજીએ કહ્યું કે:—" તેં નથી સાંભળ્યું કે " ક " અક્ષરને જોવા માત્રથીજ પ્રહ્લાદની આંખમાં પાણી ભરાઇ આવ્યું હતું. એક અક્ષર જોતાંની સાથેજ જો કોઇની આંખમાંથી પાણી ભરાઇ આવે તો તેનાથી આગળ વાંચીજ કેમ શકાય ? અલબત્ત, એટલું છે કે પ્રહ્લાદના આંખમાં તો પ્રેમનું જળ ઉભરાઇ આવ્યું હતું, જ્યારે અત્યારના કેટલાક મૂર્ખ માણસોને તો ભયથી આંખમાં પાણી ભરાઇ આવે છે ! " સર્વ કોઇ આ હાસ્યકટાક્ષ સાંભળી હસવા લાગ્યા. સ્વામી યોગાનંદે જણાવ્યું કે:—" આપ જ્યારે કોઇ વિષયનું ખંડન કરો છો ત્યારે તેને જડમૂળથી કાઢી ફેંકી દો છો ! આપની ઇચ્છા."

प्रसंग ८ मो.

(સ્થાન—કલકત્તા, ઈ. સ. ૧૮૯૭)

થોડા દિવસ થયાં સ્વામીજી બાગબજારમાં સ્વ. બલરામ બસુને ત્યાં રહેતા. સ્વામીજી ગમે ત્યાં રહે તોપણ ઉત્સાહી યુવકો તથા કૉલેજના વિદ્યાર્થીઓનાં

એટલાં બધાં ટોળેટોળાં તેમની પાસે આવતાં કે સવારે સાંજે કે બપોરે તેમને લેશ પણ આરામ મળી શકતો નહિ. સ્વામીજી પ્રત્યેકને ધર્મ અને .દર્શનના ગૂઢ સિદ્ધાન્તો પ્રેમપૂર્વક સરલ ભાષામાં કહી સંભળાવતા. એમની પ્રતિભા જોઇ જિજ્ઞાસુઓ સ્તબ્ધ બની જતા અને ઘણી વખત તેમની પાસેજ બેસી રહેતા.

શિષ્યના હાથની રસોઇ જમવાની સ્વામીજીની ઇચ્છા.

આજે ખગ્રાસ સૂર્યગ્રહણ હતું, તેથી જ્યોતિષીઓની મોટી સંખ્યા બહાર નીકળી પડી હતી. ધર્મની શ્રદ્ધાવાળા પુરૂષો તથા સ્ત્રીઓ પણ દૂર દૂરથી ગંગા કિનારે આવી ગ્રહણના સમયની ઉત્સુકતાથી રાહ જોતાં ઉભાં હતાં; પરન્તુ સ્વામીજીને ગ્રહણ સંબંધે કોઇ ખાસ પ્રકારનો ઉત્સાહ ન હતો. આજે સ્વામીજીની શિષ્ય પ્રત્યે એવી આજ્ઞા થઇ હતી કે શિષ્યે પોતે રસોઇ કરી સ્વામીજીને જમાડવા. તેથી શિષ્ય રસોઇની સામગ્રી બજારમાંથી ખરીદી લાવી પ્રાયઃ આઠ વાગે હાજર થઇ ગયો હતો. તેને જોઇ સ્વામીજીએ કહ્યું કેઃ—"તારા દેશની પદ્ધતિએજ આજે રસોઇ કરજે; અને ગ્રહણની પહેલાં જમી લેવાય તેવી ઉતાવળ રાખજે."

બલરામબાબુને ત્યાં આજે કોઇ કન્યા કે સ્ત્રી હાજર નહોતી, ઘર આખું ખાલી હતું; તેથી શિષ્યે રસોડામાં જઇ રસોઇની શરૂઆત કરી. શ્રી રામકૃષ્ણ પરમહંસ પ્રત્યે પરમ શ્રદ્ધાવાળાં શ્રીમતી યોગિની માતા તેની પાસે રહીને શિષ્યને જોઇતી વસ્તુઓ લાવી આપતાં. સ્વામીજી વચમાં વચમાં રસાડામાં પધારતા અને શિષ્યને ઉત્સાહ આપતા કે;-"જોજે, રસોઇમાં કઇ બગડી ન જાય, બરાબર પકવજે."

સારૂં રાંધી શકે તેજ સાચો સાધુ બની શકે !

ભાત, મગની દાળ તથા શાક તૈયાર થયું, એટલે સ્વામીજી સ્નાન કરી આવ્યા અને પોતે પોતાના હાથે પાત્રમાં લઇ આહાર કરવા બેસી ગયા. શિષ્યે કહ્યું કેઃ—"હજી રાંધવાનું બાકી છે." પણ સ્વામીજીએ તે તરફ કશું લક્ષજ આપ્યું નહિ; અને માબાપની પાસે લાડકો છોકરો કહે તેવી રીતે સ્વામીજીએ કહ્યું કેઃ— "જેટલું તૈયાર થયું હોય તેટલું લાવ. ભૂખથી પેટમાં બળતરા થાય છે. જલદી આપવા માંડ." શિષ્યે ઉતાવળમાં ને ઉતાવળમાં બધી રસોઇ સ્વામીજીની સન્મુખ ધરી. સ્વામીજીએ ખાવાનું શરૂ કર્યું. ત્યારપછી શ્રીયોગાનંદ તથા પ્રેમાનંદ વગેરે સંન્યાસી મહાત્માઓને પણ પત્રાવળીઓ પીરસી દેવામાં આવી. શિષ્ય રસોઇના કામમાં એટલો બધો ચાલાક નહોતો છતાં સ્વામીજીએ રસોઇની ખૂબ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આવી સુંદર અને સરસ રસોઇ મેં કોઇ દિવસ ખાધી નથી. શાક દાળ બહુ મજાનાં થયાં છે. સ્વામીજી આહાર કરી રહ્યા એટલે હાથ મોં ધોઇ ઘરમાં જઇ એક પાટ ઉપર જઇ બેઠા. શિષ્ય સ્વામીજીની સામે ચોગાનમાં જમવા બેઠો. સ્વામીજીએ આડે પડખે સૂતા સૂતા શિષ્યને કહ્યું કેઃ—" જે

સારૂં રાંધી શકે નહિ તે સારો સાધુ પણ બની શકે નહિ. મન શુદ્ધ ન હોય તો સ્વાદિષ્ટ રસોઇ પણ બની ન શકે."

થોડીક ક્ષણો પસાર થઇ હશે તેટલામાં ચોતરફથી શંખ તથા ઘંટના ધ્વનિ સંભળાવા લાગ્યા. સ્ત્રીઓનો કોલાહલ પણ શરૂ થયો. સ્વામીજીએ કહ્યું કે;–"અરે ગ્રહણ લાગી ગયું ! ચાલ ચાલ, હું જરા સૂઇ જઉં, જરા પગ ચાંપી જા તો ! " એટલું કહીને સ્વામીજી તંદ્રાનો અનુભવ કરવા લાગ્યા. શિષ્ય તેમની પાદસેવા કરતાં કરતાં વિચાર કરવા લાગ્યો કે;—" આવા પુણ્યક્ષેત્રમાં ગુરૂપાદસેવા એજ મારૂં તો ગંગાસ્નાન અને એજ મારો જપ. " શિષ્ય શાંતરીતે સ્વામીજીની પાદસેવા કરતો ત્યાંજ બેસી રહ્યો. ગ્રહણ ખગ્રાસ હોવાથી ધીમે ધીમે ચોતરફ સંધ્યાસમયના જેવો અંધકાર ફેલાઇ ગયો.

ગ્રહણ છૂટવાને ૧૫-૨૦ મિનિટ બાકી હશે તેટલામાં તો સ્વામીજી જાગી ઉઠયા; અને હાથમોં ધોવા માટે પાણી લાવવાની આજ્ઞા કરતાં સ્વામીજીએ હસતાં હસતાંજ કહ્યું કે;—" લોકમાં એમ કહેવાય છે કે ગ્રહણ વખતે જે કાંઇ થાય તેનું કોટીગણું ફળ મળે; એટલા માટે મેં ધાર્યું કે મહામાયાએ આ શરીરને બરાબર નિદ્રા કોઇ વખત લેવા દીધી નથી તો જો આ વખતે જરા ઉંઘ આવે તો પછી હમ્મેશાં એવીજ ઉંઘ આવ્યા કરે; પણ તેમ થયું નહિ, બહુ બહુ તો ૧૫ મિનિટ ઉંઘ આવી હશે.

શિષ્યોની વકતૃત્વશકિત કેળવવાનો પ્રયત્ન.

ત્યાર પછી શિષ્યસમુદાય સ્વામીજી પાસે આવી બેઠો. સ્વામીજીએ શિષ્યને ઉપનિષદ્‌ના સંબંધમાં કાંઇક વિવેચન કરવાનું ફરમાન કર્યું. શિષ્યે સ્વામીજીની હાજરીમાં હજી કોઇ વખત ભાષણ આપ્યું નહતું, તેથી તેનું હૃદય થરથર ધ્રૂજવા લાગ્યું; પરંતુ સ્વામીજી એટલેથીજ છોડી દે તેમ નહોતું. ન છૂટકે શિષ્યને ઉભું થવું પડયું. તેણે ઉભા થઇને " **परांचि खानि व्यतृणवत् स्वयंभूः ।** " એ મંત્રની વ્યાખ્યા કરવાનું શરૂ કર્યું. વિષયને આગળ લંબાવતાં ગુરૂભક્તિ તથા ત્યાગનો મહિમા વર્ણવ્યો; અને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ એજ પરમ પુરૂષાર્થ છે એમ સિદ્ધ કરી પોતાના આસને બેસી ગયો. સ્વામીજીએ પુનઃ પુનઃ તાલીઓ પાડી અને શિષ્યને વિશેષ ઉત્સાહી કરવા " વાહ ! બહુ સુંદર ! " ઇત્યાદિ ઉદ્‌ગારો કહાડયા.

સ્વામીજીએ શ્રી શુદ્ધાનંદ તથા શ્રી પ્રકાશાનંદ વગેરે સંન્યાસીઓને પણ કાંઇક બોલવાનો હુકમ કર્યો. એટલે સ્વામી શ્રી શુદ્ધાનંદજીએ તેજસ્વી ભાષામાં એક ટુંકું ભાષણ " ધ્યાન " સંબંધે આપ્યું. તે પછી સ્વામી પ્રકાશાનંદ પણ કાંઇક બોલ્યા. ભાષણોનું કામ પૂરૂં થયું એટલે સ્વામીજી ઉઠીને બહાર આવ્યા.

સંધ્યાકાળને હજી એક કલાકની વાર હતી. સર્વ શિષ્યો બહાર આવ્યા ત્યારે સ્વામીજીએ કહ્યું કે;—"તમારામાંથી કોઇને કાંઇ પૂછવું હોય તો પૂછો."

ધ્યાનનું સ્વરૂપ અને બહિરાવલંબન વિષે ચર્ચા.

શુદ્ધાનંદ સ્વામીએ પ્રશ્ન કર્યો કે:–" મહાશય, ધ્યાનનું સ્વરૂપ શું ? "

સ્વામીજી:—કોઇ પણ વિષયમાં મનને એકાગ્રતાથી જોડવું તેનું નામ ધ્યાન. એક વિષયમાં એકાગ્ર થનારૂં મન ગમે તે વિષયમાં એકાગ્ર થઇ શકે.

શિષ્ય:—શાસ્ત્રમાં વિષય અને નિર્વિષય એવા ધ્યાનના બે ભેદ પાડયા છે તેનો અર્થ શું હશે ? તે બે ધ્યાનમાં કયું ધ્યાન ઉત્તમ કહેવાય ?

સ્વામીજી:—પ્રથમ તો કોઇ એક વિષયનેજ લક્ષ કરી ધ્યાનના અભ્યાસની શરૂઆત કરવી જોઇએ. હું પોતે એક વખત એક કાળા બિન્દુ ઉપર મનને સ્થિર કરતો, તે વખતે છેવટે એ બિન્દુ પણ હું જોઇ શકતો નહિ, અથવા તો સામે શું છે, તે પણ સમજી શકતો નહિ. મનનો એવો નિરોધ થઇ જતો કે વૃત્તિનો એકે તરંગ તેમાંથી ઉદ્ભવતો નહિ–જાણે કે શાંત–ગંભીર–મહોદધિ. આ અવસ્થામાં ઇન્દ્રિયાતીત સત્યની કાંઇક છાયા જોવામાં આવતી. એટલા માટે કોઇ પણ સામાન્ય બાહ્ય વિષયને આગળ રાખી ધ્યાનનો અભ્યાસ કરવાથી મન એકાગ્ર થવા માંડે છે. છતાં જેનું જે વિષયમાં મન લાગ્યું હોય તે વિષયનેજ આગળ રાખી જો તે ધ્યાનનો અભ્યાસ કરે તો બહુ જલદીથી તેનું મન સ્થિર થઇ જાય. આપણા દેશમાં દેવ અને દેવીઓની મૂર્ત્તિપૂજા પ્રચલિત છે. આ મૂર્ત્તિપૂજાના પ્રતાપે એક વખત આપણા દેશમાં શિલ્પશાસ્ત્રની કેટલી બધી ઉન્નતિ થઈ હતી ? પણ તે વિષયને હમણાં જવા દઇશું. અત્યારે આપણો વિષય ધ્યાનનો છે. ધ્યાનને માટે બાહ્ય અવલંબન જોઇએ, પણ બધાને માટે એકજ અને સમાનજ સાધન જોઇએ એવો કાંઇ નિયમ નથી. જેને જે સાધનના અવલંબનથી ધ્યાન સિદ્ધ થાય, તે સાધનની તે પ્રશંસા કરે તથા પ્રચાર કરે તે પણ સ્વાભાવિક છે; પણ ઘણે ભાગે બને છે એમ કે **બાહ્યસાધનો મનને સ્થિર કરવાને માટે અવલંબનરૂપ છે, એ વાત પાછળથી ભૂલી જવાય છે; અને બાહ્યસાધનમાંજ સર્વસ્વ માની બેસાય છે.** એવી રીતે સાધનોમાંજ આજકાલ મનુષ્યો અટકી ગયાં છે અને ઉદ્દેશ–છેકજ વિસરાઇ ગયો છે. ઉદ્દેશ તો એજ હતો કે મનને વૃત્તિશૂન્ય કરવું; પણ તે તો એક બાજુએજ રહી ગયું. કહેવાનો આશય એટલોજ છે કે મન કોઇ પણ વિષયમાં તલ્લીન ન થાય ત્યાંસુધી વૃત્તિશૂન્ય થઇ શકે નહિ.

શિષ્ય:—મનોવૃત્તિ વિષયાકાર થાય તોપછી બ્રહ્મની ધારણા કેવી રીતે થઇ શકે ?

સ્વામીજી:—અલબત્ત, વૃત્તિ પ્રથમ વિષયાકાર થાય ખરી, પણ અંતે તો વિષયનું પણ જ્ઞાન રહેતું નથી; તે વખતે તો શુદ્ધ “ **अस्ति** ” એવું સત્તા માત્રનુંજ જ્ઞાન રહે છે.

શિષ્ય:—મહાશય, મનની એકાગ્રતા થવા છતાં પાછી કામના અને વાસના કેમ જાગ્રત થતી હશે ?

સ્વામીજી:—એટલું પૂર્વના સંસ્કારોનું બળ સમજવું. બુદ્ધદેવ જ્યારે સમાધિસ્થ થતા હતા ત્યારે અનેક પિશાચોએ તેમને કષ્ટ આપવા માંડયું હતું. આ પિશાચો કાંઇ બહાર નહોતા, મનના પૂર્વસંસ્કારોજ છાયારૂપે બહાર પ્રકાશ પામ્યા; એટલોજ અર્થ કરવાનો છે.

યોગાભ્યાસમાં ભયના પ્રસંગો એ માત્ર કલ્પનાજ છે !

શિષ્ય:—ત્યારે જે એમ કહેવાય છે કે સિદ્ધ થવા પહેલાં અનેક ભયંકર પ્રસંગોમાંથી પસાર થવું પડે છે, તે બધું શું મનઃકલ્પિત હશે ?”

સ્વામીજી:—એ સિવાય બીજું શું ? અલબત્ત, સાધક પોતે સમજી શકતો નથી કે આ બધી ભયંકરતાઓ એ માત્ર કેવળ તેના મનનોજ બાહ્યપ્રકાશજ છે, વસ્તુતઃ બહાર તો કશુંજ નથી. આ જે જગત દેખાય છે તે પણ પછી તો નથી રહેતું. મન જ્યારે વૃત્તિશૂન્ય થાય છે ત્યારે ધીમે ધીમે બ્રહ્માભાસનું દર્શન થવા લાગે છે; અને એવી શરૂઆત થઇ એટલે **यं यं लोकं मनसा संविभाति।** જે જે લોક મનમાં પ્રતિભાસિત થાય તે તે લોકનાં દર્શન થવા લાગે એ સ્વાભાવિક છે. પછી તો જે સંકલ્પ થાય તે તુરતજ સિદ્ધ થાય છે. આવી સત્યસંકલ્પ અવસ્થાની પ્રાપ્તિ થવા છતાં જેઓ અમનસ્ક રહી શકે છે, અર્થાત્ કોઇ આકાંક્ષાના ગુલામ નથી બનતા, તેમનેજ બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત થાય છે; અને જેઓ ઉક્ત અવસ્થાએ પહોંચ્યા પછી વિચલિત થઇ જાય છે, તેઓ વિવિધ સિદ્ધિઓ મેળવવાના લોભમાં પડી પરમાર્થથી ભ્રષ્ટ થાય છે. આ વાત કહેતાં કહેતાં સ્વામીજી પુનઃ પુનઃ શિવ, શિવ શબ્દનો ઉચ્ચાર કરવા લાગ્યા. છેવટે બોલ્યા કે:–“ ત્યાગ સિવાય આ ગંભીર જીવનસમસ્યાનું રહસ્ય કોઇથી સમજી શકાય તેમ નથી. ત્યાગ, ત્યાગ, ને ત્યાગનેજ તમારા જીવનનો મૂળમંત્ર બનાવો. **सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयं।** સંસારમાં મનુષ્યોને માટે વૈરાગ્ય સિવાય દરેક વસ્તુ ભયંકર છે. ”

प्रसंग ९ मो.

(સ્થાન–કલકત્તા. ઈ. સ. ૧૮૯૭.)

સ્વામીજી કેટલાએક દિવસ થયા બાગબજારમાં સ્વ૦ બલરામબાબુને ત્યાંજ રહેતા હતા. તેમણે આજે શ્રીરામકૃષ્ણ પરમહંસના ગૃહસ્થ ભક્તોને પોતાની પાસે બોલાવ્યા હતા, તેથી બપોરે ત્રણ વાગે સર્વ ગૃહસ્થ ભક્તો ત્યાં હાજર થઇ ગયા હતા. સ્વામીજીનો ઉદ્દેશ એક સભા સ્થાપવાનો હતો. બધા આવી ગયા પછી સ્વામીજી નીચે પ્રમાણે બોલ્યા:—

સંઘશક્તિ એજ મહાશક્તિ છે.

“ વિવિધ દેશોમાં ફર્યા પછી મારો એવો દ્રઢ નિશ્ચય થયો છે કે સંઘ સિવાય કોઇ પણ મહાન્ કાર્ય થઇ શકતું નથી; છતાં આપણા દેશની અત્યારે એવી સ્થિતિ છે કે તત્કાળ એક સાધારણ સંઘ તૈયાર થાય અથવા તો સાધારણ જનસમાજની સમ્મતિ લઇને કોઇ કામની શરૂઆત થાય તેમ બનવું મુશ્કેલ છે. પશ્ચિમ દેશના પુરૂષો તથા સ્ત્રીઓ આપણા જેવાં દ્વેષપરાયણ નથી, પણ અધિક સુશિક્ષિત અને સહનશીલતાવાળાં છે. તેઓ ગુણનું સન્માન કરતાં શીખ્યા છે. મારોજ દાખલો લ્યો. મારા જેવા એક સામાન્ય માણસનો તેમણે કેટલો બધો સત્કાર કર્યો છે? આપણા દેશમાં જ્યારે કેળવણીનો પ્રચાર થશે, જ્યારે સાધારણ જનસમાજ વિશેષે કરીને સહૃદય બનશે અને જ્યારે મત–પંથની સાંકડી દીવાલોને જમીનદોસ્ત કરી બહાર જોતાં શીખશે ત્યારેજ પ્રજાવર્ગનો મત લઇ કામ કરવાનું ધોરણ ઠીક પડશે. એટલાજ માટે અત્યારે સંઘનો એક દ્રષ્ટા અર્થાત્ મુખ્યમંત્રી નીમાવો જોઇએ, કે જે મંત્રીના આદેશને માન આપી સર્વ કોઇ પોતાનું કામ કરે. પછી જ્યારે લોકમત કેળવાશે ત્યારે લોકોના અભિપ્રાયને અનુસરવું સરળ થઇ પડશે. ”

“ અમે જેમના નામે સંન્યાસી બન્યા છીએ, અને આપ સર્વ જેને જીવનના આદર્શરૂપે સ્વીકારી ગૃહસ્થાશ્રમના કાર્યક્ષેત્રમાં ઉતર્યા છો, એટલુંજ નહિ પણ જેમના દેહાવસાન પછી માત્ર વીસજ વર્ષમાં જેમનું પુણ્યનામ તથા અદ્દભુત જીવનવૃત્તાંત સાંભળી પૂર્વ અને પશ્ચિમની પ્રજા આશ્ચર્યમાં ગરકાવ થઇ ગઇ છે; તે મહાત્માના નામથી આ સંઘની પ્રતિષ્ઠા થવી જોઇએ. આપણે સર્વે પ્રભુના સેવકો છીએ અને તેથી આપ સર્વ આ કાર્યમાં સહાયતા આપો, એમ ઇચ્છું છું. ”

શ્રીરામકૃષ્ણમિશનની સ્થાપના.

શ્રીયુત ગિરીશચંદ્ર ઘોષ વગેરે હાજર રહેલા ગૃહસ્થભક્તોએ આ ઠરાવને અનુમોદન આપ્યું; અને રામકૃષ્ણસંઘની ભાવી કાર્યપ્રણાલિવિષે ચર્ચા શરૂ થઇ. "રામકૃષ્ણપ્રચાર અથવા રામકૃષ્ણમિશન" એવું આ સંઘનું નામ રાખવામાં આવ્યું. તેના ઉદ્દેશ–વ્રત વગેરે નીચે ઉતારૂં છું:—

ઉદ્દેશ:—મનુષ્યોના કલ્યાણને અર્થે શ્રીરામકૃષ્ણે જે તાત્વિક વ્યાખ્યાઓ પ્રબોધી છે અને જે પવિત્ર ભાવનાઓ તેમના જીવનમાં સફળ થઇ છે, તેનો પ્રચાર કરવો અને મનુષ્યોની શારીરિક, માનસિક તથા પારમાર્થિક ઉન્નતિને માટે બની શકે તેટલી સહાય આપવી એ આ સંઘનો ઉદ્દેશ છે.

વ્રત:—જગતના સર્વ ધર્મ–મતો એક, અક્ષય, સનાતન ધર્મનું રૂપાંતર માત્ર છે, એમ માની પ્રત્યેક ધર્માવલંબીમાં પરસ્પર આત્મીયતા સ્થાપવાની ખાતર શ્રીરામકૃષ્ણે જે કાર્યની શરૂઆત કરી છે, તેને કાયમ ટકાવી રાખવી; એ આ સંઘનું મુખ્ય વ્રત છે.

કાર્યપ્રણાલિ:—મનુષ્યોની સાંસારિક તથા આધ્યાત્મિક ઉન્નતિની ખાતર વિદ્યાદાન આપી શકે એવા યોગ્ય શિક્ષકો તૈયાર કરવા, તેમજ કારીગરો અને પરિશ્રમ કરી આજીવિકા ચલાવનારાઓને ઉત્સાહ આપી વેદાન્ત અને તેવા બીજા ધર્મભાવો કે જે શ્રીરામકૃષ્ણના જીવનમાં વ્યાપ્ત હતા, તેનો જનસમાજમાં પ્રચાર કરવો; એ આ સંઘની કાર્યપ્રણાલિ છે.

ભારતવર્ષીય કાર્ય:—ભારતવર્ષના દરેક નગરમાં, જેઓ આચાર્યવ્રત ગ્રહણ કરવાની અભિલાષાવાળા હોય તેવા ગૃહસ્થો તથા સંન્યાસીઓને શિક્ષણ આપવાને માટે આશ્રમોની સ્થાપના કરવી; અને શિક્ષિત ઉપદેશકોને દેશદેશાંતરમાં મોકલી જનસમાજને સુશિક્ષિત કરવાનું કાર્ય ભારતવર્ષી સંસ્થાઓએ બજાવવું.

વિદેશીય કાર્યવિભાગ:—ભારતની બહાર આવેલા પ્રદેશોમાં "વ્રતધારી" ઓ મોકલવા અને તે દેશોમાં સ્થપાયેલા આશ્રમોની સાથે ભારતીય આશ્રમોનો સંબંધ દૃઢ કરી પરસ્પરની સહાનુભૂતિમાં ઉમેરો કરવો, તેમજ નવા આશ્રમોની સ્થાપના કરવી.

સ્વામીજીએ પોતે ઉક્ત સંસ્થાનું સામાન્ય પ્રમુખપણું સ્વીકાર્યું. સ્વામી બ્રહ્માનંદને કલકત્તા ખાતેની શાખાના સભાપતિ નીમ્યા; અને સ્વામી યોગાનંદ તેમના સહાયક નિમાયા. બાબુ નરેંદ્રનાથ મિત્ર એટર્ની મહાશય, સેક્રેટરી તરીકે અને ડૉક્ટર શશિભૂષણ ઘોષ, તથા બાબુ શરચ્ચંદ્ર સરકાર ભંડારના સેક્રેટરી તરીકે નિમાયા. શિષ્યની નિમણુંક શાસ્ત્રપાઠક તરીકે થઇ. સાથે સાથે એવો પણ એક નિયમ ઠરાવવામાં આવ્યો કે દર રવિવારે સાંજે ચાર વાગે બાબુ બલરામને ત્યાં આ સભાનો મેળાવડો થાય. સભાની સ્થાપના પછી બરાબર ત્રણ વર્ષ સુધી

પ્રત્યેક રવિવારે બાબુ બલરામને ત્યાં સભાસદો એકત્ર થતા હતા. સ્વામીજી પુનઃ યૂરોપની યાત્રાએ ગયા તે પહેલાં તેઓ પોતે પણ બને ત્યાંસુધી આ સભામાં દરેક વખતે હાજરી આપતા અને કોઇ વખત ઉપદેશ આપીને તો કોઇ વખત કિન્નરકંઠે કોઇ ભજન ગાઇને શ્રોતાવર્ગને આનંદમુગ્ધ કરતા.

ઉક્ત સભા સ્થપાયા પછી સર્વ મેમ્બરો પોતપોતાને ત્યાં ગયા; એટલે યોગાનંદ સ્વામી ભણી નજર કરીને સ્વામીજીએ કહ્યું કેઃ—“ કાર્યનો આરંભ તો થઇ ગયો. હવે જો, કે ગુરૂદેવની ઇચ્છાથી કામ કેટલું આગળ વધે છે ! ”

ગુરૂદેવનું યથાર્થ સ્વરૂપ.

સ્વામી યોગાનંદઃ—તમારૂં બધું કામ વિદેશી પદ્ધતિએ ચાલે છે. શું ગુરૂદેવનો તેવો ઉપદેશ હતો ?

સ્વામીજીઃ—ગુરૂદેવનો ઉપદેશ આથી જૂદા પ્રકારનો હતો, એમ તું કેવી રીતે જાણી શક્યો ? અનંતભાવમય ગુરૂદેવને શું તમે તમારી સંકુચિત સીમામાંજ પૂરી રાખવા માગો છો ? હું એ સંકુચિત સીમાઓને તોડી ગુરૂદેવની વિશાળ ભાવનાઓને પૃથ્વીમાં સર્વત્ર ફેલાવવાનો પ્રયત્ન કરીશ. ગુરૂદેવે પોતાની પૂજા કે સ્તુતિ કરવાનો અથવા તો બીજાઓની પાસે પોતાની પૂજા કરાવવાનો ઉપદેશ કદાપિ આપ્યો નથી. તેમણે જે જે સાધન, ભજનો, જે જે ધ્યાન ધારણાઓ તથા જે જે ઉચ્ચ ધર્મભાવનાઓ સંબંધી ઉપદેશ કર્યો છે, તેનો અનુભવ કરી જગતના જીવોને સદુપદેશ કરવો એજ આપણું કર્તવ્ય છે. અનંત મત અને અનંત માર્ગો અત્યારે પ્રચલિત છે. આવા સંપ્રદાયથી ઉભરાઇ જતા જગતમાં એક નવો સંપ્રદાય તૈયાર કરવા માટે આપણો જન્મ નથી. ગુરૂદેવના ચરણનો આશ્રય મેળવવા આપણે ભાગ્યશાળી બન્યા છીએ; અને એટલાજ માટે જગતના માણસોને પ્રભુની પવિત્ર ભાવનાઓ અર્પણ કરવા માટેજ આપણું જીવન છે.

ગુરૂદેવની અસંખ્ય સહાયતાઓ.

યોગાનંદ સ્વામી કાંઇ પણ વાંધો ઉઠાવ્યા વગર શાંતરીતે સાંભળતા બેસી રહ્યા. સ્વામીજી આગળ બોલવા લાગ્યાઃ—“ મેં મારી જીંદગીમાં ગુરૂદેવની દયાના સેંકડો શું હજારો પૂરાવા મેળવ્યા છે. ગુરૂદેવે પોતેજ મારી પાછળ રહીને મારી મારફતે બધું કામ કરાવ્યું છે એમ કહું તોપણ કશી અતિશયોક્તિ નથી. જ્યારે ભૂખ અને તરસથી તરફડતો હઉં, જ્યારે વૃક્ષની છાયા નીચે શ્વાસમાં આળોટતો હઉં, અને જ્યારે લંગોટી બાંધવા જેટલું વસ્ત્ર પણ ન મળતું હોય, ત્યારે ખુદ ગુરૂદેવે દયાવશ થઇ મને અનેકવાર સહાય કરી છે. એમ ન હોય તો એક ફુટી બદામ પાસે નહિ હોવા છતાં સમસ્ત જગતનો પ્રવાસ કરવાનો નિશ્ચયજ કેમ ઉદ્ભવે ? વળી વિચાર કરી જુઓ કે એજ વિવેકાનંદનાં દર્શન કરવાને માટે

ચીકાગો જેવા શહેરના રસ્તા ઉપર એક વખત ધક્કામુક્કી ચાલી રહી હતી! ગુરૂદેવની દયા પ્રાપ્ત ન કરી હોય એવા માણસને એથી સોમા ભાગનું પણ સન્માન મળે તો તે ગાંડોજ બની જાય! છતાં એટલું એટલું સન્માન પણ ગુરૂકૃપાથી હજમ કરી શક્યો છું, પ્રભુની ઇચ્છાથી સર્વત્ર વિજયજ મળતો રહ્યો છે! આ વખતે એવો નિશ્ચય કર્યો કે હવે આ દેશમાં પણ કાંઇક કાર્ય કરી જવું. તમે લોકો શંકા કે સંદેહ કર્યા વિના મને મદદ આપો એજ મારી ઇચ્છા છે. ગુરૂકૃપાથી આપણા સર્વ પ્રયત્નો સફળ થશે."

સ્વામી યોગાનંદઃ—તમારી ઇચ્છા હશે તે પ્રમાણેજ થશે. અમે તો તમારા કાયમને માટે આજ્ઞાધીન છીએ. ગુરૂદેવ આપની મારફતેજ બધું કામ કરે છે એવો અમને પણ અનેક વખતે વિશ્વાસ ઉપજ્યો છે; પરંતુ કોઇ કોઇ વખત શંકા થઇ આવે છે. કારણ કે ગુરૂદેવની પોતાની કાર્યપદ્ધતિ પ્રત્યક્ષ જોઇ છે, એટલે આપણે તેમના નિર્ધારિત માર્ગથી વેગળા તો નથી જતાને? એવી ક્વચિત્ શંકા થઈ આવે છે; તેથીજ પ્રસંગોપાત સંશયના ઉદ્ગાર નીકળી જાય છે.

સ્વામીજીઃ—બીજી એક વાત તું જાણે છે? સાધારણ ભક્તો ગુરૂદેવને જેટલા અને જેવા પ્રમાણમાં પીછાની શક્યા છે તેવાજ કાંઇ વસ્તુતઃ આપણા પ્રભુ નહોતા. તેઓ અનંતભાવમય હતા. બ્રહ્મજ્ઞાનનો તો કોઇ વખત અંત પામી શકાય; પરંતુ પ્રભુના અગમ્યભાવોનો પાર પામવો એ સહેલી વાત નથી. તેમના માત્ર એકજ કૃપાકટાક્ષથી એક નહિ પણ સેંકડો વિવેકાનંદો અત્યારે તૈયાર થઇ શકે; છતાં તેઓ તેમ નહિ કરતાં ઇચ્છાપૂર્વક મારી મારફતજ કાર્ય કરાવે છે, મને પોતાને તેમનું એક યંત્ર બનાવી ઇચ્છા પ્રમાણે દોરી જાય છે. તુંજ કહે કે ત્યાં આગળ મારૂં શું ચાલે?

એટલું કહીને સ્વામીજી બીજા કાંઇ કામ માટે અન્યત્ર ચાલ્યા ગયા. સ્વામી યોગાનંદે શિષ્યને કહ્યું કે;–"અહા! જોયું ને? નરેંદ્રની વિશ્વાસમયી વાણી સાંભળી ને? કહે છે કે ગુરૂદેવના એકજ કૃપાકટાક્ષથી લાખો વિવેકાનંદો તૈયાર થઇ શકે! કેટલી ગુરૂભક્તિ! આપણામાં તેમનાથી સોમા ભાગ જેટલી પણ ભક્તિ હોત તો ભાગ્યશાળી બની ગયા હોત."

સ્વામીજી માટેનો ગુરૂદેવનો અભિપ્રાય.

શિષ્યઃ—મહાશય, સ્વામીજીના સંબંધમાં ગુરૂદેવનો પોતાનો કેવો અભિપ્રાય હતો?

સ્વામી યોગાનંદઃ—તેઓ (શ્રીરામકૃષ્ણ પરમહંસ) કહેતા કે "આવું યોગ્ય પાત્ર આ સમયમાં આ જગતમાં બીજું કોઇ નથી!" કોઇ વખત તો તેઓ એમ પણ કહેતા કેઃ "નરેંદ્ર પુરૂષ છે અને પોતે તે પ્રકૃતિ છે, નરેંદ્ર

તેનું શ્વસુરગૃહ છે." કોઇવાર વળી કહેતા કે:–" અખંડનું ઘર–કે જ્યાં સકળ દેવદેવીઓ બ્રહ્મથી પોતપોતાનું અસ્તિત્વ જૂદું રાખી શક્યાં નહોતાં. જ્યાં સર્વ તલ્લીન થઇ ગયાં હતાં અને માત્ર સાત ઋષિઓજ પોતપોતાનું અસ્તિત્વ પૃથક્ પૃથક્ રાખી ધ્યાનમાં નિમગ્ન રહ્યા હતા; તે પૈકીના એક ઋષિનો અંશાવતાર તે આ નરેંદ્ર છે." કોઈ કોઇ વખત એમ પણ કહેતા કે:–" જગદ્રક્ષક નારાયણે, જે નર અને નારાયણની મૂર્તિ ધારણ કરી જગતનું કલ્યાણ કરવા તપસ્યા કરી હતી, તેમાંના નર ઋષિનો અવતાર આ નરેંદ્ર છે." કોઇ વખત એમ પણ કહી દેતા કે;–" શુકદેવની માફક એને માયા સ્પર્શ પણ કરી શકી નથી."

શિષ્ય:—એ બધી વાતો શું સત્ય હશે? ભાવાવેશમાં આવીને તો તેમણે એમ નહિ કહી દીધું હોય?

યોગાનંદ:—એમની વાતજ નિરાળી હતી. ભૂલે ચૂકે પણ એમના મુખમાંથી કોઇ દિવસ મિથ્યા વાર્તા નીકળવા પામી નથી.

શિષ્ય:—જો તેમજ હોય તો સમયે સમયે જૂદાં જૂદાં રૂપો આપવાનું શું કારણ?

સ્વામી યોગાનંદ:—તું સમજ્યો નહિ. ઉપર કહ્યું તે સર્વનો સમગ્ર પ્રકાશ નરેંદ્રમાં છે, એમ જણાવવાનો તેમનો આશય હતો. નરેંદ્રમાં એક ઋષિના જેટલું વેદજ્ઞાન, શંકરના જેવો ત્યાગ, બુદ્ધના જેવું હૃદય, શુકદેવના જેવું માયારહિતપણું અને બ્રહ્મજ્ઞાનનો સંપૂર્ણ વિકાસ એ સર્વ વસ્તુઓ સાથેજ રહેલી છે એ તું પોતે નથી જોઇ શકતો? એટલાજ માટે ગુરૂદેવ પ્રસંગોપાત જૂદા જૂદા ભાવથી બોલતા. તેમનું કહેવું અક્ષરશઃ સત્ય છે.

શિષ્ય આ વાત સાંભળી મૂંગે મોંએ બેસી રહ્યો. તેટલામાં સ્વામીજી બહારથી આવ્યા અને શિષ્યને પૂછ્યું કે:–" તારા દેશમાં પરમહંસદેવનું નામ લોકો બરાબર જાણે છે?"

શિષ્ય:—અમારા દેશમાંથી એક માત્ર નાગમહાશયજ સૌ પહેલાં ગુરૂદેવ પાસે આવ્યા હતા. નાગમહાશય પાસેથી વાતો સાંભળી સાંભળીને, પાછળથી અનેકને શ્રીગુરૂદેવ સંબંધી વિશેષ વાતો જાણવાની જિજ્ઞાસા પ્રકટી છે; છતાં ગુરૂદેવ એક ઇશ્વરાવતારરૂપે હતા, એ વાતનો નિશ્ચય અમારા દેશમાં ભાગ્યેજ કોઇને થયો હશે. કેટલાએક તો તે વાતને વહેમ ગણી તિરસ્કારી કહાડે છે.

સ્વામીજી:—એ વાત ઉપર વિશ્વાસ આવવો એ શું જેવી તેવી વાત છે? અમે પોતે હાથ પગ તથા નસે-નસ અને રોમે રોમની પરીક્ષા કરી, તેમના મુખથી વારંવાર વાતો સાંભળી, ચોવીસે ચોવીસ કલાક તેમના સમાગમમાં રહ્યા; છતાં હજી અમને પણ વચમાં વચમાં સંદેહ થઇ આવે છે તો પછી બીજાની તો વાતજ શું કરવી!!

શિષ્યઃ—મહાશય, ગુરૂદેવ પોતે પૂર્ણબ્રહ્મ ભગવાન હતા, એ વાત એમણે પોતાના મુખથી આપને કોઇ દિવસ કહેલી ખરી ?

સ્વામીજીઃ-ઘણી વાર. મને એકલાનેજ નહિ, પણ સર્વને એ પ્રમાણે કહેલું. મને બરાબર યાદ છે કે જ્યારે તેઓ કાશીપુરના બગીચામાં રહેતા હતા અને શરીર છૂટવાનો સમય નજીક હતો, ત્યારે એક દિવસ તેમના બીછાના પાસે બેસી મેં મનમાં ને મનમાંજ નિશ્ચય કર્યો કે જો અત્યારે ગુરૂદેવ પોતે એમ કહે કેઃ—“હું પોતે ભગવાન છું” તો પછી તેઓ ખરેખરજ પ્રભુસ્વરૂપ છે, એવી શ્રદ્ધા રાખવી. શરીર છૂટવાને માત્ર બેજ દિવસ બાકી રહેલા હતા, દેહ ક્ષીણપ્રાય થઇ ગયો હતો, છતાં હું બેઠો બેઠો વિચાર કરતો હતો. તેટલામાંજ તેમણે મારા તરફ દ્રષ્ટિ કરી અને કહ્યું કેઃ—“રામ નામ અને કૃષ્ણ નામથી જે તને પરિચિત છે, તે બન્ને અત્યારે આ રામકૃષ્ણના શરીરમાં વર્તમાન છે, તારી વેદાન્તની દ્રષ્ટિને એક બાજુએ રહેવા દઇને જોજે.” હું તો આ વાણી સાંભળીને દિંગ્મૂઢજ બની ગયો. આવી રીતે સાક્ષાત્ પ્રભુના મુખથી વારંવાર સાંભળવા છતાં હજી પણ અમને સંપૂર્ણ વિશ્વાસ થયો નથી; ઘણીવાર સંદેહ અને નિરાશાને લઇને મન હાલક ડોલક થવા માંડે છે. અમારી પોતાની દશા આવી છે તો પછી બીજાની તો વાતજ શું કરવી ? આપણા જેવાજ દેહવાળા એક મનુષ્યનો ઇશ્વર તરીકે નિશ્ચય કરવો એ બહુ વિકટ કામ છે, સિદ્ધ અને બ્રહ્મજ્ઞ વગેરેની ભાવનાઓજ આપણી પાસે રહી ગઇ છે. એથી આપણને કાંઇ આવતુંયે નથી અને જતુંયે નથી. ગુરૂદેવના જેવા પુરૂષોત્તમ જગતમાં કોઇ દિવસ પૂર્વે અવતર્યા નથી. સંસારના ઘોર અંધકારમાં અત્યારે એ મહાપુરૂષજ એક માત્ર દીવાદાંડી સમાન છે ! એમના પ્રકાશથી મનુષ્યો અત્યારે પણ સંસાર સાગરની પેલી તરફ પહોંચી શકે છે.

શિષ્યઃ-મહાશય, હું તો એમ ધારૂં છું કે જ્યાંસુધી કોઇ પણ માણસ પોતાની નજરે દેખે નહિ, પોતાના કાને સાંભળે નહિ, ત્યાં સુધી કોઇને વિશ્વાસ થાય નહિ. કહે છે કે આપણા મથુરબાબુએ એવિષે બહુ બહુ અવલોકન કર્યું છે, અને તેથીજ તેમનો ગુરૂદેવ સંબંધી વિશ્વાસ દ્રઢ છે.

ગુરૂકૃપાનું સ્વરૂપ.

સ્વામીજી—ઃજેને વિશ્વાસ થતો નથી તેને વસ્તુસ્થિતિ નજરે જોયા પછી પણ વિશ્વાસ થતો નથી. વિશ્વાસ રાખવા જેવી ઘટના બનેલી પ્રત્યક્ષ નિહાળે તો તેને પણ સ્વપ્ન કે મગજનો વિકાર ગણી તુચ્છકારી કહાડે. દુર્યોધને વિશ્વરૂપ જોયું હતું અને અર્જુને પણ જોયું હતું; અર્જુનને વિશ્વાસ થયો અને દુર્યોધનને માયાજાળ લાગી. અંતરમાંથી પ્રભુ પોતે જ્યાંસુધી સમજાવે નહિ અથવા કહે નહિ ત્યાં સુધી કોઇ વિશ્વાસુ બની શકે નહિ. કેટલાએ ભકતો પણ છે કે

જેમણે ગુરૂદેવ સંબંધી કાંઇ જોયું નથી, તેમજ પૂરૂં સાંભળ્યું પણ નથી, છતાં તેમને સોળે સોળ આના વિશ્વાસ બંધાયો છે; અને વળી કેટલાએક એવા પણ છે કે તેઓ બાર-બાર વરસ સાથે રહેવા છતાં, અને અનેક પ્રભાવો જોવા છતાં હજી સંદેહમાંજ ડૂબેલા છે. ટુંકામાં ‘ તેમની કૃપા ’ એ વસ્તુજ જૂદી છે. છતાં લાગ્યા રહેવાથી તેમની કૃપા પણ પ્રાપ્ત કરી શકાય છે.

શિષ્ય:--કૃપાને માટે કોઇ નિયમ છે, મહાશય?

સ્વામીજી:--છે પણ ખરો અને નથી પણ ખરો.

શિષ્ય:--તે કેવી રીતે?

સ્વામીજી:--જેઓ મન-વચન-કાર્યથી સર્વદા પવિત્ર હોય, જેઓની ભકિત પ્રબળ હોય, જેઓ સારાસારનો નિર્ણય કરવામાં વિવેકી હોય અને ધ્યાન-ધારણામાં તલ્લીન હોય, તેમના ઉપર પ્રભુની કૃપા ઉતરે છે. છતાંએ પણ એ સત્ય છે કે પ્રકૃતિના સર્વ નિયમો પ્રભુને કોઇ પ્રકારે બાંધી શકતા નથી, પ્રભુ નિયમોથી બંધાએલો નથી. ગુરૂદેવ પોતેજ કહેતા કે:-“ જાણે બાળકનોજ સ્વભાવ.”

એટલાજ માટે ઘણીવાર એવું જોવામાં આવે છે કે કોટિ જન્મસુધી સાદ કરવા છતાં કોઇ જવાબ આપતું નથી; અને કેટલીવાર એવું જોઇએ છીએ કે જેઓને આપણે પાપી, તાપી અને નાસ્તિક કહેતા હોઇએ છીએ તેમનામાં અચાનક ચિત્પ્રકાશ ભભૂકી નીકળે છે. એવાઓ ઉપર પ્રભુ પોતે યાચના વિના કૃપા વરસાવવી શરૂ કરી દે છે! અહીંઆં કદાચ તું એમ કહીશ કે એવા નાસ્તિકોના પૂર્વભવનાં પુણ્યોનું બળ હોય અને ઇશ્વરીકૃપા થઇ હોય તો? પરન્તુ યાદ રાખજે કે પ્રભુની કૃપાનું રહસ્ય સમજાવું બહુ કઠિન છે. ગુરૂદેવ કહેતા કે:-“ એક માત્ર તેમના ઉપરજ આધાર રાખો. પવન ફૂંકાય છે તેમાં એક પર્ણરૂપે મળી જાઓ.” વળી કોઇ વખત એમ પણ કહેતા કે:-“ પ્રભુની કૃપાનો વાયુ તો વહી રહ્યો છે; તમે તમારા શઢો ચઢાવો ને?”

શિષ્ય:—બહુ નવાઇ જેવી વાત છે, કોઇ યુકિતજ નભી શકે નહિ.

સ્વામીજી:—દેશ-કાળ નિમિત્તથી જેની સીમાઓ નક્કી થઇ ગઇ છે અને જે સંસારમાં માયાનો અધિકાર પ્રવર્ત્તે છે, તેજ જગતમાં યુક્તિ અને તર્ક ચાલી શકે. પ્રભુ તો દેશકાળાતીત છે, તેમનો નિયમ પણ છે; અને વળી તેઓ નિયમની બહાર પણ છે. પ્રકૃતિના જે કાંઇ નિયમો છે તે તેમણેજ કર્યા છે, તેમનાથીજ થયા છે અને છતાં પોતે એ સર્વની બહાર છે. જેના ઉપર તેમની કૃપા થાય તે તેજ ક્ષણે, તેજ મુહૂર્તે નિયમ અને સીમાની બહાર ચાલ્યો જાય. એટલાજ માટે કૃપાપ્રાપ્તિનો કોઇ ખાસ નિયમ નથી. તેમની કૃપા એટલે તેમની મરજી, ઇચ્છા; આ જગત, સૃષ્ટિ એ તેમની ઇચ્છા માત્ર છે. “ **लोकवत्तु लीलाकैवल्यम् ।** ”—

જેઓ ઇચ્છા માત્રથી આવું જગત ઉપજાવી શકે અને નાશ પણ કરી શકે, તેઓ કૃપા માત્રથી કોઇ મહાપાપીને મુક્તિ ન આપી શકે? છતાં એટલું છે કે કોઇને સાધન ભજન કરવાનો પ્રસંગ આપે અને કોઇને ન પણ આપે. તેમાં પણ તેમની ઇચ્છા, તેમની મરજી.

શિષ્યઃ—મહાશય, વાત બરાબર બંધબેસતી નથી. જરા સમજાય તેમ કહો.

સ્વામીજીઃ—સમજીને શું કરવું છે? બને ત્યાંસુધી ખંતપૂર્વક મંડયો રહે. એમ થવાથી આ સર્વ જંજાળ સ્વમેવ દૂર થઇ જશે. વિચારપૂર્વક સતત મંડયા રહેવું જોઇએ. કામિની અને કાંચનમાંથી મનને પાછું હઠાવી, સદસદ્‌નિર્ણય કરનારી વિવેકદ્રષ્ટિને જાગ્રત રાખી, હું દેહ નથી એવા વિદેહભાવે રહેવાનો સદા પ્રયત્ન કરવો જોઇએ; એટલુંજ નહિ પણ હું સર્વજ્ઞ આત્મા છું, એવી ભાવના પણ પ્રબળતર બનાવતા જવું જોઇએ. આ પ્રમાણે લાગ્યા રહેવું એનુંજ નામ પુરૂષાર્થ. આવી રીતના પુરૂષાર્થથી પ્રભુમાં નિર્ભયતા આવશે; અને જેને પરમ પુરૂષાર્થ કહેવામાં આવે છે તે ત્યારે સફળ થશે.

થોડીવાર રહીને પુનઃ સ્વામી બોલવા લાગ્યાઃ—પ્રભુની તમારા ઉપર કૃપા ન હોય તો તમે અહીંઆં આવીજ ન શકો. ગુરૂદેવ પોતે કહેતા હતા કે જેઓના ઉપર ઇશ્વરની કૃપા થઇ છે તેઓ અહીંઆં આવશે, આવશે ને આવશેજ. કદાચ અહીંઆં ન આવી શકે તોપણ તેઓ ગમે ત્યાં રહે અને ગમે તે કરે તોપણ અહીંઆંની વાતોથી અને અહીંઆની ભાવનાઓથી તેઓ હમ્મેશાં તલ્લીન રહેવાનાજ. તું તારો પોતાનોજ દાખલો લે. નાગમહાશય કે જેઓ ઇશ્વરની કૃપાને બરાબર સમજી શકયા છે, તેમનો પરિચય થવો એ શું ઇશ્વરકૃપા વિના કોઇ કાળે બની શકે? "**अनेकजन्मसांसिद्धस्ततो याति परां गतिम्।**"—જન્મ-જન્માંતરની સુકૃતિઓ ફળે ત્યારેજ એવા મહાપુરૂષના દર્શનનો લાભ મળે. શાસ્ત્રમાં ઉત્તમ ભક્તિનાં જે સર્વ લક્ષણો ગણાવવામાં આવ્યાં છે તે સર્વ લક્ષણો નાગમહાશયમાં રહેલાં છે. **तृणादपि सुनीचेन।**—એમ જે કહેવાય છે તે એક માત્ર નાગમહાશયમાંજ પ્રત્યક્ષ થાય છે. ધન્ય છે તેમની જન્મભૂમિને, ધન્ય છે આ ભારતવર્ષને કે એવા મહાપુરૂષના પાદસ્પર્શથી આ દેશ પવિત્ર બની ગયો છે!"

નવીન સંપ્રદાય થઇ પડવાનો ભય.

એટલું કહેતા કહેતામાં સ્વામીજીએ મહાકવિ શ્રીયુત ગિરીશચંદ્ર ઘોષ મહાશયને ત્યાં જવાની ઇચ્છા પ્રકટ કરી. તેમની સાથે સ્વામી યોગાનંદ તથા શિષ્ય પણ હતો. ગિરીશ બાબુને ત્યાં ગયા પછી સ્વામીજીએ બેસતાં બેસતાં વાતની શરૂઆત કરી કેઃ—"×જી. સી. આજ કાલ, મન બહુ મુઝાયા કરે છે. આ કરૂં કે તે

× ગિરીશબાબુને જી. સી. ના ટુંકાક્ષરી નામથી સંબોધતા.

કરૂં કે શું કરૂં? જગતમાં ગુરૂદેવનો મહિમા ફેલાવવા શું પ્રયત્ન કરવો તેની બરાબર સમજણ પડતી નથી. જો કટિબદ્ધ થઇને તેવો પ્રયત્ન કરૂં છું તો વખત જતાં એક સંપ્રદાય બંધાઇ જાય એવો ભય રહ્યા કરે છે; અને એટલાજ માટે કાંઇક સંકોચ રાખી વર્તન કરવું પડે છે. કોઇ કોઇ વખત મનમાં એમજ થઇ આવે છે કે સંપ્રદાય બંધાઇ જતો હોય તોપણ ભલે; પરન્તુ પાછો વિચાર થાય છે કે ના, તેમ તો નજ કરવું. ગુરૂદેવનું મૂળ સૂત્ર સમદર્શિતાનું હતું. તેને આઘાત ન પહોંચે તેવીરીતે વર્તવું એ આપણો પરમધર્મ છે. આવા આવા વિચારોથી બહુ બહુ સંભાળીને પગલું ભરવું પડે છે. તમારો શું અભિપ્રાય છે? સ્પષ્ટ કહો."

ગિરીશ બાબુ:— હું શું કહી શકું? આપ પોતેજ પ્રભુના હાથના યંત્ર છો. જે કાંઇ કરવાનું છે તે તમારેજ કરવાનું છે. હું વિશેષ કાંઇ સમજતો નથી. માત્ર એટલુંજ જાણું છું કે પ્રભુની શકિત આપની મારફતે બહાર આવે છે.

સ્વામીજી:—હું ધારૂં છું કે હું પોતે મારી ઇચ્છામાં આવે તે પ્રમાણે કાર્ય કરતો જઉં છું, છતાં જ્યારે આપત્તિ વિપત્તિ કે અભાવ દારિદ્રયમાં આવી પડું છું ત્યારે ગુરૂદેવ પોતેજ માર્ગદર્શક થઇને મને સીધો માર્ગ બતાવી દે છે, એટલું તો હું સ્પષ્ટ રીતે જોઇ શકયો છું. આટલું આટલું છતાં પ્રભુની શકિતનું લેશ પણ માપ હું કાઢી શકયો નથી.

ગિરીશ બાબુ:—તેઓ પોતે કહેતા કે:–"બધું સમજાયું એટલે કાંઇજ નહિ રહે. કોણ કરશે, કોને માટે કરશે, અને શા સારૂ કરશે? એ પ્રશ્નો નિરૂત્તરજ રહી જશે."

આ પ્રમાણે વાતચીત ચાલતી હતી તેટલામાં એકાએક અમેરિકાની વાતોનો પ્રસંગ નીકળી પડયો. પાછળથી જણાયું કે ગિરીશ બાબુએ પોતેજ જાણી જોઇને સ્વામીજીની વાતોને એક બાજુએ રહેવા દઇ અમેરિકાનો પ્રસંગ કહાડયો હતો. આમ કરવાનું શું કારણ હતું એવો શિષ્યે પ્રશ્ન કર્યો ત્યારે ગિરીશ બાબુએ જવાબમાં જણાવ્યું કે;––" ગુરૂદેવના શ્રીમુખથી અમે સાંભળ્યું છે કે જો આ પ્રકારની વાતો વધારે ને વધારે થવા લાગશે તો સ્વામીજીનો સંસારવૈરાગ્ય તથા ઈશ્વરભકિત એકદમ પ્રબળતાથી જાગૃત થઇ જશે; અને જો આમ થયું, એટલે કે જો સ્વામીજી પોતાના સ્વરૂપના અનુભવમાં ગાઢ તલ્લીન બની ગયા તો પછી તેમનો દેહ એક ક્ષણવાર પણ ટકી શકશે નહિ." એટલાજ માટે ગુરૂભકિતની વાતોમાંથી વિષયાંતર કરી સ્વામીજીને અમેરિકા સંબંધી વાતો કરવામાં મેં રોકયા હતા. હવે મને સમજાયું કે જ્યારે સ્વામીજી ગુરૂદેવ સંબંધી કથા–વાર્તા કહેવામાં ગુરૂભાઇઓની સમક્ષ તલ્લીન બની જતા ત્યારે સ્વામીજીને બીજા પ્રસંગની વાતોમાં ઉતારવાની ગુરૂભાઇઓ યુકિત કરતા, તેનું પણ એજ કારણ હોવું જોઇએ. તે ગમે

તેમ હો, પણ સ્વામીજી અમેરિકા સંબંધી વાતો કરવામાં ગુંથાયા. તે દેશનાં સ્ત્રી પુરૂષોના ગુણાવગુણ તથા ભોગવિલાસ વગેરેની વાતો બહુ વખત સુધી ચાલી.

प्रसंग १० मो.

(સ્થાન–કલકત્તા. ઈ. સ. ૧૮૯૭.)

સાયણાચાર્યના ભાષ્યનું વાંચન.

આજ દશ દિવસ થયાં સ્વામીજી પાસે શિષ્ય ઋગ્વેદનું સાયણભાષ્ય વાંચે છે. સ્વામીજી બાગબજારમાં સ્વ૦ બલરામ બસુને ત્યાંજ રહે છે. મેક્ષમુલરે અનેક સંખ્યાઓમાં સંપાદિત કરેલું ઋગ્વેદ એક સારા ગૃહસ્થને ત્યાંથી આશ્રમમાં મંગાવ્યું હતું. એક તો નૂતન ગ્રંથ અને વળી વૈદિક ભાષા, તેથી વાંચતાં વાંચતાં શિષ્યને અનેક ગુંચવણો પડવા લાગી. આથી સ્વામીજી શિષ્યને " અરે બંગાલી " એમ કહી અનેકવાર સસ્નેહ મશ્કરી કરતા અને ગુંચવણભર્યા શબ્દોનો ઉચ્ચાર તથા અર્થ કહી સંભળાવતા. વેદનું અનાદિત્વ સિદ્ધ કરવા સાયણે જે અદ્ભુત યુક્તિકૌશલ્ય દર્શાવ્યું છે, તેની વ્યાખ્યા કરતાં સ્વામીજી ભાષ્યકારની કેટલીક વેળા બહુ તારીફ કરતા, તો કોઇ સમય કોઇ પ્રમાણ સંબંધી પોતાનો મતભેદ છે એમ જણાવી સાયણ પ્રતિ કટાક્ષ પણ કરતા.

મેક્ષમુલર એ સાયણાચાર્યનોજ અવતાર છે !

એક વખત આ પ્રમાણે વેદપાઠ ચાલતો હતો ત્યારે સ્વામીજીએ મેક્ષમુલર સંબંધે વાતચીતનો પ્રારંભ કરતાં જણાવ્યું કે;–" તું માનીશ ? મને તો એમ લાગે છે કે સાયણાચાર્યે પોતેજ પોતાના ભાષ્યનો ઉદ્ધાર કરવા મેક્ષમુલરરૂપે ફરીથી જન્મ લીધો છે ! ઘણા દિવસથી મારી તો એજ ધારણા હતી; તેમાં પણ જ્યારે મેક્ષમુલરનાં દર્શન કર્યાં ત્યારથી તો એ ધારણા દૃઢ થઇ ગઇ છે. મેક્ષમુલર જેવો ખંતીલો, ઉત્સાહી અને વેદ–વેદાન્તમાં પારંગત પંડિત આ દેશમાં ભાગ્યેજ કોઇ હશે. તે સિવાય ગુરૂદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસ પ્રત્યે પણ કેવી અગાધ ભક્તિ ! ગુરૂદેવને ઇશ્વરાવતારરૂપેજ મેક્ષમુલર માનતા ! હું જ્યારે તેમને ત્યાં અતિથી તરીકે ગયો ત્યારે પણ તેમણે મારો કેટલો સત્કાર કર્યો ? એ વૃદ્ધ સ્ત્રીપુરૂષને જોવાથી એમજ લાગ્યું કે જાણે વસિષ્ઠ અને અરૂન્ધતીની પેઠેજ તેઓ ઉભય સંસાર ચલાવ્યે જાય છે ! હું જ્યારે તેમની પાસેથી વિદાય થયો ત્યારે એ વૃદ્ધ પુરૂષનાં ચક્ષુઓમાં આંસુ ભરાઇ આવ્યાં હતાં. "

સાયણાચાર્ય મ્લેચ્છ પ્રદેશમાં કેમ જન્મે ?

શિષ્ય:—" પણ મહાશય, અગર સાયણ પોતેજ મેક્ષમુલર હોય તો આ પુણ્યભૂમિ–ભારતમાં જન્મ ન લેતાં મ્લેચ્છરૂપે મ્લેચ્છદેશમાં શા માટે જન્મ લે ? "

સ્વામી:—" અજ્ઞાનતાને લઇનેજ ' હું આર્ય–તે મ્લેચ્છ ' એવા વિભાગો પડયા છે; પરંતુ જે પોતે વેદનો ભાષ્યકાર છે અને જે જ્ઞાનની જ્વલંત મૂર્તિ છે, તેને માટે તે વર્ણાશ્રમ જેવા જાતિવિભાગ હોઇજ કેમ શકે ? એવા પુરૂષોને તો એવા ભેદો અર્થશૂન્યજ લાગે છે ! જીવોના ઉપકારની ખાતર તેઓ ગમે ત્યાં જન્મ લઇ શકે છે. ખાસ કરીને જે દેશમાં વિદ્યા અને ધન એ ઉભયનું બળ છે ત્યાં જો જન્મ ન લે તો આવા મહાન્ ગ્રંથનું છપાવવાનું ખર્ચજ ક્યાંથી મળે ? સાંભળ્યું છે કે ઇસ્ટ ઇન્ડીઆ કંપનીએ આજ ઋગ્વેદ છપાવવા માટે નવ લાખ રૂપિયા રોકડા કાઢી આપ્યા છે ! એટલેથી પણ આ કામ પૂરૂં થાય તેમ નહોતું. આ દેશના સેંકડો વૈદિક પંડિતોને માસિક પગાર આપી આ કાર્યમાં જોડવા પડયા હતા. **વિદ્યા અને જ્ઞાનની પાછળ આવો ગંજાવર ખર્ચ અને આવી પ્રબળ જ્ઞાનતૃષ્ણા આ દેશમાં આ કાળે તેં ક્યાંઈ જોઇ છે ?** મેક્ષમુલરે પોતેજ ગ્રન્થની ભૂમિકામાં લખ્યું છે કે તેને પચીસ વર્ષ તો કેવળ હસ્તલિખિત પ્રતો તૈયાર કરતાંજ લાગ્યાં હતાં ! અને વીસ વર્ષ તો ગ્રંથને છપાતાં લાગ્યાં હતાં ! ૪૫ વરસ સુધી એક ગ્રન્થની પાછળ આવી રીતે લાગ્યા રહેવું એ શું સામાન્ય મનુષ્યનું કાર્ય છે ? હવે વિચાર કરી જો કે સાયણ પોતે ન હોય તો આમ બને ખરૂં ? "

વેદ અનાદિ કેવી રીતે ?

મેક્ષમુલર સંબંધે આ પ્રમાણે વાતચીત થઈ રહ્યા પછી ગ્રન્થપાઠ આગળ ચાલ્યો. વેદને આધારેજ આ સૃષ્ટિનો વિકાસ થયો છે, એવા સાયણના મતને આગળ ધરી, તેને ટેકો આપતાં સ્વામીજી બોલવા લાગ્યા કે;–" વેદ એટલે અનાદિ સત્યની સમષ્ટિ–(સમસ્તતા.) વેદપારંગત ઋષિઓએ આ સર્વ સત્યોને પ્રત્યક્ષ કર્યાં. અતિપ્રિયદર્શી સિવાય આપણા જેવા સાધારણ મનુષ્યોની દ્રષ્ટિએ તે પ્રત્યક્ષ થઈ શકે નહિ. એટલાજ માટે વેદમાં ઋષિ શબ્દનો અર્થ મંત્રાર્થદ્રષ્ટા એવો કરવામાં આવ્યો છે. એક માત્ર જનોઇ ધારણ કરવાથી તેઓ કાંઇ બ્રાહ્મણ બની ગયા નહોતા. બ્રાહ્મણાદિ જાતિવિભાગો તો પાછળથી થયા છે. વેદ શબ્દાત્મક અર્થાત્ ભાવાત્મક અથવા અનંત ભાવોની સમષ્ટિ માત્ર છે. " શબ્દ " પદનો વૈદિક પ્રાચીન અર્થ " સૂક્ષ્મભાવ " એવો થાય છે. એ સૂક્ષ્મભાવ પાછળથી સ્થૂલરૂપ લઈ પોતાને સ્પષ્ટ કરે છે. મતલબ કે જ્યારે પ્રલય થાય છે ત્યારે ભાવી સૃષ્ટિનાં સૂક્ષ્મ બીજો વેદમાંજ ઢંકાએલાં રહે છે. એટલા માટે આપણે

પુરાણુમાં જોઇએ છીએ કે મત્સ્યાવતાર વખતેજ વેદનો ઉદ્ધાર થાય છે. સારાંશ કે પહેલાજ અવતારમાં વેદનો ઉદ્ધાર થયો. ત્યાર પછી તેજ વેદમાંથી ધીમે ધીમે સૃષ્ટિનો વિકાસ થવા લાગ્યો. અર્થાત્ વેદમાં રહેલા શબ્દના અવલંબનથી વિશ્વના સઘળા સ્થૂલ પદાર્થો એકે એકે તૈયાર થવા લાગ્યા; કારણુ કે સર્વ સ્થૂલ પદાર્થોનું સૂક્ષ્મરૂપ શબ્દ અથવા ભાવજ હોય છે. પૂર્વ–પૂર્વ કલ્પમાં એજ પ્રકારે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ હતી. આ વાત તો વૈદિક સંધ્યાના મંત્રમાં પણુ છેઃ–“ **सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत् दिवं च पृथिवीं, चान्तरिक्षमथो स्वः।**” સમજ્યો કે ?”

નાદમાંથી શબ્દ અને શબ્દમાંથી સ્થૂલ જગતની ઉત્પત્તિ શી રીતે સંભવે ?

શિષ્યઃ—પણુ મહાશય, જો કોઇ વસ્તુજ ન હોય તો પછી શા ઉદ્દેશે શબ્દનો ઉચ્ચાર થાય ? તેમજ પદાર્થવિના પદાર્થનાં નામો પણુ કેવી રીતે તૈયાર થાય ?

સ્વામીજીઃ—ઉપલક દ્રષ્ટિએ તેમ લાગે એ બનવાજોગ છે; પરંતુ વિચાર કરવાથી એ શંકા નિવૃત્ત થઇ શકશે. એક ઘડાનો નાશ થવાથી કાંઇ ઘટત્વનો; ઘટપણાનો નાશ થતો નથી; કારણુ કે ઘટ એ સ્થૂલ વસ્તુ છે, જ્યારે ઘટત્વ–ઘટપણું એ ઘટની સૂક્ષ્મ અવસ્થા અથવા શબ્દાવસ્થા છે, તે કદાપિ નાશ પામે નહિ. આ પ્રમાણે સઘળા પદાર્થોની શબ્દાવસ્થા તે સર્વ વસ્તુઓની સૂક્ષ્માવસ્થા છે; અને આપણે જેને જોઇએ છીએ અને અડકીએ છીએ તે સર્વ વસ્તુઓ, ઉપર કહી તે સૂક્ષ્મ અવસ્થા અથવા તો શબ્દ અવસ્થાનો સ્થૂલ વિકાસ માત્ર છે. જેવી રીતે કાર્ય અને કારણુનો સંબંધ છે, તેવોજ સંબંધ અહીં પણુ સમજી લેવો. જગતનો ધ્વંસ થવા છતાં જગતનો બોધક શબ્દ, અથવા તો સ્થૂલ પદાર્થોનાં સૂક્ષ્મ સ્વરૂપો બ્રહ્મમાં કારણુરૂપે રહેલાંજ હોય છે. જગતનો વિકાસ થાય તે પૂર્વે સૌ પહેલાં એ સૂક્ષ્મ સ્વરૂપોમાં એકત્ર થએલા પદાર્થો બહાર નીકળવા મથે છે; અને તેનો પ્રકૃતિસ્વરૂપ શબ્દગર્ભાત્મક અનાદિનાદ ઓંકાર પોતે પોતાની મેળે સ્ફુરે છે; પછી ધીમે ધીમે એકત્ર થએલા પદાર્થોમાંથી એક એક પદાર્થ ખાસ કરીને પ્રથમ તો સૂક્ષ્મ પ્રતિકૃતિનું અર્થાત્ શબ્દનું રૂપ લે છે, અને તે પછી સ્થૂલરૂપે વ્યક્ત થાય છે. એ શબ્દ એજ બ્રહ્મ—એ શબ્દ એજ વેદ. સાયણાચાર્યનો કહેવાનો આશય પણુ તેજ છે. સમજ્યો ને ?

શિષ્યઃ—મહાશય, બરાબર સમજાતું નથી.

સ્વામીજીઃ—જગતમાં જેટલા ઘટ છે તે સર્વનો નાશ થવા છતાં ઘટ શબ્દ તો રહીજ જાય છે, એટલું તો સમજી શકાય છે ને ? તો પછી જગતનો

ધ્વંસ થવા છતાં, અથવા તો જે જે વસ્તુઓ આ જગતમાં પ્રતીત થાય છે તે સર્વ વસ્તુઓનો ભાંગીને ચૂરો થઈ જવા છતાં, તે તે વસ્તુઓને ઓળખાવનારા શબ્દો રહી જાય કે નહિ? અને જો રહી જાય તો તેમાંથી પુનઃ સૃષ્ટિ કેમ ઉત્પન્ન ન થાય?

સંકલ્પસિદ્ધ ઋષિઓનું સામર્થ્ય.

શિષ્યઃ—પરંતુ "ઘટ, ઘટ" એમ બોલવાથી ઘટ થોડોજ તૈયાર થાય?

સ્વામીજીઃ—તું અને હું એમ બૂમો પાડીએ તો અલબત્ત તૈયાર ન થાય, પણ સિદ્ધસંકલ્પ બ્રહ્મમાં ઘટની સ્મૃતિ થાય કે તુરતજ ઘટ તૈયાર થઇ જાય. એક સાધારણ સાધકની ઇચ્છા માત્રથી જો વિવિધ અચિંત્ય બનાવો બને છે તો પછી સિદ્ધસંકલ્પ બ્રહ્મની તો વાતજ શું પૂછવી? સૃષ્ટિના વિકાસ પહેલાં, બ્રહ્મ પ્રથમ શબ્દાત્મક હોય છે, પછી તે **ओंकारात्मक** અથવા નાદાત્મક થાય છે, ત્યાર પછી પૂર્વ પૂર્વ કલ્પના વિવિધ વિશેષ વિશેષ શબ્દો—જેવા કે ભૂઃ ભુવઃ સ્વઃ વા ગો માનવ, ઘટ–પટ ઇત્યાદિ તે ઓંકારમાંથી પ્રકટ થવા લાગે છે; અને એ રીતે ધીમે ધીમે આ વિચિત્ર જગતનો વિકાસ થતો જાય છે. હવે શબ્દ એજ સૃષ્ટિનું મૂળ છે તે કેમ બને, એ વાત સમજાઈ?

સમાધિભૂમિકાની શ્રેણી.

શિષ્યઃ—હા, એક રીતે સમજણ પડી, પણ બરાબર ધારણા થતી નથી.

સ્વામીજીઃ—ધારણા થવી અથવા તો પ્રત્યક્ષ અનુભવ થવો એ તે કાંઇ રમત વાત છે? બાપુ! મન જ્યારે બ્રહ્મમાં રમવાના સ્વભાવવાળું થાય ત્યારેજ તે ધીમે ધીમે એક પછી એક એમ વિવિધ અવસ્થાઓને ઓળંગીને છેવટે નિર્વિકલ્પ અવસ્થામાં પ્રવેશ કરે છે. સમાધિમાં જગત શબ્દમય છે, એ વાત સર્વથી પ્રથમ સમજાય છે, અને તે પછી ગંભીર ઓંકારના ધ્વનિમાં સર્વ સમાઇ જાય છે. ત્યાર બાદ તે ધ્વનિ પણ સંભળાતો બંધ પડે છે. ધ્વનિ છે કે નહિ તેની પણ ખબર પડતી નથી. એનું નામ અનાહતનાદ કહેવાય છે. અંતે તો મન પણ બ્રહ્મમાં મળી જઇને શાંતિ પ્રસરી રહે છે.

સ્વામીજી પોતેજ ઉપર કહી તે સર્વ અવસ્થાઓમાં થઇને અનેકવાર સમાધિની ભૂમિકામાં જતા અને પુનઃ પાછા આવતા, તે પ્રસંગ હવે શિષ્યની નજરે સ્પષ્ટરૂપે તરવા લાગ્યો. જો તેમ ન હોય તો આવા વિસ્તૃતરૂપે વિષય સમજાવી દેવો એ બનીજ ન શકે. શિષ્ય બોલ્યા ચાલ્યા વિના જ્યાંનો ત્યાંજ બેસી રહ્યો અને વિચારવા લાગ્યો કે જેણે આ સ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ ન કર્યો હોય, તે આમ વાણીથી કોઇને સમજાવી શકેજ નહિ.

અવતારી પુરૂષોનો અનુભવ.

સ્વામીજી પુનઃ બોલવા લાગ્યાઃ—" અવતારી મહાપુરૂષો જ્યારે સમાધિમાંથી ઉત્થાન થઇ અહંભાવમાં ઉતરી આવે છે ત્યારે પહેલાં તો તેમને અવ્યક્તનાદનો અનુભવ થવા લાગે છે, અને ધીમે ધીમે તે નાદ વધારે સ્પષ્ટ થતો થતો ઓંકારમાંના અનુભવમાં પરિણમે છે, ત્યારપછી એ ઓંકારમાંથી શબ્દમય જગતની પ્રતીતિ કરે છે અને છેવટે સ્થૂલ—ભૂતાત્મક જગતને પ્રત્યક્ષ કરે છે; પરન્તુ સામાન્ય સાધકો તો અનેક કષ્ટપૂર્વક નાદની પેલી તરફ પહોંચી બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે.

આ પ્રમાણે વાર્તાલાપ ચાલતો હતો તેટલામાં મહાકવિ શ્રીયુત ગિરીશચંદ્ર ઘોષ મહાશય ત્યાં આવી પહોંચ્યા. સ્વામીજીએ તેમને આવકાર આપી કુશળ—સમાચાર પૂછ્યા અને પુનઃ શિષ્યને પાઠ ભણાવવા લાગ્યા. ગિરીશબાબુ પણ ધ્યાનપૂર્વક સ્વામીજીના શબ્દો સાંભળતા બેસી રહ્યા, અને આવા વિસ્તારથી સ્વામીજી વેદનું રહસ્ય સમજાવે છે તે જોઇને બહુ આશ્ચર્ય પામ્યા.

પૂર્વ વિષયના અનુસંધાનમાં સ્વામીજીએ બોલવાનું શરૂ કર્યું કેઃ—" વૈદિક અને લૌકિક એવા બે ભેદોથી શબ્દ પણ દ્વિવિધ છે. " શબ્દશક્તિપ્રકાશિકા" માં એ વિષય ઠીક ચર્ચ્યો છે. તેમાં જે વિચારો દર્શાવ્યા છે તે ખરેખર મનન કરવા યોગ્ય છે; પરન્તુ તેમાં પરિભાષાનો આડંબર માથું ફેરવી નાખે તેવો છે !"

આ વખતે ગિરીશબાબુના તરફ નિહાળી સ્વામીજીએ કહ્યું કેઃ— " કેમ મિસ્ટર જી. સી., આવું આવું તો કાંઇ ભણ્યા નહિ; કેવળ 'કૃષ્ણ અને વિષ્ણુ' ની પાછળજ દિવસ કાઢો છો ને ?"

ગિરીશબાબુઃ—" હવે રહી રહીને ભણવાનું શું બની શકે ? એટલી બુદ્ધિયે ન મળે, તેમ એટલો અવસર પણ ન મળે ! છતાં ગુરૂકૃપાથી આનંદ છે. ગુરૂદેવને જે કાંઇ કામ લેવાનું છે તે બધું આપની દ્વારા લીધે જાય છે, તેથી મને એ ભણવાની દરકાર પણ નથી." એટલું કહીને ગિરીશબાબુ ઋગ્વેદના મહાન્ નૂતન ગ્રંથને પુનઃ પુનઃ પ્રણામ કરવા લાગ્યા અને કહેવા લાગ્યા "જય કે ! વેદરૂપ શ્રીરામકૃષ્ણ દેવનો જય !"

આગળ એક વાર જણાવી ગયા છીએ કે સ્વામીજી જ્યારે કોઇ વિષયનો ઉપદેશ કરતા ત્યારે શ્રોતાઓના મનમાં તે વિષય સજ્જડ રીતે ઉતારી દેતા, અને શ્રોતૃવર્ગ તે વખતે ગંભીર ભાવનામાં એવો તો તલ્લીન બની જતો કે જગતમાં જો કોઇ સારભૂત વસ્તુ હોય તો તે આ છે, એવો અનુભવ કરતો. બ્રહ્મજ્ઞાન સંબંધે જ્યારે તેઓ બોલતા ત્યારે શ્રોતૃસમાજ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ એજ જીવનનો એક માત્ર ઉદ્દેશ હોવો જોઇએ, એમ અંતઃકરણપૂર્વક માનતો. જ્યારે તેઓ

ભક્તિ, કર્મ અથવા પ્રજાકીય ઉન્નતિ સંબંધે બોલતા ત્યારે શ્રોતૃવર્ગના મનમાં તેજ વિષયનો સંપૂર્ણ અધિકાર વર્તવા લાગતો અને જીવનનું મુખ્ય કર્તવ્ય હોય તો એજ હોવું જોઇએ એમ દ્રઢતાથી વિચારતો. અત્યારે સ્વામીજીએ વેદનો પ્રસંગ કાઢીને શિષ્યવર્ગને વેદોક્ત જ્ઞાનનો મહિમા એટલો તો અસરકારક રીતે સમજાવી દીધો કે જગતમાં તે સિવાય બીજી કોઇ સાર વસ્તુ હશે કે નહિ, તે સંબંધી કોઇ વિચારજ મનમાં પ્રવેશ કરી શકયો નહિ. ગિરીશબાબુ લક્ષપૂર્વક આ બધી વાતચીત સાંભળી રહ્યા હતા. સ્વામીજીની આવી ઉદાર શિક્ષાપદ્ધતિનો તેમને અગાઉ અનેકવાર અનુભવ થઇ ચૂકયો હતો; પરંતુ આ પ્રસંગે શિષ્યને જ્ઞાન-ભક્તિ અને કર્મની એક સરખી આવશ્યક્તા સમજાવી દેવા માટે મનમાં ને મનમાં તેમણે એક યુક્તિ ઘડી કાઢી.

સ્વામીજીની સહૃદયતા-કરૂણાની અશ્રુધાર.

સ્વામીજી કોઇ અન્ય વિષયનો વિચાર કરવા લાગ્યા; તેટલામાં ગિરીશ બાબુ બોલી ઉઠયા કે:-" હાં-અરે નરેંદ્ર, એક વાત યાદ આવી. વેદ-વેદાંત તો ખૂબ ભણી ગયા, પણ આ દેશમાં જે ઘોર હાહાકાર વર્ત્તે છે અને લોકો અન્નના અભાવે બાળહત્યાઓ કરે છે, જુગાર રમે છે, એટલુંજ નહિ પણ વ્યભિચારાદિ દુરાચારો વધતા જાય છે, અને જે સ્વરૂપો આપણી આંખો સામેજ ભયંકરરૂપ ધારણ કરીને ઉભાં રહ્યાં છે, તેનું નિવારણ કરવા તમારા વેદમાં કાંઇ ઉપાય બતાવ્યો છે ? આ અમુક ગૃહસ્થને ત્યાં રોજ એક વખત પચાસ માણસો આનંદથી ભોજન કરી શકતા, તેજ ગૃહસ્થને ત્યાં આજે ભૂખમરાથી બાળકો હેરાન થાય છે; આ અમુક ગૃહસ્થની સ્ત્રીને બદમાસોએ શીળભ્રષ્ટ કરી મારી નાખી છે; અને આ અમુક ગૃહસ્થોને ત્યાં ખુલ્લે બપોરે જુગાર રમાય છે; સેંકડો ગર્ભહત્યાઓ થાય છે તથા વિધવાઓનું સર્વસ્વ લૂંટાઇ જાય છે; તેનો કાંઇ ઉપાય તમારા વેદમાં બતાવ્યો છે ?" ગિરીશ બાબુએ સામાજીક પરિસ્થિતિનું ભયંકર ચિત્ર ઉપરા ઉપરી સ્વામીજી પાસે રજુ કરવા માંડયું અને સ્વામીજી મુંગે મોંઢે તે સર્વ સાંભળી રહ્યા. જગતના દુઃખની અને કષ્ટની કહાણી સાંભળી તેમના નેત્રમાં પાણી ભરાઇ આવ્યું. પોતાના મનનો ભાવ અન્ય કોઇ કળી જાય નહિ તે માટે તેઓ ઝડપથી બહાર ચાલ્યા ગયા !

ગિરીશ બાબુએ શિષ્યને ઉદ્દેશીને કહ્યું કે:—" જોયું કે બંગાળી ? કેવું કોમળ હૃદય ! તારા સ્વામીને માત્ર વેદજ્ઞ પંડિતજ માની લઇશ નહિ. જીવોના દુઃખની વાર્તા સાંભળી રડતા રડતા અહીંથી ચાલ્યા ગયા, એ કેટલી બધી સહૃદયતા ? કેટલી બધી મહાપ્રાણતા ? તારી આંખેજ તેં જોયું ને કે મનુષ્યોના દુઃખની કહાણી સાંભળી કરૂણાથી હૃદય ભરાઇ આવ્યું અને વેદ-વેદાન્તની બધી

વાતો એક બાજુએ પડી રહી !!

શિષ્યઃ—મહાશય, વેદનો અમારો પાઠ કેવો સરલ ચાલતો હતો ? વચમાં આપે માયામય જગતની વાત કહાડી બધું ધૂળધાણી કરી દીધું, સ્વામીજીનું મન પણ ખરાબ કરી દીધું !

ગિરીશબાબુઃ—જગતમાં આટલું આટલું દુઃખ, આટલું આટલું કષ્ટ અને આટલી આટલી આફતો ચાલી રહી છે; છતાં તે તરફ લક્ષ ન આપતાં કેવળ વેદજ ભણવાનું તને સૂઝે છે ? મૂકી દે એક બાજુ તારા વેદ–વેદાન્તને !

જ્ઞાન અને પ્રેમનો અવિચ્છેદ્ય સંબંધ.

શિષ્યઃ–તમે પોતે સહૃદય છો એટલે તમને માત્ર હૃદયની ભાષાજ સાંભળવી ગમે છે, પણ આ સર્વ શાસ્ત્રો કે જેની ચર્ચામાં મચ્યા રહેવાથી જગત શું, તેનું ભાનજ રહેતું નથી, તેમાં તમારી પ્રીતિ હોય તેમ જણાતું નથી; નહિ તો આવી રીતે રસભંગ ન કરો.

ગિરીશ બાબુઃ—જ્ઞાન અને પ્રેમનું કયા સ્થળે ભિન્નત્વ છે એ પહેલાં મને સમજાવી દે. આ જો તારા ગુરૂ પોતેજ (સ્વામીજી) જેવા પંડિત તેવાજ પ્રેમી છે કે નહિ ? તારા વેદમાં પણ શું એમ નથી કહ્યું કેઃ–સત્–ચિત્–આનંદ એ ત્રણે એકજ વસ્તુ છે ? સ્વામીજીમાં આટલું બધું પાંડિત્ય છે, પણ જગતના દુઃખની કહાણી જેવી કાને પડી કે તુરતજ અશ્રુ વરસાવતા અહીંથી ચાલ્યા ગયા કે નહિ ? જ્ઞાન અને પ્રેમ વેદ–વેદાન્તથી જો જુદાં હોવાનું સિદ્ધ થતું હોય તો પછી એ વેદને પણ નમસ્કાર છે !

શિષ્ય નિરુત્તર બેસી રહ્યો. તે વિચારવા લાગ્યો કે ખરેખરજ ગિરીશ બાબુના સિદ્ધાન્તો વેદના વિરોધી નથી.

એટલામાં સ્વામીજી બહાર ફરી આવ્યા અને શિષ્યને સંબોધન કરીને કહ્યું કેઃ–"શું વાત ચાલે છે ?" શિષ્યે કહ્યું કેઃ–"મહાશય, વેદના સંબંધેજ વાતો થાય છે. ગિરીશબાબુ વેદ જો કે ભણ્યા નથી છતાં તેમના સિદ્ધાન્તો ઘણા સુંદર છે. બહુ આશ્ચર્ય પામવા જેવું છે કે આવું જ્ઞાન તેમને કેવી રીતે પ્રાપ્ત થયું હશે ?"

ગુરૂભકિતથી સત્યસિદ્ધાંતની પ્રાપ્તિ સહજ છે.

સ્વામીજીઃ—"ગુરૂભકિત હોય તો સર્વ સિદ્ધાંતો પોતાની મેળેજ પ્રત્યક્ષ થાય છે, પછી તેને માટે ભણવાની કે વાંચવા કરવાની જરૂર રહેતી નથી. છતાં એવી ભકિત અને એવો વિશ્વાસ જગતમાં બહુ દુર્લભ છે. ગિરીશ બાબુના જેવી જેમની ગુરૂભકિત હોય તેમને વેદ–વેદાંત ભણવાની જરૂર નથી; છતાં એટલું ધ્યાનમાં રાખજે કે તેમનું (ગિરીશ બાબુનું) જો અનુકરણ કરવા જઇશ તો તારી પાસે છે તે

પણ ગુમાવી દઇશ. માત્ર એમની વાતો સાંભળ્યા કરજે; તેમની દેખાદેખીએ કાંઇ કામ કરીશ નહિ. ”

શિષ્યઃ—ભલે.

બુદ્ધિપૂર્વકની શ્રદ્ધાજ શ્રેયસ્કર છે.

સ્વામીજીઃ-ભલે એમ નહિ, હું કહું તે એકવાર સમજી લે. મૂર્ખની માફક બધી વાતમાં ભલે, ભલે, ન કર્યા કર. હું કહું તોપણ અંધવિશ્વાસ રાખીશ નહિ. પહેલાં સમજ અને પછીજ વિશ્વાસ કર. મને પોતાને ગુરૂદેવ પ્રત્યેક વાત સમજાવીને પછીજ વિશ્વાસ કરવાનું કહેતા. યુક્તિ, તર્ક અને શાસ્ત્ર જે કહે તે પ્રમાણેજ કામ કરવું. વિચાર કરવાથી બુદ્ધિ નિર્મળ થાય છે અને પછી તેમાં બ્રહ્મ પ્રકાશિત થાય છે. સમજ્યો ને ?

શિષ્યઃ—જી હા. પણ વિવિધ માણસોની વિવિધ વાતો સાંભળી ઘણીવાર મગજ ભમી જાય છે, હજી હમણાંજ તેઓ (ગિરીશ બાબુ) કહેતા હતા કેઃ- “ અરે ભણવા-ગણવાથી શું દહાડો વળવાનો હતો ? ” અને વળી આપ કહો છો કેઃ—“ વિચાર કરતાં શીખ.” હવે મારે શું કરવું ?

સ્વામીજીઃ—અમારી બન્નેની વાતમાં સત્યાંશ છે. માત્ર દરેક વાત જૂદા જૂદા દ્રષ્ટિબિન્દુથી કહેવામાં આવી છે એટલુંજ. એક એવી અવસ્થા છે કે જ્યાં આગળ યુક્તિ-તર્ક સર્વ ચૂપ થઇ જાય છે-મૂકાસ્વાદનવત્. (મુંગેકા સ્વપ્ના ભયા સમજ સમજ પસ્તાય, તેના જેવું.) વળી બીજી એક એવી અવસ્થા છે કે જ્યાં વેદાદિ શાસ્ત્રો વિષે વિચાર કરતાં કરતાં સત્ય વસ્તુ પ્રત્યક્ષ થઈ શકે છે. તારે તો એ સર્વ ભણવાની-સાંભળવાની અને વિચાર કરવાની જરૂર છે. તારે જો સત્ય પ્રત્યક્ષ કરવું હોય તો તે એકજ માર્ગ છે.

નિર્બોધ શિષ્યને સ્વામીજી તરફથી આવી આજ્ઞા મળી તેથી તેણે વિચાર્યું કે ગિરીશ બાબુની હાર થઇ; અને સ્વામીજીએ પોતેજ ભણવાના વિષયને ટેકો આપ્યો. શિષ્યે ગિરીશ બાબુ ભણી જોઇને કહ્યું કેઃ-“ મહાશય સાંભળ્યું ને ? સ્વામીજી તો મને વેદ-વેદાન્તનો અભ્યાસ કરવાનું જ ફરમાવે છે ! ”

ગિરીશઃ—તો તું તેમ કર્યે જા. સ્વામીજીના આશીર્વાદથી તેમાં પણ તારૂં કલ્યાણ થશે.

સેવાશ્રમ સ્થાપવાની ભલામણ.

સ્વામી સદાનંદ તે વખતે ત્યાં હાજર થયા. તેમને જોઇને સ્વામીજીએ કહ્યું કેઃ-“ અરે ! આ મી. જી. સી. ના મુખથી દેશની દુર્દશા સાંભળીને ? મને તો તેમની વાત સાંભળ્યા પછી કશું ચેન પડતું નથી. દેશની ખાતર તું કાંઇ કરી શકે તેમ છે ?

સદાનંદઃ-મહારાજ ! જેવી આજ્ઞા. સેવક સદાને માટે તૈયાર છે !

સ્વામીજીઃ—પ્રથમ તો નાના પાયા ઉપર નમુના દાખલ એક સેવાશ્રમ ખુલ્લું મૂકવાનો પ્રયત્ન કર, કે જેથી ગરીબ અને દુઃખીઆઓને કાંઇક સહાય મળે અને રોગીઓની સેવા પણ થઈ શકે. **સંસારમાં જેમનું કોઈ સગું નથી એવા માણસોની, જાતિ-વર્ણ કે અવસ્થાનો ભેદભાવ રાખ્યા વિના સેવા થાય એવા ઉપાય યોજ !**

સેવા અર્થે એક હજારવાર જન્મવા તૈયાર છું.

સદાનંદઃ—આજ્ઞા, મહારાજ.

સ્વામીજીઃ—જીવસેવાથી ઉત્તમ ધર્મ બીજો એકે નથી. સેવાધર્મનું જો બરાબર પાલન થાય તો સંસાર-બંધનને તૂટતાં જરાએ વાર લાગતી નથી—“**मुक्तिः करफलायते।**”

ગિરીશ બાબુ તરફ નજર કરી સ્વામીજીએ કહ્યું:—“જુઓ, ગિરીશ બાબુ, મને તો એમ થાય છે કે જો જગતનાં દુઃખો દૂર કરવા માટે એક હજારવાર જન્મ લેવા પડે તોપણ ખુશીથી લેવા. એક હજારવાર જન્મ લેવાથી પણ જગતનું દુઃખ જરાયે ન્યૂન થઇ શકશે તો હું મને અહોભાગ્ય માનીશ. પોતાની એકલાની મુક્તિ ઇચ્છવાથી શું થવાનું હતું ? સર્વને સાથે લઇને એ માર્ગે જવાય તોજ ઠીક. મને આવા વિચારો કેમ આવતા હશે ? કહો તો ગિરીશ બાબુ ?”

ગિરીશ બાબુઃ—જો તેમ ન હોય તો ગુરૂદેવે તમને સર્વોત્તમ પાત્ર તરીકે ગણાવ્યા છે, તે કેમ બને ?

તે પછી ગિરીશ બાબુને કાર્યપ્રસંગે અન્યત્ર જવાનું હોવાથી બહાર ગયા.

प्रसंग ११ मो.

(સ્થાન—આલમબજાર મઠ. ઈ. સ. ૧૮૯૭.)

શિષ્યોને દીક્ષા અને સંન્યાસધર્મનો ઉપદેશ.

આગળ કહેવાઇ ગયું છે કે સ્વામીજી વિલાયતથી પાછા ફર્યા ત્યારે અને કલકત્તામાં પધાર્યા ત્યારે અનેક ઉત્સાહી યુવકો તેમનાં દર્શને આવતા. સ્વામીજી તે અવિવાહિત વિદ્યાર્થીઓને બ્રહ્મચર્ય તથા ત્યાગનો સર્વદા ઉપદેશ આપતા અને **आत्मनो मोक्षार्थं जगद्धिताय च।** અર્થાત્ પોતાના મોક્ષને માટે તથા જગતનું કલ્યાણ સાધવા માટે સર્વસ્વનો ત્યાગ કરવાની કેટલી આવશ્યકતા છે, તે વિષય બહુ અસરકારક રીતે સમજાવતા. તેઓ અનેકવાર કહ્યા કરતા કે સંન્યાસ ગ્રહણ કર્યા સિવાય કોઇને યથાર્થ આત્મજ્ઞાન થવું તો દૂર રહ્યું; પરન્તુ બહુ જનોનું

જેથી હિત થાય, બહુ જનોને જેથી સુખ થાય તેવાં ઐહિક કર્તવ્યો પણ સંન્યાસ સ્વીકાર્યા સિવાય કદાપિ સંપૂર્ણ રીતે સિદ્ધ થાય નહિ. આથી કરીને સ્વામીજી હમ્મેશાં ત્યાગનો ઉચ્ચ આદર્શ યુવકોની સમક્ષ રજુ કરતા, અને જો કોઇ યુવક સંન્યાસગ્રહણની તત્પરતા દર્શાવતો તો તેને અધિક ઉત્સાહ આપી પોતાનો ખાસ કૃપાપાત્ર લેખતા. સ્વામીજીના ઉત્સાહથી ઉત્સાહિત થઈ અનેક ભાગ્યશાળી યુવકો સંસારનો ત્યાગ કરી સ્વામીજીદ્વારા સંન્યાસાશ્રમમાં દીક્ષિત થઇ ચૂકયા હતા. આ નવા વિદ્યાર્થીઓમાંથી ચાર જણાએ જ્યારે સૌ પહેલાં સંન્યાસવ્રત ગ્રહણ કર્યું ત્યારે આ શિષ્ય ત્યાં આલમબજાર મઠમાંજ હાજર હતો. શિષ્યના મનમાં હજી એ પ્રસંગ તાજોજ છે!

સ્વામી નિત્યાનંદ, વિરજાનંદ, પ્રકાશાનંદ તથા નિર્ભયાનંદના નામથી જેઓ અત્યારે શ્રી રામકૃષ્ણમંડળમાં સુપ્રસિદ્ધ છે, તેઓએ તે દિવસે સંન્યાસ ગ્રહણ કર્યો હતો. એક જણને દીક્ષા નહિ આપવા માટે સ્વામીજીના ગુરૂભાઇઓએ સ્વામીજીને બહુ રીતે સમજાવ્યા હતા, એમ શિષ્યે સાંભળ્યું છે; પરંતુ તેઓને સ્વામીજીએ ઉત્તરમાં એટલુંજ જણાવ્યું કે:–"જો આપણે પાપી, તાપી, દીન, દુ:ખી અને દરિદ્રોનો ઉદ્ધાર નહિ કરીએ તો બીજું કોણ કરશે? માટે હવે પછી એવો કોઈ વાંધો મારી પાસે લાવશો નહિ." સ્વામીજીની દ્રઢ ઇચ્છા સફળ થઇ; અને અનાથોના આધારરૂપ સ્વામીજીએ પોતાના કૃપાગુણથી દરેકને સમાનભાવે દીક્ષા આપવાનો દ્રઢ સંકલ્પ કર્યો.

શિષ્ય આજે બે દિવસથી મઠમાંજ રહે છે. સ્વામીજીએ શિષ્યને કહ્યું કે:– "તુંજ પોતે ભટ્ટાચાર્ય બ્રાહ્મણ છે, માટે આવતી કાલે તું એમનું શ્રાદ્ધ નાખજે, એટલે પરમ દિવસે દીક્ષાની ક્રિયા શરૂ કરીશું. આજે જે કાંઇ તારે જોવું હોય અથવા વાંચવું હોય તે બધું જોઇ જજે." શિષ્યે સ્વામીજીની આજ્ઞા માથે ચડાવી.

દીક્ષાવિધિ.

સંન્યાસગ્રહણના પૂર્વદિવસે, સંન્યાસવ્રત ગ્રહણ કરવાની દ્રઢ જિજ્ઞાસાવાળા ઉક્ત ચાર બ્રહ્મચારીઓએ મુંડન કરાવ્યું; અને ગંગાસ્નાનથી પરવારી, શ્વેત વસ્ત્ર ધારણ કરી સ્વામીજીનો વાત્સલ્યમય આશીર્વાદ પ્રાપ્ત કર્યો તથા શ્રાદ્ધને માટે તૈયારી કરવામાં ગુંથાયા.

અહીં એટલું કહેવું અસ્થાને નહિ કહેવાય કે શાસ્ત્રની રીતિ પ્રમાણે જેઓ સંન્યાસ આશ્રમ સ્વીકારવા માગતા હોય તેઓએ પોતાનું શ્રાદ્ધ પોતાનેજ હાથે કરી લેવું જોઇએ; કારણ કે સંન્યાસ સ્વીકાર્યા પછી એવી લૌકિક કે વૈદિક કોઇ પણ ક્રિયામાં તેમનો અધિકાર રહેતો નથી. પુત્રપૌત્રોએ કરેલું શ્રાદ્ધ કે પિંડદાનનું ફળ સંન્યાસીઓને પહોંચી શકતું નથી. એટલાજ માટે સંન્યાસ લેવા પહેલાં

પોતાનું શ્રાદ્ધ તેમને પોતાનેજ કરી લેવું પડે છે; અને પોતાના સંસારના, દેહના અને સંબંધીઓના સર્વ પૂર્વસંબંધો પણ સંકલ્પદ્વારા છેક વિસારી મૂકવા પડે છે. આ ક્રિયાને સંન્યાસગ્રહણસમયની અધિવાસક્રિયા કહેવામાં આવે છે. શિષ્યે નજરોનજર જોયું છે કે સ્વામીજી આ સર્વ વૈદિક ક્રિયાકાંડોમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવતા હતા; એટલુંજ નહિ પણ શાસ્ત્રવિધિ પ્રમાણે જો બધી ક્રિયા નહોતી થતી તો દિલગીર પણ થતા. કેટલાએકો માત્ર ગેરૂઆં વસ્ત્રો પહેરી લેવાથીજ સંન્યાસી બની જવાય એમ ધારી બેઠા છે, તેમના પ્રત્યે સ્વામીજી બહુ ઉદાસીન રહેતા. ગુરૂપરંપરાથી ઉતરી આવેલાં વર્તમાન અનુષ્ઠાનો પ્રત્યે સ્વામીજી ભક્તિભાવ ધરાવતા અને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાના ઉપાયરૂપે સંન્યાસવ્રત ગ્રહણ કરાવવા પૂર્વે બ્રહ્મચારીઓદ્વારા ખાસ કરીને તે અનુષ્ઠાનો વિધિપૂર્વક કરાવતા. અમે એમ પણ સાંભળ્યું છે કે શ્રીપરમહંસ દેવના સ્વર્ગવાસ પછી સ્વામીજીએ પોતે પણ ઉપનિષદ્ આદિ શાસ્ત્રોમાં કહેલી વિધિ પ્રમાણે સર્વ વસ્તુઓ મંગાવી પોતાના ગુરૂભાઇઓની સાથે, ગુરૂદેવની છબી સામે રાખી, વૈદિકપદ્ધતિએ સંન્યાસ ગ્રહણ કર્યો હતો.

સંન્યાસવ્રતની કઠોરતા જોઇ શિષ્યનું ગભરાવું–સ્વામીજીનો બોધ.

આલમબજારમઠના ઉપરના ભાગમાં શ્રાદ્ધોપયોગી તમામ વસ્તુઓ મંગાવી રાખવામાં આવી હતી. સ્વામી નિત્યાનંદે પિતૃઓની શ્રાદ્ધક્રિયા અનેક વખત કરી હતી, તેથી જરૂરી વસ્તુઓ મંગાવી લેવામાં કાંઇ હરકત પડી નહિ. સ્વામીજીની આજ્ઞાને માન આપી શિષ્ય પણ સ્નાન વગેરેથી પરવારી પુરોહિત તરીકેનું કામ કરવાને તૈયાર થયો. મંત્રાદિના બરાબર ઉચ્ચારો થવા લાગ્યા. સ્વામીજી પણ પ્રસંગોપાત આવીને વિધિ જોઈ જતા. શ્રાદ્ધ પૂરૂં થઇ રહ્યું અને ચારે બ્રહ્મચારીઓ પોતાના પિંડનું દાન કરી રહ્યા ત્યારે શિષ્યની સાંસારિક દ્રષ્ટિએ તેઓ મૃતવત્ જણાવા લાગ્યા. આથી શિષ્યનું હૃદય તે વખતે ગભરાઇ ગયું! સંન્યાસવ્રતની કઠોરતાનું સ્મરણ થતાં તે મુંઝાવા લાગ્યો. પિંડાદિ લઇને બ્રહ્મચારીઓ ગંગા કાંઠે ગયા ત્યારે શિષ્યની ગભરામણ જોઇને સ્વામીજીએ કહ્યું કેઃ–"કેમ, આ બધું જોઇને તને કાંઇ ભય લાગે છે?" શિષ્યે માથું નીચે નમાવી સ્વામીજીના પ્રશ્નનો હકારમાં ઉત્તર આપ્યો. સ્વામીજીએ કહ્યું કેઃ–"એમાં ભય પામવા જેવું શું છે? સમજ કે આજે સંસારમાંથી તેઓ મૃત્યુ પામી ચૂક્યા, પણ કાલથી તો નવો દેહ ધારણ કરી, નવા વિચારે અને નવા વેશે પુનઃ હાજર થશે. બ્રહ્મવીર્યથી પ્રદીપ્ત થઇ તેઓ આજથી જ્વલંત અગ્નિની માફક અવસ્થાન કરશે–**न धनेन न चेज्यया त्यागेनैकेन अमृतत्वमानशुः ॥**"

સ્વામીજીનું કથન સાંભળી, શિષ્ય મુંગે મોંઢે ઉભો થઇ રહ્યો. સંન્યાસની કઠોરતા જોઇ તેની બુદ્ધિ મુંઝાઇ ગઇ હતી. તે વિચારવા લાગ્યો કે વાતમાં અને

કાર્યમાં કેટલો બધો ભેદ! જે વાત વિચારવામાં આટલી બધી સુંદર જણાય છે તે જ્યારે ક્રિયામાં મૂકાય છે ત્યારે કેટલી બધી હૃદયદ્રાવક થઇ પડે છે!

શ્રાદ્ધવિધિથી નિવૃત્ત થએલા બ્રહ્મચારી શિષ્યો ગંગાજીમાં પિંડ પધરાવીને આવ્યા અને મઠમાં આવી સ્વામીજીના પાદપદ્મની વંદના કરી. સ્વામીજીએ આશીર્વાદપૂર્વક કહ્યું કેઃ-"તમારૂં માનવ-જીવન આજે શ્રેષ્ઠવ્રત ગ્રહણ કરવામાં ઉત્સાહિત થયું છે, તે માટે તમારો જન્મ ધન્ય છે, તમારો વંશ ધન્ય છે અને તમારી ગર્ભધારિણી માતા પણ ધન્ય છે-**कुलं पवित्रं जननी कृतार्था ॥**"

ભોગ અને યોગ સાથે બનેજ નહિ.

તે દિવસે રાત્રે આહાર કર્યા પછી સ્વામીજી કેવળ સંન્યાસધર્મ સંબંધેજ વાર્તાલાપ કરવા બેઠા. સંન્યાસવ્રત ગ્રહણ કરવા ઉત્સુક બનેલા બ્રહ્મચારીઓને ઉદ્દેશીને તેઓએ જણાવ્યું કેઃ-**आत्मनो मोक्षार्थं जगद्धिताय च।** પોતાના મોક્ષની ખાતર અને જગતના હિતની ખાતર સંન્યાસવ્રત ગ્રહણ કરવું જોઇએ. સંન્યાસ ન લેવાય ત્યાંસુધી કોઇ દિવસ કોઇ બ્રહ્મજ્ઞ થઇ શકે નહિ. વેદ-વેદાંતમાં પણ એની એજ ઘોષણા છે. જેઓ એમ કહે છે કે સંસાર પણ ભોગવીશું અને બ્રહ્મજ્ઞ પણ બનીશું, તેઓની વાત ઉપર કદાપિ લક્ષ આપીશ નહિ. એમ કહેનારાઓના હૃદયમાં સંસારના ભોગની વાસના ગુપ્તપણે રહેલીજ હોય છે. સંસારના ભોગો ભોગવવાથી જેની લેશ પણ ઇચ્છા રહી ગઇ હોય, જેમની કામનાઓ અને વાસનાઓ હજી ક્ષીણ થઇ ન હોય, તેઓ આ કઠિનમાર્ગનો વિચાર કરતાંજ ગભરાઇ જાય છે; અને તેથી કહે છે કે આપણે તો સ્વાર્થપરમાર્થ એ બન્ને સાધીશું. એ બધો મૂર્ખોનો પ્રલાપ, ઉન્મત્તતાનો બકવાદ માત્ર છે; અવૈદિક અશાસ્ત્રીય કલ્પનામાત્ર છે. ત્યાગ સિવાય કોઇ કાળે મુક્તિ નથી. ત્યાગ સિવાય પરાભક્તિ ઉદ્ભવીજ શકે નહિ. ત્યાગ-ત્યાગ-**नान्यः पन्था विद्यतेऽयनाय।** તે સિવાય બીજો કોઇ માર્ગજ નથી. ગીતામાં પણ કહ્યું છે કેઃ-**काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः॥**"

સંસારના પ્રપંચોમાંથી છૂટયાવિના કોઇની મુક્તિ થઇ હોય અથવા થાય એવો સંભવ નથી. સંસારાશ્રમમાં જેઓ રહ્યા છે, તેઓ કોઇને કોઈ પ્રકારે કામનાના ગુલામ છે એ વાત તો તેઓ પોતેજ સિદ્ધ કરે છે. જો કામનાના ગુલામ ન હોય તો પછી સંસારમાં રહેવાનું પ્રયોજન શું ? કંતો કામિનીના દાસ છે, કાંતો ધનના દાસ છે, અને કાંતો વિદ્યા, બુદ્ધિ, યશ, માન, પાંડિત્યના દાસ છે. આવી અનેક પ્રકારની ગુલામીઓમાંથી મુક્ત થવાય તોજ મુક્તિના માર્ગમાં આગળ પગલાં ભરાય. માણસો ગમે તેમ કહે; પરન્તુ હું તો એમજ માનું છું કે સર્વસ્વના ત્યાગપૂર્વક સંન્યાસ ગ્રહણ થાય નહિ ત્યાંસુધી જીવનું કોઈ રીતે કલ્યાણ નથી, કોઇ રીતે

ઉદ્ધાર નથી, તેમજ કોઇ રીતે બ્રહ્મજ્ઞાનપ્રાપ્તિની સંભાવના નથી.

બ્રહ્મજ્ઞાન પાસે ઋદ્ધિ-સિદ્ધિ નિર્જીવ છે.

શિષ્યઃ--મહાશય, સંન્યાસ ગ્રહણ કરવાથીજ શું સિદ્ધિ મળી જતી હશે?

સ્વામીજીઃ—સિદ્ધિ મળે કે નહિ, તે જૂદી વાત છે. તું પોતેજ જ્યાંસુધી આ ભયંકર સંસારની ખાઇમાંથી બહાર નીકળી નહિ શકે ત્યાંસુધી વાસનાનું દાસત્વ પણ કોઇ કાળે તજી નહિ શકે; અને ત્યાંસુધી તને ભક્તિ કે મુક્તિની પ્રાપ્તિ થવી પણ અસંભવિત છે. બ્રહ્મજ્ઞાન પાસે ઋદ્ધિ-સિદ્ધિ કશી બીસાતમાંજ નથી.

ચાર પ્રકારના સંન્યાસ.

શિષ્યઃ--સંન્યાસને માટે કોઇ પણ પ્રકારના ભેદો કે કાળ અકાળ જેવું કાંઇ હશે કે નહિ?

સ્વામીજીઃ—સંન્યાસધર્મની સાધના માટે કાળ અકાળ કાંઇ જોવો પડતો નથી. શ્રુતિ સ્પષ્ટ રીતે કહે છે કેઃ-**यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्।** જે કાળે વૈરાગ્યનો ઉદય થાય તેજ ક્ષણે પ્રવ્રજ્યા-દીક્ષા ગ્રહણ કરવી. યોગવાસિષ્ઠમાં પણ કહ્યું છે કેઃ—

युवैव धर्मशीलः स्यात् अनित्यं खलु जीवितम्।
को हि जानाति कस्याद्य मृत्युकालो भविष्यति ॥

જીવનની અનિત્યતા વિચારી યુવાવસ્થામાંજ મનુષ્યોએ ધર્મશીલ બનવું જોઇએ. દેહ કયારે પડશે તે કોણ કહી શકે તેમ છે? શાસ્ત્રમાં સંન્યાસનાં ચાર પ્રકારનાં વિધાનો જોવામાં આવે છે. (૧) વિદ્વત્સંન્યાસ, (૨) વિવિદિષાસંન્યાસ, (૩) મર્કટસંન્યાસ, (૪) આતુરસંન્યાસ.

એકાએક સંપૂર્ણ અને યોગ્ય વૈરાગ્ય સ્ફુરી આવે કે તુરતજ સંન્યાસગ્રહણ કરી બહાર નીકળી પડવું તે પ્રથમ પ્રકારનો સંન્યાસ. પૂર્વજન્મના સંસ્કાર વિના પ્રથમ પ્રકારનો વિદ્વત્સંન્યાસ સંભવતો નથી. આત્મતત્ત્વ જાણવાની પ્રબળ ઇચ્છાથી કોઇ બ્રહ્મજ્ઞ પુરૂષની પાસે જઇ સંન્યાસ સ્વીકારી શાસ્ત્રપાઠ તથા ભજન-સાધન વગેરે કરવાં તેને વિવિદિષાસંન્યાસ કહે છે. સંસારના દુઃખતાપથી અથવા પોતાના કોઇ સગાના મૃત્યુથી અથવા એવાજ બીજા કોઇ કારણથી સંન્યાસ લઇ લેવો તેને મર્કટસંન્યાસ કહે છે; કારણ કે તે વૈરાગ્ય સ્થાયી હોતો નથી. ગુરૂદેવ જેમ કહેતા કેઃ-“સંન્યાસ લઇ દેશાટન કરતાં કયાંઇ નોકરી મળી ગઇ, તો પછી વિવાહ કરી સંસારી બન્યા. હતા ત્યાં ને ત્યાંજ” તેના જેવું થાય. છેલ્લો પ્રકાર આતુરસંન્યાસનો છે. માણસ જ્યારે મરણશય્યાએ પડયો હોય ને બચવાની આશા ન હોય ત્યારે તેને સંન્યાસ આપવાનો રિવાજ છે.

અગર તે મૃત્યુ પામે તો પવિત્ર સંન્યાસવ્રત ગ્રહણ કરી મૃત્યુ પામ્યો એમ ગણાય; અને આવતા ભવમાં એ પુણ્યના બળથી સારો જન્મ મળે, એવી પણ માન્યતા ખરી. ભાગ્યબળે જો મનુષ્ય બચી જાય તો પછી પુનઃ સંસારમાં નહિ રહેતાં બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ અર્થે સાધન-ભજન કરી સમય વીતાવે. તારા કાકાનેજ શિવાનંદ સ્વામીએ આતુરસંન્યાસ આપ્યો હતો. જો કે તેઓ મરી ગયા તોપણ એવા સંન્યાસગ્રહણથી તેમનો કોઈ ઠેકાણે ઉચ્ચજન્મ થશે. ટુંકામાં કહેવાનું એટલુંજ કે સંન્યાસ લીધા વિના આત્મજ્ઞાનપ્રાપ્તિનો બીજો એકે રાજમાર્ગ નથી.

શિષ્ય:--ત્યારે ગૃહસ્થોને માટે ઉપાય શું?

સ્વામીજી:— પુણ્યના બળથી તેમને કોઇ કાળે, કોઇ જન્મે વૈરાગ્ય ઉદ્ભવે અને વૈરાગ્ય ઉદ્ભવ્યો, એટલે પછી મુશ્કેલી રહેતી નથી; જન્મ-મૃત્યુની જંજાળને તૂટતાં પછી વારજ લાગતી નથી; છતાં સર્વ નિયમોને એક બે અપવાદ તો હોય છેજ. કોઇ ગૃહસ્થને ધર્મપાલન કરતાં જીવન્મુક્ત જેવી અવસ્થામાં પણ મેં જોયા છે. દાખલા તરીકે આપણા નાગમહાશય.

બુદ્ધદેવની હિંદુધર્મ ઉપર જવલંત અસર.

શિષ્ય:—મહારાજ, વૈરાગ્ય અને સંન્યાસ વિષે ઉપનિષદ્ વગેરેમાં વિસ્તૃતભાવે ઉપદેશ નહિ હોય?

સ્વામીજી:—એવકુફની માફક શું બક્યા કરે છે? વૈરાગ્ય તો ઉપનિષદ્નો પ્રાણ છે, વિચારજનિત પ્રજ્ઞા એજ ઉપનિષદ્નું છેલ્લું લક્ષ છે; છતાં મારો એવો વિશ્વાસ છે કે ત્યાગવ્રતનો વિશેષ પ્રચાર તો બુદ્ધદેવના વખતથીજ ભારતવર્ષમાં પ્રચલિત થયો છે; તેમજ વૈરાગ્ય તથા વિષયની વિતૃષ્ણા પણ ધર્મના અંતિમ લક્ષ્ય તરીકે તેજ વખતથી લોકોના જાણવામાં આવી છે. બુદ્ધધર્મનો ત્યાગ-વૈરાગ્ય હિંદુધર્મે પોતાનો કરી દીધો છે, એમ કહું તોપણ ખોટું નથી. ભગવાન્ બુદ્ધના જેવા ત્યાગી મહાપુરૂષ આ પૃથ્વીમાં બીજા કોઇ થયા નથી.

શિષ્ય:—ત્યારે શું બુદ્ધદેવના જન્મ પહેલાં દેશમાં ત્યાગ-વૈરાગ્ય જેવું કાંઇ હશેજ નહિ? દેશમાં સંન્યાસીઓ પણ નહિ હોય શું?

બુદ્ધદેવ પહેલાં હિંદની ધાર્મિક સ્થિતિ.

સ્વામીજી:—એમ કેમ કહેવાય? અલબત્ત સંન્યાસ-આશ્રમ હતો; પરંતુ જીવનનું તે છેલ્લામાં છેલ્લું લક્ષ્ય હોવું જોઇએ, એમ લોકોના હૃદયમાં દ્રઢ થયું નહોતું. બીજા શબ્દોમાં કહું તો વિવેકનિષ્ઠા નહોતી, વૈરાગ્યની દ્રઢતા નહોતી. એટલા જ માટે બુદ્ધદેવ અનેક યોગીઓ અને અનેક સાધુઓની પાસે જવા છતાં શાંતિ પ્રાપ્ત કરી શકયા નહિ. છેવટે “**इहासने शुष्यतु मे शरीरम्।**” આ સ્થાને જ મારૂં શરીર પડો, એમ કહીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે બુદ્ધદેવ

ત્યાંજ બેસી ગયા; અને અંતે પ્રબુદ્ધ થયા ત્યારેજ ત્યાંથી ઉઠયા. ભારતવર્ષમાં અત્યારે જે સઘળા મઠો ખડો તું જુએ છે તે સર્વ એક વખત બૌદ્ધધર્મના અધિકારમાં હતા. હિન્દુઓએ સમય વીતતાં તેને પોતાના રંગથી રંગી દીધા. ભગવાન બુદ્ધદેવના વખતથીજ યથાર્થ સંન્યાસ આશ્રમની શરૂઆત થઇ છે. બુદ્ધદેવેજ સંન્યાસ આશ્રમના મુડદાલ શરીરમાં નવો પ્રાણ ફૂંકયો છે.

સ્વામીજીના ગુરૂભાઇ સ્વામી રામકૃષ્ણાનંદ બોલી ઉઠયા કેઃ—“ બુદ્ધદેવના જન્મ પહેલાં પણ ભારતવર્ષમાં ચાર આશ્રમો તો હતાજ. પુરાણ-સંહિતા વગેરેમાં તેનાં જોઇએ તેટલાં પ્રમાણો મળી શકે છે.”

ઉત્તરમાં સ્વામીજીએ જણાવ્યું કેઃ—“ મનુ આદિ સંહિતા, સર્વ પુરાણોનો મોટો ભાગ તથા મહાભારત વગેરે તાજાંજ ગણાય. ભગવાન બુદ્ધ તો તે પહેલાં ઘણા કાળે થઇ ગયા હતા.”

સ્વામી રામકૃષ્ણાનંદે કહ્યું કેઃ—“ જો તેમ હોય તો વેદ, ઉપનિષદ્, સંહિતા કે પુરાણમાં કયાંક તો બુદ્ધધર્મની સમાલોચના જરૂર હોવી જોઇએ; પરંતુ એવા પ્રાચીન ગ્રન્થોમાં પણ બુદ્ધદેવ સંબંધી કાંઇ ઉલ્લેખ જણાતો નથી; તોપછી બુદ્ધદેવ બહુ જૂના વખતમાં થઇ ગયા એમ કહેવાય? એ ચાર પ્રાચીન પુરાણોમાં અલબત્ત બૌદ્ધમતનું સહેજસાજ વર્ણન છે, પણ તેટલાજ ઉપરથી એમ કેમ કહી શકાય કે હિન્દુઓનાં પુરાણો તથા સંહિતાઓ આધુનિકજ છે?”

સ્વામીજીઃ—એકવાર ઇતિહાસ વાંચી જો. બૌદ્ધધર્મની ભાવનાઓ હિન્દુધર્મે પોતાનામાં કેવી રીતે ઉતારી તેનો ખ્યાલ ઇતિહાસના અભ્યાસથી બરાબર આવી જશે.

રામકૃષ્ણાનંદઃ—મને તો લાગે છે કે ત્યાગ-વૈરાગ્ય વગેરેને પોતાના જીવનમાં ઉતારી બુદ્ધદેવે હિન્દુધર્મની ભાવનાઓને સજીવન કરી એટલુંજ.

સ્વામીજીઃ—એ વાત સિદ્ધ થવી મુશ્કેલ છે; કારણ કે બુદ્ધદેવના પહેલાં કોઇ પ્રમાણભૂત ઇતિહાસ હોય એમ જણાયું નથી. ઇતિહાસને-પ્રમાણ તરીકે સ્વીકારવામાં સંકોચ ન હોય તો એટલું તો સરળતાથી સિદ્ધ થઈ શકે તેમ છે કે ભૂતકાળના ઘોર અંધકારમાં જો કોઇએ જ્ઞાનદીપક પ્રકટાવ્યો હોય તો તે એક માત્ર બુદ્ધદેવેજ.

સંન્યાસીઓ દેશને ભારરૂપ છે—તે સામે સ્વામીજીનો વિરોધ.

પુનઃ સંન્યાસધર્મની ચર્ચા ચાલુ થઇ. સ્વામીજીએ કહ્યુંઃ—“ સંન્યાસની ઉત્પત્તિ ગમે તેવી હોય, તોપણ બ્રહ્મજ્ઞ બની માનવજીવનનો ઉદ્દેશ સિદ્ધ કરવામાં ત્યાગવ્રતનું અવલંબન મુખ્ય અને પ્રધાન છે, એમાં કોઈ જાતનો શક નથી. સંન્યાસગ્રહણ એજ પરમ પુરૂષાર્થ છે. જેઓને વૈરાગ્ય ઉદ્ભવ્યો છે અને જેઓ

સંસારમાં વીતરાગ બની ગયા છે, તેઓને ધન્ય છે !”

શિષ્ય:––આજકાલ અનેક કહ્યા કરે છે કે ત્યાગી સંન્યાસીઓની સંખ્યા વધી જવાથી દેશની વ્યાવહારિક ઉન્નતિમાં ઘણી અડચણો આવી પડી છે. સાધુઓ ગૃહસ્થોની કમાઇ ખાઇ નિરૂદ્યોગી બેસી રહે છે, તેથી તેઓ સમાજની કે દેશની ઉન્નતિમાં સહાયક ન બનતાં ઉલટા વિઘ્નરૂપ થઇ પડે છે; તેનું કેમ ?

સ્વામીજી:––પ્રથમ તો વ્યાવહારિક અથવા લૌકિક ઉન્નતિ એટલે શું ? એ મને સમજાવ.

શિષ્ય:—પાશ્ચાત્ય પ્રજા જેવી રીતે વિદ્યાના બળથી પોતાના દેશમાં અન્ન–વસ્ત્રનો સંચય કરે છે, અને વિજ્ઞાનના બળથી જેવી રીતે વાણિજ્ય, શિલ્પ, પોષાક, રેલવે, ટેલીગ્રાફ, વગેરેમાં ઉન્નતિ પ્રાપ્ત કરે છે; તેવી રીતની ઉન્નતિ પ્રાપ્ત કરવી તે વ્યાવહારિક ઉન્નતિ લેખાય છે.

દેશની શકિત તથા જાગૃતિ સંન્યાસીઓનેજ આભારી છે.

સ્વામીજી:––તુંજ વિચાર કરી જો કે જયાં સુધી મનુષ્યોમાં રજોગુણનો અભ્યુદય ન થાય ત્યાં સુધી એ બધું બનીજ કેમ શકે ? મેં આખા હિંદુસ્તાનમાં ભમી ભમીને જે કાંઈ નિરીક્ષણ કર્યું છે તે ઉપરથી મને જણાયું છે કે, કયાંઇ રજોગુણનું નામ નિશાન નથી. માત્ર તમોભાવ તમોભાવ અને તમોભાવજ દ્રષ્ટિગોચર થયો છે. સાધારણ જનસમુદાય તો ઘોર તમોભાવમાં છેક ગળાસુધી ડૂબી ગયો છે. રજોગુણ અને સત્વગુણનો જો કયાંઈ અંશ રહી ગયો હોય તો તે ભારતવર્ષના સંન્યાસીઓમાં હજી પણ દેખાય છે. સંન્યાસીવર્ગજ ભારતવર્ષનો મુખ્ય આધાર છે, મેરૂદંડ સમાન છે. યથાર્થ સંન્યાસીઓ ગૃહસ્થોના સલાહકાર રૂપ છે. પૂર્વે અનેક ગૃહસ્થોએ સંન્યાસીઓ પાસેથી ઉપદેશનો પ્રકાશ મેળવી જીવનસંગ્રામમાં વિજય પ્રાપ્ત કર્યો છે. સંન્યાસીઓના કિંમતી ઉપદેશ બદલ ગૃહસ્થો તેમને અન્ન–વસ્ત્ર આપે છે, એમાં શું મોટું કર્તવ્ય કરી વાળે છે ? જો આ પ્રકારની આપ–લે ભારતવર્ષમાં ન હોત તો અત્યાર સુધીમાં આ દેશની પ્રજા કયારનીએ અમેરિકાના આદિનિવાસીઓની માફક પાયમલ બની ગઇ હોત. ગૃહસ્થો સંન્યાસીઓને બે મુઠ્ઠી અનાજ આપે છે તેનાજ પ્રતાપે હજી ભારતવર્ષ ઉન્નતિના માર્ગમાં ટકી રહ્યો છે. વસ્તુતઃ સંન્યાસીઓ નિષ્કર્મ–નિરૂદ્યોગી નથી. કર્મનું ઉદ્દભવસ્થાન જો કોઇ હોય તો તે સંન્યાસીઓજ છે. ઉચ્ચ આદર્શોને જીવનમાં ઉતારતા તથા ઉચ્ચ કર્તવ્યો કરતા સંન્યાસીઓને જોઇ, ગૃહસ્થો પણ કમક્ષેત્રમાં જીવન–સંગ્રામ કરવા સમર્થ થાય છે. મતલબ કે પવિત્ર સંન્યાસીઓને જોઇનેજ ગૃહસ્થો પવિત્ર ભાવનાવાળા બને છે અને યોગ્યરીતે કર્મ કરવાને તત્પર બને છે. સંન્યાસીઓએ ઈશ્વરાર્થે અથવા જગહિતાર્થે જે ત્યાગવ્રત લીધું હોય છે, તે ત્યાગ-

વ્રત ગૃહસ્થોને ઉત્સાહી બનાવે છે, અને તેના બદલામાં તેમને એ મુઠ્ઠી અનાજ આપે છે. દેશમાં અન્ન ઉપજાવવાની શક્તિ તથા પ્રવૃત્તિ કોઇ ઉત્પન્ન કરતું હોય તો તે પણ સંન્યાસીઓજ છે. સંન્યાસીઓના શુભાશીર્વાદથીજ દેશના લોકોમાં જાગૃતિ તથા શક્તિ ટકી રહે છે. મૂર્ખલોકો સમજ્યા વિના સંન્યાસપદ્ધતિની નિંદા કરે છે. બીજા દેશમાં ભલે ગમે તેમ હોય, પણ આ દેશમાં તો સંન્યાસીઓનાજ પ્રતાપે ગૃહસ્થોની નૌકા સંસારસાગરમાં નિર્વિઘ્ને ફર્યા કરે છે.

શિષ્ય:--પરંતુ લોકકલ્યાણ કરવામાં તત્પર હોય એવા સંન્યાસીઓની સંખ્યા કેટલી બધી ઓછી છે?

સંન્યાસાશ્રમની ઉપયોગિતા.

સ્વામીજી--એક હજાર વર્ષે પણ ગુરૂદેવ જેવા એક સંન્યાસી મહાપુરૂષનો જન્મ થાય તોપણ બસ છે. તેઓ જે ઉચ્ચ ભાવો અને આદર્શો આપતા ગયા છે તે ભાવો અને આદર્શો, લોકો હજારો વર્ષ સુધી સાચવી રાખશે અને એ દ્વારા પોતાનું કલ્યાણ કરશે. સંન્યાસપદ્ધતિ હતી તો તેમના જેવા મહાપુરૂષે આ દેશમાં જન્મ ગ્રહણ કર્યો. દોષ તો બધા આશ્રમોમાં જાણે કે રહેલાજ છે. ક્યાંઇ ઓછા તો ક્યાંઈ વધારે. દોષો હોવા છતાં પણ આ સંન્યાસાશ્રમ બીજા બધા આશ્રમોના મુકુટ જેવો ટકી રહેલો છે, તે શું અકારણજ ટકી રહ્યો હશે? જેઓ સાચા સંન્યાસીઓ છે તેઓ પોતાની મુક્તિ માટે પણ પરવા કરતા નથી; જગતના હિતને ખાતરજ તેમનું જીવન અને જન્મ છે, એમ માનીને લોકકલ્યાણ કરવામાં તત્પર રહે છે. આવા સંન્યાસાશ્રમ પ્રત્યે તમને ભક્તિભાવ ન સ્ફુરે તો તમને ધિક્કાર છે, એક વખત નહિ પણ સોવાર ધિક્કાર છે !!

સંન્યાસાશ્રમનો મહિમા.

બોલતાં બોલતાં સ્વામીજીનું મુખમંડળ પ્રદીપ્ત થઇ આવ્યું. સંન્યાસાશ્રમના ગૌરવ પ્રસંગે, સ્વામીજી જાણે કે સંન્યાસીનું મૂર્તિમાન સ્વરૂપ હોય તેવો આબેહુબ દેખાવ શિષ્યની સમક્ષ ખડો થઈ ગયો! ત્યાર પછી જાણે કે એ આશ્રમના ગૌરવનો પોતાના હૃદયમાં અનુભવ કરતા હોય તેવી રીતે અંતર્મુખ થઇ પોતાની મેળેજ મધુરસ્વરે નીચે પ્રમાણે આવૃત્તિ કરવા લાગ્યા:—

वेदान्तवाक्येषु सदा रमन्तः भिक्षान्नमात्रेण च तुष्टिमन्तः ।
अशोकमन्तःकरणे चरन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः ॥

અર્થાત્ વેદ-વેદાન્તની ચર્ચામાંજ જેઓ અહોનિશ રમનારા છે, ભિક્ષામાં મળેલા અન્ન ઉપરજ જેઓનો સંપૂર્ણ સંતોષ છે, જેઓ શોકરહિત છે અને જેઓ પૃથ્વીમાં વિચરતા રહે છે, તેવા કૌપીનધારી સંન્યાસીઓ ખરેખર ભાગ્યશાળી છે.

સંન્યાસીઓનાં કર્તવ્ય.

ત્યારબાદ પુનઃ બોલવા લાગ્યાઃ-" અનેક માણસોના હિતની ખાતર, અનેક મનુષ્યોના સુખની ખાતર સંન્યાસીઓનો જન્મ છે. સંન્યાસ સ્વીકારી પછી જેઓ આ ઉચ્ચાશયને ભૂલી જાય છે તેઓનું જીવન વ્યર્થ છે-**वृथैव तस्य जीवनम् ।** બીજાઓની ખાતર પ્રાણ આપવાને, જીવોના ગગનભેદી રોદનને શાંત કરવાને, દુઃખીઓને આશ્વાસન આપવાને, અજ્ઞ મનુષ્યોને જીવનસંગ્રામમાં ઉપયોગી બનવાને, શાસ્ત્રના ઉપદેશો વિસ્તારી સર્વને ઐહિક તથા પારમાર્થિક મંડળમાં નિયુક્ત કરવાને તથા માનવ-હૃદયરૂપ ગુહામાં ભરનિદ્રામાં પડેલા બ્રહ્મસિંહને જગાડવાને માટેજ જગતમાં સંન્યાસીઓએ જન્મ લીધો છે." પછી પોતાના ગુરૂભાઇને ઉદ્દેશીને સ્વામીજીએ કહ્યું કેઃ-" **आत्मनो मोक्षार्थं जगद्धिताय च ।** પોતાના મોક્ષની ખાતર તથા જગતના હિતની ખાતરજ આપણો જન્મ છે. બેસી રહીને શું કરવાના હતા ? ઉઠ ! જાગ ! તું પોતે જાગૃત બનીને જગતને જાગૃત કર-નરજન્મ સાર્થક કરી જા ! **उत्तिष्ठित, जाग्रत, प्राप्य वरान् निबोधत ॥** "

प्रसंग १२ मो.

(સ્થાન-કલકત્તા. બલરામ બાબુને ત્યાં. ઇ. સ. ૧૮૯૭)

ગુરૂગોવિંદવિષે ચર્ચા.

આજે બે દિવસ થયાં સ્વામીજી બલરામ બાબુને ત્યાં બાગબજારમાંજ રહે છે. શિષ્ય રોજ ત્યાં તેમના દર્શને આવ-જા કર્યા કરે છે. સાંજે સ્વામીજી હવા ખાવા માટે મકાનની અગાશીમાં ગયા. શિષ્ય તેમજ બીજા ચાર-પાંચ માણસો પણ સાથે હતા. દિવસે બહુ સખત ગરમી પડી ચૂકી હતી, તેથી સ્વામીજીએ પણ ઉકળાટને લઇને શરીર ઉપરથી વધારાનાં વસ્ત્રો કહાડી નાખ્યાં હતાં. ધીમે ધીમે શીતળવાયુ આવવા લાગ્યો. ફરતાં ફરતાં સ્વામીજીએ ગુરૂગોવિંદની વાત કહાડી; અને તેમનાં તપ, ત્યાગ, તિતિક્ષા તથા જ્વલંત પરિશ્રમ આદિ ગુણોને લઇને શીખજાતિ કેવી રીતે પુનઃ ઉન્નત થવા પામી; તથા મુસલમાન ધર્મમાં દીક્ષિત થઇ ચૂકેલા મનુષ્યોને પુનઃ હિંદુધર્મની દીક્ષા આપી શીખજાતિમાં કેવી રીતે તેમણે દાખલ કર્યા; એટલુંજ નહિ પણ તેમણે નર્મદાતીરે કેવી રીતે માનવ-લીલા સંકેલી લીધી; ઇત્યાદિ બનાવોનું અત્યંત તેજસ્વી ભાષામાં, થોડા ઘણા વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. ગુરૂગોવિંદ પાસે દીક્ષિત થએલા મનુષ્યોમાં તે સમયે કેવી મહાશક્તિ આવવા પામતી, તેનો ઉલ્લેખ કરતા સ્વામીજીએ શીખજાતિમાં

પ્રચલિત એક દોહો કહી સંભળાવ્યો, જે નીચે પ્રમાણે છે:—

સવા લાખ પર એક ચડાઉં,
જબ ગુરૂગોવિંદ નામ સુનાઉં.

અર્થાત્—ગુરૂગોવિંદનું નામ લેવાથી (અર્થાત્–દીક્ષિત થવાથી) એક એક મનુષ્યમાં, એક લાખ કરતાં પણ અધિક મનુષ્યો જેટલું બળ આવી જતું. મતલબ કે તેમની પાસે દીક્ષા ગ્રહણ કરવાથી ગુરૂની શક્તિના પ્રતાપે શિષ્યોના જીવનમાં એટલું બધું બળ તથા ધર્મપ્રેમ સ્ફુરતો કે ગુરૂગોવિંદનો માત્ર એકજ શિષ્ય સવાલાખ વિધર્મીઓને પરાજિત કરી શકતો. ધર્મમહિમા સૂચવનારા આવા પ્રસંગો જ્યારે જ્યારે નીકળતા ત્યારે સ્વામીજીનાં નેત્રોમાંથી તેજોમય પ્રકાશ બહાર વહેવા લાગતો. શ્રોતૃવર્ગ સ્તબ્ધ બની જઇ તે સર્વ સાંભળ્યા કરતો અને સ્વામીજીના મુખ તરફ તાકી રહેતો. સ્વામીજીના શરીરમાં કોઇ અદ્‌ભુત શક્તિ તથા અદ્‌ભુત ઉત્સાહ વહેતો હોય એમ જોનારને લાગ્યાવિના રહેતું નહિ. જ્યારે તેઓ કોઇ પણ વિષયની ચર્ચામાં ઉતરતા ત્યારે જાણે કે એ એકજ વિષય, જગતના સર્વ વિષયો કરતાં ઉત્તમ હોય તેમ સાંભળનારાઓના મનમાં લાગી જતું. સ્વામીજીની એ એક ખાસ ખૂબી હતી કે જ્યારે અમુક વિષય ઠસાવવો હોય, ત્યારે તે વિષયને એટલા બધા બળવાન ભાવથી તથા જુસ્સાથી વર્ણવતા કે સાંભળનારાઓ તેને જીવનનો એક માત્ર સાર માન્યા વિના રહીજ શકતા નહિ.

ગુરૂગોવિંદના સમયમાં કેવા સંજોગો હતા ? હિંદુ-મુસલમાનમાં તે કાળે ઐક્ય થવાનું કારણ.

થોડીવાર પછી શિષ્યે જિજ્ઞાસા કરી કે:–“ મહાશય, ગુરૂગોવિંદે હિંદુ અને મુસલમાનોને એકજ ધર્મમાં દીક્ષિત કરી એકજ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે કેવી રીતે તૈયાર કર્યા હશે ? બહુ આશ્ચર્યની વાત છે ! ભારતવર્ષના ઇતિહાસમાં એના જેવો બીજો એકે દાખલો મળી આવતો નથી.

સ્વામીજી:—જનસમાજનું સામાન્ય હિત ન હોય તો લોકો એકતા ને સંપના સૂત્રથી કદાપિ બંધાય નહિ. દરેક મનુષ્યનું સામાન્ય હિત સચવાય તોજ સમાજમાં ઐક્ય આવે. સભા, સમિતિ કે લેકચર ફેકચરથી સાધારણ જનસમાજને કોઇ દિવસ એક કરી શકાય નહિ. જો તેમનો સ્વાર્થ એકબીજાની આડે આવતો ન હોય તોજ એક્તા બની શકે. ગુરૂગોવિંદે તે વખતે હિન્દુઓ અને મુસલમાનોને બરાબર સમજાવી દીધું કે:–“ આપણે અત્યારે ભયંકર જુલમ અને ત્રાસના રાજ્યમાંથી પસાર થઇએ છીએ. ” ગુરૂગોવિંદે સામાન્ય હિત ઉપજાવી કાઢયું નહતું, પણ જનસમાજને માત્ર એટલું સમજાવી દીધું કે સામાન્ય જનહિત

શેમાં રહેલું છે. એટલાજમાટે હિન્દુઓએ તથા મુસલમાનોએ પણ તેનું અનુસરણ કર્યું. એટલું તો ચોક્કસ છે કે તેઓ મહા બલવાન પુરૂષ હતા. ભારતના ઇતિહાસમાં તેમના જેવો બીજો કોઇ દાખલો નથી, એમ કહીએ તોપણ ચાલી શકે.

ઋદ્ધિ-સિદ્ધિવિષે વાર્તાલાપ.

રાત્રિનો સમય થઇ જવાથી સ્વામીજી સર્વની સાથે નીચે ઉતરી આવ્યા. તેમની આસપાસ શિષ્યવૃંદ પણ ટોળે વળીને બેસી ગયું. એજ વખતે સિદ્ધિ સંબંધે વાતચીત ચાલુ થઇ.

સ્વામીજીએ કહ્યું કેઃ—"સિદ્ધિ અથવા ચમત્કાર શક્તિ ઘણા સામાન્ય મનઃસંયમથી પ્રાપ્ત થઇ શકે છે." શિષ્યની તરફ લક્ષ કરીને કહ્યું કેઃ—"તારે બીજાના મનની વાત જાણવાની કળા શીખવી છે? તને હું ચાર પાંચ દિવસમાંજ બતાવી દઉં?"

શિષ્યઃ—એથી શું લાભ?

સ્વામીજીઃ—બીજાના મનની વાત જાણી શકાય, એ સિવાય બીજું શું હોય?

શિષ્યઃ—બ્રહ્મવિદ્યામાં કાંઈ સહાયતા મળે ખરી?

સ્વામીજીઃ—બિલકુલ નહિ.

શિષ્યઃ—તોપછી મારે એ વિદ્યા શીખવાની જરૂર નથી. પણ મહાશય, આપે પોતે સિદ્ધિઓ સંબંધે જે અનુભવો કર્યા છે તે સાંભળવાની ઇચ્છા છે.

સ્વામીજીનો અંગત અનુભવ.

સ્વામીજીઃ—એક વખત હું હિમાલયમાં ભ્રમણ કરતો કરતો કોઇ પહાડી ગામમાં જઇ ચડયો. રાત્રિ ત્યાંજ કાઢવાનો વિચાર હતો. સંધ્યાકાળે ડાખલાં અને ઢોલકાંના અવાજો કાને આવવા લાગ્યા. ઘરવાળાને પૂછવાથી તેણે જણાવ્યું કેઃ—"ગામના એક માણસને ઘણીવાર ભૂત આવે છે." તેણે મને ત્યાં લઇ જવાનો આગ્રહ કર્યો અને મને પણ જોવાનું કૌતૂહલ થયું, તેથી અમે જોવા ગયા. અમારા પહેલાં ઘણા પ્રેક્ષકો ત્યાં હાજર થઇ ગયા હતા. મારા સાથીએ મને એક લાંબો અને છૂટા વાળવાળો મનુષ્ય બતાવ્યો અને તેની તરફ આંગળી કરીને કહ્યું કે તેનાજ અંગમાં ભૂત ભરાય છે! પેલા માણસની પાસે ધગધગતો અગ્નિ સળગતો હતો અને તેમાં એક કુહાડો તપાવવામાં આવતો હતો. તે ગરમ થએલો લાલચોળ કુહાડો પેલા લાંબા પહાડીના શરીર ઉપર અનેક સ્થળે ચાંપવામાં આવ્યો તેમજ તેના માથાઉપર મૂકવામાં આવ્યો; છતાં આશ્ચર્ય જેવું હતું કે એ ધગધગતા તાપથી તેના શરીરમાં કયાંઇ ફોલ્લો થયો નહિ, તેમજ લેશ-

પણ દુઃખ કે કષ્ટ પેલા માણસને થયું હોય એમ જણાયું નહિ. હું તો આ દેખાવ જોઇને સ્તબ્ધજ બની ગયો. એટલામાં ગામનો એક આગેવાન મારી પાસે આવ્યો અને હાથ જોડીને મને કહ્યું કેઃ—“મહારાજ, દયા કરીને આપ ભૂતને કાઢી મૂકો તો મોટી મહેરબાની થાય.” હું તો ચકિતજ બની ગયો! શું કરૂં? સૌનો બહુ આગ્રહ થવાથી ભૂત કાઢવા હું પેલા લાંબા માણસ પાસે ગયો. સૌ પહેલાં તો મને કુહાડાની પરીક્ષા કરવાનું મન થયું, તેથી તે કુહાડાને હાથવતી અડકયો. અડકતાંની સાથેજ હાથમાં તીવ્રવેદના થવા લાગી! જો કે મેં જ્યારે હાથ અડકાડયો ત્યારે તો એ કુહાડો ઘણોજ ઠંડો થઈ ગયો હતો; છતાં આટલો બધો ગરમ લાગ્યો, તોપછી ભૂતવાળાને તો કેવોય ગરમ લાગવો જોઇએ! હાથની બળતરાથી હું મુંઝાવા લાગ્યો. તે વખતે થીયરી-બીયરી બધું ઉંઘી ગયું! હવે શું કરવું? એક મારી પોતાની બળતરા અને તેમાં વળી આ ભૂત ઉતારવાનો લોકોનો આગ્રહ! ગમે તેમ કરીને તે ભૂતવાળા મનુષ્યના માથા ઉપર હાથ મૂકી થોડીવાર જપ કર્યો. અજાયબ થવા જેવું છે કે દશબાર મિનિટો ગઇ તેટલામાં તો ભૂત પણ ઉતરી ગયું અને પેલો માણસ પણ ડાહ્યો જેવો બની ગયો. પછી તો ગામના માણસોની મારા પ્રત્યે એટલી બધી ભકિત ઉભરાઇ આવી કે ન પૂછો વાત. મને તેમણે સાક્ષાત્ વિષ્ણુજ માની લીધો! જો કે હું પોતે આ બધું કેમ બન્યું તે વિષે કાંઇજ જાણતો નહોતો. હું કાંઇ પણ બોલ્ય ચાલ્યા વિના પેલા ઘરવાળાની સાથે મારા મુકામે જવાને તૈયાર થયો. રાત્રિના બાર વાગ્યા હશે. મુકામ ઉપર આવીને તુરત સૂઇ ગયો, પણ હાથમાં એવી તો સખત બળતરા થતી હતી; અને તેની સાથે આજના બનાવમાં શું ગુપ્તભેદ હશે તે શોધી કાઢવાના વિચારો મગજમાં એવા તો ભમ્યા કરતા હતા કે આખી રાત્રિ ઉંઘ આવીજ નહિ. ધગધગતા કુહાડાથી પણ જ્યારે તે મનુષ્યનું શરીર બળ્યું કે દાઝયું નહિ ત્યારે એટલી વાત તો મને ચોક્કસ લાગી કે પૃથ્વીમાં અને સ્વર્ગમાં કેટલાએક એવા વ્યાપારો પણ પ્રવર્ત્તે છે કે જેનું દર્શનશાસ્ત્રીઓને સ્વપ્ને પણ ભાન નહિ હોય.

શિષ્યઃ—પછી આપ એ બનાવવિષે કાંઇ નિર્ણય ઉપર આવી શકયા કે નહિ?

સ્વામીજીઃ—ના, આજે વાત વાતમાં એ બનાવ યાદ આવી ગયો એટલે તમને કહી દીધો એટલુંજ.

સિદ્ધિઓ ધર્મના માર્ગમાં અંતરાયરૂપ છે.

ત્યારપછી સ્વામીજી બોલવા લાગ્યા. કેઃ—“પણ ગુરૂદેવ સિદ્ધિઓની બહુ વિરૂદ્ધ હતા. તેઓ કહેતા કે જો એવી એવી શક્તિ ખીલવવામાં મનનો વેગ વહેવા લાગે તોપછી પરમાર્થતત્ત્વ છેક ભૂલી જવાય. પરંતુ મનુષ્યોનું મન કેટલું

બધું નિર્મળ છે? ગૃહસ્થોની વાતને એક બાજુએ રહેવા દઇએ અને સાધુઓની વાત કરીએ તોપણ સાધુઓનો ચૌદ આની જેટલો ભાગ સિદ્ધિઓની જાળમાંજ ફસાઇ જાય છે. પશ્ચિમના દેશોમાં સિદ્ધિઓના ચમત્કાર જોઇ લોકો સ્તબ્ધ બને છે. સિદ્ધિ–વિભૂતિ વગેરે ખરાબમાં ખરાબ વસ્તુઓ છે, ધર્મમાં અંતરાયરૂપ છે, એ વાત ગુરૂદેવે બહુ પ્રીતિપૂર્વક મને સમજાવી દીધી છે અને તેથી બહુ લાભ થયો છે. એટલામાટે તું જુએ છે ને, કે ભૂલે ચૂકે પણ ગુરૂદેવનો કોઇ ભક્ત કોઇ વખત એવી સિદ્ધિઓના ફાંસામાં ફસાય છે? કારણ કે સિદ્ધિઓની જાળ લગભગ સૌને ગુરૂકૃપાથી સારી રીતે પરિચિત થઇ ગઇ છે.”

પિશાચસિદ્ધ બાવાનો અનુભવ.

યોગાનંદ સ્વામીએ તેજ વખતે સ્વામીજીને કહ્યું:—“ આપને મદ્રાસમાં પેલા બાવા સાથે મુલાકાત થઇ હતી એ વાત તો આ “બંગાળી” ને કહો.”

શિષ્યે એ વાત પહેલાં કોઇ દિવસ સાંભળી નહોતી. સ્વામીજીને વાત કહેવાનો શિષ્યે ઘણોજ આગ્રહ કર્યો, તેથી નીચે પ્રમાણે કહી સંભળાવી:—

મદ્રાસમાં જ્યારે મન્મથબાબુને ત્યાં હું હતો ત્યારે એક દિવસે રાત્રે મને સ્વપ્નમાં જણાયું કે મારી જનેતા, માતા મરી ગઇ છે! મારૂં મન આ દેખાવ જોયા પછી બહુ અસ્થિર બની ગયું. તે વખતે મારે કાગળ–પત્રનો કોઇની સાથે વ્યવહાર નહોતો. મઠમાં પણ કાગળ નહોતો લખતો તોપછી ઘેર તો લખુંજ શાનો? સ્વપ્નની વાત મન્મથબાબુને જણાવી. તેમણે કલકત્તામાં કાગળ–પત્ર લખી તે વિષેની તપાસ કરવા માંડી. એક તરફ મદ્રાસવાસી બન્ધુઓએ અમેરિકાની મારી મુસાફરીમાટે જોઇતી સર્વ તૈયારીઓ કરી રાખી હતી; પરંતુ મારૂં મન એટલું બધું ઉદાસીન બની ગયું હતું કે માતુશ્રીના સમાચાર ન આવે ત્યાંસુધી કાંઇ સૂઝે તેમ નહોતું. મને બહુ ચિંતાતુર થએલો જોઇને મન્મથબાબુએ કહ્યું કે:–“ શહેરથી થોડે દૂર એક પિશાચસિદ્ધ બાવો રહે છે અને તે ભૂત–ભવિષ્યની તથા મનુષ્યોના શુભાશુભની અનેક વાતો કહી આપે છે. જો તમારે મળવું હોય તો ચાલો.” મન્મથબાબુનો વધારે પડતો આગ્રહ તથા મારા મનની વ્યાકુળતા વગેરે કારણોને લઇને અમે ત્યાં ગયા. અમારી સાથે એક દુભાપીઓ પણ હતો. રેલમાંથી ઉતર્યા પછી પગે ચાલીને કેટલોક રસ્તો પસાર કરવો પડયો. સ્મશાનની પાસે એક ભયંકરમૂર્તિ, કાળો મેશ જેવો બાવો નજરે પડયો અને તે બાવો અમે ધાર્યો તેજ હતો એમ અમને ખબર પડી. તેની પાસેના નોકરો “કિડિં મિડિં” એવી મદ્રાસીભાષા બોલતા હતા. પ્રથમ તો તેણે અમારી તરફ કશું લક્ષજ આપ્યું નહિ; પણ જ્યારે અમે પાછા ફરવાની તૈયારી કરી ત્યારે તે બાવાએ અમને ઉભા રહેવાનું ફરમાવ્યું. અમારી સાથે જે દુર્ભાપીઓ હતો તેણે

અમને ઉભા રહેવાનું કહ્યું. પછી પેલા બાવાએ હાથમાં પેન્સીલ લઇ કાંઇક લખવા માંડ્યું. ત્યારબાદ તે એકાએક મનની એકાગ્રતા કરતો કરતો સ્થિર થઇને બેસી રહ્યો. આખરે તેણે મારી સાત પેઢીઓનાં નામો કહી સંભળાવ્યાં, તેમજ મારૂં ગોત્ર તથા મારૂં નામ પણ કહી દીધું. તેની સાથે ગુરૂદેવ હમ્મેશા મારી સાથે ને સાથેજ રહે છે, એ વાત પણ તેણે જણાવી. માતાના સમાચાર સંબંધે જણાવ્યું કે માતા સંપૂર્ણરીતે કુશળ છે. ધર્મપ્રચારને અર્થે મારે બહુ દૂર દેશાવરમાં થોડાજ વખતમાં જવું પડે તેમ છે, એ વાત પણ તે બાવાએ કહી દીધી. માતાજીના મંગળ સમાચાર સાંભળી હું આનંદપૂર્વક મન્મથબાબુ સાથે પાછો ઘેર આવ્યો. ઘેર આવ્યા પછી તરતજ એક તાર આવ્યો કે જેમાં માતાજી સંબંધે કુશળ સમાચાર હતા.

યોગાનંદ સ્વામી તરફ લક્ષ કરી સ્વામીજીએ કહ્યું કેઃ—“બાવાએ જે જે વાત કરી તે બધી બરાબર ખરી પડી. પછી તો કાકતાલીયન્યાયથી હોય કે ગમે તે રીતે હોય!”

સ્વામી યોગાનંદઃ—“પહેલાં તમે એવી વાતોમાં વિશ્વાસ રાખતા નહોતા, તેથીજ તમને નજરોનજર નિહાળવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.”

મનુષ્ય ભૂતના વિચારથી ભૂત અને બ્રહ્મની ભાવનાથી બ્રહ્મરૂપ બને છે.

સ્વામીજીઃ—જોઈને કે માત્ર સાંભળીનેજ વિશ્વાસ કરૂં, એવો હું થોડાજ છું. હવે કાંઇ હું નાનું બાળક નથી. આ જગતમાં—મહામાયાના રાજ્યમાં આવ્યા પછી કોણ જાણે કેટલીએ ઠગાઇઓ જોઇ છે! જ્યાં જુઓ ત્યાં માયા, માયા ને માયા!!! રામ! રામ!! આજે કેવી નમાલી વાતોમાં ઉતરી ગયા? ભૂતનો વિચાર કરી કરીને માણસો પણ ભૂત જેવાજ બની ગયા છે. જાણતાં—અજાણતાં, જે કોઇ રાત્રિ દિવસ એમ વિચાર્યા કરે છે કેઃ—“હું નિત્ય છું, હું શુદ્ધ છું, હું બુદ્ધ છું, હું મુક્તાત્મા છું.” તેને વખત જતાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા વિના રહેતું નથી.

એટલું કહીને સ્વામીજીએ શિષ્યને સ્નેહપૂર્ણ શબ્દોમાં કહ્યું કેઃ—“આજની નમાલી વાતોને તારા મનમાં સ્થાન આપીશ નહિ. હમ્મેશાં સારાસારનો વિચાર કરવો, આત્માનો સાક્ષાત્કાર કરવા મન, વચન, કાયથી પ્રયત્ન કરવો. આત્મજ્ઞાનથી બીજું એકે જ્ઞાન ચડે તેમ નથી, એ ખાત્રીપૂર્વક માનજે. બધી માયાજાળ છે, સંસારમાં બધે ઠગાઇનુંજ રાજ્ય છે! જે સત્ય હું સમજ્યો છું તેજ સત્ય હું તને સમજાવું છું કે, **एकमेवाद्वयम् ब्रह्म नेह नानास्ति किंचन।**

વાત વાતમાં રાત્રિના અગિઆર વાગી ગયા, એટલે સ્વામીજી આહાર વગેરેથી પરવારી વિશ્રામ લેવા ગયા. શિષ્યે સ્વામીજીના પાદપદ્મમાં નમન કરી

વિદાયગીરી લીધી. સ્વામીજીએ જતાં જતાં પૂછ્યું કે:—કાલે આવીશ ને?

શિષ્ય:—આવ્યા વગર રહેવાતુંજ નથી. દિવસમાં એકવાર આપનાં દર્શન નથી થતાં તો મન બહુ વ્યાકુળ અને ચિંતાતુર જેવું રહ્યા કરે છે.

સ્વામીજી:—વખત થઇ ગયો છે—જા, હવે.

સ્વામીજીના ઉપદેશ સંબંધી વિચાર કરતો શિષ્ય રાત્રે બાર વાગે પોતાને ઘેર પહોંચ્યો.

प्रसंग १३ मो.

(સ્થાન-બેલુડ-ભાડાનો મઠ. ઈ. સ. ૧૮૯૮)

શ્રી રામકૃષ્ણદેવની જન્મતિથિ-ઉત્સવ.

સ્વામીજી જે વર્ષે ઈંગ્લાંડથી પાછા ફર્યા તે વર્ષે દક્ષિણેશ્વરમાં-રાણી રાસમણીના કાલીમંદિરમાં શ્રીરામકૃષ્ણ પરમહંસનો જન્મોત્સવ થયો હતો તેનું વર્ણન આગળ આપી ગયા છીએ. આ વર્ષે કેટલાંએક કારણોને લીધે દક્ષિણેશ્વરમાં જન્મોત્સવ ઉજવી શકાય તેમ નહોતું. આલમબજારવાળો મઠ પણ થોડાક દિવસો થયાં બેલુડ ખાતે લાવવામાં આવ્યો હતો; અને ત્યાં ગંગાકિનારે શ્રીયુત નીલાંબર મુખોપાધ્યાયના બગીચામાં એક ઘર ભાડે લઇ મઠનું કામકાજ ચલાવવામાં આવતું હતું. અત્યારે બેલુડમઠના નામથી જે સ્થાન પ્રસિદ્ધ છે, તે મકાન તે વખતે તૈયાર થયું નહોતું. જો કે જગ્યાની તો ખરીદી થઇ ગઇ હતી, પણ તેના ઉપર જેવું જોઇએ તેવું સમારકામ થયું નહોતું; તેથી આ વર્ષે શ્રીરામકૃષ્ણ પરમહંસનો જન્મોત્સવ બેલુડમાં ભાડાવાળા મકાનમાંજ ઉજવવાનો નિર્ણય થયો હતો. જન્મોત્સવ પછી તુરતજ બેચાર દિવસે શુભમુહૂર્ત જોઇ શ્રીરામકૃષ્ણદેવની એક છબી બેલુડમઠ, કે જે હજી તૈયાર થતો હતો ત્યાં પધરાવવામાં આવી હતી અને તે નિમિત્તે પૂજા-હોમ વગેરેની મોટી ધામધૂમ થઇ હતી. સ્વામીજી તે વખતે નીલાંબર બાબુના ભાડાવાળા મઠમાંજ રહેતા હતા. જન્મતિથિ નિમિત્તે જે હોમ-પૂજા વગેરે થવાનાં હતાં તે માટે મોટા પાયા ઉપર તૈયારીઓ કરવામાં આવી હતી. સ્વામીજીની આજ્ઞા પ્રમાણે ગુરૂમંદિરમાં દરેક જરૂરી વસ્તુ આગમચથીજ હાજર કરી રાખી હતી. આ ઉત્સવમાં સ્વામીજીએ પોતે જાતે ફરીને દરેક વિપયનો બંદોબસ્ત કર્યો હતો.

જન્મોત્સવના મંગળ દિવસના સુપ્રભાતે સર્વ કોઇના મુખ ઉપર આનંદની છાયા પ્રસરી ગઇ હતી. શ્રી રામકૃષ્ણ-ગુરૂદેવ સિવાય બીજા કોઇ વિષયની વાત

કે ચર્ચા ક્યાંઇ સંભળાતી નહોતી. જ્યાં જુઓ ત્યાં ગુરૂદેવનો મહિમાજ ગવાતો હતો. પૂજાના ઘરની સામે સ્વયં સ્વામીજી જાતે પધારી શું શું તૈયારીઓ થઇ છે તેનું નિરીક્ષણ કરતા હતા.

જનોઇ પહેરવાનો કોને અધિકાર છે?

પૂજા સંબંધી વ્યવસ્થાઓને નજરોનજર જોઇ, સ્વામીજીએ શિષ્યને પ્રશ્ન કર્યો કેઃ—"જનોઇઓ લાવ્યો છે ને ?"

શિષ્યઃ—જી, હા. આપની આજ્ઞા પ્રમાણે દરેક વસ્તુ તૈયાર છે; પરન્તુ આટલી બધી જનોઇઓ મંગાવવાનું શું કારણ છે, તે મારાથી સમજાતું નથી.

સ્વામીજીઃ—દ્વિજમાત્રને ઉપનયન સંસ્કાર કરવાનો અધિકાર છે. વેદમાં તે વિષે ખુલ્લાં પ્રમાણો મળી આવે છે. આજે ગુરૂદેવના જન્મોત્સવમાં જેઓ હાજર હશે તે સર્વને જનોઇઓ પહેરાવી દેવામાં આવશે. અનેક મનુષ્યો આ કાળે વ્રાત્ય (સંસ્કારભ્રષ્ટ) બની ગયા છે. શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રાયશ્ચિત્ત કરવાથી વ્રાત્ય પણ ઉપનયન સંસ્કારનો અધિકારી બની શકે છે. આજે ગુરૂદેવનો માંગલિક જન્મોત્સવ છે; તેથી આજે સહુ કોઇએ તેમનું પવિત્ર નામ લઇ શુદ્ધ બનવાનો આ અમૂલ્ય પ્રસંગ સફળ કરવો જોઇએ. ઉત્સવમાં આવનારા ભક્તોને જનોઈ પહેરાવવાનો ઉદ્દેશ માત્ર એટલોજ છે કે તેમને આ માંગલિક ઉત્સવમાં શુદ્ધ–પવિત્ર બનાવવા. સમજ્યો ને ?

શિષ્યઃ—આપની આજ્ઞા પ્રમાણે હું તો જનોઇઓ તૈયાર કરી લાવ્યો છું. પૂજા થઇ ગયા પછી જ્યારે આપ કહેશો ત્યારે એકત્ર થએલી ભક્તમંડળીને પહેરાવી દઇશ.

બન્ધુભાવ સ્થાપવાની જરૂર.

સ્વામીજીઃ—બ્રાહ્મણ સિવાયના જે ભક્તો હોય તેમને આ પ્રમાણે ગાયત્રીમંત્ર સંભળાવજે. (સ્વામીજીએ શિષ્યને ક્ષત્રિયાદિ–દ્વિજો માટેનો ગાયત્રીમંત્ર તે વખતે કહી સંભાવ્યો.) ધીમે ધીમે દેશના સર્વ મનુષ્યોને બ્રાહ્મણની પદવીએ પહોંચાડવાના છે. એકલા આપણા ગુરૂદેવના ભક્તોનેજ બ્રાહ્મણ બનાવવાના નથી; પણ હિન્દુ માત્ર પરસ્પર સગા ભાઇ તરીકે ભેટે એવી પદવીએ–એવા ઉચ્ચસ્થાને તેમને લઇ જવા જોઇએ. "અડતા નહિ, અભડાઈ જઇશું" એમ કહી કહીને આપણેજ તેમને નીચ કરી દીધા છે. એટલાજ માટે આખો દેશ નીચતા, કાયરતા, મૂર્ખતા તથા નિર્બળતાની છેલ્લી સીમાએ જઈ પહોંચ્યો છે. હવે તેમનો ઉદ્ધાર કરવો જોઇએ, અભયવાણી સંભળાવી તેમને ઉચ્ચસ્થાને લઇ જવા જોઇએ. આપણે તેમને ખુલ્લી રીતે કહી દેવું જોઇએ કેઃ—"તમે પણ અમારા જેવાજ મનુષ્યો છો. તમોને પણ અમારા જેટલોજ અધિકાર છે. ચાલો આપણે

આગળ વધીએ." વગેરે. સમજ્યો ને ?

શિષ્ય:—જી, હા.

સ્વામીજી:—જેઓ જનોઇ ધારણ કરવાને તૈયાર હોય તેમને ગંગાસ્નાન કરી આવવાનું કહી દે. પછી ગુરૂદેવને પ્રણામ કરાવી તે સર્વને જનોઇ પહેરાવી દેજે.

સ્વામીજીના આદેશ પ્રમાણે લગભગ ૪૦–૫૦ ભક્તજનો ગંગાસ્નાન કરી આવ્યા, એટલે શિષ્યે ગાયત્રીમંત્રના ઉચ્ચારપૂર્વક સર્વને જનોઇઓ પહેરાવી દીધી. મઠમાં સર્વત્ર આનંદ–ઉત્સાહનો કોલાહલ મચી ગયો. જનોઇ ધારણ કરનારા ભક્તોએ પ્રથમ ગુરૂદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસને નમન કરી સ્વામીજીના પાદપદ્મનો સ્પર્શ કર્યો. નવા જનોઇ પહેરનારાઓને જોઇ સ્વામીજીનું મુખકમળ સોગણું પ્રફુલ્લ થઇ આવ્યું ! તે પછી થોડા વખતમાં શ્રીયુત ગિરીશચંદ્રઘોષ ત્યાં મઠમાં હાજર થયા.

સ્વામીજી મહાદેવના રૂપમાં.

સ્વામીજીએ રજા આપી એટલે સંગીતની ધામધૂમ માટે તૈયારીઓ થવા લાગી, તેમજ મઠના સંન્યાસીઓએ સ્વામીજીને પોતાની (સંન્યાસીઓની) ઇચ્છા પ્રમાણે શણગારવાની શરૂઆત કરી દીધી. બે કાનમાં બે કુંડલ, આખા શરીરે કર્પૂર જેવી સફેદ પવિત્ર વિભૂતિ, મસ્તકે પગની પાની સુધી પહોંચે એવી જટા, ડાબા હાથમાં ત્રિશૂલ, બન્ને હાથમાં રૂદ્રાક્ષની માળા, ગળામાં જાનુપર્યંત પહોંચે તેવી ત્રણ હારવાળી રૂદ્રાક્ષની માળા વગેરે શૃંગારો સ્વામીજીને પહેરાવવામાં આવ્યા. આ સર્વ શૃંગારો ધારણ કરવાથી સ્વામીજીના રૂપમાં જે શોભાનો વધારો થયો તે શબ્દોથી સમજાવી શકાય તેમ નથી. તે દિવસે સ્વામીજીનું આવું સ્વરૂપ જેમણે એકવાર જોયું છે તેઓ કહે છે કે:–" જાણે બાલભૈરવ પોતેજ સ્વામીજીના શરીરમાં પૃથ્વી ઉપર પધાર્યા કેમ ન હોય !" સ્વામીજીએ પોતે પણ બીજા સંન્યાસીઓના શરીરે વિભૂતિ ચોળી દીધી ! આ પ્રમાણે વિભૂતિવાળો સંન્યાસીવર્ગ જ્યારે સ્વામીજીની આસપાસ ઉભો રહેતો ત્યારે મઠની ભૂમિએ જાણે કૈલાસલોકનુંજ સ્વરૂપ ધારણ કર્યું હોય, એવો ભાસ થયા કરતો હતો. આ દૃશ્યનું માત્ર સ્મરણ કરવાથી પણ શિષ્યને આજે હર્ષથી રોમાંચ થઈ આવે છે.

સ્વામીજી ભજનની ધૂનમાં.

ત્યાર પછી સ્વામીજી પશ્ચિમ તરફ મુખ કરી, મુક્ત પદ્માસન વાળી, "**कूजन्तं राम रामेति**" સ્તોત્ર મધુર સ્વરે ગાવા લાગ્યા અને એક કડી પૂરી થાય કે તુરતજ "રામ, રામ, શ્રીરામ, રામ," ઇત્યાદિ શબ્દોની પુનઃ પુનઃ ધૂન મચાવવા લાગ્યા. તેમના એકે એક શબ્દમાંથી અમૃતની ધારા વહેતી

હતી. સ્વામીજીનું તે વખતનું સ્વરૂપ પણ બહુ મનોરંજક હતું. તેમનાં અર્ધ મીંચાએલાં નેત્રો તથા હાથમાંનો તંબુરો શ્રોતાઓની દૃષ્ટિને બીજે ક્યાંઇ આડી અવળી જવા દેતો નહિ. થોડીવાર સુધી તો “ રામ, રામ, શ્રીરામ, રામ, ” સિવાય મઠમાં બીજો કોઇ અવાજજ સંભળાયો નહિ. આ પ્રમાણે લગભગ અર્ધો કલાક થયો હશે, તે દરમીયાન કોઈના મુખમાંથી બીજો ઉચ્ચારજ નીકળ્યો નહિ. સ્વામીજીના કંઠમાંથી નીકળતી રામનામની ધૂને સર્વને આજે ગાંડાતૂર બનાવી દીધા હતા, એમ કહીએ તોપણ ખોટું નથી. શિષ્ય વિચાર કરવા લાગ્યો કે ખરેખરજ શું સ્વામીજી આજે શુદ્ધસ્વરૂપમાં (શિવભાવમાં) પ્રવેશી રામ–રામની ધૂન મચાવતા હશે ? તેમના મુખનું સ્વાભાવિક ગાંભીર્ય આજે સોગણું વધી ગયું હતું, અર્ધ મીંચાએલાં નેત્રોના ખૂણામાંથી પ્રભાતના સૂર્ય જેવો પ્રકાશ બહાર નીકળવા મંથન કરતો હતો; અને ગંભીર નીસાના બળથી સ્વામીજીનું કદાવર શરીર પણ સ્થિર રહી શકતું નહોતું. ટુંકામાં સ્વામીજીનો તે વખતનો દેખાવ શબ્દોમાં કે વર્ણનમાં દર્શાવી શકાય તેમ નથી. અનુભવ હોય તેજ તે સમજી શકે. પ્રેક્ષકો પણ ચિત્રમાં આલેખાએલી મૂર્તિ સમાન સ્તબ્ધ બની ગયા હતા– **दर्शकगण चित्रार्पितारन्त इवावतस्थे ।”**

રામનામનું કીર્તન પૂરૂં થયું એટલે તુરતજ સ્વામીજીએ પહેલાંના જેટલાજ જુસ્સાથી “ સીતાપતિ રામચંદ્ર રઘુપતિ રઘુરાઇ ” એ ગીત ગાવા માંડ્યું. તબલચી જેવો જોઇએ તેવો હુશિઆર ન હોવાથી સ્વામીજીના ગાનમાં રસભંગ થવા લાગ્યો. આથી શ્રીશારદાનંદ સ્વામીને ગાવાની અનુમતિ આપી સ્વામીજી પોતે મૃદંગ બજાવવા લાગ્યા. સ્વામી શારદાનંદે સૌ પહેલું “ એક રૂપઅરૂપ નામ–વર્ણ ” નું ગાન શરૂ કર્યું. મૃદંગના સ્નિગ્ધ, ગંભીર ધ્વનિઓથી ગંગાનું પાણી પણ ઉછળવા લાગ્યું. સ્વામી શારદાનંદના સુંદર–મધુર આલાપે સમસ્ત મઠમાં શાંતિ ફેલાવી દીધી ! ત્યાર પછી શ્રીરામકૃષ્ણદેવ પોતે જે ગીતો ગાતા હતા તે ગીતો ધીમે ધીમે ગવાવા લાગ્યાં.

ભૈરવના અવતારરૂપ ગિરીશબાબુ.

એજ વખતે સ્વામીજીએ પોતાના અંગ ઉપરથી વેશ ઉતારી નાખી ગિરીશબાબુને પહેરાવી દીધો. સ્વામીજીએ પોતે પોતાના હાથથી ગિરીશબાબુના વિશાલ દેહ ઉપર વિભૂતિનું લેપન કર્યું અને કાનમાં કુંડલ, મસ્તકે જટા, કંઠે રૂદ્રાક્ષમાળા તથા બાહુમાં રૂદ્રાક્ષના બેરખા વગેરે યથાસ્થાને પહેરાવ્યા. આ નવીન વેશથી ગિરીશબાબુએ એક પ્રકારનું વિચિત્રરૂપ ધારણ કર્યું. સ્વામીજીની આ ક્રિયા જોઇ ભક્તો ચકિતજ થઇ ગયા. થોડીવારે સ્વામીજીએ કહ્યું:–“ પરમહંસદેવ કહેતા હતા કે ગિરીશ ભૈરવના અવતારરૂપ છે. આપણામાં અને તેમનામાં કાંઇજ

ભેદ નથી.” ગિરીશબાબુ કાંઇ બોલ્યા–ચાલ્યા વિના શાંતરીતે બેસી રહ્યા હતા. પોતાના સંન્યાસી બન્ધુઓ પોતાને આવી રીતે શણગારવા ઇચ્છે છે તે જોઇ તેઓ મનમાં બહુ રાજી થયા. છેવટે સ્વામીજીની આજ્ઞાથી એક ગેરૂઆ વર્ણનું વસ્ત્ર પણ ગિરીશબાબુને ઓઢાડવામાં આવ્યું. ગિરીશબાબુએ તેમાં પણ કાંઈ વાંધો લીધો નહિ. ગુરૂભાઇઓની મરજીમાં આવે તેમ કરે તે માટે તેમણે પોતાનું અંગ સંન્યાસીઓનેજ સોંપી દીધું હતું, એમ કહેવામાં કાંઇ ખોટું નથી. પછી સ્વામીજીએ કહ્યું:—“મી. જી. સી.* તમે આજે અમને ગુરૂદેવ (શ્રીરામકૃષ્ણ પરમહંસ) સંબંધી કાંઇક સંભળાવો. (બાકીના સર્વને સંબોધીને) તમે બધા શાંતરીતે બેસી જાઓ.” ગિરીશબાબુના મુખમાંથી એક પણ શબ્દ નીકળી શક્યો નહિ. જે પવિત્ર પુરૂષના જન્મોત્સવ નિમિત્તે સર્વ ભક્તો એકઠા થયા હતા, તેમના દર્શનથી ગિરીશબાબુને એટલો બધો આનંદ થયો હતો કે શ્રોતાઓની પાસે શું બોલવું તેજ તેઓ સમજી શક્યા નહિ. છેવટે જ્યારે સૌએ અત્યંત આગ્રહ કર્યો ત્યારે ન છુટકે ગિરીશબાબુ બોલ્યા કે:–“દયામય ગુરૂદેવની વાત હું આપને કેવી રીતે કહી શકું ? છતાં એટલું તો મને ચોક્કસજ લાગે છે કે આપના જેવા કામિની અને કાંચનના ત્યાગી બાલસંન્યાસીઓની સાથે, મારા જેવા એક અધમ પુરૂષને એક આસને બેસવાનો અધિકાર આપ્યો છે, તે ઉપરથીજ તેઓની અપાર કરૂણાનો કાંઈક આભાસ આપ સૌ જોઇ શકશો.” આટલી વાત કહેતાં કહેતાં ગિરીશબાબુનું હૈયું એટલું બધું ભરાઇ આવ્યું કે તે સમયે તેઓ ઉક્ત શબ્દો સિવાય વધુ કાંઇજ બોલી શક્યા નહિ.

ત્યારબાદ સ્વામીજીએ કેટલાંક હિન્દી ગાયનો ગાયાં. શિષ્ય સંગીતવિદ્યાથી છેક અજ્ઞાત હતો, તેથી ગાયનોનો આશય પણ પૂરો સમજી શક્યો નહિ; માત્ર સ્વામીજીના મુખ તરફ ખુલ્લે નેત્રે તાકીને બેસી રહ્યો એટલુંજ તેનાથી બની શક્યું. એટલામાં પ્રથમ પૂજા પૂરી થઇ જવાથી સૌ ભક્તજનોને જમવાનું નિમંત્રણ આવ્યું. ભોજન પૂરૂં થયા પછી સ્વામીજી નીચેના ઓરડામાંજ બેસી રહ્યા. નવા આવેલા ભક્તો પણ તેમની આસપાસ બેસી ગયા. ઉપવીતધારી (જનોઇવાળા) એક ગૃહસ્થને ઉદ્દેશીને સ્વામીજીએ કહ્યું કે:—“તમે દ્વિજ હોવા છતાં ઘણા સમયથી વ્રાત્ય જેવા બની ગયા હતા. આજથી પુનઃ દ્વિજ થાઓ છો એ લક્ષમાં રાખજો. હમ્મેશાં એકસોવાર ગાયત્રીમંત્રનો જપ કર્યા વિના રહેવું નહિ. સમજ્યાને ?” ગૃહસ્થે પ્રત્યુત્તરમાં “જી, હા” કહી સ્વામીજીની આજ્ઞા માથે ચડાવી. એટલામાં શ્રીયુત મહેંદ્રનાથ ગુપ્ત (માસ્ટર મહાશય) ત્યાં હાજર થયા. સ્વામીજીએ માસ્ટર સાહેબને આવતા જોઇ વિવિધ આવકાર-

---

* ગિરીશબાબુને સ્વામીજી હમ્મેશાં મિસ્ટર જી. સી. કહીનેજ બોલાવતા.

દાયક શબ્દોથી તેમનું સન્માન કર્યું. મહેંદ્ર બાબુ સ્વામીજીને પ્રણામ કરી એક ખુણામાંજ બેસી ગયા. સ્વામીજીએ પાસે આવવાનો ઘણો આગ્રહ કર્યો, પણ તેઓ છેવટની ઘડી સુધી પાસે જવાનું સાહસ કરી શકયા નહિ.

સ્વામીજીઃ—" માસ્ટર મહાશય, આજે ગુરૂદેવનો જન્મોત્સવ છે. તેમની જીવનકથા વિષે આજે તમારે કાંઇક બોલવું પડશે. "

માસ્ટર મહાશયે મૃદુ હાસ્ય કરતાં મસ્તક નીચે નમાવ્યું. એટલામાં સ્વામી અખંડાનંદ મુર્શીદાબાદથી પ્રાયઃ દોઢમણ જેટલો મેવો વગેરે સામાન લઇને મઠમાં આવી પહોંચ્યા. બધા તે જોવા દોડી ગયા. બાદ સ્વામીજીને પણ તે બતાવવામાં આવ્યો, એટલે સ્વામીજીએ કહ્યું કેઃ—" જા, ગુરૂમંદિરમાં લઇ જા. "

સ્વામી અખંડાનંદના સંબંધમાં સ્વામીજીએ શિષ્યને જણાવ્યું કેઃ—" જોયું ને ? કેવો કર્મવીર છે ? ભય શું છે, કે મૃત્યુ શું છે, તેનું તો તેને લેશ પણ ભાન નથી. જરા પણ અટકયા વિના કર્મ કર્યા કરવાં એજ તેનો ઉદ્દેશ છે, અને તે કર્મ પણ કેવાં ? બહુજનહિતકર–બહુજનસુખકર–અનેક મનુષ્યોનું કલ્યાણ–અનેક મનુષ્યોને સુખ થાય તેવાં. "

તપસ્યાનો વ્યાપકભાવ.

શિષ્યઃ—મહાશય, કેટલીયે તપસ્યા કરી હોય ત્યારે એવું બળ આવે ! એવી શક્તિ આવવી એ તે કાંઇ સહજ વાત છે ?

સ્વામીજીઃ—તપસ્યાના બળથી શક્તિ આવે એ વાત ખરી છે. પણ તપસ્યા એટલે શું ? પરાર્થે, **બીજાઓને માટે કર્મ કરવાં તેનું નામ તપસ્યા.** કર્મયોગીઓ તો કર્મનેજ તપસ્યા લેખે છે. તપસ્યા કરતાં કરતાં પરહિત કરવાની ઇચ્છા જ્યારે ખૂબ બળવાન થઇ આવે, અને તે ઇચ્છા તે સાધકદ્વારા જ્યારે કર્મ કરાવ્યેજ જાય, ત્યાર પછી તે ઉત્કૃષ્ટ તપસ્યાના ફળરૂપ ચિત્તશુદ્ધિ અથવા પરમાત્માનું દર્શન થયા વિના રહેતું નથી.

શિષ્યઃ—પણ મહાશય ! પહેલેથીજ એવી શક્તિ કેમ આવે કે પરને અર્થે પોતાના પ્રાણનો પણ ભોગ આપવાને કોઇ તૈયાર થઇ જાય ? જીવ પોતાના સ્વાર્થનું બલિદાન આપવા તૈયાર થાય એટલી ઉદારતા પ્રથમથીજ કેમ આવી શકે એ મારાથી સમજાતું નથી.

સ્વામીજીઃ—તું જેને તપસ્યા સમજી બેઠો છે તે તપસ્યા પણ કેટલા ગણ્યા–ગાંઠયા જીવો ખરા મનથી કરતા હશે ? કામિની–કાંચનનો ત્યાગ કરી ભગવત્પ્રેમમાં જોડાયા હોય એવા મનુષ્યોની સંખ્યા પણ કેટલી બધી ઓછી છે ? તપસ્યા જેમ કઠિન છે, તેમ નિષ્કામ કર્મ પણ તેટલાંજ કઠિન છે. મતલબ કે **તપસ્યા ન કરતા હોય, પણ પરહિતાર્થે સત્કાર્યો કર્યા જતા હોય તેની**

વિરૂદ્ધમાં બોલવાનો તને કશો અધિકાર નથી. તને તપસ્યાજ સારી લાગતી હોય તો તું તારે તપસ્યા કર્યા કરતે ! જેને કર્મ કરવામાં આનંદ મળતો હોય તેને નિષેધવાનો તને શું હક્ક છે? કર્મ એ તપસ્યાથી કોઇ જૂદીજ વસ્તુ છે, એમ માની બેઠો જણાય છે !

શિષ્ય:—જી હા. પહેલાં હું તપસ્યાનો અર્થજ કાંઈક જૂદો સમજતો હતો.

સ્વામીજી:—જેવી રીતે સાધન-ભજન અને અભ્યાસ કરતાં કરતાં એક પ્રકારનો સ્વભાવ બંધાઇ જાય છે, તેવીજ રીતે અનિચ્છાપૂર્વક પણ કર્મ કરતાં કરતાં, ધીમે ધીમે હૃદય તેમાંજ તલ્લીન બની જાય છે; અને છેવટે પરાર્થે કર્મ કરવાની વૃત્તિ સ્ફુર્યા વિના રહેતી નથી. તું પોતેજ, તારી ઇચ્છા ન હોય છતાં **એક વાર બીજાની સેવા કરી જો; અને અનુભવ કર કે તપસ્યાનું ફળ તને મળ્યા વિના રહે છે?** પરાર્થે કર્મ કરવાથી મનના ક્ષુદ્રભાવો ધીમે ધીમે નાશ પામે છે; અને પછી તે મનુષ્ય ખુલ્લા હૃદયથી બીજાઓની ખાતર પોતાના પ્રાણનો ભોગ આપવાને પણ તૈયાર થઇ જાય છે. મનુષ્ય-સ્વભાવની આ એક ખૂબી છે.

પરહિત તે પોતાનું હિત છે.

શિષ્ય:—પણ પરહિત કરવાનું પ્રયોજન શું ?

સ્વામીજી:—પોતાના કલ્યાણની ખાતર. આ દેહ કે જેમાં અહંપણાનું અભિમાન સ્થાપી આપણે બેસી રહ્યા છીએ, તે **અહંપણું પરોપકારી વૃત્તિ બળવાન થવાથી ક્રમે કરીને નષ્ટ થઇ જાય છે; અને છેવટે વિદેહબુદ્ધિ ઉત્પન્ન થાય છે. જેમ જેમ એકાગ્રભાવે તું પરહિત કરવા લાગીશ તેમ તેમ તું તારા સ્વાર્થને, તારા દેહભાવને ભૂલતો જઇશ.** આ રીતે જ્યારે ચિત્તની શુદ્ધિ થશે ત્યારે તારો આત્મા સર્વ જીવમાં, સર્વ ઘટમાં વિરાજમાન છે, એ તત્ત્વ પ્રત્યક્ષપણે જોઇ શકીશ. એટલાજ માટે કહું છું કે, **બીજાઓનું હિત કરવું એ પણ પોતાના આત્માનો વિકાસ કરવાનોજ એક ઉપાય, એક માર્ગ છે.** ટુંકામાં પરહિતસાધના એ એક પ્રકારની ઇશ્વિરસાધનાજ છે, એમ કહું તોપણ ખોટું નથી. પ્રભુસેવાનો ઉદ્દેશ પણ આત્મવિકાસ સિવાય બીજો કાંઇ સંભવતો નથી. જ્ઞાન અને ભક્તિદ્વારા જેવી રીતે આત્માનો વિકાસ થાય છે તેવીજ રીતે પરાર્થે કર્મ કરવાથી પણ આત્મવિકાસ થઇ શકે છે.

શિષ્ય:—ધારો કે રાત્રિ-દિવસ પરોપકારનાજ વિચાર કર્યા કરૂં તો પછી આત્મા સંબંધી વિચાર કરવાનો વખતજ ક્યારે મળે ? એક ખાસ પ્રકારની ભાવનાને વળગી રહું તો પછી* અભાવરૂપી આત્માનો સાક્ષાત્કાર કેવી રીતે કરી શકું ?

---

* અત્ર આત્માને અભાવરૂપી જણાવવાનું કારણ એટલુંજ લાગે છે કે 'આત્મા શું છે' તે સમજાવવાનું કામ જેટલું કઠિન છે, તેટલુંજ સરલ 'આત્મા શું નથી'

સર્વભૂતમાં આત્મબુદ્ધિ એજ આત્મદર્શન.

સ્વામીજીઃ—આત્મજ્ઞાનની પ્રાપ્તિ એજ સર્વ સાધનાઓનો, સર્વ માર્ગોનો ઉદ્દેશ છે, એ વાત હું અનેકવાર કહી ગયો છું. તું પોતે જો પરસેવાપરાયણ થઇ શકે, કર્મ કરતાં જો ચિત્તની શુદ્ધિ કરી શકે અને એ રીતે સર્વ જીવને આત્મવત્ લેખી શકે તો પછી આત્મદર્શનમાં બાકી શું રહ્યું ? આત્મદર્શનનો અર્થ એવો થતો નથી કે કોઇ જડ વસ્તુનું દર્શન કરવું. જગતના તમામ જીવોને પોતાના જેવાજ સમજી તેમને સુખ આપવું એનુંજ નામ આત્મજ્ઞાન અથવા આત્મવિકાસ.

શિષ્યઃ—જો એમજ હોય તો પછી શાસ્ત્રમાં સર્વ વૃત્તિઓ અને સર્વ કર્મોનો વિરોધ કરી આત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ કરવાનું કેમ પ્રબોધ્યું હશે ?

સ્વામીજીઃ—શાસ્ત્રમાં જેને સમાધિ કહેવામાં આવે છે તે અવસ્થા સહજ પ્રાપ્ત થઇ શકે એવી નથી. કદાચિત્ તે પ્રાપ્ત થાય તોપણ તે અધિક સમય સુધી સ્થાયી રહેતી નથી. તો પછી હવે તેણે શું કરવું ? એટલાજ માટે શાસ્ત્રમાં કહેલી ઉપલી અવસ્થા પ્રાપ્ત કર્યા પછી તે વ્યક્તિ પ્રત્યેક ભૂતમાત્રમાં આત્મદર્શન કરીને અને તે ભૂતોથી પોતાને અભિન્ન માનીને પ્રારબ્ધનો ક્ષય કરે છે. આ અવસ્થાને શાસ્ત્રકારો જીવન્મુક્તિ-અવસ્થાના નામથી ઓળખાવી ગયા છે.

શિષ્યઃ-તો પછી એટલી વાત તો નક્કીજ કે જીવન્મુક્તિ જેવી અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી પરાર્થે બરાબર કર્મો થઇ શકતાં નથી.

કર્મયોગથી જીવન્મુક્તિ થવાનો સંભવ.

સ્વામીજીઃ—શાસ્ત્રમાં એમ કહ્યું છે, એની સાથે એમ પણ કહ્યું છે કે સાધનને પણ પરહિત અર્થે સેવા કરવામાં નિરંતર તત્પર રહેવાથી જીવન્મુક્તિની અવસ્થા પ્રાપ્ત થઇ શકે છે. જો એમ ન હોત તો શાસ્ત્રમાં "કર્મયોગ" નો જે માર્ગ દર્શાવવામાં આવ્યો છે તેનું પ્રયોજનજ રહેતું નથી.

શિષ્ય વિચાર કરતો સ્થિરપણે બેસી રહ્યો. સ્વામીજીએ તે પ્રસંગનો ત્યાગ કરી મધુરસ્વરે સ્તોત્ર લલકાર્યું. આ સ્તોત્ર શ્રીરામકૃષ્ણદેવના જન્મોત્સવ નિમિત્તે બંગાળાના સુપ્રસિદ્ધ નાટ્યકાર ગિરીશચંદ્ર ઘોષે તૈયાર કર્યું હતું. ગિરીશબાબુ પણ સર્વ ભક્તોની સાથે ગાયન ગાતા હતા. ત્યાર પછી બીજાં પણ બે ત્રણ સ્તોત્રો એવીજ રીતે ગગનભેદી ધ્વનિથી ગાવામાં આવ્યાં. "મુંઝાયો મનભ્રમર મારો કાલીપદ નીલકમલે," વગેરે તેમાં મુખ્ય હતાં, એમ શિષ્યના સ્મરણમાં છે. સ્તોત્રપાક પૂરો થયો એટલે સર્વ ભોજન કરવા ગયા.

તે સમજાવવાનું છે. મતલબ કે આત્મા દેહ નથી, ઇન્દ્રિય નથી, વગેરે 'નથી' થી વર્ણવી શકાય છે, તેથીજ તેને અભાવરૂપી લખ્યો છે. **અનુવાદક**

प्रसंग १४ मो.

(સ્થાન–બેલુડ–ભાડાવાળું મકાન. ઇ. સ. ૧૮૯૮)

ગુરૂદેવની પ્રતિષ્ઠા.

આજે નવા મઠમાં સ્વામીજી પોતે યજ્ઞ કરીને મંદિરમાં ગુરૂદેવની પ્રતિષ્ઠા કરવાના છે. ગુરૂપ્રતિષ્ઠાનાં દર્શન કરવાની ઇચ્છાથી શિષ્ય આગલી રાત્રે ઘેર નહિ જતાં મઠમાંજ રહ્યો છે.

પ્રાતઃકાળે ગંગાસ્નાન કરી સ્વામીજીએ ગુરૂમંદિરમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ પૂજકના આસને બિરાજી, પુષ્પપાત્રમાં જેટલાં ફૂલો હતાં તેટલાં સર્વ ફૂલો અને બિલ્વપત્રો હાથમાં લઇ શ્રીરામકૃષ્ણદેવના ચરણમાં ધર્યાં અને અંજલિપૂર્વક ધ્યાનમાં નિમગ્ન થયા. તે વખતનું તેમનું અપૂર્વ સ્વરૂપ કલમથી આલેખી શકાય તેમ નથી. તેમની સ્નિગ્ધ–ઉજ્વલ કાન્તિથી ગુરૂમંદિરમાં એક અદ્‌ભુત પ્રકાશ છવાઇ ગયો! પ્રેમાનંદ તથા અન્ય સંન્યાસીઓ ગુરૂમંદિરના દ્વાર પાસે ઉભા હતા.

શ્રીરામકૃષ્ણ પરમહંસનો સ્વામીજી પ્રત્યે પ્રેમ–“તું ત્યાં હું.”

ધ્યાન અને પૂજા વગેરેનું કામ સમાપ્ત થયા પછી નવા મઠમાં જવાની તૈયારીઓ થવા લાગી. શ્રીરામકૃષ્ણદેવનાં ભસ્માસ્થિ કે જે એક તાંબાની પેટીમાં સંઘરી રાખ્યાં હતાં, તે પેટીને પોતાની જમણી કાંધ ઉપર ઉંચકી સ્વામીજી સૌ પહેલાં બહાર નીકળ્યા. બીજા સંન્યાસીઓની સાથે શિષ્ય તેમની પાછળ પાછળ ચાલ્યો. શંખ અને ઘંટના નાદોથી ગંગાની તટભૂમિ ગાજી ઉઠી! ભાગીરથી પણ જાણે નૃત્ય કરી રહી હોય તેમ ભાસતી હતી! જતાં જતાં રસ્તામાં શિષ્યને સ્વામીજીએ કહ્યું:—“ગુરૂદેવે મને કહ્યું છે કે ‘તું મને તારી કાંધ ઉપર ઉંચકીને જ્યાં લઇ જઇશ ત્યાં હું ખુશીથી જઇશ અને રહીશ–પછી તે ઝુંપડી હોય કે જંગલ હોય તેની મને પરવા નથી.’ એટલાજ માટે હું તેમને આજે નૂતન મઠભૂમિમાં લઇ જઉં છું. બહુ લાંબા વખત સુધી, બહુ જનોના હિતને અર્થે ગુરૂદેવ અહીંયાં સ્થિર રહેશે એમ ચોક્કસ માનજે.”

શિષ્યઃ—ગુરૂદેવે આપને એવી વાત કયારે કહી હતી?

સ્વામીજીઃ—(મઠના સાધુઓ ભણી આંગળી કરી) એમને પૂછી જો કે કાશીપુરના બગીચામાં તે દિવસે શું કહ્યું હતું?

શિષ્યઃ—અરે! હા, હું ધારૂં છું કે તેજ દિવસે સેવાના અધિકારને માટે ગુરૂદેવના ગૃહસ્થ ભક્તો તથા સંન્યાસી ભક્તોમાં ઘણું કરીને પક્ષાપક્ષી થઇ ગઈ હતી! કેમ?

મત-મતાંતરો અને પક્ષો બંધાવાનું કારણ.

સ્વામીજી:--પક્ષાપક્ષી નહિ પણ એક જાતની સ્પર્ધા થઇ હતી તે વાત ખરી. છતાં આટલી વાત લક્ષમાં રાખજે કે જેઓ ગુરૂદેવના ભક્ત છે, જેઓએ ગુરૂદેવની કૃપા પ્રાપ્ત કરી છે, તે પછી ગૃહસ્થ કે સંન્યાસી ગમે તે હોય, પણ તેમનામાં કોઇ કાળે પક્ષ કે વાડા બંધાય એ કદાપિ સંભવિત નથી. તે છતાં ક્વચિત્ ક્વચિત્ રસાકસી થઇ જાય છે, તેનું કારણ તું જાણે છે? પ્રત્યેક ભક્ત ગુરૂદેવને પોતપોતાની બુદ્ધિનો રંગ આપવા ઇચ્છે છે; અને તેથી કરીને સૌ કોઇ તેમને જૂદા જૂદા રૂપે સમજે છે અને જૂદા જૂદા રૂપે જુએ છે. દ્રષ્ટાંત તરીકે ગુરૂદેવ એક **મહાન્** સૂર્ય જેવા છે અને આપણે બધા આપણાં પોતપોતાનાં ખાસ પ્રકારનાં રંગીન ચસ્માંથી તેમને જોઇએ છીએ; આથી સૂર્ય પણ આપણને વિવિધ રંગવાળો જણાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી વખત જતાં સંપ્રદાયો અને પક્ષો બંધાઇ જાય એ કુદરતી છે. પણ જેઓ સદ્ભાગ્યે ગુરૂદેવના સાક્ષાત્ સંસર્ગમાં આવી ગયા છે તેમનામાં કોઈ કાળે સંપ્રદાયની ભાવના દાખલ થાય તેમ નથી; કારણ કે એવા આત્મારામ પુરૂષના પ્રકાશથી તેમનાં ચક્ષુઓ અંજાઈ જાય છે, અહંકાર તથા અજ્ઞાન ત્યાંથી પલાયન કરી જાય છે; એટલે પછી દલફલ કે સંપ્રદાય બંધાવાનો તેમને અવસરજ મળતો નથી. હા, એટલું બને છે કે સૌ કોઇ પોતાના ખાસ ભાવથી હૃદયપૂર્વક તેમની પૂજા કરે છે.

શિષ્ય:--ભક્તો ગુરૂદેવને ઇશ્વરસ્વરૂપ માની તેમની પૂજા કરે છે એ વાત જેટલે અંશે સત્ય છે, તેટલેજ અંશે આ વાત પણ સત્ય છે કે પ્રત્યેક ભક્ત પોતપોતાની વિશેષ વિશેષ ભાવનાને અનુસરી તેમને જૂદે જૂદે રૂપે ઉપાસે છે; તો પછી વખત જતાં ભક્તોના શિષ્યો પ્રશિષ્યો ગુરૂદેવને એક સંકુચિત સીમામાં પૂરી રાખી એકાદ સંપ્રદાય તૈયાર કરે તો તે શું સંભવિત નથી?

સ્વામીજી:—હા-હા-એટલાજ માટે તો હું કહું છું કે વખત જતાં સંપ્રદાયો થાયજ. આ જોને ચૈતન્યદેવના અત્યારે બસેં કે ત્રણસેં જેટલા સંપ્રદાય ચાલે છે; ઇસુખ્રિસ્ત હજારો મતમાં વહેંચાઈ ગયો છે; છતાં એટલું ચોક્કસ છે કે ઉક્ત સંપ્રદાયોમાં કોઈ પણ સંપ્રદાય મૂળપુરૂષને એટલે કે ચૈતન્યદેવ કે ઇસુને તજી દેતો નથી.

મઠની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ-સાંપ્રદાયિક સીમાઓ દૂર કરવી.

શિષ્ય:—તોપછી શ્રીરામકૃષ્ણદેવના ભક્તોમાં પણ વખત જતાં સંપ્રદાયો ઉદ્ભવે એમ આપને નથી લાગતું?

સ્વામીજી:--અલબત્ત, ઉદ્ભવે. પણ આ મઠોની સ્થાપનાનો હેતુ શો છે તે તું જાણે છે? આ મઠો સર્વ મતો, સંપ્રદાયો અને ભેદોનો નિકાલ કરી સામં-

જસ્ય, યથાયોગ્યતા સ્થાપવાનો પ્રયત્ન કરશે. ગુરૂદેવની ભાવના જેવી ઉદાર હતી તેવીજ ઉદારભાવનાવાળી આ સંસ્થાઓ બનશે. આ સંસ્થામાંથી સમાધાની અને અને એકસંપીનું જે ઝરણુ વહેવા લાગશે તે આખા જગતમાં પ્રસરી જશે.

એટલી વાતચીત થતાં થતાંમાં સર્વે નૂતન મઠભૂમિ ઉપર આવી પહોંચ્યાં. સ્વામીજીએ પોતાના સ્કંધ ઉપરથી તાંબાની પેટી આસન ઉપર મૂકી અને પૃથ્વી ઉપર લાંબા થઇને પ્રણામ કર્યા. સ્વામીજીની સાથે બાકીનાઓએ પણ પ્રણામ કર્યા.

ત્યારપછી સ્વામીજી પૂજાના આસન ઉપર બેઠા. પૂજા થઇ રહ્યા પછી યજ્ઞ માટે અગ્નિ સળગાવી હોમ કર્યો અને સંન્યાસી બન્ધુઓની મદદથી પોતાના હાથે તૈયાર કરેલું પાયસાન્ન (દૂધપાક) ગુરૂદેવને નિવેદન કર્યું. તેજ દિવસે તેજ સ્થળે તેમણે કેટલાએક ગૃહસ્થોને દીક્ષા પણ આપી હતી; એમ કાંઇક સ્મરણમાં છે, તે ગમે તેમ હોય. પૂજા સમાપ્ત થયા પછી સ્વામીજીએ સર્વને સન્માનપૂર્વક સંબોધીને જણાવ્યું કે:—“ આપ સર્વ મન-વચન-કાયાથી શ્રી ગુરૂદેવના પાદપદ્મમાં એવી પ્રાર્થના કરો કે મહાયુગના અવતાર સમાન આપણા તે ગુરૂદેવ આજથી આ પુણ્યક્ષેત્રમાં અવસ્થાન કરે; અને બહુજનહિતાર્થે, બહુજનસુખાર્થે આજ ક્ષેત્રમાં લાંબો કાળ રહી, આ સંસ્થાને સર્વ ધર્મોમાં સમાધાન સ્થાપનારી એક અપૂર્વ મુખ્ય સંસ્થા બનાવે. ” સર્વેએ એજ પ્રમાણે બે હાથ જોડીને પ્રાર્થના કરી. પછી સ્વામીજીએ શિષ્યને બોલાવીને કહ્યું કે:–“ ગુરૂદેવનાં અવશેષોની આ પેટી અહીંથી પાછી લઇ જવાનો અમને (સંન્યાસીઓને) અધિકાર નથી, કારણ કે અમે તો આજે ગુરૂદેવની અહીંયાં સ્થાપના કરી ચૂક્યા છીએ; માટે તુંજ તારે માથે ચડાવીને નીલાંબરબાબુના બગીચામાં લઇ ચાલ. ” શિષ્ય પેટીને અડકતાં જરા સંકોચ પામ્યો; તેથી સ્વામીજીએ કહ્યું કે:–‘ એમાં બીક જેવું શું છે ? મારી આજ્ઞા છે, ઉપાડીને આગળ ચાલ. ” શિષ્યે આનંદિત ચિત્તે સ્વામીજીની આજ્ઞા માથે ચડાવી અને ગુરૂની આજ્ઞાપ્રતાપે આ પેટીનો સ્પર્શ કરવા જેટલો પોતાને અધિકાર મળ્યો તેથી પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. પેટી માથે ચડાવી શિષ્યની આગળ અને પાછળ સ્વામીજી તથા બીજાઓ ચાલવા લાગ્યા. રસ્તામાં સ્વામીજીએ શિષ્યને જણાવ્યું કે:— ‘ ગુરૂદેવ આજે તારા મસ્તક ઉપર વિરાજમાન થઇ તને આશીર્વાદ આપે છે; માટે હવેથી સાવધાન રહેજે, ભૂલે-ચૂકે પણ કોઈ દિવસ અનિત્ય વિષયમાં મનને જવા દઇશ નહિ. ” રસ્તામાં આગળ ચાલતાં એક ખાડો આવ્યો એટલે સ્વામીજીએ કહ્યું કે:–“ જોજે, ખૂબ સાવચેતીથી ચાલજે ! બરાબર વિચાર કરીને પગલું ભરજે ! ”

મઠસંબંધી સ્વામીજીની ઉદાર ભાવના.

આ પ્રમાણે નિર્વિઘ્ને સર્વે મઠમાં પહોંચી ગયા. ત્યાર પછી વાત વાતમાં

સ્વામીજી બોલી ગયા કે:-“ ગુરૂદેવની ઇચ્છાથી આજે તેમના ધર્મક્ષેત્રની પ્રતિષ્ઠા થઇ ગઈ! બાર વર્ષથી જે ચિંતા મગજમાંથી જરાયે ખસતી નહોતી તે ચિંતા આજે દૂર થઇ. હવે મને કેવા વિચારો આવતા હશે તેની તું કલ્પના કરી શકે છે? આ મઠને શિક્ષણ અને સાધનાનું મુખ્યસ્થાન બનાવવાનો મારો વિચાર છે. તારા જેવા ધાર્મિક ગૃહસ્થો આ મઠની આસપાસ મકાનો બંધાવીને રહે અને મધ્યમાં ત્યાગી સંન્યાસીઓ રહે એવી યોજના કરવામાં આવશે. તે સિવાય આ મઠની દક્ષિણ દિશાવાળી જગ્યા ઇંગ્લાંડ તથા અમેરિકાવાસી ભક્તોને આપવામાં આવશે; અને તેઓ ત્યાં ઘરબાર બાંધીને રહે એવી ગોઠવણ થશે. કહે જોઇએ, આ યોજના તને કેવી લાગે છે? ’

સિદ્ધાંતો નહિ જોઇએ, વ્યવહારના ક્ષેત્રમાં કામ કરો.

શિષ્ય:—મને લાગે છે કે આપની અદ્‌ભુત કલ્પનાની ખૂબીજ નિરાળી છે!

સ્વામીજી:—“ તું કલ્પના ગણી કાઢે છે? વખત જતાં તું નજરોનજર જોશે. હું તો કામની કેવળ શરૂઆતજ કરતો જાઉં છું. ત્યારપછી કોણ જાણે શુંયે બનશે. મારાથી બનશે તેટલું હું કરી જઇશ, તે ઉપરાંત તમારા જેવાઓની અંદર વિવિધ ભાવનાઓ મૂકતો જઇશ. મારી ભાવનાઓને વ્યવહારૂ બનાવવાનું કામ તમારૂં છે. **મહાન્ મહાન્ સિદ્ધાંતો સાંભળીને બેસી રહેવાથી શું વળવાનું હતું?** તેને વ્યવહારના ક્ષેત્રમાં ઉતારી હમ્મેશાં કાંઇક કર્મ કરતા રહેશો ત્યારેજ કાંઇ કર્યું કહેવાશે. **શાસ્ત્રની લાંબી લાંબી** વાતો કંઠસ્થ **કરી** જગતનું શું કલ્યાણ તમે **કરી** વાળ્યું છે? અલબત, શાસ્ત્રની વાતોને સૌ પહેલાં સમજી લ્યો; પણ પછી તેને ક્રિયામાં મૂકી જગતનું કલ્યાણ કરવામાં **પ્રમાદ ન** કરો. જેને વ્યવહારૂધર્મ કહે છે તે ત્યારેજ સફળ થયો ગણાય. સમજ્યો?”

શંકરાચાર્યપ્રસંગ--શ્રીશંકરાચાર્યની અનુદારતા.

આ પ્રમાણે વાર્તાલાપ ચાલતો હતો તેટલામાં શ્રીમદ્ શંકરાચાર્યનો પ્રસંગ નીકળ્યો. શિષ્ય પોતે શ્રીશંકરનો ખાસ પક્ષપાત ધરાવતો હતો; શ્રીશંકરની કોઈ પણ વાત સામે જો કોઇ વાંધો ઉઠાવતું તો શિષ્યના હૃદયમાં સખત આઘાત થતો. સ્વામીજી શિષ્યની આ સ્થિતિ સારી રીતે જાણતા હતા; પણ કોઇની અંધશ્રદ્ધા તેમનાથી સહન થઇ શકતી નહિ. તેઓ જ્યારે કોઇનું શ્રદ્ધાંધપણું જોતા કે તુરતજ તેની સામે ચર્ચા કરવા બેસતા અને અમોઘ તથા સજ્જડ યુક્તિઓનો એવો તો સતત મારો ચલાવતા કે શ્રદ્ધાંધતાના કિલ્લાઓ થોડીજવારમાં જમીનદોસ્ત થયા વિના રહેતા નહિ.

સ્વામીજી:—શંકરની બુદ્ધિ અત્યંત સૂક્ષ્મ હતી. જેવા વિચારક હતા તેવાજ તેઓ પંડિત પણ હતા; પરંતુ બ્રાહ્મણ સિવાયના મનુષ્યોને બ્રહ્મજ્ઞાન થઇજ ન

શકે એ વાતનું વેદાંતભાષ્યમાં કેવું સમર્થન કર્યું છે? વિદુરના સંબંધમાં તેમણે લખ્યું છે કે વિદુર પોતે પૂર્વજન્મમાં બ્રાહ્મણના શરીરમાં હતા, તેટલાજ માટે તેમના પૂર્વજન્મના ફળરૂપે તે બ્રહ્મજ્ઞ થઈ શકયા! મારો તો એજ પ્રશ્ન છે કે કેવળ બ્રાહ્મણપણાની ખાતરજ આટલી બધી ખેંચતાણ કરવાની જરૂર શું છે? સ્વયં વેદ ત્રણે વર્ણને વેદપાઠનો તથા બ્રહ્મજ્ઞાનનો અધિકાર આપે છે. વળી કહે છે કે કેટલાયે બૌદ્ધસાધુઓને શાસ્ત્રાર્થમાં હારી ગયા તે માટે સળગતા અગ્નિમાં બાળીને ભસ્મ કરી દીધા! શ્રમણો બળીને ભસ્મ થઇ ગયા, પણ બૌદ્ધધર્મ તો હજી પણ જીવતો જાગતો રહી ગયો છે! બીજી તરફ બુદ્ધદેવનું હૃદય જો! “બહુજનહિત” તથા “બહુજનસુખ”ની ભાવનાને એક બાજુ મૂકી દઇશ તોપણ તું જોઇ શકીશ કે એક બકરાંના બચ્ચાનું રક્ષણ કરવા માટે પણ બુદ્ધદેવ કેટલો તૈયાર છે? બકરાની જીવનરક્ષા થતી હોય અને પોતાનું માથું કપાતું હોય તો તે કપાવા દેવાને પોતે તૈયાર થયો હતો! કેટલી બધી ઉદારતા? કેટલી બધી દયા?

બુદ્ધદેવમાં ધર્મઘેલછા હતી?

શિષ્ય:—એક પશુની ખાતર પોતાનો પ્રાણ આપવા તૈયાર થઈ જવું, એ પણ શું એવાજ પ્રકારની એક ઘેલછા નથી? બુદ્ધદેવમાં બીજા પ્રકારની ધર્માંધતા હતી, એમ કહેવામાં આવે તો તે શું ખોટું છે?

સ્વામીજી:—પરંતુ બુદ્ધદેવની ઘેલછાથી જગતના જીવોનું કેટલું કલ્યાણ થયું છે? એકવાર વિચાર કરી જો, કે બુદ્ધદેવની પ્રબળ ભાવનાથી કેટલા આશ્રમો, કેટલાં વિદ્યાલયો, કેટલી કોલેજો, કેટલાં જાહેર ઔષધાલયો તથા કેટલી પશુશાળાઓ સ્થાપન થઇ હતી? શિલ્પવિદ્યાને પણ કેટલું ઉત્તેજન મળ્યું હતું? બુદ્ધદેવના જન્મ પહેલાં આ દેશની સ્થિતિ બહુ દયાજનક હતી. તાડપત્ર ઉપર લખાએલા ધર્મગ્રંથોને સંઘરી રાખવા સિવાય લોકોને બીજું કશું જ્ઞાન નહોતું. થોડાંઘણાં માણસો ધર્મપુસ્તકોનાં રહસ્યોને સમજી બેસી રહેતા. ભગવાન બુદ્ધદેવે ધર્મના સિદ્ધાંતોનો વ્યાવહારિક રૂપમાં પ્રચાર કર્યો; અને નિત્યના જીવનમાં ધર્મ કેવી રીતે પાળી શકાય તે લોકોને બતાવી દીધું. બરાબર વિચાર કરવાથી તને જણાશે કે વેદાંતની જાગૃતમૂર્તિ જો કોઇ પણ હોય તો તે બુદ્ધદેવજ છે!

બુદ્ધધર્મની દુર્દશાનું કારણ—હદ કરતાં વધારે દર્શનચર્ચા.

શિષ્ય:—પરંતુ મહાશય, વર્ણાશ્રમધર્મને તોડી નાખવાથી ભારતવર્ષમાં હિંદુઓએ બળવો જગાડયો અને એટલાજ ખાતર બૌદ્ધધર્મને દેશનિકાલ થવું પડયું; તે વાત ખરી કે ખોટી?

સ્વામીજી:—બૌદ્ધધર્મની એ દુર્દશા તેના શિક્ષણને લીધે નથી થઇ, તેના

અનુયાયીઓના દોષનોજ એ પ્રતાપ છે. તેઓ વધારે પડતા દર્શન સંબંધી ચર્ચાઓમાં ઉતરી પડયા, એટલે તેમના હૃદયની ઉદારતા ક્ષીણ થઇ ગઈ; ત્યારપછી વામાચારના વ્યભિચારે એટલું બધું જોર કર્યું કે બૌદ્ધધર્મને મરવા સિવાય બીજો ઉપાયજ રહ્યો નહિ. એવો બીભત્સ વામાચાર અત્યારના કોઇપણ તંત્રમાં નથી. બૌદ્ધધર્મનું એક મુખ્ય સ્થળ "જગન્નાથક્ષેત્ર" હતું, તે ઠેકાણે મંદિરોની દીવાલોમાં જે બીભત્સ મૂર્તિઓ પત્થરમાં ચીતરવામાં આવી છે તે જોવાથી મારી આ વાતની તને ખાત્રી થયા વિના રહેશે નહિ. રામાનુજ અને ચૈતન્યમહાપ્રભુના સમયથી એ "પુરૂષોત્તમક્ષેત્ર" માં વૈષ્ણવોનું જોર વધ્યું અને અત્યારે એ મહાપુરૂષોના પ્રતાપે એ ક્ષેત્રે એક નવુંજ રૂપ ધારણ કર્યું છે.

તીર્થ માહાત્મ્ય-રૂપકના આધ્યાત્મિક અર્થો.

શિષ્ય:--શાસ્ત્રોમાં તીર્થાદિ સ્થાનોનો જે મહિમા વર્ણવ્યો છે તે કેટલે અંશે સત્ય હશે?

સ્વામીજી:--આ આખું બ્રહ્માંડ એક નિત્ય આત્મા-ઈશ્વરનું વિરાટ્ શરીર છે. શરીરમાં જેવી રીતે ઉચ્ચ નીચ ભેદો હોય છે તેવી રીતે આ વિરાટ્ દેહમાં પણ હોઇ શકે. કોઇ ખાસ સ્થાનમાં ઈશ્વરનો પ્રકાશ પોતાની મેળેજ પ્રકટી નીકળે, તો કોઇ સ્થાનમાં પવિત્ર હૃદયના સત્પુરૂષોના સંસર્ગથી એક પ્રકારની વિશેષતા દાખલ થઇ જાય, એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. સાધારણ મનુષ્યો આવાં પવિત્ર સ્થળોમાં જિજ્ઞાસુ બનીને જાય તો તેમને સહેજે સુયોગ્ય ફળની પ્રાપ્તિ થાય; એટલાજ માટે તીર્થાદિના અવલંબનથી ક્રમે ક્રમે આત્માનો વિકાસ થવાનું શાસ્ત્રમાં લખેલું છે. બાકી એટલું તો નિશ્ચત સમજજે કે આ માનવદેહ કરતાં વધારે માહાત્મ્યવાળું બીજું એકે નથી. દેહમાં જેવો અને જેટલો આત્માનો વિકાસ થાય છે તેવો અને તેટલો બીજા કોઇ તીર્થમાં નથી થતો. જગન્નાથનો જે રથ કાઢવામાં આવે છે તે શું છે? દેહરથનું સ્થૂલ રૂપકમાત્ર છે. દેહરથમાંજ આત્માનું દર્શન કરવું જોઇએ. "**आत्मानं रथिनं विद्धि।**" વિગેરે વાંચ્યું છે ને? "**मध्ये वामनमासीनं विश्वेदेवा उपासते॥**" આ વામનરૂપી આત્માનું દર્શન એજ જગન્નાથનું દર્શન છે. **रथे च वामनं दृष्ट्वा पुनर्जन्म न विद्यते।** એમ કહેવાય છે તેનો અર્થ એટલોજ છે કે અંતરમાં જે આત્મા વ્યાપી રહ્યા છે અને જેની ઉપેક્ષા કરીને દેહરૂપ હાડ-માંસ-લોહીમાં અહંપણું રાખી બેઠા છો, તે ભ્રમને દૂર કરી તમારા યથાર્થસ્વરૂપનું દર્શન કરો, એટલેપછી તમારે માટે પુનર્જન્મ જેવું કાંઈ રહેશે નહિ. **લાકડાની કે પાષાણની મૂર્તિનાં દર્શન કરવા માત્રથીજ જો જીવની મુક્તિ થઇ જતી હોત તો** દર વર્ષે લાખો માણસો મુક્તિએ

પહોંચી જતાં હોત. તેમાં પણ આજ કાલ તો રેલવેની સગવડ થઈ ગઇ છે, એટલે પછી મુકિતમાં જનારાઓની ગણત્રીજ થઇ શકતી નથી!! એટલું છતાં જગન્નાથ તીર્થમાં સાધારણ મનુષ્યો જે વિશ્વાસ રાખે છે તેમના વિશ્વાસને હું નિરર્થક કે ખોટો કહેતો નથી, એ વાત ભૂલી જઇશ નહિ. માણસોમાં કેટલાએક એવા વગના પણ હોય છે કે જેમને મૂર્તિના અવલંબન વગર આગળ વધવાની દિશાજ ન સૂઝે. આવા મનુષ્યો મૂર્તિનો યોગ્ય આશ્રય લઈ પોતાનું કલ્યાણ કરી શકે છે, એમાં જરાય શંકા કરવા જેવું નથી.

મૂર્ખના અને બુદ્ધિમાનના પૃથક્ પૃથક્ ધર્મો.

શિષ્યઃ—ત્યારે તો મૂર્ખનોએ ધર્મ જૂદો અને બુદ્ધિમાનનોએ ધર્મ જૂદો, એમજ માનવું પડે.

સ્વામીજીઃ—હાજ તો. જો એમ ન હોત તો તારાં ધર્મશાસ્ત્રો અધિકારીના નિર્ણય માટે આટલી માથાફૂટ શા માટે કરત? જો કે સત્ય તો સર્વ સ્થાને છે, તોપણ અધિકારપરત્વે સત્યની લઘુતા, મહત્તા માનવી જ જોઇએ. મનુષ્યો જેને સત્ય કહે છે અને સત્ય તરીકે જેનો સ્વીકાર કરે છે તે સર્વ સત્યો, ઉપર કહ્યાં તે પ્રકારનાં જ હોય છે. કોઇ સત્ય અલ્પાંશે સત્ય હોય છે, તો કોઈ સત્ય તેનાથી અધિકાંશે સત્ય હોય છે; નિત્ય સત્ય તો કેવળ એક માત્ર પરમાત્માજ છે. જે આત્મા જડ પદાર્થોની અંદર મુંઝાઇ રહ્યો છે તેજ આત્મા, જીવનામ-ધારી મનુષ્યોમાં થોડો ઘણો જાગૃતરૂપે પ્રકાશી રહ્યો છે. શ્રીકૃષ્ણ, શ્રીબુદ્ધદેવ તથા શ્રીશંકર વગેરેમાં એજ આત્મા પૂર્ણ જાગૃત અવસ્થાએ પહોંચ્યો હતો. તેનાથી પણ ઉપર-ઉપરની અવસ્થાઓ છે; પરંતુ તે અવસ્થાઓ ભાવનામાં કે ભાષામાં આવી શકતી નથી-“ अवाङ्मनसगोचरम् ॥ ”

ઈશ્વરોપાસના.

શિષ્યઃ—મહાશય, કોઇ કોઇ ભકિતસંપ્રદાયવાળા ભકતો કહે છે કે ભગવાનની સાથે એક પ્રકારના સંબંધથી જોડાઇ જઇએ તોપછી સાધના કરવામાં કાંઇ મુશ્કેલી જેવું રહેતું નથી. આમ કહેનારા ભકતો આત્માના મહિમાની વાતો જાણતા નથી, તેમજ જાણવાની દરકાર પણ રાખતા નથી. કદાચ કોઈ તેમને જણાવવાનો પ્રયત્ન કરે છે તો તેઓ કહી દે છે કે એ બધી વાતોને એક બાજુએ રહેવા દઈ ભકિતભાવમાં સર્વદા તરબોળ રહો, એટલે માથાફૂટ જેવું કાંઈજ નહિ રહે.

સ્વામીજીઃ—એમ કહેનારાઓને માટે અલબત, તે સત્ય છે. એ માર્ગે પણ વખત જતાં એક દિવસે તેમનામાં બ્રહ્મ જાગૃત થવાનો સંભવ છે. અમે (સંન્યાસીઓ) જે કાંઇ કરીએ છીએ તે પણ અમારે માટે સત્ય અને ઉપયોગી

છે. અમે સંસારનો ત્યાગ કર્યો છે એટલા માટે સંસારના સંબંધો—જેવા કે મા, બાપ, સ્ત્રી, પુત્ર વગેરેમાંથી કોઇ એક પ્રકારનો સંબંધ ઈશ્વર સાથે બાંધી શકીએ નહિ; કારણ કે અમારે માટે એવા સંબંધો સંકીર્ણ અને કિંમત વગરના છે. ખરેખર, સર્વભાવથી પર એવા ભગવાનની ઉપાસના કરવી તથા તેમની પ્રાપ્તિ કરવી એ બહુ કઠિન સાધના છે; પરંતુ અમૃત ન મળે તો તેને બદલે ઝેર ખાવાની ઇચ્છા તો કોઇ મૂર્ખ પણ ન કરે. એટલા માટે હમ્મેશાં આત્મા સંબંધી વાતોમાંજ તલ્લીન રહેવું, આત્મા સંબંધીજ વિચારો કર્યા કરવા અને આત્માસંબંધીજ ઉપદેશો સાંભળ્યા કરવા. આમ કરતાં કરતાં એક સમય એવો આવશે કે જ્યારે આપણી અંદર બ્રહ્મસિંહ જાગી ઉઠશે! મારૂં કહેવું માત્ર એટલુંજ છે કે તું નાની નાની ક્ષુદ્રભાવનાઓ અને વાસનાઓની પેલી પાર ચાલ્યો જા. કઠોપનિષદ્માં યમના ઉદ્ગાર સાંભળ્યા છે કેઃ—**उत्तिष्ठत जाग्रत प्राप्यवरान् निबोधत।**

એ રીતે આજનો પ્રસંગ સમાપ્ત થયો. મઠમાં જમવાનો ઘંટ વાગ્યો, એટલે શિષ્ય પણ સ્વામીજીની સાથે ભોજન કરવા ગયો.

प्रसंग १५ मो.

(સ્થાન—બેલુડ--ભાડાવાળું મકાન--ઈ. સ. ૧૮૯૮--ફેબ્રુઆરી માસ)

આલમબજારવાળા મકાનમાંથી, બેલુડ ખાતે શ્રીયુત નીલાંબર બાબુના બગીચાવાળા મકાનમાં મઠ લઇ જવામાં આવ્યો છે. સ્વામીજી આજ મકાનમાં રહે છે. હજી આલમબજારમાંથી આવેલી વસ્તુઓને બરાબર ગોઠવીને મૂકવામાં આવી નથી, સર્વત્ર છિન્નભિન્ન પડયું હતું. સ્વામીજી આ નવા મકાનમાં આવવાથી બહુ પ્રસન્ન થયા હતાં. શિષ્ય હાજર થયો એટલે સ્વામીજીએ કહ્યું:—"જો, કેવી સુંદર ગંગા! કેવું સુંદર મકાન! આવા સુંદર સ્થળે મઠની સ્થાપના ન થાય તો મઠમાં જે યોગ્ય ઉત્સાહ—ઉલ્લાસ રહેવો જોઇએ તે ક્યાંથી મળી શકે?" તે વખતે મધ્યાન્હકાળ હતો.

સ્વામીજીનો બાલ્યાવસ્થાનો તથા યુવાવસ્થાનો થોડો અહેવાલ.

સાંજે શિષ્ય સ્વામીજીને મળવા આવ્યો ત્યારે વાર્તાલાપના અનેક પ્રસંગો નીકળી પડયા. મઠમાં કોઇ હતું નહિ, તેથી શિષ્ય સ્વામીજીને અનેક પ્રશ્નો પૂછી શકતો અને સ્વામીજી પણ તેના ખુલાસા આપ્યા કરતા. પ્રસંગોપાત શિષ્યે સ્વામીજીની બાલ્યાવસ્થા વિષે કાંઇક સાંભળવાની જીજ્ઞાસા દર્શાવી, તેથી સ્વામીજી

બોલવા લાગ્યા કે:–"નાનપણથીજ હું બહુ સાહસિક હતો. નહિતર પુરતી સામગ્રી સાથે લીધા વિના દુનિયામાં ભમવાનો સંકલ્પજ મને ક્યાંથી આવે ?"

બાલ્યાવસ્થામાંથી રામાયણ સાંભળવાનો સ્વામીજીને બહુ શોખ હતો. શેરીમાં જો ક્યાંઈ રામાયણ વંચાય છે, એમ તેમના સાંભળવામાં આવતું તો રમત–ગમતને એક બાજુ મૂકી દઇ તુરતજ તેઓ ત્યાં દોડી જતા. રામાયણ સાંભળવામાં કોઇ કોઇ વખત એટલા બધા તલ્લીન બની જતા કે ત્યાંથી ઘેર પાછા જવાનુંજ તેમને ભાન રહેતું નહિ. એટલુંજ નહિ પણ "હવે બહુ મોડું થયું છે, હવે ઘેર જવું જોઇએ,' એવો વિચાર પણ તેમના મગજમાં પ્રવેશતો નહિ. એક દિવસે રામાયણની કથામાં એમ સાંભળવામાં આવ્યું કે હનુમાન ખાસ કરીને કેળનાં વૃક્ષો ઉપરજ રહે છે. આથી સ્વામીજીને હનુમાનનાં દર્શન કરવાની આકાંક્ષા એટલી બધી પ્રબળ થઇ આવી કે રામાયણ સાંભળી રહ્યા પછી રાત્રિએ ઘેર નહિ જતાં પાસેના બગીચામાં કેળનાં વૃક્ષ નીચે બેસી હનુમાનની રાહ જોવામાંજ આખી રાત્રિ વીતાવી દીધી.

રામાયણમાં ખાસ કરીને હનુમાનજી પ્રત્યે સ્વામીજીની અગાધ ભકિત હતી. સંન્યાસી થયા પછી પણ ઘણીવાર જ્યારે મહાવીરની વાત નીકળતી ત્યારે તેઓનામાં એક પ્રકારનો ખાસ જુસ્સો પ્રકટી નીકળતો. મઠમાં મહાવીરની એક મૂર્તિ સ્થાપવાનો સંકલ્પ પણ ઘણીવાર કરી રાખેલો.

વિદ્યાર્થીઅવસ્થા ઘણું કરીને આખો દિવસ, તેઓ પોતાના સરખી વયના મિત્રો સાથે આમોદ–પ્રમોદ કરવામાંજ ગુજારતા અને રાત્રે ઘેર આવીને ઓરડાને સાંકળ દઇને ભણવા બેસી જતા. આથી કરીને તેઓ ક્યારે અભ્યાસ કરતા કે ક્યારે વાંચતા તેની કોઇને ખબરજ પડતી નહિ.

× × × ×

યુવાવસ્થામાં એક દિવ્ય દર્શન.

શિષ્યે જિજ્ઞાસા કરી કે:—"મહાશય, આપ જ્યારે સ્કૂલમાં અભ્યાસ કરતા ત્યારે કોઈ વખત કોઇ પ્રકારનો દિવ્ય દેખાવ જોએલો કે નહિ ?

સ્વામીજી:—નિશાળમાં જ્યારે હું ભણતો ત્યારે એક દિવસે રાત્રિના સમયે મારા ઓરડામાં દ્વાર બંધ કરી ધ્યાન કરતો હતો. ધ્યાનમાં એટલો બધો તન્મય બની ગયો કે કેટલો વખત પસાર થઇ ગયો તેનું મને સ્મરણ રહ્યું નહિ. ધ્યાનમાંથી નિવૃત્ત થયા પછી પણ હું જ્યાંનો ત્યાંજ બેસી રહ્યો. એટલામાં ઘરની દક્ષિણ દિશાની એક દિવાલમાંથી એક જ્યોતિર્મય મૂર્તિ બહાર નીકળી અને મારી સામે આવીને ઉભી રહી ! તેના મુખ ઉપર એક અદ્ભુત પ્રકારની જ્યોતિ છવાઇ હતી; કોઇ પણ પ્રકારના વિચારની કે ચિંતાની રેખા તેની મુખમુદ્રા પર

નહોતી. મહાશાંત સંન્યાસી મૂર્તિ ! મસ્તકે મુંડન કરાવેલું તથા હાથમાં દંડ અને કમંડલ ! તે મૂર્તિ થોડીકવાર સુધી મારી સામે એકીટસે તાકી રહી. મને લાગ્યું કે તે મને કંઈ કહેવા માગે છે. હું પણ બોલ્યાચાલ્યા વિના તેની સામેજ જોઇ રહ્યો. ત્યાર પછી જાણે ક્યાંઇથી મારા મનમાં એવો ભય પ્રવેશ્યો કે તુરતજ દ્વાર ઉઘાડી અને બહાર નાસી ગયો. પાછળથી મને એમ થયું કે અરેરે ! બેવકૂફની માફક હું શા માટે નાસી ગયો ? થોડીવાર બેસી રહ્યો હોત તો અલબત્ત મને કંઇ સાંભળવાનું મળત. ત્યાર પછી એવી મૂર્તિનાં પુનઃ દર્શનજ થયાં નહિ. હવે ઘણીવાર મનમાં એમ થઇ આવે છે કે જો પુનઃ એ મૂર્ત્તિ પ્રત્યક્ષ થાય તો કોઈ દિવસ ભયભીત થઇને નાસી જવું નહિ; અને બની શકે તો તેની સાથે વાર્તાલાપ પણ કરૂં. પરંતુ હવે દર્શનજ થતાં નથી.

શિષ્યઃ—પછી આપે એ સંબંધી કાંઈ વિચાર કરી જોયો ?

સ્વામીજીઃ—વિચાર તો બહુ કર્યો; પણ કોઇ નિર્ણય ઉપર આવવાનું બની શક્યું નહિ. ઘણું કરીને ભગવાન બુદ્ધદેવનાં દર્શન થયાં હોય એમ લાગે છે.

શુદ્ધહૃદય અનેક દિવ્ય દર્શન કરી શકે છે.

થોડી ક્ષણો પસાર થઇ એટલે પુનઃ સ્વામીજીએ કહ્યું કેઃ-" મન જ્યારે શુદ્ધ થાય, કામિની અને કાંચનની સ્પૃહા દૂર જાય, ત્યારે સંખ્યાબંધ દિવ્યદર્શનો થવા લાગે છે અને તે પણ મહા અદ્ભુત પ્રકારનાં ! છતાં એ તરફ લક્ષ આપવાની જરૂર નથી. રાત્રિ દિવસ જો સાધક પુરૂષ એવો લક્ષ રાખ્યા કરે તો તે આગળ વધીજ શકે નહિ. ગુરૂદેવ કહેતા તે શબ્દો યાદ છે કેઃ—" રત્નચિંતામણિ પ્રાપ્ત કરવા જતાં માર્ગમાં અનેક મણિઓ મળી આવે છે. રત્નચિંતામણિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી હલકાં મણિઓ તરફ લોભાવું યોગ્ય નથી. આત્માનો સાક્ષાત્કાર કરવો, તે સિવાય બીજો કોઇ વિચારજ કરવો નહિ. ખોટા ખ્યાલો અને દર્શનોથી શું વળવાનું હતું ?"

અમેરિકાની વિજયકથા-સૂક્ષ્મ મનનું સામર્થ્ય.

એટલું કહીને સ્વામીજી તન્મય બની કોઈ વિચારમાં નિમગ્ન થઇ ગયા. શિષ્ય મૌનભાવે બેસી રહ્યો. થોડીવાર થઈ એટલે પુનઃ સ્વામીજી બોલવા લાગ્યાઃ— વિચાર કરી જો કે હું જ્યારે અમેરિકામાં હતો ત્યારે મારી કેટલી અદ્ભુત શક્તિઓ બહાર સ્ફુરી નીકળી હતી ? લોકોની આંખો સામે સહેજ નજર ફેરવતો કે તુરતજ એક ક્ષણવારમાં તેમના વિચારો સમજી જતો. કોણ ક્યાં કેવો વિચાર કરે છે તે હું કરામલકવત્ હાથમાંના આંગળાની માફક સ્પષ્ટ રીતે જોઇ શકતો. કોઇ કોઇને તો હું તેમના અંતરના વિચારો કહી દેતો. જેઓ મારા શબ્દો એક વખત સાંભળતા તેઓ મારૂં શિષ્યત્વ સ્વીકાર્યા વિના રહેતા નહિ. જો કોઈ ખાસ સ્વાર્થને

લઇને મને મળવા આવતો, તો મારી અંતરભેદી શકિતનો પરિચય મેળવી ત્યાંથી નાસી જતો અને પછી મોં બતાવવાની હિંમત પણ કરી શકતો નહિ.

ભાષણો માટે વિષની પસંદગી કરવાની મુંઝવણ.

“ જ્યારે ચિકાગો શહેરમાં ભાષણો આપવાં શરૂ કર્યાં ત્યારે એક અઠવાડીઆમાં ૧૨-૧૪ ભાષણો આપવાં પડતાં: કોઇ કોઇ વખત તો તેથી પણ અધિક લેકચરો કરવાં પડતાં. હદ ઉપરાંત શારીરિક તથા માનસિક પરિશ્રમથી એકવાર કંટાળી ગયો; એટલે સુધી થાક અને કંટાળો આવ્યો કે ભાષણોના વિષયોનીજ સૂઝ પડે નહિ. આવતી કાલે કયાંથી નવી વાત કહાડીને શ્રોતાઓને સંભળાવીશ, એનો નિર્ણય કરવો મુસ્કેલ થઇ પડયો. વિચાર કરવા લાગ્યો કે હવે નવી વાત તે શું કહેવી ? સ્મરણશકિત પણ જાણે એકાએક લોપ થઇ ગઈ! એક દિવસે એક ભાષણ આપ્યા પછી સૂતો સૂતો એજ વિચાર કરતો કરતો સૂઇ ગયો. ઉંઘમાં મારી પાસે ઉભું રહીને કોઇ ભાષણ આપતું હોય તેમ મને લાગ્યું ! એ ભાષણમાં એટલી બધી નવી વાતો તથા નવી ભાવનાઓ સાંભળવામાં આવી કે જેનો મેં આ જન્મમાં કદાપિ ખ્યાલ સરખો પણ ભાગ્યેજ કર્યો હશે. ઉંઘમાંથી ઉઠયો એટલે સ્વપ્નમાં સાંભળેલા ભાષણનું સ્મરણ કર્યું અને સભામાંજઇને એજ ભાષણ આપ્યું. આવાં આવાં મેં કેટલાં ભાષણો સાંભળ્યાં હશે તેની સંખ્યા નક્કી થઇ શકતી નથી; બધાં ભાષણો સૂતાં સૂતાંજ સાંભળેલાં. સ્વપ્નનાં આ ભાષણો કોઇ કોઇ વખત તો એટલાં બધાં જુસ્સાદાર થતાં કે આસપાસના ઘરમાં રહેતા પાડોશીઓ પણ તે સાંભળી જાગી જતા અને સવારમાં તેઓ મને કહેતાં કેઃ—“ સ્વામીજી, કાલે રાત્રે આપ કોની સાથે એટલા બધા જોરથી ચર્ચા કરતા હતા ? ” હું તેઓની જિજ્ઞાસાને જેમ તેમ શાંત કરતો; પરંતુ તે એક અદ્‌ભુત વ્યાપાર હતો, એમ તો માનવુંજ પડશે.”

સ્વામીજીની આ વાત સાંભળી શિષ્ય મૂંગે મોંઢે બેસી રહ્યો. થોડીવાર સુધી વિચાર કર્યો પછી તેણે કહ્યું કેઃ—“ સ્વામીજી, મને તો એમ લાગે છે કે આપનો સૂક્ષ્મદેહજ એ ભાષણો આપતો હશે. સ્થૂલદેહમાં તેનો કવચિત્ પ્રતિધ્વનિ થઇ જતો હશે, એટલે ઉદ્‌ગાર બહાર નિકળી જતો હશે; એટલુંજ.

સ્વામીજી—તે હશે.

અમેરિકાની પ્રજાના ગુણાવગુણ.

ત્યારબાદ અમેરિકાની પ્રજા સંબંધે વાત નીકળી. સ્વામીજીએ કહ્યું કેઃ— “ તે દેશમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ અધિક શિક્ષિત હોય છે. વિજ્ઞાન કે દર્શનમાં સારી પંડિતા ગણાતી બાઇઓની સંખ્યા પુરૂષો કરતાં અનેકગણી વધારે છે, એટલાજ માટે સ્ત્રીઓ તરફથી મને બહુ સન્માન મળતું. પુરૂષો તો બિચારા રાત્રિ-દિવસ પોતાના ધંધામાંજ લાગ્યા રહે છે. થોડીવાર જંપવાનો પણ ભાગ્યેજ તેમને

વખત મળે છે. કન્યાઓ ભણી ગણીને કાળક્રમે મહા વિદુષી તરીકે પ્રસિદ્ધ થાય છે. અમેરિકામાં ગમે ત્યાં જુઓ, કેવળ 'સ્રીયારાજ્યજ જણાશે."

ખ્રિસ્તી પાદરીઓનો ઉપદ્રવ !

શિષ્યઃ—અસ્તુ. પણ ત્યાંના ખ્રિસ્તી ધર્માંધ પાદરીઓ તમારી સામે થયા કે નહિ ?

સ્વામીજીઃ—સામે ન થાય એમ કોઇ કાળે બને ખરૂં ? લોકો જેમ જેમ મારૂં બહુમાન કરવા લાગ્યા તેમ તેમ પાદરીઓએ મારો પીછો પકડયો. ખુલ્લીરીતે મારી કેટલીએ નિંદાઓ છાપામાં છપાવી, વર્તમાનપત્રોમાં કેટલાએ આક્ષેપો કર્યાં. મને ઘણા બંધુઓએ તેના રદીઆ આપવાની વિનંતિ કરી; પણ મેં કોઇના બોલવા સામે લેશ પણ લક્ષ પણ આપ્યું નહિ. મારો તો મૂળથીજ એવો દૃઢ વિશ્વાસ હતો કે કેવળ માત્ર ચાલાકી કરવાથી કોઇ મહાન કાર્ય સિદ્ધ થતું નથી. એટલા માટે સર્વ **નિંદનીય આક્ષેપોની પરવા નહિ કરતાં હું તો મારૂં કામજ કર્યા કરતો.** ઘણીવાર એવું બનતું કે જેઓ એકવાર મારી નિન્દા કરતા તેઓ પોતેજ પશ્ચાત્તાપપૂર્વક મારે શરણે આવતા અને પોતેજ વર્તમાનપત્રમાં ખુલાસો લખી ક્ષમા માગતા. કેટલાએક એવા પ્રસંગો પણ વીતી ચૂકેલા કે કોઇને ત્યાં મારૂં ભાષણ થવાનું હોય તો મારા ભાષણના વખત પહેલાં મારા વિરોધીઓ ભાષણવાળા મકાનમાં જઈ, મકાનના માલેકને મારા વિષે ખોટી ખોટી વાતો કહી ભરમાવી દેતા; અને તેથી મકાનનો માલેક ઘરના બારણાને તાળું દઇ અન્યત્ર ચાલ્યો જતો. હું નિમંત્રણને માન આપી વખતસર મકાન ઉપર જઉં તો ત્યાં કોઈ મળેજ નહિ, મકાને તાળાં દીધાં હોય અને બધું ખાલીખમ હોય ! પછી જ્યારે પેલો માલેક મારા સંબંધી સાચી વાતો જાણતો ત્યારે પાછો પશ્ચાતાપ કરતો અને કાયમને માટે મારો શિષ્ય બની રહેતો. બાપુ ! દુનિયામાં કેટલી જાતની દુનિયાદારીઓ ખેલાય છે, તેની તને અહીં બેઠા શું ખબર પડે ? ખરેખરો **સત્સાહસી અને જ્ઞાની પુરૂષ દુનિયાના આવા પ્રપંચોથી કોઇ દિવસ નિરાશ થતો નથી કે કંટાળીને બેસી રહેતો નથી. "જગત ગમે તે બોલે પણ આપણે આપણું કામ કર્યે જવું "** એવી ભાવના જેનામાં દૃઢપણે રહેલી હોય તેજ સાચો વીરપુરૂષ ગણાય; અને એજ વીરપુરૂષ સંસારમાં પોતાનું વીરત્વ દાખવતો જાય. **બીજાઓ મારા માટે શું કહે છે, અને શું લખે છે, તેની રાત્રિ–દિવસ તપાસ રાખ્યા કરીએ તો કોઇ મહાન કાર્ય થઇ શકે નહિ.** આ શ્લોક તેં નથી વાંચ્યો કેઃ—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।

अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

ભાવાર્થ:—“ લોકો તારી નિંદા કરે કે સ્તુતિ કરે, લક્ષ્મી તારી પાસે આવે અથવા ગમે ત્યાં જતી રહે; મરણ આ ક્ષણેજ આવે અથવા તો એક યુગ જીવ્યા પછી આવે; પરંતુ હે ધીરપુરૂષ ! ન્યાયના માર્ગેથી એક પગલું પણ પાછળ હઠીશ નહિ.” કેટલાંયે મહાભયંકર તોફાનને ઓળંગીને આગળ વધી શકીએ તોજ શાંતિના રાજ્યમાં પહોંચી શકાય. જે જેટલો મહાન હોય છે તેની કસોટીઓ પણ તેવીજ કઠિન હોય છે. કસોટીના પથરા ઉપર તારા જીવનને ઘસીને ખાત્રી કરી લીધા પછીજ જગત મહાન તરીકે તારો સ્વીકાર કરે, એવો નિયમ છે. જેઓ બીકણ છે, નિર્બળ છે, તેઓ સમુદ્રમાંના તરંગોને દૂરથી માત્ર જોઇનેજ કાંઠા ઉપર પોતાના નાવને ડૂબાડી દે છે ! હનુમાન જેવા મહાવીરો શું બીજે નજર સરખી પણ નાખે ? જે થવાનું હોય તે ભલે થાય, એકવાર ધારેલું કામ પૂરૂં કરવું એજ પુરૂષાર્થીઓનો મુખ્ય મુદ્રાલેખ હોય છે. આવો પુરૂષાર્થ ન આવે ત્યાંસુધી સેંકડો વસ્તુઓ પણ તારા જડત્વને દૂર કરવાને સમર્થ નથી.

આપણો દૈવવાદ મૃત્યુનીજ નીશાની આપે છે !

શિષ્ય:—ત્યારે સદ્ભાગ્ય ઉપર આધાર રાખીને બેસી રહેવું એ શું નિર્બળતાનું ચિહ્ન છે ?

સ્વામીજી:—આધાર રાખી બેસી રહેવું-નિર્ભય રહેવું-તેને તો શાસ્ત્રમાં પાંચમો પુરૂષાર્થ કહેવામાં આવ્યો છે; પરંતુ આપણા દેશમાં જેને દૈવ, નશીબ કે ભાગ્ય કહે છે તે તો મૃત્યુનીજ નિશાની છે; મહાકાયરપણાનું પરિણામ માત્ર છે. અથવા તો મરજીમાં આવે એવા એકાદ ઈશ્વરની કલ્પના કરી લઇ પોતાના દોષ ઈશ્વરને માથે નાખી દઇ છૂટી જવાનો પ્રયત્ન માત્રજ છે. ગુરૂદેવ પેલી ગોહત્યા*ની વાર્તા કહેતા તે યાદ છે ને ? છેવટે ગોહત્યાનું પાપ બગીચાના માળીનેજ ભોગવવું પડ્યું. આજકાલ તો સઘળા “ **यथा नियुक्तोऽस्मि तथा करोमि।** ” એમ

---

* ગોહત્યાવાળી શ્રીરામકૃષ્ણ પરમહંસની વાર્તાનો સારાંશ નીચે પ્રમાણે છે:—

એક વખત બે દેવતાઓને મનુષ્ય કેટલો અહંકારી છે તેની પરીક્ષા કરવાની ઇચ્છા થઈ; તેથી એક દેવે ગાયનું સ્વરૂપ ધારણ કરી એક બ્રાહ્મણના બગીચામાં પ્રવેશ કર્યો. બ્રાહ્મણ--માળી બગીચામાંથી ગાયને હાંકવા ગયો અને એકાદ લાકડી મારી હશે એટલામાં ગાય તો મરી ગઈ ! એટલે ગોહત્યા પેલા માળીના શરીરમાં પ્રવેશ કરવા આવી. તેને પેલા માળીએ કહ્યું કે:—મારા શરીરમાં દાખલ થવાનો તને અધિકાર નથી. કારણ કે આ હાથ તો ઇંદ્રની શક્તિથી હલન ચલન કરે છે, માટે ઈંદ્ર પાસે જા. ત્યાર પછી બીજો દેવ એક પ્રેક્ષક તરીકે બગીચામાં હાજર થયો અને માળીને સાથે લઈને બગીચો જોવા લાગ્યો. બાગની રચના બહુ સુંદર હતી, ફળ-ફૂલવાળા વિવિધ વૃક્ષોની ગોઠવણી

કહી પાપ–પુણ્ય ઈશ્વરને ગળે વળગાડી દઇ પોતે તો જાણે જળકમળવત્ નિર્લેપ હોય એમ માને છે. જો સદાસર્વદા એવા ભાવે રહેવાય તો તો મુક્તાવસ્થાજ લેખાય; પરંતુ થાય છે એમ કે “ સારૂં ” હોય તે વખતે તો “ હું ” અને કાંઇ ખરાબ થયું એટલે “બીજો” ! આવા નિર્લેપભાવની ખરેખર બલિહારી છે ! પૂર્ણ પ્રેમ કે જ્ઞાન ઉદ્ભવે નહિ ત્યાંસુધી નિર્લેપતાની ખરી અવસ્થા પ્રાપ્ત થતી નથી. જેઓ ઈશ્વરપર ખરેખરા નિર્ભર ભાવવાળા, ઈશ્વરાધીન હોય છે તેમને એવી ભેદબુદ્ધિ હોતી નથી. આ અવસ્થાનું ઉજ્જવલ દ્રષ્ટાંત જોવું હોય તો આપણામાં (શ્રી રામકૃષ્ણદેવના શિષ્યોમાં) અત્યારે એક નાગમહાશય છે.

નાગમહાશય સંબંધે બોલતાં સ્વામીજીએ જણાવ્યું કેઃ—“ એમના જેવો પ્રેમી ભક્ત પુરૂષ અત્યારે બીજો કોઇ નથી. હવે ક્યારે એમનાં દર્શન થશે ? ”

નાગમહાશય સંબંધે કેટલોક વાર્તાલાપ.

શિષ્યઃ—તેઓ થોડાજ વખતમાં કલકત્તે પધારનાર છે. માતુશ્રીએ (નાગમહાશયની પત્નીએ) મને લખ્યું છે કે સ્વામીજીનાં દર્શન કરવા તેઓ જલદીથી રવાના થશે.

સ્વામીજીઃ—ગુરૂદેવ નાગમહાશયની તુલના જનકરાજા સાથે કરતા. એવા જિતેંદ્રિય પુરૂષનાં દર્શન થવાં તો દૂર રહ્યાં; પરંતુ તેમના સંબંધી વાત સાંભળવામાં આવે તોપણ મહાસુભાગ્ય સમજવું. અને તેટલો તેવા સત્પુરૂષોનો સમાગમ કરજે. તેઓ ગુરૂદેવના એક અંતરંગ વ્યક્તિ છે.

શિષ્યઃ—એમના દેશમાં તો એમને એક ગાંડા જેવા ગણી કાઢવામાં આવે છે; પરંતુ હું તો પહેલી વખતે દર્શનમાત્રથી સમજી ગયો કે ખરેખર તેઓ કોઇ મહાનપુરૂષ છે. મારા ઉપર તેમની બહુ કૃપા તથા પ્રેમ છે.

સ્વામીજીઃ—એવા મહાપુરૂષનો સત્સંગ મળ્યો છે, એટલે તારે હવે કોઇ

માળીએ બહુ આકર્ષક રીતે કરી હતી. દેવે પેલા માળીને પૂછ્યું કેઃ—‘આ ગોઠવણી કોણે કરી છે ? બહુ સુંદર છે. ખરેખર ગોઠવનારની બુદ્ધિ અદ્ભુત પ્રકારની હોવી જોઈએ. પેલો માળી તરતજ બોલી ઉઠયો કેઃ–“ એ બધી રચના મારી છે–મેંજ પરિશ્રમ અને વિચાર કરીને આ રચના કરી છે. ” દેવે કહ્યુંઃ—‘બહુ સારૂં.’ એટલામાં પેલો દેવ અને માળી મરેલી ગાય પડી હતી ત્યાં આવી પહોંચ્યાં. દેવે પૂછ્યું કેઃ—‘આ ગાય કોણે મારી નાખી ?’ પેલા માળીએ જવાબ આપ્યો કેઃ-‘ એમાં મારો કશો દોષ નથી. ઇંદ્રની શક્તિથી આ હસ્તવડે ક્રિયા થાય છે અને તે હસ્તથીજ આ ગાય મરી ગઇ છે; માટે મને એમાં કાંઈ લેવા દેવા નથી. ’ પેલા દેવે માળીનો કાન પકડયો અને કહ્યું કેઃ—‘ મૂર્ખ ! બગીચામાં જે સારી ગોઠવણી થઈ છે તેં બધી તેં કરી અને આ ગાય મરી ગઈ એ ઈન્દ્રની શકિતને લીધે કેમ ? જેટલું સારૂં તેમાં તો તારે અહંકાર અને ખરાબ થાય તેને માટે દેવ જવાબદાર કેમ-? ’

જાતની ચિંતા રાખવાનું કારણ નથી. અનેક જન્મોની તપસ્યા ફળે ત્યારે જ એવા મહાપુરૂષોનો સત્સંગ પ્રાપ્ત થાય છે. ભલા નાગમહાશય ઘેર કેવી રીતે રહે છે ?"

શિષ્યઃ—નાગમહાશય પોતે તો ઘરની કશી સંભાળજ રાખતા નથી, આખો દિવસ અતિથિઓની સેવા કરવી એજ એમનું કર્તવ્ય છે. પાલ કુટુંબના બાબુઓ જે કાંઇ પૈસા-ટકા આપે છે તે સિવાય ખાવા-પહેરવાને માટે બીજું કાંઇ સાધન નથી, છતાં તેમના ઘરનું ખર્ચ જુઓ તો એક ગૃહસ્થના જેવુંજ ! પોતે પોતાની ખાતર એક પાઈ પણ ખરચતા નથી, પરોપકાર અર્થે જેટલો ખરચ થાય તેટલુંજ તેમનું ખર્ચ ગણાય છે. સેવા-સેવા ને સેવા એજ તેમના જીવનનું મહાવ્રત છે, એમ કોઈ પણ જોનારને લાગ્યા વિના રહેતું નથી. પ્રત્યેક ભૂતમાં પોતાના આત્મા જેવી ભાવના રાખી અભિન્નજ્ઞાનપૂર્વક જગતની સેવા કરવામાંજ રાત્રિ-દિવસ તેઓ લાગ્યા રહે છે. સેવા કરતી વખતે તેમને પોતાના શરીરનું પણ ભાન રહેતું નથી. કેટલીક વખત તો એવી સખત સેવાઓ કરે છે કે તેમને પોતાને શરીર હશે કે નહિ ? એવો મને સંદેહ થઈ આવે છે. આપ જેને જ્ઞાનાતીત અવસ્થા કહો છો તે અવસ્થામાંજ તેઓ સર્વદા રહેતા હોય એમ મને લાગે છે.

સ્વામીજીઃ—ખરેખર એમજ છે. ગુરૂદેવનો તેમના પ્રત્યે કેટલો બધો પ્રેમ હતો ! આપણા ગુરૂદેવનાજ એક સોબતી તારા બંગાળ દેશમાં અવતર્યા છે; અને એમના અવતરણથીજ પૂર્વ બંગાળ આજે પ્રકાશમય બન્યો છે !

प्रसंग १६ मो.

(સ્થળ—બેલુડ—ભાડાવાળું મકાન. ઈ. સ. ૧૮૯૮ નવેમ્બર માસ.)

સ્વામીજી આજે એ ત્રણ દિવસ થયાં કાશ્મીરથી પાછા ફર્યા છે. શરીર જેવું જોઇએ તેવું સારૂં નથી. શિષ્ય જેવો મઠમાં પ્રવેશ કર્યો કે તરતજ બ્રહ્માનંદ સ્વામીએ જણાવ્યું કેઃ "કાશ્મીરથી પાછા આવ્યા પછી સ્વામીજી કોઇની સાથે દિલ દઇને વાત કરતા નથી, આખો દિવસ વિચારમાં ને ધ્યાનમાંજ બેસી રહે છે; માટે તમે સ્વામીજી પાસે જઇને વાતો કરો અને સ્વામીજીનું મન શાંત કરવાનો પ્રયત્ન કરો."

કાશ્મીરમાંના અમરનાથનાં દર્શનની અસર.

શિષ્યે ઉપર સ્વામીજીના દીવાનખાનામાં જઇને જોયું તો તે વખતે સ્વામીજી પૂર્વ તરફ મુખ રાખી, મુક્ત પદ્માસન વાળી ગંભીર ધ્યાનમાં શાંતભાવે બેઠા હતા. મુખ ઉપરનું પ્રથમનું હાસ્ય કે તેજસ્વી નયનોમાંની બાહ્યદ્રષ્ટિ, એ સર્વ શાંત હતું. જાણે અંતર્દષ્ટિ કરી કાંઇ શોધી રહ્યા હતા ! શિષ્યને જોયો એટલે સ્વામી-

જીએ કહ્યું:—“ આવ્યો, બાપુ! બેસ.” એથી આગળ કાંઇ બોલી શક્યા નહિ. તે વખતે સ્વામીજીના નેત્રનો અંદરનો ભાગ લાલચોળ જેવો જણાવાથી શિષ્યે પૂછ્યું કે:—“ આપની આંખમાં આટલીબધી લાલાશ કેમ આવી ગઇ?” સ્વામીજી:—માત્ર “ કાંઈ નથી,” એમ કહી પુનઃ સ્થિર થઈને બેસી રહ્યા. ઘણી વાર સુધી જ્યારે સ્વામીજી કાંઇ પણ બોલ્યા ચાલ્યા વિના જેમના તેમ બેસી રહ્યા ત્યારે શિષ્યે તેમના ચરણકમળનો સ્પર્શ કરીને કહ્યું:—“ પવિત્ર તીર્થસ્થાન અમરનાથમાં આપને જે કાંઇ અનુભવ થયો હોય તે જણાવવાની કૃપા કરશો?” ચરણસ્પર્શથી સ્વામીજી ચમક્યા અને જાણે ઉંઘમાંથી ઉઠતા હોય તેમ જાગૃત થયા. તેમણે કહ્યું કે:—“ અમરનાથનાં દર્શન કર્યાં છે ત્યારથી ચોવીસે ચોવીસ કલાક મારા મગજમાં શિવનું સ્મરણ રહ્યા કરે છે. ગમે તે પ્રકારે એ સ્મૃતિને ભૂંસી નાખવાનો પ્રયત્ન કરૂં છું, પણ તે નિષ્ફળ જાય છે.” શિષ્યથી કાંઇ જવાબ અપાય તેમ નહોતું તેથી તે મૌનભાવે બેસી રહ્યો.

સ્વામીજી:—“અમરનાથમાં જઇને ક્ષીરભવાનીના મંદિરમાં ખૂબ તપસ્યા કરી. જા જરા તંબાકુ ભરી લાવ.”

શિષ્યે પ્રફુલ્લચિત્તથી સ્વામીજીની આજ્ઞા માથે ચડાવી. તંબાકુ પી રહ્યા પછી સ્વામીજીએ કહ્યું:-“અમરનાથ જતી વખતે અનેક ખાડા-ટેકરા ચડવા પડયા હતા, તેથી શરીર થાકી ગયું છે. એક રસ્તો એવો છે કે જે રસ્તે થઇને માત્ર પહાડનાજ માણસો આવ જા કરે છે; અને કોઈ યાત્રી પણ જે રસ્તે થઇને જવાનું પસંદ કરતો નથી તેજ રસ્તે થઇને જવાનો મને વિચાર થયો અને ગયો પણ ખરો; પરંતુ શરીરને એટલો બધો શ્રમ પડયો કે હજી સુધી તે દૂર થઇ શક્યો નથી. ઠંડી પણ એવી હતી કે જો જરાક જેટલું અંગ ઉઘાડું રહી ગયું તો ચામડી ફાટી જાય.”

શિષ્ય:—મેં એમ સાંભળ્યું છે કે અમરનાથનાં દર્શન કરવા જતાં શરીર ઉપરનાં વસ્ત્રો કહાડી નાખવાં પડે છે, એ વાત ખરી છે?

સ્વામીજી:—હા-હા, હું પોતેજ એક માત્ર કૌપીન પહેરી તથા શરીરે ભસ્મ ચોળી ગુફામાં દાખલ થયો હતો. તે વખતે તો ટાઢ કે તડકા જેવું કાંઈ જણાયુંજ નહિ; પરંતુ મંદિરમાંથી જેવો બહાર આવ્યો કે તુરતજ શરદીથી જડ જેવો બની ગયો.

શિષ્ય:—ત્યાંનાં કબુતરો જોયાં? એમ કહેવાય છે કે ઠંડીને લીધે ત્યાં કોઇ પણ જઇ શકતું નથી; માત્ર ક્યાંઇથી થોડાં-ઘણાં સફેદ કબુતરો કોઇ કોઇ વખત આવી ચડે છે.

સ્વામીજી:—હા. ૩, ૪ સાદાં કબુતરો જોયાં હતાં. તેઓ ગુફામાં રહેતાં હશે

કે પાસેના પહાડોમાં રહેતાં હશે તે કાંઈ સમજાયું નહિ.

શિષ્ય:—મહાશય, લોકોમા એમ કહેવાય છે કે ગુફામાંથી નીકળતાં વારજ જો સફેદ કબુતરનાં દર્શન થાય તો સમજવું કે ખરેખર સાચા શિવનાં દર્શન થયાં.

સ્વામીજી:—મેં પણ સાંભળ્યું છે કે સફેદ કબુતરોનાં દર્શનથી ધારેલી ઇચ્છા પાર પડયા વિના રહેતી નથી.

ભવાનીના મંદિરમાં દેવવાણી–સ્વામીજીનો સંકલ્પ–ત્યાગ કરવાનો ઠરાવ.

ત્યારબાદ સ્વામીજીએ જણાવ્યું કે તેઓ જે પહાડી રસ્તે થઇને મંદિરમાં ગયા હતા, તેજ રસ્તે થઇને પુનઃ શ્રીનગરમાં પધાર્યા હતા. શ્રીનગરમાં આવ્યા પછી થોડાજ દિવસે તેઓ ક્ષીરભવાની દેવીનાં દર્શને ગયા હતા અને ત્યાં એક અઠવાડીયું રહીને રોજ કેવળ દૂધથીજ દેવીની પૂજા તથા યજ્ઞ વગેરે કર્યું હતું. પૂજામાં રોજ એક મણ દૂધ વપરાતું. એક દિવસે પૂજા કરતાં કરતાં સ્વામીજીના મનમાં નીચેના વિચારો સ્ફૂરી આવ્યા:–“ મા–ભવાની અહીં કેટલા બધા લાંબા કાળથી પ્રકાશી રહ્યાં છે! યવનોએ આવીને તેમના મંદિરનો ધ્વંસ કર્યો, છતાં અહીંના માણસોથી કશુંજ બની શકયું નહિ. અરેરે! જો હું અહીંયાં તે વખતે હાજર હોત તો શું ચૂપચાપ એ દેખાવ જોયા કરત? નહિ.” આવા વિચારો આવવાથી સ્વામીજીનું મન દુઃખ અને ક્ષોભથી બહુ ગમગીન બની ગયું. તેજ વખતે સ્વામીજીએ નીચેના શબ્દો સ્પષ્ટ રીતે સાંભળ્યા:—“ મારી પોતાની ઇચ્છાથીજ યવનોએ મારા મંદિરનો ધ્વંસ કર્યો છે. મારી મરજી જીર્ણ મંદિરમાંજ રહેવાની છે. સાત માળવાળી સોનાની હવેલીમાં રહેવાની ઇચ્છા હોત તો શું હું અહીં તેવી મહેલાતો ઉભી કરી શકું તેમ નથી? તારાથી શું બનવાનું હતું ? અમારે તારી રક્ષા કરવી જોઇએ કે તારે અમારી રક્ષા કરવી જોઇએ?” સ્વામીજીએ કહ્યું કે:–“ આ દેવવાણી જ્યારથી સાંભળી છે ત્યારથી કાંઇ કામ કરવાનોજ સંકલ્પ થતો નથી. મઠ ફઠ સ્થાપવાના વિચારો પણ માંડી વાળ્યા છે. માની ઇચ્છામાં આવશે તે પ્રમાણે થયા કરશે. શિષ્ય વિચાર કરવા લાગ્યો કે સ્વામીજીએ પોતેજ એક વખતે કહ્યું હતું કે:–“ બહાર જે કાંઈ જોવા કે સાંભળવામાં આવે તે સર્વ તારા પોતાના આત્માનો પ્રતિધ્વનિ માત્ર છે; બહાર વસ્તુતઃ કશું છે જ નહિ.” આથી શિષ્ય તેજ વખતે બોલી ઉઠયો કે:–“ મહાશય, આપેજ એક સમયે કહ્યું છે કે “ બધી દેવવાણી એ બીજું કશું નથી, પણ માત્ર આપણા અંતરની ભાવનાઓનો પ્રતિધ્વનિ છે.” સ્વામીજી કાંઇક ગંભીર થયા અને જવાબ આપ્યો કે:–“ તે અંતરના શબ્દો હોય કે બહારના પ્રતિધ્વનિઓ હોય; ગમે તે હોય, પણ જો તું પોતે એકવાર એવી અદશ્ય અને અશરીર વાણી સાંભળવા પામે તો તેનું તું કેવી રીતે વર્ણન કરી શકે? વસ્તુતઃ દેવવાણી સંભળાય છે. જાણે આપણે

પોતે કોઇની સાથે વાર્તાલાપ કરતા હોઇએ, તેવો ક્ષણવાર ભાસ થઇ આવે છે.”

શિષ્યે તેની સામે કાંઇ વાંધો લીધો નહિ. સ્વામીજીનાં વાક્યો ઉપર વિશ્વાસ રાખી મુંગે મોંઢે બેસી રહ્યો. તેમના શબ્દોમાં કોઈ એક એવી અદ્‌ભુત શક્તિ હતી કે સાંભળનારને તે વાત સ્વીકાર્યા વિના ચાલેજ નહિ. તેની સામે ગમે તેટલી યુક્તિઓ કે તર્કો લાવવામાં આવે તોપણ તેની કશી અસરજ થાય નહિ.

પ્રેતયોનિનું અસ્તિત્વ—પ્રેતદર્શનની વાસના દૂર કરવી જોઇએ.

શિષ્યે હવે પ્રેતાત્માઓનો પ્રસંગ કહાડયો અને કહ્યું કે:—“ આ ભૂત-પ્રેત વગેરેની વાતો જગતમાં વિવિધ પ્રકારે ચાલે છે; અને શાસ્ત્રોમાં પણ જેનું અત્યંત સમર્થન કરવામાં આવ્યું છે, તે શું ખરેખર સત્ય હશે ?”

સ્વામીજી:——સત્ય ન હોય એમ બને નહિ. તું જે કાંઇ દેખી ન શકે એ વસ્તુજ જગતમાં નથી એમ તારાથી શા આધારે કહેવાય? તારી દ્રષ્ટિ પણ જ્યાં ન પહોંચી શકે એવાં અસંખ્ય બ્રહ્માંડો દૂર દૂર ઘુમી રહ્યાં છે! તું નથી જોઇ શકતો એટલે તેનું અસ્તિત્વજ નથી, એમ કેવી રીતે કહી શકાય? છતાં આટલું તો ચોક્કસ છે કે ભૂત-પ્રેતની વાતોમાં બહુ લક્ષ આપવાની જરૂર નથી. આ શરીરમાં જે આત્મા પ્રકાશી રહ્યો છે તેને ગમે તે પ્રકારે પ્રત્યક્ષ કરવો, એજ તારૂં મુખ્ય કર્તવ્ય છે. તારો આત્મા તને પ્રત્યક્ષ થશે એટલે ભૂત-પ્રેત વગેરે તારા દાસાનુદાસ બની જશે.

શિષ્ય:—પણ મહાશય, જો એવાં ભૂત વગેરેનાં દર્શન થાય તો પુનર્જન્માદિની શ્રદ્ધા એવી દૃઢ થાય કે પછી તે સંબંધે કોઇ કાળે શંકાજ ઉદ્‌ભવવા પામે નહિ.

સ્વામીજી:—તમે પોતેજ મહાવીર છો, છતાં શું ભૂત-પ્રેતને જોયા પછીજ પરલોકનો નિર્ણય કરવાનું હજી બાકી રાખ્યું છે? આટલાં શાસ્ત્રો વાંચ્યાં, આટલું વિજ્ઞાન જાણ્યું, આ વિશાળ જગતનાં અસંખ્ય ગૂઢતત્ત્વો જાણ્યાં; છતાં પરલોક, પુનર્જન્મ અને આત્મજ્ઞાન માટે ભૂત-પ્રેત જોવાની જરૂર રહી ગઇ છે!! ધિક્કાર છે તારા ભણતરને!

શિષ્ય:—ખેર મહાશય! આપે પોતે કોઇ દિવસ ભૂત-પ્રેતનાં દર્શન કર્યાં છે?

એક પ્રેતાત્માનો સંકલ્પદ્વારા ઉદ્ધાર.

સ્વામીજીએ આ પ્રશ્નના ઉત્તરમાં નીચેના ભાવાર્થનું જણાવ્યું:—કોઈ કોઇ વખત સ્વામીજીના સંસારી સંબંધવાળી એક વ્યક્તિ ભૂતરૂપે તેમને પ્રત્યક્ષ થતી. ઘણી વખત દૂર દેશાવરોના સમાચાર પણ આ ભૂત તરફથી સ્વામીજીને પહોંચાડવામાં આવતા. સ્વામીજીએ પરીક્ષા કરી જોઇ તો જણાયું કે તેમાંના કેટલાક સમાચાર સાચા તો કેટલાક ખોટા પણ હતા. પછી એક સમયે એક તીર્થમાં જવાનું થયું, તે વખતે સ્વામીજીએ તે ભૂતની મુક્તિ માટે પ્રાર્થના કરી અને ત્યારથી તે ભૂત દેખાતું બંધ થયું.

શ્રાદ્ધાદિથી પ્રેતાત્માઓની તૃપ્તિ થતી હશે કે નહિ, તે સંબંધે શિષ્યે જિજ્ઞાસા કરી, એટલે સ્વામીજીએ કહ્યું કેઃ–"તેમાં અસંભવિત જેવું કશું નથી." શિષ્યે તે સંબંધે યુક્તિ તથા પ્રમાણો આપવાની વિનંતિ કરી ત્યારે સ્વામીજીએ કહ્યું કેઃ–"એક દિવસ હું તને એ વિષય ખૂબ વિસ્તારથી અને તું સમજી શકે એવી રીતે કહી સંભળાવીશ. શ્રાદ્ધાદિથી પ્રેતાત્માઓ તૃપ્ત થાય છે તે વિષે મારી પાસે એવાં સબળ પ્રમાણો અને એવી સુંદર યુક્તિઓ છે કે તેની સામે કોઇનાથી વાંધો લઇ શકાયજ નહિ. આજે મને બરાબર ઠીક નથી, માટે એ વિષયને કોઈ બીજા પ્રસંગ માટે રહેવા દે." પરંતુ શિષ્યને એ વિષે બીજીવાર પ્રશ્ન કરવાનો અવસરજ મળ્યો નહિ, તેથી એ વિષયની ચર્ચા સ્વામીજી પાસે થઇ શકી નહિ.

प्रसंग १७ मो.

(સ્થાન--બેલુડ- ભાડાવાળું મકાન. ઈ. સ. ૧૮૯૮ નવેંબર માસ.)

સ્વામીજીની સંસ્કૃત રચના.

માગશર માસ પૂરો થવા આવ્યો હતો. સ્વામીજી બેલુડ ખાતે નીલાંબર બાબુવાળા બગીચામાંજ રહેતા હતા. એ વખતે સ્વામીજીને સંસ્કૃતશાસ્ત્રોના વાંચનનો બહુ શોખ હતો; તેથી ઘણો ખરો સમય સંસ્કૃત વાંચન–લેખનમાંજ ગાળતા. "**आचण्डाला प्रतिहतरय: ।**" વગેરે શ્લોકો, જે વીરવાણી નામના પુસ્તકમાં પ્રકટ થયા છે તે આ વખતેજ રચાયા હતા. આજે સ્વામીજીએ "**ॐ ह्रीं ऋतम्**" ઇત્યાદિ સ્તોત્રની રચના કરી હતી. શિષ્યના હાથમાં તે સ્તોત્ર મૂકતાં સ્વામીજીએ કહ્યું:—"એક વખત બરાબર વાંચી જજે અને તેમાં છંદોભંગનો ક્યાંઈ દોષ રહી ગયો હોય તો મને જણાવજે."*

સ્વામીજીએ ઉક્ત સ્તોત્રની રચના કરી તે દિવસે જાણે સાક્ષાત્ સરસ્વતીદેવી સ્વામીજીની જીવ્હા ઉપર આવીને વિરાજ્યાં હોય તેમ સ્પષ્ટ દેખાઈ આવતું હતું! તે દિવસે સ્વામીજીએ શિષ્યની સાથે લગભગ બે કલાક સુધી સુસ્ખલિત સંસ્કૃત

---

* આ સ્તોત્રની કૉપી કરી લીધા પછી ચાર--પાંચ દિવસે સ્વામીજીએ શિષ્યને પૂછ્યું હતું કેઃ–"સ્તોત્રમાં ક્યાંઈ દોષ રહી ગયો છે?" તેના ઉત્તરમાં શિષ્યે જણાવ્યું કેઃ–"મને હજી બરાબર ધ્યાનપૂર્વક વાંચવાનો પ્રસંગ મળ્યો નથી." ત્યારપછી જે મૂળ કૉપી મઠમાં હતી તે ક્યાંઇક ગૂમ થઈ ગઈ. શિષ્યની પાસે કૉપી હતી તે પણ તુરતમાં હાથ આવી શકી નહિ. સ્વામીજીના દેહાવસાન પછી ચાર વર્ષે શિષ્યની કૉપી અચાનક હાથ આવી, અને તેજ વખતે તે સ્તોત્ર ઉદ્‌બોધનમાં છપાવી દીધું. આવી રીતે આ સ્તોત્ર નાશ પામવાની અણી ઉપરથી બચી ગયું.

ભાષામાં છૂટથી વાર્તાલાપ કર્યો હતો. શિષ્યે હજી સુધી એવો સુંદર વાક્યવિન્યાસ કે એવી સુંદર શબ્દરચના કોઇ મહાન પંડિતના મુખેથી પણ સાંભળી નથી.

અસ્તુ. શિષ્યે સ્તોત્રની નકલ કરી લીધી એટલે સ્વામીજીએ કહ્યું:–"જોજે, મેં તો વિચારના પ્રવાહમાં જેમ આવે તેમ લખી નાખ્યું છે. વ્યાકરણની અશુદ્ધિ ક્યાંઇ રહી હોય તો તે બનવાજોગ છે; માટે એકવાર સુધારીને મને બતાવી દેજે."

શિષ્ય:—મહાશય, એનું નામ અશુદ્ધિ ન કહેવાય, પણ આર્ષપ્રયોગ કહેવાય.

વર્તમાન ભાષાનો એક દોષ–બહુ ક્રિયાપદોથી જણાતી નિર્બળતા.

સ્વામીજી:—કદાચ તું એમ માને, પણ લોકોને એ વાતની કેવી રીતે ખાત્રી થાય ? જો ને તે દિવસે મેં બંગાળી ભાષામાં "હિન્દુધર્મ એટલે શું ?" એ વિષે એક લેખ લખ્યો હતો, તે વખતે તારા જેવા અનેકોએ કહ્યું હતું કે આ ભાષા સાધારણ ભાષાથી છેક જૂદીજ પડી જાય છે. મને તો એમ લાગે છે કે જેમ બીજી વસ્તુઓના સંબંધમાં બને છે તેમ ભાષા અને ભાવના સંબંધમાં પણ બને છે; અને તે એજ કે વખતના વહેવા સાથે સર્વ વસ્તુઓ એક નવુંજ રૂપ ધારણ કરે છે. ગુરૂદેવના આગમનની સાથે આપણી ભાષામાં તથા આપણા ભાવોમાં એક નવા પ્રકારનો પ્રવાહ વહી આવ્યો છે. હવે એ બધાને નવું રૂપ આપવાની જરૂર છે. દરેક વિષયને નૂતન પ્રતિભાની–નવા યુગની ભાવનાની છાપ મારી જનસમાજ પાસે રજુ કરવો જોઇએ. એકજ દૃષ્ટાંત બસ થશે કે જૂના કાળના સંન્યાસીઓની ચાલ–ચલનમાં અને અત્યારના સંન્યાસીઓની ચાલ–ચલનમાં કેટલો બધો ફેરફાર થઇ ગયો છે ? આ નવું રૂપાંતર થયું ત્યારે સમાજ તરફથી પણ અનેક હુમલાઓ આવ્યા હતા. પણ એ હુમલાઓ અને વાંધાઓથી શું થયું ? અમે પણ એવા વાંધાઓથી શું ડરી ગયા ? નહિજ. **અત્યારે સંન્યાસીઓને દૂરદૂરના દેશોમાં જઈ ધર્મપ્રચાર કરવાની જરૂર** છે. આવા સમયે જો એક માત્ર કૌપીન પહેરીને અને શરીરે ભસ્મ ચોળીને કોઇ બહાર જવા ધારે તો પ્રથમ સ્ટીમર ઉપરજ તેને ચડવા દે નહિ. છતાં ધારો કે ગમે તે પ્રકારે સ્ટીમરમાં બેસી જાય તો બીજા દેશમાં ઉતર્યા પછી સીધું કેદમાંજ જવું પડે. દેશને સુધારવાને તથા સમયોપયોગી બનાવવાને દરેક વિષયમાં થોડો ઘણો ફેરફાર કરવોજ જોઇએ. હવે તો બંગાળી ભાષામાં કોઇ લેખજ બનતાં સુધી ન લખવો એવી ધારણા કરી રાખી છે. મારી આ વાત સાહિત્યસેવીઓના જાણવામાં આવશે એટલે તેઓ મારા ઉપર અવશ્ય આક્ષેપ કરશે; પરંતુ હું બંગાળી ભાષાને નવા સંસ્કારોથી નવું રૂપ આપવાનો દરેક પ્રયત્ન કરીશ. અત્યારના બંગાળી લેખકો ક્રિયાપદોનો બહુ ઉપયોગ કરે છે, તેથી ભાષામાં બળ આવી શકતું નથી. વિશેષણદ્વારા જો ક્રિયાપદોનો ભાવ સ્પષ્ટ થઇ શકતો હોય

તો ભાષા બહુ બળવાન થાય એમ મને લાગે છે. તું એકવાર એવી રીતે લખવાનો પ્રયત્ન કરી જોજે. "ઉદ્‌બોધન" માં એવા રૂપના લેખો આવે એવો પણ પ્રયત્ન કરજે. ભાષામાં ક્રિયાપદોનો વ્યવહાર કરવામાં આવે છે તેનો ખરો અર્થ તું જાણે છે? ક્રિયાપદ એટલે ભાવનાઓના પ્રવાહનો વિરામ. એટલામાટે જે ભાષામાં બહુ ક્રિયાપદો આવે, તે જેમ એક થાકેલો માણસ ઉપરા ઉપરી નિઃશ્વાસ મૂકતો હોય તેના જેવી દુર્બળ ગણાય. બહુ ક્રિયાપદોનો વ્યવહાર એ પણ એક દુર્બળતાનું ચિહ્ન છે. આવી દુર્બળતાથી ભાષા દમવગરની લાગે છે. બંગાળી ભાષામાં ભાષણ આપવામાં મજા નથી આવતી તેનું કારણ પણ એજ છે. ભાષા ઉપર જે મનુષ્ય કાબુ ધરાવતો હશે તે જલદી જલદી ક્રિયાપદો મૂકી ભાવ-પ્રવાહ અટકાવી દેવાનું કદાપિ પસંદ કરશે નહિ. દાળ-ભાત ખાવાથી જેમ તમારૂં શરીર ઢીલું બની ગયું છે, તેવીરીતે તમારી ભાષા પણ ઢીલી-ઢચ બની ગઈ છે. ભાષામાં તેજસ્વિતા આવે એવું ખાન-પાન તથા ચાલ-ચલન રાખી ચોતરફ પ્રાણ-શક્તિ અને બળનો પ્રવાહ ધોધબંધ વહેવા લાગે તેવા પ્રયત્નો કરો. પ્રત્યેક નસમાં, પ્રત્યેક ધમનીમાં અને પ્રત્યેક શિરામાં એવું લોહી વહેવા દ્યો કે સર્વત્ર ચૈતન્ય સ્ફુરવા લાગે! જો તમારાથી એટલું થઈ શકશે તોજ અત્યારના ભયંકર જીવનસંગ્રામ વચ્ચે તમારો દેશ ટકી શકશે. નહિ તો થોડાજ વખતમાં મૃત્યુની છાયા આવીને તમારા દેશને તથા તમારી જાતિને ગળી જશે અને ઘોર અંધકારમાં ઢાંકી દેશે.

શિષ્યઃ—મહાશય, ઘણા લાંબા કાળથી જે બંધારણ દૃઢ થઈ ગયું છે તેમાં એકાએક ફેરફાર થઇ શકે, એમ આપ ધારો છો?

સ્વામીજીઃ—પુરાણા રીત રીવાજોમાંથી જે જે અયોગ્ય હોય તેને તજી દેવાનો તું પોતેજ એકવાર પ્રયત્ન કરી જો; એટલે તારી દેખાદેખીથી બીજા દશ માણસો તારે પગલે ચાલવા લાગશે અને એ દશ માણસોને જોઇ બીજાં પચાસ માણસો એ પ્રમાણે વર્તવા માંડશે. આવીરીતે વખત જતાં આખા દેશમાં નવો ફેરફાર પોતાની મેળે દાખલ થઇ જશે. **તું જેને ખરાબ સમજતો હોય તેને ત્યજી દેવાનું અને જે સારૂં લાગતું હોય તેને ગ્રહણ કરવાનું સાહસ નહિ કરે, તો તને માત્ર વાતોમાંજ પંડિત અને વ્યવહારમાં તો મૂર્ખજ સમજીશ.**

યથાર્થ "મનુષ્યો" તૈયાર કરવા એજ ભાષણોનો હેતુ છે.

શિષ્યઃ—"આપની વાતો સાંભળવાથી હૃદયમાં ન હોય ત્યાંથી ઉત્સાહ, બળ, તેજ અને સાહસ આવી જાય છે."

સ્વામીજીઃ—હૃદયને બળવાન બનાવવાની જરૂર છે. જેને "મનુષ્ય" કહી

શકાય એવો એકપણ યથાર્થ મનુષ્ય તૈયાર થાય તો સમજવું કે લાખો ભાષણો આપ્યાં તે નિરર્થક નથી ગયાં. મન અને વાણીને એક કરી ભાવનાઓને જીવનમાં પરિણામ પમાડો. ગુરૂદેવ કહેતા કે; “ વર્તનના રાજ્યમાં ચોરી ચાલતી નથી.” તેવીજ રીતે ક્રિયાદ્વારા ભાવનાઓ અથવા વિચારોને પ્રસાર કરો ત્યારેજ કાંઇક કામ કર્યું ગણાય. જાતે ન આચરતાં માત્ર બીજાને ઉપદેશ આપવાના વિચારોએ અને મતોએજ દેશનું સર્વનાશ કરી નાખ્યું છે! ગુરૂદેવનાં સાચાં સંતાનોનું એજ કર્તવ્ય છે કે ધર્મભાવનાઓને આચારમાં મૂકવી અને લોકો કે સમાજોની નિંદા તરફ દ્રષ્ટિ સુદ્ધાં ન કરતાં વિશુદ્ધ મનથી કામજ કર્યાં કરવું. તુલસીદાસનો પેલો દુહો સાંભળ્યો છે ને?

હાથી ચલા બજારમેં, કૂત્તા ભસે હજાર;
સાધૂકો પરવા ન્હીં, જબ નિંદે સંસાર.*

બસ એજ પ્રમાણે કામ કરો. લોકોના બોલવા સામું જોઇએ તો જીંદગીમાં કાંઇ કામજ બની શકે નહિ. “ **नायमात्मा बलहीनेन लभ्यः।**” અર્થાત શરીરમાં અને મનમાં બળ ન હોય ત્યાં સુધી આત્મપ્રાપ્તિ થઇ શકતી નથી. પહેલાં તો પુષ્ટિ આપે એવા નિર્મળ–ઉત્તમ આહારથી શરીરને બળવાન બનાવો; તેથી મન પણ મજબૂત થશે, કેમકે મન પણ શરીરનોજ સૂક્ષ્મ અંશ છે. મન અને વાણીમાં બની શકે તેટલું બળ લાવો. “ હું હીન છું-મારામાં કાંઇ નથી,” એવા એવા વિચારોથી હાથે કરીને મનુષ્ય પામર જેવો બની જાય છે. શાસ્ત્રકારને એટલાજ માટે કહેવું પડયું છે કેઃ—

मुक्ताभिमानी मुक्तो हि बद्धो बद्धाभिमान्यपि ।
किंवदन्तीति सत्येयं या मतिः सा गतिर्भवेत् ॥

અર્થાત્—જે મનુષ્ય નિરંતર “ હું મુક્ત છું” એવી ભાવના રાખે તે મુક્તજ છે; અને “ હું બંધાએલો છું” એવી ભાવના રાખે તે બંધ દશામાંજ રહે છે. ઐહિક તેમજ પારમાર્થિક એ ઉભય પક્ષે આ વાત સત્ય છે. આ જીવનમાં જેઓ સર્વદા નિરાશ ચિત્તથી ફર્યા કરે છે તેમનાથી એક તૃણના પણ બે કકડા થઇ શકતા નથી. એવા મનુષ્યો પ્રત્યેક ભવે જન્મ લઇ હાયવોય કરતા

---

*આ મતલબના બીજા બે દુહા સ્મૃતિમાં આવતાં અત્ર અપાય છે.

નારાયણ તું કાર્ય કર, કહા કરેંગે કૂર,
સ્તુતિ નિંદા જગતકી, દોનોંકે સિર ધૂર.
દુષ્ટ બચન શરતેં બુરે, ભલે શત્રુકે બાન;
તુલસી જો નર સહત હે, તાસમ સાધ ન આન.

કૂર એટલે કૂડા–ખરાબ માણસો. મંત્રી

મરી જાય છે! **वीरभोग्या वसुन्धरा।** વસુંધરા (પૃથ્વી) નો ભોગ તો વીરપુરુષોથીજ થઇ શકે એ વાત તદ્દન ખરી છે. **બસ, વીર બનો, વીરહાક મારો અને બોલો કે अभीः अभीः–હું નિર્ભય છું હું નિડર છું;** તેની સાથે જગતને પણ જણાવો કે **माभैः माभैः**–ભય ન રાખો, ભય ન રાખો. ભય એજ મૃત્યુ, ભય એજ પાપ, ભય એજ નરક, ભય એજ અધર્મ અને ભય એજ વ્યભિચાર છે. જગતમાં જેટલા જેટલા અસત્ યા મિથ્યાભાવો છે તે બધા આ ભયરૂપ સેતાનમાંથીજ જન્મ્યા છે. ભયને લઇનેજ સૂર્યનું સૂર્યત્વ, ભયને લઇનેજ વાયુનું વાયુત્વ અને ભયને લઇનેજ યમનું યમત્વ યથાસ્થાને સચવાઇ રહ્યું છે. ભયને લઇનેજ એક પગલું પણ આગળ પાછળ કોઇથી ભરાતું નથી. એટલાજ માટે શ્રુતિ કહે છે કે–" **भयादस्याग्निस्तपति भयात् तपति सूर्यः, भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पंचमः॥** " ઇન્દ્ર, ચન્દ્ર, વાયુ અને વરૂણ વગેરે જેવા ભયરહિત થયા કે તુરતજ બ્રહ્મમાં મળી જવાના; સૃષ્ટિરૂપ અધ્યાસનો તેજ ક્ષણે લય થઇ જવાનો. એટલાજ માટે કહું છું કે–" ૐ ૐ "

એટલું કહેતાં કહેતાંમાં તો સ્વામીજીનાં કમળસમાન નેત્રો લાલચોળ થઈ ગયાં. જાણે " **अभीः** " નું સાક્ષાત્ મૂર્તિમાન્ સ્વરૂપજ સ્વામીજીના રૂપમાં શિષ્યની સમક્ષ આવીને ઉભું રહ્યું હોય ને! આ રીતની અભયમૂર્તિનું દર્શન કરી શિષ્ય વિચારવા લાગ્યો કે: " આવા મહાપુરૂષોની સમક્ષ બેસતાં અને વાતો કરતાં મૃત્યુનો ભય કોણ જાણે કયાં પલાયન કરી જાય છે તે સમજાતુંજ નથી. આશ્ચર્ય જેવું છે કે સ્વામીજીની પાસે મૃત્યુનો ભયજ રહેતો નથી. "

ભાવનાઓને કેળવો.

ફરીથી સ્વામીજી બોલવા લાગ્યા:––" આ દેહ ધારણ કર્યા પછી અસંખ્ય પ્રકારનાં સુખ–દુઃખો અસંખ્ય પ્રકારની આપદાઓ અને અસંખ્ય પ્રકારની સંપદાઓની છોળો સહન કરતે કરતે સંસારસાગરમાંથી પસાર થવું પડે છે. છતાં એટલું ચોક્કસ સ્મરણમાં રાખજે કે એ બધું ક્ષણિક છે, એક મુહૂર્ત્ત પછી તેનું નામ–નિશાન પણ રહેતું નથી. કોઇ પણ પ્રસંગને ચિત્તમાં સ્થાન આપી હર્ષ–શોકથી રંગાઇશ નહિ. " હું અજર છું, હું અમર છું, હું ચિદાનંદમય આત્મસ્વરૂપ છું " એજ ભાવ દઢ રીતે હૃદયમાં ધારણ કરી જીવન વીતાવવું. " મારો જન્મ નથી, મારૂં મૃત્યુ નથી, હું નિર્લેપ આત્મા છું; " એજ ભાવના નિરંતર સેવ્યા કરવી અને તેમાંજ તલ્લીન રહેવું. એકવાર એવી ભાવનામાં મનને તલ્લીન કરી શકીશ તોપછી દુઃખ અને કષ્ટના સમયમાં પોતાની મેળેજ ઉપરોક્ત ભાવનાઓ જાગૃત થઇ જશે. અત્યારે જેમ પરિશ્રમ અને પ્રયત્નપૂર્વક એવી ભાવના કરવી પડે છે તેમ પાછળથી નહિ બને. પછી તો એ સ્વાભાવિકજ થઈ જશે.

હું તે દિવસે હવાફેર કરવા વૈદ્યનાથ દેવધરે ગયો હતો તે પ્રસંગ યાદ છે કે? તે વખતે મને એવો શ્વાસ ચડયો હતો કે પ્રાણ રહેશે કે નહિ તેની પણ શંકા હતી; પરંતુ શ્વાસોચ્છ્વાસની સાથેજ અંતરમાંથી ગંભીર ધ્વનિ નીકળવા લાગ્યો કેઃ–“ **सोहं–सोहं ।** ” બીછાના ઉપર તકીયાનો આધાર રાખીને બેઠો હતો ત્યારે મને જણાયું કે પ્રાણવાયુ બહાર નીકળવાનો પ્રયત્ન કરતો હતો તે વખતે **सोहं–सोहं**ના ધ્વનિ સિવાય બીજો કોઇ અવાજજ અંતરમાંથી નીકળતો નહિ. **सोहं**ના ઉદ્‌ગારો સાથે “ **एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ।** ” એ ઉદ્‌ગારોનો પણ સ્વાભાવિક રીતેજ સાક્ષાત્કાર થતો.”

શિષ્ય મોટા આશ્ચર્યમાં પડયો અને કહ્યું કેઃ–મહાશય, આપની સાથે જ્યારે પણ વાર્તાલાપ કરૂં છું અને આપના અંગત અનુભવો સાંભળું છું ત્યારે મને એમજ થાય છે કે શાસ્ત્રના અધ્યયનની કશી જરૂરજ નથી.

શાસ્ત્રીયજ્ઞાન પ્રત્યે સ્વામીજીની લાગણી–એક અનુભવ.

સ્વામીજીઃ—નહિ રે! શાસ્ત્રનું અધ્યયન–વાંચન તો જોઇએજ. જ્ઞાનપ્રાપ્તિની ખાતર શાસ્ત્રનું વાંચન ખાસ જરૂરનું છે. હું આ મઠમાંજ એક વર્ગ ખોલવા માગું છું અને તેમાં વેદ, ઉપનિષદ્, ગીતા, ભાગવત તથા અષ્ટાધ્યાયીનું પણ શિક્ષણ મળી શકે એવી યોજના કરવાના વિચારમાં છું.

શિષ્યઃ—આપે પાણિનીનું અષ્ટાધ્યાયી વાંચ્યું છે?

સ્વામીજીઃ—હું જ્યારે જયપુરમાં હતો ત્યારે એક મહા વૈયાકરણી સાથે મુલાકાત થઇ હતી. તેની પાસે વ્યાકરણનો અભ્યાસ કરવાની મને ઇચ્છા થઇ. પેલો પંડિત વ્યાકરણમાં ઘણોજ કુશળ હતો, છતાં તેની ભણાવવાની શક્તિ જેવી જોઇએ તેવી સારી નહોતી. મને તેણે પ્રથમ સૂત્રનું ભાષ્ય ત્રણ દિવસ સુધી સમજાવ્યું; પરતુ તેનો જરાયે અંશ મારી ધારણામાં રહી શકયો નહિ. ચોથે દિવસે અધ્યાપક પંડિતે ગુસ્સે થઇને મને જણાવ્યું કેઃ–“ સ્વામીજી! ત્રણ દિવસથી માથું કુટું છું, પણ હજી પ્રથમ સૂત્રનો મર્મ સમજી શક્યા નહિ. હવે મારૂં ભણાવવું આપને માટે નિષ્ફળ છે.” પંડિતજીનો આ ઠપકો સાંભળી મને મારા પોતાના ઉપર સખત તિરસ્કાર છુટયો. ખાવું–પીવું–સૂવું સર્વ ત્યજી દઇને તેજ દિવસે હું પોતે એકલોજ પ્રથમ સૂત્રનું ભાષ્ય વાંચવા બેસી ગયો. ત્રણ કલાક બરાબર મહેનત કરી એટલે પહેલા સૂત્રનો આશય મગજમાં દ્દઢ થઈ ગયો; એટલુંજ નહિ પણ સ્વપ્નમાં પણ કોઈ પૂછે તો તેને જવાબ આપવા જેટલી શક્તિ આવી ગઇ. ત્યારપછી હું પેલા પંડિતજી પાસે ગયો અને વાત વાતમાં પ્રથમ સૂત્રની વ્યાખ્યા કહી સંભળાવી. પંડિતજી બહુ આશ્ચર્ય પામ્યા અને કહ્યું કેઃ–“ હું ત્રણ દિવસમાં જે કોઇ તમને સમજાવી શકયો નહિ, તેના કરતાં

પણ અતિ અદ્‌ભુત વ્યાખ્યા ત્રણ કલાકમાં તમે કેવીરીતે તૈયાર કરી શકયા ?” ત્યાર બાદ તો સમુદ્રમાં જેમ ભરતી આવે તેવીરીતે રોજ રોજ અધ્યાયોના અધ્યાયોનો પાઠ કરવા લાગ્યો. મનની એકાગ્રતા હોય તો શું નથી થઇ શકતું ? સુમેરૂ પર્વતના રાઇ રાઇ જેટલા કટકા થઇ જાય, તોપછી આમાં શું મોટી વાત છે ? હા, મનની એકાગ્રતા થવી જોઇએ.

અદ્‌ભુત જેવી કોઇ વસ્તુ નથી–લોકોનું અજ્ઞાન દૂર કરો.

શિષ્યઃ—આપની દરેક વાત અદ્‌ભુત જેવી લાગે છે.

સ્વામીજીઃ—“ **અદ્‌ભુત** ” એવી કોઇ વસ્તુજ નથી. અજ્ઞાનના અંધકારમાં જે વસ્તુ ઢંકાઇ જાય છે તે અદ્‌ભુત જેવી જણાય છે એટલુંજ. જ્ઞાનનો પ્રકાશ જયારે ઝળહળે છે ત્યારે એ અદ્‌ભુત બદ્‌ભુત જેવું કાંઇજ રહેતું નથી. માયા, કે જે અઘટિત ઘટના પટીયસી, ન બની શકે તેવું પણ ઉપજાવવાની શક્તિવાળી કહેવાય છે તે પણ જ્ઞાનપ્રકાશ આગળ સંતાઇ જાય છે ! જે એકને જાણવાથી સર્વ વસ્તુઓનું જ્ઞાન થાય, એવો તો એક આત્માજ છે. તેને જાણવાનો પ્રયત્ન કરો, તેનાજ વિચારો કર્યા કરો. **જેવો તે આત્મા પ્રત્યક્ષ થયો કે તુરતજ શાસ્ત્રના અર્થો હાથમાંના આમળાની માફક સ્પષ્ટ થઇ જશે.** પુરાતન-કાળના ઋષિઓને આત્માનો સાક્ષાત્કાર થયો હતો તો શું આપણને તે નહિ થાય ? આપણે શું મનુષ્યો નથી ? એક વખત એક મનુષ્યના જીવનમાં જે કાંઈ બન્યું છે, તે પ્રયત્ન કરવાથી અન્યના જીવનમાં પણ બનવું સંભવિત છે. અલબત્ત, પ્રયત્ન કરવો જોઇએ. જે એકવાર બન્યું છે તેજ અવાર–નવાર બન્યા કરે છે. આત્મા સર્વ પ્રાણીમાત્રમાં એકસમાન છે. કોઇ પ્રાણીમાં તેનો અધિક વિકાસ થએલો હોય છે તો કોઇનામાં અલ્પ વિકાસ થયો હોય છે. **બીજા બધા પ્રયત્નોને એક બાજુએ રહેવા દઈ આત્માનો વિકાસ થઇ શકે એવો પ્રયત્ન કર.** આત્માના વિકાસની સાથે બુદ્ધિ પણ દરેક વિષયમાં પ્રવેશ કરવા લાગશે. **જેઓને આત્માનું જ્ઞાન નથી તેઓની બુદ્ધિ એકદેશીય હોય** છે; જયારે આત્મજ્ઞાનીની બુદ્ધિ સર્વદેશીય, સર્વગ્રાસિની, પ્રત્યેક વિષયમાં પ્રવેશ કરી શકે તેવી તીવ્ર હોય છે. આત્મપ્રકાશ થશે એટલે તને જણાશે કે દર્શન-વિજ્ઞાન આદિ શાસ્ત્રો તારે આધીનજ છે. માટે સર્વ પહેલું તમારૂં કર્તવ્ય એ જ **છે કે ઉઠો અને સિંહ સમાન ગર્જના કરી આત્માનો મહિમા જગતને જાહેર કરો. જીવોને અભયવાણી સંભળાવો અને ઉત્તેજો કે: “उत्तिष्ठत, जाग्रत, प्राप्य वरान् निबोधत ।”**

प्रसंग १८ मो.

(સ્થાન–બેલુડ–ભાડાવાળું મકાન—ઇ. સ. ૧૮૯૮)

શિષ્ય આજ બે દિવસ થયાં બેલુડ ખાતે નીલાંબરબાબુવાળા બાગમાં સ્વામીજી પાસેજ રહ્યો છે. સ્વામીજી પાસે કલકત્તાથી એટલાબધા યુવકો આવ–જા કરે છે કે મઠમાં આખો દિવસ જાણે ઉત્સવ હોય તેમજ લાગ્યા કરે છે. કેટલીયે ધર્મચર્ચા, કેટલાંયે સાધન–ભજન અને દીન–દુઃખીનાં દુઃખો ટાળવાના કેટલાયે ઉપાયો વિષે રોજ વિચારો થયા કરે છે. મહાદેવના ગણ જેવા સર્વ સંન્યાસીઓ પણ સ્વામીજી મહારાજની આજ્ઞામાં હમ્મેશાં તત્પર રહ્યા કરે છે. સ્વામી પ્રેમાનંદે ગુરૂસેવાનો ભાર પોતાને માથે લીધો છે. મઠમાં પૂજાની અને ભોજનની મોટા પાયા ઉપર તૈયારીઓ કરવી પડે છે. નવા આવનારાઓને માટે ખાન–પાનની સગવડ કરવામાં સર્વ કોઈ ઉત્સાહથી કામ કરવા લાગી ગયા છે.

આજે સ્વામીજીએ પોતાના સૂવાના ઓરડામાં રાત્રે રહેવાની શિષ્યને રજા આપી હતી. સ્વામીજીની સેવા કરવાનો પોતાને અધિકાર મળ્યો તેથી શિષ્ય બહુ પ્રસન્ન થયો. સાયંકાળનું ભોજન લીધા પછી સ્વામીજી સૂતા હતા અને શિષ્ય તેમની પાદસેવા કરતો હતો તે વખતે સ્વામીજીએ કહ્યું:—“ આવી સુંદર જગ્યા મૂકી દઇ તને કલકત્તે જવાનો વિચાર થાય છે ? અહીંયાં કેવી સુંદર પવિત્રતા છવાઇ છે ? ગંગાજીની હવા પણ કેવી સ્વચ્છ છે ? સાધુઓનો પણ કેવો અપૂર્વ સમાગમ છે ? આવું સ્થાન તને બીજે ક્યાં મળવાનું હતું ? ”

શિષ્યઃ—મહાશય, અનેક જન્મોની તપસ્યા ફળે ત્યારેજ આપના જેવા પુરૂષોનાં દર્શન તથા સહવાસ થાય. હવે હું પુનઃ માયાના મોહમાં ફસાઉં નહિ એવો કોઇક ઉપાય કરો. પ્રત્યક્ષ અનુભૂતિને માટે ઘણીવાર મન બહુ વ્યાકુળ થઇ જાય છે.

ધ્યાનકાળનો અનુભવ.

સ્વામીજીઃ—મને પણ ઘણીવાર એમ થયું છે. એક વેળા કાશીપુરના બગીચામાં ગુરૂદેવની પાસે ખૂબ વ્યાકુળભાવથી પ્રાર્થના કરી હતી. ત્યાર પછી સાંજે ધ્યાન કરવામાં એટલો બધો રસ આવ્યો કે શરીરનું પણ જરા સરખું ભાન રહ્યું નહિ ! ચંદ્ર, સૂર્ય, દેશ, કાળ, આકાશ એ બધું બાહ્ય જગત પણ ક્યાંયે જતું રહ્યું ! બુદ્ધિ ઇ૦ વૃત્તિઓનો પણ અભાવ થઇ ગયો હતો. આવો સમાધિનો અનુભવ થાય છે ત્યારે “ હું ” અને “ બ્રહ્મ ” એવો ભેદ રહેતો નથી–બધું એકજ થઇ જાય છે–જાણે મોટો સમુદ્ર–જ્યાં નજર કરો ત્યાં પાણી, પાણી ને

પાણીજ દેખાય; બીજું કાંઇજ મળે નહિ! ભાવ અને ભાષા પણ ગુમ થઇ જાય છે. **अवाङ्मनसगोचरम्** એમ જે કહ્યું છે તેનો અનુભવ પણ તેજ વખતે થાય છે. સાધક જ્યારે એમ ભાવના કરે છે અને વિચારે છે કે; "હું બ્રહ્મ" છું ત્યારે "હું" અને "બ્રહ્મ" એ બે પદાર્થો પૃથક્ પૃથક્ હોય એમ લાગે છે, અને દ્વૈતભાવ રહી ગયો હોય તેમ જણાય છે. ત્યારપછી ઉપર કહી તેવી અવસ્થા પ્રાપ્ત કરવા અનેક પ્રયત્નો કર્યા, પણ પુનઃ તે પ્રાપ્ત થઇ શકી નહિ, એટલે ગુરૂદેવને મેં પ્રાર્થના કરી. ગુરૂદેવે જણાવ્યું કે:-" રાત્રિ-દિવસ જો એવી અવસ્થામાં રહીએ તો માતાનું કાંઇ કામકાજ થાય નહિ; માટે હવે એવી અવસ્થામાં તારાથી પ્રવેશી શકાશે નહિ. માનું કામ પૂરૂં થશે એટલે તારી અવસ્થા પુનઃ તને પ્રાપ્ત થઇ જશે."

નિર્વિકલ્પ સમાધિમાંથી અવતારી મહાપુરૂષોનું પુનઃ સંસારમાં આવવું.

શિષ્ય:—નિઃશેષ સમાધિ અથવા બરાબર નિર્વિકલ્પ સમાધિ થયા પછી પુનઃ અહંજ્ઞાનના આશ્રયથી દ્વૈતભાવના સંસારમાં કોઇ નહિ આવી શકતું હોય?

સ્વામીજી:—ગુરૂદેવ કહેતા કે જેઓ અવતારી પુરૂષો હોય તેઓજ માત્ર જીવોના કલ્યાણની ખાતર સમાધિમાંથી પાછા ફરી શકે. સાધારણ જીવોને એવું વ્યુત્થાન થતું નથી.

શિષ્ય:—મન જ્યારે વિલુપ્ત થાય ત્યારેજ સમાધિ થાય; અને જો મનનો કોઇ તરંગજ ન રહે તોપછી વિક્ષેપ થવાનો અને અહંતાના જ્ઞાનપૂર્વક સંસારમાં પાછા ફરવાનો સંભવજ ક્યાં રહ્યો? મનજ નથી તો પછી કોણ કેવા નિમિત્તે સમાધિ અવસ્થા ત્યજી દઇ દ્વૈતના પ્રદેશમાં નીચે ઉતરી આવે?

સ્વામીજી:—વેદાન્તશાસ્ત્રનો અભિપ્રાય એટલોજ છે કે નિઃશેષ-નિરોધ-છેક છેલ્લી સમાધિમાંથી પુનરાવૃત્તિ સંભવિત નથી. કહ્યું પણ છે કે; "**अनावृत्तिः शब्दात्।**" પરન્તુ અવતારી પુરૂષોને જીવોના હિતને અર્થે સહેજ વાસના રહી જાય છે; અને તેથીજ જ્ઞાનાતીત અદ્વૈતભૂમિકામાંથી અહંપણાની જ્ઞાનમૂલક દ્વૈતભૂમિકામાં તેમને આવવું પડે છે.

સૃષ્ટિની ઉત્પત્તિ તથા પ્રલય-અવતારી પુરૂષોનાં સમાધિ તથા વ્યુત્થાન.

શિષ્ય:—પરન્તુ સ્વામીજી, જો થોડી ઘણી અથવા સહેજ પણ વાસના રહી જાય તોપછી તેને નિઃશેષનિરોધસમાધિ કેમ કહી શકાય? કારણ કે શાસ્ત્રમાં સ્પષ્ટરીતે કહ્યું છે કે નિઃશેષ એટલે છેવટની નિર્વિકલ્પ સમાધિમાં મનની સર્વ વૃત્તિઓ અને વાસનાઓનો નિરોધ અથવા ધ્વંસજ થઇ જાય છે.

સ્વામીજીઃ—તો હવે પ્રશ્ન એ છે કે મહાપ્રલય પછી સૃષ્ટિનો ઉદ્‌ભવ કેવી રીતે થાય ? મહાપ્રલય વખતે સર્વ વસ્તુઓ બ્રહ્મમાં મળી જાય છે, ત્યારપછી ફરીથી સૃષ્ટિ ઉદ્‌ભવે છે એની તારાથી ના કહેવાશે નહિ; કારણ કે શાસ્ત્ર પણ એમાં સમ્મતિ આપે છે. અર્થાત્ મહાપ્રલય પછી પણ સૃષ્ટિ અને લય એ પ્રવાહરૂપે પુનઃ વહેવા લાગે છે. હવે જો મહાપ્રલય પછી સૃષ્ટિ અને લયનું પુનરાવર્તન માને છે તોપછી અવતારી પુરૂષોનો નિરોધ અને વ્યુત્થાન માનવામાં અયોગ્યતા જેવું શું છે ?

શિષ્યઃ—એની સામે હું એમ કહું છું કે લયકાળે તો પુનઃ સૃષ્ટિ ઉપજાવી શકે એવું બીજ, બ્રહ્મમાં માત્ર લીનપ્રાય થઇ જાય છે એટલુંજ; બાકી એને મહાપ્રલય અથવા નિરોધ–સમાધિ કહી શકાય નહિ. ટુંકામાં કહું તો તે પ્રલય એ માત્ર સૃષ્ટિના બીજનો અને શક્તિનો એક પ્રકારનો અવ્યક્ત આકાર માત્ર છે.

સ્વામીજીઃ—તો હું એમ પૂછું છું કે જે બ્રહ્મમાં કોઇ વિશેષણનો આભાસ માત્ર નથી, જે નિર્લેપ છે, નિર્ગુણ છે, તેની દ્વારા આ સૃષ્ટિ કેવી રીતે વ્યક્ત થાય ?

શિષ્યઃ—એ તો મિથ્યા બહિર્ભાવ છે. શાસ્ત્ર ખુલ્લી રીતે જણાવે છે કે બ્રહ્મમાંથી સૃષ્ટિનો વિકાસ થતો જણાય છે તે કેવળ ઝાંઝવાના જળ જેવો છે–વસ્તુતઃ સૃષ્ટિ વગેરે કશુંજ નથી. ભાવ વસ્તુ જે બ્રહ્મ તેનું અંતઃકરણમાં અજ્ઞાન હોવાથી અને મિથ્યા માયાશક્તિનો પ્રભાવ વર્તતો હોવાથી આપણને એવો ભ્રમ દેખાય છે.

સ્વામીજીઃ—સૃષ્ટિને મિથ્યા માને છે તોપછી જીવની નિર્વિકલ્પ સમાધિ અને સમાધિમાંથી પુનઃ વ્યુત્થાન થવું તેને તું મિથ્યા માની શકીશ કે ? જીવ પોતેજ બ્રહ્મસ્વરૂપ છે; તેને વળી બન્ધનનો અનુભવ સંભવેજ શી રીતે ? "હું આત્મા" છું એવી રીતે તું જેનો અનુભવ કરવા માગે છે તે પણ તારા કહેવા પ્રમાણે ભ્રમરૂપજ ગણાય; કારણ કે શાસ્ત્રો કહે છે કે તુંજ સર્વદા બ્રહ્મરૂપ છે. એટલા માટે **अयमेव हि ते बन्धः समाधिमनुतिष्ठासि ।** તું જે સમાધિ પ્રાપ્ત કરવા ચાહે છે તેજ તારૂં બંધન છે.

"મન" વિષે સ્પષ્ટીકરણ.

શિષ્યઃ—આપની એ વાત બહુ કઠિન છે અને એકાએક સમજાય તેમ નથી; પણ હું જો બ્રહ્મરૂપજ હોઉં તો એવો અનુભવ સર્વદા કેમ રહ્યા કરતો નથી ?

સ્વામીજીઃ—હું–તું ની દ્વૈતભાવવાળી ભૂમિકામાં તેવો અનુભવ કરવા માટે એવું એક સાધન જોઇએ; અને મન એજ આપણું સાધન છે. પરંતુ મન તો જડ છે, તેની પાછળ રહેલા આત્માની પ્રભાદ્વારાજ તે ચેતનના જેવો આભાસ આપી શકે છે. એટલામાટે પંચદશીકારને કહેવું પડ્યું છે કેઃ–"**चित्छायावशतः**

शक्तिश्चेतनेव विभाति सा । ” ચિત્સ્વરૂપ આત્માની છાયા અથવા પ્રતિબિમ્બને લીધેજ શક્તિને ચૈતન્યમયી માની લેવાય છે. મનને ચેતન પદાર્થ માની લેવાનું કોઇ કોઇ સાહસ કરે છે તે પણ એજ કારણથી. તે બધું ગમે તેમ હો, પણ આટલી વાત તો નિશ્ચિતજ છે કે મનદ્વારા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર થઇ શકે નહિ. આત્મસાક્ષાત્કાર માટે તો મનની પણ પેલી પાર જવું જોઇએ. મન એટલે કે અંતઃકરણની પછી બીજું એકે કરણ (સાધન) નથી–માત્ર આત્મા છે. આથી જેનો સાક્ષાત્કાર કરશો તેજ કરણરૂપ બની જશે. કર્તા, કર્મ અને કરણ બધું એકજ થઈ જશે. શ્રુતિ કહે છે કે **विज्ञातारमरे केन विजानीयात् ॥** સારાંશ એજ છે કે દ્વૈતભૂમિકાની ઉપર એક એવી અવસ્થા છે કે જ્યાં કર્તા, કર્મ, કે કરણ વગેરે દ્વૈતભાવજ નથી. અંતઃકરણ નિરૂદ્ધ થયું કે તુરતજ તે અવસ્થા પ્રત્યક્ષ થાય છે. “ પ્રત્યક્ષ ” શબ્દ એટલામાટેજ વાપરૂં છું કે તે અવસ્થાને સૂચવવા માટે બીજી ભાષા નથી, તે અનુભવને બરાબર પ્રકટ કરી શકે એવી શક્તિજ ભાષામાં નથી. શંકરાચાર્યે તે અવસ્થાને “ **अपरोक्षानुभूति** ” એવું નામ આપ્યું છે. એજ પ્રત્યક્ષ અનુભૂતિ અથવા અપરોક્ષાનુભૂતિ અવતારી મહાપુરૂષોને થાય છે, છતાં તેઓ ત્યાંથી દ્વૈતભૂમિકામાં નીચે ઉતરી આવે છે. જે આપ્તપુરૂષોના અનુભવમાંથી વેદાદિ શાસ્ત્રોની ઉત્પત્તિ થઇ છે તે પુરૂષો બીજા કોઇ નહિ, પણ મેં કહ્યા તેવા અદ્વૈતભૂમિકામાંથી દ્વૈતભૂમિકામાં ઉતરી આવેલાજ સમજવા. સાધારણ જીવોની અવસ્થા તેથી જૂદા પ્રકારની હોય છે. લવણનું પૂતળું દરિયો માપવા જતાં જેમ પોતેજ ઓગળી જાય છે, તેમ સાધારણ જીવો બ્રહ્મનો અનુભવ લઇ પાછા ફરે તે પહેલાં તો તેઓ ત્યાંજ તલ્લીન થઇ જાય છે. ટુંકામાં માત્ર એટલુંજ કહેવાનું કે, “ તું પોતે હમ્મેશાં બ્રહ્મરૂપ ” છે, એ વાતનો નિશ્ચય ખૂબ દૃઢ કરજે. આથી કરીને ક્રમે ક્રમે તદ્રૂપ બનતો જઇશ. છતાં અનેક પ્રસંગોમાં જડ મન (કે જેને શાસ્ત્રમાં માયા કહેવામાં આવે છે) તને ગુંચવણમાં નાખી દેશે. તે સૂક્ષ્મ જડરૂપ ઉપાદાન–સામગ્રીથી નિર્માએલું મન જેવું શાંત થયું કે તુરતજ આત્મા પોતાની પ્રભાથીજ પોતે પ્રકાશવા લાગશે. મન એ મિથ્યા છે, અથવા માયા માત્ર છે, તે વાત સિદ્ધ કરવાને આ એકજ પુરાવો બસ થશે કે મન પોતે જડરૂપ છે, એટલુંજ નહિ પણ અંધકાર સ્વરૂપ છે; તેની પાછળ આત્માની પ્રભા વિસ્તરી રહી છે તેથીજ તે ચેતનવત્ જણાય છે. આ વાત જ્યારે તારા અનુભવમાં સંપૂર્ણરીતે આવશે ત્યારે એક અખંડ ચૈતન્યમાં તારૂં મન લય પામી જશે–“ **अयमात्मा ब्रह्म** ” એવો અનુભવ પણ તેજ ક્ષણે તને થવા લાગશે.

ત્યાર પછી સ્વામીજીએ કહ્યું કે:–“ ઉંઘ આવતી હોય તો હવે સૂઇ જા. ”

સ્વામીજીની આજ્ઞાથી શિષ્ય પોતાના બીછાના ઉપર સૂઇ ગયો. રાત્રે સ્વામીજીને બરાબર નિદ્રા નહિ આવવાથી વચમાં વચમાં જાગી ઉઠતા. શિષ્ય પણ તેજ વખતે ઉઠતો અને સ્વામીજીને કાંઇ જોઇતું કરતું હોય તો તે લાવી આપતો. આ પ્રમાણે લગભગ આખી રાત્રિ પસાર થઇ ગઇ. છેવટે રાત્રિના છેલ્લા પહોરમાં શિષ્યને એવું અદ્ભુત સ્વપ્ન આવ્યું કે સવારે તે બહુ આનંદપૂર્વક બીછાનામાંથી ઉભો થયો. પ્રાતઃકાળના સ્નાનથી પરવારી શિષ્ય જ્યારે આશ્રમમાં આવ્યો ત્યારે સ્વામીજી પૂર્વ તરફ મુખ રાખી એક મોટા બેંચ ઉપર બેઠા હતા. "ગઇ રાત્રિના સ્વપ્નનું સ્મરણ કરતાં કરતાં સ્વામીજીના પાદપદ્મની મારાથી પૂજા થાય તો હું કેટલો બધો ભાગ્યશાળી ગણાઉં ?" એવો શિષ્યને વિચાર થયો. તેણે તે વિચાર સ્વામીજીને જણાવ્યો. શિષ્યનો અત્યંત આગ્રહ જોઈ સ્વામીજીએ રજા આપી. એટલે શિષ્યે ધન્તુરાનાં ફૂલો એકઠાં કરી, સ્વામીજીના શરીરમાં મહાદેવનું અધિષ્ઠાન ચિંતવી વિધિપુરઃસર પૂજા કરી.

પૂજા થઇ રહ્યા પછી સ્વામીજીએ શિષ્યને કહ્યું કેઃ—"તેં પૂજા તો કરી, પણ હમણાં જો બાબુરામ (પ્રેમાનંદ) આવશે તો તારો જીવ કહાડી નાખશે. ગુરૂદેવની પૂજા કરવાના વાસણમાં—(પુષ્પપાત્રમાં) મારો પગ રાખી પૂજા કરી ?" હજી આ વાત પૂરી ન થઇ એટલામાંજ સ્વામી પ્રેમાનંદ ત્યાં આવીને ઉભા રહ્યા. તેમને જોઇને સ્વામીજીએ કહ્યું કેઃ—"આ જુઓ ! આ બંગાળીએ બધું ભેળી નાખ્યું ! ગુરૂદેવની પૂજા કરવાના વાસણમાં ચન્દન—કપૂર લાવી મારી પૂજા કરી !" સ્વામી પ્રેમાનંદ હસતા હસતા બોલ્યાઃ—"એમાં શું ખોટું કર્યું ? તમે ક્યાં ગુરૂદેવથી ભિન્ન છો ?" શિષ્ય નિર્ભય થયો.

શિષ્ય પોતે બહુ આચારપરાયણ બ્રાહ્મણ હતો એમ અહીં જણાવવાની જરૂર છે. અભક્ષ્ય તો દૂર રહ્યું, પરન્તુ કોઇનું સ્પર્શેલું અન્ન પણ ખાતો નહિ; એટલામાટે સ્વામીજી કોઇ કોઇ વખત "ભટ્ટાચાર્ય" ના નામથી પણ તેને બોલાવતા. સ્વામીજી સવારે નાસ્તો કરવા બેઠા ત્યારે તેમણે સદાનંદ સ્વામીને કહ્યું કેઃ—"જા—જા—પેલા ભટ્ટાચાર્યને પકડી લાવ." આજ્ઞાને માન આપી શિષ્ય સ્વામીજી પાસે હાજર થયો, એટલે સ્વામીજીએ પોતાના નાસ્તામાંથી થોડો ભાગ તેને પ્રસાદીરૂપે આપ્યો. શિષ્યે વગર આનાકાનીએ તે સ્વીકાર્યો અને ખાઇ ગયો. થોડીવારે સ્વામીજીએ પૂછ્યું કેઃ—"આજે તેં શું ખાધું તેની તને ખબર પડી ? એમાં તો અભક્ષ્ય હતું." ઉત્તરમાં શિષ્યે કહ્યુંઃ—"ગમે તે હોય. મારે જાણવાની જરૂર નથી. આપના પ્રસાદરૂપી અમૃતથી હું તો અમર થઇ ગયો." સ્વામીજીએ કહ્યુંઃ—"જા, આજથી તારાં જાત—ભાત—પાપ—પુણ્ય—અભિમાન એ બધું દૂર થઈ ગયું સમજજે. મારો આશીર્વાદ છે."

સ્વામીજીની તે દિવસની અપાર દયાનું સ્મરણ કરી શિષ્ય પોતાનો જન્મ સફળ થયો માને છે.

તે દિવસે બપોરે સ્વામીજીની પાસે એકાઉન્ટન્ટ જનરલ બાબુ મન્મથનાથ ભટ્ટાચાર્ય પધાર્યા હતા. અમેરિકા જતાં પહેલાં સ્વામીજી તેમને ત્યાં મદ્રાસમાં અતિથિરૂપે કેટલાક દિવસ રહ્યા હતા. તેઓ સ્વામીજી પ્રત્યે બહુ સારો ભક્તિભાવ ધરાવતા હતા. ભટ્ટાચાર્ય મહાશયે પાશ્ચાત્ય દેશ અને ભારતવર્ષ સંબંધે કેટલીક વાતો સ્વામીજીને પૂછી. સ્વામીજીએ તે બધાના બરાબર ઉત્તરો આપ્યા. છેવટે જણાવ્યું કેઃ-" એક દિવસ અહીં આવીને રહો તો બધી વાત ખુલાસાથી થાય." મન્મથ બાબુએ "કોઇ વખત આવી જઈશ" એમ કહીને રજા લીધી. ભટ્ટાચાર્ય મહાશયે ઉપરથી નીચે ઉતરતાં ઉતરતાં પોતાના એક મિત્રને કહ્યું કેઃ-" સ્વામીજી મદ્રાસમાં આવ્યા ત્યારથીજ મને તો ખાત્રી હતી કે આ પુરૂષ પૃથ્વીમાં ઉથલ-પાથલ કર્યા વિના રહેશે નહિ. આવી સર્વતોમુખી (સર્વદેશીય) પ્રતિભાવાળા મનુષ્યો ભાગ્યેજ જોવામાં આવે છે."

સ્વામીજી મન્મથ બાબુને ગંગાના કિનારા સુધી વળાવવા ગયા અને ત્યાર પછી થોડીવાર મેદાનમાં ફરી આશ્રમમાં આવી વિશ્રામ કર્યો.

* * *

प्रसंग १९ मो.

(સ્થાન બેલુડ-ભાડાવાળું મકાન. ઇ. સ. ૧૮૯૮)

સ્વતંત્ર વ્યાપાર કરવાનો ઉપદેશ.

શિષ્ય આજે પ્રાતઃકાળેજ મઠમાં આવ્યો. સ્વામીજીના પાદપદ્મમાં વંદના કરી જેવો ઉભો રહ્યો કે તુરતજ સ્વામીજીએ કહ્યું કેઃ—" નોકરી કરવાથી શું દી વળવાનો હતો ? બને તો કાંઇ ધંધો રોજગાર કરને ? " શિષ્ય તે વખતે ખાનગી શિક્ષણ આપવાનું કામ કરતો હતો. સંસારનું ધુંસરૂં હજી તેની કાંધ ઉપર આવ્યું નહોતું એટલે દિવસો આનંદમાં પસાર થતા હતા. શિક્ષક તરીકેના ધંધા વિષે શિષ્યે સ્વામીજીનો અભિપ્રાય પૂછ્યો એટલે સ્વામીજીએ કહ્યું કેઃ— " ઘણા દિવસો સુધી શિક્ષકપણું કરવાથી બુદ્ધિ ખરાબ થઇ જાય છે, અને જ્ઞાનનો વિકાસ થાય એવો પ્રસંગ પણ ભાગ્યેજ મળે છે. રાત્રિ-દિવસ અજ્ઞાન છોકરાંઓની સાથે રહેવાથી શિક્ષકની બુદ્ધિ પણ જડ થઇ જાય છે. હવે માસ્તરપણું છોડી દે."

શિષ્યઃ—તો પછી શું કરૂં ?

સ્વામીજી—કેમ ? અગર સંસારમાં રહી દુનિયાદારી કરવી હોય અને પૈસા એકઠા કરવાની સ્પૃહા હોય તો અમેરિકા ચાલ્યો જા ! ધંધો કેમ કરવો એ હું તને બતાવી દઉં. પાંચ વરસમાં તો એટલો પૈસો એકઠો કરી લઇશ કે પછી ધંધો કરવાની જરૂરજ નહિ રહે.

આત્મશ્રદ્ધાજ ક્યાં છે ? નોકરીથી હાનિ.

શિષ્ય:—શું ધંધો કરૂં ? પહેલાં પૈસા જોઇએ તે પણ ક્યાંથી કાઢું ?

સ્વામીજી:—ગાંડાની માફક શું બકે છે ? તારી શક્તિનો તને વિશ્વાસ નથી ? આત્માની અંદર કેટલી અખૂટ શક્તિ ભરી છે ? "હું પામરથી શું થઈ શકે" એવા એવા વિચારો કરવાથીજ આજે તમે ખરેખર પામર અને વીર્યહીન બની ગયા છો. તારા એકલાને માટેજ આ વાત નથી કહેતો, આખી પ્રજાને લગભગ એ ચેપ લાગ્યો છે. એક વખત દરિયાપારના દેશોમાં મુસાફરી કરીને જોઇ આવ કે તેઓનો જીવનપ્રવાહ કેટલા બધા વેગથી વહી રહ્યો છે ? અને આ તરફ તમારા દેશમાં શું સ્થિતિ છે ? આટલી વિદ્યા પ્રાપ્ત કરી, છતાં લોકોના આંગણે ભિખારીની માફક ઉભા રહી "ચાકરી આપો, નોકરી આપો," એવા કાલાવાલા કરવા સિવાય લોકોને બીજું કાંઇ સુઝતુંજ નથી ! ઠોકરો અને જોડાઓ ખાઇ ખાઇને મનુષ્યત્વ સુદ્ધાં ગુમાવી બેઠા છો. ખરૂં પૂછો તો એક પાઇ જેટલી પણ હવે તમારી કિંમત રહી નથી. આવો ફળ-ફૂલથી લચી પડતો સુંદર દેશ તમને મળ્યો છે, બીજા દેશો કરતાં કરોડગણાં ફળ-ફૂલ ઉપજાવી શકે એવી કુદરત પણ તમને અનુકૂળ છે; છતાં અન્ન અને વસ્ત્રને માટે હાય વૉય કરવી પડે છે ! પૃથ્વીના બીજા ભાગોમાં જે દેશની સભ્યતા એક વખતે જઇ પહોંચી હતી તેજ આ અન્નપૂર્ણાના દેશમાં તમારી કેવી દુર્દશા થઇ પડી છે ! તિરસ્કાર પામેલાં કૂતરાંઓ કરતાં પણ અધિક દુર્દશા થઇ ગઇ છે, છતાં હજી તમારી આંખો ઉઘડતી નથી ! આટલું આટલું વીતવા છતાં પણ હજી તમારા વેદ-વેદાન્તની બડાઇ હાંકવામાંથી નવરાજ થતા નથી ! જે જાતિ સામાન્ય અન્ન-વસ્ત્રની જોગવાઇ પૂરી કરી શકતી નથી, અને જેને બીજાના મુખ સામે નિહાળી જીંદગી પૂરી કરવી પડે છે તેને તે વળી બડાઇ હાંકવા જેવું શું હોય ? ધર્મ-કર્મને અત્યારે ગંગામાં તણાતાં મૂકી દ્યો અને સૌ પહેલાં જીવનસંગ્રામમાં આગળ વધો. ભારત દેશમાં કેટલી કેટલી વસ્તુઓ થાય છે ? વિદેશી પ્રજા તમારાજ દેશમાંથી કાચો માલ લઇ જાય છે અને તેમાંથી સોનું કમાય છે; જ્યારે તમને ગર્દભની માફક ભાર વહેવા સિવાય બીજું કામજ સૂઝતું નથી. ભારતવર્ષમાં જે કાચો માલ તૈયાર થાય છે તેના ઉપર બુદ્ધિ ચલાવી વિદેશી પ્રજા વિવિધ વસ્તુઓ તૈયાર કરે છે અને સમૃદ્ધિશાળી બને છે; જ્યારે તમે બુદ્ધિની આડે બારણાં

બંધ કરી ઘરનું ધન બીજાને આપી દો છો અને પછી અન્ન અન્ન કરતા ભૂખ્યા તરફડો છો.

અમેરિકામાં જઈ ધંધો શું કરવો ?

શિષ્ય:—શા ઉપાયથી અન્ન-વસ્ત્રની જોગવાઇ થઇ શકે, મહાશય ?

સ્વામીજી:—ઉપાય તારાજ હાથમાં છે. હાથે કરીને આંખે પાટા બાંધ્યા છે અને પછી પૂછે છે કે "શું કરવાથી હું દેખતો થઇ શકું ?" આંખ ઉપરનો પાટો કાઢીને દૂર ફેંકી દે, એટલે જગતમાં મધ્યાન્હકાળના સૂર્યનાં કિરણોએ કેવો પ્રકાશ ફેલાવ્યો છે તે તું તારી નજરે જોઈ શકીશ. ભાડાના પૈસા ન મળે તો વહાણમાં ખલાસી તરીકે રહી વિદેશમાં ચાલ્યો જા ! દેશી કાપડ, રૂમાલ, સાડી વગેરે વસ્તુઓ માથા ઉપર ઉંચકીને અમેરિકા-યૂરોપમાં એકવાર ફેરી તો કરી જો ! ભારતવર્ષની ચીજોની ત્યાં કેટલી કદર થાય છે, તેની તને તે વખતેજ ખબર પડશે. હુગલી જીલ્લાના કેટલાક મુસલમાનોને એ રીતે ફેરી કરીને ધનવાન બની ગએલા મેં મારી નજરે અમેરિકામાં જોયા છે. શું એમના કરતાં પણ તમે બુદ્ધિહીન છો ? અરે ! આ દેશમાં જે બનારસી સાડી તૈયાર થાય છે તેના જેવું ઉત્કૃષ્ટ કાપડ દુનિયાના બીજા કોઇ પણ ભાગમાં નીપજતું નથી. બસ, આ કાપડ લઇને અમેરિકા ઉપડી જા ! ત્યાં એજ કાપડનાં ત્યાંની સ્ત્રીઓને બરનાં વસ્ત્રો વગેરે તૈયાર કરી વેચવા લાગીશ તો જોત જોતામાં ધનવાન બની જઇશ.

શિષ્ય:—મહાશય, એ લોકો બનારસી સાડીનાં વસ્ત્રો શા માટે પહેરે ? મેં એમ સાંભળ્યું છે કે ત્યાંની સ્ત્રીઓ ચિત્ર-વિચિત્ર વસ્ત્રો પહેરવાનું પસંદ નથી કરતી.

સ્વામીજી:—લેશે કે નહિ લે તે હું જાણું છું; તું તારે એક વખત ઉદ્યમ કરવા લાગી જાને ? મારા અનેક મિત્રો ત્યાં છે, હું તને તેઓની સાથે પરિચય કરાવી દઇશ. પહેલવહેલાં તો ભલામણ મારફતે તારૂં કામ ચાલ્યું જશે, પણ પાછળથી તને જોઇને બીજા સંખ્યાબંધ માણસો તારૂં અનુકરણ કરશે; અને તારા માલની ખપત પણ એટલી બધી થશે કે તું થોડા વખતમાં ધરાઇ જઇશ.

શિષ્ય:—ધંધો કરતાં પહેલાં મૂળ ધન જોઇએ તે ક્યાંથી લાવવું ?

સ્વામીજી:—હું ગમે તે પ્રકારે તને કાર્યારંભ કરાવી દઈશ. પછી તો તું જેવો ઉદ્યમ કરીશ તેવું મળી રહેશે. **हतो वा प्राप्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्।** જીતીશ તો રાજ્ય કરીશ અને મરીશ તો સ્વર્ગમાં જઇશ. એવીરીતે જો પ્રયત્ન કરતાં કરતાં મરી જઈશ તો તારૂં અધુરૂં રહેલું કામ બીજા દશ માણસો ઉપાડી લેશે અને જો સફળતા મળશે તો સુખચેનમાં જીવન પૂરૂં કરીશ.

ઈંગ્લાંડમાં નોકરી કરનારાઓને છેલ્લું સ્થાન મળે છે.

શિષ્ય:—પણ મહાશય, એમ કરવાનું સાહસ થતું નથી.

સ્વામીજી:—એટલામાટે તો કહું છું કે બાપુ, આત્મશ્રદ્ધા તમારામાં ક્યાં છે? તમારૂં શું થશે તેનીજ મને તો સમજણ પડતી નથી. તમારાથી નથી ચાલવાનો સંસાર કે નથી પળાવાનો ધર્મ! મારે તો તમને એટલુંજ કહેવું છે કે બની શકે તો મેં કહ્યું તેવા પ્રકારનો કોઇ ઉદ્યોગ-ધંધો કરીને કાંતો હુશીઆર બનો અથવા બધું છોડી દઇને અમારા માર્ગમાં આવો. દેશ-વિદેશમાં ફરી લોકોને ધર્મનો ઉપદેશ આપી જનસમાજનું કલ્યાણ કરશો તોપણ અમારી માફક તમને ભિક્ષા તો મળીજ રહેશે. આપ-લેનો વ્યવહાર જ્યાં નથી ચાલતો ત્યાં કોઈ કોઈની સામે પણ જોતું નથી. અમે જ્યારે ધર્મની એક બે વાતો લોકોને સંભળાવીએ છીએ ત્યારેજ ગૃહસ્થો બે મુઠી અન્ન અમને ખાવા આપે છે. તું કાંઇ નહિ કરે અને હાથ-પગ જોડીને બેસી રહે તો પછી લોકો તને શા માટે ખવડાવે? ચાકરીમાં અને ગુલામીમાં તમે લોકો આટલું આટલું દુઃખ ભોગવો છો છતાં હજીએ ચેતના આવતી નથી? દુઃખ દૂર કરવાનો કાંઇ ઉપાય સૂઝતો નથી? ખરેખર માયાની લીલા વિચિત્ર છે! મેં પશ્ચિમના દેશોમાં જોયું છે કે જેઓ ચાકરી કરે છે તેમને પાર્લામેંટમાં છેવટનું સ્થાન આપવામાં આવે છે, અને જેઓ પોતાના હાથના બળથી, પોતાની વિદ્યાથી અને પોતાના સાહસથી પ્રસિદ્ધ થયા હોય છે તેમને આગળ આસનો આપવામાં આવે છે. તે દેશમાં નાત-જાતનો કશો ભેદભાવ નથી. ઉદ્યમ અને પરિશ્રમથી જે પુરૂષ ભાગ્યલક્ષ્મીને વરે છે તેજ પુરૂષ દેશનો નેતા અને અધ્યક્ષ ગણાય છે. તારા દેશમાં તો એવી સ્થિતિ છે કે ભલે ખાવાને પૂરતું ધાન ન મળે છતાં જ્ઞાતિની બડાઇમાંથી નવરાજ ન થાય! એક ખીલો કેમ તૈયાર કરવો તે તો જાણતા નથી, અને વળી અંગ્રેજોના ગુણ-દોષનો વિચાર કરવા બેસી જાઓ છો, એ મિથ્યા અભિમાન નહિ તો બીજું શું? **ઉઠો, જાઓ, પાશ્ચાત્ય પ્રજાને પગે પડો અને જીવનસંગ્રામમાં ઉપયોગી થાય તેવી વિદ્યા, શિલ્પકળા તથા કર્મતત્પરતા પ્રાપ્ત કરો! જ્યારે તમારામાં કાંઇ પણ શક્તિ જોશે ત્યારેજ દુનિયાની પ્રજા તમારો સત્કાર કરશે; તમારૂં બોલવું પણ ત્યારેજ તેઓ સાંભળશે. કામ તો કાંઇ કરવું નહિ અને મોટાં મોટાં મંડળો ભરીને ભાષણો આપવાં, એથી શું વળવાનું હતું?**

કેળવણીએ શું કર્યું? યથાર્થ કેળવણી કેવી હોય?

શિષ્ય:—સારા સારા ભણેલા-ગણેલા સુશિક્ષિતો પણ તેમાં જોડાય છે તે કેમ?

સ્વામીજીઃ—યુનીવર્સીટીની થોડી ઘણી ડીગ્રીઓ મેળવી અથવા સભામાં સારાં ભાષણો આપતાં આવડયાં, એટલે શું સુશિક્ષિત બની ગયા ? **જે વિદ્યાના પ્રતાપથી જનસમાજનો મોટો ભાગ જીવનસંગ્રામમાં સમર્થ થઇ શકે નહિ, જે વિદ્યાના પ્રકાશથી મનુષ્યોનું ચારિત્ર્યબળ કેળવાય નહિ; અને જે જ્ઞાનની પ્રાપ્તિથી મનુષ્યો સિંહ સમાન બળધારી, પરાક્રમશાળી અને પરહિતપરાયણ બને નહિ, એને વિદ્યા કે જ્ઞાનનું નામ આપવુંજ વ્યાજબી નથી.** જે શિક્ષણથી મનુષ્યો સ્વાશ્રયી બને તેજ વિદ્યા સાચું શિક્ષણ છે. આજકાલ જેઓ સ્કૂલોમાં અને કૉલેજોમાં ભણે છે, તેઓ એક પ્રકારનાં અજીર્ણરોગવાળાં મનુષ્યોની સંખ્યામાં વધારો કરવા સિવાય બીજું શું કરે છે ? માત્ર યંત્રની માફક **રાત્રિ–દિવસ કમાવું અને મોત આવે ત્યારે મરી જવું એટલામાં એમની વિદ્યા** ખરચાઇ જાય છે. આવા લોકો તો માત્ર “ **जायस्व म्रियस्व**” જન્મ–મરણની સાક્ષી આપવાની ખાતરજ દેહ ધારણ કરે છે, એમ કહું તો ખોટું નથી. **તારા દેશના ખેડુતો, મજુરો તથા ફેરીઆઓમાં પણ તમારા જેવા ભણેલાઓના કરતાં તો વિશેષ ઉદ્યમ અને આત્મનિષ્ઠા હોય એમ જણાઈ આવે છે.** તેઓ બિચારા મુંગે મોંઢે આખી જીંદગી સુધી કર્મ કર્યા કરે છે. દેશમાં ધન–ધાન્ય ઉત્પન્ન કરે છે, અને મોઢામાંથી એક શબ્દ પણ બહાર કાઢતા નથી. **યાદ રાખજે કે એક વખત તેઓજ તમારા કરતાં આગળ વધી જશે અને તમે આંખો ચોળતા જોઇ રહેશો !** તને મૂકીને માટે જેટલી ચિંતા છે તેટલી તેમને નથી હોતી. **વર્તમાન કેળવણીએ તમારા બાહ્ય આચારોમાં મોટો ફેરફાર કરી દીધો છે; પણ નવી નવી કળાઓ અને નવા નવા હુન્નરોથી પૈસો કેમ પ્રાપ્ત કરવો એવી કોઇ શકિત રહેવા દીધી છે ?** તમે લોકોએ અત્યાર સુધી સહનશીલ અને નીચ ગણાતી જાતિ ઉપર જે જુલમ કર્યો છે, તેજ જાતિ હવે તમારાપર વેર લેશે **અને તમે તો “ચાકરી–નોકરી” કરતા કરતાજ રસાતળમાં પહોંચી જશો.**

શિષ્યઃ—મહાશય, બીજા દેશોની અપેક્ષાએ નવું ઉત્પન્ન કરવાની અમારી શક્તિ અલબત્ત અલ્પ હશે, છતાં ભારતની તમામ કોમો, જાતિઓ અમારી બુદ્ધિથી અને અમારી સલાહથી કામ કર્યે જાય છે, તો પછી અમારા જેવી બ્રાહ્મણ, કાયસ્થ વગેરે કોમોને જીવનસંગ્રામમાં પરાજીત કરી નીચ ગણાતી જાતિઓ આગળ વધી જાય એ બનેજ કેમ ? કારણ કે અમારી બુદ્ધિની મદદથી તો તેઓ કામ કરી શકે છે.

નીચ ગણાતો વર્ગજ દેશને આધારરૂપ છે.

સ્વામીજીઃ—તમારી માફક તેઓએ થોડાંક **પુસ્તકો વાંચ્યાં ન હોય, અથવા ખમીસ કે કોટ પહેરતાં શીખ્યા ન હોય એટલે શું તેઓ તમા-**

શાથી હલકા બની ગયા ? ખરૂં પૂછો તો તમારા દેશના આધારરૂપ જો કોઈ હોય તો તે નીચ વર્ગજ છે. આખી દુનિયાના સંબંધમાં આ વાત ખરી પડી છે. તુંજ વિચાર કરી જો કે એ નીચ ગણાતો વર્ગ જો કામકાજ કરવું બંધ કરી દે તો તમને અનાજ ક્યાંથી મળે ? માત્ર એકજ દિવસ શહેરના ભંગીલોકો એકત્ર થઈ હડતાળ પાડે તો કલકત્તામાં રહેવું મુસ્કેલ થઇ પડે; અને જો એક અઠવાડીઉં કામ ન કરે તો પ્લેગથી આખું શહેર ઉજ્જડ કે પાયમાલ થઇ જાય. મજુરો કામ કરે છે તેથીજ તમને અન્ન-વસ્ત્રની ખોટ નથી જણાતી. **જેમના પ્રતાપે તમે મોજ મારો છો તેમનેજ તમે હલકા ગણી કહાડો છો ! અને તમે મોટા બુદ્ધિવાન થઇ ગયા એમ પોતાની જાતે મનમાં માની લઇ અભિમાન કરો છો!!**

એક સમયે હક્કની લડાઇ જાગશે.

જીવનસંગ્રામમાં રાત્રિ-દિવસ મચ્યા રહેવાથી હલકી કોમોમાં હજી સુધી જ્ઞાનનાં કિરણોએ પ્રવેશ કર્યો નથી. યંત્રોની માફક તેઓ બિચારા તન-મનથી કામ કર્યા કરે છે, અને એને લઇને બુદ્ધિમાન તથા ચતુર માણસો તેમના પરિશ્રમથી સારો બદલો પ્રાપ્ત કરી મોજ કરે છે. દરેક દેશના સંબંધમાં એમજ બનતું આવ્યું છે; પરંતુ હવે એમ વધારે વખત ચાલે એવો સંભવ નથી. તે લોકો પણ સમજવા લાગ્યા છે કે આપણા પરિશ્રમનું ફળ આપણને જેવું જોઇએ તેવું મળતું નથી; તેથી તેઓ કમ્મર કસીને પોતાના હક્કોની રક્ષા કરવા બહાર આવવા લાગ્યા છે. યૂરોપ અને અમેરિકામાં તો એ હક્કની લડાઈ પણ ચાલુ થઇ ગઈ છે. ભારતવર્ષમાં પણ તેવાં લક્ષણો જણાવા લાગ્યાં છે. હવે હજારો પ્રયત્ન કરવા છતાં હલકી કોમ ઉચ્ચ કોમોનું દબાણ સહન કરશે નહિ. **જે કોમોને અત્યાર સુધી નીચ ગણવામાં આવતી તેમને પોતાના હકકો પાછા અપાવવાનો પ્રયત્ન કરવો એમાંજ હવે ઉચ્ચ કોમોનું કલ્યાણ રહેલું છે.**

આપણા દેશબન્ધુઓ પ્રત્યેની ફરજ.

એટલાજ માટે હું તમને પુનઃ પુનઃ કહેતો આવ્યો છું કે હલકી કોમોમાં જ્ઞાનનો ફેલાવો થાય તેવા પ્રયત્નો કરો. હવે તેમને ઘેર જઇ તેમને સમજાવી દો કેઃ-" તમે અમારા ભાઇઓ છો, અમારા દેશનું એક અંગ છો, અમે તમને પ્રેમથી ભેટવા તૈયાર છીએ, હવે કદાપિ તમારો તિરસ્કાર નહિ કરીએ. " આવા પ્રકારનો ઉત્સાહ તમારા તરફથી તેમને મળશે એટલે તે લોકો હજારગણા વધારે ઉત્સાહમાં આવી જશે અને એટલાજ ઉત્સાહથી કામ કરવા મંડી જશે. વર્તમાન વિજ્ઞાનશાસ્ત્રની મદદથી તેમના જ્ઞાનમાં વધારો થાય, તેવી વ્યવસ્થાઓ કરવા લાગો. ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન તથા સાહિત્યની સાથે સાથે ધર્મનાં ગૂઢતત્ત્વો પણ તેમને

શીખવી દ્યો. આવું શિક્ષણ આપશો તો તેના બદલામાં તમને એવું ધન મળશે કે તમારૂં દારિદ્રય તેજ ક્ષણે દૂર થયા વિના રહેશે નહિ. આ પ્રમાણે આપ-લેનું ધોરણ બરાબર ચાલુ રહેશે તો તમે બન્ને કોમો એક બીજાના અંગરૂપ બની જશો, અને પછી અન્ન કે વસ્ત્ર માટે કોઇને હાય-વૉય કરવા જેવું નહિ રહે.

શિષ્ય:—ધારો કે એવા લોકોની અંદર કેળવણીનો ફેલાવો કરવાનો અમે પ્રયત્ન કર્યો અને વખત જતાં તેઓ પણ અમારા જેવાજ બુદ્ધિમાન થયા; તો પછી સંભવિત નથી કે બુદ્ધિમાન બનેલા નીચ જાતિના મનુષ્યો પોતે ઉદ્યમહીન અને આળસુ બની જાય; અને પોતાના કરતાં જેઓ હલકા હોય તેમના પરિશ્રમનું ફળ ઝડપી લેવા તૈયાર થાય?

સ્વામીજી:—નહિ, જ્ઞાનનો ફેલાવો થશે તોપણ કુંભાર તે કુંભારજ રહેશે, ખેડુત તે ખેડુતજ રહેશે. સૌ કોઇ પોતપોતાનો વંશપરંપરાનો ધંધો શા માટે તજી દેશે? **सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत्।** પોતાનો ધંધો ભલે ખામીવાળો હોય તોપણ તે તજવો નહિ, એ પ્રકારનું શિક્ષણ જો આપવામાં આવે તો કોઇ પોતાનો બાપદાદાનો ધંધો શા માટે છોડી દે? જ્ઞાનના બળથી મનુષ્યો પોતાનો ધંધો વધારે સારીરીતે કરવા લાગશે. સો બસો એવા પ્રતિભાશાળી માણસો કદાચ નીકળી આવે તો વખત જતાં તેમને પણ તમારી અંદર ખેંચી લેવા. બ્રાહ્મણોએ તેજસ્વી વિશ્વામિત્રનો સ્વીકાર કર્યો તેથી ક્ષત્રિયજાતિ બ્રાહ્મણોની કેટલી બધી આભારી બની હતી? આ પ્રકારની સહાય અને દિલસોજી મળવાથી મનુષ્યો તો શું પણ પશુઓ સુદ્ધાં આપણામાં મળી જાય છે.

શિષ્ય:—આપ જે કહો છો તે અક્ષરે અક્ષર સત્ય છે; પરંતુ ઉચ્ચ અને નીચ જાતિઓ વચ્ચે અત્યારે એટલું બધું છેટું પડી ગયું છે કે ભારતવર્ષમાં ગૃહસ્થ ગણાતો વર્ગ નીચ કોમ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે એવો પ્રસંગ આણવો બહુ મુશ્કેલ છે.

તમારી સભ્યતા નીચ ગણાતી કોમને આભારી છે.

સ્વામીજી:—પરંતુ એમ નહિ થાય ત્યાં સુધી તમારૂં ઉચ્ચ કોમનું કલ્યાણ કદાપિ થવાનું નથી. તમારી અંદર અંદરની મારામારીથી અને ઇર્ષાથી તમે પોતે નાશ પામવાની અણી ઉપર આવી ચૂક્યા છો. એ **નીચ લેખાતો જનસમાજ જ્યારે જાગૃત થશે અને તમારો જુલમ સમજવા લાગશે ત્યારે તેમની એક ફુંક માત્રથી તમે ઉડી જવાના!** તમારી અંદર જેઓના પ્રતાપે સભ્યતા આવવા પામી છે તેઓજ તમારી સભ્યતાને રસાતળ પહોંચાડી દેશે. વિચાર કરી જુઓ કે ગોલજાતિના હાથથી પ્રાચીન રોમનજાતિની સભ્યતા ક્યારે અને કેવી રીતે નષ્ટ થઈ તેની કોઇને ખબર પણ પડી? એટલાજ માટે હું કહું છું કે સર્વ નીચ

કોમોમાં વિદ્યાદાન, જ્ઞાનદાનના આશ્રમો બાંધી તેમની ઉંઘ ઉડાડવાનો પ્રયત્ન કરો. જ્યારે તેઓ જાગશે અને જાગશે એ વાત તો ચોક્કસ છે; ત્યારે તમારા ઉપકારનો બદલો તેઓ આપ્યા વિના રહેશે નહિ. એ જાતિ કાયમને માટે તમારી કૃતજ્ઞ બની રહેશે.

આ પ્રમાણેની વાતચિત પૂરી થઇ એટલે સ્વામીજીએ શિષ્યને કહ્યું:—“ એ બધી વાત હમણાં રહેવા દે. તેં શું નિર્ણય કર્યો તે એકવાર કહી દે. ગમે તે, પણ કાંઇ કામ કર, કાંતો કોઇ ધંધો કર અને નહિ તો અમારી માફક **आत्मनो मोक्षार्थं जगद्धिताय च।** યથાર્થ સંન્યાસનો માર્ગ ગ્રહણ કર. આ છેલ્લો માર્ગ ઉત્તમ છે, એમાં તો કાંઇ શકજ નથી. સંસારી થયે શું વળવાનું હતું ? જોતો નથી સંસાર કેટલો ક્ષણિક છે તે ? **नलिनीदलगतजलवत्तरलं तद्वज्जीवनमतिशयचपलं।** (કમળના પાંદડાપરનું પાણી જેમ સ્થિર રહી શકતું નથી, તેની પેઠે જીવનનો કાંઇ :પણ ભરોંસો નથી, અસ્થિર છે.) એટલા માટે આત્મશ્રદ્ધા ઉદ્‌ભવતી હોય અને ઉત્સાહ આવતો હોય તો હવે વખત ગુમાવવા જેવું નથી. અત્યારથીજ કામ કરવા લાગી જા. **यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्।** (વૈરાગ્ય થાય કે તુરતજ સંન્યાસ લઇ લેવો.) પરાર્થે પોતાના જીવનનું બળિદાન આપી, લોકોને ઘેરઘેર જઇ તેમને આ એકજ અભયવાણી સંભળાવ કેઃ– **उत्तिष्ठित, जाग्रत, प्राप्य वरान् निबोधत ॥**

प्रसंग २० मो.

(સ્થાન બેલુડ—ભાડાવાળું મકાન. ઇ. સ. ૧૮૯૮)

એક વર્તમાનપત્ર કહાડવાની હીલચાલ.

આલમબજારમાંથી નીલાંબર બાબુના બગીચામાં મઠ લઇ જવામાં આવ્યો તે પછી બે ત્રણ દિવસે સ્વામીજીએ પોતાના ગુરૂભાઇઓને જણાવ્યું કે આપણા ગુરૂદેવની ભાવનાઓનો જનસમાજમાં વિસ્તાર કરવાને બંગાળી ભાષામાં એકપત્ર કહાડવું જોઇએ. સ્વામીજીએ સૌ પહેલાં એક દૈનિક પત્ર કહાડવાની દરખાસ્ત રજુ કરી; પરંતુ તેમાં ખર્ચ બહુ વધી પડે તેમ લાગવાથી સૌ કોઇએ પાક્ષિક કહાડવા માટે સમ્મતિ આપી. આ પત્રનો સર્વ કારભાર સ્વામી ત્રિગુણાતીતને સંભાળવો એમ પણ તેજ વખતે ઠરાવવામાં આવ્યું. સ્વામીજીની પોતાની પાસે એક હજાર રૂપીઆ હતા; અને ગુરૂદેવના એક ગૃહસ્થ મિત્ર પાસેથી બીજા એક હજાર રૂપીઆ ઉધાર લઇ કાર્યની શરૂઆત કરી દેવામાં આવી. એક પ્રેસ પણ ખરીદ કરવામાં

આવ્યું અને તે શ્યામબજારમાં રામચંદ્ર મિત્રની ગલ્લીમાં ખુલ્લું મૂકવામાં આવ્યું. (આ પ્રેસ સ્વામીજીની હયાતીમાંજ કેટલાંક કારણોને લીધે વેચી દેવું પડયું હતું.) એ પત્રનું “ ઉદ્બોધન ” એવું નામ રાખવું, એમ સ્વામીજીએ ઠરાવ્યું હતું. પત્રનો પ્રથમ અંક સૌ પહેલાં *૧૩૦૫ ના માઘ માસમાં બહાર પડયો હતો. સતત પરિશ્રમી સ્વામી ત્રિગુણાતીતે ઉકત પત્રનો બહોળો ફેલાવો કરવા માટે જે આત્મભોગ આપ્યો છે તેના જેવું બીજું દ્રષ્ટાંત મળવું દુર્લભ છે. કોઇ વખત એકજ ભકત ગૃહસ્થના ભિક્ષાન્ન ઉપર આધાર રાખી ચલવી લેવું પડે, કોઈ વખત આખો દિવસ ખાવા મળે નહિ; અને કોઇ કોઇ દિવસ તો ભૂખ્યા અને તરસ્યા પાંચ–પાંચ ગાઉ પગે ચાલીને જવું પડે, તોપણ સ્વામી ત્રિગુણાતીતે એ પત્રની ઉન્નતિ અને પ્રચારને અર્થે પોતાની સર્વશકિત વાપરવામાં કોઇ જાતનો સંકોચ કર્યો નહિ. પત્રની શરૂઆતમાં પૈસો ખરચીને નોકર પાસે કામ કરાવી શકાય એવી સગવડ નહોતી. તે ઉપરાંત સ્વામીજીની એવી આજ્ઞા હતી કે પત્રની ખાતર એકઠા કરેલા પૈસામાંથી પત્રના કામ સિવાય બીજા કામને માટે એક પાઈ પણ ખરચાવી નહિ જોઇએ. સ્વામી ત્રિગુણાતીત ભક્ત ગૃહસ્થોને ત્યાંથી ભિક્ષા માગી લાવી પોતાના અન્ન–વસ્ત્રાદિનું ખર્ચ બહારો બહારથી ચલાવી લેતા.

ઉદ્બોધન પત્રનો ઉદ્દેશ.

પત્રની પ્રસ્તાવના સ્વામીએ પોતેજ લખી આપી હતી; અને તેમાં તેમણે જણાવ્યું હતું કે ગુરૂદેવના ગૃહસ્થ ભકતો તેમજ સંન્યાસીઓ આ પત્રમાં લેખો લખવાનું ચાલુ કરશે. અશ્લીલતાવાળી બીભત્સ જાહેરખબરો ઉદ્બોધન પત્રમાં ન છપાય તે માટે સ્વામીજીએ ખાસ સૂચના કરી હતી. શ્રીરામકૃષ્ણ મિશનના સર્વ સભ્યોને, ગુરૂદેવ સંબંધી જો લખવું હોય તો બનતાં સુધી આ પત્રમાંજ લખવું, એમ સ્વામીજીએ જણાવી દીધું હતું. પત્રનો પહેલો અંક બહાર પડયો તે પછી શિષ્ય એક દિવસ મઠમાં હાજર થયો. સ્વામીજીને પ્રણામ કરીને બેઠો એટલે તેમની સાથે શિષ્યને ઉદ્બોધન પત્ર સંબંધે નીચે પ્રમાણે વાર્તાલાપ થયો:–

સ્વામીજી:—(પત્રનું નામ જરા હાસ્ય ખાતર વિકૃત કરી) “ ઉદ્બંધન ” જોયું ?

શિષ્ય:—જી હા, ઠીક છે.

સ્વામીજી:—પત્રની ભાષા અને ભાવનાઓમાં આપણે નવીજ શૈલી દાખલ કરવાની છે.

શિષ્ય:—તે કેવી રીતે ?

સ્વામીજી:—ગુરૂદેવની ભાવનાઓનો આપણે પ્રચાર કરવો છેજ; પરંતુ તે

---

* અત્યારે--ઈ. સ. ૧૯૨૩ માં બંગાળમાં ૧૩૨૯ ની જાતીય સાલ ચાલે છે.

ઉપરાંત ભાષામાં પણ નવો પ્રકાશ આણવાનો પ્રયત્ન કરવો પડશે. અત્યારે લેખકો માત્ર ક્રિયાપદોનો વ્યવહાર બહુ કરે છે, તેથી ભાષા બળવાન થઇ શક્તી નથી; માટે વિશેષણોની સહાયથી ક્રિયાપદનો વ્યયહાર જેમ બને તેમ ઓછો કરી દેવો જોઇએ. તું પોતેજ એવી રીતના લેખ લખવાની શરૂઆત કર. મને પહેલાં લેખો બતાવજે એટલે પછી હું ઉદ્બોધનમાં છાપવા આપી દઇશ.

શિષ્યઃ—મહાશય, સ્વામી ત્રિગુણાતીત આ પત્રની પાછળ જે જે પરિશ્રમ કરે છે તે બહુ અદ્‌ભુત પ્રકારનો છે.

સ્વામીજીઃ—તું અત્યાર સુધી એમ સમજી બેઠો હતો કે ગુરૂદેવના આ સર્વ સંન્યાસી સંતાનોએ ધૂણી સળગાવી આખો દિવસ તાપવા માટેજ જન્મ ધર્યો છે? તેઓ જ્યારે કાર્યના ક્ષેત્રમાં પૂર જોસથી ઘૂમવા લાગશે ત્યારે તેમનો ઉદ્યમ, પરિશ્રમ અને આત્મભોગ જોઇને જગત સ્તબ્ધ થઇ જશે. “ કામ કેમ કરવું ” એ શિક્ષણ જો તારે મેળવવું હોય તો એમની પાસે જા. એકજ ઉદાહરણ જો કે—મારી આજ્ઞા મળી એટલે તુરતજ ત્રિગુણાતીત પોતાનું સાધન, ભજન, ધ્યાન, ધારણા એ સર્વે તજી દઇ, કેવળ કરવામાંજ તલ્લીન થઇ ગયો છે; એ શું ઓછો સ્વાર્થત્યાગ છે ? મારા પ્રત્યે એને કેટલી ભક્તિ હોવી જોઇએ કે મારો શબ્દ નિકળતાંની સાથેજ તેણે ભગીરથ પ્રયત્ન કરવો શરૂ કરી દીધો ? વિજય મેળવ્યા સિવાય કોઇ દિવસ તે નિરાંતે બેસી શકશે નહિ. એ વાતની મને સંપૂર્ણ ખાત્રી છે.

શિષ્યઃ--કિન્તુ મહાશય, સંન્યાસીઓ ગૃહસ્થોને ઘેરેઘેર ભમી પત્રની ખાતર ઉપદેશ કરે એ દેખાવ મારી આંખોને બહુ વિચિત્ર લાગે છે.

સ્વામીજીઃ--કેમ ? ગૃહસ્થોનું કલ્યાણ કરવું એજ અમારા પત્રનો ઉદ્દેશ છે દેશમાં જ્યારે નવીન ભાવનાઓનો પ્રચાર થશે ત્યારેજ જનસમાજ જાગ્રત થશે. **સાધન ભજન કરતાં આ ફલાકાંક્ષારહિત કર્મને તું શું ઓછું ઉપયોગી સમજે છે ?** જીવોના હિતની સાધના એજ અમારો મુદ્રાલેખ છે. પત્રની આવકમાંથી પૈસો ભેગો કરવાની કોઈને સ્વપ્નમાં પણ ઇચ્છા થતી નથી. અમે સર્વ ત્યાગી સંન્યાસીઓ છીએ, અમારે કાંઇ પુત્ર–પુત્રીઓ નથી કે તેમની ખાતર કાંઇક પુંજી મૂકી જવી પડે. અમને જો આ કાર્યમાં વિજય કે લાભ મળશે તો તેની આવક પણ જીવ સેવાના કાર્યમાંજ ખરચાશે. ઠેકાણે ઠેકાણે સંઘોની સ્થાપના કરવાની છે, સેવાશ્રમો તૈયાર કરવાનાં છે, તે સિવાય બીજાં પણ અનેક હિતકર કાર્યો કરવાનાં હજી બાકી છે. તે સર્વમાં પૈસાની પ્રથમ જરૂર છે. અમે કાંઇ ગૃહસ્થો નથી કે ધંધો–રોજગાર કરીને ધન એકઠું કરી શકીએ. માત્ર પરહિત એજ અમારી સર્વ હિલચાલોનું સાધ્ય છે, એ વાત કોઇ દિવસ ભૂલીશ નહિ.

શિષ્યઃ--જનસમાજ આપનો એ ઉદ્દેશ કેવીરીતે સમજી શકે ?

સ્વામીજીઃ—ન સમજે તો કાંઇ નહિ. અમને તો એમાં કોઇ જાતની લાભ-હાનિ છે જ નહિ. અમે તો નિંદા કે સ્તુતિની પણ પરવા રાખતા નથી.

શિષ્યઃ—મહાશય, આ પત્ર જે પંદર પંદર દિવસે પ્રકટ થાય છે તેના કરતાં આઠ આઠ દિવસે પ્રકટ થાય તો બહુ સારૂં.

સ્વામીજીઃ— તે તો છેજ. પણ પૈસા ક્યાં? ગુરૂદેવની કૃપાથી જો પૈસાની જોગવાઇ થઈ જશે તોપછી દૈનિક પણ બનાવી દઈશું. પૈસા ઉપરજ ઘણો ખરો આધાર છે. **મારો તો એવો વિચાર છે કે જો સારી સહાય મળે તો પત્રની એક લાખ કૉપીઓ રોજ છપાવી કલકત્તાની પ્રત્યેક ગલીમાં મફત વહેંચી દેવી.**

શિષ્યઃ—આપનો એ વિચાર બહુ ઉત્તમ છે.

સ્વામીજીઃ—મારી એવી ઇચ્છા છે કે પત્ર જો પોતે પોતાનું ખર્ચ ઉપાડી લે તો પછી તેવા સંપાદક તરીકે તારી નિમણુંક કરવી. કોઇ પણ વિષયને પગભર કરવા જેટલી તારામાં હજી શક્તિ નથી. તે ઉપરાંત સર્વત્યાગી સાધુઓ સિવાય તે કામ બીજા કોઇથી બની પણ શકે નહિ. કારણ ગમે તેવાં વિઘ્નો કે કષ્ટો માર્ગમાં આવી પડે તોપણ સંન્યાસીઓ કોઇ દિવસ એક પગલું પણ પાછળ હઠવાના નહિ. જ્યારે તમારા જેવા ગૃહસ્થોને વિઘ્ન તો દૂર રહ્યું, પણ જરા ટીકા કે નિંદા થતાં સાંભળ્યાં કે તરતજ આંખે અંધારાં આવી જવાનાં.

શિષ્યઃ—તે દિવસે જ્યારે પ્રેસ ખુલ્લું કરવામાં આવ્યું ત્યારે ત્રિગુણાતીત સ્વામીએ ગુરૂદેવની છબીની ખૂબ પ્રેમભાવથી ભક્તિ તથા પૂજા કરી કાર્યની સફળતા માટે પ્રાર્થના કરી હતી, તે મેં નજરે જોયું છે; ત્યારથી તેમની ગુરૂભક્તિ માટે મને બહુ માન સ્ફુર્યું છે.

સ્વામીજીઃ—અમારૂં કેંદ્રસ્થાન માત્ર ગુરૂદેવજ છે. અમારામાંનો પ્રત્યેક જણ તેમનું એક કિરણ માત્રજ છે. ગુરૂદેવની પૂજા કરી કાર્યની શરૂઆત કરી એ બહુજ ઠીક કર્યું. પૂજાની વાત તો મને કોઇએ કરીજ નહિ, તેનું શું કારણ?

શિષ્યઃ—મહાશય તેઓ આપનાથી જરા ડરતા રહે છે. ગઇ કાલેજ મને ત્રિગુણાતીત સ્વામીએ કહ્યું કેઃ—"ઉદ્બોધન પત્રનો પ્રથમ અંક બહાર પડયો તે સ્વામીજીને પસંદ પડયો કે નહિ, તે વિષે તું તેમનો અભિપ્રાય પૂછી લેજે; અને જો તેમને તે અંક પસંદ પડયો હશે તો હું તેમને મ્હોં બતાવી શકીશ."

સ્વામીજીઃ—તું જઇને તેમને કહેજે કે હું તેમનો ઉદ્યોગ જોઇને બહુજ પ્રસન્ન થયો છું. મારો આશીર્વાદ છે તેમને તેમના પરિશ્રમનું ફળ કોઇ કાળે મળ્યા વિના નહિજ રહે. તું પણ તારાથી બને તેટલી મદદ આપજે; કારણ કે આ કામ કોઇ એક વ્યક્તિનું નથી. ગુરૂદેવની ખાતર આપણે સઘળાએ તન-મનથી

ભોગ આપવો એ આપણી ફરજ છે.

શિષ્ય—એટલી વાત થયા પછી સ્વામીજીએ બ્રહ્માનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને જરૂર જણાય તો ત્રિગુણાતીત સ્વામીને વધુ પૈસા આપવાની ભલામણ કરી. તેજ દિવસે રાત્રે સ્વામીજીએ ઉદ્‌બોધન સંબંધી વિચારો શિષ્યને બહુ વિસ્તારથી જણાવ્યા હતા. તેનો સારાંશ નીચે પ્રમાણે છેઃ—

ઉદ્‌બોધનની લેખનશૈલી કેવી રાખવી ?

સ્વામીજીઃ—“ ઉદ્‌બોધન ” માં જનસમાજને માત્ર પ્રતિપાદક વિચારો આપવા. નિષેધાત્મક ભાવનાઓ મનુષ્યને નિર્બળ બનાવી મૂકે છે. જોતો નથી કે માબાપો છોકરાંઓને ભણવાની ખાતર રાત્રિ–દિવસ ટોકયા કરે છે, અને “ ભણીશ નહિ તો ગધાડા જેવો રહીશ, આ છોકરો તો આવો હરામખોરજ થવાનો. ” એવા આક્ષેપો કર્યા કરે છે; તેથી છોકરાંઓ પણ વખત જતાં ઘણું-કરીને તેવાંજ બની જાય છે. બાળકોને ઉત્સાહ આપવાથી તથા તેમને પ્રેમપૂર્વક સંબોધવાથી વખત જતાં તેઓ ભલાં અને ઉત્સાહી બને છે. બાળકોને માટે આ વાત જેટલે અંશે સત્ય છે તેટલેજ અંશે આધ્યાત્મિક પ્રદેશમાં જેઓ બાળક સમાન છે તેમને માટે પણ સત્ય છે. પ્રતિપાદક ભાવનાઓનો પ્રચાર કરવાથી જનસમાજમાં યથાર્થ મનુષ્યો ઉત્પન્ન થશે અને તેઓ પોતે પોતાના પગઉપર ઉભા રહેવાનો પ્રયત્ન કરશે. ભાષા, સાહિત્ય, દર્શન, કવિતા, શિલ્પ વગેરે વિષયો સંબંધે જેઓ વિચાર કરતા હોય તેમને તેમની ભૂલો બતાવવાને બદલે, ધીમે ધીમે નિર્દોષ ભાવે સાધનો બતાવવાનોજ આપણે પ્રયત્ન કરવો. ભૂલ અથવા પ્રમાદ બતાવવાથી મનુષ્યોનું મન દુઃખાય છે. તેં જોયું નથી કે આપણે જેને તિરસ્કારી કાઢતા તેજ મનુષ્યને આપણા ગુરૂદેવ ખૂબ ઉત્સાહ આપી કેવી સરસ રીતે સુધારી દેતા ? ખરેખર, તેમની શિક્ષણ આપવાની પદ્ધતિ પણ બહુ અદ્‌ભુત પ્રકારની હતી !

આટલું કહીને સ્વામીજી થોડીવાર સ્થિર બેસી રહ્યા. ત્યાર પછી પુનઃ કહેવા લાગ્યાઃ–

ધર્મપ્રચાર માટે સહનશીલ બનવું જોઇએ.

ધર્મનો પ્રચાર કરવો એ કાંઈ રમત વાત નથી. વાત વાતમાં ગુસ્સે થઇ જવાથી કે કોઇનો તિરસ્કાર કરવાથી કોઇ કાળે ધર્મનો પ્રચાર થઇ શકતો નથી. શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક એ દરેક વિષય સંબંધે પ્રતિપાદક શૈલીથીજ કામ કર્યા કરવું. લોકોની ઘૃણા કરવાથી કોઈ દિવસ મહાન ઉદ્દેશ સિદ્ધ થતો નથી. પરસ્પરનો તિરસ્કાર કરવાથીજ આજે આપણી અધોગતિ થઇ છે. હવે લોકોને ઉન્નત બનાવવાને માટે પ્રતિપાદક વિચારોનો ઉપયોગ કરવાની અનિવાર્ય આવશ્ય-

કતા છે. સર્વ પહેલાં આપણા હિન્દીબન્ધુઓને ઉન્નત કરવા અને ત્યાર પછી જગતને ઉન્નતિનો માર્ગ દર્શાવી દેવો. ગુરૂદેવને જે ખાતર અવતાર લેવો પડયો હતો તે કામ આપણે પાર પાડવાનો દરેકે પ્રયત્ન કરવો જોઇએ. તેઓ કોઇ દિવસ મનુષ્યના હૃદયને આઘાત પહોંચે એવા એક પણ શબ્દનો ઉચ્ચાર કરતા નહિ. તેઓ જેવી રીતે મનુષ્યોને ઉત્સાહ અને અભયદાન આપતા તેવીજ રીતે આપણે પણ તેમને પગલે ચાલવું જોઇએ. જનસમાજને ઉઠાડવાનો અને જાગૃત કરવાનો એ સિવાય બીજો કોઈ ઉપાયજ નથી, સમજ્યો ને ?

નિષેધાત્મક ઉપદેશોનું પરિણામ.

તમારો ઇતિહાસ, સાહિત્ય, પુરાણ વગેરે શાસ્ત્રગ્રંથો મનુષ્યોને માત્ર ભયજ દેખાડે છે. શાસ્ત્રો કહે છે કેઃ–“ જુઓ, ચેતતા રહેજો, નહિ તો નરકમાં જવું પડશે. નરક સિવાય તમારી બીજી ગતિ નથી. ” વગેરે. આથી કરીને નિર્બળતા અને કાયરતાએ તમારી નસે નસમાં પ્રવેશ કર્યો છે. હવે તો વેદ–વેદાન્તની ઉચ્ચભાવનાઓ સાદી ભાષામાં મનુષ્યોને સમજાવી દેવી જાઇએ. સદાચાર, સદ્વ્યવહાર તથા વિદ્યા–શિક્ષા આપીને બ્રાહ્મણ તથા ચંડાલને એકજ ભૂમિકા ઉપર લાવવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ. “ ઉદ્બોધન ” પત્રમાં એવીજ ભાવનાવાળા લેખો લખી જનસમાજને જાગૃત કર. એટલું કરી શકીશ તો તારૂં વેદ-વેદાન્તનું શિક્ષણ સાર્થક થયું છે એમ માનીશ. કેમ, બની શકશે કે નહિ ?

શિષ્યઃ—આપના આશીર્વાદથી શું ન થાય ? આપની આજ્ઞાને માન આપી બની શકશે તેટલી મહેનત કરીશ.

શરીરબળ પ્રાપ્ત કરો.

સ્વામીજીઃ—એક બીજી પણ વાત કરવાની છે. શરીર ખૂબ મજબૂત બનાવવું અને લોકોને પણ શારીરિક સંપત્તિ વધારવાનો ઉપદેશ કરવો. હું પોતે રોજ ડંબેલની કસરત કરૂં છું તે જોતા નથી ? સવારે અને સાંજે ખુલ્લી હવામાં ફરવા જવાની ટેવ રાખવી. શારીરિક પરિશ્રમ કરવામાં કોઇ રીતે કંટાળવું નહિ. દેહ અને મનને એક સરખી રીતે ઉન્નત બનાવવાં જોઇએ. સઘળી વાતોમાં પરાધીન રહેવાથી આપણું ગાડું લાંબો વખત ચાલી શકે નહિ, માટે શરીરને એક ઉપયોગી સાધન માની ખૂબ સબળ બનાવવું. તેમાં જરાએ પ્રમાદ કરવો નહિ. શરીર કેટલું ઉપયોગી છે તે પણ લોકોને સમજાવી દેવું; એટલે તેઓ પોતે પણ તેને સુદૃઢ બનાવવાનો પ્રયત્ન કરશે.

प्रसंग २१ मो.

(સ્થાન કલકત્તા. ઇ. સ. ૧૮૯૮)

ત્રણ દિવસ થયાં સ્વામીજી બાગબજારમાં બલરામ બસુને ત્યાં આવ્યા છે. રોજ હજારો માણસો તેમનાં દર્શન કરવા આવે છે, તેથી લોકોની ભીડ આખો દિવસ રહ્યા કરે છે. સ્વામી યોગાનંદ પણ સ્વામીજીની સાથેજ છે. આજે સાંજે સ્વામીજી ભગિની નિવેદિતાને સાથે લઇને અલીપુરની પશુશાળા જોવા જવાના હતા. શિષ્ય સ્વામીજી પાસે હાજર થયો એટલે સ્વામીજીએ કહ્યું કેઃ—" તું અને યોગાનંદ ચાલતા થાઓ, હું ભગિની નિવેદિતાને સાથે લઇને પાછળ આવું છું."

સ્વામી યોગાનંદ તથા શિષ્ય લગભગ બપોરે અઢી વાગતાં ટ્રામમાં બેસીને અલીપુર તરફ રવાના થયા. તે વખતે ઘોડાની ટ્રામ હતી. પશુશાળામાં પહોંચતાં લગભગ ચાર વાગી ગયા. પશુશાળામાં દાખલ થઇ બગીચાના સુપરિન્ટેન્ડન્ટ બાબુ રામબ્રહ્મ સન્યાલ રાયબહાદુરને સ્વામીજીના આગમનની ખબર આપી. રામબ્રહ્મ બાબુ સ્વામીજીના આગમનની વાત સાંભળી બહુ ખુશ થયા અને બગીચાના દરવાજા પાસે સ્વામીજીનો સત્કાર કરવા ઉભા થઈ રહ્યા. પ્રાયઃ સાડાચાર વાગતામાં સ્વામીજી ભગિની નિવેદિતાને સાથે લઇને ત્યાં આવી પહોંચ્યા. રામબ્રહ્મ બાબુએ તેમને અંતઃકરણપૂર્વક આવકાર આપ્યો અને પશુશાળામાં પ્રદર્શન જોવા લઇ ગયા. દોઢ કલાક સુધી બગીચામાં સર્વ સ્થાને ફરી ફરી સ્વામીજીએ તથા નિવેદિતાએ દરેક વસ્તુનું બારિક નિરીક્ષણ કર્યું. શિષ્ય તથા યોગાનંદ સ્વામી પણ સ્વામીજીની પાછળ પાછળ ચાલતા હતા.

ડારવીનના સિદ્ધાંત વિષે ચર્ચા.

રામબ્રહ્મ બાબુ વનસ્પતિશાસ્ત્રમાં બહુ સારા વિદ્વાન હતા. બગીચામાંનાં વિવિધ વૃક્ષોને બતાવતા, વનસ્પતિશાસ્ત્રની દ્રષ્ટિએ વૃક્ષાદિના આકારમાં વખત જતાં કેવી રીતે કેવા ફેરફારો થાય છે તેનું તેમણે સંક્ષિપ્ત વર્ણન કરી સંભળાવ્યું. સ્વામીજી પણ વિવિધ જીવ-જન્તુઓને જોઇને જીવની ઉત્તરોત્તર પરિણતિ સંબંધી ડારવીનના મતની પ્રસંગોપાત ચર્ચા કરતા હતા. શિષ્યને એટલું યાદ છે કે સ્વામીજી જ્યારે સર્પગૃહમાં દાખલ થયા ત્યારે તેઓએ ચાડાચાડાવાળા એક મોટા સર્પને બતાવતાં કહ્યું કેઃ—" કાચબાની ઉત્પત્તિ આવા સર્પમાંથીજ કાળક્રમે થાય છે. આ સર્પ બહુ લાંબો વખત એકને એક સ્થાને પડયો રહે તો તેથી ધીમે ધીમે તેનો પીઠનો ભાગ કઠોર થઇ જાય એ બનવા જોગ છે." આટલી વાત થઈ રહી એટલે શિષ્યની મશ્કરી કરવાના આશયથી સ્વામીજીએ કહ્યું:—" તમે લોકો કાચબા ખાઓ છો

ને ? ડારવીનના મત પ્રમાણે સાપમાંથી કાળક્રમે કાચબાઓ ઉદ્‌ભવે છે, માટે એક રીતે તમે સર્પનુંજ ભક્ષણ કરો છો !" શિષ્યે ઘૃણાથી માથું નીચે નમાવ્યું. પણ થોડીવાર રહીને કહ્યું:—

" મહાશય, એક પદાર્થ ધીમે ધીમે ફેરફાર પામતો પામતો જો બીજા પદાર્થના રૂપમાં બદલાઇ જાય તો પછી તેમાં પહેલાના જેવી આકૃતિ કે સ્વભાવ જેવું કાંઇ રહેતું નથી. જો આ વાત ખરી હોય તો કાચબાનું ભક્ષણ એ સર્પનુંજ ભક્ષણ છે, એમ કેમ કહેવાય ?"

સ્વામીજી તથા રામબ્રહ્મ બાબુ હસી પડયા. ભગિની નિવેદિતાને આ સંવાદ સમજાવવામાં આવ્યો એટલે તેઓ પણ હસવા લાગ્યાં. ત્યારબાદ અમે સર્વે સિંહ તથા વાઘના પાંજરા પાસે જઇ પહોંચ્યા.

રામબ્રહ્મ બાબુના હુકમથી વ્યાઘ્રાદિના રક્ષકોએ અમારી નજર આગળ સિંહ વગેરેને પુષ્કળ ખાવાનું મૂકયું. આથી સિંહની ગર્જનાઓ તથા ભોજન સમયના તેમના આહ્‌લાદની તાડનાઓ સાંભળવામાં સૌને બહુ આનંદ મળ્યો. ત્યાર પછી બધાં રામબ્રહ્મ બાબુના રહેવાના મકાન ભણી વળ્યાં. ત્યાં ચ્હા-પાણી તથા નાસ્તાની સગવડ અગાઉથીજ કરી રાખવામાં આવી હતી. સ્વામીજીએ બહુજ ઓછા પ્રમાણમાં ચ્હા લીધી. નિવેદિતાએ પણ ચ્હા સાથે બીજું મિષ્ટાન્ન ખાધું. શિષ્યને નિવેદિતાવાળા એકજ ટેબલ ઉપર બેસી, નિવેદિતાનો અડકેલો પદાર્થ ખાતાં સહેજ સંકોચ થયો. સ્વામીજી આ દૃશ્ય જોઈ ગયા, તેથી પુનઃ પુનઃ નિવેદિતાનું અડકેલું મિષ્ટાન્ન ખાવાની ભલામણ કરી, અને તે ખવરાવ્યું ત્યારેજ શાંત થયા. તે ઉપરાંત એક પાણીનો પ્યાલો મંગાવી તેમાંથી સ્વામીજીએ પોતે થોડું પીધું અને બાકીનું મને પી જવાનો હુકમ કર્યો. ત્યાર પછી ડારવીનના વિકાસક્રમના સિદ્ધાંત વિષે વાર્તાલાપ શરૂ થયો.

ડારવીનનો સિદ્ધાંત નિર્ણયાત્મક નથી.

રામબ્રહ્મ બાબુ:—ડારવીને જે વિકાસક્રમનો સિદ્ધાંત પ્રકટ કર્યો છે, અને તે સંબંધી જે કારણો તેણે આપ્યાં છે તે વિષે આપનો શું અભિપ્રાય છે ?

સ્વામીજી:—ડારવીનની વાત યુક્તિવાળી અને બંધબેસતી છે એમાં ના નહિ, પરંતુ વિકાસક્રમનાં કારણો સંબંધે તે છેલ્લામાં છેલ્લો નિર્ણય છે, એમ માનવાને હું તૈયાર નથી.

રામબ્રહ્મ બાબુ:—એ વિષયમાં આપણા દેશના પ્રાચીન પંડિતોએ કાંઇ વિચારો દર્શાવ્યા છે કે નહિ ?

સ્વામીજી:—સાંખ્ય દર્શનમાં એ વિષય બહુ સુંદર રીતે ચર્ચવામાં આવ્યો છે. ભારતના પ્રાચીન દાર્શનિકોનો સિદ્ધાંત, એજ વિકાસક્રમનો છેલ્લામાં છેલ્લો નિર્ણય

છે, એમ મારું માનવું છે.

"ઇવોલ્યુશન" સંબંધી સ્વામીજીના વિચારો.

રામબ્રહ્મ બાબુ:—બની શકે તો એ સિદ્ધાંત સંક્ષેપમાં સમજાવો તો સાંભળવાની ઇચ્છા છે.

સ્વામીજી:—નીચ જાતિ ઉચ્ચ જાતિમાં પરિણત થાય (મળી જાય) તે માટે પાશ્ચાત્યમતાનુસાર જીવનસંગ્રામ, યોગ્યતમનો વિજય, કુદરતી ચુંટણી, વગેરે જે કારણો દર્શાવવામાં આવ્યાં છે, તે આપ જાણતા હશો. પાતંજલ યોગદર્શનમાં ઉપર કહ્યાં તે કારણો પૈકીનું એક પણ કારણ દર્શાવ્યું નથી. પતંજલિનો અભિપ્રાય એવો છે કે એક જાતિમાંથી બીજી એક જાતિની પરિણતિ "**प्रकृत्यापूरात्**–પ્રકૃતિના આપુરણ" દ્વારાજ સધાય છે. આવરણની સાથે રાત્રિ દિવસ લડાઇ કરવાથીજ તે સધાય એવું કાંઇજ નથી. મારા વિચાર પ્રમાણે તો લડાઇ અને પ્રતિસ્પર્ધા પૂર્ણતા પ્રાપ્ત કરવા જતાં માર્ગમાં જીવોને ઘણીવાર મોટા વિઘ્નરૂપ થઇ પડે છે. હજારો જીવોનો ધ્વંસ કરવાથી જો એક જીવની ક્રમોન્નતિ થતી હોય (પાશ્ચાત્ય દર્શન એજ વાતનું સમર્થન કરે છે) તો કહેવું પડશે કે એ ક્રમોન્નતિ દ્વારા સંસારના કોઈ ખાસ ઉન્નતિ થાય એવો લેશ પણ સંભવ નથી. કદાચિત્ સાંસારિક ઉન્નતિ થઈ શકતી હોય એમ માની લઇએ, તોપણ આધ્યાત્મિક વિકાસને માટે તો તે મહા ભયંકર પ્રતિબંધક છે. જીવ માત્ર એ પૂર્ણ આત્મારૂપ છે, એવો આપણા દાર્શનિકોનો દૃઢ અભિપ્રાય છે. આત્માના વિકાસના તારતમ્ય અનુસારેજ પ્રકૃતિનો વિકાસ વિચિત્રરૂપોમાં આપણને પ્રત્યક્ષ થાય છે. પ્રકૃતિના વિકાસની આડે રહેલા પ્રતિબન્ધો જ્યારે છેક દૂર થાય છે ત્યારે આત્મા સંપૂર્ણરૂપે પ્રકાશિત થઇ શકે છે. પ્રકૃતિનો વિકાસને માટે નીચ જાતિઓમાં ગમે તેમ થતું હોય, તોપણ ઉચ્ચ જાતિઓમાં પ્રતિબન્ધોની સામે નિરંતર યુદ્ધ કરવાની જરૂર છે; અને યુદ્ધ કરવાથીજ તે પ્રતિબન્ધો દૂર થાય છે, એમ માનવાની જરૂર નથી. આ વાત તદ્દન બનવાજોગ છે કે જ્યાં શિક્ષા, દીક્ષા, ધ્યાન, ધારણા અને ત્યાગનું બળ હોય ત્યાં પ્રતિબન્ધો પોતાની મેળે દૂર થઇ જાય છે; અને તે દૂર થયા પછી આત્મપ્રકાશ થયા વિના રહેતો નથી. ઘણી વખત આમ બન્યું છે અને બને પણ છે. મતલબ કે પ્રતિબંધોને આત્મપ્રકાશનું કાર્ય નહિ કહેતાં, તેના કારણરૂપે જણાવવા અને પ્રકૃતિના આ વિચિત્ર વિકાશમાં તે સહાયક છે એમ કહેવું તે વ્યાજબી નથી. હજારો પાપીઓના પ્રાણનો સંહાર કરી જગતમાંથી પાપને દૂર કરવાનો પ્રયત્ન કરીએ તો જગતમાં પાપની વૃદ્ધિ થવાનો ભય શું નથી રહેતો? પરંતુ જો ઉપદેશદ્વારા જીવને પાપથી નિવૃત્ત કરી શકીએ તો જગતમાં પાપ જેવું રહીજ શકે નહિ. અત્યારે તાજોજ દાખલો લ્યો કે પાશ્ચાત્ય દેશોમાં પરસ્પર સંગ્રામ અને

પ્રતિસ્પર્ધાઓદ્વારા ઉન્નતિ પ્રાપ્ત કરવાની મનુષ્યોની ભાવનાઓએ કેટલું બધું ભયંકર રૂપ ધારણ કર્યું છે ?

રામબ્રહ્મ બાબુ સ્વામીજીની વાત સાંભળીને ચકિતજ બની ગયા. છેવટે તેમણે કહ્યું કેઃ—" આપના જેવા, પૂર્વ પશ્ચિમનાં દર્શનોને જાણનારા વિદ્વાનોની આ ભારતવષને અત્યારે ઘણી જરૂર છે. આપના જેવા મહાપુરૂષોજ એકદેશીય પંડિતોની ભૂલો બરાબર બતાવી શકે છે. આપના વિકાસવાદના ક્રમની તદ્દન નવીજ યુકિતઓ સાંભળી મને બહુ આનંદ થયો."

જતી વખતે રામબ્રહ્મ બાબુ દરવાજા સુધી અમને વળાવવા આવ્યા અને સ્વામીજીને સત્કારપૂર્વક વિદાયગીરી આપી. પ્રસંગ મળે તો ઉકત વિષય સંબંધી ચર્ચા કરવા મઠમાં આવવાનો નિશ્ચય પણ રામબ્રહ્મ બાબુએ સ્વામીજી પાસે જાહેર કર્યો; પણ ત્યાર બાદ રામબ્રહ્મ બાબુને સ્વામીજી સાથે કોઇ વખત વાર્ત્તાલાપ થયો હોય એવો પ્રસંગ જાણવામાં નથી; કારણ કે ઉક્ત બનાવ પછી થોડાજ વખતમાં રામબ્રહ્મ બાબુ સ્વર્ગવાસ પામ્યા.

સ્વામી યોગાનંદ સાથે શિષ્ય ટ્રામમાં બેસી રાત્રે પ્રાયઃ નવ વાગે બાગબજારમાં આવી પહોંચ્યો. સ્વામીજી ઘણું કરીને પંદર મિનિટ પહેલાંજ આશ્રમમાં આવી પહોંચ્યા હતા. અર્ધા કલાક પછી અમે સર્વ જ્યાં બેઠા હતા ત્યાં બેઠકખાનામાં તેઓ પધાર્યા. તે વખતે સ્વામી યોગાનંદ, સ્વ. શરચ્ચંદ્ર સરકાર, શશિભૂષણ, ઘોષ (ડૉકટર), બિપિનવિહારી ઘોષ (ટૉકટર) તથા શાન્તિરામ ઘોષ વગેરે પરિચિત બન્ધુઓ તેમજ સ્વામીજીના દર્શનાર્થે આવેલા બીજા પણ પાંચ છ જણ હાજર હતા. સ્વામીજીએ રામબ્રહ્મ બાબુ પાસે પશુશાળામાં વિકાસવાદના ક્રમની જે અપૂર્વ વ્યાખ્યા કરી હતી, તે વ્યાખ્યા વિશેષ સ્પષ્ટપણે સાંભળવાને સૌ કોઇ બહુ ઉત્સુક હોવાથી, સ્વામીજી પધાર્યા કે તુરતજ શિષ્યે એ પ્રસંગ કહાડયો.

શિષ્યઃ—મહાશય, પશુશાળામાં ક્રમવિકાસ સંબંધે આપે જે કહ્યું તે અમે બરાબર સમજી શકયા નથી. બીજી વખત સમજાવવાની કૃપા કરશો ?

સ્વામીજીઃ—કેમ, શું ન સમજાયું ?

મનની સાથે સંગ્રામ કરી શકે તેજ મનુષ્ય.

શિષ્યઃ—આપે પોતેજ અમને ઘણીવાર કહ્યું છે કે બહારની શકિતઓ સાથે સંગ્રામ કરવાની શકિત હોવી એજ જીવનનું ચિહ્ન તથા ઉન્નતિની સીડી છે. આજે તો આપ બરાબર એથી વિરૂદ્ધજ બોલ્યા !

સ્વામીજીઃ—વિરૂદ્ધ નથી. તું સમજી શકયો નહિ એટલે વિરૂદ્ધ લાગે છે. પશુવર્ગમાં આપણે ખરેખરજ જીવનસંગ્રામ, યોગ્યતમનો વિજય વિગેરે નિયમો સ્પષ્ટરીતે જોઇ શકીએ છીએ. એટલા માટે ડારવીનનો મત કેટલેક અંશે સત્ય

હોવાનો આભાસ થાય છે; પરન્તુ મનુષ્યસૃષ્ટિમાં જ્યાં જ્ઞાનબુદ્ધિનો વિકાસ હોય છે ત્યાં એ નિયમની વિરૂદ્ધજ કામ થાય છે. જેઓને આપણે વાસ્તવિક મહાન પુરૂષો અથવા આદર્શ પુરૂષો માનીએ છીએ તેમનામાં બાહ્ય જીવનસંગ્રામ બિલકુલ નજરે પડતો નથી. મનુષ્ય સિવાયનાં પ્રાણીઓમાં સ્વાભાવિક જ્ઞાનનું બહુ પ્રાબલ્ય હોય છે; પરંતુ મનુષ્ય જેમ જેમ ઉન્નતિ પ્રાપ્ત કરતો જાય છે, તેમ તેમ તેની જ્ઞાનબુદ્ધિ વધારે વિકાસ પામતી જાય છે; એટલા માટે પશુવર્ગની પેઠે બુદ્ધિમાન માનવસમાજ બીજાઓનો ધ્વંસ કરીને ઉન્નતિ પ્રાપ્ત કરી શકે નહિ. મનુષ્યોનો સર્વશ્રેષ્ઠ પૂર્ણ વિકાસ એક માત્ર ત્યાગથીજ સિદ્ધ થઇ શકે છે. જે મનુષ્ય બીજાની ખાતર જેટલે અંશે ત્યાગ અથવા ભોગ આપી શકે, તેટલેજ અંશે તે મનુષ્યોમાં વિશેષ મહત્તા પ્રાપ્ત કરી શકે. આથી બરાબર ઉલટું પશુઓમાં બને છે. નીચ જાતિનાં પ્રાણીઓમાં જે પ્રાણી બીજાં પ્રાણીઓનો જેટલે અંશે ધ્વંસ-નાશ કરી શકે તેટલેજ અંશ તે પશુજાતિમાં વધારે બળવાન ગણાય છે. સારાંશ એટલોજ છે કે જીવનસંગ્રામવાદ બન્ને રાજ્યોમાં—પશુરાજ્ય અને મનુષ્યરાજ્યમાં એક સરખોજ ઉપયોગી ગણી શકાય નહિ. મનુષ્યોનો સંગ્રામ મનની સાથે હોય છે, મનને જે કોઇ જેટલે અંશે અંકુશમાં આણી શકે તેટલે અંશે તે મહાન્ પુરૂષ ગણાય; અને મનને સંપૂર્ણ વૃત્તિરહિત બનાવી દેવાથી આત્માનો વિકાસ થાય છે, એ વાત અગાઉ ઘણીવાર કહી ગયો છું. મનુષ્ય સિવાયનાં પ્રાણીઓમાં સ્થૂલ દેહના સંરક્ષણ માટે જે સંગ્રામ ચાલે છે, તેવોજ સંગ્રામ મન ઉપર અંકુશ સ્થાપવાને અથવા હૃદયની વિશુદ્ધિ પ્રાપ્ત કરવાને માટે માનવજગતમાં સદાકાળ ચાલતો હોય છે. એક જીવતા વૃક્ષમાં અને તળાવમાં પડેલા વૃક્ષના પ્રતિબિંબમાં જેટલો ફેર છે તેટલોજ ફેર મનુષ્યવર્ગમાં અને ઇતર પ્રાણીવર્ગમાં ચાલતા સંગ્રામ વચ્ચે છે. મતલબ કે બન્નેના પ્રયત્નો તદ્દન વિરૂદ્ધ પ્રકારનાંજ છે.

શરીર મજબૂત ન હોય તો મનની સાથે સંગ્રામ કોણ કરે?

શિષ્યઃ—તો પછી આપ અમને શારીરક ઉન્નતિ પ્રાપ્ત કરવા વખતો વખત શા માટે ભલામણ કરો છો?

સ્વામીજીઃ——તમે મનુષ્યો છો, એમ કોણ કહે છે? માત્ર જરા બુદ્ધિ છે એટલુંજ. દેહ બળવાન ન હોય તો પછી મનની સાથે સંગ્રામ કરવાને તૈયારજ કોણ થાય? તમે લોકોએ જગતની બીજી પ્રજાઓએ પ્રાપ્ત કરેલો શરીરનો પૂર્ણ વિકાસ શું પ્રાપ્ત કર્યો છે? આહાર, નિદ્રા, ભય અને મૈથુન સિવાય તમારી પાસે બીજું છેજ શું? હજી છેક જનાવર જેવા નથી બની ગયા એજ તમારૂં સદ્‌ભાગ્ય છે! ગુરૂદેવ કહેતા કે:—**“જેનામાં આત્મબળ હોય તેજ મનુષ્ય.” તમે લોકો તો જન્મ-મરણની સાક્ષી આપવા અને સ્વદેશવાસીઓની**

ઈર્ષ્યા કરવા માટેજ જન્મ્યા છો. વિદેશીઓના પણ શું તમે ઓછા તિરસ્કારપાત્ર બન્યા છો ? તમે પશુઓ છો એટલાજ માટે તમને સંગ્રામ કરવાનું કહેતો આવ્યો છું. તમારી થીઅરી-બીઅરીને હમણાં એક બાજુએ રહેવા દો, અને તમારાં રોજનાં કાર્યો તથા વ્યવહારો કેવી રીતે ચાલે છે, વિષેજ શાંતભાવે વિચાર કરી જુવો; એટલે તમે પશુ અને મનુષ્યની અવસ્થાની વચમાંજ જીવો છો એમ તમને લાગે છે કે નહિ ? માટે સૌ પહેલાં શરીરને તૈયાર કરો. શરીર સારૂં હશે તોજ મન ઉપર અંકુશ રહી શકશે. **नायमात्मा बलहीनेन लभ्यः**—આત્મપ્રાપ્તિ નિર્બળ મનુષ્યોને માટે અશકય છે, એ વાકય નથી સાંભળ્યું ?

"બળહીન" નો અર્થ.

શિષ્ય:—મહાશય, બળહીનનો અર્થ ભાષ્યકારે તો "બ્રહ્મચર્યરહિત" એવો કર્યો છે.

સ્વામીજી:—તેથી શું થયું ? હું કહું છું કે દુર્બળ શરીરવાળાઓથી આત્માનો સાક્ષાત્કાર થઇ શકે નહિ.

શિષ્ય:—પરંતુ ઘણા સબળ શરીર ધરાવનારાઓ બુદ્ધિમાં તો જડ જેવા જોવામાં આવે છે તેનું કેમ ?

સ્વામીજી:—પણ એવા સબળ મનુષ્યોને જો એક વિચાર એક વખત ઠસાવી દેવામાં આવે તો પછી એટલું તો ચોક્કસ છે કે તે વિચારને તે કાર્યમાં પરિણત કર્યા સિવાય કોઇ કાળે ન રહે. તમારા જેવા હીનવીર્ય માત્ર સમજીને બેસી રહે છે તેમ સબળ મનુષ્ય ભલે જડબુદ્ધિવાળો હોય તોપણ સમજ્યા પછીથી બેસી તો નજ રહે. તે સિવાય નિર્બળ શરીરમાં કામ ક્રોધ પણ ઓછો જુલમ વર્તાવતા નથી. દુર્બળ અને રોગી મનુષ્યો બહુ જલદીથી ગુસ્સે થઇ જાય છે અને બહુ જલદીથી કામવૃત્તિને વશ થઇ જાય છે તેનું શું કારણ ? "કમ જોર અને ગુસ્સા બહોત" એમ કહેવાય છે તેનો પણ એ આશય છે કે, જો શરીર બળવાન ન હોય તો મનની સાથે સંગ્રામમાં ઉતરી શકાય નહિ.

શિષ્ય:—પણ ઘણીવાર એ નિયમથી વિરૂદ્ધ પ્રકારનું વર્તન જોવામાં આવે છે.

સ્વામીજી:—તેની કોણ ના કહે છે ? મન ઉપર એકવાર કાબુ આવ્યો એટલે પછી દેહ સબળ હોય કે નિર્બળ હોય તેથી કાંઇ વિશેષ ફેર પડતો નથી. સ્થૂલ રીતે જોતાં દેહ બરાબર ન હોય તો તે આત્મજ્ઞાનનો અધિકારી બની શકે નહિ. ગુરૂદેવ કહેતા કે:—" શરીરમાં લેશ પણ દોષ હોય તો જીવની સિદ્ધિ થવી અશકય છે."

વાત કરતા કરતા સ્વામીજી એટલા બધા જુસ્સામાં આવી ગયા કે હવે તેમની પાસે બીજો પ્રશ્ન મૂકવાનું સાહસ કરવું એ શિષ્યને વ્યાજબી લાગ્યું નહિ.

શિષ્ય તેમના સિદ્ધાંતો સાંભળી સ્થિરતાથી બેસી રહ્યો. થોડી વાર પછી સ્વામીજીએ પોતેજ આનંદની ખાતર, હાજર રહેલા સઘળા ગૃહસ્થોની ખાતર સંબોધીને કહ્યું કેઃ–" પણ બીજી એક વાત સાંભળી ? આજે તમારો ભટ્ટાચાર્ય બ્રાહ્મણ નિવેદિતાનું એઠું ભોજન ખાઇ આવ્યો ! (શિષ્યની તરફ જોઇને) તેનું અડકેલું મિષ્ટાન્ન ખાઇ ગયો એ તો ઠીક; કારણ કે મિષ્ટાન્નમાં અભડાવા જેવું કાંઇ ન હોય; પણ તેનું અડકેલું પાણી તારાથી કેમ પીવાય ?"

શિષ્યઃ––આપની આજ્ઞાનેજ હું તો અનુસર્યો છું. ગુરૂનો હુકમ થાય તો હું સર્વ કાંઇ કરી શકું છું. અલબત, પાણી પીવામાં હું જરા નારાજ હતો, પણ આપે થોડું પીધું એટલે મેં પણ પ્રસાદરૂપે પી લીધું.

સ્વામીજીઃ––આજથી તને તારી જાતિમાંથી રદ બાતલ ગણવામાં આવશે. હવે તને ભટ્ટાચાર્ય બ્રાહ્મણ નહિ માનીએ.

શિષ્યઃ—" ન માનો તો કાંઇ નહિ. આપની આજ્ઞા થાય તો હું ચંડાલને ત્યાં પણ ભોજન કરવાને તૈયાર છું." સ્વામીજી તથા અન્ય સર્વ લોકો શિષ્યની આ વાત સાંભળી હસી પડયા.

વાત ચીતમાં રાત્રિના સાડાબાર વાગી ગયા. શિષ્ય રાત્રે પોતાને ઉતારે આવ્યો તો તે સમયે ઉતારાનાં બારણાં બંધ થઇ ગયાં હતાં. ઘણા સાદ કર્યા પણ કોઇ જાગ્યું નહિ; જેથી દરવાજાની બહારની ઓસરીમાં સૂઇને આખી રાત્રિ પસાર કરી.

કાળચક્રના કઠોર પરિવર્તનથી સ્વામીજી પોતે, સ્વામી યોગાનંદ કે બહેન નિવેદિતા આજે માનવશરીરે આ સંસારમાં નથી ! માત્ર તેમના જીવનની પવિત્ર સ્મૃતિઓ રહી ગઈ છે ! શિષ્ય આજે તે મધુર સ્મરણોનો સહેજસાજ ઉલ્લેખ કરી પોતાને ભાગ્યશાળી સમજે છે.

પ્રસંગ ૨૨ મો.

(સ્થાન–બેલુડ, ભાડાવાળું મકાન. ઈ. સ. ૧૮૯૮.)

બેલુડમઠને અદ્વિતીય ધર્મક્ષેત્ર બનાવવાની ભાવના.

આજે પ્રાયઃ બે વાગે બપોરે શિષ્ય પગે ચાલીને મઠમાં આવ્યો છે. નવા મઠને માટે જગ્યા ખરીદ કરવામાં આવી હતી, તે નીલાંબર બાબુના બગીચાથી થોડે દૂર હતી. સ્વામીજી વગેરે ચાર વાગતાં સાંજે તે તરફ ફરવા ગયા. અત્યારે જે સ્થાન બેલુડમઠના નામથી પ્રસિદ્ધ છે તે સ્થાન તે વખતે જંગલ જેવું હતું.

ઉત્તર તરફ એક નાની ઓરડી હતી તેના ઉપર સમારકામ કરાવી તથા બીજો કેટલોક ફેરફાર કરાવી વર્તમાન મઠ તૈયાર કરવામાં આવ્યો છે. મઠ માટેની જગ્યા જેણે ખરીદ કરી હતી તે ગૃહસ્થ પણ સ્વામીજી સાથે થોડે દૂર સુધી આવી પાછા ફર્યા. શિષ્યની સાથે મઠવાળી જગ્યા ઉપર ફરતાં ફરતાં સ્વામીજીએ ભાવી મઠના ઉદ્દેશો તથા નિયમો વિષે પોતાના વિચારો જણાવ્યા.

પૂર્વ તરફના વરંડામાં પહોંચ્યા ત્યારે સ્વામીજીએ કહ્યું કેઃ—“સાધુઓને રહેવાને માટે આજ સ્થાન ઉપયુક્ત છે. મારો અભિપ્રાય એવો છે કે આખી દુનિયામાં આ મઠને સાધન–ભજન તથા જ્ઞાનચર્ચાનું એક મુખ્ય કેન્દ્રસ્થાન બનાવવું. આ સ્થળેથી શક્તિનો જે પ્રવાહ છૂટે તે પ્રવાહ સમસ્ત જગતમાં પ્રસરી જવો જોઇએ. મનુષ્યોની વર્તમાન જીવનસ્થિતિમાં પરિવર્તન કરી દેવું એજ આ મઠનો મુદ્રાલેખ થશે. જ્ઞાન, ભક્તિ, યોગ અને કર્મની એકતાવાળા જનહિતકર ઉચ્ચ આદર્શો આ સ્થળેથીજ ઉદ્ભવે એવી યોજના થશે. એક વખત ભવિષ્યમાં એવો પણ આવશે કે જ્યારે આ મઠવાસી પુરૂષોના ઇસારા માત્રથી દિગ્દિગંતમાં પ્રાણનો સંચાર થવા લાગશે. યથાર્થ ધર્માભિમાનીઓ પ્રેમથી પરસ્પર ભેટે તે માટે આ સ્થળજ વખત જતાં અનુકૂળ થઈ પડશે. આ પ્રમાણે કોણ જાણે મને કેટલીએ કલ્પનાઓ થયા કરે છે.”

બ્રહ્મચારીઓને કેવું શિક્ષણ આપવું?

“મઠની દક્ષિણ દિશામાં જે જમીન તું જુએ છે ત્યાં વિદ્યાનું કેન્દ્રસ્થાન સ્થાપાશે. વ્યાકરણ, દર્શન, વિજ્ઞાન, કાવ્ય, અલંકાર, સ્મૃતિ, ભક્તિશાસ્ત્ર અને રાજકીય ભાષાનું શિક્ષણ પણ એજ સ્થાને આપવામાં આવશે. પ્રાચીન ગુરૂકુળના ધોરણે એ વિદ્યામંદિરનું કામકાજ ચલાવવામાં આવશે. બાલ બ્રહ્મચારીઓ ત્યાં રહીને શાસ્ત્રોનો અભ્યાસ કરશે. બ્રહ્મચારીઓને ખાવા પીવાની અને રહેવાની દરેક અનુકૂળતા આ મઠ તરફથી કરી આપવામાં આવશે. પાંચ વર્ષની શિક્ષાપ્રાપ્તિ પછી જે બ્રહ્મચારીઓને લગ્ન કરવાં હશે તેઓ લગ્ન કરી સંસારી બનશે; અને સંન્યાસ ગ્રહણ કરવાની જેમની ઇચ્છા હશે તેમને મઠના મહાપુરૂષની સંમતિ મળશે તો સંન્યાસ પણ આપવામાં આવશે. બ્રહ્મચારીઓમાં જો કોઇ ઉચ્છૃંખલ તથા દૂષિત ચારિત્ર્યવાળો જણાશે તો મઠના અધિકારી તેને બહાર કાઢી મૂકશે. અહીં જાતિનો કે વર્ણનો કોઇ પ્રકારે ભેદભાવ રાખવામાં આવશે નહિ; તે સંબંધે જેમને કાંઇ વાંધો હશે તેમને મૂળથીજ દાખલ કરવામાં નહિ આવે. છતાં પોતાની જાતિ તથા વર્ણાશ્રમના નિયમો વગેરે પાળીને અધ્યયન કરવાની જેમની ઇચ્છા હશે તેમને ખાનપાનનો બંદોબસ્ત પોતાના તરફથી જૂદો કરી લેવો પડશે. બાકી અધ્યયનમાં તો કોઇ જાતનો ભિન્નભાવ રાખવામાં આવશે નહિ. બ્રહ્મચારીઓના ચરિત્ર

સંબંધે મઠાધિકારી બહુ બારિક તપાસ રાખશે. એવો પણ એક નિયમ બનાવવો કે જેઓ અહીંયાં શિક્ષિત થયા નહિ હોય તેમને સંન્યાસના અધિકારી લેખવામાં આવશે નહિ. આ પ્રમાણે જ્યારે મઠના કાર્યનો આરંભ થશે ત્યારે કેવો આનંદ મળશે? કહે જોઇએ !!"

શિષ્ય:—પ્રાચીનકાળમાં ગુરૂગૃહે જેવાં બ્રહ્મચર્યાશ્રમો હતાં તેવાંજ બ્રહ્મચર્યાશ્રમો ફરીથી સ્થાપવાનો આપનો ઉદ્દેશ હોય તેમ જણાય છે.

સ્વામીજી:—હાજ તો. વર્તમાનકાળે જે પદ્ધતિએ શિક્ષણ અપાય છે તે પદ્ધતિથી બ્રહ્મવિદ્યાનો વિકાસ થાય એવો લેશ પણ સંભવ નથી. પ્રથમના જેવાજ બ્રહ્મચર્યાશ્રમોની પુનઃ સ્થાપના થવી જોઇએ. છતાં અત્યારે તેના પાયાની સ્થાપના ઉદારભાવ ઉપર થવી જોઇએ, અર્થાત્ પૂર્વની આશ્રમપદ્ધતિમાં પણ કાળોપયોગી કેટલાક સુધારા વધારા દાખલ કરવા જોઇએ. અસ્તુ, તે બધું વખત જતાં બના રહેશે.

બ્રહ્મચારીઓ દીન અને દુઃખીઓની સેવા કરશે.

પુનઃ સ્વામીજી બોલવા લાગ્યા:—"મઠની દક્ષિણ બાજુની જમીન વહેલે મોડે આપણે ખરીદવી પડશે; કારણ કે ત્યાં એક અન્નક્ષેત્ર સ્થાપવાની કદાચ જરૂર પડશે. તેજ સ્થળે દીન-દુઃખીઓને ઇશ્વરરૂપે માની સેવા સુશ્રુષા કરવાનો પણ બંદોબસ્ત કરવામાં આવશે. એ અન્નક્ષેત્રની પ્રતિષ્ઠા શ્રીરામકૃષ્ણપરમહંસના સ્મરણ તરીકે થાય તો ઠીક, એમ મને લાગે છે પૈસા વહેલા એકત્ર થઇ જાય તો અન્નક્ષેત્રની સ્થાપના તો સૌ પહેલાં કરી દેવી, અને બે-ત્રણ માણસો રાખી કાર્યારંભ પણ કરી દેવો. ઉત્સાહી બ્રહ્મચારીઓને આ અન્નક્ષેત્રની વ્યવસ્થા કરવાનું શિક્ષણ મળે તેવી પણ યોજના કરવી. ગમે ત્યાંથી ભિક્ષા માગીને આ અન્નક્ષેત્રનો નિભાવ તો કરવોજ. બ્રહ્મચારીઓ દેશ-પરદેશમાં ફરી અન્નક્ષેત્રને ચિરસ્થાયી બનાવે તે માટે તેમને કાર્યની દિશા બતાવી દેવી જોઇએ. આ પ્રમાણે પાંચ વર્ષ સુધી એક બ્રહ્મચારી સેવાભાવનું શિક્ષણ લે, ત્યારપછી વિદ્યામંદિરની શાખામાં પ્રવેશ કરવાનો અધિકાર તે પ્રાપ્ત કરી શકે; એવો નિયમ બનાવવામાં આવશે. સેવાભાવના પાંચ વર્ષ અને વિદ્યાપ્રાપ્તિનાં પાંચ વર્ષ એવી રીતે જ્યારે દશ વર્ષનો અભ્યાસ પૂરો થશે ત્યારે મઠાધિકારીદ્વારા દીક્ષિત થઇ એક વિદ્યાર્થી સંન્યાસ આશ્રમમાં પ્રવેશ કરી શકશે. અલબત, તે દીક્ષા લેનાર અધિકારી ઉચ્ચ સદ્ગુણવાળો અને મઠાધિકારીની આજ્ઞામાં રહેનારો હોવોજ જોઇએ. દશ વર્ષ સુધી જેણે સેવાભાવનું તથા વિદ્યાશાળાનું શિક્ષણ ન લીધું હોય છતાં સંન્યાસને માટે યોગ્ય હોય, તો મઠાધિકારીની આજ્ઞાનુસાર તેને દીક્ષા આપવામાં કોઇ જાતનો વાંધો લેવાશે નહિ. માત્ર સાધારણ બ્રહ્મચારીઓને માટે ઉપલા નિયમનો અમલ કરવોજ જોઇએ. મારા મગજમાં આવા આવા વિચારો કેમ આવ્યા કરતા હશે?"

શિષ્યઃ—મહાશય, એ પ્રકારે એકજ મઠમાં ત્રણ શાખાઓ સ્થાપન કરવાની શી જરૂર છે?

સ્વામીજીઃ—એટલું પણ ન સમજ્યો? સૌ પહેલું અન્નદાન, ત્યારપછી વિદ્યાદાન અને છેવટે જ્ઞાનદાન; આ ત્રણે ભાવોની એકત્રતા આ મઠમાં થાય તેમ આપણે કરવું પડશે. અન્નદાન માટે બ્રહ્મચારીઓ પાસે પ્રયત્નો કરાવીશું એટલે બ્રહ્મચારીઓ પરાર્થે કર્મ કરવાની તત્પરતાવાળા બનશે; એટલુંજ નહિ પણ પ્રત્યેક મનુષ્ય એ સાક્ષાત્ પરમાત્મા છે, એમ સમજીને વિદ્યાર્થીઓ તેમની સેવા કરવા લાગશે. આમ પરસેવાની ભાવના દૃઢ થશે એટલે ધીમે ધીમે તેમનું ચિત્ત નિર્મળ બનશે અને તેમાંથી હૃદયની વિશુદ્ધિ પણ સ્વાભાવિક રીતેજ સ્ફુરવા પામશે. છેવટે બ્રહ્મચારીઓ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી સંન્યાસ આશ્રમમાં પ્રવેશ કરવાનો પણ અધિકાર મેળવી શકશે.

શિષ્યઃ—જ્ઞાનદાનજ જો શ્રેષ્ઠ હોય તો પછી અન્નદાન અને વિદ્યાદાન માટે શાળાઓ સ્થાપવાનું શું પ્રયોજન છે?

અન્નદાનની ઉપયોગિતા.

સ્વામીજીઃ—હજીસુધી મારો આશય તું સમજી શક્યો નહિ. સાંભળ, અત્યારે જ્યારે અન્નને માટે લોકોમાં હાહાકાર વર્તવા લાગ્યો છે તે વખતે જો તું દીન-દુઃખીઓની સેવા કરવા, ભીખ માગીને પણ તેમને બે મુઠી અન્ન ખવડાવી શકીશ તો તેથી જીવ, જગત અને તારૂં પોતાનું કલ્યાણ તો થશેજ; તેની સાથે તારૂં સત્કાર્ય જોઇ બીજા અનેક મનુષ્યો તારા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા થશે; અને તારા ઉપર વિશ્વાસ મૂકી કામ-કાંચનમાં મુંઝાઇ પડેલા સંસારી જીવો પણ તને મદદ આપવા બહાર પડશે. તું વિદ્યાદાન અને જ્ઞાનદાનથી જેટલા લોકોનું આકર્ષણ કરી શકીશ, તેનાથી એક હજારગણું વધારે આકર્ષણ માત્ર અન્નદાનથી કરી શકીશ; એ વાત ખાત્રીપૂર્વક માનજે. છુટે હાથે દીન-દુઃખીઓને અન્નદાન આપવાથી અને તેઓની સેવા કરવાથી તું જેટલી જાહેર દિલસોજી મેળવી શકીશ, તેટલી બીજા કોઇ કાર્યમાં મેળવી શકીશ નહિ. **શુભ કાર્યમાં મનુષ્યો તો શું પણ સ્વયં પ્રભુ પણ સહાયક બને છે.** આ પ્રમાણે એક વખત લોકો આકર્ષાયા એટલે પછી બહુજ સહેલાઇથી તું વિદ્યાદાન અને જ્ઞાનદાન માટે યોગ્ય તૈયારીઓ કરી શકીશ. અન્નદાનને હું અગ્રસ્થાન આપું છું તેનું કારણ હવે સમજાયું ને?

શિષ્યઃ—મહાશય, અન્નક્ષેત્રની સ્થાપના કરવા જઇએ તો પ્રથમ સ્થાનની જરૂર પડે, ત્યારપછી તેને માટે મકાન તૈયાર કરવું જોઇએ, એટલુંજ નહિ પણ કાર્યની શરૂઆત કરતાં પૈસાની પણ પૂરતી સગવડ જોઇએ. આ સર્વ તૈયારીઓ કેવી રીતે કરવી?

સ્વામીજીઃ—મઠની દક્ષિણ દિશામાં એક નાની ઝુંપડી તને તૈયાર કરાવી આપું છું. તું કાલથી એક બે આંધળા, અપંગ અને ભૂખે મરતા મનુષ્યોને શોધી લાવી ત્યાં તેમની સેવા કરવા લાગી જા. તું પોતે ભિક્ષા માગી લાવી, હાથે રાંધીને તેમને ખવાડજે. આ પ્રમાણે થોડા દિવસ સુધી તું દીનોની સેવા કરતો રહીશ તો તું જોઇશ કે હજારો લોકો તને સહાય આપવા બહાર આવ્યા વિના રહેશે નહિ. જે પૈસાને માટે તું આટલી હાય–વૉય કરે છે તે પૈસો પણ પુષ્કળ પ્રમાણમાં મળી રહેશે. "**नहि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति ॥**" એ વાક્ય નથી સાંભળ્યું ?

શિષ્યઃ—તે ખરૂં, પણ આપ કહો છો તે પ્રમાણે જો નિરંતર કર્મજ કર્યા કરૂં તો વખત જતાં મહાન કર્મબંધન થાય તેનું કેમ ?

પરાર્થે કર્મો કરવાં એજ કર્મબંધન ટાળવાનો ઉપાય છે.

સ્વામીજીઃ—કર્મના ફળ તરફ તારી દૃષ્ટિ ન હોય અને સર્વ પ્રકારની કામનાઓ તથા વાસનાઓની પાર પહોંચી જવાની પ્રબળ ઇચ્છા હોય, તો મેં ઉપર કહ્યાં તે સત્કાર્યો તારાં કર્મબંધનોને તોડવામાંજ સહાયક થશે. સત્કાર્યો કરવાથી કર્મબંધન થશે, એમ બોલવું તારે માટે યોગ્ય ન કહેવાય. પરાર્થે કર્મો કરવાં એજ કર્મ-મોચનનો માત્ર એક ઉપાય છે—**नान्यः पन्था विद्यतेयनाय।** એ સિવાય બીજો કોઇ માર્ગજ નથી.

સેવાશ્રમોની વ્યવસ્થા કેવી રીતે થવી જોઇએ ?

શિષ્યઃ—અન્નક્ષેત્ર અને સેવાશ્રમ સંબંધે આપના મનોભાવો આપના મુખથીજ સાંભળવાની બહુ ઇચ્છા રહ્યા કરે છે.

સ્વામીજીઃ—ગરીબ દુઃખીઓને માટે સ્વચ્છ હવા અને પ્રકાશવાળા નાના નાના ઓરડાઓ તૈયાર કરાવવા અને એક એક ઓરડામાં બે ત્રણ જણ સુખ-સગવડથી રહી શકે તે માટે ઉત્તમ બીછાનાની તથા સ્વચ્છ વસ્ત્રોની સગવડ પણ સાથેજ કરવી. દર્દીઓની ખાતર એક ડૉકટરની પણ નીમણુંક કરવી, અને એક અઠવાડીયામાં બે–ત્રણ વાર આવી સર્વની સાર–સંભાળ લઈ જાય એવો બંદોબસ્ત કરવો. અન્નક્ષેત્રની અંદરજ સેવાશ્રમનો વિભાગ રાખવો અને તેમાં રોગીઓની શુશ્રૂષા કરવી. એમ કરતાં કરતાં જ્યારે પૈસાની વૃદ્ધિ થાય ત્યારે એક મોટું રસોડું ખુલ્લું મૂકવું. આ અન્નક્ષેત્રમાંથી "**दीयतां नीयतां भूज्यताम्।**" નો ગંભીર ધ્વનિ એટલા જુસ્સાથી બહાર નીકળશે કે સમસ્ત જગતના કાન સુધી તે નાદ પહોંચ્યા વિના રહેશે નહિ. આશ્રમમાં ભાતનો જથો એટલા બધા મોટા પ્રમાણમાં રંધાશે કે ભાતના અવશિષ્ટ પાણી માત્રથી ગંગાનું પાણી શ્વેત બની જશે. આવી રીતનું અન્નક્ષેત્ર હું જ્યારે જોઇશ ત્યારેજ મારો આત્મા શાંત થશે.

શિષ્ય:—આપની ઇચ્છા વખત જતાં સફળ થયા વિના રહેશે નહિ.

શિષ્યની વાત સાંભળી સ્વામીજી ગંગા તરફ એકીટસે જોઈ રહ્યા. ત્યારપછી પ્રસન્નવદને સ્નેહમય શબ્દોમાં શિષ્યને કહ્યું કે:—"તમારી અંદર ભરનિદ્રામાં સૂતો પડેલો આત્મસિંહ ક્યારે જાગૃત થશે તે હું સમજી શકતો નથી. જો તારા જેવા એકજ મનુષ્યની અંદર શક્તિમાતા સહેજસાજ શક્તિ ઉત્તેજિત કરી દે, તો દુનિયામાં આવાં એક નહિ પણ અસંખ્ય અન્નક્ષેત્રો હું સ્થાપી શકું. જ્ઞાન, શક્તિ અને ભક્તિ તે સર્વ વસ્તુઓ પ્રત્યેક જીવમાં સંપૂર્ણરૂપે રહેલી છે એ વાત તમે ક્યારે સમજવા લાગશો? અમુક મનુષ્યને મહાન અને અમુક મનુષ્યને નીચ માનવામાં આવે છે તેનું કારણ એટલુંજ હોય છે કે, મહાન પુરૂષમાં આત્મા વધારે વિકાસ પામ્યો હોય છે; જ્યારે નીચ મનુષ્યમાં આત્મા આવરણોથી ઢંકાએલો હોય છે. જીવોના આંતરભાગમાં એક એવો પડદો છે કે જે પડદાને લીધે મનુષ્યની આત્મશક્તિઓ બહાર પ્રકટી શકતી નથી. આ પડદો જેવો દૂર થયો કે તુરતજ મનુષ્ય જે કાંઈ ધારે છે તે કરી શકે છે.

સ્વામીજીની વાત સાંભળી શિષ્ય વિચાર કરવા લાગ્યો કે:–"મારા મનનો પડદો ક્યારે દૂર થશે અને ઈશ્વરનાં દર્શન કરવા હું ક્યારે ભાગ્યશાળી થઈશ?"

મઠને મતભેદોનું નિર્ણાયક ક્ષેત્ર બનાવવાની ભાવના.

સ્વામીજી પુનઃ બોલવા લાગ્યા:—"ઈશ્વરની ઇચ્છા હશે તો આ મઠને એક મહાન્ સમન્વય અર્થાત્ મતભેદનું નિર્ણાયક ક્ષેત્ર બનાવી મૂકીશું. આપણા ગુરૂદેવ સર્વભાવે સમન્વયની મૂર્તિરૂપ હતા. તેમની પાસે કોઇપણ પ્રકારના મતભેદનું નિરાકરણ થયા વિના રહેતું નહિ. આવી સમન્વયની ભાવનાઓનો આપણે જગતમાં પ્રચાર કરી શકીએ તોજ ગુરૂદેવની યથાર્થ પ્રતિષ્ઠા થઇ ગણાય. ચંડાળથી લઇ બ્રાહ્મણ સુધીનાં સર્વ ધર્મવાળાઓ, સર્વ મતવાળાઓ અને સર્વ પંથવાળાઓ અહીંયાં આવીને પોતપોતાને યોગ્ય ઉચ્ચ આદર્શ જોઈ શકે તેવો પ્રયત્ન કરવાની જરૂર છે. તે દિવસે જ્યારે મઠની ભૂમિઉપર ગુરૂદેવની મૂર્તિની પ્રતિષ્ઠા કરી, તે સમયેજ મને લાગ્યું કે જાણે આ ક્ષેત્રમાંથી વિશુદ્ધ ભાવનાઓનો એક એવો મોટો પ્રવાહ બહાર વહી રહ્યો છે કે, સમસ્ત જગત આશ્ચર્યમુગ્ધ બનીને તેને જોઇ રહ્યું છે. હું મારી શક્તિ પ્રમાણે કરૂં છું અને કરીશ; પરન્તુ તું પણ તારા ગુરૂદેવની ઉદાર ભાવનાઓ લોકોને સમજાવી દે. કેવળ વેદાંત જાણી જવાથી કોઈનું શું કલ્યાણ થવાનું હતું? નિત્યના કર્મમય જીવનમાં જ્યારે શુદ્ધ અદ્વૈતવાદની સભ્યતા સિદ્ધ કરી શકીએ, ત્યારેજ આપણો શાસ્ત્રપાઠ સફળ થયો લેખાય. શંકરાચાર્યે જે અદ્વૈતવાદને જંગલોમાં અને પહાડોમાં ઉછેર્યો છે, તેને ત્યાંથી ભર સંસારમાં લાવી સમાજના સર્વ ભાગોમાં વહેંચી દેવો, એટલાજ ખાતર મારો

આ જન્મ છે. ઘરે ઘરે, મઠે મઠે, પર્વતે પર્વતે અને જંગલે જંગલે આ અદ્વૈતવાદના દુન્દુભિનો વિજયઘોષ કરી લોકોને જાગૃત કરીશ. તમે લોકો અમને સહાયક થાઓ, એજ મારી ઇચ્છા છે.”

આત્માના અનુભવમાં નિરંતર તલ્લીન રહેવું તે પણ એક સ્વાર્થજ છે.

શિષ્ય:—મહાશય, ધ્યાનની સહાયતાથી એકવાર અનુભૂતિ કરી તેના આનંદમાં તલ્લીન રહ્યા કરવું એ દશા મને બહુ ગમે છે; આડાંઅવળાં કામોમાં મને કાંઇ રસ પડતો નથી.

સ્વામીજી:—અનુભૂતિમાં નિરંતર બેસી રહેવું એ તો એક પ્રકારની જડતા જેવું છે. ઘણાં મનુષ્યો નિશો કરી અચેતન જેવા બની જાય છે, તેના જેવીજ દશા શું તું પણ ઇચ્છે છે? અદ્વૈતવાદની પ્રેરણાથી ક્વચિત્ ક્વચિત્ તાંડવનૃત્ય કરતાં પણ શિખો. સારી વસ્તુ મળી એટલે એકલા ખૂણામાં જઇ તે ખાઇ લેવી એમાં શું આનંદ છે? **આપણી સારી વસ્તુથી બીજા દશ માણસોને આનંદ મળી શકે તોજ આપણને વસ્તુ પ્રાપ્ત થઇ તે સાર્થક ગણાય.** ધાર કે કદાચ તને આત્માનો અનુભવ થયો અને તું મુક્ત થઇ ગયો; તોપણ તેથી જગતને શું લાભ થયો? ત્રણે જગતના લોકોને મુક્ત કર્યા પછી સર્વને સાથે લઇ મુક્ત થઇએ ત્યારેજ આપણે આપણું કર્તવ્ય બજાવ્યું કહેવાય. માયાના રાજ્યમાં અગ્નિ મૂકી દેશો તો નિત્યસત્ય આપોઆપજ પ્રકાશવા લાગશે. એ નિત્યસત્યના પ્રકાશથી જે આનંદ મળે છે તે અનિર્વચનીય અને અનુપમ છે. જીવ-જગતમાં સર્વત્ર તારી પોતાનીજ સત્તા જોઈ તું ચકિત બની જઇશ. સ્થાવર જંગમ વગેરે જેટલી વસ્તુઓ છે તે સર્વ તારી પોતાની સત્તાથીજ છે, એમ તને લાગ્યા વિના રહેશે નહિ. આવી રીતે જ્યારે તને સર્વત્ર તારી પોતાનીજ સત્તા જણાશે ત્યારે તું તેમને સંપૂર્ણ પ્રેમથી ભેટયા વિના કેમ રહી શકીશ? આ અવસ્થાનેજ કર્મની અંદર વેદાન્તનો અનુભવ કહે છે. સમજ્યો ને? તે બ્રહ્મ વસ્તુતઃ એક હોવા છતાં વ્યાવહારિકભાવે બહુરૂપે આપણને દૃષ્ટિગોચર થાય છે. નામ અને રૂપ એજ વ્યવહારમાં મૂળભૂત છે. દાખલા તરીકે એક ઘડો છે, તેમાંથી તેનું નામ અને રૂપ બાદ કરી નાખ, અને પછી તને શું જણાય છે તે કહે. માત્ર માટી અથવા ઘટની યથાર્થ સત્તા. તેજ પ્રમાણે ભ્રમવશ ઘટ, પટ, મઠ વગેરે દેખાય છે તેમજ અનુભવાય છે. જ્ઞાનનું પ્રતિબન્ધક જે અજ્ઞાન છે, અને વળી જેની લેશ પણ યથાર્થ સત્તા છેજ નહિ, તેને આશ્રયેજ આપણો સઘળો વ્યવહાર ચાલે છે. કેટલું બધું આશ્ચર્ય છે? માતા, પુત્ર, દેહ, મન વગેરે જે કાંઇ છે તે માત્ર નામ-રૂપની સહાયથીજ અજ્ઞાનની સૃષ્ટિમાં આપણે જોઇએ છીએ. બાકી અજ્ઞાનનું આવરણ જેવું દૂર થયું કે તુરતજ બ્રહ્મ-સત્તાની જ્યોતિ પૂર્ણ

પ્રકાશથી ઝળહળવા લાગશે.

અજ્ઞાનનો પ્રભાવ.

શિષ્ય:—એ અજ્ઞાન ક્યાંથી આવ્યું ?

સ્વામીજી:—ક્યાંથી આવ્યું તે વાત પાછળથી કહીશ. તું આ દોરીને સાપ માની એકદમ દોડવા લાગે તો શું દોરી પણ સાપ બની જાય ખરી ? નહિજ. તારી અજ્ઞાનતાએજ તને બીવરાવી ત્યાંથી નસાડયો, એમ માનવું યોગ્ય નથી શું ?

શિષ્ય:—અમુક પ્રકારની અજ્ઞતામાંથીજ મારૂં એ વર્તન ઉદ્ભવ્યું હતું એમ કહું તો ?

સ્વામીજી:—વિચાર કરી જો કે જ્યારે તું દોરીને દોરીરૂપે ઓળખીશ ત્યારે શું તને તારી પ્રથમની અજ્ઞાનતાને માટે હસવું નહિ આવે? તે વખતે તને નામ–રૂપ મિથ્યા જણાયા વિના રહેશે કે નહિ ?

શિષ્ય:—તે બનવા જોગ છે.

સ્વામીજી:—બસ, નામ–રૂપ મિથ્યારૂપે પ્રતીત થયાં એટલે બ્રહ્મસત્તાજ એક માત્ર સત્ય છે, એવી અનુભૂતિ થયા વિના નહિ રહે. બ્રહ્મના સ્વરૂપનું લેશ માત્ર પરિવર્તન આટલી અનંત વિચિત્રતાઓમાં પણ થયું નથી. અજ્ઞાનનો અંધકાર તારા પોતાનામાં છે એટલેજ આ મારૂં, આ પારકું, આ મારો પુત્ર, આ મારી પત્ની, એવા મિથ્યામોહમાં મુંઝાઇ રહ્યો છે; પણ જ્યારે ગુરૂના ઉપદેશથી અને તારા આત્માના વિશ્વાસથી આ નામ–રૂપાત્મક જગતને દેખતો બંધ પડીશ અને તેને બદલે તેની મૂલસત્તાનોજ અનુભવ કરવા લાગીશ, ત્યારે બ્રહ્માંડના સકળ પદાર્થોમાં તને આત્માનુભૂતિ થયા વિના રહેશે નહિ. **भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः।**” એ અવસ્થા તેજ વખતે પ્રાપ્ત થશે.

વસ્તુત: અજ્ઞાન છેજ ક્યાં.

શિષ્ય:—મહાશય, એ અજ્ઞાનના આદિ તથા અંત વિષે કાંઇક સાંભળવાની ઇચ્છા છે.

સ્વામીજી:—જે અમુક કાળ પછી રહેતી નથી તે મિથ્યાજ છે, એ વાત હજી પણ ન સમજી શક્યો ? જે બ્રહ્મજ્ઞ હોય છે તે તો એમજ કહે છે કે:—“અજ્ઞાન છેજ ક્યાં ?” હું આગળ કહી ગયો તેમ તેવા પુરૂષો દોરીને દોરીજ માને છે, તારી માફક સર્પ માની ભયભીત થઇને નાસી જતા નથી; એટલુંજ નહિ પણ તને ભય પામતો જોઇ જ્ઞાની પુરૂષો ઉલટા તારી દયા ખાય છે. સારાંશ એ છે કે અજ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપજ નથી. અજ્ઞાનને સત્ પણ કહેવાય નહિ અને અસત્ પણ કહી શકાય નહિ. કહ્યું છે કે “**सन्नाप्यसन्नाप्युभयात्मिकान्ते।**” જે વસ્તુ આ પ્રમાણે મિથ્યારૂપે સિદ્ધ થાય છે તેના સંબંધમાં પ્રશ્ન

પણ ન હોય, તેમજ ઉત્તર પણ ન હોય, એ સ્વાભાવિકજ છે. પ્રશ્ન કેમ ન હોય તેનું કારણ સમજાવું ? આપણે જે પ્રશ્નોત્તર કરીએ છીએ તે પણ નામ–રૂપ દેશ–કાળને આભારી છે. હવે જે બ્રહ્મવસ્તુ નામ–રૂપ દેશ–કાળથી અતીત છે તે વસ્તુને પ્રશ્નોત્તરો કરવાથી કેવી રીતે સમજી શકાય ? એટલાજ માટે શાસ્ત્ર, મંત્ર વગેરે વ્યાવહારિક ભાવે સત્ય હોવા છતાં, પારમાર્થિકરૂપે અસત્ય છે. અજ્ઞાનને પોતાનું સ્વરૂપજ નથી તો પછી તે વિષે બીજાને શી રીતે સમજાવી શકાય ? જ્યારે બ્રહ્મનો પ્રકાશ થશે ત્યારે આવા પ્રશ્નો કરવાની જરૂરજ રહેશે નહિ. અજ્ઞાન જેવું ઓળખ્યું કે તુરતજ તે નાસી જાય છે. ગુરૂદેવ આ વિષે એક વાર્તા કહેતા તે યાદ છે કે ?

શિષ્યઃ—પરંતુ અજ્ઞાન આવ્યું ક્યાંથી ?

સ્વામીજીઃ—જે વસ્તુ નથી, તે વળી ક્યાંયથી આવીજ કેમ શકે ? હોય તો આવે ને ?

શિષ્યઃ—તો પછી આ જીવ–જગતની ઉત્પત્તિ કેવી રીતે થઇ ?

સ્વામીજીઃ—એ તો કહી ગયો કે જગતમાં એક માત્ર બ્રહ્મસત્તાજ વિલસી રહી છે. તેં માત્ર મિથ્યા નામ–રૂપ આપી તેનું રૂપાંતર–નામાંતર કરી દીધું છે એટલુંજ.

શિષ્યઃ—એ મિથ્યા નામ–રૂપ ક્યાંથી અને શા માટે આવ્યું ?

સ્વામીજીઃ—શાસ્ત્રમાં એ નામ–રૂપાત્મક સંસ્કાર અથવા અજ્ઞતાને પ્રવાહરૂપે અનાદિ કહેવામાં આવે છે; છતાં અંતવાન છે. બ્રહ્મસત્તા સર્વદા પ્રથમના દૃષ્ટાંતમાં કહ્યા પ્રમાણે રજ્જુરૂપે, સત્યરૂપે, સ્વસ્વરૂપેજ પ્રકાશી રહી છે; એટલા માટે વેદાન્તશાસ્ત્રે એવો સિદ્ધાંત કર્યો છે કે આ નિખિલ બ્રહ્માંડ બ્રહ્મમાં અધ્યસ્ત છે, ઇન્દ્રજાલવત્ માત્ર ભાસે છે એટલુંજ; બાકી તેનાથી બ્રહ્મના સ્વરૂપમાં લેશ પણ વિલક્ષણતા આવતી નથી, સમજ્યો કે ?

શિષ્યઃ—હજી એક વાત બરાબર સમજાઇ નહિ.

સ્વામીજીઃ—કહી નાખને ત્યારે.

શિષ્યઃ—આપે જે એમ કહ્યું કે આ સૃષ્ટિ, સ્થિતિ અને લય વગેરે બ્રહ્મમાં અધ્યસ્ત છે; અને વસ્તુતઃ તેમનું પોતાનું કાંઇ સ્વરૂપ કે સત્તા નથી તે કેવી રીતે બની શકે, એ હું હજી સમજી શક્યો નથી. જે વસ્તુ પૂર્વે નહોતી તે વસ્તુનો ભ્રમ હોઈજ કેમ શકે ? જેણે કોઇ દિવસ સાપ જોયો ન હોય તેને રજ્જુમાં સાપની ભ્રાન્તિ થઇજ કેમ શકે ? એવીજ રીતે જેણે આ સૃષ્ટિ પૂર્વે જોઇ નથી તેને બ્રહ્મમાં સૃષ્ટિનો ભ્રમ કેવી રીતે હોઇ શકે ? મતલબ કે સૃષ્ટિ પહેલાં હતી અને અત્યારે પણ છે, તેથીજ સૃષ્ટિનો ભ્રમ રહ્યા કરે છે; અને અહીંથીજ દ્વૈતભાવનો આરંભ થાય છે.

સ્વામીજીઃ—બ્રહ્મજ્ઞ પુરૂષો તને પ્રથમ તો એવો નિશ્ચય કરાવશે કે તારી દ્રષ્ટિમાં જે કાંઇ પ્રતિભાસ થાય છે તે વસ્તુતઃ એક માત્ર બ્રહ્મસત્તાજ છે; તું જેને સૃષ્ટિ માની બેઠો છે તેવું કાંઇ છેજ નહિ. તું જે જુએ છે તે રજ્જુ છે, સર્પ નહિ. અગર તું એમ કહીશ કેઃ–"હું તો સૃષ્ટિ અથવા સાપનેજ જોઉં છું," તો તારો તે દ્રષ્ટિદોષ દૂર કરવા તેઓ તને રજ્જુનું સ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન કરશે. જ્યારે તું તેમના ઉપદેશથી અને વિચાર કરવાથી રજ્જુ અથવા બ્રહ્મની સત્તાને ઓળખી શકીશ ત્યારે તેં કહ્યું તેવું ભ્રમાત્મજ્ઞાન અર્થાત્ સર્પજ્ઞાન અથવા સૃષ્ટિજ્ઞાન રહેવા પામશે નહિ. આવી સમજ પડયા પછી, સૃષ્ટિની સ્થિતિ અને લય થવારૂપ ભ્રમજ્ઞાન બ્રહ્મમાં આરોપિત છે એ સિવાય તું બીજું શું કહી શકશે? આ અનાદિ પ્રવાહરૂપ સૃષ્ટિ ચાલીં આવતી હોય તેમ ભલે ચાલ્યા કરે, તેના નિર્ણયથી આપણને કશો લાભ કે અલાભ નથી. બ્રહ્મતત્ત્વનો હથેળીમાં મૂકેલા આમળાની પેઠે અનુભવ ન થાય ત્યાંસુધી આવા પ્રશ્નોનો છેલ્લામાં છેલ્લો નિર્ણય આપણાથી થઇ શકે નહિ; અને જ્યારે બ્રહ્મજ્ઞાન થાય છે ત્યારે તો એવો પ્રશ્ન પણ ઉદ્ભવતો નથી, તેમજ તેના ઉત્તરની પણ જરૂર રહેતી નથી. બ્રહ્મતત્ત્વનો આસ્વાદ **मूकास्वादनवत्**–મુંગાના આસ્વાદન જેવો હોય છે–"મુંગેકા સ્વપ્ના ભયા, સમજ સમજ મુસ્કાય."

શિષ્યઃ—તો પછી અનેક પંડિતો તે વિષે શા માટે વિચારો કરતા હશે?

સ્વામીજીઃ—વિષયને સમજવાની ખાતર વિચાર તો કરવો પડે; પરંતુ સત્ય વસ્તુ તો વિચારની પણ પેલી તરફ છે. કહ્યું પણ છે કે **नैषा तर्केन मतिरापनेया**–તર્ક અને બુદ્ધિ ત્યાંસુધી પહોંચી શકતાં નથી.

આ પ્રમાણે વાર્તાલાપ કરતા કરતા શિષ્ય અને સ્વામીજી મઠમાં આવી પહોંચ્યા. મઠમાં આવ્યા પછી સ્વામીજીએ મઠના સંન્યાસીઓ તથા બ્રહ્મચારીઓને આજનો બ્રહ્મજ્ઞાનનો વિષય સંક્ષેપમાં સમજાવી દીધો. સ્વામીજીથી શિષ્ય જૂદો પડયો ત્યારે સ્વામીજીએ માત્ર એટલુંજ કહ્યું કેઃ–**नायमात्मा बलहीनेन लभ्यः**–**આત્મપ્રાપ્તિ કરવી, એ નિર્બળોનું કે કાયરોનું કામ નથી.**

प्रसंग २३ मो.

(સ્થાન–બેલુડમઠ ચણાવવા સમયે. ઇ. સ. ૧૮૯૯.)

ભારતવર્ષમાં ભાષણો નહિ આપવાનું કારણ.

શિષ્યઃ—સ્વામીજી, આપ આ દેશમાં વ્યાખ્યાન કેમ આપતા નથી? યૂરોપ

અને અમેરિકામાં તો આપે બની શક્યો તેટલો ખળભળાટ કર્યો, પણ હિંદમાં પધાર્યા પછી આપનો તત્સંબંધી ઉદ્યમ અને અનુરાગ કાંઈક ઘટી ગયો હોય તેમ જણાય છે, તેનું કારણ સમજી શકાતું નથી. અમારા ધારવા પ્રમાણે તો પાશ્ચાત્ય દેશો કરતાં આજ દેશમાં અધિક ઉદ્યમ કરવાની જરૂર છે.

સ્વામીજીઃ—સૌ પહેલાં આ દેશમાં હજી ક્ષેત્ર તૈયાર કરવું પડશે. ક્ષેત્ર તૈયાર થાય તોજ બીજમાંથી ફળ પેદા થઈ શકે. પાશ્ચાત્ય ભૂમિ ઘણી ખેડાઇ છે; અને તેથી બીજ વાવવાને માટે તે ઉપયોગી બની છે. તે દેશની પ્રજા અત્યારે વૈભવની પરાકાષ્ઠાએ પહોંચી ચૂકી છે. હવે એ બાહ્ય ભોગોપભોગ તેમના મનને શાંતિ આપી શક્તા નહિ હોવાથી તેમના મનમાં એક પ્રકારની બહુજ અતૃપ્તિ રહ્યા કરે છે. તારા દેશમાં તો નથી ભોગ કે નથી યોગ. ભોગોપભોગમાંથી વાસનાઓની ઉપરામતા થાય ત્યારેજ મનુષ્યો યોગની વાતો તરફ લક્ષ આપે છે. અન્નના અભાવે ભૂખમરાથી જેમનાં શરીરો મુડદાલ જેવાં થઇ ગયાં છે, જેમનું મનોબળ પણ ક્ષીણ થઇ ગયું છે, એવાં રોગી અને દુઃખી ભારતવાસીઓ પાસે લેકચર–ફેકચર આપવાથી શું દી વળવાનો હતો ?

શિષ્યઃ—એમ કેમ કહો છો ? આપેજ અનેકવાર કહ્યું છે કે આ દેશ તો ધર્મની ભૂમિ છે. આ દેશમાંના લોકોના જેટલી સરળતાથી બીજા કોઇ દેશના લોકો ધર્મનું રહસ્ય સમજી શકતા નથી. આવા દેશમાં જો આપ આપની જ્વલંત વક્તૃત્વશક્તિવાળાં વ્યાખ્યાનો શરૂ કરો તો નિષ્ફળ નજ થાય, એમ હું માનું છું.

કૂર્માવતારની પૂજા–કૂર્મ એટલે પેટ.

સ્વામીજીઃ—પણ ધર્મ–કર્મની વાત કરવા પહેલાં કૂર્માવતારની પૂજા થવી જોઇએ, તેની તને ખબર છે ? કૂર્મ એટલે પેટ. જ્યાં સુધી પેટની જ્વાળાઓને તું શાંત કરી શકીશ નહિ, ત્યાંસુધી તારી ધર્મ–કર્મની વાત કોઇ સાંભળશે નહિ. એક માત્ર પેટ ભરવાની ચિંતાથી કેટલા બધા માણસો રાત્રિ–દિવસ હાય–વૉય કરી રહ્યા છે તે તું જોતો નથી ? વિદેશીઓની સાથે હરીફાઇ, વાણિજ્યની અબાધ્ય રાજનીતિ અને તે ઉપરાંત હલકા ગુલામોમાં હોય તેવી પરસ્પર ઇર્ષ્યા; વગેરે કારણોથી તમારાં હાડ–માંસ શોષાઇ ગયાં છે. ધર્મકથા સંભળાવવા પહેલાં લોકોના પેટની ચિંતા દૂર કરવી જોઇએ. તેમ કર્યા વિના લેકચર–ફેકચર કરવાં તે નિરર્થક છે.

શિષ્યઃ—તો હવે અમારે શું કરવું જોઇએ ?

જોઇએ છીએ–થોડા આત્મભોગી યુવકો.

સ્વામીજીઃ—પોતાના **સ્વાર્થનો લેશ પણ વિચાર નહિ કરતાં, બીજાઓના સુખની ખાતર પોતાનો પ્રાણ આપવાને તૈયાર હોય એવા**

કેટલાએક ત્યાગી પુરૂષોની મને બહુ જરૂર છે. હું પોતે એક મઠની સ્થાપના કરી કેટલાએક બાળ સંન્યાસીઓ તૈયાર કરવા માગું છું. તેઓ જ્યારે ભણી-ગણીને તૈયાર થશે ત્યારે લોકોને ઘેરે ઘેર જઇ સર્વને વર્તમાન શોચનીય અવસ્થા સમજાવશે; અને હવે ઉન્નતિ પ્રાપ્ત કરવા શું કરવું જોઇએ તે પણ બતાવી દેશે; તેની સાથે તેઓ ધર્મનાં મહાન્ સત્યો સરળ ભાષામાં સ્વચ્છ જળની માફક લોકોને ગળે ઉતારશે. તમારા દેશનો સાધારણ જનસમાજ કુંભકર્ણના જેવી ઘોર નિદ્રામાં પડયો છે. દેશમાં જે વિશ્વવિદ્યાલયો છે તેમાં પણ સેંકડે એક કે બે મનુષ્યો શિક્ષા પ્રાપ્ત કરી શકે છે. જેઓ કાંઇક વિદ્યા પ્રાપ્ત કરી શકયા છે તેઓ પણ દેશના હિતને અર્થે કાંઇ કરી શકતા નથી. ખરૂં પૂછો તો એવા સુશિક્ષિત ગણાતા યુવકો દેશની ખાતર કરી પણ શું શકે? કૉલેજમાંથી બહાર નીકળવા પામે ત્યાંસુધીમાં તો તે બિચારો કયારનોએ સાત છોકરાનો બાપ બની ચૂકયો હોય છે! પછી તો ગમે ત્યાં એકાદી કલાર્કની કે આસિસ્ટંટની નોકરી મેળવી ધંધે લાગી જવું એજ ચિંતા તેને રહ્યા કરે છે. કેળવણી પ્રાપ્ત કરવી એ તો માત્ર નોકરીનેજ ખાતર હોય તેમ મનાઇ ગયું છે. નોકરીનો અને સંસારનો બોજો પણ એટલો બધો વધી પડયો છે કે ઉચ્ચ વિચારો કે કર્તવ્ય કરવા જેટલો અવકાશ પણ તેમને નથી મળી શકતો. **આ પ્રમાણે જેઓ પોતાનો સ્વાર્થ પણ પૂરો સાધી શકતા નથી, તેઓ પારકાનું કલ્યાણ શી રીતે કરવાના હતા?**

દેશજનોને જાગૃત કરો—કર્તવ્યપરાયણ બનાવો.

શિષ્ય:—ત્યારે હવે અમારે માટે કોઇ ઉપાયજ નથી?

સ્વામીજી:—કેમ નહિ? ઉપાય અવસ્ય છે. આ દેશ સનાતન ધર્મનો દેશ છે. વર્તમાનકાળે અલબત્ત, તે અધ:પતિત થયો છે, છતાં તે પુનઃ ઉઠશે એમાં તો કોઇ જાતનો શક નથી. જ્યારે તે ઉઠશે ત્યારે એવી રીતે ઉઠશે કે જગત તેની જાગૃતિ જોઇને આશ્ચર્ય પામશે. સમુદ્રમાં એક તરંગ જેટલો નીચે જાય છે તેટલાજ જોરથી તે પુનઃ ઉપર આવે છે. આ દેશના સંબંધમાં પણ તેમજ બનશે. પૂર્વ આકાશમાં અરૂણોદય થઇ ચૂકયો છે, હવે સૂર્યોદય થવાનો બહુ વિલંબ નથી. તમારાજેવા યુવકોને માટે કમ્મર કસીને કામ કરવાનો આજ વ્યાજબી સમય છે. બસ કામ કરવા મંડી પડો. સંસારમાં પડવાથી શું કલ્યાણ કરવાના હતા? ગામે-ગામ અને ઘેરે ઘેર ફરીને દેશના લોકોને સમજાવી દો કે હવે ઉંઘમાં પડયા રહેવું તે આપણે માટે કોઇ રીતે શ્રેયસ્કર નથી. શિક્ષાની હીનતા, ધર્મની હીનતા ઇત્યાદિ વર્તમાન અવનતિની વાત તેમને જણાવીને કહો કે:—"**ભાઇઓ, ઉઠો, જાગો, હવે ક્યાંસુધી ઉંઘ્યા કરશો?**" તેની સાથે સાથે ધર્મનાં મહાન્

સત્યો પણ તેમને સમજાવી દો. અત્યાર સુધી બ્રાહ્મણોજ ધર્મનો ઇજારો રાખી બેઠા હતા, પણ હવે કાળના પ્રવાહ પાસે તે ટકી શકે તેમ નથી; એટલા માટે દેશના સઘળા માણસો ધર્મ સમજી શકે તેવી વ્યવસ્થા કરો, સર્વને ખુલ્લી રીતે કહી દો કે ધર્મમાં સર્વનો એક સરખો અધિકાર છે. એક ચંડાળને પણ અગ્નિમંત્રથી દીક્ષિત કરો. વ્યાપાર, વાણિજ્ય તથા કૃષિ વગેરે ગૃહસ્થ-જીવનને માટે ઉપયોગી લેખાતા વિષયો સરળતાથી સૌ કોઇ સમજી શકે એવી યોજનાઓ કરો. જો આટલું પણ તમારાથી ન બની શકે તો તમારા ભણતરને અને તમારા વેદ-વેદાંતના અભ્યાસને ધિઃક્કાર છે!

શિષ્યઃ—પણ મહાશય, અમારામાં એવી શકિત ક્યાંથી લાવવી? આપની શકિતનો એક શતાંશ ભાગ પણ જો અમારી પાસે હોત તો અમે પોતે ભાગ્યશાળી બની બીજાને પણ ભાગ્યશાળી કરી શકત.

શકિત ખીલવવાનો રાજમાર્ગ.

સ્વામીજીઃ—દૂર, મૂર્ખ! શક્તિ-બક્તિ શું કોઇ બીજું તને આપી દેવાનું હતું? **શકિતનો ફુવારો તારી પોતાનીજ અંદર રહેલો છે. તેને માર્ગ આપીશ એટલે આપોઆપ વહેવા લાગશે.** તું એક વખત કર્મ કરવા મંડી જા. પછી તારામાં એટલી બધી શક્તિ આવી જશે કે તારાથી તેને સંભાળવીજ મુશ્કેલ થઇ પડશે. પરાર્થે થોડું કામ કરવાથી પણ અંતરની શકિતઓ જાગૃત થતી જાય છે. બીજાઓના કલ્યાણનો વિચાર માત્ર કરવાથી હૃદયમાં એક સિંહના જેટલું બળ આવે છે. તારા ઉપર મારો સંપૂર્ણ પ્રેમ છે, એટલું છતાં મારી એવી ઇચ્છા છે કે પરાર્થે કર્મ કરતો કરતોજ **તને મૃત્યુ પામતો હું જોઇ શકું!** તારૂં એવું મૃત્યુ જોઇ હું ખરેખર બહુજ આનંદિત થઇશ.

શિષ્યઃ—પરંતુ મહાશય, જેઓ અમારા ઉપર આધાર રાખી બેઠાં છે તેમનું શું થાય?

સ્વામીજીઃ—તું બીજાની ખાતર પ્રાણ અર્પણ કરવાને તૈયાર થઇશ તો શું ઇશ્વર તારા આશ્રિતોને માટે કાંઇ ઉપાય નહિ કરે? **नहि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति।** એ ગીતાનું વાક્ય નથી સાંભળ્યું?

શિષ્યઃ—જી હા.

દરિદ્રવેશધારી નારાયણની સેવા કરો.

સ્વામીજીઃ—ત્યાગ એજ મુખ્ય વાત છે. જ્યાંસુધી કોઇ સંપૂર્ણ ત્યાગી બની શકે નહિ, ત્યાંસુધી અંતઃકરણપૂર્વક પરહિતાર્થે પોતાનું સર્વસ્વ કોઇ અર્પી શકે નહિ. ત્યાગી પુરૂષો સર્વને સમભાવે જોઇ શકે છે, એટલુંજ નહિ પણ સર્વની સેવા પણ પ્રસન્નતાપૂર્વક કરી શકે છે. વેદાન્ત તો તું ભણી ગયો છે. સર્વને

સમાનભાવથી જોવા જોઇએ, એવી વાત શું વેદાન્તમાં નથી આવી? તો પછી એકાદ સ્ત્રી અને થોડાં છોકરાંઓનેજ પોતાનાં માની બેસી રહેવાથી જગતનું શું હિત સાધવાનો હતો? તારા ઘરના દ્વાર પાસે સ્વયં પ્રભુજ દરિદ્રના વેશમાં મૃતપ્રાય જેવી અવસ્થામાં આવીને ઉભા રહ્યા છે તે નથી જોતો? એ દરિદ્ર નારાયણની સેવા ત્યજી દઇ, કેવળ સ્ત્રી–પુત્રનાંજ પેટ ભર્યા કરવાં, એ તો પશુઓ પણ કરે છે. તેં તેનાથી વિશેષ શું કર્યું?

શિષ્ય:—પરાર્થે કાર્ય કરવાનું આપ કહો છો તે એક રીતે ઠીક છે; પણ તેમાં પગલે પગલે પૈસાની જરૂર પડે તે ક્યાંથી કહાડવા?

સ્વામીજી:—મારૂં કહેવું તો એટલુંજ છે કે તારામાં જેટલી શકિત હોય તે પ્રમાણે એકવાર કાંઇક કામ તો કરી જો? પૈસાના અભાવે કોઇને કાંઈ આપી શકે નહિ, તો કાંઈ નહિ; એક બે મધુર શબ્દો, ઉપદેશ કે આશ્વાસન આપવામાં પણ શું પૈસા પડે છે? વાણીથી પરહિત કરવું એમાં પણ શું પૈસાની જરૂર છે?

પરાર્થે પ્રયત્ન કરતે કરતેજ બહાદુરીથી મરતાં શીખો.

શિષ્ય:—જી, ના; એટલું તો કરી શકું.

સ્વામીજી:—"કરી શકું" એમ મોંઢેથી કહેવાય છે એટલુંજ; બાકી કરી શકતો હોય તો કર્મો કરી બતાવી આપ ને? જો એટલું કરી શકશે તો હું સમજીશ કે મારી પાસે આવવાની તારી મહેનત નિષ્ફળ નથી ગઈ! કામ કરવા લાગી જા, જીંદગી કેટલો કાળ ચાલવાની હતી? જગતમાં જ્યારે જન્મ્યો છે ત્યારે કાંઇક નિશાની મૂકતો જા. એમ તો વૃક્ષો અને પથરાઓ પણ મરે છે; પરંતુ એવી રીતે મરી જવું એમાં શું બહાદુરી છે? ખરા મનુષ્યો વૃક્ષોનાં પાંદડાંની માફક મરી જવાની કદાપિ ઇચ્છા કરતા નથી. તારૂં વેદ–વેદાન્તનું અધ્યયન સાર્થક થયું છે, એમ મને કર્મ કરીને બતાવી આપ. સર્વને આ એકજ વાત સંભળાવી દે કે:—"**તમારા અંતરમાં જે અનંત શક્તિ રહેલી છે તેને જાગૃત કરો.**" પોતાની એકની મુકિત ઇચ્છવાથી શું વળવાનું હતું? મુકિતની ઇચ્છા તો એક પ્રકારની મહાન્ સ્વાર્થાંધતા છે. મૂકી દે તારા ધ્યાનને અને જવા દે તારી મુકિત–મુક્તિને? હું જે કામ કરૂં છું તેજ કામ કરવામાં તું પણ લાગી જા.

મારા જેવા હજારો વિવેકાનંદો ક્યારે જન્મશે?

શિષ્ય ચૂપચાપ સાંભળી રહ્યો. પુનઃ સ્વામીજીએ બોલવા માંડ્યું:—

તમે એક વખત જમીન તૈયાર કરશો, તો પછી મારા જેવા હજારો વિવેકાનંદો ભાષણો આપવાને આ નરલોકમાં અવતાર લેશે. ભાષણોને માટે ચિંતા કરવી મૂકી દ્યો. પહેલાં કેટલાએક માણસો કહેતા કે અમારામાં (શ્રી રામકૃષ્ણના શિષ્યોમાં) એવી તે શું શક્તિ છે કે અમે પરહિતનું કાંઈ કામ કરી શકીએ? પરંતુ લોકો

જેને એક વખત શક્તિહીન અને દુર્બળ ગણતા, તેવા લોકોએ પણ કેટલાં બધાં અનાથાશ્રમો અને દુષ્કાળફંડો ખુલ્લાં મૂક્યાં છે? **નિવેદિતા જેવી અંગ્રેજ કુમારિકા સ્વદેશ છોડીને તમારી સેવા કરવા આવી છે; અને તમે લોકો તમારા પોતાના દેશની સેવા પણ કરી શકતા નથી !!** જ્યાં પ્લેગ કે મહામારી ચાલતી હોય, જ્યાં જીવો દુઃખથી પીડાતા હોય ત્યાં નિશ્ચિંતપણે ચાલ્યો જા! આમ પણ એક વખત મરવું તો છેજ! આપણા જેવા કીડાઓ રોજ કોણ જાણે કેટલાયે જન્મતા હશે અને કેટલાયે મરી જતા હશે? તેમના જન્મ-મરણથી જગતને કાંઇ લાભ કે હાનિ થઇ હોય એમ કોઇ દિવસ સાંભળ્યું છે? માટે કોઇ મહાન ઉદ્દેશની ખાતર મરી જા. **મરવું છે એ વાત નક્કીજ છે, તો પછી શુભ ઉદ્દેશની ખાતર મરવું એજ ઈચ્છવા યોગ્ય છે.** દેશના કલ્યાણને અર્થે એજ ભાવનાનો પ્રચાર કર. દેશની આશા અને વિશ્વાસ તમારા જેવા યુવકો ઉપર છે. તેમને હાથ-પગ જોડીને બેસી રહેલા જોવાથી મને બહુ દુઃખ થાય છે. લાગી જા-કામ કરવામાં લાગી જા. વિલંબ કરીશ નહિ. મૃત્યુ રોજ રોજ પાસે આવતું જાય છે. પછી કરીશ, એમ વિચારી બેસી રહેનારથી કાંઇજ બની શકતું નથી.

प्रसंग २४ मो.

(સ્થાન-બેલુડ મઠ. ઈ. સ. ૧૮૯૯.)

સૃષ્ટિનાં વૈચિત્ર્યોનું કારણ.

શિષ્યઃ—સ્વામીજી, બ્રહ્મજ એક માત્ર સત્ય વસ્તુ હોય તો પછી **જગતમાં** આટલી બધી વિચિત્રતાઓ જોવામાં આવે છે તેનું શું કારણ?

સ્વામીજીઃ—બ્રહ્મ પછી તે સત્ય હોય કે અસત્ય હોય તોપણ તેને સંપૂર્ણ રીતે કોણ સમજી શકે? જગતને આપણે દેખીએ છીએ એટલે સત્ય તરીકે તેનો દૃઢ વિશ્વાસ કરીએ છીએ; પણ બ્રહ્મ કાંઇ એવી ખાસ વસ્તુ નથી કે અનાયાસે તે પ્રત્યક્ષ થઇ શકે. સૃષ્ટિનાં વૈચિત્ર્યોનો સત્ય તરીકે સ્વીકાર કર્યા પછી પણ જો તે સંબંધે ઉંડો વિચાર કરીએ તોજ વખત જતાં તે સર્વના મૂળરૂપ "અદ્વૈત" સત્યનું જ્ઞાન થાય તેમ છે. આ મૂળ સમજાયું એટલે સૃષ્ટિનાં તમામ વૈચિત્ર્યો નજરે પડતાં બંધ થાય છે.

શિષ્યઃ—એ તો ઠીક, પણ જો અમારા જેવાથી અદ્વૈતનું મૂળ પ્રાપ્ત કરી શકાતું હોત તો આવો પ્રશ્નજ શા માટે કરત? સૃષ્ટિની વિચિત્રતાઓ જોવાથીજ

આવો પ્રશ્ન થાય છે; અને તે વિચિત્રતાઓ સત્ય છે એમજ માનવાની ઇચ્છા થઈ આવે છે.

સ્વામીજીઃ—ભલે. સૃષ્ટિની વિચિત્રતાઓ જોઈ તેને સત્ય માની લેવી અને અદ્વૈત મૂળ તરફ જવું, તેને શાસ્ત્રમાં 'વ્યતિરેક' વિચાર કહે છે; અર્થાત્ અભાવ અથવા અસત્ય વસ્તુને પ્રથમ ભાવ અથવા સત્ય વસ્તુ માની લઇને પછી તેજ વસ્તુભાવ નહિ પણ અભાવરૂપ છે, એમ સિદ્ધ કરવું તેને વ્યતિરેક વિચાર કહે છે. એજ પ્રકારે તું મિથ્યા વસ્તુનો સત્ય તરીકે સ્વીકાર કરી, સત્યના વાસ્તવિક મૂળ તરફ જવાની જિજ્ઞાસા રાખે છે ને?

શિષ્યઃ—જી હા. પણ હું ભાવનેજ સત્ય માનું છું, ભાવરહિતતાને તો મિથ્યા માનું છું.

સ્વામીજીઃ—ભલે. હવે જો, વેદ શું કહે છે? **एकमेवाद्वितीयम्।** વસ્તુતઃ જો એકજ બ્રહ્મ છે તો પછી તારી વિચિત્રતાઓ મિથ્યારૂપ બની ગઇ ને? વેદને માને છે કે નહિ?

શિષ્યઃ—હું તો કદાચ વેદની વાત માની લઉં, પણ કોઇ ન માને તો તેને નિરૂત્તર કરવા શું કરવું?

સ્વામીજીઃ—તે પણ કહું છું. પ્રથમ તો જડ-વિજ્ઞાનની સહાયતાથી તેને બરાબર સિદ્ધ કરી આપવું જોઇએ કે ઇન્દ્રિયોદ્વારા થતું પ્રત્યક્ષ જ્ઞાન પણ ઘણી વાર વિશ્વાસપાત્ર નથી હોતું. કેટલીકવાર ઇન્દ્રિયોથી જે કાંઇ જોઇએ કે અનુભવીએ છીએ તે ભ્રાંતવાળું હોય છે. મતલબ કે જે યથાર્થ અને સત્ય વસ્તુ છે, તે આપણી ઇન્દ્રિય, મન તથા બુદ્ધિની પણ પેલી પાર છે. ત્યારપછી તેને કહેવું જોઇએ કે મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોની પેલી પાર પહોંચવાને કેટલાએક ઉપાયો છે. આ ઉપાયોને ઋષિઓએ યોગની સંજ્ઞા આપી છે. યોગ અર્થાત્ અનુષ્ઠાન સાપેક્ષ હોવાથી મનુષ્યે જાતેજ તેને પરિશ્રમપૂર્વક સાધવું જોઇએ. વિશ્વાસ હોય કે ન હોય પણ એક વાર પ્રયત્ન કરી જુઓ, એટલે તેનું ફળ તમને મળ્યા વિના રહેશે નહિ. ઋષિઓ જે કાંઈ કહી ગયા છે તે સર્વ સત્ય છે, એવો મને પોતાને પ્રત્યક્ષ અનુભવ થયો છે. મને એક સમયે એવો પણ અનુભવ થયો હતો કે જે વિચિત્રતાઓને તું અત્યારે સત્ય માની રહ્યો છે, તેજ વિચિત્રતાઓ મારી પાસેથી લુપ્ત થઈ ગઇ હતી. એ સર્વ ગુરૂદેવનો પ્રતાપ છે.

વૈચિત્ર્યના લોપનો અનુભવ.

શિષ્યઃ—એવો અનુભવ ક્યારે થયો?

સ્વામીજીઃ—એક દિવસ ગુરૂદેવે દક્ષિણેશ્વરના બગીચામાં મને શાંતભાવે બેસાડી મારા માથા ઉપર હાથ મૂક્યો. તેજ ક્ષણે મને જણાવા લાગ્યું કે ચન્દ્ર, સૂર્ય,

વૃક્ષ, ઘરબાર બધું જાણે આકાશમાં મળી ગયું હોય નહિ! ધીમેધીમે આકાશ પણ ક્યાં ગયું તેની ખબર રહી નહિ. ત્યારબાદ મને જે કાંઈ પ્રત્યક્ષ થયું તેનું હું આજે હવે બરાબર સ્મરણ કરી શકતો નથી; પરંતુ એટલું યાદ છે કે જેમ જેમ આ લય જોતો ગયો તેમ તેમ હું ભયભીત થવા લાગ્યો. છેવટે રહેવાયું નહિ, એટલે મારાથી એક ચીસ પડાઈ ગઈ! ભયમાં ને ભયમાં મારાથી બોલી જવાયું કે:–"હું આ શું જોઉં છું? મારાં મા–બાપ ક્યાં?" એટલે ગુરૂદેવે હસતાં હસતાં કહ્યું કે:–"કાંઈ નહિ, રહેવા દે." એટલું કહીને ગુરૂદેવે પુનઃ મારા માથા ઉપર હાથ મૂક્યો. હું ચમકી ઉઠ્યો. જોઉં છું તો ઘર–બાર–સૂર્ય–વૃક્ષ વગેરે જેમનાં તેમજ હતાં. તે પછી એક દિવસે અમેરિકામાં એક સરોવરને કનારે પણ એવોજ કાંઇક અનુભવ થયો હતો.

શિષ્ય છાનોમાનો બેસી રહ્યો. થોડીવારે તેણે કહ્યું:––"પણ મહાશય, મગજમાં કાંઇ વિકાર હોય તો શું એવો દેખાવ દ્રષ્ટિગોચર ન થાય? તે ઉપરાંત એક બીજી પણ વાત જાણવા માગું છું કે આપને એ અવસ્થામાં કોઇ ખાસ પ્રકારનો આનંદ મળ્યો હતો કે નહિ?"

સ્વામીજી:––જ્યારે નખમાં પણ કાંઇ વિકાર ન હોય, નીશો પણ કર્યો ન હોય, ખાન–પાનમાં પણ કોઇ વિકારી વસ્તુ વપરાઈ ન હોય; અને શરીર તથા મન ખૂબ શાંત અવસ્થામાં હોય તે વખતે એવો અનુભવ થાય તો તેને મગજનો વિકાર કેમ કહી શકાય? વળી મેં જે અવસ્થાની વાત કહી તેવીજ વાતો વેદમાં પણ મળી આવે છે, ઋષિ–મુનિઓનાં આપ્તવાક્ય સાથે પણ મળતી આવે છે, તો પછી મને એકલાનેજ મગજનો વિકાર થયો હતો એમ તારાથી કેમ ઠરાવાય?

શિષ્ય:––ના મહાશય, હું એમ કહેતો નથી. શાસ્ત્રમાં પણ જ્યારે એવા આત્માનુભવનાં સેંકડો દ્રષ્ટાંતો મળી આવે છે, આપ પણ જ્યારે તેને કરામલકવત્ પ્રત્યક્ષસિદ્ધ કહો છો, એટલુંજ નહિ પણ આપની અપરોક્ષાનુભૂતિ પણ વેદનાં વાક્યોથી વિરૂદ્ધ નથી જતી, તો પછી હું તેને મિથ્યા કહેવાનું સાહસ કેમ કરી શકું? શ્રી શંકરાચાર્ય પણ કહે છે કે:–"**क्व गतं केन वा नीतम्**" ઇત્યાદિ.

સર્વ કોઈ એક વખત બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

સ્વામીજી:––એટલુંજ સમજી રાખજે કે જેને અભેદજ્ઞાન કહે છે, અને તારા શાસ્ત્રોમાં જેને બ્રહ્માનુભવનું નામ આપવામાં આવ્યું છે, તેવું જ્ઞાન કે અનુભૂતિ જ્યારે જીવને થાય છે ત્યારે કોઇ પણ પ્રકારનો ભય રહેતો નથી. જન્મ–મૃત્યુની મહાભયંકર ગણાતી જાળ પણ તૂટી જાય છે. કામ–કાંચનની મિથ્યા આસક્તિઓમાં પડયા રહેવાથી મનુષ્યોને બ્રહ્માનંદની પ્રાપ્તિ થઈ શકતી નથી. જેને એક વખત બ્રહ્માનંદની–પરમાનંદની પ્રાપ્તિ થાય છે તે મનુષ્યને જગતનાં સુખ–દુઃખો કશી

ઉંડી અસર કરી શકતાં નથી.

શિષ્યઃ—વારૂ, મહાશય, આપ કહો છો તેમજ હોય એટલે કે અમે સર્વ વસ્તુતઃ પૂર્ણ બ્રહ્મસ્વરૂપ હોઇએ, તો પછી સમાધિદ્વારા સુખ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન અમારામાંથી કેમ કોઈ કરતું નથી? તુચ્છ કામ-કાંચનના પ્રલોભનોમાં પડી હાથે કરીને શા માટે મરણ માગી લેતા હઇશું?

સ્વામીજીઃ—શાંતિ પ્રાપ્ત કરવા માટે કોઇનો પ્રયત્ન નથી, એમ તું શા આધારે કહી શકે છે? બરાબર વિચાર કરવાથી તું જોઇ શકીશ કે જગતમાં પ્રત્યેક પ્રાણી અનંત સુખ પ્રાપ્ત કરવાની ખાતરજ રાત્રિ-દિવસ પ્રયત્ન કરી રહ્યો છે. ઘણાખરા લોકોને સુખની ખરી દિશાનું બરાબર જ્ઞાન ન હોવાથી તેમના પ્રયત્નો નિષ્ફળ જાય એ વાત જૂદી છે; પણ પુનઃ નાશ પામે નહિ એવું (સત્ય) ખરૂં સુખ મેળવવાને માટેજ દરેક મનુષ્ય, દરેક પ્રાણી જાણ્યે અજાણ્યે પણ પ્રયત્ન કરતો હોય છે. પરમાનંદ પ્રાપ્તિની ઈચ્છા સર્વને હોય છેજ; કારણ કે સર્વત્ર બ્રહ્મતત્ત્વજ ભર્યું છે, તું પોતેજ બ્રહ્મસ્વરૂપ છે. જો કે આ વાત તારાથી એકાએક માની શકાય તેવી નથી; પરંતુ જ્યારે આત્માનુભવ થશે ત્યારે તને તે સંબંધે લેશ પણ સંશય જેવું રહેશે નહિ. ભલા, તું જે નોકરી ચાકરી કરે છે અને સ્ત્રી પુત્રોની ખાતર રાતદહાડો પૈસો એકઠો કરે છે, તે સચ્ચિદાનંદ પ્રાપ્ત કરવા માટે નહિ તો બીજા કયા ઉદ્દેશ માટે? મોહ-માયાના ઉપરા ઉપરી એક બે ઘા લાગશે એટલે તારી દૃષ્ટિ સ્વસ્વરૂપ ભણી વળ્યા વિના રહેશેજ નહિ. વહેલી મોડી સર્વની દૃષ્ટિ એક વખત બ્રહ્મ તરફ વળવાનીજ. કોઇની આ જન્મમાં, તો કોઇની એક લાખ જન્મ પછી. બ્રહ્મજ્ઞાન વિના યથાર્થ શાંતિ કે સુખ કયાંઇ છેજ નહિ.

શિષ્યઃ—આપના આશીર્વાદ વિના અને ગુરૂદેવની કૃપા વિના એવું ચૈતન્ય આવવું મારા જેવાને માટે તો બહુ અસંભવિત છે.

સ્વામીજીઃ—ગુરૂદેવનો કૃપારૂપી વાયુ તો વહી રહ્યો છે. તું તારા શઢ ચઢાવી દે ને! જ્યારે જ્યારે કાંઇપણ કામ કરવું ત્યારે ખૂબ એકાગ્ર મનથી કરવું. "હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું, મને વળી કોઇ જાતનો ભય કે ચિંતા કેવી?" એવી ભાવના નિરંતર દૃઢ કર્યા કરવી. દેહ, મન, બુદ્ધિ એ સર્વ ક્ષણિક છે. તે સર્વની પેલી પાર જે કાંઇ છે તેજ યથાર્થ 'હું' પણું છે.

તીવ્ર વ્યાકુળતા પ્રકટશે એટલે સાંસારિક ઉપાધિઓ ટળીજ.

શિષ્યઃ—એવી ભાવના કોઇ કોઇવાર આવે છે, પણ વળી પાછી કયાંની કયાંય ચાલી જાય છે! પુનઃ જોઉં છું તો સાંસારિક વિષયોની પાછળજ મન લાગ્યું હોય છે!

સ્વામીજીઃ—શરૂઆતમાં એમ થાય, પણ ધીમે ધીમે એ સર્વ દૂર થઇ જશે. મનમાં ખૂબ તીવ્ર વ્યાકુળતા અને ઉત્કટ જિજ્ઞાસા હોય તોપછી સાંસારિક વિષયો

બહુ હેરાન કરી શકતા નથી. "મારા જેવો નિત્ય-શુદ્ધ-બુદ્ધ અને મુક્તસ્વભાવી શું કોઈ દિવસ અન્યાયી કાર્ય પોતાના હાથથી કરે ? અન્ય સાધારણ જીવોની પેઠે હું પણ કંચન અને કામિનીમાં મુંઝાઇ રહું તો તેમાં મારૂં વીરત્વ શું ?" આવી આવી ભાવનાઓથી મનને પુનઃ બળવાન કરવું; એમ કરતાં કરતાં કલ્યાણના માર્ગે ગતિ થશે.

શિષ્યઃ—મહાશય, કોઇ કોઇ વખતે તો મન બહુ બળવાન બની જાય છે, પણ થોડીજ વાર પછી પુનઃ વિચાર થાય છે કેઃ—" ડેપ્યુટીગીરી માટેની પરીક્ષા પાસ કરી ધન-માન પુષ્કળ કમાઇશું અને ખૂબ આનંદ કરીશું !"

સ્વામીજીઃ—મનમાં એવા વિચારો આવે કે તુરત સાવચેત થઇ જવું. વેદાન્ત તો ભણ્યો છે, સૂતી વખતે પણ વિચારરૂપી તલવાર માથા નીચે મૂકીને સૂઇ જવું, કે જેથી સ્વપ્નમાં પણ મોહ-લોભ વગેરે તારી પાસે ફરકી શકે નહિ. આ પ્રમાણે જ્યારે બળાત્કારપૂર્વક વાસનાઓનો ત્યાગ કરીશ ત્યારેજ ધીમે ધીમે યથાર્થ વૈરાગ્ય તારામાં આવવા પામશે; સ્વર્ગનાં દ્વાર પણ તેજ વખતે તારે માટે ખુલ્લી જશે.

વૈરાગ્યરહિત શાસ્ત્રોને એક બાજુએ રહેવા દે.

શિષ્યઃ—ભક્તિશાસ્ત્રમાં વધારે પડતા વૈરાગ્યનો નિષેધ કર્યો છે તેનું શું કારણ હશે ?

સ્વામીજીઃ—જેમાં વૈરાગ્ય વિરૂદ્ધ વાત હોય તેવા તારા ભક્તિશાસ્ત્રને એક ખૂણામાં પડ્યું રહેવા દે. વૈરાગ્ય અથવા વિષયો પ્રત્યે ઉદાસીનતા આવે નહિ, કાકવિષ્ટા જેવાં કામિની અને કાંચનનો ત્યાગ થાય નહિ, ત્યાંસુધી **न सिध्यति ब्रह्मशतान्तरेऽपि ।** બ્રહ્માના કોટિ કલ્પો વીતવા છતાં પણ કોઇ જીવની મુક્તિ થાય નહિ. જપ, ધ્યાન, પૂજા હોમ અને તપસ્યા વગેરે જેટલાં જેટલાં સાધનો છે તે સર્વ માત્ર તીવ્ર વૈરાગ્ય આણવાને માટેજ છે. જેઓમાં ત્યાગ-વૈરાગ્ય નથી તેમની નૌકા સમુદ્રમાં સહિસલામત રહી શકતી નથી. **न धनेन न चेज्यया त्यागेनैकेन अमृतत्वमानशुः ॥**

લોકખ્યાતિથી ડરતા રહેવું.

શિષ્યઃ—કામ-કાંચનનો ત્યાગ થયો એટલે શું બધું થઇ ગયું ગણાય ?

સ્વામીજીઃ—એ બે વસ્તુઓનો ત્યાગ કર્યા પછી પણ અનેક વિઘ્નો ઓળંગવાં પડે છે. કામ-કાંચનનો ત્યાગ થયો એટલે લોકખ્યાતિ આવીને ઉભી રહે છે. સામાન્ય જીવો આ લોકખ્યાતિને મુંગે મોઢે સહન કરવા જેટલું બળ ધરાવતા નથી. લોકો જેમ જેમ માન આપવા લાગે તેમ તેમ વિવિધ ભોગોપભોગો પણ પ્રાપ્ત થતા જાય છે. આ રીતે ત્યાગી થવા છતાં ત્યાગીઓનો બારઆના જેટલો

મોટો ભાગ આવી લોકખ્યાતિમાંજ અટકી પડે છે અને આગળ વધી શકતા નથી. મેં પોતે મઠ–ફઠની સ્થાપના કરી છે અને પરહિતનાં કેટલાંએક કામો કર્યાં છે, તેથી મને પણ સદા એવો ભય રહ્યા કરે છે કે લોકખ્યાતિમાંજ ક્યાંઇક અટકી પડીશ તો ?

શિષ્ય:—આપના જેવા મહાપુરૂષો એવો ભય રાખે તો અમારા જેવાનું શું ગજું ?

સ્વામીજી:—સંસારમાં રહ્યો છે એટલાજ કારણથી કાંઈ ડરી જવાની જરૂર નથી. **अभीरभीरभी**:–ભયનો ત્યાગ કરો. નાગમહાશયનાં દર્શન કર્યાં છે ને ? સંસારમાં રહેવા છતાં એક સંન્યાસીના કરતાં પણ આગળ વધી જાય ! આવા પુરૂષો આ કાળે બહુ દુર્લભ છે. ગૃહસ્થ બનવું તો નાગમહાશયના જેવાજ બનવું. નાગમહાશયના જન્મથી પૂર્વબંગાળમાં અદ્‌ભુત પ્રકાશ ફેલાયો છે. બની શકે તેટલા લોકોને નાગમહાશયની પાસે જવાની ભલામણ કરજે. તેમના દર્શન માત્રથી લોકોનું કલ્યાણ થશે.

શિષ્ય:—ખરેખર એમજ છે. શ્રીરામકૃષ્ણપરમહંસની જીવન્ત નમ્રતા જાણે નાગમહાશયમાં રહી ગઈ હોય તેમ મને તો લાગે છે.

સ્વામીજી:—એક વખત તેમનાં દર્શન કરવા જવું છે. ઘણીવાર તેમનાં દર્શન કરવાની એટલી બધી પ્રબળ ઇચ્છા થઇ જાય છે કે કેમે કરતાં ચેન પડતું નથી. હવે તો ગમે તે રીતે તેમનાં દર્શન કરવાંજ, એવો નિર્ણય કર્યો છે. તું તેમને એક પત્ર લખી નાખજે.

શિષ્ય:—ભલે, હું પત્ર તો લખી નાખીશ, પણ આપ ત્યાં જવાના છો એમ જાણી તેઓ ગાંડા જેવા બની જશે ! ઘણા લાંબા વખત પહેલાં આપ જ્યારે ત્યાં પધારવાના હતા ત્યારે નાગમહાશયે કહ્યું હતું કે:– "નરેંદ્રના ચરણની ધૂળથી આ પૂર્વ બંગાળ દેશ તીર્થના રૂપમાં પલટાઇ જશે."

સ્વામીજી:—નાગમહાશયના સંબંધમાં ગુરૂદેવ કહેતા તે યાદ છે ને ? જાણે "સળગતી અગ્નિશિખા !"

શિષ્ય:—જી હા, એ શબ્દો ઘણીવાર સાંભળ્યા છે.

સ્વામીજી:—બહુ મોડું થઇ ગયું; ચાલ, જરા જમી લે.

શિષ્ય:—જેવી આજ્ઞા.

ત્યાર બાદ ભોજન કરી શિષ્ય કલકત્તા તરફ રવાના થયો. રસ્તામાં તે વિચાર કરવા લાગ્યો કે:–"સ્વામીજી કેવા અદ્‌ભુત પુરૂષ છે ? જાણે સાક્ષાત્ જ્ઞાનમૂર્તિ શંકરાચાર્યજ!"

प्रसंग २५ मो.

(સ્થાન–બેલુડ મઠ. ઇ. સ. ૧૮૯૯)

શુદ્ધજ્ઞાન અને શુદ્ધશક્તિમાં કાંઇજ ભેદ નથી.

શિષ્ય:––સ્વામીજી, જ્ઞાન અને શક્તિની યથાયોગ્યતા (સામંજસ્ય) કેવીરીતે સ્થાપી શકાય ? ભક્તિમાર્ગવાળાઓ શંકરાચાર્યનું નામ માત્ર સાંભળીને કાન આડા હાથ દે છે; અને જ્ઞાનમાર્ગવાળાઓ ભક્તોના આકુળ આક્રંદ, ઉલ્લાસ તથા નૃત્ય–ગીતો વગેરે ગાંડપણમાં ગણી કાઢે છે !

સ્વામીજી:—તને ખબર છે ? ગૌણજ્ઞાન અને ગૌણભક્તિ હોય ત્યાંજ આવા વિવાદો જન્મે છે. ગુરૂદેવ ભૂત–વાંદરાની વાર્તા કહેતા તે યાદ છે ? ×

શિષ્ય:—જી, હા.

સ્વામીજી:—ખરીરીતે જોતાં મુખ્યભક્તિ અને મુખ્યજ્ઞાનમાં કોઇ જાતનો પ્રભેદ નથી. મુખ્યભક્તિનો અર્થ માત્ર એટલોજ છે કે ભગવાનને પ્રેમસ્વરૂપે જોવા અને મેળવવા. તું જો સર્વત્ર સર્વમાં ભગવાનની પ્રેમમૂર્તિનાં દર્શન કરી શકે તો તને કોઇ ઉપર દ્વેષ કે ક્રોધ કરવાનું કારણ રહે નહિ. એવી પ્રેમાનુભૂતિ, જો સહેજ પણ વાસના રહી ગઇ હોય અથવા ગુરૂદેવના શબ્દોમાં કહું તો કામ–કાંચનાસક્તિ રહી ગઈ હોય તો કોઇ કાળે પણ થાય નહિ. સંપૂર્ણ પ્રેમાનુભૂતિ પ્રકટે છે ત્યારે દેહબુદ્ધિ પણ રહી શકતી નથી. મુખ્યજ્ઞાનનો અર્થ માત્ર એટલોજ છે કે સર્વત્ર એકત્વની–બ્રહ્મત્વની અનુભૂતિ કરવી, આત્મસ્વરૂપનું દર્શન કરવું. એવી એકત્વાનુભૂતિ પણ અહંબુદ્ધિનો નાશ કર્યા વિના પ્રાપ્ત થઇ શકતી નથી.

પ્રેમ અને પરમજ્ઞાન એકજ છે.

શિષ્ય:—તો આપ જેને પ્રેમ કહો છો તેને પરમજ્ઞાન કહી શકાય ખરૂં ?

સ્વામીજી:—કેમ ન કહેવાય ? જ્યાંસુધી કોઇ પૂર્ણપ્રજ્ઞ ન થાય ત્યાંસુધી તેને પૂર્ણપ્રેમની અનુભૂતિ પણ થઇ શકતી નથી. બ્રહ્મને વેદાન્તશાસ્ત્રમાં સચ્ચિદાનંદની સંજ્ઞા આપવામાં આવી છે તે જાણે છે ? સચ્ચિદાનંદનો અર્થ આ પ્રમાણે છે:– સત્ અર્થાત્ અસ્તિત્વ, ચિત્ અર્થાત્ ચૈતન્ય અથવા જ્ઞાન અને આનંદ એટલે

× વાર્તાનો સારાંશ:—એક વખત શિવ અને રામ વચ્ચે મહાન યુદ્ધ થયું હતું. પાછળથી જો કે બન્ને વચ્ચે સમાધાન થઇ !ગયું; પણ શિવના શિષ્યો ભૂત–પ્રેત વગેરે અને રામના સહાયકો વાંદરાઓ વગેરે વચ્ચે એવો કલહ થયો કે તે કોઈરીતે શાંત થયો નહિ. એ કલહ હજી સુધી ચાલ્યા કરે છે. મતલબ કે ગુરૂઓ ગુરૂઓ વચ્ચેનો કલહ તો શાંત કરી શકાય, પણ તેમના અજ્ઞાન અનુયાયીઓને સમજાવી શાંત કરવા એ બહુ મુશ્કેલ છે.

પ્રેમ. ભગવાનના સત્‌ભાવને માટે ભક્તો અને જ્ઞાનીઓમાં કોઈ જાતનો મતભેદ નથી. કલહ માત્ર ચિત્ અને આનંદમાં છે. જ્ઞાનમાર્ગવાળાઓ બ્રહ્મની ચિત્ અથવા ચૈતન્યસત્તા ઉપર ખૂબ ભાર મૂકે છે, અને ભક્તિમાર્ગાવલંબી ભક્તો આનંદસત્તા સિવાય બીજું કાંઈ જોઇજ શકતા નથી; પરંતુ આટલી વાત તો ચોક્કસ છે કે ચિત્સ્વરૂપનો જેવો અનુભવ થયો કે તરતજ આનંદસ્વરૂપ પણ પ્રાપ્ત થઇ જાય છે, કારણ કે જે ચિત્ છે તેજ આનંદ છે.

શિષ્ય:—તોપછી ભારતવર્ષમાં આટલા બધા સંપ્રદાયો કેમ ઉદ્‌ભવ્યા ? ભક્તિ અને જ્ઞાનમાં એટલો બધો વિરોધ કેમ થયો ?

અજ્ઞાનીઓજ ક્લેશ-કંકાસ કરે છે.

સ્વામીજી:—હજી પણ એ સમજાવવાની જરૂર છે ? હમ્મેશાં ગૌણભાવમાંથીજ વિવાદ કે કલહનો જન્મ થાય છે; એ વાત ખાત્રીથી માનજે. જેઓ જ્ઞાન કે ભક્તિનું સ્વરૂપ સંપૂર્ણરીતે સમજી શકતા નથી તેઓજ આવા ક્લેશો કરી સાધ્ય વસ્તુ ભૂલી જાય છે. તને કેમ લાગે છે ? ઉદ્દેશ મોટો કે સાધનો મોટાં ? ઉદ્દેશ કરતાં સાધનો મોટાં એમ કહેવાનું સાહસ કોઇ કરી શકે નહિ; કારણ સ્પષ્ટ છે. એકજ ઉદ્દેશને પ્રાપ્ત કરવા માટે અધિકારીભેદે અનેક સાધનો હોઇ શકે છે. જપ, ધ્યાન, પૂજા, હોમ વગેરે ધર્મનાં જેટલાં અંગો મનાય છે તે સર્વ સાધનમાત્રજ છે. પરાભક્તિ અથવા પરબ્રહ્મસ્વરૂપનાં દર્શન એજ તેનો મુખ્ય ઉદ્દેશ છે. હવે વિવાદો ઉદ્‌ભવવાનું શું કારણ છે તે તરફ દ્રષ્ટિ કર. એક જણ કહે છે કે પૂર્વ તરફ મુખ રાખી પ્રભુનું આહ્‌વાન કરીએ તોજ પ્રભુનાં દર્શન થાય. બીજો કહે છે કે નહિ, પશ્ચિમ તરફ મુખ રાખીને બેસીએ તોજ પ્રભુ આપણી પ્રાર્થના સાંભળે. બનવા જોગ છે કે ઘણા લાંબા કાળ પહેલાં કોઈએ પૂર્વ તરફ મુખ રાખી ધ્યાન-ભજન વગેરે કરી ઈશ્વરનાં દર્શન કર્યાં હોય. તે ઉપરથી તેના શિષ્યો પાછળથી એવોજ સિદ્ધાંત કરી બેસે છે કે પૂર્વ તરફ મુખ રાખ્યા સિવાય ભજન-સાધન કરીએ તો કોઇ કાળે તે સફળ થાયજ નહિ. આ એકદેશીય સિદ્ધાંતનો પ્રચાર કરવા માટે તેઓ પોતાથી બનતું કરે તે પણ સ્વાભાવિકજ છે; પરંતુ એજ વખતે બીજો એક આવીને કહેશે કે:—અરે, એમ તે કાંઇ બને ? મેં મારી નજરે જોયું છે કે અમુક પુરૂષ પશ્ચિમ તરફ મુખ રાખી પ્રભુનું ધ્યાન કરતો હતો અને તેને પ્રભુએ દર્શન પણ આપ્યાં હતાં. અમે નજરે જોએલી અથવા કાને સાંભળેલી વાત, ખોટી કેમ માનીએ ? આ પ્રમાણે ધીમે ધીમે સંપ્રદાયોની રચના થવા લાગે. ધારો કે એક જણે હરિનામનો જપ કરતાં કરતાં પરાભક્તિ પ્રાપ્ત કરી; તો તેજ વખતે એક મત પ્રબળ થાય કે **नास्त्येव गतिरन्यथा** એ સિવાય બીજો કોઇ માર્ગજ નથી. વળી બીજો કોઇ 'અલ્લાહ, અલ્લાહ' જપતો સિદ્ધ થયો, તો તેના

ચેલાઓ એવોજ એક સિદ્ધાંત દ્રઢ કરે. આપણે આ સર્વમાં જે કાંઇ જોવાનું છે તે માત્ર એટલુંજ છે કે આ સર્વ જપ-તપ-પૂજા-અર્ચના વગેરેનો આરંભ ક્યાંથી થયો ? નિર્મળ અને નિષ્પક્ષપાત બુદ્ધિથી વિચાર કરશો તો જણાશે કે “શ્રદ્ધા” એજ સર્વ સાધનોનું જન્મસ્થાન છે. શ્રદ્ધાને સમજાવવા માટે આપની ભાષામાં બીજો કોઇ શબ્દ નથી. ઉપનિષદ્‌માં કહ્યું છે કે એવી શ્રદ્ધાએજ એક વખત નચિકેતાના હૃદયમાં પ્રવેશ કર્યો હતો. “એકાગ્રતા” શબ્દદ્વારા શ્રદ્ધા શબ્દમાં રહેલો ભાવ સંપૂર્ણરૂપે સ્પષ્ટ થતો નથી. “ એકાગ્રનિષ્ઠા ” એ શબ્દથી શ્રદ્ધાનો કાંઇક ભાવ પ્રકટ થાય છે. એકાગ્ર મનમાં નિષ્ઠાનો યોગ થવાથી એક એવું તત્ત્વ ઉદ્‌ભવે છે કે ધીમે ધીમે “અદ્વૈત” અથવા ‘સચ્ચિદાનંદ” સ્વરૂપની અનુભૂતિ તરફ મનની ગતિ થયા વિના રહેતી નથી. ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ એ બન્ને માર્ગો, જીવનમાં એક પ્રકારની ખાસ નિષ્ઠા સ્થાપવાનો ઉપદેશ કરે છે. એ ઉપદેશો યુગપરંપરાથી યા કાળબળથી વિકૃત થવા લાગે છે; અને એક વખતનાં મહાન સત્યો સમય જતાં દેશાચાર કે કુળાચારના રૂપમાં પલટાઇ જાય છે. કેવળ ભારતવર્ષમાંજ એમ થયું છે અને થાય છે એમ નથી, પણ દુનિયાની સઘળી જાતિઓમાં અને સઘળા સમાજોમાં લગભગ તેમજ બને છે. વિચારહીન સાધારણ જીવો એવી વિકૃત ભાવનાઓને વળગી રહીને વિવાદો અને કલહોના રણસ્થંભો રોપી, મૂળ ઉદ્દેશને ભૂલી જઇ, મારામારી કરવામાં વખત ગુમાવે છે.

શિષ્યઃ—તો હવે એનો કાંઇ ઉપાય ?

સત્યોનો પુનરૂદ્ધાર કરો.

સ્વામીજીઃ—મેં કહ્યું તેમ પૂર્વના જેવી બરાબર શ્રદ્ધા પ્રકટાવવાના પ્રયત્નો કરો. દરેક મતમાં અને દરેક સંપ્રદાયમાં દેશકાળાતીત સત્યો રહેલાં છે, પણ તેના ઉપર યુગોના યુગો થયાં જે જાળાં-ઝાંખરાં બાઝી ગયાં છે તે ખંખેરી નાખીએ તોજ તેના યથાર્થ સ્વરૂપનું દર્શન થઇ શકે. જે સત્યો અજ્ઞાન અને મતાંધતાના આવરણો નીચે દબાઇ ગયાં છે, તેજ સત્યોનો ઉદ્ધાર કરી લોકોની આગળ ધરો; એટલે તમારા ધર્મનું અને દેશનું પણ કલ્યાણ થશે.

શ્રીકૃષ્ણ અને શ્રીરામચંદ્ર વગેરે મહાવીરોની પૂજાનો પ્રચાર કરો.

શિષ્યઃ—સત્યોને મૂળસ્વરૂપમાં રજુ કરવાનો કાંઇ માર્ગ દર્શાવશો ?

સ્વામીજીઃ—સર્વ પહેલાં મહાપુરૂષોની પૂજાનો પ્રારંભ કરો. જે પવિત્ર પુરૂષો સનાતન તત્ત્વોને પ્રત્યક્ષ કરી ગયા છે તેમને જનસમાજ પાસે આદર્શરૂપે રજુ કરો. દાખલા તરીકે ભારતવર્ષમાં શ્રીરામચન્દ્ર, શ્રીકૃષ્ણ, મહાવીર અને શ્રીરામકૃષ્ણ-પરમહંસ. બની શકે એટલા જુસ્સાથી શ્રીરામચંદ્ર અને મહાવીર (હનુમાન)ની પૂજાનો પ્રચાર થવો જોઇએ. વૃન્દાવનલીલાને હમણાં એક ખૂણામાં મૂકી છાંડ.

ગીતારૂપી સિંહનાદ કરનાર શ્રીકૃષ્ણની પૂજા પ્રવર્તાવ ! શક્તિ (બળ)ની પૂજાનાં બીજ નાખ !

આ કાળે વૃંદાવનલીલાનું રહસ્ય ઉપયોગી નથી.

શિષ્યઃ—કેમ, વૃંદાવનલીલા કાંઇ ખરાબ છે ?

સ્વામીજીઃ—અત્યારે એવી પૂજાથી તારા દેશનું કલ્યાણ થાય એવો સંભવ નથી. તુંજ કહે જોઇએ, વાંસળી વગાડવાથી વર્તમાન સંયોગોમાં દેશનું શું હિત સધાવાનું હતું ? અત્યારે તો મહાત્યાગ, મહાનિષ્ઠા, મહાધૈર્ય અને નિઃસ્વાર્થ સેવાબુદ્ધિ એટલી વસ્તુઓનીજ પૂરેપૂરી જરૂર છે. દેશમાં સર્વત્ર જાગૃતિ ફેલાય અને સર્વ કોઇ ઉદ્યોગપરાયણ થઈ જાય, એવી પૂજાઓ અને ભાવનાઓનો ફેલાવો કરો. વર્તમાનકાળની જરૂરીયાતોમાં એ જરૂરીયાત મુખ્ય છે.

શિષ્યઃ—આપના અભિપ્રાય પ્રમાણે તો વૃંદાવનલીલાને નિરૂપયોગીજ માનવી જોઇએ.

સ્વામીજીઃ—એમ કોણ કહે છે ? હું એમ કહેવા માગું છું કે વૃંદાવનલીલાની યથાયોગ્ય ધારણા જનસમાજને થાય તે માટે બહુ ઉચ્ચસાધનાઓની જરૂર છે. અત્યારે ઘોર કામ-કાંચનાસક્તિવાળા યુગમાં એવી લીલાઓનો ઉચ્ચભાવ ભાગ્યેજ કોઇ સમજી શકશે.

શિષ્યઃ—ત્યારે શું આપ એમ કહેવા માગો છો કે જેઓ સખ્યાદિ મધુરભાવોનું અવલંબન લઈ સાધના કરે છે, તેઓ ભૂલભરેલા માર્ગે જાય છે ?

સ્વામીજીઃ—હા, મારો અભિપ્રાય તો એવાજ પ્રકારનો છે; તેમાં પણ ખાસ કરીને જેઓ એવા ભાવનાસાધક હોવાનું જણાવે છે તેઓને માટે તો હું બહુંજ ખરાબ અભિપ્રાય ધરાવું છું. અલબત્ત, એવા સાધકોમાં ગણ્યાગાંઠ્યા સાચા સાધકો પણ મળી જાય, બાકી મોટો ભાગ તો ઘોર તમોગુણમાં ગળા સુધી ડૂબી ગયો છે; અસ્વભાવિક માનસિક દુર્બળતાપૂર્ણ થઇ ગયો છે. એટલાજ માટે તમને પુનઃ પુનઃ કહ્યા કરૂં છું કે બની શકે તેટલા સામર્થ્યથી મહાવીરની પૂજા કરાવવાનો પ્રયત્ન કરો, શક્તિની પૂજા પ્રચલિત થાય તેવો ઉપદેશ કરો, શ્રી રામચંદ્ર જેવા મહાપુરૂષોની ઉપાસના થાય તેવી વ્યવસ્થાઓ કરો. એમ થશે તોજ તમારા દેશનું કલ્યાણ થશે. તે સિવાય અત્યારે બીજો એકે ઉપાય નથી.

શિષ્યઃ—પરન્તુ મેં એમ સાંભળ્યું છે કે ગુરૂદેવ શ્રીરામકૃષ્ણપરમહંસ તો સર્વની સાથે સંકીર્તન કરવામાંજ ખાસ કરીને આનંદ પામતા.

સ્વામીજીઃ—એમની વાત જુદી છે. એમની સાથે સામાન્ય જીવોની તુલના થઇ શકે ? તેમણે સર્વ માર્ગો અજમાવી જોયા હતા, અને છેવટે સર્વનો "એકત્વ" માં સમાવેશ પણ કરી દીધો હતો. તારાથી કે મારાથી શું એમ બની શકે તેમ

છે ? તેઓ કેવા અને કેટલા મહાન પુરૂષ હતા તે હજુ સુધી આપણે બરાબર રીતે સમજી શકયા નથી. એજ કારણસર હું જ્યાં ત્યાં તેમનો ઉલ્લેખ કરતો નથી. પોતે કેવા હતા તે તેઓ પોતે એકલાજ સમજતા હતા. તેમનો દેહજ માત્ર મનુષ્યો જેવો હતો, બાકી તેમની ચાલચલગત-વર્તન એ સર્વ કોઇ જૂદીજ ભાતનું-અમાનુષી હતું.

શિષ્યઃ--વારૂ, આપ એમને એક અવતારી પુરૂષ તરીકે માનો છો કે નહિ ?

સ્વામીજીઃ—અવતારી પુરૂષોનો અર્થ તું શું કરે છે તે એકવાર મને સમજાવ.

શિષ્યઃ--કેત, જેવીરીતે શ્રીરામ, શ્રીકૃષ્ણુ, શ્રીગૌરાંગ, શ્રીબુદ્ધ તથા શ્રીક્રાઇસ્ટ વગેરે ઇશ્વિરી અવતાર ગણાય છે, તેમના જેવા તેમને માની શકાય કે નહિ ?

અવતારી પુરૂષોનો પ્રવાહ સતત વહ્યા કરે છે.

સ્વામીજીઃ--માનવાની વાત તો દૂર રહી; તેં જે નામો લીધાં તેના કરતાં પણ શ્રીરામકૃષ્ણ ગુરૂદેવને હું વધારે મહાન પુરૂષ સમજું છું. પણ એ વાત જવા દે. અત્યારે તો માત્ર એટલુંજ યાદ રાખી લે કે સમય અથવા સમાજના સંયોગોને અનુસરીને ધર્મનો ઉદ્ધાર કરવા જેઓ અવતરે છે તેમને મહાપુરૂષો કહો અથવા અવતારી પુરૂષો કહો, ગમે તે કહો, તેનાથી કાંઇ લાભ કે હાનિ નથી. તેઓ સંસારમાં આવી જીવોએ પોતાનું જીવન કેવું બનાવવું, તેનો માર્ગ સૂચવતા જાય છે; એટલુંજ નહિ પણ પોતાનું આદર્શ દ્રષ્ટાંત આપી જીવોને ઉત્તેજિત કરી જાય છે. કાળક્રમે એવા આદર્શને અનુસરનારાઓ એક સંપ્રદાય બાંધી દઇ ધર્મને સંકુચિત સીમામાં પુરી રાખે છે. એ સંપ્રદાય જેવો વિકૃત થયો કે તુરતજ એક બીજો સુધારક પુરૂષ અવતાર લે છે. આ પ્રમાણે સતત એક પ્રવાહ વહ્યાજ કરે છે.

શિષ્યઃ—ત્યારે આપે ગુરૂદેવને એક અવતારી પુરૂષ તરીકે જગતમાં કેમ જાહેર ન કર્યા ? આપનામાં વકતૃત્વશક્તિ તો પૂરતા પ્રમાણમાં હતી !

સ્વામીજીઃ—તેનું કારણ માત્ર એટલુંજ કે હું તેમને બહુ ઓછા પ્રમાણમાં સમજી શકયો છું. તેઓ મને એટલા બધા મહાન લાગ્યા છે કે તેમના સંબંધમાં કાંઇ બોલવા જતાં, કદાચ અસત્ય તો નથી બોલી જવાયું ને ! એવો ભય રહ્યા કરે છે. કદાચ મારી પોતાની અલ્પ શક્તિને લીધે તેમની છબી બગડી જાય તો શું કરવું ? એટલાજ માટે તેમના સંબંધે મૌન રહેવું વધારે યોગ્ય માનું છું.

શિષ્યઃ--પરન્તુ આજકાલ અનેક મનુષ્યો તેમને અવતારી પુરૂષ તરીકે લેખી તેમની ભાવનાઓનો પ્રચાર કરે છે.

સ્વામીજીઃ—તે ભલે કરે. જે જેટલું સમજ્યો હોય તેટલું તે ભલે કરે. તારો એવો વિશ્વાસ બંધાયો હોય તો તું પણ કર.

શિષ્યઃ—હું તો આપને પોતાનેજ બરાબર સમજી શકતો નથી તોપછી ગુરૂદેવની તો વાતજ ક્યાં કરવી ? મને તો એમ લાગે છે કે આપની સહેજસાજ કૃપા મારા ઉપર રહ્યા કરે તો પણ મારૂં જીવન સફળ છે.

વાતચીત પૂરી થઇ એટલે સ્વામીજીની ચરણરજ માથે ચડાવી શિષ્ય પોતાને ઘેર પાછો ફર્યો.

प्रसंग २६ मो.

(સ્થાન-બેલુડમઠ ચણવા સમયે. ઈ.સ. ૧૮૯૯)

કામ-કાંચનાસક્ત ગૃહસ્થોનો ધર્મ.

શિષ્યઃ—સ્વામીજી ! ગુરૂદેવ કહેતા કે જ્યાંસુધી કાંચન અને કામિનીનો ત્યાગ ન થાય ત્યાંસુધી કોઈ મનુષ્ય ધર્મના માર્ગમાં આગળ વધી શકે નહિ. તો પછી જેઓ રાત્રિ-દિવસ સાંસારિક વિષયોમાં રચ્યા-પચ્યા રહે છે તેઓને માટે અર્થાત્ ગૃહસ્થોને માટે ક્યાંઈ ઉપાય નહિ હોય શું ?

સ્વામીજીઃ—ગૃહસ્થ હોય યા સંન્યાસી હોય, ગમે તે હોય, પણ જો તેનામાં કામ-કાંચનની આસક્તિ રહી ગઇ હોય તો ઈશ્વર તરફ તેના મનની ગતિ થાય નહિ એ વાત નિઃસંદેહ છે. એ બે વસ્તુઓમાં જ્યાંસુધી મન રમ્યા કરે છે ત્યાં સુધી યથાર્થ અનુરાગ, યથાર્થ નિષ્ઠા, કે યથાર્થ શ્રદ્ધા કોઇ કાળે ઉદ્ભવતી નથી.

શિષ્યઃ—ત્યારે ગૃહસ્થોને માટે કાંઇ ઉપાય ?

સ્વામીજીઃ—ઉપાય અવશ્ય છે. ગૃહસ્થોએ નાની નાની વાસનાઓ પૂર્ણ કરતા જવું અને મોટી મોટી વાસનાઓનો વિચારપૂર્વક ત્યાગ કરતા જવું. ત્યાગ સિવાય ઈશ્વર-પ્રાપ્તિનો બીજો કોઇ રાજમાર્ગ નથી. **ब्रह्मा स्वयं वदेत्**-વેદકર્તા સ્વયં બ્રહ્મા આવીને કહે તો પણ તે ત્યાગ સિવાય બીજો કોઇ માર્ગ દર્શાવી શકે નહિ.

સંન્યાસી અને ગૃહસ્થ વચ્ચે ભેદ.

શિષ્યઃ—સંન્યાસ ગ્રહણ કરવાથીજ વિષયનો ત્યાગ થઇ જતો હશે ?

સ્વામીજીઃ—એમ કોણ કહે છે ? અલબત્ત સંન્યાસીઓ કામ-કાંચનનો સંપૂર્ણ ત્યાગ કરવા માટે તૈયાર રહે છે અને તેને માટે પ્રયત્ન કરે છે, જ્યારે ગૃહસ્થોની નૌકા તો સ્વચ્છંદતાથી મરજીમાં આવે તેમ ભટકયા કરે છે. ગૃહસ્થો અને સંન્યાસીઓ વચ્ચે એજ એક મોટો તફાવત છે. ભોગની વાસના કોઈ દિવસ શાંત થઇ હોય એમ સાંભળ્યું છે ? **भूय एवाभिवर्धते**-એ તો જેમ જેમ ભોગવો તેમ તેમ વધતીજ જવાની !

શિષ્યઃ—ભોગ ભોગવતાં માણસ કંટાળી જાય ત્યારે તો વિતૃષ્ણા અને ઉદાસીનતા જન્મે કે નહિ ?

ભોગોપભોગોથી મનની મલિનતામાં વૃદ્ધિ થાય છે.

સ્વામીજીઃ—ભોગોપભોગોથી કંટાળીને કેટલા મનુષ્યોએ વૈરાગ્ય લીધો, તે તું મને કહે. વિષયોના ભોગોથી મન ઉપર એક એવી છાપ પડી જાય છે, મન એવું કલુષિત થઇ જાય છે; અને તે એવા વિચિત્ર રંગથી રંગાઇ જાય છે કે તેમાં બીજું પ્રતિબિંબજ પડી શકતું નથી. એટલા માટે ત્યાગ–ત્યાગ એજ એક સર્વનો મૂળમંત્ર છે, એ વાત નિર્વિવાદ છે.

શિષ્યઃ—ઋષિ–વાક્ય તો આ પ્રમાણે છે કે **गृहेषु पंचेन्द्रियनिग्रहस्तपः निवृत्तरागस्य गृहं तपोवनम्** । ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં ઇન્દ્રિયના વિષયોથી અર્થાત્ રૂપ–રસ–ગંધાદિના ભોગોપભોગોથી દૂર રહેવું તે પણ તપસ્યા છે; કારણ કે વિષયો પ્રત્યેનો અનુરાગ દૂર થયો એટલે ગૃહ પણ તપોવનજ બની રહે છે.

સ્વામીજીઃ—એવી રીતે **ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં, જેઓ કામ–કાંચનાદિ આસક્તિઓનો ત્યાગ કરી શકે તેઓ ખરેખર ધન્ય છે;** પરન્તુ એવા વીર પુરૂષોની સંખ્યા કેટલી બધી ઓછી હોય છે ?

શિથિલાચારી સંન્યાસી પણ ત્યાગમાર્ગ ઉપર છેજ.

શિષ્યઃ—પરંતુ આપજ આગળ કહી ગયા છો કે સંન્યાસીઓનો મોટો ભાગ પણ સંપૂર્ણ પ્રકારે કામ–કાંચનાસક્તિનો ત્યાગ કરી શક્યો નથી.

સ્વામીજીઃ—બેશક, મેં તેમ કહ્યું છે; પણ તેની સાથે એમ પણ કહ્યું છે કે તેઓ ત્યાગના માર્ગ ઉપર તો હોય છેજ. કામ–કાંચનાસક્તિની સામે યુદ્ધ કરવાને તેઓ બહાર તો પડી ચૂક્યા હોય છેજ. બીજી તરફ જોઇએ તો ગૃહસ્થો કામ–કાંચનાદિને વિઘ્નરૂપેજ હજી સમજતા નથી હોતા, તો પછી આત્મોન્નતિને માટે પ્રયત્ન તો ક્યાંથી કરી શકે ? બાહ્ય આસક્તિઓની સામે આપણે યુદ્ધ કરવાનું છે, એ ભાવનાજ કોઇ વિરલ ગૃહસ્થમાં હોય છે.

શિષ્યઃ—એમ કેવીરીતે આપણાથી કહી શકાય ? અનેક ગૃહસ્થો આસક્તિઓને ટાળવાને પ્રયત્નો કરે છે.

સ્વામીજીઃ—જેઓ એવા પ્રયત્નો કરે છે તેઓ એકવાર અવસ્ય ત્યાગી બની શકશે અને સર્વ આસક્તિઓ દૂર કરી શકશે; પરંતુ જેઓ એમજ માની બેઠા છે કે "થવાનું હતું તે થયું, અને થવાનું હશે તે થશે;" તેઓને માટે તો આત્મદર્શન બહુ દૂર છે "અત્યારેજ પ્રભુનાં દર્શન કરીશ, આ જન્મમાંજ પ્રભુની પાસે જઇશ" એવી ભાવના તો વીર પુરૂષોનેજ હોય છે. આવાં વીરરત્નો ગમે તે ક્ષણે સર્વસ્વનો ત્યાગ કરી દેવાને તત્પર હોય છે. શાસ્ત્રમાં તેઓને ઉદ્દેશીનેજ કહ્યું

છે કે; **यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्** । જે સમયે વૈરાગ્ય ઉદ્ભવે, તેજ સમયે સંસાર ત્યજીને ચાલી નીકળે.

ઈશ્વરના કૃપાપાત્ર કેમ બનાય ?

શિષ્યઃ—પણ ગુરૂદેવ કહેતા કે જ્યારે ઇશ્વરની કૃપા થાય અને તેઓ સાદ કરે, ત્યારે સંસારની સઘળી આસક્તિઓ ઘડીમાં તૂટી જાય છે.

સ્વામીજીઃ—હા, તેમની કૃપા થાય તો એમ બને. પણ તેમની કૃપાના પાત્ર બની શકીએ તેટલા માટે સૌ પહેલા આપણે શુદ્ધ અને પવિત્ર બનવું જોઇએ કે નહિ ? મન–વચન–કાયાથી પવિત્ર ન બનીએ તો કોણ કોના ઉપર શા માટે કૃપા કરે ?

શિષ્યઃ—મન–વચન–કાયાનો સંયમ થઇ શકતો હોય તો પછી કૃપાની જરૂરજ શું રહી ? મારાથી જો સંયમ બની શકે તો હું પોતેજ મારી પોતાની આત્મોન્નતિ કરી શકું.

સ્વામીજીઃ—તું એક વખત અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરી જો અને પછી તેમની (ઈશ્વરની) કૃપા થાય છે કે નહિ, તેનો વિચાર કરી જોજે. પુરૂષાર્થ કર્યા વિના છાનામાના બેસી રહેવાથી કોઇની કૃપા મેળવી શકાતી નથી.

શિષ્યઃ—હું ધારૂં છું કે આત્મોન્નતિની ઇચ્છા દરેકને હોય છેજ; પરંતુ લક્ષમાં ન આવી શકે એવા કોઇ કારણોને લઇને મન સ્થિર રહી શકતું નથી તેનું શું કરવું ? હું ઈશ્વરનાં દર્શન કરૂં એવી ઇચ્છા કોને ન હોય ?

સ્વામીજીઃ—એવી ઇચ્છા જે હૃદયમાં થાય તે હૃદયમાં પ્રયત્નની શરૂઆત થઇ ચૂકી એમજ ગણાય. કાળક્રમે તેના ઉપર ઈશ્વરની કૃપા થયા વિના રહેજ નહિ.

પૂર્વકાળે મહાપાપીઓ પણ પ્રભુદર્શન પામતા, એ કેમ સંભવે ?

શિષ્યઃ—અનેક અવતારોમાં એવી વાતો બનેલી સાંભળવામાં આવે છે કે, જેઓ એક વખત મહા ભયાનક પાપી અને વ્યભિચારી હતા, તેઓ પણ કોઈ પ્રકારના સાધન–ભજન વિના માત્ર ઈશ્વરકૃપાથીજ ઈશ્વરનાં દર્શન અનાયાસે કરી શકયા હતા. એ વાતોનો અર્થ શું ?

સ્વામીજીઃ—જેઓ બહારથી પાપી, વ્યભિચારી અને દુરાચારી હોય છતાં ઈશ્વરનાં દર્શન તે કરી શકયા હોય તો તેઓના હૃદયમાં તે પહેલાં એક વખત તીવ્ર અશાંતિ જન્મેલી હોવી જોઇએ, એ વાત ખાત્રીપૂર્વક માની લેવી. જ્યારે એવી અશાંતિથી તેમનું હૃદય સળગવા લાગે અને ભોગોપભોગો પ્રત્યે સખત તિરસ્કાર આવે, ત્યારે તેમને કશામાં ચેન પડતું નથી. આથી તેઓ ભગવાનની દયા મેળવવા માટે હૃદયના પવિત્ર ભાવથી પ્રાર્થના કરે છે અને પ્રભુ તે સાંભળે પણ છે. આવા લોકો તમોગુણદ્વારા ધર્મમાર્ગમાં આગળ વધે છે, એમ કહેવું જોઇએ.

શિષ્યઃ—તેને તમોગુણ કહો અથવા તો ગમે તે કહો, પણ એ ગુણથી તેમને ઇશ્વરપ્રાપ્તિ થઇ, એ વાત તો ચોક્કસ ને ?

સ્વામીજીઃ—તેની કોણ ના પાડે છે ? પણ હું તને પૂછું છું કે, પાયખાનામાં થઇને ગૃહમાં દાખલ થવું તેના કરતાં સિંહદ્વારથી સીધું ગૃહમાં જવું શું ખોટું છે ? બન્ને માર્ગે મનની અશાંતિ દૂર કરવાની તીવ્ર ભાવના, એકસરખી ઉપયોગી થઇ પડે છે.

શિષ્યઃ—તે ખરૂં; પણ હું એમ ધારૂં છું કે જેઓ ઇન્દ્રિયાદિના દમનપૂર્વક કામ–કાંચનાદિનો ત્યાગ કરી ઇશ્વરપ્રાપ્તિ માટે સર્વદા તત્પર રહેતા હોય તેઓ પુરૂષાર્થવાદી અથવા તો સ્વાવલંબી હોવા જોઇએ; અને જેઓ કેવળ માત્ર (ઇશ્વરના) નામ ઉપરજ વિશ્વાસ રાખી નિર્ભર રહે છે તેઓની કામ–કાંચનાસક્તિ ઇશ્વિર દૂર કરે છે અને છેવટે પરમપદે લઇ જાય છે.

સ્વામીજીઃ—હા; પણ તેં કહ્યું તેવા નિર્ભર ભાવવાળા ભક્તો તો કોઇ વિરલાજ હોય. એવા પુરૂષો સિદ્ધ થાય છે તો તેમને કૃપાસિદ્ધ માનવામાં આવે છે; છતાં જ્ઞાની અને ભક્ત, એ ઉભયને માટે ત્યાગ એજ એક મૂળમંત્ર હોવો જોઇએ, એ નિઃશંક છે.

ઇશ્વિરકૃપા માટે કોઇ નિયમ હશે કે નહિ.

શિષ્યઃ—શ્રીયુત ગિરીશચંદ્ર ઘોષ મહાશયે મને એકવાર કહ્યું હતું કેઃ–"કૃપાને માટે કોઇ નિયમજ નથી. જો નિયમ હોય તો પછી તેને કૃપા એવું નામજ આપી શકાય નહિ. ઇશ્વિરને ત્યાંની વ્યવસ્થા જગતના નિયમોથી સ્વતંત્ર હોય છે."

સ્વામીજીઃ—નહિ–નહિ, તેમ ન બને. ઘોષ મહાશય જે સ્થાનની વાત કહે છે તે સ્થાને પણ કોઈ એક પ્રકારનો નિયમ હોવોજ જોઇએ. એ નિયમ શું હશે તે આપણે જાણી ન શકીએ તે સ્વાભાવિક છે; પરંતુ નિયમ કે વ્યવસ્થાની તો ના કહી શકાય નહિ. અલબત્ત, જે સ્થાન દેશ–કાળથી પણ અતીત છે, ત્યાં કાયદો ન હોય એ વાત સહેજે સમજી શકાય તેમ છે; કારણ કે જ્યાં કાર્ય–કારણને સંબંધ નથી ત્યાં કોણ કોના ઉપર કૃપા કરે ? જે સ્થાને સેવ્ય–સેવક, ધ્યાતા–ધ્યેય અને જ્ઞાતા–જ્ઞેય એક બની જાય છે, સર્વ સમરસ થઇ જાય છે, ત્યાં નિયમ ન હોય તો પણ ચાલે.

શિષ્યઃ—આજે તો હવે રજા લઇશ. આપની સાથે વાતો કરવાથી વેદ–વેદાંતનું ઘણું ખરૂં રહસ્ય સમજવામાં આવી જાય છે. અત્યારસુધી કેવળ વાણીના આડંબરમાં સમય વીતાડયો, તે માટે હવે પશ્ચાત્તાપ થાય છે.

સ્વામીજીની ચરણરજ માથે ચડાવી શિષ્ય કલકત્તા તરફ રવાના થયો.

प्रसंग २७ मो.

———×———

(સ્થાન-બેલુડમઠ-નિર્માણકાળે ઇ. સ. ૧૮૯૯)

વર્તમાન દુર્દશા સંબંધી ચર્ચા.

શિષ્ય:—સ્વામીજી ! વર્તમાનકાળે આપણા સમાજની અને દેશની આટલી બધી દુર્દશા કેમ થવા પામી હશે ?

સ્વામીજી:—તમે લોકો એના માટે જવાબદાર છો.

શિષ્ય:—કેમ ?

સ્વામીજી:—બહુ કાળથી દેશની નીચ જાતિઓનો તમે તિરસ્કાર કરતા આવ્યા છો; તેથી આજે તમે પોતે દુનિયાના તિરસ્કારને પાત્ર બન્યા છો.

શિષ્ય:—અમે કયારે કોનો તિરસ્કાર કર્યો ?

સ્વામીજી:—કેમ ? ભટ્ટાચાર્યના વંશના જે કહેવાય છે તે તમેજ ને ? વેદ-વેદાન્તાદિ તાત્ત્વિક ગ્રંથો બ્રાહ્મણ સિવાયના મનુષ્યોને વાંચવાની પણ છુટ નહિ, તેમનો તમને કદાચ સ્પર્શ થાય તોપણ સ્નાન કરવું જોઇએ, એમ કહેનારા તમેજને ? નીચ જાતિઓને કાયમને માટે નીચ બનાવી રાખી, સ્વાર્થાંધતાથી તિરસ્કાર કર્યો, તેનું પરિણામ એજ આવ્યું કે તમે પોતેજ જગતની દ્રષ્ટિમાં તિરસ્કારપાત્ર બન્યા. બ્રાહ્મણોએ ધર્મશાસ્ત્રનો ઇજારો રાખી લીધો અને વિધિ નિષેધો પોતાના હાથમાં રાખી ભારતવર્ષની અન્ય જાતિઓને નીચ ઠરાવી દીધી. આથી વસ્તુતઃ જે જાતિઓને બ્રાહ્મણો જેટલોજ અધિકાર હોવો જોઇએ તે જાતિઓ પોતેજ પોતાને નીચ માનવા લાગી ગઈ ! તું એક માણસને ખાતાં પીતાં, સૂતાં, બેસતાં એમ કહ્યા કરે કે “ તું નીચ છે, ” “ તું અધમ છે, ” તો કાળક્રમે તે માણસ “ ખરેખરજ હું નીચ હઈશ ” એમ માનવા લાગે, એ તદ્દન સ્વાભાવિક છે. હવે ધીમે ધીમે બ્રાહ્મણોની આંખો ઉઘડવા લાગી છે, તેઓની શાસ્ત્રો ઉપરની શ્રદ્ધા દિવસે દિવસે શિથિલ થઈ જાય છે; અને અંગ્રેજી શિક્ષણના પ્રતાપે અંધશ્રદ્ધાની ટેકરીઓ પણ જમીનદોસ્ત થવા લાગી છે. તુંજ વિચાર કરી જો કે બ્રાહ્મણોમાં હવે કેટલો બધો ફેરફાર થઈ ગયો છે ?

બ્રાહ્મણોના તિરસ્કારનું ફળ.

શિષ્ય:—જી હા, આચાર વિચાર કાંઇક શિથિલ થતા જાય છે.

સ્વામીજી:—થાય નહિ ? બ્રાહ્મણોએ અત્યાર સુધી જે ભયંકર જુલમ અને અનાચાર કર્યો છે, સ્વાર્થાંધતાથી પોતાનું પ્રભુત્વ સાચવી રાખવા માટે જે અનૈતિક, અવૈદિક તથા અયૌક્તિક (નીતિવિરૂદ્ધ, વેદની આજ્ઞાવિરૂદ્ધ અને યુક્તિવગરના)

મતો ચલાવ્યા છે, તેનું ફળ પણ તેમને હવે રોકડુંજ મળવા લાગ્યું છે.

શિષ્ય:—શું ફળ મળ્યું મહાશય ?

સ્વામીજી:—જોતા નથી શું ફળ મળ્યું તે ? ભારતની અપર જાતિઓનો તિરસ્કાર કરવાથી, હજારો વર્ષો થયાં તમારે પોતાનેજ દાસત્વ કરવું પડે છે તે નથી જોતા ? વિદેશી પ્રજાના તિરસ્કારો તથા સ્વદેશવાસીઓનાં હુમલાઓ કાંઇ ઓછા સહન કરવા પડયા છે ?

શિષ્ય:—પરંતુ મહાશય ! અત્યારે પણ જે વ્યવસ્થાઓ ચાલે છે, તે બ્રાહ્મણોનાજ અભિપ્રાયને અનુસરીને ચાલે છે. ગર્ભાધાનથી મૃત્યુપર્યંતના જે સંસ્કારો થાય છે તે સર્વ બ્રાહ્મણોના હાથથીજ થાય છે; છતાં આપ એમ કેમ કહો છો ?

શાસ્ત્રીય સંસ્કારોજ કયાં છે ?

સ્વામીજી:—ખોટી વાત ! શાસ્ત્રોક્ત સંસ્કારો અત્યારે છેજ કયાં ? મેં ભારતવર્ષમાં ચોતરફ મુસાફરી કરીને જોયું છે તો સર્વત્ર દેશાચારનુંજ પ્રાબલ્ય જણાયું છે. શ્રુતિ-સ્મૃતિઓનો તો કોઇ ભાવજ પૂછતું નથી. **લોકાચાર, દેશાચાર અને સ્ત્રી-આચારે અત્યારે શ્રુતિ-શાસ્ત્રોનાં સ્થાન પડાવી લીધાં છે.** કોઇ કાંઇ કહેવા જાય છે તોપણ તેનું કોઇ સાંભળવાની પરવા રાખતું નથી. ભટ્ટાચાર્ય **બ્રાહ્મણોને થોડાઘણા પૈસા મળ્યા, એટલે અમે તેવો વિધિ-નિષેધ લખી આપે છે.** તુંજ કહે કે વૈદિક કલ્પ, ગૃહ્યસૂત્ર તથા શ્રૌતસૂત્રનો અભ્યાસ કર્યો હોય એવા ભટ્ટાચાર્યો અત્યારે મળી આવશે ? મેં બરાબર જોયું છે કોઇ કોઈ સ્થળે રઘુનંદનનો મત પ્રબળ છે, કોઇ સ્થળે મિતાક્ષરોનો મત પ્રબળ છે, કે તો કોઇસ્થળે મનુસ્મૃતિ ઉપરજ સઘળો આધાર રાખવામાં આવે છે. તમે લોકો એમ સમજો છો કે સમસ્ત દેશમાં એકજ મતને અનુસરી વ્યવસ્થાઓ ચાલે છે, પણ જ્યાં જુઓ ત્યાં મતભેદજ પ્રવર્તે છે; એટલાજ માટે કહું છું કે વેદોના પ્રત્યે લોકોની સન્માનબુદ્ધિ થાય, સર્વ કોઈ વેદોનીજ ચર્ચા કરે અને સર્વત્ર વેદનોજ મત પ્રબળ થાય એવો પ્રયત્ન કરો.

શિષ્ય:—હવે વેદનો મત દેશમાં સર્વ કોઇને અનુકૂળ થાય એવો સંભવ છે ?

સ્વામીજી:—અલબત્ત, સઘળા જુના નિયમો અત્યારે અનુકૂળ થઇ શકે નહિ, પણ તેમાં સમયોચિત સુધારો વધારો કરી પ્રચલિત કર્યા હોય તો શા માટે તેનો પ્રચાર ન થાય ?

શિષ્ય:—હું ધારૂં છું કે મનુની આજ્ઞાને તો સૌ કોઇ માન આપે છેજ.

સ્વામીજી:—મનુને ભાગ્યેજ કોઇ માન આપતું હશે. તંત્રોનો વામાચાર તમારા હાડમાંસમાં પેસી ગયો છે તે નથી જોતા ? એટલુંજ નહિ પણ મૃત બૌદ્ધ ધર્મના હાડપિંજર સમાન આધુનિક વૈષ્ણવધર્મમાં પણ ભયંકર દુરાચારે પગ-

પેસારો કર્યો છે! આ અવૈદિક વામાચારને જેમ બને તેમ વહેલો નષ્ટ કરી નાખવો જોઇએ.

શિષ્ય:—એ દુરાચાર દૂર થાય એમ તમને લાગે છે?

અત્યારે પણ મનુ અને યાજ્ઞવલ્કય ઉપજાવી શકાય.

સ્વામીજી:—એ શું બોલે છે? બીકણુ-કાયર! “અસંભવિત-અસંભવિત” કહી કહીનેજ દેશનું સત્યાનાશ કાઢી નાખ્યું! મનુષ્યપ્રયત્નથી શું ન થાય?

શિષ્ય:—પણ જયાં સુધી મનુ અને યાજ્ઞવલ્કય જેવા ઋષિમુનિઓ દેશમાં પુનઃ જન્મ ન લે ત્યાં સુધી અત્યારની સ્થિતિમાં કાંઇ ફેરફાર થાય એમ મને લાગતું નથી.

સ્વામીજી:—અરે, પવિત્રતા અને નિઃસ્વાર્થ પ્રયત્નને લઇનેજ તેઓ મનુ અને યાજ્ઞવલ્કય ગણાયા કે તે સિવાય તેમનામાં કાંઇ વિશેષ હતું? પ્રયત્ન કરવાથી આપણે પણ મનુ અને યાજ્ઞવલ્કય જેવા મહાન થઈ શકીએ તેમ છીએ; તો પછી આપણા વિધિ નિષેધ દેશમાં કેમ નહિ ચાલે?

શિષ્ય:—આપ અગાઉ એકવાર કહી ચૂકયા છો કે પ્રાચીન આચારો દેશમાં પ્રવર્તાવવા જોઈએ. હવે મનુ વગેરે આપણા જેવાજ મનુષ્યો હતા. એમ માનીને તેવા પુરૂષોની ઉપેક્ષા કરીએ તો આપણે કેવી રીતે આગળ કામ કરી શકીએ?

સ્વામીજી:—હું શું કહું છું અને તું શું સમજે છે? મારી વાત બરાબર સમજી લે. હું એમ કહેવા માગું છું કે જે પ્રાચીન આચારો છે તેને સમાજને સમયોપયોગી બનાવવાને માટે, તે સર્વને નવા ભાવે તથા નવી પદ્ધતિએ પ્રચલિત કરવા જોઇએ. સમજ્યો?

શિષ્ય:—જી હા.

કાંઇક કામ કરી બતાવો-તોજ લોકો તમને માન આપશે.

સ્વામીજી:—તું શાસ્ત્ર વગેરે વાંચી ગયો છે. અમારાં આશા શ્રદ્ધા તમારા જેવા નવયુવકો ઉપરજ છે. મારા આશયોને બરાબર સમજી કામ કરવા લાગી જાઓ, એજ મારી ઇચ્છા છે.

શિષ્ય:—પરંતુ અમારી વાત સાંભળશે કોણ? લોકો અમારૂં કથન શા માટે માન્ય કરશે?

સ્વામીજી:—તું પોતે જો શાસ્ત્રનો મર્મ સમજી શકીશ અને તેને આચારમાં મૂકી શકીશ તો અવશ્ય લોકો તે સ્વીકારશેજ; પણ જો પોપટની માફક શ્લોકો માત્ર ઉચ્ચારીનેજ બેસી રહીશ અને એક નિર્બળ મનુષ્યની માફક પ્રમાણોજ આપ્યા કરીશ તો કોઇ તને સાંભળશે નહિ. કાંઇક કરી બતાવીશ તોજ લોકો તારૂં કહેવું સાંભળશે અને તારા પ્રત્યે માનની દ્રષ્ટિથી જોશે.

પ્રાચીન તત્ત્વોને સમયોપયોગી બનાવો.

શિષ્યઃ—સમાજ-સુધારણા સંબંધે કાંઇક ઉપદેશ સાંભળવાની ઇચ્છા છે.

સ્વામીજીઃ——ઉપદેશ આપવામાં કાંઈ કચાસ રાખી નથી. છેવટે એકાદ ઉપદેશને તો આચારમાં ઉતારો ! તારૂં શાસ્ત્રાધ્યયન તથા મારો સહવાસ કાંઈ સાર્થક થયો છે, એમ જગતને બતાવી આપે તોજ તારો શ્રમ લેખે લાગ્યો ગણાય. મનુ વગેરેનો અભ્યાસ કરી ગયો, તે સિવાય બીજાં પણ અનેક શાસ્ત્રો વાંચી ગયો તે સર્વનો મૂળ પાયો અથવા ઉદ્દેશ શું છે તે એક વખત વિચારપૂર્વક શોધી કાઢ, અને એ મૂળ ઉદ્દેશને બરાબર સાચવી રાખી પ્રાચીન ઋષિઓનાં અમૂલ્ય તત્ત્વોને સમયોપયોગી બનાવ. એટલું લક્ષમાં રાખજે કે ભારતવર્ષની સઘળી જાતિઓ તથા સઘળા સંપ્રદાયોને એ નિયમનું પાલન કરીનેજ પોતાનું યથાર્થ કલ્યાણ કરવાનું છે. એકાદ સ્મૃતિ તો એ પ્રકારે લખી જો. લખી રહે એટલે મને બતાવજે, હું યોગ્ય લાગશે ત્યાં સુધારો વધારો કરી દઇશ.

શિષ્યઃ——એવી સ્મૃતિ લખવી એ કાંઇ સહજ વાત નથી. ધારો કે સ્મૃતિ લખીને તૈયાર કરી, પણ લોકો તે શા માટે માને ?

સ્વામીજીઃ——લોકો કેમ નહિ માને ? તું એક વાર લખી તો જો ? **कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी**-કાળનો અંત નથી, તેમ પૃથ્વી પણ વિશાળ છે. અગર તું બરાબર લખીશ તો લોકો એક કાળે તે માન્યા વિના રહેશે નહિ. તારા પોતાનામાં વિશ્વાસ રાખ. તું પોતેજ પૂર્વે એક વૈદિક ઋષિ હતો; આ વખતે શરીર બદલાવી લાવ્યો તેથી શું થઇ ગયું ? હું મારી દિવ્યદ્રષ્ટિથી જોઇ શકું છું કે તારી અંદર પણ અનંત શકિત ભરી છે. તે શકિતને જાગૃત કર. ઉઠ, ઉઠ, કામે લાગી જા, કટિબધ્ધ થા. ક્ષણભંગુર ધન, માન, માયામાં ફસાવાથી શું કલ્યાણ થવાનું હતું ? મારા વિચારો તું જાણે છે ? હું મુકિત-ફુકિતને ઇચ્છતો નથી. **તમારૂં મનોબળ તથા હૃદયબળ જાગૃત કરવું એજ મારો જીવન-ઉદ્દેશ** છે. એક યથાર્થ પુરૂષ તૈયાર કરવાને મારે એક લાખવાર જન્મો લેવા પડે તોપણ હું તયાર છું.

બહાદૂરની માફક કામ કરતા કરતાજ મરો.

શિષ્યઃ—આપ કહો છો તેમ કાર્યમાં લાગી જઉં તોપણ શું ? મૃત્યુ કાંઇ મને મૂકી દેવાનું હતું ?

સ્વામીજીઃ——દૂર મૂર્ખ ! મરવું છે તો એકવાર કે વધારે ? બીકણની માફક રાત્રિ-દિવસ મરણની ચિંતા કરીને ઘડીએ ઘડીએ મરવું તેના કરતાં, કામ કરતા કરતા બહાદૂરની માફક મરવું એ શું ખોટું છે ?

શિષ્યઃ——ધારો કે મરણની ચિંતા મૂકી દીધી; પણ આ અનિત્ય સંસારમાં કર્મ કરવાથી શું ફળ મળવાનું હતું ?

સ્વામીજીઃ—જો મૃત્યુ અનિવાર્ય છે તો **એક પામર કીડાની માફક ચગદાઇ મરવા કરતાં વીરની માફક કર્મ કરતાં કરતાં મરવાનું કેમ પસંદ કરતો નથી?** આવી ને આવી રીતે **આ અનિત્ય સંસારમાં બે ચાર દિવસ વધારે જીવતા રહ્યા તોપણ તમને કે બીજા કોઇને શું લાભ થવાનો હતો?** વૃદ્ધાવસ્થામાં જરાજીર્ણ થઇ રીબાતા રીબાતા મરવું તેના કરતાં એક કર્મવીરની પેઠે અન્યનું, જગતનું કલ્યાણ કરતા, ઘા સહન કરતા મરવું એ કેટલું બધું આનંદદાયક છે? વિચાર કરી જો.

શિષ્યઃ—જી હા, આજે આપને બહુ શ્રમ આપ્યો.

“જગતના કલ્યાણની કામના એજ મારૂં જીવનવ્રત.”

સ્વામીજીઃ—યોગ્ય જિજ્ઞાસુ પાસે બરાબર બે રાત્રિ સુધી બકયા કરૂં તોપણ મને શ્રમ જણાય તેમ નથી. જરૂર પડે તો આહાર-નિદ્રાનો પણ ત્યાગ કરી ચોવીસે ચોવીસ કલાક બકી શકું. જો મને એમજ લાગત કે લોકો ઘડીએ ઘડીએ આવીને કંટાળો આપ્યા કરે છે, તો શું હિમાલયની એકાદ ગુફામાં ભરાઇ બેસતાં મને નહોતું આવડતું? વળી, તું જુવે છે કે મહેશ્વરીની દયાથી ખાન-પાન સંબંધે મને લેશ પણ ચિંતા કરવી પડતી નથી. ખાવા-પીવાનું ગમે ત્યાંથી મળીજ રહે છે. છતાં શા માટે એકાંતમાં ભરાઈ બેસતો નથી, અને શા માટે આવી રીતે ભમ્યા કરૂં છું, તે તું જાણે છે? દેશની આ દુર્દશા જોવાથી તથા તેના પરિણામનો વિચાર કરવાથી હૃદય ચીરાઇ જાય છે! સમાધિ-બમાધિ પણ તુચ્છ જણાય છે-**तुच्छम् ब्रह्मपदम्**। તમારા કલ્યાણની કામના એજ મારૂં જીવન-વ્રત છે. જ્યારે મારૂં એ વ્રત પૂર્ણ થશે ત્યારે આનંદપૂર્વક આ દેહનો ત્યાગ કરી ચાલી નીકળીશ.

શિષ્યઃ—આશ્ચર્યચકિત નેત્રે સ્વામીજીની તેજસ્વી મુખમુદ્રા તરફ તાકી રહ્યો. થોડી વાર સુધી મુખમાંથી એક શબ્દ પણ નીકળ્યો નહિ, છેવટે રજા લેવાની આશાથી સ્વામીજીને ભક્તિપૂર્વક પ્રણામ કરી કહ્યું કેઃ-“મહાશય, હવે આજે રજા લઈશ.”

સ્વામીઃ—શા માટે જાય છે રે? મઠમાંજ રહી જા ને! સંસારીઓની મધ્યમાં જવાથી વળી પાછું મન મલિન થઇ જશે. અહીંયાં જો કેવી સરસ હવા, કેવો સુંદર ગંગાનો આરો? સાધુઓ તથા બ્રહ્મચારીઓ પણ કેવાં સરસ સાધન-ભજન કરે છે? કલકત્તામાં જઇશ એટલે આજની સર્વ વાતો ઉપર પાણી ફરી વળશે!

શિષ્યે સહર્ષ કહ્યું:-ભલે ત્યારે, આજે અહીંયાંજ રહી જઇશ.

સ્વામીજીઃ—આજજ કેમ? કાયમને માટેજ રહી જા ને! પુનઃ સંસારમાં પડીને શું કલ્યાણ કરવાનો હતો?

શિષ્યે સ્વામીજીના શબ્દો સાંભળી મસ્તક નીચે નમાવ્યું. મનમાં એક સાથે અનેક વિચારો ઉભરાઇ નીકળવાથી કાંઇ ઉત્તર આપી શકયો નહિ.

प्रसंग २८ मो.

(સ્થાન–બેલુડમઠ નિર્માણકાળે. ઇ. સ. ૧૮૯૯)

બિલ્વવૃક્ષનો મહિમા.

સ્વામીજીનું શરીર હમણાં સહજ નરમ રહ્યા કરે છે. મઠને માટે જે નવી જગ્યા ખરીદ કરવામાં આવી છે તે જગ્યાએ એક જુના મકાનનો જીર્ણોદ્ધાર થાય છે. સાયંકાળે શિષ્યને સાથે લઇને સ્વામીજી તેજ જગ્યાએ ફરવા જવા બહાર નીકળ્યા. તે વખતે સ્વામીજીએ હાથમાં એક લાંબી લાકડી અને અંગે ગેરૂઆ રંગનો ઉનનો ઝબ્બો પહેર્યો હતો. મસ્તક ખુલ્લું હતું. વાતો કરતા કરતા થોડે દૂર ઉત્તર તરફ ગયા. બહુ લાંબે જવાનો સ્વામીજીનો મૂળથીજ ઇરાદો નહોતો તેથી એટલામાં ટેલવા માંડયું. દક્ષિણ તરફ એક બિલીનું વૃક્ષ હતું તે તરફ નજર કરી એક ગાયન લલકારતા સ્વામીજી તે તરફ આગળ વધ્યા અને ધીમે ધીમે અમે તે બિલ્વવૃક્ષ પાસે આવી પહોંચ્યા. વૃક્ષની નીચે બેસતાં બેસતાં સ્વામીજીએ કહેવા માંડયું કે:–“ આ સ્થળે વખત જતાં કેટલા સાધુ–સંન્યાસીઓ, યોગીઓ કે જટાધારીઓ એકત્ર થશે તેની તું કલ્પના કરી શકે છે? ગુરૂદેવ કહેતા હતા કે બિલ્વવૃક્ષ બહુ પવિત્ર વૃક્ષ છે. તેની નીચે બેસી ધ્યાન–ધારણા કરવાથી થોડા પરિશ્રમે કાર્યસિદ્ધિ થઈ શકે છે.”

સ્થાનાસ્થાન તથા કાળાકાળ કયાં સુધી જોવા પડે છે?

શિષ્ય:—મહાશય, જેઓ જડ–ચેતનના વિચારોમાં સર્વદા તલ્લીન રહે છે તેમને સ્થાનાસ્થાન, કાળાકાળ તથા શુદ્ધિ અશુદ્ધિના વિચારો કરવા પડતા હશે?

સ્વામીજી:—આત્મજ્ઞાનની ‘ નિષ્ઠા ’ દૃઢ થઇ ગયા પછી એવા વિચારો કરવાની જરૂર રહેતી નથી એ વાત ખરી છે; પરંતુ એવી નિષ્ઠા આવવી એ શું સહજ વાત છે? એને માટે પ્રારંભમાં અનેક સાધનાઓ કરવી પડે છે. સૌ પહેલાં તો સાધકે બાહ્ય અવલંબન લઇ પોતાનાજ પગ ઉપર ઉભા રહેવાનો (સ્વાશ્રયી બનવાનો) અભ્યાસ કરવો જોઇએ. એમ કરવાથી જ્યારે આત્મજ્ઞાનમાં નિષ્ઠા પ્રાપ્ત થાય ત્યારે બહારના કોઇ સાધનની જરૂર રહેતી નથી.

સાધનાઓનું સામર્થ્ય.

જે વિવિધ પ્રકારનાં સાધનો શાસ્ત્રમાં દર્શાવવામાં આવ્યાં છે તે સર્વ એક માત્ર આત્મજ્ઞાનની પ્રાપ્તિને અર્થેજ છે. છતાં અધિકારભેદે સાધનાઓ પણ ભિન્ન ભિન્ન હોય છે. આટલી વાત લક્ષમાં રાખવા જેવી છે કે સાધના પણ એક પ્રકારનું કર્મજ છે; અને જ્યાંસુધી કર્મ છે ત્યાંસુધી આત્માનો સાક્ષાત્કાર થઇ શકતો

નથી. આત્મપ્રકાશની આડે જે જે અંતરાયો રહેલા હોય છે તે દૂર કરવાને શાસ્ત્રોક્ત સાધનારૂપી કર્મોજ સમર્થ છે. કર્મમાં પોતામાં એવી કોઇ શક્તિ નથી કે તે આત્મપ્રકાશ કરી શકે; કર્મો તો માત્ર કેટલાંએક આવરણોનેજ દૂર કરી શકે છે. આવરણો દૂર થતાં આત્મા પોતે પોતાનીજ પ્રભાથી પ્રકાશવા લાગે છે. એટલાજ માટે ભાષ્યકાર (શ્રીમદ્ શંકરાચાર્ય) ને કહેવું પડયું છે કેઃ—"બ્રહ્મજ્ઞાનને કર્મની સાથે લેશ પણ સંબંધ નથી."

કર્મો આત્મદર્શનમાં કારણભૂત ગણાય ?

શિષ્યઃ——કર્મ કરવાથીજ અંતરાયો દૂર થાય છે અથવા આત્મપ્રકાશ થાય છે, તો એક રીતે કર્મજ પરોક્ષભાવે જ્ઞાનના કારણભૂત છે એમ કેમ ન કહેવાય?

સ્વામીજીઃ—કાર્ય–કારણની દ્રષ્ટિથી જોતાં અલબત્ત એમ લાગે. પૂર્વમીમાંસા એજ દ્રષ્ટિનું અવલંબન લઇને કહે છે કેઃ—"કામ્ય કર્મ ફળ આપ્યા વિના રહેતું નથી." પરંતુ નિર્વિશેષ આત્માનું દર્શન કર્મદ્વારા થઇ શકતું નથી; કારણ કે આત્મજ્ઞાનના જિજ્ઞાસુઓને પહેલેથીજ કહી દેવામાં આવે છે કે સાધનાદિ કર્મો તો કરવાં પણ તેના ફળાફળમાં લેશ માત્ર આસક્તિ રાખવી નહિ. મતલબ કે કર્માનુષ્ઠાન આદિ સાધનો સાધકની ચિત્તશુદ્ધિ માટે બહુ જરૂરનાં છે. જો કર્માનુષ્ઠાનના ફળરૂપે આત્મદર્શન થતું હોત તો કર્મોનાં ફળનો ત્યાગ કરવા માટે શાસ્ત્રો કદાપિ ઉપદેશ કરત નહિ. મીમાંસા–દર્શન કર્મને ફળ આપવાના સ્વભાવવાળું લેખે છે, તેથી તે કર્મવાદનું નિરાકરણ કરવાને માટે ગીતાકારને નિષ્કામ કર્મયોગ પ્રબોધવો પડયો છે.

ફળની આશા વિના કર્મો થાયજ કેવી રીતે?

શિષ્યઃ——પરંતુ કર્મના ફળની પ્રત્યાશા વિના કષ્ટકર કર્મો કરવાની પ્રવૃત્તિ કેમ થાય ?

સ્વામીજીઃ—જ્યાંસુધી. શરીર છે ત્યાંસુધી કર્મ કર્યા વિના છુટકા નથી. હવે જ્યારે જીવને કર્મ કરવાં પડે છે તો પછી જે પ્રકારનાં કર્મ કરવાથી આત્મદર્શન થઇ શક એવાં કર્મોજ શા માટે ન કરવાં? આત્મદર્શન માટે કર્મો કરવાં તેને કર્મયોગ કહેવામાં આવે છે. તેં જે એમ કહ્યું કેઃ—"એવાં કષ્ટકર કર્મો કરવાની પ્રવૃત્તિજ કેમ થાય?" તો તેના ઉત્તરમાં જણાવવાનું કે જે જે કર્મ થાય છે તે પ્રવૃત્તિ–મૂલક હોય છે; પરંતુ એવી રીતે કર્મ કરતાં કરતાં જ્યારે એક કર્મમાંથી બીજા કર્મમાં અને એક જન્મમાંથી બીજા જન્મમાં જવાનું થાય ત્યારે સહેજે એવો પ્રશ્ન ઉદ્ભવે કેઃ—"હવે આ કર્મનો અંત કયારે આવશે?" ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે કેઃ— "**गहना कर्मणो गतिः**" એનો મર્મ એ વખતે સમજાય છે. આવી રીતે કર્મ કરતાં કરતાં જ્યારે કંટાળો આવે અને કેમે કરતાં અંતરની

ખરી શાંતિ મળી શકે નહિ, ત્યારે સ્વાભાવિક રીતેજ સાધક કર્મત્યાગી બનવાનો વિચાર કરે છે. પણ દેહ છે ત્યાંસુધી કર્મ તો કરવાંજ પડે. કર્મ કર્યાવિના રહીજ કેમ શકાય? ત્યારે હવે તેણે શું કરવું? એટલાજ માટે નિષ્કામ કર્મયોગ તે વખતે ઉપદેશે છે કે, તેણે એ ચાર એવાં સત્કર્મો કરવાં જોઇએ કે જેમાં ફળની લેશ પણ કામના રહેલી ન હોય. કર્મનાં ફળની આશામાંજ જન્મ–મરણનો અંકુર રહેલો છે. આટલાજ માટે યથાર્થ બ્રહ્મજ્ઞ અને સર્વકર્મત્યાગી પુરૂષો કીર્તિની આશા વિના કર્મ કરી જાય છે. ફળાફળની આસક્તિ નથી રહેતી તો કર્મો કોઇ રીતે વિઘ્નરૂપ થતાં નથી. ફળની ખાતર નહિ પણ કર્મની ખાતર કર્મ કરનારાઓને શાસ્ત્રમાં નિષ્કામ કર્મયોગી તરીકે ઓળખવામાં આવ્યા છે.

શિષ્યઃ—ત્યારે શું નિષ્કામ પુરૂષ અર્થાત્ એક બ્રહ્મજ્ઞનાં ઉદ્દેશહીન કર્મો કોઇ ગાંડાના પ્રયત્નો જેવાંજ હોય છે એમ કહી શકાય?

જ્ઞાનાતીત ભૂમિકામાં રહેનારા પુરૂષોથી જગતનું હિતજ થાય છે.

સ્વામીજીઃ—નહિ; પોતાની ખાતર અર્થાત્ પોતાના શરીર અને મનના સુખની ખાતર કર્મ ન કરવાં એતુંજ નામ કર્મફળનો ત્યાગ કર્યો કહેવાય. બ્રહ્મજ્ઞ પુરૂષો પોતાના સુખની શોધમાં ફરતા નથી; પણ તેજ વખતે અન્યોના કલ્યાણ કિંવા યથાર્થ સુખની ખાતર શા માટે પ્રયત્ન ન કરે? તેઓ ફળની આસક્તિ વિના જે કાંઇ કર્મ કરે તે એવાજ ઉદ્દેશથી કે તેથી 'જગતનું કાંઈ પણ કલ્યાણ થાય. તેમનાં સઘળાં કર્મો કેવળ **बहुजनहिताय, बहुजनसुखाय** જ હોય છે. ગુરૂદેવ કહેતા કે **તેવા "પુરૂષોનો પગ પણ કોઇ દિવસ બેતાલો પડતો નથી. તેઓની ગમે તે ક્રિયામાં કાંઇક ને કાંઇક અર્થ હોય છેજ."** ઉત્તર રામચરિત્રમાં આ પંક્તિઓ નથી વાંચી? **ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति।** અર્થાત્ ઋષિ–મુનિઓનાં વાક્યો કોઇ દિવસ નિરર્થક કે મિથ્યા નથી હોતાં–તેમનાં વાક્યોમાં કાંઇક ને કાંઇક અર્થ હોય છેજ.

મન જ્યારે આત્મામાં લીન થાય છે તે અવસ્થામાંજ વૃત્તિરહિતતા પ્રાપ્ત થાય છે એટલે કે મનની ચંચળતા નાશ પામે છે. **इहामुत्रफलभोगविराग** મતલબ કે તેવા પુરૂષોને આ સંસારના સુખભોગની કે સ્વર્ગનાં સુખોની પણ લાલસા રહેતી નથી. મનના સંકલ્પ–વિકલ્પ તરંગો નાશ પામે તે અવસ્થામાં એવી લાલસાઓ ન રહે તે સ્વાભાવિકજ છે; પરંતુ વ્યુત્થાનકાળે, એટલે કે સમાધિ અથવા વૃત્તિહીનાવસ્થામાંથી મન, પાછું "હુંપણા–મારાપણાના" અહંકારવાળા રાજ્યમાં નીચે ઉતરી આવે છે ત્યારે પાછું પૂર્વકૃત કર્મો યા અભ્યાસ યા તો પ્રારબ્ધજન્ય સંસ્કારોના વેગથી દેહાદિનાં કર્મો કરવા લાગી જાય છે; પરંતુ આ અવસ્થામાં પણ ઘણું કરીને તે મન કેટલેક અંશે તે સમાધિવાળી અવસ્થામાંજ

રહેવાને ટેવાઇ જાય છે. આથી કરીને તેવા પુરૂષને કોઇ વખત ખાવાનું મળે કે ન મળે તોપણ તે સંબંધી કાંઇજ ચિંતા નથી. કારણ કે તેમની દેહાદિમાં અહંમમબુદ્ધિ અને તે પ્રત્યેની આસક્તિ એવી તો ક્ષીણ થઇ જાય છે કે ખાવા-પીવા-પહેરવા-ઓઢવા વિષે તેમને બહુ ફીકર રાખવી પડતી નથી. આવી અવસ્થામાં જે કાંઇ થાય તે યોગ્યજ થાય. આ અવસ્થાવાળા પુરૂષોનું પ્રત્યેક કાર્ય જગતના કલ્યાણ અર્થેજ હોય છે; કારણ કે તેવા કર્તાનું મન સ્વર્ગવાસના અથવા સુખભોગની લાલસાથી દૂષિત નથી હોતું. ઇશ્વર પોતે પણ સર્વદા જ્ઞાનાતીત ભૂમિકામાં રહીને જગતરૂપી વિચિત્ર સૃષ્ટિ ઉત્પન્ન કરે છે; અને એથી કરીને જગતમાં કોઇ વસ્તુ અસંપૂર્ણ જણાતી નથી. એટલાજ માટે હું કહું છું કે આત્મવેત્તા પુરૂષનાં ફલાસક્તિરહિત કર્મો અધુરાં કે ખામીવાળાં હોઇ શકતાં નથી. એવાં કર્મોથી તો જગતનું કલ્યાણજ થાય છે.

યથાર્થ કર્મયોગી બનો-કર્મ કરો-રજોગુણ ઉદ્દીપ્ત કરો.

શિષ્યઃ--આપે કહ્યું હતું કે જ્ઞાન અને કર્મ પરસ્પર વિરોધી છે. બ્રહ્મજ્ઞાનમાં કર્મને એક તિલમાત્ર સ્થાન નથી, અથવા કર્મદ્વારા બ્રહ્મજ્ઞાન કે બ્રહ્મદર્શન થવું સંભવિત નથી; તો પછી આપ મહારજોગુણને પ્રદીપ્ત કરે એવો ઉપદેશ કેમ આપો છો? હજી તો તે દિવસેજ મને આપે કહ્યું હતું કેઃ-"બસ કર્મ કરો-કર્મ-કર્મ ને કર્મ એ એકજ માર્ગ છે"-"**नान्यः पन्था विद्यतेयनाय**"

સ્વામીજીઃ—મેં આખી દુનિયામાં ફરી ફરીને જોયું છે કે અત્યારે આ **દેશમાં જેવા ઘોર તમોગુણી લોકો છે તેવા દુનિયાના બીજા કોઇ ભાગમાં નથી.** બહાર જુઓ તો પરમ સાત્ત્વિક હોવાનો ડોળ કરે અને જરા ઉંડા ઉતરીને તપાસ કરો તો ઘોર તમોભાવ, જડતા, આળસ, અજ્ઞાન વિગેરે ભર્યાં પડયાં હોય. આવા લોકોથી જગતનું શું હિત થવાનું હતું? **આવી નિરૂદ્યોગી, નિરૂદ્યમી, સુસ્ત-આળસુ, કામાંધ અને ઉદરપરાયણ જાતિ દુનિયામાં કેટલા દિવસ જીવી શકે?** મારા કહેવામાં તને અત્યુક્તિ જેવું જણાતું હોય તો તું પોતેજ એકવાર યૂરોપ-અમેરિકાની મુસાફરી કરી આવ. ત્યાં તું જોઇ શકશે કે તેમના જીવનમાં ઉદ્યોગ, કર્મવીરતા, ઉત્સાહ અને રજોગુણનો પ્રવાહ છલકાઇને બહાર વહેવા લાગ્યો છે. તારા દેશના માણસોનું લોહી તો જાણે હૃદયમાં આવીનેજ અટકી પડયું છે, નસોમાં જાણે કાંઇ શક્તિજ રહી નથી અને આખું અંગ પક્ષાઘાતથી જાણે ઝલાઈ ગયું હોય તેમ જણાય છે. એટલાજ માટે હું તેઓની અંદર રજોગુણ પ્રદીપ્ત કરી કર્મતત્પરતાદ્વારા ઐહિક જીવન-સંગ્રામમાં તેમને વીર બનાવવા માગું છું. જેમના શરીરમાં બળ નથી, હૃદયમાં ઉત્સાહ નથી, મગજમાં પ્રતિભા નથી, એવા જડપિંડોથી (ભારતવાસીઓથી) શું થવાનું હતું રે? હું

તેઓને હલાવીને-ઢંઢોળીને-ગમે તેમ કરીને તેમની અંદર પ્રાણ આણવાનો પ્રયત્ન કરીશ. મારૂં આ જીવન પણ એટલાજ માટે છે. વેદાન્તના અમોઘ મંત્રો ઉચ્ચારી તેમને જગાડીશ અને કહીશ કે "**उत्तिष्ठत, जाग्रत।**" કારણ કે એ અભયવાણી સંભળાવવાની ખાતરજ મારો જન્મ છે. તમે મને એ કાર્યમાં મદદ આપો અને **ગામે ગામ તથા દેશે દેશ ફરી એજ અભયવાણી બ્રાહ્મણોથી તે ચંડાળ સુદ્ધાંને સંભળાવો. જે કોઇ મળે તેને ઘડીવાર ઉભો રાખો અને કહો કે તમારામાં અનંત શૌર્ય, અનંત વીર્ય અને અનંત ઉત્સાહ રહેલાં છે, તથા તમે અમૃતના-મોક્ષના-અધિકારી** પણ છો. આ પ્રમાણે સર્વ પહેલાં રજોગુણની ઉદ્દીપના કરો અને ત્યારપછી મુક્તિ કેમ મેળવવી તેની વાત કહેજો. સૌ પહેલાં અંતરની શક્તિને જાગૃત કરી લોકોને સ્વાશ્રયી થતાં શિખવો. ઉત્તમ ખાનપાન, ઉત્તમ વસ્ત્રો તથા ઉત્તમ ભોગો પ્રાપ્ત કરવાના માર્ગો લોકોને દર્શાવો. ત્યારપછીજ સર્વ પ્રકારના ભોગોના બંધનથી મુક્ત થવાનો છૂટથી ઉપદેશ કરજો. **અજ્ઞાન અને અનાચારથી દેશની આવી દુર્દશા થએલી જોઇને કયો બુદ્ધિમાન સ્થિર થઇને બેસી રહી શકે?** તમને આવી અવસ્થા જોતાં છતાં આંખમાંથી આંસુ નથી પડતાં? હું મદ્રાસ, મુંબઇ, પંજાબ તથા બંગાળનાં ઘણાંખરાં શહેરોમાં ફર્યો છું, પણ ક્યાંઇ ચેતનાનું-જીવની શક્તિનું ચિન્હ હોય એમ મને જણાયું નથી. તમે લોકો મનમાં એમજ માની બેઠા છો કેઃ-"અમે તો ભણેલા-ગણેલા અને સુશિક્ષિત છીએ." ;પરંતુ શરમ છે તે શિક્ષણને! બીજાની થોડીઘણી વાતો ભાષાંતરમાં યાદ કરી, મગજમાં સંઘરી રાખી, પરીક્ષા પાસ કરી એટલે શું તમે સુશિક્ષિત બની ગયા? છીઃ છીઃ એનું નામ શું શિક્ષણ કહેવાય? તમારા શિક્ષણનો ઉદ્દેશ શું? કાંતો ક્યાંઇક કલાર્કશીપ મેળવવી અને બહુ બહુ તો એકાદી ડેપ્યુટીગીરી મેળવી લેવી એજ કે બીજો કાંઇ? આથી તમારૂં પોતાનું કે તમારા દેશનું શું હિત થયું? **સુવર્ણમયી ભારતભૂમિમાં આજે અન્નને માટે કેટલો હાહાકાર થાય છે, તે જરા આંખો ઉઘાડીને જુઓ. તમારા સુશિક્ષિતપણાથી એ હાહાકાર દૂર થઈ શકે તેમ છે?** કદિ નહિ. પાશ્ચાત્ય વિજ્ઞાનની સહાયતાથી તું પોતે **ખેતી કરવા અને માટી ખોદવા મંડી જા. ચાકરી-આકરીથી કાંઇજ દી વળવાનો નથી.** પાશ્ચાત્ય વિજ્ઞાનની સહાયતાથી, તું તારી પોતાની બુદ્ધિ અને ખંતથી રોજ નવા નવા માર્ગો શોધી કાઢ. અન્ન-વસ્ત્રનો અભાવ દૂર કરવા માટેજ લોકોને રજોગુણી બનાવવાનો હું ઉપદેશ કરૂં છું. જે વખતે અન્ન અને વસ્ત્રના અભાવે ચિંતામાં ને ચિંતામાં સમસ્ત દેશ દુર્બળ બની ગયો છે તે વખતે તમે લોકો શું કરો છો? હું કહું છું કે શાસ્ત્ર-ફાસ્ત્રને ગંગાજળમાં ફેંકી દે. **પહેલવહેલાં તો અન્ન-વસ્ત્ર મેળવવાનો માર્ગ**

લોકોને બતાવ. પછી નિરાંતે તેમને ભાગવત-ફાગવત સંભળાવજે. કર્મતત્પરતાદ્વારા ઐહિક અભાવ દૂર નહિ થાય ત્યાંસુધી તારી ધર્મકથા કોઇ સાંભળવાનું નથી, એ વાત ખાત્રીપૂર્વક સમજી રાખજે. એટલા માટેજ હું વખતોવખત કહ્યા કરૂં છું કે સૌ પહેલાં તમે તમારી અંદર રહેલી આત્મશક્તિને જાગૃત કરો; અને ત્યારપછી દેશના બીજા સાધારણ લોકોને શક્તિમાં વિશ્વાસ ઉપજાવી અન્ન પ્રાપ્ત કરવાના ઉપાયો બતાવો. એટલું કર્યા પછી જો ધર્મ કરવાનો ઉપદેશ આપશો તો તે નિષ્ફળ નહિ જાય. **હવે બેસી રહેવાનો વખત નથી.** ક્યારે કોનું અચાનક મૃત્યુ થશે તે કોણ કહી શકે તેમ છે ?

વાત કરતાં કરતાં ક્ષોભ, દુઃખ અને કરૂણાની સાથે એક અપૂર્વ તેજનું મિશ્રણ થવાથી સ્વામીજીની મુખાકૃતિ ઑર પ્રકાશમય જણાવા લાગી. ચક્ષુઓમાંથી અગ્નિની ચીણગારીઓ બહાર નીકળતી હોય તેવો ભાસ થવા લાગ્યો. સ્વામીજીની તે વખતની દિવ્ય મૂર્તિ જોઇને શિષ્ય, ભય તથા વિસ્મયને લીધે વધારે શબ્દોનો ઉચ્ચાર કરી શકયો નહિ.

થોડી ક્ષણો પછી સ્વામીજી પુનઃ બોલવા લાગ્યાઃ—મેં કહ્યું તેવી કર્મતત્પરતા અને આત્મનિર્ભયતા વખત જતાં આ દેશમાં આવવીજ જોઇએ અને આવશેજ, એજ હું શ્રદ્ધાપૂર્વક કહી શકું છું. તે સિવાય છુટકોજ નથી. બુદ્ધિમાન લોકો ભાવી ત્રણ યુગની છબી પ્રત્યક્ષપણે જોઇ શકે છે.

“ગુરૂદેવના જન્મ સાથેજ પૂર્વાકાશમાં અરૂણોદય થઈ ચૂકયો છે. વખત જતાં તેમના પ્રતાપે સમસ્ત દેશ મધ્યાહ્ન સૂર્યનાં કિરણોથી પ્રકાશમય બનશે.”

प्रसंग २९ मो.

(સ્થાન-બેલુડમઠના નિર્માણકાળે. ઈ. સ. ૧૮૯૯)

બેલુડ મઠ તૈયાર થઈ ગયો છે. થોડું ઘણું કામ બાકી છે તે સ્વામીજીની આજ્ઞા પ્રમાણે વિજ્ઞાનાનંદ સ્વામી પૂરૂં કરાવે છે. સ્વામીજીનું શરીર જેવું જોઇએ તેવું સારૂં નથી. ડૉકટરે સાંજે અને સવારે, ગંગાજીમાં નૌકા મારફતે સ્વામીજીને ફરવા લઇ જવાનું શિષ્યોને ફરમાવ્યું હતું. નિત્યાનંદજી સ્વામી એક ગૃહસ્થ પાસેથી એક નૌકા માગી લાવ્યા હતા અને તે નાકા મઠની સામેજ બાંધી રાખવામાં આવી હતી. ઇચ્છા થતી ત્યારે સ્વામીજી એ નૌકામાં બેસી ગંગાજીમાં ફરવા બહાર નીકળી પડતા.

સંન્યાસીઓ માટે નિયમો.

આજે રવિવાર છે. શિષ્ય મઠમાં આવ્યો ત્યારે સ્વામીજી આહારાદિથી નિવૃત્તિ થઈ દીવાનખાનામાં બેઠા હતા. થોડા દિવસ ઉપર સ્વામીજીએ મઠમાં રહેતા સંન્યાસીઓ તથા બાલ બ્રહ્મચારીઓ માટે કેટલાએક નિયમો તૈયાર કર્યા હતા. તેમાં ગૃહસ્થોના સહવાસથી સંન્યાસીઓને બનતાં સુધી અલગ રાખવા, એ એક નિયમ મુખ્ય હતો. દાખલા તરીકે બ્રહ્મચારીઓ માટેના ભોજનગૃહ તથા વિશ્રામસ્થાનમાં કોઇ ગૃહસ્થથી દાખલ થઇ શકાશે નહિ, વગેરે. એજ વિષય સંબંધી વાર્તાલાપ આજે શરૂ થયો.

સંયમરહિત ગૃહસ્થો પ્રત્યે તિરસ્કાર.

સ્વામીજીઃ—આજ કાલ ગૃહસ્થોનાં શરીરમાંથી અને વસ્ત્રોમાંથી પણ સંયમહીનતાની કેવી ખરાબ વાસ આવે છે ! એટલા માટે મઠમાં એવો નિયમ કર્યો છે કે કોઇ ગૃહસ્થથી કોઇ પણ સાધુના બિછાનામાં સૂવાશે–બેસાશે નહિ. આગળ હું એમ માનતો કે શાસ્ત્રમાં ગૃહસ્થોનો બહુ સમાગમ રાખવાનો નિષેધ કર્યો છે તેથીજ સંન્યાસીઓ ગૃહસ્થોની પાસે બેસતા અચકાતા હશે; પણ હવે મને લાગે છે કે એ નિયમ બહુ જરૂરનો છે. જો નિયમોનું બરાબર પાલન થશે તો બ્રહ્મચારીઓ કાળક્રમે યથાર્થ સંન્યાસીઓ બની શકશે. સંન્યાસની નિષ્ઠા એક વખત દૃઢ થઇ ગયા પછી સંન્યાસીઓ ગૃહસ્થોની સાથે હળી મળીને રહે તો જૂદી વાત છે; પરંતુ અત્યારથીજ જો નિયમ રાખવામાં ન આવે તો સર્વ સંન્યાસીઓ અને બાલ બ્રહ્મચારીઓ વખતે બગડી જાય એવો ભય રહે છે. યથાર્થ બ્રહ્મચારી બનવા માટે સૌ પહેલાં સંયમ સંબંધી કઠોર વ્રત–નિયમો પાળતાં શિખવું જોઇએ. સ્ત્રીઓનાં નામ અને ગંધથી તો દૂરજ રહેવું જોઇએ; એટલુંજ નહિ પણ સ્ત્રીઓની સાથે સંસર્ગ રાખનારા ગૃહસ્થોના સહવાસથી પણ બ્રહ્મચારીઓએ દૂર રહેવું જોઇએ.

ગૃહસ્થાશ્રમી શિષ્ય સ્વામીજીની આ વાત સાંભળી સહેજ ચમક્યો; અને હવે પછી મઠના સંન્યાસીઓ તથા બ્રહ્મચારીઓ સાથે પહેલાંની માફક સમભાવે હળાશે–મળાશે નહિ, એમ વિચારી મનમાં ને મનમાં મુંઝાવા લાગ્યો. છેવટે તેણે કહ્યું:–“ પરન્તુ આ મઠ અને આ મઠના સંન્યાસીઓ, મારા પોતાના ઘર તથા પરિવાર કરતાં પણ અધિક પરિચિત તથા સ્નેહાસ્પદ મને જણાય છે. મઠમાં આવવાથી મને જેટલો આનંદ થાય છે તેટલો બીજે ક્યાંઇ થતો નથી. મારા ઘર કરતાં પણ આ મઠ મને વધારે આનંદદાયક લાગે છે. અહીંયાં હું જેવી સ્વતંત્રતાથી હરી–ફરી શકું છું, તેવી સ્વતંત્રતાથી ફરવાનું મારે માટે જગતમાં બીજું એક્કે સ્થાન નથી. ”

“ અમારો સંન્યાસધર્મ નવી પદ્ધતિનો છે. ”

સ્વામીજી:—પવિત્ર હૃદયના મનુષ્યોને એવો અનુભવ થાય તે સ્વાભાવિક છે. જેને એવો અનુભવ ન થાય તે આ સ્થાનને માટે યોગ્ય નથી એમજ સમજી લેવું. ઘણા લોકો બહારની વાતો સાંભળીને અહીં દોડયા આવે છે અને પુનઃ નાસી જાય છે, તેનું પણ એજ કારણ છે. જેઓ બ્રહ્મચર્યહીન છે અને રાત્રિ દિવસ પૈસો કમાવામાંજ મશગૂલ છે, તેઓ આ સ્થાનનો પવિત્ર ભાવ કદાપિ સમજી શકે નહિ; તેમજ મઠના મનુષ્યોને પોતાના સગા-સંબંધી જેવા માની શકે નહિ. અહીંના સંન્યાસીઓ કાંઇ જટા-ભસ્મધારી અને હાથમાં લાંબો ચીંપીયો રાખી લોકોને ઔષધ આપતા રખડનારા સંન્યાસીઓ જેવા નથી. એટલાજ માટે લોકો એમને જોવા તેમજ સાંભળવા છતાં હજી બરાબર સમજી શકતા નથી. આપણા ગુરૂદેવની ચાલચલગતજ કોઇ અદ્ભુત પ્રકારની હતી, એટલે અમે પણ લોકદ્રષ્ટિએ નવાજ પ્રકારના દેખાઇએ છીએ. કોઇ વખત મોટી ધામધૂમથી ભાષણો અને લેકચરો આપી સભાઓ ગજાવી મૂકીએ છીએ તો કોઇ વખત “ હરહર ઓમ્ ઓમ્ ” નો ધ્વનિ કરી, ભસ્મ ચોળી, પહાડો અને જંગલોમાં ઘોર તપસ્યા કરવા નીકળી પડીએ છીએ. અમારૂં આવું વિલક્ષણ વર્તન જોઇને લોકો સ્તબ્ધ બની જાય છે! વિચારમાંજ પડી જાય છે કે આ સંન્યાસીઓ તે વળી કેવા પ્રકારના!

ધ્યાનસ્થ થઇને બેસી રહેવાથી શું દી વળે?

તુંજ કહે કે, હવે પ્રાચીન પંચાંગો અને પુસ્તકોનાં પ્રમાણો માત્ર આપીને બેસી રહેવાથી શું દી વળે? પાશ્ચાત્ય સુધારાનો પ્રવાહ પ્રબળ વેગથી વહી રહ્યો છે, સમસ્ત દેશમાં તેની અસર પહોંચી ચૂકી છે. આવા વખતે આંખ-કાન બંધ કરી પહાડની એકાદ ગુફામાં ધ્યાનસ્થ થઇને બેસી રહેવાથી દેશનું શું કલ્યાણ થવાનું હતું? અત્યારે તો ભગવાને ગીતામાં કહ્યું છે તેમ હૃદયમાં નિઃસીમ સાહસ તથા અનંત બળ પ્રેરી શકે એવા પ્રબળ કર્મયોગની પૂરેપૂરી જરૂર છે. કર્મયોગના વિજયનાદથી લોકોને જગાડવા જોઇએ, નહિતર “ બૂડતા જઈશું તેની સાથે બીજાને પણ બૂડાડતા જઇશું. ”

સાંજ થઈ જવાથી, સ્વામીજી ગંગામાં ફરવા માટે વસ્ત્રો પહેરી નીચે આવ્યા અને મઠના ચોગાનમાં થોડીવાર સુધી આમ તેમ ફર્યા. પછી ફરવા જવા માટેની નૌકા તૈયાર કરવામાં આવી, એટલે સ્વામીજી નિર્ભયાનંદ, નિત્યાનંદ તથા શિષ્યને સાથે લઇ નૌકામાં બેઠા.

સ્વામીજીએ નૌકાની છત ઉપરજ બેસવાનું પસંદ કર્યું; શિષ્ય પણ તેમના પગ પાસે બેઠો. ભાગીરથીના નાના નાના તરંગો નૌકા સાથે અથડાઇ કલ કલ

ધ્વનિથી મધુર ગીત ઉપજાવવા લાગ્યા ! મૃદુ મૃદુ મલય-વાયુ વહી રહ્યો હતો. આકાશની પશ્ચિમ દિશા હજુ સંધ્યાના લાલ રંગથી રંગાઇ નહોતી; સૂર્યનારાયણને અસ્ત થવામાં હજુ અર્ધો કલાક બાકી હતો. અમારી નૌકા ઉત્તર તરફ ચાલવા લાગી. સ્વામીજીનું આ સમયનું દશ્ય બહુ મનોહર હતું. મુખ ઉપર પ્રફુલ્લતા, નયનોમાં કોમળતા, શબ્દોમાં ઉદાસીનતા તથા પ્રત્યેક હાવ-ભાવમાં જિતેંદ્રિયતા બહાર સ્ફુરી નીકળતી હતી ! તે સમયનું ભાવપૂર્ણ રૂપ જેણે જોયું છે તેજ તે સમજી શકે એમ છે.

અનુકૂળ વાયુના બળથી નૌકા જોસબંધ આગળ વધવા લાગી. દક્ષિણેશ્વરના કાલીમંદિરનાં દર્શન થતાં અમે સર્વેએ બે હાથ જોડી નમન કર્યું. સ્વામીજી તે વખતે કોઇ ગંભીર વિચારમાં એવા નિમગ્ન હતા, કે આ દેખાવ તરફ તેઓનું લેશ પણ લક્ષ ગયું નહિ. શિષ્ય તથા સંન્યાસીઓએ અરસ્પરસ દક્ષિણેશ્વર સંબંધી કેટલીએક વાર્તાઓ કરી, પણ તેમાંની કોઇ વાર્તાએ સ્વામીજીનું લક્ષ ખેંચ્યું નહિ. ધીમે ધીમે નૌકા સ્વ૦ ગોવિંદકુમાર ચૌધરીના બગીચાવાળા ઘાટની પાસે આવી પહોંચી. સ્વામીજી સાથે અમે સર્વ નૌકામાંથી અહીં નીચે ઉતર્યા. સ્વામીજીએ ઉક્ત ઉદ્યાન તથા ગૃહની ચોતરફ ફરી કહ્યું કે:–" બગીચો બહુ સુંદર છે તેમજ રહેવાનું મકાન પણ ઠીક છે; પરંતુ કલકત્તાથી બહુ દૂર હોવાથી ગુરૂદેવના શિષ્યોને અહીં આવતાં જતાં બહુ કષ્ટ સહન કરવું પડત; માટે અહીંયાં મઠની સ્થાપના ન થઇ એ એક રીતે ઠીકજ થયું. " કહેવાની જરૂર નથી કે આ સ્થળે મઠની સ્થાપના કરવાનો સૌએ પ્રથમ વિચાર કર્યો હતો; પણ પાછળથી એ વિચાર માંડી વાળવો પડયો હતો અને તેને બદલે અત્યારે જે સ્થાન " બેલુડમઠ " ના નામથી પ્રસિદ્ધ છે, તેજ સ્થાને મઠ બંધાવવાનો નિર્ણય થયો હતો.

પુનઃ નૌકા મઠ તરફ ચાલવા લાગી. રાત્રિના અંધકારમાં અમે સર્વે લગભગ ૮–૯ વાગે મઠમાં આવી પહોંચ્યા.

प्रसंग ३० मो.

(સ્થાન–બેલુડમઠ. ઈ. સ. ૧૮૯૯, જાન્યુઆરી માસ.)

નાગમહાશયનો અપૂર્વ ભક્તિભાવ.

શિષ્ય આજે નાગમહાશયને સાથે લઇને મઠમાં આવ્યો છે. સ્વામીજીએ નાગમહાશયને પ્રણામ કર્યા અને પૂછ્યું કે:—" આનંદમાં છો ને ? "

નાગમહાશય:—આપનાં દર્શન થયાં, બહુ આનંદ થયો. જય ! શંકર !

જય ! શંકર ! બસ, આજે સાક્ષાત્ શિવનાં દર્શન થયાં. એટલું કહીને બે હાથ જોડી નાગમહાશય ઉભા રહ્યા.

સ્વામીજીએ પૂછ્યું:—શરીર કેમ છે ?

નાગમહાશય:—હાડ-માંસ-લોહીની વાત ન પૂછો ? આપના દર્શનથી આજે કૃતાર્થ થયો ! મારાં અહોભાગ્ય, આપનાં દર્શન થયાં.

એટલું કહેતાં નાગમહાશયે સ્વામીજીને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. સ્વામીજીએ નાગમહાશયનો હાથ પકડી ઉભા કરતાં કહ્યું:—“ એ શું કરો છો ? ”

નાગમહાશય:—હું મારી દ્રષ્ટિથી જોઇ શકું છું કે આજે બસ સાક્ષાત શિવનાં દર્શન થયાં ! જય ગુરૂદેવ ! જય રામકૃષ્ણદેવ !

સ્વામીજીએ શિષ્યની તરફ દ્રષ્ટિ કરીને કહ્યું:—જુએ છે કે ? ભક્તિમાન મનુષ્ય કેવા હોય તે કાંઇ સમજાયું ? નાગમહાશય આખો દિવસ તન્મયજ રહ્યા કરે છે. દેહબુદ્ધિ બિલકુલ છેજ નહિ, એમ કહીએ તોપણ ચાલે. આવા મહાત્મા ભાગ્યેજ બીજા કોઇ હશે. (પ્રેમાનંદ સ્વામીને ઉદ્દેશીને કહ્યું કે) નાગમહાશયને માટે પ્રસાદ લઇ આવ !

નાગમહાશય:—પ્રસાદ ? (સ્વામીજી પ્રતિ હસ્તદ્વય જોડી) આપના દર્શનથી મારી ભવક્ષુધા આજે દૂર થઇ ગઇ !

મઠમાં બાળ બ્રહ્મચારીઓ તથા સંન્યાસીઓ ઉપનિષદ્નો પાઠ કરવા બેઠા હતા. સ્વામીજીએ તેમના તરફ લક્ષ કરીને કહ્યું કે:—“ આજે ગુરૂદેવના એક મહાન ભક્તરાજ પધાર્યા છે. નાગમહાશયના શુભાગમન નિમિત્તે તમારો પાઠ આજે બંધ રહેશે. ” આથી સર્વ સંન્યાસીઓ પોતપોતાનાં પુસ્તકો બંધ કરી નાગમહાશયની આસપાસ ટોળે વળીને બેસી ગયા. સ્વામીજી પોતે પણ નાગમહાશયની સામે આવીને બેઠા.

સ્વામીજી:—(સર્વને ઉદ્દેશીને) જુઓ છો ને ? નાગમહાશય તરફ એકવાર દ્રષ્ટિપાત કરો. તેઓ પોતે ગૃહસ્થ છે, છતાં જગત છે કે નહિ તેનુંજ તેમને જ્ઞાન નથી. આખો દિવસ તન્મયતામાં-ધ્યાનમાંજ પસાર કરે છે. (નાગમહાશય ભણી લક્ષ કરીને) આ સર્વ બ્રહ્મચારીઓને અને અમને ગુરૂદેવ સંબંધી કાંઇક વાર્તા સંભળાવો.

નાગમહાશય:—એ આપ શું કહો છો ? હું આપને સંભળાવું ? હું તો માત્ર આપનાં દર્શન કરવા આવ્યો છું. ગુરૂદેવની લીલામાં જેઓ હનુમાનરૂપે સહાયક છે, તેમનાં (સ્વામીજીનાં) દર્શન કરવા હું તો આવ્યો છું. હવે ગુરૂદેવની વાતો લોકો સમજી શકશે. જય રામકૃષ્ણ ! જય રામકૃષ્ણ !!

સ્વામીજી:—શ્રી રામકૃષ્ણદેવને તો આપજ યથાર્થ રીતે સમજી શક્યા છો, અમે તો ખાલી માથું પકવીએ એટલુંજ.

નાગમહાશય:—નહિ–નહિ–છી:–એ આપ શું બોલ્યા ? જેને આંખો છે, તે તો સ્પષ્ટ જોઇ શકે છે કે આપ તો ગુરૂદેવની છાયા જેવા છો.

સ્વામીજી:—આ મઠ–ફંડની સ્થાપના કરી તે ઠીક કર્યું ને ?

નાગમહાશય:—મારા જેવો ક્ષુદ્ર મનુષ્ય તેમાં શું સમજી શકે ? આપ જે કાંઇ કરશો તેનાથી જગતનું કલ્યાણજ થશે એમાં કોઈ જાતનો શક નથી. આપનાથી જગતનું મંગળજ થવું જોઇએ.

અનેક શિષ્યો નાગમહાશયની ચરણરજ લેવા લાગ્યા, તેથી નાગમહાશય ગભરાયા જેવા બની ગયા અને આમ તેમ નાસવા લાગ્યા. તેથી સ્વામીજીએ સર્વને કહ્યું કે:–" એમને કષ્ટ થાય તેવું કામ રહેવા દ્યો. " શિષ્યો સર્વે ચૂપચાપ બેસી રહ્યા.

સ્વામીજી:—આપ આ મઠમાંજ આવીને રહો તો ? આપનાં દર્શનથી મઠના વિદ્યાર્થીઓને ઘણું શિખવાનું મળશે.

નાગમહાશય:—ગુરૂદેવને મેં એકવાર એ વિષે પૂછ્યું હતું. તેમણે માત્ર એટલીજ આજ્ઞા કરી કે:–" ઘરમાંજ રહે; " તેથી ઘર બાંધીને રહ્યો છું. વચમાં વચમાં આપનાં દર્શન કરી કૃતાર્થ થાઉં છું.

સ્વામીજી:—એક વખત આપના દેશમાં જવાનો મારો વિચાર છે.

નાગમહાશય આનંદથી ઘેલા જેવા બની ગયા અને કહ્યું કે:–" વાહ વાહ ! એવો અપૂર્વ દિવસ ક્યારે આવશે ? સમસ્ત દેશ કાશીસમાન પવિત્ર–તીર્થરૂપ બની જશે ! આપની ચરણરજ અમારા દેશમાં પડે એવાં અમારાં ભાગ્ય ક્યાંથી હોય ? "

સ્વામીજી:—મારી તો ઇચ્છા છે. પણ માતાજી (કાલીમાતા દેવી) ની કૃપા થાય ત્યારે ખરી.

નાગમહાશય:—આપને કોણ સમજી શકે ? આપના યથાર્થ સ્વરૂપને કોણ જાણી શકે ? દિવ્ય દ્રષ્ટિ ખુલે નહિ ત્યાંસુધી આપને સંપૂર્ણ રીતે કોઇ ઓળખી શકે નહિ. એક માત્ર ગુરૂદેવજ આપને ઓળખી શકયા હતા. બીજાઓ તો તેમની વાતમાં વિશ્વાસ રાખી માની લેતા હતા એટલુંજ. કોની શક્તિ છે કે આપને ઓળખી શકે ?

સ્વામીજીની આશીર્વાદ–યાચના.

સ્વામીજી:—મારી એવી ઇચ્છા છે કે સમસ્ત દેશને એક વખત જાગ્રત કરવો. મહાવીર (હનુમાન) ને અત્યારે પોતાની શક્તિની ખબર નથી તેથી જડવત્ ઉંઘમાં ઘોરે છે, તેને જગાડવા માટે મેં કમર કસી છે. સહેજ પણ સનાતન ધર્મભાવ હરકોઇ પ્રકારે જાગ્રત કરી શકીશ તો સમજીશ કે ગુરૂદેવનો અને મારો

અવતાર છેક નિષ્ફળ નથી ગયો. દેશને જાગ્રત કરી, પ્રબુદ્ધ કરી, કૃતાર્થ થવું એજ ઇચ્છા અત્યારે તો બળવાનપણે મારા ચિત્તમાં વર્ત્તે છે. મુક્તિ–ભુક્તિ તેની પાસે સરખામણીમાં તુચ્છ જણાય છે. આપ આશીર્વાદ આપો કે મારો ઉદ્દેશ સફળ થાય.

નાગમહાશય:—ગુરૂદેવનો આશીર્વાદ છે. આપની ઇચ્છાને કામ કરતી કોણ રોકી શકે તેમ છે? આપનો દરેક મનોરથ સફળજ થવો જોઇએ.

સ્વામીજી:—મારી ઇચ્છા તો કાંઇ સફળ થતી નથી. જે કાંઇ થાય છે તે ગુરૂદેવની ઇચ્છા અને કૃપાને આભારી છે.

નાગમહાશય:—તેમની ઇચ્છા અને આપની ઇચ્છા એક બની ગઇ છે. આપની ઇચ્છા, તે ગુરૂદેવનીજ ઇચ્છા સમજવી. જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!!

સ્વામીજી:—કામ કરવા માટે શરીર ખૂબ મજબુત જોઇએ. અહીં આ દેશમાં આવ્યા પછી શરીરજ સારૂં રહેતું નથી તે. દેશમાં (યૂરોપ–અમેરિકામાં) શરીર બહુ સ્ફૂર્તિમાં રહેતું.

નાગમહાશય:—ગુરૂદેવ કહેતા હતા કે:–"શરીર ધારણ કર્યું એટલે ઘરનો ટૅકસ (ભાડું) આપવોજ જોઇએ. રોગ–શોક એ શરીરના ટૅક્સ છે. આપ તો મહોરોની બૉક્સ (પેટી) છો. આપની તો ખૂબ સંભાળ રાખવી જોઇએ. પણ આપને કોણ સમજી શકે કે આપની યોગ્ય સંભાળ રાખે? ગુરૂદેવજ એક માત્ર આપને ઓળખતા હતા. જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણ!!"

સ્વામીજી:—મઠમાં આ લોકો મારી બહુ સારી સંભાળ રાખે છે.

નાગમહાશય:—તેમનું કલ્યાણ થશે, બીજું શું કહીએ? આપને સમજે અથવા ન સમજે, પણ આપની સેવામાં ન્યૂનતા થશે તો આ અમૂલ્ય દેહ રહેવો અશક્ય છે.

સ્વામીજી:—નાગમહાશય! ક્યારે શું કરૂં છું અને કયારે શું નથી કરતો તેની મને તો કાંઇ સમજણજ પડતી નથી. કોઇ કોઇ વખત મનનો તરંગ એવો તો પ્રબળ થઇ આવે છે કે કામ કર્યા પછીજ નિરાંતે બેસી શકું છું. મનના વેગને અનુસરી કામ કર્યે જઉં છું, અમુક કામ સારૂં થાય છે કે ખરાબ તેનું ખરૂં પૂછો તો, મને કશું ભાનજ નથી.

નાગમહાશય:—ગુરૂદેવ કહેતા તેમ ચાવી અપાઇ ગઇ છે. તેથી તમે ન સમજો એ સ્વાભાવિક છે. કારણ કે તમારે તો ગુરૂદેવની ભાવનાઓને અનુસરી **ગુરૂદેવનીવતી કામજ કરવાનું છે. સમજવાની જરૂરજ નથી.** જ્યારે **સમજતા થશો ત્યારે આ લીલા પણ સંકોચી લેવી પડશે.**

સ્વામીજી ઉંડા વિચારમાં ગરકાવ થઇ ગયા. તેજ વખતે સ્વામી પ્રેમાનંદ ગુરૂદેવનો પ્રસાદ લઇને ત્યાં હાજર થયા. નાગમહાશયને તથા બાકીના બીજાઓને

પ્રસાદ આપવામાં આવ્યો. નાગમહાશય તો બે હાથમાં પ્રસાદ ગ્રહણ કરી, માથે ચડાવી આનંદથી નૃત્ય કરવા લાગ્યા અને જય રામકૃષ્ણ! જય રામકૃષ્ણના આનંદોદ્‌ગાર કરવા લાગ્યા. નાગમહાશયનો આવો ઉત્કટ ભક્તિભાવ જોઈ શિષ્યો તો દિઙ્‌મૂઢજ બની ગયા. ત્યાર પછી થોડીવારે સૌ બગીચામાં ફરવા બહાર નીકળ્યા. એટલામાં મઠની પૂર્વ તરફના તળાવમાં હાથમાં કોદાળી લઇ સ્વામીજીને માટી ખોદતા સૌએ જોયા. નાગમહાશય એકદમ તેમની પાસે દોડી ગયા અને કહ્યું કેઃ–"અમારી હાજરીમાં આપ આ શું કરો છો?" સ્વામીજીએ હાથમાંની કોદાળી નીચે મૂકી દીધી અને ચોગાનમાં વાતો કરતા કરતા ફરવા લાગ્યા. સ્વામીજીએ તે વખતે શિષ્યને એક નીચેની વાત કહી હતીઃ–

નાગમહાશયની ઇશ્વરદર્શન સંબંધી વ્યાકુળતા.

"ગુરૂદેવના અવસાન પછી એક દિવસે અમે સાંભળ્યું કે નાગમહાશય ચાર પાંચ દિવસથી ભૂખ્યા તરસ્યા, કલકત્તાના પોતાના એક ઘરમાં પડયા રહ્યા છે. હું અને હરિભાઇ તથા બીજા એક બે જણા તુરતજ તેમની પાસે ગયા. અમને જોતાંવારજ નાગમહાશય ફલંગ મારી કુટીરમાંથી બહાર નીકળ્યા. અમે એમને કહ્યું કે આજે અમે અમારી ભિક્ષા અહિંથીજ લઇશું. તેજ વખતે નાગમહાશય બજારમાંથી ચોખા, દાળ, શાક, હાંડી–બળતણ વગેરે લઇ આવ્યા અને રસોઈની શરૂઆત કરી દીધી. અમે આગળથીજ ધારી રાખ્યું હતું કે આજે નાગમહાશયને જમાડીશું અને અમે પણ જમીશું. રસોઈ પૂરી થઇ એટલે અમે ત્યાંથી ભિક્ષા લીધી અને બાકીનું સઘળું નાગમહાશય માટે રાખી મૂકયું. અમે જમી રહ્યા પછી નાગમહાશયને ખાવાનો આગ્રહ કર્યો, એટલે નાગમહાશયે પોતાની પાસે પડેલી ભાતની હાંડી ફોડી નાખી અને તેને કપાળની સાથે જોરથી પછાડીને કહ્યું કેઃ– "જે દેહથી ભગવાન પ્રાપ્ત ન થયા તે દેહને વળી આહાર કેવો?" અમે તો આ દેખાવ જોઈ સ્તબ્ધજ બની ગયા! ઘણું ઘણું સમજાવ્યા પછી તેમણે થોડો આહાર કર્યો એટલે અમે સૌ ત્યાંથી પાછા ફર્યા."

સ્વામીજીઃ—નાગમહાશય આજે તો મઠમાં રહી જશે ને?

શિષ્યઃ—જી, ના. આજે કાંઇ કામ છે તેથી તેઓને આજજ જવું પડશે.

સ્વામીજીઃ—ત્યારે નૌકા તૈયાર કરાવ. સાંજ પડવા આવી છે.

નૌકા આવી પહોંચી એટલે શિષ્ય તથા નાગમહાશય સ્વામીજીને પ્રણામ કરી નૌકામાં બેસી કલકત્તા તરફ રવાના થયા.

प्रसंग ३१ मो.

(સ્થાન–બેલુડમઠ. ઈ. સ. ૧૯૦૦)

બ્રહ્મ, ઈશ્વર, માયા અને જીવનું સ્વરૂપ.

આજે રવિવાર છે. શિષ્ય સવારમાં વહેલો મઠમાં આવ્યો છે. સ્વામીજીની તબીયત પણ સુધારા ઉપર આવતી જાય છે. સ્વામીજીના પાદ–પદ્મમાં વંદન કરી શિષ્ય નીચે ઉતરી આવ્યો, અને સ્વામી નિર્મલાનંદ સાથે વેદાન્ત શાસ્ત્રની ચર્ચા કરવા બેઠો. એટલામાં સ્વામીજી પણ ઉપરથી નીચે આવ્યા અને શિષ્યને ઉદ્દેશી કહ્યું કેઃ—“ કેમ ? તુલસીની સાથે શું ચર્ચા થઇ ?”

શિષ્યઃ—મહાશય, તુલસીમહારાજ કહે છે કેઃ–“ વેદાન્તનો બ્રહ્મવાદ માત્ર તારા સ્વામીજી સિવાય અને તારા પોતાના સિવાય બીજું કોઈ જાણતું નથી. અમે તો કેવળ એટલું સમજીએ છીએ કે **कृष्णस्तु भगवान् स्वयम् ॥**”

સ્વામીજીઃ—પછી તેં શું કહ્યું ?

શિષ્યઃ—મેં કહ્યું કે એક માત્ર આત્માજ સત્ય છે. કૃષ્ણ તો એક બ્રહ્મજ્ઞ પુરૂષ હતા એટલુંજ. મને એમ લાગે છે કે તુલસી મહારાજ અંતરમાં તો વેદાન્તી છે, પણ દ્વૈતવાદી હોવાનો બહારથી દેખાવ કરી ચર્ચા કરવા બેસી જાય છે. ઈશ્વરને એક વ્યક્તિવિશેષ ઠરાવી વેદાન્તવાદનું મૂળ દૃઢ કરવું એજ એમનો આંતરિક અભિપ્રાય હોય એમ મને વિચાર કરતાં જણાય છે. પણ તેઓ વૈષ્ણવ તરીકે પોતાનો પરિચય આપે છે એટલે હું એમના અભિપ્રાયને ભૂલી જઇ, તેમની સામે પ્રમાણો આપવા બેસી જાઉં છું.

સ્વામીજીઃ—તુલસીની તારા ઉપર પ્રીતિ છે, એટલે પ્રસંગોપાત તને ચીડવવા એવાં બાનાં કાઢે છે; પણ તારે કોઇ પ્રકારે ચીડાવું નહિ. તારે કહી દેવું કેઃ–“ તમે શૂન્યવાદી નાસ્તિક છો, તમારી સાથે વાત કોણ કરે ? ”

સર્વેશ્વર વ્યક્તિવિશેષ હોઇ શકે નહિ.

શિષ્યઃ—ઉપનિષદ્‌માં, ઈશ્વર એટલે વ્યક્તિવિશેષ એવી કયાંઇ વાત આવે છે ? લોકોમાં એવો વિશ્વાસ કયાંથી બંધાઇ ગયો ?

સ્વામીજીઃ—સર્વેશ્વર કોઇ દિવસ વ્યક્તિવિશેષ હોઇ શકે નહિ. જીવ એટલે વ્યષ્ટિ અને સકળ જીવોની સમષ્ટિ એટલે ઈશ્વર. જીવમાં અને ઈશ્વરમાં એટલોજ ભેદ છે કે જીવમાં અવિદ્યા પ્રબળપણે વર્તતી હોય છે; જ્યારે ઈશ્વર, વિદ્યા અને અવિદ્યાની સમષ્ટિ–માયાને વશીભૂત કરી, સ્વતંત્રપણે આ સ્થાવર જંગમાત્મક જગત પોતાની અંદરથી બહિર્ભૂત કરે છે; પરંતુ બ્રહ્મ–વસ્તુ તો વ્યષ્ટિ–સમષ્ટિ

તથા જીવ અને ઈશ્વરની પણ પેલી પાર છે. બ્રહ્મના અંશો કે વિભાગો થઇ શકતા નથી. તેને સમજાવવાને માટે ત્રિપાદ, ચતુષ્પાદ વગેરે કલ્પનાઓ કરવામાં આવી છે. જે પાદમાં ઉત્પત્તિ–સ્થિતિ અને લયનો અધ્યાસ થાય છે, તે ભાગને "ઈશ્વર" કહેવામાં આવે છે અને કૂટસ્થ આદિ બીજા ત્રિપાદ, કે જેમાં દ્વૈતકલ્પનાનો કોઇ રીતે અવકાશ નથી તેને બ્રહ્મ કહેવામાં આવે છે; પરંતુ એટલા ઉપરથીજ બ્રહ્મ નામની, જીવોથી નિરાળી અને સ્વતંત્ર કોઇ વસ્તુ છે એમ માની લઇશ નહિ. વિશિષ્ટાદ્વૈતવાદીઓ કહે છે કે બ્રહ્મજ જીવ અને જગદ્રૂપે પરિણામ પામ્યું છે. અદ્વૈતવાદીઓ કહે છે કે ના તેમ નથી. બ્રહ્મમાં આ જીવ–જગતનો અધ્યાસમાત્રજ થાય છે; વસ્તુતઃ બ્રહ્મમાં તો તેથી કશોજ ફેરફાર થતો નથી. અદ્વૈતવાદીઓ માને છે કે કેવળ નામ અને રૂપને લઇનેજ આ જગત છે અર્થાત્ જ્યાંસુધી નામ રૂપ છે ત્યાંસુધીજ જગત છે. ધ્યાન–ધારણાના બળથી જ્યારે નામ રૂપનો વિલય થશે ત્યારે બીજું કાંઇ નહિ રહેતાં એક માત્ર બ્રહ્મજ રહેશે. તે વખતે તારી પોતાની કે જીવ જગતની સ્વતંત્ર સત્તાનો બિલકુલ અનુભવ રહેશે નહિ. હું પોતે નિત્ય, શુદ્ધ, બુદ્ધ, પ્રત્યક્, ચૈતન્ય અથવા બ્રહ્મ છું એવું પ્રત્યક્ષ જ્ઞાન થશે. બ્રહ્મ એજ જીવનું સ્વરૂપ છે. ધ્યાન–ધારણાથી નામ–રૂપના આવરણનો પડદો હઠી જાય છે એટલે એ સ્વરૂપ પ્રત્યક્ષ થાય છે. શુદ્ધ અદ્વૈતવાદનો સારાંશ એટલોજ છે. વેદ–વેદાન્ત વગેરે એ એકજ વાત વિવિધ પ્રકારે સમજાવવાનો પ્રયત્ન કરે છે.

વ્યક્તિવિશેષને ઈશ્વર માનવાનું કારણ.

શિષ્યઃ—જો એમ હોય તો ઈશ્વર એક સર્વશક્તિમાન વ્યક્તિવિશેષ છે, તે વાત કેવી રીતે સત્ય ઠરે ?

સ્વામીજીઃ—મનરૂપી ઉપાધિ હોવાને લીધેજ આપણે મનુષ્ય તરીકે ઓળખાઇએ છીએ. પ્રત્યેક વિષય જાણવાને અને સમજવાને માટે મનુષ્ય પોતાના મનનો ઉપયોગ કરે છે; પરંતુ મન જે કાંઇ વિચારે કે સમજે તે બધું પરિચ્છિન્નજ હોય છે. એટલા માટે પોતાના વ્યકિતત્વને લીધે ઈશ્વરનું વ્યકિતત્વ કલ્પી લેવું એવો જીવોનો સ્વતઃસિદ્ધ–કુદરતી સ્વભાવ હોય છે. મનુષ્યો પોતાનો આદર્શ મનુષ્યરૂપમાંજ તૈયાર કરે છે અને તેનેજ સાધવાનો પ્રયત્ન કરે છે. આ જરા–મરણ તથા સુખ–દુઃખપૂર્ણ સંસારમાં મનુષ્ય જ્યારે ઉપરાઉપરી આઘાતોથી દબાઇ જાય છે અને **हा हतोऽस्मि**નું કરૂણ રૂદન કરે છે, ત્યારે તે જેના ઉપર પોતાનો સર્વ ભાર મૂકી દઇ પોતે નિશ્ચિંત બની શકે, એવા એક પુરૂષનો આશ્રય લેવાનો વિચાર કરે છે; પરંતુ એવો આશ્રય સંસારમાં ક્યાંઇ મળી શકતો નથી. ખરૂં જોઇએ તો સર્વાધાર, સર્વગત, સર્વજ્ઞ એક માત્ર આત્માજ સર્વનું આશ્રયસ્થાન હોવું જોઇએ. તેને બદલે કોઇ મનુષ્યના આશ્રયની શોધ કરવાને કોઇ નીકળે તો

તે નિષ્ફળજ જાય એમાં નવાઇ નથી. વિવેક-વૈરાગ્ય તથા ધ્યાન-ધારણા વગેરે કરવાથી યથાર્થ આશ્રયસ્થાન કેવું હોવું જોઇએ તેની મનુષ્યોને સમજણ પડે છે. પણ તેવી સ્થિતિ પ્રાપ્ત થાય તે પહેલાં પોતાના જેવીજ એક મનુષ્યમૂર્તિ તરીકે ઇશ્વરની કલ્પના કરી લઇ તેના ઉપર નિર્ભર રહી નિશ્ચિંત બનવાનો મનુષ્યો પ્રયત્ન કરે છે; પરંતુ આટલી વાત નિશ્ચિતજ છે કે ગમે તે ભાવે સાધના કરવામાં આવે તે છતાં તે દરેકમાં ઉદ્દેશ તો પોતાનામાં અજ્ઞાતપણે જે બ્રહ્મસિંહ રહેલો છે તેને જાગૃત કરવાનોજ હોય છે. પછી સાધનો ભલે ભિન્ન ભિન્ન હોય ! જેને ઇશ્વરના વ્યક્તિવિશેષત્વમાં વિશ્વાસ હોય તેને તેજ ભાવથી સાધન-ભજન કરવા દેજો. તેનામાં જ્યારે પ્રબળ નિષ્ઠા જાગૃત થશે ત્યારે ક્રમે ક્રમે તેનામાં રહેલો બ્રહ્મસિંહ માયાના ઘેનમાંથી ઉઠયાવિના રહેશેજ નહિ. બ્રહ્મજ્ઞાન એજ જીવનું એક માત્ર ગમ્ય અથવા લભ્ય સ્થાન છે. માત્ર માર્ગો અને મતોમાં વિવિધતા જણાય છે. જીવનું પારમાર્થિક સ્વરૂપ શુદ્ધ બ્રહ્મ હોવા છતાં, મનરૂપ ઉપાધિને લીધે તેનામાં એક પ્રકારનું અભિમાન આવે છે અને તેથીજ તેને હરેક પ્રકારના સંદેહ, સંશય તથા સુખ, દુઃખાદિનો અનુભવ કરવો પડે છે; પરંતુ બ્રહ્માંડની સર્વ વસ્તુઓ પોતાનું સત્ય સ્વરૂપ પ્રાપ્ત કરવાનેજ મંથન કરતી હોય છે. જ્યાંસુધી "**अहं ब्रह्म**" એ તત્ત્વ પ્રત્યક્ષ ન થાય ત્યાંસુધી જન્મ-મૃત્યુના પંઝામાંથી છુટકારો મેળવવાને કોઇ પણ સમર્થ નથી. મનુષ્ય-જન્મ પ્રાપ્ત થયા પછી પુણ્યબળથી અથવા મહાત્માની કૃપા મેળવી શકાય તોજ મનુષ્યોની જિજ્ઞાસા એટલે આત્મજ્ઞાનની સ્પૃહા બળવાન થાય છે. નહિતર તો કામ-કાંચનાદિ બંધનોથી બંધિવાન થએલા મનુષ્યોને કારાગૃહમાંથી છુટવાની ઇચ્છાસરખી પણ થાય તેમ નથી. સ્ત્રી-પુત્ર-ધન-વૈભવ વગેરેમાં જેનું ચિત્ત રમ્યા કરે છે, તેને બ્રહ્મ સંબંધી કાંઇ પણ જાણવાનો તથા સાંભળવાનો સ્વપ્નમાં પણ વિચાર થતો નથી. જે પુરૂષો સર્વસ્વનો ત્યાગ કરવાને તૈયાર છે, જેઓ સુખ-દુઃખ તથા શોકના ચંચળ પ્રવાહમાં પણ સ્થિર રહી શકે છે અને જેઓ ધીર, વીર, શાંત તથા સાવચેત હોય છે, તેઓજ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ થાય છે. એવા પુરૂષોજ " **निर्गच्छति जगज्जालात् पिंजरादिव केसरी**-પાંજરામાંથી છુટેલા સિંહની માફક સંસારની જાળમાંથી નાસી જાય છે. "

ત્યાગવૃત્તિ આવ્યા વિના આત્મજ્ઞાન અસંભવિત છે.

શિષ્યઃ—ત્યારે શું સંન્યાસ વિના આત્મજ્ઞાન થઇજ ન શકે, મહાશય ?

સ્વામીજીઃ—એકવાર તો કહી ચૂકયો કે આંતર-બાહ્ય એમ ઉભય પ્રકારે સંન્યાસનું અવલંબન લેવું જોઇએ. શ્રીશંકરાચાર્યે પણ ઉપનિષદ્ના "**तपसो वाप्यलिंगात्**" એ અંશની વ્યાખ્યા કરતાં કહ્યું છે કેઃ-સંન્યાસના બાહ્ય ચિન્હ-

સ્વરૂપ ગૈરિક વસ્ત્રો તથા દંડકમંડળ વગેરે ધારણ કર્યા વિના તપસ્યા કરવાથી દુરધિગમ્ય (મહામુશ્કેલીથી સમજાય તેવું) બ્રહ્મતત્ત્વ પ્રત્યક્ષ થતું નથી. જ્યાંસુધી વૈરાગ્ય ન આવે, ત્યાગવૃત્તિ ન ઉદ્ભવે અને ભોગસ્પૃહા ઉપર કંટાળો ન આવે ત્યાંસુધી શું થવાનું હતું ? એ કાંઇ નાનાં છોકરાંને ફોસલાવી લેવા જેવી રમતવાત નથી. ચાલાક માણસો નાનાં બાળકોને ખાવાનું આપી સોના–રૂપાના દાગીના ઉતારી લે છે; તેવી ચાલાકી અહીંઆં કાંઈ કામ આવતી નથી.

સાચો તૃષાતુર પાણીની આશામાં શું બેસી રહે ?

શિષ્યઃ—પરન્તુ હું ધારૂં છું કે સાધન કરતાં કરતાં ધીમે ધીમે ત્યાગ આવી શકે.

સ્વામીજીઃ-–ધીમે ધીમે આવતો હોય તેને ભલે આવે. તારા જેવા બોલીને બેસી રહેનારાઓને શું આવવાનું હતું ! તું તારે પાણીની શોધમાં લાગી જા ! જેને ખરેખરી તૃષા લાગી હોય તે શું સુસ્તપણે આશામાં ને આશામાં બેસી રહે ? ગુરૂદેવ કહેતા કેઃ-" થાય છે-થશે, એ બધા નિર્બળોના મનોભાવ છે." તને તૃષા નથી તેથીજ હજી ક્રમની વાતો કરતો બેસી રહ્યો છે. જિજ્ઞાસા પ્રબળ નથી થઇ તેટલાજ માટે સંસારમાં તને આનંદ લાગે છે !

શિષ્યઃ—વાસ્તવિક સર્વસ્વત્યાગની બુદ્ધિ હજી સુધી કેમ નહિ પ્રકટી હોય તે મારાથી સમજી શકાતું નથી. આપ એને માટે કાંઇ ઉપાય દર્શાવશો ?

સ્વામીજીઃ—ઉદ્દેશ અને ઉપાય એ સર્વ તારા પોતાનાજ હાથમાં છે. હું તો માત્ર તારા મનની ભાવનાંઓને જાગ્રત કરી શકું એટલુંજ. કેટલાં કેટલાં સત્શાસ્ત્રો વાંચી ગયો, કેવા કેવા બ્રહ્મજ્ઞ મહાત્માઓનો સત્સંગ તથા સેવા કરી; એટલું છતાં હજી ત્યાગ ન આવ્યો તો સમજી રાખ કે જીવન વૃથા ગયું ! પણ તોયે નિરાશ થઇશ નહિ. યત્કિંચિત્ ફળ તો મળશેજ.

શિષ્ય માથું નીચે નમાવી, ખેદ કરતો અને પોતાના પરિણામ સંબંધે વિચાર કરતો થોડી ક્ષણો સુધી છાનોમાનો બેસી રહ્યો. ત્યાર પછી સ્વામીજીને કહ્યું:–" હું આપના શરણે આવ્યો છું, મારી મુક્તિ થાય એવો માર્ગ દર્શાવી આપો. આ દેહે, આ ભવમાંજ તત્ત્વજ્ઞ થઇ શકું એવી કૃપા કરો."

મનને વશીભૂત કરવાનો માર્ગ.

શિષ્યની આ પ્રકારની દીનતા તથા દિલગીરી જોઇ સ્વામીજી બોલ્યાઃ— " એમાં ભય પામવા જેવું શું છે ? આ દેહ, ઘરબાર, જીવ, જગત, વગેરે સર્વ છેવટે મિથ્યા છે–સ્વપ્નવત્ છે, એવો સદા વિચાર કર્યા કરવો. આ દેહ એક પ્રકારનું જડ યંત્ર છે, એ વાત કદાપિ વિસરી જવી નહિ. એ દેહમાં જે આત્મારામ પુરૂષ છે તેજ તારૂં યથાર્થ સ્વરૂપ છે. મનરૂપ ઉપાધિજ તારા સ્વરૂપ–પ્રકાશની

આડે પ્રથમ તેમજ સૂક્ષ્મ આવરણ છે. ત્યાર પછી આ દેહનું આવરણ આવે છે, પણ તે તો સ્થૂલ છે. આ પ્રકારનાં બે માયિક આવરણોથી તારી પોતાની નિર્મળ તથા નિર્વિકાર સ્વયંજ્યોત ઢંકાઇ રહી છે, તેથી તું તારા સાચા સ્વરૂપને જોઇ શકતો નથી. રૂપ-રસ-ગંધ-સ્પર્શ આદિ તરફ વેગવાન ગતિથી મન દોડી રહ્યું છે તેને પાછું વાળી અંતર્મુખ કર. મનને મારવાનું કામ જરા પ્રયત્નસાધ્ય છે. દેહ તો સ્થૂલ છે, એટલે એક વખત તે પંચભૂતમાં મળી જશે; પણ સંસ્કારોની પોટલી જેવું મન એકદમ મળતું નથી. બીજમાં વૃક્ષરૂપે પરિણમવાની શક્તિ છે; તેવીજ રીતે મનમાં પુનઃ શરીર ધારણ કરી જન્મ મૃત્યુના માર્ગમાં ભમ્યા કરવાની શકિત મૂળથીજ રહેલી છે. એ શકિતનો ક્ષય થાય નહિ—મનની વૃત્તિઓનો લય થાય નહિ, ત્યાંસુધી આત્મજ્ઞાન થતું નથી; માટેજ કહ્યા કરૂં છું કે ધ્યાન, ધારણા અને વિચારના બળથી મનને સચ્ચિદાનંદરૂપી સાગરમાં ડૂબાડી દે. મન મર્યું એટલે સર્વ ઉપાધિઓ ટળી ગઇ સમજજે—તું **ब्रह्मसंस्थ**જ બની જઇશ.

વીરપુરૂષો માટે અસાધ્ય જેવું છેજ શું ?

શિષ્ય:—પણ એ ઉદ્દામ-ઉન્મત્ત મનને બ્રહ્મમાં તરબોળ કરવાનું કામ બહુ કઠિન છે. એવી કઠિન સાધના અમારા જેવા કેમ કરી શકે ?

સ્વામીજી:—વીર નરોની પાસે તે વળી કોઇ કામ કઠિન હોય ખરૂં ! **બીકણ અને બાયલાઓજ કઠિન-કઠિન કહીને હિંમત હારી જાય છે !** "**वीराणामेव करतलगता मुक्तिः न पुनः कापुरुषांणाम्।** વીરોને માટેજ મુકિત હથેળીમાં છે-બીકણોને માટે નહિ." અભ્યાસ અને વૈરાગ્યબળથી મનને સંયમમાં રાખતાં શીખો. ગીતા પણ કહે છે કે:--"**अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते।** હે અર્જુન ! અભ્યાસ અને વૈરાગ્યવડેજ મન વશ થાય છે." ચિત્તને સ્વચ્છ સરોવરની ઉપમા આપવામાં આવે છે. તેમાં રૂપ-રસાદિના આઘાતોથી જે તરંગો ઉઠે છે, તેનુંજ નામ મન. એટલા માટે મનનું સ્વરૂપ નક્કી કરનારા માનસશાસ્ત્રીઓ કહે છે કે મન સંકલ્પ-વિકલ્પાત્મક છે. આ સંકલ્પ વિકલ્પોમાંથી વાસના ઉદ્ભવે છે. ત્યાર પછી એ મનજ ક્રિયાશકિતરૂપે પરિણમી સ્થૂલદેહરૂપ યંત્ર પાસે કાર્ય કરાવ્યા કરે છે. હવે, કર્મો જેમ અનંત છે તેમ કર્મનાં ફળો પણ અનંત છે. આથી કરીને અનંત-અસંખ્ય કર્મફળરૂપ તરંગોમાં મન સર્વદા ઘસડાયા કરે છે. એ મનને ગમે તે રીતે વૃત્તિશૂન્ય કરવું જોઇએ. પુનઃ તે સ્વચ્છ સરોવરરૂપ બની જાય અને એક પણ વૃત્તિરૂપ તરંગ ન ઉદ્ભવે તેમ કરવું જોઇએ; તોજ બ્રહ્મપ્રકાશ થાય. શાસ્ત્રકારે એ અવસ્થાનો આભાસ આપતાં આ પ્રમાણે કહ્યું છે કે:-**भिद्यते हृदयग्रन्थिः**-હૃદયની ગાંઠ ભેદાય છે-ઇત્યાદિ. સમજાયું ને ?

ધ્યાનનું સર્વોત્તમ અવલંબન.

શિષ્યઃ——પણ ધ્યાન તો કોઇ ખાસ વિષયને અવલંબીને થવું જોઇએ ને?

સ્વામીજીઃ—તું પોતેજ તારો વિષય બન, બહુ દૂર જવું રહેવા દઇ તું પોતે તારા વિષયનુંજ અવલંબન ગ્રહણ કર. દાખલા તરીકે તું સર્વજ્ઞ–સર્વગત આત્મા છે એજ વિષયનું નિરંતર ધ્યાન અને મનન કર્યા કર. "હું દેહ નથી, હું મન નથી, હું બુદ્ધિ નથી, હું સ્થૂલ નથી, હું સૂક્ષ્મ નથી." એ પ્રમાણે "નેતિ–નેતિ" કરતાં પ્રત્યક્ ચૈતન્યરૂપ સ્વસ્વરૂપમાં મનને ડૂબાડી દે. છેવટે એટલે સુધી મનને ડૂબાડી દે કે તે સામું ઉપરજ આવી શકે નહિ. એમ થયે બોધ્યસ્વરૂપનો બોધ અથવા સ્વસ્વરૂપમાં તારી સ્થિતિ થશે–ધ્યાતા–ધ્યેય એકમય બની જશે–જ્ઞાતા–જ્ઞેય અભિન્ન થઇ જશે–સર્વ અધ્યાસોની નિવૃત્તિ પણ તેજ ક્ષણે થઈ જશે! શાસ્ત્રમાં જેને **त्रिपुटीभेद** કહે છે તે એનુંજ નામ. એ અવસ્થામાં જાણવાપણું કે નહિ જાણવાપણું કશુંજ રહેતું નથી; કારણ કે આત્મા પોતેજ જ્યાં એક માત્ર વિજ્ઞાન અને વિજ્ઞાતા ઉભય છે, જ્યાં બીજી વસ્તુજ નથી, ત્યાં તે વળી, શી વસ્તુને શી રીતે જાણીજ શકાય? આત્મા એજ જ્ઞાન, આત્મા એજ ચૈતન્ય, આત્મા એજ સચ્ચિદાનંદ છે. જેનો સત્ અથવા અસત્ એવા કોઈ પણ એકાદ શબ્દથી નિર્દેશ થઈ શકે નહિ તેવી અનિર્વચનીય માયાશકિતના પ્રભાવે જીવરૂપી બ્રહ્મમાં જ્ઞાતા–જ્ઞેય એવા ભાવનો પ્રવેશ થયો છે. સાધારણ મનુષ્યો તેને ચૈતન્ય અથવા જ્ઞાનની અવસ્થા કહે છે; અને જ્યાં એ દ્વૈત–સંઘાત નિર્દોષ બ્રહ્મતત્ત્વમાં મળી જાય છે તેને શાસ્ત્રમાં સમાધિ અથવા સાધારણ જ્ઞાનભૂમિ કરતાં વધારે ઉચ્ચ અર્થાત્ જ્ઞાનાતીત અવસ્થા કહેવામાં આવી છે. કહ્યું છે કેઃ–**स्तिमितसलिलराशिप्रख्यमाख्याविहीनम् ।**

સ્વામીજી બ્રહ્માનુભવના અગાધ જળપ્રવાહમાં તણાતા હોય તેમ પુનઃ કહેવા લાગ્યાઃ—

હુંજ સર્વજ્ઞ છું–સર્વ મિથ્યા છે.

જેટલાં દર્શનો છે, જેટલાં શાસ્ત્રો છે તથા જેટલા વિજ્ઞાનશાસ્ત્રના ગ્રંથો છે, તે સર્વ જ્ઞાતા–જ્ઞેય અથવા જ્ઞાનાજ્ઞાનવાળી અવસ્થામાંથીજ બહાર પડયા છે. માનવ–મનની કોઇપણ ભાષા અથવા ભાવ, જે વસ્તુ, જ્ઞાનથી પર છે તેને સંપૂર્ણરૂપે પ્રકાશિત કરી શકે નહિ. દર્શન–વિજ્ઞાનાદિ આંશિકભાવે સત્ય છે. પરમાર્થ તત્ત્વનું સંપૂર્ણ પ્રકાશન કોઇ કાળે તેનાથી થઇ શકે નહિ. પારમાર્થિક દ્રષ્ટિથી જોઇએ તો ધર્મ મિથ્યાં. કર્મ મિથ્યા, હું મિથ્યા, તું મિથ્યા અને જગત પણ

મિથ્યા, એમ સર્વને મિથ્યાજ માનવું પડે છે; અને એમજ પ્રતીત થાય છે કે હુંજ સર્વસ્વ છું, હુંજ સર્વજ્ઞ-સર્વગત આત્મા છું, મારો સાક્ષી, મારૂં પ્રમાણ હું પોતેજ છું. મારા પોતાના અસ્તિત્વ માટે હું ખાત્રી મેળવવા બહાર ભમું તો લોકો મને મૂર્ખ નહિ તો બીજું શું કહે? શાસ્ત્રમાં કહ્યું છે તેમ હું "**नित्यमस्मत् प्रसिद्धम्**" છું. ખરેખર મેં તે અવસ્થાનો અનુભવ કર્યો છે. તું પણ અનુભવ કર, તેમજ જગતના જીવોને પણ તેનો બોધ કર, એવી મારી ઇચ્છા છે. મને શાંતિ પણ ત્યારેજ થશે.

એ રીતે વાત કરતાં કરતાં સ્વામીજીની મુખમુદ્રાએ ગંભીર રૂપ ધારણ કર્યું; અને જાણે કે કોઇ એક અજ્ઞાત પ્રદેશમાં તેઓ ઉતરી પડયા હોય તેમ સ્થિર થઇને બેસી રહ્યા. આ પ્રમાણે થોડી ક્ષણો પસાર થઇ એટલે પુનઃ બોલવા લાગ્યાઃ-

"એ સર્વ મતોને ગળી જનારી, સર્વ મતોની સમન્વય કરનારી બ્રહ્મવિદ્યાનો પ્રત્યક્ષ અનુભવ કર, જગતમાં તેનો પ્રચાર કર, એથી તારૂં પોતાનું તેમજ જગતનું પણ કલ્યાણ થશે. આજે ખરેખરી મહત્ત્વની વાત મેં તને કહી દીધી છે. એના કરતાં વધારે મહત્ત્વની અને ઉપયોગી વાત જગતમાં બીજી એકે નથી."

શિષ્યઃ—આપે તો વળી જ્ઞાનની વાત કહાડી. આપ કોઇ વખત ભકિતનું, તો કોઇ વખત કર્મનું, તો કોઇ વખત યોગનું એવું મહત્ત્વ દર્શાવો છો કે એમાંથી શેનું અવલંબન લેવું એજ અમારાથી તો સમજી શકાતું નથી. એ સર્વ જ્યારે સાંભળીએ છીએ ત્યારે અમારી બુદ્ધિ ચકરાવામાં પડી જાય છે!

માનવજીવનનો પરમ પુરૂષાર્થ શું?

સ્વામીજીઃ—વધારે શું કહું? બ્રહ્મજ્ઞ થવું એજ આપણો પરમ લક્ષ અને છેલ્લો ઉદ્દેશ તથા પરમ પુરૂષાર્થ છે; પણ મનુષ્યથી સર્વદા બ્રહ્મભાવમાં તો રહી શકાય નહિ. વ્યુત્થાનકાળે કાંઇ ને કાંઇક ક્રિયા તો કરવીજ જોઇએ. એટલા માટે તે વખતે એવી ક્રિયા કરવી જોઇએ કે જેથી જગતનું કલ્યાણ થાય. એટલાજ માટે હું તમને કહું છું કે અભેદ-બુદ્ધિથી જીવસેવારૂપ કર્મ કરો. પણ બાપુ, કર્મની આંટી-ઘુંટી એવા પ્રકારની ગુંચવણભરી છે કે મહાન-મહાન સાધુઓ પણ તેમાં ફસાયાવિના રહેતા નથી; માટે જેમ બને તેમ ફલાકાંક્ષા વગર કર્મ કરો. ગીતામાં પણ એજ વાત કહી છે, છતાં આ વાત પણ ભૂલી જવા જેવી નથી કે બ્રહ્મજ્ઞાનમાં કર્મને લેશમાત્ર સ્થાન નથી. બહુ બહુ તો સત્કર્મોદ્વારા ચિત્તશુદ્ધિ થાય. એટલાજ માટે ભાષ્યકારે જ્ઞાનકર્મ-સમુચ્ચય પ્રતિ કેવો તીવ્ર કટાક્ષ તથા કેવો ગંભીર દોષારોપ કર્યો છે, તેની ખબર છે ને? નિષ્કામ કર્મથી ઘણા બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. ટુંકામાં એટલુંજ કહેવું બસ છે કે વિચાર-

માર્ગનું અને તે સિવાય સર્વ પ્રકારની સાધનાઓનું ફળ, માત્ર “ બ્રહ્મજ્ઞતાની પ્રાપ્તિ ” સિવાય બીજું કશું નથી.

ભક્તિયોગ અને રાજયોગની ઉપયોગિતા.

શિષ્ય:—મહાશય, હવે જરા ભક્તિ અને રાજયોગની ઉપયોગિતા દર્શાવી મારી જિજ્ઞાસા શાંત કરો.

સ્વામીજી:—એ સર્વ માર્ગોના સાધનદ્વારા બ્રહ્મજ્ઞાનરૂપી ફળ મળી શકે છે. ભક્તિમાર્ગ શિથિલ ક્રમ છે તેથી ફળપ્રાપ્તિમાં જરા વિલંબ થાય છે; પણ છે સહજ–સાધ્ય. યોગમાં અનેક વિઘ્નો છે. યોગ સાધતાં મન જો વિભૂતિના માર્ગે વળી ગયું તો પુનઃ સ્વરૂપે પહોંચતાં બહુ વાર લાગે. એક માત્ર જ્ઞાનમાર્ગજ બહુ જલદીથી ફળ આપનારો તથા સર્વ મતોને અનુકૂળ આવે એવો માર્ગ છે. સર્વ કાળે, સર્વ દેશે એકસરખા માનથી તેનો સત્કાર થતો આવ્યો છે. અલબત્ત, તેમાં પણ વિચારમાર્ગે ચાલતાં ઘણીવાર મન દુસ્તર (કષ્ટપૂર્વક પાર પામી શકાય એવી) તર્કજાળોમાં ગુંચવાઇ જાય છે; એટલા માટે વિચાર સાથે ધ્યાન પણ કરવું જોઇએ. વિચારબળ અથવા ધ્યાનબળથી છેવટે બ્રહ્મતત્ત્વ પ્રાપ્ત કરવાનું છે, એ ઉદ્દેશ નિરંતર સ્મરણમાં રાખવો જોઇએ. આ રીતે કાળજીપૂર્વક સાધન કરવાથી નિર્વિઘ્નપણે ઇષ્ટસ્થાને પહોંચી શકાય છે. **મારા મત પ્રમાણે તો જ્ઞાનમાર્ગ એજ સહજ તેમજ શીઘ્રફલદાયી માર્ગ છે.**

સત્પુરૂષનો પરિચય–અહંનો અર્થ આત્મનિષ્ઠ.

શિષ્ય:—હવે, જરા અવતારવાદ વિષે કાંઇક સંભળાવો.

સ્વામીજી:—તારે એકજ દિવસમાં બધું સમજી લેવું લાગે છે !

શિષ્ય:—મનની ભૂખ એકજ દિવસે શાંત થઇ શકતી હોત તો આપને રોજ રોજ શા માટે તસ્દી આપું ?

સ્વામીજી:—જે આત્માનો મહિમા શાસ્ત્રમાં આટલો બધો અસરકારક રીતે વર્ણવવામાં આવ્યો છે, તે આત્માનું જ્ઞાન અથવા તો તે આત્માનું દર્શન, જેઓની કૃપા–પ્રતાપે થઇ શકે, તેઓજ યથાર્થ જંગમ તીર્થ કિંવા અવતારી પુરૂષ છે, એમ સમજી લેવું. તેઓ જન્મથીજ બ્રહ્મજ્ઞ હોય છે. વસ્તુતઃ બ્રહ્મ અને બ્રહ્મજ્ઞમાં કશો તફાવત નથી. કહ્યું પણ છે કે:–“ **ब्रह्मविद् ब्रह्मैव भवति ।**” આત્માને સામાન્ય બુદ્ધિથી તો આપણે જાણી શકીએ નહિ; કારણ કે આત્મા પોતેજ વિજ્ઞાતા અને મન્તા (માર્ગદર્શક) છે, એ વાત હું આગળજ કહી ગયો છું. એટલા માટે સામાન્ય મનુષ્યો બહુ બહુ તો એક અવતારી પુરૂષને ઓળખી શકે–સમજી શકે. સામાન્ય માનવબુદ્ધિ ઇશ્વરસંબંધે સર્વથી વધુમાં વધુ ઉચ્ચ કલ્પના દોડાવી શકે તો તે માત્ર અવતારી પુરૂષ પર્યંતજ, 'તેથી આગળ તે વધુ

કલ્પના કરી શકે નહિ. આવા બ્રહ્મજ્ઞ પુરૂષો જગતમાં થોડાજ જન્મે છે અને તેઓને બહુજ ઓછા જીવો યથાર્થરૂપે સમજી શકે છે. તેમને શાસ્ત્રનાં વચનો પ્રમાણ તરીકે આપવાં પડતાં નથી; કારણ કે તેઓ પોતેજ પ્રમાણરૂપ હોય છે. તેઓ ભવસમુદ્રમાં એક દીવાદાંડી જેવા થઇ રહે છે. આવા અતિ ઉચ્ચ દશાવાળા અવતારી પુરૂષોના સત્સંગથી તથા તેમની કૃપાથી એક મુહૂર્ત માત્રમાં હૃદયનો અંધકાર દૂર થઇ જાય છે અને બ્રહ્મજ્ઞાન સ્ફુરવા લાગે છે; તેમનો સત્સંગ સેવ્યા પછી અમુકને બ્રહ્મજ્ઞાન ક્યારે અને કેવી રીતે થયું તેનો નિર્ણય કોઇથી થઇ શકતો નથી. છતાં બ્રહ્મજ્ઞાન થાય છે અને તેમ થતું મેં પ્રત્યક્ષ જોયું છે. શ્રીકૃષ્ણે આત્મંસંસ્થરૂપે ગીતા પ્રબોધી છે. ગીતામાં જે જે સ્થળે **अहं** શબ્દનો ઉલ્લેખ છે, ત્યાં ત્યાં "પરમાત્મા" એવો અર્થ સમજવો. **मामेकं शरणं व्रज** એનો અર્થ માત્ર એટલોજ કે "આત્મનિષ્ઠ બનો." આ પ્રકારનું આત્મજ્ઞાન એજ ગીતાનો અંતિમ ઉદ્દેશ છે. યોગાદિનો ઉલ્લેખ તે માત્ર એજ આત્મજ્ઞાન-પ્રાપ્તિના આનુષંગિક ફળરૂપ છે. જેને આત્મજ્ઞાન ન થાય તેને આત્મઘાતી સમજવો; કારણ કે **विनिहन्त्यसद्ग्रहात्**-રૂપરસાદિનાં બંધનો તેનો પ્રાણ હરી લે છે. મનુષ્યો તો તમે પણ છો, તો શું બે ચાર દિવસના ધૂળ-રાખ જેવા ભોગોની તમારાથી ઉપેક્ષા થઇ શકતી નથી? હજારો ને લાખો માણસો જન્મીને મરી જાય છે. તમારે પણ શું એજ વર્ગમાં ગણાવું છે? "**प्रेयस्**" નો પરિત્યાગ કરો. ચંડાળ સુદ્ધાંને આત્મતત્ત્વ સમજાવો. આત્મા સંબંધી ઉપદેશો કરવાથી તથા તેનાજ સંબંધી વાતો કર્યા કરવાથી તમારી પોતાની બુદ્ધિ પણ નિર્મળ બનશે. "**तत्त्वमासि**" "**सोहमास्मि**" "**सर्वं खल्विदं ब्रह्म**" ઇત્યાદિ મહામંત્રોનો સર્વદા ઉચ્ચાર કરો, અને હૃદયમાં સિંહના જેટલું બળ ધારણ કરો. ભય જેવું છેજ શું? ભય એજ મૃત્યુ છે, ભય એજ મહાપાતક છે. નરઅર્જુનને એક વખત ભય ઉપજ્યો હતો; અને તેથી આત્મસંસ્થ ભગવાન શ્રીકૃષ્ણને ગીતાનો ઉપદેશ આપવો પડ્યો હતો. છતાં ઉપદેશ માત્રથી શું તેનો ભય દૂર થયો? નહિજ. જ્યારે અર્જુને વિશ્વરૂપનું દર્શન કર્યું, અને આત્મસંસ્થ થયો ત્યારેજ તે યુદ્ધ કરવાને તત્પર થયો; ત્યારેજ જ્ઞાનાગ્નિથી તેનાં કર્મો બળી ગયાં!

આત્મજ્ઞાન પછી કર્મો રહી શકે?

શિષ્ય:—મહાશય, આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ શું કર્મો રહેતાં હશે?

સ્વામીજી:—જ્ઞાનપ્રાપ્તિ પછી, સાધારણ મનુષ્યો જેને કર્મ કહે છે તેવા રૂપમાં કર્મો હોતાં નથી. તે વખતે કર્મ "**जगद्धिताय**"-જગતના હિતરૂપે બની રહે છે. આત્મજ્ઞાની પુરૂષનું હાલવું-ચાલવું તે પણ સર્વ જીવોના કલ્યાણને અર્થે હોય છે. ગુરૂદેવને જોયા છે ને? "**देहस्थोऽपि न देहस्थः**" દેહમાં રહ્યા છતાં

પણ દેહની બહાર હોય તેજ પ્રમાણે તેમની (શ્રીરામકૃષ્ણ પરમહંસની) પ્રત્યેક ક્રિયા થતી. આવા પુરુષોનાં કર્મોનો ઉદ્દેશ શું હોઇ શકે? એમ જો કોઈ પૂછે, તો તેના ઉત્તરમાં માત્ર એટલુંજ કહી શકાય કે:–“ **लोकवत्तु लीलाकैवल्यम् ।**” તેમની લીલાજ માત્ર લોકોના જેવી હોય છે.

प्रसंग ३२ मो.

(સ્થાન–બેલુડમઠ–નિર્માણકાળે. ઈ. સ. ૧૮૯૯)

શિલ્પ સંબંધી ચર્ચા.

શિષ્ય આજે પોતાની સાથે બાબુ રણદાપ્રસાદ ગુપ્ત મહાશયને લઇને મઠમાં આવ્યો છે. રણદાબાબુનો પરિચય આપતાં જણાવવું જોઇએ કે, તેઓ કલકત્તા ખાતેની જ્યુબીલી આર્ટ ઍકેડેમિના પ્રતિષ્ઠાતા તથા પ્રૉફેસર છે. શિલ્પકળા સંબંધી તેઓ બહુ ઉચ્ચ પ્રકારનું જ્ઞાન ધરાવે છે, તે ઉપરાંત પોતે એક વિદ્વાન અને સ્વામીજી પ્રત્યે ગુણાનુરાગ ધરાવનારા સજ્જન ગૃહસ્થ છે. શિષ્યે રણદાબાબુનો પરિચય સ્વામીજી સાથે કરાવી દીધો એટલે સ્વામીજી તેમની સાથે શિલ્પવિજ્ઞાન સંબંધે વાર્તાલાપ કરવામાં રોકાયા. રણદાબાબુને વિશેષ ઉત્સાહિત કરવા માટે સ્વામીજીએ પોતે જ્યુબીલી આર્ટ ઍકેડેમિની મુલાકાત લેવાની પણ ઇચ્છા દર્શાવી; પરંતુ કેટલાંએક અનિવાર્ય કારણોને લઇને ઍકેડેમિની મુલાકાત લેવાનું સ્વામીજીથી બની શક્યું નહોતું.

બૌદ્ધયુગમાં શિલ્પોન્નતિ.

સ્વામીજીએ રણદાબાબુને કહ્યું કે:—“પૃથ્વીના પ્રાયઃ સઘળા સુધરેલા દેશોનું શિલ્પ–સૌંદર્ય હું જોઇ આવ્યો છું; પણ બૌદ્ધધર્મના પ્રાદુર્ભાવ વખતે આ દેશમાં શિલ્પકળાનો જેવો વિકાસ થયો હતો, તેવો વિકાસ મેં બીજે ક્યાંઈ જોયો નથી. મોગલ બાદશાહોના વખતમાં પણ ઉક્ત વિદ્યાનો વિશેષ વિકાસ થયો હતો; શિલ્પોન્નતિના કીર્તિસ્તંભોરૂપે હજી પણ તાજમહેલ અને જુમ્મામસ્જીદ વગેરે મકાનો ભારતવર્ષમાં જેમનાં તેમ ખડાં છે.”

મનોભાવ પ્રકટ કરવા એજ શિલ્પશાસ્ત્રનો ઉદ્દેશ છે.

“મનુષ્ય જે વસ્તુ તૈયાર કરે, તેનાથી જો એક મનોભાવ પ્રકાશિત થાય તેનું નામજ શિલ્પકળા. જેમાંથી એકે એક ચોક્કસ ભાવનું પ્રકાશન ન થાય, તેના ઉપર ગમે તેટલા રંગ–બેરંગી ઓપ ચડાવવામાં આવે તોપણ તેને યથાર્થ કળા કહી શકાય નહિ. થાળી–વાટકો–પ્યાલો વગેરે નિત્ય વપરાશમાં આવતી ચીજો પણ

કોઇ એક અમુક પ્રકારનો ભાવ વ્યકત કરે તે રીતે તૈયાર કરવી જોઇએ. પારિસના પ્રદર્શનમાં પત્થરની બનાવેલી એક અદ્દભુત મૂર્તિ એક વખત મારા જોવામાં આવી હતી. મૂર્તિનો પરિચય આપવા નીચે લખ્યું હતું કેઃ--કુદરતના મુખ ઉપરનો પડદો દૂર કરનારી કળા. અર્થાત્ શિલ્પકળા, કુદરતના મુખ ઉપરનું નિબિડ અવગુંઠન (ગાઢ પડદો) પોતાના હાથથી કેવી રીતે દૂર કરે છે, અને અંદરનું રૂપ-સૌંદર્ય કેવી રીતે પ્રકટ કરે છે, તેનો ચિતાર આપનારી કળા. તે મૂર્તિ એવા પ્રકારે તૈયાર કરવામાં આવી હતી કે પ્રકૃતિદેવીએ પોતાનું રૂપ-સૌંદર્ય હજી બરાબર પ્રકટ કર્યું હોય એમ મને જણાયું નહિ; છતાં જેટલું સૌંદર્ય પ્રકૃતિદેવીએ પ્રકાશિત કર્યું હતું, તેટલાથીજ તે શિલ્પકાર મુગ્ધ બની ગયો હોય તેમ ચોકખું જણાઇ આવતું હતું. આ મૂર્તિ જોવાથી કોઇ પણ પ્રેક્ષક શિલ્પકારની સ્તુતિ કર્યા વિના રહી શકે નહિ. તમારે પણ એવા પ્રકારનું કાંઇક મૌલિક ચિત્ર ઉપજાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.”

યથાર્થ કળાની ગમે ત્યારે પણ કદર થયાવિના રહેતી નથી.

રણદાબાબુઃ—મારી પણ એવી ઇચ્છા છે કે સમયને અનુસરી નૂતન ભાવની મૂર્તિ તૈયાર કરવી; પરંતુ આ દેશમાં જેવું જોઇએ તેવું ઉત્તેજન મળતું નથી, એટલે ધનના અભાવે કાંઇ બની શકતું નથી. ખરૂં પૂછો તો આ દેશમાં એવા ગુણગ્રાહી લોકોજ ક્યાં છે?

સ્વામીજીઃ--તમે જો અંતઃકરણપૂર્વક એક યથાર્થ સુંદર વસ્તુ તૈયાર કરી શકો, અને શિલ્પમાં એક પ્રકારના ભાવનું બરાબર પ્રકાશન કરી શકો, તો વખત જતાં તેનું સન્માન થયાવિના રહેજ નહિ. યથાર્થ પવિત્ર વસ્તુનો જગતમાં કોઈ દિવસ અનાદર થયો નથી અને થાય પણ નહિ. ઇતિહાસમાં તો એટલે સુધી જોવામાં આવે છે કે એક યથાર્થ શિલ્પશાસ્ત્રીના મરણ પછી એક હજાર વર્ષે પણ તેનો આદર થાય છે.

રણદાબાબુઃ—આજકાલ અમારી એવી કફોડી સ્થિતિ થઇ પડી છે કે અમે ગમે તેવું કામ કરીએ તોપણ આ દેશમાં તો અમારી કશી કદરજ થતી નથી. છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં કેટલાક એવા પ્રયત્નો કર્યા છે ખરા કે જેથી કાંઇક સફળતા મળે એવી આશા રહે છે. આપ આશીર્વાદ આપો કે અમારો ઉદ્યમ સફળ થાય.

સ્વામીજીઃ—જો બરાબર કાર્ય કર્યા કરશો તો અવશ્ય એક વખત વિજયી થશો. જો કોઇ પણ એક કામ મન, પ્રાણ અને હૃદયપૂર્વક થાય છે તો તેથી સફળતા તો મળેજ છે; પરંતુ તે ઉપરાંત કામમાં લાગ્યા રહેવાથી બ્રહ્મવિદ્યાની પણ પ્રાપ્તિ થયાવિના રહેતી નથી. અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરીએ તો ઈશ્વરને પણ સહાય આપ્યાવિના ચાલે નહિ.

પૂર્વ અને પશ્ચિમની શિલ્પકળામાં ભિન્નતા.

રણદાબાબુઃ—આ દેશના અને વિલાયતના શિલ્પમાં શું તફાવત જોવામાં આવ્યો ?

સ્વામીજીઃ——લગભગ બન્ને સમાન છે, મૌલિકતા જેવું ભાગ્યેજ ક્યાંઇ જણાય છે. કૅમેરાની મદદથી આજકાલ વિવિધ ચિત્રો રજુ કરવામાં આવે છે; પરંતુ યંત્રની સહાય લેવાથી નૂતન ભાવ પ્રકટ કરવાની શક્તિનો લોપ થાય છે અને તેથી ભાવનું પ્રકાશન બરાબર થઇ શકતું નથી. પ્રાચીન કાળના શિલ્પશાસ્ત્રીઓ પોતાના મગજમાંથી અવનવા ભાવો પ્રકટ કરતા અને તેજ ભાવોને છબીમાં સુંદરરૂપે રજુ કરવાનો પ્રયત્ન કરતા. અત્યારે ફોટોગ્રાફીનો પ્રચાર થવાથી મગજને કેળવવાની જરૂર કોઇ જોતું નથી; પણ દરેક જાતિમાં, પ્રજામાં એક એક પ્રકારની ખાસ વિશેષતા હોય છેજ. આચારમાં, વ્યવહારમાં, આહારમાં, વિહારમાં તથા ચિત્રમાં અને શિલ્પમાં પણ તેવી ખાસ વિશેષતા જણાઇ આવ્યાવિના રહેતી નથી. દાખલા તરીકે તે દેશનું સંગીત—ગાયન—વાદન તથા નૃત્ય વગેરેનો બાહ્ય વિકાસ જાણે કે સોયની અણી જેવો તીવ્ર હોય છે. તે લોકો નાચે છે એવી રીતે કે જાણે કે હાથ-પગ પછાડતા હોય નહિ ! તેમનાં વાજીંત્રોના અવાજો પણ એવા હોય છે કે જાણે કાનમાં કોઇ ભાલા મારતું હોય ! તેમનું ગાવું પણ એવાજ પ્રકારનું હોય છે. આ દેશનો નાચ જાણે કે તરંગની માફક ધીમે ધીમે શાંત રીતે વહી જતો પ્રવાહ ! ગાયનોની મૂર્છના અને ગમક પણ જાણે કે ચક્રની પેઠે અનુવર્તન કરતી—ફરતી ! વાજીંત્રની પદ્ધતિ પણ તેવીજ. મતલબ કે શિલ્પના સંબંધમાં પણ કાંઇક ને કાંઇક વિશેષતા હોય એ સ્વાભાવિકજ છે. જે પ્રજા ખરેખરી જડવાદી અથવા આ ભવમાં જ સર્વસ્વ માની લેનારી હોય, તે પ્રજા પ્રકૃતિના નામ—રૂપનેજ પોતાનો અંતિમ ઉદ્દેશ માની લે, અને તેને અનુસરીને હૃદયના ભાવોનો વિકાસ શિલ્પમાં કરે એ તદ્દન બનવાજોગ છે. જે પ્રજા પ્રકૃતિની પેલી તરફ પહોંચી ચૂકી હોય અને અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકી હોય, તે પ્રજા અધ્યાત્મજ્ઞાનનેજ પોતાનો અંતિમ ઉદ્દેશ માની લે અને તેજ ભાવનો પ્રકાશ પ્રકૃતિની મદદથી શિલ્પકળામાં કરે તે પણ સ્વાભાવિક છે. પ્રથમની પ્રજાને માટે તેમના સાંસારિક રિવાજો અને રહેણી કહેણી વગેરે શિલ્પના મૂળ પાયારૂપ બને છે; જ્યારે બીજી શ્રેણિની પ્રજાને માટે પ્રકૃતિથી પર એવી આધ્યાત્મિક ભાવના શિલ્પવિકાસના મૂળ કારણરૂપે બને છે. આ પ્રમાણે બન્ને પ્રજાઓ જુદા જુદા ઉદ્દેશોને લઇને શિલ્પચર્ચામાં આગળ વધે છે, તોપણ બન્ને પ્રજાઓને ફળ તો એક સરખુંજ મળે છે. બન્ને પ્રજાઓ પોતપોતાની ખાસ ભાવનાને અનુસરીને શિલ્પની ઉન્નતિ કર્યે જાય છે. તે દેશની એકે એક છબી જોવાથી, જાણે કે આપણે ખરેખરજ કોઇ કુદરતી દેખાવ જોતા હોઇએ એવો ભ્રમ થયાવિના રહેતો નથી. આ દેશના સંબંધમાં પણ તેમજ કહી શકાય.

આ દેશમાં પણ જ્યારે શિલ્પશાસ્ત્રનો બહુ વિકાસ થયો હતો, તે વખતની એકે એક મૂર્તિનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરીએ તો આપણે આ પાર્થિવ જગતની પેલી પાર અધ્યાત્મરાજ્યમાં આવી ચડયા હોઇએ તેવો ભ્રમ થયા વિના રહે નહિ. જેમ તે દેશમાં હવે પહેલાંના જેવી છબીઓ તૈયાર થતી નથી, તેજ પ્રમાણે આ દેશમાં પણ નવાં નવાં આધ્યાત્મિક દશ્યો ખડાં કરી શકે એવાં ચિત્રો તૈયાર કરવા કોઇ પ્રયત્ન કરતું હોય તેમ જણાતું નથી. તાજેજ દાખલો લ્યોને ! આપની આર્ટસ્કૂલમાં જે જે છબીઓ તૈયાર થાય છે તેમાં કોઇ પણ પ્રકારના ભાવનો વિકાસ હોય તેમ જણાતું નથી. આપ હિંદુઓની નિત્યની ધ્યેય મૂર્તિઓમાંથી પ્રાચીન ભાવનું ઉદ્દીપક બહિર્પ્રકાશન રજુ કરવાનો પ્રયત્ન કરો તો બહુ સારૂં.

રણદાબાબુઃ—આપની વાતો સાંભળી મારા હૃદયમાં બહુ ઉત્સાહ આવ્યો છે. હું પ્રયત્ન કરી જોઇશ અને કહેવા પ્રમાણે છબીઓ આલેખવાની કોશીશ કરીશ.

કાળીમાતાની ભયંકર મૂર્તિ આંકવાની ભલામણ.

સ્વામીજી પુનઃ બોલવા લાગ્યાઃ—"દ્રષ્ટાંત તરીકે માતા કાળીની છબી. તેમાં એક સાથેજ ક્ષેમંકરી (કલ્યાણ કરનારી) તથા ભયંકરી (ભય ઉપજાવનારી) મૂર્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે; પરંતુ વસ્તુતઃ એકકે ભાવનું યથાયોગ્ય પ્રકાશન થતું નથી. એ વાત એક બાજુએ રહેવા દ્યો. મેં કહ્યા તે બન્ને ભાવોનો એકજ ચિત્રમાં એકત્ર સમાવેશ બરાબર રીતે કરવાનો કોઇએ પ્રયત્ન પણ નથી કર્યો. મેં કાળીમાતાની ઉગ્ર મૂર્તિ સંબંધી થોડો ભાવ જગન્માતા કાળી નામની મારી અંગ્રેજી કવિતામાં આલેખવાનો સહજ પ્રયત્ન કર્યો છે. એજ ભાવ એકાદ ચિત્રમાં આણવાનો આપ પ્રયત્ન કરી શકશો ?"

રણદાબાબુઃ—કેવો ભાવ ?

સ્વામીજીએ શિષ્યના તરફ જોઇ અંગ્રેજી કવિતા લાવવાનો આદેશ કર્યો. શિષ્ય તે કવિતા લઈ આવ્યો એટલે સ્વામીજીએ તે કવિતા રણદાબાબુને વાંચી સંભળાવી. સ્વામીજી ઉક્ત કવિતા વાંચતા હતા ત્યારે શિષ્યની નજર આગળ જાણે મહાપ્રલય સમયની સંહારમૂર્તિ નૃત્ય કરતી હોય તેવો દેખાવ ખડો થઇ ગયો ! રણદાબાબુ પણ કવિતા સાંભળીને થોડીવાર મંત્રમુગ્ધ જેવા બેસી રહ્યા. થોડીક્ષણો પછી રણદાબાબુ જાણે કલ્પનાચક્ષુથી તે ચિત્ર નિહાળી રહ્યા હોય તેવી રીતે બોલ્યાઃ–"બાપરે ! " ભયથી ગભરાઇ ગયા હોય તેમ રણદાબાબુ સ્વામીજી તરફ એકી ટસે તાકી રહ્યા.

સ્વામીજીઃ—કેમ ? એ ભાવનો ચિત્રમાં વિકાસ કરી શકશો ને ?

રણદાબાબુઃ–જી, પ્રયત્ન કરી જોઇશ. ×પરંતુ એ ભાવની કલ્પના મગજમાં

×તે વખતે શિષ્ય રણદાબાબુ સાથેજ રહેતો હતો. રણદાબાબુએ બીજેજ દિવસે

આવતાંજ મગજ ભમી જાય છે.

સ્વામીજીઃ—છબી તૈયાર કરો ત્યારે મને એક વખત બતાવજો. તેને સર્વાંગ-સંપન્ન બનાવવાને જે વાત જરૂરની હશે તે વાત આપને બતાવી દઇશ.

શ્રીરામકૃષ્ણ મિશનની મ્હોરનો અર્થ.

ત્યાર પછી સ્વામીજીએ રામકૃષ્ણ મિશનની એક મ્હોર (બીલ્લુ) રણદાબાબુને બતાવી અને તે સંબંધી તેમનો અભિપ્રાય જાણવાની ઇચ્છા દર્શાવી. (આ બીલ્લાની છાપ શ્રીરામકૃષ્ણ મિશનદ્વારા પ્રસિદ્ધ થતા પ્રત્યેક ગ્રંથમાં ટાઇટલ પેજ ઉપર શરૂઆતમાં અને અંતમાં ઘણું કરીને હોય છે) આ મ્હોરનું વર્ણન નીચે પ્રમાણે છેઃ—

એક સ્વચ્છ સરોવરમાં ચોતરફ કમળપત્રો વિકસી રહ્યાં છે. સરોવરની મધ્યમાં એક હંસ છે અને હંસની આસપાસ બે સર્પો ફણાવાળીને બેઠા છે. બાલસૂર્યનાં કિરણો હંસ ઉપર પડી તેની શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં છે.

રણદાબાબુ પ્રથમ તો આ ચિત્રનો અર્થ સમજી શકયા નહિ, તેથી તેમણે સ્વામીજીને તે સંબંધી ખુલાસો કરવાની વિનંતિ કરી. સ્વામીજીએ આ ચિત્રનો-મ્હોરનો અર્થ સમજાવતાં કહ્યું કેઃ—

ચિત્રમાં રહેલું તરંગોવાળું પાણી તે કર્મ છે. કમળો તે ભકિતરૂપ છે, અને બહાર આવવાની તૈયારી કરતો સૂર્ય તે જ્ઞાનનો પ્રકાશક છે. ચિત્રની આસપાસ વિંટળાઇ વળેલા સર્પો, યોગ અને જાગૃતિનાં રૂપક છે, અને ચિત્રની મધ્યમાં રહેલો હંસ તે પરમાત્માનો અર્થ સૂચવે છે. મતલબ કે કર્મ, ભકિત અને જ્ઞાન જો યોગની સાથે સંમિલિત થાય તોજ પરમાત્માના દર્શનનો લાભ મળે. ચિત્રનો આશય પણ તેજ છે.

રણદાબાબુ આ ચિત્રનો આવો અર્થ સાંભળી થોડીવાર વિચારમાં પડી ગયા. પછી કહ્યું કેઃ—"જો આપની પાસે રહીને થોડો વખત શિલ્પકળાનો ઉપદેશ લઉં તો ખરેખર મને પોતાને બહુ લાભ થાય."

ભાવી મઠના સંબંધમાં અદ્‌ભુત યોજના.

ત્યારપછી ભવિષ્યમાં જે શ્રી રામકૃષ્ણમંદિર તથા મઠ ચણાવવાના છે, તે કેવી રીતે તૈયાર કરાવવામાં આવશે તે સંબંધી એક ચિત્ર, સ્વામીજીએ વિજ્ઞાનાનંદ પાસે પોતાની ખાસ સૂચનાથી અંકિત કરાવ્યું હતું તે રણદાબાબુને બતાવવા માટે મંગાવ્યું. ચિત્ર આવ્યું એટલે સ્વામીજીએ તે રણદાબાબુને આપતાં કહ્યું કેઃ—

ઉકત ચિત્ર આંકવાનો પ્રયત્ન કર્યો અને પ્રલયકાળમાં તાંડવનૃત્યમાં ઉન્મત્ત બનેલી ચંડીમૂર્તિનું ચિત્ર આલેખવાનું કામ શરૂ કર્યું. અત્યારે પણ તે અર્ધ અંકિત મૂર્તિ આર્ટસ્કૂલમાં પડી છે. દુર્ભાગ્યે સ્વામીજીને તે બતાવવાનો અવકાશ મળ્યો નહિ.

"ભાવી મઠ-મંદિર તૈયાર કરાવતી વખતે, પૂર્વની અને પશ્ચિમની સર્વ શિલ્પકળાઓનો એકત્ર સમાવેશ કરવો એવો મારો વિચાર છે. હું આખી દુનિયામાં ફરી ફરીને સ્થાપત્યકળા (ઘર બાંધવાની કળા) સંબંધી જે જે ભાવો અહીં લઇ આવ્યો છું, તે સર્વ ભાવોનો વિકાસ આ મંદિરના નિર્માણમાં થાય તેવો પ્રયત્ન કરીશ. અનેક થાંભલાઓવાળું અક્કેક નાટ્યમંદિર (પાકો મંડપ) કરાવવામાં આવશે, દીવાલોમાં લાખો પ્રફુલ્લ કમળોનો ચિતાર આપવામાં આવશે. એક એક મંડપમાં હજારો માણસો એક સાથે બેસીને જપ-ધ્યાન કરી શકે એવી ગોઠવણ રાખવામાં આવશે. રામકૃષ્ણમંદિર તથા નાટ્યમંદિર એવી રીતનું તૈયાર થશે કે દૂરથી જોનાર, જાણે કે ઓંકારનુંજ દર્શન કરે છે તેમ લાગે. મંદિરમાં એક રાજહંસ ઉપર ગુરૂદેવની મૂર્તિ રહેશે. બન્ને બારણા ઉપર બે છબીઓ એવી રીતે આંકવામાં આવશે કે એક બકરી અને એક વાઘ, એ ઉભય પ્રાણીઓ બન્ધુભાવે પરસ્પર પ્રેમથી ભેટી એક બીજાને જીભથી ચાટી રહ્યાં હોય! અર્થાત્ મહાશક્તિ અને મહાનમ્રતા જાણે કે પરસ્પર પ્રેમથી ભેટતાં હોય તેવો ભાવ સ્પષ્ટ કરવામાં આવશે. આવા આવા અનેક વિચારો મનમાં આવ્યા કરે છે. જીવનદોરી વચમાં તૂટી નહિ જાય તો એ સર્વ વિચારોને કાર્યમાં પરિણમાવવાનો સંકલ્પ કરી રાખ્યો છે. નહિ તો છેવટે મારા બતાવેલા માર્ગે ભાવી પ્રજા કાંઇક પ્રયત્ન કરશે તોપણ સંતોષ છે. હું એમ માનું છું કે આ દેશની સર્વ પ્રકારની વિદ્યાઓ અને સર્વ પ્રકારની ભાવનાઓમાં નવા પ્રાણનો સંચાર કરવાની એક માત્ર ઇચ્છાથી ગુરૂદેવે આ દેશમાં આ કાળે જન્મ લીધો હતો; એટલા માટે ધર્મ, કર્મ, વિદ્યા, જ્ઞાન, ભક્તિ, એ સર્વ આ મઠરૂપી કેંદ્રસ્થાનમાંથી પ્રવાહરૂપે બહાર નીકળી સમસ્ત જગતમાં પ્રસરી જાય, એવી રીતનો ગુરૂદેવનો આ મઠ તૈયાર કરાવવો જોઇએ. આપ સર્વે મને સહાય કરો, એજ મારી ઇચ્છા છે."

રણદાબાબુ અને હાજર રહેલા સંન્યાસીઓ તથા બ્રહ્મચારીઓ સ્વામીજીની વાત સાંભળી શાંતભાવે બેસી રહ્યા. આ વખતે સૌને એવાજ વિચારો થવા લાગ્યા કે સ્વામીજીનું મન કેટલું બધું ઉદાર હોવું જોઇએ, તેમના મગજમાં કેટલા વિષયના અદ્ભુત અનુભવો ભરેલા હોવા જોઇએ, કેટલું બધું બારિક નિરીક્ષણ કરવાની તેમની પ્રકૃતિ હોવી જોઇએ!

થોડીવાર રહીને પુનઃ સ્વામીજી રણદાબાબુને ઉદ્દેશીને બોલવા લાગ્યાઃ—
" આપે શિલ્પવિદ્યા સંબંધી અભ્યાસ કર્યો છે અને નિરંતર એજ વિષયની ચર્ચામાં આનંદ લ્યો છો, તેથી આજે મને મારા વિચારો દર્શાવવાનો પ્રસંગ મળ્યો. આજ સુધીની ચર્ચા તથા અભ્યાસના ફળરૂપે કોઇ સુંદર અને સર્વોચ્ચ ભાવ પ્રાપ્ત કરી શકયા હો તો હવે, આપ અમને સંભળાવો."

રણુદાબાબુઃ—"મહાશય, હું આપને શું નવી વાત સંભળાવી શકું? આપેજ આજે મારી આંખો ઉઘાડી દીધી છે, એમ કહું તો જરાયે ખોટું નથી. શિલ્પશાસ્ત્ર સંબંધી આવી જ્ઞાનપૂર્ણ વાત અત્યારસુધીમાં કોઇ દિવસ સાંભળી નથી. આપની પાસેથી જે ભાવો સાંભળવા હું ભાગ્યશાળી થયો છું, તે ભાવોને ક્રિયામાં ઉતારી શકું એવો આશીર્વાદ આપો એટલે બસ."

ત્યારપછી સ્વામીજી આસન ઉપરથી ઉભા થયા અને બહાર મેદાનમાં ફરવા લાગ્યા. ફરતાં ફરતાં શિષ્યને કહ્યું કેઃ–"છોકરો બહુ તેજસ્વી છે, હોં."

શિષ્યઃ—મહાશય, આપની વાત સાંભળીને તે સ્તબ્ધજ થઇ ગયો છે.

સ્વામીજી તે વાત પ્રતિ લક્ષ ન આપતાં, મનમાં ને મનમાં ગુરૂદેવની સ્તુતિ ગાવા લાગ્યાઃ–"પરમ ધન તે સ્પર્શમણિ" ઇત્યાદિ.

આ પ્રમાણે થોડી વાર ફર્યા પછી સ્વામીજી હાથ, પગ તથા મુખ વગેરે ધોઇ શિષ્યની સાથે ઉપર પોતાના ઓરડામાં ગયા, અને ત્યાં બેસીને "એન્સાઇક્લોપીડીયા બ્રિટાનિકા" (સર્વજ્ઞાનસંગ્રહ) નામના અંગ્રેજી પુસ્તકમાંથી શિલ્પસંબંધી અધ્યાય વાંચવા લાગ્યા. વાંચન પૂરૂં થયું એટલે પૂર્વબંગાળની કેટલીક વાતો તથા તેમના ઉચ્ચારના ઢંગ વિષે ચર્ચા ચલાવીને સાધારણ રીતે ખૂબ હસી મશ્કરી કરી આનંદ કર્યો.

प्रसंग ३३ मो.

(સ્થાન—બેલુડમઠ—ઇ. સ. ૧૯૦૧)

ગુરૂભાઇઓ પ્રત્યે સ્વામીજીની લાગણી.

સ્વામીજીનું શરીર થોડા દિવસથી બહુ નરમ રહ્યા કરતું હતું. સ્વામી નિરંજનાનંદના ખાસ આગ્રહથી સ્વામીજીએ ૬–૭ દિવસથી દેશી વૈદ્યની દવા લેવી ચાલુ કરી હતી. વૈદ્યનું ઔષધ ચાલે ત્યાંસુધી સ્વામીજીથી પાણી પીવાય નહિ, એવી સખ્ત ભલામણ હતી. તરસ લાગે ત્યારે પાણીને બદલે દૂધથી ચલાવી લેવાનું હતું.

શિષ્ય આજે પ્રાતઃકાળે મઠમાં આવ્યો હતો. સ્વામીજીનું શરીર બહુ નરમ છે અને વૈદ્યની દવા ચાલે છે, એ વાતની તેને મુદ્દલ ખબર નહોતી; તેથી સ્વામીજીને માટે કેટલુંક મિષ્ટાન્ન લઇ આવ્યો હતો. શિષ્યના હાથમાં મિષ્ટાન્ન જોઇ સ્વામી પ્રેમાનંદ બોલી ઉઠયાઃ—"આજે આ શા માટે લાવ્યો? સ્વામીજીનું શરીર એક તો ઠીક નથી, અને તેમાં પણ પાણીને બદલે દૂધથી તૃષા તૃપ્ત

કરવી પડે છે.” શિષ્ય આથી જરા ગભરાટમાં પડયો અને મિષ્ટાન્ન વગેરે નીચે મૂકી દઇ, ઉપર સ્વામીજી પાસે ગયો. સ્વામીજીએ શિષ્યને જોતાંવારજ કહ્યું કે:—“આવ્યો કે? ઠીક કર્યું, હું તારોજ વિચાર કરતો હતો.”

શિષ્ય:—મેં સાંભળ્યું છે કે ૬–૭ દિવસથી માત્ર દૂધ ઉપરજ આપને નિભાવી લેવું પડે છે!

સ્વામીજી:—શું કરૂં? નિરંજનનો બહુ આગ્રહ થયો એટલે દેશી દવા લીધા વિના છુટકો નહિ. એમની વાતનો મારાથી કાંઇ અનાદર થાય?

શિષ્ય:—આપને તો એક કલાકમાં પાંચ વખત પાણી પીવાની ટેવ છે. એ ટેવ એકાએક કેવી રીતે દૂર કરી દીધી?

સ્વામીજી:—જ્યારે મેં સાંભળ્યું કે ઔષધની સાથે પાણી પી શકાય તેમ નથી; ત્યારેજ મનમાં દૃઢ સંકલ્પ કરી લીધો કે:–“હવે પાણી પીશ નહિ.” બસ, ત્યારથી તૃષા લાગવી તો દૂર રહી, પાણીની વાત પણ યાદ આવતી નથી.

શિષ્ય:—ઔષધથી કાંઇ આરામ જણાય છે?

સ્વામીજી:—ઔષધના “ઉપકાર” કે “અપકાર”નું મને કાંઇ જ્ઞાન નથી. હું તો ગુરૂભાઇની આજ્ઞાને માન આપવું એટલુંજ સમજું છું.

શિષ્ય:—હું ધારૂં છું કે દેશી વૈદ્યોની દવા આપણા શરીર ઉપર જલદી સારી અસર કરે છે.

સ્વામીજી:—મારા મત પ્રમાણે જેઓ વર્તમાન શારીરિક વિજ્ઞાન જાણતા નથી, અને માત્ર પુરાણી પોથીઓનાં પ્રમાણો આપી આંખો મીંચીને ઔષધો કર્યા જાય છે, તેઓના હાથથી બેચાર દર્દીઓ કદાચ સાજા થાય તોપણ શું થયું? હું તો એવા વૈદ્યોના હાથથી બચવાની આશા રાખું તેના કરતાં વર્તમાન ચિકિત્સાવિજ્ઞાનવિશારદ વૈદ્યોના હાથથી મરવું વધારે પસંદ કરૂં છું.

* * * *

દેશી દવાની સાથે કેટલાક કઠોર નિયમો પાળવા પડતા હોવાથી સ્વામીજીથી બરાબર આહાર લઈ શકાતો નહિ, અને તેથી રાત્રિયે નિદ્રા પણ બરાબર આવી શકતી નહિ. છતાં અનાહાર અને અનિદ્રાવાળી અવસ્થામાં પણ સ્વામીજી વાંચવા લખવાનો સખ્ત પરિશ્રમ કર્યા વિના રહેતા નહિ. કેટલાએક દિવસ થયાં મઠમાં એન્સાઇકલોપીડિયા બ્રિટાનિકાનાં વૉલ્યુમો ખરીદવામાં આવ્યાં છે. આ નવાં ચકચકીત પુસ્તકો ભણી જોઇને શિષ્યે કહ્યું કે:–“આ સર્વ પુસ્તકો એક જીંદગીમાં ભાગ્યેજ કોઇ વાંચી શકે!” સ્વામીજીએ અત્યારસુધીમાં દસ વૉલ્યુમ પૂરાં કરી અગીયારમું વૉલ્યુમ વાંચવું શરૂ કર્યું છે, એ વાતની શિષ્યને હજી ખબર નહોતી'

સ્વામીજીની સ્મરણશક્તિનો વિશેષ પુરાવો.

સ્વામીજી:—એમ હોય ? આ દશ પુસ્તકોમાંથી તારી મરજીમાં આવે તે વિષય મને પૂછી જો અને બરાબર ઉત્તર મળે છે કે નહિ તેની ખાત્રી કર.

શિષ્ય ચકિત નેત્રે સ્વામીજી પ્રતિ જોઇ રહ્યો અને બોલ્યો કે:-“ આપે એ બધાં પુસ્તકો વાંચી લીધાં ?”

સ્વામીજી:—ત્યારે શું હું વાંચ્યા વગર કહું છું કે તારી મરજીમાં આવે તે પૂછી જો ?

ત્યાર પછી સ્વામીજીની આજ્ઞાને માન આપી શિષ્યે ઉક્ત પુસ્તકોમાંથી પોતાને જે જે ભારે વિષયો જણાયા તેમાંથી કઠિન પ્રશ્નો ચુંટી ચુંટીને સ્વામીજીને પૂછ્યા. બહુ આશ્ચર્ય પામવા જેવું છે કે શિષ્યના પ્રશ્નોના ઉત્તરમાં, ગ્રંથકારનો આશય તો જણાવ્યોજ, પણ તેની સાથે કોઇ કોઇ સ્થળે તો પુસ્તકની ભાષા પણ તેઓ અક્ષરે અક્ષર બોલી ગયા. શિષ્યે આ દશ પુસ્તકો પૈકીના દરેક પુસ્તકમાંથી બે-ત્રણ સવાલો પૂછ્યા અને સ્વામીજીએ તેના બરાબર જવાબો આપ્યા. સ્વામીજીની આવી અસાધારણ બુદ્ધિ તથા સ્મૃતિ જોઈ પુસ્તકોને એક બાજુ ઉપર મૂકી દઇ અતિ આશ્ચર્યભાવે શિષ્યે કહ્યું કે:-“ખરેખર, મનુષ્યની શક્તિથી તો આ કામ અસાધ્ય છે. ”

બ્રહ્મચર્યનો પ્રભાવ.

સ્વામીજી:—તું ભૂલે છે. એક માત્ર બ્રહ્મચર્યના પાલનથી સમસ્ત વિદ્યાઓ થોડા સમયમાં પ્રાપ્ત થઇ જાય છે ! ગમે તે મનુષ્ય બ્રહ્મચર્યના બળથી શ્રુતિધર અને સ્મૃતિધર બની શકે છે. આ બ્રહ્મચર્યના અભાવેજ આપણો દેશ આટલો અધ:પતિત થયો છે.

શિષ્ય:—આપ કહો છો તે ઠીક છે, પણ કેવળ બ્રહ્મચર્યની રક્ષાથીજ આવી અમાનુષિક શક્તિ આવી જાય એમ સંભવતું નથી. તે સિવાય પણ બીજું કાંઇ જોઇએ.

સ્વામીજી ઉત્તર આપ્યા વિના બેસી રહ્યા.

શિષ્યો મારા પુત્ર છે-તેમની ખાતર મરવામાં પણ મને આનંદ થશે.

ત્યારપછી સ્વામીજી શાસ્ત્રીય કઠિન વિષયો સમજાવવા લાગ્યા. ધીમે ધીમે અને શાંતભાવે કેટલાએક નિર્ણયો તથા સિદ્ધાંતો શિષ્યના હૃદયમાં ઉતારવા સ્વામીજીએ વિસ્તારથી બોલવું ચાલુ કર્યું. અવકાશના સમયમાં સ્વામીજી એક વિષય કેવી રીતે સમજાવી શકે છે તેનો અનુભવ શિષ્યને તે દિવસે બરાબર થયો. આ પ્રમાણે સ્વામીજી તલ્લીનપણે વ્યાખ્યા કરી રહ્યા હતા, તે વખતે સ્વામી બ્રહ્માનંદજીએ ત્યાં પ્રવેશ કર્યો અને શિષ્યને ઉદ્દેશીને કહ્યું કે:—“ તમે બહુ ભલા માણસ જણાઓ છો ! સ્વામીજીનું શરીર જોતા નથી ? આજે પાંચ-છ દિવસથી અનાજ

પણ લઈ શકતા નથી; તેમાં તમે આવીને નકામો કંટાળો આપો છો ! આવા વખતે આવી ચર્ચા કરાય ?” શિષ્ય શરમાયો અને પોતાની ભૂલ થઇ છે એમ ધારી મનમાં ને મનમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યો; પરંતુ તેજ વખતે સ્વામીજીએ બ્રહ્માનંદજીને જણાવી દીધું કેઃ—“ રહેવા દે. તારા દેશી વૈદ્યના નિયમોને એક ખૂણામાં મૂકી છાંડ ! આ શિષ્યો તો મારા પુત્રો છે. તેમને સદુપદેશ આપતાં આપતાં મારો પ્રાણ જાય તોપણ મને આનંદ થાય.” તથાપિ શિષ્યે હવે દૃઢ નિશ્ચય કર્યો કે દાર્શનિક કઠિન વિષયોની ચર્ચામાં ઉતરી સ્વામીજીની નાજુક પ્રકૃતિને દુભવવી નહિ; એથી કરીને તેણે બંગાળાના દેશી રીતરિવાજો વિષે હાસ્ય-કટાક્ષ કરવો શરૂ કર્યો. આ પ્રમાણે થોડીવાર આનંદ-ચર્ચા થઇ એટલામાં બંગસાહિત્યમાં ‘ભારતચન્દ્ર’ને ક્યાં સ્થાન મળવું જોઇએ એ વિષય નીકળ્યો. એ વિષયની ચર્ચામાંથી જે કાંઇ સ્મરણમાં રહ્યું તેનો ઉલ્લેખ નીચે કર્યો છેઃ—

બંગાળી સાહિત્યની ચર્ચા-મેઘનાદવધકાવ્યની પ્રશંસા.

શરૂઆતમાં તો સ્વામીજીએ ભારતચન્દ્રની ખૂબ મશ્કરી કરી. તેમજ તે સમયના આચાર-વ્યવહાર, વિવાહ-સંબંધ વગેરે વિષયો સંબંધે વિવિધ પ્રકારના વ્યંગ કર્યા. તેમણે ખુલ્લી રીતે જણાવ્યું કેઃ-“ સમાજમાં બાળવિવાહનું સમર્થન કરનાર ભારતચન્દ્રનાં કુરૂચિપૂર્ણ તથા બીભત્સ કાવ્યો બંગાળા સિવાય બીજા કોઇ સુધરેલા દેશમાં આવકાર પામે તેવાં નથી. આવાં કાવ્યોનાં પુસ્તકો નાનાં બાળકોના હાથમાં જવા ન પામે તે માટે બંદોબસ્ત કરવો જોઇએ.” ત્યાર પછી *માઇકેલ મધુસૂદનદત્તના વિષે વાર્તાલાપ શરૂ થયો. સ્વામીજીએ કહ્યું કેઃ—“ તમારા દેશમાં એ એક અદ્‌ભુત પ્રતિભાસંપન્ન પુરૂષ થઇ ગયો. મેઘનાદવધના જેવું બીજું કાવ્ય બંગાળી સાહિત્યમાં તો નથીજ; પરંતુ સમગ્ર યૂરોપીય સાહિત્યમાં પણ તેના જેવું કોઇ કાવ્ય ભાગ્યેજ હશે.”

શિષ્યઃ—પણ મહાશય, એમ કહેવાય છે કે માઇકેલને શબ્દોનો આડંબર બહુ પ્રિય હતો, તેનું શું ?

સ્વામીજીઃ—તમારા દેશનો એક એવો રિવાજ છે કે કોઇ મનુષ્ય કાંઈ નવું કરે કે તુરતજ તેની સામે યુદ્ધ કરવા ઉતરી પડવું ! સૌ પહેલાં માઇકેલે શું કહ્યું છે, તેનો એક વખત શાંત ચિત્તે વિચાર કરવો જોઇએ. સાધારણ મનુષ્યો તો એમજ માની બેઠા છે કે ચાલતી આવેલી પુરાણી પદ્ધતિથી કોઇ સહજ વેગળું ગયું તો તેને તુરત તિરસ્કારી કાઢવો; એજ તેમને માટે ભૂષણ-સમાન છે. મેઘનાદવધ કાવ્ય તારા દેશની ભાષામાં એક મુકુટમણિ છે. આટલો

---

* બંગ સાહિત્યમાં સ્વ. માઇકેલ મધુસૂદનદત્તને સર્વોત્તમ કવિનું સ્થાન આપવામાં આવે છે.

વખત પસાર થવા છતાં એ કાવ્ય હિમાચળની માફક અચળ ભાવે પોતાનું સ્થાન સંભાળી રહ્યું છે. તેમાંથી દોષો કાઢવાના સેંકડો પ્રયત્નો થયા, પણ કોઇનું કાંઇ ચાલીજ શક્યું નહિ. માઇકેલ, નવા છંદમાં, તેજસ્વી ભાષામાં જે કાંઇ લખી ગયો છે, તે સાધારણ ટીકાકારો ક્યાંથી સમજી શકે ? આજ કાલ મી. જી. સી. ઘોષ કેવા નૂતન છંદોમાં કેવાં સુંદર–અદ્‌ભુત કાવ્યો રચે છે ? દોઢડાહ્યા ટીકાકારો તેની સામે શું ઓછી ટીકાઓ કરે છે ? પરંતુ મી. જી. સી. કોઇ ટીકા સામે દ્રષ્ટિપાત સુદ્ધાં કરે છે ? વખત જતાં લોકો એજ કાવ્યોને આદર આપશે.

એ રીતે માઇકેલનો પ્રસંગ ચાલતો હતો, ત્યારે સ્વામીજીએ આદેશ કર્યો કેઃ—“ જા, નીચેથી “ મેઘનાદવધ ”નું પુસ્તક લઇ આવ. ”

શિષ્ય થોડીવારે પુસ્તક લઇને હાજર થયો, એટલે સ્વામીજીએ કહ્યું કેઃ—“ વાંચ જોઇએ, કેવી રીતે વાંચે છે ? ”

શિષ્યે પ્રથમ સર્ગમાંથી વાંચવાનું શરૂ કર્યું. થોડો ભાગ વંચાયો એટલે સ્વામીજીએ કહ્યું કેઃ—“ એમ ન હોય. જો હું કેમ વાંચું છું તે તરફ ધ્યાન આપ ” એમ કહીને સ્વામીજીએ પોતે કેટલોક ભાગ વાંચી સંભળાવ્યો. ત્યારપછી પુનઃ તે ભાગ શિષ્યને વાંચી સંભળાવવાનું કહ્યું. શિષ્યે સ્વામીજીની ઢબ પ્રમાણે થોડો ભાગ વાચ્યો. શિષ્યને વાંચનમાં સફળ થએલો જોઇ સ્વામીજીએ પ્રસન્ન વદને કહ્યું કેઃ-“ કહે જોઇએ, આ કાવ્યનો સૌથી ઉત્તમ અંશ કયો ? ”

કાવ્યની સર્વોત્તમ કલ્પનાનું સ્પષ્ટીકરણ.

શિષ્ય કાંઇ ઉત્તર આપી શક્યો નહિ, એટલે સ્વામીજીએ જણાવ્યું કેઃ—“ જ્યારે ઇન્દ્રજિત્ યુદ્ધમાં હણાયો છે, તેમજ મન્દોદરી ખેદથી વ્યાકુલ થઈ રાવણને યુદ્ધમાં જતો અટકાવે છે, પણ રાવણ પુત્રશોકને મનમાંથી બળાત્કારપૂર્વક હડસેલી કાઢી, મહાવીરની માફક યુદ્ધમાં જવાનો દૃઢ સંકલ્પ જાહેર કરે છે; અને ક્રોધાગ્નિમાં પોતાનાં સ્ત્રી–પુત્ર–પરિવારને એક બાજુ રહેવા દઈ, વેરનો બદલો લેવા યુદ્ધક્ષેત્રમાં જવા બહાર નીકળે છે; તે પ્રસંગ બહુ અદ્‌ભુત કલ્પનાથી, મહાકાવ્યને છાજે તેવી રીતે આંકી બતાવ્યો છે. “ જે થવાનું હોય તે થાય, મારૂં કર્ત્તવ્ય હું કોઇ દિવસ નહિ ભૂલું; સંસાર રહે કે નાશ પામે તેની મને પરવા નથી ” એ શબ્દોજ યથાર્થ મહાવીરના મુખમાં શોભે છે. માઇકેલે પણ એજ ભાવનાનો પ્રબળ પ્રવાહ મેઘનાદવધકાવ્યમાં વહેવરાવ્યો છે. ”

એટલું કહીને કાવ્યનો તે અંશ સ્વામીજી વાંચવા લાગ્યા. તેમની તે વખતની વીરગર્વ દર્શાવનારી વાંચન–શૈલી હજી પણ શિષ્યના હૃદયમાં રમી રહી છે !

प्रसंग ३४ मो.

(સ્થાન-બેલુડમઠ. ઇ. સ. ૧૯૦૧)

સ્વામીજીનું શરીર હજી જેવું જોઇએ તેવું સારૂં થયું નથી. વૈદ્યની દવાથી સહજ આરામ થવા લાગ્યો છે. એક માસ સુધી કેવળ દૂધ ઉપરજ રહ્યા હોવાથી શરીર ચંદ્રકાંતિ જેવું સ્વચ્છ અને તેજસ્વી બની ગયું હતું. સુવિશાળ નેત્રોની તેજસ્વિતામાં પણ અધિકતર જ્યોતિ ચમકવા લાગી હતી.

એ દિવસ થયાં શિષ્ય મઠમાંજ રહે છે. બની શકે તેટલી સ્વામીજીની સેવા કરવી એજ તેનો ઉદ્દેશ છે. આજે અમાવાસ્યા છે. નિર્ભયાનંદ સ્વામી સાથે કેટલીયે તકરાર કર્યા પછી રાત્રિયે સ્વામીજીની સેવા કરવાનો અમૂલ્ય પ્રસંગ શિષ્યને મળ્યો છે. સંધ્યા થઇ ગઇ છે.

આત્મદર્શન સહજ સાધ્ય કેમ નથી ?

સ્વામીજીની ચરણસેવા કરતાં કરતાં શિષ્યે પૂછ્યું કે:—" મહાશય, જે આત્મા સર્વગત, સર્વવ્યાપી, પ્રત્યેક અણુ-પરમાણુમાં વ્યાપ્ત અને જીવોના પ્રાણમાં પણ પ્રાણરૂપ છે એમ કહેવામાં આવે છે, તે એટલો બધો નિકટ હોવા છતાં અનુભવમાં કેમ નહિ આવી શકતો હોય ? "

સ્વામીજી:—તને આંખો છે તેની તને શું ખબર છે ? જ્યારે કોઇ માણસ તારી પાસે આવી આંખ સંબંધી વાત કરે ત્યારેજ " મને પણ આંખો છે " એવી કેટલેક અંશે તને ધારણા થાય; તેમાં પણ જ્યારે આંખમાં કણું પડે અને પીડા થવા લાગે ત્યારેજ તને આંખો છે એવી દઢ ધારણા થાય. તેવીજ રીતે અંતરથીએ અંતરતમ પ્રદેશમાં રહેલો વિરાટ્ આત્મા સહેજે મનુષ્યોના બોધનો વિષય બની શકતો નથી. શાસ્ત્ર અથવા ગુરૂમુખે તે વિષય સાંભળવા માત્રથી કેટલેક અંશે અલબત્ત ધારણા થાય; પણ જ્યારે મનુષ્યને સંસારના તીવ્ર શોક-દુ:ખના કઠોર આઘાતોથી હૃદયમાં વેદના થવા લાગે, સગા-સંબંધીઓના વિયોગથી જ્યારે જીવ અનાથ તથા આધાર વિનાનો થઇ રહે, અને જ્યારે ભાવી જીવનનો ઓળંગી ન શકાય એવો દુર્ભેદ્ય અંધકાર જોઇ મનમાં મુંઝાવા લાગે, ત્યારેજ તે જીવને આત્માનાં દર્શન કરવાની ઉત્કંઠા જાગ્રત થાય. દુ:ખ આત્મજ્ઞાનમાં સહાયક છે એમ કહેવાય છે તે પણ એટલાજ માટે; પરંતુ સર્વ પહેલાં ધારણા થવી જોઇએ. ધારણા ન હોય તો દુ:ખ ભોગવતે ભોગવતે કાગડા-બિલાડાં પણ મરણ પામે છે એવી રીતે ભુંડે હાલે, રીબાઇ રીબાઇને મરવું એ શું મનુષ્યત્વ છે ? મનુષ્ય તેજ કહેવાય કે જે આવા સમયે સુખ-દુ:ખના દ્વંદ્વોના આઘાત પ્રત્યાઘાતમાં પણ અચળ રહીને, વિચારબળથી સંસા-

રને અનિત્ય માની આત્મરમણમાં તત્પર થાય. મનુષ્યોમાં અને અન્ય પ્રાણીઓમાં જો કાંઇ મહત્ત્વનો ભેદ હોય તો તે એટલોજ છે. એક વસ્તુ જેમ જેમ વધારે નિકટ આવતી જાય છે તેમ તેમ તેનો અનુભવ પણ ઓછો થતો જાય છે. આત્મા અંતરના પણ અંતરતમ પ્રદેશમાં છે, તેથી ચંચળ ચિત્તવાળો જીવ તેનો અનુભવ લઇ શકતો નથી. જેઓ શાંત, વિચારશીલ અને જિતેંદ્રિય હોય છે, તેઓ બાહ્ય જગતની ઉપેક્ષા કરી અંતર્જગતમાં પ્રવેશે છે; અને ધીમે ધીમે આત્માનો સાક્ષાત્કાર કરી જીવન સાર્થક કરે છે. આત્મદર્શનની સાથેજ “ હુંજ તે આત્મા ” કિંવા **तत्त्वमासि** ઇત્યાદિ વેદનાં મહાવાક્યોનો પ્રત્યક્ષ અનુભવ કરવા લાગે છે. સમજ્યો?

સૃષ્ટિ એ શું છે ?

શિષ્યઃ––જી, હા. પણ દુઃખ અને વેદનાઓમાં થઇને આત્મજ્ઞાન પ્રાપ્ત થઇ શકે એવી વ્યવસ્થા કેમ કરવામાં આવી હશે ? સૃષ્ટિજ ન હોત તો કેવું સારૂં થાત ? આપણે સર્વ એક કાળે બ્રહ્મમાં બ્રહ્મરૂપે તો વિદ્યમાન હતાજ; તો પછી સાક્ષાત્ બ્રહ્મરૂપ જીવને આઘાત–પ્રત્યાઘાતના દ્વંદ્વમાં નાખી, જીવન–મરણના વિકટ માર્ગમાં શા માટે રઝળતો મૂકી દેવામાં આવ્યો હશે ?

સ્વામીજીઃ—માણસ જ્યારે નિશામાં ચકચૂર બની જાય છે ત્યારે કેવા વિચિત્ર દેખાવો જુવે છે ? પણ એ નિશો જ્યારે ઉતરી જાય છે ત્યારે તે પોતાના તરંગોને તથા સ્વપ્નાંઓને ભ્રમરૂપ માન્યા વિના રહેતો નથી. અનાદિ છતાં સાંત એવી આ અજ્ઞાન–વિલસિત સૃષ્ટિ–ભૃષ્ટિ જે કાંઇ તું જુવે છે તે સર્વ તારા ઘેનનુંજ પરિણામ છે. જ્યારે એ નિશો ઉતરી જશે ત્યારે તેં પૂછ્યો એવો કોઇ પ્રશ્નજ નહિ રહે.

દેહબુદ્ધિ છે ત્યાંસુધીજ જગત છે.

શિષ્યઃ—ત્યારે આ સૃષ્ટિ–સ્થિતિ આદિ વસ્તુતઃ કાંઇજ નથી ?

સ્વામીજીઃ—ન હોય કેમ ? જ્યાંસુધી તારામાં દેહબુદ્ધિ છે, આ હું, આ મારૂં, એમ કર્યા કરે છે ત્યાંસુધી તો આ બધુંયે છે; પણ જ્યારે તું પોતાને વિદેહ માનવા લાગીશ, આત્મામાં રમવા લાગીશ, આત્મામાંથી આનંદ મેળવવા લાગીશ, ત્યારે તારે માટે કાંઇજ રહેશે નહિ; સૃષ્ટિ, જન્મ, મરણ વગેરે વસ્તુતઃ છે કે નહિ એ પ્રશ્નનો અવકાશજ નહિ રહે. તે વખતે તો તારે એમજ કહેવું પડશે કેઃ—

क गतं केन वा नीतं कुत्र लीनमिदं जगत् ।
अधुनैव मया दृष्टं नास्ति किं महदद्भूतम् ॥

શિષ્યઃ—સ્વામીજી, આપ કહો છો કે જગતનું જ્ઞાનજ નહિ રહે, તો પછી **कुत्र लीनम् इदं जगत्**–આ જગત ક્યાં મળી ગયું એવો સંશય પણ કેમ ઉઠે?

સ્વામીજીઃ—ભાષામાં એ ભાવ પ્રકટ કરવા માટે તથા બીજાઓને સમજાવવા માટેજ એમ કહેવું પડે છે. જે અવસ્થામાં ભાવને અને ભાષાને પ્રવેશ કરવાનો

અધિકાર નથી, તે અવસ્થાને ભાષામાં સમજાવવાનો ગ્રંથકારે પ્રયત્ન કર્યો છે; તેથીજ “જગત ક્યાં લીન થઇ ગયું” એમ તેને કહેવું પડયું છે. જગત છેક મિથ્યાજ છે એટલી વાત સમજાવવા માટે વ્યાવહારિક દ્રષ્ટિએ એમ કહ્યાવિના ચાલે નહિ. પારમાર્થિક સત્તા જગતની નથી, તે તો માત્ર **अवाङ्मनसगोचरम्**-વાણી અને મનથી કથી કે કલ્પી ન શકાય એવા બ્રહ્મનીજ છે. બોલ, હવે કાંઇ તારે કહેવું છે ? આજે તારી પ્રત્યેક શંકાનું નિવારણ કરવા હું તૈયાર છું.

ગુરૂદેવના મંદિરમાં આરતીનો ઘંટાનાદ થવા લાગ્યો. મઠમાંના સઘળા માણસો મંદિર તરફ જવા લાગ્યા. શિષ્ય એકલો સ્વામીજીના ઓરડામાં બેસી રહ્યો. શિષ્યને ત્યાંજ બેઠેલો જોઇ સ્વામીજીએ પૂછ્યું:-“કેમ ગુરૂમંદિરમાં જવું નથી ?”

શિષ્ય:—મને અહીંઆંજ બેસવું ગમે છે.

સ્વામીજી:—તો ભલે, બેસ.

શિષ્ય થોડીવાર સુધી ઘરની બહાર તાકી રહ્યો. છેવટે તે બોલ્યો કે:- “ આજે અમાવાસ્યા છે. અંધકારથી સર્વ દિશાઓ ઢંકાઇ ગઇ છે. આજે કાલીપૂજાનો દિવસ છે. ”

સ્વામીજીનું ભયાનક સ્વરૂપ.

શિષ્યની આ વાતનો કાંઇપણ ઉત્તર આપ્યાવિના એક બારીમાંથી સ્વામીજી પૂર્વ આકાશ તરફ એકીટસે જોઇ રહ્યા. કેટલીએક ક્ષણો વીત્યા પછી કહ્યું કે:- “ જુએ છે કે ? અંધકારમાં પણ કેવી અદ્‌ભુત અને ગંભીર શોભા રહેલી છે ?” એટલું કહીને, વળી પાછા તે ગંભીર ઘોર અંધકાર પ્રતિ ચકિત દ્રષ્ટિએ જોવા લાગ્યા. આ વખતે સર્વત્ર નિસ્તબ્ધતા ફેલાઈ ગઇ હતી. કેવળ થોડે દૂર ગુરૂમંદિરમાં ભક્તો શ્રીરામકૃષ્ણની સ્તુતિ કરતા હતા, તેનો ધ્વનિ કર્ણગોચર થતો હતો. એક તરફ સ્વામીજીનું આવું અપૂર્વ ગાંભીર્ય અને બીજી તરફ અંધકારથી આચ્છાદિત થએલી બાહ્ય પ્રકૃતિની આવી નિસ્તબ્ધ શાંતિ નિરખી શિષ્ય મનમાં બહુ ભય પામવા લાગ્યો. થોડો વખત આ રીતે શાંતિમાં પસાર થયા પછી સ્વામીજી ધીમે ધીમે ગાવા લાગ્યા:-“ નિબિડ અંધારે મા, ચમકે તારી અરૂપ-રાશિ ” ઇત્યાદિ.

ગીત પૂરૂં થયું. સ્વામીજી બરાબર સ્વસ્થ થઇને બેઠા. વચમાંવચમાં “ મા-મા-કાલી-કાલી ” ના ઉચ્ચારો તેમના મુખમાંથી બહાર નીકળવા લાગ્યા. ઓરડામાં તે વખતે બીજું કોઇ હાજર નહોતું. સ્વામીજીની આજ્ઞા ઉઠાવવા શિષ્ય એકલોજ ત્યાં રહી ગયો હતો.

સ્વામીજીની તે વખતની મુખમુદ્રા જોવાથી શિષ્યને જણાયું કે તેઓ કોઇ દૂરના પ્રદેશમાં ઉતરી પડયા હોવા જોઇએ. ચંચળ શિષ્યથી હવે વધારે વાર આ દેખાવ સહન થઇ શકે તેમ નહોતું; તેથી તેણે કહ્યું કે:-“ મહાશય, હવે પેલી વાત

આગળ ચલાવો. ”

સ્વામીજી શિષ્યના મનનો ભાવ સમજી ગયા તેથી મૃદુ મૃદુ હાસ્યપૂર્વક તેમણે કહ્યું કેઃ–“ જેની લીલા આટલી બધી મધુર છે, તે આત્માનું યથાર્થ સૌંદર્ય તથા ગાંભીર્ય કેટલું બધું હોવું જોઇએ, તેની તું કલ્પના કરી શકે છે ?” શિષ્ય આ વાતનો આશય બરાબર સમજી શક્યો નહિ, તેથી તેણે કહ્યું કેઃ–“ મહાશય, એ વાત જવા દો. મારાથી કાલીપૂજાની તથા અમાવાસ્યાની વાત કહેવાઇ ગઈ તે માટે હવે પશ્ચાત્તાપ થાય છે. એ વાતનો ઉચ્ચાર થતાંની સાથેજ આપનામાં અદ્ભુત ફેરફાર થઈ ગયો હોય તેમ હું ક્યારનો જોયા કરૂં છું. ”

આપણા રૂધિરથી કાલીમાતાની પૂજા કરીશું.

સ્વામીજી શિષ્યના મનની ગતિ કળી ગયા; તેથી પુનઃ ગાવા લાગ્યાઃ–“ ક્યારે કેવા રંગે રહો છો મા, શ્યામા–સુધાતરંગિણી ” ઇત્યાદિ.

ગાયન પૂરૂં થયું એટલે સ્વામીજીએ કહ્યું કેઃ–“ એ કાલીજ, લીલારૂપી બ્રહ્મ. આજે રૂધિરથી માતાજીની બરાબર પૂજા કરીશું. રઘુનંદને કહ્યું છે કેઃ–**नवम्यां पूजयेत् देवीं कृत्वा रुधिरकर्दमम्**–આજે તેમજ કરીશું. આપણા હૃદયનું લોહી કાઢી માતાજીની સેવા કરીશું અને તેમને પ્રસન્ન કરીશું. માતાજીના પુત્રો તો વીર હોવા જોઇએ–મહાવીર હોવા જોઇએ; કે જેઓ શોકના, દુઃખના, પ્રલયના અને મહાપ્રલયના સમયમાં પણ છાતી ઠોકીને અચલપણે ઉભા રહી શકે. ”

એટલામાં નીચે જમવાનો ઘંટ થયો. સ્વામીજીએ શિષ્યને કહ્યું કેઃ–“ જા, જમીને જલદી આવ. ” શિષ્ય નીચે ચાલ્યો ગયો.

प्रसंग ३५ मो.

(સ્થાન–બેલુડમઠ. ઇ. સ. ૧૯૦૧)

સ્વામીજી આજકાલ મઠમાંજ રહે છે. શરીર એટલું બધું સારૂં નથી; છતાં સાંજે અને સવારે બહાર ફરવા જાય છે. આજે શનિવારે શિષ્ય મઠમાં આવ્યો છે. સ્વામીજીના પાદપદ્મમાં પ્રણામ કરી તેમના શારીરિક કુશળ–સમાચાર પૂછ્યા.

સ્વામીજીઃ—આ શરીરની અવસ્થા તો તમે જુઓ છો. તમારામાંથી કોઇ જણ અમને મદદ કરવાને પણ બહાર આવતું નથી. હું એકલો શું કરી શકું ? અધુરામાં પૂરૂં આ દેહ પણ બંગાળાની માટીથી ઘડાયો છે, એટલે એ શરીરથી વધારે કામકાજ પણ થઈ શકે તેમ નથી. તમે જે સર્વ અહીં આવો છો તે બધા અધિકારી સત્પાત્રો છો. તમે લોકો જો અમને સહાય નહિ કરો તો હું એકલો

કેટલું કરી શકવાનો હતો ?

યુવકોનું એક સૈન્ય જોઇએ છીએ.

શિષ્ય:—આ સર્વ બ્રહ્મચારીઓ અને ત્યાગી પુરૂષો આપની પાછળજ ઉભા છે. હું ધારૂં છું કે તેમાંનો પ્રત્યેક પોતપોતાનું કર્તવ્ય બજાવતાં પ્રાણ પણ આપી શકે એમ છે; છતાં આપ એમ કેમ કહો છો ?

સ્વામીજી:—તું જાણે છે ? મારે તો બંગાળી યુવકોનું એક સૈન્ય જોઇએ છીએ. દેશનાં આશા અને વિશ્વાસ એવા યુવકો ઉપરજ છે. મારો ભવિષ્યનો સર્વ આધાર ચારિત્ર્યવાન, બુદ્ધિવાન, પરાર્થે સર્વસ્વત્યાગી, એટલુંજ નહિ પણ આજ્ઞાંકિત યુવકો ઉપરજ રહેલો છે. મને એવા યુવકોની જરૂર છે કે જેઓ મારા આદર્શને જીવનમાં મૂર્તિમાન કરી શકે અને પોતાનું તથા દેશનું કલ્યાણ કરતાં જીવન પણ અર્પી શકે. તું જુએ છે કે અહીંઆં રોજ કેટલાએ યુવકો આવે છે અને ચાલ્યા જાય છે. તેમનાં મોઢાં જુવો તો જાણે તમોગુણી, હૃદય જુવો તો નિરૂદ્યમી અને શરીર તથા ચિત્ત જુવો તો જાણે નિર્બળ અને નિરૂત્સાહી. એવાઓથી શું કામ થઇ શકે ? મને તો જો નચિકેતા જેવા માત્ર દશ–બાર યુવકોજ મળી જાય, તો હું આખા દેશના આચાર–વિચાર એક વખત સુધારી નાખું.

શિષ્ય:—મહાશય, આટલા યુવકો આપની પાસે આવે છે, તેમાંથી તમારી પસંદગી પામે એવા કોઇ યુવક શું આપ નથી જોઇ શકતા ?

સ્વામીજી:—**સારી યોગ્યતાવાળાઓ નજીવી જાળોમાં ફસાઇ ગયા હોય** છે. કોઇએ સંસારની કીર્તિ મેળવવામાં તો કોઇએ ધન પેદા કરવામાં પોતાના અમૂલ્ય જીવનને વેચી નાખ્યું હોય છે. કોઇનું તો શરીરજ એવું સુકોમળ અને નિર્માલ્ય હોય છે કે જેમનાથી કાંઇ કામજ થઇ શકે નહિ. તે સિવાય અનેકો તો મારા વિચારોને સમજી શકવાને પણ અશક્ત હોય છે. અલબત્ત, તમે મારા વિચારો, મારી ભાવનાઓ સારી રીતે સમજી શકો તેમ છો; છતાં તમે પણ હજી તે વિચારોને કાર્યમાં ઉતારી શકયા નથી. આથી કરીને ઘણી વખત મનમાં બહુ લાગી આવે છે કે નરદેહ ધારણ કરવા છતાં કમનસીબે કાંઇ કામજ થઇ શકયું નહિ. જો કે હું હજી તદ્દન નિરાશ નથી થતો; કારણ કે સારી રીતે સમજું છું કે પરમાત્માની ઇચ્છા થશે ત્યારે સમય આવ્યે આ સર્વ યુવકોમાંથી એવા તો મોટા મોટા ધર્મવીરો બહાર પડશે કે જેઓ ભવિષ્યમાં મારા વિચારોને અનુસરી કામ કરવા લાગશે.

શિષ્ય:—મને લાગે છે કે આપના ઉદાત્ત વિચારો એક વખત સર્વને સ્વીકાર્યાવિના છુટકો નથી. આજે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે આપનો વિચારપ્રવાહ ચોતરફ પ્રત્યેક વિષય ઉપર થઇને વહેવા લાગ્યો છે. જીવદયા, દેશકલ્યાણવ્રત, બ્રહ્મ-

વિદ્યાચર્ચા અને બ્રહ્મચર્ય, એ સર્વ વિષયોમાં આપના વિચારોએ પ્રવેશ કર્યો છે; અને એ જુના તત્ત્વોને નવાજ રૂપમાં પલટાવી નાખ્યાં છે. આપના એ વિચારો કોઇ કોઇ આપના ખુલ્લા નામથી તો કોઇ કોઇ આપનું નામ છુપાવી રાખી પોતાના અંગત વિચારો તરીકે પ્રસિદ્ધ કર્યે જાય છે. એ રીતે આપના વિચારો અને અભિપ્રાયો જનસમાજમાં પ્રબળ વેગે પ્રસરતા જાય છે.

યશની આકાંક્ષા પણ માનસિક દુર્બળતા છે.

સ્વામીજીઃ—મારૂં નામ પ્રકટરૂપે કોઇ આપે કે ન આપે તેથી શું આવવાનું કે જવાનું હતું ? મારા વિચારો લોકો સમજી શકે એટલે બસ. મેં જોયું છે કે કામ–કાંચનાસક્તિનો ત્યાગ કરવા છતાં સોએ નવ્વાણું ટકા જેટલા માણસો નામ–યશમાંજ ફસાઇ જાય છે! **યશાકાંક્ષા એ ઉચ્ચ અંતઃકરણની છેલ્લી દુર્બળતા છે.** તદ્દન આસક્તિરહિત કામ કરવું જોઇએ. લોકો સારૂં કે ખોટું ગમે તે કહે; પરંતુ એક ઉચ્ચ આદર્શ સર્વદા નજર સામે રાખી સિંહની માફક કામ કર્યા જવું જોઇએ. પછી ભલેને **निंदन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।** (નીતિનિપુણ પંડિતો ભલેને નિંદા કે સ્તુતિ કરે.)

શિષ્યઃ—અમારે અત્યારે કેવા પ્રકારનો આદર્શ રાખવો જોઇએ ?

મહાવીરના આદર્શનું સ્પષ્ટીકરણ.

સ્વામીજીઃ—મહાવીરના (હનુમાનજીના) ચરિત્રને તમારે તમારો આદર્શ બનાવી તેનું અનુકરણ કરવા પ્રયત્નશીલ થવું જોઇએ. વિચાર કરી જો કે એક માત્ર રામની આજ્ઞાને માન આપીને તે સમુદ્ર ઓળંગી ગયો. જીવન કે મરણ તરફ નજરસરખી પણ કરી નહિં. તે ઉપરાંત કેવો મહા જિતેંદ્રિય, મહા બુદ્ધિમાન્ ! સેવક–ભાવનો આ ઉચ્ચ આદર્શ તમારે હમ્મેશાં તમારી દ્રષ્ટિસન્મુખ રાખવો જોઇએ. જ્યારે એવો દૃઢ સેવાભાવ તમારામાં આવશે ત્યારેજ બીજાં સ્ફુરણો પોતાની મેળે ઉદ્ભવવા લાગશે. કોઈ પણ પ્રકારનો તર્ક–વિતર્ક કર્યા વિના ગુરૂની આજ્ઞાનું પાલન અને બ્રહ્મચર્યની રક્ષા એજ વિજય પ્રાપ્ત કરવાની કુંચી છે. **नान्यः पंथा विद्यतेऽयनाय**–તે સિવાય બીજો માર્ગજ નથી. હનુમાનમાં એક રીતે જેવો સેવાભાવ હતો, તેમ બીજી રીતે ત્રણે લોકોને ચકિત કરી દે એવું મહા પરાક્રમ પણ હતું. રામના હિતાર્થે પોતાના જીવનનો ભોગ આપવામાં તેણે કોઇ સમય આનાકાની કે તર્ક વિતર્ક કર્યો નહોતો. રામની આજ્ઞા સિવાય, દરેક વસ્તુને તેણે તુચ્છ ગણી કાઢી હતી. બ્રહ્મત્વ–શિવત્વની પ્રાપ્તિ પ્રત્યે પણ ઉપેક્ષા ! કેવળ રઘુનાથની આજ્ઞાનું પાલન એજ એક જીવનનું મહાવ્રત તેણે સ્વીકાર્યું હતું. એવી એકનિષ્ઠા આવવી જોઇએ. હાથની તાળીઓથી અને ઠેકડાઓ મારી મારીને નાચ કરવાથી દેશ પાયમાલ થઇ ગયો છે. એક તરફ પેટના દર્દીઓની મોટી

સંખ્યા અને તેમાં વળી નાચ-તાનના ઠેકડા મારવા એ દેશથી સહનજ કેમ થઇ શકે ? સમગ્ર દેશ ઘોર તમોભાવથી આચ્છાદિત થઇ ગયો છે. તારા દેશમાં (બંગાળામાં) તું ગમે તે ગામમાં જઇને જોઇશ તો તને જણાશે કે જ્યાં ત્યાં માત્ર હાથની તાળીઓજ વગાડાય છે. શું તમારા દેશમાં ઢાક-ઢોલ તૈયાર નથી થતાં ? તુરી-ભેરીનો શું હિંદુસ્તાનમાંથી છેક લોપ થઇ ગયો છે ? હવે તો એ ઢોલ **અને ભેરી-તુરીના ગંભીર અવાજો દેશનાં બાળકોને સંભળાવો, છોકરીઓનું ગાવું-વગાડવું સાંભળી સાંભળીને આખો દેશ છોકરી જેવો થઇ** ગયો છે. આથી અધિક અધઃપાત બીજો કોઇ હોઇ શકે નહિ. કવિની કલ્પના પણ તમારી અવનતિનું ચિત્ર આંકવા જતાં પરાજિત થઇ જાય ! હવે તો ડમરૂ અને રણશિંગાંનાં વાજીંત્રો વગાડવાં જોઇએ, ઢાક અને બ્રહ્મરૂદ્રતાલના દુંદુભિથી દેશને જાગ્રત કરવો જોઇએ, મહાવીર, મહાવીરના ધ્વનિઓથી દિશાઓને કંપાવવી જોઇએ. જે ગીતવાદ્યથી મનુષ્યોની કોમળ લાગણીઓ ઉદ્દીપ્ત થાય તેવાં સઘળાં ગાયનો અને વાજીંત્રોને હવે આ સમયે ભંડારમાં પૂરી દો. ખ્યાલ-ટપ્પા બંધ કરી ધ્રુપદગાન લોકોને સંભળાવવાનો પ્રયત્ન કરો. એ રીતે સકળ વિષયોમાં વીરત્વની કઠોર મહાપ્રાણતા દાખલ કરો. આ પ્રમાણે જ્યારે આદર્શનું અનુકરણ થશે ત્યારેજ જીવનું અને દેશનું કલ્યાણ થશે. તું એકલોજ જો આવા ભાવનું જીવન ગાળીશ તો વખત જતાં તને જોઇને બીજાં પણ હજારો મનુષ્યો તારી પાછળ પાછળ દોડવા મંડી જશે; પરંતુ એટલું લક્ષમાં રાખજે કે કોઈ પણ વખતે ભૂલેચૂકે એ આદર્શથી એક પગલું પણ પાછળ હઠીશ નહિ. કોઇ દિવસ હિંમત હારી જઇશ નહિ ખાતાં-પીતાં-સૂતાં-બેસતાં-ગાતાં-વગાડતાં-ભોગમાં-રોગમાં હિંમતનોજ પરિચય આંપજે. કોઈ કાળે સાહસરહિત બનીશ નહિ. એટલું થશે તો પછી મહાશક્તિ પોતે પોતાની મેળેજ તારા ઉપર કૃપાનું સિંચન કર્યાવિના નહિ રહે.

શિષ્યઃ—મહાશય, ઘણીવાર સાહસહીન બની જાઉં છું તેનું કેમ કરવું ?

દઢ સાહસિક બનવાનો ઉપાય.

સ્વામીજીઃ—તે વખતે એજ વિચાર કરવો કેઃ—" હું કોનો પુત્ર ? હું કોનો શિષ્ય ? આવા સમર્થ ગુરૂનો શિષ્ય બનવા છતાં હું આવો નિર્બળ ? હું આવો બુદ્ધિહીન ? હું આવો સાહસહીન ? " જ્યારે જ્યારે નિર્બળતા આવે ત્યારે બુદ્ધિહીનતા અને સાહસહીનતાના માથામાં લાત મારી " હું વીર્યવાન, હું મેધાવાન, હું બ્રહ્મવિદ્, હું પ્રજ્ઞાવાન્ " એમ બોલતો બોલતો ઉભો થજે. " હું અમુકનો શિષ્ય, કામ-કાંચન ઉપર વિજય મેળવનાર ગુરૂદેવનો સહાયક " એ પ્રકારનું અભિમાન હૃદયમાં નિરંતર જાગ્રત રાખવું. જેની અંદર એવું અભિમાન નથી તેનામાં

બ્રહ્મની જાગ્રતિ થવાની આશા રાખીશ નહિ. રામપ્રસાદનું પેલું ગાયન સાંભળ્યું છે કે ? તેઓ કહેતા કેઃ–"જે સંસારમાં આપણી માતાનું મહેશ્વરીનું રાજ્ય છે તે સંસારમાં વળી ડરવું કોનાથી ?" એ અભિમાન કદાપિ હારી જઇશ નહિ. એવું અભિમાન હશે ત્યાં સુધી બુદ્ધિહીનતા કે સાહસહીનતા તારી પાસે કોઇ દિવસ આવી શકશે નહિ, એ વાત ખાત્રીપૂર્વક માનજે. મનમાં દુર્બળતાને અવકાશ આપીશ નહિ; મહાવીરનું સ્મરણ કરજે; મહામાયાને યાદ કરજે; એથી તારી સર્વ પ્રકારની નિર્બળતાઓ નાશ પામશે.

બ્રહ્મ-દર્શનની ઝાંખી.

ત્યારબાદ સ્વામીજી નીચે ઉતર્યા. મઠના વિશાળ આંગણામાં એક આંબો હતો તેની નીચે એક પાટ ઉપર તેઓ પશ્ચિમ તરફ મુખ રાખીને બેઠા. તેમનાં નયનોમાંથી મહાવીરતાનો ભાવ તે સમયે પણ બહાર ઉભરાઈ આવતો હતો. બેસતાંની સાથેજ શિષ્યને, સંન્યાસીઓને તથા બાળબ્રહ્મચારીઓને આંગળીથી ઇશારો કરી સૂચવ્યું કેઃ—

"આ રહ્યું જુવો પ્રત્યક્ષ બ્રહ્મ ! જેઓ એની ઉપેક્ષા કરી બીજા વિષયમાં મન દે તેમને ધિક્કાર છે ! હાથમાં રહેલા ફળ જેવું જુઓ આ બ્રહ્મ ! જોઇ શકો છો કે ? એજ–એજ !"

સ્વામીજીએ આ ઉદ્‌ગારો એટલા બધા હૃદયસ્પર્શી ભાવથી ઉચ્ચાર્યા કે તેને સાંભળીને સર્વ શિષ્યો, ચિત્રમાં આલેખાએલી મૂર્તિની માફક જ્યાંના ત્યાં સજ્જડ થઇ ગયા ! કોઇના મુખમાંથી એક પણ શબ્દ નિકળવા પામ્યો નહિ ! એક-એક સર્વ કોઇ ગંભીર ધ્યાનમાં તલ્લીન થઇ ગયા ! તે વખતે સ્વામી પ્રેમાનંદ ગંગાજીમાંથી પાણીનું એક કમંડળ ભરીને આવતા હતા, તેમને જોઇને સ્વામીજીએ "આ પ્રત્યક્ષ બ્રહ્મ, આ પ્રત્યક્ષ બ્રહ્મ !" એવા ઉદ્‌ગારો કહાડયા. જે સાંભળીને પ્રેમાનંદ સ્વામી પણ હાથમાં કમંડળ સાથે કોઇ ઘોર નિશાના ઘેનમાં હોય તેમ ત્યાંજ ધ્યાનસ્થ થઇ રહ્યા ! આ પ્રમાણે પ્રાયઃ ૧૫ મિનિટ પસાર થઇ એટલે સ્વામીજીએ પ્રેમાનંદને સાદ કરી કહ્યું કેઃ–"જા, ગુરૂપૂજા માટે જા." સ્વામી પ્રેમાનંદે ઉંઘમાંથી જાગતા હોય તેમ આંખો ઉઘાડી; અને ધીમે ધીમે સર્વ કોઇ "અહંપણા" ના રાજ્યમાં ઉતરી આવી પોતપોતાના કામે લાગી ગયા.

તે દિવસનો તે દેખાવ શિષ્ય જીવનભરમાં કદાપિ વિસરી જઇ શકે તેમ નથી. સ્વામીજીની કૃપા અને શક્તિના પ્રતાપે તે દિવસે શિષ્યનું ચંચળ મન પણ છેક બ્રહ્માનુભૂતિની સમીપ આવી પહોંચ્યું હતું. આ બનાવની સાક્ષી આપી શકે એવા અનેક સંન્યાસીઓ હજી પણ બેલુડમઠમાં વર્તમાન છે. સ્વામીજીના તે દિવસના અદ્‌ભુત સામર્થ્યનું દર્શન કરી સઘળા આશ્ચર્યમાં પડી ગયા હતા. એક મુહૂર્ત

જેટલા સમયમાં તેમણે ત્યાં હાજર રહેલા સર્વનાં મનને સમાધિના અગાધ જળમાં ડૂબાડી દીધાં હતાં!

તે શુભ દિવસનું ધ્યાન કરી હજી પણ ઘણીવાર શિષ્ય આશ્ચર્યમાં પડે છે! અને પૂજ્યપાદ ગુરૂદેવની કૃપાથી પોતે બ્રહ્મભાવને પ્રત્યક્ષ કરવા યત્કિંચિત્ ભાગ્યશાળી થયો, એમ ધારી પોતાને અહોભાગ્ય માને છે.

થોડીવાર પછી શિષ્યને સાથે લઇ સ્વામીજી ફરવા માટે બહાર નીકળ્યા. જતાં જતાં સ્વામીજીએ પૂછ્યું કે:-“ જોયું ? આજે શું થયું ? સર્વને ધ્યાનસ્થ થઇ જવું પડયું ! સર્વ ગમે તેવા તોએ પરમહંસના જ પુત્રોને ? તેથીજ વાતવાતમાં તેઓને અનુભૂતિ થઇ ગઇ.”

શિષ્ય-મારા જેવાનું મન જ્યારે નિર્વિષય થઈ ગયું તો પછી તેમની તો વાતજ શું કરવી ? આજે આનંદથી મારૂં હૃદય ઉભરાઇ જાય છે; પણ તે વખતની અવસ્થાનું અત્યારે સ્મરણ થતું નથી. જાણે એક સ્વપ્નજ થઈ ગયું !

લોકોપકારક કર્મ કરો.

સ્વામીજીઃ-વખત જતાં બધું થશે. હમણાં તો બસ કામ કરવા લાગી જાઓ. મહા મોહમાં **ફસાએલા જીવોનો ઉદ્ધાર થાય, તેમનું કલ્યાણ થાય તેવાં કામો કરવા મંડી પડો! એટલે પછી બાકીનું તમામ કામ પોતાની મેળેજ થઇ જશે.**

શિષ્યઃ-મહાશય, એવું મહાન કર્મ કરવા જતાં ભય થાય છે. સામર્થ્ય પણ નથી. શાસ્ત્ર પણ કહે છે કે **गहना कर्मणो गतिः**-કર્મની ગતિ ગહન છે.

સ્વામીજીઃ-ત્યારે તને શું ઇષ્ટ છે ?

શિષ્યઃ-આપના જેવા સર્વશાસ્ત્રાર્થદર્શીની સાથે રહી, તત્ત્વસંબંધી વિચારો કર્યા કરવા અને શ્રવણ-મનન તથા નિદિધ્યાસનદ્વારા આ શરીરેજ બ્રહ્મતત્ત્વ પ્રત્યક્ષ કરવું; એ સિવાય બીજા કોઇ પણ કામમાં મને ઉત્સાહ આવતો નથી. બીજું કાંઇ થઈ શકે એવું સામર્થ્ય પણ મારામાં મને લાગતું નથી.

સ્વામીજીઃ-તારી ઇચ્છામાં આવે તેમ ભલે કર્યા કર. તારા શાસ્ત્ર-સિદ્ધાંતો લોકોને સમજાવવાનો પ્રયત્ન કરીશ તોપણ તેથી અનેકનો ઉપકાર થઇ શકશે. જ્યાં સુધી **શરીર છે ત્યાં સુધી કાંઇને કાંઈ કામ કર્યાવિના તો ચાલે તેમ નથીજ; તો પછી જે કામથી બીજાનો કાંઇક ઉપકાર થાય તેજ કામ કરવું ઉચિત છે.** તારી પોતાની અનુભૂતિ તેમજ શાસ્ત્રીય સિદ્ધાંતવાક્યોથી પણ અનેક જિજ્ઞાસુઓને લાભ મળી શકે તેમ છે; માટે તારા વિચારો અને અનુભવોને હમ્મેશાં લખી રાખવાનો પ્રયત્ન કરજે. એથી પણ લોકો ઉપર ઉપકાર થઈ શકશે.

શિષ્યઃ-સૌ પહેલાં મને અનુભૂતિ થવા દો; ત્યાર પછી જે કાંઇ લખવું હશે

તે લખીશ. ગુરૂદેવ કહેતા કે:-" જ્યાં સુધી આપણી પોતાના પાસે પરવાનો ન હોય ત્યાં સુધી આપણી વાત કોઇ માને નહિ. "

સ્વામીજી:-તું જે સાધનાઓ અને વિચારની ભૂમિકાઓમાં થઇને આગળ વધીશ, તેજ સાધના અને વિચારની ભૂમિકા ઉપર જગતના ઘણા જીવો રહેલા હશે. જેઓ એ ભૂમિકાથી આગળ વધી શકતા નહિ હોય, તેઓને માટે તારો અનુભવ કેટલો બધો ઉપયોગી થઈ પડશે તેનો વિચાર કર. સારાંશ કે જો તું તારી વિચારપ્રણાલિને લીપિમાં ઉતારતો જઇશ તો તેથી પણ લોકસેવા થઇ શકશે. વળી, આ મઠમાં સાધુઓની સાથે જે જે ચર્ચાઓ થાય તે તે ચર્ચાઓ પણ સહજ ભાષામાં લખી રાખીશ તો અનેક જિજ્ઞાસુઓને તેથી નવું જાણવાનું મળી આવશે.

શિષ્ય:-આપની આજ્ઞાને અનુસરી તે પ્રમાણે કરવાનો પ્રયત્ન કરીશ.

જગતની મુક્તિ થાય તોજ જીવની મુક્તિ થાય.

સ્વામીજી:-જે સાધન, ભજન કે અનુભૂતિદ્વારા બીજાનો ઉપકાર થાય નહિ, મહામોહગ્રસ્ત જીવનું કલ્યાણ થાય નહિ, કામ-કાંચનની ઉંડી ખાઇમાંથી મનુષ્યોને બહાર ખેંચી શકાય નહિ, તે સાધન, ભજન કે ક્રિયાકલાપ શું કામનાં? તું નક્કી એમ સમજ કે જ્યાં સુધી એક પણ જીવ જગતમાં બંધાએલો રહ્યો છે ત્યાં સુધી તારી એકની મુક્તિ થઈ જવાની નથી. જગતના જીવોનો ઉદ્ધાર નહિ થાય ત્યાં સુધી તારે પણ જન્મ-મરણ ધરવાંજ પડશે; તેઓને સહાયતા આપી તેમને પણ બ્રહ્માનુભૂતિ કરાવવીજ પડશે. દરેક જીવ તારૂં પોતાનુંજ એક અંગ છે, **એ વાત કદાપિ ભૂલી જઇશ નહિ. પરાર્થે કર્મ કર. જેવી રીતે તારાં સ્ત્રી-પુત્રને તું તારાં પોતાનાં માની તેમની મંગળકામના રાખે છે; તેવીજ મંગળકામના, કલ્યાણેચ્છા જગતના પ્રત્યેક જીવ માટે રાખતો થઇશ, તોજ તારામાં બ્રહ્મની જાગ્રતિ થશે.** તેની એક પળપૂર્વે પણ બ્રહ્મપ્રાપ્તિની આશા રાખીશ નહિ. જાતિ-વર્ણનો કાંઇ પણ વિચાર કર્યાવગર જ્યારે પણ તારામાં વિશ્વની મંગળકામના જાગ્રત થાય, ત્યારે સમજજે કે તું ધીમે ધીમે આદર્શ તરફ આગળ પગલાં ભરતો જાય છે.

શિષ્ય:-આ તો મહા ભયંકર વાત! સર્વની મુક્તિ થાય નહિ ત્યાં સુધી વ્યક્તિગત મુક્તિ પણ થાય નહિ! આવો અદ્ભુત સિદ્ધાંત તો હજી ક્યાંય સાંભળ્યો નથી મહાશય!

સ્વામીજી:-વેદાન્તવાદીઓમાં એક વર્ગ એવો પણ છે કે જે એમ કહે છે કે:-" વ્યષ્ટિગત મુક્તિ, એ મુક્તિનું યથાર્થ સ્વરૂપ નથી." અલબત્ત, તેના ગુણ દોષ યથેષ્ટ પ્રમાણમાં બતાવી શકાય.

શિષ્ય:-વેદાન્ત-મત પ્રમાણે તો જીવત્વ અથવા વ્યષ્ટિભાવ એજ બંધનનું

કારણ છે; એજ એક ઉપાધિને લઇને ચિત્ત કામ્ય કર્માદિમાંથી ઉંચું માથું કરી શકતું નથી. વિચારબળથી જ્યારે તે ઉપાધિશૂન્ય અને નિર્વિષયી બને ત્યાર પછી પ્રત્યક્ષ ચિન્મય બનતાં તેને બંધન રહેતું નથી. જેના મનમાં જીવ-જગત વગેરેનો બોધ રહે તેનેજ એમ થાય કે:-“ જ્યાં સુધી સર્વની મુકિત ન થાય ત્યાં સુધી આપણી પણ મુક્તિ થઇ શકે નહિ. ” પરંતુ શ્રવણાદિના પ્રતાપે મન નિરૂપાધિક થઇ પ્રત્યગ્ બ્રહ્મમય થઇ જાય તો જીવ અને જગત પણ ક્યાં રહે ? મતલબ કે જીવ-જગત જેવું તેને કાંઇજ જણાતું નથી. આથી કરીને તેની મુક્તિને કોઇપણ વસ્તુ અટકાવી શકતી નથી.

સ્વામીજી:—હા. તું કહે છે તેજ સિદ્ધાંતને વેદાન્તવાદીઓનો મોટો ભાગ માને છે. અવશ્ય તે નિર્દોષ સિદ્ધાંત છે, એમાં પણ ના નથી. એ સિદ્ધાંતથી વ્યક્તિગત મુક્તિમાં કશો વાંધો નથી આવતો; પરંતુ જે મનુષ્ય એમ વિચાર કરે કે:-“ હું આ બ્રહ્મ-જગતને મારી સાથે લઇને એક સાથે મુક્ત થઇશ ” તો તેના હૃદયની કેટલી વિશાળતા, કેટલી મહાપ્રાણતા હોવી જોઇએ; તેનો એકવાર વિચાર કરી જો !

શિષ્ય:—એ ભાવનામાં ઉદારતા છે ખરી; પણ શાસ્ત્રવિરૂદ્ધ હોય એમ મને લાગે છે.

કોઇ ક્રિયા નિષ્ફળ નથી.

શિષ્યની આ વાત તેઓ સાંભળી શક્યા હોય તેમ જણાયું નહિ; કારણ કે તે વખતે તેઓ કોઇક ગંભીર વિચારમાં નિમગ્ન થયા હતા. થોડીવાર પછી તેમણે કહ્યું કે:-“ અરે, આપણે શું વાત ચાલતી હતી ? ” પૂર્વની સર્વ વાત તેઓ વિસરી ગયા હોય એમ સ્પષ્ટ રીતે જણાઇ આવતું હતું. શિષ્યે પ્રથમની વાતનું સ્મરણ આપ્યું એટલે સ્વામીજીએ કહ્યું:-“ નિરંતર બ્રહ્મવિષયનુંજ એક માત્ર ધ્યાન કરતો રહેજે. **ખૂબ એકાગ્ર મનથી ધ્યાન કરવું અને જ્યારે ઉત્થાનકાળ પ્રાપ્ત થાય ત્યારે કોઇને કોઇ લોકહિતકર કાર્યમાં જોડાવું; અને એવું કાર્ય ન બની શકે તો છેવટે મનમાં ને મનમાં એવી પ્રબળ ભાવનાનું સેવન કરવું કે:—“ જીવોનો-જગતનો ઉદ્ધાર થાઓ, સર્વની દૃષ્ટિ બ્રહ્માવગાહી બનો.** ” આ રીતે રાત્રિ-દિવસ સતત ભાવના સેવ્યા કરીશ તો તે ભાવનાના તરંગોથી પણ જગતનો ઉપકાર થશે. જગતમાં કોઈ પણ ક્રિયા નિષ્ફળ નથી જતી. પછી તે ક્રિયા કાર્યરૂપે હોય કે વિચારરૂપે હોય; પણ કાંઇક પરિણામ તો તેનું અવશ્ય હોય છેજ. તારી ભાવનાઓના પ્રબળ તરંગોથી કદાચ કોઇ અમેરિકન મનુષ્યમાં પણ ચૈતન્યનો પ્રવાહ આવે, તો તે અસંભવિત નથી.

શિષ્ય:—મહાશય, મારૂં મન યથાર્થ નિર્વિષય બની શકે એવો મને આપ

આશીર્વાદ આપો. આ જન્મમાંજ તેવી સ્થિતિ પ્રાપ્ત કરૂં એવી કૃપા કરો.

સ્વામીજીઃ—તને એમાં અશક્ય જેવું લાગે છે? તારી તે સંબંધી ભાવનાને દઢ થવા દે, એટલે મન: સ્વયં નિર્વિષય બની જશે.

શિષ્યઃ—મનને દઢ કરવાનું સામર્થ્ય પણ આપ અમને આપો તોજ બની શકે. આપનામાં એવી શક્તિ છે, એમ હું સારી રીતે જાણું છું. મને એ અવસ્થાનો અનુભવ કરાવો, એજ મારી પુનઃ પુનઃ પ્રાર્થના છે.

એ પ્રમાણે વાર્તાલાપ કરતા કરતા સ્વામીજી શિષ્યની સાથે મઠમાં આવી પહોંચ્યા. તે વખતે દશમીનો ચન્દ્ર, મઠના ઉદ્યાનને દ્રુત-ગલિત રજતધારથી નવડાવતો હતો. શિષ્ય અત્યાનંદપૂર્વક સ્વામીજીની પાછળ પાછળ મઠ-મંદિરમાં હાજર થયો અને નીચે આમ તેમ ફરવા લાગ્યો. સ્વામીજી ઉપર ગયા.

प्रसंग ३६ मो.

(સ્થાન-બેલુડમઠ. ઇ. સ. ૧૯૦૧)

સ્વામીજીની સહનશીલતા-લોકનિંદા પણ ઉદ્દેશની સિદ્ધિમાં હેતુરૂપ છે.

બેલુડમઠની સ્થાપના થઇ તે સમયે જુના વિચારના ઘણા માણસો મઠના આચાર-વિચાર માટે અનેક પ્રકારના આક્ષેપો કરતા. કોઇ કહેતું કે વિલાયતથી પાછા ફર્યા પછી સ્વામીજીએ જે મઠની સ્થાપના કરી છે, ત્યાં હિન્દુઓના આચાર વ્યવહાર બરાબર પાળવામાં આવતા નથી. કોઈ કહેતું કે મઠમાં ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરવામાં આવતો નથી. આવા આવા અનેક આક્ષેપો સ્વામીજી ઉપર આવતા. બિચારા કેટલાએક ભોળા ગૃહસ્થો આ ઉડતી અફવાઓને સાચી માની લઇને આ સર્વત્યાગી સંન્યાસીઓના પવિત્ર કાર્યની ખુલ્લે ખુલ્લી નિંદા કરતા. બેલુડ પાસે થઇને પસાર થતી નૌકામાં બેઠેલા ઘણાખરા ઉતારૂઓ બેલુડમઠ તરફ આંગળી કરી વિચિત્ર પ્રકારની મશ્કરીઓ કર્યાવિના રહેતા નહિ; એટલુંજ નહિ પણ ઘણી વખતે તો બીભત્સ અને અશ્લીલ ગાળો દઇ સ્વામીજીના નિષ્કલંક નિર્મળ ચરિત્રને પણ તેઓ પોતાની જીભથી કલંકિત કરતા. શિષ્યે પોતે નૌકામાં બેસીને આવતી વખતે ઘણીવાર અનેક ઉતારૂઓના મુખથી એવી નિંદાઓ સાંભળી હતી. આવી અફવાઓ, નિંદાઓ અને આક્ષેપો વગેરે જ્યારે સ્વામીજી પાસે રજુ કરવામાં આવતાં ત્યારે તેઓ માત્ર એટલુંજ કહેતા કેઃ—

હાથી ફિરે બજારમેં, ભુંકે શ્વાન હજાર;
સાધુકો દુર્ભાવ નહીં, જો નિંદે સંસાર.

કોઇ વખત તેઓ કહેતા કેઃ—“ દેશમાં જ્યારે કોઇ નવા પ્રકારનો

વિચાર ફેલાવવામાં આવે તે સમયે પ્રાચીન માર્ગના રક્ષકો બની શકે તેટલી વિરૂદ્ધતા દર્શાવે એ એક કુદરતી નિયમજ છે. જગતના પ્રત્યેક ધર્મ-સંસ્થાપકને એ વિકટ પરીક્ષામાંથી પસાર થવું પડ્યું છે.” વળી કોઇ વખત તેઓ કહેતા કેઃ—“ **જો તેવાઓ પર અન્યાય અત્યાચાર ન થાય, તો જગતનું કલ્યાણ કરી શકે એવી ભાવનાઓ સમાજના મર્મભાગમાં પ્રવેશ કરી શકે નહિ.** ” **મતલબ કે લોકોના તીવ્ર કટાક્ષો અને આક્ષેપો પણ પોતાનો ઉદ્દેશ ફળીભૂત કરવામાં સાધનભૂત છે,** એમજ સ્વામીજી માનતા અને તેથી કરીને તેની વિરૂદ્ધમાં કદાપિ વાંધો ઉઠાવતા નહિ. કદાચ તેમનો આજ્ઞાંકિત કોઇ સંન્યાસી શિષ્ય કે ગૃહસ્થ શિષ્ય તે સંબંધી ખુલાસો પ્રકટ કરવા માગતો તો તેની તેને રજા પણ આપતા નહિ. તેઓ પ્રત્યેકને કહ્યા કરતા કેઃ—“ ફલાસક્તિ ત્યજી દઇને માત્ર કામજ કર્યા કરો, એક દિવસે તેનું ફળ થશેજ.” સ્વામીજી પોતાના શ્રીમુખથી આ શ્લોક પણ અનેકવાર ઉચ્ચારતા કેઃ—“ **न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति ।** ”

હિંદુ જનસમાજમાં ઉપર કહી તેવી પ્રચલિત નિંદાઓ, સ્વામીજીના લીલાવસાન પહેલાંજ કેવી રીતે અદ્રસ્ય થઇ ગઇ, તે વિષે આજે આ લેખમાં અમો સહજ ઇશારો કરવા માગીએ છીએ. ઇ. સ. ૧૯૦૧ ના મે અથવા જુન માસમાં એક દિવસે શિષ્ય મઠમાં આવ્યો છે. સ્વામીજીએ શિષ્યને જોઇને કહ્યું કેઃ—

“ અરે, રઘુનંદનનું “ અષ્ટાવિંશતિ–તત્ત્વ ” બની શકે તો મારે માટે લેતો આવજે. મારે એ પુસ્તકની બહુ જરૂર છે. ”

શિષ્યઃ—રઘુનંદનની સ્મૃતિને તો આજકાલ કોઇ કશી બિસાતમાં ગણતું નથી. વર્તમાન શિક્ષિત સમાજ કહે છે કે રઘુનંદનની સ્મૃતિ અત્યંત કુસંસ્કારમય છે. આપ એને શું કરવા માગો છો ?

ક્રિયાકાંડો સર્વદા એકરૂપે રહી શકતા નથી.

સ્વામીજીઃ—કેમ ? રઘુનંદન તેના પોતાના વખતમાં એક મહાન દિગ્ગજ પંડિત હતો. તેણે પ્રાચીન સ્મૃતિઓનો સંગ્રહ કરી હિન્દુઓને માટે દેશકાલોપયોગી નિત્ય–નૈમિત્તિક અનેક ક્રિયાકર્મો પુસ્તકારૂઢ કર્યાં છે. સમગ્ર બંગાળ દેશમાં તેની વિધિઓજ આજકાલ પ્રવર્તે છે. એક વખત ગર્ભાધાનથી લઇ સ્મશાનાંત સુધીના સર્વ આચારોનું કઠિન બંધન હિંદુ સમાજમાં તેણેજ પ્રચલિત કર્યું હતું. એક સાધારણમાં સાધારણ કર્મને પણ તેણે વિધિ–નિયમથી સુસજ્જિત કર્યું હતું. સમયના ફેરફારને લઇને એ બંધનો વધારે વખત ટકી શક્યાં નહિ; કારણ કે સર્વ દેશમાં સર્વ કાળે ક્રિયાકાંડો અથવા તો સમાજના આચાર–વ્યવહારો એકજ રૂપે નભી શકતા નથી. વૈદિકયુગમાં પણ ક્રિયાકાંડ સંબંધી ઘણોખરો ફેરફાર થઇ

ગએલો તું જોઇ શકીશ. માત્ર ઉપનિષદોનું જ્ઞાનપ્રકરણ હજી સુધી એકજ ભાવે જેમનું તેમજ ટકી રહ્યું છે. આ જ્ઞાનપ્રકરણના પણ વ્યાખ્યાતાઓ તો અનેક ઉદ્ભવે ખરા; બાકી તેમાં કોઇથી ફેરફાર તો થઇજ શકે નહિ.

મઠમાં દુર્ગોત્સવ.

શિષ્યઃ—આપ રઘુનંદનની સ્મૃતિને શું કરશો ?

સ્વામીજીઃ—આ વખતે મઠમાં દુર્ગોત્સવ કરવાની ઇચ્છા છે. ખર્ચની બરાબર સગવડ થઇ જાય તો બની શકે તેટલી ધામધુમથી મહામાયાની પૂજા કરવી એવો વિચાર કરૂં છું; એટલા માટે દુર્ગોત્સવની વિધિ જોઇ જવાની ઇચ્છા છે. તું આવતા રવિવારે જ્યારે મઠમાં આવે ત્યારે એ પુસ્તક ગમે ત્યાંથી મેળવીને લેતો આવજે.

શિષ્યઃ—ભલે.

બીજે રવિવારે રઘુનંદનકૃત “ અષ્ટાવિંશતિતત્ત્વ ” નું પુસ્તક શિષ્ય બજારમાંથી ખરીદીને આશ્રમમાં લઈ આવ્યો. તે પુસ્તક હજી પણ મઠની લાઇબ્રેરીમાં છે. સ્વામીજી તે પુસ્તક જોઇને બહુ ખુશી થયા; અને તેજ દિવસથી તે વાંચવાનો આરંભ કર્યો. પાંચ–છ દિવસમાં પુસ્તક પૂરૂં વંચાઇ રહ્યું. એક અઠવાડીયા પછી જ્યારે મુલાકાત થઈ ત્યારે શિષ્યને તેમણે કહ્યું કેઃ—“ તેં આપેલી રઘુનંદનસ્મૃતિ સંપૂર્ણ વાંચી ગયો. બની શકે તો માતાની અહીંયાં અવશ્ય પૂજા કરવી એવો વિચાર છે. રઘુનંદને કહ્યું છે કેઃ—**“नवम्यां पूजयेत् देवीं कृत्वा रुधिरकर्दमम् । ”** માતાજીની મરજી હશે તો તેમજ કરીશું.

શિષ્યની સાથે સ્વામીજીને ઉપલી વાતચીત દુર્ગાપૂજા પહેલાં લગભગ બે ત્રણ મહિના ઉપર થઇ હતી. ત્યાર પછી એ સંબંધે તેઓએ કોઇને કશું કહ્યું નહોતું. પૂજા સંબંધીના તેમના સર્વ વિચારો હવે ફરી ગયા હશે, એમ માનવાનાં શિષ્યને ઘણીવાર અનેક કારણો મળી ચૂક્યાં હતાં; કારણ કે સ્વામીજીની કોઇ વાતચીતમાં કે ભાવનામાં એ સંબંધી કશો ઇશારો આવતો નહિ. પૂજાને માત્ર ૧૦–૧૨ દિવસનો વિલંબ હતો છતાં મઠમાં દેવીની પ્રતિમા લાવવા સંબંધે કે પૂજાનાં દ્રવ્યો આણવાવિષે કોઇ પ્રકારની હીલચાલ જોવામાં આવી નહોતી. તે દરમીયાન સ્વામીજીના એક ગુરૂભાઇને એક દિવસે એવું સ્વપ્ન આવ્યું કે, જાણે દશભુજા માતા ગંગા ઉપર થઇને દક્ષિણેશ્વર તરફથી મઠમાં ચાલ્યાં આવે છે ! બીજે દિવસે સવારે સ્વામીજીએ મઠમાં હાજર રહેલા સર્વ શિષ્યોની પાસે દુર્ગાપૂજાનો સંકલ્પ જાહેર કર્યો; ત્યારે ઉક્ત ગુરૂભાઇએ પણ પોતાનો સ્વપ્નવૃત્તાંત ત્યાં કહી સંભળાવ્યો. સ્વામીજી તે સાંભળીને બહુ આનંદ પામ્યા અને કહ્યું કેઃ–“ ગમે તેમ કરીને આ વખતે મઠમાં પૂજા કરવીજ જોઇએ. ” તે દિવસે પૂજા કરવાનો ઠરાવ એકમતે પસાર થયો. તેજ દિવસે બપોરે એક નૌકા ભાડે કરી

સ્વામીજી પોતે, સ્વામી પ્રેમાનંદ તથા બ્રહ્મચારી કૃષ્ણલાલ બાગબજારવાળા મકાનમાં પધાર્યા; કારણ કે તે વખતે માતાજી (શ્રી રામકૃષ્ણ પરમહંસનાં પત્ની) બાગબજારમાં રહેતાં હતાં. તેમની પાસે કૃષ્ણલાલ બ્રહ્મચારીને મોકલી, માતુશ્રીના નામથી સંકલ્પ કરી, માતુશ્રીના નામથીજ પૂજા કરવાની છે, એમ તેમને જણાવી તેમની (માતુશ્રીની) રજા મેળવવાની જરૂર હતી. સર્વત્યાગી સંન્યાસીઓથી કોઈ પ્રકારની પૂજા અથવા ક્રિયા “ સંકલ્પ ” પૂર્વક થઇ શકે નહિ, એટલાજ માટે દુર્ગાપૂજા માતુશ્રીના નામથી કરવાની હતી.

માતાજીએ પોતાની અનુમતિ આપી એટલે મઠમાં પૂજાનું કામ માતુશ્રીના નામથીજ કરવાનો નિશ્ચય થયો. સ્વામીજી માતુશ્રીની આજ્ઞા સાંભળી બહુ ખુશી થયા; અને પ્રતિમાની વરધી આપવા પોતે જાતે કુંભારગલ્લીમાં ગયા. આ વખતે સ્વામીજી મઠમાં દુર્ગાપૂજા કરવાના છે, એ વાત ધીમે ધીમે સર્વત્ર ફેલાઇ ગઇ. ગુરૂદેવના ગૃહસ્થ ભકતો એ વાત સાંભળી બહુ હર્ષ પામ્યા.

પૂજાને માટે ઉપકરણો સંગ્રહવાનો ભાર સ્વામી બ્રહ્માનંદ ઉપર નાખવામાં આવ્યો. કૃષ્ણલાલ બ્રહ્મચારીએ પૂજક તરીકે કામ કરવું એમ ઠરાવવામાં આવ્યું. સ્વામી રામકૃષ્ણાનંદના પિતૃદેવ પ્રસિદ્ધ સાધક શ્રીયુત ઈશ્વરચંદ્ર ભટ્ટાચાર્યને તંત્રધારકપદે નીમવામાં આવ્યા. મઠમાં સર્વત્ર આનંદ આનંદ થઇ રહ્યો. એક મોટો મંડપ તૈયાર કરાવવામાં આવ્યો. ષષ્ઠીપૂજાની પૂર્વે બે દિવસે કૃષ્ણલાલ, નિર્ભયાનંદ વગેરે સંન્યાસી મહાત્માઓ તથા કેટલાએક બ્રહ્મચારીઓ દુર્ગા–દેવીની પ્રતિમા મઠમાં લઈ આવ્યા. ગુરૂમંદિરવાળા ચોકમાં માતાજીની મૂર્તિ આવી કે તુરતજ આકાશમાંથી વરસાદ તૂટી પડયો ! આવા સંયોગોમાં માતાજીની પ્રતિમા નિર્વિઘ્ને મઠમાં પધરાવાઈ તે જોઇ સ્વામીજી બહુ આનંદ પામ્યા.

સ્વામી બ્રહ્માનંદના પરિશ્રમથી પૂજા માટેનાં સઘળાં દ્રવ્યો આશ્રમમાં તૈયાર રાખવામાં આવ્યાં. પૂજાનાં સાધનોમાં કોઇ રીતની ખામી આવે એવું રહેવા દીધું નહિ. આ રીતની તૈયારીઓ રાખવા માટે સ્વામીજીએ બ્રહ્માનંદની બહુ સારી પ્રશંસા કરી અને તેને ધન્યવાદ આપ્યો. મઠની દક્ષિણ દિશાએ આવેલા નીલાંબર બાબુના બગીચામાં એક ઓરડો ભાડે લઇ તે સ્થાને માતુશ્રી રહી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી. અધિવાસની સાંજની પૂજા સ્વામીજીના સમાધિ–મંદિરની સન્મુખ બિલ્વવૃક્ષ નીચે સમાપ્ત કરવામાં આવી.

સપ્તમીને દિવસે માતુશ્રીની રજા લઇ બ્રહ્મચારી કૃષ્ણલાલે પૂજક તરીકેનું આસન લીધું. તંત્ર–મંત્રનિપુણ ઈશ્વરચંદ્ર ભટ્ટાચાર્ય મહાશયે માતુશ્રીની આજ્ઞાને અનુસરી, સુરગુરૂ બૃહસ્પતિની પેઠે તંત્રધારક તરીકેનું સ્થાન શોભાવ્યું. યથાશાસ્ત્ર દેવીની પૂજા નિર્વિઘ્ને સમાપ્ત કરવામાં આવી. આ પૂજામાં કોઇ પણ પ્રકારનું

પશુનું બલિદાન આપવામાં આવ્યું નહોતું; પણ પુષ્કળ મિષ્ટાન્ન અને નૈવેદ્યજ પ્રતિમાની બન્ને બાજુએ સુંદર રીતે ધરવામાં આવ્યું હતું.

દુર્ગાપૂજાનો મુખ્ય ઉદ્દેશ.

ગરીબ, દુ:ખી અને કંગાળ દરિદ્રીઓને દેહધારી ઈશ્વર માની તેમને ભોજન કરાવવું અને તેમને પ્રત્યેક રીતે શાંતિ આપવી એજ આ પૂજાનો પ્રધાન ઉદ્દેશ હતો. તે સિવાય આસપાસનાં ગામના તથા શહેરોના પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ પંડિતોને પણ આમંત્રણો આપવામાં આવ્યાં હતાં; અને તેમાંના ઘણાખરાઓએ આ પૂજામાં ભાગ લીધો હતો. તે દિવસથી આ પંડિતોને તથા બીજા સાધારણ માણસોને પણ આ દેખાવ જોવાથી, એવી ચોક્કસ ખાત્રી થઇ ગઇ કે મઠના સંન્યાસીઓ, લોકોમાં અફવા ચાલે છે તેવા પ્રકારના દંભી કે ડોળી સંન્યાસીઓ નથી; પણ ખરેખરજ તેઓ યથાર્થ સાધુઓ છે, સાચા સંન્યાસીઓ છે. અસ્તુ.

ત્રણ દિવસ પર્યંત આ સમારોહ ચાલ્યો અને એ ત્રણે દિવસો મઠમાં ખૂબ ધામધૂમથી પસાર થયા. નોબતના સુલલિત તાન તરંગોથી ગંગા કિનારો ગર્જી ઉઠ્યો. ઢાક–ઢોલના રૂદ્રતાલથી ભાગીરથી નૃત્ય કરવા લાગી. **दीयतां नीयतां भुज्यताम्** એ મંત્ર સિવાય, મઠસ્થ સંન્યાસીઓના મુખમાં બીજો કોઇ મંત્રજ આ ત્રણ દિવસ સુધી સંભળાયો નહિ. જે પૂજામાં સ્વયં માતુશ્રી પોતે પધાર્યાં હોય, જે યોજના સ્વામીજીએ પોતે ઘડી કહાડી હોય અને દેવ જેવા મહાપુરૂષોએ જેનો સર્વ કારભાર પોતાના માથે ઉપાડી લીધો હોય, તે પૂજા આવી સરસ રીતે સમાપ્ત થાય તેમાં આશ્ચર્ય જેવું પણ શું છે? ત્રણ દિવસે પૂજા સમાપ્ત થઇ. ગરીબ અને દુ:ખીઓની ભોજનતૃપ્તિને સૂચવનારા આનંદ–ધ્વનિઓથી મઠમાં સર્વત્ર પ્રમોદ–લહરીઓ પ્રસરી ગઇ!

મહા અષ્ટમીની આગલી રાત્રે સ્વામીજીને તાવ ચઢી આવ્યો હતો. આથી કરીને બીજે દિવસે તેઓ પૂજામાં ભાગ લઇ શક્યા નહિ. પરંતુ સંધ્યાકાલે પથારીમાં ઉઠી હાથમાં જવ–બિલ્વદળ લઇ મહામાયાના શ્રીચરણમાં ત્રણ વખત પુષ્પાંજલિ અર્પણ કરી પોતાના ઓરડામાં ચાલ્યા ગયા હતા. નવમીને દિવસે તેમનું શરીર સહજ ઠીક હતું; તેથી તે દિવસે શ્રીરામકૃષ્ણ પરમહંસ જે ભજનો ગાતા, તે ભજનો પોતે ગાઇ સંભળાવ્યાં હતાં. મઠમાં તે દિવસે સમસ્ત રાત્રિ આનંદના મહોત્સવમાં પસાર થઇ હતી!

નવમીના દિવસે યજ્ઞ–પૂજા વગેરેનું કામ પરિપૂર્ણ થઇ ગયું એટલે દશમીને દિવસે સાયંકાળે દેવીની પ્રતિમા ગંગાજીમાં પધરાવવામાં આવી; અને તેને વળતે દિવસે માતુશ્રી સ્વામીજીને તથા અન્ય સંન્યાસીઓને આશીર્વાદ આપી બાગબજારવાળા પ્રથમના મકાનમાં ચાલ્યાં ગયાં.

દુર્ગોત્સવ પછી તેજ વર્ષે, સ્વામીજીએ મઠમાં શ્રીલક્ષ્મીપૂજા તથા શ્યામાપૂજા પણ યથાશાસ્ત્ર કરી હતી. પૂજા માટે ઉક્ત બન્ને દેવીઓની પ્રતિમા મઠમાં સ્થાપન કરવામાં આવી હતી. આ પૂજાઓમાં પણ શ્રીયુત ઈશ્વરચંદ્ર ભટ્ટાચાર્ય તંત્રધારક તરીકે તથા કૃષ્ણલાલ મહારાજ પૂજક તરીકે પોતપોતાના આસને બિરાજ્યા હતા.

કાલી-પૂજા માટે સ્વામીજીની માતુશ્રીનો આગ્રહ.

શ્યામાપૂજા થઇ રહી તે દિવસે સ્વામીજીની માતુશ્રીએ મઠમાં કોઇની સાથે એવો સંદેશો મોકલાવ્યો કે, ઘણા લાંબા વખત ઉપર સ્વામીજીની બાલ્યાવસ્થામાં તેમણે એક એવી માનતા કરી હતી કે, સ્વામીજીને સાથે લઇને કાલીઘાટ ઉપર મહામાયાની પૂજા કરવી; એ માનતા હવે સંપૂર્ણ કરવી જોઇએ. માતુશ્રીના આગ્રહને માન આપી માગશર માસના છેલ્લા દિવસે, તબીયત જેવી જોઇએ તેવી સારી નહિ હોવા છતાં પણ સ્વામીજી કાલીઘાટે ગયા અને પૂજાની માનતા સંપૂર્ણ કરી. તે દિવસે સ્વામીજી જ્યારે કાલીઘાટ ઉપરથી મઠમાં પાછા ફરતા હતા ત્યારે શિષ્ય રસ્તામાં અચાનક મળ્યો. પછી સ્વામીજીએ કાલીઘાટ સંબંધી પૂજાનું વર્ણન શિષ્યને કહી સંભળાવ્યું; તેમાંથી સ્મરણમાં રહેલો ભાગ નીચે આપ્યો છેઃ—

કાલીઘાટ ઉપર હજી પણ ઉદારભાવ સચવાઇ રહ્યો છે.

એક વખતે બાલ્યાવસ્થામાં સ્વામીજી બહુ બીમાર થઇ ગયા હતા, તે વખતે તેમની માતુશ્રીએ એવી માનતા કરેલી કે સ્વામીજી જો સાજા થઇ જાય તો તેમને કાલીઘાટે લઇ જઇ માતાની પૂજા કરાવવી; અને દેવીના ચરણ પાસે તેમને આળોટાવવા. આ માનતાની વાત આજ સુધી કોઇને યાદ આવી નહિ; પણ હમણાં જ્યારે સ્વામીજીનું શરીર બગડયું ત્યારે તેમનાં ગર્ભ-ધારિણી માતુશ્રીને આ વાતનું સ્મરણ થઇ આવ્યું; અને તેથી સ્વામીજીને સાથે લઇને તેઓ કાલીઘાટ ઉપર ગયાં. કાલીઘાટ ઉપર જઇને સ્નાન વગેરેથી પરવારી, માતુશ્રીની આજ્ઞાને અનુસરી ભીંજાએલાં કપડાં પહેરી રાખી સ્વામીજીએ મંદિરમાં પ્રવેશ કર્યો; અને મંદિરમાં શ્રીકાલીમાતાના પાદ-પદ્મમાં ત્રણ વખત આળોટયા. ત્યાર પછી મંદિરમાંથી બહાર નીકળી મંદિરની સાતવાર પ્રદક્ષિણા કરી. બાદ નાટયમંદિરની પશ્ચિમ તરફ ખુલ્લા અંગે બેસી હોમનું કામકાજ પણ પોતેજ સમાપ્ત કર્યું. નિઃસીમ બળધારી તેજસ્વી સ્વામીજી યજ્ઞનું કામ કેવી રીતે કરે છે, તે જોવા માટે તે દિવસે માતાના મંદિરમાં લોકોની પુષ્કળ ભીડ થઇ હતી. શિષ્યનો એક મિત્ર શ્રીયુત ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાય જે કાલીઘાટ પાસેજ રહે છે અને સ્વામીજીનાં દર્શન કરવા શિષ્યની સાથે ઘણીવાર મઠમાં આવતો, તે આ પ્રસંગે ખાસ કરીને ત્યાં હાજર રહ્યો હતો. ગિરી-

ન્દ્રનાથ હજી પણ ઘણીવાર કહે છે કેઃ—“તે દિવસે સળગતા અગ્નિકુંડમાં ઘૃતની પુનઃ પુનઃ આહુતિઓ સ્વામીજી જ્યારે આપી રહ્યા હતા, તે વખતે તેઓ સાક્ષાત્ બ્રહ્મા જેવા જણાતા હતા !” તે ગમે તેમ હો. સ્વામીજીએ ઉક્ત પૂજાનું વર્ણન કરતાં છેવટે જણાવ્યું કેઃ—“કાલીઘાટ ઉપર હજી પણ કેવો ઉદારભાવ જોઇ શકાય છે ? હું વિલાયતમાં ફરી આવેલો “વિવેકાનંદ” છું, એમ જાણવા છતાં મંદિરના અધ્યક્ષોએ મને મંદિરમાં પ્રવેશવા દેવા સામે લેશ માત્ર વાંધો ન લેતાં, ઉલટું બહુજ માનપૂર્વક મને મંદિરમાં લઇ જઇને મારા કાર્યમાં યથેચ્છ સહાય આપી.”

પ્રસંગ ૩૭ મો.

(સ્થાન—બેલુડમઠ. ઇ. સ. ૧૯૦૧)

સ્વામીજીની અનારોગ્ય અવસ્થા.

એક શનિવારની સાંજે શિષ્ય મઠમાં આવ્યો હતો. સ્વામીજીનું શરીર જેવું જોઇએ તેવું સારૂં નહોતું. થોડા દિવસ તેઓ શિલમ પહાડ ઉપર રહ્યા હતા; પણ ત્યાંથી પાછા ફરતાં પગે સોજા ચડી આવ્યા હતા અને સમગ્ર શરીરમાં જળસંચાર થતો હોય તેવી વેદના થયા કરતી હતી. સ્વામીજીના ગુરૂભાઇઓ આથી બહુ ચિંતાતુર રહેતા હતા. બડા બઝારવાળા શ્રીયુત મહાનંદ વૈદ્યરાજે સ્વામીજીનું શરીર તપાસ્યું હતું. સ્વામીજીએ પણ નિરંજનાનંદ સ્વામીની ખાસ ભલામણથી દેશી વૈદ્યની દવા લેવાનું ચાલુ કર્યું હતું. આવતા મંગળવારથી નીમક અને પાણી બંધ કરી દેશી ઔષધ લેવાનું નક્કી થઈ ગયું હતું. આજે રવિવાર છે.

પાણીવિના કેમ ચાલશે ?

શિષ્યે પ્રશ્ન કર્યો કેઃ—“આવી દારૂણ ગ્રીષ્મ ઋતુમાં આપનાથી પાણીવિના કેમ રહી શકાશે ? આપને તો કલાકમાં ત્રણ ચાર વાર પાણી પીવું પડે છે, તો આ ઔષધનું સેવન કેવી રીતે કરી શકશો ?”

સ્વામીજીઃ—એમાં શું મોટી વાત હતી ? ઔષધ લેવાનું હશે તેજ દિવસે પ્રાતઃકાળે એવો દૃઢ સંકલ્પ કરી લઇશ કે “અગીઆર દિવસ સુધી ગળા નીચે પાણી ન ઉતારવું.” એવી સખત પ્રતિજ્ઞા એક વખત કરી લઇશ એટલે પછી કશી હરકત નહિ જણાય. વસ્તુતઃ શરીર એ મનના તાબાનીજ એક વસ્તુ છે. મન જેવી આજ્ઞા કરે તે પ્રમાણે શરીરે વર્તવુંજ જોઇએ. નિરંજનના આગ્રહથી મારે મારા મનને એવી આજ્ઞા કરવી પડશે. ગુરૂભાઇઓની સલાહનું મારાથી ઉલ્લંઘન કેમ થઇ શકે ?

લગભગ ૧૦ વાગ્યા હશે. સ્વામીજી ઉપરજ બેઠા છે. કન્યાઓને માટે ભવિ-

ધ્યમાં જે એક મઠ તૈયાર કરવાનો હતો, તે વિષે સ્વામીજીએ પ્રસન્ન વદને શિષ્યની સાથે ચર્ચા શરૂ કરી. તેમણે કહ્યું કે:–" માતુશ્રીને મધ્યમાં રાખી ગંગાના પૂર્વ કિનારા ઉપર કન્યાઓને માટે એક મઠ સ્થાપન કરવો જોઇએ. આ મઠમાં જેવી રીતે બ્રહ્મચારી-સાધુઓને તૈયાર કરવામાં આવશે, તેજ પ્રમાણે પેલી પારના મઠમાં બ્રહ્મચારિણી-સાધ્વીઓ તૈયાર થાય તેવો પ્રયત્ન કરવામાં આવશે."

દેશોદ્ધારનો આધાર સ્ત્રીઓ ઉપરજ છે.

શિષ્ય:—મહાશય, ભારતવર્ષમાં ઘણા લાંબા કાળથી, કન્યાઓને માટે કોઇ મઠની સ્થાપના થઈ હોય તેવો ઇતિહાસમાં કોઈ ઉલ્લેખ મળી આવતો નથી. બૌદ્ધયુગમાં સ્ત્રી-મઠ સંબંધી ઉલ્લેખ છે; પરંતુ એ સંસ્થામાં વખત જતાં વ્યભિચારે પ્રવેશ કર્યો અને એના પરિણામે સમગ્ર દેશ વામાચારના પંઝામાં સપડાઈ ગયો.

સ્વામીજી:—આ દેશમાં પુરૂષો અને સ્ત્રીઓ વચ્ચે આટલો બધો તફાવત શા માટે રાખવામાં આવતો હશે તે સમજી શકાતું નથી. વેદાન્તશાસ્ત્ર તો ખુલ્લી રીતે કહે છે કે એકજ ચિત્સત્તા સર્વ ભૂતમાત્રમાં વ્યાપી રહેલી છે. તમે અત્યાર સુધી સ્ત્રીઓની નિંદાજ કરતા આવ્યા છો. તેમની ઉન્નતિ માટે કાંઇ પણ પ્રયત્ન કર્યો છે? સ્મૃતિઓ લખી લખીને અને નિયમ-નિષેધનાં ઉપરાઉપરી બંધનો બાંધી બાંધીને આ દેશની સ્ત્રીઓને પુરૂષોએ છેક પ્રજોત્પાદક યંત્ર જેવીજ બનાવી દીધી છે ! **મહામાયાની સાક્ષાત્ પ્રતિમા જેવી સ્ત્રીજાતિનો તમે ઉદ્ધાર નહિ કરો ત્યાં સુધી તમારા દેશના ઉદ્ધારનો બીજો એકકે માર્ગ નથી.**

શિષ્ય:--મહાશય, સ્ત્રીજાતિ સાક્ષાત્ માયાની મૂર્તિ છે. મનુષ્યોના અધઃપતન માટેજ તેમની ઉત્પત્તિ થઈ હોય તેમ જણાય છે. મનુષ્યોનું જ્ઞાન-વૈરાગ્ય દબાએલુંજ રહે છે તે બધો સ્ત્રીજાતિની માયાનોજ પ્રભાવ છે; એટલા માટે શાસ્ત્રકારોને પણ કહેવું પડયું છે કે સ્ત્રીજાતિ જ્ઞાન—ભક્તિની અધિકારિણી થઈ શકે નહિ.

સ્વામીજી:--કન્યાઓ જ્ઞાન-ભકિતની અધિકારિણી ન થઇ શકે એમ કયા શાસ્ત્રમાં લખ્યું છે એ મને બતાવ. ભારતની અવનતિની જ્યારે શરૂઆત થઇ અને બ્રાહ્મણોએ પોતાના સિવાય સર્વને વેદાધ્યયન માટે અનધિકારી ઠરાવ્યા ત્યારેજ સ્ત્રીઓના અધિકારો પણ ખુંચવી લેવામાં આવ્યા, નહિતર વૈદિક-યુગમાં, ઉપનિષદ્-યુગમાં તું સ્પષ્ટ રીતે જોઇ શકશે કે મૈત્રેયી અને ગાર્ગી જેવી પ્રાતઃસ્મરણીય સ્ત્રીઓએ બ્રહ્મચર્ચામાં સારા સારા ઋષિઓના અધિકારને પણ શોભાવ્યો હતો. હજારો વેદજ્ઞ બ્રાહ્મણોની સભામાં ગાર્ગીએ ગર્વપૂર્વક યાજ્ઞવલ્કયને બ્રહ્મચર્ચાનું આહ્‌વાન (ચેલેંજ) આપ્યું હતું, તે ભૂલી ગયો ? જો એ સર્વ આદર્શરૂપ સ્ત્રીઓને અધ્યાત્મજ્ઞાનનો અધિકાર હતો, તો પછી અત્યારે તેમને એવો અધિકાર નથી એમ કેમ કહી શકાય ? એકવાર જે બનાવ બન્યો તેજ બનાવ બીજી

વખત પણ બનવાયોગ્ય છે. બનાવોની પુનરાવૃત્તિજ ઇતિહાસમાં અનુભવાય છે. નારીઓની પૂજા કરવાથીજ સર્વ પ્રજાઓ મહાન બની છે. જે દેશમાં—જે પ્રજામાં નારીપૂજા નથી, તે દેશ—તે પ્રજા કોઈ કાળે મહાન કે ઉન્નત થઇ શકે નહિ. નારીરૂપી શક્તિ—મૂર્તિની અવગણના કરવાથીજ આજે તમારૂં અધ:પતન થયું છે. મનુએ કહ્યું છે કે **"यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥ "** જે ઠેકાણે સ્ત્રીઓનો આદર ન હોય અને સ્ત્રીઓ જ્યાં ગમગીનીમાંજ સમય પસાર કરતી હોય, તે સંસારની કે તે દેશની ઉન્નતિની આશા રાખવી નિષ્ફળ છે; એટલાજ માટે પ્રથમ સ્ત્રીઓને જાગ્રત કરવી જોઈએ; અને તે ઉદ્દેશ સિદ્ધ કરવા માટે એક આદર્શમઠની સ્થાપના કરવી જોઇએ.

તંત્રની નિંદા કરવાનું કારણ.

શિષ્ય:—આપ જ્યારે વિલાયતથી પહેલવહેલા પાછા ફર્યા ત્યારે સ્ટાર થીએટરમાં ભાષણ આપતાં આપશ્રીએ તંત્રની ધૂળ કાઢી નાખી હતી; અને આજે તેજ તંત્રો, કે જે નારીપૂજાનું સમર્થન કરે છે તેની હિમાયત કરો છો, તેનું શું કારણ ?

સ્વામીજી:—તંત્રમાં કહેલો વામાચાર આજે તદ્દન બદલાઇ ગયો છે; અને એટલાજ માટે મેં એ બદલાએલા રૂપની નિંદા કરી હતી. તંત્રના યથાર્થ વામાચાર અથવા માતૃભાવની હું કદાપિ નિંદા કરૂં નહિ. સ્ત્રીઓને ભગવતી દેવીઓ માની તેમનું બહુમાન કરવું એજ તંત્રનો મૂળ ઉદ્દેશ છે. બૌદ્ધધર્મની અવનતિનો પ્રારંભ થયો તે સમયે વામાચારમાં પણ ભયંકર દોષો ઘુસી ગયા. એજ દોષોથી ભરેલો વામાચાર હજી પણ વર્તમાન છે; હજી પણ ભારતનું તંત્રશાસ્ત્ર એજ દૂષિત ભાવદ્વારા ભાવિત થઈ રહ્યું છે. આવા આવા દૂષિત ભાવોનીજ મેં તે વખતે ઝાટકણી કાઢી હતી અને હજી પણ પ્રસંગ ગળે તો તેમજ કરૂં. જે મહામાયાનો રૂપ—રસાત્મક બાહ્ય વિકાસ મનુષ્યોને ઉન્મત્ત બનાવવાને સમર્થ છે, તેજ મહામાયાનો જ્ઞાન—ભક્તિ—વિવેક—વૈરાગ્યયુક્ત આંતર વિકાસ મનુષ્યોને સર્વજ્ઞ, સિદ્ધ—સંકલ્પ તથા બ્રહ્મજ્ઞ બનાવી શકે એમાં શું આશ્ચર્ય જેવું છે? એટલાજ માટે માતૃરૂપિણી—સ્ફુરદ્વિગ્રહસ્વરૂપિણી—માતાઓની પૂજા કરવાનો મેં કદાપિ નિષેધ કર્યો નથી. **सैषा प्रसन्ना वरदा नृणाम् भवति मुक्तये**—જ્યાં સુધી એ મહામાયાને પૂજા—પ્રણામદ્વારા પ્રસન્ન કરી શકે નહિ ત્યાં સુધી બ્રહ્મા—વિષ્ણુ જેવાનો પણ ભાર નથી કે તેમના પંઝામાંથી છટકી જઈ શકે ! ગૃહલક્ષ્મીઓની પૂજા માટે અથવા તો તેમનામાં બ્રહ્મવિદ્યાનો વિકાસ થાય તે માટે એક નારી—મઠની સ્થાપના થવી જોઇએ.

નારીમઠની શરૂઆત કેવી રીતે કરવી ?

શિષ્યઃ—આપનો એ સંકલ્પ બહુ ઉત્તમ છે, પણ કન્યાઓ ક્યાંથી લાવશો ? સમાજનાં વિચિત્ર કઠિન બંધનો જોતાં પોતાની કુળવધૂઓને મઠમાં જવાની કોણ રજા આપશે ?

સ્વામીજીઃ—એમાં શું ? અત્યારે તો ગુરૂદેવ પ્રત્યે જેમની શ્રદ્ધાભક્તિ હશે તેટલીજ સ્ત્રીઓને દાખલ કરી એક વખત સ્ત્રી–મઠ ખુલ્લો મૂકી દઇશું. " શ્રી માતા ઠાકુરાણી " તેમના કેંદ્રસ્વરૂપે મઠમાંજ રહેવાનું રાખશે. શ્રીરામકૃષ્ણદેવના ભકતોની સ્ત્રી–કન્યાઓને મઠમાં દાખલ કરવાનો સૌ પહેલાં પ્રયત્ન કરીશું અને એ પ્રયત્ન બહુ ઓછા પ્રયાસથી સફળ થઇ શકશે; કારણ કે તેઓ આવા સ્ત્રી–મઠની ઉપયોગિતા બીજાઓ કરતાં જલદીથી સમજી શકશે. ત્યાર પછી તો દેખાદેખીથી અનેક ગૃહસ્થો આપણા એ મહાન કાર્યને સહાય આપવા બહાર પડશે.

ભોગ તો આપવોજ પડશે.

શિષ્યઃ—ગુરૂદેવના ભકતો તો કદાચ આ કાર્યમાં મદદ કરશે, પણ સાધારણ જનસમાજ એ કાર્યમાં મદદ આપે એમ હું ધારતો નથી.

સ્વામીજીઃ—જગતનું કોઇપણ મહાન કાર્ય ભોગ આપ્યા વિના થયું હોય એમ સાંભળ્યું છે ? વડના કોમળ અંકુરોને જોવાથી કોણ એવી કલ્પના કરી શકે કે આજ અંકુરો એક વખત મહાન વૃક્ષરૂપે પરિણમશે ? હાલ તુરત તો મેં કહ્યું તેમ મઠનો આરંભ માત્ર કરી દઇશું. પછી તું જોઇ શકશે કે પચાસેક વર્ષ પછી લોકો તેની કદર કર્યા વિના રહેશે નહિ. જે વિદેશી સ્ત્રીઓએ મારૂં શિષ્યત્વ સ્વીકાર્યું છે, તેઓ આ કાર્યમાં પોતાના જીવનનો ભોગ આપવા તૈયાર છે. હું ઇચ્છું છું કે તમે પણ ભય અને કાયરપણું છોડી દઇ મને મદદ કરવા લાગી જાઓ. ઉચ્ચ આદર્શો લોકોની સન્મુખ રજુ કરો. વખત છતાં એજ આદર્શોની પ્રભાથી સમસ્ત દેશ ઉજ્વળ બની રહેશે.

સ્ત્રી-ઉપયોગી મઠની રૂપરેખા.

શિષ્યઃ—સ્ત્રીઓ માટે આપ કેવા પ્રકારનો મઠ સ્થાપન કરવા માગો છો, તેનું જરા વિસ્તારથી વર્ણન કરી બતાવશો ? મને તે સાંભળવાની બહુ ઉત્કંઠા છે.

સ્વામીજીઃ—ગંગાની પેલી તરફ વિશાળ જમીન ખરીદવી પડશે; અને ત્યાં અવિવાહિતા કુમારીઓ તથા વિધવા બ્રહ્મચારિણીઓ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. સદ્‌ગૃહસ્થોની ભક્તિમતી કન્યાઓ પણ પ્રસંગોપાત આવીને ત્યાં રહી શકશે. આ મઠની સાથે પુરૂષોનો કોઇ પણ પ્રકારનો સંબંધ ન રહે એવો ખાસ બંદોબસ્ત થશે. આપણા પુરૂષમઠના વયોવૃદ્ધ સાધુઓ દૂર બેઠા બેઠા સ્ત્રી–મઠની વ્યવસ્થા કર્યા કરશે. સ્ત્રી–મઠમાં એક સ્કૂલ પણ ખોલવામાં આવશે, જ્યાં ધર્મ-

શાસ્ત્ર, સાહિત્ય, સંસ્કૃત, વ્યાકરણ તથા થોડું ઘણું અંગ્રેજી પણ શિખવવામાં આવશે. ભરતકામ તથા રાંધવાના કામની સાથે ગૃહકર્મનાં જે આવશ્યક કર્તવ્યો છે તેનું પણ શિક્ષણ એજ સ્કૂલમાં મળી શકે તેવી ખાસ યોજના કરવી પડશે; એટલુંજ નહિ પણ બાળકોને કેમ ઉછેરવાં તે સંબંધી કેળવણી પણ અનુભવી સ્ત્રી-શિક્ષકો તરફથી મળે એવી વ્યવસ્થા કરીશું. તે ઉપરાંત જપ-તપ-ધ્યાન-પૂજા વગેરેને પણ શિક્ષણનાં ખાસ અંગો તરીકે લેખવામાં આવશે. જેઓ ઘર-બાર ત્યજી દઈ આ મઠમાં આવીને રહેવાનું સ્વીકારશે તેમને માટે અન્ન-વસ્ત્ર પૂરાં પાડવાની ગોઠવણ પણ મઠ તરફથીજ કરવામાં આવશે. જેઓ મઠમાં રહેવાને ખુશી નહિ હોય તેઓ વિદ્યાર્થીરૂપે રોજ આવીને શિક્ષણ લઇ શકશે. મઠાધ્યક્ષ પરવાનગી આપે તો રોજ ભણવા આવનાર કન્યા (વિદ્યાર્થી) થોડા દિવસ મઠમાં રહી શકે એવો નિયમ કરવામાં આવશે. વયોવૃદ્ધ બ્રહ્મચારિણીઓના શિરે કન્યાઓના બ્રહ્મચર્ય સંબંધી તથા શિક્ષણ સંબંધી જવાબદારી રહેશે. મઠમાં ૫-૬ વર્ષ શિક્ષણ લીધા પછી કન્યાનાં-માત-પિતા તેનો વિવાહ કરી શકશે. જેઓ યોગ્ય અધિકારિણી તરીકે પસંદગી મેળવશે તેઓને તેમનાં માત-પિતાની ખાસ પરવાનગીથી ચિરકુમારી-વ્રતની દીક્ષા આપવામાં આવશે. જેઓ સર્વથા કુમારી-વ્રતમાં રહેવાનું કબૂલ કરશે તેમને મઠની શિક્ષિકા તરીકે અથવા પ્રચારિકા તરીકે નીમવામાં આવશે. તેઓ ગામેગામ, દેશદેશ અને નગરેનગર જઇ શિક્ષાકેંદ્રો સ્થાપી, સ્ત્રીકેળવણીનો પ્રચાર કરવા પ્રયત્નો કરશે. ચારિત્ર્યમતી અને ધર્મભાવયુક્ત પ્રચારિકાઓના પ્રતાપથી કાળક્રમે દેશમાં યથાર્થ સ્ત્રીશિક્ષણનો બહોળો ફેલાવો થશે, એમાં મને કોઇ જાતનો શક નથી. મઠમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ સુધી બ્રહ્મચર્યનું પાલન થાય, એ આ મઠનો મુખ્ય ઉદ્દેશ રહેશે. ધર્મમયતા, ત્યાગ અને સંયમ, એજ વિદ્યાર્થીઓના અલંકારરૂપ ગણાશે. સેવા એ તેઓના જીવનનું એક માત્ર ઉજ્વળ વ્રત થાય એવા પ્રકારના દૃઢ સંસ્કારો તેમના હૃદયમાં સ્થાપવામાં આવશે. જ્યારે આવા પ્રકારનું આદર્શજીવન લોકોની નજરે પડશે ત્યારે તેઓનું સન્માન કરવાનું કોને મન નહિ થાય? કોણ તેમનો અવિશ્વાસ કરશે? દેશની સ્ત્રીઓનું જીવન આ પ્રકારે ગ્રથિત થશે ત્યારેજ તેઓની અંદર સીતા, સાવિત્રી અને ગાર્ગી જેવી મહાન નારીઓ ઉત્પન્ન થશે. દેશાચારનાં ભયંકર બંધનોથી પ્રાણહીન, ચૈતન્યહીન જેવી જણાતી આ દેશની સ્ત્રીઓ કેવી દુર્દશા ભોગવે છે, તેનો બરાબર ખ્યાલ આણવો હોય તો એકવાર યૂરોપમાં જઇને ત્યાંની સ્ત્રીઓની અવસ્થા જોઈ આવ. સ્ત્રીઓની આવી દુર્દશા માટે જો કોઇ જવાબદાર હોય તો તે તમેજ છો. આમ છતાં તેમને જાગ્રત કરવાની જવાબદારી પણ તમારીજ ઉપર છે; એટલા માટેજ કહું છું કે હવે એ કામે લાગી જાઓ. વેદ-વેદાં-

તના સંખ્યાબંધ શ્લોકો યાદ કરી જવાથી જગતનું શું કલ્યાણ કરવાના હતા?

શિષ્ય:—મઠમાં રહીને કેળવણી લીધા પછી જો કન્યાઓ વિવાહ કરે તો તેમનું આદર્શજીવન લોકો કેવી રીતે જોઇ શકે? એવો નિયમ ન થઇ શકે કે જેઓ મઠમાં શિક્ષણ લે તેઓથી વિવાહજ ન થઇ શકે?

કન્યાઓના વિવાહ માટે નિયમ.

સ્વામીજી:—એમ એકાએક કાંઇ બની શકે? આપણે તો તેમને યોગ્ય શિક્ષણ આપી છુટાં મૂકી દઇએ. પછી તો તેઓ પોતે વિચાર કરી ગમે તે એક માર્ગ ગ્રહણ કરે. એમ ધાર કે સુશિક્ષિત કન્યાઓ વિવાહ કરીને સંસારી બનશે તોપણ એવી આદર્શ કન્યાઓ પોતાના પતિમાં ઉચ્ચ ભાવનાની પ્રેરણા કરી શકશે, તેમજ વીર પુત્રની જનની બનશે, એ લાભ શું ઓછો આનંદદાયક છે? છતાં સ્ત્રી-મઠમાં અભ્યાસ કરતી કોઇ કન્યાનો વિવાહ તેનાં સગાંવહાલાં કન્યાની ૧૫ વર્ષની ઉમ્મર થયા પહેલાં ન કરે એવો એક નિયમ તો રાખીશુંજ.

શિષ્ય:—પણ કન્યાઓને એટલી મોટી ઉમ્મર સુધી કુંવારી રાખવામાં આવે તો સમાજમાં તેઓ કલંકિત ગણાય; અને પછી તેમની સાથે વિવાહ કરવાને કોઇ તૈયાર થાય નહિ; તેનું શું કરવું?

સ્વામીજી:—એમ બને? વિવાહજ ન થાય, એ તદ્દન અસંભવિત છે. તું સમાજની ગતિ હજી તપાસી શક્યો નથી. વિદુષી અને કર્મતત્પર કન્યાઓને માટે યોગ્ય વરનો અભાવ હોઇજ ન શકે. “**दशमे कन्यकाप्राप्तिः**” એ વચનોને હવે કોઇ માનતું નથી અને માનશે પણ નહિ. અત્યારથીજ તેનાં ચિહ્નો નથી જણાતાં?

વિઘ્નરહિત કર્મ મૃત્યુના માર્ગમાં લઇ જાય છે.

શિષ્ય:—તે ગમે તેમ; પણ સૌ પહેલાં આપણી આ હીલચાલ વિરૂદ્ધ ભયંકર વિરૂદ્ધતા તો ઉભી થશેજ.

સ્વામીજી:—તે ભલે થાય. તેથી ડરવાનું શું છે? **સત્સાહસથી ઉત્પન્ન થએલી પ્રવૃત્તિમાં જો વિઘ્ન ઉપસ્થિત થાય છે તો તેથી કાર્યકર્તાની શકિત બેવડા બળથી બહાર આવે છે, એ તેં નથી જોયું? જે કામમાં વિઘ્ન નથી, પ્રતિકૂળતા નથી, તે કામમાં વિશેષતાજ શું છે? જ્યાં વિઘ્નની સામે થવાનું સામર્થ્ય છે, ત્યાંજ જીવનનું ચિહ્ન છે.** સમજ્યો કે?

શિષ્ય:—જી હા.

બ્રહ્મજ્ઞાનના અધિકારમાં ભેદભાવ નથી.

સ્વામીજી:—પરમ બ્રહ્મતત્ત્વમાં લિંગભેદ નથી. આપણી “હું-તું”ની ભૂમિકામાંજ લિંગભેદ રહે છે. જેમ જેમ મન અંતર્મુખ થતું જાય છે તેમ તેમ

એ ભેદજ્ઞાન ચાલ્યું જાય છે. છેવટે જ્યારે મન સમરસ બ્રહ્મતત્ત્વમાં લીન થઇ જાય છે ત્યારે “ આ સ્ત્રી કે આ પુરૂષ ” એવું જ્ઞાન બીલકુલ રહી શકતું નથી. આપણા ગુરૂદેવમાં એવી અવસ્થા મેં પ્રત્યક્ષ જોઇ છે; એટલાજ માટે હું કહ્યા કરૂં છું કે સ્ત્રી-પુરૂષમાં બાહ્ય ભેદ જણાવા છતાં સ્વરૂપતઃ કાંઇજ ભેદ નથી. જો આમ છે તો પુરૂષોજ બ્રહ્મજ્ઞ બની શકે અને સ્ત્રીઓને માટે તેવો અધિકાર નથી, એમ આપણાથી કહીજ કેમ શકાય? વખત જતાં એક પણ સ્ત્રી બ્રહ્મપ્રાપ્તિ કરી શકે તો તેની પ્રતિભાના તેજથી બીજી હજારો સ્ત્રીઓ જાગ્રત થઇ શકે; અને તેથી દેશનું તથા સમાજનું બહુજ કલ્યાણ થાય.

શિષ્યઃ—આપના ઉપદેશથી અમારી આંખો આજે ઉઘડી.

સ્વામીજીઃ—હજી આંખો ખુલવાને વાર છે. જ્યારે સર્વાવભાસક આત્મતત્ત્વ પ્રત્યક્ષ કરશે ત્યારેજ સ્ત્રી-પુરૂષ એવું ભેદજ્ઞાન છેક ગુપ્ત થએલું તું જોઇ શકશે. તેજ વખતે સ્ત્રીઓને તું બ્રહ્મરૂપિણી જોઈ શકીશ. ગુરૂદેવને જોયા છે ને? સ્ત્રી-માત્રમાં તેમનો કેવો અપૂર્વ માતૃભાવ! એ માટેજ મેં કહ્યું તેમ સ્ત્રીઓને તૈયાર કરવા, ગામેગામ સ્ત્રી-પાઠશાળા ખુલ્લી મૂકવાનો ઉપદેશ કરતો આવ્યો છું. સ્ત્રીઓ જ્યારે યથાર્થ મનુષ્ય બનશે ત્યારેજ તેઓની સંતતિદ્વારા દેશનું મુખ ઉજ્વળ બનશે! વિદ્યા-જ્ઞાન-શક્તિ અને ભક્તિના પ્રકાશથી દેશ ત્યારેજ પ્રકાશમય બનશે!

ધર્મહીન શિક્ષણનું પરિણામ.

શિષ્યઃ—પરંતુ આધુનિક કેળવણીનું ફળ તો અત્યાર સુધીમાં ઉલટુંજ આવ્યું હોય તેમ મને જણાય છે. કન્યાઓ જરા ભણીગણી કે તુરતજ ભપકાદાર કપડાં પહેરવાનું શિખી, વિદેશીઓનું અનુકરણ કરવા લાગી જાય છે. ત્યાગ, સંયમ, તપસ્યા તથા બ્રહ્મચર્યાદિ બ્રહ્મવિદ્યા-પ્રાપ્તિના સાધનભૂત સદ્ગુણો કેળવાતા હોય તેમ તો કયાંઇ જણાતું નથી.

સ્વામીજીઃ—સૌ પહેલાં તો એમજ થાય. દેશમાં જ્યારે નવા વિચારોનો પહેલવહેલો પ્રચાર થાય ત્યારે ઘણાખરા લોકો તે વિચારોને તેના ખરા સ્વરૂપમાં ગ્રહણ કરી શકે નહિ. આથી કેટલીએક ખરાબીઓ થાય; પરંતુ એકંદરે વિશાળ જનસમાજને તેથી બહુ હાનિ થતી નથી. એટલું છતાં તું પોતેજ એકવાર વિચાર કરી જો કે જેઓએ હમણાં પ્રચલિત સ્ત્રી-કેળવણીનો સૌથી પ્રથમ પ્રચાર કર્યો હશે, તેઓ કેટલા બધા ઉદાર અને મહાપ્રાણ હોવા જોઇએ? તારે એટલું તો ચોક્કસ માનીજ લેવું કે શિક્ષા હોય કે દીક્ષા હોય, ગમે તે હોય, પણ તે જેટલી ધર્મહીન થઇ તેટલે અંશે તેમાં ખરાબી આવવાની ને આવવાનીજ. હવે આપણે ધર્મને મુખ્ય સ્થાન બનાવી સ્ત્રી-શિક્ષણનો પ્રચાર કરવો જોઇએ. ધર્મ સિવાયના બીજા સમગ્ર વિષયોને ગૌણ માનવા જોઇએ. ધર્મનું શિક્ષણ, ચરિત્રગઠન અને

બ્રહ્મચર્યવ્રત, એ વિષયો ઉપરજ વધુ ભાર મૂકવો આવશ્યક છે. અત્યાર સુધી હિંદમાં જે સ્ત્રી-કેળવણીનો પ્રચાર થયો છે, તેમાં ધર્મને ગૌણપદ આપવામાં આવ્યું છે તેથીજ તેં કહી તેવી ખરાબીઓ ઉદ્‌ભવી છે; પરંતુ તુંજ કહે કે તેમાં બિચારી બાળાઓનો આપણે શું દોષ કહાડી શકીએ? સ્ત્રી-શિક્ષણના ઉપદેશકો પોતેજ બ્રહ્મજ્ઞ ન હોય તો તેમનો પગ બેતાલો પડે એમાં આશ્ચર્ય જેવું શું છે? **જેટલાં સત્કાર્યો છે તે દરેકના પ્રવર્તકે, પોતે ઇચ્છેલા કાર્યનો આરંભ કરવા પહેલાં કઠોર તપસ્યાની સહાયથી આત્મજ્ઞ બનવું જોઇએ. તેમ ન થાય તો તેમાં તેઓ ભૂલ કરી બેસે એમાં નવાઇ નથી.** સમજ્યો કે?

શિષ્યઃ--જી, હા. મેં જોયું છે કે આ તરફ ઘણી સુશિક્ષિત સ્ત્રીઓ કેવળ નૉવેલો અને નાટકો વાંચવામાંજ પોતાનો વખત ગાળે છે; પૂર્વ બંગાળામાં તેમ નથી થતું. ત્યાં તો સ્ત્રીઓ ભણી-ગણીને વિવિધ ધર્માનુષ્ઠાનો પણ કરે છે. આ દેશમાં એવું ક્યારે થશે?

આપણું કર્તવ્ય.

સ્વામીજીઃ--સારૂં અને ખોટું એ બન્ને દરેક સમાજમાં અને દરેક દેશમાં રહેલુંજ હોય છે. આપણું કર્તવ્ય એ છે કે આપણું પોતાનું જીવન એવી સુંદર રીતે તૈયાર કરવું કે લોકો માટે તે દ્રષ્ટાંતરૂપ થઇ પડે. તેમ કર્યાવિના માત્ર નિંદાવાદ અથવા બોલી કે લખીને ઉપદેશજ કરવાથી તો લોકો ઉલટા ઉશ્કેરાઇ જાય છે; અને તેથી આપણો ઉદ્દેશ સફળ થઇ શકતો નથી. **જેને જેમ મરજીમાં આવે તેમ બોલવા દો. કોઇને પરાજિત કરવાનો પ્રયત્ન કરશો નહિ. આ માયામય જગતમાં ગમે તે કામ કરો, પણ તેમાં દોષ તો રહીજ જવાનો. सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः**-અગ્નિ હશે ત્યાં ધૂમાડો તો નિકળ્યાવિના રહેશેજ નહિ. પણ દોષો રહી જતા હોય તેથી શું નિષ્ક્રિય બની બેસી રહેવું એમ કોઇ કહી શકશે? આપણું કર્તવ્ય એટલુંજ છે કે જેટલું બની શકે તેટલું કાર્યને નિર્દોષ બનાવવાનો યત્ન કરવો.

નિર્દોષ કાર્ય કયું?

શિષ્યઃ--નિર્દોષ કાર્ય કયું કહેવાય?

સ્વામીજીઃ--**જે કાર્યથી બ્રહ્મવિકાસમાં સહાયતા મળે તે કાર્યજ નિર્દોષ સમજવું.** પ્રત્યક્ષ નહિ તો પરોક્ષભાવે પણ જે કાર્યથી આત્મવિકાસમાં સહાયતા મળે તેજ કાર્ય કરો. ઋષિઓએ જે માર્ગો નક્કી કર્યા છે તે માર્ગે જવાથી આત્મજ્ઞાન સત્વર પ્રકટે એમ છે. શાસ્ત્રકારો જેને અન્યાય કહે છે તેવાં કર્મો કરવાથી આત્મા ઉપરનું આવરણ વિશેષ દૃઢ બનતું જાય છે, અને એથી મોહનાં બંધનો કદિ પણ શિથિલ થતાં નથી; છતાં એટલું લક્ષમાં રાખવું કે સર્વાંશે અને

સર્વકાળે જીવની મુક્તિ અવશ્ય થવા યોગ્ય છે; કારણ કે આત્મા એજ જીવનું યથાર્થ સ્વરૂપ છે. પોતાનું સ્વરૂપ શું કોઈ કદાપિ ત્યજી શકે ? તું તારા પડછાયાની સાથે ભલે હજારો વર્ષ સુધી યુદ્ધ કર્યા કરે, પણ પડછાયો તને કદિ છોડી જાય એમ બને ખરૂં ? તે તો તને શરીર છે ત્યાં સુધી તારી સાથે ને સાથે રહેવાનો.

કર્મ જ્ઞાનનું વિરોધી નથી.

શિષ્ય:—આચાર્ય શંકરે તો કર્મને જ્ઞાનનું વિરોધી ઠરાવી ઘણે ખરે સ્થળે ખંડન કર્યું છે, તો પછી કર્મ જ્ઞાનનું પ્રકાશક કેવી રીતે થઇ શકે ?

સ્વામીજી:—આચાર્ય શંકરે એમ કહ્યું હશે, છતાં અનેક સ્થળે જ્ઞાનના વિકાસ માટે કર્મને સાપેક્ષ્ય સહાયકારી પણ જણાવ્યું છે. તે સિવાય હૃદયવિશુદ્ધિને માટે કર્મ એક સાધનભૂત છે એમ પણ કહ્યું છે. તથાપિ શુદ્ધ જ્ઞાનમાં કર્મને લેશમાત્ર સ્થાન નથી, એવા ભાષ્યકારના સિદ્ધાંત સામે હું વાંધો ઉઠાવતો નથી. કર્તા અને કર્મનું જ્યાં સુધી મનુષ્યને જ્ઞાન છે ત્યાં સુધી કોની મગદૂર છે કે તે કાર્ય કર્યાવિના કોઇ બેસી રહી શકે ? કર્મ એજ જો જીવનો સ્વભાવ છે, તો પછી એજ કર્મો, આત્મજ્ઞાન-વિકાસમાં સહાયરૂપે થાય તેવાંજ શામાટે ન કરવાં ? કર્મ માત્ર ભ્રમાત્મક છે, એ વાત પારમાર્થિક દૃષ્ટિએ અલબત્ત ખરી છે; પરંતુ અત્યારની આપણી વ્યાવહારિક અવસ્થામાં કર્મની ખાસ ઉપયોગિતા સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. તું જ્યારે આત્મતત્ત્વ પ્રત્યક્ષ કરશે ત્યારે કર્મ કરવાં કે ન કરવાં એ વાત તારી ઇચ્છાને અધીન થઇ રહેશે; એ અવસ્થામાં રહીને તું ગમે તે કર્મ કરીશ તે સત્કર્મ તરીકેજ લેખાશે; એ કર્મથીજ તારૂં અને જગતનું કલ્યાણ થશે. **બ્રહ્મવિકાસ થયા પછી તારા શ્વાસ-પ્રશ્વાસના તરંગો પણ જીવોને અમૂલ્ય મદદ આપનારા થઇ પડશે. તે પછી તો કોઇ ખાસ કામનાપૂર્વક કર્મજ તારાથી નહિ થાય.** સમજ્યો ને ?

શિષ્ય:—અહો, આજે વેદાન્તનાં કર્મ અને જ્ઞાનનો યથાયોગ્ય નિર્ણય કરનારી આપની મીમાંસા સાંભળી બહુ આનંદ થયો.

ત્યારબાદ નીચે જમવાનો ઘંટ વાગ્યો. સ્વામીજીએ શિષ્યને જમવા જવાના આજ્ઞા કરી. શિષ્ય સ્વામીજીના પાદપદ્મમાં પ્રણામ કરી, બે હાથ જોડી સવિનય બોલ્યો કેઃ—“ મહાશય, આપના સ્નેહાશીર્વાદથી આ જન્મમાંજ મને બ્રહ્મજ્ઞાન થાય તેમ કરો.” સ્વામીજીએ શિષ્યના મસ્તક ઉપર હસ્ત મૂકયો અને કહ્યું કે:—

“ બાપુ, ચિંતા કરીશ નહિ; કોઇ રીતે ડરીશ નહિ. તમારો ઢંગજ નિરાળો છે. નહિ ગૃહસ્થ કે નહિ સંન્યાસી. જાણે કે આ જગતના તમે મનુષ્યોજ નહિ ! ”

प्रसंग ३८ मो.

(સ્થાન—બેલુડમઠ. ઇ. સ. ૧૯૦૨)

કામ કરતાં કરતાંજ મરવું મને પસંદ છે.

કેટલાએક દિવસો થયાં સ્વામીજી પૂર્વબંગાળ અને આસામમાં ફરી આવી પુનઃ બેલુડ ખાતે પધાર્યા હતા. શરીર બહુ અસ્વસ્થ હતું, પગે સોજા ચડી આવ્યા હતા. શિષ્યે મઠમાં આવી સ્વામીજી પાસે જઇ પ્રણામ કર્યા. શારીરિક અવસ્થા અત્યંત દુર્બળ હોવા છતાં સ્વામીજીની સ્નેહપૂર્ણ દ્રષ્ટિ તથા તેમનું સહાસ્ય વદન, ગમે તેને પોતાનાં શોક–દુઃખ ભૂલાવી દેવાને સમર્થ હતું.

શિષ્યઃ–સ્વામીજી ! કેમ છે ?

સ્વામીજીઃ-–બાપુ, એમાં તે વળી પૂછવા જેવુંજ શું છે ? દેહ તો દિવસે દિવસે ક્ષીણ થતો જાય છે; તેમાં પણ બંગાળા દેશમાં શરીર ધારણ કર્યું એટલે શરીરની પાછળ રોગ તો ભમ્યા કરે, એમાં આશ્ચર્યજ શું ? આ દેશના શારીરિક બાંધાઓ બહુજ નરમ હોય છે. સહેજસાજ કઠિન કામ કર્યું કે શરીર તુરતજ બગડી જાય છે; છતાં જયાં સુધી દેહ છે ત્યાં સુધી તમારા માટે કામ કરીશ. કામ કરતાં કરતાંજ મરવું મને પસંદ છે.

શિષ્યઃ-–આપ થોડા દિવસ કામકાજ મૂકી દઇ શાંતિમાં રહો તો પુનઃ શરીર હતું તેવું આરોગ્ય બની જાય. આ દેહની રક્ષા થશે તો તેથી જગતનું કલ્યાણજ થશે.

સ્વામીજીઃ—તું છાનામાના બેસી રહેવાનું કહે છે, પણ એવો વખત કયાં ? ગુરૂદેવ “ કાલી, કાલી, ” ના મંત્રોથી જેનું આવાહ્ન કરતા તેજ શકિતએ, ગુરૂદેવના મૃત્યુના બે ત્રણ દિવસ પહેલાં આ શરીરમાં પ્રવેશ કર્યો છે. તેજ શક્તિ મને આમ તેમ લઇ જઇ કર્મ કરાવ્યા કરે છે. હું સ્થિર થઇ બેસી રહેવાનું કરૂં તોપણ તે શક્તિ મને બેસવા દેતી નથી. મારા સુખનો વિચાર કરી શકું, એવો પ્રસંગ પણ મને મળતો નથી.

સ્વામીજીના શરીરમાં કાલી—શકિતનો પ્રવેશ.

શિષ્યઃ—શક્તિ–પ્રવેશની વાત અક્ષરશઃ સત્ય છે કે અલંકારરૂપે કહો છો ?

સ્વામીજીઃ—નહિ રે ? ગુરૂદેવના દેહાવસાન પહેલાં બે–ચાર દિવસ પૂર્વે ગુરૂદેવે મને પોતાની પાસે એકાંતમાં બોલાવ્યો, અને મારી સામે બેસી મારી તરફ એકાગ્ર મનથી તાકી રહ્યા ! ધીમે ધીમે તેજ સ્થાને તેઓ સમાધિસ્થ થઇ ગયા ! મને તે વખતે સાક્ષાત્ એવોજ અનુભવ થયો કે જાણે તેમના (ગુરૂદેવના) શરીરમાંથી એક સૂક્ષ્મ તેજનો પ્રવાહ વિજળીના ચમકારાની માફક મારી તરફ વહ્યો

આવે છે અને મારા શરીરમાં મળી જાય છે. થોડીવારમાં તો હું પણ બાહ્ય જ્ઞાન ગુમાવી બેઠો અને જડવત્ પડયો રહ્યો. આ પ્રમાણે કયાં સુધી ચાલ્યું તેનું મને સ્મરણ રહ્યું નહિ; પણ જ્યારે હું જાગ્યો અને બાહ્ય ચેતના આવી ત્યારે મેં જોયું તો જણાયું કે ગુરૂદેવ રડી રહ્યા હતા! મેં ગુરૂદેવને રડવાનું કારણ પૂછયું ત્યારે તેમણે અતિ સ્નેહપૂર્વક કહ્યું કેઃ—“મારી પાસે જે કાંઇ હતું તે સર્વ આજે હું તને અર્પણ કરી ચૂકયો છું. તું એ શક્તિના પ્રતાપે જગતનાં અનેક ઉપકારક કર્તવ્યો કરીશ ત્યારેજ તારો છુટકો થશે.” હું ધારૂં છું કે, ગુરૂદેવના કહેવા પ્રમાણે એ શક્તિજ મારી પાસે કામ કરાવ્યા કરે છે! નિરાંતે બેસી રહેવા માટે આ દેહ નથી.

પૂર્વબંગાળનું વર્ણન.

શિષ્ય છાનોમાનો બેસી રહ્યો. તે વિચારવા લાગ્યો કેઃ—“આ સર્વ વાતો સાધારણ જનસમાજના સમજવામાં કેવી રીતે આવી શકે?” ત્યાર પછી વાતનો પ્રસંગ પલટાયો. શિષ્યે જિજ્ઞાસા દર્શાવી કેઃ—“મહાશય, અમારો પૂર્વ-બંગાળ પ્રદેશ આપને કેવો લાગ્યો?”

સ્વામીજીઃ—દેશ કાંઇ ખરાબ નથી. ખેતરોમાં ધન-ધાન્ય પુષ્કળ પાકતું જણાઈ આવે છે. લોકોનો આહાર પણ ઠીક છે. પહાડોનો દેખાવ ઘણો રમણીય અને મનોરમ છે. બ્રહ્મપુત્રાની ખીણની શોભા તો અતુલનીય છે એમ કહીએ તો ચાલે. અમારા પશ્ચિમ બંગાળા કરતાં આ દેશના લોકો વિશેષ મજબૂત અને કર્મશીલ હોય તેમ જણાય છે. * * * * * પરંતુ તે લોકો ખાવા-પીવામાં તેલ તથા ચરબીનો બહુ ઉપયોગ કરે છે તે ઠીક નથી. તેલ તથા ચરબી વિશેષ ખાવાથી શરીરમાં મેદનો ભાગ વધી જાય છે.

શિષ્યઃ—ત્યાંના લોકોનો ધર્મભાવ કેવો જણાયો?

સ્વામીજીઃ—ધર્મભાવના સંબંધમાં તો મેં જોયું કે તે લોકો પ્રાચીન પ્રથાના અનુગામી, ક્ષુદ્ર હૃદયના કાંઇક વિશેષ છે. જેઓ ઉદારભાવે ધર્મ કરવાનો દંભ રાખે છે, તેઓમાંના અનેકો ધર્મની ઝનુનવાળા, પોતાનોજ કક્કો ખરો કરનારા થઇ પડયા છે. ઢાકામાં હું જ્યારે મોહિનીબાબુને ત્યાં હતો ત્યારે એક દિવસે એક છોકરે મારી પાસે એક ફોટોગ્રાફ લાવી મને કહ્યું કેઃ—“મહાશય, કહો જોઇએ, આ કોણ હશે? ઇશ્વરી અવતાર છે, એમ આપને લાગે છે કે નહિ?” મેં તેને બહુ બહુ સમજાવ્યો અને કહ્યું કેઃ—“બાપુ, મને તે વિષે કાંઇ ખબર નથી.” છતાં પેલે છોકરે પોતાની જીદ છોડી નહિ ત્યારે મારે ન છુટકે છેવટે કહેવું પડયું કેઃ—“બાપુ, અત્યારે તો ખૂબ ખાઓ-પીઓ ને લહેર કરો. એમ થશે તોજ તમારાં મગજ કાંઇક ખીલી શકશે. પુષ્ટિકારક ખોરાક નહિ મળવાથી

તમારૂં મગજ પણ સૂકાઇને કઠોર બની ગયું છે." મારા આ શબ્દોથી, ઘણું કરીને પેલા છોકરાને બહુજ અસંતોષ થયો હશે; પણ આવા સ્થળે બીજું શું કરવું? તુંજ કહે? એમ કહ્યાવિના ધીમે ધીમે છોકરાઓ ગાંડા જેવા બની જશે!

જેવે તેવે સ્થળે અવતારી પુરૂષો જન્મતા નથી.

શિષ્ય:–અમારા પૂર્વબંગાળમાં આજકાલ અનેક અવતારોનો અભ્યુદય થાય છે!

સ્વામીજી:—અનેક મનુષ્યો પોતાના ગુરૂને ઈશ્વરી અવતાર માને એ સ્વાભાવિક છે; કારણ કે તેમ કર્યાવિના તેમની શ્રદ્ધા ટકી શકે નહિ; પરન્તુ એટલું ચોક્કસ છે કે જેવે તેવે સ્થળે અને જેવે તેવે સમયે ભગવાનનો અવતાર સંભવતો નથી. એક ઢાકામાંજ ત્રણ–ચાર અવતારી પુરૂષો વર્તમાન છે, એમ મારા સાંભળવામાં આવ્યું છે!

શિષ્ય:—તે દેશની સ્ત્રીઓના સંબંધમાં આપનો શું અભિપ્રાય છે!

સ્વામીજી:—સ્ત્રીઓ તો લગભગ બધી એકસરખી છે. ઢાકામાં વૈષ્ણવભાવના વિશેષરૂપે જોવામાં આવી. મી. હ...ની સ્ત્રી બહુ જ બુદ્ધિમતી હોય એમ મને જણાયું. મારા ભોજન–વ્યવહાર માટે તેણીએ બહુ સુંદર અને ઉત્તમ વ્યવસ્થા કરી હતી.

નાગમહાશયને ત્યાં આનંદવાસ.

શિષ્ય:—મેં એમ સાંભળ્યું છે કે નાગમહાશયને ત્યાં પણ આપ પધાર્યા હતા!

સ્વામીજી:—હા–હા–એટલે બધે દૂર જવા છતાં એવા મહા પુરૂષનું જન્મસ્થાન જોવા ન જઉં એ બનેજ કેમ? નાગમહાશયની સ્ત્રીએ મારો બહુ આદર–સત્કાર કર્યો હતો. ઘર પણ કેવું મનોરમ! જાણે શાંતિ–આશ્રમ. તેમના ઘરની પાસેજ એક સુંદર તળાવ હતું. ત્યાં સ્નાન કરવાની પણ બહુ મજા પડી! સ્નાન કર્યા પછી અને તળાવમાં ખૂબ તર્યા પછી નિદ્રા પણ એવી સરસ આવી કે બે ત્રણ કલાક સુધી ઉંઘમાંજ પડ્યો રહ્યો! મારી આખી જીંદગીમાં સુનિદ્રાના જે થોડા પ્રસંગો આવ્યા છે તેમાં નાગમહાશયના ઘરવાળો પ્રસંગ પણ ઉમેરી શકાય. ઉંઘમાંથી ઉઠયા પછી ભૂખ પણ એવી કડકડીને લાગી કે ભોજન કરવામાં કાંઇ કચાશ રાખી નહિ! નાગમહાશયની સ્ત્રીએ એક વસ્ત્ર મને આપ્યું હતું, તે વસ્ત્ર માથા ઉપર વીંટાળી હું ઢાકા ભણી રવાના થયો હતો. નાગમહાશયના ફોટાની પૂજા થતી મેં જોઇ છે. તેમનું સમાધિ કરવાનું સ્થાન સારી રીતે સુરક્ષિત કરવાની જરૂર છે. હજી જેવું જોઇએ તેવું એ સ્થાન બન્યું નથી.

શિષ્ય:–નાગમહાશયને, ત્યાંના લોકો બરાબર સમજી શક્યા હોય તેમ જણાતું નથી.

સ્વામીજી:—મહાપુરૂષોને જનસમાજનો મોટો ભાગ એકાએક સમજી શકે, એમ કોઇ દિવસ બને નહિ. જેઓ તેમનો સત્સંગ કરે છે તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે!

ચીફ કમીશનરની સ્વામીજી પ્રત્યે લાગણી.

શિષ્ય:—કામાખ્યમાં આપે શું શું જોયું ?

સ્વામીજી:—શિલમ પહાડ બહુ સુંદર છે. ત્યાં ચીફ કમીશનર કોટન સાહેબ સાથે મારે મેળાપ થયો હતો. તેમણે મને પૂછ્યું કે:—" સ્વામીજી, યૂરોપ અને અમેરિકા જેવા દૂર દેશાવરોમાં ફરી આવ્યા પછી આટલે બધે દૂર આવેલા પર્વતીય પ્રાંતમાં એવું તે શું જોવાનું હતું ? " કોટન સાહેબ જેવા પવિત્ર માણસો બહુ ઓછા હશે. મને શરીરે ઠીક નથી એમ સાંભળવાની સાથેજ તેમણે એક સરકારી ડૉકટરને મારી સારવાર માટે મોકલી આપ્યો હતો. તેઓ સવાર–સાંજ બન્ને વખતે મારી ખબર લેવા આવતા. ત્યાં આગળ બહુ લેકચર–ફેકચર થઇ શકયાં નહિ; કારણ કે શરીર બહુજ ખરાબ થઇ ગયું હતું. રસ્તામાં નિતાઇએ મારી ખૂબ શુશ્રૂષા કરી.

" હંકર " નામના દેવની માનતા.

શિષ્ય:—ત્યાંનો ધર્મભાવ કેવો જણાયો ?

સ્વામીજી:—દેશ તંત્ર–પ્રધાન હોય એમ મને લાગ્યું. " હંકર " નામના દેવનું એક નવું નામ મારા સાંભળવામાં આવ્યું. તે " હંકર " ને ત્યાં એક અવતાર તરીકે લેખી તેમની પૂજા વગેરે કરવામાં આવે છે. તેમના ભકતોનો સંપ્રદાય પણ બહુ મોટો હોય એમ જણાયું. " હંકર " દેવ એ શંકરાચાર્યના નામનુંજ રૂપાંતર હશે કે કેમ તે બરાબર સમજાયું નહિ. તેઓમાં ઘણાખરાઓ ત્યાગી છે અથવા તો તાંત્રિક સંન્યાસી છે એમ પણ કહી શકાય; પરંતુ શંકરાચાર્યનોજ તે એક સંપ્રદાયવિશેષ છે, એમ માનીએ તો કાંઇ ખોટું નથી.

શિષ્ય:—નાગમહાશયની માફક આપને પણ ત્યાંના લોકો સમજતા હોય એમ મને લાગતું નથી.

સ્વામીજી:——મને સમજે યા ન સમજે, પણ તમારા કરતાં તે લોકોમાં રજોગુણ બહુ પ્રબળ છે. વખત જતાં તેમાં ઑર ઉમેરો થાય એવો પણ સંભવ છે. જે ચાલ–ચલણને તમે લોકો સભ્યતા અથવા શિષ્ટાચારના નામથી ઓળખો છો, તેનો પ્રવેશ તે પ્રદેશમાં હજી બરાબર થયો નથી; તે પણ ધીમે ધીમે થઇ રહેશે. સર્વદા રાજધાનીમાંથીજ કાળક્રમે સુધારો તથા નવા રીત–રિવાજો પ્રચલિત થાય છે. પાશ્ચાત્ય દેશમાં પણ તેમજ થાય છે. જે દેશમાં નાગમહાશય જેવા મહાપુરૂષો જન્મ્યા છે, તે દેશને માટે ચિંતા રાખવાનું કાંઇ કારણ નથી. તે એકજ પુરૂષના પ્રકાશથી પૂર્વબંગાળ ઉજ્વળ બન્યો છે.

પ્રત્યેક આચાર–વિચારનું લક્ષ એકજ છે.

શિષ્ય:—પરન્તુ સાધારણ મનુષ્યો તેમને બરાબર ઓળખી શકયા નથી.

તેઓ પણ બહુ એકાંતમાં રહેવાનું રાખે છે.

સ્વામીજીઃ—તે દેશમાં ખાવા–પીવા સંબંધે લોકોમાં બહુ ચર્ચાઓ થતી હોય એમ મને જણાયું. " અમુકના હાથનો આહાર કેમ લેવાય ? " ઇત્યાદિ નજીવા પ્રશ્નોને તેઓ અત્યંત મહત્વ આપી દે છે. હું તો તેઓને ખુલ્લે–ખુલ્લું કહી દેતો કેઃ–" ભાઇ, હું તો સંન્યાસી–ફકીર છું–મારે તે વળી આચાર–વિચાર કેવા ? "તારા શાસ્ત્રમાં પણ શું એમ નથી કહ્યું કેઃ–" **चरेत् माधुकरीं वृत्तिमपि म्लेच्छकुलादपि** "–મ્લેચ્છો પાસેથી પણ માધુકરી લેવામાં અમને હરકત નથી. છતાં હૃદયમાં ધર્મની નિષ્ઠા દૃઢ થાય તે માટે, અલબત્ત, બાહ્ય આચાર–વિચારોને પણ માન આપવું જરૂરતું છે. **શાસ્ત્રજ્ઞાનને પોતાના જીવનમાં વ્યાવહારિક રૂપ આપવું જોઇએ;** એટલાજ માટે આચાર–વિચારો અવશ્યના છે. ગુરૂદેવ પેલી " પંચાંગ અને પાણી " વાળી વાર્તા કહેતા તે યાદ છે કે ? * આચાર-વિચારો મનુષ્યોના અંતઃકરણની મહાશક્તિને સ્ફુરાવવામાં માત્ર સાધનરૂપ છે. અંતરની શક્તિઓ જાગ્રત થાય અને મનુષ્ય પોતાનું યથાર્થ સ્વરૂપ સંપૂર્ણ રીતે સમજી શકે, તેટલા માટેજ સર્વ શાસ્ત્રોની રચના થઇ છે. સાધનો કેટલાંક વિધિરૂપે તો કેટલાંક નિષેધરૂપે, એમ બે પ્રકારનાં છે: પરંતુ ઉદ્દેશને એક બાજુ મૂકી **દઈ કેવળ સાધનો સંબંધી ઝગડા કરવાથી શું કલ્યાણ થઇ શકે?** જ્યાં જોશો ત્યાં કેવળ સાધનોની ખાતરજ મારામારી ચાલી રહી છે. ઉદ્દેશ શું, લક્ષ શું, સાધ્ય શું તે તરફ તો કોઇની નજર પણ જતી નથી. લોકોને " ઉદ્દેશ " પ્રત્યે વાળવા તે માટેજ ગુરૂદેવે આ કાળે આ દેશમાં જન્મ ધારણ કર્યો હતો. ધર્મની " અનુભૂતિ " એજ માત્ર એક સારવસ્તુ છે. હજારો વર્ષ સુધી ગંગાસ્નાન જેવાં બીજાં બાહ્ય કર્મો કર્યા કરો,; પણ જો તેથી આત્મવિકાસમાં કાંઇ સહાયતા ન મળે તો સમજવું કે એ સર્વ નિરર્થક છે. તેજ રીતે બાહ્યાચારને મહત્ત્વ આપ્યાવિના પણ જો કોઇ આત્મદર્શન કરી શકે તો સમજવું કે તેનો અનાચાર પણ એક પ્રકારના શ્રેષ્ટાચાર સમાન છે. આત્મદર્શન પછી પણ લોકસંસ્થિતિ અર્થે સહેજસાજ આચાર–વિચાર પાળ્યા હોય તો ઠીક. જ્યારે વિષયમાં દૃઢ એકાગ્રતા થાય અને મનની અન્ય સર્વ વૃત્તિઓ શાંત થાય, ત્યારેજ એક વિષયના ઉંડાણમાં ઉતરી શકાય છે. મેં જોયું છે કે અનેક માણસો બાહ્ય આચાર-

---

* પંચાંગમાં લખ્યું હોય કે આ વર્ષે મુશળધાર વરસાદ પડશે, હવે એજ પોથીને જો કોઇ નીચોવે તો તેમાંથી પાણીનું એક ટીપું પણ પડે નહિ. તેવીજ રીતે શાસ્ત્રમાં લખ્યું છે કે અમુક–અમુક આચાર–વિચારો પાળવાથી ઈશ્વરનાં દર્શન થાય, પણ તેમ નહિ કરતાં કોઇ મનુષ્ય કેવળ શાસ્ત્રોનેજ નીચોવ્યા કરે તો તેને ઈશ્વર–દર્શનરૂપ ફળ કેવી રીતે પ્રાપ્ત થાય ?

" શ્રીરામકૃષ્ણ પરમહંસની ઉક્તિ. "

વિચાર અને વિધિનિષેધની જાળો રચવા અથવા ફેલાવવામાંજ પોતાનો સમય વૃથા ગુમાવી દે છે. આત્મચિંતન કરવાનો તેમને અવકાશ પણ મળતો નથી. તુંજ વિચાર કરી જો કે રાત્રિ–દિવસ વિધિનિષેધની ખાઇમાં પડયા રહેવાથી આત્મા પોતાનો વિશાળભાવ પ્રાપ્તજ કેવી રીતે કરી શકે ? **જેમ જેમ એક માણસને આત્માનુભૂતિ થતી જાય છે તેમ તેમ તેના વિધિનિષેધ પણ શિથિલ થતા જાય** છે. આચાર્ય શંકર કહે છે કે:–" **निस्त्रैगुण्यै पथि विचरतां को विधिः को निषेधः।** " ટુંકામાં આત્માની અનુભૂતિ એજ એક મહત્ત્વની વાત છે; અને એજ સર્વ પ્રાણીમાત્રનું લક્ષ્ય–સાધ્ય તથા ઉદ્દેશ્ય હોવું જોઇએ. મત–મતાંતરો તો રસ્તામાત્ર છે. જે મનુષ્ય જેટલે અંશે ત્યાગ કરી શકે તેટલે અંશે તે ઉન્નતિની કસોટીમાંથી–પરીક્ષામાંથી પસાર થયો છે એમ માનવું. કામ–કાંચનની આસક્તિ જેને ન હોય, તે ગમે તે મતનો કે ગમે તે પંથનો હોય તોપણ તેના આત્માની શક્તિ જાગ્રત થઇ છે, એમ ચોક્કસ માની લેવું. **એક મનુષ્ય જેટલે દરજ્જે ખરો ત્યાગ કરી શકે તેટલે દરજ્જે તેના આત્માનુભવનાં દ્વાર ખુલી જાય છે. તમે ભલેને હજારો આચારો પાળો, હજારો વિધિનિષેધોને કાળજીથી વળગી રહો અને હજારો શ્લોકો મુખથી કડકડાટ બોલી જાઓ,** પણ જો ત્યાગવૃત્તિ તમારામાં ન સ્ફુરે તો એ બધું ફોગટ છે. આત્માની અનુભૂતિ માટે તૈયાર થાઓ ! પ્રયત્ન કરો ! શાસ્ત્ર–ફાસ્ત્ર વાંચવામાં કાંઇ બાકી રાખી નહિ, તોય તેથી તારા આત્માનો કેટલો ઉદ્ધાર થયો તે કહે જોઇએ ? પરાવિદ્યા પ્રાપ્ત કરવી હોય તો વિદ્યા અને અવિદ્યાની પણ પેલી તરફ ચાલ્યો જા.

જનક વિદેહી બનવાનો દંભ ત્યજી દો.

શિષ્યઃ—આપની કૃપાથી બધી વાત તો સમજી શકું છું; પણ દુર્દૈવવશાત્ દૃઢ ધારણા થઇ શકતી નથી.

સ્વામીજીઃ––દૈવ–ફૈવને એક બાજુ ફેંકી દે. પૂર્વજન્મના કર્મફળરૂપે તને આ દેહ મળ્યો છે, એ વાત જો તને સત્ય લાગતી હોય તો આજ દેહદ્વારા કર્મની જાળ તોડી નાખી, આજ દેહે જીવન્મુક્તિ કેમ પ્રાપ્ત ન કરી શકે ? મુક્તિ અથવા આત્મજ્ઞાન એ તારા પોતાનાજ હાથમાં છે, એ વાત હું તને ખાત્રીપૂર્વક કહું છું. જ્ઞાનમાં કર્મને લેશ પણ સ્થાન નથી; છતાં **જીવન્નમુક્ત થયા પછી પણ જેઓ કર્મ કરતા હોય તેઓ परहिताय** કર્મ કરે છે એમ સમજવું. તેવા પુરૂષો સારા–નરસા ફળ તરફ દૃષ્ટિપાત કરતા નથી, વાસનાનું બીજજ તેમના અંતઃકરણમાં નથી હોતું. સંસાર–આશ્રમમાં રહીને એવા પ્રકારનાં યથાર્થ પરહિતાય કર્મ થાય એ અસંભવિત છે. સમસ્ત હિંદુશાસ્ત્રોમાં માત્ર એક જનક રાજાનુંજ એવું દૃષ્ટાંત મળી શકે છે કે જેણે સંસાર–આશ્રમમાં રહીને જીવન્મુક્તિ પ્રાપ્ત

કરી હોય. તમે લોકો તો સંસારમાં રચ્યા–પચ્યા રહી દર વર્ષે એક છોકરાનો જન્મ આપતા જાઓ છો, છતાં જનક વિદેહી બનવાનો પણ લોભ રાખી રહ્યા છો, એ બન્ને એક સાથે બનીજ કેમ શકે ?

મનને સાધ્ય વસ્તુ પ્રતિ દૃઢ કરવું તેનુંજ નામ પુરૂષાર્થ.

શિષ્ય:—આજ દેહે આત્માનુભૂતિ પ્રાપ્ત કરી શકું એવી કાંઇક કૃપા કરો.

સ્વામીજી:—કાંઇ હરકત નહિ. તારા મનની એકાગ્રતા જો તું કરી શકશે તો હું ખાત્રીપૂર્વક કહું છું કે આજ જન્મમાં તને આત્માનુભૂતિ થઇ શકશે. અલબત્ત તેમાં પુરૂષાર્થ જોઇએ. પુરૂષાર્થ એટલે શું તેની ખબર છે? પુરૂષાર્થ એટલે બીજું કાંઇ નહિ, પણ “ આત્મજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરીશ, માર્ગમાં ગમે તેટલાં વિઘ્નો આવશે તોપણ તેને દૂર કરીશ, વિપત્તિઓની સામે ઉભો રહી તેમને પરાજિત કરીશ ” એવો દ્રઢ સંકલ્પ, તેજ પુરૂષાર્થ. મા, બાપ, ભાઇ, બહેન, સ્ત્રી, પુત્ર વગેરે મરે તો ભલે મરે, આ દેહ રહેતો હોય કે પડતો હોય તો તેની પણ પરવા નથી; પરન્તુ જ્યાં સુધી આત્મદર્શન નહિ થાય ત્યાં સુધી હું પીઠ ફેરવીને પાછું પગલું નહિજ ભરૂં. એ પ્રમાણે સર્વ વિષયોની ઉપેક્ષા કરી મનને માત્ર લક્ષ્ય ભણી અગ્રેસર કરતા જવું તેનુંજ નામ પુરૂષાર્થ. તે સિવાયના બીજા પુરૂષાર્થો તો પશુઓ પણ કરે છે. મનુષ્યોને આ દેહ મળ્યો છે તે એટલાજ માટે કે તેની સહાયથી તેઓ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે. સંસારનો પ્રવાહ જે કેટલાએ લાંબા કાળથી ધોધબંધ વહ્યો જાય છે અને જેમાં લાખો પ્રાણીઓ તણાયા જાય છે, તેમાં તું પણ તને પોતાને તણાતો મૂકી દે તો પછી તારો પુરૂષાર્થ કયાં રહ્યો? જગતમાં જેટલા પ્રાણીઓ તું જુએ છે તે સર્વ માત્ર મરવા માટેજ જન્મ્યા છે. માત્ર તુંજ એક અમર થવાને–મૃત્યુ ઉપર જય મેળવવાને આવ્યો છે, એ વાત કદાપિ વિસરી જઇશ નહિ. મહાવીરની માફક આગળ વધ ! આસપાસ કયાંઇ દ્રષ્ટિ સુદ્ધાં નાખીશ નહિ. શરીર કયાં સુધી ટકી રહેવાનું છે? સુખ–દુઃખો પણ કયાં સુધી ચાલવાનાં હતાં? સદ્‌ભાગ્યે માનવદેહ મળી ગયો છે તો અંતરના આત્માને જાગ્રત કરવામાં શા માટે આળસ કરે છે? આત્માને જાગ્રત કર અને છાતી ઠોકીને કહે કે:–“ હું અભયપદ પ્રાપ્ત કરી ચૂકયો છું–હવે મને ભય–ચિંતા જેવું કાંઇજ નથી. ” “ હું આત્મા છું, મારૂં નિર્માલ્ય “અહંપણું” નાશ પામ્યું છે, ” એમ અંતઃકરણના ઉંડા ભાગમાંથી બોલ અને એમ કરતાં કરતાં અંતે સિદ્ધનું પદ પ્રાપ્ત કર ! અને તે પ્રાપ્ત કર્યા પછી જ્યાં સુધી દેહ ટકી રહે ત્યાં સુધી લોકોને આ નિર્ભયવાણી સંભળાવ્યા કરજે કે:–“ **तत्त्वमसि, उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत ।**” આટલું જો તારાથી બની શકશે તોજ હું માનીશ કે તું ખરો બંગાળી.

प्रसंग ३९ मो.

(સ્થાન-બેલુડ મઠ. ઇ. સ. ૧૯૦૨)

સ્વામીજીની માંદગી

આજે ગુરૂદેવનો-શ્રીરામકૃષ્ણ પરમહંસની જન્મતિથિનો મહા મહોત્સવ હતો. સ્વામીજીએ પોતાના જીવનમાં જે છેલ્લો ગુરૂદેવનો મહોત્સવ જોયો, તે આજ હતો. આ ઉત્સવ પછી થોડાજ દિવસે સ્વામીજીએ દેહત્યાગ કર્યો. ઉત્સવની પહેલાંજ સ્વામીજીનું શરીર બગડી ગયું હતું. માળ ઉપરથી નીચે ઉતરી શકાય તેમ પણ નહોતું; તેમજ પગે સોજા ચડી આવેલા હોવાથી હાલવા-ચાલવામાં બહુ દર્દ થતું હતું. ડૉક્ટરોએ સ્વામીજીની સાથે બહુ વાર્તાલાપ કરવાનો નિષેધ કર્યો હતો.

શિષ્ય ગુરૂદેવ સંબંધી એક સ્તોત્ર સંસ્કૃતમાં રચી છપાવી લાવ્યો હતો. સ્વામીજીના ચરણકમળનો સ્પર્શ કરીને તે સ્તોત્ર તેમની સેવામાં રજુ કર્યું. આ વખતે સ્વામીજી તકીયાને અઢેલીને બેઠા હતા. શિષ્ય તેમના પગ ઉપર ધીમે ધીમે હાથ ફેરવવા લાગ્યો. સ્વામીજીએ સ્તોત્ર વાંચવા માંડ્યું તે પહેલાં શિષ્યને કહ્યું કે:-"બહુ ધીમે ધીમે હાથ મૂકજે, પગમાં બહુ સખત વેદના થાય છે." શિષ્ય પણ તે પ્રમાણેજ કરવા લાગ્યો.

સ્તોત્ર વાંચી રહ્યા એટલે આનંદમય વદને સ્વામીજીએ કહ્યું કે:-"બહુ સારૂં થયું છે." અફસોસ! શિષ્યની રચનાની પ્રશંસા સ્વામીજી હવે આ દેહથી બીજીવાર કરવાના નહોતા, તેમ તે બિચારો તે વખતે ક્યાંથી સમજી શકે?

સ્વામીજીની શરીરપ્રકૃતિ દિવસે દિવસે વિશેષ ખરાબ થતી જાય છે, એમ જોઇ શિષ્યને હૃદયમાં બહુ લાગી આવ્યું અને આંખમાં ઝળઝળીઆં આવી ગયાં!

સ્વામીજી શિષ્યના મનોભાવો સમજી ગયા. તેથી તેમણે કહ્યું કે:-"એમાં ચિંતા કરવા જેવું શું છે? **શરીર જન્મ્યું છે તે એક વખત મરવુંજ જોઇએ.** અમારી ભાવનાઓ તમારામાં પ્રવેશ કરી શકશે તો અમે એમ માનીશું કે અમારૂં દેહધારણ નિષ્ફળ નથી ગયું!

"ત્યાગ" એજ એક મૂળમંત્ર.

શિષ્ય:—અમે આપની દયાને માટે કોઇ રીતે અધિકારી નથી; છતાં આપે આપની દયાને લઇનેજ અમને આપના પોતાના બનાવ્યા છે. આપની દયાના પ્રતાપે અમે ખરેખર ભાગ્યશાળી બન્યા છીએ.

સ્વામીજી:—"ત્યાગ" એજ એક સર્વનો મૂળ મંત્ર છે, એ વાત નિરંતર સ્મરણમાં રાખજે. ત્યાગ-મંત્રથી દીક્ષિત ન થાય ત્યાં સુધી બ્રહ્માદિ પણ મુક્તિને માટે અધિકારી નથી.

શિષ્ય:—મહાશય, આપના શ્રીમુખથી એ વાત અનેકવાર સાંભળવામાં આવ્યા છતાં હજી સુધી એવી દૃઢ ધારણા ન થઇ અને સંસારની આસક્તિઓ શિથિલ ન થઇ; તેથી બહુ પરિતાપ થયા કરે છે. આશ્રિત–દીન સંતાનને આશીર્વાદ આપો કે આપે કહ્યું તેવી દૃઢ ધારણા આ સેવકને થઇ શકે.

સ્વામીજી:—ત્યાગવૃત્તિ અવશ્ય આવશે, તોપણ **कालेनात्मनि विन्दति**–દરેક વસ્તુને અમુક સમય હોય છે. પૂર્વજન્મના સંસ્કારો નાશ પામશે એટલે ત્યાગવૃત્તિ પોતાની મેળેજ સ્ફુરવા લાગશે !

આ વાત સાંભળી શિષ્ય અતિ દીનભાવથી સ્વામીજીના પાદપદ્મ ઉપર હાથ મૂકી ચિંતા કરતો બેસી રહ્યો. થોડી વારે તેણે કહ્યું કે:–" મહાશય, આ દીન દાસને પ્રત્યેક જન્મે આપના પાદપદ્મમાંજ આશ્રય આપો, એવી મારી અંતઃકરણપૂર્વક પ્રાર્થના છે. આપના સત્સંગમાં રહેવાનું મને મળે તો હું બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિને પણ તુચ્છ લેખું."

સ્વામીજી ઉત્તર આપ્યાવિના કોઇ ઊંડા વિચારમાં ગરકાવ થઇ ગયા. શિષ્યને એમ લાગ્યું કે તે વખતે તેઓ (સ્વામીજી) દિવ્ય દ્રષ્ટિના બળથી શિષ્યના ભાવી જીવનની છબી નિરખતા હોવા જોઇએ. થોડી ક્ષણો વીત્યા પછી કહ્યું કે:–" લોકોનો કોલાહલ (ઉત્સવમાં એકત્ર થએલા જનસમાજના ઉદ્ગારો) સાંભળવાથી શું દી વળવાનો હતો ? આજે તો તું મારી પાસેજ રહી જા. નિરંજનને બારણા પાસે બેસાડ અને તેને કહે કે અહીં આવીને મને કોઇ પજવે નહિ તેનો બંદોબસ્ત કરે." શિષ્ય દોડતો નિરંજનાનંદ સ્વામી પાસે ગયો અને સ્વામીજીની આજ્ઞા કહી સંભળાવી. તેજ વખતે સ્વામી નિરંજનાનંદ કાર્યોને એક બાજુ પડતાં મૂકી, માથે પાઘડી બાંધી તથા હાથમાં મોટી લાકડી લઇ, સ્વામીજીના બારણા પાસે આવીને બેઠા.

ત્યાર બાદ ઓરડાનાં દ્વાર બંધ કરી શિષ્ય પુનઃ સ્વામીજી પાસે આવ્યો. આજે સ્વામીજીની સેવા કરવાનો અપૂર્વ લાભ મળેલો જોઇ શિષ્ય મનમાં બહુ હર્ષ પામ્યો. સ્વામીજીની પાદસેવા કરતાં કરતાં નાના બાળકની પેઠે મનમાં આવે તેવા પ્રશ્નો તે બેધડક રીતે સ્વામીજીને પૂછવા લાગ્યો. સ્વામીજી પણ હસતા મુખે તેના પ્રશ્નોના ઉત્તરો ધીમે ધીમે આપતા ગયા. તે દિવસે નીચે પ્રમાણે વાર્તાલાપ થયો.

" ગુરૂદેવના જન્મોત્સવ "માં ફેરફાર કરવાની જરૂર.

સ્વામીજી:—મને એમ લાગે છે કે આજકાલ ગુરૂદેવનો જન્મોત્સવ જે રીતે થાય છે, તેમાં બહુ ફેરફાર કરવો જોઇએ. આજે એકજ દિવસમાં ઉત્સવનું કામ પતી જાય છે, તેમ નહિ કરતાં ત્રણ ચાર દિવસ સુધી ચાલે એવી યોજના ઘડી

કાઢવી જોઇએ. પ્રથમ દિવસે બને તો શાસ્ત્રાદિનું વાચન અને તેની વ્યાખ્યાઓ થવી જોઇએ. બીજે દિવસે વેદ–વેદાંત સંબંધી ચર્ચાઓ અને નિર્ણયો થવા જોઇએ; અને ત્રીજે દિવસે પ્રશ્નોત્તરનો વર્ગ ખુલ્લો મૂકવો જોઇએ. આ પ્રમાણે ત્રણ દિવસ પસાર થાય તે પછી ભાષણો કે લેકચરોને માટે એક દિવસ રાખવો; છેવટે આજ-કાલ અહિં જેવો ઉત્સવ થાય છે તેવો ઉત્સવ કરવો. દુર્ગાપૂજામાં ચાર પાંચ દિવસો સુધી ધામધૂમ થાય છે તેજ પ્રમાણે ગુરૂદેવના ઉત્સવો નિમિત્તે પાંચ છ દિવસ નક્કી કરી રાખવા જોઇએ. આવી યોજનાથી ઉત્સવ થાય તો હું ધારૂં છું કે ગુરૂદેવ પ્રત્યે પરમ ભકિત અને શ્રદ્ધા ધરાવનારા ભકતો સિવાય બીજા પણ તેમાં ભાગ લેવાને તૈયાર થાય. સાધારણ માણસોને તો છેલ્લો દિવસજ ઠીક પડશે. કદાચ બહુ માણસો ઉત્સવમાં એકત્ર ન થાય તોપણ શું થયું ? બહુ લોકો એકત્ર થાય તોજ ગુરૂદેવની ભાવનાનો પ્રચાર થાય, એવું છેજ નહિ !

શિષ્ય:—મહાશય, આપની કલ્પના બહુ સુંદર છે. આવતી વખતે તેમજ કરીશું. આપની ઇચ્છાને અમલમાં લાવવી એ અમારૂં મુખ્ય કર્તવ્ય છે.

સ્વામીજી:—હવે અમારાથી તો કાંઇ બને તેમ નથી; ભવિષ્યમાં જે કાંઇ કરવાનું છે તે તમારેજ કરવુંજ પડશે.

ગુરૂદેવની લીલામાં અભિનેતા પાત્રો.

શિષ્ય:—આ વખતે કીર્તન કરનારા માણસો બહુ આવ્યા છે.

સ્વામીજી એ વાત સાંભળી દક્ષિણ દિશાની બારીમાં સળીયા પકડીને ઉભા રહ્યા, તથા એકત્રિત થએલી ભક્તમંડળીને ધ્યાનપૂર્વક નિરખી, થોડી વાર પછી પથારી ઉપર આવીને બેઠા. ઉભા રહેવાથી બહુ કષ્ટ થયું હશે એમ ધારી શિષ્ય તેમના મસ્તક ઉપર ધીમે ધીમે પંખો કરવા લાગ્યો.

સ્વામીજી:—તમે લોકો ગુરૂદેવની લીલામાં એક પ્રકારનાં અભિનેતા પાત્રો છો. હવે પછી–મારી પોતાની વાતને એક બાજુએ રહેવા દે–લોકો તમારીજ કીર્તિ ગાવા લાગશે; કારણ કે આજ પર્યંત તેં જે જે સ્તોત્રો અને સ્તુતિઓ ગુરૂદેવને ઉદ્દેશીને લખી છે તે સર્વ સ્તુતિઓ લોકો કંઠસ્થ કરશે અને પ્રેમથી તેનું ગાન કરશે. આથી સ્તોત્રો રચનારની પણ પ્રશંસા થયાવિના રહેશે નહિ. પરન્તુ આ વાત કદાપિ ભૂલી જઇશ નહિ કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ એજ આપણું સર્વનું એક માત્ર લક્ષ છે. અવતારી પુરૂષરૂપી જગદ્‌ગુરૂ પ્રત્યે ભકિત જન્મે તો એ જ્ઞાન કાળક્રમે પોતાની મેળે ઉદ્‌ભવે એ સ્વાભાવિક છે.

શિષ્ય છાનોમાનો બેસી રહ્યો અને ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો.

શિષ્ય:—મને એવું જ્ઞાન થાય એમ આપને લાગે છે ?

સ્વામીજી:—ગુરૂદેવના આશીર્વાદથી તને જ્ઞાન–ભક્તિ અવશ્ય સ્ફુરશે; પરંતુ

સંસારાશ્રમમાં કોઇ ખાસ સુખ તને મળે એમ હું ધારતો નથી.

શિષ્ય, આ પ્રમાણેની વાત સાંભળી સહેજ ચિંતાતુર થયો અને ભવિષ્યમાં પોતાના સ્ત્રી-પુત્રોની શું સ્થિતિ થશે તે સંબંધી વિચાર કરવા લાગ્યો.

શિષ્યઃ—આપ કૃપા કરીને મારા મનનાં બંધનો તોડી નાખો, તોજ મારો છુટકારો થાય. બાકી તો મારે માટે બીજો એકે ઉપાય નથી. આજ જન્મમાં મુક્ત થઇ જઉં એવો આશીર્વાદ આપો.

સ્વામીજીઃ—ભય પામીશ નહિ. આ સ્થાને આવ્યો છે તો વખત જતાં તારૂં સર્વ રીતે કલ્યાણજ થશે.

આત્મજ્ઞાનમાં અન્યની સહાય નિષ્ફળ છે.

સ્વામીજીના પાદપદ્મને શિષ્ય વળગી પડયો અને આંખમાં આંસુ લાવી અતિ દીનભાવે કરૂણાપૂર્ણ શબ્દોમાં કહેવા લાગ્યો કેઃ–" પ્રભુ, આ વખતે ગમે તેમ કરીને મારો ઉદ્ધાર આપને કરવોજ પડશે. તે સિવાય નહિ ચાલે."

સ્વામીજીઃ—કોઇ, કોઇનો કેવી રીતે ઉદ્ધાર કરી શકે તે તુંજ કહે જોઇએ? ગુરૂ તો કેવળ થોડાંઘણાં આવરણો દૂર કરી શકે એટલુંજ. આવરણો ટળી ગયાં એટલે આત્મા પોતેજ પોતાના ગૌરવથી જ્યોતિર્મય બને છે અને સૂર્યની માફક પ્રકાશવા લાગે છે.

ગુરૂકૃપાનો અર્થ.

શિષ્યઃ—તો શાસ્ત્રમાં ગુરૂકૃપા સંબંધે કેમ કંઇ ઉલ્લેખ નથી?

સ્વામીજીઃ—કૃપા એટલે શું તેની તને ખબર છે? જેઓ આત્મસાક્ષાત્કાર કરી શકયા હોય છે તેમનામાં એક પ્રકારની મહાશક્તિ ખીલે છે. તે મહાશક્તિને કેન્દ્રસ્થાન બનાવી થોડે દૂર સુધી જે વ્યાસાર્ધ ખેંચાય અને તેવડે જે એક ગોળાકાર બને તે વર્તુલમાં જેઓ એક વખત આવી જાય તેઓ ઉકત આત્મજ્ઞાની સાધુ પુરૂષની આધ્યાત્મિક શક્તિથી ચૈતન્યયુકત થાય, અર્થાત્ તે સાધુ મહાત્માની તેમને કાંઇક અસર થાય. આ અસરને લઇને સાધન-ભજન નહિ કરવા છતાં પણ તેઓ અપૂર્વ આધ્યાત્મિક ફળના અધિકારી બની શકે છે. આમ થાય તેને જો કૃપા કહી શકાય તો ખુશીથી તેમ કહે.

શિષ્યઃ—તે સિવાય કૃપાને માટે બીજો કોઇ માર્ગ નથી?

સ્વામીજીઃ—છે. જ્યારે અવતારી પુરૂષો જગતમાં જન્મ ગ્રહણ કરે છે ત્યારે તેમની સાથે સાથે મુક્ત અને મુમુક્ષુ પુરૂષો પણ તેમની લીલામાં સહાયતા આપવા અર્થે શરીર ધારણ કરે છે. કોટિ જન્મના અંધકાર દૂર કરી એકજ જન્મમાં મુકત કરી દેવા એ કામ તો કેવળ માત્ર અવતારી મહાપુરૂષોથીજ થઇ શકે એવું

છે. એને પણ કૃપા કહી શકાય છે. સમજાય છે ને ?

શિષ્યઃ—જી, હા. પરંતુ જેઓને તેમનાં દર્શન થયાં ન હોય તેમના માટે કાંઇ ઉપાય ખરો ?

સ્વામીજીઃ—તેમને માટે એકજ ઉપાય છે; અને તે એજ કે તેમને (ગુરૂદેવને) હૃદયપૂર્વક સાદ કર્યા કરવો. સાદ કરતાં કરતાં જ્યારે તેઓ પોતે આપણા જેવું શરીર ધારણ કરીને દર્શન આપે (એવાં દર્શન અનેકને થયાં છે) ત્યારે સમજવું કે તેમની કૃપા આપણા ઉપર થઇ ખરી.

શિષ્યઃ—મહાશય, ગુરૂદેવના દેહત્યાગ પછી આપને એમનાં દર્શન કોઇવાર થયેલાં ખરાં ?

ગુરૂદેવનાં દિવ્યદર્શન.

સ્વામીજીઃ—ગુરૂદેવના દેહાવસાન પછી હું થોડા દિવસો સુધી ગાજીપુરમાં પવહારી બાબા પાસે રહ્યો હતો. પવહારી બાબાના આશ્રમથી થોડે દૂર એક બગીચામાં હું તે વખતે રહેતો. લોકો કહેતા કે આ બગીચામાં બહુ વાર ભૂત દેખાય છે, પણ હું તો તેનાથી ડરી જઉં તેમ નહોતું, તેથી ત્યાંજ રહ્યો. તને તો ખબર છે કે મારા જેવા બ્રહ્માદ્વૈતીને તે વળી ભૂત–ફૂતનો ભય કેવો ? બગીચામાં લીંબુનાં અનેક વૃક્ષો હતાં. મને તે વખતે પેટનું દરદ નિરંતર રહ્યા કરતું; અને અધુરામાં પૂરૂં રોટલી સિવાય બીજી કાંઇ હલકી ભિક્ષા પણ મળી શકતી નહિ; એટલા માટે ખાધેલું અન્ન પચાવવા માટે લીંબુ ખૂબ ખાવાં પડતાં. પવહારી બાબા પાસે અનેકવાર જવું–આવવું થતું તેથી તેમની સાથે બહુ પ્રેમ બંધાયો. તેઓ પણ મને પ્રેમમયી દૃષ્ટિથી જોવા લાગ્યા. એક દિવસે મને એવો વિચાર થયો કે શ્રીરામકૃષ્ણદેવની પાસે આટલો બધો વખત રહ્યો, પણ આ બીમાર દેહને દ્રઢ કરવાનો તો કાંઇ ઉપાયજ મળ્યો નહિ. પવહારી બાબા હઠયોગ બહુ સારો જાણતા હતા, તેથી તેમની પાસે જઇ હઠયોગની ક્રિયાઓ શીખવી અને શરીર દ્રઢ કરવા બની શકે તેટલો યત્ન કરવો એવો સંકલ્પ કર્યો. તું જાણે છેજ કે મારા મનમાં એક વિચાર આવ્યો એટલે ગમે તે રીતે અમલમાં મૂકાય ત્યારેજ મને સંતોષ થાય. આવતી કાલે પવહારી બાબા પાસે જઈ દીક્ષા લેવી એવો નિશ્ચય કરીને રાત્રે, ખાટલામાં સૂતો સૂતો તેજ સંબંધી વિચારો કરતો હતો; એટલામાં મારી દક્ષિણ બાજુએ ગુરૂદેવની મૂર્તિ આવીને ઉભી રહી અને મારી તરફ અનિમેષ નેત્રે જોઇ રહી ! તે સમયે તેઓ બહુ દુઃખિત થયા હોય તેમ સ્પષ્ટરૂપે જણાઇ આવતું હતું ! એક વખત જેમના ખોળામાં માથું મૂક્યું છે, ત્યાંથી ઉપાડી લઇ બીજાને ગુરૂ બનાવવાનો મને શું અધિકાર છે, એવો વિચાર મારા મગજમાં આવતાં હું ગભરાયો અને ગુરૂદેવની મૂર્તિ સામે જોઇ રહ્યો. આ પ્રમાણે લગભગ બે કે ત્રણ

કલાક પસાર થઇ ગયા. મારા મુખમાંથી એક વાત કે એક શબ્દ પણ બહાર નીકળી શક્યો નહિ. ત્યારબાદ તેઓ પણ એકાએક અંતર્ધાન થઇ ગયા! ગુરૂદેવનાં દર્શન થયા પછી મનમાં એવું કાંઇક થઇ ગયું કે પછી પવહારી બાબા પાસે આવતી કાલે દીક્ષા લેવાનો વિચારજ માંડી વાળવો પડ્યો. વળી બે ત્રણ દિવસ પસાર થયા કે પુનઃ પવહારી બાબા પાસે દીક્ષા લેવાનો સંકલ્પ થયો. તે રાત્રિએ પણ આગળની માફકજ ગુરૂદેવે દર્શન આપ્યાં અને મારી સામે જોઇ રહ્યા! આ પ્રમાણે ઉપરા ઉપરી બરાબર એકવીસ દિવસ સુધી ગુરૂદેવનાં દર્શન થયાં! છેવટે પવહારી બાબા પાસે દીક્ષા લેવાનો વિચાર તદ્દનજ માંડી વાળ્યો. મેં વિચાર કર્યો કે જ્યારે જ્યારે દીક્ષા લેવાનો સંકલ્પ કરૂં છું ત્યારે ત્યારે આજ પ્રમાણે દર્શન થયા કરે છે, તેથી પવહારી બાબા પાસેથી મંત્ર લેવામાં મારૂં અનિષ્ટજ હોવું જોઇએ.

શિષ્યઃ—**મહાશય**, એવા સંયોગોમાં આપને એમના સાથે કોઇ સમયે વાર્તાલાપ થયેલો ખરો?

શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપ્યાવિના સ્વામીજી શાંત રીતે બેસી રહ્યા. થોડી વાર રહીને કહ્યું કેઃ–"ગુરૂદેવનાં જેઓને દર્શન થયાં છે, તેઓ ખરેખર ભાગ્યશાળી હોવા જોઇએ. **कुलं पवित्रम् जननी कृतार्था ।** તમને પણ તેમનાં દર્શન થઇ શકશે. અહિંયાં આવી ચડ્યા છો તો અહિંને માટે યોગ્ય છો એમજ માનવું. "રામકૃષ્ણ"નું નામ ધારણ કરી અહિં કોણ આવ્યું હતું તે હજી સુધી કોઇ સમજતું નથી. જેઓ તેમના અંતરંગ તરીકે લેખાતા તેઓ પણ તેમને સંપૂર્ણ રીતે સમજી શક્યા નથી. કોઇ કોઇને તેમના પ્રભાવનો અમુક અંશે પરિચય થયો છે, એટલુંજ માત્ર. સમયના વહેવા સાથે સૌ કોઇ તેમનું યથાર્થ સ્વરૂપ સમજવા લાગશે. આ રખાલ–ટપાલ પણ તેમને સંપૂર્ણ રીતે ઓળખી શક્યા નથી, તો પછી બીજાની તો વાતજ શું કરવી?"

ભગિની નિવેદિતા સ્વામીજીનાં દર્શને.

આ પ્રમાણે વાતો ચાલી રહી હતી, તેટલામાં સ્વામી નિરંજનાનંદે બારણું ખખડાવ્યું. શિષ્યે સ્વામી નિરંજનાનંદને પૂછ્યું એટલે તેમણે જણાવ્યું કેઃ–ભગિની નિવેદિતા તથા બીજી બે–ચાર અંગ્રેજ–મહિલાઓ સ્વામીજીને મળવા આવી છે. શિષ્યે સ્વામીજી પાસે જઇને ઉક્ત સમાચાર નિવેદન કર્યા, એટલે સ્વામીજીએ કહ્યું કેઃ–"આ ઝભ્ભો લાવ તો!" શિષ્યે તે ઝભ્ભો લાવી આપ્યો, એટલે સ્વામીજીએ તે પહેરી લીધો અને બરાબર આસન ઉપર બેઠા. શિષ્યે બારણાં ઉઘાડી નાખ્યાં. ભગિની નિવેદિતા તથા બીજી અંગ્રેજ મહિલાઓએ પ્રવેશ કર્યો. માત્ર થોડી વાર બેસી સ્વામીજીની શારીરિક કુશળતા પૂછી અતિ વિનીતભાવે ત્યાંથી તે મહિલાઓ ચાલી ગઇ.સ્વામીજીએ શિષ્યને કહ્યું કેઃ—"જોયું ને? કેવી સભ્ય છે?

એ સ્થળે જો કોઇ બંગાળી હોય તો આવી બીમારીમાં પણ અર્ધો કલાક સુધી મને હેરાન કર્યાવિના ન જાય ! ” શિષ્યે પુનઃ બારણાં બંધ કર્યાં અને સ્વામીજીને માટે તમાકુ તૈયાર કરવા બેઠો.

બપોરના લગભગ બે–અઢી થયા હશે, મઠના ચોગાનમાં લોકોની એટલી બધી ગીરદી થઇ હતી કે એક તલ મૂકવા જેટલું પણ સ્થાન બાકી રહ્યું નહોતું. ઠેકઠેકાણે ભક્તમંડળીઓ કીર્ત્તનોથી આકાશ ગજાવી રહી હતી ! કોઇ કોઇ પ્રસાદની લ્હાણી કરવા મંડી ગયા હતા ! સ્વામીજી શિષ્યના મનોભાવો સમજી ગયા. તેથી તેમણે કહ્યું કેઃ–“ જા, તારે જોવું હોય તો જોઇને જલદી પાછો આવતો રહેજે. ” શિષ્ય આનંદપૂર્વક બહાર નીકળ્યો અને ઉત્સવ જોવા માણસોની ભીડમાં દાખલ થયો. સ્વામી નિરંજનાનંદ બહાર બારણા પાસેજ બેસી રહ્યા હતા.

દશેક મિનિટ પછી શિષ્ય પાછો ફર્યો અને મહોત્સવમાં જે કાંઇ જોયું તે સઘળું સ્વામીજીને કહી સંભળાવ્યું.

સ્વામીજીઃ—કેટલા માણસો હશે ?

શિષ્યઃ—પચાસ હજાર.

શિષ્યની વાત સાંભળી સ્વામીજી પથારીમાંથી ઉભા થયા અને બારીમાંથી લોકોની ભીડ જોઇને કહ્યું કેઃ–“ નહિ, નહિ, બહુ બહુ તો ત્રીસ હજાર હશે. ”

સાંજે ધીમે ધીમે લોકો વિખરાવા લાગ્યા. લગભગ ચાર વાગે સ્વામીજીના ઓરડાનાં દ્વાર ખુલ્લાં મૂકવામાં આવ્યાં. પણ સ્વામીજીની અનુમતિવિના કોઇ તેમના ઓરડામાં જઇ ન શકે એવો બંદોબસ્ત કરવામાં આવ્યો.

प्रसंग ४० मो.

(સ્થાન–બેલુડમઠ. ઈ. સ. ૧૯૦૨)

સ્વામીજીની સાદાઇ.

વિલાયતથી બીજીવાર હિંદુસ્તાનમાં પાછા ફર્યા પછી સ્વામીજી ઘણોખરો વખત મઠમાંજ વીતાવતા અને મઠની ખર્ચ સંબંધી વ્યવસ્થા પોતે જાતે સંભાળતા. તેમજ બીજાં સાધારણ કામો પણ પોતાના હાથથીજ કરી લેતા. કોઇ વખત પોતે જમીન ખોદવા લાગી જતા તો કોઇ વખત વૃક્ષના કે ફળ–ફૂલના રોપાઓ પણ પોતે જાતે રોપવા લાગી જતા. પ્રસંગોપાત કોઈ નોકર–ચાકર હાજર ન હોય તો પોતાને હાથે વાળવા–ઝાડવાનું કામ પણ કરી લેતા. તે વખતે તેમને કોઈ પૂછે કેઃ–“ અરે, આપ જાતે શા માટે તસ્દી લો છો ? ” તો તેના

ઉત્તરમાં તેઓ જણાવતા કે:–“ આપણી એકલાની થોડી અસ્વચ્છતા, સમસ્ત મઠવાસીઓને દુઃખદાયક થઇ પડે.”

સ્વામીજીનો પશુપ્રેમ.

સ્વામીજીએ મઠમાં કેટલીક ગાયો, બકરીઓ, હંસો તથા કૂતરાં પણ પાળ્યાં હતાં. એક મોટી બકરીને તેઓ “હંસી” ના નામથી બોલાવતા. આ બકરીના દૂધથી તૈયાર કરેલી ચ્હા તેઓ રોજ સવારે પીતા. એક બીજી બકરીને તેઓ “મઠરૂ” (સાકરની મૂર્તિ) ના નામથી બોલાવતા. તેના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવા તેમણે તે બકરીને ગળે એક ઘુઘરી બાંધી હતી. આ બકરી સ્વામીજીની પાછળ પાછળ મઠમાં રોજ ભમ્યા કરતી; અને સ્વામીજી પોતે પણ એક પાંચ વરસના બાળકની પેઠે તેની સાથે રમત કરતા. એ વખતે મઠમાં જો કોઇ નવો માણસ આવતો અને સ્વામીજીની આવી રમત–ગમત જોતો તે તો દિઙ્મૂઢ બની જતો અને કહેતો કે:–“ શું આજ વિશ્વવિજયી સ્વામી વિવેકાનંદ!” કેટલાએક દિવસ પછી આ “મઠરૂ” મરી ગઇ ત્યારે સ્વામીજીએ અતિ ખિન્ન હૃદયથી કહ્યું કે:–“ જો ! હું જેને આવી રીતે ચાહવા લાગું છું તે એમ અકાળેજ મરી જાય છે !”

સદ્‌ગૃહસ્થોની ઉપેક્ષા કરી ગરીબો સાથે સંભાષણ.

મઠની જમીન સાફ કરાવવા તથા માટી ખોદાવવા દર વર્ષે કેટલાક મજુરો તથા મજુરણોને બોલાવવામાં આવતી. સ્વામીજી તેઓની સાથે છુટથી વાતચીત કરતા અને મજુરોનાં સુખ–દુઃખની વાત તેમના પોતાના મુખથી ઘણા પ્રેમપૂર્વક સાંભળતા. એક દિવસે ખાસ કલકત્તાથી કેટલાક સદ્‌ગૃહસ્થો સ્વામીજીનાં દર્શન કરવા મઠમાં પધાર્યા હતા. સ્વામીજી તમાકુ પીતા પીતા તે વખતે મજુરોની સાથે વાતો કરવામાં એટલા બધા તલ્લીન થઇ ગયા હતા કે જ્યારે તેઓને ખબર આપવામાં આવી, કે કલકત્તાના કેટલાક ગૃહસ્થો તેમનાં દર્શન કરવા માટે આવવાની રજા માગે છે, ત્યારે સ્વામીજીએ જણાવ્યું કે:–“ હમણા મને અવકાશ નથી. આ ગરીબ લોકોની દુઃખમય કહાણી સાંભળવી મને અત્યારે ઠીક લાગે છે.” ખરેખરજ તે આખો દિવસ આ દીન–દુઃખી મજુરોને છોડી દઇ નવા આવેલા સદ્‌ગૃહસ્થો સાથે મુલાકાતજ કરી નહિ.

એક મજુરનો સ્વામીજી પ્રતિ નિર્દોષ ઠપકો.

સાંતાળ–મજુરોમાં “કેષ્ટા” કરીને એક માણસ હતો. સ્વામીજી તેને બહુ પ્રેમપૂર્વક બોલાવતા. સ્વામીજી જ્યારે તેની સાથે વાતો કરવા જતા ત્યારે તે કેષ્ટો કોઇ કોઇ વખત સ્વામીજીને ખુલ્લી રીતે કહેતો કે:–“ અરે, સ્વામી બાપ–તું

અમારા કામની વખતે અહિંયાં આવીશ નહિ. તારી સાથે વાતો કરવા બેસીએ છીએ તો અમારાથી કાંઇ કામજ થઇ શકતું નથી; અને પછી પેલો બુઢ્ઢો બાવો આવીને અમને ઠપકો આપે છે." આ વાત સાંભળી સ્વામીજીની આંખોમાં પાણી ભરાઇ આવતું અને કહેતા કે:-" ના-ના-બુઢ્ઢા બાવા (સ્વામી અદ્વૈતાનંદ) નહિ વઢે. તું તારા દેશની એકાદ બે વાતો સંભળાવ." એમ કહીને મજુરોના સાંસારિક સુખ-દુઃખની વાતો સ્વામીજી સાંભળતા.

મજુરોને ભોજન, કિંવા દરિદ્ર-નારાયણની સેવા.

એક દિવસે સ્વામીજીએ કેષ્ટાને કહ્યું કે:-" અરે, તું અમારે ત્યાં ખાઇ શકે કે નહિ ?" તેના ઉત્તરમાં કેષ્ટાએ જણાવ્યું કે:-" અમારાથી તો તારૂં અડેલું પણ ખવાય નહિ. હમણાંજ મારો વિવાહ થયો છે. જો તારૂં અડેલું નીમક હું ખાઉં તો મારી જાતવાળાઓ મને નાતબહાર મૂકે. બાપ !" સ્વામીજીએ કહ્યું:- "નીમક ન ખાવું. નીમક વગરનું શાક કરી આપે તો પછી ખાઇશ કે નહિ ?" કેષ્ટાએ તે વાતનો સ્વીકાર કર્યો. પછી સ્વામીજીની આજ્ઞા પ્રમાણે મઠમાં સઘળા મજુરો માટે પૂરી-મિષ્ટાન્ન તથા બીજાં સ્વાદિષ્ટ ભોજનોની તૈયારી કરાવવામાં આવી અને તેઓને નિરાંતે જમાડવામાં આવ્યા. ખાતાં ખાતાં કેષ્ટાએ સ્વામીજીને કહ્યું કે:-" હેં રે ! સ્વામીજી બાપ ! તું આવી બધી જણસો ક્યાંથી લઇ આવ્યો ? અમે તો આવી ચીજ જીંદગીભરમાં કોઇ દિવસ ખાધી નથી." સ્વામીજીએ ખૂબ આગ્રહપૂર્વક તેઓને સંપૂર્ણ સંતોષથી જમાડયા. અંતે કહ્યું કે:-" તમેજ સાક્ષાત્ નારાયણ છો. આજે અમે નારાયણને બરાબર ભોગ ધરાવ્યો !" સ્વામીજી વખતો વખત જે દરિદ્ર-નારાયણની સેવાની વાત કહેતા તથા તે સંબંધી ઉપદેશ આપતા, તેને પોતે જાતે આવી રીતે અમલમાં મૂકી સેવાભાવનું ઉજ્વળ દૃષ્ટાંત પૂરૂં પાડતા ગયા છે.

ગરીબવર્ગ તરફ સ્વામીજીની સહાનુભૂતિ.

ભોજનક્રિયા પૂરી થઇ રહી અને મજુરો વિશ્રામ કરવા ગયા, ત્યારે સ્વામીજીએ કહ્યું કે:-" જોયા કે એમને ? જાણે સાક્ષાત્ નારાયણ ! કેવા સરળચિત્ત, કેવા નિર્દોષ અને સ્વાભાવિક પ્રેમી ! આવા મનુષ્યો મે ક્યાંઇ જોયા નથી !" ત્યારબાદ મઠના સર્વ સંન્યાસીઓને સંબોધીને કહેવા લાગ્યા કે:-" જોયું કે ? કેવા સરળ લોક છે ? તેઓનાં દુઃખો દૂર કરવા કાંઇ પ્રયત્ન કરી શકશો ? નહિતર આ ગેરૂઆં વસ્ત્રો માત્ર પહેરવાથી શું વળવાનું હતું ? **परहिताय** સર્વસ્વ અર્પણ કરવું તેનુંજ નામ ખરો સંન્યાસ. અરેરે ! એ બિચારાઓએ જીંદગીમાં એકકે સારી ચીજનો સ્વાદ સરખો પણ લીધો નથી ! આપણાજ માનવબંધુઓ ! મને તો મનમાં એમ થઇ આવે છે કે જાણે આ મઠ-ફઠ વેચી નાખી, આ બધા ગરીબ-દુઃખી દરિદ્ર

નારાયણની સેવામાંજ સર્વસ્વ ખર્ચી દઉં ? આપણે માટે તો સૂવા-બેસવાને વૃક્ષની છાયાઓ તૈયારજ છે ! અરેરે આપણા દેશના કેટલાયે બંધુઓને પેટપૂરતું ખાવાનું કે શરીર ઢાંકવાને પૂરતાં વસ્ત્રો પણ મળતાં નથી ! છતાં એવાં તે શું સુખો આપણે ભોગવીએ છીએ કે અન્નનો કોળીઓ પ્રસન્નતાપૂર્વક મુખમાં મૂકી દઇએ છીએ ? જ્યારે હું તે દેશમાં (યૂરોપમાં) હતો ત્યારે અનેક વખત માને (કાલી-માતાને) પ્રાર્થના કરતો કેઃ-" મા ! અહિંયાં તો લોકો ફૂલનાં બીછાનાં ઉપર સૂવે છે, વિવિધ પ્રકારનાં ખાન-પાન કરે છે, અનેક જાતના મોજ-શોખ કરે છે! જ્યારે અમારા દેશમાં કેટલાયે લોકોને પેટપૂરતું અનાજ પણ મળતું નથી અને તેઓ ભૂખ્યા-તરસ્યા અને નાગા રહીનેજ જીંદગી પૂરી કરે છે. મા ! તેને માટે શું કોઇ ઉપાય નહિ થઇ શકે ? " તે દેશમાં (યૂરોપ-અમેરિકામાં) ધર્મપ્રચાર કરવા જવાનો મારો એક ઉદ્દેશ એ પણ હતો કે આ દેશના દીન-દુઃખી મનુષ્યો માટે અન્નની વ્યવસ્થા કરતા આવવું.

મુક્તિ અને વિદ્વત્તાને એક બાજુ મૂકી દો-સેવા કરો.

" દેશના લોકોને સવાર-સાંજ બે વખત બે મૂઠી અનાજ પણ ખાવા મળતું નથી, એવો જ્યારે જ્યારે મને વિચાર આવે છે ત્યારે ત્યારે મનમાં એમજ થઇ આવે છે કે તારા આ શંખ-બંખ, ઘંટા-બંટા એ બધું ફેંકી દેવું, એટલુંજ નહિ પણ ભણતર-ફણતર પણ ભૂલી જવું, પોતાની મુક્તિને પણ એક બાજુએ મૂકી દેવી અને આપણે સર્વેએ એકત્ર થઇ ગામેગામ તથા શહેરેશહેરમાં જઇ આપણા પોતાના ચારિત્ર્યબળ તથા સાધનાબળથી મહાન સદ્‌ગૃહસ્થોને સમજાવી, અન્નની વ્યવસ્થા કરી આવી, આવા દરિદ્રનારાયણની સેવામાંજ બસ આ જીંદગી વીતાવી દીધી હોય તો કેવું સારૂં ?"

સાંત્વના કે સહાનુભૂતિ જેવું છેજ ક્યાં ?

" અરેરે ! ! દેશના ગરીબ અને દુઃખી માણસો માટે જરાયે કોઇને લાગણી થતી નથી-કોઇ તેમનો ભાવ પણ પૂછતું નથી. જે આપણી પ્રજાના આધારરૂપ છે-જેઓના પ્રતાપે અન્ન વગેરે તૈયાર થાય છે, જે ઢેડ-ભંગીઓના પરિશ્રમથી શહેરો સ્વચ્છ રહે છે અને જેઓ માત્ર એકજ દિવસ હડતાળ પાડી બેસે તો આખા દેશમાં હાહાકાર વર્તી રહે; તેમને માટે કોઇ સહાનુભૂતિ દર્શાવે કે સુખ-દુઃખના પ્રસંગોમાં તેમને સાંત્વના આપે તેવું પણ કોઇ રહ્યું નહિ ! હિંદુઓ તરફથી સહાનુભૂતિ નહિ મળવાથી મદ્રાસ જેવા પ્રાંતમાં હજારો અસ્પૃશ્યો (પરીઆ) ખ્રિસ્તી ધર્મમાં ચાલ્યાં જાય છે, તે નથી જોતા ? તમે એમ ન સમજતા કે બિચારા ભૂખના માર્યા ખ્રિસ્તી બની જાય છે, પણ આપણી સહાનુભૂતિનો છાંટો પણ તેઓને મળતો નથી તેથીજ તેઓ ન છૂટકે આખરે ખ્રિસ્તી ધર્મનું શરણ

લે છે! આપણે રાત્રિ દિવસ તેઓના કાનમાં આ એકજ વાકય ફરી ફરીને રેડયા કરીએ છીએ કેઃ–"અડતા નહિ, અડતા નહિ." દેશમાં દયા-ધર્મનું ટીપું પણ કયાં રહ્યું છે? ઉપેક્ષા અને તિરસ્કારવિના બીજી વાતજ મુખમાંથી નીકળતી નથી. સાંત્વના કે સહાનુભૂતિ જેવું કોઇ સ્થળજ કયાં છે? હું તો ઠેકાણે ઠેકાણે છુત-માર્ગીઓનાંજ ટોળેટોળાં જોઉં છું. સર્વ ધર્મ-કર્મો જાણે સ્પર્શાસ્પર્શમાંજ પૂરાં થઇ જાય છે! એવા ક્ષુદ્ર આચાર-વિચારોને લાત મારીને દૂર ફેંકી દો! મને તો મનમાં એમજ થઇ આવે છે કે જાણે સ્પર્શાસ્પર્શની દિવાલો તોડી-ફોડી નાખી, સમગ્ર દેશમાં સાદ પાડીને બની શકે તેટલા જોરથી પોકારૂં કે, "છે કયાંઇ કોઇ પતિત-કંગાળ-દીન-દરિદ્ર?" જો કોઇ હોય તો તેને ગુરૂદેવના નામ ઉપર અહિં બોલાવી લાવું; અને તેને ભોજન વગેરે આપી સજીવન કરૂં. જ્યાંસુધી તેઓ ઉઠશે નહિ ત્યાંસુધી મા પણ જાગે એવી આશા રાખશો નહિ. આપણે તેઓને માટે અન્ન-વસ્ત્રની સગવડ ન કરી શકીએ તો આપણાથી બીજું શું થવાનું હતું? અરેરે! તેઓ બિચારા દુનિયાદારી જાણતા નથી, એટલાજ માટે રાત્રિ-દિવસ કમાવા છતાં અને મહેનત-મજુરી કરવા છતાં પૂરતું ખાનપાન પણ મેળવી શકતા નથી. ઉઠો-જાગો અને તેમની આંખો ઉઘાડો! તેઓમાં અને આપણામાં એકજ બ્રહ્મ એકજ શક્તિ વિલસી રહી છે! કેવળ વિકાસનું તારતમ્ય માત્ર છે! સમગ્ર અંગમાં લોહીનો સંચાર ન થાય ત્યાં સુધી કોઇ દેશ કોઇ કાળે ઉદ્ધાર પામી શકે નહિ. બીજાં સર્વ અંગો સબળ હોય અને માત્ર એકજ અંગ ખોટું પડી ગયું હોય તોપણ એ દેહથી કોઇ કામ સંપૂર્ણ રીતે થઇ શકે નહિ."

તમે તમારૂં કર્તવ્ય કરો.

શિષ્યઃ––મહાશય, આ દેશમાં એટલા બધા ધર્મો તથા મતપંથો છે કે સર્વને એકસંપ કરવા બહુ કઠિન કામ છે.

સ્વામીજીઃ—ક્રોધપૂર્વક બોલી ઉઠયાઃ—"અમુક કામ કઠિન છે, એમ મનમાં લાગે ત્યાં સુધી આ સ્થાનમાં પગ મૂકવાનો પણ કોઇને અધિકાર નથી. એવું કયું કાર્ય છે કે જે ગુરૂકૃપાથી આપણે માટે સરળ ન બને? તારી ફરજ માત્ર એટલીજ છે કે જાતિ અને વર્ણનો વિચાર કર્યાવિના દીન અને દુઃખીઓની સેવા કરવા મંડી જવું. તેનું ફળ શું આવશે અને શું નહિ આવે તે સંબંધે લેશ પણ દરકાર રાખીશ નહિ. કામ કરવું એ સિવાય તારે માટે બીજું એકે કર્તવ્ય નથી. પરિણામ તો જે આવવાનું હોય તે ભલે આવે. આપણા કર્તવ્યનું મુખ્ય સૂત્ર એજ હોવું જોઇએ કે જે કાંઇ છે તેનો નાશ કર્યાવિના નવાં બીજો વાવતા જવું. જગતનો ઇતિહાસ વાંચી જોઇશ તો તને ખાતરી થશે કે પ્રત્યેક યુગમાં એક એવો મહાપુરૂષ જન્મે છે કે જે સમસ્ત દેશના કેન્દ્રસ્વરૂપ બની રહે છે. એવા પુરૂષની

ભાવનાઓને લઇને બીજા લાખો માણસો જગતનું હિત સાધવા તત્પર થઇ જાય છે. તમે બધા બુદ્ધિમાન યુવકો છો ને અહિંયાં નિરંતર આવ્યા કરો છો, પણ કહો જોઇએ તમે શું કર્તવ્ય બજાવ્યું ? પરાર્થે એક જન્મ પણ અર્પણ નથી કરી શકતા ? આવતા જન્મમાં વેદ-વેદાન્ત ભણવા હોય તો ભણજોને ! આ કાળે તો બસ પરસેવા અર્થેજ મન, વચન અને કાયાનો ભોગ આપી દ્યો ? જો એટલું કરી શકશો તો હું સમજીશ કે મારો પરિચય અને આ આશ્રમનો પ્રભાવ તમારે માટે સાર્થક થયો છે. "

એટલું બોલી રહ્યા પછી સ્વામીજી તમાકુ પીતા પીતા ગંભીર વિચારમાં નિમગ્ન થઇ ગયા. થોડી ક્ષણો વીત્યા પછી કહ્યું કે:—" હું આટલી આટલી તપસ્યા કર્યા પછી એક મહત્વની જે વાત શીખી શકયો છું તે એજ છે કે પ્રત્યેક પ્રાણી માત્રમાં તે પોતે (પ્રભુ) જ વિરાજી રહ્યા છે. જીવો ઉપર જે દયા કરે છે, તેજ ઇશ્વરને યથાર્થ રીતે સેવે છે. "

લગભગ સાંજ પડવા આવી હતી, તેથી સ્વામીજી ઉપર ગયા અને ત્યાં જઇને બિછાનામાં સૂતા. શિષ્યને ફરમાવ્યું કે:—" જરા આસ્તે આસ્તે પગ દાબ જોઇએ. " શિષ્ય અત્યાર સુધી ભયને લીધે સ્તંભિત થઇને બેઠો હતો. સ્વામીજીની આજ્ઞા થવાથી તે આગળ વધ્યો અને પ્રફુલ્લ મને સ્વામીજીની પાદસેવા કરવા લાગ્યો. થોડીવારે સ્વામીજીએ કહ્યું કે:—" આજે જે વાતો મેં કહી તે સર્વ મનમાં ગુંથી રાખજે. કોઇ કાળે ભૂલી જઇશ નહિ. "

શિષ્ય:—" મહાશય, આ જન્મમાં તો શું પણ પ્રત્યેક જન્મમાં એ ઉપદેશ યાદ રહી જાય તેવો અસરકારક છે. "

प्रसंग ४१ मो.

(સ્થાન-બેલુડમઠ-ઈ. સ. ૧૯૦૨)

મઠમાં જપ-તપની ધામધૂમ.

આજે શનિવાર છે. શિષ્ય પ્રાતઃકાળમાં બહુ વહેલો મઠમાં હાજર થયો છે. આજકાલ મઠમાં સાધન, ભજન તથા જપ-તપની ખુબ ધામધૂમ ચાલી રહી છે. પ્રત્યેક બ્રહ્મચારીએ તથા સંન્યાસીએ પ્રાતઃકાળે વ્હેલા ઉઠી ગુરૂદેવના મંદિરમાં જઇ પૂજા-ધ્યાન કરવા બેસી જવું એવો સ્વામીજીએ ખાસ આદેશ કર્યો છે. સ્વામીજીને બિલકુલ નિદ્રાજ નહોતી, એમ કહીએ તો ખોટું નથી. તેથી તેઓ રાત્રિના ત્રણ વાગતાં પથારીમાંથી ઉઠતા અને એક કલાક પછી મઠમાં સર્વને જગાડતા.

ચાર વાગે સૌ કોઇ ઉઠી ધ્યાન કરવા બેસી શકે એટલા માટે એક ઘંટ વગાડવામાં આવતો હતો.

શિષ્યે સ્વામીજી પાસે હાજર થઇ પ્રણામ કર્યા એટલે તુરતજ તેમણે પૂછ્યું કેઃ–"અલ્યા, મઠમાં આજકાલ જપ-તપની કેવી ધામધૂમ ચાલે છે? સર્વ કોઇ પાછલી રાત્રે સંધ્યાસમયે ઉઠી ગુરૂમંદિરમાં ધ્યાન કરવા બેસી જાય છે. જો, તેને માટે આ ખાસ ઘંટ મંગાવવામાં આવ્યો છે. ઘંટ વાગે એટલે સૌએ પથારીમાંથી ઉઠવું, એવો પ્રત્યેકને આદેશ કર્યો છે. અરૂણોદય પહેલાં તો સર્વેએ ઉઠવુંજ જોઇએ. ગુરૂદેવ કહેતા હતા કેઃ–"પ્રાતઃકાળે અને સંધ્યાસમયે મન બહુજ પવિત્ર રહે છે, તેથી એકાગ્ર મને ધ્યાન કરવામાં બહુ આનંદ મળે છે."

"ગુરૂદેવે દેહત્યાગ કર્યો ત્યારે અમે સર્વે બરાહનગરના મઠમાં હતા. તે વખતે ત્યાં જપ-તપાદિની ખુબ ધામધૂમ ચાલતી હતી. ત્રણ વાગે એટલે સર્વેએ ઉઠવુંજ જોઇએ. શૌચ વગેરેથી પરવાર્યા પછી સૌ કોઇ મંદિરમાં જતા અને ત્યાં ધ્યાનમાં તલ્લીન થઇ જતા. અહો! તે વખતે અમારામાં કોઇ વૈરાગ્ય હતો! જગત છે કે નહિ તેનું અમને કશું ભાન પણ રહેતું નહિ. શશી (સ્વામી રામકૃષ્ણાનંદ) તો એક ગૃહિણીની માફક ચોવીસે ચોવીસ કલાક ગુરૂદેવની સેવામાંજ તત્પર રહ્યા કરતો. ગમે ત્યાંથી ભિક્ષા-બિક્ષા કરીને ગુરૂદેવને માટે ભોગ વગેરેની તથા અમારે માટે ખાવા-પીવાની વ્યવસ્થા તે કરી આવતો. કોઇ કોઇ દિવસ તો એવો પણ ગયો છે કે સવારથી ધ્યાનમાં બેઠા હોઇએ તે સાંજના ચાર-ચાર અને પાંચ-પાંચ વાગી જતા! શશી બિચારો ખાવાનું લઇને બહાર બેસી રહેતો અને અમે ધ્યાનમાંથી ઉઠીએ નહિ ત્યાં સુધી બીજું કાંઇ કામજ કરતો નહિ! અહા, શશીએ શું સુંદર સેવા કરી છે!"

શિષ્યઃ—મહાશય, તે વખતે મઠનું ખર્ચ કોણ પૂરૂં કરતું?

સ્વામીજીઃ—પૂરૂં કોણ કરે? અમે તો સાધુ-સંન્યાસી લોક ઠર્યા. ગમે ત્યાંથી ભિક્ષા-બિક્ષા માગી લાવતા તેથી અમારૂં કામ ચાલ્યું જતું. આજે સુરેશબાબુ તથા બળરામબાબુ હવે નથી. તેઓ હોત તો આજે કેટલો આનંદ થતો હોત? સુરેશબાબુનું નામ સાંભળ્યું છે કે? એક રીતે આ મઠના પ્રતિષ્ઠાતા તેઓજ હતા. બરાહનગરના મઠનું ઘણુંખરૂ ખર્ચ તો તેઓ એકલાજ પૂરૂં પાડતા. એ સુરેશબાબુ મારે માટે પણ બહુ સારી લાગણી ધરાવતા હતા. ખરેખર તેમની ભક્તિની અને શ્રદ્ધાની તો કોઇની સાથે તુલનાજ થઇ શકતી નથી!

શિષ્યઃ—મેં એમ સાંભળ્યું છે કે તેમના મૃત્યુ વખતે આપ ઘણું કરીને તેમને જોવા કે મળવા પણ ગયા નહોતા.

સંસારનું સ્વાર્થી સ્વરૂપ.

સ્વામીજી:—જવા દે ત્યારે જઇએ ને ? જવા દે એ વાત બહુ લાંબી છે. છતાં એટલું ચોક્કસ સમજી રાખજે કે તું જીવે કે મરે તેની તારાં સગાં-સંબંધીઓને લેશ પણ પરવા નથી હોતી. તારી પાસે કાંઇ મિલકત કે ધન-સંપત્તિ હશે તો તારા મૃત્યુ પહેલાં કદાચ તારા દેખતાંજ ઘરમાં મારામારી થશે. તને તારા મૃત્યુ વખતે આપવી જોઇતી સહાય-શાન્તિ આપવાની પણ કોઇ પરવા નહિ કરે ! અને સૌ કોઇ અળગા થઇ જશે ! એતુંજ નામ સંસાર !

મઠની પૂર્વાવસ્થા-અન્નના પણ સાંસા હતા.

મઠની પ્રથમની વ્યવસ્થા સંબંધે સ્વામીજી પુનઃ બોલવા લાગ્યાઃ—

“ ખર્ચની જોગવાઇ નહિ હોવાથી કોઇ કોઇ વખત મઠ બંધ કરવાની પણ ચર્ચા થતી. શશી હમ્મેશાં દૃઢ રહેતો, શશી તે વખતે અમારા મઠના એક કેન્દ્ર-સ્વરૂપ હતો, એમ કહેવામાં અત્યુક્તિ નથી. એક દિવસે તો મઠમાં એવું બન્યું કે ખાવા માટે કાંઈ વસ્તુજ મળે નહિ ! ચોખા તો ભિક્ષા માગીને લાવ્યો પણ મઠમાં મીઠાના પણ સાંસા ! ઘણી વખત કેવળ ભાત અને નીમક ઉપરજ આખો દિવસ કાઢવો પડતો, છતાં કોઇના મુખ ઉપર શોક કે ખેદની છાયા જણાતી નહિ ! જે કાંઇ આહાર મળે તેટલા ઉપરજ આનંદ માનવાની સર્વને ટેવ પડી ગઇ હતી ! ખરૂં કહીએ તો જપ-તપ-ધ્યાનની ધામધૂમમાંથી નવરાશજ નહોતી મળતી કે ખાવા-પીવાના સંબંધમાં કાંઇ વિચાર પણ કરી શકીએ. અહો ! શું તે દિવસનો આનંદ ! ખાવાનું ગમે તે મળે અને ગમે ત્યારે મળે તેની એક તલમાત્ર પણ અમને કોઇને તે વખતે પરવા નહોતી. અમારા જીવનનું કઠોર વ્રત જોઇને ભૂત પણ નાસી જાય તો મનુષ્ય નાસી જાય એમાં આશ્ચર્ય જ શું ? આ વાત ચોક્કસ જ છે કે જો મનુષ્યના પોતાનામાં કાંઇ ઉચ્ચ તત્ત્વ રહેલું હશે તો પ્રતિકૂળ સંયોગો પણ તેની આંતરિક શક્તિઓને વધારે પ્રબળ બનાવ્યા વિના નહિ રહે. આ મઠમાં હવે ખાવા-પીવાનો તથા સૂવા-બેસવાનો આવો સરસ બંદોબસ્ત થયેલો જણાય છે; તેનું કારણ જો કોઇ પૂછે તો તેનો ઉત્તર માત્ર એટલોજ આપી શકાય કે અમે જે કાંઇ સહન કર્યું છે, તેટલું શું કોઇ અત્યારનો સંન્યાસી સહન કરી શકે ? અમે તો ગુરૂદેવનું પવિત્ર જીવન નજરોનજર જોયું છે, તેથી દુઃખ કે કષ્ટની અમારા ઉપર કશી અસર થતી નથી. અત્યારના યુવકો એવું દુઃખ કે કષ્ટ સહન કરી શકે નહિ; એટલાજ માટે રહેવાની જગ્યા તથા મુઠી અનાજની વ્યવસ્થા કર્યાવિના ચાલતું નથી. સાધારણ ખાન-પાન તથા જાડાં વસ્ત્રો પહેરી નવીન યુવક સંન્યાસીઓ સાધન-ભજનમાં નિરાંતે વખત પસાર કરે એટલા માટેજ આ સર્વ બંદોબસ્ત કરવો પડયો છે.

નિંદા તરફ બેદરકાર રહો.

શિષ્ય:—પણ અહિંની સૂવા-બેસવાની તથા ખાવા-પીવાની વ્યવસ્થા જોઇ બહારના માણુસો બહુ નિંદા કરે છે.

સ્વામીજી:—કરવા દેને ? નિંદા કરતા કરતા પણ આપણું સ્મરણ તો કરશેજ ને ? શત્રુભાવે જલદી મુક્તિ થાય છે, એમ નથી સાંભળ્યું ? ગુરૂદેવ કહેતા કે:—"લોક મૂકે પોક." અમુક શું કહે છે અને અમુક શું નથી કહેતા, એના ઉપરજ જે લક્ષ આપ્યા કરે તેનાથી કશું કામજ થઇ શકે નહિ.

શિષ્ય:—આપેજ ઘણીવાર કહ્યું છે કે:—"સર્વ નારાયણસ્વરૂપ છે, દીન અને દુ:ખી માણુસ પણ નારાયણરૂપ છે." તો પછી "લોક મૂકે પોક" એમ આપણાથી કેમ કહેવાય ?

સ્વામીજી:—સર્વ કોઇ નારાયણ છે. એમાં બિન્દુમાત્ર સદેહ નથી. પણ તે સર્વે નારાયણો તો કાંઇ આપણી નિંદા કરતા નથી ને ? અહિં જે દીન-દુ:ખીઓ આવે છે તે બિચારાઓ તો કંઇ આપણી ખાટ-ખાટ જોઇને નિંદા કરવાનો વિચાર પણ કરતા નથી ! મતલબ કે નિંદા કરે તેના તરફ દ્રષ્ટિ નહિ કરતાં, આપણે આપણું કર્તવ્ય કર્યા જવું એજ ભાવથી "લોક મૂકે પોક" એમ કહેવું પડે છે. કામ કરવું એવો જેને દ્રઢ આગ્રહ હોય છે, તે કાંઇ ને કાંઇ કામ કર્યા વિના રહેતોજ નથી. કોઇ કામ વહેલું થાય તો કોઈ મોડું થાય એટલોજ માત્ર તફાવત પડે. હું જે થોડું ઘણું કામ કરી શક્યો છું તે પણ એવા આગ્રહનેજ લઇને. નહિતર મેં જે જે દુ:ખો સહન કર્યાં છે તે દુ:ખો માત્ર સાંભળવાથીજ તારા તો હાંજા ગગડી જાય ? એક દિવસે આખા દિવસ સુધી કાંઇ ખાવાનું નહિ મળવાથી, રસ્તા ઉપર એક ઘરના બારણા પાસે હું બેહોશ થઇને પડી ગયો ! પછી જ્યારે વરસાદનું એક ઝાપટું મારા અંગ ઉપર પડયું ત્યારેજ મને ભાન આવ્યું ! એક દિવસે કલકત્તામાં આખો દિવસ રખડવું પડયું અને રાત્રિએ આશ્રમમાં લગભગ ૧૦-૧૧ વાગે આવ્યો ત્યારેજ અન્નભેગો થયો ! કેવા કષ્ટના દિવસો ગયા છે તે એક હુંજ જાણું છું !

શિષ્ય:—મહાશય, આપ કોઇ દિવસ ગૃહીનો તો કોઇ દિવસ ત્યાગીનો આદર્શ અમારી સન્મુખ રજુ કરો છો. તેમાંથી કયા આદર્શનું અવલંબન લેવું એજ અમારાથી તો સમજાતું નથી.

સ્વામીજી:—હમણાં તો હું કહું તે સર્વ સાંભળી લે. પછી જે ઠીક લાગે તે ગ્રહણ કરજે; અને તે પણ એવી રીતે કે સહજ પણ ઢીલું પડવા દઇશ નહિ.

એટલું કહેતા કહેતા સ્વામીજી નીચે પધાર્યા અને "શિવ-શિવ"ના ઉચ્ચારો કરતા, તથા પ્રસંગોપાત વિવિધ ગાનો ગાતા આંગણામાં આમતેમ ફરવા લાગ્યા.

प्रसंग ४२ मो.

(સ્થાન–બેલુડમઠ--ઈ. સ. ૧૯૦૨.)

ધ્યાનનો અભ્યાસ.

શિષ્ય ગઇ રાત્રિએ સ્વામીજીના ઓરડામાંજ સૂઇ રહ્યો હતો. સ્વામીજીએ પાછલી રાત્રિના ચાર વાગે ઉઠાડી કહ્યું કે:–“જા, ઘંટ વગાડીને સર્વ સાધુ–બ્રહ્મચારીઓને જાગૃત કર!” સ્વામીજીની આજ્ઞાને માન આપી શિષ્ય પ્રથમ ઉપલા માળમાં ગયો અને ત્યાં ઘંટ વગાડી સર્વને ઉંઘમાંથી ઉઠાડયા. ત્યાર પછી ભોંયતળીયે આવી સર્વ બ્રહ્મચારીઓને જાગૃત કર્યા. સર્વ કોઇ ઉઠતાંવારજ શૌચાદિથી પરવારી, સ્નાન કરી, સ્વચ્છ વસ્ત્રો પહેરી ગુરૂમંદિરમાં જપ–ધ્યાન કરવા દાખલ થઇ ગયા.

સ્વામીજીની ખાસ આજ્ઞાનુસાર શિષ્યે બ્રહ્માનંદ સ્વામીના કાન પાસે ખૂબ જોરથી ઘંટ વગાડયો. તેઓ આંખ ચોળતાં ચોળતાં બોલી ઉઠયા કે:–“હાય, આ બંગાળીની બળતરાથી હવે તો મઠમાં રહેવું ભારે થઇ પડયું છે!” શિષ્યે સ્વામીજીને આ શબ્દો કહી સંભળાવ્યા, તેથી સ્વામીજી ખુબ હસવા લાગ્યા. છેવટે કહ્યું કે:–“બહુ ઠીક કર્યું.”

ત્યારબાદ સ્વામીજી પોતે પણ હાથ–પગ વગેરે ધોઇ ગુરૂમંદિરમાં દાખલ થયા. શિષ્ય પણ સાથેજ હતો.

બ્રહ્માનંદ સ્વામી વગેરે સંન્યાસીઓ ગુરૂમંદિરમાં ધ્યાન કરવા બેસી ગયા હતા. સ્વામીજીને માટે એક પૃથક્ આસન તૈયાર રાખવામાં આવ્યું હતું. સ્વામીજી ઉત્તર તરફ મુખ કરી તે આસન ઉપર વિરાજ્યા. બીજું પણ એક આસન સ્વામીજીની સન્મુખ ખાલી પડયું હતું, તેં તરફ આંગળી કરી શિષ્યને તેઓએ કહ્યું કે:–“જા, એ આસન ઉપર બેસીને ધ્યાન કર.” સર્વ કોઇ ધ્યાન કરવા બેસી ગયા, એટલે કોઇ કોઇ મંત્રજપ કરવા લાગ્યા તો કોઇ ગંભીર વિચારમાં નિમગ્ન થઇ શાંતભાવે બેસી રહ્યા. મઠમાં વહેતો વાયુ પણ જાણે ત્યાં આવીને સ્તબ્ધ બની ગયો હોયની! હજી અરુણોદય થયો નહોતો. આકાશમાં તારલાઓ ચળકતા હતા.

સ્વામીજીનું ધ્યાનચિત્ર.

સ્વામીજી આસન ઉપર બેઠા ત્યારપછી થોડી ક્ષણો વીતતાં તેઓ તદ્દન સ્થિર–શાંત–નિસ્પંદભાવે સુમેરૂ પર્વતની માફક અચળ ભાવે ધ્યાનમાં નિમગ્ન થયા. શ્વાસ પણ ઘણોજ ધીમે ધીમે વહેવા લાગ્યો. શિષ્ય ચકિત દ્રષ્ટિથી, સ્વામીજીની દીપજ્વાલાસમાન તેજસ્વી અને નિષ્કંપ મૂર્તિ સામે એકીટસે તાકી રહ્યો. જ્યાં

સુધી સ્વામીજી આસન ઉપરથી ઉઠે નહિં ત્યાં સુધી કોઇ પણ શિષ્યથી ઉઠી શકાય નહિ, એવો નિયમ કરવામાં આવ્યો હતો; તેથી શિષ્યના પગે ખાલી ચડી આવવાથી ઉઠવાની બહુ ઇચ્છા થવા છતાં ત્યાંથી ઉઠી શક્યો નહિ. સ્વામીજીની સાથે શિષ્યને પણ સ્થિરપણે જ્યાંનું ત્યાંજ બેસી રહેવું પડ્યું.

ઇડા-પિંગલા નાડીનું દર્શન.

લગભગ દોઢ કલાક પછી "શિવ-શિવ" શબ્દોનો ઉચ્ચાર કરતા સ્વામીજી ધ્યાનમાંથી જાગ્રત થયા. તે વખતે તેમનાં નેત્રો રક્તવર્ણ તથા મુખ ગંભીર, શાંત અને સ્થિર જણાતું હતું. ગુરૂદેવને પ્રણામ કરી તેઓ નીચે ઉતર્યા અને મઠના આંગણામાં આમતેમ ફરવા લાગ્યા. થોડી વાર પછી શિષ્યને કહ્યું કે:-" આજકાલ સાધુબ્રહ્મચારીઓ મઠમાં રહીને કેવાં જપ-તપ કરે છે તે નજરોનજર જોયુંને? ધ્યાનાવસ્થા જેમ જેમ ગંભીર થતી જાય છે તેમ તેમ અનેક અવનવાં દર્શનો થવા લાગે છે. બરાહનગરના મઠમાં એક વખત ધ્યાન કરતાં કરતાં મને ઇડા અને પિંગલા નાડીનું દર્શન થયું હતું. પ્રયત્ન કરવાથી તેવાં દર્શનો બહુ સરળતાથી થઇ શકે છે. ત્યાર પછી જ્યારે સુષુમ્ણા નાડીનું દર્શન થાય, ત્યારે ઇચ્છામાં આવે તે વસ્તુ આપણી આગળ આવીને ઉભી રહે છે. ગુરૂભક્તિ દ્રઢ હોય તો સાધન-ભજન-તપ-જપ,એ સર્વ પોતે પોતાની મેળેજ થયા કરે છે,પ્રયત્ન કરવાની કશી જરૂરજ રહેતી નથી. **गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।**"

ત્યારપછી શિષ્ય તમાકુ ભરી લાવ્યો એટલે સ્વામીજીએ તમાકુ પીતાંપીતાં પુનઃ કહેવા માંડયું કે:-" અંતરમાં નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત આત્મરૂપ એક સિંહ રહેલો છે; તે સિંહનાં જ્યારે ધ્યાન-ધારણાદિથી દર્શન થાય છે ત્યારે સંસારની માયા ઉડી જાય છે. પ્રત્યેક પ્રાણીમાત્રમાં તે સમભાવે વ્યાપી રહ્યો છે. તેનું સાધન-ભજન જેમ જેમ વિશેષ વિશેષ ગંભીર થતું જાય છે તેમ તેમ અંતરની કુંડાલની શક્તિ વધારે ને વધારે જાગૃત થતી જાય છે. એ શક્તિ જ્યારે મગજમાં પહોંચે છે ત્યારે યથાર્થ દ્રષ્ટિ ખુલી જાય છે-આત્મદર્શન પણ તેજ વખતે થાય છે."

શિષ્ય:—મહાશય, શાસ્ત્રમાં તો એ સર્વ વાતો સાંભળી છે: પરન્તુ હજી સુધી પ્રત્યક્ષ અનુભવ થયો નહિ તેનું શું કરવું ?

ધ્યાનની વિધિ.

સ્વામીજી:—कालेनात्मनि विन्दाति-વખત જતાં બધું થઇ રહેશે. કોઇને બે દિવસ વ્હેલો તો કોઇને બે દિવસ મોડો અનુભવ થાય તે બનવાયોગ્ય છે. બાકી મૂળ વાત એ છે કે તેની પાછળ લાગ્યા રહેવું જોઇએ-" ના છોડ બન્દા" બનવું જોઇએ. યથાર્થ પુરૂષાર્થ તે એનુંજ નામ. તેલની ધાર પ્રમાણે મનને એક વિષયમાં એકાગ્ર બનાવવું બહુ અગત્યનું છે. મનુષ્યોનું મન વિવિધ વિષયોમાં બહુ

વિક્ષિપ્ત થઇ જાય છે. ધ્યાન કરવા બેસીએ ત્યારે પણ સૌ પહેલાં એમજ બને છે. પણ મનમાં ભલેને ગમે તેટલા તરંગો ઉઠે ? આપણે તો તે વખતે કેવા કેવા તરંગો ઉઠે છે તે માત્ર તટસ્થપણે સ્થિરતાપૂર્વક જોયાજ કરવું. આ રીતે માત્ર જોવાથીજ મન ધીમે ધીમે સ્થિર બનવા લાગે છે અને ચિંતા-તરંગો પણ આપોઆપ શમી જાય છે. મનના તરંગો એજ મનની સંકલ્પવૃત્તિ. કોઇ એમ કહે કે એવા સંકલ્પો કેવી રીતે આવતા હશે ? તો કહેવું જોઇએ કે અત્યાર સુધીમાં આપણે જે જે વિષયોનું અત્યંત તીવ્રભાવે સેવન કર્યું હોય તે તે વિષયોની ભાવના એક માનસિક પ્રવાહના રૂપમાં મગજમાં કાયમ રહી જાય છે. પછી જ્યારે ધ્યાન કરવા બેસીએ છીએ ત્યારે તેનો પ્રવાહ પુનઃ વહેવા લાગે છે; અને તેથી પ્રારંભમાં ધ્યાન કરવા જતાં સંકલ્પવૃત્તિઓ મનને વિક્ષિપ્ત કરી નાખે છે. મન જેમ જેમ સ્થિર થતું જાય છે તેમ તેમ વૃત્તિઓ શાંત થતી જાય છે. કોઇ એક ખાસ ભાવને વળગી રહી મનને એકાગ્રવૃત્તિવાળું બનાવવું તેને સવિકલ્પ સમાધિ કહેવામાં આવે છે; અને જ્યારે મન સર્વ પ્રકારની વૃત્તિઓથી રહિત બની જઈ, નિરાધાર એક અખંડ બોધસ્વરૂપ પ્રત્યક્ ચૈતન્યમાં ગળી જાય ત્યારે તેને વૃત્તિશૂન્ય નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવે છે. મેં પોતે ગુરૂદેવમાં એવી બન્ને પ્રકારની સમાધિઓ અનેકવાર પ્રત્યક્ષ જોઇ છે. એમને તો એ માટે કશો પ્રયત્નજ કરવો પડતો નહોતો. એઓ જ્યારે ધ્યાન કરવા બેસતા કે તુરતજ એ અવસ્થા આપોઆપ હાજર થઇ જતી ! ખરેખર, એમની દશા બહુ આશ્ચર્યકારક હતી ! મેં તો તેનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે.

નિરંતર એકલા ધ્યાન કરવા બેસવું. ધીમે ધીમે સર્વ બાબતો સ્વયં સ્પષ્ટ થવા લાગશે. વિદ્યારૂપી મહામાયા દરેકના અંતરમાં સૂઇ રહેલી હોવાથીજ સર્વ કોઇને એ વાત સહજ સમજાતી નથી. કૂલ કુંડલિની જેને કહેવામાં આવે છે તે બીજી કોઇ નથી, પણ તે વિદ્યાજ છે. ધ્યાન કરવા પહેલાં સૌથી પ્રથમ નાડીશુદ્ધિ કરવી જોઇએ. નાડીશુદ્ધિ કરતી વખતે મનમાં ને મનમાંજ મૂળ આધારરૂપે રહેલી કુંડલિનીને ખૂબ જોરથી આધાતો કર્યા કરવા અને કહેવું કેઃ—" મા ! જાગૃત થા, મા, હવે જાગૃત થા. " ક્રમે ક્રમે અભ્યાસથી એ સર્વ વાતો સિદ્ધ થઇ શકે તેમ છે. ભાવનાઓની ઉન્મત્તતાને તો ધ્યાનકાળે છેકજ દાબી દેવી. સમાધિમાં એ સ્થાન એક બહુ ભયંકર સ્થાન ગણાય છે. જેઓની લાગણીઓ જોતજોતામાં પ્રબળ થઇ જાય છે તેમની કુંડલિની ફડફડ કરતી એકદમ ઉપર વહેવા લાગે છે એ વાત અલબત્ત સત્ય છે, તથાપિ તેમાંથી તેને નીચે ઉતરતાં પણ તેટલોજ વખત લાગે છે. મતલબ કે એ લાગણીઓ જેટલી ત્વરાથી ઉભરાઇ જાય છે; તેટલીજ ત્વરાથી પુનઃ શાંત પણ થઇ જાય છે. જ્યારે કુંડલિની નીચેના પ્રદેશમાં વહેવા

લાગે છે ત્યારે તે સાધકને બહુ જ અધોગતિએ લઇ જાય છે. એટલાજ માટે કીર્તન-પ્રીત નથી જેઓ અધ્યાત્મસાધના કરવા જાય છે તેઓ ઘણીવાર ભ્રષ્ટ થઇ જાય છે. ભાવોન્મત્તતામાં એજ એક દોષ છે. નાચ-ગાનથી અથવા પ્રાસંગિક આવેશોથી તત્કાળ તો તે શક્તિ ઊર્ધ્વગતિએ વહેવા લાગે છે, પણ તે સ્થાયી રહી શકતી નથી. થોડીવાર પછી તુરતજ તે પુનઃ નીચી ભૂમિકામાં વહેવા લાગે છે; અને તેજ વખતે જીવોને ભયંકર કામવૃત્તિ અધિક પ્રબળતાથી જાગૃત થાય છે.

અમેરિકામાં હું હતો ત્યારે મારાં ભાષણો સાંભળી તાત્કાલિક આવેશોને વશીભૂત થઇ અનેક વૃદ્ધ દંપતીઓ ઉચ્ચ ભાવનાઓમાં ઉન્મત્ત બની જતાં અને કેટલાંએક તો જડવત્ પણ બની જઇને ત્યાં ઘણીવાર પડયાં રહેતાં. મેં પાછળથી તપાસ કરી ત્યારે મને જણાયું કે તેમાંનાં અનેક સ્ત્રી-પુરૂષો પ્રબળ કામવૃત્તિના પંજામાં સપડાઇ ચૂકયાં હતાં. સ્થિરતાપૂર્વક ધ્યાન-ધારણાદિનો અભ્યાસ નહિ કરવાથી એવાં પરિણામો આવે છે.

ગુરૂપરંપરાનું મહત્વ.

શિષ્યઃ—મહાશય, આવાં ગુહ્ય સાધન-રહસ્યોના સંબંધે તો શાસ્ત્રમાં કયાંઇ મેં વાંચ્યું નથી. આજે આપની પાસેથી નવીજ વાત સાંભળી.

સ્વામીજીઃ—સર્વ પ્રકારનાં સાધન-રહસ્યો શાસ્ત્રમાં કાંઇ થોડાંજ હોય છે! કેટલાંએક રહસ્યો તો ગુરૂશિષ્યની પરંપરાઓથી ચાલ્યાં આવે છે. મતલબ કે ધ્યાન-ધારણાદિમાં ખૂબ સાવચેત રહેવું. ધ્યાનકાળે સામે સુગંધી ફૂલો રાખી મૂકવાં તેમજ ધૂપ સળગતો રાખવો. ગમે તે પ્રકારે મન પવિત્ર રહે તેવી વ્યવસ્થા કરવી. પ્રભુ અથવા ઇષ્ટદેવનું સ્મરણ કરતા કરતા "જીવોનું-જગતનું કલ્યાણ થાવ" એવા ઉચ્ચારો કર્યા કરવા. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, અધઃ, ઊર્ધ્વ, એ પ્રમાણે ચોતરફ શુભ સંકલ્પોનો પ્રવાહ વહેતો કરી ધ્યાનના આસન ઉપર બેસવું. શરૂઆતમાં એ રીતે યત્નપૂર્વક ક્રિયા કરવી જોઇએ. ત્યારપછી આસન ઉપર સ્થિર થઇને બેસવું. મંત્રનો ઉચ્ચાર કરતી વખતે તે જ પ્રમાણે જગતનું હિત થતું જાય છે એવી ભાવના કરવી. ધ્યાનની સાધનાનો આરંભ કર્યા પછી એક દિવસ પણ ધ્યાનવિનાનો ખાલી ન જવો જોઇએ. કામનો બહુ બોજો આવી પડયો હોય તો છેવટે પંદર મિનિટમાં ધ્યાન ઉકેલી લેવું. પણ અભ્યાસ તો ચાલુજ રાખવો. દઢનિષ્ઠા ન આવે ત્યાં સુધી શું બની શકે, બાપ!

કર્મવીર બનો.

પુનઃ ઉપર ચડતે ચડતે સ્વામીજીએ કહ્યું કેઃ—"તારી આત્મદ્રષ્ટિ થોડાજ વખતમાં ખુલી જશે. અહિંયાં આવી ચડયો છું તો પછી મુક્તિ-કુક્તિ તારી હથેળીમાંજ છે એમ સમજી લેવું. હમણાં તો ધ્યાન-બ્યાનને એક બાજુએ જ

રહેવા દે. આર્તનાદ-પૂર્ણ સંસારનાં દુઃખો, બની શકે તેટલાં દૂર કરવા, એક વખત કેડ બાંધીને તૈયાર થઇ જા, હું જોઉં તો ખરો કે તમે શું કરી શકો છો ? કઠોર સાધનાઓ કરી કરીને આ દેહ જીર્ણ જેવો થઇ ગયો છે. હવે આ હાડપિંજરથી કાંઇજ કામ થઇ શકે એમ લાગતું નથી. તમે કામ કરતાં શીખો, અને કટિબદ્ધ થઇ કર્મવીર બનો, એજ જોવાની ઇચ્છા રહ્યા કરે છે. બીજું કાંઇજ ન બની શકે તો તેં જે કાંઇ શાસ્ત્રો-ફાસ્ત્રો વાંચ્યાં છે, તેમાંની ઉપયોગી વાતો લોકોને વખતો વખત સંભળાવ ! એના જેવું બીજું એકે ઉત્તમ દાન નથી. " જ્ઞાનદાન જ સર્વશ્રેષ્ઠ દાન છે."

प्रसंग ४३ मो.

(સ્થાન—બેલુડમઠ—ઇ. સ. ૧૯૦૨.)

ધ્યાન સાથે જ્ઞાનચર્ચાનો આરંભ.

સ્વામીજી મઠમાંજ રહેતા હતા. શાસ્ત્રોની ચર્ચા થઇ શકે તેટલા માટે મઠમાં એક પ્રશ્નોત્તર વર્ગ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સ્વામી શુદ્ધાનંદ, વિરજાનંદ, તથા સ્વરૂપાનંદ વગેરે સંન્યાસીઓ આ વર્ગમાં મુખ્ય જિજ્ઞાસુ તરીકે પ્રસિદ્ધ હતા. આ પ્રમાણે વર્ગમાં જે કાંઇ શાસ્ત્રાલોચના થતી તેને સ્વામીજી " ચર્ચા " શબ્દથી ઓળખાવતા અને તે ચર્ચામાં દરેક સંન્યાસી તથા બ્રહ્મચારી ભાગ લે તે માટે દરેકને ઉત્સાહિત કરતા. આ પ્રકારે કોઇ દિવસે ગીતા, તો કોઇ દિવસે ભાગવત, તો વળી કોઇ દિવસે ઉપનિષદ્ તથા બ્રહ્મસૂત્રભાષ્યની પણ આલોચના થયા કરતી. સ્વામીજી પોતે એ વર્ગમાં નિત્ય હાજરી આપતા અને સર્વ પ્રશ્નોનો છેલ્લો નિર્ણય પોતે કહી સંભળાવતા. એક તરફ સ્વામીજીની ખાસ આજ્ઞાને માન આપી, શિષ્યો કઠોર નિયમોપૂર્વક ધ્યાન-ધારણાદિમાં સંપૂર્ણ સાવચેત રહેતા તેવીજ રીતે બીજી તરફ શાસ્ત્રચર્ચા માટે પણ દરરોજ એકત્ર થઇ ઉત્સાહપૂર્વક વિચારો કરતા. તે ઉપરાંત સ્વામીજીએ ઠરાવેલા નિયમોનું પાલન કરવામાં પણ કોઇ રીતનો પ્રમાદ ન થાય તે માટે તેઓ સતત લક્ષ આપતા. તે વખતે મઠવાસીઓનો આહાર, શયન, પાઠ, ધ્યાન, એ સર્વ, કઠોર વિધિનિષેધોથી સહજ પણ બહાર થઇ શકતું નહોતું, એમ કહેવામાં દોષ નથી. કોઇ પણ શિષ્ય જો કોઇ દિવસે વિધિ-નિયમોથી જરા પણ વિમુખ થતો તો તે દિવસે તેને ગામમાંથી ભિક્ષા માગી લાવી ભિક્ષાન્ન મઠમાં પોતાના હાથે રાંધી લેવું પડતું. આ પ્રમાણે એક સબળ સંઘ તૈયાર કરવા માટે પોતાની દીર્ઘ દ્રષ્ટિથી આ મઠવાસીઓ માટે કેટલા-

એક દૈનિક નિયમો તૈયાર કરવા ઉપરાંત, ભવિષ્યમાં જે મઠો તૈયાર કરવાના હતા તે મઠોની રીતિ–નીતિ તથા કાર્યપ્રણાલી કેવી રીતે ચલાવવી તે વિષે ખૂબ વિચાર કરીને એક વિસ્તારયુક્ત યોજના સ્વામીજી પોતાને હાથે ઘડતા ગયા છે. આ હસ્તલિપિ હજી પણ બેલુડમઠમાં ખાસ કાળજીથી સાચવી રાખવામાં આવી છે.

આજે શનિવાર છે. શિષ્ય સાયંકાળે મઠમાં આવી સ્વામીજીની કેટલીક વાર્તા સાંભળી ચૂક્યો છે. સ્વામીજીને પ્રણામ કરી જેવો તે બેસવાની તૈયારી કરે છે તેટલામાંજ તેને ખબર પડી કે સ્વામીજી બીજે ક્યાંઇ ફરવા જવાને તૈયાર થઇ ચૂક્યા છે. સ્વામી પ્રેમાનંદને સ્વામીજી સાથે ફરવા આવવાનો આદેશ મળી ચૂક્યો છે. શિષ્ય પોતે તેમની સાથે બહાર ફરવા જવા માટે બહુજ આતુર હતો, પણ સ્વામીજીની આજ્ઞા નહિ મળવાથી જવાનું ઉચિત ધાર્યું નહિ; તેથી તે જ્યાંનો ત્યાં બેસી રહ્યો. આ વખતે સ્વામીજીએ ગૈરિક વસ્ત્રો ધારણ કર્યા હતાં, માથા ઉપર કાનટોપી મૂકી હતી અને હાથમાં એક મોટી લાંબી લાકડી ધારણ કરી હતી. સ્વામીજીની પાછળ પાછળ પ્રેમાનંદ સ્વામી પણ ચાલવા લાગ્યા. મઠમાંથી બહાર નીકળવા પહેલાંજ સ્વામીજીએ શિષ્ય તરફ નજર કરી અને કહ્યું કે:—" ચાલ, આવવું છે ?" શિષ્યની મનોવાંચ્છના સફળ થઇ અને પ્રેમાનંદ સ્વામીની પાછળ ધીમે ધીમે ચાલવા લાગ્યો.

સ્વામીજી કોઇ વિશેષ વિચારમાં ગરકાવ થયા હોય તેવી રીતે આગળ ચાલ્યા જતા હતા. થોડે દૂર ગયા એટલે ગ્રેટટ્રંકરોડ ઉપર ચડી આગળ વધવા માંડ્યું. સ્વામીજીની આવા પ્રકારની સ્થિતિ જોઇ, શિષ્ય સ્વામીજી સાથે વાર્તાલાપ કરી, તેમનો વિચારપ્રવાહ અટકાવવાનું સાહસ કરી શક્યો નહિ. તેથી સ્વામીજી સાથે વાત કરવાનું તજી દઇ પ્રેમાનંદ મહારાજની સાથેજ વાતો કરવામાં ગુંથાયો.

સ્વામીજી સંબંધે ગુરૂદેવના ઉદ્ગાર.

શિષ્યે પ્રશ્ન કર્યો:—" મહાશય, ગુરૂદેવે સ્વામીજીના સંબંધમાં જે કાંઇ કહ્યું હોય તે મને કહી સંભળાવશો ?" એ વખતે સ્વામીજી અમારાથી બહુ આગળ નીકળી ગયા હતા.

સ્વામી પ્રેમાનંદ:—ઓહ ! તેઓ કોણ જાણે કેટલીય વાતો કહેતા ! એક દિવસમાં એ સર્વ વાતો તને કેવી રીતે સંભળાવી શકું ? કોઇ સમયે તેઓ કહેતા કે:—" નરેંદ્ર તો અખંડના ઘેરથી આવ્યો છે." કોઇ વખત કહેતા કે:—" એ (નરેંદ્ર) તો આપણું શ્વશુરગૃહ છે." વળી કોઇ વખત બોલતા કે:—" એવું પાત્ર હજી કોઇ જગતમાં આવ્યું નથી અને આવે એવો સંભવ પણ નથી." એક દિવસે ગુરૂદેવે કહ્યું હતું કે:—" મહામાયા પોતે પણ તેની (સ્વામીજીની) પાસે જતાં ડરે છે !" સ્વામીજી પોતે પ્રથમ તો કોઇ ગુરૂને કે દેવને માનતા

નહોતા. તેમજ કોઇની પાસે માથું નમાવતા નહોતા. ગુરૂદેવે એક દિવસે મિષ્ટાન્નની અંદર જગન્નાથજીનો મહાપ્રસાદ તેમને (સ્વામીજીને) ખવડાવી દીધો; પછી ધીમે ધીમે ગુરૂદેવની કૃપાથી સ્વામીજીની આંખો ઉઘડવા લાગી અને તેઓ ક્રમે ક્રમે શ્રદ્ધાવાન બનતા ગયા.

શિષ્ય:—આપણી સાથે રોજ તો કોણ જાણે કેટલીયે આનંદની વાતો કરે છે અને કેટલાયની મશ્કરી કરી મજા કરે છે! પણ આજે તો એમનું સ્વરૂપ એવું ગંભીર જણાય છે કે તેમની સાથે વાત કરતાં પણ ભય લાગે છે.

પ્રેમાનંદ:—મહાપુરૂષો ક્યારે કેવા ભાવે રહે છે તેની આપણને શું ખબર પડે! આપણી ક્ષુદ્ર મનોબુદ્ધિ એટલે સુધી પહોંચીજ શકતી નથી. ગુરૂદેવ જીવતા હતા ત્યારે મેં પ્રત્યક્ષ જોયું છે કે નરેંદ્રને (સ્વામીજીને) દૂરથી આવતા જોઇ પોતે સમાધિસ્થ થઇ જતા! અમુક માણસોના સ્પર્શવાળી વસ્તુ બીજાઓને ખાવાનો નિષેધ કરતા, પણ તેજ વસ્તુ જો નરેંદ્ર ખાય તો તેને તે સંબંધે કાંઇજ કહેતા નહિ. કોઇ વખત તેઓ બોલી ઉઠતા કે:—" મા! તેના (સ્વામીજીના) અદ્વૈતજ્ઞાનને હમણાં જરા દાબી રાખ. મારે હજી તેની મારફત બહુ કામ લેવાનું છે." આવી આવી વાતો કોણ સમજી શકે? જેવા તેવા માણસોને કહી પણ કેવી રીતે શકાય?

શિષ્ય:—ખરેખર, મને પોતાને પણ એમ ઘણીવાર લાગી આવે છે કે તેઓ મનુષ્ય તો નથીજ. છતાં જ્યારે વાર્તાલાપ કરે છે, યુક્તિઓ બતાવે છે અને ઉપદેશ કરે છે, ત્યારે બરાબર મનુષ્યજ હોય એમ લાગી આવે છે. હું તો એમ ધારૂં છું કે વિચાર-ચર્ચા કે ઉપદેશ કરતી વખતે પોતે પોતાનું યથાર્થસ્વરૂપ એવી રીતે ઢાંકી દેતાં હશે કે કોઇ તેમનું સત્ય રૂપ જોઇજ શકે નહિ.

પ્રેમાનંદ:—ગુરૂદેવ કહેતા કે:—" તે (સ્વામીજી) પોતે કોણ છે, એ વાત જ્યારે તે સમજી શકશે ત્યારે તેઓ સંસારમાં ટકી શકશે નહિ-તુરતજ ચાલી નીકળશે." એટલાજ માટે જ્યારે નરેંદ્રનું મન કામમાં તલ્લીન રહે છે, ત્યારે અમને બહુ આનંદ થાય છે. ધ્યાન-ધારણાદિમાં જ્યારે વધારે પડતું લક્ષ આપે છે ત્યારે અમને ભય લાગ્યાવિના રહેતો નથી.

શાસ્ત્રજ્ઞાનના પ્રચારમાટે સ્વામીજીની ઉત્કંઠા.

સ્વામીજી મઠ તરફ પાછા ફર્યા. સ્વામી પ્રેમાનંદ તથા શિષ્યને પાસે આવેલા જોઇ તેમણે પૂછ્યું કે:—" કેમ? શું વાત ચાલે છે?"

શિષ્યે કહ્યું કે:—" ગુરૂદેવના સંબંધમાં વિવિત્ર વાતો કરતા હતા." ઉત્તર સાંભળીને સ્ત્રામીજી પ્રથમની માફક અન્યમને મઠ તરફ આગળ ચાલવા લાગ્યા; અને મઠમાં આમ્રવૃક્ષનીચે જે એક પાટ બીછાવવામાં આવી હતી તે ઉપર બેઠા.

ત્યાં થોડીવાર વિશ્રામ લઇ હાથ-પગ-મ્હોં વગેરે ધોઇ ઉપરના માળમાં પધાર્યા અને ત્યાં આમતેમ ફરવા લાગ્યા. ફરતાં ફરતાં સ્વામીજીએ શિષ્યને કહેવા માંડ્યું કેઃ—" તું તારા દેશમાં વેદાન્તવાદનો પ્રચાર કરવા કેમ પ્રયત્ન કરતો નથી ? મેં સાંભળ્યું છે કે, એ તરફ તંત્રમત બહુ ભયંકરરીતે ફેલાતો જાય છે. (સ્વામીજી હજી સુધી પૂર્વબંગાળ તરફ ગયા નહોતા.) અદ્વૈતમતના સિંહનાદથી બંગાળામાં એક વખત ઉથલપાથલ કરી નાખ જોઇએ ! તું ખરો વેદાન્તવાદી છે, એ વાત જગતને જણાવી દે ! તે પ્રદેશમાં જઇ વેદાન્તવાદની એક પાઠશાળા ચાલુ કરી દે; અને લોકોને ઉપનિષદ્ તથા બ્રહ્મસૂત્રનું યથાર્થ શિક્ષણ આપ ! નાનાં બાળકો પોતાના બ્રહ્મચર્યનું બરાબર રક્ષણ કરી શકે તેવી વ્યવસ્થા કર. તાંત્રિક પંડિતો ઉંચું માથું પણ કરી શકે નહિ. એવી રીતે ગર્જના કર ! મેં એમ સાંભળ્યું છે કે તારા દેશમાં આજકાલ ન્યાયશાસ્ત્રનો બકવાદ બહુ વધી પડયો છે. એમાં શું માલ છે ? વ્યાપ્તિજ્ઞાન અને અનુમાન, એ સિવાય નૈયાયિક પંડિતોને બીજું કાંઇ કામજ સૂઝતું નથી. તુંજ કહે કે એવી ચર્ચાઓથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં શું મદદ મળી શકે ? વેદાન્ત વાદીઓદ્વારા જ્યાં સુધી બ્રહ્મતત્વનું પઠન-પાઠન પ્રચલિત ન થાય ત્યાં સુધી દેશનો ઉદ્ધાર થઇ શકે નહિ. તું પોતે તારે અથવા નાગમહાશયને ઘેર (તે વખતે નાગમહાશય શરીરત્યાગ કરી ગયા હતા) એક પાઠશાળા ચાલુ કરી દે ! એ શાળામાં સત્શાસ્ત્રોનું અધ્યયન થઇ શકે તેમજ ગુરૂદેવના જીવન સંબંધી વિચારો થઇ શકે તેવી વ્યવસ્થા કર. આટલું કરી શકશે તો તું તારા પોતાના કલ્યાણ સાથે જગતના જીવોનું પણ કલ્યાણ કરી શકશે. કીર્તિ જોઇતી હશે તો એ પણ મળશે. "

વિવાહ પછીનું કર્તવ્ય.

શિષ્યઃ—મહાશય, હું નામ-યશની બિલકુલ અપેક્ષા રાખતો નથી. આપે કહ્યા તેવા વિચારો મને પણ અનેકવાર આવે છે; પરન્તુ વિવાહ કર્યા પછી સંસારની ઉપાધિઓમાં એટલો બધો ફસાઇ ગયો છું કે હવે તેનાથી છૂટો થઇ શકું તેવો મને જરાયે ભરોસો નથી. મનના મનોરથો ઘણું કરીને મનમાંજ રહી જશે.

સ્વામીજીઃ—વિવાહ કર્યો તેથી શું થઇ ગયું ? અત્યાર સુધી મા-બાપ તથા ભાઇ-બ્હેન વગેરેને જેવી રીતે અન્ન-વસ્ત્ર આપી તેમની સારવાર કરતો હતો તેવીજ રીતે હવે તારી સ્ત્રીનું પણ પાલન-પોષણ કર. ધર્મોપદેશ આપી તારી સ્ત્રીને પણ તારા માર્ગમાં લાવવાનો પ્રયત્ન કર. મહામાયાની વિભૂતિ છે એમ માની તેના પ્રત્યે પણ સન્માનબુદ્ધિ રાખતો જા. ધર્મપ્રચારાર્થે તે પણ તારી "સહધર્મિણી " છે એ વાત નિરંતર લક્ષમાં રાખજે. આ પ્રમાણે વર્તવા લાગીશ તો તારા મનની ચંચળતા પોતાની મેળેજ ઓછી થતી જશે. એમાં બીક જેવું શું છે ?

સ્વામીજીની અભયવાણી સાંભળી શિષ્યે ધૈર્ય ધારણ કર્યું.

ચિત્તશુદ્ધિનો સરળ માર્ગ.

આહાર કર્યા પછી સ્વામીજી પોતાના બીછાના ઉપર બેઠા. બીજાઓને પ્રસાદ લેવાનો હજી વખત થયો નહોતો. તેથી શિષ્ય સ્વામીજીની ચરણસેવા કરતો તેમની પાસે ત્યાંજ બેસી રહ્યો. મઠમાં રહેનારાઓ પ્રત્યે શિષ્યની શ્રદ્ધા આકર્ષિત થાય તે માટે સ્વામીજીએ કહ્યું કેઃ–“ અહિંયાં ગુરૂદેવનાં જે જે સંતાનોને તું જુએ છે તેઓ સર્વ અદ્ભુત ત્યાગીઓ છે. તેમની સેવા કરવાથી તારી પણ ચિત્તશુદ્ધિ થશે, આત્મતત્વ પણ પ્રત્યક્ષ થઇ શકશે. ” **परिप्रश्नेन सेवया** ” એ ગીતાનું વાક્ય સાંભળ્યું છે ને ? તેઓની બને તેટલી સેવાભક્તિ કરજે, એટલે તારી ભાવનાઓ સફળ થશે. તારા પ્રત્યે પણ તેમનો સર્વનો કેટલો બધો પ્રેમ છે, તે જાણે છે ને ! ”

શિષ્યઃ––પરંતુ મહાશય, તેમનો યથાર્થ પરિચય થવો બહુ કઠિન છે. પ્રત્યેકની ભાવનાઓ અને સાધનાઓ એવી તો ગંભીર છે કે તેમને કોઇને હું તો બરાબર સમજીજ શકતો નથી.

સ્વામીજીના સાથીઓનો સંક્ષિપ્ત પરિચય.

સ્વામીજીઃ—ગુરૂદેવ એક ઉસ્તાદ માળી જેવા હતા. તેમણે જ અનેક પ્રકારનાં પુષ્પો ચુંટી ચુંટી આ સંઘરૂપ માળા તૈયાર કરી છે. જ્યાં ત્યાંથી સુંદર અને ઉપયોગી પુષ્પો લાવી તેઓ આ આશ્રમમાં તેને સંગ્રહિત કરતા ગયા છે. વખત જતાં એવાં અનેકાનેક પુષ્પો અહિં ખેંચાઇ આવશે. ગુરૂદેવ કહેતા કેઃ–“ જેણે એક દિવસ વિશુદ્ધ હૃદયથી ઇશ્વરને સાદ કર્યો હશે, તે મનુષ્યને અહિં આવ્યાવિના ચાલશે નહિ.” અહિંયાં જે જે રહ્યા છે તે પ્રત્યેક સિંહસમાન છે. મારી પાસે તેઓ સંકોચથી રહે છે તેથી તેઓને સાધારણ મનુષ્યો માની લેવાની ભૂલ કરીશ નહિ. તેઓ જ્યારે બહાર આવશે ત્યારે લોકોની આંખો ઉઘડી જશે. અનંત અધ્યાત્મભાવમય શ્રીગુરૂદેવના શરીરનાજ એ સર્વ અંશો છે. હું તો તેમના પ્રત્યે એજ દ્રષ્ટિથી જોઉં છું. આ પેલો રખાલ છે, તેનામાં જેટલી આધ્યાત્મિકતા છે તેટલી મારા પોતાનામાં પણ નથી. ગુરૂદેવ તેને બાળક સમજી પોતાના ખોળામાં બેસાડતા, ખવરાવતા અને પાસેજ સૂવાડતા. એ હોવાથીજ અમારો મઠ આજે શોભે છે–અમારો રાજા પણ એજ છે ! આ બાબુરામ, હરિ, શારદા, ગંગાધર, શરત, શશી તથા સુબોધ જેવા ઇશ્વરભક્ત માણસો બીજે હશે કે નહિ તેની મને શંકા છે. એમાંનો પ્રત્યેક જણ ધર્મશકિતના એક કેન્દ્રસ્વરૂપ છે. વખત જતાં તેમની સર્વ શકિતઓ વિકસિત થયાવિના રહેશે નહિ.

ત્યારબાદ નાગમહાશય સંબંધે કેટલીક વાતચીત થયા પછી સ્વામીજી પડખાભેર સૂતા અને થોડીવારે ઉંઘી ગયા. શિષ્ય પણ જમવાનો વખત થઇ જવાથી ત્યાંથી ચાલતો થયો.

प्रसंग ४४ मो.

(સ્થાન–કલાકત્તાથી મઠમાં જતી નૌકા. ઈ. સ. ૧૯૦૨.)

સ્વામીજીની નિરભિમાન વૃત્તિ.

શિષ્ય આજે સાંજે કલકત્તા ખાતે ગંગાકિનારે ફરવા ગયો હતો. તે વખતે એક સંન્યાસી જેવી મૂર્ત્તિ આહીરટોલા તરફ જતી દૂરથી તેના જોવામાં આવી. શિષ્યે પાસે જઇને જોયું તો જણાયું કે તે સાધુમૂર્ત્તિ બીજું કોઇ નહિ, પણ તેના પોતાના ગુરૂ સ્વામી શ્રી વિવેકાનંદ પોતે જ હતા ! સ્વામીજીના પોતાના ડાબા હાથમાં પાંદડાંના એક પડીયામાં થોડા શેકેલા ચણા હતા.સ્વામીજી બાળકની માફક એ ચણા ખાતા ખાતા આનંદપૂર્વક આગળ ચાલ્યા જતા હતા. જગપ્રસિદ્ધ સ્વામીજીને આ પ્રમાણે રસ્તામાં ચણા ખાતા જોઇને શિષ્ય તો આભોજ બની ગયો ! તે વિચાર કરવા લગ્યો કે:–" સ્વામીજી કેટલા બધા અભિમાનરહિત હોવા જોઇએ ?"

ત્યારબાદ શિષ્ય તેમની આગળ આવીને ઉભો રહ્યો અને તેમના ચરણમાં પ્રણામ કરી, એકાએક કલકત્તામાં આવવાની કેમ જરૂર પડી તે સંબંધી પ્રશ્ન કર્યો.

સ્વામીજીઃ—સહજ કામ હતું એટલે આ તરફ આવવું પડ્યું. ચાલ, તારે પણ મઠમાં આવવું છે ને ? થોડા દાળીયા ખાઇશ ? મીઠું મરચું બહુ મજાનું ભભરાવ્યું છે !

શિષ્યે હસતે, હસતે પ્રસાદ ગ્રહણ કર્યો અને મઠમાં જવાની તત્પરતા દર્શાવી.

સ્વામીજીઃ—તો જા એક નૌકા ભાડે કરી રાખ.

ગરીબોની સાથે ભાવ ઠરાવવાની જરૂર નથી.

શિષ્ય દોડતો એક નૌકા ભાડે કરવા રવાના થયો. નૌકાવાળા માછીઓ સાથે શિષ્ય ભાડું ઠરાવતો હતો તેટલામાં સ્વામીજી ત્યાં આવી પહોંચ્યા. માછીઓએ મઠ સુધી લઇ જવાના આઠ આના કહ્યા અને શિષ્યે બે આના કહ્યા. સ્વામીજીએ કહ્યું કે:–"એમની સાથે તે વળી ભાડા માટે તકરાર કરવાની હોય ? ચાલો આઠ આનાજ આપીશું." શિષ્ય મૂંગે મ્હોડે નૌકામાં બેસી ગયો. ઓટનો વખત થઇ જવાથી નૌકા અત્યંત ધીરી ગતિએ આગળ વધવા લાગી. મઠમાં પહોંચતાં લગભગ દોઢ કલાક થયો હશે. નૌકામાં સ્વામીજી સિવાય બીજું કોઈ નહિ હોવાથી શિષ્ય નિઃસંકોચપણે અનેક પ્રશ્નો પૂછવા લાગ્યો. આજ સાલમાં આષાઢ માસે સ્વામીજીએ દેહ ત્યાગ કર્યો હતો. તે દિવસે ગંગાજીની મધ્યમાં સ્વામીજી સાથે શિષ્યને જે કથોપકથન થયું તેજ આજે વાચકોને ઉપહારરૂપે અર્પણ કરીએ છીએ.

શ્રીરામકૃષ્ણ પરમહંસના ગૃહસ્થ ભક્તો વિષે સ્પષ્ટીકરણ.

ગુરૂદેવના ગત જન્મોત્સવ વખતે તેમના ભક્તોનું માહાત્મ્ય દર્શાવનારૂં જે

સ્તોત્ર શિષ્યે છપાવ્યું હતું, તે સંબંધે પ્રસંગ કાઢી સ્વામીજીએ શિષ્યને પૂછ્યું કેઃ–" તેં તારા રચેલા સ્તોત્રમાં જેમનાં નામો આપ્યાં છે, તેઓ સઘળા ગુરૂદેવના અંગોપાંગરૂપ હતા તે વાત તું કેવી રીતે જાણી શકયો ?"

શિષ્યઃ—મહાશય, ગુરૂદેવના ગૃહસ્થ ભકતો તથા સંન્યાસી ભકતો પાસે હું ઘણીવાર આવ-જા કરૂંછું; તેથી ગુરૂદેવના ભકતો કોણ કોણ હતા તે તેમના પોતાના મુખથીજ હું સાંભળી શકયો છું.

સ્વામીજીઃ—તેઓ સર્વ ગુરૂદેવના ભકતો હોઇ શકે; પરંતુ તેઓ સઘળા ગુરૂદેવના અંગોપાંગરૂપ હતા તેમ કહી શકાય નહિ. ગુરૂદેવે પોતે કાશીપુરના બગીચામાં મને કહ્યું હતું કેઃ–" માએ મને બતાવી દીધું છે કે આ સર્વ અહિંના (આપણા) અંતરંગ માણસો નથી." સ્ત્રી અને પુરૂષ, એ ઉભય પ્રકારના ભકતો સંબંધે ગુરૂદેવે તે દિવસે એ પ્રમાણે કહ્યું હતું.

ત્યાર પછી ગુરૂદેવે પોતે પોતાના ભકતોના જે બે ભાગો પાડયા હતા, તેવા ભાગો પાડવાની શા માટે જરૂર પડી તે વિષે વિવેચન કરી, સ્વામીજીએ ગૃહસ્થ તથા સંન્યાસ જીવનમાં કેટલો બધો ભેદ છે, એ વિષય બહુજ વિસ્તારથી શિષ્યને સમજાવી દીધો.

સ્વામીજીઃ—એક તરફ કામિની અને કાંચનની સેવા કરવી અને બીજી તરફ ગુરૂદેવને યથાર્થરૂપે પ્રાપ્ત કરવા, એ શું કોઇ કાળે બને ખરૂં ? બન્યું હોય એમ કદાપિ સાંભળ્યું છે ? બન્ને વિરોધી પ્રવૃત્તિઓ એક સાથે બની શકે એમ કોઇ તને કહે તો પણ તું માનીશ નહિ. ગુરૂદેવના કેટલાએક ભકતો એવા છે કે જેઓ પોતાને અત્યારે "ઇશ્વરકોટીના" તેમજ "અંતરંગ" અધિકારવાળા તરીકે જાહેર કરે છે ! ગુરૂદેવના ત્યાગ-વૈરાગ્યનો તો એક છાંટો પણ મળે નહિ, છતાં પોતાને અંતરંગ ભક્ત તરીકે જાહેર કરવા એ કેટલું બધું અનુચિત ગણાય ? એવી વાતો પ્રત્યે તું જરા પણ ધ્યાન આપીશ નહિ. ગુરૂદેવ કે જેઓ ત્યાગીઓના "મુકુટમણિ" હતા તેમની કૃપા પ્રાપ્ત કર્યા પછી શું કામ-કાંચનાદિની સેવા કરવાની વૃત્તિ કોઇને થાય ખરી ? કામ-કાંચનાદિમાં જ્યારે વૈરાગ્ય આવે ત્યારેજ ગુરૂકૃપા પ્રાપ્ત થઇ એમ સમજવું.

શિષ્યઃ—ત્યારે જેઓ દક્ષિણેશ્વરમાં ગુરૂદેવની પાસે આવતા અને રહેતા તેઓ શું ગુરૂદેવના ભકતો નહોતા ?

સ્વામીજીઃ—એમ કોણ કહે છે ? જેઓ ગુરૂદેવની પાસે નિરંતર આવતા તેઓ સર્વ આધ્યાત્મિકતા તરફ આગળ વધ્યા છે-વધે છે અને વધશે; કારણ કે તેઓ સર્વે ગુરૂદેવના ભકતો છે. એટલું છતાં આ વાત ભૂલી જઇશ નહિ કે તેઓ સઘળા કાંઇ ગુરૂદેવના અંતરંગ તો નથીજ. ગુરૂદેવ પોતેજ ઘણીવાર કહેતા કેઃ–

“ અવતારી પુરૂષોની સાથે કલ્પાંતરના સિદ્ધ ઋષિઓ દેહ ધારણ કરી જગતમાં જન્મ લે છે. ભગવાનના સાક્ષાત્ સહાયક જો કોઇ હોય તો તેઓજ છે. તેઓની મારફતેજ ભગવાન પોતાનું કાર્ય કરાવે છે અને જગતમાં ધર્મભાવનો પ્રચાર પણ તેઓના દ્વારાજ થાય છે. ” આટલી વાત હૃદયમાં કોતરી રાખજે કે જેઓ પરાર્થે સર્વત્યાગી થઇ શકે જેઓ ભોગવિલાસને કાગડાની વિષ્ટાસમાન લેખી તેનો પરિત્યાગ કરી શકે; અને માત્ર જગતના હિતને અર્થે–જીવોના કલ્યાણને માટે પોતાનું જીવન અર્પણ કરી શકે તેઓજ અવતારી પુરૂષના અંતરંગ કિંવા અંગોપાંગરૂપ બની શકે છે. ભગવાન ઇસુના જેઓ યથાર્થ શિષ્યો હતા તેઓ સર્વ સંન્યાસીઓજ હતા. શ્રીશંકર, રામાનુજ શ્રીચૈતન્યદેવ તથા બુદ્ધદેવની સાક્ષાત્ કૃપા પ્રાપ્ત કરનારા શિષ્યો પણ સર્વત્યાગી સંન્યાસીઓજ હતા. આ ત્યાગી સંન્યાસી મહાત્માઓજ ગુરૂપરંપરાએ જગતમાં બ્રહ્મવિદ્યાનો પ્રચાર કરતા આવ્યા છે. **કામ–કાંચનાદિના ગુલામોએ મનુષ્યોનો ઉદ્ધાર કર્યો હોય અથવા મનુષ્યોને ઇશ્વરપ્રાપ્તિનો માર્ગ દર્શાવ્યો હોય એમ કોઇ કાળે કોઇ પણ ક્ષેત્રમાં બન્યું નથી.** જેઓ પોતે મુક્ત થયા ન હોય તેઓ બીજાઓને કેવી રીતે મુકત કરી શકે? વેદ, વેદાન્ત તથા ઇતિહાસ, પુરાણ વગેરેમાં તું જોઇ શકશે કે સર્વકાળે અને સર્વદેશે લોકગુરૂ તરીકે સંન્યાસીઓએજ ધર્મનો યથાર્થ ઉપદેશ આપ્યો છે. જે કાંઇ પૂર્વે બન્યું છે તેજ ભવિષ્યમાં બનવાયોગ્ય છે. અત્યારે પણ તેમજ બનવું જોઇએ.

શિષ્ય:—તો પછી ગુરૂદેવના ગૃહસ્થ ભકતો તેમની વાતોનો વિવિધરૂપે પ્રચાર કરે છે તેને સત્ય લેખી શકાય કે નહિ?

સ્વામીજી:—છેકજ અસત્ય છે એમ તો કહી શકાય નહિ; છતાં ગુરૂદેવના સંબંધમાં જે વાતો તેઓ કહે છે તે સર્વને અર્ધ સત્ય કહેવામાં હરકત નથી. ખરી વાત તો એજ છે કે જે જેવું પાત્ર હોય તેજ પ્રમાણે તે ગુરૂદેવના કથનનો અર્થ કરવા શકિતમાન થાય છે; અને તેમ કરવું એ કાંઇ ખરાબ નથી. છતાં ભકતોમાં પણ જો કોઇ એમજ સમજી લે કે “ અમે જે કાંઇ કહીએ છીએ અથવા અમે જે કાંઇ સમજ્યા છીએ તેજ માત્ર સત્ય છે, તેજ સર્વસ્વ છે, ” તો હું કહું છું કે એવા લોકો દયાને પાત્ર છે. ગુરૂદેવને માટે કેટલી કેટલી કિંવદંતીઓ ચાલે છે તે તું જાણે છે? કોઇ કહે છે કે તેઓ તો તાંત્રિક મતના એક પ્રચારક હતા. કોઇ કહે છે કે તેઓ તો “ નારદીય ભકિત ” નોજ પ્રચાર કરવા અવતર્યા હતા. કોઇ કહે છે કે તેઓ સાધન–ભજન કરતા હતા. તે ઉપરથી જણાય છે કે તેઓ અવતારી મહાપુરૂષ તો નહિજ હોય! વળી કોઇ એમ પણ કહે છે કે સંન્યાસી થવું એ તેમના મતથી બીલકુલ વિરૂદ્ધ પ્રથા છે. આ પ્રમાણે તેમના

ગૃહસ્થ ભકતો સેંકડો ગપાટા હાંકે છે. તું તેમાંની એકે વાત તરફ લક્ષ આપીશ નહિ. તેઓ યથાર્થમાં કોણ હતા, અધ્યાત્મરાજ્યમાં તેમનો કેટલો પ્રબળ અધિકાર હતો, એ વાત હું આખી જીંદગી સુધી કઠિન તપસ્યા કરવા છતાં લેશમાત્ર સમજી શકયો નથી. એટલાજ માટે હું જ્યારે ગુરૂદેવના સંબંધમાં કાંઇ બોલું છું ત્યારે બહુજ સાવચેતીથી બોલું છું. સારાંશ કે જે ભકતમાં જેટલી પાત્રતા હતી તેટલે અંશેજ તેને ગુરૂદેવે પોતાનો પરિચય આપ્યો છે. તેમનાં અધ્યાત્મજ્ઞાનનો સમુદ્ર એટલો બધો ભરપૂર હતો કે એ અધ્યાત્મરસનું એક ટીપું પણ જો કોઇ મનુષ્ય ધારણ કરી શકે તો તે તુરતજ મનુષ્યમાંથી દેવ બની જાય ! જગતના ઇતિહાસમાં તેમના જેવું બીજું દ્રષ્ટાંત મળવું દુર્લભ છે. તેઓ વસ્તુતઃ કોણ હતા અને શા માટે દેહ ધારણ કર્યો એજ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર હજી સુધી મળી શકયો નથી. એટલાજ ઉપરથી વિચાર કરી જો કે તેઓ કેટલા બધા મહાન હોવા જોઇએ ? અવતારી પુરૂષ તરીકે તેમનો પરિચય આપવો એ પણ તેમને હલકા પાડવા જેવું મને તો લાગે છે. મેં જોયું છે કે જ્યારે તેઓ પોતાના સંન્યાસી–સંતાનને કોઇ ખાસ પ્રકારનો ઉપદેશ આપવા બેસતા તે પહેલાં તેઓ પોતે ઉઠીને ચોતરફ અસપાસ જોઇ આવતા, એવા ભયથી કે રખેને કોઇ ગૃહસ્થ ભકત તે ઉપદેશ સાંભળી જાય ! જ્યારે તેઓને ખાત્રી થતી કે આસપાસ કોઇ ગૃહસ્થ હાજર નથી, તેમજ તુરતમાં આવે એવો સંભવ નથી, ત્યારેજ તેઓ જ્વલંત ભાષામાં ત્યાગ અને તપસ્યાનો મહિમા છૂટથી સંભળાવતા. તેમણે સંસાર વૈરાગ્યની જે પ્રબળ ઉદ્દીપના અમારામાં એકવાર પ્રકટાવી હતી તેનેજ લઇને અમે આજે સંસારત્યાગી–ઉદાસીન સંન્યાસી બની શકયા છીએ.

ગૃહસ્થ અને સંન્યાસી ભકતોનો મુકાબલો.

શિષ્ય:—ગૃહસ્થ અને સંન્યાસીઓમાં તેઓ એટલો બધો ભેદ કેમ રાખતા ?

સ્વામીજી:—એ વાત તો ગૃહસ્થભકતો પોતે પણ કહેશે. હું તને માત્ર એટલુંજ પૂછુંછું કે જે સંતાનોએ ઇશ્વરપ્રાપ્તિની ખાતર ઐહિક જીવનના સમસ્ત ભોગોપભોગોનો તદ્દન ત્યાગ કર્યો છે અને જેઓએ પહાડમાં–પર્વતમાં–તીર્થમાં–આશ્રમમાં તપસ્યા કરી દેહપાત કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો છે તેઓ મોટા હોઇ શકે, કે જેઓ તેમની સેવા, વંદના, સ્મરણ અને મનન કરવા છતાં સંસારની માયાનો મોહ તોડી શકયા નથી તેઓ મોટા હોઇ શકે ? જેઓ પ્રાણીમાત્રને આત્મવત્ લેખી જીવસેવા કરવા તત્પર થયા છે, જેઓ બાલ્યાવસ્થાથીજ ઊર્ધ્વરેતા છે; અને જેઓ ત્યાગ–વૈરાગ્યની તેજસ્વી મૂર્તિ સમાન જગતમાં વિચરે છે તેઓ મોટા હોઇ શકે કે, જેઓ એક માંખની માફક એક ફૂલ ઉપરથી ઉડી તુરતજ વિષ્ઠા ઉપર બેસી જાય છે તેઓ મોટા હોઇ શકે ? આ સર્વ વાતોનો તું પોતેજ

વિચાર કરી જો !

ગુરૂકૃપા સફળ કયારે લેખાય ?

શિષ્ય:—પરંતુ મહાશય, જેઓએ ગુરૂદેવની કૃપા પ્રાપ્ત કરી હોય તેઓને તે વળી સંસાર જેવું હોયજ શું! તેઓ તો ઘેર રહે અથવા સંન્યાસનું અવલંબન લે, ગમે તે કરે, તેમને માટે તો ઉભય સમાન છે; મને તો લાગે છે કે તેમને માટે કોઇ નિયમજ હોઇ શકે નહિ.

સ્વામીજી:—તેમની કૃપા જેમણે એકવાર પ્રાપ્ત કરી છે તેમના મનમાં કે તેમની બુદ્ધિમાં પણ કયાંઇ સંસારની આસકિત રહી શકતી નથી. કૃપા પ્રાપ્ત થઇ છે કે નહિ તે જોવું હોય તો તેની માત્ર એકજ પરીક્ષા છે અને તે એજ કે કામ–કાંચનાદિની આસકિત જેટલી દૂર થાય તેટલે અંશેજ ગુરૂદેવની તેમના ઉપર કૃપા થયેલી છે, એમ ચોક્કસ સમજી લેવું. કામ–કાંચનની આસકિતથી જે મુકત થઇ શકયો નથી, તે ગુરૂદેવની કૃપાને પ્રાપ્ત કરી શકયો હોય એમ માનવાને હું કદાપિ તૈયાર થઇશ નહિ.

સ્વામીજીની ભાવી આશાઓ.

પૂર્વ પ્રસંગ આ પ્રમાણે સમાપ્ત થયો એટલે શિષ્યે નવા વિષયની શરૂઆત કરવા પ્રશ્ન કર્યો કે:—"મહાશય, આપે દેશવિદેશમાં આટલો બધો પરિશ્રમ કર્યો તેનું પરિણામ શું આવ્યું ?"

સ્વામીજી:—શું પરિણામ આવ્યું તેને કંઇક અંશે તમે પ્રત્યક્ષ કરી શકશો. વખત જતાં ગુરૂદેવની ઉદાર ભાવનાઓ જગતમાં પ્રચાર પામશે; તેનો હજી સૂત્રપાતજ થાય છે. એક કાળે ઉદારભાવનો પ્રવાહ એટલો બધો પ્રબળ થશે કે સર્વને તેમાં તણાવુંજ પડશે.

ગુરૂદર્શન કરવાં હોય તો તેમનાં સંતાનની સેવા કરો.

શિષ્ય:–ગુરૂદેવના સંબંધમાં કંઇક વિશેષ સંભળાવો. આપના પવિત્ર મુખથી ગુરૂ–પ્રસંગ સાંભળવાની તીવ્ર આકાંક્ષા રહ્યા કરે છે.

સ્વામીજી:–રાત્રિ–દિવસ એ સિવાય બીજી વાતજ આપણે કયાં કરીએ છીએ? તેમને (ગુરૂદેવને) બીજી કોઇ વસ્તુની ઉપમા આપી શકાય તેમ નથી, તેમની ઉપમા તેઓ પોતેજ હતા, એમ કહેવું બસ થઇ પડશે.

શિષ્ય:–મહાશય, અમે તેમના દર્શનનો લાભ લઇ શકયા નહિ. અમારે માટે હવે કાંઇ ઉપાય ખરો ?

સ્વામીજી:–તેમની સાક્ષાત્ કૃપા જેઓ મેળવી શકયા છે તેવા આ સાધુપુરૂષોનો સત્સંગ તો તને પ્રાપ્ત થઇ ચૂકયો છે. તો પછી તેમનાં દર્શન તને થયાં નહિ એમ કેવી રીતે કહી શકાય? તેઓશ્રી પોતે પોતાના ત્યાગી સંતાનોમાં સર્વદા વિરાજી

રહ્યા છે! તેમની સેવા-વંદના કરવાથી તેઓ પોતે સમય વીતતાં પ્રકટ થશે. કાળક્રમે મારી આ વાત સમજાશે-અત્યારે નહિ.

શિષ્યઃ-તે તો ઠીક. ગુરૂદેવની કૃપા પ્રાપ્ત કરી હોય એવા સાધુ પુરૂષોના સંબંધમાં તો આપ નિત્ય વાતો કરો છો; પણ આપના પોતાના સંબંધમાં તેઓ જે કાંઇ કહેતા તે તો આપે કોઇ દિવસ અમને કહ્યુંજ નહિ !

સ્વામીજીઃ-મારી વાત વિશેષ શું કહું ? હું તો તેમના દૈત્યો માંહેનોજ કોઇ એક હોઇશ. કોઇ કોઇ વખત તેમની રૂબરૂમાં હું તેમને ગાળો દેતો ! છતાં તેઓ મારી ગાળો સાંભળીને માત્ર હસતા ! વાત કહેતા કહેતામાં સ્વામીજીનું મુખમંડળ સ્થિર-ગંભીર થઇ ગયું ! ગંગાજીની તરફ શૂન્ય મને થોડીવાર સ્થિરભાવે તેઓ નિહાળી રહ્યા. હવે સાંજ પડી ગઇ અને નૌકા પણ મઠ પાસે આવી પહોંચી. સ્વામીજી મનમાં ને મનમાંજ ગુરૂદેવની સ્તુતિ ગાવા લાગ્યા. ગાનનો મધુર-સૂક્ષ્મ ધ્વનિ સાંભળી શિષ્ય સ્વામીજીના મુખ તરફ એકીટસે તાકી રહ્યો.

ભાડું ચૂકવી દઇ સ્વામીજી નૌકામાંથી નીચે ઉતર્યા; અને ઝભ્ભો કહાડી નાખી મઠની પશ્ચિમ ગૅલેરીમાં ગયા. બેઠા ત્યારે શિષ્યે જોયું તો તેને જણાયું કે સ્વામીજીની ગૌરકાંતિએ તથા ગૈરિક વસ્ત્રોએ સંધ્યાના દીપ-પ્રકાશથી એક પ્રકારની અપૂર્વ શોભા ધારણ કરી હતી!

प्रसंग ४५ मो.

અંતિમ દર્શન.

(સ્થાન-બેલુડમઠ. ઇ. સ. ૧૯૦૨)

અંગ્રેજી તથા દેશી પોષાકવિષે ચર્ચા.

આજે આષાઢ માસની ત્રયોદશી હતી. શિષ્ય આજે સાંજ પડતા પહેલાં મઠમાં હાજર થઇ ગયો છે, શિષ્યને તે વખતે બાલીમાં નોકરી હતી, તેથી ઑફીસનો પોષાક પહેરી રાખી ત્યાંથી પરભાર્યોજ મઠમાં આવ્યો હતો. બહુ ઉતાવળ કરવાથી રોજની માફક આજે પોષાક બદલવાનું તેનાથી બની શક્યું નહોતું. શિષ્યે સ્વામીજીનાં ચરણકમળમાં પ્રણામ કરી તેમની શારીરિક કુશળતા પૂછી. સ્વામીજીએ કહ્યું:-“ ઠીક છે. ” શિષ્યનો પોષાક જોઇ કહ્યું કેઃ-“ તું આ કોટ-પાટલુન પહેરે છે તો પછી કૅાલર કેમ રાખતો નથી ? ” આ પ્રમાણે કહી તેમણે સ્વામી શારદાનંદને બોલાવીને આજ્ઞા કરી કેઃ-“ મારા કૅાલરો છે તેમાંથી એક-બે કૅાલર આને કાલે સવારે આપજે.” શારદાનંદસ્વામી સ્વામીજીની આજ્ઞાને શિરોધાર્ય કરી ત્યાંથી ચાલ્યા ગયા.

ત્યાર બાદ મઠના એક ઓરડામાં શિષ્ય પોતાનો ઑફીસનો પોષાક બદલી નાખી, હાથ-પગ-મ્હોં ધોઇ સ્વામીજી પાસે હાજર થયો. સ્વામીજીએ તેને ઉદ્દેશીને કહેવા માંડ્યું કે:-“ આહાર-પોષાક અને જાતીય આચાર-વ્યવહારનો ત્યાગ કરવાથી ધીમે ધીમે જાતીયતાનો લોપ થઇ જાય છે. ગમે તેની પાસેથી વિદ્યા પ્રાપ્ત કરવામાં કાંઇ વાંધો નથી; પરન્તુ **જે વિદ્યા પ્રાપ્ત કરવાથી પોતાની જાતીયતાનો લોપ થાય, તેવી અધઃપાત કરનારી વિદ્યા કોઇ રીતે ઇચ્છવાયોગ્ય નથી.** ”

શિષ્ય:—મહાશય, ઑફીસમાં સાહેબ લોક જેવો પોષાક પહેર્યાવિના ચાલતું નથી, તેથીજ એ ડ્રેસ પહેરવો પડે છે.

સ્વામીજી:—તેની કોણ ના કહે છે? ઑફીસના કામકાજ પ્રસંગે અવશ્ય એવો પોષાક પહેરવો; પરંતુ ઘેર ગયા પછી તો ચોકખા બંગાળીજ બનવું. ઘેર તો ધોતીયું, પહેરણ તથા શાલજ ઓઢી રાખવી સમજ્યો કે?

શિષ્ય:—જી હા.

સ્વામીજી:—તમે લોકો માત્ર ખમીસ પહેરી રાખી બહાર ફર્યા કરો છો તે ઠીક નથી. યૂરોપમાં જો કોઇ એવો અર્ધો પોષાક પહેરી બહાર નીકળે તો તે એક પ્રકારનું જંગલીપણુંજ ગણાય! ખમીસ ઉપર કોટ ન પહેર્યો હોય તો ત્યાં કોઇ સદ્‌ગૃહસ્થ પોતાના ઘરમાં આવવાની રજાજ ન આપે! પોષાકના સંબંધમાં તમે કેટલું બધું અયોગ્ય અનુકરણ કરતાં શીખ્યા છો! આજકાલ છોકરાઓ જે પોષાક પહેરે છે તે તો ન મળે આ દેશની પદ્ધતિનો કે ન મળે પાશ્ચાત્ય પદ્ધતિનો! બન્નેનું એક બેડોળ સંમિશ્રણ તમે લોકોએ કરી નાખ્યું છે!

આ પ્રમાણે વાર્તાલાપ થયા પછી સ્વામીજી ગંગાના કિનારા ઉપર ધીમે ધીમે ફરવા લાગ્યા. તે વખતે તેમની પાસે એક માત્ર શિષ્યજ હતો. સાધન સંબંધી એક પ્રશ્ન સ્વામીજીને પૂછવો છે, તે આ પ્રસંગે પૂછાય કે નહિ તે સંબંધી વિચાર કરતો શિષ્ય સ્વામીજી પાસે ચાલવા લાગ્યો. તેટલામાં પોતેજ જાણે તેના મનની વાત સમજી ગયા હોય તેમ સ્વામીજીએ કહ્યું કે:-“ એમાં વિચાર શું કરે છે? મનમાં હોય તે કહી નાખ ને?”

શિષ્ય સહેજ શરમાયો, તો પણ કહ્યું કે:-“ મહાશય, હું એમ વિચારતો હતો કે જો મનને એકદમ સ્થિર કરવાનો એકાદ ઉપાય આપ શીખવી દ્યો, અથવા શીઘ્ર ધ્યાનસ્થ થવાની કોઇ કુંચી બતાવી દ્યો તો મારા ઉપર મોટો ઉપકાર થાય. સંસારચક્રમાં સપડાયા પછી સાધન-ભજન કરી મનને સ્થિર કરવું એ મારે માટે બહુજ કઠિન કામ થઇ પડ્યું છે.”

શિષ્યની આ પ્રમાણેની દીનતા જોઇ તેઓ બહુ સંતુષ્ટ થયા હોય એમ

જણાઇ આવ્યું. પ્રત્યુત્તરમાં તેઓએ શિષ્યને સ્નેહપૂર્વક કહ્યું કે:-" થોડીવાર પછી હું જ્યારે ઉપર એકલો બેસું ત્યારે તું મારી પાસે આવજે. આપણે એ વખતે તે સંબંધી ચર્ચા કરીશું."

શિષ્ય આનંદથી ઉન્મત્ત બની સ્વામીજીને પુનઃ પુનઃ પ્રણામ કરવા લાગ્યો. સ્વામીજીએ કહ્યું:—" એ બધું રહેવા દે-રહેવા દે."

થોડીવાર પછી સ્વામીજી ઉપર ચાલ્યા ગયા.

શિષ્ય તે સમયે નીચે બેસી એક સાધુની સાથે વેદાન્તની ચર્ચા કરવા લાગ્યો. આ દ્વૈતાદ્વૈતમતની ચર્ચા એટલી બધી વધી પડી કે આખા મઠમાં કોલાહલ મચી ગયો. શિવાનંદ મહારાજે આવીને કહ્યું કે:-" અરે, ધીમે ધીમે બોલો! આમ બરાડા પાડશો તો સ્વામીજીના ધ્યાનમાં વિક્ષેપ થશે." શિષ્ય ચૂપકીથી ત્યાં બેસી રહ્યો અને થોડીવારે સ્વામીજીની આજ્ઞાનું સ્મરણ થતાં ઉપર ગયો.

શિષ્યે ઉપર જઇને જોયું તો સ્વામીજી પશ્ચિમ તરફ મુખ રાખી એક પાટ ઉપર વિરાજ્યા હતા. મુખ ઉપર અપૂર્વ ભાવ પ્રકાશી રહ્યો હતો. ચન્દ્રકાંતિ સમાન સ્વચ્છ પ્રકાશ તેમના અંગમાંથી બહાર સ્ફુરી નીકળતો હતો! તેમનું સર્વાંગ સ્થિર-ગંભીર-અડગભાવે ચિત્રની મૂર્તિ માફક એકાસને શોભી રહ્યું હતું. સ્વામીજીની આવી ધ્યાનસ્થ મૂર્તિ જોઇ શિષ્ય શાંતભાવે તેમની પાસે જઇને ઉભો રહ્યો. થોડી ક્ષણો સુધી ઉભા રહેવા છતાં સ્વામીજીએ આંખ ખોલી નહિ, તેથી તે ત્યાં તેમની પાસેજ બેસી ગયો. આમને આમ અર્ધો કલાક પસાર થયો, છેવટે સ્વામીજીની હાથેલી ધ્રૂજવા લાગી અને તે પછી પાંચ-સાત મિનિટે તેમણે આંખો ઉઘાડી શિષ્યની તરફ દ્રષ્ટિ કરી પૂછ્યું:-" અહં ક્યારે આવ્યો?"

શિષ્ય:—સહજ વાર થઇ હશે.

સ્વામીજી:—ભલે, પાણીનો એક પ્યાલો ભરી લાવ જોઇએ.

શિષ્ય ઉતાવળો ઉતાવળો સ્વામીજીના ખાસ કુંજામાંથી પાણી ભરી લાવ્યો. પાણી પી શિષ્યને પ્યાલો પાછો સોંપ્યો અને તેને યથાસ્થાને મૂકી આવવાનું કહ્યું. ત્યારપછી સ્વામીજીએ વાતની શરૂઆત કરતાં કહ્યું કે:-" આજે ધ્યાનની બહુ સરસ જમાવટ થઇ!"

શિષ્ય:—ધ્યાન કરવા બેસીએ કે તુરતજ મન એકાગ્ર થઇ જાય એવો કંઇક ઉપાય બતાવો.

સ્વામીજી:—અત્યાર પહેલાં સર્વ ઉપાયો તમને કહી ચૂક્યો છું. નિત્ય પ્રાતઃકાળે એક વખત અવશ્ય ધ્યાન કરવા બેસવું. વખત જતાં સફળતા પ્રાપ્ત થશે. ભલા કહે જોઇએ, તને આ ઠીક લાગે છે?

શિષ્ય:—આપે અત્યાર સુધીમાં જે કાંઇ કહ્યું છે તે પ્રમાણે હું ધ્યાન કર-

વાનો નિત્ય પ્રયત્ન કરૂં છું; પરંતુ હજી સુધી ધ્યાનમાં જેવી જોઇએ તેવી એકાગ્રતા થતી નથી. કોઇ કોઇ વખત તો મનમાં એમજ થઇ આવે છે કે ધ્યાન માત્ર કરવાથી શું કલ્યાણ થવાતું હતું? મને લાગે છે કે મારાથી ધ્યાન વગેરે થઇ શકશે નહિ. આપની પાસેજ કાયમ રહું એજ મને તો મારે માટે ઇચ્છવાયોગ્ય જણાય છે.

સ્વામીજીઃ—એ સર્વ માનસિક દુર્બળતાની નિશાનીઓ છે! સર્વદા નિત્ય–પ્રત્યક્ષ એવા આત્માના વિષયમાંજ તલ્લીન રહેવાનો પ્રયત્ન કરજે. **આત્મદર્શન થયા પછી તારે માટે કાંઇ કર્તવ્યજ નહિ રહે.** જન્મ–મૃત્યુની જાળ પોતાની મેળેજ તૂટી જશે!

શિષ્યઃ—આપશ્રી પોતેજ કૃપા કરીને એટલું કરી દો. આજે આપે અવકાશે મને આવવાનું કહ્યું હતું તેથીજ હું આવ્યો છું. મારૂં મન સ્થિરતા પ્રાપ્ત કરે એવો કોઇ માર્ગ દર્શાવો.

સ્વામીજીઃ—ધ્યાનમાંજ અવકાશનો સદુપયોગ કરવો. સુષુમ્ણા–માર્ગે માત્ર એકવાર જો મન જઇ શકે તો પછી કોઇ પ્રકારની ચિંતા રહે નહિ, વધુ કાંઇ કરવાનીજ જરૂર ન રહે.

શિષ્યઃ—આપ તો ઘણોય ઉત્સાહ આપો છો; પરંતુ મને સત્ય વસ્તુની પ્રાપ્તિ થશે કે નહિ એજ સમજાતું નથી. યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી હું મુક્ત થઇ શકીશ કે નહિ?

સ્વામીજીઃ—એક કીડાથી લઇ બ્રહ્મા પર્યંત સૌ કોઈ એક કાળે મુક્ત થઇ શકશે. તો પછી તું એકલોજ કેમ રહી જશે? માનસિક દુર્બળતાઓને મનમાં સહેજ પણ સ્થાન આપીશ નહિ.

ત્યારબાદ સ્વામીજીએ કહ્યું કેઃ–“શ્રદ્ધાવાન થાઓ, વીર્યવાન થાઓ, આત્મજ્ઞાન પ્રાપ્ત કરો; અને “પરહિતાર્થે” જીવન અર્પણ કરો એજ મારી ઇચ્છા અને આશિષ છે.”

એજ વખતે જમવાનો ઘંટ વાગ્યો. સ્વામીજીએ શિષ્યને કહ્યું.

“જા, જમવાનો ઘંટ વાગ્યો. જમી આવ.”

શિષ્યે સ્વામીજીનાં ચરણ–કમળમાં નમન કરી કૃપાભિક્ષાની યાચના કરી. સ્વામીજીએ શિષ્યના મસ્તક ઉપર હસ્ત સ્થાપ્યો અને આશીર્વાદ આપતાં કહ્યું કેઃ–“જો મારા આશીર્વાદથી તારો કોઇપણ પ્રકારનો ઉપકાર થઇ શકતો હોય તો હું કહું છું કે ભગવાન શ્રી રામકૃષ્ણ તારા ઉપર કૃપા કરો! એથી અધિક મહાન આશીર્વાદ મારી પાસે નથી.”

શિષ્ય આનંદિત અંતઃકરણે નીચે ઉતર્યો અને શિવાનંદ મહારાજને સ્વામી-

જીનો આશીર્વાદ કહી સંભળાવ્યો. શિવાનંદ સ્વામીએ આશીર્વાદ સાંભળીને કહ્યું કેઃ—" જા, બંગાળી, તારી સર્વ કામનાઓ પૂર્ણ થશે. વખત જતાં સ્વામીજીના આશીર્વાદનું ફળ તને પ્રત્યક્ષ થયાવિના રહેશે નહિ. "

આહાર કર્યા પછી શિષ્ય તે રાત્રિએ સ્વામીજી પાસે ગયો નહિ; કારણ કે તેઓ આજે બહુ જલદીથી સૂઇ જવાના હતા.

બીજે દિવસે સવારે શિષ્યને કેટલાંએક ખાસ કારણોને લીધે કલકત્તા જવાની જરૂર પડી; તેથી તે જેમ બને તેમ જલદી શૌચાદિ નિત્યકર્મોથી પરવારી સ્વામીજી પાસે ઉપસ્થિત થયો.

સ્વામીજીઃ—કેમ ? અત્યારેજ જઇશ કે ?

શિષ્યઃ—જી, હા.

સ્વામીજીઃ—આવતા રવિવારે આવીશ કે ?

શિષ્યઃ—જરૂર, આવીશ.

સ્વામીજીઃ—ત્યારે જા. જો, આ નૌકા કલકત્તા તરફજ જાય છે; જલદી કર.

શિષ્ય સ્વામીજીના પાદપદ્મમાં છેલ્લા પ્રણામ કરી ત્યાંથી રવાના થયો. તે જાણતો નહોતો કે સ્વામીજીના સ્થૂલદેહનાં દર્શનનો આ પ્રસંગ છેક છેલ્લોજ નિવડશે. સ્વામીજી તેને પ્રસન્ન વદને રજા આપતાં બોલ્યા કેઃ—" રવિવારે આવજે." શિષ્યે કહ્યુંઃ—"ભલે." ત્યારબાદ શિષ્ય બહાર નીકળ્યો.

શિષ્યને કલકત્તા ખાતે જવાની તૈયારી કરતો જોઇ સ્વામી શારદાનંદે કહ્યું કેઃ—" અરે ! પેલા બે કૉલરો લેતો જા. નહિ તો અમારે સ્વામીજીનો ઠપકો ખાવો પડશે. "

શિષ્યે જણાવ્યું કેઃ—" આજે મને બહુ ઉતાવળ છે. બીજે દિવસે આવીને લઇ જઇશ. સ્વામીજીને મારીવતી આ વાત સવિનય જણાવજો, એટલે તમને ઠપકો નહિ મળે. "

નૌકા ગંગાકિનારે તૈયાર હતી. શિષ્ય તેમાં બેસીને કલકત્તા તરફ રવાના થયો. નૌકામાંથી શિષ્યે જોયું તો જણાયું કે સ્વામીજી તે વખતે મઠના ઉપલા મકાનમાં ગૅલેરીમાં આસપાસ ફરી રહ્યા હતા. શિષ્યે પુનઃ સ્વામીજી તરફ મુખ કરી પ્રણામ કર્યા. પવનની અનુકૂળતાથી નૌકા અર્ધા કલાકમાં આહીરિટોલા ખાતે પહોંચી ગઇ.

ત્યારપછી સાત દિવસે સ્વામીજીએ સ્વસ્વરૂપ સંકોચી લીધું ! શિષ્યને તે પહેલાં એ સંબંધી કશા સમાચાર મળ્યા નહોતા; તેથી સ્વામીજીના દેહાંતર થયાના શોકજનક સમાચાર સાંભળી શિષ્ય બીજેજ દિવસે મઠમાં હાજર થયો. દુર્ભાગ્યે સ્વામીજીના સ્થૂળદેહનાં શુભ દર્શન પુનઃ થઇ શકયાં નહિ.

पूर्वना प्रदेशोमां प्रथम व्याख्यान.

સિંહલદ્વીપ–લંકાનું પાટનગર કોલમ્બો.

સ્વામી વિવેકાનંદ યૂરોપ અને અમેરિકામાં સાડાત્રણ વર્ષપર્યંત વેદધર્મ અને વેદાન્તપ્રચારના ચિરસ્મરણીય પુરૂષાર્થ પછી, ઇ. સ. ૧૮૯૭ ના જાન્યુઆરી માસની ૧૫ મી તારીખે પુનઃ સ્વદેશ તરફ પધાર્યા; અને નૉર્થ જર્મન લૉઇડ લાઇનરની "પ્રિન્સ રિજન્ટ લિયોપોલ્ડ" નામક સ્ટીમરમાંથી લંકાના પાટનગર કોલમ્બો શહેરમાં તેમણે પદાર્પણ કર્યું.

કૅપ્ટન સેવિયર અને મી. ગુડવિન નામક બે અંગ્રેજ ગૃહસ્થો અને કૅપ્ટનની સહધર્મિણી મિસીસ સેવિયર એ ત્રણે જણ સ્વામીજીની સાથેજ આવેલાં હતાં. સેવિયર દમ્પતિ આગળ પણ એકવાર ભારતમાં ઘણો સમય નિવાસ કરી ગયાં હતાં. તેઓ બન્ને વયોવૃદ્ધ હતાં અને કંઇ સંતાન નહોતું. ઇંગ્લાંડમાં સ્વામીજીનાં હૃદય–સ્પર્શી વ્યાખ્યાનો સાંભળીને તેઓએ વેદાન્તના અદ્વૈતવાદનો સ્વીકાર કર્યો હતો. પુણ્ય–ભૂમિ ભારતના કોઇ પણ શાન્ત એકાન્ત સ્થળમાં એકાદ આશ્રમ સ્થાપન કરીને ત્યાં પોતાના નિવૃત્તિપરાયણ જીવનનો અવશેષ કાળ અધ્યાત્મચિંતન અને આત્માનંદમાં ગાળવાની, તેમજ પોતાને સર્વોત્તમ જણાયેલા અદ્વૈતવાદના પ્રચારને માટે પોતાનાં તન–મન–ધન–સર્વસ્વનું સમર્પણ કરવાની તેમની શુભાકાંક્ષા હતી. તેમની એ મંગલ કામના યથાસમયે સફળ થઇ છે. હિમાલયના તલપ્રદેશમાં આલમોરાની નજીક આવેલ "માયાવતી" માંનો 'અદ્વૈતાશ્રમ' તેમનીજ અર્ધ સહાયવડે સ્થાપિત કરવામાં આવ્યો છે.

મી. ગુડવિન ઉત્સાહી, નિઃસ્વાર્થી, પ્રબલ કર્ત્તવ્યનિષ્ઠ, ખંતીલો અને ઉદ્યોગી હતો. ટુંકાક્ષરી વિદ્યા (શૉર્ટહેન્ડ) માં તે પરમકુશળ અને સુવિખ્યાત હતો. સ્વામીજી અમેરિકામાં વ્યાખ્યાનો આપતા ત્યારે તેમનાં ભાષણોનો ઉતાવળથી રિપોર્ટ લેવા માટે આવા એક મનુષ્યની આવશ્યકતા હોવાથી તેને માટે વર્તમાનપત્રમાં જાહેરખબર છપાવીને માગણી કરવામાં આવી હતી. મી. ગુડવિન પ્રથમ તો પગાર લઇને એ કાર્ય કરતા હતા; પરંતુ પાછળથી સ્વામીજીના પ્રબલ સદ્‌ગુણો પર મુગ્ધ બનીને તેમણે સ્વામીજીની પાસે દીક્ષા લઇ શિષ્યત્વ સ્વીકાર્યું. એ સમયથી સર્વદા તેઓ સ્વામીજીની સાથેજ ભ્રમણ કરવા લાગ્યા. તેમનાજ પરિ-

શ્રમના પ્રતાપે સ્વામીજીનાં વ્યાખ્યાનો વાંચવા-સંગ્રહ કરવાનું આપણને સર્વને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ભારતમાં આવ્યા પછીથી થોડાજ સમયમાં ઉટાકામન્દખાતે તેમનો દેહાન્ત થયો. એ ઘણો દુઃખનો વિષય છે.

કોલમ્બોના હિન્દુ વર્ગે સ્વામીજીને સન્માન આપવાને એક "સન્માનકારિણી સભા" નીમી હતી. એ સભાના બે સભાસદો-એક સ્વામીજીના ગુરૂભાઇ અને બીજા હેરિસન નામક કોલમ્બો નિવાસી બૌદ્ધધર્માવલંબી એક યૂરોપિયન સ્વામીજીના સન્માનાર્થે સ્ટીમરપર તેમને લેવાને ગયા હતા.

સ્ટીમલોંચ તેઓ સર્વને લઇને કિનારા સમીપ આવી પહોંચી, ત્યારે, કોલમ્બોના વિશાળ સમુદ્રતટપર સ્વામીજીનાં દર્શનનિમિત્ત એકત્ર થયેલા હજારો લોકોની ભીડ જામી રહી હતી. એ પછી સ્વામીજીને સન્માન આપવા માટે ખાસ નક્કી કરેલા વાર્નેસ સ્ટ્રીટમાં આવેલા એક વિશાળ સુસજ્જિત બંગલામાં તેડી જવામાં આવ્યા. એ રસ્તો કોલમ્બો શહેરની ભાગળપરજ આવેલો હતો. રસ્તો જ્યાંથી શરૂ થાય છે ત્યાં એક વિશાળ તોરણોથી પરિવેષ્ટિત દરવાજો ઉભો કરવામાં આવ્યો હતો અને નારિકેલની શાખાઓ, પત્રો તેમજ પુષ્પોવડે સ્વાગતના અભિનંદન સૂચક અક્ષરો ગુંથવામાં આવ્યાં હતા. એ રસ્તાના આરંભથી છેક ઉતારાના બંગલાનાં દ્વાર સુધી પંક્તિબંધ પતાકાઓ અને તાલપત્રો સ્વામીજીનાં શ્રીચરણને સત્કારતાં, સનાતન આર્યધર્મની વિજયધ્વજા ફરકાવતાં શોભી રહ્યાં હતાં. બંગલાના દરવાજાપર પણ એક વિશાળ અર્ધચંદ્રાકાર સુશોભિત તોરણ સ્વામીજીના શુભાગમનનું સ્વાગત કરતું દીપી રહ્યું હતું. એ વિશાળ બંગલામાં સિંહલદ્વીપનિવાસી હિન્દુઓની એક ગંજાવર સભા એકત્ર થઇ, બૌધાદિ અન્યાન્ય ધર્માવલંબી ગૃહસ્થો પણ સ્વામીજીનાં દર્શનનિમિત્ત ત્યાં એકઠા થયા હતા. એ વિશાળ જનસમુદાયની સમક્ષ ત્યાંની વ્યવસ્થાપક સભાના મુખ્ય સભાસદ, માનનીય કુમારસ્વામી નામના વિખ્યાત વિદ્વાન્ સદ્ગૃહસ્થે, સ્વામીજીને માટે નીચે પ્રમાણેનું માનપત્ર વાંચી સંભળાવ્યું હતુંઃ—

પૂજ્યપાદ મહાત્મન્!

કોલંબો શહેરનિવાસી સમગ્ર હિન્દુવર્ગની એક જાહેર સભાદ્વારા પાસ કરવામાં આવેલા ઠરાવ અનુસાર આપને આ સિંહલદ્વીપમાં પ્રથમ પદાર્પણ સમયે હૃદયપૂર્વક અભિનંદન આપવાની આજ્ઞા લઇએ છીએ.

પશ્ચિમના પ્રદેશોમાં મહત્કાર્યની સિદ્ધિ કર્યા પછી સ્વદેશમાં પ્રત્યાગમન કરતી વખતે, આપનું સર્વથી પ્રથમ સ્વાગત કરવાનો અમને સદ્ભાગી સુયોગ પ્રાપ્ત થયોછે.

પરમાત્માના આશીર્વાદથી આપના દીર્ઘ પ્રવાસ, પુણ્ય પ્રયાસ અને મહત્કાર્યને સફલતાનો જે ઉજ્વલ કીર્તિમુકુટ પ્રાપ્ત થયો છે, તે અવલોકી અમારાં હૃદય આભારસૂચક આનંદસાગરમાં લીન થઇ જાય છે. યૂરોપ અને અમેરિકાની

સભ્યાભિમાની પ્રજાઓનાં નેત્રો સમક્ષ તમે હિંદુજાતિના સાર્વભૌમ ધર્મનો ઉચ્ચ આદર્શ ખડો કરીને, સૃષ્ટિના સઘળા મત–સંપ્રદાયો સાથે સમાનતા સાધવાનો, તેમજ પ્રત્યેક આત્માને તેની આવશ્યકતાના પ્રમાણમાં આધ્યાત્મિક પ્રસાદ પૂરો પાડી તેને પ્રભુના પ્રદેશમાં આકર્ષવાનો જયઘોષ કર્યો છે.

જે મહાન ગુરૂઓ અને આચાર્યોનાં પવિત્ર પગલાંવડે આ પુરાણપ્રસિદ્ધ ભારતભૂમિ પાવન થઇ છે, તેમજ જેમના આવિર્ભાવ અને જેમની દિવ્ય પ્રેરણા વડે, એજ ભારતભૂમિ, ઉન્નતિ–અવનતિની સઘળી પરિસ્થિતિઓમાં પોતાનું ગૌરવ જાળવી રહી છે, તે મહાત્માઓ અતિ પ્રાચીનકાળથી જે મહાન સત્યો અને દિવ્ય માર્ગનો ઉપદેશ કરી ગયા છે, તેજ સત્ય અને તેજ માર્ગનો તમે પશ્ચિમમાં પ્રકાશ પાડયો છે.

ભારતની આધ્યાત્મિક પ્રતિભાની સાક્ષાત્ ઝાંખી કરવાના મહાન સદ્ભાગ્ય માટે પાશ્ચાત્ય પ્રજાઓ, આપના નિઃસ્વાર્થ ઉત્સાહ અને શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવ જેવા મહા પુરૂષની પ્રેરણાની ઋણી છે.આપણા પૂર્વજો તરફથી મળેલા આધ્યાત્મિક વારસાનું મૂલ્ય,પાશ્ચાત્ય સુધારાના પ્રકાશદ્વારા આપણા અનેક સ્વદેશી બંધુઓને પણ દૃષ્ટિગોચર થવા લાગ્યું છે, એ બધો આપના પુણ્ય પ્રયાસનોજ પ્રતાપ છે.

ઉત્કૃષ્ટ કાર્ય અને ઉજ્જવલ દૃષ્ટાન્તદ્વારા આપે સમગ્ર માનવજાતિને કદિ પણ ન વાળી શકાય એવા આભાર તળે મૂકી છે; અને આપણી પ્રિય માતૃભૂમિ ઉપર દિવ્ય પ્રકાશ પાડયો છે. એ આપના પુનિત પ્રયાસ માટે અમને પરમ આનંદ પ્રાપ્ત થાય છે. કૃપાળુ પરમાત્માને અમે પ્રાર્થના કરીએ છીએ કે આપને અને આપના પવિત્ર કાર્યને ચિરાયુ કરો.

આપના ચિર વિશ્વાસપાત્ર
કોલમ્બોનિવાસી સમગ્ર હિન્દુવર્ગ તરફથી
પી. કુમાર સ્વામી.
સીલોનની કારોબારી સભાના સભાસદ
તે આ સભાના પ્રમુખ.
એ કુલવીર સિંઘમ્
મંત્રી.

કોલમ્બો,
જાન્યુઆરી. ૧૮૯૭ }

સંધ્યા સમય થઇ જવાથી સ્વામીજી આ માનપત્રનો વિસ્તારથી ઉત્તર આપી શકયા નહોતા. પ્રેમપૂર્વક કરવામાં આવેલા તેમના આંતરિક સ્વાગત પ્રત્યે પોતાનો પરમ સંતોષ અને આનંદ પ્રદર્શિત કરીને સ્વામીજીએ સંક્ષેપમાં જણાવ્યું કેઃ–

“તમે આજે મારો જે અપૂર્વ સત્કાર કર્યો છે તેને હું મારા વ્યકિતગત કાર્યની પ્રશંસા સમજતો નથી, પરંતુ હિંદુઓની પ્રબલ ધર્મપ્રીતિનું ફલ સમજું છું; અને એથીજ મને વિશેષ આનંદ પ્રાપ્ત થાય છે. હિંદુઓ પોતાના ધર્મનેજ

સર્વથી મૂલ્યવાન વસ્તુ ગણે છે. આપ સર્વ અહીં કોઇ રાજા મહારાજાને, કોઇ વિખ્યાત રાજનૈતિકને, મોટા વીરનરને–લડવૈયાને–કે મોટા લક્ષાધિપતિને માન આપવા એકઠા થયા નથી, પણ મારા જેવા એક મધુકરી માગી ખાનારા ભિક્ષુક સંન્યાસીને માન આપવા માટેજ મળ્યા છો. તમે આટલા બધા પ્રેમથી પરિશ્રમ ઉઠાવ્યો છે–ધામધુમ કરી છે, એ બધું શું સૂચવે છે? હિંદુઓની ધર્મપ્રીતિ! હિંદુઓની ધર્મપ્રાણતા! હિન્દુજાતિની મતિ–ગતિ કયી દિશામાં છે, તે આ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે. અનાદિ કાલથી ધર્મજ હિન્દુઓના પ્રાણસ્વરૂપ છે. તેમના સમગ્ર વ્યવહારમાં ધર્મ એકસરખો વ્યાપી રહેલો છે. એથીજ હિન્દ અને હિન્દુજાતિ આજ સુધી ધરાતલપર ટકી રહ્યાં છે; એવીજ રીતે જો હિંદુજાતિ સદાને માટે પોતાનું અસ્તિત્વ કાયમ રાખવા માગતી હોય, આ પ્રચંડ જીવનસંગ્રામમાં જીવિત રહેવા ચાહતી હોય, તો તેણે પોતાના ધર્મનેજ અચલ મેરૂની પેઠે ધારણ કરી રાખવો જોઇએ. આવાં ભવ્ય સન્માન કે સ્વાગત મેળવવા જેટલી યોગ્યતા હું ધરાવતો નથી; પરંતુ એ માત્ર હિંદુઓની સ્વાભાવિક ધર્મપ્રીતિ અને પરાપૂર્વથી ચાલતી આવેલી ધર્મપ્રથાનું પરિણામ માનું છું. ઇત્યાદિ. ”

વળતે દિવસે શનિવાર હતો. એ દિવસે પણ એજ બંગલામાં સ્વામીજીનાં દર્શનનિમિત્ત નિર્ધન, ધનવાન, વૃદ્ધ, યુવાન, વિવિધ જાતિના અને વિવિધ ધર્મના સેંકડો લોકોનો ત્યાં સમાગમ થવા લાગ્યો. સ્વામીજી એ સર્વની સાથે પ્રેમથી સંભાષણ કરીને તેમના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપીને, સર્વના ચિત્તનું સમાધાન કરતા હતા. એ મનુષ્યોમાં એક ગરીબ સ્ત્રી, જેનો સ્વામી સંસાર ત્યાગીને સંન્યાસી થઇ ગયો હતો, તે ફલ–ફૂલાદિ ઉપહાર લાવીને સ્વામીજીના શ્રીચરણમાં ધરી, પ્રણામ કરી દીનતાથી ઇશ્વરપ્રાપ્તિનો ઉપાય પૂછવા લાગી. સ્વામીજીએ તેને નિત્યપ્રતિ ભગવદ્ગીતાનો પાઠ કરવાનો તેમજ ગૃહસંસારનાં સમગ્ર કર્તવ્યો યથોચિત પાલન કરવાનો ઉપદેશ કર્યો. તે ગરીબ સ્ત્રીએ કહ્યું કેઃ–“મહારાજ! ગીતાપાઠ ભલે આઠે પહોર કરવામાં આવે, પણ જયાં સુધી પરમસત્યની ઉપલબ્ધિ ન થાય ત્યાં સુધી બધું વૃથા છે.”

સ્વામીજીએ તેના ચિત્તનું સમાધાન કરીને સમજાવ્યું કે, “પઠન અને ચિંતનવડે પરમ સત્યની સમીપ જવાય છે, પછી નિદિધ્યાસનવડે તેની ઉપલબ્ધિ કરી શકાય છે, માટે ઇશ્વરપ્રાપ્તિની ઇચ્છા હોય તો નિત્યનૈમિત્તિક કર્મોની સાથે શ્રવણ–મનન–નિદિધ્યાસનની પણ એટલીજ અપેક્ષા છે. જે વસ્તુનો ધ્યાનપૂર્વક વારંવાર વિચાર કરવામાં આવે છે તેનો યથાકાલે અવશ્ય સાક્ષાત્કાર થાય છે.”

ઉત્તર–પશ્ચિમમાંથી આવેલા એક ગરીબ ભક્તે સ્વામીજીને આગ્રહસહિત પોતાને ત્યાં ભિક્ષા લેવાનું આમંત્રણ કર્યું. સ્વામીજી તેને ત્યાં ગયા ત્યારે સ્વામી-

જીએ તેમજ અનુસંગી જનોએ ઘણો આગ્રહ કરવા છતાં પણ એ ભક્ત સ્વામીજીની સન્મુખ આસનપર ન બેઠો ! જ્યાં સુધી સ્વામીજી તેને ઘેર રહ્યા ત્યાં સુધી વિનીત ભાવે તે હાથ જોડીને ઉભોજ રહ્યો ! એ સમયે સ્વામીજીની સાથે આવેલા પાશ્ચાત્ય શિષ્યો, આ દીન-દરિદ્ર-ગરીબ હિંદુની, સાત્વિક સાધુભક્તિ અને પ્રભુપ્રાપ્તિની પ્રબળ ઉત્કંઠા જોઇને વિસ્મિત થવા લાગ્યા.

સ્વામીજીના સન્માનાર્થે જે બંગલાને સુસજ્જિત કરવામાં આવ્યો હતો તેનું નામ એ સમયથી " વિવેકાનંદ મંદિર " રાખવામાં આવ્યું છે. શનિવારની સાંજે " ફ્લૉરલહૉલ " નામના વિશાળ સ્થાનમાં સ્વામીજીનું વ્યાખ્યાન થવાનું હતું. યથાર્થ સમયની પૂર્વેજ ઘણા લોકો ત્યાં એકત્ર થવા લાગ્યા. જે વખતે સ્વામીજી વ્યાખ્યાન આપવાને આવ્યા ત્યારે એ વિશાળ હૉલમાં તિલમાત્ર પણ જગ્યા ખાલી નહોતી. અમેરિકાથી પાછા આવ્યા પછી સ્વામીજીનું આ પહેલ-વહેલુંજ વ્યાખ્યાન હતું.

સ્વામીજીનું પ્રથમ વ્યાખ્યાન.

" દૂર વિદેશોમાં જે સામાન્ય કાર્ય હું સિદ્ધ કરી શકયો છું તે મારી પોતાની શક્તિના બળથી નથી કરી શકયો; પરંતુ હું મારી ખાત્રીથી માનું છું કે પશ્ચિમ તરફ પ્રવાસ કરવા જતી વખતે આ મારી પરમ પવિત્ર પ્રિય માતૃભૂમિ તરફથી જે અનંત આશીર્વાદો, ઉત્સાહવાકયો, શુભેચ્છાઓ અને આનંદધ્વનિ પ્રાપ્ત થયા હતા, તે સર્વના પ્રતાપેજ હું કંઇક કરી શકયો છું. પાશ્ચાત્ય પ્રદેશોમાં અવશ્ય કંઇક થોડું ઘણું શુભ કાર્ય સંપાદન થયું છે, પણ તે મારા પોતાનાજ લાભનું છે, કેમકે પ્રથમ જે આત્મવિશ્વાસ માત્ર હૃદયના આવેગનાજ પરિણામરૂપ હતો, તે હવે મારે પોતાને માટે એક પ્રમાણુસિદ્ધ સત્યરૂપે સિદ્ધ થયો છે; અને બીજાને પણ તે સમજાવીને સિદ્ધ કરી શકાય એટલું બળ પ્રાપ્ત થયું છે. પ્રત્યેક હિન્દુ માને છે તેમ હું પણ પૂર્વે માનતો કે આપણી ભારતભૂમિ તે પુણ્યભૂમિ છે-કર્મભૂમિ છે. માનનીય અધ્યક્ષ પણ હમણાં અહિં એજ સૂચવી ગયા છે. આજે હું આ સભાની સમક્ષ ઉભો રહીને સ્વાનુભવ તેમજ સંપૂર્ણ નિશ્ચયપૂર્વક દૃઢતાથી કહું છું કે, એ કથન સર્વથા સત્યજ છે. જો આ વિશાળ પૃથ્વીમાં કોઇ પણ એવો દેશ હોય કે જેને "પુણ્યભૂમિ" નું પવિત્ર નામ આપી શકાય, જો એવું કોઇ પણ સ્થાન હોય કે જ્યાં પૃથ્વીના સઘળા જીવોને પોતાનાં કર્મફલ ભોગવવાને આવવું પડે, જો એવું કોઇ પણ સ્થળ હોય કે જે પ્રભુપ્રાપ્તિની ઇચ્છાવાળા જીવમાત્રને પોતાના અંતિમ સ્થાનરૂપે ગ્રહણ કરવું પડે, જો એવું કોઇ પણ સ્થાન હોય કે જ્યાં માનવજાતિમાં સર્વથી અધિક સહનશકિત, નમ્રતા, ઉદારતા, પવિત્રતા અને દયા તેમજ વૃત્તિ વગેરે સર્વ સદ્દગુણો સંપૂર્ણ વિકાસ પામ્યા હોય, જો કોઇ

પણ એવો દેશ હોય કે જ્યાં અધ્યાત્મવાદ અને અંતર્મુખતા સ્થાયીરૂપે નિવાસ કરતાં હોય, તો તે પુણ્ય દેશ આપણી ભારતભૂમિજ છે. અતિ પ્રાચીનકાળથીજ વિવિધ ધર્મના સ્થાપકો, આ દેશમાં આવિર્ભાવ પામીને, સમગ્ર જગતને વારંવાર આધ્યાત્મિક સત્યનાં પવિત્ર તેમજ પરમ શાન્તિકર જલવડે તરબોળ કરી ગયા છે. દાર્શનિક જ્ઞાન અને અધ્યાત્મવિદ્યાના પ્રબળ તરંગો અહિંથીજ આગળ વધીને સમગ્ર પૃથ્વીની ચારેમેર પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણમાં રેલાઇ રહ્યા છે. ફરી પણ એજ સ્થળેથી પ્રબળ તરંગ ઉત્પન્ન થઇને જગતના જડવાદી સુધારાને આધ્યાત્મિક જીવનનું દાન કરશે. પૃથ્વીના અનેક દેશોમાં જડવાદના સળગી રહેલા પ્રચંડ અગ્નિવડે જે લક્ષાવધિ લોકોનાં હૃદય બળ્યાં કરે છે, તેમને શીતલ કરનારૂં અને જડવાદની આગ બુઝાવનારૂં અમૃત અહિંજ ઉત્પન્ન થાય છે. બંધુઓ, ખાત્રીથી માનજો કે હિન્દુસ્તાનજ જગતને આધ્યાત્મિક તરંગોવડે શીતલ કરશે.

સમગ્ર જગતમાં પરિભ્રમણ કરીને મારો આ સિદ્ધાંત દૃઢ થયો છે. તમારામાં જેઓ વિવિધ પ્રજાઓના ઇતિહાસથી પરિચિત હશે તેઓ પણ આ સત્સિદ્ધાંત સારી રીતે જાણે છે. આ જગત જેટલું આપણી માતૃભૂમિનું કરજદાર છે, એટલું બીજા કોઈ દેશનું નથી. વિવિધ દેશોની એક બીજા સાથે તુલના કરી જુઓ, એક પછી એક બધા દેશોના ઇતિહાસ તપાસી જુઓ, તો તરત જણાશે કે સહનશીલ ગરીબ હિંદુજાતિનું જગત જેટલું ઋણી છે તેટલું બીજી કોઇ પણ જાતિ અને ભૂમિનું નથી. નમ્ર હિંદુ, સહનશીલ હિંદુ, એ શબ્દો કેટલીક વખત તિરસ્કાર અથવા મ્હેણાંરૂપે વપરાય છે; પણ કોઇ પણ તિરસ્કાર, કોઈ પણ મહેણું જો આશ્ચર્યકારક સત્યથી ભરેલું હોય તો તે ઉપરનાજ શબ્દો છે. નમ્ર હિંદુ હમ્મેશાં પરમાત્માનો પ્રિય સંતાન છે. જગતના બીજા વિભાગોમાં સુધારાની ધ્વજાઓ વારંવાર ફરકી છે, એક બળવાન પ્રજાના આશ્ચર્યકારક વિચારો અને અદ્દભુત તત્ત્વો બીજી પ્રજામાં પ્રચાર પામ્યાં છે, મહાન શક્તિ અને મહાન સત્યનાં બીજ રાષ્ટ્રીય જીવનના આગળ વધતા પ્રવાહવડે અર્વાચીન તેમજ પ્રાચીનકાળમાં સ્થળે સ્થળે વેરાયેલાં છે; પરંતુ દીર્ઘ દૃષ્ટિથી જોતાં જણાય છે કે, એ બધો પ્રચાર રણશીંગાના અવાજ અને રણરંગથી મસ્ત થયેલા સૈનિકોનાં પગલાં સાથેજ થયેલો છે. એ બીજો લોહીની નીકોમાં વેરાયેલાં અને વવાયેલાં છે. પ્રત્યેક વિચાર, પ્રત્યેકતત્ત્વ પ્રત્યેક સત્ય, માનવહૃદયના લોહીમાં ભીંજાયા પછીજ અંકુર પામ્યાં છે. તેમના પ્રત્યેક સત્યને લાખો માનવબંધુઓના લોહીમાંથી પોતાનો માર્ગ કરવો પડયો છે. પ્રત્યેક પ્રબળ વિચાર અનેક નિર્દોષ જીવોના મૃત્યુમાંથી ઉઠયો છે. તેની પાછળ અસંખ્ય લોકોનો હાહાકાર, અનેક અનાથોનાં રૂદન અને નિશ્વાસ, અનેક વિધવાઓના અશ્રુપાતની અજસ્ર ધારાઓ વહી રહી છે. પ્રાયઃ આવા સખત ઉપાયોથીજ

બીજી સઘળી પ્રજાઓએ પોતાનાં સત્ય તત્ત્વનો જગતને ઉપદેશ આપ્યો છે; પરંતુ ભારતવર્ષ પોતાના મહાન સત્યનો સમગ્ર જગતમાં નિર્દોષ રીતે પ્રચાર કરતું રહે છે અને ભવિષ્યમાં પણ તેમજ કરશે. એ ઉપાયનો લેશમાત્ર આધાર લીધા વિના આજે હજારો વર્ષ થયાં આર્યતત્ત્વો શાન્ત અને દિવ્ય જીવન ભોગવે છે. પૃથ્વીની સપાટીપર જ્યારે ગ્રીસનું અસ્તિત્વ પણ નહોતું, જ્યારે રોમ મહારાજ્યનો જગતને સ્વપ્નમાં વિચાર પણ નહોતો અને જ્યારે આધુનિક સુધરેલા યૂરોપવાસીઓના પૂર્વજો જર્મનીનાં ગાઢ જંગલોમાં જંગલી જીંદગી ભોગવતા હોઇને નીલવર્ણથી પોતાનાં શરીર રંગતા હતા, એવા અતિ પ્રાચીન જમાનામાં પણ ભારત અને તેનો ધર્મ પોતાનો તીવ્ર પ્રકાશ પૃથ્વીમાં પાથરી રહ્યો હતો. પોતાનો ઇતિહાસ જગતની આંખ સામે એ પ્રાચીનકાળથી ધરી રહ્યો છે.

ઇતિહાસ જે પ્રાચીન યુગની કશી ખબર બતાવી શકતો નથી, અને દંતકથાઓ જે દૂર દૂરના પ્રાચીનકાળના ગાઢ અંધકારમાં દષ્ટિપાત પણ કરી શકતી નથી, તે પ્રાચીનતમ યુગથી આરંભીને છેક આજ સુધી એક ઉપર એક અનંત વિચારતરંગો ભારતમાંથી ઉત્પન્ન થઇને સમગ્ર જગતમાં વિસ્તાર પામ્યા છે. તે પ્રત્યેક વિચારોની આગળ શાન્તિજ પથરાયેલી નજરે પડે છે; અને તેની પાછળ આશીર્વાદના મધુર શબ્દોજ સંભળાય છે. જગતની બધી જાતિઓમાં માત્ર આપણી એકજ જાતિએ, બીજી કોઇ પણ પ્રજાનો યુદ્ધ–સંગ્રામથી કોઇ પણ યુગમાં જય કર્યો નથી; પોતાના વિચાર ફેલાવવાના અથવા ધર્મપ્રચાર કરવાના હેતુથી હિંદુઓએ કદિપણ માનવ જાતિના લોહીની નીકો વહેવડાવી નથી. માનવ જાતિનો એ મહાન આશીર્વાદ હિંદુજાતિને ફલિભૂત થયો છે, તેથીજ અનેક આપત્તિઓના વર્ષાદ વચ્ચે પણ હિંદુ જાતિ આજ સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રહી છે. પૃથ્વીની સપાટીપર પોતાનું મસ્તક ઉંચું રાખીને ટકી શકી છે. જગતના ઇતિહાસનું અવલોકન કરતાં એક સમય એવો નજરે પડે છે કે મહાન ગ્રીક સેનાના વીરત્વભર્યા ગર્વવડે દેવી વસુંધરા કંપાયમાન બની રહી હતી; પરન્તુ તેમનો એ ગર્વ–તેમનું એ અભિમાન–આજે કયાં છે ? સૃષ્ટિની સપાટીપરથી ગ્રીક જાતિનો એ અસીમ પ્રભાવ સદાને માટે વિલુપ્ત થઇ ગયો છે; તેનું ચિહ્ન સરખું પણ આજે દષ્ટિએ પડતું નથી !

એવીજ રીતે એક સમયે રોમન લોકોનો શ્યેન પક્ષીના ચિત્રવાળો વાવટો જગતની સમગ્ર સ્પૃહણીય વસ્તુઓ ઉપર ફરકી રહ્યો હતો. સર્વત્ર રોમનો શક્તિપ્રભાવ પોતાની અસર કરતો માનવ જાતિ ઉપર પોતાનો અધિકાર જમાવતો હતો; પરંતુ તેની સપ્ત પર્વતની ટેકરી આજે માત્ર એક ખંડેરનું રૂપ ધારણ કરીને ઉભી છે; અને જ્યાં મહાન સીઝર રાજાઓ પોતાના અસીમ પ્રભાવવડે રાજ્ય કરતા

ત્યાં આજે કરોળીયા પોતાની જાળો ગુંથે છે.

એજ પ્રમાણે બીજી અનેક જાતિઓ પણ એક વખત ગૌરવસહિત પ્રકાશમાં આવી છે; અને પાછી પોતાના ક્ષીણ પ્રકાશસહિત અંધકારમાં ડૂબી ગઇ છે. તે બધી કિંચિત્કાળ આનંદ અને અભિમાનસહિત પોતાનો અધિકાર વિસ્તારીને, પોતાનું ક્ષણિક પરપીડાદૂષિત દુષ્ટ જીવન ભોગવીને પાણીના પરપોટાની પેઠે સંસારસાગરમાં વિલીન થઇ ગઇ છે!

એ બધી પ્રજાઓ માનવસમાજના હૃદય ઉપર પોતાનાં કઠોર પદચિહ્નો આંકીને સ્વલ્પ કાળમાંજ હતી ન હતી થઇ ગઇ છે; પરંતુ આપણે હજુ જગતની દૃષ્ટિ સામે જીવન ભોગવીએ છીએ અને હિંદનો પ્રકાશ સમગ્ર જગતમાં પ્રસરતો નીહાળીએ છીએ. કદાચ મનુ ભગવાન આકાશમાં ભૂતલપર ઉતરી આવે તો તેમને પણ કશું આશ્ચર્ય ન લાગે અથવા કોઈ વિદેશી ભૂમિમાં આવી પડયા છે, એવું નહિ લાગે તેમાં કંઇ સંશય નથી. હજારો વર્ષોનાં ચિંતન, વિચાર અને પરીક્ષણને પરિણામે તેમણે જે ધારા-ધોરણ અને બંધારણો બાંધ્યાં હતાં, તે બધાં તેવાજ રૂપમાં આજ સુધી અહિં ચાલુ છે. જે રીતિરિવાજો અને આચારો, અનેક વીતી ગયેલી શતાબ્દીઓમાં અનુભવના કર્કશ પત્થર ઉપર ઘસાઇને ભારતમાં પ્રચાર પામ્યાં હતાં તેઓ જાણે શાશ્વત હોય તેમ એજ સ્વરૂપમાં આજ સુધી ચાલ્યાં કરે છે. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ દુર્ભાગ્યના એક પછી એક કઠોર આઘાતો તેમના ઉપર આવી પડયા, તેમ છતાં તેઓ વધારે દૃઢ, વધારે સ્થાયી અને વધારે મજબૂતજ બનતા રહ્યા છે. એ સર્વ આચાર-વિચાર અને વિધાનોનું કેંદ્ર કયાં છે? કયા હૃદયમાંથી વહેતું લોહી તેમને પરિપુષ્ટ કરે છે? અને આપણાં અચલ રાષ્ટ્રીય જીવનનું મૂળ ઝરણું કયાંથી વહે છે? એ જાણવાની જો ઇચ્છા હોય તો વિશ્વાસ રાખીને સાંભળો. હું આખી દુનિયાનો અનુભવ લીધા પછી તમને કહું છું કે તે અહિંજ છે. જગતની અન્ય પ્રજાઓની દૃષ્ટિએ ધર્મ પણ બીજા વ્યાપારોની જેમ એક વ્યાપારની વસ્તુ થઇ પડયો છે. એ પ્રજાઓને રાજનીતિ છે, સામાજિક જીવનનાં સાંસારિક સુખો છે, દ્રવ્ય અને બળ મેળવવાના સર્વ પ્રયત્નો ચાલુ છે, ઇંદ્રિયોના આનંદ-ઉપભોગની સામગ્રી ત્યાં મોજૂદ છે અને દિન પ્રતિ દિન વધતી જાય છે. જીવનના આ સમગ્ર વ્યાપારોમાં વિષયભોગથી કંટાળેલી ઇંદ્રિયોને વિશેષ આનંદ આપે અને સ્નિગ્ધ બનાવે એવી વસ્તુઓની શોધ-ખોળો પાછળ ધમપછાડ કરવામાંજ તેમનાં જીવન વ્યતીત થાય છે. ધર્મનો એકાદ અંશ એ બધામાં કોઇ કોઇ વાર દૃષ્ટિગોચર થાય છે, પણ અહિં ભારતમાં તો એક ધર્મજ સમગ્ર જીવનનો એકમાત્ર હેતુ છે; જન્મને સાર્થક કરનારો એજ મુખ્ય વ્યાપાર છે. ચીન અને જાપાન વચ્ચે એક મહા યુદ્ધ થયું

છે, એવું તમારામાંથી કેટલા જણાઓ જાણે છે? ભાગ્યે કોઇકજ જાણતું હશે.

પાશ્ચાત્ય સમાજમાં જે વિવિધ રાજનૈતિક અને સાંસારિક ફેરફારો ચાલી રહ્યા છે, પશ્ચિમની સમાજનીતિને જે નવો આકાર–નવું સ્વરૂપ આપવાની કોશિષો દિનરાત ચાલ્યા કરે છે, તેની તમારામાંથી કેટલા મનુષ્યો ખબર રાખે છે? બહુજ થોડા. પરંતુ અમેરિકામાં એક મોટી ધર્મપરિષદ્ ભરાઇ હતી અને તેમાં ભાગ લેવા માટે એક હિંદુ સંન્યાસીને પણ મોકલવામાં આવ્યો હતો, એ વાત અહિંનો એક સામાન્ય મજૂર પણ જાણે છે! કેટલું બધું આશ્ચર્ય? આ સામાન્ય દૃષ્ટાંત ઉપરથીજ સ્પષ્ટ જાણી શકાય છે કે આ દેશનું કયી દિશા તરફ વલણ છે? હિંદના રાષ્ટ્રીય જીવનનું મૂળ કયાં છે? ધર્મજ ભારતનો આત્મા છે; ધર્મજ ભારતનું કેંદ્ર છે. પૃથ્વીપ્રદક્ષિણા કરનારા મુસાફરોનાં, તેમાં પણ વિશેષ કરીને વિદેશી પ્રવાસીઓનાં પુસ્તકો વાંચવાનો મને બહુ શોખ છે. એ પુસ્તકોમાં પૂર્વ તરફના લોકોની સંપૂર્ણ અજ્ઞાનતા વિષે સ્થળે સ્થળે શોક દર્શાવવાના યત્નો થયા છે; પરંતુ હવે મારા જાતિઅનુભવ ઉપરથી હું જાણી શકું છું કે તેમનું કથન કંઇક અંશે જો કે સત્ય હતું–છતાં ઘણે અંશે તો અસત્યજ હતું. ઈંગ્લાંડ, અમેરિકા, ફ્રાન્સ, જર્મની અથવા બીજા કોઇ પણ પાશ્ચાત્ય દેશના એકાદ સામાન્ય ખેડુતને પુછવામાં આવે કે તમે કયા રાજનૈતિક પક્ષમાં છો? તો તે તરતજ તમને કહી દેશે કે તે વિનીત ઉદ્દામ કે રક્ષણશીલ વિચારનો છે. તે તરત પોતાની પસંદગીના પક્ષનો તમને મત આપશે. અમેરિકામાં એવીજ રીતે કોઇ પણ ખેડુત તમને તરતજ કહેશે કે તે ડીમોક્રેટ છે કે રિપબ્લિક છે, એટલુંજ નહિ પણ ચાંદીના બજાર માટે પણ પોતાનો મત તે દર્શાવી શકશે; પણ જો કદિ તમે તેને ધર્મ સંબંધી પ્રશ્ન કરશો તો, તે માત્ર એટલુંજ કહેશે કે–“ હું પ્રાર્થના કરવા દેવળમાં જાઉં છું, એથી વિશેષ કંઈ જાણતો નથી. ” બહુ વિશેષ તો તે કહેશે કે–“ મારો પિતા ખ્રિસ્તી ધર્મની અમુક શાખાનો સભાસદ છે. ” દેવળમાં જવું એજ તેના મત પ્રમાણે ધર્મનું પરમ લક્ષ છે. એથી વિશેષ જાણવાની કદિ તેણે અપેક્ષાજ રાખી નથી.

હવે બીજા હાથપર આપણે હિંદુસ્તાન તરફ નજર કરીએ. અહિંના કોઇ ખેડુતને પૂછવામાં આવે કે રાજનીતિ સંબંધી તમે કંઇ જાણો છો કે? તો તરત તે તમારા પ્રશ્નથી વિસ્મિત થઇને સામો તમને પૂછશે કે–“ રાજનીતિ એટલે શું? ” સમાજચર્ચા, રાજ્યચર્ચા વગેરે બાબતોનાં તેણે નામ પણ ભાગ્યેજ સાંભળ્યાં હશે. મૂડી અને મહેનત, તેમજ એવા બીજા અર્થશાસ્ત્રના, અન્યાન્ય સામાજિક શાસ્ત્રના કોઇ પણ વિષયથી તે તમને તદ્દન અજ્ઞાનજ જણાશે. તેણે પોતાના સમગ્ર જીવનમાં એ વિષયોનાં નામ પણ ભાગ્યેજ સાંભળ્યાં હશે. પેટપૂરતી રોટલી મેળ-

વવા માટે, પ્રામાણિકપણે જીવનનિર્વાહ ચલાવવા માટેજ, તેને આખો દિવસ પ્રબળ પુરૂષાર્થ કરવો પડે છે. રાજનીતિ અથવા સમાજનીતિના સવાલો સમજવાનો તેને સમય પણ નથી; પરંતુ જો તેને પૂછવામાં આવે કે–" તમારો ધર્મ શું છે ?" તો તરત તે પોતાના કપાળ તરફ આંગળી કરીને તમને કહેશે કે;–" ભાઇ જુઓ ! મારા કપાળમાંજ લખેલો છે. " એ સિવાય ધર્મની બાબત તેને પ્રશ્નો પૂછવાથી જરૂર બે ચાર વાતો તો એવી જણાવશેજ કે જે સાંભળીને તમને પણ તેની ધર્મબુદ્ધિને માટે સારો મત બંધાયા વગર રહેશે નહિ. આ હું મારા પોતાના અનુભવ ઉપરથી કહું છું, અર્થાત્ મારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે ધર્મજ આપણી પ્રજાનું જીવન છે; પ્રજાકીય જીવનનો તે મૂળ સ્તંભ છે.

વ્યક્તિ માત્રનું કોઇ નહિ ને કોઈ વિષયમાં જરૂર વિશેષત્વ હોય છે. દરેક મનુષ્યની ઉન્નતિની દિશા, તેની પોતાની સ્થિતિ અનુસાર સ્વતંત્રજ હોય છે. પોતાનું જીવન, તે પોતાના નિર્દિષ્ટ કરેલા માર્ગેજ ગાળવાને તત્પર હોય છે. આપણે હિંદુઓ માનીએ છીએ કે આપણા જીવનનો કેટલોક ભાગ અનંત પૂર્વજન્મોનાં કર્મોવડે બંધાયેલાં પ્રારબ્ધ અનુસારજ ભોગવવાનો છે. અનંત ભૂતકાલનાં કર્મોના પરિપાકમાંથી આપણી વર્તમાન પરિસ્થિતિ બંધાય છે; અને આપણે વર્તમાનમાં જેવો વ્યવહાર કરીએ છીએ તેવુંજ આપણું ભાવિ બંધાય છે. આ પ્રકારની કાર્ય–કારણની સાંકળ એકસરખી રીતે જીવમાત્રના જીવન સાથે જડાયેલી છે. પૃથ્વીમાં જન્મ લેનાર એજ સાંકળ સાથે સુખ–દુઃખ ભોગવવાને બંધાયેલો છે; અને એ કાર્ય–કારણની સાંકળને લીધેજ પ્રત્યેક જીવ કોઇ નહિ ને કોઈ એકજ દિશામાં પોતાના કર્માનુસાર વિશેષ વળેલો હોય છે; કેમકે તેને માટે એજ માર્ગ નિર્માણ થયેલો હોય છે. જેવું પ્રત્યેક વ્યકિત સંબંધે તેવુંજ સમગ્ર જાતિ સંબંધે પણ જાણવું; અર્થાત્ દરેક જાતિ પણ એવીજ રીતે પૂર્વ કર્માનુસાર અમુક એક દિશામાંજ વિશેષ વળેલી હોય છે. પ્રત્યેક જાતિના જીવનનો ઉદ્દેશ બીજી જાતિઓ કરતાં કંઇક નવીનતા અને ભિન્નતાવાળો હોય છે. પ્રત્યેક પ્રજા–પ્રત્યેક જાતિ, એ વિશાળ માનવજાતિનું એક અંગ છે. સમગ્ર માનવજાતિના જીવનને સર્વાંગ સંપૂર્ણ બનાવવા માટે તેના અંગરૂપ પ્રત્યેક જાતિનું કંઇક વ્રતવિશેષ હોય છે, કંઇક કાર્યવિશેષ હોય છે. પ્રત્યેક વ્યકિતની પેઠે જાતિને પણ આ જગતમાં પોતાનો ખાસ હેતુ પરિપૂર્ણ કરવાનો હોય છે. પોતાને હાથેજ પોતાના કાર્યની પરિસીમા અને ભાવી પરિણામ નિર્માણ કરવાનું હોય છે. એથીજ પ્રત્યેકની દિશા જુદી જુદી હોય છે. પ્રત્યેકનું કાર્યક્ષેત્ર જુદું હોય છે. રાજનૈતિક મહત્તા અથવા સમરશ્રેષ્ઠતારૂપી ' લશ્કરી બળ ' જેવી ઐહિક બાબતો આપણી જાતિનું લક્ષ અથવા દૃષ્ટિબિંદુ નથી. માત્ર વ્યાવહારિક ' વિકાસ અથવા આ લોકની ઉન્નતિમાંજ હિંદુ

જાતિનો પરમ ઉદ્દેશ સમાએલો નથી. વ્યવહાર, તેમનું ભૂતકાળમાં પણ નિશાન નહોતું અને ભવિષ્યકાળમાં પણ બની શકશે નહિ, એ તમે ખાત્રીથી માનજો. હિંદુજાતિના જીવનનો તો ખાસ બીજોજ ઉદ્દેશ છે. એ ઉદ્દેશ તે આપણી જાતિને પ્રભુ તરફથી પ્રાપ્ત થએલી આધ્યાત્મિક શક્તિરૂપ સંપત્તિને નષ્ટ નહિ થવા દતાં તેનું રક્ષણ કરવાનો, અને જ્યારે સુયોગ પ્રાપ્ત થાય ત્યારે એ સઘળી એકઠી કરીને સાચવી રાખેલી સંપત્તિના પ્રવાહવડે સમગ્ર જગતને તરબોળ બનાવી દેવાનો છે. ઇરાનીઓને, ગ્રીકોને, રોમન લોકોને, આરબોને અથવા યૂરોપિયનોને તેમની પ્રબળ સેનાઓ આગળ વધારવા દો. તેમને જગતના વિવિધ દેશો ઉપર વિજય મેળવવા દો. જુદી જુદી પ્રજાઓને એક સાથે જોડી દેવાનો તેમને અવકાશ આપીને, ભારતની આત્મવિદ્યા અને દર્શનશાસ્ત્રો તેમના એ બધા નવા માર્ગોમાં થઇને પૃથ્વીની વિવિધ પ્રજાઓની નસોમાં પોતાનો ચેતનમય વિદ્યુત્પ્રવાહ નિરંતર વહેવરાવતાંજ રહે છે. સમગ્ર માનવજાતિના ઉન્નતિકોષમાં–જનસમાજની સાર્વત્રિક પ્રગતિમાં શાન્તિપ્રિય હિંદુપણું મૂંગે મોઢે પોતાનો ફાળો અનાદિકાળથી આપતું આવે છે. આધ્યાત્મિક પ્રકાશ, તત્ત્વચિંતન, ઉદાર ધર્મભાવના એજ સમગ્ર જગતને ભારતની બક્ષિસ છે.

આ પ્રમાણે ભૂતકાળના ઇતિહાસનું અવલોકન કરવાથી આપણે જોઈ શકીએ છીએ કે જ્યારે જ્યારે કોઇ પ્રબળ દિગ્વિજયી જાતિ નીકળી આવીને પૃથ્વીની ભિન્ન ભિન્ન જાતિઓને જીતી, પરસ્પર જોડીને તેમને એકત્ર બનાવવા લાગે છે; ત્યારે એ પ્રબળ જાતિ ભારતને પણ તેની ઐકાન્તિક નિવૃત્તિમાંથી બહાર ખેંચી કહાડીને જગત સાથેના તેના તટસ્થ ભાવનો ઉચ્છેદ કરી બીજી પ્રજાઓના સંબંધમાં લાવી મૂકે છે. ગમે તે યુગમાં એવો પ્રસંગ આવ્યો હશે ત્યારે આવા પરસ્પર સંબંધ વડે એજ પરિણામ આવેલું જણાય છે કે, ભારતના આધ્યાત્મિક અને દાર્શનિક વિચારોના પૂરમાં સમગ્ર જગત સ્નાન કરી તરબોળ બની રહે છે. આ શતાબ્દીની શરૂઆતમાં, મહાન જર્મન તત્ત્વવિદ્ શોપનહોર, વેદના ફારસી ભાષામાં થએલા એક અસ્પષ્ટ ભાષાન્તર ઉપરથી, એક યુવાન ફ્રેન્ચે લાટિન ભાષામાં તૈયાર કરેલું રૂપાંતર વાંચીને વિસ્મિત બનીને કહે છે કેઃ– “ સમગ્ર જગતમાં ઉપનિષદ્ના અભ્યાસ જેવો બીજો કોઇ હિતાવહ અથવા આત્માની ઉન્નતિ કરનારો અભ્યાસ નથી. મારા જીવનનો તે વિશ્રામ છે; મારા મૃત્યુનો પણ એજ વિશ્રામ થશે. ” એ જર્મન ઋષિએ એજ વખતે ભવિષ્યવાણી કહી હતી કે, “ ગ્રીક સાહિત્યના જીર્ણોદ્ધારવડે જગતના વિચારોમાં જે મહાન ફેરફાર થયો હતો, તેના કરતાં પણ વિશાળ ફેરફાર, જગતની દ્રષ્ટિ સમક્ષ થોડાજ વખતમાં ઉભો થશે. ” આજે તેની ભવિષ્યવાણી સફળ થવા લાગી છે. જેમની આંખો

ઉઘડેલી છે, જેઓ જુદી જુદી પ્રજાનાં હૃદયક્ષેત્રમાં ચાલી રહેલા કાર્યવ્યાપારને સમજી શકે છે, જેઓ પાશ્ચાત્ય જગતની આધુનિક ગતિને જોઇ શકે છે; અને જેઓ વિચારશીલ હોઇને જુદી જુદી પ્રજાઓના ખાસ અભ્યાસી છે, તેઓ સ્પષ્ટ જોઇ શકે છે કે હિંદના વિચારોનો આ ઠંડો, ધીરો પણ અવિરામ પ્રવાહ, ક્રમે ક્રમે જગતના વિશાળ વિચારક્ષેત્રમાં, માનવજાતિની ચાલચલણમાં, રીતભાતમાં તેમજ જગતના સાર્વભૌમ સાહિત્યમાં કેવું વિશાળ પરિવર્તન કરવા લાગ્યો છે!

હિંદના આધ્યાત્મિક વિચારોમાં એક બીજી પણ વિશેષતા છે. તેના સંબંધમાં મેં હમણાંજ સહજ ઇશારો કર્યો હતો. હિંદુઓએ કદિ પણ તીર, તલવાર અથવા બંદુકોની સહાયવડે પોતાના વિચારોનો પ્રચાર કર્યો નથી; એ પ્રચાર તેમણે જુદાજ પ્રકારે કર્યો છે. એ પ્રકાર સમજાવવા માટે અંગ્રેજી ભાષામાં જો કોઇ યોગ્ય શબ્દ હોય, કે જેનાવડે ભારતવર્ષે જગતને આપેલા વારસાનું મહત્ત્વ દર્શાવી શકાય—જેનાવડે ભારતનાં સાહિત્યનો માનવજાતિના હૃદયપર પડેલો પ્રભાવ પ્રકટ કરી શકાય—તો તે માત્ર એકજ શબ્દ છે.એ શબ્દ (ફૅસીનેશન) સંગ્રાહકશક્તિ છે. માત્ર સ્થૂલ દશ્ય આકારોના પ્રલોભનવડેજ એકાએક મોહ ઉપજાવનારી એ શક્તિ નથી; એ દિવ્ય મોહકશક્તિ તો ક્રમે ક્રમે મનુષ્ય જાણી પણ ન શકે એવી રીતે તેના હૃદયમાં પોતાનો પ્રભાવ જમાવે છે અને ઓજસ્‌ની ભુરકી નાખે છે. એવા ઘણા વિદેશી મનુષ્યો છે કે જેમને હિંદના આચારવિચાર, રીતરિવાજ, સાહિત્ય અને તત્ત્વજ્ઞાન પ્રથમ દૃષ્ટિએ છેકજ નિર્માલ્ય અથવા તિરસ્કારભરેલું જણાય છે; પરંતુ તેમને ખંતથી યત્ન કરવા દો, એ સાહિત્ય વાંચવા દો; અને અહીંના વિચારોમાં અદૃશ્યરૂપે રહેલા જે મહાન દિવ્ય તથા હિતાવહ સિદ્ધાંતો ઓતપ્રોત ભરેલા છે, તેનો રસ એ લોકોના હૃદયમાં ઠરવા દો. જ્યારે બરાબર એ વિચારો સમજે અને હિંદી પ્રજાના આચાર—વિચારના મૂળમાં જે ઉંડાં રહસ્યો સમાએલાં છે તેનો તેમને વિશેષ પરિચય થાય, ત્યારે જરૂર તેઓ સોએ નવ્વાણુના પ્રમાણમાં હિંદી વિચારોની મહત્તાથી મુગ્ધ બની જશે. એ સ્થાયી જાદુ તેમના હૃદયરાજ્યપર પોતાનો અધિકાર જમાવશે. ભારતીય શાસ્ત્ર અને હિંદુધર્મનું ઉચ્ચ સિંહાસન તેમના હૃદયક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થશે. ધીમે ધીમે પ્રભાતમાં પુષ્પપત્રોપર પડતાં ઝાકળનાં બિંદુઓની પેઠે દૃષ્ટિએ પડ્યા વિનાજ, આપણી શાન્ત, સહનશીલ, ધીર, ધર્મપ્રાણ, નિવૃત્તિપરાયણ હિંદુ જાતિ જગતના વિશાળ વિચારક્ષેત્રમાં મહાન પરિણામ ઉપજાવતી રહી છે.

વળી પાછો ઇતિહાસના ચક્રનો આંટો બદલાવા લાગ્યો છે; કારણકે આધુનિક શાસ્ત્રીય વિદ્યા અને વિજ્ઞાનની પ્રબળ જાગૃતિના ઝપાટામાં જ્યારે જૂના અને દેખીતી રીતે અડગ જણાતા ધાર્મિક મતપંથો અને સંપ્રદાયો તેમના મૂળમાંથી

ઉખડી જઈને ચૂર્ણ–વિચૂર્ણ થવા લાગ્યા છે; જ્યારે ચાલતા વિવિધ સંપ્રદાયોનો સમગ્ર માનવજાતિને પોતાના મતમાં મેળવવાનો દાવો માટીમાં મળી જવા લાગ્યો છે; જ્યારે આધુનિક પ્રાચીનવિદ્યાની શોધખોળોના તીવ્ર હથોડાના ચાલુ ફટકાઓ, બધા જૂના જમાનાના વિચારોને ખોખરાં કાચનાં વાસણોની પેઠે ભાંગીને ચૂરેચૂરા કરી નાખે છે; જ્યારે પશ્ચિમના સુધરેલા દેશોમાં ધર્મને માત્ર અજ્ઞાની લોકોના હૃદયમાંજ સ્થાન મળે છે, અર્થાત્ વિદ્વાનોમાંથી ધાર્મિક શ્રદ્ધા સમૂળગી જતી રહી છે; અને જ્યારે જ્ઞાની ગણાતા મનુષ્યો ધર્મસાથે સંબંધ ધરાવનારી બધી બાબતો તરફ તિરસ્કાર અને ઉપહાસની નજરે જોવા લાગ્યા છે; એજ વખતે ભારતની અધ્યાત્મવિદ્યા આગળ આવીને જગતના કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરે છે; અને ભારતના ધાર્મિક બુદ્ધિવાળા ઉંચામાં ઉંચા ભાવો જગતની આંખો સામે પ્રકાશિત થાય છે! જે દેશના રહેવાસીઓનું ધર્મજીવન અને તેમની વ્યાવહારિક આધ્યાત્મિકતા પણ સર્વોત્તમ દાર્શનિક અને આધ્યાત્મિક સત્યોવડેજ ચાલી રહી છે, તે દેશની વ્યવહારપરમાર્થને એકજ દૃષ્ટિથી સમજાવનારી અધ્યાત્મવિદ્યા આજના વ્યાવહારિક અને જડવાદી જગતને માટે મહાન ધર્મગુરુનું કાર્ય સાધી શકે તેમ છે. એથીજ આજકાલ ભારતની અધ્યાત્મવિદ્યાનાં મહાન સત્યો, સમગ્ર જગતની એકતા, ચૈતન્યશક્તિની અસીમ અનંતતા, નિર્ગુણ બ્રહ્મવાદ અને આત્માના અનંતપણાના આશ્ચર્યકારક વિચારો સુધરેલા પાશ્ચાત્ય જગતને શુષ્ક વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય જડવાદના હાથમાંથી બચાવી લેવા માટે આગળ વધે છે. ઘણા પ્રાચીન સંપ્રદાયો, તેમાં પણ પશ્ચિમના પંથો, આ જગતને એક તુચ્છ માટીના પિંડજેવુંજ માનતા આવ્યા હતા. જગતનો આરંભ પણ તેઓને મતે બહુ થોડાજ સમય અગાઉ થયો હતો. દેશ, કાળ તેમજ નિમિત્ત અનંત છે, એવો તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. મનુષ્યના અમર આત્માનો મહિમા અને પ્રભાવ ગ્રીસના ગણ્યા ગાંઠયા પ્રાચીન અધ્યાત્મવાદીઓ સિવાય બીજા કોઈના જાણવામાં નહોતો; અને ગ્રીસે પણ એ વિચારો અલેકઝાંડરના સમયથી ભારત પાસેથીજ મેળવ્યા હતા. સાયન્સ અને રસાયનવિદ્યા જોરશોરથી પોતાનો પ્રભાવ પાડતાં જાય છે; પરંતુ આર્યોની અસામાન્ય તત્ત્વવિદ્યા આગળ એ એવાં તો સામાન્ય અને બાળકજેવાં દેખાય છે કે તેમને ધર્મની સંજ્ઞા આપી શકાય તેમજ નથી.

આપણાં ધર્મશાસ્ત્રોમાં સત્યના સિદ્ધાંતોનો બે વર્ગમાં નિર્દેશ કરવામાં આવ્યો છે; અને તે બન્ને વર્ગના સ્પષ્ટ જુદા ભાગો પાડેલા છે. પહેલા વર્ગનાં સત્યો હમ્મેશાં સર્વને એકસરખી રીતેજ લાગુ પાડી શકાય એવાં શાશ્વત અથવા સનાતન સત્યો છે. એ સત્યોમાં મનુષ્યનો સ્વભાવ, આત્માનું સ્વરૂપ, પરમાત્મા સાથે

આત્માનો સંબંધ, ઈશ્વરનું સ્વરૂપ, આધ્યાત્મિક વિકાસ, તેની પરિપૂર્ણતા અને એવાજ બધા આધ્યાત્મિક સિદ્ધાંતો સમાએલા છે. એ સિવાય આ સૃષ્ટિની અનન્તતા એટલે કે સૃષ્ટિ શૂન્યમાંથી પેદા નહિ થએલી હોઇને તેનો આવિર્ભાવ પરમાત્મામાંથી છે અથવા તો પૂર્વસ્થિત કોઇ વસ્તુના પરિણામરૂપજ તે છે એવું દર્શાવનારો મતવાદ, તથા યુગોના અને વસ્તુમાત્રના અનંત વર્તુલમાં વહેતા પ્રવાહના અદ્ભુત નિયમો, તેમજ એવા એવા બીજા આધ્યાત્મિક વિચારો અને સિદ્ધાંતોનો એ પહેલા વર્ગમાં સમાવેશ થાય છે. એ બધા સિદ્ધાંતો, કુદરતના વિશ્વવ્યાપી નિયમોને આધારે ઘડાએલા છે. બીજા વર્ગનાં સત્યોના સમુદાયમાં આપણી વ્યાવહારિક જીંદગીને દોરનારા અને અમુક દેશ–કાળનેજ લક્ષમાં રાખીને ઘડાએલા સિદ્ધાંતો છે. એ બીજા વર્ગનાં સત્યો બહુ ભાગે સ્મૃતિ અને પુરાણ ગ્રંથોમાં મળી આવે છે. શ્રુતિમાં તેમનો ઉલ્લેખ નથી; શ્રુતિ તો માત્ર પહેલા વર્ગના અનંત સિદ્ધાંતોજ પ્રકટ કરે છે. બીજા વર્ગનાં આચાર–વિચારમિશ્રિત સત્યોને પહેલા વર્ગના આધ્યાત્મિક અને અનંત સિદ્ધાંતો સાથે કશો સંબંધ નથી. એ બીજા વર્ગનાં સત્યો પ્રાયઃ અમુક દેશ–કાળને માટેજ ઘડાયાં હોવાથી સમયની સાથે તેઓ વારંવાર બદલાયા કરે છે. એક સમયના અથવા એક યુગના આચાર–વિચાર, વિધિનિષેધો બીજા યુગમાં એજ રૂપે રહી શકતા નથી. યુગ પછી યુગ આવતા જાય છે તેમ તેઓ પરિસ્થિતિની જરૂરીઆત પ્રમાણે આજ સુધી બદલાતા રહ્યા છે અને ભવિષ્યમાં પણ સદા બદલાતાજ રહેશે. યુગ યુગના મહાન ઋષિઓ આગળ પ્રકટ થયા છે, તેમજ પ્રકટ થઇને દર્શન દેશે અને બદલાતા સમયની નવી પરિસ્થિતિને અનુસરતા લાભકારક આચાર–વિચાર, વિધિ અને નિયમોનો આપણને ઉપદેશ આપી ભવિષ્યના માર્ગમાં આગળ દોરશે.

આત્મા, પરમાત્મા અને જગત સંબંધી, એ સઘળા અદ્ભુત, અનંત, અપૂર્વ અને હૃદયનો વિકાસ કરી તેને ઉન્નત બનાવનારા આધ્યાત્મિક વિચારોવડે ઘડાએલા અને ઉંડી વિચારદૃષ્ટિ તેમજ બુદ્ધિશક્તિના પાયા ઉપર રચાએલા મહાન સિદ્ધાંતો ભારતમાંજ ઉત્પન્ન થયા છે. એક નાનાસરખા પરિમિત ઈશ્વરની કલ્પના કરી ‘મારો ઈશ્વર સાચો છે અને તમારો ઈશ્વર ખોટો છે,’ તથા ‘આવો, આપણે પરસ્પર યુદ્ધ કરીને એ બાબતનો નિર્ણય કરીએ; લડાઈનાં હથિયારોથી ઇશ્વરની સીમા બાંધીએ !’ એવું કહીને કોઇ પણ દેશના મનુષ્યો જો એક બીજા સાથે આજ સુધી લડવા ઉભા થયા ન હોય તો તે માત્ર આ પરમ પવિત્ર ભારતનાજ લોકો સમજવા. નાના ક્ષુદ્ર દેવતાઓને માટે પરસ્પર મારામારી કરવાના વિચારો આ સાત્વિક ભારત દેશમાંજ કદિ ઉત્પન્નજ થયા નથી. એ આધ્યાત્મિક મહાન સિદ્ધાંતો મનુષ્યના શાશ્વત સ્વભાવના સજ્જડ પાયા ઉપરજ બંધાએલા હોવાથી

માનવજાતિનાં કલ્યાણમાટે તેઓ આજથી હજારો વર્ષ પૂર્વે જેવા અસરકારક અને ઉપયોગી હતા તેવાજ હાલ પણ છે; અને તેમની એ હિતકારક શક્તિ પણ જ્યાંસુધી આ પૃથ્વી અને કર્મનો અચલ કાયદો ટકી રહેશે; અને જ્યાંસુધી જીવાત્મારૂપે જન્મ ગ્રહણ કરીને આપણી પોતાની કર્મશક્તિથી આપણું ભાગ્ય પોતાનેજ હાથે ઘડી લેવાનું ચાલુ રહેશે, ત્યાંસુધી એવીજ રીતે અચલ ટકી રહેશે. હવે એ બધી વાતો કરતાં એક મહત્ત્વની વાત હું જણાવું છું. ભારત જગતને શું આપશે? જુદી જુદી જાતિ અને પ્રજાઓના ધર્મોનો વિકાસ અને પરિપૂર્ણતાનો ઇતિહાસ તપાસીએ, તો આપણને સહજ જણાશે કે જગતની પ્રત્યેક જાતિને ધાર્મિક વિચારોના પ્રારંભમાં પોતપોતાના સ્વતંત્ર અને જુદા જુદા ઇશ્વરો હતા! એમાંની કેટલીક જાતિઓ જ્યારે એક બીજા સાથે જોડાઇ જતી ત્યારે તેમના દેવતાઓ પણ મળી જઇને એક સાધારણ નામ ધારણ કરતા! બેબિલોનિઆના દેવતાઓ એવા એક પ્રસંગના ઉદાહરણરૂપ છે. બેબિલોનિઅન પ્રજા ઘણી જુદી જુદી જાતિઓમાં વહેંચાઇ ગએલી હતી, ત્યારે તેમના દેવસમૂહનું સામાન્ય નામ બાલ હતું અને એવીજ રીતે જુદા જુદા ભાગમાં વહેંચાએલી યાહુદી જાતિના દેવતાઓનું નામ 'મોલક' હતું. એવી પરસ્પર સંબંધવાળી જાતિઓમાંની એકાદ જાતિ બલવાન અને શ્રેષ્ઠ બની જતી ત્યારે તે જેમ પોતાના રાજાને બાકીની જાતિઓનો રાજા સિદ્ધ કરવાનો દાવો ધરાવતી, તેમ તે જાતિ પોતાના દેવતાને એ બધી જાતિઓના દેવતા તરીકે મનાવવાનો પણ હક્ક ધરાવતી. બાલ મેરૉડેક સર્વથી મોટા દેવતા છે અને બીજા બધા દેવતા અથવા ઈશ્વર તેનાથી ઉતરતી પદવીના છે, એમ બેબિલોનિઅન લોકો કહેતા; અને એ પોતાના ઇશ્વર કે દેવની શ્રેષ્ઠતાનું નિરાકરણ જાહેર યુદ્ધના પરિણામથી નકકી કરવામાં આવતું. એજ પ્રકારનો કલહ અહીં પણ કંઈક અંશે ચાલુ હતો. ભારતમાં પણ એવા એક બીજાની સ્પર્ધા અને હરિફાઇ કરનારા દેવતાઓ એક બીજા સાથે પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવાને રમખાણ મચાવી રહ્યા હતા; પરન્તુ આ ભૂમિના અને સમગ્ર જગતના મહાન સદ્‌ભાગ્યે એ બધા કલહકંકાસના કોલાહલ અને ઘોંઘાટ વચ્ચે એક દિવ્ય બલવાન ધ્વનિ જાગી ઉઠયો. તેણે જાહેર કર્યું કેઃ—"**एकं सद्विप्रा बहुधा वदन्ति**" "સત્ય માત્ર એકજ છે અથવા સત્તાધારી–અસ્તિત્વ ધરાવનારી શક્તિ એકજ છે. ઋષિઓ અને વિદ્વાનો દેશ, કાલ, સ્થિતિ પ્રમાણે તેને જુદાં જુદાં નામો આપે છે." વિષ્ણુ કરતાં શિવ મોટા નથી, તેમ જે કંઇ છે તે સર્વ વિષ્ણુમાંજ છે અને શિવમાં કંઇ નથી એવું પણ નથી; પરંતુ ગમે તો તમે શિવ કહો કે વિષ્ણુ કહો અથવા બીજાં સેંકડો નામ આપો; પણ તે :સર્વ એકજ ભગવાનનાં જુદાં જુદાં નામો છે અને શક્તિ એકજ છે. ભારતનો સમગ્ર ધાર્મિક

ઇતિહાસ તમે આ થોડા શબ્દોના સિદ્ધાંતમાંજ સમજી શકો તેમ છો. એ ઇતિહાસ વિસ્તારવાળી ભાષામાં, ઓજસ્વી પ્રભાવસહિત એ મૂળ સિદ્ધાંતની વારંવાર કરેલી પુનરાવૃત્તિ જેવોજ છે. એ મૂળ સિદ્ધાંત જ્યાં સુધી પ્રજાના રક્તમાં પ્રવેશ કરીને તેની પ્રત્યેક નસ અને નાડીમાં વહેતો હતો અને જે લોહી તેની નસોમાં વહેતું હતું; તેના પ્રત્યેક બિન્દુ સાથે મળી જવા ઉપરાંત ત્યાંથી આગળ વધીને પ્રજાના જીવનની સાથે તે એક થઇ ગયો હતો. જે તત્વો અને સાહિત્યોમાંથી સમગ્ર પ્રજા ઉત્પન્ન થઇ હતી તેનામાં મળીને તે એકરસ બની ગયો ત્યાંસુધી તેની પુનરાવૃત્તિ થતીજ રહેતી. આ પ્રકારે આ પુણ્યભૂમિ પરધર્મ તરફ પણ સંપૂર્ણ સહિષ્ણુતા બતાવનારી સમભાવનાની સાત્વિક ભૂમિ બની રહી છે! સર્વ ધર્મને આદરથી પોતાના અંકમાં બેસાડનારૂં લીલાક્ષેત્ર બની રહી છે! અને તેનાજ પ્રભાવે જુદા જુદા સઘળા ધર્મોને, સંપ્રદાયોને અને જાતિઓને આપણે આદરથી સ્થાન આપીએ છીએ.

દેખીતી રીતે પરસ્પર વિરોધી વિચારોવાળી તથા એક બીજાથી ઉલટી દિશામાં જનારી, અનેક જુદી જુદી જાતિઓ અને મતમતાંતરો એકજ સ્થાને એક સાથે હળી મળીને સંપશાન્તિમાં રહેવાના ચમત્કારિક પ્રસંગનો સંપૂર્ણ ખુલાસો ઉપરની હકીકતથી મળે છે. એપરથી સહજ જણાશે કે હિન્દુ જાતિ પરધર્મપ્રતિ દ્વેષરહિત અને સહિષ્ણુ છે. તમે ભલે દ્વૈતવાદી હો અને હું ભલે અદ્વૈતવાદી હોઉં; તમે ભલે એમ માનતા હો કે અમે "ભગવાનના સદા દાસાનુદાસ છીએ," અને બીજો ભલે પોતાનેજ ભગવાન માને; એટલો બધો ધાર્મિક મતભેદ હોવા છતાં તેઓમાં સંપ-શાન્તિ એક સરખીજ જળવાઇ રહે છે! ધાર્મિક દૃષ્ટિએ જોતાં એ બન્ને સંપૂર્ણ શુદ્ધ હિન્દુ છે. એ કેમ બની શકે એ જાણવું હોય તો લક્ષથી વાંચો:-"**एकं साद्विप्रा वहुधा वदन्ति**"-સત્ય શક્તિ એકજ છે. વિદ્વાનો તેને જુદાં જુદાં નામો આપે છે. પ્રિય દેશ બન્ધુઓ! બીજાં બધાં સત્યો કરતાં આ એક અતિ ભવ્ય અને ઘણું મહાન સત્ય છે; અને એ સત્ય જગતને શીખવીને આપણે જગતની સપાટી ઉપર સાત્વિક શાન્તિ પાથરેલી છે. બીજા દેશના શિક્ષિત પુરૂષો અને વિદ્વાનો પોતાનાં નાક મરડીને પચીશ ડીગ્રીનો ખૂણો બનાવી મદથી આપણા ધર્મને "મૂર્તિપૂજા" કહીને નિંદે છે! મેં તેમનો એ મરડાટ બહુ વાર જોયો છે, તેમજ એ પણ જોયું છે કે તેમના પોતાના મગજમાં વહેમ અને કુસંસ્કારોનો કેટલો બધો ભૂસો ભરાઇ રહ્યો છે, કે તેનો તેમને વિચાર પણ આવતો નથી. હૃદયનું સાંકડાપણું એમાં સ્પષ્ટ દેખાઇ આવે છે. એવા મનુષ્યો પોતાની પાસે જે કંઇ હોય છે તેજ આખા જગતમાં સૌથી કિંમતી વસ્તુ છે; અને એજ વસ્તુ સાએ મેળવવા લાયક છે, એવા ભ્રમમાં પડેલા હોય છે. એવા

સાંકડા વિચારના માણસને પોતાની તુચ્છ જીંદગીજ સર્વને માટે અનુકરણ કરવા યોગ્ય જણાય છે, કે જે જીંદગીનો પાઉંડપૂજા, ડૉલરપૂજા અને સેતાનપૂજામાંજ સમાવેશ થાય છે! પૈસાની દિન રાત પૂજા કરવી એજ તેમના મતથી જીવનનો સદુપયોગ છે. તેમને મતે જે કંઈ થોડુંઘણું તેમના સમજવામાં આવેલું છે તેજ સર્વોપરિ છે. એ સિવાય બીજાઓની પાસે જે કંઇ હોય તે બધું નકામું છે. જો તે પોતે એકાદ નાનું માટીનું નિઃસાર નિરર્થક રમકડું બનાવે અથવા કોઇ યંત્રની શોધ કરે, તો તે મોટામાં મોટી મિલ્કત કરતાં પણ અધિક મૂલ્યવાન પદાર્થ ગણાવો જોઇએ અને ઠામ ઠામ તે વખણાવાંજ જોઇએ. કેળવણી અને જ્ઞાન આટલાં બધાં વૃદ્ધિ પામ્યાં હોવા છતાં, આખા જગતમાં હજી સુધી સર્વત્ર એજ પ્રકાર જોવામાં આવે છે; પરન્તુ વાસ્તવિક રીતે જગતને ખરી કેળવણી હવેજ મળવાની છે, ખરો સુધારો હજુ કોઈ ઠેકાણે શરૂજ થયો નથી. માનવજાતિનો સેંકડે (૯૯.૯) નવાણું પૂર્ણાંક નવ દશાંશ ભાગ હજી સુધી થોડી કે વધારે જંગલી હાલતમાંજ છે. આપણે સુધારાની, શિક્ષણની અને વિચારોની ઉદારતા જેવી ઘણી સારી સારી વાતો પુસ્તકોમાં ભલે વાંચ્યા કરીએ; પરધર્મપ્રત્યે દ્વેષરહિત ઉદારતા, નિષ્પક્ષપાત, સદ્ભાવ અને પરસ્પર એકતા કે ભ્રાતૃભાવની આપણે ગમે તેટલી વાતો ભલે મ્હોડેથી કે ભાષણોમાં સાંભળ્યા કરીએ; પણ આ જગતના વ્યાવહારિક ક્ષેત્રમાં તો એ સર્વ વસ્તુઓ બહુજ થોડા પ્રમાણમાં મળી આવે છે, આ હું મારા જાતિ અનુભવ ઉપરથી કહું છું. સેંકડે નવ્વાણું મનુષ્યોને તો હજુ તેનો વિચાર પણ નથી. દુનિયાના જે જે દેશોમાં હું ગયો છું ત્યાં સર્વત્ર પરધર્મીપર આજ સુધી એક સરખો પ્રબલ અત્યાચારજ ચાલી રહેલો મને જણાયો છે; અને કંઇ પણ નવી વસ્તુ શીખવાને માટે કે નવા વિચારોના સ્વીકારને માટે આગળ જે અડચણો ઉભી કરવામાં આવતી, તેજ જૂની અડચણો અને જૂના વાંધાઓ આજ સુધી એવીજ રીતે ઉન્નતિનો રસ્તો રોકીને બેઠા છે. જગતમાં જો ક્યાંય પણ ધર્મસહિષ્ણુતા હોય, પરધર્મ તરફ દ્વેષરહિત સમદૃષ્ટિથી જોવામાં આવતું હોય; અને ધર્મભાવ તરફ સહાનુભૂતિ અને લાગણી ધરાવવામાં આવતી હોય તો તે વ્યાવહારિક રીતે માત્ર અહીંજ—આ આર્યોની ભૂમિમાંજ વિદ્યમાન છે. માત્ર અહીં—આ દેશમાંજ ભારતવાસીઓએ વિધર્મી મુસલમાનોને માટે મસ્જીદો અને ખ્રિસ્તીઓને માટે દેવળો બાંધી દીધાં છે. દુનિયામાં બીજા કોઇ લોકોએ વિધર્મીઓને માટે એટલી ઉદારતા બતાવી નથી. તમે બીજા દેશોમાં જાઓ અને મુસલમાનોને અથવા બીજા કોઈ ધર્મના લોકોને તમારે માટે એક મંદિર નિર્માણ કરવાનું કહો. પછી જુઓ, તેઓ તમને કેવી મદદ કરે છે?! મંદિર બાંધી આપવાને બદલે તેમનાથી બનશે તો તમારાં મંદિરને અને તમને પણ એટલે કે આ

તમારાં દેહમંદિરને પણ ભાગી નાખવાનોજ પ્રયત્ન કરશે! આ જગતને હાલ જે મોટામાં મોટા શિક્ષણની જરૂર છે, તે માત્ર સહિષ્ણુતા અથવા પરધર્મપ્રત્યે ઉદારભાવનીજ નહિ, પણ તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાના પણ છે. આપણા પરમ પવિત્ર સ્તોત્રોમાંના એક મહિમ્નસ્તોત્રમાં કેવા સુંદર ઉદાર ભાવો દર્શાવેલા છે? *"જેમ જુદી જુદી નદીઓ જુદા જુદા પર્વતોમાંથી નીકળીને, સીધી અથવા વાંકી ગમે તેવી ગતિએ ચાલતી, છેવટ સમુદ્રમાંજ આવી મળે છે, તેવીજ રીતે હે પ્રભો! પોતપોતાની જુદી જુદી રુચિને અનુસરતા જે માર્ગો, પંથો અને ધર્મો મનુષ્યો ધારણ કરે છે, તે બધા દેખીતી રીતે જુદા જુદા જણાવા છતાં સીધા કે વાંકા ચુંકા વળીને છેવટે તમારામાંજ આવી મળે છે. તમેજ એ સર્વનું એક માત્ર ગમ્યસ્થાન છો!" કેવા ઉદાર વિચારો! કેટલાક ધર્મો ભલે વાંકા ચુંકા ચાલતા હશે, કેટલાક વળી સીધે રસ્તે પણ ચાલતા હશે; પરન્તુ છેવટ તો તેઓ બધા પરમાત્મામાંજ આવી મળશે, એકજ કેન્દ્રમાં એકઠા થશે. જો તમે ખરેખરા શિવના ઉપાસક હશો તો આ વાત જાણતાજ હશો કે ખરેખરો સાધુ, મહાત્મા તથા ભક્ત તેજ છે કે જે સર્વત્ર સર્વમાં પોતાના ઉપાસ્ય દેવને જોઈ શકે છે. તમારી ભક્તિ અને તમારૂં શિવદર્શન ત્યારેજ સંપૂર્ણ થશે કે જ્યારે તમે શિવને માત્ર તેમની મૂર્તિમાંજ નહિ, પણ જગતમાં સર્વ પ્રાણી પદાર્થોમાં એક સરખી રીતે વ્યાપી રહેલા જોઇ શકશો. ધ્યાનમાં રાખજો કે ગમે તે નામરૂપે કે વિધિપ્રકારે તેમની પૂજા કરવામાં આવે પણ તે સર્વ પ્રભુનીજ પૂજા છે. કાબાની દિશામાં મુખ ફેરવીને જેઓ ઘુંટણીએ પડી નિમાજ પઢે છે, ખ્રિસ્તીના દેવળમાં જઇને જેઓ પ્રાર્થના કરે છે, બૌદ્ધના મંદિરમાં જઇને જેઓ ઉપાસના કરે છે, તે બધા મનુષ્યો પણ તમારીજ પેઠે, જાણતાં કે અજાણતાં, એજ એક અમારા, તમારા અને સર્વના પ્રભુનીજ પૂજા-ઉપાસના કરે છે. ગમે તે પ્રકારે, ગમે તેનું નામ લઇને, મનુષ્યો જે જે ફૂલો ચઢાવે છે, તે બધાં પ્રભુનાજ શ્રી ચરણમાં સમર્પણ થાય છે; કારણ કે તેજ એક સર્વનો સ્વામી છે. માનવ-પ્રાણી માત્રનો ઈશ્વર એકજ છે. તેજ એક સર્વ જીવોના આધારરૂપ, સર્વવ્યાપક અને સર્વથીપર છે. આપણે જાણી શકીએ તેના કરતાં ઘણી સારી રીતે તે જાણતો હોય છે કે આ જગતને કયી વસ્તુની ખાસ જરૂર છે? બધા મતભેદોને દૂર કરવાનું અને

---

* त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति ।
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ॥
ऋचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषाम् ।
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥
श्री पुष्पदंताचार्य.

સર્વત્ર એકજ ધર્મ ચલાવવાનું કામ તદ્દન અસંભવિતજ છે. મતભેદો તો જ્યાં સુધી જગત છે ત્યાંસુધી કાયમજ રહેશે; કેમકે વિવિધતા અને વૈચિત્ર્ય વિના જીવનજ ટકી શકશે નહિ. વિચારોના આ પરસ્પરના સંઘટ્ટન તથા મતભેદોને લીધેજ જગત પ્રકાશમાં, ગતિમાં, પ્રગતિમાં અને સર્વ પ્રકારની ઉન્નતિમાં આગળ વધે છે. અનંતકાલપર્યંત વિરોધી મતભેદો ભલે ટકી રહે, તેથી કાંઇ હાનિ નથી; પરન્તુ એનો એવો અર્થ નથી થતો કે તેને લીધે આપણે એક બીજાનો તિરસ્કાર કરવો, અથવા પરસ્પર કલહકંકાસ કરવો. એટલા માટેજ આપણી માતૃભૂમિમાં એક વખત જે મહામંત્રનો પ્રબલ રીતે પ્રચાર કરવામાં આવ્યો હતો અને જે મૂલ મંત્રનો ફરી એકવાર આ ભારતમાંથીજ પાછો એવી જ રીતે પ્રચાર થવાનો છે, એજ મંત્ર આપણે પણ પાછો લક્ષપૂર્વક શીખી લેવાનો છે. મારે આમ શામાટે કહેવું પડે છે? કારણ કે એ મહાન સિદ્ધાન્ત, એ વેદાન્તનો મૂલ મંત્ર, માત્ર આપણાં શાસ્ત્રોમાંજ લખેલો છે એમ નથી; પરન્તુ ભારતના સાહિત્યમાં વાક્યે વાક્યે અને પ્રજાકીય જીવનની નસેનસમાં એ એકસરખો વહન થઇ રહ્યો છે. અહીં આ દેશમાંજ માત્ર તેનું વ્યાવહારિક જીવનમાં પાલન થાય છે; જગતમાં બીજે કોઇ પણ ઠેકાણે એ એકતાના મૂલ મંત્રનું પાલન થતું નથી. આપણે જગતને એજ મંત્રનું શિક્ષણ આપવાનું છે. ભારતવર્ષ એ મંત્ર કરતાં બીજા પણ ઉચ્ચ મંત્રો આ જગતને શીખવી શકે તેમ છે; પરન્તુ તે બાબત વિદ્વાનો અને સુશિક્ષિત જનોને માટે છે; અને આ મહામંત્ર તો પંડિત, મૂર્ખ, જ્ઞાની, અજ્ઞાની સર્વને એકસરખી રીતે શીખવાજેવો છે. હૃદયની નમ્રતા, તિતિક્ષા, સહિષ્ણુતા, ક્ષમા, સહાનુભૂતિ તથા પરધર્મો તરફ દ્વેષરહિત સમભાવ અને વિશ્વવ્યાપી ભ્રાતૃભાવના મહામંત્રો એ સીધા અને સરલ પણ પરમ ઉપયોગી જીવનમંત્રો તો આ જગતમાં દરેક મનુષ્યે શીખવા જેવા છે. પુરુષ, સ્ત્રી, બાલક, વૃદ્ધ, ભણેલો કે અભણ એવા સર્વ દેશના સર્વ મનુષ્યોએ મત, પંથ કે ન્યાતજાતના કશા પણ ભેદ વિના, એ મહામંત્ર એકસરખી રીતે ગ્રહણ કરવો જોઇએ કે “**एकं सद्विप्रा बहुधा वदन्ति।**” **ॐ तत्सत्.**

કોલમ્બોના દેવમંદિરમાં.

બીજે દિવસે રવિવાર હતો. એ દિવસે પણ અનેક મનુષ્યો સ્વામીજીનાં દર્શનમાટે ધમાલ મચાવી રહ્યાં હતાં. સ્વામીજી પણ મધુર શબ્દોમાં ઉપદેશ આપી સર્વને સંતુષ્ટ કરતા હતા. સાંજને વખતે કોલમ્બોના દેવમંદિરમાં જવામાટે સ્વામીજી બહાર નીકળ્યા હતા. એ વખતે અગણિત મનુષ્યો તેમની ગાડીની સાથે ચાલતા હતા; અને રસ્તામાં ભાવિક જનો ઠામ ઠામ ગાડી ઉભી રખાવીને અત્તર, ગુલાબજળ વગેરે સુગન્ધિત પદાર્થોથી, તેમજ ફૂલના હારતોરાથી સ્વામીજીનો

પૂજ્યભાવે સત્કાર કરતા હતા, તથા તેમનાં ચરણુમાં ફળફૂલના ઉપહાર ધરતા હતા. સ્વામીજીના સન્માનાર્થે એ દેશના રિવાજ પ્રમાણે તેમની ગાડી જે માર્ગમાં થઇને જતી હતી, તે માર્ગપર આવેલા પ્રત્યેક હિંદુના ગૃહદ્વારપર તેમાં પણુ વિશેષ કરીને કોલમ્બોની તામિલ પલ્લીના મધ્ય ભાગમાં આવેલી, ચેકુસ્ટ્રીટમાં તેજસ્વી દીપમાળાઓ અને ફળફૂલનાં તોરણો શોભી રહ્યાં હતાં. સ્વામીજીની ગાડી મંદિર આગળ પહોંચી કે તરતજ ત્યાં એકઠા થએલા લોકોએ 'જય મહાદેવ'ના મહાધ્વનિથી સ્વામીજીનો સત્કાર કર્યો. મંદિરના પૂજારી તેમજ બીજા પ્રતિષ્ઠિત પુરૂષો સાથે બેસીને થોડી કથા-વાર્તા કર્યા પછી સ્વામીજી પોતાના ઉતારા તરફ પાછા ફર્યા; ત્યાં પંડિતો અને બ્રાહ્મણો તેમની સાથે ધર્મચર્ચા કરવાને માટે આગળથીજ આવીને તેમની રાહ જોતા બેઠા હતા. લંકાના એ વિદ્વાનો અને પંડિતોની સાથે રાત્રિના આશરે અઢીવાગ્યા સુધી ધર્મની ચર્ચા અને કથા-વાર્તા ચાલી હતી. ત્યાર પછી વળતે દિવસે પણુ કોલમ્બોમાં સ્વામીજીનું એક બીજું વ્યાખ્યાન થયું હતું.

કાન્ડિ.

કોલમ્બોથી સ્ટીમરદ્વારા સીધા મદ્રાસ આવવાનો સ્વામીજીનો સંકલ્પ હતો; પરન્તુ લંકાનાં તેમજ દક્ષિણુ કિનારાનાં જુદાં જુદાં શહેરોમાંથી રોજ રોજ આમંત્રણુના તારો આવવા લાગ્યા. એ બધા તારોનો મુખ્ય ભાવ એજ હતો કે "માત્ર એકવાર અમારે ત્યાં પગલાં કરીને અમને પાવન કરો." આવા અનેક તરેહના આગ્રહથી સ્વામીજી પોતાનો આગળનો ઇરાદો ફેરવીને પગ રસ્તેજ ભ્રમણુ કરતા કરતા મદ્રાસ જવાના વિચારપર આવ્યા. તેમણે મંગળવાર-ઓગણીસમી તારીખના પ્રભાતમાં કાન્ડિ તરફ પ્રયાણુ કર્યું. કાન્ડિ શહેર લંકામાં પર્વતની ટેકરીપર આવેલું એક પ્રસિદ્ધ હવા ખાવાનું મથક છે. ત્યાંના લોકોએ દેવમંદિરનાં ચિત્રોવાળી ધ્વજ-પતાકાઓ સાથે વાજતે ગાજતે સ્વામીજીને સામૈયું કરીને એક સુંદર બંગલામાં ઉતારો આપ્યો. જાહેર સભા ભરી સ્વામીજીને તેમના પુણ્ય પ્રયાસમાટે એક મનોહર ભાષામાં લખાએલું માનપત્ર આપવામાં આવ્યું.

એ માનપત્રનો સંક્ષેપમાં ઉત્તર આપીને થોડો સમય વિશ્રાન્તિ લીધા પછી શહેરની મુખ્ય મુખ્ય જોવા લાયક વસ્તુઓ અને સ્થળો જોવા નીકળ્યા. એજ દિવસે સંધ્યાકાળે ત્યાંથી રવાના થઇને લંકાના માતાલે નામના સ્થાનમાં તેઓ આવી પહોંચ્યા અને ત્યાં તેમણે રાત્રિ ગાળી.

જાફના તરફ જતાં-અનુરાધાપુર.

બુધવારને દિવસે સવારના પહોરમાંજ ત્યાંથી લગભગ બસો માઇલ દૂર આવેલા જાફના ભણી પ્રવાસ શરૂ થયો. રસ્તાની બન્ને બાજુએ લીલાં કુંજાર

જેવાં ધાન્ય તરૂઓથી શોભી રહેલી હરિતવર્ણી ભૂમિનું મોહક સૃષ્ટિસૌંદર્ય જોઇને, પ્રવાસીજનોને ઘણો આનંદ પ્રાપ્ત થતો હતો. સ્વામીજીનો નાનો સરખો સંઘ ચારે તરફ છવાઇ રહેલી પ્રાકૃતિક શોભાનાં મનોહર ચિત્રનું નિરીક્ષણ કરતો આનંદથી માર્ગક્રમણ કરવા લાગ્યો. એટલામાં દુર્ભાગ્યવશાત્ દામ્બુલ નામક ગામથી થોડે આગળ જતાંજ સ્વામીજીવાળી ગાડીનું એક પૈડું ભાગી ગયું, એથી લગભગ ત્રણેક કલાક ત્યાં ખોટી થવું પડયું. ત્યાર પછી બળદની ગાડીમાં બેસીને કાનાડિ અને તિનયાતિ થઇને ધીરે ધીરે તેઓ અનુરાધાપુર આવી પહોંચ્યા. અનુરાધાપુર ઘણું પ્રાચીન શહેર છે. તેની આસપાસ ચોમેર અનેક પ્રાચીન ખંડેરો આવેલાં છે; એ સઘળાં પ્રાચીન ખંડેરો જોવાથી જણાય છે કે ત્યાં લગભગ બે હજાર વર્ષો પૂર્વનું પૃથ્વીના મોટાં શહેરોમાંનું એક મહાન શહેર હોવું જોઇએ. બૌદ્ધ લોકોનાં પણ અહીં અનેક પ્રાચીન કીર્તિસ્તંભો અને બીજાં ચિહ્નો મળી આવે છે. બુદ્ધગયાના મહાબોધિવૃક્ષની શાખામાંથી ઉત્પન્ન થએલા પ્રાચીન પીપળાના ઝાડનો જેવો મહિમા છે, તેવોજ મહિમા પ્રાચીન યુગના બાંધકામ નમુનારૂપ ત્યાં આવેલા એક સુંદર સરોવરનો છે. વળી ત્યાં ‘દાગોબા’ નામક એક સુવિખ્યાત પ્રાચીન સ્તંભોનો સમૂહ છે. પ્રાચીન તત્ત્વશોધકોએ અનેક પ્રયત્નોથી આજ સુધી જે જે શોધ કરી છે, તે ઉપરથી તેઓ એવા અનુમાન ઉપર આવ્યા છે કે તામિલ લોકોએ સિંહલદ્વીપ ઉપર આક્રમણ કર્યું એ વખતે એ ‘દાગોબા’ ના સ્તંભોમાં બૌદ્ધ લોકોએ પોતાના હીરા, ઝવેર અને મણિ–મુકતાના ભંડારો છુપાવી રાખ્યા હતા

એ સરોવરના કિનારાપર આવેલા વિશાળ વૃક્ષોની સઘન છાયાનીચે બેસીને લગભગ ત્રણેક હજાર શ્રોતાજનોની સમક્ષ ‘ ઉપાસના ’ ના વિષય ઉપર સ્વામીજીએ એક નાનું સરખું અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું. તેઓ પોતાનું વ્યાખ્યાન અંગ્રેજી ભાષામાં કરતા હતા અને દુભાષિઆઓ તેનો તામિલ અને સિંહલી ભાષામાં અનુવાદ કરીને અંગ્રેજી ભાષાથી અપરિચિત મનુષ્યોને સ્વામીજીના ઉપદેશામૃતનો લાભ આપતા હતા. સ્વામીજીએ એ પ્રસંગે પોતાના સિંહલી શ્રોતાઓને પૂજાનો અસાર બાહ્યાડંબર છોડી દઇ, વેદના દિવ્ય ઉપદેશોનો જીવનના પ્રત્યેક કાર્યમાં ઉપયોગ કરવાના સંબંધમાં એક અસરકારક ભાષણ સંભળાવ્યું, એ સિવાય ધર્મની વિશાળતા અને વ્યાપકતા સમજાવી, બૌદ્ધ ધર્મના એ મુખ્ય સ્થાનમાં વસનારા લોકોને પરસ્પર વૈર–વિરોધ તજી સમભાવ અને એકતા રાખવાનો ઉપદેશ કર્યો હતો. વળી કહ્યું હતું કે શિવ, વિષ્ણુ, બૌદ્ધ અથવા ગમે તે નામે ભગવાનને ભજવામાં આવે તે બધી સર્વવ્યાપી એકજ ઇશ્વરની ઉપાસના છે; બીજા ધર્મોપ્રત્યે માત્ર દ્વેષરહિત વૃત્તિ રાખવાથીજ સંતોષ માનીને બેસી ન રહેતાં સર્વ ધર્મ અને પ્રાણીમાત્રપ્રતિ સહાનુભૂતિ રાખીને સર્વને યથાશક્તિ

સહાય કરવામાંજ સ્વધર્મ, જન્મ અને જીવનની સફળતા છે, એવું તેમના હૃદયમાં સચોટ ઠસાવી દીધું હતું. ત્યાંના લોકોએ પણ ઘણા પૂજ્યભાવથી સ્વામીજીનો આદરસત્કાર કર્યો હતો.

જાફનાને માર્ગે વાવ્હોનિયા.

અનુરાધાપુરથી જાફના એકસો વીશ માઇલ દૂર છે. રસ્તો જેમ પત્થરવાળો, ટેકરા ટેકરીઓવાળો ઘણો કઠિન હતો, તેમ ઘોડાઓ પણ એવાજ–આજ્ઞાજીના રથમાં જોડવા જેવા અને એક માઇલમાં અઢાર વખત બેસી જાય તેવા હતા. એથી સ્વામીજીની એ મુસાફરી કંઇક કષ્ટરૂપ થઇ પડી હતી; પરંતુ રસ્તાની અપૂર્વ શોભા અને સૃષ્ટિસૌંદર્યની છટાને લીધે એ રસ્તાનું કષ્ટ તેમના મન ઉપર વધારે અસર કરી શક્યું નહિ. ફળફૂલથી સુંદર જણાતાં વિશાળ વૃક્ષો, ટેકરા–ટેકરીમાંથી વહેતાં નિર્મળ નીરનાં નાનાં નાનાં ઝરણાં; અને આમ તેમ દોડા દોડી કરતાં હરણાં–સસલાં જેવાં વિવિધ પ્રાણીઓના દેખાવથી, માર્ગનું ચિત્ર બહુજ રમણીય બની રહ્યું હતું. દિવસના એ સઘળી શોભા વિલોકતા અને રાત્રિએ વિશ્રામથી મુસાફરીના થાકને શમાવતા સ્વામીજીના સંઘના મનુષ્યોને જાફના જતાં જતાં રસ્તામાં બે રાત્રિઓ ગાળવી પડી. એ બે દિવસે કોઇને ઉંઘજ આવી નહિ. એજ રસ્તામાં ‘ વાવ્હોનિયા ’ નામના ગામમાં રહેનારા હિંદુઓએ સ્વામીજીને એક સુંદર માનપત્ર આપ્યું હતું. તેઓ સ્વામીજીનાં દર્શનથી હર્ષ પામીને પોતાને ભાગ્યશાળી સમજવા લાગ્યા. તેમણે માનપત્રમાં જણાવ્યું હતું કે:—‘ સ્વામીજી મહારાજના મધુર સ્વભાવ, ઉદાર વિચાર અને નિઃસ્વાર્થ ધર્મપ્રચારના મહદ્ ગુણોથી તેમનાં મન મુગ્ધ બની ગયાં છે. ’ તેમનાં પ્રેમભર્યાં માનપત્રનો સંતોષકારક ઉત્તર આપીને, સ્ત્રામીજી સિંહલદ્વીપના શોભાયમાન જંગલોમાં થઇને જાફના તરફ પ્રયાણ કરવા લાગ્યા. બીજે દિવસે સવારના સિંહલ અને જાફનાના દ્વીપોને જોડનારા, સેતુ હસ્તિગિરિવર્ત્મમાં પણ સ્વામીજીનો સારી રીતે સત્કાર કરવામાં આવ્યો હતો. જાફના શહેરથી બાર માઇલસુધી ત્યાંના પ્રતિષ્ઠિત લોકો સ્વામીજીને તેડી જવાને માટે સામે આવેલા હતા. ત્યાંથી ગાડીઓ કરીને બધા સ્વામીજીની સાથે સાથે જાફના તરફ પાછા ફર્યા. એ વખતે સ્વામીજીના સ્નેહ–સત્કાર માટે શેરીએ શેરીએ અને ઘેરેઘેર વિવિધ પ્રકારનાં ધ્વજા–પતાકા અને તોરણો બાંધ્યાં હતાં. સાયંકાલની ભૂરી છાયા નીચે ઝળહળતી મશાલોના પ્રકાશમાં હિન્દુ કૉલેજના વિશાળ ચોગાનમાં વાજતે ગાજતે સ્વામીજીને તેડી લાવવામાં આવ્યા. એ વખતનો દેખાવ ઘણોજ મનોહર, હૃદયગ્રાહી અને દબદબાભરેલો હતો. ખાસ ઉભા કરવામાં આવેલા એક વિશાળ સમિયાનામાં ચારેમેર ગોઠવેલાં સુન્દર આસનો અને સુસજ્જિત પુષ્પમાળાઓનાં તોરણોથી શોભતાં સુંદર સ્થાનમાં સ્વામીજીનો

સત્કાર કરવામાં આવ્યો હતો. સંધ્યાકાળ હોવા છતાં સ્વામીજીનાં દર્શનમાટે એકઠા થએલા ઉત્સાહી લોકોની સંખ્યા લગભગ દશથી પંદર હજારની હતી. જાફનાવાસીઓએ ભક્તિભાવથી સ્વામીજીનો સત્કાર કર્યા પછી તેમને અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલું એક ઉત્તમ માનપત્ર વાંચી સંભળાવ્યું હતું; તેનો અનુવાદ અહીં આપવામાં આવે છે.

જાફનાવાસીઓનું સ્વામીજીને અભિનન્દનપત્ર.

શ્રીમદ્ વિવેકાનન્દ સ્વામીજી મહારાજનાં શ્રી ચરણમાં:—

શ્રી પૂજ્યપાદ મહાનુભાવ !

અમે જાફનાવાસી હિન્દુ ધર્માવલંબી લોકો, સિંહલદ્વીપના હિન્દુધર્મના મુખ્ય કેન્દ્રસ્વરૂપ અમારા આ શહેરમાં આપનું હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. લંકાના આ વિભાગમાં અમારે આંગણે આપનાં પુનીત પગલાં પાડવાનું અમેજ આપને આમંત્રણ મોકલ્યું હતું, તે સ્વીકારવાનો અનુગ્રહ કરીને આપે અમને ઘણા આભારી બનાવ્યા છે.

આજથી લગભગ બે હજાર વર્ષોપૂર્વે હિન્દના દક્ષિણ પ્રાન્તમાંથી અમારા પૂર્વજોએ અહીં આવીને પહેલવહેલો વાસ કરેલો હતો. એ વખતે જાફનામાં તામિલ રાજાઓ રાજ્ય કરતા હતા. તેમણે ઉદારભાવે અમારા પૂર્વજોના ધર્મનું સારી રીતે રક્ષણ અને પોષણ કર્યું હતું. તેમની પછી જ્યારે દૈવયોગે પોર્ટુગીઝ અને વલંદા લોકોનો રાજ્યાધિકાર થયો, ત્યારે તેમની વિદેશી રાજ્યસત્તા, અમારી ધર્મની ક્રિયાઓમાં વચ્ચે પડીને હાથ નાખવા લાગી. પૂજા–પાઠ, દેવ–દર્શન વગેરે ધાર્મિક ક્રિયાઓ પ્રકટ રીતે અમારાથી કરી શકાતી નહોતી; કેમકે રાજ્યસત્તાથી તેનો નિષેધ કરવામાં આવ્યો હતો; તેમજ અમારાં પવિત્ર મંદિરો, જેમાં બે મહાન મંદિરોનો યશ તો બહુ દૂર દૂર સુધી વિસ્તાર પામ્યો હતો, તે સર્વનો એ અત્યાચારી લોકોના ક્રૂર હાથે વિનાશ થયો છે. એ લોકોએ અમારા પૂર્વજોને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવામાટે ઘણા લાંબા સમયસુધી પ્રબળ પ્રયત્નો કર્યા હતા; પરંતુ અમારા એ ધર્મપ્રાણ પૂર્વજો પોતાના પ્રાચીન સ્વધર્મને તેમનો પ્રબળ ત્રાસ વેઠીને પણ દૃઢતાથી વળગી રહ્યા; અને તેમનેજ પ્રતાપે આજે અમારા પ્રાણપ્રિય સનાતન આર્યધર્મનો મહામૂલ્યવાન વારસો અમને મળ્યો છે. હવે ઉદાર અને દયાળુ અંગ્રેજ સરકારના ન્યાયી રાજ્યકારભારમાં અમારા ધર્મની ફરીથી ઉન્નતિ થવા લાગી છે; એટલુંજ નહિ પણ અમારાં પવિત્ર ધર્મમંદિરોનો પણ પુનરુદ્ધાર થવા લાગ્યો છે. તેમાંનાં કેટલાંક પાછાં તૈયાર થયાં છે અને બાકીનાં કેટલાંકનું કામ હજુ ચાલી રહ્યું છે.

આપશ્રી પુણ્યભૂમિ ભારતની બ્રહ્મવિદ્યાનો ઇંગ્લાંડ અને અમેરિકામાં પ્રબળ-

ભાવે પ્રચાર કરીને, સમગ્ર પશ્ચિમવાસી પ્રજાને હિન્દુધર્મના મહાન સિદ્ધાંતો સમજાવીને, પૂર્વ અને પશ્ચિમ વચ્ચે નિકટ સંબંધની ગાંઠ બાંધવામાં સફળ થયા છો. એ પ્રકારે અમારા ધર્મને માટે આપશ્રીએ નિષ્કામવૃત્તિથી જે ઉત્તમ પુરૂષાર્થ ઉઠાવ્યો છે, તેને માટે આજનો સુયોગ મળતાં અમે હૃદયપૂર્વક આપની કૃતજ્ઞતા દર્શાવીએ છીએ. આજના પ્રબલ જડવાદી યુગમાં જ્યારે સર્વત્ર શ્રદ્ધા અને ધર્મબુદ્ધિનો નાશ થવા લાગ્યો છે, અને આધ્યાત્મિક સત્યોની શોધમાં લોકોને અરૂચિ ઉત્પન્ન થવા લાગી છે, ત્યારે આવા ભયંકર નાસ્તિકતાથી છવાએલા દિવસોમાં આપ અમારા પ્રાચીન ધર્મના અભ્યુદયમાટે જે પરિશ્રમ ઉઠાવી દેશ વિદેશમાં પ્રબલ આન્દોલન કરી રહ્યા છો, તેને માટે આપને અમે અનેક ધન્યવાદ આપીએ છીએ.

પાશ્ચાત્ય પ્રજાઓને આપણા ધર્મના ઉદાર વિચારો સમજાવીને ત્યાંના વિદ્વાનોને આપે સંપૂર્ણ ખાત્રી કરી આપી છે કે;–' પાશ્ચાત્ય દાર્શનિક અને વિદ્વાન પુરુષો જે જે મહાન સત્યોનો સ્વપ્નમાં પણ વિચાર કરી શક્યા નથી, એવા ઉજ્જવલ અને ગહન વિષયોનો હિન્દુઓનાં દર્શનશાસ્ત્ર અને તત્ત્વવિદ્યામાં એક અખંડ ભંડાર ભરેલો છે.' આપનો એ ઉપકાર અમે યોગ્ય શબ્દોને અભાવે અમારી દીન વાણીદ્વારા પૂરો પ્રકટ પણ કરી શકતા નથી.

આપ જ્યારે દૂરના પાશ્ચાત્ય પ્રદેશોમાં આપણા ધર્મનો પ્રચાર કરતા હતા, ત્યારે અમે અહીં દૂર બેઠા બેઠા પણ ઉત્સુકતાપૂર્વક આપના કીર્તિયુક્ત કાર્યકલાપનું સંવાદપત્રોદ્વારા નિરીક્ષણ કરી આનંદ પામતા હતા. આપને પ્રભાવપૂર્વક પ્રચાર કરતા અને પવિત્ર કાર્યમાં સર્વથા સફલ થતા જાણીને અમારા અંતરમાં આનંદની પ્રબળ લહરીઓ ઉછળી રહી હતી! પાશ્ચાત્ય દેશોમાં ધર્મ અને જ્ઞાનચર્ચાને માટે જે જે સર્વોત્તમ સ્થાનો મનાય છે, ત્યાંનાં સર્વ સંવાદપત્રોમાં આપનાં તેમજ આપના અમૂલ્ય ગ્રંથોનાં ગુણગાન વાંચીને અમે આનંદથી જોઇ શક્યા છીએ, કે આપના દિવ્ય જીવનનું મહાન વ્રત આપે ઘણી સફળતાપૂર્વક અને ઉજ્જવલ યશોરેખાની છાયામાંજ ઉજવ્યું છે.

આપ અનુગ્રહ કરીને અમારા દેશમાં પધાર્યા, આપનાં પુનીત પગલાંવડે અમારૂં આંગણું પાવન કર્યું, એથી અમે આજે કૃતાર્થ થયા છીએ. વેદને આપ જેવી રીતે સર્વ પ્રકારના આધ્યાત્મિક જ્ઞાનના ભંડારરૂપ માનો છો, તેવીજ રીતે અમે આપણા શ્રુતિગ્રંથોમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીએ છીએ. આપ અનેકવાર અમારે આંગણે પધારી અમને દર્શનનો લાભ આપશો એવી અમે આશા રાખીએ છીએ.

આપના શુભ કાર્યમાં જે દયામય ઈશ્વરે સંપૂર્ણ સહાય કરીને સફલતા

આપેલી છે, તે ઈશ્વરને અમે પ્રાર્થના કરીએ છીએ કે;—‘ તેઓ આપને લાંબું આયુષ્ય, આરોગ્ય અને યથાયોગ્ય બળ આપીને દીર્ઘકાળસુધી આપને ધર્મોદ્ધારના પવિત્ર મહા વ્રતમાં આગળ વધારી સંપૂર્ણ સફલતા આપે. ’

આપ પૂજ્યશ્રીના શ્રદ્ધાળુ સેવકો,
સમગ્ર જાફનાવાસી હિન્દુવર્ગના સવિનય પ્રણામ.

સ્વામીજીએ આ હૃદયની લાગણી અને પૂજ્યભાવથી ભરેલા અભિનન્દન-પત્રનો એક બહુજ અસરકારક વ્યાખ્યાનથી ઉત્તર આપ્યો હતો; અને વળતે દિવસે રવિવારની સાંજે એજ સ્થાને ‘ વેદાન્તવાદ ’ ના આધ્યાત્મિક વિષય ઉપર એક રસિક તેમજ અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું; તેનો સંપૂર્ણ અનુવાદ હવે પછી આપવામાં આવે છે.

વેદાન્તવાદ.

(સ્વામીજીએ જાફનામાં આપેલા ઇંગ્રેજી વ્યાખ્યાનનો અનુવાદ)

આજનો વિષય ઘણો વિશાળ છે; અને સમય બહુ ટુંકો છે. માત્ર એકજ વ્યાખ્યાનમાં વિશાળ હિન્દુધર્મનું સંપૂર્ણ મીમાંસાપૂર્વક પૃથક્કરણ કરી બતાવવું તે ગાગરમાં સાગર ભરવાજેવું અસંભવિત છે; જેથી મારી શક્તિ અનુસાર આપણા ધર્મનાં મુખ્ય મુખ્ય તત્ત્વો સંક્ષેપમાં રજુ કરીશ. આપણને આપણે જે હિન્દુ શબ્દથી ઓળખાવીએ છીએ, તે શબ્દનો મૂળ અર્થ તેના વ્યાવહારિક ઉપયોગમાંથી હાલ અદશ્ય થયો જણાય છે; પરંતુ એ શબ્દ સિન્ધુ નદીની આ તરફ સઘળી પ્રજાનો સૂચક છે. પૂર્વે સિન્ધુની આ તરફ બધી હિન્દુનીજ વસ્તી હતી અને હિન્દુ શબ્દ પણ સિંધુનુંજ રૂપાન્તર છે. પ્રાચીન પારસી લોકોમાં જે વખતે પ્રાચીન ઝંદ ભાષા પ્રચલિત હતી, તે વખતે તેઓ ‘ સ ’ ને બદલે ‘ હ ’ વાપરતા હોવાથી સિન્ધુ નદીને અને તેની બીજી બાજુ વસનારી સઘળી પ્રજાને પણ તેઓ હિન્દુ કહેતા. આ પ્રમાણે એ શબ્દનો મુસલમાની રાજ્યના વખતથી આપણે પણ આપણે માટે પ્રયોગ કરવા લાગ્યા. એ શબ્દનો ઉપયોગ કરવામાં હાનિ નથી, પરન્તુ મેં ઉપર જણાવ્યું તેમ તેનો આદિભાવ આજે લુપ્ત થયો છે; કેમકે સિન્ધુ નદીની આ તરફ પંજાબથી આરંભીને છેક કન્યાકુમારીસુધીના વિશાળ હિન્દુસ્તાન દેશમાં જે મોટો જનસમુદાય આજકાલ વસે છે, તેમાંનાં સર્વ મનુષ્યો પહેલાંની પેઠે કંઇ એકજ વૈદિક ધર્મને માનતાં નથી. તેના મૂળ અર્થ પ્રમાણે જોતાં તો એ શબ્દમાં જે વાસ્તવિક હિન્દુ શબ્દ

સૂચવેલો છે, તે હિંદુસ્તાનમાં હાલ વસનારા મુસલમાનો, ખ્રિસ્તીઓ, પારસીઓ, જૈનો વગેરે સર્વ લોકોને લાગુ પડે છે. આવી રીતે હિન્દુ શબ્દનો ઉપયોગ કરવાથી ન્યાયના અતિવ્યાપ્તિ અવ્યાપ્તિ આદિ દોષો આવી જાય છે; એટલા માટે હું મારા વ્યાખ્યાનમાં આપણે માટે ‘ હિન્દુ ’ શબ્દનો ઉપયોગ નહિ કરૂં; પણ ત્યારે આપણે કયા શબ્દનો ઉપયોગ કરીશું ? આપણા ધર્મપ્રત્યે લક્ષ રાખીને એ શબ્દનો ઉપયોગ કરવા જતાં,‘હિન્દુ’ શબ્દને સ્થાને એટલોજ વિશાળ અર્થ બતાવનારા જે શબ્દોનો આપણે ઉપયોગ કરી શકીએ, તે ‘ વૈદિક ’ (અર્થાત્ વેદના મતને અનુસરનારા) અથવા તેના કરતાં પણ વધારે સારો ‘ વેદાન્તી ’ (વેદના શ્રુતિસિદ્ધ વિચારોને માનનારા) શબ્દ છે. જગતના મુખ્ય મુખ્ય ધર્મો અમુક ધર્મગ્રન્થોને પ્રમાણરૂપ માને છે, કે જે ગ્રંથો તેમના મત પ્રમાણે ઇશ્વરીવચનો અથવા એવાજ અલૌકિક મહાપુરૂષોનાં વચનો મનાય છે; અને એ વચનો તેમજ ગ્રંથો તેમના ધર્મોના મુખ્ય પાયારૂપ હોય છે. આ પ્રકારના સર્વ પ્રાચીન ધર્મગ્રંથોમાં પશ્ચિમના પંડિતોને મતે હિન્દુઓના વેદગ્રન્થો સર્વથી પ્રાચીનતમ છે, એટલા માટે વેદોના સંબંધમાં કંઇક ખુલાસો કરવાની અને જાણવાની આવશ્યકતા છે.

જે વચનો અને ઉલ્લેખોને વેદનું નામ આપવામાં આવે છે, તે કંઇ મનુષ્યોના મુખમાંથી ઉચ્ચારાએલાં વાકયો નથી. તેમની રચનાનો સમય કદિ પણ નિશ્ચિત થઈ શકયો નથી અને નિશ્ચિત થઇ શકે તેમ પણ નથી. આપણા મત પ્રમાણે તો એ ઈશ્વરપ્રણીત વેદો અનાદિ અનંત છે. અહીં એક વાત ખાસ લક્ષમાં રાખવાની હું તમને ભલામણ કરૂં છું, કે જગતના બીજા બધા ધર્મો તેમના માનેલા અવતારધારી કે સાકાર ઈશ્વરના અથવા તો દેવદૂતો કે ઈશ્વરના ખાસ સંદેશા લાવનારા, મહાત્માઓ (પેગંબરો) નાં વચનોરૂપે પોતાને માટે મળેલી દેવવાણી તરીકે પોતપોતાના મૂળ ધર્મગ્રંથોને માને છે; પરન્તુ હિન્દુઓનો દાવો કંઇક જુદીજ રીતનો છે. તેઓ ખાસ વેદનેજ સ્વત:પ્રમાણ માને છે, જેથી તેને પ્રમાણરૂપ ઠરાવનાર બીજો કોઇ પ્રમાતા નથી.ઈશ્વર પણ વેદોનું પ્રમાણ નથી.ઉલટા વેદોજ ઇશ્વરના પ્રમાણસ્વરૂપ છે, કેમકે વેદ અનાદિઅનંત અને ઈશ્વરના જ્ઞાનસ્વરૂપ છે. તેઓ કદિ પણ રચાયા નથી. અનાદિ કાળની સાથે તેનું અસ્તિત્વ પણ અનાદિ છે. જેવી રીતે આ જડ–ચેતનાત્મક સૃષ્ટિ અનાદિ અને અનન્ત છે, તેવીજ રીતે ઇશ્વરનું જ્ઞાન પણ અનાદિ અને અનન્ત છે. એ ઇશ્વરીય જ્ઞાનનેજ વેદ કહે છે. (**विद्** ધાતુનો અર્થ જાણવું થાય છે.) વેદાન્ત નામનો જ્ઞાનરાશિ, ઋષિ તરીકે ઓળખાતા મહાન પુરૂષોએ શોધી–સંગ્રહી જગતને અર્પણ કર્યો છે. એ ઋષિ શબ્દનો અર્થ મંત્રદષ્ટા થાય છે; અર્થાત્ પ્રથમથીજ જે જ્ઞાન વિદ્યમાન હતું તેના તેઓ માત્ર પ્રત્યક્ષ કરનાર અથવા દર્શાવનારજ છે. એ જ્ઞાન કાંઇ તેમના

પોતાનાજ મૂળ વિચારોનું પરિણામ નથી. જ્યારે જ્યારે તમારા સાંભળવામાં આવે કે વેદના અમુક મંત્રોના અમુક ઋષિ છે, ત્યારે એપરથી તમારે એમ ન સમજવું કે એ મંત્ર એ ઋષિનોજ રચેલો છે; કારણ કે તે તો માત્ર જે વિચાર અને જ્ઞાન આગળથીજ અવસ્થિત હતાં તેના દૃષ્ટા, જોનાર, હૃદયમાં અનુભવનારાજ છે. એ જ્ઞાન અનન્ત કાળથીજ આ વિશ્વમાં વિદ્યમાન હતું. વિશ્વની સાથેજ અનાદિ કાળથી અસ્તિતત્વ ધરાવતું હતું. આ પ્રમાણે ઋષિઓ સાક્ષાત વેદસિદ્ધાંતોના શોધકજ હતા.

વેદોનો વિશાળ વાક્યસમૂહ મુખ્ય બે ભાગોમાં વહેંચાયેલો છે. એ બે ભાગ કર્મકાંડ અને જ્ઞાનકાંડના નામથી ઓળખાય છે. યજ્ઞયાગાદિ ક્રિયા અને અનુષ્ઠાનોની પદ્ધતિ દર્શાવનારો વિભાગ તે કર્મકાંડ અને આત્મજ્ઞાનનું નિરૂપણ કરનારો વિભાગ તે જ્ઞાનકાંડ છે. કર્મકાંડના વિભાગમાં જે અનેક યજ્ઞ–યાગોનાં અનુષ્ઠાન જણાવ્યાં છે, તેમાંનો મોટો ભાગ તો વર્તમાન યુગને માટે નિરુપયોગી સમજીને હાલ છોડી દેવામાં આવ્યો છે. કેટલાક યજ્ઞો વિશાળ ખર્ચ અને પરિશ્રમથી સિદ્ધ થાય એવા; અને કઠિન ક્રિયાઓથી ભરેલા હોવાથી આજના દેશકાળની સ્થિતિમાં વ્યાવહારિક રીતે તેમનું અનુષ્ઠાન થવું અસંભવિત છે. બાકીના કેટલાક એજ રૂપમાં અથવા દેશ–કાળ પ્રમાણે કંઇક ફેરફારસહિત આજસુધી ચાલુ છે. કર્મકાંડના જે વિચારો સામાન્ય અને હિતકર છે, તે બધાનું મનુષ્યના કર્તવ્યરૂપે એટલે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી, એ જુદા જુદા આશ્રમીઓના જુદા જુદા કર્તવ્યરૂપે થોડા કે વિશેષ પ્રમાણમાં વેદના સમયથી આજસુધી પાલન થતું આવ્યું છે. આપણા ધર્મનો આધ્યાત્મિક વિભાગ જ્ઞાનકાંડ અથવા ખરૂં વેદાન્તશાસ્ત્ર છે. વેદાન્ત, એટલે વેદનો અન્ત, વેદની ટોચ, સાર, સત્વ અથવા તેનું પરમ લક્ષ્ય. જ્ઞાનરૂપ એ સત્વને વેદાન્ત અથવા ઉપનિષદ્ કહેવામાં આવે છે; અને ભારતના સઘળા સંપ્રદાયો જેવા કે દ્વૈતવાદી, વિશિષ્ટાદ્વૈતવાદી અદ્વૈતવાદી તેમજ સાંપ્રદાયિક દૃષ્ટિથી સૌર, શાક્ત, ગાણપત્ય, શૈવ, વૈષ્ણવ વગેરે સર્વ, એ વેદાન્ત અથવા ઉપનિષદ્‌ને પ્રમાણરૂપ માને છે. હિન્દુધર્મની મર્યાદામાં જે કોઇ સંપ્રદાય રહેવા માગતો હોય તેનો વેદના આ જ્ઞાનભાગને માન્યા વગર છૂટકોજ થતો નથી. તેઓ ભલે મંત્રોની પોતપોતાના મતને અનુસરતી વ્યાખ્યા અને ટીકાઓ કરે; પરંતુ શબ્દાર્થોની ગમે તેટલી ઉલટપાલટ કરીને પણ વેદના એ જ્ઞાનભાગના પ્રત્યેક વાક્ય અથવા મંત્રને તેણે પ્રમાણરૂપે સ્વીકારવોજ પડશે. એજ કારણથી એ ધર્મમાં શ્રદ્ધા રાખનારાને હિન્દુ શબ્દને બદલે વેદાન્તી શબ્દનો વ્યવહાર કરવાની મેં જરૂર દર્શાવી છે. ભારતના સઘળા પ્રાચીન અને ચુસ્ત દાર્શનિકો તેમજ અધ્યાત્મવાદીઓને વેદના આ અંતિમ ભાગનું પ્રામાણ્ય સ્વીકારવુંજ પડયું છે.

આજકાલ હિન્દુધર્મની જેટલી શાખા પ્રશાખાઓ છે તેમાંની કેટલીક બહુજ

વિ. ૩૨

વિચિત્ર છે; પરંતુ તેમનો યથાસ્થિત અભ્યાસ કરનારો કોઇ મનુષ્ય હોય તો તે તરતજ જોઇ શકે છે કે તેમના વિચારો, મુખ્ય સિદ્ધાંતો અને આધાર, વેદના એ જ્ઞાનકાંડ ઉપરજ છે. ઉપનિષદ્‌ના એ વિચારોનો આપણી પ્રજાની નસેનસમાં એટલો બધો પ્રવેશ થઇ ગયો છે, કે કોઇ પણ મનુષ્ય હિન્દુધર્મના કોઇ વિચિત્રમાં વિચિત્ર પન્થના રૂપકનો અભ્યાસ કરે, તો તેમાં ઉપનિષદ્‌ના કોઇ વિચારને અલંકારથી શણગારીને સારી ભાષામાં અથવા તો દેશ–કાળ પ્રમાણે ફેરફાર કરીને મૂકેલો જણાશે. આ પ્રમાણે કેટલાક સમય પછી ઉપનિષદ્‌ના વિચારો રૂપક અને આખ્યાયિકાનું રૂપ ધારણ કરે છે અને તે રીતે પણ જુદા જુદા હિન્દુ સંપ્રદાયોના પાયારૂપ બની રહે છે. આ પ્રમાણે ઉપનિષદ્‌ના આધ્યાત્મિક વિચારો આપણામાં રૂપકરૂપે સ્થૂલભાર ધારણ કરીને આપણા વ્યવહારમાં પણ ઓતપ્રોત થઇ પડયા છે. મૂર્તિ, મંત્ર, તંત્ર વગેરે જે અનેક સંજ્ઞાઓ આપણા વ્યાવહારિક ઉપયોગમાં પ્રચલિત છે, તે સર્વ ઉપનિષદ્‌માંથીજ આવેલી છે. ક્રમે ક્રમે તે રૂપકરૂપે સ્થૂલભાવ ધારણ કરીને કોઇ ધાર્મિક સંજ્ઞા કે ક્રિયારૂપે સમગ્ર પ્રજામાં વ્યાપીને નિત્ય જીવનના એક અંગરૂપ બની જાય છે.

વેદાન્ત પછી ઉતરતું પ્રમાણુ સ્મૃતિનું ગણાય છે. એ સ્મૃતિગ્રન્થો પણ પ્રાચીન ઋષિયોનાજ લખેલા છે; પરન્તુ તેમનું પ્રામાણ્ય વેદને આધીન છે. જો કોઇ સ્મૃતિનો ઉલ્લેખ વેદના વિચારોથી વિરોધ ધરાવતો હોય તો તેનો ત્યાગ કરીને વેદના સિદ્ધાંતને પ્રમાણરૂપે સ્વીકારવામાં આવે છે. વળી એ સ્મૃતિઓ જુદા જુદા યુગને માટે જુદી જુદી છે. આપણે શાસ્ત્રમાં જોઇએ છીએ કે અમુક સ્મૃતિઓ સત્યયુગમાં, અમુક ત્રેતાયુગમાં, અમુક દ્વાપરયુગમાં અને અમુક કલિયુગમાં પ્રમાણરૂપ ગણવી. દેશ, કાળ, પાત્ર અને પરિસ્થિતના ફેરફારને અનુસરીને પ્રજાના આચાર–વિચારમાં પણ ફેરફાર થાય છે; અને સ્મૃતિઓ મુખ્ય કરીને વ્યાવહારિક આચાર–વિચારનીજ નિમાયક હોવાથી આચાર–વિચારના ફેરફારોની સાથે વખતો વખત તે ફેરવાય છે. આપણા ધર્મના જે જે મુખ્ય સિદ્ધાંતો વેદાન્તમાં દર્શાવેલા છે, તેમાં કદિ પણ ફેરફાર કે પરિવર્તન થતું નથી તેનું કારણ એ છે કે, મનુષ્ય અને પ્રકૃતિના સ્વભાવમાં સદાકાળ વ્યાપી રહેલાં અને રહેનારાં સત્યો અનુસારજ તે સિદ્ધાંતોનું બંધારણ કરવામાં આવ્યું છે. વ્યષ્ટિસમષ્ટિના નિયમો પણ જેવી રીતે અનાદિ, અનંત અને અચલ છે, તેવી રીતે એ સિદ્ધાંતો પણ શાશ્વત અને અચલ છે. સ્વર્ગ આત્મા–પરમાત્મા અને મોક્ષ સંબંધી જે જે વિચારો છે તેમનું કદિપણ પરિવર્તન થતું નથી. હજારો વર્ષપૂર્વે જે રૂપમાં હતા તેવાજ રૂપમાં તે આજે છે અને લાખ્ખો વર્ષ પછી પણ તેઓ એવાજ રહેશે; પરન્તુ જે ધર્મક્રિયાઓ આપણી સામાજિક સ્થિતિ અને તેના સંબંધ ઉપર આધાર રાખે છે, તેમાં

તો સમાજસ્થિતિના ફેરફાર સાથે ફેરફાર થવોજ જોઇએ. અમુક સમયે કહેવાએલો અમુક આચાર અથવા વિધિ, અમુક સમય સુધીજ લાભકારક રહી શકે છે; પરન્તુ બીજે સમયે તે લાભકારક અને વ્યાજબી ન હોઇ શકે એ દેખીતુંજ છે. આપણે જોઇ શકીએ છીએ કે અમુક ખોરાકની અમુક સમયમાં રજા આપવામાં આવી છે; અને બીજા સમયને માટે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. જે સમયમાં તે ખોરાક લાભકારક અને આવશ્યક હતો તે સમયને માટે તેની વિધિ છે; અને જે સમયને માટે તે નુકશાનકારક અને અનાવશ્યક હતો તે સમયને માટે તેનો નિષેધ છે. જગતમાં હવા, પાણી અને પ્રકૃતિના બીજા ફેરફારો કાલાન્તરે થયાજ કરે છે. વળી બીજી પણ કેટલીક પરિસ્થિતિઓને અનુસરવું પડે છે. એથીજ સ્મૃતિઓએ પણ તે જુદી જુદી સ્થિતિઓને લક્ષમાં રાખી ભક્ષ્યાભક્ષ્ય તેમજ બીજા આચારવિચારમાં સમયભેદે ફેરફારો સૂચવેલા છે. આ વખતે ધારો કે આપણા સમાજને અમુક ફેરફારોની જરૂર છે તો તેવા ફેરફારો સ્વાભાવિક રીતે આપણે કરવાજ પડશે. સ્મૃતિઓ પણ તે ધોરણને અનુસરીનેજ ઉપદેશ આપી ગઇ છે; અને એ ફેરફારો કેવી રીતે કરવા તેના સચોટ ઉપાય ઋષિઓએ આપણને બતાવ્યા છે.

સ્મૃતિઓ પછી પુરાણો આવે છે. પુરાણોમાં ઇતિહાસ, સૃષ્ટિતત્ત્વ, વિવિધ રૂપકો અથવા દૃષ્ટાંતોવડે એજ વૈદિક વિચારોનું વિસ્તૃત વિવેચન વગેરે વિષયો આવેલા છે. એ પુરાણો વેદધર્મને વધારે લોકપ્રિય અને સરલ બનાવવામાટેજ લખાયાં છે. વેદો જે ભાષામાં લખાયા છે તે ભાષા અતિ પ્રાચીન છે. મહાન વિદ્વાનો પણ એ પ્રાચીન ગ્રંથોના સમયનો નિર્ણય કરવાને શકિતમાન થયા નથી. પુરાણો તે તે સમયના લોકોની ચાલુ ભાષામાં લખાયાં હતાં; એ ભાષાને આપણે અર્વાચીન સંસ્કૃત ભાષા કહીએ છીએ. એ પુરાણો વિદ્વાનોને માટે નહિ પણ સ્થૂલબુદ્ધિના સામાન્ય લોકોને માટે લખાયાં છે. સામાન્યબુદ્ધિના વ્યાવહારિક લોકો, અધ્યાત્મવિદ્યાની ઉંડી વાતો સમજી તેનાં મહાન સત્યોને હૃદયમાં ઉતારી શકતા નથી; જેથી તત્ત્વજ્ઞાનની ઉંડી વાતો, સામાન્ય લોકોને સમજાય તેવી ચાલુ ભાષામાં મહાત્માઓ, રાજાઓ અને પરાક્રમી પુરૂષોનાં જીવનચરિત્રોનાં આખ્યાન–ઉપાખ્યાનોરૂપે પુરાણોમાં સમજાવેલી છે. જે જે ઐતિહાસિક બનાવો આર્યપ્રજામાં એ વખતે બનતા હતા, તેમનાં રસિક વૃત્તાન્તો પણ પુરાણોમાં ગોઠવીને, આપણા ધર્મના શાશ્વત સિદ્ધાંતનું રસિક દૃષ્ટાંત, સિદ્ધાંતસહિત લોકોને શિક્ષણ આપવાનો પ્રશંસાપાત્ર પ્રયત્ન પુરાણોદ્વારા કરાયો છે.

એ ઉપરાંત તંત્રગ્રંથો પણ એક અંગરૂપ છે. કેટલાક વિષયોમાં તંત્રો પુરાણોને મળતાંજ છે; અને કેટલાંક તંત્રોમાં કર્મકાંડમાં સૂચવેલા યજ્ઞ–યાગાદિને પુનઃ ચાલુ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ઉપર વર્ણવ્યાં તે સઘળાં શાસ્ત્રોનો હિન્દુઓના ધર્મશાસ્ત્રમાં સમાવેશ થાય છે. એકજ પ્રજા અને જાતિમાં જ્યારે આટલી મોટી સંખ્યામાં ધર્મગ્રન્થો લખાયા હોય; અને હજારો વર્ષસુધી જે પ્રજાએ આવી રીતે અધ્યાત્મવિદ્યા અને દર્શનશાસ્ત્રોમાં તેમજ તેની ચર્ચામાં પોતાની શક્તિનો મોટો ભાગ ખર્ચ્યો હોય; તે પ્રજામાં ક્રમે ક્રમે મતભેદ થાય તેની સાથે અનેક સંપ્રદાયો ઉત્પન્ન થાય એ પણ તદ્દન સ્વાભાવિક છે. હજીએ બીજી હજારોની સંખ્યા ચાલુ સંપ્રદાયોમાં ઉમેરાઇ હોત તોપણ આશ્ચર્ય નથી.એ બધા સંપ્રદાયો કેટલીક બાબતોમાં પરસ્પર બહુ જુદા પડે છે. એમાં જે મતભેદ છે, તેનાં કારણો સમજવાનો અને તેના સંબંધી આધ્યાત્મિક નાનીમોટી બાબતોને વિસ્તારથી તપાસવાનો આપણી પાસે સમય નથી; માટે એ બધા સંપ્રદાયોના જે જે મુખ્ય સિદ્ધાંતોને બધા હિન્દુઓ એક સરખી રીતે માને છે; અને સામાન્ય ધર્મરૂપે જે સિદ્ધાંતો બધા સંપ્રદાયોને એક સરખી રીતે લાગુ પડે છે, તેમના સંબંધમાંજ હું મારા વિચારો બતાવીશ.

પહેલ વહેલાં આ સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રશ્ન હાથમાં લઇએ.બધા હિન્દુ સંપ્રદાયોનો એજ મત છે કે આ સૃષ્ટિ, પ્રકૃતિ અથવા માયા અનાદિ છે; કોઇ અમુક સમયેજ જગત ઉત્પન્ન થયું હતું એમ નથી. હિન્દુશાસ્ત્રો માને છે કે જગત પરાપૂર્વથી એવુંજ ચાલ્યું આવે છે. કોઇ એક ઈશ્વરે જાગૃત થઇને આ દુનિયા બનાવી અને ત્યાર પછી પાછો થાકીને તે સૂઇ ગયો, એવું બની શકેજ નહિ. સૃષ્ટિને ઉત્પન્ન કરનારી શક્તિ હજી પણ પોતાનું કામ કર્યાજ કરે છે; તે શાન્તિથી ઉંઘી નથી રહી. એ સંબંધમાં શ્રીકૃષ્ણ પોતાની ગીતામાં કહે છે કેઃ– “*જો હું કર્મ ન કરતો રહું અને આરામથી બેસી રહું, તો આ સઘળી પ્રજાઓ સહિત બ્રહ્માંડ એક પળવારમાં વિનાશ પામી જાય.” જગતની એ જનનશક્તિ અર્થાત્ સૃષ્ટિ ઉત્પન્ન કરનારી શક્તિ દિવસ અને રાત એક પળવાર પણ આરામ લીધા વિના આપણી ચારેમેર કાર્ય કરી રહી છે. જો એક પળવાર પણ તે ઉભી રહે તો સમગ્ર જગત તત્કાળ ચૂર્ણવિચૂર્ણ થઇ જાય ! એવો કોઇ પણ સમય નથી જણાતો કે જે વખતે એ શક્તિ આ સમગ્ર વિશ્વમાં કાર્ય કરી ન રહી હોય ! છતાં પણ યુગને અન્તે પ્રલય થાય છે. આપણો સૃષ્ટિ શબ્દ અને ઈંગ્રેજી “ક્રીએશન” શબ્દ વ્યુત્પત્તિના અર્થ પ્રમાણે એક નથી. ઈંગ્રેજી ભાષાના “ક્રીએશન” શબ્દ ઉપરથી એવોજ અર્થ ગ્રહણ કરી શકાય છે કે, કંઇ ન હોય તેમાંથી કંઇક ઉત્પન્ન થવું; એટલે કે જગત નહોતું અને તે પહેલ વહેલું ઈશ્વરે બનાવ્યું; અથવા અસત્માંથી સત્નો ઉદ્ભવ થયો. સંસ્કૃત ‘સૃષ્ટિ’ શબ્દનો અર્થ પ્રથમ બીજરૂપે હતું તેનો વિકાસ થયો એમ

---

* “यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
× × × उपहन्यामिमाः प्रजाः ॥”

સૂચવે છે. કંઇજ ન હોય તેમાંથી નવું ઉત્પન્ન કરવાનો ભાવ સૂચવતો નથી. ઇંગ્રેજી ભાષાના એ ‘ ક્રીએશન ’ શબ્દનો કંઇ પણ ન હોય તેમાંથી બધું જગત ઉત્પન્ન થવાનો ભાવ, શૂન્યમાંથી બ્રહ્માંડ ઉભું કરવાનો વિચાર; અને જેનું નામ નિશાન ન હોય તેની ચિરસ્થિતિ માનવી; એવા અસંગત વિચારો સ્વીકારવાના આગ્રહવડે હું તમારૂં અપમાન નહિ કરૂં. તેની સામે આપણા સૃષ્ટિ શબ્દનો અર્થ કેટલો બધો સ્વાભાવિક અને યુક્તિસંગત છે! બીજમાંથી વિકાસ, જે છે તેનોજ બહાર આવિર્ભાવ, એજ સૃષ્ટિનો ખરો ક્રમ છે. સમગ્ર પ્રકૃતિ અસ્તિત્વ ભોગવે છે, પ્રલયસમયે તે ક્રમે ક્રમે સૂક્ષ્મ થતી જાય છે, અને અવ્યક્તભાવ ધારણ કરીને બ્રહ્મમાં લીન થાય છે. પ્રલયની ટુંકી રાત્રિ પછી પાછો સૃષ્ટિના ઉદયનો દિવસ આવે છે. ફરીથી બીજરૂપે રહેલી પ્રકૃતિ વિકાસ પામે છે. જાણે કોઇ તેને અંદરથી ઠેલીને બહાર કહાડતું હોયને! એ વખતે પાછો આગળની પેઠેજ યોગ–સંયોગ, એજ ઉન્નતિક્રમ અને ધીરે ધીરે બધી વસ્તુઓ પ્રકટ થવા લાગે છે. આ અજબ ખેલ કેટલોક વખત ચાલતો રહે છે. વળી પાછો તેના અંગે અંગનો વિચ્છેદ થાય છે; અને પછી તે સૂક્ષ્મ થતી થતી બ્રહ્મમાં સંપૂર્ણ વિલીન થઇ જાય ત્યાંસુધી સૂક્ષ્મ બની જાય છે, એટલે પ્રલય થાય છે. પ્રલય પછી વળી પાછો નવો યુગ આરંભાય છે. અનંતકાળસુધી એજ પ્રમાણે સૃષ્ટિનો ઉદય અને પ્રલય, દિવસ-રાત્રિની પેઠે થયાજ કરે છે. બ્રહ્મસાગરમાંથી પ્રબળ પ્રકૃતિતરંગ એકવાર પ્રકટ થઇને આગળ ધસે છે અને પાછો હઠી જઇને સમાઇ જાય છે. દેશ, કાલ અને કાર્ય–કારણભાવ એ સર્વ પ્રકૃતિમાં પ્રથમથીજ વિદ્યમાન છે; માટે અમુક સમયે તેનો આરંભ થયો છે એમ કહેવું તે સંપૂર્ણ બુદ્ધિહીનતાનું કામ છે. સૃષ્ટિના આરંભ અથવા અંતવિષે કશો પ્રશ્નજ થઇ શકે નહિ, માટે આપણાં શાસ્ત્રોમાં જ્યાં જ્યાં સૃષ્ટિના ઉદય અથવા પ્રલયનો ઉલ્લેખ નજરે પડે ત્યાં ત્યાં એ આરંભ અથવા અન્ત અમુક યુગનોજ સમજવો; સૃષ્ટિનો આદિ કે અન્ત નથી કહ્યો એ ખાસ લક્ષમાં રાખવાનું છે.

આ સૃષ્ટિ કોણ ઉત્પન્ન કરે છે? તેનો જવાબ એ છે કે, ઇશ્વર. આજના ઇંગ્રેજી વ્યાખ્યાનમાં ઇશ્વરને માટે જે હું ઇંગ્રેજી “ગૉડ” શબ્દનો ઉપયોગ કરૂં છું, તેનો મારી માન્યતા પ્રમાણેનો અર્થ જણાવવાની જરૂર છે. ઇંગ્રેજીમાં સાધારણ રીતે જે સાંકડા અર્થમાં તેનો ઉપયોગ થાય છે, તેવી રીતે ન કરતાં હું બહુ જુદાજ ભાવથી એ શબ્દનો વ્યવહાર કરૂં છું. ઇંગ્રેજીમાં ઇશ્વર સંબંધી મારા ભાવને સૂચવનારો બીજો કોઇ સારો શબ્દ નહિ હોવાથીજ મારે એ શબ્દ નિરુપાયે વાપરવો પડે છે. એ ઇંગ્રેજી “ગૉડ” શબ્દને બદલે સંસ્કૃત બ્રહ્મ શબ્દનોજ ભાવ સમજવાનો છે. મારો કહેવાનો ભાવ પૂરેપૂરો એ શબ્દથીજ દર્શાવી

શકાય તેમ છે. એ બ્રહ્મજ આ જગતના સાધારણ કારણસ્વરૂપ છે. જગતનું અભિન્નનિમિત્તોપાદાન કારણ એક અદ્વિતીય બ્રહ્મજ છે. એ બ્રહ્મનું સ્વરૂપ શું ? એ બ્રહ્મ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, સર્વશક્તિમાન, સર્વજ્ઞ, દયામય, પ્રેમમય, સર્વવ્યાપી, નિરાકાર અને અખંડ છે. જો એ બ્રહ્મજ સૃષ્ટિના કારણ અને અધિષ્ઠાનરૂપ હોય તો ત્યાં બે મુશ્કેલીઓ ઉભી થાય છે. આપણે જોઇએ છીએ કે જગતમાં સર્વત્ર વિષમતા અને પક્ષપાત વ્યાપી રહેલાં છે. એક મનુષ્ય જન્મથીજ સુખી છે અને બીજો દુઃખી છે. એક ધનવાન અને બીજો નિર્ધન છે. એક અમીર છે, બીજો ફકીર છે. આ એક પ્રકારનો પક્ષપાત નહિ તો બીજું શું ? વળી આ જગતમાં નિર્દયતાનું પણ સંપૂર્ણ દર્શન થાય છે; કેમકે જગતમાં એકનું જીવન બીજાના મૃત્યુ ઉપર આધાર રાખે છે. કોઇને મૃત્યુનો ભય શાન્તિ ભોગવવા દેતો નથી. વળી બીજી તરફ એક જંગલી પ્રાણી બીજાં પ્રાણીને મારીને ખાઇ જાય છે. મનુષ્યો પણ એવીજ રીતે પોતાના જાતભાઇઓની ગરદન રહેંસવા આતુર જણાય છે. આ પ્રમાણે દ્વેષ, કલેશ, ચડસાચડસી, ક્રૂરતા, કલહ—કંકાસ, ભય અને દિવસ રાત હૃદયભેદક નિશ્વાસોમાં જગત ડૂબી રહ્યું છે ! સૃષ્ટિની આ અવસ્થા છે. જો આવી સૃષ્ટિ કોઇ પણ ઈશ્વરનું કાર્ય હોય તો તે ઈશ્વર ક્રૂર પ્રાણી કરતાં પણ વધારે ખરાબ અને મનુષ્ય કલ્પી શકે તેના કરતાં પણ વધારે મોટો રાક્ષસ છે ! પરન્તુ એવી ભ્રમજાળને ભેદીને વેદાન્તકેસરી તરતજ ગાજી ઉઠે છે કે—જગતના એ બધા દ્વેષ, કલેશ, પક્ષપાત અને અધઃપાતનું કારણ ઈશ્વર નથી. ઈશ્વરને તેમની સાથે કાંઇ સંબંધ પણ નથી, ત્યારે એ બધું કોણ ઉત્પન્ન કરે છે ? વેદાન્ત કહે છે કેઃ—“ મનુષ્ય પોતેજ. ” વર્ષાદ તો સર્વ ખેતરોમાં એક સરખીજ રીતે જળવૃષ્ટિ કરે છે; પરન્તુ જે ખેતર સારી રીતે ખેડાએલું હશે તેનેજ એ વૃષ્ટિનો પૂરતો લાભ મળશે અને તેમાંજ પાક વધારે ફળશે. જે ખેતર ખેડીને તૈયાર કરવામાં આવ્યાં નથી તેમને એ વૃષ્ટિથી તેટલો લાભ થવાનો નથી. આમાં કાંઇ વાદળાંનો કે વર્ષાદનો દોષ નથી. એવીજ રીતે ઈશ્વરની દયા પણ સર્વત્ર સંપૂર્ણ અને સમાન છે, શાશ્વત અને અવિકૃત છે. વિકાર ઉપજાવી વિરોધ અને વેરઝેર આપણેજ વધારીએ છીએ; પક્ષપાત આપણેજ પેદા કરીએ છીએ. આપણે એ પક્ષપાત અને વિષમતા કેવી રીતે ઉત્પન્ન કરીએ છીએ ? એક મનુષ્ય શ્રીમાન અને સુખી સ્થિતિમાં જન્મ્યો અને બીજો મનુષ્ય છેકજ દુઃખી અને નિર્ધન હાલતમાં ઉત્પન્ન થયો, તેમાં તેણે પોતે તો એ દુઃખી સ્થિતિ પસંદજ નહોતી કરી; ત્યારે તેમની બન્નેની સ્થિતિવચ્ચે આટલો બધો ભેદ કોણે ઉત્પન્ન કર્યો ? એ વિષમતા ક્યાંથી આવી ? વેદાન્ત કહે છે કે તેણે પોતેજ વિષમતા કરી છે. આ જન્મમાં નહિ પણ પૂર્વજન્મોનાં કર્મોદ્વારા તેણે પક્ષપાતનું બીજ વાવીને

તેને કારણ આપ્યું છે. પાછલા જન્મનાં સારાંમાઠાં કર્મો પ્રમાણેજ આ જન્મમાં તેને સારી માઠી દશા પ્રાપ્ત થઇ છે. પૂર્વજન્મમાં કર્મોના કર્તારૂપે તેણે પોતેજ આ જન્મની પોતાની સ્થિતિ ઉપજાવી છે. ઈશ્વરને એ વિષયમાં કંઇ લેવા દેવા નથી.

આપણે હવે એક બીજા સિદ્ધાંતવિષે વિચાર કરીશું. એ સિદ્ધાંત આપણે સર્વે એક સરખી રીતે સ્વીકારીએ છીએ. આપણે સર્વે એટલે માત્ર હિન્દુજ નહિ પરન્તુ બૌદ્ધ અને જૈનો પણ એ વિષયમાં એકમત છે. આપણે સઘળા એજ સિદ્ધાંત ધરાવીએ છીએ. સૃષ્ટિની પેઠે જીવન પણ અનંત છે. શૂન્યમાંથી જીવનની ઉત્પત્તિ થતી નથી, કારણ કે અસત્માંથી સત્ ઉત્પન્ન થઇ શકેજ નહિ. જો થતું હોય તો એવા જીવનનું કંઇ પ્રયોજન પણ નથી. સમયની મર્યાદામાં જેનો આરંભ થાય છે તેનો અંત પણ સમયની મર્યાદામાંજ આવે છે. જો કોઇ સમયે જીંદગી શરૂ થઇ હોય તો કોઇ સમયે તેનો અંત પણ આવવોજ જોઇએ; અને તે પ્રમાણે જો તેનો સંપૂર્ણ વિનાશ થાય તો પછી જીવનને અભાવે જીવાત્મા રહીજ કેમ શકે? માટે આપણું જીવન અવિનાશીજ હોવું જોઇએ; પૂર્વે તે વર્તમાન હોવું જોઇએ અને ભવિષ્યમાં પણ રહેવુંજ જોઇએ. આ વાત હવે ભાર મૂકીને કહેવાની જરૂર નથી; કારણ કે દિવસે દિવસે આગળ વધતી શાસ્ત્રીય શોધખોળો અને વિજ્ઞાનશાસ્ત્ર, આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં જે સિદ્ધાંતો સમજાવવામાં આવ્યા છે, તેમનેજ જડ જગતનાં દૃષ્ટાંતોથી સિદ્ધ કરીને તેઓ આપણને મદદ આપવા લાગ્યાં છે. તમે સઘળા પ્રથમથીજ જાણો છો કે આપણામાંનો પ્રત્યેક મનુષ્ય આ જન્મમાં પોતાનાં આગલાં કર્મના ફલસ્વરૂપ જીવન ભોગવે છે. કવિઓ રંગમાં આવીને જેવી રીતે વર્ણન કરે છે તેવી રીતે એકાદ ફૂલના ગોટાની પેઠે કાંઇ કુદરતી હાથમાં એક બાળક અદ્ધરથી આવી પડતું નથી; પણ લાંબા સમયની મુસાફરી કરતું પોતાના ખભાપર પૂર્વજીવનનાં અનંતકર્મોનો બોજો લઇને જગતના જુના અનુભવી તરીકે તે જન્મ ધારણ કરે છે. પોતાનાં સારાં કે માઠાં કર્મોનાં ફળ ભોગવવામાટેજ જગતમાં તે આવે છે. જુદાં જુદાં કર્મો પ્રમાણે જન્મથીજ બધાની જુદી જુદી સ્થિતિ થાય છે. એને લીધેજ વિષમતા ઉપજે છે અને જગતમાં પક્ષપાત દેખાય છે. એ પક્ષપાત નથી પણ કર્મનો અચલ કાયદો છે. આપણામાંનો દરેક મનુષ્ય પોતેજ પોતાનો ભાગ્યવિધાતા છે. આપણાં આગલાં કર્મોવડે આપણે હાથેજ આપણું પ્રારબ્ધ આપણે ઘડી રાખ્યું છે. જે વૃક્ષ વાવી રાખ્યું છે તેનાં ફળ લેવા અહીં આવીએ છીએ. એ કર્મનો કાયદો સર્વત્ર સમાન અને અચલ છે. કર્મનો એ અચલ નિયમજ ભાવી તથા દૈવ અને અદૃષ્ટ સંબંધી સઘળા મતો અને વિચારોના માથાપર પ્રબળ આઘાત કરી તેમને નિર્મૂળ કરી નાખે છે. આ રીતે ઈશ્વરમાં ભાસતા પક્ષપાત, નિર્દયતા અને વિષમતાના દોષો

એકાએક દૂર થઇ જાય છે. એ કર્મના કાયદાવડેજ મનુષ્ય ઈશ્વરના ઉદાર અને પવિત્ર સ્વરૂપને જાણી શકે છે; અને એ દયાઘન-પ્રેમસિન્ધુના પ્રેમપારાવારમાં ડૂબી જાય છે; તથા જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનું ઐકય સિદ્ધ થાય છે. આપણે જે જે સુખ-દુ:ખ ભોગવીએ છીએ, તે બધાના કારણરૂપ આપણે પોતેજ છીએ. સારા-માઠાની સઘળી જવાબદારી આપણે પોતાનેજ શિર છે. આપણેજ બીજ વાવીએ છીએ અને આપણેજ ફળ ભોગવીએ છીએ. આપણેજ કારણ છીએ અને આપણેજ કાર્ય છીએ. બહારથી કોઇ આવીને અકારણ સુખ-દુ:ખ ભોગવવાની આપણને ફરજ પાડતું નથી. આપણા સુખ-દુ:ખના કર્તા આપણે પોતેજ છીએ. જો હું દુ:ખી છું તો મારે સમજવું જોઇએ કે મેં પોતેજ મને દુ:ખી કર્યો છે; કેમકે મારા કર્મમાં બીજું કોઇ વચ્ચે પડનાર નથી. એ પરથી તરત સમજાય છે કે મને સુખી કરવાની સત્તા પણ એવીજ રીતે મારા પોતાનાજ હાથમાં છે. જો હું અપવિત્ર છું તો મેં પોતેજ મને અપવિત્ર કર્યો છે; અને તેજ બતાવી આપે છે કે મારી ઇચ્છા હોય તો પાછો પવિત્ર પણ થઇ શકું એમ છું. દરેક વિષયમાં, દરેક હાલતમાં અને દરેક સુખ-દુ:ખમાં આમજ સમજી લેવું. મનુષ્યની ઇચ્છા બધા સંયોગો અને પદાર્થોની ઉપર છે. મનુષ્યની એ પ્રબળ, અસામાન્ય, અનંત, દિગ્વિજયી ઇચ્છાશક્તિ તેમજ આત્માની સ્વતંત્રતા આગળ જગતની અથવા પ્રકૃતિની બીજી બધી શક્તિઓને મસ્તક નમાવી તેનું દાસત્વ સ્વીકારી સેવા ઉઠાવવી પડે છે. કર્મના કાયદાનું, કર્મના અચલ નિયમનું આવું અદ્ભૂત સામર્થ્ય છે.

ત્યારપછી બીજો પ્રશ્ન સ્વાભાવિક રીતે એ ઉઠે છે કે, આત્મા શું છે? અને તેનો ઈશ્વર તેમજ જગત સાથે શું સંબંધ છે? આત્માને જાણ્યાવિના આપણા શાસ્ત્રમાં દર્શાવેલા ઈશ્વરને આપણાથી જાણી શકાય તેમ નથી. હિંદુસ્તાનમાં અને હિંદુસ્તાનની બહારના દેશોમાં પણ બહારના જગતના અભ્યાસદ્વારા, અતિ દૂર અને સર્વાતીત પરમસત્તાનો આભાસ મેળવવાના અનેક યત્નો થયા છે; અને તેનું બહુ ભયંકર તેમજ નિષ્ફળતાભરેલું પરિણામ આવ્યું છે, તે આપણે સૌ જાણીએ છીએ. બહારના જડ જગતનો જેમ જેમ આપણે વધારે અભ્યાસ કરતા જઇએ છીએ, તેમ તેમ ઈશ્વરીસત્તાના આભાસને બદલે આપણે અધિકાધિક જડવાદી બનતા જઇએ છીએ. આપણામાં થોડોઘણો ધર્મશ્રદ્ધાનો આધ્યાત્મિકભાવ કુદરતી રીતે રહેલો હોય છે; તે પણ જડ જગતના સતત સંસર્ગને લીધે અદૃશ્ય થઇ જાય છે. આત્મભાવના અને પરમપુરૂષનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો ખરો રસ્તો બહારના જગતનો અભ્યાસ નથી, પણ હૃદયમાં ઉતરીને શોધવાથીજ તેનો પત્તો મળી શકે છે. બાહ્ય જગત અને તેની ક્રિયાઓ આપણને એ સર્વાતીત અનંતશક્તિનો સાક્ષાત્કાર કરાવી શકે તેમ નથી; માત્ર આંતર જગતની ક્રિયાઓજ આપણને તેનો

સંવાદ આપી શકે તેમ છે. આત્માનું અન્વેષણ કરવાથી—આપણા આંતરિક જગતનું પૃથક્કરણ કરવાથીજ આપણે પરમાત્માને ઓળખી શકીએ છીએ. હવે આપણે આત્માનું સ્વરૂપ તપાસીએ. જીવાત્માનાં સ્વભાવ અને સ્વરૂપવિષે હિન્દુસ્તાનના જુદા જુદા ધર્મસંપ્રદાયોના જુદા જુદા મત છે; તેમ છતાં કેટલીક બાબતોમાં તેઓ બધા એકમત છે. કોઇ પણ મત અથવા સંપ્રદાય માનનાર પ્રત્યેક હિન્દુ એટલું તો કબૂલ કરે છે કે સઘળા આત્મા અનાદિ અને અનંત છે, અને સ્વભાવથીજ તે અવિનાશી છે.વળી પ્રત્યેક આત્મામાં અનેક પ્રબળશક્તિઓ ભરેલી છે. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિનું કેન્દ્ર પણ એ આત્માજ છે. અવિચ્છિન્ન આનંદ, સુખ, શુદ્ધિ, શાન્તિ, સવ વ્યાપકપણું અને સર્વજ્ઞપણું પણ જ્યાંસુધી તેમનો વિકાસ કરીને તેમને પ્રકટ કરવામાં ન આવેત્યાં સુધી—અજ્ઞાત રીતે એ આત્મામાંજ દટાઇ રહેલું છે. આ એક ભવ્ય વિચાર છે. તેને આપણે સર્વદા સ્મરણમાં રાખવો જોઇએ. પ્રત્યેક મનુષ્ય અને પ્રત્યેક પ્રાણીમાં—પછી તે પ્રાણી નીચ હોય કે નિર્બળ હોય, નાનું હોય કે મોટું હોય, તેમાં પણ એજ સર્વજ્ઞ અને સર્વવ્યાપી આત્મા સમભાવેજ રહેલો છે. આત્માની દૃષ્ટિએ તેના સ્વરૂપ કે સ્વભાવમાં કશોજ ભેદ નથી; પરન્તુ તેની શક્તિનો પ્રકાશ કરવાના ઉપાયો અને સાધનોમાંજ ભેદ છે. એને લીધેજ જુદા જુદા પ્રાણીઓમાં ન્યૂનાધિક શક્તિ અને ગુણોનું આપણને દર્શન થાય છે. મનુષ્યમાં અને એક નાનામાં નાના તુચ્છ જંતુમાં પણ—એ આત્મા તો એક સરખોજ રહેલો છે. તફાવત માત્ર તેનો પ્રકાશ કરવાની રીતિમાંજ છે. સ્વાભાવિક રીતે એ જંતુ પણ મારો આત્મબંધુ છે; કેમકે તેનામાં જે આત્મા છે તેજ આત્મા મારામાં છે. એવીજ રીતે સઘળા પ્રાણી—પદાર્થોને પરમ આત્મભંડારમાંથી આત્મતત્ત્વનો એકસરખોજ વારસો મળેલો છે. ભારતવર્ષે જગતમાં જે મહાન સિદ્ધાંતોનો પ્રચાર કર્યો છે, તેમાં આ સિદ્ધાંત સર્વથી મોટો છે. માનવજાતિની ભ્રાતૃભાવ અને સમભાવની વાર્તા અન્ય દેશોમાં માત્ર મનુષ્ય વર્ગની હદમાંજ સમાઇ રહી છે; પરન્તુ ભારતમાં ભ્રાતૃભાવ અને અભેદભાવ જગતના પ્રાણીમાત્રસુધી વિસ્તાર પામેલો છે. નાની સરખી કીડીથી આરંભીને મોટામાં મોટા પ્રાણીસુધી સર્વત્ર એકતા અને બંધુભાવ ફેલાયો છે. સઘળાં પ્રાણીઓ આપણા ભાઇ છે, આપણા પોતાના આત્માનાંજ શરીરો છે. આપણાં શાસ્ત્રો વારંવાર એજ ઉપદેશ આપી આપણા ભ્રાતૃભાવને દૃઢ અને વ્યાવહારિક બનાવતાં રહ્યાં છે. તેઓ કહે છે કેઃ—"જ્ઞાની અને પંડિત, પ્રત્યેક પ્રાણીના શરીરમાં સાક્ષાત પરમાત્માજ વસે છે, એમ જાણીને તે પ્રાણીમાત્રની પ્રેમથી પૂજા કરશે." આ પ્રબળ ભ્રાતૃભાવની ભારતમાં વ્યાપી રહેલી ભાવનાને લીધેજ દીન—દુઃખીજનોમાટે પ્રાણીમાત્ર માટે—પ્રત્યેક જીવજંતુ અને પ્રત્યેક વસ્તુ

માટે–આ દેશમાં ઘણો દયાભાવ જોવામાં આવે છે. જીવદયા એ ધર્મના મોટા અંગરૂપ ગણાય છે અને એથીજ અહિંસાને પરમધર્મ કહેલો છે. આત્મા સંબંધી આટલો અભિપ્રાય ભારતના સઘળા સંપ્રદાયો કબૂલ રાખે છે.

સ્વાભાવિક રીતે અહીં આપણે ઈશ્વરના વિચાર ઉપર આવી પહોંચીએ છીએ; પરન્તુ એ વિચાર ધારણ કરીએ તે અગાઉ આત્માના સંબંધમાં એક બીજી બાબત જણાવું છું. જેઓ ઈંગ્રેજી ભાષા શીખે છે, તેમને “ મન ” અને “ આત્મા ” એ બે શબ્દોના અર્થસાં ઘણો ગુંચવાડો ઉભો થાય છે. આપણે જેને આત્મા કહીએ છીએ તે, અને ઇંગ્રેજ લોકો જેને ‘ આત્મા ’ કહે છે તે બન્ને તદ્દન જુદીજ વસ્તુઓ છે. આપણે જેને સન કહીએ છીએ એજ પશ્ચિમના લોકોનો આત્મા છે! સંસ્કૃત દર્શનશાસ્ત્રોદ્વારા તેમને પહેલવહેલો વાસ્તવિક આત્માનો વિચાર સમજાયો ત્યાંસુધી તેમને આત્માના ખરા સ્વરૂપનો ખ્યાલ પણ નહોતો. એ લોકો આત્માનો ભાવ અને તેનું સ્વરૂપ જાણવા લાગ્યા તેને ફક્ત વીશજ વર્ષ થયાં છે. આ જે દેખાય છે, તે તો સનુષ્યનું સ્થૂલશરીરજ છે, એ શરીરમાં મન રહેલું છે; પરન્તુ એ મન પણ કંઇ આત્મા નથી, એ તો જીવાત્માનું સૂક્ષ્મશરીર છે; અને તે પંચભૂતપંચતન્માત્રાઓવડે બન્યું છે. એજ સૂક્ષ્મશરીર જન્મજન્માંતરદ્વારા જુદાં જુદાં શરીરો ધારણ કરે છે. એ મન અથવા સૂક્ષ્મ શરીરની પાછળ “ સોલ ” અર્થાત્ અનુષ્યનો આત્મા રહેલો છે. એ ‘ આત્મા ’ શબ્દનો અર્થ ઈંગ્રેજીના ‘ સોલ ’ અથવા ‘ માઇન્ડ ’ શબ્દવડે પૂરેપૂરો સમજાવી શકાતો નથી; એટલાસાટે આ વ્યાખ્યાનમાં મૂળ ‘ આત્મા ’ શબ્દનોજ ઉપયોગ કરવામાં આવશે. અથવા આજકાલના પાશ્ચાત્ય પંડિતોએ અને દાર્શનિકોએ આત્માનો ભાવ સમજાવવામાટે યોજેલા “ સેલ્ફ ” શબ્દનો હવે પછી વ્યવહાર કરવામાં આવશે. તમે ગમે તે શબ્દનો ઉપયોગ કરો પણ તમારા મનમાં એટલો સ્પષ્ટ ખ્યાલ રાખવો કે એ ‘ આત્મા ’ મનથી જુદો છે, અને શરીરથી ભિન્ન છે. તે મન અથવા સૂક્ષ્મશરીરની સાથે જન્મજન્માંતરમાં ભ્રમણ કરે છે, એક શરીર તજીને બીજું શરીર ધારણ કરે છે; અને એમ કરતાં જ્યારે જીવાત્માને પોતાના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન થાય છે અને પૂર્ણતા પ્રાપ્ત કરે છે, ત્યારે તેના જન્મજન્માંતરનો અંત આવી જાય છે. એ વખતે તે સ્વતંત્ર બની જાય છે. પોતાની ઇચ્છાનુસાર મન અથવા સૂક્ષ્મશરીરને તે ધારણ કરી શકે છે; અથવા સદાને માટે તેનો ત્યાગ કરી અનંતકાલપર્યંત સ્વતંત્ર અને મુક્ત બની રહે છે. આત્માનું મુખ્ય નિશાન–તેનું પરમ લક્ષ સંપૂર્ણ સ્વતંત્રતા છે. આપણા ધર્મની એજ ખાસ વિશેષતા છે. બીજા ધર્મોની પેઠે આપણા ધર્મવિચારોમાં પણ સ્વર્ગ અને નરક બન્ને છે, છતાં તે શાશ્વત નહિ પણ અંતવાળાં

છે. સ્વર્ગ અને નરકના સ્વરૂપનો વિચાર કરતાં સહેજે સમજાય છે કે તેઓ નિત્ય શાશ્વત અથવા ચિરસ્થાયી બની શકેજ નહિ. આ જગતથી ભિન્ન જે બીજાં કોઇ સ્વર્ગ હોય તો તેઓ પણ આપણા જગતની માત્ર પુનરાવૃત્તિજ છે. આપણા જગત કરતાં એ સ્વર્ગ વધારે મોટું અને વધારે સારૂં છે, એમાં અહીં કરતાં થોડું વધારે સુખ અને થોડા વધારે વૈભવ તથા ભોગવિલાસ છે; પરન્તુ એથી જીવાત્માના કલ્યાણને બદલે ઊલટું તેનું અકલ્યાણજ થાય છે. આપણાં શાસ્ત્રના મત પ્રમાણે આવાં સ્વર્ગો અનેક છે. જે લોકો ફલ મેળવવાની ઇચ્છાથી આ લોકમાં દાન–પુણ્યાદિ સત્કર્મો કરે છે; તેઓ પોતાના મૃત્યુ પછી એ સ્વર્ગોમાંના એકાદમાં દેવતારૂપે જન્મ ધારણ કરે છે, અને ઉપાર્જન કરેલાં પુણ્યોની પુંજીના પ્રમાણમાં ત્યાં સુખો ભોગવે છે. ઇન્દ્ર અને બીજા દેવતાઓની પેઠે તે પણ સ્વર્ગમાં પરિમિતકાળસુધી દેવતાઇ સુખ અને અવતાર ભોગવે છે. દેવતા એ જીવની અમુક સ્થિતિ અથવા પદનું નામ છે; અને એ બધા દેવતાઓ પણ એક સમયે કનિષ્ઠ કોટીના જીવ અથવા મનુષ્યજ હતા. સારાં કર્મો કરીને ધર્મબળવડેજ સ્વર્ગલોકમાં આવીને તેઓ દેવતા બન્યા છે. ઇન્દ્ર, વરૂણાદિ દેવતાઓનાં નામો કોઇ અમુક સ્થાયી દેવ પુરૂષોનાં નામ નથી, પણ જે કોઇ જીવાત્મા સત્કર્મના પ્રભાવે સ્વર્ગ પ્રાપ્તિ કરે છે તેઓને એવા અધિકાર મળે છે. તેમનો સમય પૂરો થતાં પોતાનું પદ છોડી તેમને બીજો જન્મ ધારણ કરવો પડે છે. એવા હજારો ઇન્દ્રો થયા છે અને ભવિષ્યમાં હજારો થશે. નહુષ નામનો આગળ એક મોટો રાજા થઇ ગયો, તે પણ પોતાના પુણ્યપ્રભાવથી મૃત્યુ પછી ઇન્દ્ર થયો હતો અને પાછો સમય પૂરો થતાં પદચ્યુત થયો હતો. આ પ્રમાણે ઇંદ્રાદિ દેવો કંઇ કોઇ અમુકજ નથી; ઇન્દ્રત્વ અને દેવત્ત્વ એતો માત્ર એક પ્રકારની પદવી અથવા ઇલ્કાબ છે.

કોઇ પણ જીવાત્મા સત્કર્મવડે ઉન્નત થઇને ઇંદ્રની પદવી ધારણ કરી શકે છે. પોતાનાં સત્કર્મોના પ્રમાણમાં અમુક સમય એ પદપર તે કાયમ રહે છે; અને પછી પુણ્ય ક્ષીણ થવાથી મૃત્યુલોકમાં આવીને પાછો તેને મનુષ્યનો જન્મ ધારણ કરવો પડે છે. સ્વર્ગ ગમે તેટલું સારૂં હોય, દેવતાઓને ગમે તેટલો સુખ વૈભવ હોય, પણ તે બધું મનુષ્યજન્મની મહત્તાને પહોંચી શકે તેમ નથી. મનુષ્ય જન્મ સર્વોત્તમ કહ્યો છે. માનવદેહ આર્યશાસ્ત્રોના મત પ્રમાણે દેવદુર્લભ છે! અસ્તુઃ સ્વર્ગના કોઇ કોઇ દેવતા પણ સ્વર્ગનાં મર્યાદિત સુખોની વાસના તજીને ઉંચે ચડવાનો યત્ન કરે છે–મુક્તિ મેળવવાને માટે મંથન કરે છે; પરન્તુ જેવી રીતે આ આપણા મૃત્યુલોકમાં મનુષ્યોના મોટા ભાગને કંચન, કામિની, કીર્તિ, પદવી અને સુખવૈભવની પ્રબળ લાલચો ભાન ભૂલાવી દે છે તથા મન લોભાવીને આગળ વધવા નથી દેતી, એવીજ રીતે સ્વર્ગના દેવતાઓ પણ ઐશ્વર્ય અને સુખ

વૈભવના મદમાં ભાન ભૂલીને આગળ વધવાનો કે મુક્તિ મેળવવાનો યત્ન કરી શકતા નથી. તેમનાં શુભકર્મોનાં ફલ એ પ્રમાણે જ્યારે પૂરેપૂરાં ખવાઇ ચવાઇ રહે છે, ત્યારે પાછો આ પૃથ્વીમાં તેમને મનુષ્યજન્મ ધારણ કરવો પડે છે. ખાસ એજ હેતુથી આપણાં શાસ્ત્રોએ આ પૃથ્વીને કર્મભૂમિ કહી છે. મનુષ્યજન્મ ધારણ કરીને આ પૃથ્વીરૂપી કર્મભૂમિમાંજ આપણે સંપૂર્ણ મુક્તિ પ્રાપ્ત કરી શકીએ છીએ. આ પ્રમાણે સ્વર્ગપ્રાપ્તિથી કંઇ વિશેષ લાભ નથી; ત્યારે કઇ વસ્તુ પ્રાપ્ત કરવાને વિશેષ પ્રયત્ન કરવો જોઇએ ? માત્ર એકજ અને તે એ કે સ્વતંત્રતા અથવા મુક્તિ. આપણાં શાસ્ત્રો કહે છે કેઃ—"ઉંચામાં ઉંચા સ્વર્ગમાં પણ તમે ગુલામ છો. પ્રકૃતિના, સમયના, ઇંદ્રિયોના, મનના, વાસનાના અને તૃષ્ણાના ગુલામ છો." વીશ હજાર વર્ષસુધી તમે રાજા બની રહો તેથી શું થયું ? જ્યાં સુધી તમને શરીરનું બન્ધન છે, જ્યાંસુધી તમે વાસનાના ગુલામ છો, જ્યાંસુધી દેશ અને કાલ પોતાનો અધિકાર તમારા ઉપર જમાવી બેઠાં છે, ત્યાંસુધી તમે ખરેખર ગુલામજ છો. એજ કારણથી, એજ ગુલામગીરીનું બંધન તોડવાને માટે, બાહ્ય અને આંતર જગત ઉપર જય મેળવી સ્વતંત્ર-મુક્ત થવાની જરૂર છે. પ્રકૃતિ તમારે આધીન બનીને તમારા પગમાં પડી રહે; અને તમે તેને પગ નીચે કચડી તેની સત્તાની મર્યાદામાંથી બહાર નીકળી, સ્વતંત્ર બનીને તમારા પોતાના મહિમાવડે મુકિતનો આનંદ સર્વદા અખંડ ભાવે ભોગવી શકો તે માટેજ તમે સર્જાયા છો ! એ અવસ્થાએ પહોંચ્યા પછી તમારે જન્મ નથી, મૃત્યુ નથી અને જગતનાં ક્ષણિક સુખો તેમજ હૃદય વિદારનારાં દુઃખ પણ નથી. એમાં જે નિત્ય સુખનો અને બ્રહ્માનંદનો આનંદ છે, તે સર્વથા અનિર્વચનીય છે. શબ્દોમાં એ શાશ્વત, સર્વાતીત, અવ્યકત આનંદનું કદિ પણ વર્ણન થઇ શકે તેમ નથી. એજ અખંડાનંદના તમે અધિકારી બનો છો. આ જગતમાં આપણને જે કંઇ સુખ જણાય છે, તે તો એ આનંદના માત્ર એક રજકણ જેટલુંજ છે. એ નિત્યસુખજ આત્માનો એ અનંત આનંદજ આપણું પરમલક્ષ છે.

આત્મા આનંદરૂપ છે, સર્વ ભેદોથી રહિત છે. તે સ્ત્રી પણ નથી કે પુરૂષ પણ નથી. સ્ત્રી પુરૂષનો ભેદ તો માત્ર શરીરમાંજ છે. તેનામાં કોઇ કાળે કશોજ ફેરફાર ન થતાં સર્વદા એકરૂપજ રહે છે. ત્યારે એ આત્મા કર્મબંધનમાં બંધાઇને શામાટે આ જગતમાં જન્મ લે છે ? આપણા શાસ્ત્રમાં માત્ર એકજ જવાબ છેઃ—આ બધાં બંધનોનું કારણ અજ્ઞાન છે. એ અજ્ઞાને આપણને બાંધી લીધા છે. જ્ઞાન એ બંધનની લોખંડી બેડીયો તોડી નાખે છે અને આપણને સામે પાર ઇશ્વરના અમૃત પ્રદેશમાં લઇ જાય છે. એ જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપાય શું છે ? પ્રેમભક્તિદ્વારાએ અનંત જ્ઞાનના દરવાજા ઉઘડી જાય છે. ઇશ્વરની ઉપાસનાથી

અને પ્રાણીમાત્રને પ્રભુમૂર્તિનાં મંદિરસ્વરૂપ માનીને તેમના પર પોતાના જેવો પ્રેમ રાખવાથી જરૂર એ જ્ઞાન પ્રાપ્ત થાય છે; કેમકે પરમાત્મા સર્વ પ્રાણીઓમાં એક સરખી રીતે વસી રહ્યા છે.

આપણાં શાસ્ત્રોમાં ઈશ્વરનાં બે પ્રકારનાં સ્વરૂપો વર્ણવેલાં છે. પહેલું સાકાર અને બીજું નિરાકાર. સાકાર ઈશ્વરના સંબંધમાં આપણાં શાસ્ત્રોનો એવો મત છે કે, આ જગતના સર્વવ્યાપી ઉત્પાદક, સંરક્ષક અને સંહારક પણ તેઓજ છે. તેઓજ આ જગતના અનાદિઅનંત માતપિતા છે; અને તે છતાં પણ તેઓ આપણાથી તથા જગતથી પર છે. મુકિતનો અર્થ એ કે તેમના સમીપ જવું અને તેમનામાંજ રહેવું; તેથીજ તેને સામીપ્ય અને સાલોકય મુકિત કહી છે.

નિરાકાર નિર્ગુણબ્રહ્મનું વર્ણન કરતી વખતે ઈશ્વર પ્રત્યે લગાડવામાં આવતાં વિશેષણો અનાવશ્યક અને યુકિતહીન સમજીને પડયાં મૂકવાં જોઇએ. એ સર્વવ્યાપી નિર્ગુણ પુરૂષને જ્ઞાની કહી શકાય નહિ;કારણ કે જ્ઞાનનો સંબંધ તો મનુષ્યના મનની સાથે છે. તેમને વિચારશીલ કરી શકાય નહિ;કારણકે વિચાર તો સીમામાં બંધાએલા જીવને જ્ઞાન મેળવવાના ઉપાયરૂપજ છે. તેમને સંકલ્પ વિકલ્પ કરનારા કહી શકાય નહિ; કેમકે તર્ક પણ સીમાથી બંધાએલા અને દુર્બળતાના ચિહ્નરૂપ છે.તેને સૃષ્ટિકર્તાપણ કહી શકાય નહિ; કારણ કે જાતે બંધન સ્વીકાર્યા વગર કશું પણ ઉત્પન્ન કરી શકાતું નથી. ત્યારે તેમને શું બંધન હોય? સ્વેચ્છાની સફલતા સિવાય તેમને કંઇ બંધનજ નથી. ત્યારે તેને ઇચ્છા શાની છે? કોઇ પણ જાતનો અભાવ દૂર કરવા અને અમુક જરૂર પૂરી પાડવા માટેજ કોઇ પણ કાર્ય કરવામાં આવે છે, ત્યારે તેમને અભાવ અથવા જરૂર શું હોઇ શકે? વેદમાં તેમને માટે '**तत्**'ના નપુંસકલિંગનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેનો હેતુ એ છે કે, વેદ તેને નિર્ગુણનિરાકાર દર્શાવવા માગે છે. જો પુલ્લિંગ "**सः**" શબ્દનો વ્યવહાર કરવામાં આવ્યો હોત તો, તેમને વ્યકિતવિશેષરૂપે અથવા કોઇ સાકાર શરીરધારી ઈશ્વરરૂપે સમજીને મનુષ્યો ભ્રમમાં પડે; માટેજ '**तत्**' શબ્દનો ઉપયોગ કરીને જીવજગતથી તેમનું સંપૂર્ણ પૃથકત્વ દર્શાવેલું છે. એ '**तत्**' શબ્દનો વેદમાં જ્યાં જ્યાં પ્રયોગ કરવામાં આવ્યો છે, ત્યાં ત્યાં નિર્ગુણ પરમાત્માનેજ સંબોધન કરેલો છે. એ મતને અદ્વૈતવાદ કહે છે.

એ નિર્ગુણ–નિરાકાર પુરૂષ સાથે આપણો શું સંબંધ છે? તેની સાથે સંબંધ હોવાથીજ આપણે અસ્તિત્વ ભોગવીએ છીએ. આપણે સર્વથા તેનાથી અભિન્ન છીએ. આપણે પ્રત્યેક પ્રાણીમાત્ર તેના સ્થૂલ વિકાસરૂપજ છીએ. સર્વ પ્રાણી–પદાર્થોના અધિષ્ઠાનરૂપ તેજ છે. જેટલા પ્રમાણમાં આપણે નિર્ગુણ–નિરાકાર અનંત પરમાત્માથી આપણને પોતાને દૂર અથવા ભિન્ન માનીએ છીએ; તેટલાજ

પ્રમાણમાં આપણને દુઃખ ભોગવવું પડે છે. એ અદ્‌ભુત નિર્ગુણસત્તાની સાથે આપણે જ્યારે એક થઇ શકીએ છીએ–તેની સાથેનું અભેદજ્ઞાન જ્યારે આપણને પ્રાપ્ત થાય છે, ત્યારે આપણે સર્વ દુઃખોથી મુક્ત થઇને સ્વતંત્ર બનીએ છીએ. એજ મુક્તિનું સ્વરૂપ છે. આ વાત પર અહીં ખાસ ધ્યાન આપવા જેવું છે કે નિર્ગુણબ્રહ્મવાદ ઉપરજ નૈતિક સિદ્ધાંતોનો પાયો બાંધી શકાય તેમ છે. ઉંચામાં ઉંચું નીતિશાસ્ત્ર અભેદવાદવડેજ ફેલાવી શકાય છે. જગતની પ્રત્યેક પ્રજામાં અતિ પ્રાચીનકાળથી એજ મહાન સિદ્ધાંતનો ઉપદેશ આપવામાં આવે છે કે, તમારા જાતિબંધુઓને, સઘળા મનુષ્યબંધુઓને તમારી પોતાની પેઠેજ ચાહો; પરન્તુ ભારતવર્ષમાં એવો ઉપદેશ અપાતો આવ્યો છે કે, માત્ર મનુષ્યજ નહિ, પણ સર્વ પ્રાણીઓ ઉપર તમારા પોતાના જેવોજ પ્રેમ રાખો. આપણા ધર્મમાં મનુષ્ય અને ઇતર પ્રાણીઓવચ્ચે કશો પણ ભેદ રાખવાનો ઉપદેશ કરવામાં આવ્યો નથી. સકળ જીવ-જંતુ ઉપર આત્મવત્ પ્રેમ રાખવાનો સ્થળે સ્થળે ઉપદેશ આપવામાં આવ્યો છે. આ પ્રમાણે સર્વ પ્રાણી પ્રત્યે પોતાના જેવો પ્રેમ રાખવાથી શું ફળ થવાનું છે ? એક માત્ર વેદાન્તની તત્ત્વવિદ્યા-નિર્ગુણબ્રહ્મવાદજ તેનું કારણ સમજાવવાની શક્તિ ધરાવે છે. તમે હિન્દવાસીઓ એ બરાબર સમજી શકો છો કે આ સમગ્ર બ્રહ્માંડ અખંડ એકરૂપ છે, સર્વત્ર એકજ આત્મતત્વ વ્યાપી રહ્યું છે; અને પદાર્થમાત્રના જીવનનું ઝરણું એ અનંત આત્મભંડારમાંથીજ વહે છે. આમ જાણવાથી સમજાય છે કે કોઇને પણ પૃથક્ સમજી નુકશાન કરવાથી આપણું પોતાનુંજ નુકશાન થાય છે; અને સર્વને પોતાના આત્મારૂપ સમજી તેમનાપર પ્રેમ કરવાથી આપણે પોતાના આત્મા અને સર્વવ્યાપી વિરાટ સ્વરૂપ ઉપરજ પ્રેમ કરીએ છીએ. આવા એકાત્મભાવમાંથી અને નિર્ગુણબ્રહ્મવાદના ઉંચા આદર્શમાંથીજ નીતિશાસ્ત્રના ઉજ્જવલ સિદ્ધાંતો આપણને મળી આવે છે. નીતિસિદ્ધાંતોની ભવ્ય ઇમારત એ એક મૂળમંત્ર ઉપરથીજ બાંધી શકાય છે. બીજા કોઈનું અહિત કરવું તે મારૂં પોતાનુંજ અહિત અને બીજાનું હિત કરવું, બીજાની સેવા ઉઠાવવી, બીજાના ઉપર પ્રેમ રાખવો એ મારૂંજ કલ્યાણ છે; કારણ કે એ બધામાં હું પોતેજ બેઠો છું, મારોજ આત્મા એ સર્વમાં વ્યાપી રહ્યો છે. આવી દૃઢ ભાવના બંધાયા પછી મનુષ્ય કોને નુકશાન કરી શકે છે ? ઉજ્જવલ નીતિસિદ્ધાંતોનો આથી મજબૂત પાયો બીજો કયો હોઇ શકે ?

અદ્વૈતવાદનો પ્રસંગ નીકળતાં બીજી અનેક વાતો વચ્ચે આવે છે. અહીં સાકાર ઈશ્વરનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ઈશ્વરના સાકારવાદવડે સગુણ ઈશ્વરમાં વિશ્વાસ રાખવાથી પવિત્ર અને અપૂર્વ પ્રેમનો કેવો અદ્‌ભુત પ્રવાહ વહેવા લાગે છે, તે હું બરાબર સમજું છું. જુદા જુદા સમયની જરૂરિયાતોને પહોંચી વળવા

માટે ભક્તિનો પ્રવાહ અને તેની શક્તિ મનુષ્યના હૃદય ઉપર કેટલું બધું કાર્ય કરી શકે છે, તે હું સંપૂર્ણ રીતે સમજી શકું છું. તેમ છતાં પણ આપણા દેશમાં હાલની દેશ–કાળસ્થિતિને લક્ષમાં રાખીને હાલ કઇ વસ્તુની મુખ્ય જરૂર છે ? હૃદયબહાર પ્રેમમાં ઉન્મત્ત બનીને એકબીજાને ગળે બાઝી રડતા બેસી રહેવામાં અથવા પ્રભુના વિરહની હૃદયદ્રાવક કલ્પના કરી ગોપીઓની પેઠે દિન–રાત ઝુરી મરવા કરતાં કંઇક વિશેષ બળ મેળવવાની જરૂર છે. કોમળ હૃદયથી રડવાનો સમય નથી, પણ પગલું પડતાં ધરતી ધ્રૂજે એવા વીરભાવની આવશ્યકતા છે. અદ્વૈતવાદના નિર્ગુણબ્રહ્મમાં સંપૂર્ણ વિશ્વાસ ઉત્પન્ન થવાથી અને સર્વ મારૂં સ્વરૂપ છે એવો પ્રબલ ઉદારભાવ જાગ્રત થવાથી, પોતાની શક્તિને માટે મનુષ્યનું હૃદય કેટલું બધું ગારવ ધારણ કરી શકે છે તેનું માપજ થઇ શકે તેમ નથી. એ અદ્વૈતવાદને યોગેજ મનુષ્યનું મન અતુલ બલ મેળવી શકે છે; તથા બધા વહેમો, ભય અને કુસંસ્કારોને લાત મારી દૂર ફેંકી દે છે. પોતાની દીનતા અને હીનતાનો ખ્યાલજ તેને ઘૃણા ઉપજાવે છે; અને મનુષ્ય ચૈતન્યવાન બનીને નીડરતાથી પોતાનાજ પગપર ઉભો રહે છે. ‘ સમગ્ર જગતના આત્મસ્વરૂપ નિર્ગુણ બ્રહ્મ હું પોતેજ છું ’ એ વિચારથી જાગ્રત થએલા બળવડે તેની છાતી ફુલાઇ જાય છે. ભય અને ભીરૂતાના વિચારોજ તેની સામેથી અદૃશ્ય થઇ જાય છે. એ વખતે તે બોલી ઉઠે છે કેઃ–“ હું અવિનાશી આત્મા છું, અનાદિ અને અનંત છું, મને કોણ ભય પમાડી શકે તેમ છે ? મને આ ત્રિભુવનમાં કોનો ભય છે ? કુદરતી નિયમોની પણ હું દરકાર કરતો નથી; મૃત્યુ તો મારી નજરમાં એક હસવાની વસ્તુ છે. ” આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી આવી રીતે મનુષ્ય પોતાનાજ મહિમામાં મસ્ત બનીને પોતાની આત્મશક્તિ ઉપર મેરૂની પેઠે અડગભાવે અચળ ઉભો રહે છે. જે આત્મા અનાદિઅનંત છે; જે જરા, મૃત્યુ અને દુઃખથી રહિત છે, જેને જગતનું કોઇ પણ હથિયાર વીંધી શકતું નથી, જેને બીજી કોઇ પણ સત્તા સ્પર્શી શકતી નથી, જેને પ્રબળવાયુ સૂકવી શકતો નથી, અગ્નિ બાળી શકતો નથી કે પાણી પલાળી કે પીગળાવી શકતું નથી; એવા જન્મ, જરા અને મૃત્યુરહિત અજરામર આત્માને આ બ્રહ્માંડમાં કોણ ડરાવી શકે તેમ છે ? વળી જે આત્માના પ્રભાવ અને વિસ્તાર આગળ અનેક સૂર્યમંડળ અને ચંદ્રમંડળો માત્ર સમુદ્રની સામે ધરેલા બિન્દુજેવાં જણાય છે, જે આત્માના મહિમા આગળ અનંત જણાતી દશે દિશાઓ પીગળીને અદૃશ્ય થઇ જાય છે, અનંત જણાતો કાળ પણ જેના આગળ અન્તવાન બનીને અંતર્હિત થઇ જાય છે, જે આત્મા આદિ તેમજ અંતરહિત છે તે અજરામર આત્માને કોણ ભય પમાડી શકે ? માટે આપણે આત્મજ્ઞાન મેળવીને આપણા પોતાના સર્વથી અધિક ગૌરવવાળા

આત્મામાંજ દઢ વિશ્વાસ રાખવો જોઇએ. એ આત્મવિશ્વાસ અને આત્મવિચારમાંથીજ બલ, વીર્ય અને પ્રભાવના પ્રબળ પ્રવાહો વહે છે તથા અપરિમિત આત્મશક્તિ જાગ્રત થાય છે. માત્ર ઇચ્છાશક્તિજ એ આત્મશક્તિના ભંડારની ચાવી છે. જેવી ઇચ્છા તમે કરશો અને જેવા વિચારો તમે રાખશો તેવાજ તમે જરૂર થશો. જો તમે પોતે નબળા છો એવો વિચાર કરશો, તો જરૂર તમે નિર્માલ્ય અને નબળા બની જશો; અને જો તમે વિચારશો કે તમે સંપૂર્ણ બલવાન છો, તો જરૂર તમે બલવાન અને તેજસ્વી બની શકશો. જો તમે પોતાને અપવિત્ર વિચારશો તો પરિણામે તમે અપવિત્રજ થશો અને પરમપવિત્ર વિચારશો તો પવિત્રજ નિવડશો. સંકલ્પસિદ્ધિનો આ મંત્ર–આત્મજ્ઞાનનો આ મહાન સિદ્ધાંત–આપણને સ્પષ્ટ રીતે શીખવે છે કે, પોતાને માટે કદિ પણ આપણે હલકા વિચારો કરવા ન જોઇએ, આપણને પોતાને દુર્બળ અને નિર્માલ્ય સમજવા ન જોઇએ; પરન્તુ હમ્મેશાં દઢ વિચારથી એમજ સમજવું જોઇએ કે આપણે બલવાન, સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છીએ. મારા પોતાના આત્મામાંજ તમામ શક્તિઓ ભરેલી છે. હજી સુધી તેઓ કદાચ વિકાસ પામી ન હોય, તેનો બહાર પ્રકાશ પડતો ન હોય તો તેની કંઇ ફિકર નહિ; પરન્તુ તેઓ મારા હૃદય અને આત્મામાં ભરેલી છે તેમાં તો કંઇ પણ શંકા નથી. મારા પોતાના અંતરાત્મામાં સઘળું જ્ઞાન, સઘળું વીર્ય, સર્વ શક્તિ, સંપૂર્ણ પવિત્રતા અને સંપૂર્ણ સ્વતંત્રતા વિરાજી રહી છે. હું એ બધા જ્ઞાન અને બળનો પ્રકાશ શામાટે નથી કરી શકતો ? કારણ કે મને તેનામાં પૂરો વિશ્વાસ નથી. જો પૂરેપૂરો આત્મવિશ્વાસ હોય તો તેનો આત્મપ્રકાશ થયા વગર રહેજ નહિ. આત્મવિશ્વાસના વિશાળ તથા ઉદાર દ્વારમાંથી પ્રકટ થતા પ્રભાવસૂર્યનો કોઇ પણ અવરોધ કરી શકે તેમ નથી; માટે આવો આપણે આત્મશકિતમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીએ; અને નિશ્ચય રાખો કે તેમ કરવાથી તે જરૂર પ્રકાશીને ઝળહળી રહેશે. આત્મજ્ઞાન તેમજ નિર્ગુણ પરમાત્માનો વિચાર આપણને આ પ્રકારનું શિક્ષણ આપે છે. બન્ધુઓ ! એ દિવ્ય શિક્ષણનાં બીજ તમારાં બાળકોની હૃદયભૂમિમાં છેક બાલ્યાવસ્થાથીજ વાવીને તેમને મજબૂત બનાવો. તેમને તેજસ્વી અને ઉદાર વિચારનાં બનાવો. આત્માનો પ્રકાશ તેમના હૃદયાકાશમાં રેલાવો. નબળા અને બાયલા વિચારો તેમના હૃદયને અડકી પણ ન શકે તેની પૂરી સંભાળ રાખો. બહારની નકામી ક્રિયાઓ અને વખત તથા વિત્તનો વ્યર્થ વ્યય કરાવનારાં નિરુપયોગી અનુષ્ઠાનોનું તેમને શિક્ષણ ન આપો. તેમને બહાદૂર અને બળવાન બનાવો. તેઓ પોતાનાજ પગપર ઉભા રહે તથા પારકી લાચારી અને ભિક્ષાવૃત્તિ ભૂલી જાય, એવો તેજસ્વી આત્મરસ તેમની નસેનસમાં સીંચો; જેથી તેઓ નિર્ભય, સાહસિક, દઢ મનના, સર્વના ઉપર

જય મેળવનારા અને સઘળું સહન કરનારા ખરેખરા આર્યરત્નો નિવડી શકે, એવી રીતે તેમને તૈયાર કરવામાટે પહેલવહેલો આત્માના મહિમાનો મહામંત્ર તેમને શીખવી દો. એ મંત્ર માત્ર વેદાન્તમાંજ મળી શકે તેમ છે. વેદાન્તજ તેનું સ્થાન છે. એજ વેદાન્તશાસ્ત્રોમાં બીજા ધર્મોમાં હોય છે તેવા પ્રેમ, ભક્તિ, ઉપાસના વગેરે ધાર્મિક વિચારોનો પણ ઠેકઠેકાણે ઉપદેશ કરેલો છે. વખતે બીજા ધર્મો કરતાં વિશેષ પણ હશે; પરન્તુ એ સર્વમાં સર્વથી ઉપયોગી તો આત્મજ્ઞાનજ છે. આત્મશક્તિનો એ વિચારજ નવું જીવન આપનારો, અતુલ શક્તિ પ્રેરનારો તથા અપૂર્વ અને અતિ અદ્‌ભુત છે. ફક્ત એક વેદાન્તવાદમાંજ એવા મહાન અને પ્રબલ વિચારો ભરેલા છે કે જે સમગ્ર જગતના વિચારોમાં મહાન ફેરફારો કરી દેશે; અને જડવાદી જગતના વિજ્ઞાનશાસ્ત્રની સાથે ધાર્મિક વિચારોનું સામંજસ્ય સ્પષ્ટ રીતે સિદ્ધ કરી બતાવશે.

બંધુઓ ! તમારી સમક્ષ આપણા ધર્મના મુખ્ય મુખ્ય વિચારો, આપણા ધર્મની મુખ્ય મુખ્ય બાબતો રજુ કરવાનો અને વેદાન્તના સિદ્ધાંતોને ટાંકી બતાવવાનો મેં યત્ન કર્યો છે. હવે તેમને આપણાં જીવનમાં વ્યાવહારિક રીતે ઉપયોગી કરવામાટે આપણે શું કરવું જોઇએ; તેના સંબંધમાં મારે તમને થોડા શબ્દો કહેવાના છે. આપણે જોયું તે પ્રમાણે હિન્દુસ્તાનની હાલની પરિસ્થિતિમાં અહીં ઘણા મત–સંપ્રદાયો ઉભા થાય એ તદ્દન સ્વાભાવિક છે. આપણે જોઇએ છીએ કે ઘણા પન્થો થયા પણ છે; અને આશ્ચર્યસહિત આપણે એ પણ જોઇ શકીએ છીએ કે એ બધા મત–પન્થો પરસ્પર કલહ કે વિરોધ કર્યા વિના વેદાન્તને છાજતી ગંભીર શાન્તિ જાળવી રહ્યા છે. શૈવો એમ નથી કહેતા કે “ વૈષ્ણવો બધા ખોટા છે અને તેમનો અધઃપાત થવાનો છે. ” એવીજ રીતે વૈષ્ણવો પણ નથી કહેતા કે “ દરેક શૈવોની આખરે અધોગતિ થવાની છે.” તેઓ એક બીજાને કહે છે કે “ અમે અમારો ધર્મ માનીએ છીએ, તમે તમારો ધર્મ માનો; અમે અમારે માર્ગે ચાલીએ છીએ, તમે તમારે માર્ગે ચાલો. ” પરિણામે પરમાત્માના ધામમાં આપણે એકજ સ્થાને એકઠા થઇશું. ભારતના સઘળા મત–સંપ્રદાયો આ વાત સારી રીતે સમજે છે, સ્વીકારે છે અને અનુસરે છે. આવી ઉદાર ધર્મપદ્ધતિનું નામજ ઉત્તમ પદ્ધતિ છે. અતિ પ્રાચીનકાળથીજ આપણા લોકોના સમજવામાં આવ્યું છે કે ઈશ્વરોપાસનાની વિવિધ પ્રણાલિઓ છે; તેમજ એ પણ સમજવામાં આવ્યું છે કે રુચિભેદે જુદા જુદા સ્વભાવને માટે જુદી જુદી પ્રણાલિ અને પદ્ધતિની જરૂર છે. ઈશ્વરની પ્રાપ્તિમાટે તમે સ્વીકારેલી પ્રણાલી કદાચ મને પસંદ નહિ પડે, વખતે ઉલટી મને તે નુકશાનકારક પણ નિવડે; માટે સર્વને પોતાની રુચિઅનુસાર ધર્મ પાળવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઇએ. સઘળા લોકોને

માટે માત્ર એકજ માર્ગ છે અને એકજ પ્રણાલિ બધાએ સ્વીકારવી જોઇએ, એવો વિચાર ઘણોજ નુકશાનકારક, છેકજ અર્થહીન, કદિ પણ ન પાળી શકાય તેવો અને તદ્દન તજી દેવા યોગ્ય છે. જો જગતના સઘળા લોકો એકજ પ્રકારના ધાર્મિક વિચારો રાખે, એકજ ધર્મને માને અને એ એકજ માર્ગમાં સાથે ચાલવા જાય તો જગતના અને લોકોના કમનશીબ તથા દુઃખોનો કંઇ પારજ નહિ રહે. એમ થવાથી તો લોકોની સ્વતંત્ર વિચારશકિત અને ખરો ધર્મભાવ ભયંકર રીતે નાશ પામશે; કેમકે 'વિવિધતા,' વિચારોનું બહુપણું એજ આપણી જીંદગીનો આધાર છે; અને એજ આપણા જીવનનો આત્મા છે. એ 'વિવિધતા' અને બહુપણાના લોપની સાથે તો આ સૃષ્ટિનો પણ લોપ થશે. જ્યાંસુધી વિચારોની એ 'વિવિધતા' અને વિભિન્નતા ટકી રહેશે, ત્યાંસુધીજ આપણે હયાત રહીશું. માટે વિચારભેદ કે મતભેદને લીધે આપણે વિરોધ કરવાની કે લડી મરવાની કંઇ પણ જરૂર નથી. તમારો માર્ગ તમારે માટે ઘણો સારો છે પણ તે મારે માટે સારો નથી. મારો માર્ગ મારે માટે બહુ સારો છે અને તે તમારે માટે સારો નથી. આ જગતમાં કોઇ પણ ધર્મ સાથે આપણને કશો વિરોધ નથી. આપણામાંના દરેકને પોતપોતાનો 'ઇષ્ટ માર્ગ' છે, એ બરાબર ધ્યાનમાં રાખજો. આપણે જોઇએ છીએ તેમ બહારના દહોડ ડાહ્યા માણસો ભારતમાં આવીને કહેવા લાગે છેઃ—"આ અમારો પંથજ ખરો છે;" અને વળી એટલું કહીનેજ બેસી ન રહેતાં ભારત જેવા ઉદાર ધર્મવિચારવાળા દેશમાં શિરજોરીથી, પોતાના ધર્મવિચારો આપણા ગળામાં ખોસવા લાગે છે ત્યારે મને બહુજ હસવું આવે છે! એ ડાહ્યા પુરૂષોને માટે મારે એક બે શબ્દ કહેવાની જરૂર છે. જે હૃદયહીન લોકો પોતાનાજ માનવબંધુઓનો, તેઓ ઈશ્વરપ્રાપ્તિને જુદે માર્ગે જતા જણાય છે એટલાજ માટે વિનાશ કરવા ચાહે છે, તેમને મોઢે પ્રેમ, ભ્રાતૃભાવ અને ઉદાર લાગણીની વાતો છેક હસવા જેવીજ લાગે છે—બિલકુલ શોભતી નથી. તેમના એ ઉપલક પ્રેમની જરા પણ કિંમતજ નથી. જે મનુષ્ય વિધર્મી માનવબંધુનો વિચારભેદ પણ સહી શકતા નથી, તેઓ પ્રેમનો પ્રચાર શું કરશે? જો એવાજ ઈર્ષ્યાભાવને પ્રેમ કહેવામાં આવે તો પછી ધિક્કાર કોને કહેવો? છતાં તેઓ પોતાના ઉદાર પ્રેમની વાતો કરે છે, એ પણ આ નવા યુગનું એક નવું આશ્ચર્ય છે! અસ્તુઃ પણ આપણે તો જગતના કોઇ પણ ધર્મ સાથે વિરોધ નથી. કોઇ ધર્મ ભલે ખ્રિસ્તને અવતાર ગણીને તેને પૂજવાનો ઉપદેશ આપે, કોઇ બુદ્ધને, કોઇ મહમદને અને એવીજ રીતે જેને જે યોગ્ય જણાય તે અવતાર, મહાત્મા કે આચાર્યને પૂજવાની ભલે તે પોતાની ઇચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરે. હિન્દુ તો બધાને કહે છે કે, "પધારો ભાઇ, હું તમને તમારા માર્ગમાં મદદ કરવા ચાહું છું; પણ મને તો કૃપા કરીને

મારે પોતાનેજ માર્ગે જવા દેજો; કેમકે ઈશ્વરને ઘેરથી નિર્માણ થએલું એજ મારૂં '**इष्टम्**' છે. તમારો માર્ગ ઘણો સારો છે એમાં કંઇ શક નથી; પણ તે તમારેજ માટે. મારે માટે વખતે તે હાનિકારક નિવડે! કયો ખોરાક મને ઠીક પડશે એ હું મારા પોતાનાજ અનુભવને પૂછીશ; અને મારો અનુભવ એ બાબતમાં જે કહેશે તેટલું વૈદ્ય અને ડૉકટરોની એક મોટી સેના પણ કહી શકવાની નથી. એવીજ રીતે મારે માટે કયો માર્ગ અને કયો પંથ ઉત્તમ છે તે હું મારા પોતાના અનુભવથીજ સારી રીતે જાણી શકું છું. આજ ખરી પદ્ધતિ છે, એજ ઉત્તમ ધોરણ છે. એથીજ આપણે કહીએ છીએ કે કોઇપણ મંદિર, કોઇપણ દેવળ, કોઇ પણ સંજ્ઞા, કોઇ પણ મહાત્મા કે કોઇ પણ મૂર્તિ તમારા અંતરમાં વસતા ભગવાનનો સાક્ષાત્કાર કરવામાં મદદગાર થતાં હોય, તો તમે ઘણી ખુશીથી તેની ઉપાસના કરો. જો જરૂર હોય અને તમારી ઇચ્છા હોય તો ભલે બસો પ્રતિમાઓ એક સાથે રાખો. જો અમુક આચારવિચાર, અમુક રીતિરિવાજ કે અમુક ક્રિયાપદ્ધતિ હૃદયદેવતાનો સાક્ષાત્કાર કરવામાં તમને સહાયક થતી હોય તો તમે ખુશીથી તેનું અનુસરણ કરો. પરમાત્મા તમને તેમાં સહાય આપીને સફળ કરો. જે કાંઇ ક્રિયા અથવા અનુષ્ઠાનપદ્ધતિ, જે જે વિચારો અને જે જે સિદ્ધાંતો તમને ઈશ્વરની સમીપ લઇ જતા હોય તેમનું તમે ખુશીથી અવલંબન કરો. જે દેવમંદિર અથવા આશ્રમમાં જવાથી તમારા ઈશ્વરપ્રાપ્તિના મંગલ કાર્યને વિશેષ અનુકૂળતા અને સહાયતા મળતી હોય ત્યાં જઇને આનંદથી પૂજા–ઉપાસના કરો; પરંતુ તેને માટે નકામા ઝગડાટંટા ન કરો. તમારા ધર્મ કે તમારી માન્યતાનું પોટલું બીજાની ગરદનપર નાખવાનો યત્ન કરીને વિનાકારણ વેરઝેર ના વધારો. કલહકંકાસથી ઈશ્વરના મંદિરજેવા આ સંસારને ભ્રષ્ટ કરી નરકાગાર ના બનાવો. જે ક્ષણે તમે બીજાં સાથે તકરાર કે વિરોધ કરવા જાઓ છો, તેજ ક્ષણે તમે ઈશ્વર તરફ ન જતાં પાછા ફરીને શયતાન અને હેવાન તરફ જાઓ છો; માટે એ મહાપાપના કાર્યથી દૂર રહો.

આપણા ધર્મના થોડા મુખ્ય મુખ્ય વિચારો મેં તમને કહી સંભળાવ્યા. તમે જોઇ શકો છો કે આપણો ધર્મ કોઇનો તિરસ્કાર કરીને બહિષ્કાર કરતો નથી, પણ દરેકને પ્રેમથી બોલાવીને પોતાનો કરી લે છે. જો કે આપણી વિવિધ જાતિઓ અને જુદી જુદી સંસ્થાઓ દેખીતી રીતે આપણા ધર્મના અંગરૂપજ જણાય છે; પરંતુ વાસ્તવિક રીતે એમ નથી. એ બધી સંસ્થાઓ આપણું એક પ્રજા તરીકે રક્ષણ કરવામાં બહુ જરૂરની છે અને એ આત્મરક્ષાની આવશ્યકતા જ્યારે પૂરી થશે ત્યારે તેઓ પણ પોતાની મેળે કુદરતી રીતેજ અહીંથી ચાલી જશે; કેમકે અમુક દેશ–કાળ અને સ્થિતિના ધર્મો તેમજ આચાર–વિચાર તે તે દેશ–કાળની

સ્થિતિની સાથેજ આવે છે; અને તે જતાં તે પણ તેમની પાછળજ ચાલ્યા જાય છે. મારૂં કહેવાનું એ છે કે, જેમ જેમ મારી વય અને મારો અનુભવ વધતાં જાય છે, તેમ તેમ એ બધી ભારતની પ્રાચીન સંસ્થા અને પ્રથાઓ મને વધારે સારી, વધારે હિતકારક અને વધારે આવશ્યક સમજાય છે. એવો પણ એક સમય હતો કે જ્યારે તેમાંના ઘણા આચાર-વિચાર અને પ્રથાઓને હું નિર્માલ્ય અને નિરુપયોગી સમજતો હતો; પણ જેમ જેમ હું મોટો થતો જાઉં છું તેમ તેમ મારા વિચારો બદલાતા જાય છે; અને કોઇ પણ પ્રાચીન પ્રથા કે આચાર-વિચારનો દોષ કહાડી તેની નિંદા કરવાનું દૂષિત કાર્ય કરવાથી મારૂં મન પાછું હઠે છે. મારા અનુભવપરથી હું જોઇ શકું છું કે તેમાંની પ્રત્યેક સંસ્થા અથવા પ્રથા અનેક સૈકાના અનુભવરૂપેજ પ્રચલિત થએલી છે; અને ધર્મ તથા પ્રજાને ટકાવી રાખવાનું બલ તેમાં ઉંડા રહસ્યરૂપે રહેલું છે. એક નાનું બાળક મારી પાસે આવીને મારી બધી યોજનાઓ બદલી નાખવાનું મને કહે; અને હું એ નિર્બોધ બાળકની સલાહ સ્વીકારીને તેના નાદાન વિચારો પ્રમાણે મારી બધી કાર્યપ્રણાલિ એકાએક બદલી નાખવાને તૈયાર થાઉં, તો એથી હું પોતેજ મૂર્ખ બનું, બીજું કોઇ નહિ બને. બહારના જુદા જુદા દેશોમાંથી આપણે માટે જે બધા ઉપદેશોનાં અને શિખામણોનાં પારસલો આવે છે તેમાંનો મોટો ભાગ એજ પ્રકારનો છે. પગ નીચે બળતું હોલવ્યા વિનાજ લંકાની આગ બુઝાવવા નીકળેલા એ બધા દોઢ ડાહ્યાઓને કહો કેઃ—“ભાઇ, પ્રથમ તમે જરા તમારી પોતાનીજ સમાજને સુધારો; પછી હું તમારી શિખામણ સાંભળીશ. તમે માંહોમાંહેજ એક બીજાના વિચારને સહન કરી શકતા નથી, અંદર અંદર લડો છો, નિષ્ફળ જાઓ છો અને પ્રેમના વિચારને દરિયાના પાણીમાં વહેતો કરો છો! પહેલાં તો અમારી સમાજજેવું તમારૂં પોતાનું દૃઢ બંધન કરો; એવા ધારા, ધોરણ, સંસ્થા, પ્રથા અને નિયમોની સ્થાપના કરો કે જેના ઉપર સેંકડો સૈકાના અત્યાચાર અને ઝંઝાવાત પસાર થઇ જાય છતાં પણ તે ટકી રહે. પછીજ આ વિષય ઉપર અમારી સાથે વાતચિત કરવાનો તમને અધિકાર મળશે. જ્યાંસુધી એમ ન થાય ત્યાંસુધી તો અમારી નજરમાં તમે માત્ર નાદાન બાળકજ છો! તમારો પોકળ ઉપદેશ સાંભળીને અમે માત્ર હસીએ છીએ; તેને ગ્રહણ કરી શકતા નથી.”

‘ આપણા ધર્મવિષે મારે તમને જે કંઇ કહેવાનું હતું તે કહી દીધું છે. છેવટે હવે આજના જમાનાને જે વિષયની બહુજ અગત્ય છે, તેજ વિષયની તમને યાદ આપીને હું મારૂં કથન સમાપ્ત કરીશ. મહાભારતપ્રણેતા ભગવાન વેદવ્યાસનું ભલું થાઓ કે તેમણે આ કલિયુગમાં દાન જેવા મહાન પુણ્યને ધર્મના એક માત્ર બાકી રહેલા પાદરૂપે જણાવ્યું છે. આગલા યુગોમાં કઠોર તપસ્યા અને જે જે

કઠિન યોગસાધનાઓ કરવી પડતી તેનું આ યુગમાં કંઇ પ્રયોજન નથી. આ યુગની મોટામાં મોટી જરૂર અને મોટામાં મોટો ધર્મ 'દાન' છે. સ્વાર્થ વગર બીજાને દેવું, હૃદયની લાગણીથી બીજાને મદદ કરવી, એજ મહાન ધર્મ છે. દાન શબ્દનો યથાર્થ શું અર્થ થાય છે? સર્વથી મોટામાં મોટું દાન તે 'ધર્મદાન' છે. જેથી આત્માનું શાશ્વત કલ્યાણ થાય એવી અધ્યાત્મવિદ્યા અને ધાર્મિકશિક્ષાનું દાનજ સર્વોત્કૃષ્ટ છે.ત્યારપછી બીજે નંબરે વ્યાવહારિક વિદ્યાનું દાન છે. ત્યારપછી પ્રાણદાન, અભયદાન અર્થાત્ જીવદયાનો નંબર છે; અને અન્ન, જળ, વસ્ત્રાદિનું દાન સર્વથી છેલ્લા નંબરનું છે. જેઓ ધર્મ અને આત્મજ્ઞાનનું દાન આપે છે, તે દાન લેનાર જીવાત્માને અનેક જન્મનાં દુઃખ અને મૃત્યુમાંથી બચાવી લઇ તેના આત્માનો ઉંડો આશીર્વાદ મેળવે છે. જેઓ વ્યાવહારિક વિદ્યા અને વ્યાવહારિક જ્ઞાનનું દાન આપેછે, તેઓ દાન લેનારને વ્યવહારનાં અનેક સાધનો પ્રાપ્ત કરવાની શક્તિ આપે છે; અને ધર્મજ્ઞાન મેળવવાને તેની આંખો ઉઘાડે છે.આનું પુણ્ય પણ ઘણું વિશેષ છે. બાકી બીજાં દાનો આથી ઉતરતાં છે. પ્રાણદાન પણ તેમાંજ આવી જાય છે,અર્થાત્ કોઇના પ્રાણ બચાવવા કરતાં પણ તેને ધર્મજ્ઞાન અને વિદ્યાદાન આપી તેના આત્માનો ઉદ્ધાર કરવાનું કાર્ય મહાન પુણ્યરૂપ છે. માટે તમારે એજ જાણવાની જરૂર છે કે તમારે આત્મજ્ઞાન મેળવવું તેમજ ફેલાવવું; અને આત્મવિદ્યાના દાન કરતાં બીજાં બધાં કામ અને પ્રવૃત્તિ ઉતરતાં તથા થોડી કિંમતનાં છે. આધ્યાત્મિક જ્ઞાનનો બને તેટલો વિસ્તાર કરવાથી મનુષ્યજાતિને મોટામાં મોટી મદદ આપી છે એમ સમજવું.આપણાં પવિત્ર પ્રાચીન શાસ્ત્રોમાં આધ્યાત્મિક વિચારોનો અનંત ઝરો ભરેલો છે. પૃથ્વીની સપાટીઉપર આ સ્વાર્થત્યાગની પ્રબળ ભાવનાવાળા દેશ સિવાય બીજા કોઇ પણ દેશમાં વ્યાવહારિક વેદાંત, બ્રહ્મવિદ્યા અને ધર્મની અપરોક્ષ વિભૂતિનાં ઉમદા દૃષ્ટાંતો મળી શકતાં નથી. મારાં વચનોમાં વિશ્વાસ રાખો. બીજા બધા દેશોમાં વાતો બહુ મોટી મોટી થાય છે, ધર્મનો વ્યાવહારિક ઉપયોગ કરનારા મહાપુરૂષો તો અહીંજ ઉત્પન્ન થાય છે. જેણે ધર્મને પોતાની નસેનસમાં વહેવડાવી મૂકયો છે અને ધર્મનેજ પોતાનું જીવન સમર્પણ કર્યું છે; એવા ઉદાર પુરૂષો તો ફક્ત આ એક પુરાણપ્રસિદ્ધ, પવિત્ર ભારતભૂમિમાંજ મળી આવે છે. મોઢાની જલ્પના અને મોટી મોટી વાતોથી કંઇ ધર્મ સિદ્ધ નથી થતો. પાળેલા પોપટ બહુએ સારૂં સારૂં બોલે છે અને આ નવા જમાનામાં તો જડયંત્રો પણ ઘણું સારૂં સારૂં બોલતાં શીખ્યાં છે; પરન્તુ ઉગ્ર આત્મત્યાગનો-પ્રત્યક્ષ વેદાન્તનો પ્રભાવ તથા સહનશીલતાથી સઘળાં સંકટો ઉઠાવીને પણ ધર્મને વળગી રહેનારૂં અને સ્વાર્થરહિત પ્રેમયુક્ત ઉજ્જવલ દિવ્ય જીવન કયાં છે? બતાવો, મને બતાવો! એ પ્રકારનું જીવનજ અધ્યાત્મજ્ઞાની પુરૂષનું ખાસ લક્ષણ છે.

આવા ઉદાર વિચારો અને આવા વ્યાવહારિક ઉમદા દાખલાઓનો આપણો પવિત્ર દેશ એક અખૂટ ભંડાર હોવા છતાં, જો એ મહાપુરૂષોનાં પવિત્ર હૃદય અને જ્ઞાનનો ભંડાર લૂંટાવવામાં ન આવે; જો જગતમાં ઘેર ઘેર તેનાં લ્હાણાં ન પહોંચાડવામાં આવે; હિન્દુસ્તાન તેમજ બહારના વિશાળ જગતમાં એ બધાં અમૂલ્ય રત્નોને છૂટે હાથે વહેંચીને ધનિક કે ગરીબ, ઉંચ કે નીચ, અમીર કે ફકીર, બાળ કે વૃદ્ધ, સ્ત્રી કે પુરૂષ, ગમે તે સ્થિતિ, ગમે તે ધર્મ અને ગમે તે કોમના દરેકે દરેક મનુષ્યને માટે, જો આપણી એ પ્રાચીન થાપણને વહેંચી દઇને સમગ્ર માનવજાતિની સામાન્ય મિલ્કતરૂપ તેને ન બનાવી દેવામાં આવે તો મોટા અફસોસની વાત છે! મોટી શરમની વાત છે! આ આપણી એક મોટામાં મોટી ફરજ છે. તે ફરજ તમારામાંના પ્રત્યેકે પ્રતિજ્ઞાપૂર્વક પાલન કરવી જોઇએ; અને તે પાળતા જશો તેમ તેમ તમને જણાશે કે તમે જેટલી બીજાને વધારે મદદ કરતા જાઓ છો, તેટલુંજ તમે પોતાનું વધારે કલ્યાણ કરતા જાઓ છો. જો તમે તમારા સ્વધર્મ અને સ્વદેશને હૃદયપૂર્વક ચહાતા હો તો તમારે માથે રહેલી મોટામાં મોટી ફરજ એ છે કે હવે વધારે વખત આળસમાં ઉંઘી ન રહેતાં, તમારે ધાર્મિક જગતમાં જાગ્રત થઇને ઉત્સાહથી કાર્યમાં જોડાવું જોઇએ; અને તે કાર્ય કરતી વખતે તમારી અંધારા ખુણામાં પડી રહેલી જુની પોથીઓમાં જે અમૂલ્ય રત્નોના ખજાનાની થેલી છે, તેને જગતના ક્ષેત્રમાં અને સૂર્યના પ્રકાશમાં બહાર ખેંચી લાવવાનો તેમજ તેના ખરા હકદાર સર્વ મનુબાલોમાં તેને સમભાગે વહેંચી આપવાનો, મહાન ઉદાર વિચાર કદિ પણ તમારા મગજમાંથી દૂર કરવો જોઇએ નહિ. એ બધા ઉપરાંત બીજી પણ એક વાત વધારે જરૂરની છે. આજે અનેક વર્ષો થયાં, અરે યુગો થયાં ભયંકર ઈર્ષ્યાગ્નિમાં આપણે સળગ્યા કરીએ છીએ. આપણે અંદર અંદર સદા એક બીજાને માટે ઈર્ષ્યાનું ભયંકર વિષ ઘુંટતાજ રહીએ છીએ. અમુક માણસ મારા કરતાં આગળ કેમ વધી ગયો અને હું શા માટે પાછળ રહી ગયો? ઈશ્વરની ઉપાસનામાં પણ આપણે સર્વથી આગળ આવવાનો દાવો કરી દ્વેષ અને ઈર્ષ્યાથી લડી મરીએ છીએ! આ ઈર્ષ્યારૂપી વિષનો આપણે ત્યાગ કરવો જોઇએ; પરસ્પરના પવિત્ર પ્રેમથી એ ઝેર ઉતારીને ધોઇ નાખવું જોઇએ.

જો આ વખતે હિન્દુસ્તાનમાં કોઇ મોટામાં મોટા પાપનો અધિકાર ચાલી રહ્યો હોય તો તે માત્ર માંહોમાંહેના દ્વેષ અને ઈર્ષ્યાનો પ્રતાપ છે. દરેક મનુષ્ય હુકમ ચલાવવા માગે છે, પણ કોઇ આજ્ઞા પાલન કરવા તૈયાર નથી. આવી ભયંકર સ્થિતિ થવાનું મુખ્ય કારણ આપણા પ્રાચીન અદ્‌ભુત પ્રભાવ આપનારા 'બ્રહ્મચર્યવ્રતનો અભાવ છે.' બન્ધુઓ! પહેલાં તો આજ્ઞા પાળતાં શીખો,

અને પછીજ અધિકારી બનવાની ખરી યોગ્યતા એની મેળે આવશે. પહેલાં તો સેવક થતાંજ શીખો, એ પછીથીજ તમે સ્વામી થવાને લાયક બનશો. આ મહા પિશાચિની ઈર્ષ્યા રાક્ષસીનો ત્યાગ કરો અને પ્રેમથી કર્તવ્યક્ષેત્રમાં આગળ વધો. જે જે મહાન કાર્યો કરવાનાં બાકી રહ્યાં છે તે એમ કરવાથીજ તમે સિદ્ધ કરી શકશો. આપણા પવિત્ર પૂર્વજોએ એવીજ રીતે પ્રેમ, ઉત્સાહ, ધર્મબુદ્ધિ અને અડગ નિશ્ચયથી ઘણાં અદ્ભુત કામો કર્યાં છે, તથા મહાન પરાક્રમો કરી બતાવેલાં છે. આપણે એ ભૂતકાળની ભવ્યતા તરફ નજર કરીને અભિમાન અને સન્માનપૂર્વક તેમનાં સફળ કર્તવ્યોનો યશ નિરખીને આનંદ પામીએ છીએ; પરન્તુ હવે માત્ર આપણે તે યશને જોઈ–જાણીને બેસીજ રહેવાનું નથી. આપણે પણ એવીજ રીતે એવાં મહાન કાર્ય દૃઢ સંકલ્પથી સિદ્ધ કરીને સમગ્ર જગતને ચકિત બનાવી દઈશું; અને ભવિષ્યમાં બીજાઓ પણ આપણા તરફ અભિમાન અને સન્માનથી આશીર્વાદ વરસાવશે. મારી અંતિમ યાચના એ છે કે, પરમાત્માની પૂર્ણ કૃપા અને શુભાશિષથી તમારામાંનો દરેક જણ એવાં અદ્ભુત કાર્યો કરવાને શક્તિમાન થાઓ કે જેના તેજસ્વી પ્રભાવ આગળ, તમારા પુનીત પૂર્વજોનાં એ બધાં પ્રાચીન પરાક્રમો તેમજ મહાન મહિમાન્વિત કામો પણ ઝાંખાં દેખાય ! પ્રભુ તમને એ પ્રકારની સફલતામાં સર્વથા સહાયક થાઓ. ૐ **तत् सत्.**

भारतमां पदार्पण.

સિંહલદ્વીપમાંના સ્વામીજીના સત્કાર તેમજ સન્માનના પ્રસંગોનું સંક્ષેપમાં વર્ણન પૂરૂં થયું. કોલમ્બોથી જાફના સુધીમાં સર્વત્ર હિંદુ તેમજ અન્યાન્ય લોકોએ હૃદયના ઉત્સાહપૂર્વક એકવાક્યે અને મુક્તકંઠે સ્વામીજીને સન્માન આપ્યું. સિંહલદ્વીપમાં પૂર્વે કોઈ પણ સ્વામીજીને ઓળખતું નહોતું. એ દેશ કાંઈ સ્વામીજીની જન્મભૂમિ નહોતી, તેમ ત્યાં કોઈ તેમનું પરિચિત પણ નહોતું. કોઈ તેમનો આગળનો સહવાસી તો શું પણ એ વખતે ત્યાં કોઈ બંગાલી પણ નહોતો, કે જેથી એક દેશબન્ધુ તરીકેનું પણ કંઈક આશ્વાસન મળી શકે ! એ ઉપરાંત લંકાદ્વીપનાં મોટાં મોટાં શહેરોમાં એક સ્થાનેથી બીજે સ્થાને જવાની જોઈએ તેવી સગવડ કે લોકોની બહુ આવજાવ પણ નહોતી, કે જેથી સ્વામીજીના સમાચાર સામાન્ય જનસમાજને સરલતાથી મળતા રહે; છતાં પણ તેમનો જે ભવ્ય સમારોહસહિત સર્વત્ર સત્કાર થયો, એ ખરેખર આશ્ચર્યકારક ગણી શકાય. સિંહલપ્રવાસના થોડાજ દિવસોમાં પોતાના સરલ સ્નેહી સ્વભાવ

અને જ્ઞાનપ્રભાવથી ત્યાંના લોકોમાં સ્વામીજીની એવી ઉત્તમ છાપ પડી ચૂકી હતી કે, ત્યારપછી થોડા સમયને અંતરે ‘શ્રીરામકૃષ્ણ મિશન” ના સ્વામી શિવાનંદજીએ એ દેશમાં જઇને થોડા દિવસો સુધી ધર્મપ્રચારનું કાર્ય કર્યું, ત્યારે લોકોના સ્વામીજી પ્રત્યેના પૂજ્યભાવને યોગે એક ‘વિવેકાનન્દસભા’ની પણ ત્યાં સ્થાપના થઇ ચૂકી છે.

જાફ્નાનું વ્યાખ્યાન સમાપ્ત થયા પછી સ્વામીજી હિન્દુસ્તાનમાં આવવાની તૈયારીઓ કરવા લાગ્યા. જાફ્નાથી જલમાર્ગે જતાં પચાશ માઇલનો રસ્તો છે. એ જલપ્રવાસને માટે એક દેશી વહાણ ભાડે ઠરાવવામાં આવ્યાં; અને એજ દિવસે રાત્રિના બાર વાગ્યા પછી સ્વામીજીએ અને તેમના અનુસંગી જનોએ વહાણપર આરોહણ કરીને લોકોના જયઘોષ વચ્ચે ભારતની દિશામાં પ્રયાણ કર્યું. વાયુ અનુકૂલ હોવાથી વહાણ નાચતું કૂદતું ત્વરાથી ચાલવા લાગ્યું અને પ્રવાસી જનો આનંદથી પોતાની જન્મભૂમિ તરફ આગળ વધવા લાગ્યા. વળતે દિવસે સંધ્યાહ્ન પૂર્વેજ વહાણ પામ્બાનને બંદરે આવી પહોંચ્યું. પાછલે પહોરે એક મછવો તૈયાર કરાવીને સ્વામીજી પોતાના અનુસંગીઓ સહિત કિનારા ઉપર ઉતર્યા. સમુદ્ર તીરે સુંદર કુરજા ઉપર રામનાદ (સેતુબંધ રામેશ્વર) ના શ્રીમાન મહારાજા સાહેબ જાતે સ્વામીજીને સન્માન આપવાને પધાર્યા હતા. ડક્કાની નીચેજ વિવિધ પ્રકારનાં પુષ્પપત્રોવડે એક સુંદર મંડપ તૈયાર કરીને તેને ધ્વજાપતાકાઓવડે આલંકારિક રીતે સુશોભિત બનાવવામાં આવ્યો હતો. એ ચન્દ્રાતપ (મંડપ) નીચે એકઠી મળેલી એક મોટી સભામાં પામ્બાનવાસીઓ તરફથી શ્રીમાન નાગલિંગમ્ પિલે નામના એક સદ્‌ગૃહસ્થે એક અસરકારક માનપત્ર સ્વામીજીને વાંચી સંભળાવીને સમર્પણ કર્યું.

અભિનન્દનપત્રમાં સ્વામીજીને પોતાના ધર્માચાર્યરૂપે સંબોધીને જણાવ્યું હતું કે–“ પાશ્ચાત્ય દેશોમાં આપના ધર્મપ્રચારનું યથેચ્છ સુફલ પ્રાપ્ત થયું છે. હવે આપ કૃપા કરીને દીર્ઘકાલથી નિદ્રિત ભારતને તેની લાંબા સમયની અજ્ઞાન–મોહ–નિદ્રામાંથી જગાડવાને આપનો પ્રબલ જ્ઞાનદંડ ઘૂમાવી અમારા આ હતભાગી હિંદ દેશનો સમુદ્ધાર કરો. વગેરે ” રામનાદના રાજાસાહેબે પણ હૃદયના આવેગપૂર્વક સ્વામીજીનો ઘણી સારી રીતે સત્કાર કરીને પોતાના તરફથી એક જુદુંજ માનપત્ર પ્રદાન કર્યું; જેના પ્રત્યુત્તરમાં સ્વામીજી તરફથી નીચે પ્રમાણે એક ટુંકું વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

पाम्बानना मानपत्रनो प्रत्युत्तर.

આપણી પવિત્ર માતૃભૂમિ તે ધર્મ અને તત્ત્વવિદ્યાની પણ માતૃભૂમિ છે. મહાન ધર્મવીર અને અસામાન્ય તત્ત્વચિંતકોની તે જન્મભૂમિ છે. એજ એક આત્મત્યાગની જ્વલંત સાધના જગાવનારી દિવ્ય ભૂમિ છે. એજ ભૂમિમાં અતિ પ્રાચીનકાલથી તે છેક વર્તમાનકાલ પર્યંત મનુષ્યની દૃષ્ટિ સામે દિવ્ય જીવનના ઉંચામાં ઉંચા આદર્શ પ્રકટ થતા રહ્યા છે. હું પાશ્ચાત્ય દેશોમાં અનેક સ્થળે ભ્રમણ કરી ત્યાંની ઘણી પ્રજા તેમજ જાતિઓના પરિચયમાં આવ્યો છું. તેમાં મારા જોવામાં આવ્યું કે પ્રત્યેક પ્રજા અને જાતિને પોતપોતાના ખાસ સ્વતંત્ર આદર્શ હોય છે. એ આદર્શજ તેમના રાષ્ટ્રીય જીવનના મુખ્ય આધારરૂપ હોય છે; અને પ્રજાના જીવનની નસેનસમાં એજ આદર્શનો મહિમા વ્યાપી રહેલો જોવામાં આવે છે. રાજનીતિ, સૈન્યબળ, યુદ્ધ,વ્યાપાર, હુન્નરઉદ્યોગ, વિજ્ઞાન કે મંત્રશક્તિ જેવો પાશ્ચાત્ય છાયારૂપ કોઇ પણ આદર્શ, ભારતના મૂલ આધારરૂપે રહેલો નથી; પણ માત્ર એક ધર્મજ તેના આધાર અને આદર્શરૂપે રહેલો છે. ધર્મજ ભારતવાસીઓનું સર્વસ્વ છે. ભારતની ભૂત, વર્તમાન અને ભાવિ સર્વોત્તમ સંપત્તિ એ ધર્મ અને તેમાં સમાએલી આધ્યાત્મિકતાજ છે; કેમકે આધ્યાત્મિક જીવન એજ ભારતનું ખરૂં જીવન છે. શારીરિક શક્તિને યોગે અનેક અદ્‌ભુત કાર્યો કરી શકાય છે એ સત્ય છે, તેમજ વિજ્ઞાનશાસ્ત્રની સહાયવડે યંત્ર વગેરેની રચના કરીને બુદ્ધિબળવડે એથી વિશેષ કાર્યો પણ કરી શકાય છે એ સત્ય છે; પરન્તુ એ શરીર અને બુદ્ધિની શક્તિ, આત્માની શક્તિ આગળ કંઇજ હિસાબમાં નથી; કેમકે આધ્યાત્મિકશક્તિ આ જગતમાં જેટલો પોતાનો પ્રભાવ બતાવી શકે છે, તેટલો બીજી શક્તિ અથવા બીજું કોઇ બળ બતાવી શકતું નથી.

આપણી હિન્દુ જાતિનો ઇતિહાસ બતાવી આપે છે કે, હિન્દુસ્તાન હમેશાં કાર્યકુશળ દેશ છે. આજે જે બહારના મનુષ્યો તરફથી 'આપણે હમેશાં વીર્યહીન ગરીબ અને આળસુ છીએ ' એવું આપણને શિક્ષણ આપવામાં આવે છે, તેમને આપણા સંબંધમાં વિશેષ જાણવાની ઘણી જરૂર છે. તેમની ભૂલભરેલી શિક્ષાનું એજ ફળ આવ્યું છે કે બીજા દેશોના લોકોમાં પણ હિન્દુઓ વીર્યહીન, બલહીન, ગરીબ આળસુ અને સુસ્ત છે, એવી સામાન્ય કહેવત થઇ પડી છે. ભારત કોઇ પણ સમયે સુસ્ત અને નિષ્ક્રિય પડી રહ્યું હોય એ વિચારનો હું કોઇ પણ રીતે સ્વીકાર કરી શકતો નથી. સ્ફુર્તિ, ક્રિયાશક્તિ અથવા કામ કરવાની ચંચળતા જેટલા પ્રમાણમાં આપણી પવિત્ર જન્મભૂમિમાં નજરે પડે છે, તેટલી આ જગતના બીજા

કોઇ પણ દેશમાં જણાતી નથી. એ કર્મપરાયણતા તેમજ સ્ફૂર્તિનો સર્વથી મોટો પૂરાવો એ છે કે આપણી પ્રાચીન અને ભવ્ય હિન્દુજાતિ હજારો વર્ષના પ્રબળ ઝંઝાવાત સહન કરવા છતાં પણ હજી સુધી પૃથ્વીની સપાટી ઉપર જેવી ને તેવી ટકી રહી છે. પોતાની ગૌરવભરેલી કારકિર્દિમાં જ્યારે જ્યારે તેને યોગ પ્રાપ્ત થયો છે ત્યારે દર વખતે કદિ પણ ક્ષય કે વિનાશ ન પામે એવું યૌવન, નવું ચેતન અને નવું જીવન પ્રાપ્ત કરે છે. એ કાર્યશકિત હિન્દુસ્તાનના ધર્મક્ષેત્રમાં સ્પષ્ટ ઝળહળી રહી છે. પણ માનવજાતિનો સ્વભાવજ એવો છે કે બીજાની ક્રિયા અથવા પ્રવૃત્તિને, તેઓ પોતાનીજ ખાસ માની લીધેલી ક્રિયાશક્તિવડે નક્કી કરે છે. માનવ પ્રકૃતિની એ ખાસિયતજ છે. પોતે જે કાર્ય કરે છે અને સારૂં સમજે છે, તેજ કાર્ય સમગ્ર જગતમાં વાસ્તવિક કાર્યરૂપે ગણાવું જોઇએ, એવી ભ્રમિત માન્યતાને લીધે બીજાની ક્રિયાના અથવા સ્ફૂર્તિના મહત્ત્વ તરફ તેનું લક્ષજ જતું નથી.

દાખલા તરીકે એક મોચી તરફ નજર કરો.તે માત્ર જોડાજ સીવી જાણે છે. તેની સઘળી ક્રિયા–કુશળતા એ જોડાની કારીગીરીમાંજ સમાઇ રહી છે. તે સમજે છે કે જોડા બનાવવા સિવાય આ જગતમાં બીજું કંઇ કામજ નથી અથવા એના જેવી ઉંચી કારીગીરીનું બીજું કામ નથી.એવીજ રીતે એક કડીઓ પત્થર, ઇંટ અને ચૂનાથી ઘર ચણવાનું કામજ આખી જીંદગી સુધી કરે છે. તેની સઘળી ક્રિયાશક્તિ એજ કાર્યમાં રોકાઇ રહી છે.જગતમાં બીજું કંઇ સમજવા કે કરવા જેવું છે, એ વાતનો વિચાર કરવા જેટલો તેને વખત મળતો નથી. આવી રીતે દરેક કામ કરનાર પોતાના કામની કુશળતાથીજ મનુષ્યમાત્રની જીંદગી અને ક્રિયાશક્તિનું માપ કરે છે. વળી હિન્દુસ્તાનને માટે ખોટો મત બાંધી બેસવાનું બીજું પણ એક કારણ છે. જ્યારે પ્રકાશનાં આન્દોલન બહુજ તીવ્ર હોય છે ત્યારે તેમને આપણે જોઇ શકતા નથી; કેમકે આપણી દ્રષ્ટિના સામર્થ્યની પણ એક સીમા છે, એ સીમાથી બહારની અતિ સૂક્ષ્મ વસ્તુને આપણે જોઇ શકતા નથી. આવીજ રીતે એ ખોટો મત બાંધનારાઓની ઓછી સમજશક્તિ પણ અહીંની વિશેષતા ન સમજી શકીને તેને કનિષ્ઠતારૂપે માની લે છે.

પણ હવે સમય આવી પહોંચ્યો છે, દુનિયાની આંખો વધારે જાગ્રત થઇ છે; અને આધ્યાત્મિક પોષણ મેળવવામાટે અધ્યાત્મવિદ્યાના ભંડારરૂપ આ ભરતભૂમિ તરફ સમગ્ર જગત જોઇ રહ્યું છે. જગતની બધી પ્રજાઓને એ આધ્યાત્મિક પોષણ આપણે ભારતવાસીઓએજ પૂરૂં પાડવાનું છે. માનવજાતિના ઉંચામાં ઉંચા આદર્શો આ દેશમાંજ વિદ્યમાન છે; અને પશ્ચિમના પંડિતો આજકાલ આપણા સંસ્કૃત સાહિત્ય અને અધ્યાત્મવિદ્યાના ક્ષેત્રમાં ચળકી રહેલા તેમજ યુગયુગાન્તરમાં ખાસ લક્ષણરૂપ બની રહેલા સનાતન આદર્શોને સમજવાનો પ્રબળ પ્રયત્ન કરી રહ્યા છે.

આજનું સુધરેલું જગત જેને ઇતિહાસ કહે છે, એ ઇતિહાસના (એટલે કે હિંદની પડતીના) સમયથી તે આજ સુધીમાં હિન્દુસ્તાનનો કોઇ પણ ધર્મપ્રચારક હિન્દુધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરવામાટે હિન્દુસ્તાનની હદ છોડીને બહાર ગયો નથી, પણ હવે એક અદ્‌ભુત ફેરફાર આપણને ઘેરી લેવા લાગ્યો છે.શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, જ્યારે જ્યારે ધર્મની શક્તિ દબાઇ જાય છે અને અધર્મનીતિ ચોતરફ વ્યાપીને પ્રબળ થઇ પડે છે, ત્યારે હું જગતને મદદ કરવાને વારંવાર અવતીર્ણ થાઉં છું; અને ધર્મનું પરિત્રાણ તથા અધર્મનો વિનાશ કરીને ધાર્મિક જગતનું કલ્યાણ કરૂં છું. ધાર્મિક ચર્ચા અને શોધખોળ ઉપરથી સિદ્ધ થઇ ચૂક્યું છે કે, જગતના જે કોઇ દેશમાં નીતિના ઉત્તમ સિદ્ધાંતો નજરે પડે છે, તે બધા આપણી પાસેથીજ ગ્રહણ કરેલા છે; તેમજ જગતના કોઇ પણ ધર્મમાં આત્માની અમરતા વિષે જે સારા વિચારો નજરે પડે છે, તે પણ બધા આડકતરી રીતે આપણા દેશમાંથીજ ત્યાં ગએલા છે.

છેલ્લી ઓગણીસમી સદીના પાછલા ભાગમાં નબળા અને ગરીબ લોકો ઉપર નિષ્ઠુર અને બળવાન લોકોનો જેવો જૂલમ ચાલી રહ્યો હતો; અને બિલકુલ બેપરવાઇથી બળવાન લોકો નિર્બળ જનો ઉપર જેવી ભયંકર લૂંટફાટ ચલાવી રહ્યા હતા, તેવી સ્થિતિ જગતના ઇતિહાસમાં બીજે કોઇ પણ ઠેકાણે નજરે પડતી નથી. દરેક માણસે જાણવું જોઇએ કે પોતાની ઇચ્છા અને વાસના વશ કર્યા વિના કદિ પણ મોક્ષ મળવાનો નથી.માયાના જડ બંધનમાં જે લોકો ફસી પડયા છે, તેમનો કદિ પણ એ વજ્રબન્ધનમાંથી ઉદ્ધાર થવાનો નથી. પ્રવૃત્તિના જેઓ દાસાનુદાસ છે તેઓ કદિ પણ સ્વતંત્ર કે મુક્ત બની શકતા નથી. આ મહાન સત્ય બધી પ્રજાઓ સમજવા લાગી છે; અને એ મૂલ્યવાન વસ્તુની કદર કરવા લાગી છે. શિષ્ય એ સત્યને ગ્રહણ કરવાનો અધિકાર મેળવે છે કે તરતજ તેના ઉપર ગુરૂકૃપા થાય છે અને તેને સફલતા આપનારો ગુરુમંત્ર મળે છે. પરમાત્મા સર્વ ધર્મના લોકો ઉપર અનંત દયા દર્શાવીને પોતાનાં માનવ બાળકોને હમેશાં સહાય કરે છે. એ દયાનો ઝરો કદિ પણ અટકયા વિના બધા દેશોમાં અને બધા ધર્મોમાં એકસરખો વહ્યા કરે છે. આપણો ઇશ્વિર જગતના સઘળા ધર્મોનો ઇશ્વિર છે. આ ઉદાર વિચાર સમગ્ર જગતમાં ભારતનો પોતાનોજ છે. હું ખાત્રીથી કહું છું કે જગતના બીજા કોઇ પણ ધર્મશાસ્ત્રમાં એ ઉદાર વિચાર તમે કદિપણ મેળવી શકશો નહિ.

વિધાતાના વિચિત્ર વિધાન અનુસાર આજકાલ આપણે હિન્દુઓ એક અતિ વિકટ અને નાજુક અવસ્થામાં આવી પડ્યા છીએ. પશ્ચિમની પ્રજાઓ આધ્યાત્મિક સહાય મેળવવાને માટે આપણે આંગણે આવવા લાગી છે. ભારતના સુપુત્રો

ઉપર એક મહાન ધાર્મિક કર્તવ્ય આવી પડયું છે. એ કર્તવ્ય, મનુષ્યજીવનનાં ઉંડ રહસ્યો જગતને શીખવીને જગતની સઘળી પ્રજાઓને આત્મજ્ઞાનથી આંજી નાખવાના મહાન કાર્યને માટે પોતાને સંપૂર્ણ રીતે તૈયાર કરવાનું છે. ન્યાય અને ધર્મની નજરે સમગ્ર જગતને ધર્મનું દાન અને જ્ઞાન આપવાને તેઓ બંધાએલા છે. એક બાબત ધ્યાનમાં રાખવા જેવી છે. બીજા બધા દેશોના સભ્ય અને મહાન પુરૂષો પોતાના પૂર્વજ તરીકે, પર્વતના દુર્ભેદ્ય કિલ્લામાં રહેનારા અને તક મળે ત્યારે તેમાંથી વખતે વખતે બહાર નીકળીને રસ્તે જનારા મુસાફરોને લૂંટી ખાનારા લૂંટારા જેવા અમીરોના પોતાને વંશજો કહેવરાવવામાં ઘણું અભિમાન સમજે છે; ત્યારે બીજી તરફ આપણે ભારતવાસી હિન્દુઓ, પ્રાચીન ઋષિ–મુનિ અને મહાત્માઓ કે જેઓ પર્વતની ગુફા અથવા ઝાડીઓમાં રહી વલ્કલનાં વસ્ત્રો પહેરી ફલ–મૂલ ઉપર નિર્વાહ કરીને સચ્ચિદાનન્દ બ્રહ્મના ધ્યાનમાં નિરન્તર મગ્ન રહેતા હતા, તેમના વંશમાં ઉત્પન્ન થવામાં ગૌરવ માનીએ છીએ. કાળબળે આપણી અધોગતિ થઇ છે અને પૂર્વનું પરાક્રમ આપણે ગુમાવી બેઠા છીએ; પરન્તુ ગમે તેવો અધઃપાત થયો હોવા છતાં પણ જો આપણે ધર્મને માટે ખરા અંતઃકરણથી કાર્ય કરવા લાગીએ, તો પાછા થોડાજ સમયમાં આગળના જેવા મહાન અને પ્રબળ પ્રતાપી થઇ શકીએ તેમ છે. માટે હૃદયપૂર્વક ધર્મનું અવલંબન કરો. એ ધર્મજ ભારતનો ત્રાતા છે.

તમે પ્રેમ અને ભાવપૂર્વક મને જે માન આપ્યું છે,તેને માટે હું પણ અંતઃકરણથી આભાર દર્શાવું છું; અને તમને અનેક આશીર્વાદસાથે ધન્યવાદ આપું છું. રામનાદના શ્રીમાન રાજાસાહેબે મારા જેવા એક ભિક્ષુ ઉપર જે પ્રેમ બતાવ્યો છે, તેને માટે તેમનો આભાર મારાથી શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. જો મારાથી કંઇ પણ સારૂં કામ બની શક્યું હોય તો તે બધો એ સત્પુરૂષનો પ્રતાપ હોઇને તેને માટે ભારતવાસી એમના સદાના ઋણી છે. મને ચિકાગો મોકલવાનો વિચાર પહેલો તેમનાજ મગજમાં ઉત્પન્ન થયો હતો; અને તેમણેજ અમેરિકા જઇને ધર્મસેવાનું કાર્ય બજાવવામાટે આગ્રહ અને ઉત્તેજનપૂર્વક મને અમેરિકા જવાની સગવડ કરી આપી હતી. મારી પાસે ઉભા રહીને આજે પણ તેઓ પોતાના હમેશના ઉત્સાહ અને સદ્‌ભાવપૂર્વક વધારે ને વધારે કામ કરવાના રૂડા ઉત્સાહથી મને ઉત્તેજિત કરી રહ્યા છે. હું ઇચ્છું છું કે આપણી પ્રિય માતૃભૂમિના હિતને માટે ખરી કાળજીથી કામ કરનારા અને આપણા દેશની વ્યાવહારિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિને માટે આગ્રહભરેલો ઉત્સાહ રાખનારા, આપણા દેશના બીજા જો અર્ધો ડઝન રાજા તૈયાર થાય તો આપણા ભવ્ય મનોરથ સફળ થવામાં વિલંબ ન લાગે. ૐ **तत् सत्.**

સ્વામીજીનું ભાષણ પૂરૂં થયા પછી તેઓ ગાડીમાં બેસીને રાજા સાહેબના બંગલા તરફ વિદાય થયા. ગાડી ચાલવાની તૈયારી હતી તેવામાંજ રાજાસાહેબની ઇચ્છા અને ઇશારાથી લોકોએ ધસી આવીને ગાડીના ઘોડા છોડી નાખ્યા; અને સર્વ મળીને સ્વામીજીની ગાડી શહેરમાં ખેંચી ગયા ! લોકોની સાથે રાજાસાહેબ પણ સ્વામીજીની ગાડી ખેંચવાના કાર્યમાં જોડાયા હતા ! ધન્ય છે એવા ધર્મવીર રાજાઓને કે જેઓ સત્તા, સંપત્તિ અને રાજ્યાધિકારની શ્રેષ્ટતાને પણ ધર્મના પવિત્ર ચરણમાં ઝુકાવી દઇને નિરંતર ધર્મસેવાને માટે નિરભિમાન વૃત્તિથી તત્પર રહે છે ! એવા રાજાઓને શરીરધારી મનુષ્યો નહિ પણ અવતારધારી દેવતાજ કહેવા જોઇએ. રામનાદમાં સ્વામીજીને ત્રણ દિવસ રોકવામાં આવ્યા. એ ત્રણે દિવસ એ નાના સરખા પણ શ્રદ્ધાળુ શહેરમાં આનન્દોત્સવ ઉજવાઇ રહ્યો. નજીકના પામ્બાન, રામેશ્વર વગેરે શહેરના હિન્દુ નગરજનો નિરન્તર સ્વામીજીનાં દર્શન કરવાને ટોળાંબંધ આવતા હતા અને દર્શન તેમજ વેદવચનનો પ્રસાદ મેળવી પોતાને કૃતાર્થ થયા સમજતા હતા. એ સમયમાંજ એક દિવસ સ્વામીજી સુવિખ્યાત રામેશ્વરના મંદિરમાં દર્શન કરવાને ગયા. એ વખતથી આશરે પાંચ વર્ષ અગાઉ સ્વામીજી એકવાર પગે ચાલતા યાત્રાપ્રસંગે આવ્યા હતા; પરન્તુ એ વખતે ત્યાંના લોકોમાં બિલકુલ પરિચિત નહોતા. આજે તેમનાં દર્શનને માટે ત્યાં હજારો માણસોની ભીડ જામી હતી. સ્વામીજીની ગાડી મંદિર નજીક આવી પહોંચી ત્યારે ચારેમેર મનુષ્યોની એક મોટી મેદની જામેલી નજરે પડી. હાથી, ઊંટો, ઘોડા, મંદિરના ચિત્રવાળી પતાકાઓ અને ત્રાંસાં, નગારાં વગેરે દેશી વાજીંત્રોની ચારેમેર ધૂમ મચી રહી હતી.ભગવાન રામેશ્વરની કૃપાથી રામેશ્વરના લોકોને આજે સ્વામીજીનાં દર્શન થયાં છે, એમ સમજીને આસપાસના બધા લોકો સ્વામીજીનો હૃદયપૂર્વક સત્કાર કરવાને એકઠા મળ્યા હતા. મંદિરમાં પ્રવેશ કર્યા પછી યોગ્ય આસનપર બેસાડીને મંદિરના હીરા, રત્ન, મણિ, માણેક, મોતી વગેરે ઝવેરાતના અલંકારો સ્વામીજીને તેમજ તેમના શિષ્યોને બતાવવામાં આવ્યા. મંદિરમાં ચારેમેર ફરીને તેની અદ્ભુત કારીગીરી દેખાડવામાં આવી. મંદિરના હજારો સ્તંભ ઉપર સ્થાપિત કરેલી સુંદર કોતરકામની મૂર્તિઓ જોઇને સ્વામીજીનું મન પ્રસન્ન થયું. બધી તરફ ફરીને સમગ્ર મંદિરનું નિરીક્ષણ કરી લીધા પછી મંદિરના વિશાળ ચોગાનમાં તેમને માટે ખાસ તૈયાર કરવામાં આવેલા આસનપર તેમને બેસાડવામાં આવ્યા અને એકઠા થએલા લોકોને વચનામૃતનું પાન કરાવવાની તેમને પ્રાર્થના કરવામાં આવી. સ્વામીજી પોતાનું ભાષણ ઇંગ્રેજીમાં આપતા હતા અને મહાશય નાગલિંગમ્ તામિલ ભાષામાં તરજુમો કરીને, પોતાના દેશવાસી શ્રદ્ધાળુ શ્રોતાઓને સ્વામીજીના ઉપદેશનો અર્થ સમજાવતા હતા.

भक्तिनुं खरुं स्वरूप.

(શ્રી રામેશ્વરના મંદિરમાં આપેલું વ્યાખ્યાન.)

ખરો ધર્મભાવ હૃદયના પ્રેમમાં રહેલો છે; બહારની ક્રિયાઓ અથવા અનુષ્ઠાનમાં નહિ. હૃદયના પવિત્ર, નિઃસ્વાર્થ અને નિષ્કપટ પ્રેમભાવમાંજ ધર્મનો નિત્ય નિવાસ છે. જ્યાંસુધી શરીર અને મન તદ્દન નિર્મલ અને પવિત્ર ન થાય ત્યાંસુધી મંદિરમાં આવીને શિવનાં દર્શન કે શિવની પૂજા કરવાથી કંઇ પણ ફળ મળતું નથી. જેમનાં શરીર અને મન વિશુદ્ધ હોય છે તેમનીજ પ્રાર્થના શિવજી સાંભળે છે; અને તેમનીજ સેવા–પૂજા સ્વીકારે છે. વળી જેઓ પોતે તન–મનથી અપવિત્ર હોવા છતાં બીજાને ધર્મનું શિક્ષણ આપવા જાય છે, પોતે વિકારી હોવા છતાં બીજાના ધર્મગુરૂ થવા ચહાય છે, તેમનો સઘળો પ્રયાસ વ્યર્થ જાય છે અને અંતે તેમની દુર્ગતિ થાય છે. બહારની પૂજા–ઉપાસના તો માત્ર માનસિક પૂજાની સંજ્ઞારૂપજ હોઇને, શુદ્ધ માનસપૂજા અને તન–મનની પવિત્રતાજ ખરી દેવપૂજા છે. એજ ખરી વસ્તુ છે. તેના વિના બહારની પૂજા અને બહારનો આડંબર વૃથા છે. એ બધી ઉપયોગી વાતો તમારે સર્વદા સ્મરણમાં રાખવી. ત્યારેજ પૂજા–ઉપાસના અને ધર્માચરણ સફળ થાય છે. આ કરાલકલિકાલમાં લોકોના વિચારો એટલા બધા હલકા થઇ ગયા છે કે પોતાની મરજી પ્રમાણે ફાવે તેમ વર્તીને, પછી એક વખત્ તીર્થના પવિત્ર જળમાં નાહી લેવાથી તેમનાં સઘળાં પાપ ધોવાઇ જતાં હોય એમજ તેઓ માને છે; પરંતુ પાપ કંઇ એમ ધોવાતાં નથી. જો કોઇ મનુષ્ય અપવિત્ર મનસહિત તીર્થ–મંદિરમાં જાય તો તેણે કરેલાં પાપોમાં ઉલટી વૃદ્ધિ થાય છે; અને ત્યાં બીજા માણસોનાં જે પાપ હોય તેમનો બોજો પણ તેમની ગરદનપર આવી પડે છે. આમ થવાથી ઘર છોડતી વખતે જેટલાં પાપોનો તેના શિરપર પોટલો હતો, તેના કરતાં તીર્થયાત્રા કરીને વધારે પાપોનો બોજો લઇને તેઓ ઘેર પાછા ફરે છે. તીર્થસ્થળોમાં પવિત્ર સાધુપુરૂષો વાસ કરે છે, તેમજ બીજી બધી પવિત્ર વસ્તુઓજ હોય છે; અને એવી બધી જાતની પવિત્રતા હોવાથીજ તીર્થનો મહિમા છે. કોઇ અમુક સ્થળે પવિત્ર સાધુ-સંતો રહેતા હોય અને ત્યાં મંદિર ન હોય તોપણ તેને તીર્થસ્થળજ સમજવું જોઇએ. જગતમાં તીર્થસ્થળ ગણાતાં કોઇ અમુક સ્થાનમાં સેંકડો મંદિરો હોવા છતાં, જો ત્યાં અપવિત્ર મનુષ્યોજ રહેતાં હોય તો તે સ્થળનો મહિમા, તેનું 'તીર્થત્વ'–જતું રહે છે. તીર્થસ્થળમાં નિવાસ કરવો એ પણ ઘણું કઠિન અને સાવચેતી રાખવાનું કામ છે; કેમકે +અન્યત્ર કરેલાં પાપોનો તીર્થક્ષેત્રમાં ક્ષય થાય

+ " अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥ "

છે, પણ તીર્થમાં કરેલાં પાપો તો વજ્રમય બની જાય છે. સઘળા પ્રકારની પૂજા-ઉપાસના અને તીર્થયાત્રાનો એજ સાર અને એજ હેતુ છે, કે શુદ્ધચિત્ત બનીને બીજાનું કલ્યાણ કરવું. જે પુરૂષ ગરીબોમાં, નિર્બલમાં, રોગી અને અનાથ લોકોમાં સાક્ષાત્ શિવમૂર્તિનાં દર્શન કરી શકે છે, એજ શિવનો ખરો પૂજારી છે. એજ સાચો ભક્ત છે. તેની પૂજા–ઉપાસના સર્વથા સફલ થાય છે. જે મનુષ્ય માત્ર લિંગ કે પ્રતિમામાંજ શિવની મૂર્તિ કલ્પીને તેની પૂજા કરે છે, તે માત્ર પ્રાથમિક ઉપાસકજ છે. તેની ભક્તિ અને પૂજાની હજુ શરૂઆતજ છે. જે મનુષ્ય જાતિ, ધર્મ, કોમ કે દેશના ભેદનો લેશ પણ વિચાર ન કરતાં દરેક ગરીબ અને દુઃખી મનુષ્યમાં શિવને સાક્ષાત્ બેઠેલા જોઇને તેને હૃદયપૂર્વક સહાય કરે છે, તેના ઉપર શિવજી, માત્ર તેમને મંદિરની મૂર્તિમાંજ જોઇ શકનારા મનુષ્ય કરતાં વિશેષ પ્રસન્ન થાય છે.

એક શ્રીમાન મનુષ્યનો એક બાગ હતો અને તે બાગની સંભાળ રાખનાર બે માળી હતા. એ બે માળીમાંનો એક ઘણો આળસુ અને હરામખોર હતો. તે કંઇ કામ કરતો નહોતો, પણ જ્યારે જ્યારે તેનો શેઠ બાગમાં આવે ત્યારે એ પ્રમાદી માણસ તરતજ તેમની પાસે જઇ હાથ જોડી ખુશામત કરતો કે-વાહ, મારા શેઠ સાહેબનો ચહેરો કેવો સુંદર છે ? ! તેમનો કેવો ગુણપ્રભાવ છે ? ! વગેરે પ્રશંસાવાક્યો બોલી પોતાના શેઠની સામે આનંદથી નાચવા લાગતો ! બીજો માળી એવી કશી ખુશામત—બક બક નહોતો કરતો. એ તો માત્ર પોતાના બગીચામાં સખત મહેનત કરીને વિવિધ પ્રકારનાં ફલ–ફૂલ,શાક–પાન ઉત્પન્ન કરતો અને સ્વાદિષ્ટ તથા સુંદર ફલ–મૂલ તેમજ શાક–ભાજી પોતાને સાથે ઉંચકીને ઘણે દૂર આવેલા પોતાના શેઠના ઘર સુધી જાતે જઇને પહોંચાડી આવતો. આ બે માળીઓમાં કોના ઉપર તેનો શેઠ વિશેષ પ્રસન્ન થશે ? કહો જોઇએ ! એ બેમાં કયો માળી પોતાના પ્રભુની અધિક પ્રીતિ સંપાદન કરશે ? શિવ બગીચાના માલીક છે અને આ જગત તેમનો બાગ છે, આ બાગમાં પણ એવાજ બે પ્રકારના માળી કામ કરે છે. એક પ્રકારના માળી આળસુ, ઢોંગી, બહારના પોકળ આડંબરવાળા અને માત્ર મોંની વાતો કરનારા છે. તે કંઇ સંગીન કામ કરતા નથી. તેઓ માત્ર પ્રતિમાની સામે અથવા શિવલિંગની સામે હાથ જોડીને નાચ–કૂદ કરી મૂકે છે. શિવનાં સુંદર નેત્રો, છટાદાર નાસિકા અને બીજાં અંગ પ્રત્યંગોનાં ગુણગાન કરે છે; ફક્ત મોઢાનાં લુખ્ખાં વખાણો કરે છે પણ બીજા પ્રકારના પ્રમાણિક માળીઓ પોતાના હૃદયનાં ભાવ–પુષ્પો ચૂંટીને, સત્કર્મરૂપી ફલ–મૂલ એકઠાં કરીને જગતની મંગલ કામનારૂપી શાક–પાનનો ટોપલો ભરીને પોતાના સ્વામીના આ વિશાળ વિશ્વમંદિરમાં જાતે પહોંચાડી આવે છે; તેમજ પોતાના શિવ સ્વામીનાં બધાં ગરીબ બાળકોની–દુઃખી અને નિર્બળ બાળકોની–પ્રાણીમાત્રની અને સમગ્ર

સૃષ્ટિની સ્નેહપૂર્વક સેવા ઉઠાવે છે. દિવસ અને રાત તેમની સંભાળ લે છે. ત્યારે કહો જોઇએ, એ બે વર્ગના માળીઓમાં શિવજીના સ્નેહભાગી–પોતાના સ્વામીના વિશેષ પ્રેમના અધિકારી–કયા વર્ગના લોકો થઇ શકશે? અવશ્ય એજ લોકો પ્રભુને પ્રિય થઇ પડશે, કે જેઓ પ્રાણતોડ પરિશ્રમ ઉઠાવીને તથા પ્રભુનાં બાળકોની હૃદયપૂર્વક તન, મન અને ધનથી સંગીન અને વ્યાવહારિક સેવા બજાવે છે! જેઓ પિતાને પ્રસન્ન કરવા ચાહતા હોય તેમણે તેનાં સંતાનોની સેવા પ્રથમ કરવી જોઇએ; તેમ જેઓ શુદ્ધ ભાવથી શિવની સાચી પૂજા કરવા ચાહતા હોય તેમણે એજ શિવજીની સંતતિરૂપ આ સૃષ્ટિના સહાયપાત્ર પ્રાણિમાત્રની પ્રેમથી સેવા ઉઠાવવી જોઇએ. સાક્ષાત્ શિવની સેવાની પણ અગાઉ શિવના સાક્ષાત્ સંતાનરૂપ આ જગતના દીન દરિદ્રી અને દુ:ખી જીવોની તન, મન, ધનથી સેવા કરવી જોઇએ. માટે તમે આ વાત ખાસ લક્ષમાં રાખજો. હું તમને એજ તત્ત્વ પુનઃ પુનઃ કહી સંભળાવું છું કે, જો તમારે શિવના ખરા ઉપાસક થવું હોય, જો તમારે પ્રભુનો પ્રેમ અને પ્રસન્નતા પ્રાપ્ત કરવાં હોય તો મનસા,વાચા,કર્મણા પવિત્ર બનીને જે કોઇ દુ:ખી મનુષ્ય તમારી સહાય કે આશરો લેવા ઇચ્છે તેને કશા પણ સંકોચ વિના મદદ કરો. આજ સાચી સેવા છે અને આજ સત્કર્મ છે. એ પવિત્ર કર્મના પ્રભાવે પ્રભુની સમીપ જવા માટેનું મુખ્ય સાધન અવશ્ય સિદ્ધ થશે; અને તેમ થતાં પ્રત્યેક પ્રાણીમાં વસી રહેલી સાક્ષાત્ શિવમૂર્તિનાં તમને દર્શન થશે–ઘટઘટમાં જાગી રહેલી પરમજ્યોતિનો તમને સાક્ષાત્કાર થશે. પરમાત્મા કંઇ દૂર દેશમાં રહેતો નથી, તે તો પ્રાણીમાત્રના હૃદયસિંહાસન ઉપર વિરાજી રહ્યો છે. જીવમાત્રનું હૃદય શિવજીનું કૈલાસ–મંદિર છે. માટે શિવના મંદિરરૂપ આપણા હૃદયને પવિત્ર રાખી જીવમાત્રના હૃદયમાં બિરાજેલી સાક્ષાત્ શિવમૂર્તિની શ્રદ્ધા અને સદ્ભાવવડે સેવા કરવી જોઇએ. જો દર્પણના કાચ ઉપર ધૂળ અને કાદવ ચોટેલાં હશે તો તેમાં આપણે સ્પષ્ટ રીતે આપણી છબી જોઇ શકીશું નહિ. એવીજ રીતે આપણા હૃદયદર્પણ ઉપર અજ્ઞાન, પાપ અને પશુવૃત્તિના થર જામેલા છે. એ કાદવ–કચરાની પ્રબલ આડને લીધે હૃદયમંદિરમાં બિરાજેલી પ્રભુમૂર્તિનાં દર્શન આપણે કરી શકતા નથી. સર્વથી મોટું પાપ, સર્વથી અધમ દોષ અથવા કચરો તે આપણો તુચ્છ સ્વાર્થ છે. આપણો પોતાનોજ હમેશાં વિચાર કરીને–જાણે આખું જગત આપણે માટેજ સરજાયું હોય એમ સમજીને, જે મનુષ્ય એમ ધારે છે કે બધાંની પહેલાં હું મારૂંજ પેટ ભરી લઉં; બીજાના કરતાં હુંજ પૈસા એકઠા કરી લઉં; જે કંઇ નજરે પડે તે બધુંજ ઝાડી ઝાપટી, ઝૂંટવીખૂંચવીને મારા ઘરના ખૂણામાં ભરી દઉં; આથી તે નીચ વિચાર અને અધમ બુદ્ધિ બીજી કઇ હોઈ શકે? વળી જે ધારે છે કે બીજાના કરતાં હું વહેલો વહેલો સ્વર્ગે ચાલ્યો જાઉં અને બીજા બધાથી આગળ હું વહેલો વહેલો

મુક્તિ મેળવી લઉં, તે માણુસ એટલોજ સ્વાર્થી અને હલકો છે. જે ખરો નિઃસ્વાર્થી મનુષ્ય છે, તે તો પ્રસન્નતાપૂર્વક બીજાને પોતાની આગળ રસ્તો કરી આપીને કહે છે કેઃ—"ચાલો, આનંદથી આગળ વધો; હું તમારી બધાની પછવાડે રહીશ. જો સ્વર્ગનો ત્યાગ કરવાથી અથવા ઘોર નરકમાં જવાથી પણ મારા ભાઇઓની મારાથી કંઇ પણ સેવા કરી શકાય તો હું ઘણી ખુશીથી નરક યાતના પણ ભોગવીશ. હું સ્વર્ગની લેશ પણ દરકાર કરતો નથી." આવી ઉદાર નિઃસ્વાર્થ વૃત્તિજ વિશાળ માનવહૃદયના ધર્મની કસોટી છે. એવી નિઃસ્વાર્થ વૃત્તિ જેનામાં જેટલે અંશે વિશેષ હશે, તેટલે અંશે તે વિશેષ ધાર્મિક છે; અને શિવની વધારે સમીપ જઇ પહોંચે છે. તે વિદ્વાન હોય કે મૂર્ખ હોય, તે શ્રીમાન હોય કે સામાન્ય હોય અને તે પોતે જાણુતો હોય કે ન જાણુતો હોય; તોપણ બીજા બધા કરતાં તે શિવની વધારે સમીપ પહોંચી જાય છે. બીજા બધાની અગાઉ તે પ્રભુપ્રાપ્તિ કરી શકે છે. પોતાના અધમ સ્વાર્થમાંજ રચ્યો પચ્યો રહેનારો મનુષ્ય કદાચ દુનિયાનાં બધાંજ દેવમંદિરોમાં ફરી વળતો હોય, તીર્થયાત્રાનાં બધાં સ્થળોમાં ભટકી આવ્યો હોય; અને ટીલાં ટપકાંથી પોતાના શરીરને ભલે એક વાઘ કે ચિત્તા જેવું અટાપટાવાળું બનાવતો હોય; તોપણ નક્કી સમજવું કે તે શિવના પ્રદેશથી ઘણો દૂર છે. શિવના ખરા મંદિરની હજી તેને જરાપણ ઝાંખી થઇ નથી ! માટે યથાર્થ શિવપૂજા કરીને કૃતાર્થ થાઓ. ॐ शान्तिः ।

स्वामीजीनो स्मरणस्तंभ.

પાશ્ચાત્ય પ્રદેશોમાં ધર્મપ્રચારનું કામ પરિસમાપ્ત કર્યા પછી પોતાની જન્મભૂમિ ભારતમાં પુનરાગમન કરતી વખતે પહેલવહેલું તેમણે પામ્બાનમાં પદાર્પણ કર્યું હતું. એ પ્રસંગના સ્મરણમાટે રામનાદના રાજા સાહેબે એક સુંદર સ્મરણસ્તંભ ઉભો કરાવ્યો છે. એ સ્તંભમાં જે હકીકત કોતરવામાં આવી છે તેનો અત્ર અનુવાદ આપવામાં આવે છે.

" પાશ્ચાત્ય પ્રદેશમાં વેદાન્ત ધર્મનો પ્રચાર કરવાના પોતાના પવિત્ર કાર્યમાં અપૂર્વ સફલતા મેળવ્યા પછી સ્વામી વિવેકાનંદ પોતાના ઇંગ્રેજ શિષ્યોસહિત પાછા ભારતમાં પધાર્યા; એ વખતે તેમણે પહેલવહેલાં જે સ્થાને પગલાં કર્યાં, તે પવિત્ર સ્થાનમાં રામનાદના રાજા શ્રી ભાસ્કર સેતુપતિએ આ સ્મરણસ્તંભ બંધાવેલો છે. "

પામ્બાન એ હિન્દુસ્તાનની નજીકનો નાનો સરખો એક બેટ છે, ત્યાંથી વહાણની મુસાફરીદ્વારા સ્વામીજી હિન્દુસ્તાનના કિનારાપર ઉતર્યા. ત્યાં રામનાદના

રાજા સાહેબના અન્નક્ષેત્રમાં ભોજનાદિથી પરવાર્યા પછી તિરૂપિલ્લાની નામક સ્થાને પહોંચતાં ત્યાંના રહીશોએ સ્વામીજીને થોડો સમય રોકીને તેમનો સત્કાર કર્યો. પાછો પ્રવાસ શરૂ થયો. સંધ્યા થતાં થતાંમાં તો રામનાદ નજરે પડવા લાગ્યું. કિનારે ઉતર્યા પછી સ્વામીજી બેલગાડીમાં બેસીને મુસાફરી કરતા હતા; પરન્તુ રામનાદની નજીક પહોંચ્યા પછી તેમને એક મછવામાં બેસીને મોટા તળાવને સામે પાર જવું પડયું. દક્ષિણના પ્રદેશોમાં એવાં તળાવો ઠામ ઠામ આવેલાં છે. રામનાદના એ મોટા તળાવને કાંઠે સ્વામીજીનો સત્કાર કરવામાટે લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. એ વિશાળ જનસમુદાયના અગ્રેસર રામનાદના રાજા સાહેબ પોતે હતા, તેમણે સ્વામીજીનો ઘણા માનસહિત સત્કાર કરીને રામનાદના પ્રતિષ્ઠિત પુરૂષો સાથે પરિચય કરાવ્યો, ત્યાંથી તેઓ બધા સ્વામીજીની સાથે શહેર તરફ વળ્યા. શહેરની નજીક આવતાંજ સ્વામીજીના માનમાં તોપોના ગગનભેદી ધડાકા થવા લાગ્યા. એ વખતે સ્વામીજીને તેમના મુસાફરીના વાહનપરથી ઉતારી રાજા સાહેબની ગાડીમાં બેસાડવામાં આવ્યા હતા.

સ્વામીજીની આસપાસ રાજાના ભાઇ વગેરે રાજાના અંગરક્ષકો ગોળવર્તુળમાં બિરાજ્યા હતા. ગામમાં આવ્યા પછી બધા નીચે ઉતરીને પગે ચાલવા લાગ્યા. રાજા સાહેબ પણ એકઠા થએલા લોકોના નેતારૂપે સ્વામીજીની પાછળ પાછળ ચાલવા લાગ્યા. રસ્તાની બન્ને બાજુએ તેજસ્વી મશાલો પ્રકટી રહી હતી અને દેશી તેમજ વિલાયતી બન્ને પ્રકારનાં વાજીંત્રો જોરશોરથી વાગી રહ્યાં હતાં. તેઓએ મછવામાંથી ઉતર્યા પછી નગરમાં પ્રવેશ કર્યો ત્યાંસુધી બેન્ડ વાજું વાગતું હતું; અને તેમાં–“ જુઓ, વગડાવીને ડંકા, વિજેતા વીર આવે છે ! ” એ ગાયન મુખ્ય ગાવામાં આવ્યું હતું. અર્ધા રસ્તાસુધી એ પ્રમાણે ચાલ્યા પછી રાજા સાહેબના અત્યાગ્રહથી તેમને એક સુંદર પાલખીમાં બેસાડવામાં આવ્યા. એ પ્રમાણે તેઓ રાજાના શંકરવીલા નામના મોટા મહેલમાં આવી પહોંચ્યા. થોડો સમય એ સુંદર સ્થળમાં વિશ્રામ લીધા પછી રામનાદના વિશાળ વ્યાખ્યાનમંદિર તરફ બધા લોકોની સાથે વિદાય થયા. સ્વામીજીના આગમન અગાઉજ એ સ્થળે લોકોની બહુ મોટી ભીડ જામી રહી હતી. સ્વામીજીને નજરે દેખતાંજ તેઓએ મોટે અવાજે જયઘોષ કર્યો. ત્યાર પછી યથારીતિ યોજેલા સુંદર આસનપર સ્વામીજીને પધરાવી રાજા સાહેબે સ્વામીજીના ગુણાનુવાદ અને હૃદયના ભાવપૂર્વક પ્રશંસા કર્યા પછી, પોતાના ભાઇ શ્રીમાન રાજા દિનકર સેતુને સ્વામીજીને માટે તૈયાર કરવામાં આવેલું માનપત્ર વાંચી સંભળાવવાની આજ્ઞા કરી. માનપત્ર પૂરૂં વંચાઇ રહ્યા પછી તેને એક સુંદર કારીગીરીવાળા ચાંદીના દાબડામાં મૂકીને તે સન્માનપૂર્વક સ્વામીજીને સમર્પણ કરવામાં આવ્યું. એ માનપત્રનો અનુવાદ હવે પછી આપવામાં આવે છે.

* * *

रामनादनुं मानपत्र अने तेनो उत्तर.

શ્રીમત્ પરમહંસ યતિરાજ, દિગ્વિજયકોલાહલ, સર્વમતસંપ્રતિપન્ન, પરમયોગીશ્વર, શ્રીમદ્ ભગવચ્છ્રીરામકૃષ્ણપરમહંસકરકમલસંજાત, રાજાધિરાજ–સેવિત શ્રીવિવેકાનંદસ્વામિપૂજ્યપાદેષુ:—

સ્વામિન્ !

આ અતિ પ્રાચીન અને ઐતિહાસિક સંસ્થાન શ્રી સેતુબંધ રામેશ્વર જેને રામનાથપુર અથવા રામનાદ તરીકે ઓળખવામાં આવે છે; ત્યાંના અમે સર્વ અધિવાસી જનો આ પવિત્ર માતૃભૂમિમાં આપનું સાદર સ્વાગત કરીએ છીએ. જે સ્થાનને મહાન ધર્મવીર, આપણા પરમભક્તિભાજન, રઘુકુળતિલક પ્રબલ પ્રતાપી પ્રભુ શ્રી રામચંદ્રે, પોતાના પવિત્ર પદાર્પણથી પ્રાચીનકાળમાં પાવન કરેલું છે, એજ સ્થાને આપને આ ભારતભૂમિમાં પ્રથમ પદાર્પણ કરતી વખતે અમારા હૃદયની શ્રદ્ધા–ભક્તિ સમર્પણ કરવાને અમે સમર્થ થયા છીએ; એથી અમને પોતાને અમે પરમ સૌભાગ્યશાળી સમજીએ છીએ.

આપણા પુરાણપ્રસિદ્ધ મહાન સનાતનધર્મનું ખરેખરૂં મહત્ત્વ અને તેની ઉત્તમતાની દઢ છાપ પશ્ચિમના સર્વશ્રેષ્ઠ પંડિતોના હૃદયોમાં અંકિત કરવામાટે આપે જે ભગીરથ પ્રયત્ન કર્યો છે; તેની શતમુખે પણ પ્રશંસા થઇ શકે તેમ નથી. એ પવિત્ર પ્રયત્નોમાં આપને સંપૂર્ણ સફલતા મળેલી હોવાથી અમારા હૃદયને નૈસર્ગિક અભિમાન અને અત્યાનંદ પ્રાપ્ત થાય છે. આપે અપ્રતિમ છટાથી સ્વચ્છ અને સરલ ભાષામાં યૂરોપ અને અમેરિકાના વિદ્વાન શ્રોતાઓને ડંકો વગાડીને જાહેર કર્યું છે, તેમજ તેમની ખાત્રી કરી આપી છે કે, હિન્દુધર્મજ વિશ્વના એક સામાન્ય ધર્મના આદર્શરૂપ છે. સમગ્ર જગતના એક સામાન્ય ધર્મનું પદ પ્રાપ્ત કરવામાટે જે ઉદાર વિચારો અને મહાન તત્ત્વોની જરૂર છે, તે બધાં ભારતના મહાન ધર્મમાંજ વિદ્યમાન છે; તેમજ એ હિન્દુધર્મજ જગતની બધી જાતિ અને બધા ધર્મોના આબાલવૃદ્ધ સર્વ સ્ત્રી પુરૂષોને પરમ ઉપયોગી છે. તેમના સ્વભાવને અનુસરતી રીતે તેમની સઘળી જરૂરિયાતોને એજ ધર્મ પૂરી પાડી શકે તેમ છે. સ્વાર્થરહિત ધર્મવૃત્તિની પવિત્ર પ્રેરણાથી ઉત્તેજિત થઇને ઉંચા અને ઉદાર હેતુઓપુર્વક પ્રબલ સ્વાર્થત્યાગ દર્શાવીને આપે સાત સમુદ્ર અને સીત્તેર નદીઓની પેલી પાર આવેલા ઐશ્વર્યશાલી યૂરોપ અને અમેરિકાની પ્રજાઓને મહાન સત્ય અને શાન્તિનો સંદેશો પહોંચાડયો છે; અને એ મહાન દેશોમાં ભારતના આધ્યાત્મિક વિજયમહિમાનો પ્રચંડ ધ્વજ સ્થાપિત કર્યો છે. આપશ્રીએ ઉપદેશ અને

દૃષ્ટાન્તથી ઉભય રીતે સમગ્ર વિશ્વમાં ભ્રાતૃભાવ રાખવાની આવશ્યક્તા અને સરલતાભરેલી અનુકૂળતા સિદ્ધ કરી આપી છે. એ ઉપરાંત પશ્ચિમમાં આપના પ્રબલ પુરૂષાર્થથી આડકતરી રીતે હિન્દના અર્વાચીન ઉદાસ અને અક્રિય સંતાનોના હૃદયમાં, પોતાના પૂર્વજોના ધર્મનું મહત્ત્વ અને તેનો પ્રભાવ પ્રબલ ભાવે આપે જાગ્રત કર્યો છે, તેમજ તેમના કર્મહીન જીવનમાં પોતાના પ્રિય અને અમૂલ્ય ધર્મના નિરીક્ષણ તથા અભ્યાસની રૂચિ અને પ્રીતિ પ્રકટ કર્યાં છે.

આ પ્રકારે પૂર્વ અને પશ્ચિમ બન્ને બાજુના દેશોમાં ધર્મના પુનરૂત્થાનમાટે જે નિઃસ્વાર્થ અને પ્રબલ પુરૂષાર્થ કર્યો છે, તેને માટે અમારો આભાર અને લાગણી દર્શાવવામાટે ભાષામાં પૂરતા શબ્દો પણ નથી. અમારા માન્યવર રાજા સાહેબ જે આપના એક ચુસ્ત શિષ્ય છે, તેમના ઉપર આપ જે અપૂર્વ પ્રેમ અને મમતા દર્શાવતા રહ્યા છો, તેનો પણ અત્ર ઉલ્લેખ કર્યા વિના આ માનપત્ર અપૂર્ણ રહી જાય તેમ છે. આપે અનુગ્રહ કરીને ભારતમાં આવીને પહેલવહેલાં પગલાં તેમના રાજ્યમાં કર્યાં, એથી અમારા નરેશ પોતાને અતુલ માન અને ગૌરવ મળેલું સમજે છે, તેમજ પોતાને કૃતાર્થ થયા માને છે.

ઉપસંહાર કરતી વખતે અમે સર્વશક્તિમાન પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે, જે કલ્યાણ કાર્ય આવી સુંદર રીતે આપે આરંભ્યું છે; તેને ચાલુ રાખવામાટે તેઓ આપને લાંબુ આયુષ્ય, નિરોગી શરીર અને અતુલ બળ આપે. આપના પરમભક્ત અને આજ્ઞાકારી શિષ્યો સંપૂર્ણ શ્રદ્ધા અને પ્રેમસહિત આપને આ માનપત્ર સમર્પણ કરે છે.

રામનાદ, તા. ૨૫ મી જાન્યુઆરી, ૧૮૯૭.

આ માનપત્રનો સ્વામીજીએ જે સવિસ્તર ઉત્તર આપેલો છે, તેનો અનુવાદ નીચે પ્રમાણે છેઃ—

ભારતભૂમિપર આવી પડેલી લાંબી રાત્રિ પૂરી થતી જણાય છે. મોટી મુશ્કેલી અને મહાન દુઃખોનો અન્ત આવતો હોય એમ લાગે છે. મોહાધીન મુડદું જાણે ફરીથી જીવન મેળવીને જાગ્રત થતું હોય એમ જણાય છે! ઇતિહાસની વાત તો દૂર રહી, પરન્તુ દંતકથાઓ પણ જેના ગાઢ અંધકારને ભેદી શકે એમ નથી, એવા અતિ પ્રાચીનકાલમાંથી આવતી દિવ્ય વાણી સંભળાવા લાગી છે. જ્ઞાન, ભક્તિ અને કર્મના એક અનંત હિમાલયરૂપ આપણી જન્મભૂમિ ભારતના દરેક શિખરમાં પડઘા પાડતી એ પવિત્ર વાણી, મૃદુ, દૃઢ તેમજ સ્પષ્ટ ભાષામાં પોતાનું વક્તૃત્વ સંભળાવે છે. જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ એ વાણી વધારે સ્પષ્ટ, વધારે ગંભીર અને વિશાળ રૂપ ધારણ કરતી જણાય છે. જાણે હિમાલયના જીવનપ્રદ વાયુના સ્પર્શવડે એ મુડદાના હાડપિંજરમાં પણ પાછો પ્રાણ-

સંચાર થયો હોયને ! એવો ભાસ કરાવતું તે શબ જાગ્રત થાય છે. અસાવધાનતાની જડતા ક્રમે ક્રમે દૂર થાય છે. માત્ર જેઓ અંધ છે તેઓજ અથવા તો જેનું મસ્તક ઠેકાણે નથી તેઓજ આમ જોઇ શકતા નથી; બાકી સમગ્ર જગત આંખો ઉઘાડીને જોઇ રહ્યું છે કે આપણી આ પ્રાચીન માતૃભૂમિ પોતાની લાંબા સમયની ગાઢ નિદ્રાનો ત્યાગ કરીને જાગ્રત થાય છે. તેની ગતિને હવે કોઇ અટકાવી શકે તેમ નથી. નિદ્રા તેનાઉપર હવે અધિકાર જમાવી શકવાની નથી. કોઇ બહારની શકિત હવે તેને અટકાવી શકે તેમ નથી. કુંભકર્ણની નિદ્રા ભાગી ગઇ છે અને વિશ્વવ્યાપી અનંત શક્તિ ભારતની નસે નસમાંથી ઉભી થવા લાગી છે.

રામનાદના નરેશ અને રહીશ સદ્‌ગૃહસ્થો ! તમે મમતા અને પ્રેમસહિત મને સન્માન આપ્યું છે, તેને માટે હું મારો ખરા અંતઃકરણનો આભાર જાહેર કરૂં છું અને ધન્યવાદ આપું છું. તમે મને ખરેખરા ભાવથી માન આપો છો અને મારા પર તમારી માત્ર બહારની નહિ પણ આન્તરિક પૂરેપૂરી મમતા છે એ હું જાણી શકું છું; કારણ કે મોઢાના શબ્દો કરતાં હૃદયની વાતો હૃદય સારી રીતે સમજી શકે છે. આત્મા કશા પણ શબ્દોચ્ચાર વિના મૂંગે મોઢે જરા પણ ભૂલ વિના બીજા આત્માની સાથે સ્પષ્ટ વાર્તાલાપ કરી શકે છે. શ્રીમાન્ રામનાદનરેશ ! પશ્ચિમના દેશોમાં જે આપણી માતૃભૂમિ અને આપણા ધર્મદેવતાની સેવામાં મારા જેવા અલ્પ શક્તિમાનથી જે કંઇ પણ બની શક્યું છે; જે અમૂલ્ય ખજાનો આપણા પોતાના ઘરમાં વર્ષો થયાં દટાએલો છતાં જેમને પોતાને તેની કશી ખબર નથી, તે તરફ આપણા સ્વદેશી બંધુઓનું ધ્યાન ખેંચી તેમની લાગણી જાગ્રત કરવાનું મારાથી જે અલ્પ કાર્ય બની શક્યું છે; અજ્ઞાનના અંધારામાં તૃષાથી તરફડી મરવા કરતાં અને પારકે ઘેર ગટરમાં વહેતું ગંદુ પાણી પીવા કરતાં, તેમના પોતાનાજ ઘરમાં અનંત પ્રવાહમાં વહેતા અમૃતના નિર્મળ ઝરામાંથી ઇચ્છાનુસાર સુધાપાન કરીને પોતાની તૃષા નિવારવામાટે જે કંઇ પણ યત્નથી તેમને બોલાવવામાં આવ્યા છે; કર્તવ્યપરાયણ થવાને માટે આપણા લોકોને જાગ્રત કરવાનું જે કંઇ અલ્પ સ્વલ્પ કામ બન્યું છે; દરેક કાર્યમાં, દરેક વસ્તુમાં એક માત્ર ધર્મજ ભારતના જીવનરૂપ છે; અને એ જ્યારે જતો રહેશે ત્યારે ભારત પણ તેની સાથેજ નાશ પામશે; સામાજિક સુધારા, રાજનીતિનું આન્દોલન અને વ્યાવહારિક વિજ્ઞાન એ ગમે એટલું વધારવામાં આવે, તેમજ કુબેરનો અનંત ભંડાર તેના પ્રત્યેક બાળકના મસ્તક ઉપર રેડી દેવામાં આવે, તોપણ ધર્મ વિના ભારત કદિ પણ ટકી શકશે નહિ, એવું તેમને જે કંઇક સમજાવવામાં આવ્યું છે; અને આ હેતુ સિદ્ધ કરવાને માટે મારાથી જે કંઇ અલ્પ–સ્વલ્પ બની શક્યું હોય તથા તેને માટે ભારત અને બીજા જે જે દેશમાં કંઇ પણ કાર્ય થયું હોય, તો

તેને માટે એ બધા દેશો, હે રાજન્! મુખ્ય કરીને તમારાજ આભારી છે.

કારણ કે મારા મગજમાં એ વિચારના પહેલ વહેલી પ્રેરણા તમેજ કરી છે; અને પુનઃ પુનઃ એ કાર્ય સિદ્ધ કરવાને તમેજ મને આગ્રહપૂર્વક ઉત્તેજિત કર્યો છે. જાણે તમે અંતરદૃષ્ટિવડે શું થવાનું હતું તે આગળથીજ જાણીને એ કાર્યને માટે મારો હાથ પકડી હમેશાં એક સરખી રીતે સહાય કરતા રહ્યા છો. મારા હૃદયમાં ઉત્સાહ સીંચવાના કાર્યમાં તમે કદિ પણ અટકયા નથી. એથી મારી સફલતાવડે આપ પ્રથમજ આનંદ દર્શાવો છો અને ભારતમાં પગ મૂકયા પછી હું પહેલવહેલો આપનાજ રાજ્યમાં આવી પહોંચ્યો છું એ યોગ્યજ થયું છે. આપ સાહેબે હમણાંજ કહ્યું તે પ્રમાણે મહાન કાર્યો આપણે કરવાનાં છે. ભારતની અદ્‌ભુત શક્તિનો વિકાસ આપણે બતાવવાનો છે; અને બીજી પ્રજાઓ તેમજ જાતિઓને ઘણી બાબતો આપણે શીખવવાની છે. દર્શનશાસ્ત્ર, અધ્યાત્મવિદ્યા, મધુરતા, નમ્રતા અને નિઃસ્વાર્થ પ્રેમ જેવા ઉંચા સદ્‌ગુણો અને ઉત્તમ નૈતિક સિદ્ધાંતોની ભારત માતૃભૂમિ છે. માનવજાતિના ઉદાર વિચારોનાં બીજ પહેલવહેલાં આપણી પુણ્યભૂમિમાંજ રોપાયાં છે. એ બધા મહદ્ ગુણો ભારતમાં હજુ સુધી ઉજ્જવળરૂપે વિદ્યમાન છે; અને મારો સમગ્ર જગતનો અનુભવ મને દૃઢતા તેમજ સાહસપુર્વક બોલવાની ફરજ પાડે છે કે, હિન્દુસ્તાન હાલ પણ એ બધી બાબતોમાં પૃથ્વીની બધી પ્રજાઓ કરતાં શ્રેષ્ઠ અને સર્વોત્તમ છે. એક આ નાના સરખા ચમત્કાર તરફ નજર કરો. છેલ્લાં ચાર પાંચ વર્ષમાં જગતમાં અનેક રાજનૈતિક ફેરફારો થયા છે. પશ્ચિમના બધા દેશોમાં મહાન નવા સંપ્રદાયો ઉત્પન્ન થઇને યૂરોપના જુદા જુદા બધા દેશોમાં ચાલતી આવેલી બધી સંસ્થાઓ અને આચારવિચારોને ફેરવી નાખવાને મહાન પ્રયત્નો કરી રહ્યા છે; અને અમુક અંશે તેમને સફલતા પણ મળી છે. આપણા દેશવાસીઓને પૂછો કે તેઓ એ બાબતમાં કંઇ જાણે છે ? એ વિષે તેમણે કંઇ વાંચ્યું કે સાંભળ્યું છે ? ના, એ સંબંધમાં તેઓ કશું જાણતા નથી. પણ અમેરિકાના ચિકાગો શહેરમાં એક મહાન ધાર્મિક પરિષદ્ મળી હતી અને હિન્દમાંથી એક સંન્યાસીને એ ધર્મસભામાં ભારતનો સંદેશો સંભળાવવા મોકલવામાં આવ્યો હતો; અને તેનો એ જડવાદી સુધરેલા દેશમાં પણ ઘણો સારો સત્કાર કરવામાં આવ્યો હતો; એ વખતથી એ સંન્યાસી પાશ્ચાત્ય દેશોમાં એજ કાર્ય કરતો રહ્યો છે, એ વાત અહીંનો એક ભિક્ષુક અથવા ગરીબ મજુર પણ જાણે છે! લોકો કહે છે કે;–" હિન્દુ બહુ સ્થૂલ અને જડબુદ્ધિવાળા છે; તેઓ કોઇ પ્રકારના સુધારા કે કેળવણીમાં આગળ વધવા ચાહતાજ નથી; આ વિશાળ દુનિયામાં શું ચાલે છે, તેનું તેમને ભાનજ નથી; અને એ બધી ખબર મેળવવાને તેમને કશી દરકાર નથી." પહેલાં મારૂં પણ એજ મત તરફ

અનુભવની ખામીને લીધે વલણ હતું; પણ હવે મને જણાય છે કે અનુભવનું શિક્ષણ કોથળાબંધ કલ્પિત વિચારો કરતાં અથવા ઉતાવળથી જગતનો પ્રવાસ કરી ઉપર ઉપરની તપાસ કરનારા તરફથી લખાએલાં અનેક પુસ્તકો કરતાં, ઘણું સંગીન અને વસ્તુના ખરા સ્વરૂપને બતાવનારૂં છે. એ અનુભવરૂપી ગુરૂએ મને શિખવ્યું છે કે, આપણા લોકો જડ કે સ્થૂલબુદ્ધિના નથી. તેઓ ઠંડા, ધીમા કે આળસુ પણ નથી. પૃથ્વી ઉપરની કોઇ પણ બીજી પ્રજાના જેટલાજ તેઓ ચારે તરફની ખબર મેળવવાને હમેશાં આતુર છે; પરંતુ તેમની પસંદગી અને તેમનો ક્રમ જુદો છે. આ જગતના મહાન યંત્રમાં નાના નાના ચક્ર જેવી પ્રત્યેક પ્રજાએ પોતપોતાનો પાઠ ભજવવાનો છે. સ્વાભાવિક રીતેજ પ્રત્યેક જાતિનો ખાસ ઉદ્દેશ હોય છે, તેનું ખાસ દૃષ્ટિબિન્દુ અને તેનું વ્યક્તિત્વ બીજી બધી પ્રજાઓથી વિશેષતાવાળું અને કંઇક જુદુંજ હોય છે. દરેક પ્રજા અથવા જાતિ વાજીંત્રના એકેક ખાસ સૂર જેવી હોય છે. બધી પ્રજાઓના સૂર આ વિશ્વસંગીતમાં અનુક્રમે યોજાએલા છે. એ બધી જાતિના બધા સૂર મળીને એકતાનું વાજીંત્ર બને છે. એજ પ્રત્યેક જાતિની જીવનશક્તિ છે; એજ ખાસ સ્વભાવ તેના પ્રજાકીય જીવનના મૂળ આધારરૂપ છે. એજ નિયમ પ્રમાણે આ પવિત્ર દેવભૂમિમાં, તેના પાયારૂપ, તેના મૂળ આધારસ્વરૂપ, તેના જીવનના મધ્યબિંદુસ્વરૂપ, ધર્મ—એક માત્ર ધર્મજ છે. બીજી પ્રજાઓને રાજનીતિની વાતો કરવા દો, ધંધા—રોજગારથી રેલાતા ધનના ઢગલાઓ એકઠા કરવા દો, વ્યાપારના વિસ્તારથી શક્તિ અને સંપત્તિનો વિસ્તાર કરવા દો અને શારીરિક સ્વતંત્રતાની પ્રાપ્તિ કરવા દો; પણ એ બધો વ્યાવહારિક કોલાહલ હિન્દુહૃદય બિલકુલ સમજી શકતું નથી અને સમજવા ચહાતું પણ નથી. ધર્મ, અધ્યાત્મવિદ્યા, ઈશ્વર, આત્મા, પરમાત્મા, મુક્તિ અથવા આધ્યાત્મિક સ્વતંત્રતાના વિષયને જરા સરખો પણ સ્પર્શ કરો તો તમને ખાત્રી થશે કે, આ દેશનો એક સાધારણ અભણ ખેડુત પણ આ વિષયોમાં બીજા દેશોના કહેવાતા ફિલસુફો અને પંડિતો કરતાં વિશેષ માહિતી ધરાવે છે. એ બધા વિષયોમાં તેમને સારૂં જ્ઞાન છે; અને એજ વિષય સંબંધી વિશેષ જાણવાને તે સર્વદા આતુર રહે છે. ભદ્ર પુરૂષો ! એથીજ મેં તમને કહ્યું છે કે, આપણે હજી પણ જગતને કંઇક મહત્ત્વનું જ્ઞાન આપવાનું છે; અને એવી પ્રબલ ધર્મભાવના હિન્દની નસે નસમાં વ્યાપી રહી છે તેથીજ સેંકડો વર્ષોના જોરજુલમને અને લગભગ હજાર વર્ષના વિદેશી રાજ્યકારભારનાં દુઃખોને આ પ્રાચીન જાતિ મૂંગે મોઢે અને હસતે ચહેરે સહન કરતી જાણે અમર હોય તેમ જીવતી ઉભેલી છે.

પ્રિય બન્ધુઓ ! હજારોવર્ષસુધી તોફાની વંટોળીયા માથાપરથી વહી ગયા છતાં આપણી હિન્દુજાતિ જેવી ને તેવી સજીવન રહી છે: તેનું કારણ માત્ર એજ

છે કે તેણે આજ સુધી ઈશ્વરનો કદિ પણ ત્યાગ કર્યો નથી. પોતાના મૃતસંજીવની શક્તિવાળા, ધર્મ અને આધ્યાત્મિક વિદ્યાવાળા અમૂલ્ય રત્નને તે જીવથી વિશેષ સમજીને સાચવી રહી છે.

આપણી એ પુરાણી પવિત્ર માતૃભૂમિમાં જે ધર્મ અને અધ્યાત્મવિદ્યાના અખંડ ઝરાઓ વહે છે, તેમાંથી મહા પ્રવાહો છૂટીને નજીકના ભવિષ્યમાં સમગ્ર જગતને પોતાના દિવ્યરસમાં ડૂબાવી દેશે. નવજીવન અને નવું ચેતન પશ્ચિમના તેમજ બીજા દેશોની જે જે પ્રજાઓ રાજદ્વારી મહત્વાકાંક્ષા, રાજલોભ, સામાજિક યોજના અને તુચ્છ સાંસારિક ચીજોમાં લુબ્ધ બનીને અર્ધમરેલી હીનદશામાં આવી પડી છે; તેવી બધી પ્રજા અને જાતિઓને નવું જીવન, નવી દ્રષ્ટિ અને નવું ચેતન આપશે. વિવિધ મત-સંપ્રદાયોના અગણિત જુદા જુદા સૂરથી ભારતનું વાતાવરણ ગાજી રહ્યું છે, તેમાંનો કોઇ સૂર બરાબર તાલમાં છે અને કોઇ તાલથી બહાર ઝણઝણી ઉઠતો જણાય છે; પરન્તુ એ બધામાં સ્પષ્ટ રીતે એક પ્રબલ અને મુખ્ય સૂર-સમગ્ર જગતને ગજાવી મૂકતો, રગે રગમાં નવું કંપન ઉઠાવતો, મધુર ભૈરવીના પંચમ તાન જેવો-બ્રહ્માંડભેદી તાનથી ગાજી રહ્યો છે. બીજા બધા સૂરો એ સૂરમાં લય પામતા તેની સાથે મળી જાય છે. એ નિશાભેદી મધુર ભૈરવીનો સ્વર ' ત્યાગભાવના ' છે. ત્યાગના ભૈરવી તાન પાસે જાણે બીજી બધી નાની મોટી વિવિધ ભાવનારૂપ રાગણીઓ લજ્જા અને સંકોચથી મુખ છૂપાવી દેતી હોય તેમ એકાએક વિલીન થઇ જાય છે. **'विषयान् विषवत् त्यज'** વિરાગભાવનાથી બધાનો ત્યાગ કર, છોડ છોડ, આ જુઠા જગતને શું પકડી બેઠો છે ? ભારતના બધા ધર્મોનો આ મહામંત્ર છે. ભારતનાં બધાં શાસ્ત્રોનો આ મુદ્રાલેખ છે. દુનિયા બે દિવસનું સ્વપ્નું છે, આ જગતની સકલ લીલા માયારૂપ છે, જીંદગીનો ક્ષણનો પણ ભરૂંસો નથી, પાણીના પરપોટા જેવી કાચી કાયા અને મિથ્યા પદાર્થોથી ભરેલી આ સંસારરૂપી માયા, વૃક્ષની સંધ્યા સમયની છાયાની પેઠે જોતજોતામાં જતી રહેનારી છે; માટે મોહને વશ થઇ એ પળવારના સ્વપ્નમાં ડૂબી ન જા. છોડ,છોડ, જગતની જુઠી માયાને છોડી દે;અને જે અનંત છે, અજરામર છે, ખરા સુખ અને શાન્તિના ભંડારરૂપ છે, અનંતકાળ ટકી રહેનારા આનંદને આપનાર છે, તે અપાર અને અનંત બ્રહ્મરાજ્ય, જે આ જગતની માયાજાળની પેલી પાર આવેલ છે તેની પ્રાપ્તિને માટે તૈયાર થા. તેને શોધી કહાડવાને માટે દૃઢ પગલે આગળ વધ. જગતના આપણા ખંડમાં જે સ્થાને એ મહારાજ્ય આવેલું છે, ત્યાં પહોંચીને અનેક અલૌકિક બુદ્ધિશાળી, નિર્ભય અને બહાદૂર વીરપુરૂષોએ પોતાની દિવ્ય હૃદયજ્યોતિઓને ઝળહળાવી દીધી છે, જે પરાક્રમી વીર પુરૂષો આ અનંત કહેવાતા વિશાળ વિશ્વને પણ એક કાદવના ખાબો-

ચીઆ જેવું સમજે છે, તેઓજ અદ્વિતીય બ્રહ્મપ્રાપ્તિને માટે આત્મપ્રદેશ તરફ આગળ વધી શકે છે. બધાની મર્યાદા બાંધનારો અનંતકાળ પણ તેમની દૃષ્ટિમાં હયાતી ધરાવતો નથી અને એ કાળની સીમા કૂદી જઇને તેઓ હસતા હસતા આગળ ને આગળ વધ્યે જાય છે. અનંત દેશ પણ તેમની દૃષ્ટિમાં કંઇ વિસાતમાં નથી. એ દેશની પણ મર્યાદા તોડીને તેઓ અનંતધામને કિનારે પહોંચવાને આગળ વધે છે. મહાન ધર્મનું એજ ગૂઢ રહસ્ય છે. મનુષ્યના મહત્ત્વનો એજ ખરો ભેદ છે. આ માયાને ભેદીને સકળ બ્રહ્માંડની પેલી પાર જ્યાં અનંત જાગતી જ્યોતિ સર્વદા ઝળહળી રહી છે; અને અનંત અમૃતધારાના પ્રવાહો વહી રહ્યા છે, ત્યાં દૃઢ પગલે આગળ વધી પહોંચીને આત્મસ્વરૂપના અમૃતપાનથી અમરપદ પ્રાપ્ત કરી લેવું એજ આપણા ઉદાર ધર્મનો ઉંચામાં ઉંચો ઉદ્દેશ છે; અને એજ ધર્મમાત્રનો ખરો આત્મા છે. માયાજાળને તોડવાના અને પ્રકૃતિના બળનું ઉલ્લંઘન કરી જવાના પવિત્ર પ્રયત્નો જે રીતે કરી શકાય, જેટલી હાનિ અને જેટલાં દુઃખો વેઠીને તે પ્રયત્નો સાધી શકાય, તે પ્રકારે સાધવાનો આપણો દૃઢ જાતિસ્વભાવ છે. કોઇ પણ પ્રકારે પ્રકૃતિના મુખ ઉપરનો ઘૂમટો દૂર ખસેડી નાખી છેવટ એકવાર પણ—ગમે તે જોખમો વેઠીને ગમે તેટલા ભોગો આપીને પણ—પરમજ્યોતિનાં દર્શન કરવાં એજ આપણી પવિત્ર પ્રજાની ખાસ પ્રકૃતિ છે. એજ આપણો ઉચ્ચ આદર્શ છે. આ દેશના બધાયે માણસો એવો સંપૂર્ણ આત્મત્યાગ નહિ કરી શકતા હોય છતાં પણ તમે એમ નહિ કહી શકો કે, 'આત્મત્યાગ' એ આપણી પ્રજાનો તેના હૃદય અને આત્મા સાથે મળી ગએલો ખાસ સ્વભાવ નથી. જો તમે અમારી જાતિને ઉત્સાહથી ઉદ્દીપ્ત કરીને મસ્ત બનાવવા ચાહતા હો તો તેને ફક્ત એ ત્યાગના અનંત રાજ્યનો સંવાદ પહોંચાડો; અને પછી જુઓ તે કેવા મતવાળા બની જાય છે ! તમારી રાજનીતિની સૂકી વાતો, તમારા સમાજ—સુધારાના હવાઇ વિચારો, ચંચલ લક્ષ્મીને કેદ પૂરી રાખવાના તમારા ક્ષણિક ખ્યાલો અને તમારા વેપાર—રોજગારની મોટી મોટી વાતો તેઓ એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખશે. ઘડાની પીઠપર પડતા પાણીની પેઠે તમારી એ બધી પાર્થિવ પ્રવૃત્તિ તેમના ત્યાગની પીઠપરથી પળવારમાં ઢળી જશે. માત્ર તેમના હૃદયભંડારમાં ઉજ્જવલ ધર્મનો અમૂલ્ય રત્નભંડારજ સચવાઇ રહેશે. બન્ધુઓ ! ધર્મ એજ તમારી મહાન સંપત્તિ છે. એ અમૂલ્ય ધર્મ અને તત્ત્વવિદ્યાનું તમારે સમગ્ર જગતને શિક્ષણ આપવાનું છે.

અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જગત પાસેથી આપણે પણ કંઇ શીખવાનું છે કે નહિ ? હા. જે વ્યાવહારિક જગતની આજસુધી આપણે ઉપેક્ષા કરતા આવ્યા છીએ તેને કંઇક સ્વચ્છ બનાવવામાટે આપણા અધ્યાત્મમાર્ગની

અનુકૂળતા પૂરતું વિજ્ઞાનનું ભૌતિક જ્ઞાન આપણે બીજી જાતિઓ પાસેથી શીખવાનું છે. સમાજના બંધારણમાટે વ્યાવહારિક નિયમોનું બળ, વિવિધ શક્તિઓનો ઉપયોગ કરવાને માટે સ્થૂલ શરીર અને મનનું બળ, તેમજ થોડા પ્રયત્નથી યાંત્રિક કળાની પેઠે ઉત્તમ પરિણામ કેવી રીતે લાવવાં તથા આપણા પુરૂષાર્થમાં લક્ષ લગાવી સિદ્ધિ ન મળે ત્યાંસુધી દૃઢ કેવી રીતે રહેવું, એવી કેટલીક બાબતો પશ્ચિમની પ્રજા પાસેથી આપણે જરૂર શીખી લેવાની છે. છતાં એમાં એટલું યાદ રાખજો કે, આ પવિત્ર ભારતમાં જો કોઇ પણ મનુષ્ય ખાન-પાન અને મોજ-મજાના સુખભોગનોજ પરમ પુરૂષાર્થરૂપે પ્રચાર કરવા જાય, અથવા આ જડ જગતની જડ શક્તિનેજ આદર્શ બતાવી તેની ઉપાસના કરવાનું ભારતને શિક્ષણ આપવા જાય તો જરૂર તે મોટો મિથ્યાવાદી છે એમ જાણવું. જગતને સર્વસ્વ સમજનારા એવા વિષયીનું આ પરમ પવિત્ર ભારતભૂમિમાં સ્થાનજ નથી. ભારતનું હૃદય તેમનો એક શબ્દ સરખો પણ સાંભળવા રાજી નથી; કેમકે ત્યાગ અને મુક્તિની ઉદાર ભાવનાજ ભારતનો ઉચ્ચ આદર્શ છે. પશ્ચિમના સુધારાનો ગમે તેટલો પ્રભાવ અને દેખીતો ચળકાટ હોય અને સારી રીતે પૉલીશ કરીને ઐહિક શક્તિનો ગમે તેટલો અદ્ભુત પ્રકાશ ફેલાવવાનો તેઓ દાવો કરતા હોય, પણ હું તેમને આ સભાના ઉચ્ચ આસન પર ઉભો રહીને તેમના મોઢાપરજ કહું છું કે, તેમનું એ બધું બળ મિથ્યા છે; કેમકે જગતનો સઘળો વૈભવ ક્ષણિક અને ભ્રાન્તિરૂપ છે. તેમની બધી શકિત અને સંપત્તિ ઝાકળના બિન્દુ જેવી ક્ષણિક છે. આ બધી વિશ્વલીલા એક પ્રકારની ભ્રાન્તિજ છે. તેનું ખરી રીતે અસ્તિત્વજ નથી. માત્ર તે ઈશ્વર-તે સત્ય-તે આત્માજ સત્ય છે. તેના સાક્ષાત્ સાધનરૂપ ફક્ત તત્ત્વચિંતનજ છે. એજ સત્યને તમારા પૂર્વજો હજારો વર્ષસુધી ધારણ કરી રહ્યા છે. તમે પણ એજ સત્યને દૃઢતાથી વળગી રહો. તુચ્છ જગત અને તેના સુખવૈભવોને નિરૂપયોગી છાલાં જેવા સમજીને ત્યાગની પ્રબલ ફૂંકથી દૂર ઉડાવી દો.

સદ્‌ગૃહસ્થો ! એ ખરૂં છે કે જડ તત્ત્વોનું થોડું ઘણું જ્ઞાન, જે આધ્યાત્મિક મહાન સત્યોને ગ્રહણ કરવા જેટલી પરિપક્વ સ્થિતિને નથી પામી શક્યા એવા આપણા કેટલાક બંધુઓને માટે આશીર્વાદરૂપ થઇ પડે; અને આપણી સામાન્ય વ્યાવહારિક જરૂરિયાતોને પૂરૂં પડી શકે તેવું છે, અને તે પશ્ચિમની પ્રજાઓ પાસેથી ગ્રહણ કરવું જોઇએ.

સમગ્ર દેશોની સઘળી પ્રજાઓમાં એક મોટી ભૂલ હમેશાં ચાલી રહેલી જણાય છે; અને વિશેષ દુઃખની વાત એ છે કે આ વિચારપ્રધાન ભારતમાં, જ્યાં આગળ એ ભ્રમની છાયા પણ નહોતી, ત્યાં પણ કેટલોક સમય થયાં કોણ જાણે ક્યાંથી એ ભયંકર ભૂલ ઘૂસી ગઇ છે ! એ ભૂલ તે આધ્યાત્મિક મહાન સત્યોને ગ્રહણ

કરવાને હજી તૈયાર ન થઇ શક્યા હોય, એવા અનધિકારી–અપક્વ–મનુષ્યોના ઉપર પણ શિરજોરીથી એ સત્યોનો બોજો મૂકવાની છે. બધાનો માર્ગ એકસરખો અને એકજ ન હોઇ શકે. નાના બાળકનું અને વિશ્વવિદ્યાલયના સંસ્કારી વિદ્યાર્થીનું શિક્ષણ એકજ ન હોઇ શકે. મારી શિક્ષણપદ્ધતિ તેમજ મારા અભ્યાસનાં સાધનો એક સરખી રીતે તમને પણ ઉપયોગી નજ બની શકે. તમે સઘળા સારી રીતે જાણો છો કે, હિંદુજીવનનું પરમ લક્ષ અને તેનો ઉત્તમ આદર્શ સંન્યાસાશ્રમજ છે; અને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે દરેક હિન્દુ પોતાની છેલ્લી અવસ્થામાં વ્યવહારના ત્યાગપૂર્વક સંન્યાસ લેવાને બંધાએલો છે. દરેક હિન્દુ આ સંસારતરૂનાં કટુ ફળ ચાખ્યા પછી જીવનના પાછલા ભાગમાં ત્યાગ સ્વીકારવાને બંધાયો છે. જો તે આશ્રમનું યથાર્થ પાલન ન કરે અને યથા સમયે સંન્યસ્ત ન લે તો તેનું હિન્દુપણું નષ્ટ થાય છે, પોતાને હિન્દુ તરીકે ઓળખાવવાનો તેનો હક તે ગુમાવી બેસે છે; કેમકે તેણે શાસ્ત્રની આજ્ઞાનો ભંગ કર્યો છે. જગતને જોઈ તેના નાશવંત પ્રાણી–પદાર્થોનો અનુભવ મેળવી તેનો ત્યાગ કરીને સત્યશાશ્વત વસ્તુને માટે પોતાનું શેષ જીવન સમર્પણ કરવું, એ આર્યધર્મનો આદર્શ તમારા જાણવામાં છે. જ્યારે અનુભવ અને ઉપભોગવડે હૃદયમાં ખાત્રી થાય કે આ સંસાર છેક અસાર છે, જડતત્ત્વના ગોળામાં વચ્ચે બધું પોકળજ છે અને માત્ર ધૂળ–માટીમાંથી બનેલા જગતમાં ધૂળ–માટી સિવાય બીજું કંઇજ નથી; ત્યારેજ સંસાર છોડીને પોતાના મૂળ દેશ તરફ મનુષ્યોનો આત્મા પાછો વળે છે. ત્યારેજ ભ્રમથી રત્ન સમજી ગ્રહણ કરેલા કાચના ખોટા કકડાને દૂર ફેંકી અમૂલ્ય આત્મરત્નની શોધને માટે તે અરણ્યની એકાન્ત જગ્યામાં ચાલ્યો જાય છે. એ વખતે સંસારની મોહમાયા ગમે તેટલી પ્રબળ હોવા છતાં ધર્મપ્રાણ હિન્દુના દૃઢ હૃદયને બાંધી શકતી નથી. હિન્દુધર્મનો એજ આદર્શ છે. એ વખતે મન કે જે પ્રથમ સ્વાર્થના વર્તુલમાં ફર્યા કરતું તથા વિષય અને ઇંદ્રિયોની દિશામાં જતું, તેજ મન હવે પોતાની ગતિ ઉલટાવીને ઉલટા આંટા ફરતું પરમજ્યોતિના પ્રદેશ તરફ ગતિ કરે છે. પ્રવૃત્તિ હવે શાન્ત થાય છે અને નિવૃત્તિનો આરંભ થાય છે. કોલાહલ, અશાન્તિ, દોડાદોડી અને દુઃખના તરંગો શમી જાય છે; અને તેને સ્થાને અવિચ્છિન્ન આનંદ, શાન્તિ અને નિત્યસુખના પ્રવાહ વહેવા લાગે છે. હિન્દુઓના આદર્શની એમાંજ સફળતા છે; પરન્તુ કંઇક સાધના અને દુઃખભોગ વિના એ આદર્શને સહજમાં સફલ કરી શકાતો નથી. ત્યાગ જો કે મહાન સત્ય છે; પરંતુ એ સત્ય આપણે બાળકને શિખવી શકીએ તેમ નથી. જન્મે ત્યારથી બાળક સંસારને પોતાનું સર્વસ્વ અને સુખરૂપ સમજે છે; તેનું સઘળું જીવન ઇંદ્રિયોમાં વ્યાપી રહ્યું છે. દિવસ પછી દિવસ જાય છે તેમ તેના જીવનનો પ્રવાસ વિષયસુખ

તરફ વધતો જાય છે. આવા છેક બાળક જેવાજ મનુષ્યો દરેક સમાજ અને જાતિમાં અનેક મળી આવે છે; તેમને આ જગતના મિથ્યા સુખોના થોડા ઘણા અનુભવની ખાસ જરૂર છે. જ્યારે જગતના સ્વાર્થી મિથ્યાપણાનો તેમને પૂરેપૂરો કડવો અનુભવ મળશે ત્યારે ત્યાગની જ્યોતિ તેમના હૃદયમાં આપોઆપજ જાગી ઉઠશે. એ વખતે તે વનમાં વૈરાગ્યને શોધતો નહિ જાય, પણ વૈરાગ્યજ તેને શોધતો આવશે. આપણાં શાસ્ત્રોમાં તેને માટે યોગ્ય વ્યવસ્થા સૂચવેલી છે; પરન્તુ દુર્ભાગ્યે હાલમાં સંન્યાસને ઉપયોગી વેદાન્તના સિદ્ધાંતો અને વિધિનિષેધના નિયમોવડે હિન્દુજાતિના સર્વસામાન્ય જનસમાજને બાંધી રાખવાનો યત્ન કરવામાં આવ્યો છે. ભારતવાસીઓની એ એક મોટી ભૂલ થઇ છે. ભારતમાં આજે દુઃખ, દારિદ્ર અને દીનતામાં જે દર્શન થાય છે તે એજ ભૂલના પરિણામે ઉત્પન્ન થયાં છે. ગરીબ અને નિર્બલ મનના છેકજ છેલ્લા દરજ્જાના મનુષ્યની જીંદગી પણ એવા પ્રબલ આધ્યાત્મિક અને નૈતિક નિયમોથી બાંધવાનો યત્ન થયો છે; કે જેનું એ બિચારા બાળક જેવા મનુષ્યોથી કદિ પણ પાલન થઇ શકતું નથી અને જેનો તે ઉપયોગ પણ કરી શકે તેમ નથી. તે વસ્તુ ઉલટી તેના હકમાં નુકસાનરૂપ થઇ પડે છે. ઘણે ઠેકાણે વેદાન્તના દિવ્ય સિદ્ધાંતો એજ કારણથી માત્ર મોઢાની વાતોમાંજ સમાઇ રહેલા જણાય છે. દૂર કરો, એ બધાં હાથીને બાંધવાનાં દોરડાં કીડીઓની કમરોપરથી દૂર કરો! ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં તીવ્ર બંધનોથી સામાન્ય લોકોને મુક્ત કરો. એ દીન, દુર્બલ, પામર મનુષ્યોને સંસારસુખનો છૂટથી ઉપભોગ લેવા દો. જ્યારે સંસારના અનુભવના તીક્ષ્ણ કાંટા તેના કાળજામાં કટારની માફક ભોંકાવા લાગશે કે તે આપોઆપજ રસ્તો બદલીને ઉપર ચડવા લાગશે. નીચેના રસ્તાને મિથ્યા અને દુઃખરૂપ સમજીને આપોઆપજ તે તેનાથી દૂર ભાગશે. એ વખતે વૈરાગ્ય અને ત્યાગ જે પહેલાં બળાત્કારે શીખવતાં નહોતા સ્વીકારતા, તેને પ્રેમથી છાતીએ દાબશે. એ કુદરતી ત્યાગ તેમને આધ્યાત્મિક ક્ષેત્રમાં બહુ ઉપયોગી થઇ પડશે. સંસારના અનુભવની એવી સામાન્ય સાધનાઓમાં પશ્ચિમ આપણું ગુરૂ થઇ શકશે. સુખભોગના યત્નો કેવી રીતે સફળ થાય, તે આપણે પાશ્ચાત્ય જાતિ પાસેથી કંઇક શીખી શકીએ તેમ છીએ. એ સાંસારિક કુશળતા તેમની પાસેથી શીખતી વખતે આપણે બહુ સાવચેત રહેવાની જરૂર છે; કારણ કે બકરૂં કાઢતાં ઊંટ પેસી જવાનો પણ એ શિક્ષણ લેતી વખતે બહુ ભય રહે છે. મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે, આજના જમાનામાં પશ્ચિમની પદ્ધતિસર શિક્ષણ લેનારા અને પાશ્ચાત્ય વિચારોને ગ્રહણ કરનારા મનુષ્યોનું જીવન ઘણા દાખલાઓમાં થોડું કે વિશેષ નિષ્ફળ થએલું જણાય છે. ભારતમાં આપણા રસ્તાની (ધર્માનુષ્ઠાન) ની બન્ને બાજુએ બે મોટી આપત્તિઓ ઉભેલી છે. એક તરફ જુની રૂઢી અને અમુક વહે-

ઓને મંકોડાની પેઠે વળગી રહેનારો વર્ગ પોતાના કલ્પિત કર્મ–ધર્મની કરોળીઆની જાળ પાથરીને આસપાસ ઉડતી અનેક મન મક્ષિકાઓને ગુંગળાવી મારે છે; ત્યારે બીજી બાજુ ચાલુ જમાનાની ઉપરની ટાપટીપ અને પૉલીશવાળો નવો સુધારો મોટા ગ્રાહની પેઠે મોં વિકાસીને પડ્યો છે. આપણે એ બન્નેની વચ્ચેથી આપણો માર્ગ શોધી કહાડવાનો છે. પણ ચાલુ સ્થિતિમાં તો જો કોઇ પક્ષ તરફ નજર ઢળતી હોય તો હું તો જુના વિચારના પક્ષ તરફજ અભિપ્રાય આપી શકું તેમ છું. હિન્દુસ્તાનને યૂરોપ બનાવી દેવાની નવી સુધારાની પદ્ધતિથી હું તમને દૂર રહેવાનીજ ભલામણ કરૂં છું; કેમકે જુના વિચારનો માણસ વખતે અજ્ઞાની અને વહેમી હશે અને તેની રીતભાત કંઇક વિચિત્ર અને હાસ્યપાત્ર જણાશે; પરંતુ એ સામાન્ય દોષો હોવા છતાં તે એક માણસજ છે, છેક પશુ નથી; કેમકે તેનામાં શ્રદ્ધા છે. દેવ, ગુરૂ અને શાસ્ત્રમાં તેને વિશ્વાસ છે, તેનામાં અચલ મનોબલ છે અને તે હમેશાં પોતાના પગપરજ ઉભો રહેવાનો યત્ન કરે છે; પરન્તુ છેકજ સાહેબ લોક બની જઇ નવા સુધારાની ધ્વજા ફરકાવનારા મનુષ્યને કશો આધારજ નથી. તે આ લોકને પણ સિદ્ધ કરી શકતો નથી, તેમ પરલોકને પણ સિદ્ધ કરી શકતો નથી; કેમકે ચારે મેરથી કેટલાક ઢંગધડા વગરના ભેળસેળ વિચારોનું ભૂસું તેના મગજમાં ભરાઇ ગએલું હોય છે. તે વિચારો તેના આચાર-વ્યવહારમાં પણ ગડબડ કરી મૂકે છે. તેમાં કોઇ નિયમ કે ધોરણ હોતું નથી. દેશ–કાળભેદે એ વિચારોનું પાલન થઇ શકતું નથી અને જગતના કે પોતાના દેશના સૂર સાથે પોતાનો સૂર મેળવી શકાતો નથી. તે લોકો પોતાના પગપર ઉભા રહી શકતા નથી; અને તેમનું મગજ દિન–રાત આમતેમ ઘૂમતું રહે છે. એ બધા વિચિત્ર કાવ્યકલાપનું ગૂઢ કારણ શું છે, તે તમે જાણો છો ? આમ ચક્રપર ચડાવીને ઉલગબરડીઓ ખવરાવીને કોની પ્રેરણા ઘુમાવે છે એ તમે કલ્પી શકો છો ? બન્ધુઓ ! આપણા કર્તા હર્તા અને ભાગ્યવિધાતા સાહેબ લોકોમાંના થોડા ગૌરાંગ દેવો તેની વખતે વખતે પીઠ ઠોકીને–વાહ વાહ બોલાવીને તેમની પાસે એ બધી વિચિત્ર લીલાઓ કરાવે છે. તેમની વિચિત્ર કાર્યકળાનું એજ એક મજબૂત મૂળ છે. એવા ઢંગધડાવિનાના સુધારકો સંસારસુધારાના ક્ષેત્રમાં અછાજતા અને તરંગી ખ્યાલોના ઘોડાપર સ્વાર થઇને આગળ વધે છે; અને સારાસાર વિચાર્યા વિના આપણી પરાપૂર્વની ચાલતી આવેલી શુભ પ્રથાઓ ઉપર ઉન્મત્તની પેઠે પગ મૂકીને તેની વિરૂદ્ધમાં તીવ્ર આક્ષેપો કરે છે. તે બધું વિદેશી સાહેબોના પીઠ ઠોકીને અપાતા ઉત્તેજનના પ્રતાપેજ. આપણા કેટલાક રીતિ–રિવાજો અને આચાર-વિચારોને દુષ્ટ અને ખરાબ કહેવામાં આવે છે. શા માટે ? તેનું પરિણામ ખરાબ જોઇને, તેની પૂરી તપાસ કરીને કે અન્ય કોઇ કારણથી ? નહિ, કાર્ય–કારણ

જોવાની કે પરિણામ તપાસવાની ખટપટ કોણ કરે? યૂરોપના અમુક પંડિતે મત આપ્યો કે તે ખરાબ છે, તો તે ખરાબ છે. એવા ઉસ્તાદ ગુરૂનો મત મળ્યા પછી બીજી તપાસની જરૂરજ શી છે? આપણા રિવાજ અને આચાર વિચારો ખરાબ હોવાનું મુખ્ય એજ પ્રમાણ અને કારણો તેઓ બતાવે છે. અફસોસ છે કે તેમના એવા પ્રમાણ અને કારણને હું ગ્રહણ કરી શકતો નથી. જે કંઇ તમારૂં પોતાનું છે, તેના ઉપરજ આધાર રાખીને–તમારા પોતાનાજ પગપર મરતાં સુધી ઉભા રહો. જો જગતમાં કોઇ મોટામાં મોટું પાપ હોય તો તે મનની નબળાઇ છે. નબળા બનીને આત્મવિશ્વાસ ન ગુમાવો. ઘરના ઋષિઓને છોડી બહારના ગુરૂઓ શોધવા ન જાઓ. સર્વ પ્રકારની નિર્બળતાનો ત્યાગ કરો; કારણ કે નબળાઇ એ માત્ર પાપજ નથી; પાપથી પણ તે વધારે ખરાબ છે, સાક્ષાત મૃત્યુજ છે! સમગ્ર જાતિના વિનાશનું મૂળ છે! પ્રાચીન વિચારના માણસો આત્મશ્રદ્ધાવાળા, દૃઢ મનના વાસ્તવિક મનુષ્ય હતા; પરન્તુ વિદેશી વિચારોના વિમોહથી જેમનાં મગજ વિકૃત બની ગયાં છે તેમને શું વિશેષણ આપવું, એ મને કંઇ સૂઝતું નથી! તેમના આચાર વિચારનો કંઇજ ઢંગધડો નથી. તેમને હું મરદ, ઓરત, નાદાન, બાળક, પશુ કે શું કહું? સદ્‌ગૃહસ્થો! મારૂં કહેવું એમ નથી કે પાશ્ચાત્ય વિચારો ગ્રહણ કરનારા બધા મનુષ્યો છેક આવાજ થઇ જાય છે. તેમાંના કેટલાક અનુકરણ કરવા જેવા શ્રેષ્ઠ પુરૂષોના ઉદાહરણરૂપ છે; અને દેશી વિચારોનું શિક્ષણ ગ્રહણ કરવાની આપણી હિન્દુજાતિને જો જરૂર હોય તો તેઓ પ્રકારનુંજ હોવું જોઇએ. સમગ્ર ભારતમાં તેમના જેવા પરમ નિષ્ઠાવાન અને આગ્રહી, આસ્તિક હિન્દુ જવલ્લેજ મળી આવશે. તેમજ ગ્રામ્ય પાશ્ચાત્ય સઘળા વિષયનો એક સાથે યોગ્યતાથી ભાવ ગ્રહણ કરનારા તેના જેવા રાજા પણ આ ભારતમાં વિરલજ હશે. તેમણે સંપૂર્ણ વિવેકબુદ્ધિ વાપરીને પૃથ્વીના પૂર્વ–પશ્ચિમરૂપ બન્ને છેડાની સાર સાર વસ્તુ સાચવી રાખી છે. ભૂસો–કચરો વહેતા પવનમાં ઉડી જવા દીધો છે; અને પૂર્વપશ્ચિમની ઉભય પ્રજાઓમાંથી જે હિતકર અને સાત્વિક જણાયું તેજ બધું ભ્રમરની પેઠે તેમણે ગ્રહણ કરી લીધું છે× "હાલમાં હલકી જાતિના મનુષ્ય પાસેથી પણ તેની સંપૂર્ણ ભક્તિ કરીને સારૂં જ્ઞાન મેળવી લો, એક ચાંડાલ અથવા પારિયા પાસેથી તેની સેવા કરીને પણ મુક્તિનો માર્ગ પ્રાપ્ત કરી લો; અને ખરાબ કુલ અથવા હલકી જાતિમાંથી પણ જો ઉત્તમ સ્ત્રીરત્ન

× "श्रद्‌धानो शुभां विद्यामाददीतावरादपि ।
अन्त्यादपि परो धर्मः स्त्रीरत्नं दुष्कुलादपि ॥" શ્રી મનુ.
"अमेध्यादपि कांचनं ग्राह्यं सद्वाक्यं बालकादपि ।
सर्वत: सारमाद्यात्स्त्रीरत्नं दुष्कुलादपि ॥" વિદુરનીતિ.

મળી શકતું હોય તો તેનું પાણિગ્રહણ કરી લો." આ વચનો આપણા મહાન્ મનુમહારાજે પોતાની સર્વોત્તમ સ્મૃતિમાં લખેલાં છે. ભગવાન મનુનાં એ વચનો સાક્ષાત સત્યસ્વરૂપ છે. તેને હૃદયમાં કોતરી આત્મવિશ્વાસથી તમારા પોતાના પગપર ઉભા રહીને જ્યાંથી મળે ત્યાંથી જ્ઞાન ગ્રહણ કરો. દરેક પ્રજા અને દરેક જાતિ પાસેથી જેટલું બને તેટલું શિક્ષણ લો. જે કંઈ તમને યોગ્ય જણાય તે બધું ગ્રહણ કરો. છતાં એટલું યાદ રાખજો કે હિન્દુઓના બધા વિષયો–વિચારો તેના પ્રજાકીય વિચારોને અધીન છે; માટે તમે બીજા પાસેથી જે કંઈ શિક્ષણ ગ્રહણ કરો, તેને સર્વદા આપણા પ્રજાજીવનના મૂળમંત્રસ્વરૂપ ધર્મને અધીન રાખજો. દરેક મનુષ્યને ખાસ કર્તવ્ય હોય છે. ઈશ્વરી સંકેત અનુસાર તેમજ પોતાનાં કર્મોના પરિણામરૂપ દરેક મનુષ્યને અમુક કાર્ય સિદ્ધ કરવાનું હોય છે. ગમે તે સ્થિતિમાં પોતાના જન્મના એ દૃષ્ટિબિન્દુઉપરથી નજર ખસેડવી ન જોઈએ. રામનાદવાસી સદ્‌ગૃહસ્થો! તમારામાંના પ્રત્યેક મનુષ્યે પણ ખાસ કાર્ય સિદ્ધ કરવા માટે વિશેષ વ્રતસાધનને માટે જન્મ ગ્રહણ કર્યો છે. જન્મ ધારણ કરતી વખતે તમારા મહાન પૂર્વજોના અનંત ભવ્ય જીવનનો અમૂલ્ય વારસો તમને મળેલો છે. ઉજ્જવલ ધર્મપાલનથી તેને સફળ કરી બતાવો. તમારા લક્ષ્યાવધિ પવિત્ર પૂર્વજો તમારાં પ્રત્યેક કાર્ય તરફ તાકીને જોઇ રહ્યા છે, તમારા રજેરજ પુરૂષાર્થની તેઓ તપાસ રાખી રહ્યા છે; માટે સાવચેત થાઓ અને પ્રાણ જાય તોપણ કર્તવ્ય માર્ગમાંથી પાછા ન હઠો. પ્રત્યેક હિન્દુ બાળકનો જન્મ કયું કાર્ય સિદ્ધ કરવાને થાય છે, તે તમો જાણો છો? મનુ મહારાજે બ્રાહ્મણને માટે કેવી સ્પર્ધા અને કેવા અભિમાનથી તેનાં કર્તવ્યવચનો લખેલાં છે તે તમે વાંચ્યાં છે? ભગવાન મનુ કહે છે કે,+ "ધર્મરૂપ રત્નભંડારના રક્ષણમાટેજ બ્રાહ્મણનો જન્મ છે." હું કહું છું કે એ કાર્ય અને એ ફરજ કંઇ એકલા બ્રાહ્મણોની નથી, પણ દરેક ભારતસંતાન, પછી તે પુત્ર હોય કે પુત્રી હોય પણ જેણે આ પુણ્યભૂમિમાં જન્મ ધર્યો છે, તે દરેકની છે. પ્રત્યેક બાલક ધર્મભંડારના રક્ષણમાટેજ ઉત્પન્ન થાય છે. બીજી બધી બાબતને આપણા જીવનના એ મૂળ ઉદ્દેશનેજ આધીન રાખવાની છે. કોઇ સારા સંગીતમાં એક મુખ્ય સૂર હોય છે અને બીજા બધા સૂર તેને આધીન રહી કામ કરે છે. એ બધા સૂરો મુખ્ય સૂરને જ્યાંસુધી બરાબર અનુસરતા રહે છે, ત્યાંસુધીજ એ સંગીતના લય અને તાલ જળવાઇ રહે છે. આપણા જીવનસંગીતમાં પણ ધર્મનો મુખ્ય સૂર છે; અને બીજા બધા વિષયો ગૌણ સૂરરૂપે તેને અનુગત રહેવા જોઇએ. કોઇ બીજી જાતિના જીવનનો મુખ્ય મંત્ર રાજ-

---

+ "ब्राह्मणो जायमानो हि पृथिव्यामधिजायते ।
ईश्वरः सर्व भूतानां धर्मकोषस्य गुप्तये ॥" મનુસ્મૃતિ.

નૈતિક ઉન્નતિ હોય તો તે જાતિને માટે ધર્મ અને બીજા બધા વિષયો ગૌણ રહેવા જોઇએ; પરન્તુ આપણી જાતિ બીજા બધાથી જુદી છે; આપણી પ્રજાનું જીવન ધર્મ, ત્યાગ અને તત્ત્વવિદ્યામાં સમાઇ રહ્યું છે, આપણી જાતિનો મુદ્રાલેખ અધ્યાત્મવિચાર છે, અને મૂલ મંત્ર સંસારની અસારતા છે. આ જગત બધું મિથ્યા-માત્ર ત્રણ દિવસનું સ્વપ્ન-છે, એમ માનનારી જાતિને માટે રસાયનશાસ્ત્ર કે વિજ્ઞાન, સાંસારિક સુખ, ભોગ, ઐશ્વર્ય, નામ, યશ, ધન, દોલત એ બધું તેના મુખ્ય સૂરરૂપ ધર્મના અધિકારમાંજ વશવર્તી રહેલું જોઇએ. એક ખરા હિન્દુના વર્તનનું મહત્વ પોતાના બધા વિદેશી જ્ઞાન-વિજ્ઞાન અને શિક્ષણને અને પોતાના ધન-માન તથા પદવીને-દરેક હિન્દુ બાળકમાં જે ધર્મભાવ જન્મથીજ ઉતરે છે, તે-ધર્મભાવ એટલે કે તે તત્ત્વચિંતન અને પ્રજાશુદ્ધિના મહદ્‌ભાવને આધીન રાખવામાંજ સમાએલું છે. આપણામાંનો દરેક મનુષ્ય, જે જુના વિચારના જીવનની અંદર પ્રજાના પ્રાણરૂપ અધ્યાત્મવિદ્યાનું ઝરણ વહે છે, તેને સ્વીકારી શુદ્ધ સ્ફટિક જેવા રહેનારા મનુષ્યનેજ પસંદ કરશે. જેની દરેક આંગળીએ ટેટના હીરા જેવા પશ્ચિમની નકલના ખોટા હીરા માત્ર ઝાંખા ઝાંખા દેખાય છે; અને જેણે ધર્મ અને અધ્યાત્મવિદ્યાનાં નવું જીવન પ્રેરનારાં સત્યોવડે પોતાનું હૃદય શોભાવ્યું નથી તેને તે સર્વથા નાપસંદ કરશે; કેમકે પહેલા પ્રકારના આધ્યાત્મિક જીવનથીજ આપણી ઉન્નતિની કંઇક આશા રાખી શકાય તેમ છે. આધારભૂત શક્તિ એજ જીવનમાં રહેલી છે, પ્રજાનો મૂળ મંત્ર તેના હૃદયમાં જાગ્રત છે; માટે પ્રજામાંનો એ પ્રકારનો વર્ગ અવશ્ય ટકી રહેશે; પરન્તુ બીજો વર્ગ ત્રિશંકુની ગતિ ભોગવતો આધાર વગરનો હોઇ વિનાશ પામશે. જેમ અમુક વ્યક્તિના સંબંધમાં જો તેને મર્મસ્થાનમાં કોઇ ઘા ન લાગ્યો હોય તો-અર્થાત્ હૃદય કે મગજના પ્રાણાધાર રૂપ સ્થળમાં આઘાત થયો ન હોય તો બીજાં સામાન્ય અંગોમાં ગમે તેટલું વાગ્યું હોય તોપણ તે પ્રાણઘાતક નિવડતું નથી; તેમ આપણી પ્રજાના ધર્મ અને આધ્યાત્મિક મર્મસ્થાનમાં જ્યાંસુધી ઘા નથી લાગ્યો ત્યાંસુધી તેના વિનાશનો કશો ભય નથી. પરન્તુ સાથે સાથે આ વાત પણ ખાસ લક્ષ્યમાં રાખજો કે જો તમે ધર્મ અને આધ્યાત્મિકતાને ત્યજી દઇને પશ્ચિમના ભપકાબંધ સુધારા પાછળ દોડવા માંડશો, તો હિન્દુજાતિનો આધાર-તમારા જીવનનો મુખ્ય મંત્ર ગુમાવીને એ ત્રણ પેઢીમાંજ આ પૃથ્વીની સપાટી ઉપરથી તમારો લોપ થશે; કેમકે ધર્મજ આપણી પ્રજાનો પ્રાણ અને આત્મા છે. ધર્મ છોડવાથી આપણી પ્રજાનો મેરૂદંડ જ તૂટી જશે. જે મજબૂત પાયા ઉપર હજારો વર્ષના પરિશ્રમથી હિન્દુજાતિની પ્રજાકીય ઇમારત ઉભી કરવામાં આવી છે, તે પાયો મૂળમાંથી ઉખડી જશે અને પરિણામે હિન્દુજાતિનો સંપૂર્ણ નાશ થશે.

પ્રિય બંધુઓ ! એ વિનાશમાંથી આપણું રક્ષણ કરવાનો એજ માર્ગ છે કે, આપણા પ્રાચીન પૂર્વજોએ આપણને પોતાના ધર્મધન અને તત્ત્વદર્શનનો જે અખૂટ અને અમૂલ્ય વારસો આપ્યો છે, તેને આપણે જીંદગીના ભોગે પણ દઢતાથી વળગી રહેવું જોઇએ. તમે આજ સુધી એવો કોઇ પણ દેશ જોયો કે જે દેશના મહાન રાજાઓ પણ પોતાને એકાન્તસેવી નિષ્કિંચન ઋષિ–મુનિના વંશ ગણાવવામાં માન સમજતા હોય ? તમે એવી કોઇ સાત્વિક ભૂમિ વિષે સાંભળ્યું છે ? એક આજ એવી પવિત્ર ભૂમિ છે. બીજા સુધરેલા કહેવાતા દેશોમાં મોટા ધર્માચાર્યો પણ રાજાના વંશજો કહેવરાવવામાં માન સમજે છે, ત્યારે અહીંના મોટા ચક્રવર્તી રાજાઓ પણ પોતાને કોઇ ઋષિ અથવા ધર્માત્માના વંશના ગણાવવામાં માન સમજે છે ! તમે ધર્મ અને તત્ત્વદર્શનમાં વિશ્વાસ રાખતા હો કે ન રાખતા હો, તોપણ પ્રજાકીય જીવનમાટે તમારે એ ધર્મભાવનાને દઢતાથી વળગી રહીને તેની આજ્ઞા તેમજ નિયમોને અનુસરવું પડશે. ત્યાર પછીજ તમારી આન્તરશક્તિનો બીજો હાથ લંબાવો અને જે જે ઉપયોગી હોય તે બીજી પ્રજામાંથી ગ્રહણ કરો. બહારની એ દરેક ચીજને તમારા જીવનના મુખ્ય આદર્શરૂપ ધર્મના અધિકારમાંજ રાખવાનું ભૂલતા નહિ. જો તમે એટલું કરી શકશો તો થોડાજ સમયમાં એક અદ્ભુત નવું ભારત અપૂર્ત્ર મહિમાવાન બનીને જગતને આશ્ચર્યચકિત કરતું આવિર્ભાવ પામશે. મારી દઢ ધારણા છે કે એવો સુંદર ફેરફાર થવા લાગ્યો છે; અને એ શુભ દિવસ થોડાજ સમયમાં તેજસ્વી ઉદયકિરણથી ચળકી રહેશે. મારી દઢ ધારણા છે કે અપૂર્વ શ્રેષ્ઠતા અને ભવ્યતાથી આ ભારતભૂમિ શોભી રહેશે; અને પ્રાચીન ઋષિ–મહર્ષિઓ કરતાં પણ મહાન પુરુષો ઉત્પન્ન થશે. તમારા સ્વર્ગવાસી પિતૃદેવતાઓ પોતાના વંશજને ગૌરવભરેલી ઉચ્ચ સ્થિતિમાં જોઇને સંપૂર્ણ સંતોષ પામશે અને તેમને ગર્વ થશે. એ તેજસ્વી દિવસ નજીક આવે છે. તેને માટે તૈયાર થાઓ. બન્ધુઓ, એવા ઉજળા દિવસો લાવવાને માટે ભગીરથ પુરુષાર્થ કરો. દિવસ અને રાત સત્કાર્ય કરો. સમગ્ર જગતમાં વેદાન્તનો સૂર્યોદય થયો છે. હવે આ કંઇ સૂઇ રહેવાનો વખત નથી. વળી એ પણ સાથે લક્ષમાં રાખો કે નજીક આવતું ભારતનું ભવિષ્ય પ્રાયઃ આપણા કાર્ય ઉપરજ આધાર રાખે છે. જુઓ આપણી પવિત્ર ભારતમાતા ધીમે ધીમે આંખો ઉઘાડે છે. તમારા પુરુષાર્થની રાહ જોતી તે નજીક આવે છે. જાગ્રત થાઓ, માતાને પણ જાગ્રત કરો અને નવી જાગ્રતિથી નવા પ્રાણ અને નવા જીવનસત્વથી તેને પહેલાંના કરતાં પણ વધારે ગૌરવશાળી બનાવી, અહીં તેના હમેશના સિંહાસનપર પધરાવો. જે પરમાત્મા સર્વ પ્રજાના વિરાટ્ પ્રભુ છે, શિવધર્મીઓના શિવ છે, વૈષ્ણવોના વિષ્ણુ છે, કર્મકાંડીઓના બ્રહ્મા છે, બૌદ્ધોના બુદ્ધ છે, જૈનોના જિન-

રાય છે, ખ્રીસ્તીઓના ગૉડ છે અને યાહુદીઓના યહોવાહ છે, મુસલમાનોના અલ્લા છે અને વેદાન્તીઓના બ્રહ્મ છે; સર્વ ધર્મના, સર્વ પ્રજાના અને સર્વ સંપ્રદાયનાજ પ્રભુ છે; તે સર્વવ્યાપી અદ્વિતીય પરમપુરૂષ કે જેનો સંપૂર્ણ મહિમા માત્ર આપણા ભારતમાંજ સોળે કળામાં વિકાસ પામ્યો છે; એ દયામય પરમાત્મા આપણને આશીર્વાદ આપો. એ પ્રભુ આપણને અભયવર આપો. સર્વથા સહાય કરીને સર્વ પ્રકારની આપણને શકિત આપો, કે જેથી આપણે આપણા ઉચ્ચ ઉદ્દેશને આપણા જીવન અને કાર્યમાં પ્રેરી પ્રભુનો સંકેત પાર ઉતારી આપણા જીવનને સફલ કરી શકીએ.

ખરૂં ઈશ્વરજ્ઞાન માત્ર ભારતનેજ પ્રાપ્ત થયું છે, બીજી કોઇ જાતિ ખરૂં ઈશ્વરત્વ પ્રાપ્ત કરી શકી નથી. તમે કદાચ મારાં આ વચનો સાંભળીને આશ્ચર્ય પામતા હશો; પરંતુ બીજા કોઇ પણ ધર્મના શાસ્ત્રગ્રન્થો ખોલીને તેમાં બતાવેલા ઈશ્વર તરફ નજર કરો. બીજી બધી પ્રજાઓ અને ધર્માને પોતપોતાની જાતિનોજ એકેક ઈશ્વર અથવા દેવતા છે. યાહુદીને મતે યાહુદીનો ઈશ્વર જુદો, આરબ લોકોને મતે તેમનો ઈશ્વર જુદો, ઇત્યાદિ. વળી તેમનો ઈશ્વર બીજી જાતિ અથવા ઈશ્વર સાથે નિરંતર યુદ્ધ કરતો જણાશે. એવી રીતે એ વિવિધ પ્રજાઓના પરસ્પર વિરોધનો પણ અન્તજ નથી. પરન્તુ ભારતનો ઈશ્વર કેવો છે? સંપૂર્ણ દયામય, કૃપાનિધાન, આપણા પિતારૂપ, માતારૂપ, મિત્રરૂપ, મિત્રોના પણ મિત્રરૂપ અને આત્માના પણ આત્મારૂપ છે. હિન્દુશાસ્ત્રને મતે એ ઈશ્વર માત્ર હિન્દુઓનો નહિ પણ સમગ્ર દુનિયાનો છે. દેશ, ધર્મ કે સમયનો તેમને લેશ પણ ભેદ કે પક્ષપાત નથી. એ પરમાત્મા આપણા ભવ્ય મનોરથ સફલ કરો.

આપણે જે કંઇ આજ સુધી શ્રવણ કર્યું છે અને જે જે આપણે અભ્યાસ કર્યો છે, તે સર્વ આપણા પાચન થએલા ખોરાકની પેઠે આપણા હૃદયને પુષ્ટિકારક થાઓ. દિવ્યશક્તિરૂપે તે આપણામાં પ્રકટ થાઓ. સાહસ અને શૌર્યને પ્રેરનાર થાઓ કે જેથી આપણા ભવ્ય વિચારને આપણે સફલ કરી શકીએ. વળી આપણે પરસ્પર સદ્ભાવથી વર્તીએ અને ઈર્ષ્યા કે દ્વેષની છાયા પણ આપણો સ્પર્શ ન કરે. શ્રી હરિ. ૐ **शान्तिः शान्तिः ।**

"ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै ।
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥ "

ॐ शान्तिः ।

સભાનું કાર્ય સમાપ્ત થયા પૂર્વે રામનાદના રાજા સાહેબે પ્રસ્તાવ કર્યો કે, 'સ્વામીજી મહારાજના પવિત્ર પગલાં આ વખતે રામનાદમાં થયાં તેના સ્મરણચિન્હ તરીકે આ સભામાંજ એક ફંડ એકઠું કરીને, મદ્રાસના દુષ્કાળ ફંડમાં એ રકમ

મોકલવાનો મારો અભિપ્રાય છે. ”

સર્વની સંમતિથી એજ વખતે દુષ્કાળનિવારણ ફંડ ચાલુ કરવામાં આવ્યું હતું, જેમાં રાજાસાહેબે મોટી રકમ ભરી હતી. ત્યાર પછી જયઘોષ ગજાવી સભા વિસર્જન થઇ હતી.

ત્યાર પછી થોડા દિવસ રામનાદનરેશના આગ્રહથી સ્વામીજી ત્યાં રહ્યા હતા. એ વખતે દરરોજ અનેક લોકો તેમનાં દર્શનમાટે તેમજ શંકા–સમાધાન અને ધાર્મિક કથા–વાર્તામાટે આવતા હતા. એક દિવસ ત્યાંની ખ્રિસ્તીશાળામાં સ્વામીજીએ એક સુંદર વ્યાખ્યાન આપ્યું હતું; અને વળતે દિવસે સ્વામીજીના માનાર્થે રામનાદના રાજમહેલમાં એક દબદબાભરેલો દરબાર ભરવામાં આવ્યો હતો. તેમાં પણ તામિલ અને સંસ્કૃતમાં જુદી જુદી સંસ્થાઓ તરફથી સ્વામીજીને અનેક માનપત્રો આપવામાં આવ્યાં હતા. એ દરબારમાં પણ સ્વામીજીએ એક નાનું સરખું સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં તેમણે જણાવ્યું હતું કે;– “શ્રીમાન રામનાદનરેશની સંસારની દ્રષ્ટિએ ઘણી ઉંચી પદવી છે; રાજ્યાધિકારના પ્રમાણમાં તેમનાં માન–મર્યાદા પણ બહુ ઉંચી કોટિનાં છે; તથાપિ તેઓ ધર્મ–સેવાના કાર્યમાં સર્વદા સ્વાર્થરહિત સદ્ભાવથી તત્પર રહે છે અને તેમનું મન નિરંતર ઇશ્વરના ભજન–પૂજનમાંજ જોડાએલું રહે છે; માટે તેમને રાજા કે મહારાજા કહેવા કરતાં રાજર્ષિનું ઉપનામ વધારે યોગ્ય થઇ પડશે.” વગેરે.

ત્યાર પછી પણ એક સમય સ્વામીજીએ બીજું એક નાનું ભાષણ આપ્યું હતું. તે ફોનોગ્રાફમાં ઉતારી લેવામાં આવ્યું હતું. એ ભાષણમાં સ્વામીજીએ ભારતમાં શક્તિપૂજાની વિશેષ આવશ્યકતા સિદ્ધ કરી હતી. સ્વામીજીના માનમાં છેલ્લો દરબાર રવિવારની સાંજે ભરવામાં આવ્યો હતો; અને એજ દિવસની શાન્ત રાત્રિએ તેઓ પોતાના સહવાસીઓની સાથે રામનાદથી વિદાય થયા હતા.

परमकुडिनुं मानपत्र.

રામનાદથી ઉત્તરદિશામાં પ્રયાણ કરતાં રસ્તામાં પરમકુડિનામક સ્થાને સ્વામીજી જ્યારે આવી પહોંચ્યા, ત્યારે ત્યાંના રહીશોએ ઘણી ધામધમથી સ્વામીજીનો સત્કાર કર્યો હતો; અને તેમના માનમાં એક મોટી સભા ભરીને ભાવભરેલું માનપત્ર વાંચી સંભળાવવામાં આવ્યું હતું. તેમાં પ્રાયઃ એવો ઉલ્લેખ કરેલો હતો કેઃ–

શ્રીમત્ વિવેકાનંદ સ્વામી !

અમે પરમકુડિનિવાસી જનો આપના પાશ્ચાત્ય જગતના ચાલુ ચાર વર્ષના

ધાર્મિક રણરંગ પછી, આપના પવિત્ર કાર્યની સફળતાપૂર્વક જ્યારે આપ આ દેશમાં પાછા પધારો છો, એ પ્રસંગે શુદ્ધ હૃદયપૂર્વક અપૂર્વ આનંદસહિત આપનું સ્વાગત કરીએ છીએ.

ચિકાગોની મહા ધર્મસભામાં આપણા ધર્મની શ્રેષ્ઠતા સિદ્ધ કરી આપવામાટે પરોપકારવૃત્તિથી તમે જે પ્રબળ પ્રયાસ કર્યો છે; અને ધાર્મિક જગતના અગણિત પ્રતિનિધિઓને આપણી પ્રાચીન ભૂમિના પવિત્ર ગુપ્ત ખજાનાથી પરિચિત કર્યા છે, તેને માટે અમારા સર્વ હિન્દવાસી બન્ધુઓની સાથે અમે પણ આનંદપૂર્વક ગૌરવ માનીએ છીએ. વૈદિક સાહિત્યનાં પવિત્ર સત્યો સ્પષ્ટ રીતે દર્શાવી આપીને આપણી પુરાણપ્રસિદ્ધ ભારતભૂમિ તરફ પશ્ચિમની પ્રજાના જે હલકા વિચારો હતા તે સર્વ દૂર કરી, બધી વયના અને બધી સ્થિતિના બુદ્ધિશાળી મનુષ્યોને માટે આપણો ધર્મ સર્વ રીતે ગ્રહણ કરવા યોગ્ય અને સૃષ્ટિના સામાન્ય ધર્મ તરીકે ઉચ્ચપદ લેવા લાયક છે, એવું આપે પ્રબલ રીતે પૂરવાર કરી આપ્યું છે.

આપની સાથે આપના ઉદાર વિચારોથી મુગ્ધ બનેલા અને આપની ધર્મ-સેવામાં જોડાએલા, પાશ્ચાત્ય શિષ્યો પણ પ્રવાસનાં અનેક સંકટો વેઠી આપની સાથેજ રહે છે; એ પરથી સ્પષ્ટ પ્રમાણિત થાય છે કે પશ્ચિમના લોકો આપનો ઉપદેશ સાંભળીને તેમજ સમજીને બેસી રહ્યા નથી; પરન્તુ તેનાં વ્યાવહારિક ફળો તેઓ મેળવવા લાગ્યા છે. આપના ઉદાર પ્રભાવથી તેમના જીવનનું પણ પરિવર્તન થવા લાગ્યું છે. આપની અદ્ભુત શક્તિ જોઇને અમને આપણા પ્રાચીન પ્રતાપી ઋષિ-મુનિઓનું સ્મરણ થઇ આવે છે. એ ઋષિ-મુનિઓ જેવી રીતે ઉગ્ર તપસ્યા અને પ્રબલ આત્મસંયમવડે પરમાત્માની પ્રાપ્તિ કરી માનવજાતિના સન્માર્ગદર્શક આચાર્યો અને નેતા બની ગયા છે; એવોજ ચારિત્ર્યપ્રભાવ આપના પરોપકારી દિવ્ય જીવનમાં જોઇને અમે અતીવ આનંદ પામીએ છીએ.

છેવટે કૃપાસિંધુ પરમાત્માને અમો પ્રાર્થના કરીએ છીએ કે, સમગ્ર માનવજાતિને પવિત્ર, ધાર્મિક અને આધ્યાત્મિક બનાવવામાટે એ દયાસિંધુ આપને દીર્ઘ આયુષ્ય અને સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રદાન કરો.

આપના આજ્ઞાધીન અને પરમ આસ્તિક પરમકુડિનિવાસીઓના સાષ્ટાંગ પ્રણામ.

परमकुडिना मानपत्रनो प्रत्युत्तर.

એ માનપત્રના ઉત્તરમાં સ્વામીજીએ જે લાગણીભરેલા ઉચ્ચાર દર્શાવ્યા હતા, તેનો કેટલોક ભાગ અહીં આપવામાં આવે છે.

પ્રિયબંધુઓ !

આપ સજ્જનોએ જેવા આદરભાવ અને પરિશ્રમથી મને માન આપ્યું છે, તેનો કયા શબ્દોમાં મારે આભાર માનવો ? તેને માટે યોગ્ય શબ્દો પણ મને મળતા નથી. છતાં જો મને બોલવા દેવામાં આવે તો હું માત્ર એટલુંજ ઉમેરીશ કે મારી જન્મભૂમિ અને મારા સ્વધર્મી બંધુઓને માટે મને એટલો બધો પ્રેમ છે, કે તેઓ કદાચ મને પરમ પ્રેમથી માન આપે અથવા તિરસ્કારપૂર્વક દેશ બહાર કહાડી મૂકે, તોપણ માતૃભૂમિ અને માડીજાયા બંધુઓના પ્રેમમાં એક રજ માત્ર પણ ઓછો થાય એમ નથી; કારણ કે ભગવદ્‌ગીતામાં શ્રી કૃષ્ણભગવાને જણાવ્યું છે કે;–" સઘળાં કર્મ નિષ્કામભાવેજ કરવાં જોઇએ." તે પ્રમાણે પ્રેમ પણ માત્ર પ્રેમને માટેજ રાખવો જોઇએ. પશ્ચિમના દેશોમાં જે કંઇ કાર્ય હું કરી શક્યો છું તે બહુ અલ્પ છે. તમારામાંનો કોઇ વિશેષ યોગ્ય મનુષ્ય મારા કરતાં સોગણું સરસ કામ કરી શક્યો હોત. હું આતુરતાથી એ દિવસની રાહ જોઈ રહ્યો છું કે જે પવિત્ર દિવસે જે અધ્યાત્મવિદ્યા અને આત્મત્યાગના દિવ્ય વિચારો ભારતનાં પ્રાચીન અરણ્યોમાં ઉત્પન્ન થયા છે; અને માત્ર ભારતનીજ સંપત્તિ બની રહ્યા છે, તે અમૂલ્ય સામગ્રીની જગતના એક છેડાથી બીજા છેડા સુધી આવેલા સમગ્ર દેશોમાં છૂટે હાથે લ્હાણી કરવાને, અલૌકિક આધ્યાત્મિક શક્તિવાળા અને પ્રબળ બુદ્ધિબલવાળાં ભારતસંતાનો તત્પર થઇને ઉત્સાહથી એ પવિત્ર કાર્યમાં આગળ વધે.

માનવજાતિના ઇતિહાસમાં એવા અનેક પ્રસંગો મળી આવે છે કે જ્યારે જગતના સુખ–વૈભવથી ઘેરાઇ રહેલી મહાન પ્રજાઓનો હાથ ઉદાસીનતાને એકાએક પકડી લે છે. જગતની ધાંધલ અને તેના કોલાહલનો એ વખતે બધી પ્રજાઓને પૂરેપૂરો કંટાળો આવે છે. તેઓ જુએ છે કે તેમની બધી યુક્તિ–પ્રયુક્તિયો રદ જવા લાગી છે. તેમણે ઘણા લાડથી ઉછેરેલી સંસ્થાઓ અને પ્રમાણભૂત માનેલી પ્રથાઓ ચૂર્ણ–વિચૂર્ણ થઇ માટીમાં મળી જવા લાગી છે, તેમના આશાના દીપક બૂઝાઇ જવા લાગ્યા છે; અને તેમના વ્યાવહારિક સંબંધો જોતજોતામાં છૂટા થવા લાગ્યા છે. એ વખતે તેમને આ ક્ષણિક સ્થૂલ વ્યાપાર કરતાં કોઇ ઉંચા આત્મવ્યાપારની તૃષા જાગે છે. જગતમાં બે પ્રકારના જુદા જુદા પાયા ઉપર સામાજિક જીવનની ઇમારત ઉભી કરવાના યત્નો દષ્ટિગોચર થાય છે. તેમાંનો એક ધર્મના પાયા ઉપર અને બીજો સામાજિક જરૂરિયાતોને પૂરી પાડનારી વ્યવહારનીતિ ઉપર આધાર રાખે છે. એકનો પાયો આધ્યાત્મિકતા છે અને બીજાનો પાયો જડવાદ છે. એકનો પાયો ઇંદ્રિયોથી અગોચર એવા આત્મવાદ ઉપર છે અને બીજાનો પાયો પંચભૂતના પ્રત્યક્ષવાદ ઉપર છે. પહેલો પ્રકાર આ જડ જગતની

મર્યાદા કૂદી જઇને તેની પેલી પાર આવેલા દૂરના અનંત પ્રદેશમાં દૃષ્ટિપાત કરે છે, તે એટલે સુધી કે બીજા પ્રકારની સાથે કશો પણ સંબંધ ન રાખતાં માત્ર આધ્યાત્મિકભાવ ઉપરજ નિર્વાહ ચલાવવાનું સાહસ કરે છે; ત્યારે બીજો પ્રકાર પોતાની ચોપાસ પથરાઇ રહેલી જગતની નાશવંત ચીજોમાંજ સંતોષ પામીને બેસી રહે છે અને મનમાં આશા રાખે છે કે, એ ભૌતિક જગતના પાયા ઉપરજ તેઓ સમાજ અને જીવનની દૃઢ ઇમારત કાયમને માટે બાંધી શકશે. વખતોવખત આમાંનો કોઇ અધ્યાત્મવાદવાળો પક્ષ પ્રબળ થઇ પડે છે; અને થોડા સમય પછી પાછી તેની ઉપર જડવાદની ગતિ ધસી આવતા જલતરંગોની પેઠે પોતાની જડતા રેલાવી રહે છે. એકજ દેશમાં જુદે જુદે વખતે આ બન્ને પ્રકારના જુદા જુદા તરંગો અનુક્રમે આવતા જતા જણાય છે. જડવાદના વિચારોની ભરતી આવે છે ત્યારે ધન-સંપત્તિ અને મોજ-મજા આપનારી કેળવણી તેમજ ખાન-પાનના વિવિધ પદાર્થો વિશેષ પ્રમાણમાં મેળવી શકાય અને સાંસારિક સુખોની વિશેષ પ્રાપ્તિ થાય એવા શિક્ષણનો આદર અને પ્રચાર થવા લાગે છે; વાસનાતૃપ્તિની ઐહિક ભાવનાઓ પોતાનો બહુજ પ્રભાવ જમાવે છે; અને થોડા સમય પછી વળી પાછી તેની અવનતિ થવા લાગે છે. ધનસંપત્તિ અને સુખવૈભવની વિશેષતા થવાની સાથેજ માનવજાતિના સાંકડા હૃદયમાં છુપાઇ રહેલાં ઈર્ષ્યા, દ્વેષ અને તિરસ્કાર પાછાં પ્રબળ રૂપ ધારણ કરે છે. વેર-ઝેર એ વખતનો યુગધર્મ થઇ પડે છે. “સબ સબકી સમાલીયો, મેં મેરી ફોડ લેતા હું” એ તેમનો મુદ્રાલેખ બની જાય છે; અને ઘોર સ્વાર્થ તથા ભયંકર એકલપેટાપણું સ્થળે સ્થળે વ્યાપી રહે છે. જ્યારે આવી અવદશામાં લોકો આવી પડે છે ત્યારેજ તેમને સમજાય છે કે તેમણે મહામહેનતે તૈયાર કરેલી સુખી જીંદગીની યોજના છેકજ વ્યર્થ નિવડી છે. ધર્મની સહાયતા વિના સુખી જીવનની જે જે યોજનાઓ કરવામાં આવે તે બધી એવીજ રીતે નિષ્ફળ જાય છે. એ વખતે તત્ત્વવિદ્યા અને આધ્યાત્મિક ભાવના તેમના રક્ષણમાટે અવતાર લઇને ડૂબતા જગતનો હાથ ઝાલી ઉદ્ધાર કરવાનો યત્ન ન કરે તો સમગ્ર જગત વિનાશ પામ્યા વગર ન રહે; પરન્તુ ઈશ્વર દયાળુ છે, જેથી તેમની કૃપાથી એવે સમયે ધર્મવિચાર અને અધ્યાત્મવિદ્યા જગતની સહાયમાટે અગ્રેસર થાય છે; અને જડવાદની ઉંડી ખાઇમાં ડૂબી મરતા જગતને બચાવી લે છે. એ વખતે લોકો નવી આશાથી પ્રેરાઇને, નવા ઉત્સાહથી અને નવનવા ભાવથી નવું ગૃહ તૈયાર કરવામાટે નવો પાયો નાખે છે. એ વખતે ધર્મ અને આધ્યાત્મિક જીવનની ભરતી પૂર જોશમાં ચડવા લાગે છે.

વળી થોડા સમય પછી ઓટ થાય છે. એ વખતે પાછાં જડવાદનાં મોજાં ચડવા માંડે છે. એક અચલ નિયમરૂપે પ્રથમ તો મનુષ્યોનો એક એવો વર્ગ ઉભો

થાય છે કે જે જગતની ખાસ શક્તિઓઉપર માત્ર પોતાનોજ અધિકાર સ્થાપિત કરે છે. ધર્મભાવનાને આગળ રાખ્યા કરીને સ્થૂલ પદાર્થોના વિલાસ અને સંગ્રહને વધારવા માંડે છે. આની તાત્કાલિક અસર એ થાય છે કે (**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः** ની પેઠે) ફરીથી જડવાદ તરફજ લોકો ગતિ કરે છે. એથી જુદા જુદા પ્રકારની શક્તિના સ્વતંત્ર હક્ક અને અધિકાર જાહેર કરનારાં સેંકડો દ્વાર ખુલી જાય છે. છેવટે પ્રજાની આધ્યાત્મિક શક્તિ ક્ષીણ થઇને તેમની વ્યાવહારિક જડ શક્તિ અને તેમના મનુષ્ય તરીકેના હક્ક ઉપર મનુષ્યોની એક નાની સંખ્યા પોતાના અધિકારનો દાવો રજુ કરે છે. એ થોડા મનુષ્યો સામાન્ય જનસમાજની ગરદનપર ઉભા રહીને તેમનાપર અધિકાર ચલાવવા માગે છે. એ વખતે જનસમાજ આત્મરક્ષાને માટે યત્ન કરવા લાગે છે; અને જડવાદ એ વખતે વિશેષ સહાયકારક થઇ પડે છે. આપણી માતૃભૂમિ ભારત તરફ નજર કરશો તો તરત જણાશે કે આજકાલ અહીં એવોજ પ્રકાર ચાલી રહ્યો છે. યૂરોપમાં તમારા ધર્મ અને વેદાન્તનો પ્રચાર કરવાને માટે એક જણ ગયો હતો તેના કાર્યથી તમે સંતુષ્ટ થયા છો અને તેને માન આપવાને આજે તમે એકઠા થયા છો; પરન્તુ જો યૂરોપના જડવાદે તેને માટે માર્ગ ખુલ્લો ન કરી દીધો હોત તો એ કાર્ય કદિ સફલ થાત નહિ. જડવાદ આવી રીતે જનસમાજને અચાનક સહાય કરે છે. પશ્ચિમનો જડવાદ પણ અમુક દૃષ્ટિએ ભારતનો બચાવ કરવાનેજ અહીં આવ્યો છે. તેણે અમુક દિશામાં ભારતના કલ્યાણનો માર્ગ ખુલ્લો કરી દીધો છે. ઉચ્ચ–નીચ સર્વને માટે ઉન્નતિનાં દ્વાર તેણે ઉઘાડી નાખ્યાં છે. બ્રાહ્મણાદિ ઉચ્ચ વર્ણોના ખાસ હક્કનો પક્ષપાતી દાવો તેણે નષ્ટ કરી નાખ્યો છે; અને જે થોડા માણસોએ પોતાના કબજામાં છૂપાવી રાખેલા અમૂલ્ય રત્નોના ખજાનાનો પોતાને માટે પણ ઉપયોગ તજી દીધો હતો, તે મહાન સત્યો અર્થાત્ વેદના દિવ્ય સિદ્ધાંતોને સર્વસાધારણને માટે ખુલ્લા મૂકીને તેના ઉપર વિચાર, ચર્ચા તથા અભ્યાસ કરવાના સર્વને સમાન અધિકારી બનાવ્યા છે. દુર્ભાગ્યે એ પ્રાચીન અમૂલ્ય ખજાનાનો અર્ધો ભાગ ચોરાઇ તેમજ ખોવાઇ ગયો છે; અને અર્ધો ભાગ “ બીડના કૂતરા ” જેવા આપમતલબી લોકોના અધિકારમાં દટાએલો પડી રહ્યો છે; તેનો તેઓ પોતે પણ ઉપયોગ કરતા નથી અને બીજાને પણ ઉપયોગ કરવા દેતા નથી.

બીજા હાથપર આજકાલ જે રાજનૈતિક યોજનાઓને માટે આપણે લડત ચલાવી પ્રાણતોડ મહેનત કરી રહ્યા છીએ; તે આજે અનેક વર્ષોથી યૂરોપમાં પ્રચલિત છે. સેંકડો વર્ષ સુધી તેમને અજમાવી જોવામાં આવી છે; અને સામાજિક જરૂરિયાતોને પહોંચી વળવાને માટે તે બધી ખામીવાળી તેમજ અપૂર્ણ જણાઇ છે. નવી નવી સંસ્થાઓ, નવી રાજપદ્ધતિઓ, નવા રાજનૈતિક સિદ્ધાંતો અને રાજ-

નૈતિક શાસન સાથે સંબંધ રાખનારી અનેક પ્રણાલિઓ ઉત્પન્ન થઇ છે અને અનુભવે તે દોષવાળી લાગી છે. યૂરોપ હજી સુધી કોઇ નિશ્ચયપર આવી શક્યું નથી. શું લેવું અને શું છોડી દેવું, તેમજ કઇ તરફ વળવું તેના કશા પણ ધોરણ વિના આજનું સુધરેલું યૂરોપ અશાન્તિના સાગરમાં તણાયા કરે છે! જીવનનો જુલમ ભયંકર થઇ પડયો છે. ધન-સંપત્તિનો અત્યાચાર અને વ્યભિચાર માનવજીવનની મર્યાદાને કૂદાવીને પરાકાષ્ઠાએ જઇ પહોંચ્યો છે. દેશનું ધન, બલ અને શાસન ત્યાંના માત્ર થોડા ધનવાન માણસોજ દબાવી બેઠા છે; કે જેઓ જાતે કશો શ્રમ ન લેતાં બિચારાં લાખો ગરીબ મનુષ્યોની પાસે કામ કરાવી તેમના લોહીના ભોગે મિથ્યા મોજ-મજા માણી રહ્યા છે! એ શક્તિવડે તેઓ સમગ્ર પૃથ્વીને લોહીથી ડૂબાવી શકે તેમ છે. ધર્મ અને એવીજ બીજી બધી આધ્યાત્મિક ચર્ચા તેમના પગનાં તળીયાં નીચે દબાએલી છે. તેઓજ સર્વોપરિ અને સર્વત્ર અધિકાર ચલાવનારા બની રહ્યા છે. ખરૂં જોતાં પશ્ચિમનું જગત એક મુઠીભર *શાઇલોકોના સખત શાસનમાં ફસાએલું છે. તમે વ્યવસ્થિત બંધારણવાળા શાસનની, સ્વતંત્રતાની, સમાન હક્કની, પ્રજાકીય સત્તાની અને પાર્લામેન્ટની મહાસભાની જે બધી મોટી વાતો દૂર બેઠા બેઠા સાંભળો છો, તે બધી ઠઠ્ઠા-મશ્કરીજ છે! ખરી રીતે પાશ્ચાત્ય દેશો જેમ યાહુદી "શાઇલોક" જેવા મહાલોભી શાસકના જૂલમથી ત્રાસ પામી રહ્યા છે, તેમ પૂર્વ તરફના દેશો આચાર્યો, પુરોહિતો અને ધર્મગુરૂઓના જૂલમથી ત્રાસ પામીને રૂદન કરતા બેઠા છે; અને એક બીજાને દાબમાં રાખવાને કટિબદ્ધ થઇ રહ્યા છે.

તમે ધારતા નહિ કે માત્ર એકજ વર્ગ જગતનું કલ્યાણ કરી શકે. પક્ષપાતરહિત પ્રભુની ન્યાયી સૃષ્ટિમાં સર્વને સરખાજ અધિકાર મળેલા છે. સર્વને તેમણે સમાનજ બનાવ્યા છે. અતિ અધમ ભયંકર રાક્ષસ જેવા મનુષ્યમાં પણ ઈશ્વરે કોઇ એકાદ તો એવો સરસ ગુણ મૂકેલો હોય છે, કે જે મોટા સંત મહાત્મામાં પણ નથી હોતો. નાનામાં નાના તુચ્છ કીડામાં પણ એકાદ એવી કોઇ ચીજ રહેલી હોય છે કે જે સર્વથી મહાન મનુષ્યોમાં પણ નથી હોતી. એક અભણ ગરીબ મજુરમાં કશા પણ સંસ્કાર નથી; જીંદગીના સુખ-વૈભવ કે મોજ-મજાનો સ્વાદ જેણે કદિ ચાખ્યોજ નથી; જેનામાં તમારા જેવી બુદ્ધિ નથી; જે તમારા વેદાન્તની દાર્શનિક ચર્ચાનો એક બ્રહ્માક્ષર પણ સમજી શકતો નથી; અને દરેક વાતમાં જેને તમે ગરીબ બિચારો કહો છો; છતાં તેની પાસે પણ એક એવી ચીજ છે કે જે તમારી

---

*'શાઇલોક' એટલે વિશ્વવિખ્યાત અંગ્રેજ કવિ શેક્સપિયરના "મર્ચંન્ટ ઓફ વેનીસ" (વેનીસનો વેપારી) એ નામના નાટકમાંનો એક યાહુદી જાતિનો પક્કો મારવાડી; જેણે પૈસા કરજે આપતી વખતે કરેલી શરતમાં જો નિયમસર પૈસા પાછા ન મળે તો કરજદારના શરીરનું માંસ કાપી લેવાનો ઠરાવ કર્યો હતો.

પાસે નથી. ખાત્રી કરવાને માટે તેનું શરીર તમારા શરીર સાથે સરખાવો. તમારા નાજુક શરીરની પેઠે તેનું કસાએલું મજબૂત શરીર પરિશ્રમ કે દુઃખનું નામ સાંભળતાં ડરી જતું નથી; એટલુંજ નહિ પણ જો તેના શરીરમાં સખત ઘા લાગ્યા હશે તો તે પણ તમારા ઘા કરતાં બહુ જલદી રૂઝાઇ જશે. તેનું જીવન અને તેની ભાવનાઓ તેના શરીરનાં અવયવોમાં છે; અને એ જીવનનો આનંદ તે પૂર સંતોષ અને શાન્તિથી ભોગવે છે. તેનું જીવન ત્રાજવાના કાંટાની પેઠે સમાન વજનમાં રહ્યું છે, માટે મનમાં નક્કી સમજવું કે શારીરિક, માનસિક અથવા આધ્યાત્મિક શક્તિની વહેંચણીમાં પરમાત્માએ સર્વત્ર ન્યાયબુદ્ધિજ જાળવેલી છે. એકમાં જે વિશેષ છે તે બીજામાં ઓછું હશે, તો તેનામાં જે વિશેષ હશે તે પહેલામાં ઓછું હશે. આમ એક ન્યૂનતાનો બદલો બીજી વિશેષતાથી વાળી આપ્યો છે. પોતાની શક્તિની પ્રભુએ બધામાં સરખી વહેંચણી કરી છે. આપણે એમ માની લેવું ન જોઇએ કે આપણેજ જગતના ઉદ્ધારક છીએ. આપણે જગતને જેમ કેટલીક ચીજો શીખવવાની છે, તેમ બીજાઓ પાસેથી કેટલીક ચીજો શિખવાની પણ છે. આ જમાનામાં જગત જે દિવ્ય વસ્તુની—જે આધ્યાત્મિક ધર્મની—જે પરમજ્યોતિની રાહ જોઇ રહ્યું છે તેનુંજ શિક્ષણ આપણે જગતને આપવાનું છે. જો ધર્મના આધ્યાત્મિક પાયા ઉપર પશ્ચિમના ક્ષણભંગુર સુધારાનું બંધારણ નહિ કરવામાં આવે, તો ખાત્રી રાખજો કે આવતાં પચાસ વર્ષમાં પાશ્ચાત્ય જગત અને તેનો સુધારો હતો ન હતો થઇ જશે. માત્ર તલવારના જોરથી માનવહૃદય ઉપર રાજ્ય ચલાવવાનો યત્ન કરવો એ છેકજ નિરાશાજનક અને નિરુપયોગી છે. તમે જોઇ શકશો કે પશુબળવડે જગત ઉપર અધિકાર કરવાનો વિચાર જ્યાં જ્યાં ઉદ્ભવ પામે છે, તે તે સર્વ સ્થળો પોતેજ અધમ સ્થિતિને પ્રાપ્ત કરી છેવટે વિનષ્ટ થઇને ચૂર્ણ–વિચૂર્ણ બની જાય છે. જડશક્તિનું લીલાક્ષેત્ર યૂરોપ, પ્રકૃતિના સ્થૂલ બલ ઉપર ઝૂઝનારૂં યૂરોપ, પોતાની સ્થિતિ નહિ બદલાવે અને જીવનનો પાયો ધર્મના શાશ્વત પત્થરથી નહિ બાંધે, તો યાદ રાખજો કે એ જડવાદી યૂરોપ માત્ર પચાસ વર્ષના સમયમાંજ ચૂર્ણ–વિચૂર્ણ થઇ માટીમાં મળી જશે.* યૂરોપને કોઇ પણ ચીજ જો બચાવી શકે તેમ હોય તો તે એકમાત્ર ઉપનિષદ્‌નો ધર્મજ છે.

જુદા જુદા સંપ્રદાયોના આચાર–વિચારોથી અલગ, જુદાં જુદાં ધર્મશાસ્ત્રો, તત્ત્વદર્શન અને ફિલસૂફીઓથી તદ્દન સ્વતંત્ર તથા સર્વમાં એક સરખો પ્રવર્તી રહેલો એવો જે આત્મનિષ્ઠાનો અર્થાત્ આત્મામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવાનો સિદ્ધાંત, તે સિદ્ધાંતજ સર્વ સંપ્રદાયોને માટે સામાન્ય છે; અને તે સિદ્ધાંતજ સમગ્ર

---

* હાલના સ્વાર્થજન્ય યૂરોપીય યુદ્ધે ૫૦ ને બદલે ૨૦ વર્ષમાંજ આ વચનની સત્યતા દર્શાવી આપી છે.

મંત્રી. સ. સા.

જગતના વિચારોના પ્રવાહને બદલાવી શકે તેવો મહાન છે. ભારતમાં હિન્દુ, જૈન, બૌદ્ધ વગેરે સઘળા સંપ્રદાયો એકમતે સ્વીકાર કરે છે, કે આત્મા સર્વશક્તિમાન છે અને સઘળી શક્તિઓના આધારરૂપ છે. તમે સારી રીતે જાણો છો કે ભારતમાં એવો કોઇ પણ મત કે સંપ્રદાય એમ નથી માનતો અથવા કહેતો, કે શક્તિ, પવિત્રતા અને પૂર્ણતા તમને કોઇ બહારના પ્રદેશમાંથી મળી શકશે. તેઓ સર્વ એકમતે કહે છે કે;–"સઘળી શક્તિ પોતાના આત્મામાંજ છે. જન્મથી મળેલો તે આપણો વારસો તથા હક્ક છે." સ્વાભાવિક રીતેજ આપણા આત્મામાં એ બધી શક્તિઓ ભરેલી છે. અપવિત્રતા અને અપૂર્ણતાનું કલ્પિત આવરણ છવાઇ રહ્યું હોવાથીજ તમારો ખરો સ્વભાવ, ખરો પ્રભાવ અને ખરૂં સ્વરૂપ ઢંકાઇ રહ્યાં છે. એ આવરણ દૂર થતાં તરતજ તમને જણાશે કે તમે પોતે પરિપૂર્ણ છો. મેરૂના જેવા અચલ અને ભીમના જેવા બલવાન છો! તમારા પોતાના ઉપર અધિકાર ચલાવવા માટે–આત્મસંયમમાટે બહારની મદદની તમને કશીજ જરૂર નથી. જાણતાં કે અજાણતાં પણ અનાદિકાળથી તમે સંયમીજ છો. જે કંઇ છે તે માત્ર જાણવાનું છે, મેળવવાનું નથી. તમે તમારૂં બળ અને સ્વરૂપ જાણો એટલે તે તમને મળીજ ચૂક્યું છે. શક્તિનો જે કંઇ તફાવત જોવામાં આવે છે તે માત્ર પોતાના સ્વરૂપને ન્યૂનાધિક જાણવાના પરિણામરૂપજ છે. જેને લીધે આપણે આપણું સ્વરૂપ નથી જાણી શકતા તે અવિદ્યા છે. આપણા શાસ્ત્રમાં એ અવિદ્યાનેજ સર્વ પ્રકારના અજ્ઞાનનું મૂળ કહેવામાં આવી છે. ભગવાનમાં અને મનુષ્યમાં, સાધુમાં અને સેતાનમાં, પવિત્ર અને પાપીમાં ભેદ શાને ભાસે છે? માત્ર અવિદ્યાને લીધે-અજ્ઞાનને લીધેજ. સર્વ પ્રાણીમાં શ્રેષ્ઠ એવા મનુષ્યોમાં અને તમારા પગતળે ધીમે ધીમે ચાલતા ઝીણા જંતુઓમાં તફાવત શાથી? માત્ર અવિદ્યાથીજ. અજ્ઞાનવડેજ બધો ભેદ ભાસે છે. એ પગ નીચે ચાલતા અલ્પ જીવજંતુમાં પણ અનંતશક્તિ, જ્ઞાન, પવિત્રતા અને સાક્ષાત્ પરમ દેવતા પરમાત્મા વસે છે. માત્ર તેનામાં તે અવ્યક્તભાવે–અપ્રકટભાવે વસે છે અને તેનો પ્રકાશ હવે પછી થવાનો છે. ભારત પોતાનું આ મહાન સત્ય સકલ જગતને શિખવશે; કારણ કે તે સત્યનો બીજે કોઇ ઠેકાણે આવિષ્કાર થયો નથી. એજ આધ્યાત્મિક ધર્મ છે. એજ તત્ત્વદર્શન અથવા આત્મવિજ્ઞાન છે. મનુષ્ય કયા બળવડે પગપર થઇ કાર્ય કરવાને શક્તિમાન બને છે? આત્મશક્તિવડેજ. જ્યાં જેટલો શક્તિનો પ્રકાશ જણાય ત્યાં આત્માનોજ તેટલો વિકાસ સમજવો. શક્તિ, બળ, વીર્ય એજ આત્માનું મુખ્ય બળ છે. શક્તિ એજ સાધુત્વ છે. નબળાઇ અને દુર્બળતા એજ મહાપાપ છે. જો ઉપનિષદ્માંથી બોમ્બની પેઠે કોઇપણ પ્રચંડ શબ્દ અજ્ઞાનના સમુદાય ઉપર ફૂટી તેને છિન્ન–ભિન્ન કરી નાખવાને શક્તિમાન હોય, તો તે વેદનો માનીતો અને

ઈશ્વરનો પ્રેરિત શબ્દ ' **अभी** ' (અભયતા) છે. ' **अभी** ' એટલે નિડરતા. જો જગતને કોઇપણ મહાન ધર્મ શિખવવાની જરૂર હોય તો તે એક માત્ર **अभी**–નિર્ભયતાનોજ ધર્મ શિખવવાનો છે. આ વ્યાવહારિક જગતમાં કે ધર્મના આધ્યાત્મિક જગતમાં ' ભય ' એજ બધા પાપનું અને અધઃપાતનું મુખ્ય કારણ છે, એમાં જરા પણ સંદેહ નથી. ભય, કાયરતા અને બાયલાપણામાંથીજ બધાં દુઃખોની ઉત્પત્તિ થાય છે. ભયને લીધેજ પડતી, ભયને લીધેજ મૃત્યુ અને ભયને લીધેજ સઘળા પ્રકારની અધોગતિ થાય છે. એ ભય કયાંથી ઉત્પન્ન થાય છે ? આપણા સ્વભાવ અને સ્વરૂપના અજ્ઞાનને લીધેજ ભય ઉત્પન્ન થાય છે. રાજા–મહારાજાઓના પણ જે ચક્રચૂડામણિ છે, સમગ્ર બ્રહ્માંડના જે ભૂપતિ છે, તેના તમે પાટવીકુમાર છો, તેના તમે વારસ છો, અરે એ સર્વસત્તાધીશ પરમાત્માનાજ તમે પોતે અંશસ્વરૂપ છો. હજુ તમારો ભય નથી ગયો ? ત્યારે સાંભળો: તમારી શકિત એથી પણ અધિક છે. વિશ્વવિજયી પ્રબલ અદ્વૈતવાદ કહે છે કે તમે પોતેજ સર્વશક્તિમાન ઈશ્વર છો. અજ્ઞાનને લીધે તમે પોતેજ તમારૂં સ્વરૂપ ભૂલીને તમે પોતાને નાના મનુષ્ય જેવા તુચ્છ સમજો છો. અધ્યાત્મવિદ્યાના અરીસામાં તમારૂં પોતાનું સ્વરૂપ જુઓ, તમારી અગાધશક્તિનો વિચાર કરો અને આલોક તથા પરલોકના ભયને સમુદ્રમાં ફેંકી દો. આપણે આપણા સ્વરૂપથી ભ્રષ્ટ થયા છીએ. આપણી પોતાની શક્તિ અને આપણા પોતાના સ્વભાવનું જ્ઞાન ગુમાવી દીધું છે, તેથીજ આપણને ભેદબુદ્ધિ સૂઝે છે. હું તમારાથી સારો છું અથવા તમે મારાથી સારા છો, એ બધી ભેદબુદ્ધિ જ્યાંસુધી પોતાની વ્યાપકતા અને આત્માની અતુલ્ય સત્તા સમજવામાં નથી આવી ત્યાંસુધીજ ટકી શકે છે. જ્યારે એ ભેદબુદ્ધિને ખોળામાં લઇને અવિદ્યા અદૃશ્ય થાય છે, ત્યારે નિર્ભય પ્રબલ આત્મસ્વરૂપ આપોઆપજ જાગી ઉઠે છે. એ અભેદનો મંત્ર વેદાન્ત સિવાય બીજો કોઇ પણ ધર્મ શિખવી શકે તેમ નથી. "પોતાના આત્મામાંજ સઘળી શક્તિઓ અવ્યક્ત રીતે સમાયલી છે." એ મહાન સત્ય તેમજ અભેદનો એ મહામંત્ર આપણું પવિત્ર ભારત સમગ્ર જગતને શિખવશે. જ્યારે એ અભેદવાદ અને આત્મસ્વરૂપ તમારા સમજવામાં આવશે, ત્યારે સ્મરણમાં રાખજો કે આ સકળ દૃશ્યજ બદલાઇ જશે. સર્વમાં તમને આત્મસત્તા અને નિર્ભયતાનો ભાવ દેખાશે. તમે નર–નારી, પ્રાણી–પદાર્થમય આ સમગ્ર જગતને આજ સુધી જોતા હતા એથી જુદીજ આંખોએ જોવા લાગશો. એ વખતે તમને જણાશે કે આ જગત પરસ્પર વેરઝેર વધારીને લડી મરવાનું કોઇ રણક્ષેત્ર નથી. જ્યાં એક જીવાત્મા બીજા જીવાત્મા સાથે જીવતા સુધી લડયાજ કરે તથા નબળાનો નાશ થાય અને બળવાનનો વિજય થાય એવી આ કાંઇ અનંત યુદ્ધભૂમિ નથી. એ વખતે આ

જગત આપણને એક રમતના મેદાન જેવું જણાશે. આ ક્રીડાક્ષેત્રમાં સ્વયં ભગવાનજ હું, તમે અને બીજાં બધાં પ્રાણીઓરૂપે અનેક શરીર ધારણ કરીને બાળકની પેઠે રમે છે. આપણે સઘળા એ રમતના સોબતી છીએ. સાક્ષાત્ ભગવાનની સાથેજ દિનરાત રમીએ છીએ અને આ જગતરૂપી લીલાક્ષેત્રમાં તેમના સહાયક છીએ. તમારામાંના કોઇને આ ખેલ–આ લીલા ગમે તેટલી ભયાનક, ગમે તેટલી જોખમકારક અને કુરૂપ જણાતી હોય તોપણ તે બધી રમતજ છે. એ રમતને સાચી વસ્તુ તરીકે માની લેવાની નથી. આપણે તેનું ખરૂં સ્વરૂપ ભૂલી ગયા છીએ અને ભ્રાંતિવશ થઇને પ્રભુની આ વિચિત્ર લીલાને સત્ય વ્યાપાર સમજી બેઠા છીએ. પણ જ્યારે જ્ઞાનજ્યોતિ જાગે છે અને આપણે પોતાનું સ્વરૂપ બરાબર જાણી લઇએ છીએ, ત્યારે સર્વથી નબળા, હતભાગ્ય, પતિત અને મહાપાપી પુરૂષના હૃદયમાં પણ આશાનો સંચાર થાય છે. તમારાંજ શાસ્ત્રો તમને કહે છે કે કદિ પણ હતાશ ન થાઓ; કારણ કે તમે ઇષ્ટ અનિષ્ટ ગમે તે પ્રવૃતિ કરો પરન્તુ તમે તેના તેજ રહો છો. કાર્ય અથવા તેના ક્ષણિક પરિણામથી તમારૂં સ્વરૂપ કદિ બદલાવાનું નથી. કોઇ પણ દેશ–કાળ–સ્થિતિમાં તમે તમારા સ્વભાવનું પરિવર્તન કરી શકો તેમ નથી. સ્વભાવ પોતેજ સ્વભાવનું હનન કરી શકે નહિ. પ્રકૃતિ પોતેજ પ્રકૃતિનો વિનાશ કેવી રીતે કરી શકે? તમે સ્વભાવથીજ સિદ્ધ છો. લાખો વર્ષ સુધી તમારી શકિત અને તમારો સ્વભાવ અવિદ્યાના આવરણમાં ઢંકાઇને ભલે છૂપાં રહે; પરન્તુ છેવટ તે સર્વ આવરણોને ભેદીને–સર્વનો વિજય કરીને પોતાના તેજસ્વી સ્વરૂપમાં પ્રકટ થશેજ. આવી રીતે વેદાન્ત સર્વને આશા આપીને ઉત્સાહી બનાવે છે. કોઇને નિરાશ અને નિસ્તેજ કરતું નથી. વેદાન્તનું રક્ષણ નિર્ભયતાના ડંકાથી ગાજી ઉઠે છે. તે ભયના માર્ગમાં નથી. વેદાન્ત એમ નથી કહેતું કે શયતાન હમ્મેશાં બાજપક્ષીની પેઠે તમારાપર ટાંપી રહ્યો છે; અને એક પગલું ભૂલ્યા તો તરત તમારી ગરદન ઉપર ચડી બેસશે. વેદાન્તવાદને શયતાન અથવા તેની ભયંકર સેના સાથે સંબંધજ નથી. વેદાન્તનું નામ સંભળાતું હોય ત્યાં શયતાન ઉભો પણ રહેતો નથી. વેદાન્ત તો ડંકો વગાડીને કહે છે કે:– " તમે નિડર થાઓ. " વેદાન્ત કહે છે કે તમારૂં નશીબ તમારા પોતાનાજ હાથમાં છે. પૂર્વ જન્મનાં કર્મોવડે આ તમારૂં શરીર તમે પોતેજ ઘડયું છે, એમાં બીજા કોઇએ આંગળી પણ લગાડી નથી. સર્વવ્યાપક, સર્વશકિતમાન, પરમાત્મા તમારી અવિદ્યાના પડદા પાછળ છૂપાઇ રહ્યાં છે. અહંકારથી કરેલાં સર્વ કર્મોની જવાબદારી તમારી પોતાની છે. તમારા માથાપર રહેલું એ ઋણ તમને તમારાં કર્મોનાં ફળ ભોગવાવે છે. તમારે એમ સમજવાનું નથી કે તમારી ઇચ્છા વિનાજ તમને આ જગતમાં લાવવામાં આવ્યા છે, તમને અહીં કોઇએ ફેંકી દીધા છે,

અથવા આ ભયંકર સ્થાનમાં તમને પરાણે લાવી મૂકયા છે. તમારે ખાસ જાણવું જોઇએ કે તમે પોતેજ ક્રમે ક્રમે તમારૂં શરીર અને તમારો સંસાર વેર્યો છે. વર્તમાન સ્થિતિમાં પણ તમે એજ કરતા રહ્યા છો. તમે પોતેજ ખાઓ છો, તમારે માટે બીજું કોઇ ખાતું નથી; અને ખાઓ છો તેનું સત્વ શોષીને તમે પોતેજ તમારૂં પોષણ કરો છો. બીજું કોઇ તમારે માટે સત્વ ગ્રહણ કરતું નથી. તમે પોતેજ ખાધેલા ખોરાકમાંથી લોહી, માંસ અને શરીરને ઉત્પન્ન કરો છો, બીજું કોઇ કરતું નથી. તમારી બધી બાબતો એવીજ રીતે પરાપૂર્વથી તમે પોતેજ કરતા આવ્યા છો. એક સાંકળની કડીને બરાબર જાણી લેવાથી તે અનંત સાંકળને જાણી લેવાય છે. જો એ સત્ય હોય કે એક પહોર પણ તમે પોતેજ તમારૂં શરીર બનાવો છો તો તમારી બધા સમયની પ્રત્યેક પળ પણ તમે એમજ કરતા આવ્યા છો અને ભવિષ્યમાં પણ તમે એમજ કરતા રહેશો; અને તેથી ઇષ્ટ-અનિષ્ટ, સારા–માઠાની સઘળી જવાબદારી તમારા પોતાનાજ ઉપર છે. આ સિદ્ધાંતમાંજ આપણી મહાન આશા સમાએલી છે. “ જે મેં કર્યું છે તેનો નાશ પણ હુંજ કરી શકું તેમ છું. ”

આપણાં શાસ્ત્રોમાં આવો શુષ્ક કર્મવાદ છતાં આપણો ધર્મ ભગવત્કૃપાનો અસ્વીકાર પણ કરતો નથી. માનવજાતિપર ઉતરતી ઈશ્વરી કરૂણાને હિન્દુધર્મ લેશ પણ છીનાવી લેતો નથી. ઈશ્વરની કૃપા તો સર્વદા આપણા કલ્યાણને માટે તૈયારજ છે. સર્વવ્યાપક પરમાત્મા શુભાશુભરૂપ આ ભયંકર સંસારપ્રવાહથી પર હોવા છતાં એ મુકત, અસંગ પરમ કૃપાસિંધુ સંસારનાં આપણાં સુખ–દુ:ખોમાં પણ સહાય કરીને સર્વદા પેલીપાર લઇ જવાને માટે તૈયાર છે; કારણ કે એ દયાનિધિ છે અને એ કૃપા જેઓ પવિત્ર હૃદયના હોય છે તેમનાપર નિત્ય વરસી રહી છે.

આ પરથી તમે જોઇ શકો છો કે આપણી પ્રાચીન પદ્ધતિ પ્રમાણે આપણી સમાજનો નવો પાયો નાખતી વખતે ધર્મ અને વેદાન્ત અમુક મર્યાદા સુધી મુખ્ય સહાયક થશે. જો મને વધારે વખત હોત તો હું તમને સ્પષ્ટ બતાવી શકત કે પાશ્ચાત્ય પ્રજાઓ અદ્વૈતવાદના કેટલાક સિદ્ધાંતોનું શિક્ષણ હજી પણ કેવી રીતે ગ્રહણ કરી શકે તેમ છે; કારણ કે આજના જડવાદપ્રધાન રસાયન અને વિજ્ઞાનના યુગમાં એક વિશિષ્ટ સગુણ ઈશ્વર કોઇ પણ રીતે નભી શકે તેમ નથી. આમ છતાં બધું બ્રહ્મમય હોવાથી કોઇ મનુષ્ય વિચિત્ર અને કુસંસ્કારપૂર્ણ ધર્મપદ્ધતિને અનુસરે તો તેને માટે પણ આપણા ઉદાર ધર્મમાં યથેષ્ટ સ્થાન છે. જે મનુષ્યો અમુક મંદિરો અને મૂર્તિઓની ઉપાસનામાં પોતાનો ધર્મ માનતા હોય, તેઓ પણ તેમની મરજી પડે તેની ઉપાસના કરી શકે તેમ છે. જો કોઇ મનુષ્ય સાકાર

ઇશ્વરની ઉપાસના ઇચ્છતો હોય તો સાકાર ભક્તિના પણ ઉંચામાં ઉંચા વિચારો અને ઉદારમાં ઉદાર સયુક્તિક અનુપમ સિદ્ધાંતો આ આર્ય ધર્મભૂમિ ભારતમાં તૈયારજ છે. જો કોઇ મનુષ્ય આજના તર્કપ્રધાનકાળમાં વિચાર કે યુક્તિવડે ધર્મને સ્વીકારવા માગતો હશે, તો તેને પણ સાકાર કે નિરાકાર–કોઇ પણ પ્રકારની ઉપાસનાના ઉત્તમ યુક્તિવાદથી ભરેલા અપૂર્વ સિદ્ધાંતો આ અતિ પ્રાચીન સનાતન મંદિરરૂપ ભારતમાંજ પ્રાપ્ત થઇ શકશે. સમગ્ર સંસારનાં મનુષ્યો! આવો, આ અનંત ધર્મરાજ્યમાં તમારી ધાર્મિક તૃષા અને ક્ષુધા નિવારી તમારા હૃદયને પરિતૃપ્ત કરો. **ॐ शान्तिः शान्तिः शान्तिः।**

शिवगंगा अने मनमादुराना मानपत्रनो उत्तर.

પરમકુડિથી ઉત્તર તરફ આવતાં મનમાદુરા મુકામે તેની નજીકના શિવગંગા ગામના શ્રીમાન જમીનદારો અને રહેવાસીઓએ સ્વામીજીને આગ્રહથી રોકી, એક મોટી સભા ભરી એક ભાવભર્યું માનપત્ર આપ્યું હતું. જેના ઉત્તરમાં સ્વામીજી નીચે પ્રમાણે બોલ્યા હતાઃ–

સજ્જનો! તમે શુદ્ધ હૃદયના સ્નેહપૂર્વક મારૂં જે અભિનંદન કરીને ઉપકારના મહાન ઋણનો મારા ઉપર જે ભાર મૂક્યો છે, તે ભાષામાં વ્યક્ત કરવાને હું અશક્ત છું. પ્રબલ ઇચ્છા હોવા છતાં મારા શરીરની સ્વસ્થતા સારી ન હોવાથી હું લાંબું વ્યાખ્યાન આપીને તમને સંતુષ્ટ કરી શકું તેમ નથી. એને માટે હું ઘણો દિલગીર છું. મારા સંસ્કૃતજ્ઞ મિત્રે મારાપર અનુગ્રહ કરીને મારે માટે સુંદર વિશેષણો વાપર્યાં છે, તથાપિ મારા ઉપર પણ આ સ્થૂલશરીરનો બોજો છે. એ બોજો અજ્ઞાન કાળમાં રચેલો હોવા છતાં હાલ તો તેને ઉઠાવ્યા સિવાય ઉપાય નથી. સ્થૂલશરીર સદા જડતત્ત્વોના નિયમને અને પરિસ્થિતિને અધીન છે. એથી સ્વાભાવિક રીતે થાક અને વિષાદ જેવા તેના વિપરીત ધર્મો પણ તેની સાથેજ રહેલા છે. પશ્ચિમના દેશોમાં મારાથી જે કંઇ અલ્પ–સ્વલ્પ કાર્ય થયું છે, તેને માટે સમગ્ર દેશમાં ઠામ ઠામ જે અપૂર્વ આનંદ અને સહાનુભૂતિ દર્શાવવામાં આવે છે, તેથી જણાય છે કે ભારતવર્ષનું હૃદય કેવું ઉદાર અને પરીક્ષક છે. હું એ સદ્ભાવ તરફ એવી દ્રષ્ટિથી જોઉં છું કે ભવિષ્યમાં જે જે મહાન આત્માઓ દેશ અને ધર્મની સેવા માટે ઉત્પન્ન થશે, તેના માર્ગને તમારો આજનો ઉત્સાહ જરૂર સરળ બનાવશે. મેં જે સાધારણ યત્કિંચિત્ કાર્ય કર્યું છે તેને માટે સમગ્ર પ્રજા આટલી બધી પ્રસન્નતા બતાવીને મારી પ્રશંસા કરે છે, ત્યારે ભારતના ભાવી ધર્મવીર મહાત્માઓ, યુગપ્રવર્તક મહાપુરૂષો ઉત્પન્ન થશે તેઓ આ ઉદાર પ્રજા તરફથી કેટલું બધું

માન અને પ્રશંસા પ્રાપ્ત કરશે? આપણો દેશ–ભારતભૂમિ તે ખરેખરી ધર્મભૂમિ છે. હિન્દુપ્રજા માત્ર ધર્મનેજ સારી રીતે સમજે છે. અનેક સૈકાંના શિક્ષણથી હિન્દુપ્રજાએ ધર્મના દૃઢ સંસ્કાર ગ્રહણ કર્યા છે; અને તમે જાણો છો તેમ એક માત્ર ધર્મજ સમગ્ર હિન્દુપ્રજાના જીવનનું મહાવ્રત છે. ઈશ્વરનો કંઇ એવો નિયમ નથી કે જગતમાં બધાએ દુકાનદાર–વેપારી, શાળાના શિક્ષક કે સારી રીતે લડનારા યોદ્ધા થવું જોઇએ. પરિણામની સમાનતા સાધવામાટે જગતમાં જુદી જુદી ભાવના અને જુદા જુદા લક્ષબિન્દુવાળી અનેક ભિન્ન ભિન્ન પ્રજાઓ ઉત્પન્ન થશે, જગતની સઘળી પ્રજાની સમાનતા જાળવી રાખવામાટે પરમાત્માએ આધ્યાત્મિક એકતાનો પ્રચાર નિર્માણ કરેલો છે. આપણા જે મહાન ગૌરવશાળી પૂજ્ય પૂર્વજોના વંશજ તરીકે કોઇપણ પ્રજા અભિમાન લઇ શકે, તેમની પાસેથી જે મહાન તત્ત્વવિચારો અને કથાઓનો આપણે વારસો મેળવ્યો છે, તે હજુ સુધી છેક ગુમાવી નથી દીધો એ જોઇને મને ઘણો આનંદ થાય છે; અને ભાવી પ્રજાની ઉન્નતિ વિષે મારા હૃદયમાં આશા બંધાય છે. માત્ર એટલુંજ નહિ પણ મેરૂના જેવો અચળ વિશ્વાસ ઉપજે છે. મારા પ્રત્યે પ્રેમ અને સદ્ભાવ બતાવવામાં આવે છે એટલા માટે નહિ પણ પ્રજાનું હૃદય ધર્મભાવનામાં દૃઢ રહ્યું છે, એ જોઇને મને હર્ષ ઉપજે છે. ભારતપ્રજાનું હૃદય આટલા બધા સૈકાના ફેરફારોમાં પણ પોતાના ધર્મરૂપ લક્ષને ચૂક્યું નથી. પવિત્ર પ્રાચીન ધર્મની ભૂમિ હજી સુધી જીવતી જાગતી છે. કોણ કહે છે તેનું મૃત્યુ થયું છે? પરન્તુ પાશ્ચાત્ય પ્રજા આપણને ઉદ્યોગી અને ક્રિયાકુશળ જોવા ચાહેછે.લડાઇના મેદાનમાં જો તેઓ આપણને ઉદ્યોગી ઇચ્છતી હોય તો જરૂર તે નિષ્ફળ થશે; કેમકે રણક્ષેત્ર આપણું ક્ષેત્ર નથી. તેમજ આપણે પણ કોઇ લડાયક જાતિને આધ્યાત્મિક ક્ષેત્રમાં ક્રિયાશીલ અને ઉદ્યોગી જોવા ચાહીએ તો આપણે પણ નિરાશ થઇએ એમ છે. ધર્મ સિવાય બીજા કોઇ વિષયમાં આપણી પ્રજાનું હૃદય લીન થઇ શકતું નથી, એથી તેઓ જે પ્રકારની કાર્યકુશળતા ચાહે છે તેવી આપણે દેખાડી શકતા નથી. છતાં આપણે ક્રિયાહીન કે અનુદ્યોગી છીએ એમ પણ નથી. પશ્ચિમના લોકોને અહીં આવીને જોવા દો કે આપણે તેના જેવાજ ઉદ્યોગી છીએ અને આપણી પ્રજા આગળની પેઠેજ ક્રિયાશીલ અને જીવતી જાગતી છે. આપણે પહેલાંના કરતાં વધારે હીનદશામાં આવી પડયા છીએ,આપણી અધોગતિ થઇ છે એવા ખોટા વિચારો આપણે દૂર કરી દેવા જોઇએ.આપણા પ્રજાકીય જીવનનો મૂળ પાયો આજ સુધી મજબૂત ટકી રહ્યો છે તેમાં કંઇ પણ સંશય નથી. તથાપિ અહીં મારે થોડાક સખત શબ્દો કહેવાના છે. આશા છે કે તમને માઠું નહિ લાગે. હમણાંજ આપણી સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે કે યૂરોપનો જડવાદ આપણને માટીમાં મેળવી દેવાનો યત્ન કરી રહ્યો છે; પણ હું કહું છું કે તેને માટે

યૂરોપની પ્રજા કંઇ દોષપાત્ર નથી.

દોષ આપણો પોતાનોજ છે. વેદાન્તી તરીકે આપણે સર્વદા સર્વ વિષયોને આધ્યાત્મિક દ્રષ્ટિથી જોવાનો વિચાર કરવો જોઇએ. આપણે વેદાન્તી હોવાથી આપણો તો સામાન્ય સિદ્ધાંત છે કે “જો આપણે પોતેજ આપણું નુકશાન ન કરીએ તો ત્રિલોકમાં એવી કોઇ શક્તિ નથી કે આપણું નુકશાન કરી શકે.” દૂરના ભૂતકાળમાં દ્રષ્ટિપાત કરતાં દેખાય છે કે શંકરાચાર્યના ઉદય પહેલાં ભારતનો લગભગ એ તૃતીયાંશ ભાગ બૌદ્ધ બની ગયો હતો; અને એવીજ રીતે છેલ્લા ઇસ્લામી યુગ તરફ જોતાં પણ જણાય છે કે ભારતની પ્રજાનો એક પંચમાંશ ભાગ મુસલમાન બની ગયો છે! થોડાજ સમયમાં ખ્રિસ્તીઓની સંખ્યા પણ આ દેશમાં દશ લાખથી અધિક થઇ ગઇ છે! આ કોનો દોષ છે? ઇતિહાસનો એક વિખ્યાત લેખક કહે છે કે:—“જ્યારે અનંત જીવનનું ઝરણું આપણી અંદરથીજ વહે છે, ત્યારે આ ગરીબ હતભાગ્ય મનુષ્યો શા માટે ક્ષુધા તૃષાથી તરફડી મરે છે? પણ પ્રશ્ન એ ઉઠે છે કે જે દુઃખી અને ગરીબ લોકો પોતાનો ધર્મ તજીને વટલી ગયા તેમને માટે આપણે શું કર્યું? તેઓ શા માટે મુસલમાન થયા હશે? તેઓ શા માટે પોતાનો ધર્મ છોડતા હશે?” મેં ઇંગ્લાંડમાં એક સરલ અને નમ્ર સ્વભાવની બાલિકાવિષે સાંભળ્યું છે. તે બાલિકાને વેસ્યાવૃત્તિ ધારણ કરવાની પૂર્વે એક આબરૂદાર સ્ત્રીએ એ પાપને રસ્તે ન જવાનું કહ્યું. તેના જવાબમાં એ બાલિકાએ ઉત્તર આપ્યો કે:—“ લોકો આવી રીતનીજ લાગણી બતાવી રહ્યાં છે. એમાં મોઢાના શબ્દો સિવાય એ લાગણીનું હું કંઇ વિશેષ પરિણામ જોઇ શકતી નથી. મને હાલ સહાય કરનાર કોઇ પણ મળતું નથી; પણ જ્યારે હું પાપાચાર કરવા લાગીશ ત્યારેજ દયાળુ સ્ત્રીઓ મને પોતાને ઘેર લઇ જશે; અને મારે માટે અનેક વાનાં કરશે.” એવીજ રીતે એ બિચારા પામર મનુષ્યો વટલી ગયા ત્યાંસુધી કોઇને કશો વિચારજ ન થયો; પણ હવે આપણે તેમને માટે રડીએ છીએ અને નુકશાનનો વિચાર કરીને હાયવોય કરીએ છીએ; પણ તેઓ જ્યારે દુઃખી અને લાચાર હતા ત્યારે આપણે તેમને માટે શું કર્યું હતું? આપણા હાથમાં જ્ઞાનની મશાલ રાખીને કેટલે દૂર સુધી આપણે સત્યનો પ્રકાશ તેમને દેખાડયો છે? આપણે તેમને બિલકુલ મદદ કરી નહોતી. તેમનાં દુઃખ અને દીનતા તરફ નજર પણ કરી નહોતી. એ આપણો પોતાનોજ દોષ છે, આપણા પોતાનાજ કર્મનું ફળ છે, બીજા કોઇને દોષ દેવાની જરૂર નથી. આપણાં પોતાનાંજ કર્મ અને અજ્ઞાનનો દોષ સમજવો જોઇએ. તમે પોતે જો તમારૂં હિત કરવા તત્પર હો તો પછી જગતમાં બીજો કોણ તમારૂં અહિત કરી શકે તેમ છે? જડવાદ, મુસલમાન કે ખ્રિસ્તીધર્મ અથવા જગતનો બીજો કોઇ પણ મત-પંથ, જો તમે જાતે તેને આવવા દીધો

ન હોત તો, કદિ પણ પોતાનો પ્રભાવ જમાવી શકત નહિ. જો શરીરને ખરાબ ખોરાકથી, દુર્ગુણોથી, નિયમભંગથી, બીજા દોષોથી તેમજ બેદરકારીથી આપણે જાતેજ હીનવીર્ય, અપવિત્ર તેમજ નિર્માલ્ય ન બનાવી દઇએ, તો જીવનને હાનિ કરનારા ઝીણા જંતુઓ કદિ પણ શરીર ઉપર આક્રમણ કરી શકતા નથી. સંપૂર્ણ આરોગ્યવાળો મનુષ્ય ઢગલાબંધ ઝેરી જંતુઓની વચ્ચે પણ કોઇ પણ જાતની હાનિ કે અસર વિના સ્વસ્થ રહી શકે છે. એવીજ રીતે આપણે પણ આપણા પ્રજારૂપી શરીરની સંભાળ રાખી, તેને દુર્ગુણી અને મલિન બનવા ન દીધું હોત તો બીજી કોઇ પણ પ્રજાનો ચેપ તેને લાગી શકતજ નહિ; પરન્તુ આપણે આપણી પ્રજાના ગરીબ અને દુઃખી અંગને પૂર્વે કશી પણ સહાય કરી નહોતી; માટે ખ્રિસ્તી અને મુસલમાન વગેરે બીજી પ્રજાના દોષ કહાડવા પહેલાં આપણે આપણા દોષ જોવા જોઇએ. હજી પણ આપણી એ રીતભાત બદલવાનો યોગ્ય સમય છે.

પ્રથમ તો જે નકામા વિષયોની નિરર્થક ચર્ચા છેક પ્રાચીનકાળથી આપણે કરતા આવ્યા છીએ; અને અનેક નિરુપયોગી બાબતોમાટે જૂના કાળથીજ લડતા આવ્યા છીએ એ સર્વનો ત્યાગ કરો. વાણીના એ ખોટા ઝગડામાં કંઇ પણ બુદ્ધિનું લક્ષણનથી. છેલ્લા છ સાત સૈકામાં જે આપણી ઉત્તરોત્તર અધોગતિ થવા લાગી છે તેનાપર નજર કરો. પ્રૌઢ અને સમજુ ગણાતા સેંકડો મનુષ્યો આજે અનેક વર્ષો થયાં એવીજ નિર્માલ્ય ચર્ચા કરતા આવ્યા છે, કે પાણીનો પ્યાલો ડાબા હાથમાં લઇને પાણી પીવું કે જમણા હાથમાં? હાથ ત્રણ વખત ધોવા જોઇએ કે ચાર વખત? કોગળા પાંચ વખત કરવા કે છ વખત? ટીલાં-ટપકાં આવી રીતે કરવાં કે તેવી રીતે? આવા આવા ઉત્તમ અને બારીક પ્રશ્નોની ચર્ચા કરવામાંજ જે મનુષ્યો પોતાની અમૂલ્ય જીંદગીનો મોટો ભાગ પસાર કરતા પશુજીવન ભોગવે છે, તેમની પાસેથી તમે શી આશા રાખી શકો? એવાજ પ્રશ્નો ઉપર મોટી પાંડિત્ય ભરેલી યુક્તિ-પ્રયુક્તિઓ તથા પ્રમાણોની લડત ચલવ્યા કરીને, એવા અસીમ મહત્ત્વવાળા (!) વિષયો તથા દેવદુર્લભ ફિલસૂફીઓ (!) ડોહોળતા બેઠા છે, તેમને દેશહિત કે ધર્મસેવા જેવા સામાન્ય વિષયોને માટે ક્યાંથી વખત મળે? આપણો ધર્મ રસોડામાંજ પૂરાઇ રહેશે એવો ભય ચાલુ પરિસ્થિતિ જોતાં રહે છે. આ વખતે આપણે કયા ધર્મના અને કઇ સ્થિતિના છીએ? સેંકડે એકાદ ટકા સિવાય બાકીનો આપણો મોટો ભાગ કયા ધર્મ કે પંથમાં છે તે તમે જાણો છો? આપણે વેદાન્તી નથી, પૌરાણિક નથી અને તાંત્રિક પણ નથી. આપણે તો માત્ર અસ્પર્શધર્માજ છીએ! અમુકને અડવા ન અડવામાંજ આપણા ધર્મનો સમાવેશ થાય છે. પળે પળે આપણે અભડાઈ જઇએ છીએ! કોઇ મનુષ્યની તો શું પણ કોઈ પત્થરની છાયા પડી તોયે ન્હાયા વગર તો છૂટકોજ નહિ! એ અડવા ન્હાવામાંજ આપણા ધર્મની

કાયા કેદ પૂરાઇ રહી છે! રસોડું આપણું ધર્મક્ષેત્ર છે, ખીચડીનું હાંલ્લું આપણો ઈશ્વર છે; અને આપણી ધર્મદીક્ષાનો મંત્ર—મહામંત્ર "મને અડતા નહિ, હું અભડાઇશ" એ વાકયોમાંજ સમાઇ રહ્યો છે! જો આવું ને આવું એક સૈકો વધારે ચાલ્યું તો દરેક ભારતવાસી ગાંડાની ઇસ્પીતાલનો અધિકારી થશે. મન જ્યારે જીવનનાં વધારે ઉંચાં તત્ત્વો અને વિચારોને ગ્રહણ નથી કરી શકતું, ત્યારે તેને મગજની નબળાઇનો વ્યાધિ લાગુ પડયો છે એમજ જાણવું જોઇએ. એ અવસ્થામાં ગંભીર વિચારોની ચર્ચા કરવાને માટે મનુષ્ય છેકજ અશક્ત બની જાય છે. પોતાનું સમગ્ર તેજ, પ્રતિભા, કાર્યશકિત અને વિચારશકિત પણ તે ગુમાવી બેસે છે. બળ ગુમાવી બેઠેલું મન એ વખતે જે નાનામાં નાનો ખાડો તેને મળી આવે તેનીજ આસપાસ ઘૂમ્યા કરે છે. તરતાં ન આવડતું હોય તેવો મનુષ્ય જેમ નદીના ઉંડા ધુનામાં મરતાં સુધી ઘૂમ્યા કરે છે અને બહાર નીકળી શકતો નથી, તેમજ નબળા મગજવાળા મનુષ્યો પણ જે નાના સરખા ખાડામાં પૂરાઇ જાય છે તેમાંજ ગબડયા કરે છે અને બહાર નીકળી શકતા નથી. માટે પહેલાં તો એ બધા ખાડાઓને ત્યજી દેવા જોઈએ. ઉદાર વિચારના વાતાવરણમાં આપણે બહાર આવવું જોઈએ, અને પછી પોતાનાજ પગપર ઉભા રહીને સુદૃઢ મનોબળસહિત કાર્ય કરવું જોઇએ. જે મહાન, અનંત અને અમૂલ્ય ખજાનો આપણા પવિત્ર પૂર્વજો આપણે માટે વારસામાં મૂકી ગયા છે અને જેની આજે જગતને બહુ જરૂર છે, તેને આપણે ત્યારેજ ઓળખી શકીશું; અને ત્યારેજ તેનું મૂલ્ય પણ બરાબર સમજી શકીને જગતમાં તેનો વિસ્તાર કરી શકીશું. એ આધ્યાત્મિક અમૂલ્ય સંપત્તિનો ભંડાર જો આ જગતની પ્રજાઓમાં વહેંચી આપવામાં નહિ આવે તો સમગ્ર જગતનો જરૂર નાશ થશે. માટે અજ્ઞાનનાં પડ ઉખેડીને એ અનંત ખજાનાને બહાર કહાડો અને જગતમાં ચારેમેર કશા પણ ભેદભાવ વિના સઘળી પ્રજાઓમાં ફેલાવી દો. મહાત્મા વેદવ્યાસ કહે છે કે:—" દાન એજ માત્ર કલિયુગનો મહાન ધર્મ છે અને બધાં દાનોમાં બ્રહ્મવિદ્યાનું અર્થાત્ આધ્યાત્મિક જીવનનું દાન સર્વોત્તમ છે. વ્યાવહારિક વિદ્યાનું દાન તેનાથી ઉતરતું છે. અભયદાન અથવા પ્રાણદાન એ તેનાથી પણ ઉતરતું છે; અને અન્નદાન એ તો સૌથી છેલ્લું છે. ગામેગામ ચાલતાં અન્નક્ષેત્રમાં અન્નનું દાન આ ઉદાર ભારતમાં ઠામ ઠામ અપાય છે. આપણી પ્રજાએ અન્નદાન બહુ આપ્યું છે. બીજી કોઈ પણ પ્રજા એટલી દાનશીલ અને ઉદાર નથી. અહીં કોઈ ભિખારીની પાસે પણ એકાદ રોટલી હશે તો તેમાંથી અર્ધો ભાગ દાનમાં આપી દેશે. આવી ચમત્કારિક દાનપદ્ધતિ માત્ર ભારતમાંજ આપણી નજરે પડે છે. એ સર્વથી છેલ્લી પાયરીનું અન્નદાન આપણે બહુ આપ્યું છે; માટે હવે દાનધર્મની ઉપરની પાયરીએ ચડીને બીજાં બે પ્રકારનાં

ચડીયાતાં દાનો એટલે કે પરા અને અપરા વિદ્યાનાં દાન આપો. આપણે સાચા, શ્રદ્ધાળુ, બહાદૂર, દૃઢ, ઉત્સાહી અને ધર્મપરાયણ હોઇશું અને દેશની ગતિના ચક્રને સંપૂર્ણ નિખાલસ ભાવથી ઉંચકીને આગળ ધકેલશું, તો માત્ર પચીશ વર્ષની અંદરજ આપણા જીવનની મહાન સમસ્યા સ્પષ્ટ રીતે ખુલ્લી થશે; અને કજીયા-ટંટા કે વેર-ઝેર વધારવાનું કંઇ કારણજ નહિ રહે. ભારતની સમગ્ર પ્રજા ઉન્નત સ્થિતિ પ્રાપ્ત કરીને પાછી ખરેખરી આર્યપ્રજા બની રહેશે. આ વખતે મારે તમને આટલુંજ કહેવાની જરૂર છે. કઇ યુકિત અને કયા ધોરણથી હું કામ લેવા માગું છું તે કાંઇ ઠેકઠેકાણે મોઢેથી બોલ્યા કરવાની મને ટેવ નથી. જે માર્ગ મેં નક્કી કરી રાખ્યો છે, તે માત્ર કહી ન બતાવતાં કરી દેખાડવાનું હું વધારે પસંદ કરૂં છું. જો ઇશ્વરની ઇચ્છા અને કૃપા હશે તેમજ મને એટલું આયુષ્ય અને વખત મળશે, તો થોડાજ સમયમાં હું મારે ધારેલે માર્ગે કામ કરી બતાવીશ. એ મહાન કાર્યમાં સફળ થઇશ કે નહિ તે હું જાણતો નથી, તોપણ જીવનનો મહાન આદર્શ દ્રષ્ટિ સામે રાખીને એ કાર્યને સિદ્ધ કરવામાટે જીવનસર્વસ્વ સમર્પણ કરવું એજ આપણા જીવનની ખરેખરી સફળતા છે.એજ ખરી પ્રાપ્તિ અને ખરો આનંદ છે. જો એવા કોઇ મહાન કાર્યને માટે ઉચ્ચહેતુપૂર્વક આત્મસમર્પણ કરવામાં ન આવે તો પછી મનુષ્યની હલકી, ટુંકી, ક્ષુદ્ર અને પશુતુલ્ય જીંદગીની કિંમતજ શી રહી? કોઈપણ મહાન કાર્ય કે આદર્શને માટે સમગ્ર જીવનની શકિત વાપરવી એજ તેની ખરી સાર્થકતા છે. ભારતમાં એજ આપણે મહાન કાર્ય કરવાનું છે. આજકાલ ધાર્મિક વિચારોને નવી સ્ફૂર્તિ અને નવું જીવન પ્રાપ્ત થવા લાગ્યાં છે, તે જોઇને મને અત્યંત આનંદ થાય છે. ધર્મને માટે જ્યારે પ્રજાનાં હૃદય ઉત્સુક થયાં છે ત્યારે આવી સોનેરી તકનો લાભ હું ન લઇ શકું, તો મારા જેવો બીજો કોઇ મૂર્ખ નથી એમ સમજવું. ॐ **शान्तिः शान्तिः शान्तिः ।**

मदुरानुं मानपत्र.

સ્વામીજીનો પ્રવાસ મનમાદુરાથી પાછો શરૂ થયો. મદુરાના શહેર પાસે તેઓ આવી પહોંચ્યા ત્યારે ત્યાંના હિન્દુ ગૃહસ્થોએ ઘણાજ પૂજ્યભાવ અને હૃદયના પ્રેમપૂર્વક સ્વામીજીનું સ્વાગત કર્યું. શ્રીમાન રામનાદનરેશના ભવ્ય અને સુંદર બંગલામાં તેમને ઉતારો આપવામાં આવ્યો; અને પાછલે પહોરે મદુરાના ગૃહસ્થોએ એક મોટી સભા ભરીને સુશોભિત મખમલની પરિપાટી ઉપર તૈયાર કરાવેલું માનપત્ર વાંચી સંભળાવીને સમર્પણ કર્યું. એ માનપત્રનો સાર નીચે પ્રમાણે છે:–

પરમજ્ઞાની પૂજ્યપાદ સ્વામીજી,

અમારા આ અતિ પ્રાચીન અને પવિત્ર શહેરમાં આપનાં આજે પગલાં થયાં એથી અમારૂં અહોભાગ્ય સમજીને અમે આપનું શ્રદ્ધા, સદ્‌ભાવ અને સન્માનપૂર્વક સ્વાગત કરીએ છીએ. આપ એક ખરેખરા હિન્દુ સંન્યાસીના ઉચ્ચ આદર્શરૂપ છો. આપે સંસારનાં સઘળાં બન્ધન છોડી–તોડીને, સર્વ પ્રકારની આસક્તિનો પરિત્યાગ કરીને, સાંસારિક સુખોપભોગના મિથ્યા પ્રલોભનોને સ્પર્શ પણ કરવા ન દેતાં પ્રબલ વૈરાગ્યવૃત્તિથી પરહિતમાં જીવન ગાળવાનું સર્વોત્તમ કર્તવ્ય સ્વીકાર્યું છે; અને સમગ્ર માનવજાતિને આધ્યાત્મિક ઉન્નતિને માર્ગે લઇ જવાનું મહાકઠિન પરોપકારનું વ્રત ધારણ કરી સમગ્ર જગત ઉપર ઉપકાર કર્યો છે. આપના પોતાના જીવન અને વ્યવહારથી ઉત્તમ ઉદાહરણ આપી જાતેજ સિદ્ધ કરી બતાવ્યું છે કે, હિન્દુધર્મ ઘણા ઉદાર આશયવાળો અને સમગ્ર જગતમાં સમતા ફેલાવનારો છે. બહારની ક્રિયાઓ, અનુષ્ઠાનો અને આચાર–વિચારના નિયમોના કાચા દોરડાથી તે બંધાઇ રહેલો નથી; પરન્તુ તેનો સત્વભાગ એજ છે કે સર્વોત્તમ અધ્યાત્મવિદ્યા અને દર્શનશાસ્ત્રવડે સંસારના તાપ–પાપથી દગ્ધ બનેલા દુઃખી જીવોને સંપૂર્ણ આશ્વાસન અને અખંડ શાન્તિ આપવી.

આપે અમેરિકા અને ઇંગ્લાંડને હિન્દુધર્મ તેમજ હિન્દુ ફિલસૂફીની યોગ્ય પ્રશંસા કરવાના તેમજ મનુષ્ય માત્રને તેની પોતાની સ્થિતિ અને શક્તિને અનુકૂળ પડે, એવી સર્વોત્તમ રીતે ઉન્નતિના માર્ગમાં આગળ વધવાના ધાર્મિક વિચારો શીખવ્યા છે. છેલ્લાં ચાર વર્ષ થયાં આપ માત્ર દૂરના પ્રદેશોમાં પશ્ચિમવાસીઓનેજ ઉત્તમ ઉપદેશ આપતા રહ્યા છો; તોપણ આપનાં વિદેશમાં અપાએલાં એ ભાષણો અને ઉપદેશો દૂરથી વાંચી સમજીને આ દેશના લોકો પણ આગ્રહ અને ઉત્સાહપૂર્વક તેનો લાભ લેતા રહ્યા છે; અને જડવાદના જે પ્રબળ વિચારો વિદેશમાંથી આ તરફ આવીને ક્રમે ક્રમે વિકાસ પામતા હતા, તેને રોકી અને પાછા ધકેલવામાટે આપની પ્રેરણાથીજ લોકો તત્પર થઇ શકયા છે, તેમજ અમુક અંશે સફળતા પણ મેળવી શકયા છે.

ભારત આજસુધી જીવતું રહ્યું છે, તેનું મુખ્ય કારણ એજ છે કે સમગ્ર જગતને આધ્યાત્મિક આદેશો સંભળાવવાનું અને પ્રેમમૂર્તિ પ્રભુનો સંદેશો પહોંચાડવાનું તેનું મહાન કાર્ય હજુ બાકી છે. એ મહાવ્રત આપણું પવિત્ર ભારત થોડાજ સમયમાં સફલ કરશે એવી આશાનાં ઉજ્જવલ કિરણો દિગન્તમાં ચમકવા લાગ્યાં છે. કલિયુગના છેલ્લા ચક્રના વિષમ આંટા ઉપર જગત જ્યારે આવી ઉભું છે, એજ વખતે આપના જેવા મહા પુરૂષોનો આવિર્ભાવ અમને સૂચવે છે કે, થોડાજ સમયમાં નજીકનાજ ભાવી ગર્ભમાંથી અનેક તેજસ્વી મહાપુરૂષો પ્રકટ થઇને આપે ઉપાડી

લીધેલું પવિત્ર મહાન કાર્ય પરિપૂર્ણ કરશે.

સરસ્વતીની પ્રાચીન વિહારભૂમિ, અવતારોની પ્રિયનિવાસવાટિકા અને પ્રાચીન યોગી–મુનિજનોનું આ પવિત્ર દ્વાદશાન્તક્ષેત્ર અમારૂં જન્મસ્થાન મદુરા, આપે ભારતનાં દર્શનશાસ્ત્ર અને તત્ત્વવિદ્યાનો જે મનોરમ્ય પ્રભાવ બતાવ્યો છે, તેને માટે પોતાના હૃદયનો પરમ આનંદ પ્રકટ કરવામાં તેમજ સમગ્ર મનુષ્યજાતિના ઉપર આપ અમૂલ્ય ઉપકારનું વર્ષણ કરી રહ્યા છો, અને માનવજાતિના કલ્યાણને માટે સ્વધર્મની જે અમૂલ્ય સેવા ઉઠાવી રહ્યા છો; તેથી પ્રફુલ્લિત થઇને કૃતજ્ઞ હૃદયે તમારા પવિત્ર પ્રયાસને વધાવી લેવામાં ભારતનાં બીજાં કોઇ પણ શહેરથી એક પગલું પણ પાછળ રહેવાનું નથી.

અમે અંતઃકરણપૂર્વક ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, આપને દયાળુ પરમાત્મા દીર્ઘજીવન, સંપૂર્ણશક્તિ, હૃદયબળ અને જગતને ઉપયોગી થઇ પડવાની પ્રબલ ધર્મભાવના પ્રદાન કરીને, જગતના મહાન કલ્યાણયજ્ઞમાં સર્વદા સંયુક્ત કરી રાખે.

આપના આજ્ઞાંકિત દાસાનુદાસ,
મદુરાનિવાસી શ્રદ્ધાળુ શિષ્યોના સાષ્ટાંગ પ્રણામ.

આ માનપત્રનો સ્વામીજીએ જે વિસ્તારપૂર્વક જવાબ આપ્યો હતો તે હવે પછી આપવામાં આવે છે.

मदुराना मानपत्रनो प्रत्युत्तर.

મારી ઇચ્છા છે કે થોડો સમય હું અહીં તમારી સાથે રહીને તમારા સુયોગ્ય અધ્યક્ષે કહ્યું તે પ્રમાણે પાશ્ચાત્ય દેશોનો મારો સઘળો અનુભવ, તેમજ છેલ્લાં ચાર વર્ષના ધર્મપ્રચારના કાર્યનું પરિણામ વગેરે અનેક બાબતો, કે જે આપણાં ભાવી કાર્ય સંબંધે બહુ ઉપયોગની થઈ પડે તેમ છે, એ બધી વિસ્તારથી સમજાવું. પણ દુર્ભાગ્યે સાધુ સંન્યાસીઓને પણ સ્થૂલ શરીરનો ભાર વેઠવો પડે છે. જગતના સર્વ પદાર્થનો ત્યાગ કરવા છતાં શરીરનો સંપૂર્ણ ત્યાગ કરી શકાતો નથી. ગયાં ત્રણ અઠવાડિયાંથી વિવિધ સ્થાને ચાલુ પ્રવાસ કરવાથી તેમજ ઉપરાઉપરી ભાષણો આપવાથી, હું એટલો બધો થાકી ગયો છું કે આજે પણ આ રળિયામણી સંધ્યાની છાયામાં એકાદ વિસ્તૃત વ્યાખ્યાન આપી તમને સંતુષ્ટ કરવાનું કાર્ય પ્રાયઃ અસંભવિત થઇ પડયું છે. એટલામાટે આપ સજ્જનોએ મારા પ્રત્યે અનુગ્રહ દર્શાવીને મારો જે સત્કાર કર્યો છે, તેને માટે આભાર દર્શાવી ધન્યવાદ આપીનેજ હું ટૂંકેથીજ સંતોષ માનીશ; બાકીના બીજા બધા વિષયો ભવિષ્યના કોઇ સારા અવસરમાટે મુલતવી રાખીશ. જે વખતે શારી-

રિક પ્રકૃતિ સારી અને નિરોગી હશે અને બન્ને પક્ષને સંપૂર્ણ અવકાશ હશે, એ વખતે વિસ્તારપૂર્વક ઘણી અગત્યની બાબતો ઉપર વિચાર અને વાતચીત કરવાનો આપણને સારો સમય મળશે. તમારા સ્વનામધન્ય, સુપ્રસિદ્ધ, સ્વધર્માભિમાની અને સ્વદેશવાસી ઉચ્ચકુલાવતંસ, ઉદારચિત, શ્રી રામનાદનરેશના અતિથી તરીકે આજે મદુરામાં રહેવાનો અવસર આવ્યો છે ત્યારે એક ખાસ વાતનો મારા હૃદયમાં આવિર્ભાવ થાય છે. કદાચ તમારામાંના ઘણા ગૃહસ્થો જાણતા હશે કે એ ધર્માભિમાની રાજાસાહેબેજ ચિકાગોની ધર્મપરિષદમાં જવાનો વિચાર મારા મગજમાં મૂક્યો હતો; અને છેવટ સુધી તન-મન-ધનથી મને આશ્રય આપતા આવ્યા છે. તેમનીજ મહેનત અને લાગવગને પ્રતાપે મારા પશ્ચિમના પ્રવાસમાં હું કંઇક કરી શક્યો છું. માટે માનપત્રમાં મારી જે કંઇ પ્રશંસા કરવામાં આવે છે, તે સર્વ એ દક્ષિણ ભારતના શ્રેષ્ઠ રાજપુરૂષનેજ ઘટે છે. હું માત્ર એટલુંજ ઇચ્છું છું કે એક રાજા થવાને બદલે જો તેઓ એક સંન્યાસી થયા હોત તો તેનું આ જગતને મહાન ફળ મળી શક્યું હોત; કેમકે તેમનું વર્તન, જીવન, આચાર-વિચાર સઘળું સંન્યાસનેજ લાયક છે. ખરી રીતે કહેતાં તેઓ એક ગૃહસ્થ સંન્યાસી છે. જ્યારે જગતના કોઇ અમુક દેશ કે ભાગમાં કોઇ અમુક વસ્તુની ખરેખરી જરૂર જણાય ત્યારે, જગતના બીજા વિભાગમાંથી તે વસ્તુ આવીને ન્યૂનતા દૂર કરી જગતના એ અંગને તરતજ નવું જીવન આપે છે. આ દૃશ્ય ભૌતિક જગતમાં તેમજ આધ્યાત્મિક જગતમાં એ નિયમ એકસરખોજ લાગુ પડે છે. જગતના એક વિભાગમાં ધર્મભાવના અને અધ્યાત્મવિચારોની ન્યૂનતા હોય અને બીજા ભાગમાં એ બન્ને વસ્તુ વિશેષ પ્રમાણમાં રહેતી હોય, તો જાણ્યે અજાણ્યે પણ કુદરતના ક્રમથીજ આધ્યાત્મિકજીવન તેમજ ધર્મબુદ્ધિ એની મેળે રસ્તો કરીને જે વિભાગમાં તેની જરૂર અથવા ખામી રહેલી હશે, ત્યાં પહોંચીને ઉણપનો ખાડો પૂરી દેશે અને બન્ને સ્થાનની સમતા બનાવી દેશે. જગતની ન્યાયતુલાનો આ એક સામાન્યજ નિયમ છે. માનવજાતિનો ઇતિહાસ વાંચી જોતાં આપણને જણાય છે કે માત્ર એકવાર નહિ, બે વાર નહિ; પરન્તુ વારંવાર આ પવિત્ર પ્રાચીન ભારતને વિધાતાના અચલ નિયમને અનુસરી સમગ્ર જગતને આધ્યાત્મિક ભાવનાનો પ્રવાહ પૂરો પાડવો પડ્યો છે. આપણે જોઇ શકીએ છીએ કે પ્રબળ વિજયધ્વનિથી અથવા તો વ્યાપારની સર્વોત્તમતાથી જ્યારે જગતના જુદા જુદા ભાગના મનુષ્યો એક સૂત્રે ગુંથાઇ, પરસ્પર જોડાઈને એક મહાન પ્રજારૂપ બની જાય છે; ત્યારે એકત્ર થતી બધી જાતિઓની પરસ્પર આપ-લે ચાલે છે. એક જાતિ બીજી જાતિની નજીક આવતાં પોતાની વિશેષતા બીજી જાતિને આપવાનો યોગ પામે છે. એ વખતે એ જાતિઓ એક બીજાને રાજનૈતિક, સામાજિક અથવા પોતાની આધ્યા-

ત્મિક ભાવનાઓ તેમજ આચાર-વિચારની આપ-લે કરે છે. જેની પાસે જે કંઇ મહત્ત્વનું હોય તે પોતાના પડોશીને આપે છે. જ્યારે પણ એવો યોગ મળ્યો ત્યારે હિન્દુસ્તાને સમગ્ર જગતને ધર્મશિક્ષા આપી છે. અધ્યાત્મવિદ્યા અને દર્શનશાસ્ત્રો શીખવ્યાં છે. ઇરાની સામ્રાજ્યનો ઉદય થયો તેના ઘણા સમય અગાઉ ભારતવર્ષે જગતને પોતાની આધ્યાત્મિક સંપત્તિ પ્રદાન કરીને, માનવજાતિના જ્ઞાનસમૂહમાં તત્ત્વદર્શનરૂપી પોતાનો અમૂલ્ય ફાળો ભરી આપ્યો છે; અને ઇરાની સામ્રાજ્યના અભ્યુદય વખતે વળી પાછો બીજી વાર જગતની સંપત્તિમાં તેણે પોતાના અક્ષય આધ્યાત્મિક ધનનો ફાળો આપ્યો છે. ગ્રીકલોકોના ઉદય અને હિન્દ ઉપરની તેમની ચડાઇ વખતે ત્રીજી વાર પણ તેણે એજ ફાળો ભર્યો છે; અને હવે ચોથી વખત ઇંગ્રેજ રાજ્યના અભ્યુદય વખતે પણ વિધાતાએ નિર્માણ કરેલું પોતાના આધ્યાત્મિક દાનનું વ્રત, ભારતમાતા પૂર્ણ રીતે સફળ કરવાને તૈયાર થાય છે. જેવી રીતે સામાજિક બંધારણના અને બાહ્ય સુધારાના વિચારો વિશાળ અંતરને ભેદીને આપણા દેશમાં દાખલ થવા લાગ્યા છે; અને તેનો પ્રબલ પ્રવાહ ચારે મેર રેલાવા લાગ્યો છે, પછી આપણને તેની જરૂર હોય કે ન હોય તોપણ એ પ્રવાહ વહેતોજ રહ્યો છે; એવીજ રીતે ભારતનો ધર્મ અને ભારતની તત્ત્વવિદ્યા પણ પશ્ચિમના પ્રદેશોને આધ્યાત્મિક રસથી ભીંજાવવા માંડી છે. પ્રબળ આધ્યાત્મિક પ્રવાહ સાત સમુદ્ર અને સીત્તેર નદીઓને કૂદીને પેલે પાર આવેલા પાશ્ચાત્ય પ્રદેશોમાં ચોમેર રેલાવા લાગ્યો છે. કોઇ તેને રોકી કે પાછો વાળી શકે તેમ નથી; તેમજ પશ્ચિમના જડવાદપ્રધાન સુધારાને આપણે પણ રોકી કે પાછો વાળી શકીએ તેમ નથી. એ વ્યાવહારિક સુધારો અમુક અંશે આપણને લાભકારક થાય તેમ છે. આપણી આધ્યાત્મિકતા પણ પાશ્ચાત્ય દેશોને ઉપકારક થઇ પડે તેમ છે. એમ થવાથી બન્ને દેશોમાં એક પ્રકારની સમાનતા જળવાઇ રહેશે. આપણને બધી બાબતમાં પશ્ચિમ પાસેથીજ શિક્ષણ લેવાનું છે એમ કંઇ નથી; તેમજ પાશ્ચાત્ય પ્રજાને પણ બધું આપણી પાસેથીજ શિખવાનું છે એમ પણ નથી; પરન્તુ સમગ્ર જગત આજે અનેક યુગ થયાં જે પ્રકારના આદર્શ જગતની કલ્પના કરતું આવ્યું છે, તેનો જલદીથી આવિર્ભાવ થાય તથા જગતની સઘળી પ્રજાઓમાં સમતા અને એકતાનો સૂર ગાજી ઉઠે, એવું જ્ઞાન અને એવાજ વિચારો દરેક મનુષ્યે પોતાની શકિત અનુસાર ભવિષ્યની પ્રજાને આપી જવા જોઇએ. એવું આદર્શ જગત કદિ પણ પ્રત્યક્ષ થશે કે નહિ તે હું જાણતો નથી; સમગ્ર જગતની સામાજિક સંપૂર્ણતાના શિખરપર માનવજાતિ કદિ પણ પહોંચી શકશે કે નહિ એ વિષયમાં મને પોતાને શંકા છે; પરન્તુ એવો ઉજળો દિવસ આવે કે ન આવે છતાં આપણામાંના પ્રત્યેક જણે તો જાણે એ દિવસ આવતી કાલેજ આવવાનો

હોય અને આપણા પુરુષાર્થ ઉપરજ તેનો ખાસ આધાર હોય, એમ સમજીને દરેક પ્રયત્નશીલ રહેવું જોઇએ. આપણે પ્રત્યેકે એમજ ધારવું જોઇએ કે દુનિયાના બીજા સઘળા મનુષ્યો પોતાનું કર્તવ્ય કરી ચૂક્યા છે; અને જગતને સંપૂર્ણ બનાવવા માટે માત્ર મારે કરવાનુંજ કામ બાકી રહેલું છે. આવું સમજીને આપણે કર્તવ્યક્ષેત્રમાં ઉતરવાનું છે. આપણા પોતાના ઉપર આ પ્રકારની મહાન જોખમદારી રહેલી છે એમ સમજવું જોઇએ.

આધુનિક સમયે ભારતવર્ષમાં ધર્મનું પુનરુત્થાન થવા માંડ્યું છે. એ મહાન આનંદનો પ્રસંગ હોવા છતાં તેમાં અત્યંત ભય પણ રહેલો છે: કારણ કે ધાર્મિક જાગૃતિની સાથે અનેક વખત ઉન્મત્તતા પણ જાગી ઉઠે છે; અને તે કોઇ વખત મર્યાદા કૂદાવીને એટલી બધી પ્રબળ થઇ પડે છે કે એ જાગૃતિ કરનારના અંકુશમ પણ રહી શકતી નથી; માટે એ કાર્યમાં આગળથીજ સાવધાન રહેવાની જરૂર છે. આપણે એ વિશાળ માર્ગોની વચ્ચે થઇને રસ્તો કરવાનો છે. એક બાજુએ જૂના વહેમો, કુસંસ્કારો તેમજ ચાલતી આવેલી રૂઢિઓને વળગી રહેનારો જૂના વિચારનો મોટો જનસમુદાય છે;અને બીજી તરફ યૂરોપના આચાર–વિચાર, યૂરોપનો જડવાદ, તેમના કહેવાતા સુધારાની આત્મા વગરની નાસ્તિક દશા, અને સૂકી વ્યવહારબુદ્ધિ, કે જેમણે પાશ્ચાત્ય પ્રગતિના પાયાને પણ વીંધી નાખ્યો છે, એવી સભ્ય મનાતી પ્રબલ પાશ્ચાત્ય પ્રજા ઉભેલી છે. ધાર્મિક જગતમાં આપણો માર્ગ શોધતી વખતે એ બન્નેથી આપણે બહુજ સંભાળીને ચાલવાનું છે. પહેલવહેલાં તો આપણે એ નિશ્ચય કરવાનો છે કે આપણે કદિ પણ પાશ્ચાત્ય થવાના નથી. આપણે માટે પશ્ચિમની પ્રજાનું અનુકરણ કરવું વૃથા છે; માત્ર વૃથાજ નહિ પણ મહાન હાનિ કરનારૂં છે. તમે થોડે ઘણે અંશે પાશ્ચાત્ય પ્રજાનું અનુકરણ કરવાને પાત્ર છો ખરા; પરંતુ જો પૂરેપૂરૂં અનુકરણ કરવા જશો તો તેજ પળે તમારૂં મૃત્યુ થયું એમ સમજજો. તમારામાં જીવનનો કંઇ પણ અંશ રહેશે નહિ. ઉદાર આર્યજાતિ તરીકેનું તમારૂં હજારો વર્ષનું જીવન એજ ક્ષણે નષ્ટ થશે! બીજી તરફથી જોતાં એમ થવું અસંભવિત છે. સૃષ્ટિના આદિકાળથીજ માનવજાતિના ઇતિહાસના લાખો વર્ષના વિશાળ અવકાશમાં વહેતો એક પ્રબલ અનંત પ્રવાહ હિમાલયના શિખરમાંથી છેક સમુદ્રના કિનારાસુધી એક સરખો ચાલી રહ્યો છે. શું તમે એ પ્રબલ પ્રવાહને પકડીને રોકી શકો તેમ છો? અથવા તેનાં ઝાકળમય શિખરોસુધી તેના મૂળ તરફ પાછો ધકેલી શકો તેમ છો? જો કદિ એમ બની શકતું હોય તોપણ તમે ખાત્રીથી માનજો કે તમે યરોપીઅન તો નહિજ થઇ શકો! પાશ્ચાત્ય પ્રજાએ થોડાંક સૈકાં થયાં જે શિક્ષણ મેળવ્યું છે અને જે સંસ્કારોને પોષ્યા છે; તેમને દૂર ફેંકી દેવાનું કાર્ય જો તેમને માટે અસંભવિત

હોય, તો પછી અનેક યુગ થયાં સેંકડો સૈકાંના વિશાળ અંતરાયમાં તમે જે પ્રબલ સંસ્કારો પ્રાપ્ત કર્યા છે તેનો તમે કેવી રીતે ત્યાગ કરી શકશો? તે કદિ પણ બની શકે તેમ નથી. આપણે પણ એ સ્મરણમાં રાખવું જોઈએ કે, આપણે જેને આપણો ધર્મ અથવા સંપ્રદાય માનીએ છીએ તે માત્ર પોતાના નાના ગ્રામ્ય દેવતા અને રૂઢિ તેમજ વહેમથી પ્રચલિત થએલા ક્ષુદ્ર દેશાચારમાંજ સમાઈ રહ્યો છે. આ રૂઢિઓ અને દેશાચાર અગણિત છે અને પરસ્પરવિરોધી છે. તેમાંથી કોને આપણે અધીન થઈશું અને કોની અવગણના કરીશું? ઉદાહરણ તરીકે દક્ષિણ હિન્દુસ્તાનનો બ્રાહ્મણ બીજા બ્રાહ્મણને માંસાહાર કરતો જોઈનેજ ભયભીત થઈને સો હાથ પાછો ભાગશે; ત્યારે ઉત્તર હિન્દુસ્થાનનો બ્રાહ્મણ માંસાહારને પરમ પવિત્ર મહાપ્રસાદ સમજે છે! માત્ર એટલુંજ નહિ પણ પૂજાના બલિદાનરૂપે સેંકડો પ્રાણીઓનું તે પોતાને હાથેજ બલિદાન આપે છે! તમે તમારા દેશાચાર અને લોકાચારને આગળ ધરશો કે તરતજ તેઓ પોતાના આચાર-વિચાર અને રૂઢિ તમારી સામે રજૂ કરશે! દરેક પક્ષ પોતાની રૂઢિ અને લોકાચારને પ્રમાણસિદ્ધ ઠરાવવા યત્ન કરશે. આવી રીતે ભારતના જુદા જુદા પેટા દેશોમાં અનેક જુદા જુદા દેશાચાર છે; પરન્તુ તે પોતપોતાના દેશમાંજ પ્રચલિત છે. અજ્ઞાન મનુષ્યોજ પોતપોતાના ગામ કે દેશમાં ચાલતા લોકાચારને ધર્મના સારરૂપે માનીને એથી ચઢીઆતો બીજો ધર્મ કોઈ હોયજ નહિ એમ માને છે; પરન્તુ એ તેમની મોટી ભૂલ છે. એ સિવાય બીજી પણ કેટલીક મોટી મુશ્કેલીઓ છે. આપણાં શાસ્ત્રોમાં બે પ્રકારના સિદ્ધાંતો જોવામાં આવે છે. એક પ્રકારના સિદ્ધાંતો મનુષ્યના નિત્ય સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે; તેમજ જીવ, શિવ અને પ્રકૃતિના પરસ્પર અનાદિ સંબંધ ઉપર રચાયા છે; અને બીજા અમુક દેશ, કાલ અને સ્થિતિને લક્ષ્યમાં રાખી સામાજિક સંસ્થાઓને માટે દેશ-કાળ પ્રમાણે બદલાતી પરિસ્થિતિને અનુસરતા જુદે જુદે યુગે બદલાતા સિદ્ધાંતો છે. પહેલા પ્રકારના સિદ્ધાંતો મુખ્યત્વે શ્રુતિઓમાં છે, અને બીજા પ્રકારના સિદ્ધાંતો સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરેમાં આપેલા છે. આપણે લક્ષમાં રાખવું જોઈએ કે બધા બાબતને માટે વેદોજ આપણું અંતિમ સ્થાન, મુખ્ય વિધાન અને સર્વોત્તમ પ્રમાણ છે. કોઈ સ્મૃતિના પ્રમાણનો ઉલ્લેખ જો વેદના સિદ્ધાંતથી મતભેદ કે વિરોધ બતાવતો હોય, તો પુરાણો અને ઇતિહાસના એ ભાગને કશી પણ દયા લાવ્યા વિના ત્યાગ કરવો જોઈએ. બારીકીથી જોવા જઈએ તો સ્મૃતિ પુરાણ જેવા બીજા ધર્મગ્રન્થોમાં ભિન્ન ભિન્ન ઉપદેશ આપેલો જણાય છે. દરેક વિષય ઉપર તેમનો એક મત જણાતો નથી. એક સ્મૃતિ કહે છે કે, અમુક રૂઢિ અથવા અમુક દેશાચાર બરાબર છે; અને આ યુગમાં તેનુંજ પાલન થવું જોઈએ; ત્યારે બીજી સ્મૃતિ કોઈ જુદાજ દેશાચારનું સમર્થન કરે છે. કોઈ સ્મૃતિ સત્યયુગને

માટે જુદા જુદા આચાર અને દ્વાપર, કલિયુગ આદિ બીજા યુગોને માટે જુદાજ પ્રકારના આચાર અને રીતિરિવાજોનો ઉપદેશ આપે છે. અહીં થોડો વિચાર કરવા જેવી વાત છે. તમારા ધર્મમાર્ગ અને તમારાં શાસ્ત્રોનો મત કેવો ઉદાર અને મહાન છે. મનુષ્યના સ્વભાવને લક્ષમાં રાખીને બંધાએલા શાશ્વત સિદ્ધાંતો મનુષ્યજાતિ જીવતી રહેશે ત્યાંસુધી ટકીજ રહેશે. એ સિદ્ધાંતો સર્વવ્યાપક હોઇ બધા દેશમાં અનંતકાલપર્યંત એકસરખા વિશ્વના સામાન્ય ધર્મરૂપે ટકી રહેશે. એ સિદ્ધાંતો મુખ્ય શ્રુતિ અને ઉપનિષદ્માંજ સમજાવેલા છે. પરન્તુ સ્મૃતિ પુરાણો અમુક પરિસ્થિતિમાં અમુક સ્થાનને માટે અમુક સંયોગોમાં ઉત્પન્ન થએલાં કર્તવ્યોનોજ ઉપદેશ આપે છે; અને દેશ, કાલ, સ્થિતિ બદલાય તેમ એ રીતિ–રિવાજ અને કર્તવ્યોમાં પણ ફેરફાર થાય છે; માટે તમારે સર્વદા સ્મરણ રાખવું કે કોઇ સામાન્ય રીતિ, રિવાજ અથવા સામાજિક પ્રથાનું પરિવર્તન કરવાની જરૂર જણાય, તો તે કશા પણ સંકોચ વિના કરવું જોઇએ. રીતિ–રિવાજ કે આચારમાં ફેરફાર કરવાથી કંઇ તમારો ધર્મ જવાનો નથી. આચાર કે રૂઢિ બદલાતાં ધર્મને બિલકુલ બાધ આવતો નથી. રીતિ–રિવાજ, આચાર કે રૂઢિનું પરિવર્તન હમેશાં થયાજ કરે છે. દરેક સૈકામાં સમયની સગવડને માટે રૂઢિ અને રિવાજો બદલાય છે. ભારતવર્ષમાં એક સમય એવો હતો કે જ્યારે માંસાહાર બ્રાહ્મણોનું ગૌરવ ગણાતો હતો. વેદોનું પઠન કરવાથી તમને જણાશે કે કોઇ સંન્યાસી, રાજા અથવા મહાન પુરૂષ ઘેર આવે ત્યારે તેમને માટે બકરા વગેરે પશુઓનો ભોગ અપાતો હતો. ક્રમે ક્રમે આર્યોના સમજવામાં આવ્યું કે આપણી જાતિ મુખ્યત્વે ખેતી ઉપર આજીવિકા ચલાવનારી છે; માટે સાંઢ, પાડા વગેરે પશુઓને મારવાથી એ પશુઓનો અંત આવી જશે, ખેતીથી પોષણ કરવાનું સાધન રહેશે નહિ, એ કારણથી મોટાં પશુઓ મારવાનો રિવાજ બંધ કરવામાં આવ્યો; અને ગો કે બળદની હત્યાને મહાપાતકરૂપ ગણવામાં આવ્યું. આવી રીતે પ્રાચીન શાસ્ત્રોના વાંચનથી આપણને જણાય છે કે આગળ કોઇ વખતે એવા એવા રીતિ–રિવાજો અને આચારો પ્રચલિત હતા કે, જે આજે ઘણા ભયંકર અને તિરસ્કારપાત્ર જણાય છે. ક્રમે ક્રમે આચાર અને રૂઢિના નિયમો બદલાઇ ગયા. એવી રીતે યુગે યુગે રૂઢિ અને આચારોમાં ફેરફાર થઇને તે વખતની ચાલુ સ્મૃતિઓનો પ્રચાર બંધ થઇ, નવી સ્મૃતિઓના દેશ–કાળને અનુસરતા નવા નિયમોનું અનુસરણ થતું આવ્યું છે. પણ એક ખરી હકીકત આપણે શીખવાની છે કે, સ્મૃતિ, રીતિ–રિવાજ અને આચાર, એ નિયમોના આવા ચાલુ ફેરફારોની વચ્ચે વેદના સિદ્ધાંતો તો સર્વ દેશ, કાળ અને સ્થિતિને માટે સર્વદા એકરૂપજ રહે છે; તેમાં કશો ફેરફાર કે સુધારો થતો નથી, તેમજ ભવિષ્યમાં કોઇ કાળે થવાનો પણ નથી; કારણકે વેદો ખાસ ઈશ્વરપ્રણીત ત્રિકાલા-

બાધિત સત્ય સિદ્ધાંતોનાજ ભંડારરૂપ છે. સ્મૃતિઓનું પ્રાધાન્ય પોતપોતાના યુગમાં પૂરું થાય છે. સમયનો પ્રવાહ જેમ જેમ આગળ વધતો જાય છે, તેની સાથે રીતિ–રિવાજ અને નિયમોના પ્રવાહરૂપ પ્રમાણભૂત મનાતી સ્મૃતિઓ પણ એક પછી એક બદલાતી જાય છે. બદલાતા સમયમાં નવા યુગના નવા ઋષિઓ ઉત્પન્ન થાય છે; તેઓ પ્રચલિત દેશકાળને અનુસરતા નિયમો ઘડીને સમયને અનુસરતી સ્મૃતિનો સમાજમાં પ્રચાર કરી, જનસમાજની બદલાતી કમાનને વધારે સારા અને હિતકર માર્ગમાં વાળે છે. ચાલુ યુગને માટે જે કર્તવ્યો પરમ ઉપયોગી જણાય અને જે માર્ગો સમાજનું સર્વાંશે હિત સાધનારા હોય, જેના વિના પ્રજાનું જીવન પણ ટકી શકે એમ ન હોય એવા સુયોગ્ય આચારો, પ્રથા અને નિયમો બતાવી માનવજાતિની પ્રગતિનો માર્ગ તેઓ કરી આપે છે. ઉપર જણાવ્યા પ્રમાણે આપણો માર્ગ બે પ્રબલ અને ભયંકર વિપત્તિઓ વચ્ચેથી આપણે કહાડવાનો છે. આપણા માર્ગમાં આગળ વધતી વખતે એ બન્ને ભયથી બહુજ સાવધાન રહીને આત્મરક્ષા કરવાની છે. હું આશા રાખું છું કે આપણામાંના દરેકનું હૃદય અવશ્ય એટલું ઉદાર હશે, તેમજ તેમને એટલો દૃઢ વિશ્વાસ હશેજ કે જેથી મારાં આ વચનોનો મર્મ પૂરેપૂરો તેઓ સમજી શકે. મારો ઉદ્દેશ જગતના સર્વ પ્રાણી–પદાર્થોને આપણા પોતાનાજ કરી લેવાનો છે, કોઇનો પણ ત્યાગ કરવાનો નથી. મારો એ આશય પણ બરાબર તમારા લક્ષમાં ઉતરશે. હું ધર્મઘેલા મનુષ્યોના જેવી દૃઢ નિષ્ઠા અને તેની સાથે જડવાદીના જેવા ઉદાર વિચારોને ચાહું છું. એ બન્ને પક્ષમાંથી એ બે તત્ત્વો ગ્રહણ કરવાની આપણા દેશને ખાસ જરૂર છે. આપણું હૃદય સમુદ્ર જેવું ઉંડું અને વિશાળ તથા આકાશના જેવું ઉદાર અને સર્વવ્યાપી થવું જોઇએ. એવા હૃદયની આપણને ખાસ જરૂર છે. જગતની સર્વથી આગળ વધનારી તથા ઉન્નતિના શિખરસુધી પહોંચનારી પ્રજા તરીકે આપણે સર્વથી મોખરે ઉભાં રહેવાનું છે; છતાં એજ વખતે આપણી અતિ પ્રાચીન જમાનાથી ચાલતી આવેલી દંતકથાઓ, ઉદાર ભાવનાઓ તથા તત્ત્વસિદ્ધાંતોને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી વળગી રહેવું જોઇએ. એ સર્વને પ્રાણપૂર્વક ચોંટીને તેમને અનંતકાળ સુધી જીવન્ત રાખવાનું કાર્ય માત્ર હિન્દુઓજ બરાબર કરી શકે છે. સાદા શબ્દોમાં કહું તો દરેક વસ્તુના પ્રાધાન્યનો અને ગૌણતાનો બરાબર તફાવત આપણે શીખી લેવાનો છે; અર્થાત્ કયા નિયમો મુખ્ય સિદ્ધાંતરૂપ અચલ અને અવિકારી છે; અને કયા રીતિ–રિવાજો માત્ર વ્યવહાર ચલાવવામાટે અમુક દેશ–કાળને અનુસરીને પ્રચલિત થયા છે, એ આપણે યોગ્ય રીતે જાણી લેવાનું છે. તેમાંથી જેટલા સારરૂપ અને મુખ્ય નિયમો છે, એવા વેદાન્તના સિદ્ધાંતરૂપ નિયમો સર્વકાળને માટે એક સરખાજ છે. જેવા તેઓ અનાદિ છે તેવાજ તેઓ અનંત છે. બીજી

બાજુ વ્યવહારને યોગે ઉત્પન્ન થએલા અમુક યુગના નિયમો ગૌણ હોવાથી અમુક સમયેજ એનો ઉપયોગ થાય છે. તેમનો પોતાનો પરિમિત સમય પૂરો થયા પછી, બદલાએલા સમયને અનુસરી નવીન પ્રથા અને નિયમોને જો તેમનું સ્થાન આપવામાં ન આવે તો તેનું અવશ્ય ભયંકર પરિણામ આવે છે. સારાં ફળ અથવા ઘી–દૂધ જેવા પદાર્થો જેમ અમુક સમયસુધીજ સારા રહે છે, અને તે સડી કે બગડી જાય ત્યારે તેમનો ઉપયોગ કરવાથી તેમની અસર વિષરૂપ નિવડે છે; એવીજ રીતે એક સમયના ઉપકારક અને ઉપયોગી રીતિ–રિવાજો અને નિયમો તેમની કાલમર્યાદા પૂરી થયા પછી જો ચાલુ રહે તો તેનું પરિણામ ઘણુંજ વિષમ નિવડવાનો ભય રહે છે; માટે સમયની સાથે રીતિ–રિવાજોનું પણ કંઇક સંશોધન કરવાની જરૂર છે. છતાં મારા કહેવાનો ભાવાર્થ એવો નથી કે તમારે જુના આચાર–વિચારો અને જુની પ્રથાઓની સામે બંડ ઉઠાવીને તેમને છેકજ ઉતારી પાડી તેની ફાવે તેમ નિંદા કરવી. જુના રીતિરિવાજ કે પ્રથામાંનો જે સૌથી ખરાબ ભાગ હોય તેને પણ તુચ્છકારી કહાડવાની અથવા હલકો પાડવાની કશી જરૂર નથી. કોઇને પણ ધિક્કારીને ઉતારી પાડતા નહિ; કારણ કે જે રૂઢિ અથવા પ્રથા ચાલુ જમાનામાં બહુજ નુકસાનકારક જણાય છે, એજ રૂઢિ અથવા પ્રથા ભૂતકાળમાં અવશ્ય ઘણીજ લાભકારક અને જીવનદાતા હતી. દેશ–કાળના પરિવર્તન સાથે જો તેમનું પણ પરિવર્તન કરવાની આપણને જરૂર જણાય, તો તેમનો આભાર અને આશીર્વાદપૂર્વક ત્યાગ કરો; પરન્તુ નિન્દા, શાપ કે ગાલીપ્રદાનપૂર્વક તેને હાંકી કહાડતા નહિ; કેમકે બારીક નજરે જોશો તો જણાશે કે એજ નિરૂપયોગી જણાતા રીતિ–રિવાજ અને પ્રથાઓએ આપણી હિન્દુ જાતિને હજારો વર્ષો પર્યંત જાળવી રાખવાનું મહાન કાર્ય કીધું છે. તેની સાથે એ પણ યાદ રાખવું જોઇએ કે આપણી વિશાળ હિન્દુસમાજના નેતા અને અગ્રગણ્ય પુરુષોનું સ્થાન કોઇ સેનાપતિ, યોદ્ધા કે રાજાએ લીધું નથી; માત્ર આપણા પવિત્ર ઋષિમુનિઓજ પરાપૂર્વથી નેતા થતા આવ્યા છે. એ ઋષિઓ કોણ છે? ઉપનિષદ્‌માં જે મહાન પુરુષોને માટે 'ઋષિ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેઓ સામાન્ય મનુષ્યો નહિ; પરંતુ મહાજ્ઞાની, નિરભિમાની, પ્રબલ કર્તવ્યનિષ્ઠ અને પવિત્ર વેદોના મંત્રદ્રષ્ટા છે. એ મહાન મનુષ્યો ધર્મને સાક્ષાત્ જોઈ શકયા હતા. તેમની નજરમાં ધાર્મિક સિદ્ધાંતો એ કાંઇ 'પોથીમાંનાં રીંગણાં,' તરંગી વિચારો કે હવાઈ કિલ્લાઓ નહોતા. તેમની ધાર્મિક ભાવના માત્ર મોઢાના બકવાદમાં કે થુંક ઉડાવવામાં નહિ, પરન્તુ આત્મા પરમાત્માના સાક્ષાત્કારરૂપ છે; ઇંદ્રિયોના વિષયથી પર અતીંદ્રિય પ્રદેશનાં મહાન સત્યોના સાક્ષાત્કારરૂપ છે. ઉપનિષદો કહે છે કે, એવા મહાત્માઓ સામાન્ય મનુષ્ય નથી, તેઓ દિવ્યશક્તિના મન્ત્ર દ્રષ્ટા અને છે;

તેઓજ હિન્દુસમાજના હિતચિંતક અને નેતા છે. એજ ખરૂં ઋષિત્વ છે, અને એ ઋષિપદ કોઇ અમુક દેશ, કાળ, જાતિ કે સંપ્રદાયના ઉપર આધાર રાખીને એક ખુણામાં ભરાઇ રહેલું નથી; યોગ્ય અધિકાર મેળવનાર હરકોઇ દેશવાસી, જાતિ, ધર્મ કે વયના મનુષ્યને એ પદ પ્રાપ્ત કરવાનાં બારણાં હમેશાં ખુલ્લાંજ છે. વાત્સ્યાયન ઋષિ કહી ગયા છે કે;–"આ જગતમાં મનુષ્યનું કર્તવ્ય પરમ સત્યનો સાક્ષાત્કાર કરવાનું છે." એ વચનો અનુસાર આપણે સ્મૃતિપટપર લખી રાખવું જોઇએ કે ક્રમે ક્રમે તમારે, મારે અને આપણામાંના દરેક મનુષ્યે આગળ વધીને ઋષિપદ પ્રાપ્ત કરવાનું છે. આપણી પોતાની શક્તિમાં આપણે સંપૂર્ણ ભરોંસો રાખવો જોઇએ. સંકલ્પ, સત્તા અને આત્મવિશ્વાસને મેરૂના જેવાં અચલ બનાવવાં જોઇએ; કેમકે આપણે જગતને જાગ્રત કરવાને, જગતની નસેનસમાં નવા જીવનનો સંચાર કરવામાટે જન્મ લીધો છે. જગતમાં મહાન વિચારક્રાન્તિ કરનારી સર્વ શક્તિ આપણા પોતાના આત્મામાં ભરેલી છે. આપણે આપણા મહાન ધર્મનો સાક્ષાત્કાર કરવો જોઇએ, ધર્માનુભવદ્વારા આત્માનુભવ મેળવવો જોઇએ; અને ધાર્મિક ક્ષેત્રમાં ઉત્પન્ન થતી શંકાઓનું આપણે સબલ રીતે સમાધાન કરવું જોઇએ. એટલું થશે ત્યારેજ ઋષિપદની ગૌરવજ્યોતિમાં સ્નાન કરી ઉજ્જવલ પ્રકાશ પાથરી આપણે પ્રત્યેક મહાન શક્તિમાન પ્રબલ પુરુષ બની શકીશું. એ વખતે આપણા મુખમાંથી જે જે વચનો નીકળશે તે બધાં અમોઘ, અનંત અને સફલ બની રહેશે. જે કંઈ અનિષ્ટ, મંદ અને હાનકારક હશે તે બધું આપણી છાયા જોઇનેજ પલાયન કરી જશે. માટે કોઇ પ્રથા કે કોઈ વ્યક્તિને શાપ આપ્યા વિના, ગાલીપ્રદાન કર્યા વિના, નિંદા કે તિરસ્કાર કર્યા વિના અને જગતમાં કોઇની સાથે વાદ–વિવાદ, વિરોધ કે વિગ્રહ કર્યા વિનાજ બધાં હાનિકારક તત્ત્વોને દૂર ખસેડીને આપણે અવશ્ય ઇચ્છિત પ્રાપ્ત કરી શકીશું, પરમ લક્ષને મેળવી શકીશું. પરમાત્મા કૃપા કરીને આપણામાંના પ્રત્યેકને ઋષિપદ પ્રાપ્ત કરી પોતાનો તેમજ બીજાઓનો ઉદ્ધાર કરવાની દૈવી શક્તિ આપો. ॐ **शान्तिः ।**

कुंभकोणमने मार्गे–त्रिचिनापल्ली अने तांजोर.

સ્વામીજી મદુરામાં હતા તે સમયે એક દિવસ ત્યાંના સુવિખ્યાત મંદિરનાં દર્શન કરવા તેઓ ગયા હતા. એ મંદિર ભારતનાં મહાન મંદિરોનું શિરોમણિ છે. તેની બાંધણી પણ બહુ સુન્દર છે. એ પ્રાચીન ભવ્ય મન્દિરના દર્શનથી સ્વામીજીના શિષ્યસમુદાયનાં મન અતિ પ્રસન્ન થયાં. આ સ્થાનમાં પણ ધાર્મિક કથાચર્ચાથી હિન્દુસમાજનું મન પરમ સંતોષ અને હર્ષ પામ્યું હતું. થોડા દિવસ રહ્યા

પછી સાઉથ ઇન્ડિયન રેલ્વેની સાંજની ગાડીમાં કુંભકોણમ તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં જે સ્ટેશનો આવતાં ત્યાં સર્વત્ર સેંકડો મનુષ્યોનાં ટોળાં સ્વામીજીનાં દર્શન માટે એકઠાં થએલાં જણાતાં હતાં. પ્રભાતના ચાર વાગે ગાડી ત્રિચિનાપલ્લીના સ્ટેશને આવી પહોંચી. ત્યાં સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર આશરે એક હજાર મનુષ્યો સ્વામીજીની રાહ જોતા ઉભા હતા. સ્ટેશનપર ગાડી આવી પહોંચતાંજ તેમના વિજયધ્વનિથી વાતાવરણ ગાજી રહ્યું. સ્વામીજીને પ્રબલ પૂજ્યભાવ અને આગ્રહસહિત ગાડીપરથી ઉતારવામાં આવ્યા; અને સ્ટેશનપરજ તેમને માન આપવામાં આવ્યું. અભિનન્દનમાં સ્વામીજીને એવો આગ્રહ કરવામાં આવતો કે છેવટ એક દિવસ પણ અમારા શહેરમાં આપ પગલાં કરી અમને કૃતાર્થ કરશો એવી સંપૂર્ણ આશા અમને હતી; પરન્તુ આપની પ્રકૃતિ સ્વસ્થ નહિ હોવાથી અમે વિશેષ આગ્રહ કરી શકતા નથી. અમે નહિ પણ અમારા મદ્રાસવાસી બન્ધુઓ આપનાં દર્શનનો લાભ થોડાજ સમયમાં લઇ શકશે, તેના વિચાર માત્રથી અમને પરમ આનન્દ થાય છે. વિદેશી ધર્મસભામાં વેદાન્તની વિજયપતાકા ફરકાવવામાટે ભારત આપનો જેટલો આભાર માને તેટલો ઓછો છે. વગેરે.

ત્રિચિનાપલ્લીની રાષ્ટ્રીય હાઇસ્કૂલની વ્યવસ્થા કરનારી સભા અને ઉચ્ચ શ્રેણીના વિદ્યાર્થીઓએ પણ પોતાના તરફથી જુદુંજ માનપત્ર અર્પણ કર્યું હતું. સ્વામીજીએ તેમના પ્રેમભાવમાટે હૃદયથી ઉપકાર માની સંક્ષેપમાં તેમના માનપત્રનો ઉત્તર આપ્યો હતો. ત્યાર પછી તરતજ ગાડી આગળ ચાલી. એવીજ રીતે તાંજોરના સ્ટેશનપર પણ સ્વામીજીનો સત્કાર કરવામાટે એક મોટી જનસંખ્યા એકત્ર થઇ હતી.

कुंभकोणमनुं मानपत्र.

દક્ષિણ હિન્દુસ્તાનના પ્રસિદ્ધ સ્થાન કુંભકોણમમાં સ્વામીજીનો ઘણા ઠાઠમાઠથી સત્કાર કરવામાં આવ્યો હતો; અને ત્યાં તેમને અત્યાગ્રહપૂર્વક ત્રણ દિવસ રોકવામાં આવ્યા હતા. એ શહેરમાં સ્વામીજીને માટે ખાસ સભા ભરીને બે માનપત્ર આપવામાં આવ્યાં હતાં. એક કુંભકોણમનિવાસી સમગ્ર હિન્દુજાતિ તરફથી અને બીજું ત્યાંના હિન્દુ વિદ્યાર્થીઓ તરફથી આપવામાં આવ્યું હતું.

એ બન્ને માનપત્રોના પ્રત્યુત્તરમાં સ્વામીજીએ એક છટાદાર, આકર્ષક અને મહત્ત્વનું વ્યાખ્યાન કર્યું હતું; જેમાં વેદાન્તના સિદ્ધાંતો ઉપર ઘણું સારું અજવાળું પાડવામાં આવ્યું છે. એ વ્યાખ્યાનનો સારાંશ તથા બાકીનાં માનપત્રો અને તેના પ્રત્યુત્તરો આ પછીના ગ્રંથમાં આવશે.

સ્વામી વિવેકાનંદ ગ્રંથ ૧ લો-સમાપ્ત.

उत्तम वांचनना फायदा

(અનેક અનુભવીઓના ઉદ્ગાર)

"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેમજ સારૂં. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની તમારે આખા જીવન સુધી જરૂર છે."

"સ્વામી વિવેકાનંદ"

"પુસ્તકોમાં હું ગુંથાયલો રહી શકતો, તેથી મને એ માસ વધારે જેલ મળત તોપણ હું કાયર નહિ થાત; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે; તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે. × × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર વિચાર પણ કરી શકશો."

" મહાત્મા ગાંધીજી "

" ગરીબોને દરિદ્રતામાંથી છોડવવાની દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની, અને માંદાઓનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઈ ચીજમાં નથી. " **" મારડન "**

" પુસ્તકોનો સ્નેહ એ ઈશ્વરના રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે. "

" ખરાબ ચોપડીઓનું વાંચન; એ તો ઝેર પીવા સમાન છે. "

" મહેલોથી તથા અખૂટ ભંડારથી જે સંતોષ નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે.

" લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનારા મનુષ્યમાં શું તફાવત ? "

" સહવાસથી જેમ માણસના ગુણની અને પ્રકૃતિની પરીક્ષા થાય છે, તેમ જે પુસ્તકોનો તેને શોખ હોય છે તે ઉપરથી પણ તેના વિષે અનુમાન થાય છે. "

" ઉત્તમ ગ્રંથો તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકારવૃત્તિને વિસ્તારે છે; અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી ચાલે છે; તેમ તેમ દુનિયાને પીડારૂપ આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે. "

" ખોરાકવિનાના શરીરની પેઠે જ્ઞાનવિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર, ઘર નહિ પણ નિર્માલ્ય તનમનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોરજ છે. "

" એક વિદ્વાન ઠીકજ કહે છે કે, વાંચવાની હોંશ છોડી દેવાના બદલામાં કોઇ મને

આખા હિંદુસ્તાનની સંપત્તિ આપે તો પણ હું તેને કદિ છોડું નહિ. ”

“ સુખ, વિદ્યા અથવા પ્રમાણિકતા ઇચ્છનારે તો જરૂર પુસ્તકોનો શોખ રાખવો. ”

“ પુસ્તકો તરૂણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મનરંજન કરે છે અને ઉદાસીને વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતા નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરી નિરાશાનો નાશ કરે છે. ”

“ ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે તેને હાથ નહિ લગાડો તો તે ગ્રંથોજ માનસ વાણીથી તમને કહેશે કે, ‘ અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લ્યો અને વાપરો, એટલે તમારૂં કલ્યાણ થશે. ’ શું આ માનસ વાણી ઓછી કિંમતી છે ? ”

“ એકાદ ઉત્તમ ગવૈયો જેમ ઇચ્છે ત્યારે પોતાનાં વાજીંત્રમાંથી ચ્હાય તે સ્વર કાઢી આનંદ લે છે; તેમ એક વાંચનાર પણ જ્યારે ઇચ્છે ત્યારે એકાદ ઉત્તમ ગ્રંથમાંથી પોતાને મનગમતો અવાજ કાઢી આનંદમગ્ન થઇ શકે છે. ”

“ અવકાશની એકાદ ક્ષણનો પણ ઉપયોગ કરી લેવા માટે ગ્લૅડસ્ટન જેવો પ્રતિભાશાળી પુરૂષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઇને ફરે; તો પછી આપણે સામાન્ય માણસોએ તો ખુલ્લી વૃથા જતી કિંમતી ક્ષણોને બચાવવા માટે શું ન કરવું જોઇએ ? ”

“ એક પાશ્ચાત્ય પંડિતનો તો એટલા સુધી મત હતો કે, ‘માણસને લુગડાંલત્તાંની જેટલી જરૂર નથી, તેટલી પુસ્તકોની છે.’ તે પોતે પણ જરૂરનાં પુસ્તકો ખરીદી લેતાં સુધી લુગડાં લેવાનું મુલતવી રાખતો. તેને સિસરોનાં પુસ્તકો બહુ ગમતાં અને તે વાંચતો ત્યારે ત્યારે ‘ હું વધારે સારો થયો છું ’ એમ તેને લાગતું. ”

“ જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે અને પુસ્તકો એ તે સમુદ્રનો લાભ લઇ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને પુસ્તકો એ આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ છે; જ્ઞાન એ સોનાની ખાણ છે, અને પુસ્તકો એ તેમાંથી બનાવેલા આપણને બંધ બેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો એ આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સીક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ચલાવી ઠંડક આપનારા પંખા છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો તે આપણને રહેવા લાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો તૈયાર રોટલા છે; જ્ઞાન એ મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; અને જ્ઞાન એ સર્વ શક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો એ તેનો રસ્તો દેખાડનારા પૂજનીય દેવો છે. ”

વિવિધ વિષયનાં ઉત્તમ પુસ્તકો પૂરાં પાડનારી, આખા હિંદમાં
સર્વથી સસ્તી અને ૧૩ વર્ષથી ૫૦૦૦ પ્રતમાં નીકળતી

વિવિધ ગ્રંથમાળા

ચાલુ ૧૯૯૦ ના વર્ષમાં ઈંચ ૫ા×૮ ના કદનાં પૃષ્ઠ ૧૫૦૦ જેટલાં, ઉત્તમ પુસ્તકો માત્ર ૪)માં પાકાં પૂંઠાં સાથે ૫) માં મળશે. પો૦ માફ

૧—વર્ષમાં કોઈ પણ વખતે ગ્રાહક થવા છતાં વર્ષની શરૂથીજ પુસ્તકો અપાઇ લવાજમ પણ શરૂથીજ લેવાય છે. વર્ષ વીતેથી પો. જુદું લેવાય છે.

૨—કેટલાક આ માળાનું પુસ્તક મહિને મહિને મળવાનું સમજે છે; પણ તેવું ન હોતાં વર્ષ દિવસમાં થઇને ૧૫૦૦ પૃષ્ઠનાં જે ત્રણથી ચાર પુસ્તકો નીકળે છે; તે દરેક તૈયાર થાય તેમ તેમજ મોકલાય છે.

૩—આ માળા ઉપરાંત આ સંસ્થા તરફથી બીજા પણ જે નાના મોટા ગ્રંથો નીકળે છે, તેની ખબર આ "વિવિધ ગ્રંથમાળા" નાં પુસ્તકોમાં અપાય છે અને તે તરતમાં મંગાવનારને ખાસ કિફાયતથી અપાય છે.

એ માળાના આગલાં વર્ષોના સેટ.

સંવત ૧૯૭૫નાં ચાર પુસ્તક–(પૃષ્ઠ ૧૫૦૦, મૂલ્ય રૂ. ૨) શ્રીરામકૃષ્ણ કથામૃત, સુબોધક નીતિકથા, આગળ ધસો, ટુંકી વાર્તાઓ ભાગ ૫ મો.

સંવત ૧૯૭૬નાં ત્રણ પુસ્તક–(પૃષ્ઠ ૧૫૦૦, મૂલ્ય રૂ. ૨ા) સ્વામી વિવેકાનંદ ભાગ ૬–૭ મો, ભાગ્યના સૃષ્ટાઓ, ટુંકી વાર્તાઓ ભાગ ૬ ઠ્ઠો.

સંવત ૧૯૭૯ નાં ત્રણ પુસ્તક–(પૃષ્ઠ ૧૫૦૦ રૂ. ૩ા અને ૪ા)–ટુંકી વાર્તાઓ ભાગ ૭, કાઉન્ટ ટૉલ્સ્ટૉય, સ્વામી વિવેકાનંદ ભાગ ૧૦ મો.

આ દરેક આગલા સેટનું પોષ્ટેજ વી. પી. ખર્ચ આશરે રૂ. ૦ાાા થી ૧) જુદું ચડશે. છુટક પુસ્તકો માટે જુઓ આ પછીનાં પૃષ્ઠો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ અને
મુંબઈ નં. ૨

तैयार उत्तम ग्रंथो

ગ્રંથનું નામ	કદ ઈંચ	પૃષ્ઠ સંખ્યા	મૂલ્ય
શ્રીવાલ્મીકિ રામાયણ—મોટા બે ભાગમાં	૬॥×૧૦	૧૪૦૦	૬)
મહાભારતનાં આદિ ને સભાપર્વ	,,	૬૦૦	૨॥
સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો. ભાગ ૧ થી ૫	૫॥ × ૮	૫૦૦	૨)
,, ,, ,, ૨ જો. ,, ૬ થી ૯	૬॥×૧૦	૫૦૦	૨)
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ	૫॥×૮॥	૧૦૦૦	૪)
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા	,,	૮૦૦	૩)
શ્રીમદ્ ભાગવત ભાષાંતર	૧૧ × ૮	૬૭૫	૫)
શ્રીદાસબોધ—નવી આવૃત્તિ	૫॥ × ૮	૬૨૦	૨॥
કાઉન્ટ ટૉલ્સ્ટૉય—ચરિત્ર.	,,	૬૨૦	૨॥
સ્વામી વિવેકાનંદ—ગ્રંથ ૧ લો ભાગ ૧ થી ૩	,,	૫૭૬	૨।
,, ,, ,, ૨ જો ,, ૪–૫	,,	૫૬૦	૨॥
,, ,, ,, ભાગ ૬ થી ૮ નોખા	૫ ×૬॥	૧૦૦૦	૩)
,, ,, ,, ભાગ ૯ સંપૂર્ણ ચરિત્ર	,,	૭૪૪	૨॥
,, ,, ,, ભાગ ૧૦ રાજયોગ.	,,	૩૦૦	૧।
આગળ ધસો (ઉત્સાહ પ્રેરક)	,,	૫૮૪	૧)
ભાગ્યના સ્રષ્ટાઓ .... ,, ,,	,,	૭૨૦	૧॥
સુખ સામર્થ્ય અને સમૃદ્ધિ ,,	,,	૫૫૨	૧)≡
પ્રભુમય જીવન—ઉચ્ચ વિચારોની સરલ સમજુત	,,	૨૧૬	૦॥
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન—મહાત્મા ગાંધીજીકૃત.	,,	૧૨૮	૦।=

નીચલા ગ્રંથ સં. ૧૯૮૦ માં અને તે પછી નીકળશે.

ભારતનાં સ્ત્રી રત્નો, શાન્તિપર્વ. નેપોલિયન બોનાપાર્ટ—મોટું ચરિત્ર. ટુંકી વાર્તાઓ ભાગ ૧ થી ૪. બંકિમ નિબંધમાળા. યોગવાસિષ્ઠ મહારામાયણ. રામકૃષ્ણ કથામૃત. ભારતનાં પુરુષ રત્ન. પઢિયારકૃત સ્વર્ગનાં પુસ્તકો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ અને
મુંબઈ નં. ૨

बीजां उत्तम पुस्तको

પરચુરણ ધાર્મિક વગેરે પુસ્તકો

નામ વગેરે	પૃષ્ઠ	કદ ઈંચ	મૂલ્ય
સ્વામી રામતીર્થના સદુપદેશ–છુટા ભાગ ૫, ૬, ૭,	૮૦૦	૫ × ૬॥	૧॥~
સ્વામી વિવેકાનંદના સદુપદેશ–ભાગ ૧–૨ છુટા.	૭૬૦	,,	૧)≡
જગતનો મહાન પુરૂષ (મહાત્મા ગાંધીજી) … …	૩૫૦	,,	૧)

બોધદાયક અસરકારક વાર્તાઓ

ટુંકી વાર્તાઓ–ભાગ ૫ મો–૨૮ સાંસારિક વાતો.	૩૦૪	૫ ×૬॥	૦॥=
ટુંકી વાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો– બોધપ્રદ ૨૭ વાતો.	૩૬૦	,,	૦॥।
ટુંકી વાર્તાઓ–ભાગ ૭ મો– બોધપ્રદ અનેક વાતો	૩૫૦	,,	૧।

બાળકો માટે ખાસ ઉપયોગી

સદ્ગુણી બાળકો–૬૯ ઉમદા સાચા બનાવોનો સંગ્રહ.	૧૨૮	૫ × ૭॥	૦।~
બાળ સદ્બોધ–વાર્તાઓ રૂપે ધાર્મિક શિક્ષણ.	૧૧૨	,,	૦।૦॥
બાળકોની વાતો–રસિક વાતચિત રૂપે ૨૧ પાઠ.	૯૬	૫ ×૬॥	૦।
સુબોધક નીતિકથા–૧૫૩ બોધદાયક નાની વાતો.	૨૧૬	,,	૦।=
દુઃખમાં વિદ્યાભ્યાસ-- અનેક અસરકારક દ્રષ્ટાંતો.	૯૦	૫॥× ૮	૦।

ભગવદ્ગીતાઓ અને પંચરત્ન ગીતાઓ

	કદ ઈંચ	સાદુ પૂંઠું		પાકું પૂંઠું
ભગવદ્ગીતા–ગુજરાતી સરલ ટીકા સહિત–	૩॥× ૫॥	૦।=	…	૦॥
,, મરાઠી સુબોધ ટીકા સહિત–	,,	૦।=	…	૦॥
,, હિન્દી સરલ ટીકા સહિત–	,,	૦।=	…	૦॥
ભગવદ્ગીતા–મૂલમાત્ર–નાના અક્ષરમાં ગુટકો	,,	૦)≡	…	
,, ,, મધ્યમ અક્ષરમાં	,,	૦।~	…	૦।≡
,, ,, મોટા અક્ષરમાં	૫॥ × ૭॥	૦॥=	…	૦॥।=
પંચરત્નગીતા–મૂલમાત્ર–નાના અક્ષરમાં	૩॥× ૫॥	૦।~	…	૦।≡
,, ,, મધ્યમ અક્ષરમાં	,,	૦॥	…	૦॥=
,, ,, મોટા અક્ષરમાં	૫॥ × ૭॥	૦॥।=	…	૧)=

ગીતાનો ૧૮ મો અધ્યાય–ત્રણેમાંની હરકોઈ ટીકા સાથે ૦)૦॥, ૧૦ નો ૨ ૦।

વિલાયતી, ફ્રેંચ અને અમેરીકન તીજોરી તથા

ગોદરેજની ગામઠી તીજોરી.

ફાયરપ્રુફ કરવા માટે જે જે વસ્તુઓ ગોદરેજ વાપરે છે તેવી બીજાઓ વાપરતા નથી.

મુળજી જેઠા મારકીટની આગમાં બે દુકાનમાં બે બે તીજોરી જોડાજોડ હતી, એકેક ગોદરેજની અને એકેક જાણીતા વિલાયતી મેકરોની હતી. બંને ઠેકાણે ગોદરેજની તીજોરીમાં સર્વ સલામત હતું અને વિલાયતીમાં બળી ગયું હતું.

ચોર અને ઘરફાડુથી બચાવનારી સ્ટીલની પેટી.

પોતાનો જોખમ સાચવવા માટે જેઓ તીજોરી ખરીદી શકે નહી તેઓ માટે ગોદરેજે એક નવી જાતની બહુ મજબુત સ્ટીલની પેટી બનાવવા માંડી છે. એ પેટીઓ મેજ અથવા કબાટની સાથે જડી શકાતી હોવાથી ચોર ઉપાડી જઇ શકતો નથી. વકરો રાખવા દુકાનદારો એ પેટીઓ બહુ ખરીદે છે.

ગોદરેજનું કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ, મુંબઇ.

ગોદરેજનો કપડાં ધોવાનો સાબુ.

બહુ લાંબા અનુભવ પછી ગોદરેજે આ સાબુ બનાવવા માંડયો છે. કિંમતમાં સસ્તો હોવા સાથે સારા વિલાયતી સાબુના જેવો છે કે નહિ તેની સમજ વાપરવાથી પડશે. દરેક જાણીતા દુકાનદારોને ત્યાં મળશે.

ગોદરેજનું ઘર રંગવાનું બેલ તેલ.

આમાં ઘાસતેલ યા બીજું કશું પણ ભેળવવામાં આવતું નથી. એ તેલ દરેક બાબતમાં ઉંચામાં ઉંચા વિલાયતી તેલની બરાબર ઉતરે છે. છતાં કિંમતમાં વિલાયતીથી ૨૦ ટકા કમી હોય છે. મોટા કંટ્રાકટરો અને ઇજનેરો બહુ ખરીદે છે.

ગોદરેજ ઓઇલ્સ એન્ડ સૉપ કું૦ સુરતી મોહોલ્લા, ડંકન રોડ, મુંબઇ.